|| ક્લાસિક નવલકથા ||

મૃત્યુંજય

શિવાજી સાવંત



આશા એ જ જીવનની
સૌથી મહાન શક્તિ છે.
– કર્ણ

અનેક પુરસ્કાર અને સન્માન પ્રાપ્ત કૃતિ

મૃત્યુંજય

(મરાઠી સાહિત્યની અત્યંત યશસ્વી ને પ્રશિષ્ટ નવલકથા)

શિવાજી સાવંત

અનુવાદ
પ્રતિભા મ. દવે

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦
ટેલિ. (૦૨૨) :

'દ્વારકેશ'
રોયલ એપાર્ટમેન્ટ પાસે ખાનપુર
૦૦૧
૬૫૭૩

Mrutyunjay : A Fiction on Life of Karna
Originally written in Marathi by Shivaji Sawant
Translation by Pratibha M. Dave
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
2015
ISBN : 978-93-5122-166-1

મુદ્રણો

પ્રથમ આવૃત્તિ	:	જાન્યુઆરી, ૧૯૯૧	પ્રત : ૨૨૫૦
પુનર્મુદ્રણ	:	જૂન, ૧૯૯૫	પ્રત : ૧૧૫૦
પુનર્મુદ્રણ	:	સપ્ટેમ્બર,૧૯૯૮	પ્રત : ૧૧૫૦
પુનર્મુદ્રણ	:	મે, ૨૦૦૩	પ્રત : ૧૧૫૦
પુનર્મુદ્રણ	:	ફેબ્રુઆરી, ૨૦૦૭	પ્રત : ૧૧૫૦
પુનર્મુદ્રણ	:	ફેબ્રુઆરી, ૨૦૧૦	પ્રત : ૧૧૫૦
પુનર્મુદ્રણ	:	મે, ૨૦૧૨	પ્રત : ૭૫૦
પુનર્મુદ્રણ	:	ઑક્ટોબર, ૨૦૧૩	પ્રત : ૭૫૦
પુનર્મુદ્રણ	:	ફેબ્રુઆરી, ૨૦૧૫	પ્રત : ૭૫૦

₹ ૩૯૯-૦૦

પ્રકાશક

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Visit us at : www.rrsheth.com
Email : sales@rrsheth.com

મુદ્રણ વેદેહી ઑફસેટ, અમદાવાદ ખાતે થયું.

અર્પણ

માતૃભૂમિની રક્ષા કાજે યુદ્ધભૂમિમાં
શહીદ થનારા શૂરવીરોને

બે બોલ

'મીરાં' પુસ્તક નિમિત્તે બૉમ્બે યુનિવર્સિટી(કલિના)માં 'ટાગોર સાહિત્ય' વિભાગના અધ્યક્ષ ડૉ. ચંદ્રકાન્ત બાંદિવડેકરને મળવા જવાનું થયું. ઘણાં વર્ષો પછી મળતાં જૂના મૈત્રી-સંબંધો તાજા થયા. વાતચીત દરમિયાન મરાઠીની કેટલીક કૃતિઓનાં મેં કરેલા અનુવાદની તેમને જાણ થઈ. તરત તેમણે ખુશ થતાં મારા હાથમાં એક પુસ્તક મૂકી કહ્યું, 'યહ કાદંબરી પઢ લો. આપ કો અચ્છી લગેં ઔર ઇનકા ગુજરાતી મેં અનુવાદ કરના ચાહો તો મુઝે બતા દેના. મૈં આપ કો લેખક સે કૉપી રાઇટ દિલવા દૂંગા.' એ કાદંબરી હતી કર્ણના જીવન-સંઘર્ષ પર આધારિત 'મૃત્યુંજય'!

આમેય મહાભારત મારા રસનો વિષય. કર્ણ વિશે ઘણું વાંચેલું. આથી આ નવલકથામાં કર્ણનું પાત્ર કેવું નિરૂપાયું છે, એને અનુષંગે કુંતી, ભીષ્મ પિતામહ, શ્રીકૃષ્ણ, પાંડવો ઇત્યાદિનાં વ્યક્તિત્વને પણ જાણવાની તક મળશે. એ હેતુથી મેં વાંચવાની શરૂઆત કરી.

નવલકથા આત્મકથાનાત્મક રૂપે કહેવાય ત્યારે પાત્ર અને વાચક વચ્ચે આત્મીયતા બંધાય છે. અહીં પણ એમ જ થયું. નવલકથા જેમ વાંચતી ગઈ તેમ પાત્રોની કેટલીક અંતરંગ અનુભૂતિ સાથે એકતાર બંધાતો ગયો, પરંતુ છેલ્લાં પ્રકરણોમાં રાજા ધૃતરાષ્ટ્રના દરબારમાં ન્યાય માગવા આવેલ શ્રીકૃષ્ણ, તેમણે દુર્યોધન અને શકુનિને પડકાર્યા તે સમયના ઉદ્‌ગારો ત્યાર પછી શ્રીકૃષ્ણ-કર્ણમિલન, કર્ણ-કુંતીમિલન અને બાણશય્યા પર સૂતેલ ભીષ્મ પિતામહ સાથે કર્ણનું મિલન – આ પ્રસંગોના સંવાદોની કેટલીક ઉક્તિઓએ મને વિશેષ આર્દ્ર કરી મૂકી. જેમ કે, કૃષ્ણ : 'હું સંધિનો પ્રસ્તાવ લઈને આવ્યો નથી. સત્યનું વજ્રપટ લઈને આવ્યો છું! આજ સુધી તમે સૌ પાંડવોની સહનશીલતાની સત્ત્વ પરીક્ષા બેહદ કરી ચૂક્યા છો! રાજમાતા કુંતીદેવી સહિત પાંડવોને લાક્ષાગૃહમાં બાળી નાખનારું અધમ કૃત્ય યુદ્ધશાસ્ત્રમાં આપને કોણે શીખવ્યું?....' (૪૯૩)

'...ભૂતકાળનાં કડવાં કૃત્યોને અગ્નિમાં ભસ્મ કરી હું તમને કહું કે રાજા ધૃતરાષ્ટ્ર પાંડવોને અરધું રાજ્ય સોંપી દઈ ભાવિ વિનાશના વિરાટ વડવાનળને બુઝાવી દે!' (૪૯૩)

કૃષ્ણ : 'કર્ણ, આજ સુધી તું અજ્ઞાનવશ કૌરવોની પાછળ સતત ઘસડાતો રહ્યો! નાહકનો ઘસડાતો રહ્યો! પાંડવોનો દ્વેષ કરતો રહ્યો! સગાભાઈઓનો વિરોધ કરતો રહ્યો! હવે સત્ય સમજાયા પછી તું આમ જ કરીશ? સમજી લે, ગતિ અને પ્રગતિ એ જીવનનું લક્ષણ છે! આજ સુધી તું બંદિવાન રહ્યો, કીર્તિ પ્રાપ્ત કરીને કદાચ અસાધારણ કક્ષાએ પહોંચ્યો હોઈશ છતાં મનથી તું કુંઠિત જ રહ્યો છે!... ચાલ, ચિરવિરહમાં સોસાતી તારી કુંતીમાતા પાસે ચાલ. બંધુપ્રેમ માટે ઉત્સુક તારા ભાઈઓ પાસે ચાલ... નહીંતર... નહીંતર કૌરવોના અન્યાયી પક્ષમાં ભળી જઈ અહંને વશ થઈ સમસ્ત આર્યાવર્તને યુદ્ધની ખાઈમાં ધકેલી દેનાર, ખોટા આદર્શોને વળગી રહી સ્વ સહિત સર્વનો વિનાશ નોતરનાર, તેજનો પુત્ર હોવા છતાં અંધકારમાં ડૂબી જનાર કર્ણ રૂપે તારી સ્મૃતિ કરોડો આર્યોનાં હૃદયને લાખ લાખ વર્ષો સુધી અનુકંપાથી ખોખલાં કરી નાખશે. ચાલ, મારી સાથે રથારૂઢ થા!' (૪૯૮-૪૯૯)

શ્રીકૃષ્ણના આ પ્રસ્તાવનો અસ્વીકાર કરતો કર્ણ છેવટે એક કામ શ્રીકૃષ્ણને સોંપતાં વીનવે છે, 'અચ્યુત, એ વિશાલાક્ષી, શ્યામા, ભાવ સુગંધિત દ્રૌપદીને કહેજો કે... કે કર્ણના અંતઃકરણની વીણાનો એક ભગ્ન તાર તારા કરેલા અપમાનના ડંખથી સદૈવ કર્કશતાથી રણઝણતો રહ્યો છે! પાંચ પતિની પત્ની હોવા છતાં પતિવ્રતાની, પવિત્રતાની પરાકાષ્ઠાએ પહોંચેલી એ એકમેવ આર્યાને... પાંચાલીને... કહેજો કે... કે..., શક્ય હોય તો કર્ણને ક્ષમા કરી દે!' (૫૦૨)

કુંતી કર્ણને સમજાવતાં કહે છે, 'કર્ણ, કૌરવોના સહવાસમાં રહીને દુર્યોધન, દુઃશાસનની જેમ બોલતાં તને એ પણ ખ્યાલ ન રહ્યો કે મહાન દુઃખ સહન કરવા માટે દૈવે તને પુરુષ સહજ કઠણ હૃદય આપ્યું છે! પરંતુ મને? – અરે, મેં સોસેલી યાતના આ મૃત્યુથીય અધિક છે! નાનપણથી જ દૈવે મને ક્રૂર થપ્પડ મારી, મારી જીવનનૌકાને એની ઇચ્છાનુસાર હંકારી છે!... કર્ણ, નાના માણસનું દુઃખ નાનું, મોટાનું દુઃખ મોટું હોય છે! તારે આંખો મીંચીને મૂંગે મોઢે સહન કરવું જ જોઈએ! તેં એ સહન કર્યું છે! હવે છેલ્લું પણ સહન કરી લે! ચાલ, બેટા ચાલ, મારી સાથે! મારા નેત્રની નીરાજનાને અશ્રુનું ઈંગુદી તેલ સીંચીને મેં છેલ્લાં સિત્તેર વર્ષથી એને પ્રજ્વલિત રાખી છે! પુત્ર, દુષ્ટ દુર્યોધને તારી વખતોવખત પ્રશંસા કરીને મારા પુત્રો વિશે, તારા ભાઈઓ વિશે દ્વેષના અંગાર નાખીનાખીને યજ્ઞકુંડની જેમ તારા હૃદયને સદૈવ ભડભડતું રાખ્યું છે!... રામ માટે પ્રાણ ત્યાગનારી કૌશલ્યા રાજમાતા હતી. એનો એક પણ પુત્ર રાવણના પક્ષમાં જોડાયો નહોતો! હું પર્ણકુટીમાં રહું છું! શા માટે? રાજમાતા તરીકે જીવવા માટે? નહીં! પુત્ર, તારા ઉજ્જ્વળ જીવન પરના કલંક ધોવાની ક્યારેક તક મળશે એ વિચારથી જ હું જીવતી રહું છું!

કર્ણને મુખે 'માતા' શબ્દ સાંભળવા તડપતી કુંતીની ઇચ્છા પૂર્ણ કરતો કર્ણ છેવટે માને કહે છે, 'માતા, તમારા ઉજ્જ્વળ કેશ જેવું જ તમારું ઉજ્જ્વળ જીવન છે, પવિત્ર છે! શુચિર્ભૂત છે! મારો ત્યાગ કર્યો તોપણ! જગતને જે કહેવું હોય તે કહે!' (૫૧૫-૧૭-૧૮-૨૦)

બાણશય્યા પર સૂતેલા ભીષ્મ પિતામહને કર્ણ મળવા જાય છે ત્યારે ભીષ્મ પિતામહ એને સમજાવતાં કહે છે, 'પુત્ર, તું – તું સાક્ષાત્ શ્રીકૃષ્ણ જેવો દેદીપ્યમાન છો! જા, તારા ભાઈઓ પાસે જા! જેણે જીવનમાં દુઃખ સિવાય બીજું કંઈ જ જોયું નથી. રાજમાતા હોવા છતાં એક યોગિની જેવું તપસ્વી જીવન જેના ભાગ્યમાં હતું, તારાં દર્શન માટે જેની આંખોનું ચાતક પક્ષી જિંદગી આખી તરફડતું રહ્યું છે, જેનું હૃદય મૂક આક્રંદ કરી રહ્યું છે એવી તારી કુંતીમાતાને ચરણે જા! મારા મૃત્યુ સાથે તારા વેરના વિનાશની આગ બુઝાવી દે!'

આ અને આવી અનેક ઉક્તિઓએ મને અનુવાદ કરવા પ્રેરી. એ માટે ડૉ. ચંદ્રકાંત બાંદિવડેકર તથા એના લેખક શ્રી શિવાજી સાવંતની હું ઋણી છું. આ અનુવાદકાર્યમાં મને સતત પ્રોત્સાહન આપનાર ભૂતપૂર્વ પ્રાચાર્યા કુસુમબહેન કેળકર, પ્રાચાર્ય મોહિનીબહેન, માંડેકર તેમજ બહેન પૂર્ણિમા દવેનો પણ આભાર માનું છું. આ નવલકથાનાં કેટલાંક વાક્યો તેમ જ શબ્દો સમજવામાં મને સતત માર્ગદર્શન આપનાર વીણાબહેન નીમકરને કેમ ભૂલું? આ અનુવાદને પ્રકાશિત કરવાની જહેમત ઉઠાવનાર આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.ના શ્રી ભગતભાઈ, શ્રી શાંતિલાલ ડગલી અને પ્રૂફવાચન કરનાર શ્રી ચંદ્રકાન્ત ભટ્ટની પણ હું કૃતજ્ઞ છું. એથીયે વિશેષ મેં મેળવેલા સંસ્કારોનું પ્રતિબિંબ આ નવલકથાની કેટલીય ઉદ્દાત્ત ઉક્તિઓમાં મને દેખાયું અને એ ઉત્તમ સંસ્કાર સીંચનાર મારા ગુરુ પૂ. યોગીજી મહારાજ, પૂ. પ્રમુખસ્વામી (શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ) તથા મારાં માતાપિતા. પૂ. ઇન્દુમતિ અને મહિપતરામ દવે અને મારા દીક્ષાર્થી ભાઈ પૂ. સિદ્ધેશ્વર સ્વામીને ચરણે હું મારું આ અનુવાદકાર્ય સમર્પી, એમના અંતઃકરણના આશીર્વાદની અપેક્ષા સાથે વિરમું છું! અસ્તુ!

– પ્રતિભા મ. દવે

૮, લક્ષ્મી નિવાસ
૨૨૮, સર ભાલચંદ્ર રોડ, માટુંગા (સે. રેલવે)
મુંબઈ ૪૦૦ ૦૧૯

અર્ઘ્યદાન

(મરાઠી 'મૃત્યુંજય'ની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના)

કર્ણની આ દીર્ઘ ભાવકથા લખ્યા પછી એ વિશે કંઈક કહેવા મેં કલમ ઉપાડી પણ અંતરમાં અનેકવિધ લાગણીઓનું એવું આંદોલન ઊમટ્યું કે લખવાનું કંઈ સૂઝતું જ નથી! એક બાજુ આપના હાથમાં આ મહાપુરુષની જીવનકથા મૂકતાં હું અત્યંત હર્ષની લાગણી અનુભવું છું તો બીજી બાજુ છેલ્લાં કેટલાંય વર્ષોથી જેમનાં સહવાસમાં ઊછર્યો, જેમની સાથે આનંદકિલ્લોલ કર્યો, વાતો કરી અને જેમનાં પર ક્યારેક રોષ પણ કર્યો એવાં રાજમાતા કુંતી, વૃષાલી, અશ્વત્થામા, શોણ અને મારો કથાનાયક કર્ણ વગેરે સૌ હવે ધુમ્મસાચ્છાદિત ક્ષિતિજના તીરે ઊભા રહી હાથ હલાવી મને વિદાય દઈ રહ્યાં છે ત્યારે હું મૂનમૂન થઈ ગયો છું.

આ બધુ કઈ રીત બન્યું? એ વિશે વિચાર કરું છું ત્યારે મારી નજર સમક્ષ અનેક વળાંકો આવીને ઊભા રહે છે! એમાંનો એક વળાંક મને મારી કિશોરાવસ્થા ભણી ખેંચી જાય છે! એ વખતે મારી ઉંમર હશે ચૌદ વર્ષની! ત્યારે મને નાટક પ્રત્યે ભારે આકર્ષણ! શિવ જયંતી આવે અને ગાવકરી મંડળી અમારા ગામમાં એક ઐતિહાસિક નાટક ભજવે. આ નાટ્યપ્રયોગના દિવસે અમારો એક જ રાજમાન્ય હક! પડદા પાછળ મેકઅપ રૂપમાં બનીઠનીને તૈયાર થયેલી મંડળીને જોવાનો! એ કેવી દેખાય છે તે જોવાની ભારે ઉત્કંઠા! માથે કોઈ ટપલી મારીને હાંકી ન કાઢે એની સાવધાની રાખીને અમારે જોવાનું!

એક વખત અણધારી ઘટના બની. આપણા ગ્રહો જોરદાર હશે! પડદાની અંદર પ્રવેશ મળ્યો! નાનાં બાળકોની અરધા કલાકની એક નાટિકા, મુખ્ય નાટકની પૂર્વે રજૂ કરવાનો તુક્કો કોઈને સૂઝ્યો. સૌએ ભેગા મળી એક નાની નાટિકા પસંદ કરી. એમાં આપણે ભાઈ પસંદ થઈ ગયા. એ નાટિકા હતી 'અંગરાજ કર્ણ!' મારે ભૂમિકા ભજવવાની હતી 'શ્રીકૃષ્ણ'ની!

એ વખતે શ્રીકૃષ્ણ રૂપે સાંભળેલી કર્ણની કેટલીક ઉક્તિઓ મારા અંતરમાં એવી ઊંડે ઊતરી ગઈ કે આજે પણ આ ભાવકથાના વટવૃક્ષનાં મૂળ મને અહીં જ દેખાય છે! ખાસ કરીને એના રથનો ચક્ર ધરતીમાં ખૂંપી ગયેલો જોતાં શ્રીકૃષ્ણ હોવા છતાં હું એ મૂંઝવણને તે વખતે પી ગયો હતો. એ આજે પણ મને યાદ છે. કર્ણ પ્રત્યે એક ઉત્સકતાભર્યું કુતૂહલ એ કિશોરાવસ્થાથી જ મારા હૃદયમાં વસી ગયું હતું. પછી કથા રૂપે કર્ણ વિશે જે જે સાહિત્ય ઉપલબ્ધ થતું ગયું તે વાંચતો ગયો. કર્ણે ઇન્દ્રને આપેલું કવચ-કુંડળનું દાન એ મને સૌથી પ્રિય વિષય હતો. 'કવચ-કુંડળ એટલે શું?' એ પ્રશ્ન અનેક ગુરુદેવોને મેં તે વખતે પૂછ્યો હતો એનું મને આજે પણ સ્પષ્ટ સાંભરણ છે.

એ પછી મહાભારત વિષયક કથા સાંભળતાં મને ફક્ત ચાર વ્યક્તિ પ્રત્યે અત્યંત આકર્ષણ જન્મ્યું. જ્યાં જાય ત્યાં ઊથલપાથલ મચાવી દેતા સાવળા શ્રીકૃષ્ણ, શરશય્યા પર સૂતેલા પિતામહ ભીષ્મ, સોળ વર્ષની નાની વયે ચક્રવ્યૂહના તમામ વ્યૂહ ભેદતો અભિમન્યુ અને

ધરતીમાં ખૂંપી ગયેલ પોતાના રથચક્રને તમામ શક્તિથી ઉખેડતો અને સાથે દાંતેથી બાણ છોડતો કર્ણ!

પણ પછીથી વય વધતાં મહાભારત અને એમનાં વ્યક્તિચરિત્રો એટલે કેવળ કાલ્પનિક કથા છે એવા વિચારે કિશોરાવસ્થામાં માંડેલો આ સઘળો ચોપાટ અંતરમાંથી ભૂંસી નાખ્યો. પળે પળે યાંત્રિક ઉપકરણો અને બદલાતા વિશ્વના સંપર્કમાં આવવાનું થતાં આ કથાના તમામ માણસો મને કેવળ કાલ્પનિક પાત્રો સમા લાગ્યા, પરંતુ જ્યારે ગીતાના તત્ત્વજ્ઞાને હૃદયની આંખ ખોલી ત્યારે જ મનની ભ્રમણા ભાંગી. મહાભારતના સાર રૂપ ગીતા હોઈ ફરી મહાભારત વિષયક અનેક ગ્રંથોનું વાચન શરૂ કર્યું.

અને સમજાયું કે અરે, આપણે આ એક જ્વલંત ઇતિહાસની કેવી અક્ષમ્ય ઉપેક્ષા કરી છે!!

વ્યાસની સર્વસ્પર્શી પ્રતિભાએ આલેખેલો અને એ પછી અનેક બુદ્ધિમાન સારસ્વતોએ જતનપૂર્વક જાળવેલો આ મહાભારત ગ્રંથ એ પ્રત્યેક ભારતીય નાગરિકને ગર્વ થાય એવો આ દેશનો પ્રજ્વલિત 'ઇતિહાસ' છે. આ એક સત્ય હકીકત છે અને ખરી રીતે જોઈએ તો એક મહાન યુદ્ધની કથા છે. ચિત્તને થથરાવનારી! રોમાંચક!!

આ મહાયુદ્ધ ક્યારે થયું હશે? એ વિશે અનેક મતભેદો પ્રવર્તે છે પણ મને માત્ર ચિં. વિ. વૈદ્ય દ્વારા પ્રમાણિત ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષનો કાળ જ સંપૂર્ણ રીતે જોતાં અને વિશેષતઃ મહાભારતમાં આવતા આકાશનાં નક્ષત્રોના સંદર્ભો જોતાં સર્વથા યોગ્ય લાગે છે. આ સમયમાં પ્રાચીન ભારતનાં નિસર્ગ, જીવનપદ્ધતિ અને યુદ્ધતંત્રનો અભ્યાસ કરતાં લાગે છે કે આ યુદ્ધ વાસ્તવમાં એટલું ભયાનક હશે કે પછીની પેઢીઓ સુધી એનાં પ્રભાવ જનમાનસ પર પડતો રહ્યો.

મહાભારતના આ દિવ્ય સંગ્રામની સ્મૃતિને પ્રથમ 'સૂત' લોકોએ વંશપરંપરાગત 'સૂતકાવ્ય'ના માધ્યમ દ્વારા જાળવી રાખી. એમણે પોતાના પુત્રોનાં નામ પણ એ શૂરવીર યોદ્ધાઓની સ્મૃતિને સાચવી રાખવા એમનાં નામ પરથી પાડ્યાં. આજે પણ ઉત્તર ભારતમાં કેટલીય ભટકતી જમાતમાં 'અર્જુન', 'કિશન' એ નામો મળે છે એ નોંધનીય બાબત છે. આ સૂતપ્રજાએ સાચવી રાખેલા કાવ્યને પછીથી વ્યાસે પોતાના શિષ્ય 'સૌતી'ની સહાયથી સંકલિત કર્યું. એની સંગીતમય અને પ્રાસાદિક ભાષાને લીધે એને પુષ્ટિ મળી.

પછી મહાભારત અત્યંત લોકપ્રિય થતું ગયું. એ જોઈને એને લંબાવવાના મોહમાં અનેક મહાકવિઓએ એમાં ચમત્કૃતિજન્ય અને અતિશયોક્તિભર્યાં વર્ણનો ઉમેર્યાં એવો મત સુપ્રસિદ્ધ જ્ઞાનકોશકાર શ્રી વ્યં. કેતકરનો છે. એ મતને ધ્યાનમાં લેતાં સમજાશે કે મહાભારત ઐતિહાસિક ગ્રંથ હોવા છતાં એની ગણના પૌરાણિક ગ્રંથમાં કેમ કરવામાં આવી છે.

પહેલી વાર મારી સામે મહાભારતનાં પાત્રો જાણે ધૂસર કાળના ધૂંધળા પ્રકાશમાં ઊભાં હતાં! એમાં વળી આ અતિશયોક્તિનું આવરણ. એમાંથી વળી એકાદ પાત્રના જીવનચરિત્રના નિશ્ચિત તાંતણા કેમ મેળવવા એ મારી સામે સૌથી મોટો યક્ષપ્રશ્ન હતો. કેટલીય વાર થતું કે પ્રયત્ન એટલે ગીચ જંગલમાં ખોવાયેલો એક પૈસો અને એ પણ અંધારી રાતે અને દીવો લઈને શોધવા જેવું આ કામ! જવા દોને!

પરંતુ એ અરસામાં પ્રસિદ્ધ ઇતિહાસ સંશોધક મેક્સમુલર, જસ્ટિસ વુડ્રોફ, કનિંગહૉમ અને પાર્ટીગરે આ મહાભારતકાલીન સંદર્ભ શોધી કાઢવા માટે કરેલાં નક્કર કાર્યો જોવામાં આવ્યાં. હસ્તિનાપુર એ શહેર ખરેખર ક્યાં હતું એ નક્કી કરવા માટે હાથમાં ફૂટપટ્ટી લઈ ગાંડાની જેમ ફરતા મેક્સમુલર વિશે વાંચ્યું ત્યારે મને મારી જાત પર શરમ આવી અને પછી 'નક્કરતા' એ એક જ શસ્ત્ર હાથમાં લેવાનું મેં મનોમન નક્કી કર્યું. એ જ રીતે ૧૮૪૬માં જર્મન કવિ ઍડાલ્ફ

હાલ્ટજમન કેવળ મહાભારતનું પરિશીલન કરવા માટે જ ભારતમાં આવી ગયાનું પણ વાંચવામાં આવ્યું. એણે જર્મન ભાષામાં મહાભારત પર કાવ્ય લખી એની પ્રસ્તાવનામાં નવા જર્મન કવિઓને ઉદ્દેશીને, 'તમારા દેશમાં ચેતના જગવવી હોય તો મહાભારતનો અભ્યાસ કરો' એ પ્રમાણે દીધેલું આહ્વાન પણ વાંચવામાં આવ્યું અને પછી મારું દિલ મહાભારત પરથી એક ક્ષણ પણ ખસવા તૈયાર થાય નહિ! વાચન અને ટાંચણ શરૂ થયાં.

કર્ણ પર એક સ્વતંત્ર ખંડકાવ્ય લખું એવો વિચાર આવ્યો. થોડુંક ચિંતન પણ કર્યું. પછી થયું કે કાવ્ય કરતાં નાટક વધુ પ્રભાવક નીવડશે, કારણ કે એમાં પ્રત્યક્ષ પાત્રો નિરૂપી શકાશે એવો એક વિચાર ઝબકી ગયો, પરંતુ કાવ્ય હોય કે નાટક એની સ્વરૂપમર્યાદામાં જ મારે પાત્રોને આલેખવાં પડશે.

આ મનઃસ્થિતિમાં હું હતો. એ અરસામાં કૉલેજનો અભ્યાસ ચાલતો હતો અને કવિ કેદારનાથ મિશ્રનું 'કર્ણ' નામક હિંદી ખંડકાવ્ય વાંચ્યું. વાંચતાં જ હું ગદ્ગદ થઈ ગયો. કર્ણ પર 'રશ્મિરથી' નામે બીજું એક ખંડકાવ્ય સિદ્ધહસ્ત કવિ પદ્મભૂષણ દિનકરજીએ લખ્યું છે. એમાં ઠેરઠેર મનહર વર્ણનો આવે છે. કેદારનાથ મિશ્રની કાવ્યશૈલી આનાથી જુદી હતી. મિશ્રનું કાવ્ય આરંભથી જ સહજ સુંદર અને ભાવપૂર્ણ છે. રાજમાતા કુંતીની હૃદયવિદારક વેદનાને વ્યક્ત કરતી પંક્તિઓ

અવિરલ આઁસૂ કી બૂઁદો સે
કર અંતિમ અભિષેક,
માતાને અપને હી હાથોં
દિયા લાલ વહ ફેંક.

(અવિરલ આંસુના બિંદુથી
કર અંતિમ અભિષેક
માતાએ જ સ્વહસ્તે
કીધો બાલત્યાગ વિશેક.)

આવી સંકુલ પણ અર્થપૂર્ણ શબ્દ યોજના એમણે કરી છે. હવે આગળ ઘટનાઓનું દ્વન્દ્વ સતત થવાનું છે એમ કહેતાં :

વર્તમાન કો મિલા સિસકતા
હુઆ એક ઇતિહાસ
મિલા અનાગત કો અખંડ
ગૌરવ કા દિવ્ય પ્રકાશ!
મિલા વિશ્વ કો નયા તેજ
ધરતી કૌ શૌર્ય મહાન
યુગ કો મિલી નયી પ્રત્યંચા
નવ શર, નવ સંધાન!

(વર્તમાનને મળ્યો ધબકતો
એવો એક ઇતિહાસ

મળ્યો અનાગતને અખંડ
    ગૌરવનો દિવ્ય પ્રકાશ!
મળ્યું વિશ્વને નવું તેજ
    ધરતીને શૌર્ય મહાન
મળી યુગને નવી પ્રત્યંચા
    નવાં શર, નવ સંધાન!)

આવી સૂચક પંક્તિઓ પ્રયોજી છે. પોતાના કાવ્યનાયકના નિર્વાણનું વર્ણન કરતાં એમણે એટલાં સુંદર હૃદયસ્પર્શી શબ્દો ગૂંથ્યા છે કે તે હૃદયને ચોટ આપી જાય છે :

ખોકર અપને ગૌરવ કા
    અનુપમ અનમોલ નગીના
હુઈ દિશાએઁ ભિખારિણી
    હો ગઈ ધરિત્રી દીના!
કિન્તુ કર્ણ તો પહુઁચ ચૂકે થે –
    પાસ પિતા કે અપને
છોડ તડપતે મિટ્ટીમે
    મિટ્ટી કે સારે સપને!

(ગુમાવીને સ્વગૌરવના
    અનુપમ અણમોલ રત્ન
બની દિશા ભિખારણ
    થઈ ધરતી દીન!
કિંતુ કર્ણ પહોંચી ગયા'તા
    નિજ પિતાની પાસે
છોડીને તડપતાં માટીમાં
    માટીનાં સારાં સ્વપ્નો!)

અહીં એમણે કાવ્યનાયકને ઉદ્દેશીને 'થે' (હતાં) એ આદરણીય શબ્દ પ્રયોજ્યો છે. આ 'થે' પાસે હું એકાએક અટકી ગયો! ચિંતનના તાંતણા ઉકેલવા લાગ્યો. શા માટે? આ કવિએ કર્ણને શા માટે આદરથી સંબોધ્યો? એના વ્યક્તિત્વમાં એવી શી વિશેષતા છે? અને એ જ ક્ષણે મારા હૃદયમાં નવલકથાનાં બીજ રોપાયાં! કર્ણના જીવનના રાજવસ્ત્રના એક એક તાંતણાને ઉકેલીને બતાવવા માટે નવલકથા જેવું વ્યાપક સ્વરૂપ જ કામ લાગે એ વિચાર દૃઢ થયો, પરંતુ કેવળ દૃઢ વિચાર કરવાથી કાર્ય ઊકલી જતું નથી. એ માટે તો એનું જીવન કેટકેટલાં વમળોમાં ફસાઈ ગયું હતું તે સારી પેઠે સમજવું જરૂરી હતું. આથી સો જેટલા સંદર્ભગ્રંથોનો અભ્યાસ કર્યો. એના જીવનચરિત્રમાંથી યુદ્ધભૂમિના તમામ પ્રસંગો પર ઊંડું ચિંતન કર્યું પણ પહેલા જ સૂરમાં તંબૂરાનો તાર બેસે જ નહિ ને!

'કવચ-કુંડળ'માંથી શું નવલકથા બને? શું કોઈને ક્યારેય અભેદ્ય કવચ હોઈ શકે ખરું? માંસલ કુંડળ હોય? આ શંકાએ ફરી મનની ગતિ રૂંધી પણ આજે વીસમી સદીમાં પણ આંખ સામે બનેલી ઘટનાના અનેક આશ્ચર્યજનક ઉદાહરણો વાંચ્યા પછી એ શંકા પણ નિર્મૂળ થઈ ગઈ.

'અમૃત'ના એક અંકમાં પશ્ચિમના દેશની એક યુવતીના જીવનની વૈજ્ઞાનિકોને પણ સ્તબ્ધ કરી દેનારી આશ્ચર્યજનક ઘટના વર્ણવી હતી. તેમાં જણાવ્યું હતું કે તે તરુણી રાતે સૂતી હતી અને એના શરીરમાંથી જાંબલી રંગના રેડિયમ જેવાં કિરણો બહાર પડતાં હતાં!

બીજી વાત છે એક વેદનાશૂન્ય માનવની. કુદરતે એનું શરીરબંધારણ એવું ઘડ્યું હતું કે એના શરીરને એકે પ્રકારની વેદના થાય જ નહિ! આ ઉપરાંત 'કેસરી' નામે અંકમાં આવી જ એક વિરલ પશુ વિશે માહિતી આવી હતી. એ પશુના અંગ પર એક એવું અભેદ્ય કવચ હતું કે બંદૂકની ગોળી પણ એને છેદી શકે તેમ નહોતું! આજે પણ આમ બની શકે તેવી આ સત્ય વસ્તુ છે. પછી તરજોડનો કોઈ પ્રશ્ન જ રહ્યો નહિ!

આવી રીતે અનેક પ્રશ્નો ઊકલી ગયા પછી મુખ્ય પ્રશ્ન હતો. તે એ કે કર્ણને નસીબે આવેલા કૌરવપક્ષનો પ્રશ્ન! સભાગૃહમાં એણે દ્રૌપદીને અપમાનિત કરતાં ઉચ્ચારેલાં દુર્વચનોનો પ્રશ્ન! અવારનવાર દુર્યોધનને ગળે હાથ નાખીને લીધેલી પ્રતિજ્ઞાનો પ્રશ્ન!

શું કર્ણ ખરેખર નવલકથાનું કેન્દ્રવર્તી પાત્ર બની શકે ખરો? ગુણવાન છતાં ઉપેક્ષિત પાત્રો મહાભારતમાં શું ઓછાં છે? ગુરુએ દક્ષિણા માગી અને ધનુર્ધરને માટે અતિ અમૂલ્ય એવા અંગૂઠાને કાપી એને દક્ષિણા રૂપે દેનાર એકલવ્ય શું ઓછો ગુણસંપન્ન છે? જેના પૌઆ શ્રીકૃષ્ણે ખાધા એ દરિદ્રી છતાં અંતરંગ સમૃદ્ધ સુદામો કંઈ ઓછો મૂલ્યવાન નથી! આ પાત્રો મહાભારતમાં કર્ણ કરતાં પણ કેટલાં બધાં ઉપેક્ષિત થયાં છે! એમાંથી કોઈ એકને કાવ્યનો કે નવલકથાનો વિષય ન બનાવી શકાય? આવા અનેક પ્રશ્નોના પર્વત આંખ સામે ઊભા રહ્યા. આથી મહાભારતમાંથી જ્યાં સ્પષ્ટ જણાય ત્યાં કર્ણ વિશે મહત્ત્વનાં સ્થાનો શોધવા મારી આંખો ફરવા લાગી અને તે એક શ્લોક પાસે સ્થિર થઈ ગઈ :

ધૃતરાષ્ટ્ર બોલ્યા :

રાજપુત્રૈઃ પરિવૃત્તસ્તથા ભૃત્યૈશ્ચ સંજય ।
ઉપારોપ્ય રથે કર્ણં નિર્યાતો મધુસૂદનઃ ॥

(હે સંજય, રાજપુત્ર અને અન્ય સેવકગણોથી વીંટળાયેલા એવા શ્રીકૃષ્ણ કર્ણને પોતાના રાજરથમાં બેસાડીને લઈ ગયા!)

પોતાના રાજરથમાં સ્વહસ્તે શ્રીકૃષ્ણ જેને બેસાડીને લઈ ગયા હોય એવી બે જ વ્યક્તિ છે! આ બહુમાન પ્રાપ્ત કરનાર કેવળ બે જ માનવ! રુક્મિણીવિવાહ પ્રસંગે હરણ થયું એવી રુક્મિણી અને સંધિપ્રસંગે કર્ણ! અને પછી સતત મનમાં ચક્રો ચાલવાં લાગ્યાં.

શ્રીકૃષ્ણે કર્ણને આટલું મહત્ત્વ શા માટે આપ્યું? પોતાનો ઇષ્ટ હેતુ સિદ્ધ કરવા માટેનો આ એમનો કેવળ દાવપેચ હતો? પણ એમ કહેનારાઓના મનમાં સ્પષ્ટપણે પ્રશ્ન ઊઠશે કે આપણે એમને 'સર્વજ્ઞ' માનીએ છીએ તેનું શું? શું શ્રીકૃષ્ણ કર્ણ પાસેથી નકારાત્મક ઉત્તર લઈ નિરાશ બનીને પાછા ફર્યા એમ કહેશો?

તો પછી કર્ણનો કેવળ તેજોભંગ કરવાનો શ્રીકૃષ્ણનો આશય હતો? અને સૌથી મોટી ગેરસમજ હંમેશ આપણે અહીં જ કરીએ છીએ! શ્રીકૃષ્ણના સત્ય કથનને કારણે આપણે હંમેશાં જોરશોરથી પ્રતિપાદન કરતાં આવ્યા છીએ કે કર્ણનો તેજોભંગ કરવાનો તેમનો આશય હતો, પરંતુ તે માની શકાય તેમ નથી! આ મુલાકાતમાં શ્રીકૃષ્ણ કે કર્ણના પરસ્પર સંબંધોમાંથી આત્મીયતાના તાંતણા અત્યંત નાજુકતાથી ગૂંથવામાં આવ્યા છે. ભક્તો ખાતર અનેક વાર નમી પડનાર શ્રીકૃષ્ણ અહીં

આ મુલાકાતમાં પણ જિંદગી આખી કચડાતા રહેલા આ મહાયોદ્ધા ખાતર ગૂઢપણે નમ્યા છે. કર્ણના તેજોભંગની કલ્પના જ હાસ્યાસ્પદ છે. ઊલટું પોતે દિવ્ય કુળનો વારસ છે એ જાણ્યા પછી જીવનની રૂંધાયેલી મનઃસ્થિતિ દૂર થતાં જ આ મહાયોદ્ધાની હિરણ્યગર્ભ તેજશક્તિ ઊભરાઈને ફીણ સોતી બહાર આવી છે. આગળ જતાં સેનાપતિ બન્યા પછી અર્જુન અને એની વચ્ચે થયેલા ઘનઘોર યુદ્ધને શ્રીકૃષ્ણ સહિત ગાંધર્વો અને દેવગણોએ આશ્ચર્યવિમૂઢ બનીને જોયું છે. સૌ યોદ્ધાઓ લડવાનું ભૂલી જઈ હાથમાં શસ્ત્રો પકડીને અન્યમનસ્કભાવે ઊભા રહી ગયા હતા. એ સત્ય જાણ્યા પછી કયો સુજ્ઞ વાચક કર્ણનો તેજોભંગ થયો હતો એ હકીકત સ્વીકારશે?

તો પછી શ્રીકૃષ્ણના મનમાં કર્ણ વિશે કશોક અભિપ્રાય હશે જ ને! એ માટે કર્ણને પાંડવ પાસે જવા આગ્રહ કરતી વખતે આ સાક્ષાત્ યાદવરાજ હૃષિકેશે ઉચ્ચારેલા શબ્દો ચિંતનીય છે. તેમણે કહ્યું કે, 'અંધક અને વૃષ્ણી કુળના તમામ યોદ્ધાઓ અને સમસ્ત યાદવકુળ સહિત હું પણ તારા સેવક બનીશું! તને નમન કરીશું!' આના કરતાં પણ શ્રીકૃષ્ણ-કર્ણના આત્મીય સંબંધ તરફ દૃષ્ટિપાત કરવા માગતા હોય તેમણે મહાભારત યુદ્ધ પછીના ઉત્તરાર્ધ ભાગનો સૂક્ષ્મ અભ્યાસ કરવો જોઈએ.

યુદ્ધમાં લાખો યોદ્ધા ખપી ગયા પણ ફક્ત શ્રીકૃષ્ણ જ કર્ણના મૃતદેહને અગ્નિસંસ્કાર આપે છે! શ્રીકૃષ્ણચરિત્રનો સૂક્ષ્મ અભ્યાસ કરીએ તો સ્પષ્ટ જણાશે કે પોતાના મામા કંસના વધ પછી, એટલું જ નહિ પણ પોતાનો પુત્ર પ્રદ્યુમ્ન મરાયા પછી એમની અંત્યેષ્ટિ માટે પણ શ્રીકૃષ્ણે આટલો આત્મીયભાવ ક્યારેય દાખવ્યો નહોતો!

આ પરથી મહાભારતમાં કર્ણનું સ્થાન મહત્ત્વનું ગણવામાં કોઈ જ વાંધો નથી. આ સૌમાં સવિશેષ પ્રબળ કારણ હોય તો તે દ્રૌપદીનું સુષુપ્ત મન! શ્રીકૃષ્ણની આ માનસ-બહેન, જેના પવિત્ર પતિવ્રતાની કિંમત સમરાંગણ પર લાખ લાખ યોદ્ધાઓના લોહીની નદીઓથી ચૂકવવી પડી એ વાંકડિયા કેશવાળી, સાક્ષાત્ સુગંધી શ્યામ પાંચાલીને કર્ણ પોતાનો પતિ હોય તો કેવું એમ લાગે તો એથી વધારે કર્ણના વ્યક્તિત્વનું બીજું કયું ઉત્તુંગ શિખર હોઈ શકે? એથીયે વધુ સૂક્ષ્મતાથી જોઈએ તો ચોખ્ખું દેખાશે કે પાંડવ એક જ દેવપુરુષના સહવાસમાં આવ્યા હતા. કર્ણ બે : શ્રીકૃષ્ણના અને પરશુરામના! સૌથી છેલ્લે ધ્યાનમાં રાખવા જેવી મહત્ત્વની વાત એ છે કે નિયતિથી બંધાયેલો અને કૌરવોમાં ભળી ગયેલો હોવા છતાં તે પ્રથમ કૌંતેય છે! સૂર્યપુત્ર છે! આથી જ દુર્ગા ભાગવતે 'વ્યાસપર્વ'માં કહ્યું છે એ પ્રમાણે, 'કૃષ્ણ અને કર્ણ એ વાસ્તવમાં એક જ તાત્ત્વિક ભૂમિકાની, પૌરુષ ચેતનાની અને જાતિગત નિર્ભયતાની બે સ્પષ્ટ પ્રતિમા છે!' એ ખરેખર યોગ્ય લાગે છે.

કર્ણ આખા મહાભારતમાં છવાઈ જાય છે પણ શ્રીકૃષ્ણના પડછાયા રૂપે! નીલવર્ણા શ્રીકૃષ્ણનો શ્યામ પડછાયો! ઠેકઠેકાણે એને પગે અટવાતો! છેતરામણો! થરથરતો! થથરાવતો! અને ક્યારેક આકાશ જેવું વ્યાપક રૂપ ધારણ કરતો! અંતે એ પડછાયાને પોતાના પગ નીચે ચગદી નાખવા માટે શ્રીકૃષ્ણને અર્જુનની મશાલ બનાવી એને પોતાને માથે જ ધરવો પડ્યો છે.

'અનિવાર્ય નિયતિના ચગડોળમાં ગોળગોળ ફરવું એટલે હિમાલય જેટલો વિશાળ સંયમ કેળવીને મનુષ્યે મૂંગે મોઢે સહન કરતાં જીવવું અને તે પણ હસતાં હસતાં!' આ જ કર્ણને કહેવું છે. જેઓ જીવનમાં ક્યાંક ને ક્યાંક કચડાયા હશે તેઓ જ કર્ણના જીવનનો આ મર્મ સારી પેઠે સમજી શકશે, એટલું જ નહિ પણ જેઓ ક્યારેય જીવનમાં કચડાયા નહિ હોય તોપણ કચડાયેલાઓનું જીવન કેવું હોય એ કર્ણને જોવાથી એમને સમજાશે! કર્ણનું મૌન એ જ મહાભારતનો સૌથી સુંદર મુખરિત અને મોહક સંદેશ છે. એના યાતનામય, વંચિત અને ઉપેક્ષિત મનના કાંગરા પાંડવોની વિજયઘોષણાને અવારનવાર ઝાંખી પાડી દે છે! મૃત્યુના મહાદ્વાર પાસે પણ જીવનનો આટલો ધૂંધળો વિજય એકમેવ

કર્ણે જ અનુભવ્યો છે! આથી જ કર્ણની આ ભાવકથાનું નામ છે 'મૃત્યુંજય'!

કર્ણ આ નવલકથાનું કેન્દ્રવર્તી પાત્ર બની શકે. ના, એ છે જ. એમ નક્કી થયા પછી એની આસપાસ ફરતાં અનેક આનુષંગિક પાત્રો આવવાનાં જ. એ સૌમાં અઘરું વ્યક્તિચિત્ર એટલે રાજમાતા કુંતી! એના આયખાની આંતરિક મૂંઝવણને શબ્દોમાં કઈ રીતે વ્યક્ત કરવી? બાળપણની પૃથાથી માંડીને વૃદ્ધા બનેલી રાજમાતા કુંતી સુધીના જીવનમાં કેટલી બધી ચડઊતરો છે! જીવનમાં એણે શું મેળવ્યું? કેવળ જવાબદારીનો અને નિષ્ઠુર કર્તવ્યોનો ભારે બોજ! એ બોજ વેંઢારીને હવે તે ખૂબ થાકી ગઈ છે. છૂટકારાનો દમ ખેંચી શકે એવું એક પણ વિશ્રામસ્થાન એને ક્યાંય પણ મળ્યું નથી. સામાજિક રિવાજોની પકડમાં જિંદગી આખી જકડાયેલી કુંતી એક ગરીબ ગાય છે! એ રડે છે પણ હસ્તિનાપુરના આ વૈભવી રાજમહેલમાં એનાં ડૂસકાં કોને અને કેવી રીતે સંભળાવાનાં? સૌ પ્રથમ સંભળાય છે ફક્ત એકને જ! અશ્વોના હણહણાટથી પરિચિત એવા સૂતપુત્રને – કર્ણને જ!

પ્રથમ મુલાકાતે જ કર્ણ ચાર પુત્રોનું જીવતદાન એને આપી દે છે. એ દાન કરતાં પણ વિશેષ એણે ગંગાકાંઠે બળબળતી રેતીમાં એને દીધેલું દીર્ઘ આલિંગન મને વધુ મૂલ્યવાન લાગ્યું! અંતરમાં કંઈક અવઢવ ચાલી. સતત પંચોતેર વર્ષથી આ આલિંગન માટે કુંતીનું માતૃહૃદય દેહની અંધાર ગુફામાં ઝૂરતું હતું! મહાભારતમાં અનેક સ્ત્રીપાત્રો છે પણ કુંતી તે કુંતી જ! આથી જ એક પ્રસંગે ભીષ્મ પિતામહના મુખે મારાથી એક વાક્ય મુકાયું, 'કુંતી એ કુરુકુળની સૌથી શ્રેષ્ઠ યોદ્ધા છે!'

કર્ણના જીવનની કરુણા અને કુંતીના જીવનની દર્દમય વ્યાકુળતા છેવટ સુધી એકસરખી ઘૂંટાતી રહી છે! એમની વિહ્વળતા શારીરિક છે અને આધ્યાત્મિક પણ છે – વાચકોને આ બે પ્રત્યે અનુકંપા નહિ પણ ગર્વ છે! આદર છે! એ બંનેનાં વર્તનમાં જ એમની મોટપ સમાયેલી છે. સામાન્ય માણસોનાં દુ:ખ સામાન્ય હોય છે. દુ:ખ એ સામાન્ય જ હોય છે પણ અસામાન્ય માણસોનાં દુ:ખ અસામાન્ય હોય છે! આવી પવિત્ર રાજસ્ત્રીનું મન મહાભારતમાં કુંતીના મનમોહક સ્વરૂપે પ્રગટ થયું છે! ધન્ય છે આ રાજમાતાને!

કર્ણની આસપાસ બીજી મહત્ત્વની સ્ત્રી એટલે વૃષાલી! એની ધર્મપત્ની! વૃષાલી એ કર્ણનો વિસામો છે, એનું વિશ્રામસ્થાન છે. એના હાથનાં ધારવડાં ખાવાં એ એને ભાવતી વસ્તુ છે. વૃષાલી એ સારથિકન્યા છે. ખરા અર્થમાં કર્ણના જીવનરથનું તે સારથિપણું કરે છે. જીવનમાં અનેક વાર ભાંગી પડેલા કર્ણના વિશાળ હૃદયના ઊંડા જખમો પર એણે પોતાના નિર્મળ પ્રેમની હળવી ફૂંક મારી છે. એમના પુત્રોને ઉછેરવામાં એને સ્વર્ગનું સુખ લાધ્યું છે. કુટુંબવત્સલ એવી આ સ્ત્રી પોતાના પતિનું સૌંદર્ય આટલું રાજાશાહી કેમ છે એ કદી જાણી શકી નહોતી! એ સૌંદર્યનું અભિમાન એ જ એનું ધન, એ જ એનું સ્વર્ગ! એ જ એની મુક્તિ છે. સામાન્ય સ્ત્રીઓમાં સંજોગવશાત્ આવતી સમયસૂચકતા એનામાં પણ આપોઆપ સહજપણે આવી છે. કર્ણના તેજોમય જીવનમાં તે કેવી ઉજ્જ્વળ થઈને બહાર આવી છે. તે વિશાળહૃદયા બની છે. કર્ણમાં એકરૂપ થઈ ગઈ છે. આથી જ વ્યાસના 'સ્ત્રીઓને પ્રિય કર્ણ' એ બિરુદ સાર્થક કરતાં પોતાના પતિને બીજા વિવાહની અનુમતિ તે સહર્ષ આપે છે. પોતાની શોક્ય – સુપ્રિયાને તેણે પોતાના કુટુંબમાં સમાવી લીધી છે. સાચા અર્થમાં તે કર્ણપત્ની છે.

કર્ણનો બીજો દિલાસો છે શોણ! એનો ભાઈ! રાધા અને અધિરથનો પુત્ર. અધિરથને અન્ય બે પુત્રો હતા પણ એના ફક્ત મોટા શત્રુંતપ(શોણ)ને જ મેં નવલકથા માટે પસંદ કર્યો છે. શોણ પોતાના મોટાભાઈ પ્રત્યે આદર અને પ્રેમ બંને ધરાવે છે. એના જીવનમાં અનેક કટોકટી વેળાએ એ સૂચક સંકેત કરે છે. પોતાનો ભાઈ અંગરાજ થયા પછી એક પણ સેનાપ્રમુખ પદની માગણી ન કરતાં તેણે ફક્ત માગ્યું એના રથનું સારથિપણું! કર્ણ-શોણના પ્રેમસંબંધો જોતાં કર્ણ સારથિ છે એમ લાગે તે

શોણને કારણે જ! એવા આ કર્ણનો વહાલસોયો શોણ ગૌહરણ પ્રસંગે વિરાટનગરીમાં યુદ્ધમાં અર્જુનને હાથે મરાયો ત્યારે એના મૃતદેહ પર ઢળી પડીને હિબકાં ભરતો કર્ણ અર્જુનવધની ઘોર પ્રતિજ્ઞા લે છે. માનેલા ભાઈ માટે કર્ણ અજાણપણે પોતાના સગા ભાઈના વધની પ્રતિજ્ઞા લઈ બેસે છે, શોણ ગયો અને કર્ણના ઊછળતા જીવનમહાસાગરમાં એક એક મોજાએ ઓટ આવવા માંડે છે. બંધુપ્રેમ એ કેવળ લોહીના સંબંધો પર અવલંબતો નથી. તે ઊંડી લાગણીઓ પર અવલંબે છે તેનું મૂર્તિમંત રૂપ તે શોણ!

કર્ણના કૌટુંબિક જીવનને બાદ કરતાં એના રાજકીય જીવન સાથે સંકળાયેલ મહત્ત્વની વ્યક્તિ તે દુર્યોધન! મહાભારતમાં રાજકારણી બે જ! શ્રીકૃષ્ણ અને દુર્યોધન! શ્રીકૃષ્ણનું રાજકારણ તર્કનિષ્ઠ છે, જ્યારે દુર્યોધનનું ભાવનાનિષ્ઠ! દુર્યોધનને ફક્ત ક્રિયા સાથે સંબંધ છે, શ્રીકૃષ્ણને પ્રતિક્રિયા સાથે! આથી જ પ્રત્યેક રાજકીય દાવપેચમાં શ્રીકૃષ્ણ સંપૂર્ણ યશસ્વી ઠરે છે, દુર્યોધન સંપૂર્ણ અયશસ્વી! દુર્યોધન માટે ઘણી વાર કહેવાય છે કે એનું મન કાંટાળા થોર જેવું છે પણ મને તો કુંવાર સમું લાગે છે! આજુબાજુ કુટિલ રાજકારણના તીક્ષ્ણ કાંટા અને વચમાં અહંકારનો સીધો સોટા જેવો ઊંચો દંડ! એના જેવા જ એના ભાઈઓ! એના મામા શકુનિ એ એક કાંટાળી વેલ છે! એની કાંટાળી શાખાઓ આ કુંવારની એક એક ગાંઠને વળગીને એનું જાળું બનાવીને ઊભી છે અને કુંવારની વચ્ચે ચારેબાજુથી ઘેરાયેલા કર્ણનું જીવન ચંદનવૃક્ષની જેમ ઊભું છે.

કૌરવપક્ષે જો કોઈ સારી વસ્તુ હોય તો તે કર્ણ પણ એ વસ્તુ એમને સહજતાથી મળી નથી. દુર્યોધનના હઠાગ્રહથી તેમણે મેળવેલી છે. દુર્યોધન જીવનના અન્ય તમામ રાજકીય દાવપેચમાં ભલે નિષ્ફળ ગયો હોય પણ કર્ણને પોતાની પકડમાં ધીરેધીરે વ્યવસ્થિત રીતે લેવાના દાવપેચમાં એ સંપૂર્ણ સફળ ગયો છે. આથી જ હું એને રાજકારણી કહું છું. દુર્યોધનના મનના કાંગરા અતિશય ધારદાર છે, અસ્ત્રા જેવા! એના વાક્બાણ? એની ગદાના પ્રહાર જેવા! સ્વભાવગત અહંકારનું મહાન વટવૃક્ષ એટલે દુર્યોધન! અન્ય સર્વ રાજકીય દાવપેચમાં એણે શકુનિમામાની સલાહ લીધી છે પણ કર્ણને ધીમે ધીમે પણ નિશ્ચિતપણે પકડમાં લેવાનું એનું પોતાનું જ રાજકારણ છે. કર્ણની વચનપ્રિયતા, એકનિષ્ઠા અને હિમાલય સમા ઉત્તુંગ પરાક્રમોનો ઢાલની જેમ ઉપયોગ કરી લેવાની એક પણ તક દુર્યોધને જવા દીધી નથી. એ પોતાને કર્ણની મજબૂત મ્યાનમાંની ધારદાર તલવાર માનતો હતો. એ જાણે છે કે કર્ણ કદી પીછેહઠ કરવાનો નથી અને આથી એણે પાંડવો સામે યુદ્ધનો પડકાર ઝીલ્યો. શ્રીકૃષ્ણને અટકમાં લેવાનું કાવતરું પણ ઘડ્યું.

અખાડાના પ્રસંગે સૌ દ્વારા અપમાનિત થયેલા પરાક્રમી કર્ણને પોતાના પક્ષે વાળી લેવા પ્રેક્ષકોથી ખીચોખીચ ભરેલા રાજમંડપમાં અક્કડતાથી આગળ આવીને એણે નાદાન વયમાં લીધેલો નિર્ણય રાજકારણના ધુરંધરોને સ્તબ્ધ કરી મૂકે તેવો છે.

દુર્યોધનનું વ્યક્તિત્વ ગેંડા જેવું છે! સામે મળે એની સાથે બાખડી પડનારો અને પ્રસંગ આવે ગભરાઈને પીછેહઠ કરનારો! એનો આ ગભરાટ ઘણી વાર ઉઘાડો પડી ગયો છે. આથી જ દુર્યોધન એ અકળ વ્યક્તિ છે! બહારથી બુલંદ વ્યક્તિત્વધારી ઍંટદાર દુર્યોધન એટલે મૂર્તિમાન રાજઈર્ષ્યાનું ત્રિશૂળ!!

એ પછી હજી એક મહત્ત્વની વ્યક્તિ એ અશ્વત્થામા! કર્ણના કૌટુંબિક જીવનમાં વિસામા સમી વૃષાલી અને એ જ રીતે અશ્વત્થામા એ એના રાજકીય અને સામાજિક જીવનનો વિસામો છે! અશ્વત્થામા એ યોદ્ધો ખરો પણ તત્ત્વચિંતક વધારે. અષ્ટચિરંજીવ પૈકી એક આ આશ્રમકુમાર, દ્રોણપુત્ર અશ્વત્થામા અવારનવાર મન, જીવ અને આત્મા વિશે ચિંતન કરતો દેખાય છે. અઘરા વિષયો પર એ

સહજપણે બોલી શકે છે, કારણ કે વેદવિદ્યામાં પારંગત છે. પરંતુ એનામાં વ્યવહારુ જ્ઞાનનો અભાવ છે. આધ્યાત્મિક વિચારકોના જીવનમાં સંકટ પ્રસંગે પ્રતિકારની એક ચમક જે દેખાય છે તે ખરે પ્રસંગે અશ્વત્થામામાં દેખાતી નથી એનું કારણ પણ આ જ છે. આધ્યાત્મિક વિચારસરણી ધરાવતી વ્યક્તિને શાશ્વત તત્ત્વમાંથી શ્રદ્ધા ઊડી જાય તો એ હૃદયથી ભાંગી પડે છે. અશ્વત્થામાના જીવનમાં પણ આમ જ બન્યું છે. મને તો કર્ણ અને કુંતી કરતાં અશ્વત્થામાની કરુણા અસહ્ય લાગે છે. કર્ણની યાતના વીરોચિત મૃત્યુમાં સમાઈ ગઈ છે. કુંતીની દાહક યાતનાને (તે જ્યારે દાવાનળમાં દાઝી ગઈ ત્યારે) અંતે અગ્નિજ્વાળાએ પોતાનામાં સમાવી લીધી છે પણ મસ્તક પરનો માંસલ મણિ કાપી લેવાથી લોહીથી ખરડાયેલા જખમનો કાયમી ડાઘ માથા પર લઈને વનવન ભટકતા ચિરંજીવ અશ્વત્થામાની યાતનાનો અંત જ નથી. અન્ય સૌની યાતના લાગણીશીલ છે, સામાજિક જડ રિવાજોમાંથી જન્મેલી છે પણ અશ્વત્થામાની યાતના સંપૂર્ણપણે આધ્યાત્મિક છે. માનવના મૃત્યુ કરતાં માનવીય સુરૂપતાનું મૃત્યુ કેવું ભયાનક છે એ જોવું હોય તો અશ્વત્થામાનું જીવન જોવું જોઈએ. બાળપણમાં એને દૂધને બદલે ચાટણ મળ્યું! મૃગજળ મળ્યું! અને છેવટે પણ એને જીવનમાં મૃગજળ જ પ્રાપ્ત થયું. જાણે યુગોયુગથી તરફડતી માનવતા રૂપે અશ્વત્થામા આજે પણ જીવંત છે. અશ્વત્થામા એ ખરેખર સ્વતંત્ર કાવ્યનો વિષય છે. આ નવલકથામાં તો તે કેવળ એક આનુષંગિક પાત્ર રૂપે જ આવે છે.

ભીષ્મ પિતામહ તો મહાભારતમાં એક ઊંચામાં ઊંચો પહાડ છે. એવો પહાડ જેને તળિયે કૌરવ-પાંડવોના સંબંધોની લાગણીની ભરતીનાં મોજાં સતત ઊછળ્યાં કરે છે છતાં તેઓ નિશ્ચલતાથી અડગ ઊભા છે! ઊંચા હોવાને લીધે એમની દૃષ્ટિ તળિયેથી માંડીને મહાસાગરની જેમ દૂર સુધી પ્રસરેલા મહાયુદ્ધની ક્ષિતિજ રેખાને ઓળંગીને સામે પાર પહોંચી છે. ગીતા કથિત સ્થિતપ્રજ્ઞ ખરેખર ભીષ્મ જ છે. દ્રૌપદી વસ્ત્રહરણ પ્રસંગે તેઓ મૂક બેઠેલા. આથી એમને કાયર કહેવાની કોઈ હિંમત નહિ કરે. કેમકે તત્ત્વનિષ્ઠા માટે એમણે પોતાના ગુરુને સાક્ષાત્ પરશુરામને એકાદ પ્રસ્વાપ શસ્ત્રથી હરાવ્યા છે! શ્રીકૃષ્ણને 'નહિ ધરું શસ્ત્ર હાથે, દઈશ કેવળ યુક્તિ બેચાર!' એ વચનભંગ કરવા પ્રેર્યા છે. કુરુના સામ્રાજ્યનું વટવૃક્ષ આટલું ફાલ્યુંફૂલ્યું છે એ ભીષ્મનાં અસીમ પરાક્રમ અને ત્યાગને લીધે જ. જ્યાં જ્યાં ભીષ્મનો સંદર્ભ આવ્યો છે ત્યાં ત્યાં આ જ વાત મેં કેન્દ્રમાં રાખી છે.

ભીષ્મ વિશે મારે બે વાત ખાસ કહેવી છે. યુદ્ધમાં સેનાપતિ હોવા છતાં અર્જુનથી રથભ્રષ્ટ થયેલા ભીષ્મ 'શરશય્યા પર' મુકાયાનો ઉલ્લેખ અજ્ઞાનવશ કરવામાં આવે છે! વાસ્તવમાં 'શર' એ પ્રકારનું એક ઘાસ છે! આજે પણ કુરુક્ષેત્રમાં તે જોવા મળે છે! યોદ્ધા ધરતી પર જ પોતાનો દેહ છોડે છે. એ કંઈ 'માન-અપમાન' નાટકમાં શય્યા માગતા 'લક્ષ્મીધર' નથી. ભીષ્મ પડ્યા તે આવા શર જાતના ઘાસ પર.

બીજો ઉલ્લેખ છે તે કર્ણની વારંવાર ઉપેક્ષા કરી દુર્યોધનની સાન ઠેકાણે લાવવા પિતામહે સભાગૃહમાં કુરુનો રાજદંડ પોતાને જ હાથે આરસની જમીન પર ફેંક્યો. આ કે આથીય વધુ રોમાંચક ઘટના એ વખતે સભાગૃહમાં બનવી જરૂરી હતી. એ સિવાય કર્ણ ઉશ્કેરાયો ન હોત અને એને હાથે આર્યાવર્તનો દિગ્વિજય પૂર્ણ થયો ન હોત!

આ ઉપરાંત આ કથાવસ્તુમાં અનેક પાત્રો છે. દ્રોણ, યુધિષ્ઠિર, અર્જુન, ભીમ, શકુનિ, દુઃશાસન, ધૃતરાષ્ટ્ર, દુઃશાલી, રાધા, અધિરથ, માદ્રી, વિદુર, વૃષવર્મા, સંજય, સત્યસેન, ગાંધારી, શલ્ય, પ્રભંજન અને વૃષસેન આ સૌની સ્વભાગવત વિલક્ષણતાને મેં શક્ય એટલી જીવંતપણે ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે.

છેવટે શ્રીકૃષ્ણ! એને વિશે હું શું લખું? દુર્ગા ભાગવતે એમને 'પૂર્ણ પુરુષ' કહ્યા છે. એમાં સહેજ સુધારો કરી મેં એમને 'પૂર્ણરૂપ' કહ્યા! એમના ભવ્ય ઉદાત્ત સ્વરૂપને મહાત કરવાની પ્રતિભા એકપણ સાહિત્યસર્જક પાસે હોઈ શકે જ નહિ! શ્રીકૃષ્ણ એ આ મહાભારત કથાની કરોડરજ્જુ છે. સૌ એની આસપાસ ચક્રના આરાની જેમ ગોળગોળ ફરતાં રહે છે. વાચકોએ ફક્ત એટલું જ ધ્યાનમાં રાખવાનું છે કે શ્રીકૃષ્ણ રૂપી કરોડરજ્જુની આસપાસ ફરતી હૃદયદ્રાવક ઘટનાઓનું ચક્ર જ્યારે જ્યારે 'હવે શું?' કહીને સહેજ વાર અટકી જતું ત્યારે ફક્ત એક જ આરો બચતો અને તે કર્ણનો જ! બધો બોજ પડ્યો છે એના પર જ! અને એણે તે હસતાં હસતાં સહ્યો છે. કથાવસ્તુની આ રૂપરેખા જણાવ્યા પછી આ આખો ચોપાટ માંડવા માટે મારે શું શું કરવું પડ્યું તે જણાવવું પણ જરૂરી છે.

આવે વખતે સૌ પ્રથમ આવશ્યકતા લાગી તે તટસ્થ અભ્યાસની મનોવૃત્તિની! 'આ આમ જ હોવું જોઈતું હતું' એ વિચારે આપણા મનની આવી કોઈ અપેક્ષા આ મહાન વ્યક્તિ પાસે રાખી તો આ બધી લજ્જાશીલ વ્યક્તિઓ આપણાથી ક્યાંય દૂર થઈ જવાની! પછી આગળ એક પણ વાક્ય લખવાનું સૂઝશે નહિ. આથી બિલકુલ તટસ્થ વૃત્તિ રાખી સતત સાત વર્ષ સુધી સંસ્કૃત, મરાઠી, હિંદી, અંગ્રેજી વગેરે ભાષામાં વિવેચકોની આ વિષય પરની વિવેચનાનો અભ્યાસ કર્યો. એકાદ અપવાદ બાદ કરતાં સૌના મનનો એક સૂક્ષ્મ તાર કર્ણ માટે ક્યાંક ને ક્યાંક સૂચક વાક્ય કે શબ્દ દ્વારા રણઝણી રહેલો મને ઘણી વાર જણાયો છે. આમ સૌના પગ તળે અધરીય વસ્ત્રની જેમ વારંવાર અટવાતો આ કોણ હશે? એ જાણવા મેં કરેલા પરિશ્રમને શબ્દોમાં વ્યક્ત કરવાનું મારે માટે અહીં ખરેખર અશક્ય છે! આ સાત વર્ષમાં હું પોતે જ કર્ણમય કેટલો બની ગયો એ જ મોટો પ્રશ્ન છે.

અર્ઘ્યદાન દેતી વખતે સૂર્ય તરફ એકીટશે જોયા પછી અને એની પીઠ તપીને લાલચોળ થતી ત્યારે કર્ણના મનમાં શી લાગણી થતી હશે? એનાં કવચ-કુંડળ કેવાં હશે? એનું ચાલવું, બેસવું, ઊઠવું, જોવું વગેરે કેવું હશે? સભાગૃહમાં, મહેલમાં અને યુદ્ધમાં એ કઈ રીતે બોલતો હશે? એ શું જમતો હશે? એનો વ્યાયામ શું હશે? આંખમાં 'તેજતેજ' હતું એમ કહેવાય છે તો તે તેજ કેવું હશે? આ તમામ પ્રશ્નોના ઉકેલ માટે મેં કેટલાંય દિવસ-રાત્રિનાં લીલાંસૂકાં પાન ગૂંથ્યાં કર્યાં છે!

મહાભારત વિષયક વિવેચનગ્રંથોના રૂને પીંજવા જતાં અનેક વાર મનને કોઈ સમાધાન જડતું નહિ, સંતોષ થતો નહિ. 'તે આમ ન હોય' એમ કહેતી સદ્‌અસદ્ – બુદ્ધિના હાથમાં નિષ્ઠાની મશાલ પકડાવી દઈ મેં હૃદયનાં ઊંડા મહાસાગરમાં ડૂબકી મારી! એમાંથી જ હાથમાં આવ્યું તે તમારી સમક્ષ સ્પષ્ટપણે રજૂ કર્યું છે. એ મોતી છે કે અન્ય કંઈ એનો નિર્ણય આપ સૌ રસિક વાચકોએ લેવાનો છે.

આ નવલકથા વધુ વાસ્તવિક અને જીવંત બને એ માટે કથાવસ્તુ જે સ્થાન સાથે જોડાઈ છે એ કુરુક્ષેત્ર, અમીન, હસ્તિનાપુર (મીરત), ઇન્દ્રપ્રસ્થ (દિલ્હી), મથુરા, ગ્વાલિયર વગેરે સ્થળોની મેં પ્રત્યક્ષ મુલાકાત લીધી. ગંગા, યમુના, સરસ્વતી તટે ફેલાયેલાં વિવિધ વૃક્ષ, વેલી અને પક્ષીઓથી આચ્છાદિત વાતાવરણને પણ હું જોઈ વળ્યો. પ્રતિકારક્ષમ લોકોએ વંશપરંપરાગત જાળવી રાખેલી લોકકથાઓને એકઠી કરી. કર્ણ-મંદિર, કર્ણ-ઘાટ, કર્ણનો કિલ્લો, કર્ણવધ જેવા આ મહામાનવનાં સ્મૃતિસ્થાનો આજે પણ કાળને અંગૂઠો બતાવતાં ઊભાં છે! અને ઉત્તર ભારતમાં અક્ષરશઃ કરોડોનાં હૃદયમાં રહેલી એને માટેની અપાર લાગણી કાળાતીત રહેશે! જ્યાં સુધી ભારતીય સંસ્કૃતિ જીવંત છે ત્યાં સુધી અમર કીર્તિના દીપ્તિમાન સ્વરૂપે કર્ણ પણ જીવંત જ રહેશે.

ઉત્તર ભારતના પ્રવાસ દરમિયાન મને અનેક ઉપયોગી વાતોનો લાભ મળ્યો છે. આ પ્રવાસ માટે જે જે સહૃદયોએ મને નિર્મળ પ્રેમભર્યો સહકાર આપ્યો છે એ સર્વનો હું ઋણી છું. એમની સ્વતંત્ર નામાવલી અહીં મેં મૂકી છે.

કવિ દિનકર (રામધારી સિંહ) ડૉ. દશરથજી ઓઝા, અખિલ ભારતીય સંસ્કૃત વિદ્યાપીઠના પ્રમુખ ડૉ. મંડનમિશ્ર, ભારતીય પુરાણવસ્તુ સંશોધન વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર એમ. એન. દેશપાંડે, દિલ્હી દરવાજાના સંપાદક શ્રી બંડોપંત સરપોતદાર, કુરુક્ષેત્ર વિશ્વવિદ્યાલયના ઇતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. બુદ્ધપ્રકાશજી, ગીતા હાઈસ્કૂલના મુખ્યાધ્યાપક શ્રી વિશ્વનાથજી, શ્રી અમીરચંદ શાસ્ત્રી અને કવિ કેદારનાથ મિશ્ર વગેરે વિદ્વાનોનો હું અત્યંત ઋણી છું.

ઉપરાંત મરાઠી, હિંદી, અંગ્રેજી, મલયાલમ અને કન્નડ ભાષાના પ્રકાશકો, મુદ્રકો અને ચિત્રકારોનો પણ આભારી છું અને અંતમાં આ ગુજરાતી પ્રકાશન માટે આર. આર. શેઠ કું.ના માનનીય પ્રકાશક શ્રી ભગતભાઈ, આ લોકપ્રિય નવલકથાનો સુંદર અને રસવાહી અનુવાદ કાર્ય પરિશ્રમપૂર્વક પાર પાડનાર વિદુષી ડૉ. પ્રતિભા મ. દવે, પ્રકાશન કાર્ય પરત્વે ચીવટ ધરાવનાર શ્રી શાંતિલાલ ડગલી, ચિત્રકાર શ્રી લલિત લાડ, મુદ્રક શ્રી નંદુભાઈ વગેરેનો હું અંતઃકરણપૂર્વક આભારી છું.

આ કથા સૂર્યપુત્ર કર્ણને જ અર્પણ કરતાં જણાવું છું કે 'શિવાસ્તે સંતુ પંથાનઃ' ઇતિ શુભમ્ ભવતુ!

– શિવાજી સાવંત

વિવેકાનંદ ગૃહરચના
ફ્લૅટ નં. ૩, 'રાધાકુંદ'
સિંહગડ રોડ, પર્વતી પુલની પાસે,
પૂના ૪૧૧ ૦૩૦
તા. ૨૦-૯-૧૯૯૦

શિવાજી સાવંત



નામ	:	શિવાજી ગોવિંદરાવ સાવંત
જન્મસ્થળ	:	આજરા (જિ. કોલ્હાપુર-મહારાષ્ટ્ર)
જન્મતારીખ	:	૩૧-૮-૧૯૪૦
વ્યવસાય	:	વાણિજ્ય શિક્ષક (૧૯૬૨થી ૧૯૭૪) રાજારામ (મેન) હાઈસ્કૂલ, કોલ્હાપુર સંપાદક : 'લોકશિક્ષણ' માસિક (૧૯૭૪ ઑક્ટોબરથી ૧૯૭૯) શિક્ષણ વિભાગ, પૂના. સ્વેચ્છા નિવૃત્તિ. લેખન, વાચન, ચિંતન, મનન, પ્રવાસ, વ્યાખ્યાન વગેરે.
શોખ	:	કબડ્ડી, વૉલીબૉલ, હૉકી વગેરે. કોલ્હાપુર જિલ્લાના કબડ્ડીના કર્ણધાર તરીકે રાષ્ટ્રીય મેદાન પર ભાગ લીધો છે. રમતગમતમાં અનેક પારિતોષિકો મેળવ્યાં છે. તરણ, ટેબલ ટેનિસ અને અન્ય વ્યાયામના શોખ.
પ્રકાશિત સાહિત્ય	:	

૧. 'મૃત્યુંજય' નવલકથા
કૉન્ટિનેન્ટલ પ્રકાશન, વિજયનગર કોલોની, પૂના ૪૧૧ ૦૩૦

૨ અશી મને અસે નમુને (વ્યક્તિચિત્રો)
સુવર્ણા પ્રકાશન, પ્રકાશક : સુરેશ ડી. જોશી ૧૦૬૯/૭૦, રામદુત હા સોસાયટી, 'સી' બિલ્ડિંગ, પહેલે માળે, પૂના ૪૧૧ ૦૨૦

૩ 'મૃત્યુંજય' નાટક
કૉન્ટિનેન્ટલ પ્રકાશન, પૂના (૧૯૭૬)
૪ 'છાવા' નવલકથા
કૉન્ટિનેન્ટલ પ્રકાશન, પૂના
હસ્તે (સ્વ.) યશવંતરાવ ચવ્હાણ (૧૯૮૦)
૫ 'છાવા' નાટક
કૉન્ટિનેન્ટલ પ્રકાશન, પૂના (૧૯૮૩)
૬ 'લઢત' (દ્વિ. ખંડાત્મક ચરિત્રકથા)
પદ્મશ્રી વિઠ્ઠલરાવ વિખેપાટીલ ફાઉન્ડેશન દ્વારા – પ્રવરા સહ. સાખર કારખાના, પ્રવરાનગર
૭ શેલકા સાજ (લલિત નિબંધ)
૮ મોરાવળા (રેખાચિત્ર)
૯ 'યુગંધર' શ્રીકૃષ્ણ ચરિત્ર પર આધારિત નવલકથા.

પુરસ્કાર અને સન્માન :

મૃત્યુંજય :
૧ મહારાષ્ટ્ર રાજ્ય ઉત્કૃષ્ટ સાહિત્ય પુરસ્કાર ૧૯૬૮-૬૯
૨ કેસરી કૃત નં. ચિં. કેળકર પુરસ્કાર પૂના, ૧૯૭૦
૩ લલિત માસિક, મુંબઈ, પુરસ્કાર, ૧૯૭૧
૪ વિકાસ સંસ્થાન, કલકત્તા પુરસ્કાર પુનમચંદ ભુટોડિયા (બંગાલી) ૧૯૮૬
૫ ગુજરાત સાહિત્ય અકાદમી એવૉર્ડ ડિસેમ્બર, ૧૯૯૨
૬ ૧૨મો મૂર્તિદેવી પુરસ્કાર, ૧૯૯૪
૭ ફાય ફાઉન્ડેશન પુરસ્કાર – ઇચલકરંજી (૧૯૯૭)

છાવા : મહારાષ્ટ્ર રાજ્ય સરકાર પુરસ્કાર, મુંબઈ, ૧૯૮૦-૮૧
લઢત : દે. ભ. રત્નાપ્પા કુંભાર પ્રતિષ્ઠાન પુરસ્કાર, કોલ્હાપુર, ૧૯૮૯
૧૯૮૩ : અધ્યક્ષ : બરોડા મરાઠી સાહિત્ય સંમેલન
૧૯૮૬ : ઉદ્‌ઘાટક : દ. મહારાષ્ટ્ર સાહિત્ય સંમેલન, બેળગાંવ
૧૯૯૫ : ભારતીય જ્ઞાનપીઠ મૂર્તિદેવી પુરસ્કાર
૧૯૯૯ : આચાર્ય અત્રે પ્રતિષ્ઠાન પુરસ્કાર, પૂના
મૃત્યુ : ૧૮ સપ્ટેમ્બર, ૨૦૦૨ મડગાંવ (ગોવા)

'મૃત્યુંજય'નાં સીમાચિહ્નો

૧ મૂળ મરાઠી પ્રકાશન	૧૯૬૭થી આજ સુધીમાં અનેક આવૃત્તિ, કુલ નકલ : ૧,૦૦,૦૦૦ ઉપરાંત
૨ હિન્દી અનુવાદ	ભારતીય જ્ઞાનપીઠ, દિલ્હી દ્વારા પ્રકાશિત (૧૯૭૪) : ૧૫ ઉપરાંત આવૃત્તિ
૩ અંગ્રેજી અનુવાદ	પ્રા. પદ્મશ્રી પી. લાલ સંચાલિત રાયટર્સ વર્ક શોપ, કલકત્તા દ્વારા માર્ચ, ૧૯૯૦માં પ્રકાશિત
૪ ગુજરાતી અનુવાદ	આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. દ્વારા વીસ વર્ષ. કુલ છ આવૃત્તિ.
૫ કન્નડ	પ્રા. અશોક નીલગાર, દામોદર કૉલેજ (ભડગાંવ ગોવા)
૬ મલયાલમ	ડૉ. આરસુ, હિંદી વિભાગ, પ્રમુખ કાલિકટ યુનિવર્સિટી (કેરળ)
૭ રાજસ્થાની	ડૉ. શક્તિદાન કવિયા રાજસ્થાની વિભાગ, પ્રમુખ જોધપુર યુનિવર્સિટી.
૮ બંગાલી	

પુરસ્કાર :

મરાઠી-૪, બંગાળી-૧, ગુજરાતી-૧

૧ મહારાષ્ટ્ર રાજ્ય ઉત્કૃષ્ટ સાહિત્ય પુરસ્કાર ૧૯૬૮-૬૯
૨ કેસરી કૃત નં. ચિં. કેળકર પુરસ્કાર પૂના, ૧૯૭૦
૩ લલિત માસિક, મુંબઈ, પુરસ્કાર, ૧૯૭૧
૪ વિકાસ સંસ્થાન, કલકત્તા પુરસ્કાર પુનમચંદ ભુટોડિયા (બંગાલી) ૧૯૮૬
૫ ગુજરાત સાહિત્ય અકાદમી ઍવૉર્ડ ડિસેમ્બર, ૧૯૯૨
૬ ફાય ફાઉન્ડેશન પુરસ્કાર – ઇચલકરંજી (૧૯૯૭)

નાટ્ય : 'મૃત્યુંજય' નામે જ મરાઠી રંગભૂમિ પર આ નાટક અનેક વર્ષ સુધી સતત ભજવાયું હતું. **સંસ્થા :** ચંદ્રલેખા, મુંબઈ. કુલ પ્રયોગ : ૭૫૦

આકાશવાણી : 'મૃત્યુંજય' પર નભોનાટ્ય અવારનવાર પૂના, મુંબઈ, જળગાંવ, ભોપાળ, રાંચી, સાંગલી આકાશવાણી કેન્દ્રો પરથી ભજવાયું હતું.

દિલ્હી કેન્દ્ર દ્વારા આકાશવાણીએ પ્રથમ દસ પસંદ કરેલી કૃતિમાંની એક આ 'મૃત્યુંજય' (તા ૨૯-૯-૧૯૯૦) સાહિત્યકૃતિને ક્રમશઃ સત્તાવીસ સપ્તાહ સુધી રાતના ૯.૩૦થી ૧૦.૦૦ સુધી પ્રસારિત કરવામાં આવી છે.

દૂરદર્શન : મે, ૧૯૯૦ના મુંબઈની 'ઇંદુ ફિલ્મ્સ' નામની સંસ્થાએ આ સાહિત્યકૃતિને રાષ્ટ્રીય પ્રસારણ માટે 'મંડી હાઉસ' દિલ્હીને મંજૂરી માટે મોકલી છે.

૧૨મા મૂર્તિદેવી પુરસ્કાર સમર્પણ સમારંભનું અભિભાષણ

તારીખ : ૬ ફેબ્રુઆરી, ૧૯૯૬, નવી દિલ્હી

ભારતીય જ્ઞાનપીઠ દ્વારા અપાતા મૂર્તિદેવી પુરસ્કારના નિર્ણાયક મંડળે મારી મરાઠી નવલકથા 'મૃત્યુંજય'ને ૧૨મા મૂર્તિદેવી પુરસ્કારથી (વર્ષ ૧૯૯૪) સન્માન આપવાનો નિર્ણય કર્યો છે. હું અત્યંત પ્રસન્નતા સાથે વિનમ્ર ભાવથી આ પુરસ્કારનો સ્વીકાર કરું છું.

એક લેખકના રૂપમાં છેલ્લા બે દાયકાથી ભારતીય જ્ઞાનપીઠ સાથે મારો સંબંધ અતૂટ રહ્યો છે અને એટલે હું મારી જાતને ભારતીય જ્ઞાનપીઠનું એક અંગ જ માનું છું. મારી પ્રસન્નતાનું બીજું એક વિશેષ કારણ એ છે કે મૂર્તિદેવી પુરસ્કાર આજે સર્વ પ્રથમ વાર મારી માતૃભાષા મરાઠીની એક નવલકથાને અપાઈ રહ્યો છે. મને કહેવા દો કે મરાઠી ભાષાને ગૌરવ બક્ષવા માટે હું ભારતીય જ્ઞાનપીઠનો ખૂબ જ આભારી છું.

'રામાયણ' અને 'મહાભારત' બંને ભારતના બે વિશ્વપ્રસિદ્ધ મહાકાવ્ય છે. બંને અગાધ અને અનુપમ છે. બંને મહાકાવ્યો ભારતના સાહિત્યકારો માટે સૈકાઓથી અજેય પ્રેરણા-સ્રોત બની રહ્યા છે. રામાયણમાં મહર્ષિ વાલ્મીકિ 'એષ ધર્મઃ સનાતનઃ' કહીને ધર્મનું મહત્ત્વ સાચી રીતે સમજાવે છે. જ્યારે મહાભારતમાં 'ધર્મ સંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે' કહીને મહર્ષિ વ્યાસ ધર્મનું ગૌરવ-ગાન કરે છે. મારી નવલકથા 'મૃત્યુંજય' મહાભારતના પ્રસિદ્ધ પાત્ર કર્ણથી સંબંધિત છે.

વિદ્યાર્થી હતો ત્યારથી કર્ણના જીવને મને પ્રભાવિત અને આકર્ષિત કર્યો છે. કર્ણ મહાભારતનું એક એવું વિશિષ્ટ પાત્ર છે. જે વિશ્વ સાહિત્યમાં પોતાનું આગવું સ્થાન મેળવવાનો દાવો કરી શકે તેમ છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે બંગાળી ભાષામાં 'કર્ણ-કુંતી-સંવાદ' લખીને આ વાત સિદ્ધ કરી દીધી છે. આજે આ અવસર પ્રસંગે 'મૃત્યુંજય'ને યાદ કરીને મહાભારત અને એને સંબંધિત સાહિત્ય અંગે થોડા વિચાર આપની સમક્ષ રજૂ કરવા મને ગમશે.

પૂણેમાં આવેલી ભાંડારકર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે આધુનિક પરિપેક્ષ્યમાં 'મહાભારત'નું સંશોધન સંપાદિત કર્યું છે. ખુદ ભાંડારકરજી, ડૉ. પી. એલ. વૈદ્ય અને હાલના ડૉ. આર. એન. દાંડેકરે પુષ્કળ અને જાગૃત મહેનત પછી 'મહાભારત'ની સંશોધિત સંહિતા પ્રકાશિત કરી છે. સ્વર્ગીય ભારતાચાર્ય શ્રી ચિં. વિ. વૈદ્ય, સ્વર્ગીય શ્રી સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ અને હિન્દીના પ્રસિદ્ધ વિદ્વાન સ્વર્ગીય ડૉ. વાસુદેવશરણ અગ્રવાલે મહાભારતનો અભ્યાસ સાવચેતીપૂર્વક કરવાની એક સમૃદ્ધ દૃષ્ટિ આપી છે. તેઓના કહેવા મુજબ 'મહાભારત'નું સૌથી પહેલું નામ 'ભારત-સાવિત્રી' અથવા 'જય' નામે ઇતિહાસ હતું.

આશરે પાંચ હજાર વર્ષો પહેલા કૌરવો-પાંડવો વચ્ચે આ મહાયુદ્ધ નિઃસંશય ખેલાયું હતું. એ સમયે લખવા માટેના કાગળ વગેરેની શોધ ન થયેલી હોવાને કારણે મહર્ષિ વ્યાસજીએ બ્રહ્માવર્તમાં ભ્રમણ કરીને સંકલિત કરેલી યુદ્ધકથાઓ પોતાના પટ્ટશિષ્ય સૌતિને મૌખિકરૂપે કહી હતી. એ શરૂઆતના સમયે ‘ભારત-સાવિત્રી’ની આશરે સાતથી આઠ હજાર શ્લોકોની એક જ સંહિતા હતી. આગળ જતાં આ સંહિતા વ્યાસજીના ચાર શ્રેષ્ઠ શિષ્યો પાસે આવી. એ હતા – પૈલ, જન્મેજય, શુક અને વૈશમ્પાયના. આ લોકપ્રિય ‘ભારત-સાવિત્રી’નું નામ તે પછી પહેલા ‘ભારત’ અને પછીથી ‘મહાભારત’ થઈ ગયું. એ ખરું કે સદીઓનો હસ્તક્ષેપ તેમાં ઉમેરાઈ ગયો હતો. ભૃગુકુલોત્પન્ન મહર્ષિ શૌનકના સમયમાં ભૃગુઓની અનેક કથાઓ મહાભારતમાં આવી ગઈ હતી. આજે ઉપલબ્ધ ‘મહાભારત’ અઢાર પર્વોનું અને આશરે એક લાખ શ્લોકોનું બનેલું છે.

‘મહાભારત’ આપણે સૌ ભારતવાસીઓ માટે રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, યુદ્ધશાસ્ત્ર વગેરે સમગ્ર જીવન-પ્રણાલી માટેની એક સર્વમાન્ય સંહિતા છે.

‘મહાભારત’ને પાંચમો વેદ કહેવામાં આવે છે. એવું પણ કહેવામાં આવે છે કે જે મહાભારતમાં છે તે બધે જ છે અને જે મહાભારતમાં નથી તે બીજે ક્યાંય નથી. આ વાક્યથી મહાભારતનું મહત્ત્વ સ્પષ્ટ થઈ જાય છે. આદિકાળથી આજ સુધી વિવિધ ભારતીય પ્રાદેશિક ભાષાઓના લેખકો, નાટ્યકારો, કવિઓ, કવયિત્રીઓ મહાભારતનાં વિવિધ પાત્રો ઉપર ચિંતન-મનન કરતા જ રહ્યા છે.

મારી માતૃભાષા મરાઠીમાં ‘મૃત્યુંજય’ વર્ષ ૧૯૬૭માં પૂણે સ્થિત કોન્ટિનેન્ટલ પ્રકાશન દ્વારા પ્રકાશિત થઈ હતી. એ સમયે મરાઠીમાં વાલ્મીકિ – ‘ગીત રામાયણ’ના કર્તા સ્વ. શ્રી ગ. દિ. માડગૂલકરજીના પાવન હાથો વડે ‘મૃત્યુંજય’ પૂજા પામ્યું હતું. મરાઠીના આદિ સંત કવિ જ્ઞાનેશ્વર મહારાજે ૧૨મી સદીમાં સર્વપ્રથમ વાર મરાઠીમાં ગીતા ઉપર ‘જ્ઞાનેશ્વરી’ નામે લખાણ લખ્યું હતું. શ્રીકૃષ્ણના પત્ની રુક્મિણનું પિયર કૌંડિણ્યપુર (જિલ્લા અમરાવતી) મહારાષ્ટ્રમાં છે. મહારાષ્ટ્રના ગણદેવતા વિઠ્ઠલ-રખુમાઈ પંઢરપૂરના છે. કહેવાનું તાત્પર્ય એ છે કે મહારાષ્ટ્ર અને મરાઠી ભાષા ‘મહાભારત’ સાથે ત્રણ સમર્થ સૂત્રો વડે જોડાયેલા છે.

સાહિત્ય પંથના એક વિનમ્ર પથિક હોવાને નાતે સાહિત્યનો જે બીજો અર્થ મને સમજાયો છે તેને રજૂ કરવાની હું આપની પાસે રજા માગું છું. મારી દૃષ્ટિએ સાહિત્યનો ટૂંકો અર્થ છે – સ + હિત = સાહિત્ય અને તેનું કેન્દ્રબિંદુ છે માનવ-માનવધામ, પરંતુ આજે તો સંપૂર્ણ વિશ્વ આ કેન્દ્રબિંદુથી છૂટું પડી ગયું છે. આજે ફક્ત ભારતવર્ષ જ નહિ, પરંતુ સંપૂર્ણ વિશ્વ એક એવા વળાંક ઉપર પહોંચી ગયું છે, જ્યાં તેનો મૂળ-મંત્ર વંશવાદ અને સશક્તોની ભૂખ બની ગઈ છે. સદીઓથી દબાઈ બેઠેલી માનવસમાજની મૂળ પ્રવૃત્તિઓ (instincts) ઉભરાઈને બહાર આવી ગઈ છે. આવી સ્થિતિમાં સાહિત્યને નજર સામે રાખી સમાજ માટે કંઈ કરી છૂટવાની તમન્નાવાળા સાહિત્યકારોના માથે મોટી જવાબદારી આવી

પડી છે. અત્યારે તો બહુ જ ઝડપથી રાજનીતિનું અપરાધીકરણ થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં સાહિત્યકારની જવાબદારી ઘણી જ વધી જાય છે. સ્વતંત્રતાનાં ૫૦ વર્ષ પૂરાં થવાની તૈયારીમાં છે. આ પચાસ વર્ષમાં આપણે જે મેળવ્યું તેનાથી મનમાં કાંઈ વધુ ઉત્સાહ જાગૃત થતો નથી. એક તરફ બેફામ ભોગવિલાસ છે તો બીજી તરફ ભયંકર ગરીબાઈ છે. ભ્રષ્ટાચારની કાળી છાયા જીવનના દરેક સ્તરે વ્યાપી છે. આવી પરિસ્થિતિમાં સાહિત્યકારોએ સાવધાનીપૂર્વક સંશોધનપૂર્ણ ચિંતન અને મનન કરીને નિઃસ્પૃહ ભાવથી નિર્ભય બનીને પ્રાચીન સ્વીકારવા લાયક વિચાર અને આધુનિક ઇલેક્ટ્રોનિક યુગના જીવનલક્ષી વિચાર – બંનેને માપી-તોલીને પછી રચના કરવી પડશે. અસત્ય, ભ્રાન્ત અને લોકોને માટે અહિત કરનારા કચરાને નિશ્ચયપૂર્વક બહાર ફેંકવો પડશે અને આમ કરતી વખતે એ સાવચેતી રાખવી પડશે કે કચરાની સાથે જીવનના શાશ્વત સુખની ચાવી અને જીવનને શોભાવે તેવા અલંકાર તો બહાર ફેંકાઈ જતા નથી ને!

લાંબા સંઘર્ષ પછી આપણે સ્વતંત્ર થયા છીએ. ભારતના નાગરિકોમાં પરિશ્રમપૂર્વક સંસ્કાર સિંચવાનું કામ આપણા જેવા સાહિત્યકારો ઉપર છે. 'ન હિ મનુષ્યાત્ શ્રેષ્ઠતરં કિંચિત' એ જ સત્ય છે. જે માનવ જીવનને ઊંચે લઈ જાય છે, તેમાં પ્રકાશ ફેલાવે છે તે જ શ્રેષ્ઠ સાહિત્ય છે. આથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે જીવનને પ્રકાશમય કરવાનું કામ પ્રકાશપૂર્ણ વ્યક્તિત્વ જ કરી શકે. આપણા ભારતવર્ષમાં અજંતા-ઇલોરા જેવી અનેક શિલ્પ-ગુફાઓ છે. એમાંથી કોઈમાં પણ કોઈ કુશળતમ શિલ્પીનું નામ પણ કોતરાયેલું જોવા મળતું નથી. વેદોથી લઈને અનેક મહાગ્રંથોના રચયિતાઓના નામ આજે ઉપલબ્ધ નથી. આથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે સાહિત્યકાર, કલાકાર, રચનાકાર તો નિમિત્તપાત્ર હોય છે.

મારા માટે યોજવામાં આવેલા આ સ્મરણીય સમારંભમાં મારો એક મનોભાવ વ્યક્ત કરવા માગું છું. એ મનોભાવ છે – આજે 'મૃત્યુંજય' મારી કૃતિ નથી, તે સંપૂર્ણ રીતે વાચકોની સાહિત્યકૃતિ છે. મરાઠી ઉપરાંત વાચકોની આ નવલકથા 'મૃત્યુંજય' હિન્દી, ગુજરાતી, કન્નડ, મલયાલમ, બંગાળી વગેરે ભારતીય ભાષાઓ અને વિદેશી ભાષા અંગ્રેજીમાં પણ તે વંચાઈ રહી છે. હું તો નિમિત્ત માત્ર છું – છતાંય હું આ સર્વેનો હૃદયપૂર્વકનો ઋણી છું.

મારી વાત પૂરી કરતાં પહેલાં હું હાલ વિચારી રહેલ સાહિત્ય રચના 'યુગન્ધર' માટે આપ સૌ સજ્જનોની હાર્દિક શુભેચ્છાઓની પ્રાર્થના કરી રહ્યો છું. 'યુગન્ધર' મહાભારતના પ્રમુખ વ્યક્તિત્વ શ્રીકૃષ્ણના બહુઆયામી જીવન સાથે જોડાયેલી કથા છે. હું હાલ આ અંગેના સંદર્ભગ્રંથોનું અધ્યયન-ચિંતન-મનન અને તેની સાથે જોડાયેલાં ક્ષેત્રોનું પર્યટન કરીને યથાશક્તિ શ્રીકૃષ્ણના ચરિત્રનું નિર્માણ કરી રહ્યો છું. સ્વતંત્રતા મેળવ્યા પછી ભારતીય સાહિત્યમાં મહાભારતનું જે માર્મિક મંથન પ્રકટ થયું છે – તેમાં મહાયોગેશ્વર શ્રીકૃષ્ણ એક પડકાર છે. અંતમાં ફરી એક વાર આપ સૌનો હાર્દિક આભાર માનું છું અને ધન્યવાદ વ્યક્ત કરું છું. શુભં ભવતુ!



કર્ણ

કર્ણ

એક

આજ મારે કંઈક કહેવું છે! હું જે કહીશ તેનાથી લોકો ચકિત તો થઈ જશે! કહેશે કે જે કાળના મુખમાં પહોંચી ગયો છે એને વળી ક્યારે વાચા ફૂટી? પરંતુ એવી વ્યક્તિઓને પણ ક્યારેક મોં ખોલવું પડે છે! હાડમાંસથી ભરેલો જીવતોજાગતો માણસ મૃત માનવ જેવું આચરણ કરવા માંડે તો મૃતને પણ જીવંત બનીને બોલવું પડે! ઓહ! આજે હું કોઈ વિશે કહેવા ઉપસ્થિત નથી થયો. કેમકે મને ખબર છે કે હું કોઈ મહાન તત્ત્વચિંતક નથી. મારી સામે સમરાંગણ સમું વિશ્વ ઊભું છે! અને તેમાં મારું જીવન? સમરાંગણનાં બાણોનો કેવળ એક ભાથો! જાતજાતની અને ભાતભાતની ઘટનાઓથી ઘડાયેલાં બાણોથી ભરેલો આ ભાથો!

મારા આયુષ્યનો આ ભાથો સૌની સામે મારે ખુલ્લો મૂકી દેવો છે! મારે હાથે જ એમાંનાં વિવિધ ઘટનાઓનાં બાણ – બિલકુલ સરખાં – બધાં જ બાણ – ઘટનાઓનાં બાણ આજ મારે ખુલ્લે દિલે સૌને દેખાડવાં છે! દિવ્ય ફલકથી ચળકતાં, સુંદર બાંધણી અને આકર્ષક આકારથી તત્કાળ આંખને મોહ પમાડનારાં, પૂંછડીએથી વળી જવાને લીધે દયનીય દેખાતાં અને ઠેકઠેકાણેથી તૂટીફૂટીને ઉઘાડાં બોડકાં જેવાં કલાહીન દેખાતાં – એક એક બાણ – એના એ જ સ્વરૂપે – આજ મારે સૌની સમક્ષ ખુલ્લાં મૂકી દેવાં છે!

વિશ્વની શ્રેષ્ઠ વીરતાને ત્રાજવે મારે આ બાણોને તોળાવવાં છે! ધરતીની એક એક માતા પાસે મારે એનું સાચું મૂલ્ય અંકાવવું છે. પૃથ્વીના પ્રત્યેક ગુરુ પાસે એનું સાચું સ્થાન સ્થાપિત કરાવવું છે. પ્રિય મિત્રને માટે પ્રાણ હોમી દેનાર મિત્રો પાસે આજ મારે એને કસોટીને ચાકડે ચડાવવાં છે. હૃદયની પ્રેમસભર લાગણીથી ભીંજાતા ભાઈઓ દ્વારા એનું યથાર્થ મૂલ્યાંકન કરાવવું છે.

ભીતરમાંથી – મારા મનની ભીતરમાંથી – એક ગહન ગંભીર ઊંડાણમાંથી એક અવાજ વારંવાર મને સંભળાઈ રહ્યો છે. જેમ જેમ હું મનથી નિર્ધાર કરીને એ અવાજને રૂંધવાનો પ્રયત્ન કરું છું તેમ તેમ વાયુના સુસવાટાની એક થાપટથી અગ્નિની જ્વાળા બુઝાતા પહેલાં જોરથી ભડકી ઊઠે તેમ એ અવાજ જાણે મને ઠોકી ઠોકીને કહે છે, 'કહે, કર્ણ! તારા જીવનની કથા આજ સૌને કહે.' સૌને સમજાય એવી ભાષામાં આજ તું સૌને કહી દે, કારણ આજની પરિસ્થિતિ પણ એવી જ છે. આખું વિશ્વ કહે છે, 'કર્ણ, તારું જીવન એક ફાટેલું ચીંથરું હતું!' કહે, ગળું ફાડીને બધાને કહે કે એ ચીંથરું નહોતું, એ તો જરીના તાંતણે ગૂંથ્યું એક નજાકત રાજવસ્ત્ર હતું. કેવળ પરિસ્થિતિની ક્રૂર કાંટાળી વાડમાં ઉઝરડા પડી પડીને એ ચીંથરેહાલ થઈ ગયું છે. જેના હાથમાં આવ્યું એ સૌએ મનફાવે તેમ એના હાલહવાલ કર્યા અને તોય તને આ રાજવસ્ત્ર પર આટલું મમત્વ? શાને?

એકાદ સુંદર પેટીમાં વસ્ત્રોના ઢગ તળે ક્યાંક સચવાયેલાં નવાંનકોર રાજવસ્ત્ર કરતાં તો કાળના ભયંકર ઝંઝાવાતની સામે એકલા ઝઝૂમતા ફાટી ગયેલ રાજવસ્ત્રનું મૂલ્ય કંઈ ઓછું નથી. આજ સૌને તે ઉઘાડી આંખે જોવા દે. કાન ખોલીને સાંભળવા દે – હંમેશાં વીરોની કથા રસપૂર્વક સાંભળ્યા પછી બીજી જ ક્ષણે એ કથાને અત્યંત આસાનીથી, બેફિકરાઈથી ભૂલી જનારા આ પાગલ સંસારને શું તારી કથા ક્યારેક હલબલાવી મૂકશે ખરી? એ કથામાં આટલું સામર્થ્ય છે ખરું?

વિશ્વના પરમ સત્ય પર જેને અતૂટ વિશ્વાસ છે, જે મૃત્યુને એક ખેલ સમાન ગણે છે, એ વિશ્વમાં હજી પણ સિંહ જેવા શૂરવીરો વસે છે. એ સૌ તારી કથા સાંભળવા આતુર છે. અરે, આ એક કેવળ કથા છે? ના, આ તો એક મહાન સત્ય છે! અને સત્ય શ્રોતા કે દ્રષ્ટાની ઇચ્છાનો ક્યારેય વિચાર કરતું નથી! એ તો સદાય એના મૂળ સ્વરૂપે જ આપણી સમક્ષ આવીને ઊભું રહે છે. ઊગતા સૂર્યની જેમ!

ગમે તે કથા હોય પરંતુ એ સાંભળતી વખતે સૌનાં મનમાં એક જ ઇચ્છા હોય છે કે એમાં મદિરાનો મધુર આસ્વાદ હોય, નર્તિકાના પગના મધુર ધ્વનિમય ઠેકા હોય, સ્ત્રી-પુરુષોનાં આવેશમય આલિંગન હોય, ક્ષણભંગુર જીવનની પ્રતીતિને ભૂલવાડી દે એવી એમાં નશીલી ઉત્તેજના હોય, પરંતુ હું જે કથા કહેવા માગું છું એમાં નથી મદિરાના મધુરપાનની ચૂસકી કે નથી મનને ગુદગુદી કરનારા નર્તિકાના પગના મધુર ધ્વનિમય ઠેકા. એમાં તો છે નર્યો સંગ્રામ! અનેકવિધ લાગણીઓને કંપાવતો સંગ્રામ!

હું તો કેવળ જીવનના છેલ્લા શ્વાસ સુધી લડનારો નઠોર સૈનિક! મારી કથા કેવળ મારા મનના સમાધાન માટે કહેવી છે. માણસ પોતાનું મન મોકળું કર્યા વગર હળવો ફૂલ થઈ શકતો નથી! આથી જ હું મારી કથા મોકળે મને કહેવાનો છું.

પણ થાય છે કે મારી આ સંગ્રામકથાને કાલક્રમાનુસાર કઈ રીતે ગોઠવું? આ જ તો મારી મોટી મૂંઝવણ છે. કારણ? કાનના પડદા તોડી નાખે તેવા વીજળીના ગગનભેદી ગડગડાટ સાંભળી વન્યપશુઓનાં ટોળાંમાં ગભરાટ વ્યાપી જાય અને અનેક અશ્વો રસ્તો ચાતરીને અહીંતહીં ભાગંભાગ કરી મૂકે તેમ અનેક ઘટનાઓ મારી આંખ સામે કાળક્રમ ચાતરીને અહીંતહીં દોડવા લાગે છે. આ ઘટનાઓને કાળક્રમમાં કઈ રીતે ગોઠવું એ જ મને સમજાતું નથી! ખબર નહિ કેમ પણ વારંવાર મારી આંખ સામે આવીને ઊભી રહે છે. ગંગામાતાના પવિત્ર અને રમણીય તટે વસેલી ચંપાનગરી! ચંપાનગરી એ મારી જીવનસરિતાનો સુખદ વળાંક, જે મને અતિ પ્રિય છે.

આ નગરીના સ્મરણ માત્રથી જ મારા સ્મૃતિઅરણ્યમાં એકદમ હલચલ મચી જાય છે. ઘટનાઓનાં હરણાંનાં ટોળાંનાં ટોળાં છલાંગ મારતાં દોડવા લાગે છે. કોઈ કહે છે કે સ્મૃતિઓ મોરપીંછ જેવી હોય છે, તો કોઈ કહે છે કે બકુલફૂલના જેવી! જે પોતાની પાછળ સુગંધને વહેતી મૂકી જાય છે પણ મારું મન એ વાત સ્વીકારવા તૈયાર નથી. મારે મન સ્મૃતિઓ હાથીના પગ જેવી છે! એ મનની આર્દ્રભૂમિ પર પોતાનાં ઊંડાં પદચિહ્નો અંકિત કરી જાય છે. મારી તમામ સ્મૃતિઓ આવી જ છે. ચંપાનગરી એટલે મારા જીવનની મરુભૂમિ પર કાળ રૂપી ગજરાજે અંકિત કરેલાં ઊંડાં અને સ્પષ્ટ ચિહ્નો! મારી જીવનયાત્રાનું આ સૌથી શાંત અને મોહક આશ્રયસ્થાન! કેટલાક લોકો જીવનને મંદિર કહે છે. પણ હું

બરોબર જાણું છું કે મારું જીવન આવું મંદિર નથી જ અને જો એ મંદિર હોય તો ચંપાનગરી એ આ મંદિરની મધુર ઘંટડી છે.

ગંગામાતાના વિશાળ અને રમણીય તટે વસેલું આ એક નાનકડું ગામ છે. છે નહિ, હતું.

બે

વૃક્ષલતાવેલીથી અને પશુપંખીથી વીંટળાયેલું, નિસર્ગ દેવતાની ગોદમાં લપાયેલું નાજુક ગામ તે ચંપાનગર! ચકોર, ચાતક, કોયલ, ભારદ્વાજ, સારંગ આદિ અસંખ્ય પક્ષીઓના મધુર કલરવથી પ્રાતઃકાળે આળસ મરોડતું, ગાયના ભાંભરડાથી રોજ સવારે કામે લાગી જતું, મધ્યાહ્નને બળબળતી રેતીમાં કદંબવૃક્ષની ઘેઘૂર ઘટાછાયામાં વિશ્રાંતિ દેતું, ગોધૂલિ વેળા ઘંટડીઓના તાલબદ્ધ અવાજે ગાયના ધણ સાથે સંધ્યાને ધૂળથી ભરી દઈ સ્વગૃહે પ્રસ્થાન કરતું અને રાત્રિએ ગંગાકિનારેથી મંદ મંદ લહેરાતી શીતળ વાયુલહરીને ઓઢી એક નિર્દોષ બાળકની જેમ ચૂપચાપ નિંદરની પછેડી ઓઢતું – અહીં જ – આ ચંપાનગરીમાં જ – મારું રમ્ય શૈશવ વીત્યું! સાચે જ અહીં વીત્યું. ધનુષ્યમાંથી છૂટેલા બાણની જેમ એ કદી ફરી મારી પાસે આવ્યું જ નહિ.

જોકે એની સ્મૃતિ માત્રથી જ ગંગામાતાનો ક્ષિતિજ સુધી વિસ્તરેલો પટ આંખ સામે ઊભો થઈ જાય છે. શુભ્ર નીલ જળનું ક્ષિતિજ સુધી ફેલાયેલું વિશાળ સામ્રાજ્ય! એ જળના એક એક બિંદુ મને ઓળખે છે અને હું પણ એક એક બિંદુને સારી રીતે ઓળખું છું. આ જ ગંગામાતાને કિનારે પથરાયેલી ભીની રેતીના પટ પર દોડતાં દોડતાં મારી નાની નાની નિર્દોષ પગલીનાં ચિહ્નો ઊપસી આવ્યાં છે. અહીં જ નટખટ વાયુએ મારા ઉત્તરીય સાથે છેડછાડ કરીને એને કેટલીય વાર મારા અંગ પરથી ઉડાડી મૂક્યું છે. આથી જ ચંપાનગરીની યાદ આવતાં જ બાળપણમાં જોયેલી, આ છેડેથી બીજે છેડે સુધી વિસ્તરેલી ગંગામાતા મને દેખાય છે. બાળપણ એટલે? કોઈ એને સુરેખ વ્યાખ્યામાં બાંધી શકશો? સૌ પોતપોતાની કલ્પનાથી બાળપણને વર્ણવે છે. પણ મને પૂછો તો કહું કે બાળપણ એટલે મુક્ત અને નિર્બંધ કલ્પનાઓ રૂપી અશ્વો જોડેલો એક સ્વૈરવિહારી રથ! દૂર સુધી દેખાતું ગંગામાતાનું પાણી ખરેખર નીલગગનને સ્પર્શતું તો નથી ને? એ જોવા માટે રથ એની અસંખ્ય લહેરો પર ચક્કર લગાવી બીજી જ ક્ષણે ક્ષિતિજને આંબવા દોટ મૂકે છે તો ક્યારેક આ રથ આકાશમાં ટમટમતા અસંખ્ય તારા જડેલા છે, એ નીલ છત છોડીને પૃથ્વી પર ટપ લઈને કેમ નથી ટપકતાં, એની ખાતરી કરવા અંતરિક્ષમાં એ ખૂબ ઊંચાઈ સુધી છલાંગ મારે છે.

ત્રણ

હું અને મારો નાનો ભાઈ શોણ – અમારો આ નાનો શો સંસાર! શોણ! હા, શોણ જ! એનું મૂળ નામ શત્રુંતપ હતું પણ લાડમાં સૌ એને 'શોણ' કહીને જ બોલાવતા. શોણ મારો નાનો ભાઈ. એમ તો વૃકરથ નામે પણ એક ભાઈ હતો. પણ નાનો હતો ત્યારે જ એની માસીને ત્યાં રહેવા ચાલ્યો ગયો હતો. શોણ અને હું જ છેવટે રહ્યા. મારું બાળવિશ્વ શોણ અને મારી સ્મૃતિઓથી જ ભર્યું છે. ચંપાનગરીના વિશુદ્ધ વાતાવરણમાં ઊછરેલા

અમારા બેનો, ભલાભોળા બાળકોની અદ્ભુત કલ્પનાઓથી ભરેલો અમારો નાનકડો સંસાર હતો. ત્યાં જૂઠી પ્રતિષ્ઠાનો બાહ્ય દેખાવ નહોતો કે અંગત સ્વાર્થ માટે એકબીજાના પગ ખેંચવાની હલકી ઈર્ષાવૃત્તિ નહોતી. અહીં તો માત્ર બે ભાઈઓનો નિઃસ્વાર્થી સંસાર હતો અને એ નગરીને ફક્ત બે જ દ્વારપાળ હતાં. એક અમારી માતા – રાધા અને બીજા અમારા પિતા – અધિરથ! આજે પણ એ બંનેની યાદ મારા અંતઃકરણના કોમળ તારને રણઝણાવી જાય છે અને કૃતજ્ઞતાના ભારથી તેમ જ મમતાથી અનાયાસ પ્રેમાસક્ત બે અશ્રુબિંદુ મારી આંખોમાં ઊભરાય છે, પરંતુ ક્ષણ પૂરતાં જ. તરત જ હું એને લૂછી નાખું છું, કારણ આંસુ એ દુર્બળ મનનું પ્રતીક છે. હું જાણું છું કે જગતમાં દુઃખની એકેય આગ આંખનાં આંસુથી બુઝાવાની નથી અને આંખમાંથી બે અશ્રુબિંદુની અંજલિ આપવાથી મારું હૃદય હળવું થઈ જશે એવું પણ હું ક્યારેય માનતો નથી. છતાં હું એમને મારા જીવનમાં અશ્રુની અંજલિ સિવાય બીજું કશું આપી શક્યો નથી, જે અશ્રુથી અધિક મૂલ્યવાન હોય. વળી માતાપિતા પ્રત્યેના પ્રેમના પ્રતીક રૂપ આંસુથી અન્ય એકેય ચીજ મૂલ્યવાન મને લાગી નથી. મારાં માતાપિતાએ મારી પાસેથી કોઈ વાતની અપેક્ષા રાખી નથી. એમણે મને જે કંઈ આપ્યું તે નિર્મળ પ્રેમ જ! આથી જ એમની યાદથી મારી આંખોમાં કૃતજ્ઞતાનાં અને મમતાનાં ફક્ત આ બે પ્રેમાસક્ત આંસુ ઊભરાઈ આવ્યાં છે.

ચાર

મારી માતા એટલે માતૃત્વનો વિશાળ સાગર! નાનપણથી મને નગરમાં સૌ 'વસુસેન' કહીને બોલાવતા. મારો નાનો ભાઈ મને હંમેશાં 'વસુભાઈ' કહેતો પણ મારી મા દિવસમાં હજાર વાર 'વસુ, વસુ' કહેતાં થાકતી જ નહિ. એણે મને કેવળ સ્તનપાન કરાવ્યું નહોતું પણ એના પ્રેમના વિશુદ્ધ અમૃતનું પણ સતત મનભરીને પાન કરાવ્યું હતું. સૌને સમાન પ્રેમ કરવા જ જાણે એ જન્મી ન હોય! ચંપાનગરમાં સૌ એને 'રાધામાતા' કહીને બોલાવતાં. સહુને માટે એ જાત ઘસી નાખતી અને સૌના પ્રત્યે હૃદયમાં અમિત પ્રેમનું ઝરણું વહાવતી. આથી સૌ એનો આદર જાળવતાં. મારા કાનમાં જન્મજાત બે કુંડળ હતાં. એ વાત તે સૌ નગરજનોને કર્યા કરતી. ઘડીભર એનાથી દૂર જઉં તો એ વ્યાકુળ થઈ જતી, બાવરી બની જતી. આડોશપાડોશમાં મને ખોળવા નીકળી પડતી. કલાકો સુધી મને પોતાની સામે બેસાડી રાખી પોતાની જાતને ભૂલી જઈ મારાં કુંડળ એકીટશે જોયા કરતી. ક્યાંય સુધી મારા મસ્તક પર હાથ ફેરવતી અને પ્રેમથી કહેતી, 'વસુ, ગંગા પાસે ક્યારેય જવાનું નહિ, હોં!'

'શા માટે નહિ જવાનું?' હું પૂછતો.

'આમ જો. મોટા કહે એમ કરવાનું. ના કીધીને એટલે નહિ જવાનું.'

'મા, તું કેટલી ડરપોક છે! હું જાઉં એમાં શું બગડી જવાનું છે?'

'નહિ, વસુ!' મને એકદમ વળગી પડતી અને મારા વાળમાં એની લાંબી આંગળીઓ ફેરવતાં મને પૂછતી, 'વસુ, હું તને ગમું છું?'

'હા.' હું ડોકું ધુણાવતો. મારા કાનમાં ડોલતાં કુંડળને વિસ્મયથી જોતાં એ કહેતી, 'તો પછી આ મારી આજ્ઞા છે એમ સમજ. તારે ક્યારેય ગંગા પાસે જવાનું નથી.' એ મને

અત્યંત દયાર્દ્રભાવે કહેતી. તે વખતે એની આંખમાં ભયનો ભાવ ઊમટ્યો હતો.

એને સારું લગાડવા હું કહેતો, 'તું ના કહેશે તો નહિ જઉં, હવે રાજી?' આ સાંભળતાં જ અત્યંત પ્રેમથી એ મને નજદીક લઈ ભેટી પડતી. એના બાહુપાશમાં મને જકડી લેતી. મારા મસ્તકને અને કાનને કેટલીય વાર ચૂમી લેતી ત્યારે મને થતું કે હું એની ગોદમાં જ પડ્યો રહું.

અને એની ગોદમાં પડ્યાં પડ્યાં મને વિચાર આવતો કે મા ગંગામાતાનાં પાણીથી આટલી બધી કેમ ગભરાય છે? અને મને તો ગંગામાતા પ્રત્યે અપાર આકર્ષણ છે. કલાકો સુધી ગંગાકિનારે બેસી સંતાકૂકડી રમતી અસંખ્ય લહેરો સાથે વાતો કરવી એ મારો પ્રિય શોખ છે. મા એ જાણી જાય તો? તો એ ચોક્કસ મને શોધતી શોધતી છેક ગંગાકિનારે આવી પહોંચે! ના રે ના. ગમે તે થાય પણ હું રોજ નદીકિનારે જઉં છું એની એને સહેજે જાણ થવી જ ન જોઈએ. મેં મનોમન નિશ્ચય કરી લીધો અને એ પૂરો કરવા રંગીન છીપલાં અને બકુલનાં ખીલેલાં પીળાં ફૂલો મુઠ્ઠી ભરીને શોણને આપતો રહીશ!

પાંચ

મારા પિતા કૌરવરાજ ધૃતરાષ્ટ્રના રથના સારથિ હતા. એ મોટેભાગે હસ્તિનાપુરમાં – કૌરવોની રાજધાનીમાં જ રહેતા. એ નગર ઘણું દૂર હતું. ક્યારેક તેઓ ત્યાંથી એક મોટો રથ લઈને ચંપાનગરીમાં આવતા. તે વખતે મારો અને શોણનો ઉત્સાહ સમાતો નહિ. પર્ણકુટિને દરવાજે જેવો રથ આવીને ઊભો રહે કે તરત જ શોણ છલાંગ મારી અશ્વોની રાશ પિતાના હાથમાંથી બળપૂર્વક પોતાના હાથમાં લઈ લેતો અને મને બૂમ મારતો, 'વસુભાઈ, જલદી આવો. આપણે ગંગાકિનારેથી છીપલાં વીણી આવીએ.' એની બૂમ સાંભળી માલપૂડો ખાવાનો છોડી સીધો પર્ણકુટિ બહાર દોડી જતો.

પછી અમે પિતાના રથમાં બેસી વાયુવેગે નગર બહાર ગંગાકિનારે નીકળી પડતા. આવા પીળા રંગના પાંચ અશ્વો હૃષ્ટપુષ્ટ પૂંછડાને ઉછાળતાં, કાન ઊંચા કરીને સ્વચ્છંદપણે દોડતા. એમને કાબૂમાં રાખવા જતાં શોણને પરસેવો છૂટી જતો. ઉપરના દાંતથી હોઠને જોરથી દબાવતો અશ્વોને કાબૂમાં રાખવા અને રસ્તાના વળાંક પરથી સલૂકાઈથી વાળવાનો વ્યર્થ પ્રયત્ન કરતો. અંતે થાકીને મને મદદે બોલાવતો. એના હાથ પર લગામનાં સળ પડી જતાં. એ વખતે એનો અવાજ એટલો મૃદુ થઈ જતો કે મને એના પર વહાલ ઊભરાઈ આવતું. એના હાથમાંની લગામ મારા હાથમાં લઈ લેતો. ચાબુકને ઊલટી કરી અશ્વની કેશવાળીને વેરવિખેર કરી દેતો. 'હા... આ....! હા... આ....!' કરતો અશ્વોને ભગાવવા ચાબુક ફટકારતો ત્યારે અશ્વો ચેતી જઈને વધુ વેગથી દોડવા લાગતા. પોતાની ઇચ્છા પૂરી થવાથી શોણ આનંદમાં આવી જઈ તાળી વગાડી મને પ્રોત્સાહિત કરતો અને 'હા... આ...' બોલતાં અમે બંને અડધા જોજનનું અંતર કાપી ગંગાકિનારે આવીને ઊભા રહેતા. શોણ એકદમ રથમાંથી છલાંગ મારી હરિણ શો કિનારા તરફ દોડી જતો. એનાં નાજુક પગલાંની સળંગ લાંબી રેખા કિનારાની ભીની રેતીમાં ઊપસી આવતી. હું ભારે હૃદયે એમ જ રથમાં બેસી રહેતો અને અનિમેષ આંખે પાણી સામે જોઈ રહેતો. આ પાણી સાથે મારે જરૂર કોઈ નાતો હોવો જોઈએ એમ મને મનમાં થતું! તરત જ બીજો વિચાર આવતો. ના રે ના.

પાણી સાથે વળી માણસને કયો નાતો હોઈ શકે? તપસ્યા માણસની તત્કાળ તરસ છિપાવવાનું એ એક માત્ર સાધન છે. હાથમાંથી અનાયાસ લગામ સરી જતી. હું મારી નાનકડી આંખોમાં એ વિશાળ પટને શક્ય એટલો ગટાગટ પીતો. એ વખતે મને થતું કે મારા આખાય શરીરને રોમેરોમ આંખ ફૂટી હોત તો કેવું સારું થાત!

શોણના પ્રશ્નથી હું તન્દ્રામાંથી જાગ્યો. વિવિધ રંગનાં છીપલાં મળવાથી એના ઉત્સાહનો પાર નહોતો. એ મને સતત પ્રશ્નો પૂછવા લાગ્યો :

'મોટાભાઈ, આ છીપલાં પાણીમાં જ બને?'

'હા.'

પણ એટલાથી એના મનનું સમાધાન થયું નહિ. એણે ફરી પૂછ્યું :

'તો પછી છીપલાંને આ રંગ પણ પાણીએ જ આપ્યો હશે ને?'

'હા.'

'તો પછી પાણી કેમ રંગીન દેખાતું નથી?'

એના પ્રશ્નોના ઉત્તર આપવાનું હું ઘણી વાર ટાળતો. કેમકે હું જાણતો હતો કે એ એક પછી એક પ્રશ્ન પૂછવાનો જ અને સાચું કહું તો મને એના કેટલાક પ્રશ્નોના ઉત્તર જડતા જ નહોતા.

'ચાલ. બહુ મોડું થઈ ગયું છે.' એમ કહીને એના મગજમાંથી પ્રશ્નો દૂર કરવાનો પ્રયત્ન કરતો.

પછી અમે બંને પાછા ફરતા. તે વખતે સંધ્યા સમયે કોયલ, કબૂતર, ભારદ્વાજ, ક્રૌંચ, બાજ જેવાં જાતજાતનાં પક્ષીઓનાં ઝુંડનાં ઝુંડ ચિત્રવિચિત્ર અવાજ કરતાં, કિલબિલાટ કરતાં માળામાં પાછાં ફરતાં દેખાતાં હતાં. ચૂપચાપ બેઠેલા શોણનું કુતૂહલ ફરી જાગી ઊઠતું. રથમાંથી બહાર ડોકિયું કરીને એ પક્ષીઓ તરફ એકીટશે જોઈ રહેતો અને મને અનેક પ્રશ્નો પૂછી વળતો. એ વખતે મારું ધ્યાન એ તરફ સહેજે રહેતું નહિ. પશ્ચિમ દિશા તરફ બે ઊંચામાં ઊંચા પર્વતની વચ્ચે સૂર્યદેવ પ્રવેશ કરી રહ્યા હતા. દિવસભરના અવિરત ભ્રમણ પછીય એમના અશ્વો સહેજે થાક્યા નહોતા. આ બે પર્વત જાણે એમના પ્રાસાદના વિશાળ મહાદ્વારે ચોકી કરતાં બે દ્વારપાલ સમા મને લાગતા હતા! એ તેજપુંજના બિંબને નિહાળતાં કોણ જાણે મારા હૃદયમાં અજબ વ્યાકુળતા વ્યાપી વળતી. હવે તો પળ વારમાં જ આ તેજ મારી દૃષ્ટિથી દૂર થઈ જશે એ વિચાર માત્રથી તીવ્ર વિયોગનું પ્રચંડ મોજું મારી નસેનસમાં ફરી વળતું. હું અનિમેષપણે એ બિંબને જોઈ રહેતો. એવામાં શોણ મને હલબલાવીને આકાશમાં શોર મચાવતાં ગરુડ પક્ષીનાં ઝુંડ દેખાડતો. ક્ષણભર હું એ વિશાળકાય પક્ષીઓને જોઈ રહેતો. અન્ય પક્ષીઓ કરતાં ગરુડ ખૂબ ઊંચાઈ સુધી ઊડી શકતું. એને જોઈ શોણે પૂછ્યું, 'મોટાભાઈ, આ કયું પક્ષી છે?'

'ગરુડ! સર્વ પક્ષીઓનો રાજા!'

'મોટાભાઈ, તું ગરુડ પક્ષીની જેમ ખૂબ ઊંચે સુધી જઈશ?' તરત જ એણે પૂછ્યું.

'અરે, ગાંડા! હું કંઈ ઊંચે ઊડનારું પક્ષી થોડો છું?'

'નથી... તો પછી આટલા વેગથી દોડતાં અશ્વોને તેં કેવી રીતે કાબૂમાં લીધાં?'

'સારું ભાઈ. હું ગરુડની જેમ ખૂબ ઊંચે જઈશ. એટલો ઊંચે કે તું મને જોઈ પણ નહિ શકે! હવે રાજી?' આ ઉત્તરથી એને સંતોષ થયો. મારા પ્રત્યેની આદરભાવની સ્નિગ્ધતા એની આંખોમાં ચમકવા લાગી.

મેં ફરી ક્ષિતિજમાં પશ્ચિમ તરફ જોયું અને છેવટે મેં જ એને એક પ્રશ્ન પૂછ્યો, 'શોણ, તેં સૂર્યબિંબ જોયું છે? એને જોઈ તારા મનમાં શું થાય છે?'

મને થયું કે એ થોડી વાર સુધી ઝીણવટથી બિંબને જોઈ રહેશે અને મને જે અનુભવ થયો તેવો જ અનુભવ એ પોતાના શબ્દોમાં કહેશે. પણ એણે સૂર્યદેવ સામે જોયું કે તરત એની આંખો સૂર્યના તેજથી અંજાઈ ગઈ. થોડી વારે આંખો ચોળતો મારા કાન સામે જોઈ મને કહે, 'તારા ચહેરા જેવો લાગે છે ને!'

મેં મારા કાને હાથ ફેરવ્યો. બે માંસલ કુંડળ મારા હાથમાં આવ્યાં. એ જન્મદત્ત હતાં ને!

શોણની તકરાર શરૂ થઈ ગઈ. 'માને તારા પર વધુ પ્રેમ છે. જો, એટલે જ માએ તને આ કુંડળ દીધાં છે! મને ક્યાં છે આવાં કુંડળ?'

એના શબ્દો સાંભળી હું વિચારમાં પડી ગયો. ફરી એક વાર પશ્ચિમ તરફ આંખનું નેજવું કરી એ તેજસ્વી બિંબને બારીકાઈથી જોવા લાગ્યો. મારા નાનકડા મનમાં લાગણીઓનો કોલાહલ મચી ગયો. એક હાથે અશ્વના વેગને કાબૂમાં રાખી, શોણની નજર ચૂકવીને આંખોથી દૂર થતાં એ તેજને બીજે હાથે મેં વિદાય આપી. મનમાં એક વિચિત્ર બેચેની જાગી. પોતાનું આત્મીય જન પોતાનાથી દૂર થયાની લાગણી જન્મી. આવેશમાં આવી જઈ મેં અશ્વની પીઠ પર જોરથી ચાબુક ફટકારી. ખરી પછાડી, રસ્તાની ધૂળ ઉડાડતાં, હણહણતાં અશ્વો વાયુવેગે દોડવા લાગ્યા. બાજુમાં બેઠેલો શોણ, દોડતાં અશ્વો માર્ગમાં આવતાં અશોક, તાલ, કિંશુક, મધુક, પાટલ, તમાલ, કદંબ, શાલ જેવાં ઊંચાં ઊંચાં, ગીચ પાંદડાંવાળાં વૃક્ષો વગેરેમાંથી એકેય તરફ મારું ધ્યાન નહોતું. ફક્ત સામેથી દૂર દૂર સરી જતો માર્ગ અને એનાં વળાંક જ દેખાતાં હતાં. મારા મનમાં એક વિચાર ઝબક્યો, 'પાછળ સરી જતાં માર્ગની જેમ હું પણ જાણે પ્રકાશના સામ્રાજ્યથી દૂર દૂર ક્યાંક અંધકારના ભયાનક સમુદ્ર તરફ જઈ રહ્યો છું.'

હવે રાતના બાર કલાક આમ જ એકાકીપણામાં જ પસાર થવાના.

પર્ણકુટિ આવતાં જ શોણે પોતાનાં રંગબેરંગી છીપલાંની કમાણી માને ભારે ઉત્સાહથી બતાવી. એની પ્રશંસા કરતાં માએ મને પૂછ્યું, 'વસુ, તું શું લઈ આવ્યો?' પહેલાં તો હું મૂંઝાઈ ગયો. શો જવાબ આપું? કેમકે હું કંઈ જ લાવ્યો નહોતો. પછી જેમતેમ મારી જાતને જાળવી લઈ મેં કહ્યું : 'હું શોણને પાછો લઈ આવ્યો એ જ મોટી વાત, મા! નહિતર એ ત્યાં બેઠો બેઠો આખી રાત છીપલાં જ વીણત.'

'વાહ રે વાહ! તું મને લઈ આવ્યો, એમ? અરે, હું તને લઈ આવ્યો, એમ કહે. નહિતર તું સવાર સુધી સૂર્યદેવની રાહ જોતો ત્યાં જ બેસી રહ્યો હોત!' શોણે સ્વબચાવ કરતાં કહ્યું. મા મારી સામે ઝીણી આંખ કરીને જોઈ રહી. મા આમ કેમ જોતી હશે? મને સમજાયું નહિ. હું ત્યાંથી સીધો બહાર નીકળી ગયો.

છ

અમારી પર્ણકુટિમાં પિતાએ આણેલાં અનેક પ્રકારનાં વિવિધ આકારનાં ધનુષ્ય હતાં. મેં સૌથી પહેલું જે ધનુષ્ય જોયું એના પ્રત્યે કોણ જાણે મને અદ્ભુત આકર્ષણ જાગ્યું. કબૂતરની ડોક જેવી એની મરોડદાર કમાન અને નખથી છેડતા ટંકાર કરતી પ્રત્યંચા મને ખૂબ ગમી ગઈ. પિતાના હાથમાંથી એ બાણ મેં ઝૂંટવી લીધું. હાથમાં એને નચાવતો, છલાંગ મારતો આંગણામાં અશ્વોની પૂંછ સાથે રમતા શોણ પાસે ઘડીકમાં પહોંચી ગયો. એ અશ્વોના પૂંછડાના ચળકતાં લાંબા કેશના ગુચ્છને ખેંચતો હતો. મનમાં કંઈક ગણગણતો હતો. એને ધનુષ્ય બતાવતાં મેં કહ્યું, 'શોણ, આ જો, આપણું રમકડું. હવે અશ્વના કેશ સાથે રમવાનું મૂકી દે. આજથી આપણી નવી રમત શરૂ.' તરત એણે હાથમાંથી કેશ મૂકી દીધા. 'બતાવ, બતાવ', એમ કહેતો ઉત્સુકતાથી નાચતો તે મારી પાસે આવ્યો. મારા હાથમાંથી ધનુષ્ય એણે પોતાના હાથમાં લીધું અને આંખો પહોળી કરી મને કહે, 'મોટાભાઈ, આ તો બહુ ભારે છે, નહિ?'

'ના રે ના. આ તે કંઈ ભારે કહેવાય? લાવ, મને આપ અને અંદરથી એક બાણ લઈ આવ.' મેં તેને બાણ લેવા અંદર મોકલ્યો. 'મોટાભાઈ માટે બાણ, મોટાભાઈ માટે બાણ' એમ મોટેથી બૂમ પાડતો તે અંદર ગયો. મેં મારા ઉત્તરીયથી એ ધનુષ્યની દાંડી પરની ધૂળ હળવેકથી લૂછી. હાથમાં લઈ એને તોળી જોયું. એટલામાં શોણ એક બાણ લઈને દોડતો કૂદતો બહાર આવ્યો. મારા હાથમાં મૂકી સામેના વડના ઝાડ તરફ આંગળી ચીંધીને કહે, 'મોટાભાઈ, આ ઝાડ પર બાણ માર તો!' મેં તરત પણછ ચડાવી બાણ ભરાવી અને પણછ ખેંચી. એક બાજુ હાથ સ્થિર કર્યો અને ડાબી આંખ બંધ કરી બાણ છોડ્યું. બાજગતિએ બાણ ગાળ વધ્યું અને ખચ કરતુંક વડના ઝાડમાં ચોંટી ગયું. ઝાડમાંથી દૂધિયો રસ ઝરવા લાગ્યો. શોણ તાળી પાડીને નાચવા લાગ્યો. મારા લક્ષ્યવેધથી તે ખુશ થઈ ગયો હતો!

તે દિવસથી મારી અને શોણની આ રમત રોજની થઈ ગઈ. આકાશમાં ચક્કર મારતાં ચકોર પક્ષી તરફ અચૂક નિશાન તાંકવું, હવાના ઝોકાં સાથે અહીંતહીં હલતાં ડાળી પરની કેરીનાં ડીટિયાં તોડી નાખવાં, એક સાથે બે બાણ છોડી બે અલગ અલગ લક્ષ્ય સાધવા જેવી જાતજાતની રમતો અમે કલાકો સુધી રમતા. અમારી રમતના નિર્ણાયક હતા અમારા પિતા! એમનો આદેશ અમે વિનમ્રપણે સ્વીકરતા. પણ મારા મનમાં એક વિચાર સતતં રમ્યા કરતો. હું ધારું એ બાણ એ દિશામાં છોડતાં મને આવડવું જોઈએ. લક્ષ્ય લીધા વિના માત્ર અવાજની દિશામાં બાણ ચલાવતાં પણ આવડવું જોઈએ. શાહુડી પોતાના રક્ષણ માટે પોતાના જ અંગમાંથી સો-બસો નલિકા એકસાથે છોડી શકે છે તેમ મને પણ અસંખ્ય બાણ એકસાથે છોડતાં આવડવાં જોઈએ.

સાત

સ્વપ્નને કોઈ વ્યવસ્થિત વ્યાખ્યામાં બાંધી શકાશે? મારા મતે સ્વપ્ન એટલે અતૃપ્ત મનની ઇચ્છાને તૃપ્ત કરનાર કલ્પવૃક્ષ, કેમકે તે દિવસે રાત્રે મારાં સ્વપ્નમાં અનેક ધનુષ્ય

બાણક્રીડા કરતાં હતાં. ફૂલોથી સજાવેલાં, મરોડદાર આકારનાં, સખત છતાં વળી શકે તેવાં અનેક ધનુષ્ય એક પછી એક મારા હાથમાં આવતાં હતાં. જે જે વસ્તુ દેખાય તેના પર હું એક પછી એક અચૂક બાણ તાકતો હતો. પોતાના જ લક્ષ્યવેધ પર ખુશ થઈ આનંદમાં આવી તાળીઓ વગાડતો હતો એટલામાં જાગી ગયો.

એક સવારે હું અને શોણ નગર નજીકના જંગલમાં રથમાં જોડવા માટે કિકર વૃક્ષની ટકાઉ અને મજબૂત લાકડીઓ વીણવા ગયા હતા. તે દિવસે શોણ ખૂબ ખુશમાં હતો. જંગલમાં ફરવાનું મળે એટલે જાણે એને ભગવાન મળ્યા! ત્યાં અનેક પક્ષીઓનાં વિવિધ મંજુલ રવ, ઝાડની ડાળી પર એકમેક સાથે ઘસાતાં થતો કર્કશ અવાજ, ઝરણાંના મીઠાં ખળખળ નાદ, વૃક્ષોનો આધાર લઈને ચડતી વેલનો અવિરત સળવળાટ – આ બધાં પ્રત્યે એને અનન્ય આકર્ષણ હતું. એનું વર્ણન કરતાં એ કદી થાકતો નહિ, પરંતુ મને જંગલમાં ફરવા જવાનું ક્યારેય ગમતું નહિ. કારણ કે ત્યાં સૂર્યદેવની આછી ઝલક પણ જોવા મળતી નહિ! આથી મારું મન અસ્વસ્થ થઈ જતું. અકારણ મારું મન ઘૂંટાવા લાગતું. બને એટલી જલદીથી ત્યાંથી ભાગી છૂટવાનો પ્રયત્ન કરતો. ખુલ્લા મેદાનમાં આવતાં જ હું હળવો ફૂલ થઈ જતો. આદિત્યનારાયણનાં દર્શન માત્રથી જ મારો સઘળો થાક ઊતરી જતો.

તે દિવસે રોજની જેમ કિકરની લાકડીઓ લઈ અમે પાછા આવતા હતા. જંગલમાંથી છૂટવા મારા પગ ઝડપથી ઊપડતા હતા. શોણ મારી પાછળ પાછળ આવતો હતો. એક વિશાળ મેદાન પાસે મારા પગ થંભ્યા. શોણ મારી પાછળ જ હતો. ખભા પરની લાકડીનો ભારો એક ઝાડની ડાળીએ ટેકવી એણે મોં પરનો પસીનો લૂછ્યો. સામે અહીંતહીં ઊગેલા ઘાસમાં ગાય-ભેંશનું ધણ ચરતું હતું. એમાં એક હૃષ્ટપુષ્ટ સાબર પણ હતું. પોતાના સુંદર શિંગડાં ટટ્ટાર કરીને એ અમારી તરફ જોતું હતું. શોણને પ્રશ્ન પૂછવાની તક મળી ગઈ! એણે તરત જ મને પૂછ્યું, 'મોટાભાઈ, એકલું સાબર જ આ ધણમાં કઈ રીતે ફસાઈ ગયું?' હું એને શો જવાબ આપું? છતાં કંઈક તો જવાબ દેવો જોઈએ ને! એટલે મેં કહ્યું, 'ભૂલું પડી ગયું લાગે છે. અથવા એનો સાથીદાર કદાચ એને ભૂલી ગયો હશે! પણ આ બધામાં એ કેવું નિરાળું અને સુંદર દેખાય છે નહિ?' એના સાથીદારોને છોડી તે એકલું કેમ ભટકતું હશે એનું કારણ શોધવાનો પ્રયત્ન મેં ઘણો કર્યો પણ વ્યર્થ.

એ સાબરને જોતાં અમે આગળ વધ્યા. મને સાબરનાં શિંગડાં બહુ ગમ્યાં હતાં. રસ્તે આગળ જતાં સહજપણે મારો હાથ કાન પર પડ્યો. માંસલ કુંડળ પર હાથ ફર્યો. હું પણ કુંડળને કારણે સાબર જેવો સુંદર દેખાતો હોઈશ? એક વિચાર મારા મનમાં ઝબક્યો.

આ કુંડળ વિશે અનેક વાર મારી માને વાળીવાળીને પૂછ્યું હતું પણ એણે કદી મને સંતોષકારક ઉત્તર આપ્યો નહોતો. એક દિવસ મેં એને સ્પષ્ટપણે પૂછ્યું, 'શોણ અને હું બે સહોદર છીએ તો પછી શોણને આવાં કુંડળ કેમ નથી?' ગભરાતી આંખે મારાં કુંડળને જોતી એ સહેજ વાર ચૂપચાપ બેસી રહી અને પછી એકાએક ચમકીને બોલી, 'તું મને ક્યારેય પૂછતો નહિ! તારા પિતાને પૂછ.' ત્યારે પણ એના ચહેરા પર ગભરાટ હતો.

હું તરત જ પિતા પાસે ગયો. એમને પણ મેં એ જ પ્રશ્ન પૂછ્યો. એમણે તો મને સાવ વિચિત્ર જવાબ આપ્યો. એમણે કહ્યું : ગંગામાતાને એનું કારણ પૂછ! એ જ તને

ક્યારેક જવાબ આપશે!' હું વિચારમાં પડી ગયો. ગંગામાતા આનો જવાબ કઈ રીતે આપે ભલા? નદીને કંઈ બોલતાં થોડું આવડે? ના રે ના... આ વડીલો કેવી વાત કરે છે? નાનાને આવું કેમ કહેતા હશે?

તે દિવસે સાંજે બધાની નજર ચૂકવીને હું એકલો જ ગંગાકિનારે ગયો. એના પ્રત્યેક મોજાંને મેં પ્રશ્ન પૂછ્યો, 'ફક્ત મારા જ કાનમાં કુંડળ કેમ?' પરંતુ એક પણ મોજું એનો ઉત્તર આપી શક્યું નહિ! એ દિવસે જગતના બધા મોટા લોકો મને કપટી લાગ્યા. નાનાને અજ્ઞાનમાં જ રાખવાની એમની વૃત્તિ હશે? નહિતર આટલી મોટી ગંગામાતા ચૂપ કેમ હોય?

બીજે દિવસે સાંજે ધનુષ્યની રમત રમતાં રમતાં મેં એ જ પ્રશ્ન શોણને પૂછ્યો : 'શોણ, સાચું કહે. તારા કાનમાં કુંડળ કેમ નથી?' તેણે કહ્યું : 'મને ખબર નથી. મને તારાં કુંડળ ખૂબ ગમે છે. રાતે તું સૂતો હોય છે ત્યારે એ કેવાં ચમકતાં હોય છે! અને એમાંથી નીકળતો નીલા રંગનો પ્રકાશ તારા તાંબાવરણા ગાલ પર પથરાયેલો હોય છે!'

હું અવાચક બનીને એની સામે જોવા લાગ્યો. એ ક્યારેય ખોટું બોલતો નહિ અને મારી બાબતમાં તો એ ક્યારેય શક્ય નહોતું. મારા મનમાં અચાનક પ્રશ્નોની હારમાળા ફૂટી. મારા કાનમાં અન્ય કોઈ પાસે નથી એવાં બે માંસલ કુંડળ હતાં; એટલું જ નહિ પણ પ્રકાશિત પણ હતાં! મને જ કેમ એ મળ્યાં હતાં? હું કોણ છું? શોણના બંને ખભા હલબલાવીને મેં એને આર્દ્રભાવે પૂછ્યું, 'શોણ, હું કોણ છું?'

મારાં ઝૂલતાં કુંડળને શાંત ચિત્તે મનભરીને જોતાં તે નિર્દોષભાવે બોલ્યો, 'વસુભાઈ, તું મારો મોટો ભાઈ છો!' તરત જ મેં એના ખભા પરથી હાથ છોડી દીધો. એના જવાબથી મને સંતોષ થયો નહોતો. મેં એની સામે જોયું. સૂર્યનારાયણ પોતાનાં અસંખ્ય કિરણોથી આકાશની છતને વિવિધ રંગોથી રંગી દઈને અદશ્ય થતો હતો અને મારા મનમાં કુંડળ વિશેનું કૌતુક દઢ થતું જતું હતું.

આઠ

તે રાતના મને ક્યાંય સુધી ઊંઘ આવી નહિ. મારું કુતૂહલ અશ્વ જેવું ચંચળ હતું. વિચારોની લગામને ગમે તેટલી કાબૂમાં રાખો પણ એ તો દોડતા જ રહે. આખી રાત પડખાં ફરીને વિતાવી. એક જ પ્રશ્ન મને વારંવાર સતાવ્યા કરતો હતો, 'મારા કાનમાં જ કુંડળ કેમ? કહે છે કે રાતના ચમકે છે! કેવી રીતે ચમકતાં હશે? શા માટે ચમકતાં હશે? ઊઠીને પથારીમાં બેઠો થયો. આંખની કીકીને કાનના ખૂણા સુધી ખેંચી. કુંડળ ખરેખર ચમકે છે કે કેમ તે જોવા વ્યર્થ પ્રયત્ન કર્યો. હું અસ્વસ્થ થઈ ગયો. આપણા કાનને આપણે કેવી રીતે જોઈ શકીએ એ વિશે ખૂબ વિચાર કર્યો. મને કંઈ જ સૂઝ્યું નહિ! થયું કે લાવ શોણને ઉઠાડું અને પૂછું : 'મારાં કુંડળ ચમકે છે કે કેમ જરા જો તો!' પણ એ તો શાંતિથી માની ગોદમાં સૂતો હતો. એને ઉઠાડું તો મા જાગી જાય. પિતા હસ્તિનાપુરમાં હતા. શું કરું? સમજાતું નથી. એટલામાં મને પિતાના શબ્દો યાદ આવ્યા. 'ગંગામાતા જ તને ક્યારેક જણાવશે!' હળવેકથી હું પથારીમાં ઊઠ્યો. ધીમેથી દરવાજો ખોલ્યો અને ગંગામાતાને મળવા ચાલી નીકળ્યો. શ્વેત શુભ્ર આકાશ ટમટમતા તારાથી ખીચોખીચ હતું. 'તારાં કુંડળ

ચાંદનીની જેમ ચમકે છે.' – શોણના શબ્દો યાદ આવતાં રસ્તામાં થોડી થોડી વારે ચાંદની કેવી ચમકે છે એ જોઈ રહેતો! પરંતુ એથી મનને સમાધાન મળતું નહિ. સંતોષ થતો નહિ. રાત્રે તમરાંનો અવાજ સતત સંભળાતો હતો. ચંપાનગરના મંદિરના ગર્ભગૃહની જેમ સૌ નિશ્ચય અને શાંત હતા. વચમાં અશ્વશાળામાંથી અશ્વોની હણહણાટ સંભળાતી હતી. તારાના ઝાંખા પ્રકાશને કારણે રસ્તો ધૂંધળો દેખાતો હતો. હું ઝટપટ ચાલવા લાગ્યો. વાયુની ઠંડી લહેર દેહને વીંટળાઈ વળતી હતી. ઉત્તરીય લેવાનું હું ભૂલી ગયો હતો. બહુ વાર સુધી ચાલ્યા પછી અંતે નદીકિનારે આવ્યો. દિવસે નદીનાં ઊછળતાં પાણીનો વિશાળ પટ રાતે અતિશય શાંત અને ગંભીર લાગતો હતો. દિવસે આકાશને આંબતો આ વિશાળ પટ અંધકારના સામ્રાજ્યમાં એકદમ લીન થઈ ગયો હતો. કિનારા પરના પથ્થર અને રેતી સાથે અવિરત અફળાતાં મોજાંના ધ્વનિ માત્ર સંભળાતા હતા. આ ધ્વનિઓથી ત્યાંનું વાતાવરણ અતિ ગંભીર બની ગયું. ત્યાં ઊભા રહીને કાન માંડીને હું ગંભીર શાંતિને માણવા લાગ્યો. બે ઘડી તો હું શા માટે આવ્યો છું એ જ ભૂલી ગયો. વિચારોની તંદ્રામાં હું ગંગાનદીમાં ઊતરવા લાગ્યો. આકાશના તારાઓનું સ્પષ્ટ પ્રતિબિંબ શાંત જળમાં પડતું હતું. એમાંય બે તારાઓનું પ્રતિબિંબ તો સૌથી વધુ સ્પષ્ટ દેખાતું હતું. એવામાં એકાદ મોજું આવીને પ્રતિબિંબને ખળભળાવી ગયું. હથેળીમાં પાણી લેવા હું નીચે વળ્યો. એમાં બે તારા અતિશય ચમકવા લાગ્યા. મારું મોં પાણી નજીક લીધું. જોયું તો આ બે તારા નહોતા, મારા જ કાનનાં બે કુંડળ હતાં!! પાણીના દર્પણમાં તે મંદ મંદ ચમકતાં હતાં. ક્યારેક મોજાની જેમ લંબાતાં હતાં. હું મારો ચહેરો પાણીમાં જોવા લાગ્યો. બંને કુંડળ બે બાજુ નીલરંગી પ્રકાશનાં વલય ફેંકતાં હતાં. મારા ચહેરાનું આ અસ્પષ્ટ રૂપ હતું. મારાં કુંડળ રાતે ચમકે છે એ રહસ્ય મને ગંગામાતાએ જણાવ્યું, પરંતુ ચમકતાં કુંડળની ભેટ મને એકને જ કેમ મળી? હું કોણ છું?

એ જ સ્થિતિમાં હું પાણીમાં ઊભો હતો. મનની એક શંકા તો દૂર થઈ, પણ બીજી એમની એમ જ હતી કે, 'શા માટે મને જ ચમકતાં કુંડળની ભેટ મળી?' ત્રણ-ચાર કલાક સુધી પાણીમાં ઊભો જ રહ્યો. વહેલી સવારે નદીકિનારે વસેલા મંદિરનો ઘંટ વાગ્યો! તરત પર્ણકુટિ યાદ આવી! મને નહિ જોતાં મા ગભરાઈ ગઈ હશે. લાવ જલદી પાછો ફરું એમ વિચારતાં ઉપર જોયું તો પૂર્વ દિશામાં પ્રભાતનું પ્હો ફાટ્યું હતું! અંધકારનું સામ્રાજ્ય દૂર થતાં ગંગાનદીનો પટ જાણે ફરી નીલ આકાશના કરમાં કર સોંપીને ઊભો હતો? વર્ષાની પ્રથમ જળધાર પછી ધરતીની ગોદમાંથી જેમ ધીરે ધીરે અંકુર ફૂટે તેમ દૂર ગંગામાતાના ઉદરમાંથી સૂર્યદેવ જાણે ઉપર આવતા હતા! મેં એની સામે જોયું. મારું મન શાંત થઈ ગયું. આપોઆપ અંજલિ ભરીને પાણી લીધું. આંખ મીંચી અને મેં પાણીની અંજલિ હળવેકથી સૂર્યદેવને અર્પણ કરી.

રાતના ધૂંધળો દેખાતો માર્ગ દિવસના સ્પષ્ટ દેખાતો હતો! રાત્રે મંદિરના ગર્ભગૃહ સમું શાંત લાગતું ચંપાનગર દિવસે મંદિરના કળશ પર ફરકતી ત્રિકોણી ધજા જેવું ચૈતન્યમય ભાસતું હતું! મને પાછો આવેલો જોઈને માએ પૂછ્યું, 'ક્યાં ગયો'તો?' એ ગભરાયેલી હતી.

'ગંગાકિનારે! તેં મને ન કહ્યુંને પણ ગંગામાતાએ મને દેખાડ્યું કે મારા કાનનાં કુંડળ કઈ રીતે ચમકે છે તે!' અતિશય ભયભીત દૃષ્ટિએ એણે મારી સામે જોયું. થોડી થોડી વારે તે મારી સામે વિચિત્ર રીતે જોતી હતી. એ ટાળવા હું લાગલો બહાર જતો રહ્યો.

નવ

અમારી પર્ણકુટિની સામે એક મોટું વૃક્ષ હતું. વૃક્ષ? અરે, રંગબેરંગી, મધુર કલરવથી વાતાવરણને ગજવતાં પક્ષીઓનાં રહેઠાણનું એક નાનું પક્ષી-નગર જ હતું! ગ્રીષ્મમાં આ વૃક્ષ નાનાં નાનાં તાંબાવર્ણાં ફૂલોથી લચી પડતું ત્યારે તો ટમટમતા અસંખ્ય તારાથી ઊભરાતા આકાશ સમું લાગતું હતું. ડાળીએ ઝૂલતાં પક્ષીઓ એ વખતે આનંદવિભોર થઈ જતાં. ચિત્રવિચિત્ર અવાજોથી પોતાનો આનંદ એકબીજા પ્રત્યે વ્યક્ત કરતાં! એમનો કલરવ ભાન ભૂલીને કલાકો સુધી હું કાન માંડીને સાંભળતો! મને થતું કે હું વૃક્ષ હોત તો? મારી ડાળ પરનાં બધાં ફળો પક્ષીઓ ખાત. એક પણ વૃક્ષ પર ન બેસનાર સર્વશ્રેષ્ઠ પક્ષી ગરુડરાજ પણ મારી પાસે અવશ્ય આવત.

સરસર સરકતા જીવંત સાપ સિવાય અન્ય કંઈ પણ ન ખાનાર ગરુડરાજ મને ગર્વથી કહેત : 'છટ્, આવાં મીઠાં ફળો ખાવા માટે કંઈ મારો જન્મ નથી!' હું મારાં હરિયાળાં પાન રૂપી હાથ જોડીને એમને વંદન કરીને કહીશ, 'હે પક્ષીરાજ, ફળ નહિ ખાતા પણ આરામ કરવા તો રોકાશો ને?'

થોડી વાર એ જરૂર રોકાવાના અને ખૂબ ઊંચે ઉડાન ભરતાં પહેલાં એ મારા દેહ પરથી એક ફળ હળવેકથી તોડી લેવાના. પક્ષીરાજના પરાજયથી હું આનંદમાં આવી જઈ મારાં પાન રૂપી અસંખ્ય હાથથી તાળીઓ પાડવાનો. દેહને વીંટળાઈ વળેલી વેલીનું ઉત્તરીય બનાવી એને આનંદના આવેશમાં આકાશમાં ઉડાડી મૂકવાનો!

હું એ વૃક્ષને જોતો હતો. એનો આકાર ગદા જેવો હતો! ઉપર ડાળીઓનો ઘેરાવો અને નીચે થડનો મજબૂત સ્તંભ! એટલામાં 'ખા...ક' એવો અવાજ થયો. મેં એ તરફ જોયું. અમારી પડોશમાં રહેતો ભગદત્ત નામનો સારથિ પોતાના હાથમાં રહેલી ચાબુકને ફટકારતો આવતો હતો. હું વિસ્મયથી જોઈ રહ્યો! હાથથી ચાબુકને ગળામાં લપેટતો એ બોલ્યો, 'અરે, વસુ! શું જોઈ રહ્યો છે?'

'કંઈ નહિ. પક્ષી જોઉં છું.' મેં ઉત્તર દીધો.

'આ વટવૃક્ષ પર ક્યાં પક્ષીઓ જુએ છે? પક્ષીઓ જોવા હોય તો વનમાં અશોકવૃક્ષ પાસે જા. આ વટવૃક્ષ પર તો તને નર્યા કાગડા જોવા મળશે! આ મીઠાં ફળો ખાવાં જ આ બધાં પક્ષીઓ અહીં ભેગાં થાય છે!' હાથમાં પકડેલી ચાબુકની લાકડીથી નીચે પડેલાં ફળને ઉછાળતો તે બોલ્યો,

'કાગડા?'

'હા, ભારદ્વાજ, ચકોર, કોયલ વગેરે કોઈક વાર ભૂલમાં આવી ચડે એ જુદી વાત છે! એકાદ નર કોયલ આવે તોપણ એ કોયલના કપટથી જ.'

'કેવું કપટ?' મેં ઉત્સુકતાથી પૂછ્યું.

'અરે, કાગડો ન હોય ત્યારે એના માળામાં કોયલ પોતાનાં ઈંડાં ચૂપકીથી મૂકી આવે છે. એનાં ઈંડાંનો રંગ અને આકાર કાગડાના ઈંડાંના જેવો જ હોય છે. જેથી કાગડીને પોતાના માળામાં બીજાનાં ઈંડાં હોય એવી શંકા જ થાય નહિ. કાગડી કોયલનાં ઈંડાંને સેવે અને પછી સપ્તસ્વરના તાર છેડી આસપાસના વાતાવરણને મુગ્ધ કરી દેનારો કોયલ કાગડીના માળામાં ઊછરવા લાગતો!' એણે ચાબુકને ગળાની આસપાસ લપેટી દીધી.

'કોયલ અને એ પણ કાગડીના માળામાં? હું વિચારમાં પડી ગયો. એ કેવી રીતે બને? ભગદત્તની વાત ક્યાંક ખોટી પણ હોઈ શકે? અને ક્ષણ માટે સાચી માની લઈએ તો એમાં શું બગડી જવાનું છે? કાગડીના માળામાં કોયલ ઊછરતી હશે તોપણ કાગડો બનીને તો નહિ જ ને! વસંતઋતુ આવતાં જ એ પોતાના સ્વપ્નસ્વરના તાનથી બધાં પક્ષીઓને ટહુકીને જાહેર કરી દેશે કે, 'હું કોયલ છું! હું કોયલ છું!'

દસ

એક દિવસ નગરનાં સૌ બાળકો ભેગાં મળીને નગર બહારના મેદાનમાં રમતાં હતાં. રાજસભાની રમત રમવાનો તુક્કો કોઈને સૂઝ્યો હતો! ખરેખર બાળક એ પ્રતિસૃષ્ટિનું નિર્માણ કરનારા ઋષિ નથી શું? તે દિવસે બધાએ ભેગા મળીને રાજસભાનું દૃશ્ય ઊભું કર્યું હતું. હૃષ્ટપુષ્ટ બાળકોએ રાજસભામાં કોશપાલ, અશ્વપાલ, સેનાપતિ, અમાત્ય, સચિવ વગેરે પ્રતિષ્ઠિત પાત્રો ભજવવાનું પસંદ કર્યું હતું. રાજસભાની જાણકારી તેમણે ક્યાંથી મેળવી હશે?

મેદાનમાં એક ખાસ્સો મોટો પથ્થર હતો. એને રાજસિંહાસન બનાવ્યું હતું. શોણ એમાં સેનાપતિ હતો. હું એને બોલાવવા ગયો. કેમકે તે જ વખતે પિતાશ્રી હસ્તિનાપુરથી આવ્યા હતા. આવીને તરત જ એમણે મને ખુશખબર આપ્યાં કે તેઓ હસ્તિનાપુર જશે ત્યારે મને સાથે લઈ જશે! ત્યાં દ્રોણ નામે એક મહાન યુદ્ધનિપુણ અને વિદ્વાન ગુરુદેવ છે. આ સમાચાર પણ તેમણે મને આપ્યાં હતાં. એમના હાથ નીચે યુદ્ધવિદ્યા શીખવવા તેઓ મને મૂકવાના હતા. આ સમાચાર સાંભળીને મને તરત શોણ યાદ આવ્યો. ત્યારે એ પર્ણકુટિમાં નહોતો. મેં નક્કી કર્યું હતું કે આ સમાચાર હું એને સમજાવી-ફોસલાવીને આપીશ. નહિતર એ હસ્તિનાપુર સાથે આવવા નાહક જીદ કરશે એનો મને ભય હતો. એને પટાવવો એ અમારા સૌને માટે નેવાનાં પાણી મોભે ચડાવવા જેટલું કઠણ હતું.

હું મેદાનમાં આવ્યો. મને જોઈને સૌ છોકરાઓએ જોરશોરથી કોલાહલ મચાવી દીધો, 'વસુને બોલાવો, વસુને બોલાવો.' શોણે હર્ષાવેશમાં આવી હાથ ઊંચો કરી મને બૂમ મારી, 'વસુભાઈ, જલદી આવો.' હું ઝટપટ પહોંચી ગયો. સૌ મને ઘેરી વળ્યા. સૌએ એટલો કલશોર મચાવી દીધો કે તેઓ શું કહેવા માગે છે તે સ્પષ્ટ સમજી શકાયું નહિ. 'રાજા-વસુ-કુંડળ-સેનાપતિ' ત્રુટક ત્રુટક શબ્દો કાને અથડાયા. છેવટે બે હાથ ઊંચા કરી મેં જોરમાં ત્રાડ નાખી, 'બધા ચૂપ બેસી જાઓ.' અને તરત જ સૌ શાંત થઈ ગયા.

'અમે બધાએ રાજસભા ગોઠવી છે. ફક્ત યોગ્ય રાજા અમને મળતા નથી! તારા કાનમાં કુંડળ છે તેથી અમે તને જ રાજા બનાવવાનું નક્કી કર્યું છે!' બધા વતી બ્રહ્મદત્તે પ્રસ્તાવ મૂક્યો. સૌએ તાળીઓના ગડગડાટથી આ પ્રસ્તાવને ટેકો આપ્યો.

'અરે, હું તો શોણને લેવા આવ્યો છું.' મેં કહ્યું.

'અંહ, શોણ નહિ સેનાપતિ! અને સેનાપતિને બોલાવવા ક્યારેય રાજા જાય નહિ. એમણે તો સેવકને આજ્ઞા કરાય.' નટખટ બાહુકે ચાલાકી વાપરી.

'અને આપ સેનાપતિ છો! આપ મહારાજાને આ રીતે નામથી બોલાવો એ આપને શોભે? તમે કહેતા હતા કે, 'અરે, વસુ અહીં આવ.' સેનાપતિ શિસ્તનો ભંગ કરે તો સેના ન કરે?' અમાત્ય બ્રહ્મદત્તે શોણને ચેતવ્યો.

હું હા-ના કરતો રહ્યો અને સૌએ મળીને મને હાથ ઝાલીને પેલા કાળા પથ્થરના સિંહાસન પર બેસાડી દીધો! અત્યંત આદરથી ઝૂકીને બ્રહ્મદત્ત બોલ્યો : 'ચંપાનગરના અધિપતિ વસુસેન મહારાજનો...' સૌએ હર્ષોલ્લાસથી પ્રતિસાદ દીધો, '...જય હો!' સૌ નીચે બેસી ગયા. મારો હવે કોઈ છૂટકારો જ નહોતો. આથી હું રાજાની અદબથી બોલ્યો, 'અમાત્ય, સભાનું કામકાજ શરૂ કરવાની અનુજ્ઞા આપવામાં આવે છે!' અમારી આ રમત બરાબર જામી હતી. એટલામાં બાજુમાં ચરતાં પશુઓમાંથી એક ખડતલ આખલો જયજયકારના અવાજથી ભડક્યો. એણે એની જાડી પૂંછડી ઊંચી ટટ્ટાર કરી અવાજની દિશા તરફ કાન માંડ્યા. નસકોરા ફુલાવતો અને શિંગડાં ભરાવતો, કાનને ઊંચા કરતો સીધો અમારી તરફ ધસ્યો. એનું વિકરાળ રૂપ જોઈ બ્રહ્મદત્ત જીવ લઈને નાઠો. એ હાથ ઊંચા કરીને મોટેથી બોલ્યો, 'સેનાપતિ-મહારાજ-ભાગો-ભાગો-રાજ-પર-સંકટ.'

વરસાદનું પાણી જમીન પર પડતાંવેત ચારેબાજુ ફેલાઈ જાય એમ ચારેબાજુ સમાચાર ફેલાઈ ગયાં! શોણ મારી પાસે આવી નાસવા માટે મારો હાથ પકડી મને ખેંચવા લાગ્યો. હું ફટાક દઈને પથ્થર પર અક્કડ ઊભો રહી ગયો. શોણને ઉપર ઊંચકી લઈને એને મારી પાછળ ઊભો રાખ્યો. ઝંઝાવાત સમો એ આખલો અમારી તરફ ધસ્યો. એની આંખોમાં અંગારા ઝરતા હતા. અડફટમાં આવે એને લાત મારીને એનાં ચીંથરેચીંથરાં ઉડાડી નાખવા એના મગજની નસેનસ તણાતી હતી. એના મોંમાંથી લાળ ટપકતી હતી. ક્યારેક એ સૂર્યકિરણોમાં ચમકી ઊઠતી. પથ્થર પાસે આવીને એ સહેજ વાર ઊભો રહ્યો. આગળના પગની ખરીથી ખરરર માટી ખોદી અને શિંગડાં ઊંચાં કરી ધારદાર બાણની જેમ એકાએક ઊછળ્યો. મેં ક્ષણભર આકાશ તરફ મીટ માંડી. સૂર્યદેવ પોતાના રથના અસંખ્ય અશ્વોને કેવળ બે હાથથી આસાનીથી સંભાળતા હતા! તત્ક્ષણ શોણને પાછળ ધકેલી દઈ બીજી જ ક્ષણે મેં મારા હાથની મજબૂત પકડમાં આખલાનાં શિંગડાંને જકડી લીધાં! શોણે 'મોટાભાઈ' એમ ચીસ પાડી હોય એવું કંઈક આછું સંભળાયું, પછી શું શું થયું એ મને સ્પષ્ટ યાદ નથી. પરંતુ મને ઉલાળી મારવા જેમ જેમ એ પહેલવાન આખલો જોરદાર ઝીંક મારતો હતો તેમ તેમ મારા બંને હાથની પકડ એનાં શિંગડાંને જોરદાર ભીંસમાં લેતી હતી. મને થયું કે મારું શરીર જાણે અગ્નિમાં શેકાઈને રથ ચક્રના લોહની જેમ તપી ગયું છે! પછી વસુ કોણ હતો, ક્યાં હતો એની મને સહેજે ખબર નહોતી.

હું જાગ્યો ત્યારે એ જ મેદાનમાં પડ્યો હતો, પરંતુ મારું મસ્તક માના ખોળામાં હતું! બાજુમાં પિતા ઊભા હતા. એના હાથમાં આખલાની રાશ હતી. થોડી વાર પહેલાં લાલઘૂમ ડોળા ફાડીને ઊછળતો આખલો અત્યારે થાકી જવાથી હાંફતો હતો. એના મોંમાંથી ફીણ નીકળતાં હતાં! મારી સામે શોણ ઊભો હતો. એકીટશે મને જોયા કરતો હતો. મેં આંખો

ખોલા જોયું તો એના મુખ પર હાસ્યની લહેર ચમકતી હતી. મેં આસપાસ જોયું. થોડી વાર પહેલાં નાચતા કૂદતા બ્રહ્મદત્ત, વીરબાહુ અને અન્ય સાથીદારો ફરી એકઠા થયા હતા! મને એકાએક રાજસભા યાદ આવી. મને વિચાર આવ્યો કે એકાએક મારા દેહમાં આટલી વિરાટ શક્તિ ક્યાંથી આવી? અને બીજી જ ક્ષણે એ ક્યાં ચાલી ગઈ? હું તરત બેઠો થયો. મને ક્યાં વાગ્યું છે એ જોવા મારા શરીરને તપાસ્યું. દેહ પર એક નાનો શો ઉઝરડો પણ નહોતો! મેં ઊભા થઈ પિતા પાસેના હાથમાંથી રાશ મારા હાથમાં લીધી. હાંફતાં આખલાની પીઠ પર એક રમરમાવીને થપાટ મારી! એનાં રૂંવાડાં ભયથી થથરી ઊઠ્યાં! પોતાના પૂંછડાને સંકોરતો તે મારી પાસેથી ભાગવા જતો હતો, ત્યાં બાજુમાં ઊભેલા ગોવાળના હાથમાં એની રાશ પકડાવી દીધી. ગોવાળે મારી સામે ડોળા તગતગાવ્યા અને પોતાના આખલાને લઈને ચાલી ગયો!

રાજસભા વિખરાઈ ગઈ!

અગિયાર

જે કંઈ બની ગયું એના સવિસ્તર સમાચાર મને શોણે સાંજના આપ્યાં. એ આખલાએ મને પરાસ્ત કરવા ખૂબ પ્રયત્ન કર્યા હતા પણ એની એકેય કારી ફાવી નહોતી. બે કલાક સુધી ઉલાળા મારી મારીને માથું પટકતો રહ્યો. એણે મારા શરીરને અનેક ઝાટકા માર્યા હતા. વચ્ચે જોરદાર છલાંગ પણ મારી લેતો. એણે પગની ખરીથી જમીન પણ ઉખેડી નાખી હતી. અંતે થાક્યો અને ચૂપચાપ ઊભો રહ્યો. એના મોંમાંથી ફીણની ધાર છૂટી. એ એક સરખો હાંફતો રહ્યો. એટલામાં શોણ દોડીને પિતાને બોલાવી લાવ્યો. એમણે જ આખલાને નાથ્યો. મારા હાથની પકડ છોડાવતાં એમને પરસેવો છૂટી ગયો. જ્યારે પિતાએ મારા શરીર પર હાથ ફેરવ્યો ત્યારે અગ્નિ પર હાથ મૂક્યો હોય એવો ઝાટકો લાગ્યો હતો.

હું વિચારે ચડી ગયો. બે કલાક સુધી રાની પશુનો સામનો કર્યો તોપણ મારા અંગ પર એક પણ ઉઝરડો નહિ! મારું શરીર એવું તે કેવું તપી ગયું કે એને હાથ અડાડતાં ઝટકો લાગે?

ઉત્સુકતાથી મેં શોણને પૂછ્યું, ‘શોણ, તું રમતો હોય ત્યારે તને ક્યારેય વાગ્યું હતું?’ એણે કહ્યું : ‘ઘણી વાર, એક વાર મેં ગંગાના ઊંડા પાણીમાં ડૂબકી મારી. પાણીમાં ધારદાર પથ્થર હતો. મારું માથું એની પર અફળાયું! આંખો ચકળવકળ થવા લાગી. પાણીની બહાર નીકળ્યો તો પાણીનો રંગ લાલચટક! મારા માથામાં ઊંડો ઘા પડી ગયો હતો. બ્રહ્મદત્તે જ મને પાણીમાંથી ઉગાર્યો. કોઈ ઔષધિનાં પાંદડાંને પથ્થર પર વાટી એનો લેપ ઘા પર ચોપડી દીધો. મા ચિડાશે એ ભયથી મેં એમને આજ સુધી જણાવ્યું જ નથી. તું પણ જણાવતો નહિ!’ અને એણે નીચી ડોક કરીને માથામાંનો જખમ બતાવ્યો.

શોણને ચોટ લાગે છે અને ત્યારે એના શરીરમાંથી લોહી નીકળે છે. તો પછી મારા શરીરમાંથી પણ લોહી વહેવું જોઈએ ને! હું સફાળો ઊઠ્યો અને સીધો પર્ણકુટિમાં ગયો. અંદર અનેક ધનુષ્ય-બાણ હારબંધ ગોઠવ્યાં હતાં. એમાંથી એક બાણ ખેંચીને સરકાવી લીધું. એની તીક્ષ્ણ ધાર ચંદ્રરેખાની જેમ ચમકતી હતી. એની ધારદાર અણી પગને અડે એ રીતે બાણને ગોઠવી મેં તરત નિશાન લીધું! હમણાં જ ખચાક્ કરતું મારા પગમાં ઘૂસી

જશે એ વિચાર માત્રથી હું સહેજ ધ્રૂજી ગયો. મેં તરત આંખ મીંચી દીધી. આંખોમાં શુભ્ર તેજસ્વી પ્રકાશનાં વલયો તરવાં લાગ્યાં! બાણ પગ પર પડ્યું પણ જાણે ઘાસનું તણખલું ચોંટ્યું હોય એવું મને લાગ્યું. બાણની ધાર મારા પગમાં સહેજે ઘૂસી નહોતી! મને થયું કે હું નિશાન તો નથી ચૂકી ગયો ને? ફરી વાર મેં પગ પર એક પછી એક બાણ છોડ્યાં, પરંતુ એક વાર એની ધાર પગમાં ઘૂસી જ નહિ ને! બારીકાઈથી મેં પગનું નિરીક્ષણ કર્યું. એક નાનો શો ઉઝરડો પણ પડ્યો નહોતો. વિસ્મય અને શંકાનું ભૂત મારી સામે લટ વિખેરીને નાચવા લાગ્યું. પાગલની જેમ મેં બાણની ધાર સાથળ, હાથ, છાતી, પેટ પર જ્યાં ત્યાં બધે જોરજોરથી ખોસવાનો પ્રયત્ન કરી જોયો. પરંતુ શરીરના એકેય ભાગમાં એ ઘૂસે જ નહિ ને! કેમ ઘૂસતા નથી? શું મારા શરીરની ત્વચા અભેદ્ય છે? અંતરગગનમાં શંકાની વીજ અહીંતહીં ચમકવા લાગી... હા! મારી ચારેબાજુ કોઈથી ભેદી શકાય નહિ તેવું અભેદ્ય કવચ હોવું જોઈએ. અભેદ્ય કવચ! વાહ! હવે દોડતા રથે ગમે ત્યારે કૂદકો મારીશ તોપણ મને ક્યારેય ચોટ નહિ લાગે! પથ્થર, કાંકરા કે ગમે તે શસ્ત્ર ભલેને હોય પણ હું હવે ઘાયલ થવાનો જ નથી અને ઘાયલ નહિ થાઉં એટલે મરવાનો પણ નહિ! ક્યારેય નહિ! મારી આ સોનેરી ત્વચા સદાય આવી જ ચમકતી રહેશે! હું અમર રહેવાનો! મારી ત્વચા અભેદ હોવાને લીધે જ! આજે ઉન્મત આખલા સાથે ઝઝૂમવા છતાં મને ક્યાંય વાગ્યું નહિ. મારી પાસે કવચ છે. મારા કાનમાં ચમકતાં કુંડળ છે. શોણ મારો જ ભાઈ છે છતાં એની પાસે નથી કુંડળ કે નથી કવચ! મને એકલાને જ કેમ એ મળ્યાં? હું કોણ છું? હું કોણ છું? શંકાની ભૂતાવળ મારા અંતરગગનમાં ચકરાવા લાગી. અવળાસવળા વિચારોનો અગ્નિ ધૂંધવાવા લાગ્યો. મને થયું કે હું સૌથી નિરાળો છું. મારા અને આ બધા વચ્ચે મોટું અંતર છે. પણ બીજી જ ક્ષણે આ વિચારોથી હું દુઃખી થઈ ગયો જે રાધામાતાનું હું ધાવણ ધાવ્યો હતો, જેના રક્તમાંસથી મારો પિંડ બંધાયો હતો, જેણે મને મોટો કર્યો, જેણે મારે માટે અનેક કષ્ટો વેઠ્યાં એના માતૃવાત્સલ્ય વિશે શંકા કરવી એ શું મારી કૃતઘ્નતા નથી? ભોળેભાવે 'વસુભાઈ, વસુભાઈ' કહેતાં જેની જીભ સુકાતી નથી એવા સ્નેહાળ ભાઈને હું છેતરતો તો નથી ને? મારું મન બંડ પોકારી ઊઠ્યું અને કઠોર શબ્દોમાં ચેતવણી દેતું હતું કે, 'હું કોણ છું? હું કોણ છું?' આમ ગાંડાની જેમ બરાડા પાડવાની જરૂર નથી! સમજી લે! તું અધિરથ પિતા અને રાધામાતાનો જ પુત્ર છે! શોણનો મોટોભાઈ કર્ણ છે! સારથિકુળનો એક સારથિ છે! એક સારથિ!

બાર

બીજે દિવસે પિતાએ મને હસ્તિનાપુર જવા માટે તૈયાર થવા જણાવ્યું. એમના આદેશ પ્રમાણે મેં એક એક કરીને તમામ વસ્તુ ભેગી કરી. મનમાં વિચારોનું ઘમસાણ ચાલતું જ હતું. હવે ચંપાનગર છોડવું પડશે. આજે મારે આભને આંબતાં કિંશુક, સપ્તપર્ણ, ડંડણી, મધુક, પાટલ અને ખદિરનાં વૃક્ષોની માયા મૂકવાની હતી. અહીંના પત્રરથ, શ્યેન, કોયલ, ક્રૌંચ, કપોત વગેરે પક્ષીઓની વિદાય લઈ મારે દૂર દૂર જવાનું હતું! બ્રહ્મદત્ત, વીરમિત્ર, બાહુક વગેરેનો સાથ છોડવાનો હતો. વટવૃક્ષની ઘટાદાર છાયામાં રહેલી, જેણે મને ચૌદ વર્ષ સુધી પ્રેમથી નવરાવ્યો એવી સુંદર પર્ણકુટિને 'આવજો' કહેવાનું હતું. જેણે

મારું જીવથી જતન કર્યું હતું. ગાયના વાછરડાની જેમ પાળ્યોપોષ્યો હતો, મૃગબાળની જેમ જાળવ્યો હતો એવી રાધામાતાથી અળગા થઈને કોણ જાણે ક્યાં જવાનું હતું? જેના દૂધનું બિંદુ હજીય મારા હોઠ પરથી સુકાયું નથી એવી મારી પ્રેમાળ માતાને અશ્રુ સિવાય કશું જ દીધા વગર હું જઈ રહ્યો હતો. 'વસુભાઈ, વસુભાઈ' નામ લેતાં જેની જીભ થાકતી નથી એવા નિર્દોષ, ભલાભોળા શોણ સાથે મારે નાતો તોડવાનો હતો. સૌથી દુઃખદ વાત એ હતી કે અહીંની ગંગામાતાના વિશાળ જળ પર તરી આવતા, મને અત્યંત ઉત્સાહના સ્રોતથી ભરી દેતા સૂર્યદેવનું આ રૂપદર્શન હવે મને ફરીથી પ્રાપ્ત થવાનું નહોતું. હું હસ્તિનાપુર જઈ રહ્યો હતો. કેવું હશે એ હસ્તિનાપુર? સાંભળ્યું છે કે ત્યાં મોટા મોટા મહેલ છે. વિશાળ વ્યાયામશાળા, અનેકવિધ શસ્ત્રાસ્ત્રોથી ખીચોખીચ શસ્ત્રશાળા, હણહણતા ઊંચા અને ભરાવદાર અશ્વોની હારમાળાથી ઊભરાતી અશ્વશાળા, સાંતવણ વૃક્ષની જેમ આકાશને આંબતાં કળશથી શોભતાં ભવ્ય મંદિરો પણ છે અને મજબૂત કમાડ જેવી છાતીવાળા માંસલ ભૂજા અને જંઘાવાળા અસંખ્ય યોદ્ધાઓથી સમૃદ્ધ આ નગરી છે.

કહેવાય છે કે કુરુકુળના રાજ્યની આ રાજધાની છે! કઈ દિશામાં હશે તે? વિચારોની ધૂનમાં જે હાથમાં આવ્યું તે તમામ વસ્તુઓ ઝટપટ રથ પાસે લાવીને મૂકી. એટલામાં બહારથી શોણ આવ્યો. એ મને કામમાં મદદ કરવા લાગ્યો. એને હજી ખબર નહોતી કે હું આજે જઈ રહ્યો હતો. એણે કહ્યું, 'વસુભાઈ, પિતા રોજ રથ લઈને અહીં આવે તો કેવી મજા આવે નહિ? આપણને રોજ રથમાં ફરવા જવા મળે.' હું કંઈ બોલ્યો નહિ. 'આજ હું તને છોડીને જવાનો છું' એમ એને કઈ રીતે કહું? એની અવઢવમાં હતો. છેવટે પ્રસ્થાન કરવા માટે પિતાએ રથને અશ્વો જોડ્યા. શોણે જ એમને એક એક અશ્વ લાવીને આપ્યા. દરવાજે ઊભેલી માતાને મેં નીચે નમી પ્રમાણ કર્યાં. એણે મને ઊભો કર્યો અને ક્યાંય સુધી મને વહાલ કરતી રહી. મને બાથમાં લઈ ગદ્‌ગદ કંઠે બોલી, 'વસુ, મારી એક વાત માન. ગંગાનાં પાણીમાં કદી દૂર સુધી જઈશ નહિ!' એની આંખમાં આંસુનું તોરણ બંધાયું. બે અશ્રુબિંદુ મારા મસ્તક પર ટપક્યાં. હું રોમાંચિત થઈ ગયો. શરીરમાં લોહી વાયુવેગે ધસમસવા લાગ્યું. મારાં લોહીનું પ્રત્યેક બિંદુ એના આંસુને પ્રેમથી કહેતું હતું કે, 'મા, તારા ઉપદેશના મૂલ્યનું હું કઈ રીતે જતન કરું? તને આટલી ખાતરી આપું છું કે સાક્ષાત્ મૃત્યુ આંગણે આવીને ઊભું રહેશે તોપણ તારો વસુ ક્યારેય સત્યથી એક તસુભાર વિચલિત થશે નહિ, બસ!'

કંઈક યાદ આવતાં તે ફરી પર્ણકુટિમાં ગઈ. બીજી જ ક્ષણે બહાર આવીને એણે મારા હાથમાં એક ચાંદીની નાની ડબી મૂકી દીધી! અત્યંત ગળગળા અવાજે બોલી, 'વસુ, તને જ્યારે પણ મારી યાદ આવે ત્યારે આ ડબીનાં દર્શન કરજે. આ તારી મા જ છે એમ સમજીને એને જાળવજે!'

મેં ડબીને ઉત્તરીય સાથે બાંધી દીધી. ફરી માતાને પ્રણામ કર્યાં. એણે ધ્રૂજતે હાથે દહીંનાં ચાર ટીપાં મારા હાથમાં મૂક્યાં. મેં તે પીધાં. એક વાર આખી પર્ણકુટિને આંખોમાં ભરી લીધી. હું રથ તરફ વળ્યો. રથ તૈયાર હતો. શોણ પિતા સાથે વાત કરતો હતો. પિતાએ મને રથમાં બેસી જવા ઇશારો કર્યો.

હું રથમાં બેઠો એટલે તરત શોણે પિતાને પૂછ્યું, 'ભાઈ, ક્યાં જાય છે?' એની આંખમાં વ્યાકુળતા હતી. એ રડવા જેવો થઈ ગયો. 'તે મારી સાથે હસ્તિનાપુર આવે છે.

તું અંદર જા.' પિતાએ અશ્વની લગામ પોતાના હાથમાં લઈ ચાબુકથી એની પીઠ ફટકારતાં શોણને જણાવ્યું. અશ્વો એકદમ ઊછળ્યા અને પૂરપાટ દોડવા લાગ્યા. શોણ હાથ ઊંચા કરીને 'ભાઈ ઊભા રહો, ઊભા રહો' એમ બૂમો મારતો રથ પાછળ દોડવા લાગ્યો. માએ દોડીને એને પકડી લીધો. મેં નિરાંતનો શ્વાસ લીધો. રથ આગળ ધપવા લાગ્યો, પરંતુ શોણ ફરીથી માના હાથમાંથી છૂટી ગયો હતો! દૂરથી એની નાની આકૃતિ આગળ સરકતી દેખાતી હતી. ઉત્તરીય સંભાળતો એક હાથ ઊંચો કરીને તે દોડતો હતો. ગામની સીમાએ અમે આવી પહોંચ્યા! મને થયું કે અંતે શોણ થાકીને પાછો ચાલ્યો જશે પણ એ તો હાથ ઊંચા કરીને હજી પણ દોડતો આવી રહ્યો હતો. મેં પિતાને રથ ઊભો રાખવા કહ્યું. રથને ઊભેલો જોઈ એ હરણફાળ ભરવા લાગ્યો. ભોળો બ્રહ્મા જેવો દેખાતો શોણ કેટલો સાહસિક હતો? એને મારી સાથે આવવું'તું એટલે જ ગાંડાની જેમ દોડતો હતો. કેટલો જિદ્દી હતો? એ જીદ કેમ ન કરે? એને મારા પર કેવી નિર્મળ લાગણી હતી? થોડી વારમાં તો તે હાંફતો હાંફતો અમારી પાસે આવી પહોંચ્યો. એનો કોમળ ચહેરો પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો. એ અત્યંત થાકી ગયો હતો છતાં તરત જ નજીક આવીને જોરથી છલાંગ મારી તે રથમાં ચડી ગયો. રડમસ ચહેરે, હાંફતે હૈયે, ત્રુટક શબ્દોમાં તેણે કહ્યું, 'મોટાભાઈ, તું મને એકલો છોડીને જાય છે? તું જઈશ તો હું પણ તારી સાથે આવીશ. ઘેર પાછો નહિ જાઉં?' મેં પિતા સામે જોયું. એમણે તરત જ નિર્ણય લીધો અને કહ્યું : 'સારું – તું પણ સાથે આવ.' શોણ આનંદવિભોર બનીને મને ભેટી પડ્યો. મેં ઉત્તરીયથી એના ચહેરા પરનો પસીનો લૂછ્યો. હું કેટલો ભાગ્યશાળી છું! મને શોણ જેવો પ્રેમાળ ભાઈ મળ્યો હતો!

નગરીનાં એક એક પરિચિત સ્થળ સરકતાં ગયાં. આસપાસની ગીચ વનરાઈમાં ચંપાનગરી અદશ્ય થવા લાગી. મારું શૈશવ પણ આમ જ અદશ્ય થતું ગયું. આસપાસની આ હરિયાળી જ્યાં મારા શૈશવની પગલીઓ પડી હતી એ મારી આંખોથી ઓઝલ થવા લાગી. બકુલ, ખદિર, ડંડણીનાં વૃક્ષો સરકતાં ગયાં. ભૂછત્ર જેવી દેખાતી અમારી પડોશની પર્ણકુટિ પણ આંખથી આઘી થઈ ગઈ. બે દિવસ પહેલાં જ્યાં અમે રાજસભાની રમત રમ્યા હતા તે અમારા ગામની બહારનું મેદાન આવ્યું! ત્યાં વચ્ચે પડેલો કાળો પથ્થર તપી રહ્યો હતો. મને રાજા સમજીને માન દેનાર આ પથ્થરનું સિંહાસન – મહારાજ 'વસુસેન'નું સિંહાસન મને મૂકપણે વિદાય દેતું હતું. મેં હાથ જોડીને એ સિંહાસનને અને ચંપાનગરીને વંદન કર્યાં. મારું જીવન શૈશવની હરિયાળી છોડીને આગળ દોડવા લાગ્યું! ચંપાનગરીથી હસ્તિનાપુર તરફ!

તેર

હસ્તિનાપુર! કુરુ રાજવીઓની સમર્થ અને સંપન્ન રાજનગરી મહાપરાક્રમી યોદ્ધાઓની નગરી! અનેકવિધ કલાકારોની નગરી! જે નગરી વિશે મેં મનમાં અનેક કલ્પનાઓ કરી હતી, જે નગરી વિશે આજ સુધી હું પિતાને મુખેથી સાંભળતો આવ્યો હતો એ હસ્તિનાપુર એક મહિના પછી દષ્ટિગોચર થવા લાગી. પ્રાસાદ અને મંદિરનાં કળશો આકાશને આંબતાં હતાં. નગરને પોતાનાં રૂપેરી પાણીથી આલિંગન દેતી ગંગામાતા મંદ મંદ વહેતી હતી. એને કાંઠે પક્ષીઓ કલરવ કરતાં વિહાર કરી રહ્યાં હતાં. આજુબાજુ બે-ત્રણ જોજન સુધી પથરાયેલાં

ઊંચા ઊંચા પ્રાસાદો, ગૌશાળા, અશ્વશાળા, મંદિરો અને વ્યાયામશાળાથી આ નગર ઊભરાતું હતું. મહાપ્રતાપી અને પુણ્યશાળી કૌરવરાજ ધૃતરાષ્ટ્રના નગરમાં અમારો રથ પ્રવેશ્યો. મારો જીવનરથ પણ આ જ નગરના માર્ગ પર દોડવાનો હતો. ચંપાનગરીની ગંગામાતાએ મને આજ સુધી સાથ આપ્યો હતો. એ મને અહીં પણ દેશે? મેં મારા મનને પૂછ્યું. રસ્તાની ધૂળ ઉડાડતો રથ નગરની સીમામાં પ્રવેશ્યો. અશ્વપાલ અશ્વોને પાણી પીવરાવવા લઈ જતો હતો. ગોવાળો ગાયોની ઘંટડીના તાલે પાછા ફરતા હતા. સ્ત્રીઓ પાણી ભરવા ગંગા નદી તરફ કળશ લઈને જઈ રહી હતી. ખેતરોમાં પરિશ્રમ કરી ખેડૂતો ખભે હળ મૂકીને પાછા વળી રહ્યા હતા. મારી આંખો અહીંના એક એક દૃશ્યને હૃદયમાં સમાવતી જતી હતી. પશ્ચિમ દિશામાં સૂર્યદેવ થાકીને નગરની વિદાય લઈ રહ્યા હતા. એણે પ્રસારેલાં કિરણો ક્ષિતિજમાં વાદળોને ગુલાબી, કેસરી, રૂપેરી જેવાં અનેક રંગોથી સજાવતાં હતાં. પોતાનાં કિરણોનું આ મનોહર જાદુ દેખાડનાર સૂર્યદિવ તરફ હું આદરથી જોઈ રહ્યો! પોતાની મૂલ્યવાન વસ્તુ અન્યને સોંપતી વખતે કોઈ લલનાના મુખ પર વિરહના જે ભાવો પથરાઈ જાય એવા જ વિચિત્ર ભાવો મને એના એ સ્વરૂપમાં દેખાયા! એની બાજુમાં જ એક શ્યામ વાદળી હતી. કદાચ એટલે જ મને એવો ભાસ થયો હશે! અસ્ત થતો સૂર્ય પોતાનાં કિરણો રૂપી અસંખ્ય લાંબી આંગળીઓ હસ્તિનાપુરના મુખ પર પસવારી જાણે કહી રહ્યો હતો કે, 'હવે આપણે સવારે મળશું!'

અમારો રથ રાજમહેલના મહાદ્વારમાં પ્રવેશ્યો. દ્વારપાળે નીચે નમીને પિતાને આદરપૂર્વક નમસ્કાર કર્યા. રથ અશ્વશાળા પાસે ઊભો રહ્યો. રોજની જેમ છલાંગ મારીને શોણ રથમાંથી નીચે ઊતર્યો. હું રથમાં જ બેસીને રાજમહેલ જોવા લાગ્યો. એ નવજાત બાળક જેવો દેખાતો હતો. સંપૂર્ણ રાજમહેલ સફેદ સંગેમરમરના આરસથી બાંધેલો હતો. આ નગરનો પરીઘ એટલો વિશાળ હતો કે આખી ચંપાનગરી અનાયાસપણે એની સીમામાં સમાઈ જાય! એની સીમાને શ્યામ પાષાણથી જડી દીધી હતી. શ્યામ સીમાની વચ્ચે આ શ્વેત રાજમહેલ કેવો દેખાતો હતો? જાણે કાળી માટીની ગોળીમાં ઠાંસોઠાંસ ભરેલો માખણનો પિંડો! આ મહેલને અનેક ખંડો હતા. વચમાં ગોળાકાર પાણીનું તળાવ હતું. એમાં અસ્ત થતાં સૂર્યદેવનાં અસંખ્ય કિરણો સ્વેચ્છાએ વિહાર કરતાં હતાં. રંગીન માછલીઓ અને શ્વેત તથા ઉન્નત ગ્રીવાવાળા રાજહંસો કિલ્લોલ કરી રહ્યાં હતાં. શ્વેત અને નીલ કમળો વાયુની લહરીથી અહીંતહીં ડોલતાં હતાં. તળાવને ચારે ખૂણે શ્વેત પાષાણમાંથી કોતરેલી સિંહની આકૃતિઓ હતી. સામે રાજમહેલમાં જવા માટે ચડવાનાં અસંખ્ય પગથિયાં હતાં. મનમાં અચાનક ઘૂમરી ચડી ને હું પગથિયાં ગણવાં લાગ્યો. એકસો ને પાંચ હતાં! એકાદ પગથિયું ગણવાનું ચૂકી તો નથી ગયો ને? એમ સમજી ફરીથી ગણવા લાગ્યો. એક... બે... ચાર... પાંચ... દસ... વીસ... પચાસ... સો... એકસો એક... એક... બે... ચાર... પાંચ... અને એકસો છ! અરે! પહેલાં ગણ્યાં ત્યારે એકસો ને પાંચ હતાં અને હવે એકસો ને છ કેવી રીતે થઈ ગયાં? હું વિચારમાં પડી ગયો. જે હોય તે. એકસો ને પાંચ હોય કે એકસો ને છ આપણે શું? એમ વિચારી ઉત્તરીય સરખું કરતો હું હસ્તિનાપુરની વૈભવશાળી અને પવિત્રભૂમિ પર પગ મૂકવા જતો હતો ત્યાં સામેથી કાળા ડિબાગ સાત અશ્વોનો એક રથ વાયુવેગે ધડધડ અવાજ કરતો મુખ્યદ્વારની અંદર પ્રવેશ્યો! કોઈ પ્રતિહારીએ ઘોષણા કરી, 'હસ્તિનાપુરના

અધિપતિ મહારાજ ધૃતરાષ્ટ્રના પુત્ર યુવરાજ શિરોમણી દુર્યોધન...!' અને બધા સેવકો અને દ્વારપાળો સાવધાન થઈને ઊભા રહી ગયા. પિતાજીએ પણ રથ તરફ ઝૂકીને પ્રણામ કર્યાં.

'કહો, કાકા, ચંપાનગરીથી ક્યારે આવ્યા?' યુવરાજે રથથી ઊતરતાં હસતાં હસતાં પૂછ્યું.

'આ ચાલ્યો જ આવ્યો છું, યુવરાજ.' પિતાએ સવિનય જવાબ દીધો.

હું રથમાંથી યુવાન દુર્યોધનને એકીટશે જોઈ રહ્યો. એ ચૌદ-પંદર વર્ષના હતા. એ યોદ્ધાના વેશમાં હતા. આ વેશમાં તેઓ વિષ્ણુ જેવા શોભતા હતા. હાથમાં ધારણ કરેલી ગદાને લીધે એ વધુ પ્રભાવશાળી લાગતા હતા. એક જ છલાંગ મારી અમે રથમાંથી નીચે ઊતર્યા અને પિતા પાસે આવ્યા. દુર્યોધનની ચાલ ગર્વિલી અને મોહક હતી. એનું પ્રત્યેક પગલું મત્ત હાથીની જેમ ભૂમિ પર દઢતાથી મંડાતું હતું. હાથમાંથી અવારનવાર સરી જતા ઉત્તરીયને પોતાના હાથથી જાળવતા હતા. એમની માંજરી આંખો વેધક અને પાણીદાર હતી. વિશાળ ભાલપ્રદેશ અને નાક સીધું અને અણીદાર હતું. પરંતુ કોને ખબર કેવળ એક ચીજ એમની મને ખટકી. તે એમની ભ્રમરો! કેવી હતી એ? ઘટ્ટ અને કુટિલ! અજગરની જેમ આખા વિશ્વને પોતાની પકડમાં લેવા માગતી હોય તેવી!

મારી સામે જોઈને એણે મારા પિતાને પૂછ્યું, 'કાકા, આ કોણ છે?'

'આ મારો દીકરો કર્ણ, યુવરાજ!' પિતાએ જવાબ આપ્યો.

'કર્ણ, વાહ! સરસ. પણ આજે એને કેમ તમારી સાથે લઈ આવ્યા છો?'

'આપણી રાજનગરી દેખાડવા.'

'સારું, મંત્રીને મળજો. એ એને આખું નગર બતાવશે.'

વંટોળિયાની જેમ આવ્યા એવા જ એ પાછા ગયા અને વીજળીની જેમ તેજ ગતિએ રાજમહેલનાં પગથિયાં ચડવા લાગ્યાં. ઘડીક વારમાં લગભગ બધાં જ પગથિયાં ચડી ગયાં. ફક્ત એક પગથિયું બાકી રહ્યું. તેઓ ત્યાં થંભી ગયા. તરત પાછા વળ્યા. જળધારાની જેમ ક્ષણવારમાં તમામ પગથિયાં ઊતરી ફરી અમારી પાસે આવીને ઊભા રહ્યા. મારી નજીક આવી મારાં કુંડળ સામે એકીટશે જોઈ રહ્યા. પછી પૂછ્યું, 'આ કુંડળ તને જન્મજાત મળ્યાં છે?'

'હા.' મેં એમની માંજરી આંખ સામે ટીકી ટીકીને જોતાં કહ્યું.

'આ કુંડળમાં તું ખૂબ સુંદર લાગે છે! એટલો સુંદર લાગે છે કે કોઈ તને આ કાકાનો દીકરો માને જ નહિ! કેમ કાકા, ખરી વાતને?' મારા ખભે હાથ ટેકવી માથું ધુણાવી ખડખડાટ હસતાં પિતાને પૂછ્યું. તેઓ કદાચ મૂંઝવણમાં પડી ગયા હશે. કંઈ જવાબ ન દેતાં તેઓ ચૂપચાપ ઊભા રહ્યા.

થોડી વાર પહેલાં શ્યામ વાદળોએ સૂર્યદેવને સંતાડી દીધા હતા! આથી શ્વેત શુભ્ર સંગેમરમરનો આખોય રાજમહેલ ધૂમ્રાચ્છાદિત દેખાતો હતો! આ જોઈ મારો શ્વાસ ઘૂંટાતો હોય તેમ લાગ્યું! યુવરાજ દુર્યોધન આવ્યા એવા જ પાછા તેજ ગતિએ ચાલ્યા ગયા. અમે બંને એમને જતાં જોઈ રહ્યા. એમની પીઠ પણ ધીરે ધીરે દેખાતી બંધ થઈ.

ક્ષણ પહેલાંનું ધૂંધળું આકાશ નિર્મળ થઈ ગયું. ઝાંખાં દેખાતાં પગથિયાં હવે સ્પષ્ટ દેખાતાં હતાં!

પિતા રથશાળામાં રથ છોડીને આવ્યા. શોણ આટલાં બધાં પગથિયાં નહીં ચડી શકે એમ સમજી તેઓ એને પોતાના કક્ષમાં મૂકી આવ્યા. મહારાજ ધૃતરાષ્ટ્રને મળવા અમે એ ભવ્ય રાજમહેલનાં પગથિયાં ચડવા લાગ્યાં. પગથિયાં ચડતાં ચડતાં મારા મન-મંદિરમાં સ્મૃતિની ઘંટડીઓ રણકવા લાગી. એક સમયે પિતાએ કહેલી કુરુવંશના પરાક્રમી પૂર્વજોની કથા મારા મનના ઊંડાણમાંથી ઊછળીને એક પછી એક કૂદી પડી. મારા મનમાં ભય, કુતૂહલ, આદર, સંકોચ અને શ્રદ્ધાના વિવિધ ભાવો ઊભરાવા લાગ્યા.

સૂર્યવંશી પરાક્રમી મહારાજ હસ્તીએ આ નગર ગંગાનદીનાં વિપુલ અને સ્વચ્છ જળ જોઈને જ વર્ષો પૂર્વે અહીં વસાવ્યું હતું. એના પ્રપૌત્ર મહારાજ કુરુ એટલા પરાક્રમી હતા કે પ્રજાજન એમના સૂર્યવંશી પૂર્વજોને કુરુના નામે, કુરુવંશ તરીકે ઓળખવા લાગ્યા. એમના વંશજને તેઓ કૌરવો જ કહેવા લાગ્યા. એ મહાપરાક્રમી મહારાજ કુરુએ જ આ મહેલ બંધાવ્યો હતો.

સૂર્યવંશમાં બુદ્ધિમાન મનુ, પુરુષશ્રેષ્ઠ પુરુરવા, ઇન્દ્રોનેય સુધ્ધાં પરાસ્ત કરી શરણે લાવનાર નહુષ, પોતાના દિગ્વિજયથી સમસ્ત આર્યાવર્તને ધ્રુજાવનાર યયાતિ, એમના પરાક્રમી પુત્ર યદુ અને પુરુ, જનમેજય, અહંયાતિ, દેવાતિથી, દુષ્યંત, ભરત, હસ્તી અને અજમીઢ જેવા તેજસ્વી મહારાજાઓ થઈ ગયા હતા. આ જ સૂર્યવંશમાં પોતાનાં અસાધારણ વીરકર્મોથી પ્રજાજનોને આગલા રાજાઓની વિસ્મૃતિ કરાવી દેનાર મહારાજ કુરુ ખરેખર મહાન, પરાક્રમી અને ગુણસંપન્ન જ હોવા જોઈએ! કેવા હતા મહારાજ કુરુ? કેવલ મહારાજ કુરુ જ શા માટે? એમના પછી પણ આ રાજમહેલમાં પરાક્રમીઓની ક્યારેય ખોટ ક્યાં પડી છે? વિદૂરથ, અનશ્વન, પરીક્ષિત, ભીમસેન, પરિશ્રવસ એવા એક એકથી ચડિયાતા પરાક્રમી મહારાજાઓની હારમાળા આ 'કુરુ' વંશમાં જ તૈયાર થઈ હતી. મહારાજ પરીક્ષિત તો કુરુકુળનું ભૂષણ હતા. એ મત્સ્ય કન્યા સાથે લગ્ન કરનાર પરિશ્રવસ મહારાજના પુત્ર શાંતનુએ તો આ કુરુવંશમાં એક નવો જ આદર્શ પૂરો પાડ્યો હતો. આવા અમાપ રાજવૈભવને તૃણ સમાન ગણી ઠોકરે મારનાર એમના ભાઈ મહારાજ દેવાપી તો કુરુવંશ પરંપરાના સાક્ષાત્ કળશ સમા હતા! વિવિધ પ્રકારના વિજયોલ્લાસમાં ગરકાવ એવા કેટલાય દિવસો આ રાજમહેલે જોયા હશે?

એક એક મહેલ જોતાં જોતાં અમે આગળ ચાલતા હતા. શક્ય તેટલું તમામ મારી આંખો જોઈ વળતી હતી. વિશાળ રાજમંદિર અનેક મહેલોથી શોભતું હતું. મહેલના પ્રત્યેક થાંભલા પર સુંદર નકશીકામ કોતરવામાં આવ્યું હતું. પ્રત્યેક થાંભલો અખંડ પથ્થરથી ઘડાયેલો હતો. મહેલોની ભીંતો પર કુરુવંશના પૂર્વજોના જીવનપ્રસંગોનાં અનેક સુંદર ચિત્રો આલેખવામાં આવ્યાં હતાં. પ્રત્યેક મહેલને દરવાજે દાસદાસીઓ વિનમ્રભાવે ઊભી હતી. એમની પ્રત્યેક ક્રિયામાં ચપળતા હતી. અનેક સ્થળે યોદ્ધાઓનાં સુંદર શિલ્પો વિભિન્ન મુદ્રામાં કંડારેલાં હતાં. ઠેકઠેકાણે લાકડાના પિંજરામાં મયૂર, કોયલ, કપોત, ભારદ્વાજ આદિ પક્ષીઓને પૂરવામાં આવ્યાં હતાં. તેઓ જાતજાતના અવાજો કરતા હતા. કૌરવોનાં વીરકર્મોનાં પ્રતીક સમાં જીવંત શિલ્પો પણ ત્યાં હતાં!

અમે મહારાજના મહેલમાં પ્રવેશ્યા. ઉત્સુક ચહેરે હું બધું જોતો હતો. સુવર્ણજડિત એક ઊંચા નકશીદાર સિંહાસન પર મહારાજ ધૃતરાષ્ટ્ર બેઠા હતા. એમના મસ્તક પર

નકશીદાર સુવર્ણ મુગટ હતો. અંગ પર ઝગમગતાં રાજવસ્ત્રો હતાં. ગળામાં માણેક, મોતી, વૈદુર્યની માળાઓ ઝૂલતી હતી. એમાંથી ફેંકાતાં પ્રકાશનાં વલયો એમની ભરાવદાર ગરદનની આસપાસ ફેલાયેલાં હતાં. વિશાળ વક્ષસ્થાનવાળા મહારાજ ઘેઘૂર લાંબી શ્વેત દાઢીમાં ભારે પ્રભાવશાળી લાગતા હતા. પ...ણ એમની આંખોની આસપાસ કાળાં કુંડાળાં શેનાં હતાં? આંખો બંધ જેવી કેમ લાગતી હતી? એમની જમણી બાજુએ સહેજ નીચે એક સાદા લાકડાના આસન પર એક સૌમ્ય અને તેજસ્વી ચહેરાવાળી એક સજ્જન વ્યક્તિ બેઠી હતી. શ્વેત ઉત્તરીયનો એક છેડો એમણે ડાબા ખભાની પાછળ રાખ્યો હતો. એને લીધે ખુલ્લો દેખાતો ગૌર પુષ્ટ હાથ કેળના વૃક્ષના સ્તંભ જેવો ચમકદાર લાગતો હતો. ચહેરો ગોળમટોળ હતો. આંખો શાંત અને ગંભીર હતી. કપાળમાં ચંદનનું તિલક હતું. મહારાજની ડાબી બાજુએ એક ખાસ્સી ઊંચી વ્યક્તિ હાથમાં સુવર્ણદંડ લઈને ઊભી હતી.

અત્યંત આદરથી પિતાએ મહારાજને નમીને વંદન કર્યાં. મને પણ તેમ કરવા ઇશારો કર્યો. મેં પણ નમીને પ્રણામ કર્યાં.

'હું આપનો સેવક સૂતરાજ અધિરથ આપને વંદન કરું છું. આ મારો પુત્ર કર્ણ પણ આપને સાદર પ્રણામ કરે છે; મહારાજ!' ઝૂકીને પિતાએ કહ્યું.

'આવ. સૂતરાજ અધિરથ, તારી ચંપાનગરીનાં શાં સમાચાર છે? તારી સાથે તારો પેલો કવચકુંડળધારી પુત્ર કર્ણ છે કે શું? અમે એનાં કવચકુંડળ વિશે ઘણું સાંભળ્યું છે!'

'હા, મહારાજ. એ જ આ કર્ણ.'

'એમ! બાળ કર્ણ, મારી પાસે આવ.' એમણે મારી તરફ સંકેત કર્યો.

પિતાએ મને એમની નજીક જવા ઇશારો કર્યો. હું એમની નજીક ગયો. મહારાજ કંઈક ફંફોળતા હોય એમ મારો હાથ શોધી એમના હાથમાં લીધો. મેં એમની સામે જોયું. એમની બંને તાંબાવર્ણી લાલ આંખોના ખૂણા ભીના થઈ ગયા હતા. પાંપણની નજીકના સ્નાયુ પાંપણો ઉઘાડવા અધીરા બન્યા હતા. પરંતુ પાંપણો ખૂલવાને બદલે આંખમાંથી આંસુ સરકીને ગાલ પર થઈ શ્વેત દાઢીના વાળમાં સમાઈ ગયાં! મેં નીચા વળીને એમનો ચરણસ્પર્શ કર્યો. એમણે પોતાના કાંપતા બંને હાથોમાં મારું મુખ સમાવી દીધું. આંગળીઓથી કાનનાં કુંડળને શોધી કાઢ્યાં. એમના થરથર કંપતા સ્પર્શમાં કોઈ અદ્‌ભુત આકર્ષણ હતું. ભવાં ઊંચાં કરી જમણી બાજુ મોં ફેરવીને તેમણે વિદુરને કહ્યું : 'વિદુર, ખરેખર નવાઈની વાત છે નહિ? આનાં માંસલ કુંડળ એક અસાધારણ ઘટના છે!'

'હા, મહારાજ. એના અંગ પર સોનેરી કવચ પણ છે!' વિદુરે પિતા સામે જોઈને પૂછ્યું : 'અધિરથ, તું તો શ્યામવર્ણો છે અને તારો પુત્ર સુવર્ણરંગી કેમ?'

'એ માતૃવર્ણો છે, ગુરુદેવ!' પિતાએ હાથ જોડીને મહારાજને કહ્યું : 'એક વિનંતી છે, મહારાજ!'

'બોલ, અધિરથ, શી વિનંતી છે?'

'યુવરાજની સાથે મારા આ પુત્રને જો યુદ્ધવિદ્યા શીખવા મળે તો...'

'અવશ્ય અધિરથ, હમણાં જ જા અને ગુરુ દ્રોણને મળીને એનું નામ એમની યુદ્ધશાળામાં લખાવી દે.'

ડાબી બાજુ ઊભેલી ઊંચી વ્યક્તિને મહારાજે કહ્યું, ‘વૃષવર્મા, આને જોઈતી મદદ કરો.’

‘આજ્ઞા, મહારાજ!’ રાજદંડ સ્થિર રાખીને અમાત્ય વૃષવર્માએ વંદન કર્યાં.

મહારાજને પ્રણામ કરી અમે બહાર નીકળ્યા. પાછી ફરતાં પહેલાં મેં વિદુર તરફ નજર કરી. એમના વિશાળ ભાલ પર એક ઝીણી રેખા અંકાતી જોઈ. એ રેખા ઘડીકમાં વર્ષાની ઝીણી ધાર સમી તો ઘડીકમાં નિરભ્ર આકાશમાં ચમકતી વીજળી સમી શોભતી હતી!

ચૌદ

અમે નગરની યુદ્ધશાળામાં ગયા. મેં પિતાને પૂછ્યું, ‘મહારાજની આંખોને શું થયું છે?’

‘બેટા, તેઓ અંધ છે. એટલે એમની પત્ની રાજમાતા ગાંધારીદેવીએ પણ સમદુખિયા રહેવા માટે આંખે પાટા બાંધ્યા છે. જેથી આ સંસાર જોવાય નહિ!’

‘રાજમાતા ગાંધારીદેવી?’

‘હા, યુવરાજ દુર્યોધનની માતા. એમને હજી બીજા નવ્વાણું પુત્રો છે. હમણાં જ એ બધા તને યુદ્ધશાળામાં દેખાશે. મહારાજ પાંડુના પાંચ પુત્રો પણ તને જોવા મળશે!’

‘પાંડવ?’

‘હા. આ રાજ્યના ખરા વારસદાર કૌરવરાજ મહારાજ પાંડુ હતા, પણ તેઓ અકાળે મૃત્યુ પામ્યા. આથી આ રાજ્ય એમના ભાઈ મહારાજ ધૃતરાષ્ટ્રને મળ્યું. મહારાજ પાંડુના પુત્રોને પ્રજા “પાંડવ”થી ઓળખે છે.’

‘એટલે કે કુરુવંશના એકસો ને પાંચ યુવરાજો છે એમ જ ને? પાંચ પાંડવ અને સો ધૃતરાષ્ટ્ર! આટલા બધા યુવરાજો એકમેક સાથે હળીમળીને કેવી રીતે રહેતા હશે? મને તો નવાઈ લાગે છે.’

‘આ ઉપરાંત બે મહારાજ અને એક પિતામહ – પિતામહ ભીષ્મ!’ પિતાએ કહ્યું.

‘બે મહારાજ કોણ?’

‘એક મહારાજ ધૃતરાષ્ટ્ર અને બીજા વિદુર.’

‘વિદુર મહારાજ કેવી રીતે? થોડી વાર પહેલાં તો તમે એમને ગુરુદેવ કહ્યા હતા!’

‘હા, બેટા. ગુરુદેવ વિદુર મહારાજ ધૃતરાષ્ટ્રના ભાઈ થાય, પરંતુ એમણે રાજસંન્યાસ લીધો છે.’

‘સંન્યાસ? સંન્યાસ એ વળી શું?’

‘સંન્યાસ એટલે એમણે રાજ્યને લગતી તમામ વસ્તુઓનો ત્યાગ કરી દીધો છે. આ રાજ્ય, આ રાજમહેલ, આ વૈભવ – આ બધામાંથી એમણે પોતાનો હક છોડી દીધો છે.’

‘તો પછી તેઓ અહીં કેમ રહે છે?’

‘પોતાના અંધ ભાઈ રાજકારભારમાં અપંગ ન થઈ જાય એટલા માટે. એમના પ્રત્યેક શબ્દનું માન છે. એવી જ રીતે પાંડવોની માતા-રાજમાતા કુંતીદેવીનું પણ માન છે.’

'રાજમાતા કુંતીદેવી!' એમ પ્રશ્ન પૂછવા જતો હતો એટલામાં બાજુની કુંજમાંથી એક કોયલ કુ...ઉ, કુ...ઉ કરતી અશોકવૃક્ષ પરથી સરર કરતી ઊડીને અમારા માથા પરથી પસાર થઈ ગઈ. મેં એની સામે જોયું. મને ભગદત્ત યાદ આવ્યો. તેણે એક વાર કહ્યું'તું કે, 'સપ્તસ્વરનું તાન કરનાર કોયલનાં બચ્ચાં કાગડાના માળામાં સેવાયા છે, કારણ એની મા જ એને જન્મતાંની સાથમાં કાગડીના માળામાં મૂકી આવે છે.' કેવો ગાંડો છે ભગદત્ત! અરે, કોયલ ક્યાં ઊછરે છે એ જાણીને આપણે શું કામ છે? યોગ્ય સમય આવતાં ચારે દિશાના વાતાવરણને મુગ્ધ કરનાર તેના ટહુકાર આપણને સાંભળવા મળે એટલે બસ થયું!

ચાલતાં ચાલતાં અમે એક વિશાળ ભવ્ય મંદિર પાસે આવ્યા. વિષ્ણુ ભગવાનનું એ મંદિર હતું. એના કળશ સોનાના હતા. અસ્ત પામતાં કિરણોમાં આ કળશ આકાશની નીલી પાર્શ્વભૂમિ પર ચળકતા હતા. એના પર સોનેરી કિરણો પરાવર્તિત થતાં હતાં.

'મહારાજાએ જ આ કળશ બેસાડાવ્યા છે.' એ કળશ તરફ આંગળી ચીંધતા પિતા બોલ્યા.

હું વિચારમાં પડી ગયો. આ મંદિરને સોનાના કળશ ચડાવનાર અહીંના રાજા અંધ છે. આ અપાર વૈભવ એમનો છે, પરંતુ એ તો કદી એમની આંખોથી જોઈ શકવાના નથી! અંધરાજાને આટલો વૈભવ આપ્યો. પણ એનો શો અર્થ? તેઓ જોઈ ન શકે એવી ક્રૂર વ્યવસ્થા કરનાર દૈવ જ અંધ લાગે છે! સો પુત્રો અને આટલા રાજવૈભવના સ્વામી એવા આ રાજાને ભાગ્યવાન ગણવા કે આ સર્વને જોવા જેમની પાસે દૃષ્ટિ નથી, તેથી એમને કમભાગી કહેવા? તેઓ પોતાના સો પુત્રોને કઈ રીતે ઓળખી કાઢતા હશે? અને સૌથી મહત્ત્વની વાત તો એ કે આંખો ન હોવા છતાં આવડા મોટા રાજવહીવટ પર કેવી રીતે ધ્યાન આપી શકતા હશે? શું કેટલાક પ્રશ્નો અનુત્તર રહેવા જ સર્જાયા હશે?

'બેટા, અંદર જઈને તરત ગુરુદેવને પ્રણામ કરજે.' પિતાએ દાખલ થતાંવેંત મને સૂચના આપી.

'પિતાજી, કેવા હશે ગુરુદેવ?' મેં ઉત્સુકતાથી પૂછ્યું.

'હું શું કહું? તને હમણાં જ જોવા મળશે.'

અમે જલદીથી અંદર ગયા. માર્ગ પર નગરજનોની ભીડ હતી. બંને બાજુ ઊંચા ઊંચા મહેલ હતા. મંદિરના કળશો આભને અડતા હતા. મંદિરના ઘંટારવથી વાતાવરણ ગુંજી રહ્યું હતું. માર્ગ પર અશ્વપાલ અશ્વો લઈને અને સ્ત્રીઓ ઘડા લઈને પાણી ભરવા ગંગા તરફ જતાં હતાં. બજારોમાં ભીડ હતી.

ખૂબ ચાલ્યા પછી અમે એક પ્રચંડ લોખંડી મહાદ્વાર પાસે આવ્યા. એની બંને બાજુ કાળા રંગના પથ્થરોની દીવાલ દૂર સુધી ફેલાયેલી હતી. મહાદ્વારની ભવ્ય કમાન પર ત્રિકોણી ભગવી ધજા ફરફરતી હતી. અમને જોઈને દ્વારપાલે વંદન કર્યાં. અમે નીચા વળીને અંદર ગયા. એ કુરુની યુદ્ધશાળા હતી.

અંદર ચારેબાજુ મોટા મોટા કક્ષ હતા અને વચમાં એક જોજનના ઘેરાવામાં એક ભવ્ય અખાડો હતો. એના અનેક ભાગ હતા. એકબાજુ મલ્લોનો અખાડો હતો. ત્યાં તાંબાવર્ણી ચીકણી માટી ગોળાકારમાં પાથરેલી હતી. એ અખાડાની વચમાં એક હૃષ્ટપુષ્ટ

ગૌરવર્ણો યુવક તાલ દેતો ગોળાકાર નાચતો હતો. એની નજીક કોઈ ફરકતું નહોતું! હાથ ઊંચા કરીને તે અખાડામાં થૈ થૈ નાચતો હતો.

'કર્ણ, પેલો યુવરાજ ભીમ જો. અખાડામાં બધાને પોતાની સાથે મલ્લદાવ કરવા કેવો આહ્વાન દઈ રહ્યો છે!' એના તરફ આંગળી કરીને પિતાએ કહ્યું.

બીજી બાજુ ઘોડેસવારી માટે સારી એવી જગ્યા રાખવામાં આવી હતી. ઘોડાની સાથે દોડી શકાય એ માટે સફેદ રેખા દોરી હતી. દોડતી વખતે એમના માર્ગમાં બાધા નાખવા ઠેકઠેકાણે ખાડા ખોદવામાં આવ્યા હતા. કેટલાક ખાડા પાણીથી ભરેલા હતા. વળી અનેક જગ્યાએ ઊંચી પાળ બાંધવામાં આવી હતી. અનેક યુવકો આ બધી જ બાધાઓને આસાનીથી ઓળંગી જઈ અશ્વવિદ્યા શીખતા હતા. પૂર્વ દિશા તરફ તલવાર વિદ્યા શીખવા માટે પણ આવું જ એક વિશાળ પટાંગણ હતું. ત્યાં દરેક ખીંટી પર જાતજાતના આકારનાં કવચ અને નાની મોટી ઢાલ ટીંગાડેલાં હતાં. અનેક યોદ્ધા તલવાર વિદ્યા શીખતા હતા. ક્રોધથી રાતાચોળ બનીને એકબીજા પર તૂટી પડતા હતા. પશ્ચિમ બાજુ આવા જ આકારનું એક ગોળાકાર પટાંગણ હતું. ત્યાં અનેક યુવકો ગદા ઘુમાવીને ગદાવિદ્યાનો અભ્યાસ કરતા હતા. ગર્જના કરતાં અહીંતહીં ચક્કર લગાવતા હતા. શૂલ[૧], તોમર, શતઘ્ની[૨] ઇત્યાદિનો અભ્યાસ કરવા માટે નાનામોટા અનેક ક્રીડાક્ષેત્રો માટે જગ્યા ઊભી કરવામાં આવી હતી. ચારેબાજુ પથ્થરના બનાવેલા કક્ષો અનેકવિધ શસ્ત્રોથી ઠાંસોઠાંસ ભરેલાં હતાં. ગમે ત્યાંથી જોઈ શકાય એવી રીતે એ અખાડાની બરાબર મધ્યમાં એક ઊંચો, લાંબો-પહોળો મંચ હતો. એ મંચ પર વિવિધ આકારનાં ફૂલોથી સજાવેલાં ધનુષ્યો ટીંગાડ્યાં હતાં. એકબાજુ બાણના અસંખ્ય ભાથા એકસરખા ગોઠવ્યા હતા. સામે અનેક લક્ષ્યવેધો હતા. એ ઓટલા પર શ્યામ રંગનો યુવક વીરાસન લગાવીને જમણા પગના પંજા પર શરીરનો ભાર દઈને બેઠો હતો! હાથમાંની ધનુષ્યની પણછ કાન સુધી ખેંચેલી હતી. એક આંખ બંધ કરીને બીજી આંખની કીકીને બાણની અણી પર સ્થિર કરી હતી. એની નજીક પહોળાં વસ્ત્રો પહેરેલા, સફેદ દાઢીવાળા, માથા પર કેશ બાંધેલા, ઊંચા એવા વૃદ્ધ ઊભા હતા. એમની મુદ્રા તળાવના નીર જેવી શાંત હતી. એ શ્યામ રંગી યુવકની પણછ પરના હાથને એમણે સીધો કર્યો. એને કંઈક સમજાવતા હતા. યુવક તેમને એકચિત્તે સાંભળતો હતો.

યુવક તરફ આંગળી ચીંધીને પિતા બોલ્યા, 'બેટા, આ જ પાંડુપુત્ર ધનુર્ધારી યુવરાજ અર્જુન!! અને એમને શીખવે છે તે જ પૂજનીય ગુરુદેવ દ્રોણ!'

'ધનુર્ધર અર્જુન! ભલે જે હોય તે – પણ એથીય અધિક પ્રભાવશાળી વીરાસન હું ન કરી શકું?' મારા મનમાં વિચાર આવ્યો.

ગુરુદેવ દ્રોણ અશોક વૃક્ષ સમા ભવ્ય લાગતા હતા. એમના અંગ પરનાં સફેદ વસ્ત્રો એમના પ્રચંડ દેહ પર શોભતાં હતાં.

અમે અખાડાના મંચ તરફ ચાલવા લાગ્યા. આજુબાજુનું પટાંગણ જોઈને મારા રોમેરોમમાં ઉત્સાહનું પ્રચંડ મોજું ફરી વળ્યું. મને થયું કે હું પણ અંદર જાઉં અને ચારેબાજુ ઘૂમી પ્રતિસ્પર્ધી પર જોરથી ગદાના અને ખડગના પ્રહાર કરું. હું પણ તોફાની ઘોડાને નીચે

૧. ભાલા જેવું હથિયાર
૨. એકી સાથે સો માણસને મારી નાખે તેવું ફેંકવાનું પ્રાચીન કાળનું એક હથિયાર

સુધી નમાવીને એટલા દોડાવું કે એ થાકી જાય અને એના મોંમાંથી ફીણ નીકળવા માંડે. હાથીની સૂંઢ પકડીને એને હંફાવું. છેવટે એની પીઠ પર આરૂઢ થઉં. ઓટલા પર બેઠેલા પેલા યુવકને હાથ પકડીને ઊભો કરું અને પ્રભાવશાળી વીરાસન કરીને એને પણ બતાવી દઉં કે જો આમ વીરાસન કરાય. કુસ્તીના અખાડામાં જંગલી પાડાની જેમ અહીંતહીં આંટા મારતાં પેલા ઉદ્દંડ ભીમની સાથે કુસ્તીદાવ કરી એનો મદ ઉતારું.

અમે ધનુર્વિદ્યાના ઊંચા મંચ પાસે આવ્યા. ઉપર બેઠેલા યુવરાજ અર્જુને એક બાણ છોડ્યું. સામે દૂર રાખેલી લાકડીના લક્ષ્યમાં એ ખચ્ કરતુંકને ઘૂસી ગયું. ગુરુદેવ દ્રોણે એની પીઠ થાબડી અને તેઓ આનંદમાં આવી બોલ્યા, 'શાબાશ! અર્જુન! હવે નજીક જઈને જો કે તારું સૂચિપર્ણ બાણ લક્ષ્યમાં કેટલે ઊંડે સુધી પહોંચ્યું છે! આજ્ઞાધારી યુવરાજ અર્જુન ઊઠ્યો અને સત્તાવાહી ચાલે તે લક્ષ્ય તરફ ચાલવા લાગ્યો. એટલામાં પિતા નજીક ગયા. મંચ નીચે ઊભા રહી એમણે ગુરુદેવ દ્રોણને વંદન કર્યાં. મેં ગુરુદેવની સામે જોયું. તેઓ પશ્ચિમ તરફ મોં રાખીને ઊભા હતા. સંધ્યાકાળનાં અસ્ત કિરણોથી એની ઘેઘૂર સફેદ દાઢી રૂપેરી ચાંદી જેવી ચમકતી હતી. દાઢીના લાંબાલચક કેશ છેક ઉદર સુધી વિસ્તરેલા હતા. એની કેટલીક લટો પવનને કારણે અહીંતહીં ઊડતી હતી. લલાટ પર, હાથ પર અને ખુલ્લા ઉદર પર ભસ્મની આડ હતી. વિશાળ લલાટ પર વાર્ધક્યનાં જાળાં બાઝેલાં હતાં. નાક સીધું અને અણીદાર હતું. એની ભ્રમરો શ્વેત હતી. એની નીચે આંખમાં અદ્‌ભુત આત્મવિશ્વાસની ચમક હતી છતાં શાંત હતી. અતિ આદર સાથે મેં એમને પ્રણામ કર્યાં. પિતાજીની ઇચ્છા હતી કે આ ગુરુદેવની નિશ્રામાં હું યુદ્ધવિદ્યા શીખું.

'આ મારો પુત્ર કર્ણ!' પિતાએ એમને ઓળખાણ કરાવી.

મને મનમાં થયું કે મારા કાનમાં કુંડળ જોઈને તેઓ મને ચોક્કસ કંઈક પૂછશે. પણ તેઓ તો નિર્મમભાવે બોલ્યા, 'અધિરથ, આ તારો પુત્ર? એને યુદ્ધશાળામાં કેમ લઈ આવ્યો?'

'આપનાં ચરણોમાં સોંપવા.'

'મારાં ચરણોમાં? કાંઈ કારણ?'

'યુવરાજોની સાથે એને પણ થોડું યુદ્ધવિદ્યાનું જ્ઞાન મળે એટલા...'

'યુવરાજોની સાથે? અધિરથ, યુદ્ધવિદ્યા કેવળ ક્ષત્રિયો માટે છે! તારી ઇચ્છા હોય તો તારા પુત્રને કૃપાચાર્યની યુદ્ધશાળામાં ભરતી કરી દે. એ યુવરાજોની સાથે શિક્ષણ નહીં મેળવી શકે.'

પિતાનો ચહેરો વિલાઈ ગયો. શું બોલવું તે કંઈ સૂઝ્યું નહિ. છેવટે જેમતેમ સ્વસ્થ થઈને બોલ્યા, 'જેવી ગુરુદેવની આજ્ઞા.'

ગુરુદેવને ફરી પ્રણામ કરી અમે પાછા ફર્યા. રસ્તામાં લક્ષ્યમાંથી બાણ કાઢીને પાછો ફરતો યુવરાજ અર્જુન અમને મળ્યો. મેં એની તરફ ધ્યાનથી જોયું. એનો રંગ આકાશ જેવો નીલ હતો. એની ચિબુક ભાલની અણી જેવી પાતળી હતી. એનું નાક સીધું અને અણીદાર હતું. લલાટ વિશાળ હતું. ભ્રમરો સુંદર હતી. એનો આખો ચહેરો અતીવ સુંદર હતો. મધુર ઘંટડી જેવા અવાજે તેણે પિતાને કહ્યું, 'ઓહો! કાકા, ચંપાનગરીથી આજે જ આવ્યા કે?'

'હા – આ મારા પુત્ર કર્ણને લઈને આવ્યો છું.'

અર્જુને મારી તરફ જોયું. મારી આંખો કરતાંય એ તો મારાં કુંડળ તરફ જ અત્યંત વિસ્મયતાથી જોતો હતો. એ મને કંઈક પૂછવા જતો હતો એટલામાં આકાશમાંથી કોઈ એક પક્ષી અમારા બેની વચ્ચેથી સરરર કરતું સરકી ગયું! અમે સૌ ચોંકીને બે ડગલાં પાછળ હઠી ગયા. સૌએ ભયથી અને કુતૂહલથી ઉપર જોયું. માટી રંગનું એક ગરુડ પોતાની વિશાળ પાંખો ફફડાવતું આકાશમાં આમતેમ ચક્કર મારતું ઊડતું હતું. થોડી થોડી વારે પોતાની પુષ્ટ ગરદન વાંકી કરીને તીરછી નજરે નીચે જમીન તરફ જોઈ લેતું હતું. એ કાળા રંગનો સાપ નિશ્ચેષ્ટ પડ્યો હતો! એને ફરી પકડવા માટે ગરુડ આકાશમાં ચક્કર લગાવતો હતો. આકાશમાંથી પડવાને કારણે સૂનમૂન થઈ ગયેલો સાપ બેશુદ્ધ સૂમસામ પડ્યો હતો. પછી થોડી વારે એ સળવળ્યો અને એણે હાથના પંજા જેવડી ફણા બહાર ફેલાવી. બે-ત્રણ વાર ફુત્કાર કરીને એણે પોતાની ગર્વિલી ફણા અહીંતહીં ડોલાવી અને પછી ભયભીત થઈ જવાથી જીવ બચાવવા વાંકીચૂકી ચાલ ચાલતો જે મારગ મળ્યો તે માર્ગે ઝડપથી સરકવા લાગ્યો. યુવરાજ અર્જુને હાથમાંનું બાણ તેજ ગતિએ ધનુષ્ય પર ચડાવ્યું અને સડસડાટ સરકતા સાપનું નિશાન લીધું. એટલામાં મંચ પરથી કોઈએ બૂમ મારી, 'અર્જુન, હાથ નીચે લઈ લે.' એ અવાજ જોરદાર હતો. વીજળીનો ઝટકો લાગે તેમ યુવરાજ અર્જુને તરત જ હાથ નીચે લઈ લીધો. તીર ગતિએ દોડતો સાપ પળવારમાં અખાડાના પથ્થરની બખોલમાં અદશ્ય થઈ ગયો. મંચ પરથી ફરીથી અવાજ ગુંજ્યો, 'યુવરાજ, આ તુચ્છ સાપને મારતાં પહેલાં તારી નસેનસમાં ફરતાં સાપને મારી નાખ. ક્રોધ રૂપી સાપ મહાભયંકર હોય છે! દુર્બળ પર હાથ ન ઉઠાવાય.'

અમે ઓટલા તરફ જોયું. એ ગુરુદેવ દ્રોણ હતા!

ઊંચો, અત્યંત સૌમ્ય ચહેરાવાળો એક યુવાન અર્જુનની તદ્દન નજીક આવ્યો. એને ખભે હાથ મૂકીને એ યુવાને અર્જુનને અત્યંત મૃદુ સ્વરે પૂછ્યું, 'એકાએક ધનુષ્ય કેમ ઉઠાવ્યું, પાર્થ?'

અર્જુન ચૂપચાપ ઊભો રહ્યો. મેં પિતાને આંખને ઇશારે પૂછ્યું કે આ ઊંચો દેખાતો યુવાન કોણ છે? એમણે મારા કાનમાં હળવેકથી કહ્યું, 'યુવરાજ યુધિષ્ઠિર!'

થોડી વારમાં વિશાળ અખાડાના તમામ શિષ્યો અર્જુનને ઘેરી વળ્યા. સૌ એકદમ એને, 'શું થયું? શું થયું?' પૂછવા લાગ્યા. હું ભીડમાંથી સરકીને બહાર નીકળી ગયો. અખાડાની ચારેબાજુને બારીકાઈથી જોવા લાગ્યો. આવતી કાલથી મારે અહીં ભણવાનું હતું ને! પરંતુ એક જ પ્રશ્ન મારા મનમાં ઘોળાતો હતો. મને યુવરાજોની જોડે કેમ શીખવા ન મળે? ગુરુદેવે કહ્યું હતું કે યુદ્ધવિદ્યા ફક્ત ક્ષત્રિયો માટે જ છે. ક્ષત્રિય એટલે કોણ? શું હું ક્ષત્રિય નથી? અને નથી તો શું હું ક્ષત્રિય ન થઈ શકું?

મારું અને શોણનું નામ યુદ્ધશાળામાં નોંધાવી અમે વિશાળ મુખ્યદ્વારમાંથી બહાર નીકળ્યા. પિતા ચૂપચાપ ચાલતા હતા. છેવટે મેં જ એમને પૂછ્યું, 'પિતા, મને કેમ યુવરાજો સાથે શીખવા ન મળે?'

'કારણ કે, બેટા, તું ક્ષત્રિય નથી.' તેમણે જણાવ્યું.

'ક્ષત્રિય? ક્ષત્રિય એટલે શું?'

'જે રાજકુળમાં જન્મે એ ક્ષત્રિય બેટા, તું તો સૂતકુળમાં જન્મ્યો છો!' મને સમજાવવા માટે એમણે મારો ખભો થાબડ્યો.

'કુળ! રાજકુળમાં જન્મે એને શું હજાર હાથ હોય? એને જ શું કામ આટલું મહત્ત્વ આપવાનું?'

'એ તને નહિ સમજાય. કાલથી રોજ શાળામાં જજે. જે શીખવાડે તે શીખજે.'

એમના ઉત્તરથી મારા મનનું સમાધાન થયું નહીં. મારું મન વિવશ બનીને મહારાજ ધૃતરાષ્ટ્ર અને ગુરુદેવ દ્રોણની સરખામણી કરવા લાગ્યું. પ્રેમથી મારા ચહેરાને પોતાની હથેળીમાં લઈ અંધ આંખોથી મારાં કુંડળને જોવાનો પ્રયત્ન કરનાર ક્યાં હસ્તિનાપુરના મહારાજ ધૃતરાષ્ટ્ર અને ક્યાં મારાં સુંદર કુંડળ તરફ નજર સુધ્ધાં ન નાખનાર આ ગુરુદેવ દ્રોણ? સાચે જ મહારાજ કરતાં આ ગુરુદેવ કેટલા જુદા લાગે છે! તેઓ કહેતા હતા કે, 'દુર્બળ પર હાથ ન ઉઠાવાય.' સર્પને દુર્બળ કહેનાર કૌરવોના ગુરુદેવને શાણા કહેવા કે વ્યવહારશૂન્ય? શું એમને ખબર નહોતી કે આ જ કાળોતરો સાપ પળવારમાં આ યુવરાજ અર્જુનને લાલપીળો કરી દેત! યુવરાજ અર્જુન અને મારી – બંનેની વચ્ચે ઉપરથી એક સાપ પડ્યો હતો. એ શું એક અશુભ ઘટના નહોતી? અરે, મન કેવું વિચિત્ર છે? એ તો કેવળ યોગાનુયોગ જ હતો. પરંતુ ગરુડને જોઈને તો મને હંમેશાં શોણનો જ પ્રશ્ન યાદ આવતો, 'મોટાભાઈ, તું ગરુડની જેમ ખૂબ ઊંચે જઈશ?' સાવ ગાંડો શોણ. મેં નજરોનજર જોયું છે કે ક્યારેક ગરુડને પણ પોતાના ભક્ષ્ય માટે કાગડાની જેમ ધરતી પર આવવું પડે છે! નહિતર નક્કી એ ઊંચે આકાશમાં જ રહેવાનું પસંદ કરત!

અમે રાજમહેલમાં પાછા આવ્યા. અમારી રાહ જોઈને શોણ એ જ કક્ષામાં બેઠો હતો. એની બાજુમાં અમાત્ય વૃષવર્મા ઊભા હતા. સાંજની ધૂંધળી છાયા સમસ્ત રાજમહેલ પર પથરાયેલી હતી. આથી મહેલ આકાશ સમો ઉદાસ દેખાતો હતો. હું, અમાત્ય, પિતા અને શોણ રાજમહેલની દક્ષિણ દિશાના એક કક્ષમાં ગયા. પિતા એ જ કક્ષમાં રહેતા હતા. એ કક્ષની પૂર્વ દિશાએ એક ગવાક્ષ હતો. મેં ત્યાંથી ડોકિયું કરીને બહાર જોયું. દૂર પેલી યુદ્ધશાળાના વિશાળ અખાડાની ચારેબાજુ બાંધેલી પાષાણની દીવાલ અસ્પષ્ટ દેખાતી હતી. એની પ્રદક્ષિણા કરીને ગંગાનું પાણી મંદ મંદ વહેતું હતું. સમસ્ત હસ્તિનાપુર આખા દિવસના થાકથી નાનું બાળક જંપી જાય એમ ધીમે ધીમે શાંત પડતું જતું હતું. એક સેવક અંદર આવ્યો. એણે પોતાના હાથની મશાલ વડે ઈંગુદી તેલ નાખેલી બીજી મોટી પથ્થરની મશાલ પેટાવી. અમાત્ય, પિતા અને શોણના અસ્પષ્ટ ચહેરા એકદમ સ્પષ્ટ દેખાવા લાગ્યા.

'સૂતરાજ, શું થયું? તમારા પુત્રોનાં નામ નોંધાવ્યાં કે?' અમાત્યે હળવેકથી પિતાને પૂછ્યું.

'હા.' પિતાએ કેવળ એકાક્ષરી ઉત્તર આપ્યો. કદાચ તેઓ કશાક ઊંડા વિચારોમાં ખોવાયેલા હતા.

'સારું કર્યું. તમને કોઈપણ વસ્તુની જરૂર જણાય તો બહાર બેઠેલા સેવકને સૂચના આપી દેજો. હું હમણાં આવું છું.' અમાત્ય ચાલ્યા ગયા.

પાકશાળામાંથી એક સેવક અમારે માટે ભોજન લઈ આવ્યો. ભોજન કરીને અમે વાતોએ વળગ્યા. હંમેશની જેમ શોણે પ્રશ્નોની ઝડી વરસાવી. એના પ્રશ્ન પ્રત્યે મારું સહેજે

ધ્યાન નહોતું. પલંગમાં પડ્યા પડ્યા ખૂણામાં પડેલી પથ્થરની મશાલની નાનકડી જ્યોતને હું નીરખી રહ્યો હતો. આમેય પ્રત્યેક પ્રકાશમય વસ્તુ પ્રત્યે મને સહેજે આકર્ષણ રહેતું. એ જ્યોતિને જોતાં જ વીતેલી ઘટનાઓ એક પછી એક મારી આંખ સામે આવીને ઊભી રહી. એ બધી ઘટનાઓની એક વિચિત્ર માળા ગૂંથવાનું મને મન થયું. પોતાના બંને હાથ ઊંચા કરીને મારી સાથે આવવા રથની પાછળ દોડતો શોણ! પોતાનો નિર્ણય અફર રહે છતાં શોણનું દયામણું મોં જોઈ પીગળી ગયેલા પિતા! આ હસ્તિનાપુરના રાજમહેલનો મહાદ્વાર પસાર કરતાં જ વંટોળિયાની જેમ રથમાંથી ઊતરી સૌ પ્રથમ અમારી પાસે આવીને ઊભા રહેનાર યુવરાજ દુર્યોધન... અને તેમની ગર્વિલી ચાલ...! કુરુવંશમાં મેં જોયેલો આ પ્રથમ વીરપુરુષ! કેવા સ્નેહથી મારાં કુંડળ વિશે પોતાનો પ્રતિભાવ પ્રગટ કરનાર દુર્યોધન હતા! મારા ચહેરાને હથેળીમાં મૂકી મારી તરફ જોતાં વડીલ મહારાજ ધૃતરાષ્ટ્ર! રાજમહેલની સામેના તળાવમાં ઝૂલતા શ્વેત કમળ સમા વિદુર! અમને અહીં સુધી લાવનાર કૌરવોના વિશાળ સામ્રાજ્યના અમાત્ય વૃષવર્મા! પોતાની ધૂનમાં ગાંડાની જેમ કુસ્તીના અખાડામાં એક પગ ઊંચો કરી આંટા મારતો ભીમ! નવા નિશાળિયાની જેમ વીરાસન વાળીને ધનુર્ધરનું રૂપ ધારણ કરનાર અર્જુન! સાગર સમા અતાગ દ્રોણ! નાની વયે પ્રૌઢ વાણી બોલનાર યુધિષ્ઠિર!

મારું નટખટ મન તરત જ યુવરાજ દુર્યોધન અને અર્જુન, મહારાજ ધૃતરાષ્ટ્ર અને ગુરુદેવ દ્રોણ, વિદુર અને યુધિષ્ઠિરની તુલના કરવા લાગ્યું, પરંતુ એકમેકની સાથે આ તુલના બિલકુલ અસંભવ હતી. સૌ સૌનું સ્વતંત્ર છતાં ભિન્ન વ્યક્તિત્વ તરી આવતું હતું! જગતમાં જાતજાતના અને ભાતભાતના સ્વભાવના માણસો હશે. કોણ જાણે કોની કલ્પનાથી આ સૃષ્ટિનું નિર્માણ થયું હશે? શા માટે એનું નિર્માણ કર્યું હશે? આ જગતનો કુશળ કારીગર કોણ હશે? આ જાતજાતના નમૂના તૈયાર કરવાનું એનું શું પ્રયોજન હશે? અહીં તો એકસરખા કોઈ જોવા મળતા નથી અને ક્યાંક જોવા મળે તો પાછા ઓળખાય નહીં. અરેરે, આ પ્રશ્નોના તર્કસંગત ઉત્તર કદાચ ક્યારેય કોઈ નહીં આપી શકે!

સામેની મશાલમાં ઈંગુદીનું તેલ પૂરું થવા આવ્યું હતું. તેની જ્યોત ઝાંખી થઈ ગઈ હતી. શોણ ક્યારનોય ઊંઘી ગયો હતો. દિવસભરની મુસાફરીથી અને રાજનગરીમાં સતત ચાલીને થાકી ગયેલા પિતા પણ નિદ્રાધીન થઈ ગયા હતા. હું હળવેકથી ઊઠ્યો અને બુઝાતી જ્યોતને મેં ફૂંક મારી. એ બુઝાતી વાટનો ધુમાડો મારા નાકમાં પેસી ગયો. હું પલંગ પર સહેજ આડો પડ્યો. આ મારો હસ્તિનાપુરનો પ્રથમ દિવસ હતો. સ્મૃતિ અતિથિ જેવી મનમોજી હશે? એ ગમે ત્યારે મનના દ્વાર ખટખટાવે. મને સહસા રાધામાતા યાદ આવી. આજે તે ચંપાનગરીની પર્ણકુટીમાં એકલી જ હશે. આ વિચાર માત્રથી હું અસ્વસ્થ થઈ ગયો. મને થયું કે પર્ણકુટી એને દિવસના ખાવા ધાતી હશે. હું તો ત્યાં નથી છતાં ભાન ભૂલીને મારી મા રોજની જેમ 'વસૂ, વસૂ' કહીને અનેક વાર બૂમ પાડતી હશે! સાચે જ માતાનું હૃદય એટલે ત્રિભુવનના સમસ્ત પ્રેમનો ખજાનો! આવતી વખતે એણે મને સ્મૃતિચિહ્ન રૂપે એક ચાંદીની ડબી આપી હતી. એણે પોતાના દીકરાને આ જ એક અનન્ય વસ્તુ કેમ આપી હશે? તેણે કહ્યું'તું કે, 'જ્યારે જ્યારે તને મારી યાદ આવે ત્યારે તું આ ડબ્બીનું દર્શન કરજે. તારી માને સ્થાને એને તું ગણજે!' ખરેખર એનું હૃદય કેટલું સરળ છે! એને હું શું

કહ્યું કે એક નિર્જીવ ડબ્બી કદી માનું સ્થાન લઈ શકે ખરી? દૂધની પ્યાસ કદી છાસથી છીપે ખરી? ગમે તે હોય પણ હું તો તારી ભાવનાનું જીવથી જતન કરીશ. ગમે તે થાય પણ તારી યાદને હું જીવનની છેલ્લી ઘડી સુધી જાળવી રાખીશ. ઉત્તરીય સાથે બાંધેલી એ ડબ્બીને મેં હળવેકથી બહાર કાઢી. અત્યંત શ્રદ્ધાપૂર્વક મેં એને આંખે અડાડી અને પલંગના એક ખૂણામાં હળવેકથી મૂકી દીધી. જગતની ત્રણ વ્યક્તિઓ પ્રત્યે મને નિતાંત પ્રેમ રહ્યો છે! એક મારી માતા, બીજા મારા પિતા અને ત્રીજો નિર્મળ શોણ! એ જ રીતે ત્રણ વાતનું મને અદ્ભુત આકર્ષણ રહ્યું છે! એક, પોતાની અસંખ્ય લહરીઓનાં અસંખ્ય મુખથી મારી સાથે કલાકો સુધી વાતો કરનારી ગંગામાતાનું, બે, સદૈવ ઉત્સાહનો પ્રચંડ ધોધ વરસાવનાર આદિત્યનારાયણનું અને ત્રણ, મારી માતાએ દીધેલી પ્રેમની નિશાની રૂપ આ ચાંદીની ડબ્બીનું! આ ડબ્બીને જોઈ મને ચંપાનગરી યાદ આવી ગઈ. મારા મનનું વાછરડું માતૃભૂમિના થાને વળગી પડ્યું. એમાંથી સ્મૃતિઓના મધુર દૂધની સહસ્ર ધારા વહેવા લાગી. એની મધુરતાનું પાન કરતો કરતો હું ક્યારે ઊંઘી ગયો તેની ખબર ન રહી.

પંદર

પ્રાતઃકાળે પક્ષીઓના કલરવથી હું જાગી ગયો. ગવાક્ષ ખોલીને મેં બહાર જોયું. ક્ષિતિજ રેખાએ અજવાળું પાથર્યું હતું. ગંગાના રૂપેરી પ્રવાહે ધુમ્મસનું વાદળ ઓઢ્યું હતું. સમસ્ત હસ્તિનાપુર ધીરે ધીરે અંગ મરોડતું હતું. એક કોરું ઉત્તરીય લઈને હું કક્ષની બહાર નીકળ્યો. અત્યારે ગંગા નદી પર કોઈ નહિ હોય માટે ગંગા નદીમાં મનભરીને સ્નાન કરી આવવા દે એમ વિચારીને હું ઘાટ તરફ ચાલવા લાગ્યો. આસપાસની સારી સૃષ્ટિ ધુમ્મસની ચાદર ઓઢીને હજી સૂતી હતી. આખો માર્ગ અને મહેલ ધૂંધળો અને ધુમ્મસથી ખૂબ સુંદર દેખાતો હતો. ગંગાકિનારે આવેલા મંદિરમાં ઘંટારવ થતા હતા. નીરવ શાંતિમાં માત્ર આ જ ધ્વનિ સ્પષ્ટપણે સંભળાતો હતો. મેં એ અવાજ તરફ ડગ માંડ્યા. મને માએ આપેલી શીખ યાદ આવી, 'ગંગાના પાણીમાં ઊતરતો નહીં.' અને હું હસી પડ્યો. મા કેટલી ડરપોક છે! હવે હું કાંઈ દૂધ પીતો છોકરો થોડો છું? ખાસ્સો સોળ વરસનો કિશોર છું! મને વળી પાણીનો ડર કેવો? વિચારોની ધૂનમાં જ હું ઘાટ પર પહોંચ્યો. સાથે લાવેલ ઉત્તરીય પગથિયે મૂક્યું અને પહેરેલું ઉત્તરીય કમરે કસીને બાંધ્યું. સામે જોયું તો દસ-બાર હાથ સુધીનો પાણીનો પટ સ્પષ્ટ દેખાતો હતો. મેં એ પટને અત્યંત આદરપૂર્વક નમસ્કાર કર્યા અને અંદર ડૂબકી મારી. પાણી ગરમ લાગ્યું. લગભગ એક કલાક સુધી પાણીમાં ડૂબકી મારતો રહ્યો. કલાકેક પછી ધુમ્મસ ધોવાઈ ગયું. હું તરતો તરતો કાંઠે આવ્યો. અંગ પરનું ઉત્તરીય બદલ્યું. ભીનું વસ્ત્ર પાણીમાં ઝબોળી નિચોવીને પગથિયે મૂક્યું. ઉપર દૃષ્ટિ કરી. દૂર આકાશમાં સૂર્યદેવ ધીમે ધીમે ઝળહળી રહ્યા હતા. એનાં કોમળ કિરણો ગંગાનાં પાણીને ગલીપચી કરીને જગાડી રહ્યાં હતાં. હથેળીમાં પાણી લઈ મેં અત્યંત ભક્તિભાવે સૂર્યદેવને અર્ઘ્ય આપ્યો. કેવું રમણીય રૂપ હતું એનું! મને રોજ રોજ એના રૂપમાં નવી નવી આભા દેખાતી હતી. રોજ અનોખો આવિષ્કાર, રોજ અનોખાં તેજવલય! એક દિવસે જે દર્શનદીપ્તિ જોવા મળી હોય તે બીજે દિવસે જોવા મળે જ નહીં. બીજે દિવસે વળી અનેરું જ આકર્ષણ હોય. એને જોતાં જ મારા મનમાં ઉત્સાહની હેલી ચઢતી. હજારો જોજન દૂર

રહેલાં સૂર્યતેજ અને મારામાં સહેજે અંતર નથી એવી મને પ્રતીતિ થતી. શરીર હળવું ફૂલ થઈ જતું અને મારા હાથ સહસા જોડાઈ જતા! આંખો આપોઆપ બંધ થઈ જતી! હું તેજનું મનોમન ધ્યાન કરતો. લાખો જોજન સુધી મને ફક્ત પ્રકાશ પ્રકાશ જ દેખાતો. અત્યંત તેજસ્વી પ્રકાશ! છતાં શીતળ અને મોહક પ્રકાશ! મને સહસા વિચાર આવ્યો કે આ તેજ સાથે મારે શો સંબંધ હશે? જગતના તમામ અંધકારને દૂર કરનાર આ અખંડ મહાદીપ જાણે મારી સાથે પ્રેમની દોરીએ બંધાયો હતો! હું જાતને વીસરી જઈ એ પ્રેમની દોરીને ટેકે ટેકે દૂર દૂર ઊંચે ઊંચે જવા લાગ્યો.

આજનું એમનું તેજસ્વી રૂપ અત્યંત મનોહારી હતું. મેં શાંત ચિત્તે હાથ જોડ્યા અને આંખો બંધ કરી દીધી. હું જાણે પ્રકાશના અસીમ સાગરની એક લહેર બની ગયો! એ લહેરનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નહોતું. અમાપ સાગરની અસંખ્ય લહેરોમાંની આ એક સામાન્ય લહેર હતી.

એવામાં કોઈએ મારે ખભે હાથ મૂક્યો. પહેલાં તો હું એને ઓળખી શક્યો નહિ. કોઈ મારા ખભા હલબલાવતું હતું. મેં ધીમે ધીમે આંખ ખોલી અને પાછળ વળીને જોયું. એક અતિ શાંત ચહેરાવાળા વૃદ્ધજન મને જોઈ રહ્યા હતા! એમની દાઢીના, મસ્તકના અને ભમરના બધા જ કેશ શ્વેત વાદળ સમા શુભ્ર શ્વેત હતા. વિશાળ ભાલમાં ભસ્મની આડ હતી. મારા ખભા પર એમણે પોતાનો હાથ દૃઢતાથી રાખ્યો હતો. એ હાથ મને ભારે અને વજનદાર લાગ્યો! કોણ હશે આ વૃદ્ધ? તરત જ પ્રશ્નોનાં બાણ હું મનના ધનુષ્ય પર ચડાવ્યા લાગ્યો, 'અરે, મેં તો એમને ક્યારેય જોયા નથી.'

અત્યંત પ્રેમાળભાવે તેમણે મને પૂછ્યું, 'વત્સ, કોણ છે તું?'

'હું સૂતપુત્ર કર્ણ!'

'સૂતપુત્ર? કયા સૂતનો પુત્ર?'

'ચંપાનગરીના અધિરથનો.'

'હા, પરંતુ આપ?' મેં ઉત્સુકતાથી પૂછ્યું.

'હું ભીષ્મ!' એમના દાઢીના કેશ વાયુની લહેરીમાં ફરકતા હતા.

ભીષ્મ! પિતામહ ભીષ્મ! કૌરવ-પાંડવોના વંદનીય ભીષ્મ! ગંગાપુત્ર ભીષ્મ! કુરુવંશના મંદિરના કળશ સમા ભીષ્મ! યોદ્ધાઓના રાજ્યની ધ્વજા સમા ભીષ્મ! મારું મન એક ક્ષણ માટે વિમૂઢ થઈ ગયું. કુરુવંશના સાક્ષાત્ વીરપુરુષ મારી સામે ગંગાકાંઠે ઊભા હતા.

એક વિશાળ વટવૃક્ષ સામે હું એક નાના તૃણ સમો ઊભો હતો! હું અવઢવમાં પડી ગયો. તરત મારી જાતને સંભાળી લઈ મેં એમને નીચે નમીને પ્રણામ કર્યાં. એમણે મને તત્ક્ષણ ઊભો કર્યો અને અત્યંત મૃદુ સ્વરે બોલ્યા, 'તું ધ્યાનમાં તલ્લીન હતો છતાં મેં તને ખલેલ પહોંચાડી. એથી તું નારાજ તો નથી થયો ને?'

'ના રે ના.' મેં કહ્યું.

'સાચે, વત્સ? હું તને ઢંઢોળ્યા વગર રહી ન શક્યો.'

હું વિસ્મયથી એમને જોઈ રહ્યો. થોડી વારે તેઓ બોલ્યા, 'આજ ત્રીસ વર્ષ થયાં. હું રોજ અચૂક આ સમયે ગંગા નદીના ઘાટ પર આવું છું. પરંતુ આ હસ્તિનાપુરમાંથી એક પણ જણને મેં આજ સુધી અહીં આવતાં જોયો નથી. તું આજે પહેલો છો!'

'હું?' આગળ શું બોલવું તે સૂઝ્યું નહીં.

'હા. ઘણી વાર સુધી રાહ જોયા પછી તને ઢંઢોળ્યો.' મારા કાનનાં કુંડળ જોઈને તેઓ બોલ્યા, 'આ કુંડળ તને ખૂબ શોભે છે.'

'એ જન્મજાત છે.' મેં કહ્યું.

'એની રક્ષા કરજે.' ધીમે ધીમે ડગ માંડતાં તેઓ ઘાટનાં પગથિયાં ઊતરવા લાગ્યા. વિશાળ પર્વત સમો એમનો ભવ્ય ઊંચો દેહ આંખથી ઓઝલ થવા લાગ્યો. પાણીમાં ઊતરી ગળાબૂડ ઊભા રહ્યા. એમના મસ્તક પરના કેશ પાણીની લહેર સાથે હિલ્લોળવા લાગ્યા. એમના સફેદ કેશથી આચ્છાદિત એમનું મસ્તક ગંગાના પાણી પર શ્વેત કમળની જેમ શોભતું હતું! મેં દૂરથી એમને પ્રણામ કર્યાં. ભીનું ઉત્તરીય ખભા પર નાખી રાજમહેલ તરફ પાછો વળ્યો. હસ્તિનાપુરમાં ભીષ્મ પિતામહનાં દર્શનથી મારા પ્રથમ પ્રભાતનો આરંભ થયો.

આ વિચિત્ર યોગાનુયોગથી હું સ્તબ્ધ થઈ ગયો. હજી ગઈ કાલે ભીષ્મ પિતામહનાં દર્શન માટે આખો દિવસ વિચાર કરી રહ્યો હતો અને આજ તેઓ મને અચાનક મળી ગયા! તે પણ એટલા અને ગંગા નદીના ઘાટ પર અને આવા રમણીય પ્રભાતે! એમનો અવાજ કેટલો મીઠો છે! ચહેરો મંદિરના ગર્ભગ્રહ સમો શાંત અને પવિત્ર! મારી જેવા સામાન્ય સારથિપુત્ર સાથે એમને વાત કરવી ગમી. કૌરવોના જ્યેષ્ઠ મહારાજ મારી જેવા સારથિપુત્રના ખભે હાથ મૂકીને મારી સાથે વાત કરી હતી! સાચે જ વીરપુરુષો નિરહંકારી હોય તો કેટલા મહાન લાગે! આ કુરુકુળમાં પિતામહ સમા વીર અને નિરહંકારી, શ્રેષ્ઠ પુરુષે જન્મ લીધો એ કુરુકુળને ધન્ય છે! હું કેટલો ભાગ્યશાળી છું કે મને આવા રાજમહેલમાં રહેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું! હવે મને વારંવાર આ શ્રેષ્ઠ પુરુષનું દર્શન પ્રાપ્ત થશે. એમની શાંત અને વાચાળ આંખો દ્વારા મને એમની કૃપાદૃષ્ટિનો લાભ મળશે. મારા જીવનમાં મને જે ત્રણ વ્યક્તિઓ પ્રત્યે અતિશય પ્રેમ હતો એમાં એકનો ઉમેરો થયો! પિતામહ ભીષ્મનો!

સોળ

રાજમહેલમાં આવતાં જ પિતાએ મને તૈયાર થઈ જવા જણાવ્યું. મારે યુદ્ધશાળામાં જવાનું હતું. હું તરત તૈયાર થઈ ગયો. શોણ તો ક્યારનો તૈયાર થઈને મારા આવવાની રાહ જોતો બેઠો હતો. માએ આપેલી ડબ્બીને મેં સાચવીને એક ખૂણામાં મૂકી હતી. એના પર પારિજાતનાં ચાર ફૂલ ચડાવ્યાં અને પ્રણામ કરી ધીમેથી કહ્યું, 'મા, મને આશીર્વાદ દે. તારો વસૂ જીવનપથ પર મહત્ત્વનો વળાંક લઈ રહ્યો છે. યુદ્ધશાળામાં ભણવા જવાનો આજે એનો પહેલો દિવસ છે.'

પિતાએ બહારથી બૂમ પાડી, 'કર્ણ, શોણ, જલદી કરો.' મેં ગવાક્ષમાંથી બહાર જોયું. ક્ષિતિજની પૂર્વ દિશાએ સૂર્યદેવ સમસ્ત પ્રદેશને પ્રકાશિત કરતાં ઊભા હતા. એમનું પ્રતિબિંબ ગંગાના પાણીમાં પડવાથી એમનાં બે રૂપ દૃષ્ટિગોચર થતાં હતાં. એક, આકાશમાં સ્થિત સૂર્યદેવનું! અને બીજું, પૃથ્વી પરનાં પાણીમાં પ્રતિબિંબિત સૂર્યદેવનું! શોણના હાથમાં હાથ પરોવી હું કક્ષની બહાર નીકળ્યો.

અમે યુદ્ધશાળામાં પહોંચ્યા. કાલની જેમ આજે પણ ત્યાં અનેક યુવાનો એકઠા થયા

હતા. મંચની આસપાસ સૌ શાંતિથી બેઠા હતા. શાંત અને ગંભીર અવાજ સમૂહમાં સંભળાતો હતો. કદાચ એ સવારની પ્રાર્થના હતી. 'ૐ ઇશાવાસ્યમ્ ઇદમ્ સર્વમ્...' ક્યાંય સુધી પ્રાર્થના ચાલી. મેં પિતાને જવા કહ્યું.

'શિસ્તમાં રહેજો.' એમ કહીને તેઓ ચાલ્યા ગયા.

મેં એ વિશાળ અખાડા પર નજર ફેરવી. આંખો પટાંગણ શાંત હતો. વરસાદ પહેલાં આકાશમાં થતી ગર્જનાની જેમ થોડી વારમાં જ વાતાવરણ ગાજી ઊઠવાનું હતું. વિવિધ શસ્ત્રોના અવાજો એકમેક સાથે ટકરાઈને એમાંથી કોઈ જુદો જ અવાજ ઊઠવાનો હતો. સૌ યુવાનોના પ્રોત્સાહિત અવાજોથી આ અવાજ વધુ ઘેરો બનવાનો હતો.

પ્રાર્થના પૂરી થઈ. વચમાં બેઠેલા ગુરુદેવ દ્રોણ શાંતિથી ઊભા થયા. એમણે બે હાથ ઊંચા કરી સૌ શિષ્યોને આશીર્વાદ આપ્યા. હું શોણને લઈ એમની પાસે ગયો. મેં એમને નીચા વળી પ્રણામ કર્યાં. મારી ઇચ્છા હતી કે તેઓ મને પણ હાથ ઊંચા કરી આશીર્વાદ આપે, પરંતુ એટલામાં તેમની પાસે આવેલા અર્જુનને ખભે હાથ મૂકી એની સાથે વાત કરતાં તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા! અમારી તરફ જોવાની પણ દરકાર કરી નહિ. યુદ્ધશાળાનો મારો આ પહેલો દિવસ હતો. ગુરુના આશીર્વાદ સિવાય વિદ્યા પ્રાપ્ત થાય નહીં એવું મેં સાંભળ્યું હતું. આથી જ કૌરવોના મહાન ગુરુના આશીર્વાદ લેવા મેં એમને પ્રણામ કર્યાં. એવામાં આ યુવરાજ અર્જુન વચમાં ક્યાં ટપકી પડ્યો! શું એનાથી પછી નહોતું અવાતું? શું ગુરુદેવ એમના એકના જ છે કે પછી ગુરુદેવે કાલે કહ્યું'તું એ પ્રમાણે આશીર્વાદ ફક્ત ક્ષત્રિયોને જ હોય? જો એમ જ હોય તો મને સારથિપુત્રને એ શી રીતે આપે? અને આપે તેથી હું થોડો ક્ષત્રિય થઈ જવાનો છું? ક્ષત્રિય થઈને મારે શું કરવું છે? કેવળ ગુરુદેવના આશીર્વાદ મેળવવા હું ક્ષત્રિયપણું સ્વીકારું? આશીર્વાદ નહિ મળે તો ચાલશે પણ હું તો સારથિપુત્ર જ રહીશ. અધિરથ પિતાનો અને રાધામાતાનો સારથિપુત્ર કર્ણ જ રહીશ! આ ગુરુના આશીર્વાદ ફક્ત ક્ષત્રિય માટે છે, આ ગુરુનું જ્ઞાન ક્ષત્રિયો પૂરતું જ છે, આ ગુરુ ફક્ત ક્ષત્રિયોના જ છે! આપણને તે શી રીતે મળવાના? તો પછી આજ પહેલા દિવસે કોને ગુરુ કરવા? શસ્ત્રવિદ્યા પ્રાપ્ત કરવા આશીર્વાદ લેવા કોની પાસે જાઉં? આ વિશ્વમાં સારથિપુત્રના ગુરુ થવા કોણ તૈયાર થાય? કોઈ જ નહિ ને? અર્જુન અત્યારે જ ક્યાં ટપકી પડ્યો? ગુરુદેવ દ્રોણ એને કેમ આટલું માન આપે છે? એ બંને ગુરુશિષ્ય છે. મારું મન ખિન્ન થઈ ગયું. નીચું મોં કરી વિચાર રહ્યો. હું રાજકુળમાં જન્મ્યો નહીં એમાં મારો શો દોષ? કોઈનેય પોતાની ઇચ્છા મુજબ જન્મ મળે છે ખરો? કોણે નિર્માણ કરી હશે આ જન્મની ઊંચનીચની ભાવના? માણસ શેનાથી શ્રેષ્ઠ ઠરે છે? એનામાં રહેલા શ્રેષ્ઠ ગુણોથી જ ને? મારા વિચારોને અહીં કોણ ગણકારવાનું? શું આજનો દિવસ આમ જ વ્યર્થ જવાનો? હું તો ક્યારનોય ધનુષ્ય બાણનું અચૂક નિશાન તાકવા અધીરો બન્યો છું... ઓહ! કેટલાક દિવસો માણસની કસોટી કરવા જ ઊગે છે. શું કરું? શું કરું?

હતાશ બનીને હું એ પથ્થરના મંચની આસપાસ ગાંડાની જેમ આંટા મારવા લાગ્યો. ઘડીક થાય કે જ્યાં ગુરુદેવ દ્રોણ હોય ત્યાં દોડીને જઈ એમને સાફ સાફ શબ્દોમાં સુણાવી દઉં કે, 'ગુરુ એને કહેવાય જે શિષ્યના મનને જાણે. એક શિષ્ય આપના આશીર્વાદ મેળવવા પાણી વગર તરફડતી માછલીની જેમ તરફડે છે એને તમે હજી ઓળખી શક્યા

નથી? એક અર્જુનને જ કેમ આટલું બધું મહત્ત્વ આપો છો? એનામાં શું વિશેષ છે? મારી સામે તો જુઓ. મારા કાનમાં ચમકતાં કુંડળ છે. કદલી જેવું ચળકતું સુવર્ણરંગી – અભેદ્ય કવચ છે.

બીજી જ પળે મને પિતાજીના શબ્દો યાદ આવ્યા, 'શિસ્તમાં રહેજે!' શી રીતે શિસ્તમાં રહું? આ ગુરુદેવ દ્રોણે મારી સામે જોયું પણ નહીં. શું એથી હું રડતો રડતો તમારી પાસે પાછો આવું? શું કરું?... શું કરું?

મેં હંમેશની માફક આકાશમાં પૂર્વ તરફ નજર કરી. સૂર્યદેવ તપ્ત લોહની જેમ આકાશની નીલ છતને દઝાડી રહ્યા હતા. એક જ ક્ષણમાં મારી હતાશા અચાનક અદૃશ્ય થઈ ગઈ. બસ ત્રિભુવનમાં આ મહાસમર્થશાળી તેજ સિવાય અન્ય કયા ગુરુ સમર્થ હશે? બીજા કોઈ ગુરુના આશીર્વાદની ભીખ માગવાની મારે શી જરૂર? આજથી મારા આ જ સાચા ગુરુ! આજથી તમારી જ પૂજા! આજથી તમારો જ આદેશ! હું ઝટપટ ઓટલા પર ચડ્યો. ત્યાં ફૂલોથી સજાયેલું ધનુષ્ય હતું. એ મેં હાથમાં લીધું અને શક્ય એટલો હાથ ઊંચો કરીને મેં કહ્યું, 'હે જગતનો અંધકાર દૂર કરનાર સૂર્યદેવ, હું આજથી તમારો શિષ્ય છું! મને આશીર્વાદ આપો! મને રાહ બતાવો!' એ ધનુષ્યને મસ્તકે ચડાવી નીચા નમી મેં તેજને પ્રણામ કર્યાં. શોણ ક્યારનો મારી પાછળ આવીને ઊભો રહ્યો હતો. એને મેં કહ્યું, 'શોણ, સૂર્યદેવને પ્રણામ કર. એમના આશીર્વાદ માગ.' એણે વિનમ્રપણે હાથ જોડ્યા. મેં ધનુષ્ય નીચે મૂકી દીધું.

અમે મંચનાં પગથિયાં ઊતરવા લાગ્યા. મારું મન હવે શાંત પડી ગયું હતું. સામેથી ગુરુદેવ દ્રોણ અને અર્જુન આવતા હતા. અર્જુન મારી સામે જોઈને હસ્યો પણ મને હસવાની ઇચ્છા થઈ નહીં. મને એના હાસ્યમાં એક પ્રકારનો વ્યંગ વર્તાયો.

મને ભીષ્મ પિતામહ યાદ આવ્યા. તેઓ અર્જુનના પિતામહ હતા પણ બંનેમાં ક્યાં સામ્ય હતું? બંનેનાં વાણી અને વર્તનમાં કેટલું મોટું અંતર હતું! જતાં જતાં કંઈક પૂછવાના ઇરાદાથી અર્જુને મને પૂછ્યું, 'આ કોણ?'

'મારો નાનો ભાઈ!' મેં ગર્વથી કહ્યું.

'એને પણ શાળામાં મૂક્યો છે?' ગુરુવર્ય દ્રોણે પૂછ્યું.

'હા.' મેં જવાબ આપ્યો.

'જા. બાજુમાં કૃપ છે. એના વર્ગમાં દાખલ થઈ જા.'

હું કંઈ બોલ્યો નહીં. એમને પ્રણામ કરવાની પણ મને ઇચ્છા થઈ નહીં. જતાં જતાં મેં પાછળ ફરીને અર્જુન તરફ જોયું. એ મારા કાનનાં કુંડળને આશ્ચર્યથી એકીટશે જોઈ રહ્યો હતો.

હું કૃપાચાર્યના વર્ગમાં ગયો. કૃપાચાર્ય દ્રોણાચાર્યના સાળા હતા. એમના હાથ નીચે અનેક યુવાનો ધનુર્વિદ્યા શીખતા હતા. એક ક્ષણ મને થયું કે આ ઢગલાબંધ રાજકુમારો આટલા અક્કડ કેમ દેખાય છે? એકેયમાં દુર્યોધનના જેવો રોફ દેખાય છે? એકેયની ચાલ એની ચાલ જેવી ગર્વિલી છે? એકેયની આંખ એની જેવી વેધક છે ખરી? એટલામાં સામેથી યુવરાજ દુર્યોધનને મેં આવતા જોયા.

એમની પાસે જઈશ તો ચોક્કસ એ મારાં કુશળક્ષેમ પૂછશે. એ વિચારથી એમની

પાસે જવા મેં પગ ઉપાડ્યા. અરે, આ યુવરાજ દુર્યોધન નથી! આ યુવાનમાં અને દુર્યોધનમાં કેવું ગજબનું સામ્ય છે! રાજહંસનાં બે બચ્ચાંની જેમ આ બંનેને ઓળખવા મુશ્કેલ છે! કોણ હશે એ? હું વિચારમાં પડી ગયો. એના પહેરવેશ પરથી નક્કી એ યુવરાજ જ લાગે છે. પણ એ કયો યુવરાજ હશે? કૌરવોમાંનો કે પાંડવોમાંનો? એટલામાં કૃપાચાર્યે બૂમ પાડી, 'દુઃશાસન!' પેલો યુવાન દોડીને એમની પાસે ગયો. હં... તો એ દુઃશાસન હતો. ઓહો! દુર્યોધનમાં અને એનામાં કેટલું સામ્ય હતું! એકને છુપાવો ને બીજાને આગળ કરો. યુવરાજ દુર્યોધન અને યુવરાજ દુઃશાસન! બંનેની એક સરખી ગર્વિલી ચાલ! બંનેની સમાન વેધક દૃષ્ટિ! દુઃશાસન એટલે દુર્યોધનની જ છાયા!

સત્તર

યુદ્ધશાળામાં પહેલાં પંદર દિવસ સુધી તમામ શસ્ત્રો વિશે ફક્ત માહિતી જ મેળવી. કેમકે કંઈ પણ શીખવા મારું મન તૈયાર નહોતું. ગુરુદેવ દ્રોણે પહેલે દિવસે મારી સાથે જ વિચિત્ર વ્યવહાર કર્યો હતો, એથી મારું મન શેમાંય લાગતું નહોતું. બે ઘડી થયું કે યુવરાજોના આ જમેલામાં મારે કેવળ સારથિપુત્ર તરીકે ઉપેક્ષિત થયા કરવું એના કરતાં તો ચંપાનગરીની વાટ પકડી લઉં. યુદ્ધવિદ્યા શીખીને મારે શું કરવું છે? હવે વળી કયું મહાયુદ્ધ થવાનું છે? અને થાય તોય એમાં મારી શી જરૂર? કેવળ સારથિ તરીકે જ ને? તો પછી સારથિને યુદ્ધવિદ્યા શીખીને શું કામ છે? એણે તો ઘોડાની પરખ કરવાની અને એને કાબૂમાં રાખવાના. એ કામ તો ચંપાનગરીમાં રહીનેય ક્યાં નથી થઈ શકતું? પછી બીજી જ ક્ષણે વિચાર આવ્યો કે એમ પીછેહઠ કર્યે નહિ ચાલે. શું યુદ્ધ માટે જ કેવળ યુદ્ધવિદ્યા શીખવાની હોય છે? જેની ભૂજામાં બળ હોય તે જ હંમેશ શ્રેષ્ઠ ગણાય છે. આ યુદ્ધશાળામાં હું શક્તિશાળી બનીશ. યુવરાજ અર્જુનને બતાવી દઈશ કે જગતમાં તે એક જ ધનુર્ધારી નથી. પણ એણે બિચારાએ મારું શું બગાડ્યું છે? શા માટે મારે એની સાથે સ્પર્ધા કરવી જોઈએ? સ્પર્ધા જ માણસને અંધ બનાવે છે. ગુરુવર્ય એના પ્રત્યે અમીદૃષ્ટિ રાખે એમાં એનો શો દોષ? એ પણ મારા જેવો જ એક યુવાન છે. પોતાના પર ગુરુની અમીદૃષ્ટિ હોય એવી ઇચ્છા કયા શિષ્યની ન હોય? અને કયા ગુરુ શિષ્યને પારખ્યા વગર પોતાની આટલી નજીક લે? એમ જ હોય તો ગુરુદેવ હું પણ તમારી કસોટીમાંથી પાર ઊતરીશ. કેવળ એક ધનુર્ધર હોવાને કારણે તમે અર્જુન પ્રત્યે આટલી અમીદૃષ્ટિ રાખો છો તો હું પણ શ્રેષ્ઠ ધનુર્ધર બનીને જ રહીશ. અરેરે! હું ધનુર્ધર થાઉં એથી શો લાભ? તમે મને તમારો તો ક્યારેય ગણશો જ નહીં ને? મારી પીઠ તમે મમતાથી ક્યારેય થાબડશો નહીં ને! કારણ હું સારથિપુત્ર છું અને અર્જુન ક્ષત્રિયપુત્ર છે. ક્ષત્રિયકુળની એવી તે શી વિશિષ્ટતા છે? શા માટે કુળની કસોટી જોઈએ? કોને કહું? જે કુળમાં પૂર્વજોએ પોતાના પરાક્રમથી શત્રુઓનું નિકંદન કાઢી નાખી એ કુરુકુળ અને રાજ્ય બંનેની કીર્તિ વધારી એ કુળ જ શ્રેષ્ઠ ગણાય. મારા કુળના પૂર્વજોએ પેઢી દર પેઢી ઘોડાને માલિશ કર્યું છે અને લગામ પકડી છે. આથી મારા અને ક્ષત્રિયની તુલના કરવાનો શો અર્થ? ખરેખર હું એકાદ રાજકુળમાં જન્મ્યો હોત તો કેટલું સારું થાત! પરંતુ એ કંઈ આપણા હાથની વાત છે? એ કઈ રીતે શક્ય બને? વડના ઝાડ પર બેસનારા કાગડાએ રાજમહેલના કળશ પર બેસનાર કપોત

થવાનું સ્વપ્ન ન સેવવું જોઈએ. કાગડાએ હંસની ચાલ ચાલવાનું છોડી દેવું જોઈએ. જવા દો. જે વસ્તુ માણસના હાથમાં નથી તેનો વિચાર કર્યે શો ફાયદો? નાહકની ગેરસમજ ઊભી કરી કોઈના પ્રત્યે શત્રુતા રાખ્યે શું વળે? યુવરાજ અર્જુન ખરેખર ગુરુદેવનો આટલો લાડકો હોય તો એના ભાઈઓને ઈર્ષા થવી જોઈએ. મારે શું? મારે ને અર્જુનને શું લેવાદેવા? એનો અને મારો – બંનેનો માર્ગ જુદો. જીવનપથ પર ચાલનારા અમે બંને સંપૂર્ણ જુદી જુદી દિશાના યાત્રિકો છીએ. હે યુવરાજ અર્જુન, જા ખૂબ મહાન બન. અજેય ધનુર્ધર બન. ક્યારેક પ્રસંગ આવ્યે આ સારથિપુત્ર તારા રથના અશ્વને સંભાળવા સારથિપણું કરશે. મેં મનોમન નિશ્ચય કર્યો કે અર્જુન હોય કે ગમે તે હોય. હું કોઈની ઈર્ષા કરીશ નહીં. અહીં તમામ યુવરાજના અને મારા માર્ગ ભિન્ન છે. જન્મથી જ એ નિર્ધારિત છે. મને ધનુર્વિદ્યા શીખવાની તીવ્ર ઇચ્છા છે. મને થાય છે કે હું પણ અવાજની દિશા પારખી બાણ છોડું. એકીસાથે અસંખ્ય બાણ દશે દિશામાં છોડું. ગુરુ કોણ છે એનું મહત્ત્વ નથી, પરંતુ શિષ્યના હૃદયમાં વિદ્યાપ્રીતિ કેટલી છે એનું જ ખરું મહત્ત્વ છે. હું તનમનથી શિષ્ય થઈશ. કેવળ વિદ્યાપ્રાપ્તિ એ જ મારું ધ્યેય રહેશે. મેં મનોમન મક્કમ નિશ્ચય કરી લીધો.

અઢાર

મારો યુદ્ધશાળાનો કાર્યક્રમ નક્કી થઈ ગયો. એક મહિનામાં શૂળ, તોમર, પરીઘ[1], પ્રાસ[2], શતઘ્ની, ખડ્ગ, પટાબાજી, ભૃશુંડી, ગદા અને ચક્ર જેવાં અનેક શસ્ત્રોનું જ્ઞાન મેળવી લીધું. મને ધનુષ્ય પ્રત્યે વધુ લગાવ હતો. આથી ધનુષ્યવિદ્યા સંબંધી સર્વ શસ્ત્રોનો અભ્યાસ શરૂ કર્યો. કેવળ બાણના જ કેટલા પ્રકાર! બે શૂલાગ્રવાળા કર્ણીબાણ. પેટમાં પેસ્યું કે આંતરડું ઉલેચીને જ બહાર નીકળે! નાલીક બાણનું ફલક વિશાળ અને દાંતા વાંકા હોય છે. શરીરમાં પેસે કે તરત જ આસપાસની શિરાઓને શીર્ણવિશીર્ણ કરીને બહાર નીકળે. લીપ્ત બાણના અગ્રભાગમાં વનસ્પતિનો ઝેરીલો રસ લગાડેલો હોય છે તેથી એ અતિ દાહક હોય છે. બસ્તિક બાણ શરીરમાં ઘૂસી ગયું પછી એને બહાર કાઢવા જાઓ તો ફક્ત લાકડી જ હાથમાં આવે અને બાકીનો ભાગ અંદર ચોંટી જાય. સૂચિ બાણનો અગ્રભાગ સોય આકારનો અને તીક્ષ્ણ હોવાને લીધે અત્યંત સૂક્ષ્મ લક્ષ્ય પણ એ અચૂક વીંધી શકે છે. વિશેષે કરીને આંખની કીકીને વીંધવામાં એ ઉપયોગી થાય છે. જિહ્મ બાણ છૂટે ત્યારે જાય વાંકુંચૂકું પણ લક્ષ્ય બરોબર સાધે. આ ઉપરાંત ગવાસ્થી એટલે બળદનાં હાડકાંનાં, ગજસ્થી એટલે હાથીનાં હાડકાંનાં, કપીશ એટલે કાળા રંગનાં, પૂતી એટલે તીવ્ર ગંધનું, કંકમુખ, સુવર્ણપંખ, નારાચ, અશ્વારથી, અંજલિક, સન્નતપર્વ, સર્પમુખી જેવાં અનેક પ્રકારનાં બાણ હતાં. એ બધાં જ બાણ કઈ રીતે ફેંકાય એનું શિક્ષણ મારે જાતે જ લેવાનું હતું. મારી વિદ્યાર્થી અવસ્થાની પ્રત્યેક ક્ષણ આ કાર્યમાં જ વિતાવવાની હતી. પહેલાં મને ત્રણ પ્રત્યે પ્રેમ હતો. ગંગામાતા, સૂર્યદેવ અને રાધામાતાએ અતિશય પ્રેમથી દીધેલી ચાંદીની ડબ્બી પ્રત્યે પરંતુ યુદ્ધશાળામાં પ્રવેશ્યા પછી એમાં એકનો ઉમેરો થયો અને તે ધનુષ્ય અને બાણ!

૧. ભોગળ જેવું એક હથિયાર.
૨. જૂના સમયનું ભાલા પ્રકારનું એક અણીદાર હથિયાર.

ઓગણીસ

મહારાજાના રથનું સારથિપણું પિતાએ ઘણાં વર્ષો સુધી એકનિષ્ઠાથી નિભાવ્યું હતું, પરંતુ હવે વૃદ્ધાવસ્થાને કારણે એમનામાં પહેલાં જેવી ચપળતા રહી નહોતી. એથી એમને મદદરૂપ થાય એ માટે મહારાજાએ ગવલ્ગણ નામના એક હોશિયાર સારથિપુત્રની ખાસ નિમણૂક કરી હતી. ક્યારેક મહારાજ એને 'સંજય' કહીને બૂમ મારતા. એના પરથી એમનું નામ હું જાણી શક્યો હતો. એ વડીલ હોવાને નાતે અમે એમને 'સંજયકાકા' કહીને બોલાવતા. એમના અને વિદુરકાકાના ચહેરામાં ઘણું સામ્ય હતું. એમનું 'સંજય' નામ મને ખૂબ ગમ્યું. એ સારથિ હતા એ જાણીને મને વિશેષ આનંદ થયો! હંમેશાં કંઈક નિમિત્ત ઊભું કરી હું એમની સાથે વાત કરવાનો પ્રયત્ન કરતો.

રથશાળામાં તેઓ અને પિતાજી જાતવંત ઘોડા, રથમાં વપરાતું તેલ, ચક્ર માટે કઈ પ્રકારની લાકડી ટકાઉ ગણાય, રથચક્રના આરની સંખ્યા વધુ સારી કે ઓછી, એથી એની ગતિમાં શો ફરક પડે જેવાં અનેક રસપ્રદ વિષય પર તેઓ ચર્ચા કરતા. તેઓ મને કાયમ કહેતા, 'કર્ણ, તું સૂતપુત્ર છો. તું જાણી લે કે જાતવંત ઘોડા કદી ધરતી પર બેસે નહિ. નિદ્રામાંય નહીં જ! અને જાતિવંત સારથિ કદી રથનીડ[1] છોડે નહીં! પ્રાણ જાય તોપણ! એક આસન નક્કી કર્યા પછી એમાં કોઈ ફેરફાર નહીં!

'શું કહો છો કાકા? ઘોડા કદી બેસે જ નહીં?' મેં વિસ્મયથી પૂછ્યું.

'હા. એટલું જ નહિ પણ જો ઊંઘવાનો પ્રયત્ન કરે તો એ ઘોડો લાંબા પ્રવાસ માટે નકામો બની જાય એ પણ હજી સમજી લે. સર્વ પ્રાણીઓમાં ઘોડો ઉમદા પ્રાણી છે.'

'ઉમદા?' અમસ્તો જ પ્રશ્ન પૂછ્યો, કેમકે મારી ઇચ્છા હતી કે તેઓ બોલ્યા જ કરે અને હું ભારદ્વાજ પક્ષીની જેમ એમની મધુર વાણીને પીધા જ કરું.

'માત્ર ઉમદા જ નહીં બુદ્ધિમાન પણ ખરો. કર્ણ, ક્યારેક ઘોડા પર બેસી ગીચ વનમાં ગયા હોઈએ અને બહાર નીકળવાનો માર્ગ જડે નહીં ત્યારે ઘોડાની લગામ છૂટી મૂકી દેવાની! એ બુદ્ધિમાન પ્રાણી તને અચૂક મૂળ સ્થાન પર પાછો લઈ આવશે!' ઘોડાની પ્રકૃતિ વિશે આવી કેટલીય અવનવી વાતો કાકાએ જણાવી.

એમની પાસેથી ઘોડાની વિવિધ પ્રકૃતિ, એનાં વિવિધ વ્યાધિ અને ગતિ વિશે વાતો સાંભળવામાં અમારો સમય આનંદથી પસાર થઈ જતો. સારથિનું કર્તવ્ય, ધાર્મિકવિધિ, સભાગૃહના નિયમો વગેરે વિશે અમને ઝીણી ઝીણી માહિતી તેમણે અમને આપી. ઘોડાઓના પગની ખરીમાં થતા અકલા, અકુર જેવા રોગો પર કઈ કઈ જાતની વનસ્પતિની ઔષધિ ચોપડાય એ રોગી ઘોડા પર પ્રત્યક્ષ પ્રયોગ કરીને અમને બતાવ્યું.

સંજયકાકા રાજમહેલના સર્વ સારથિઓના નાયક હતા. મહારાજ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ પિતામહ, મહામંત્રી વિદુર, રાજમાતા અને અમાત્ય વૃષવર્મા – સૌ સભાગૃહમાં એમનો આદર જાળવતા. સૌને પ્રિય એવા સંજયકાકા મારી સાથે કલાકો સુધી બેસી ગપ્પાં મારતા. સારથિકર્મની ઝીણવટભરી ખૂબીઓ મને સમજાવતા. ક્યારેક ફૂલમાળા અને ઘંટડીઓથી સુશોભિત રથમાં મને અને શોણને રાજનગરીમાં ફરવા લઈ જતા.

---

૧. સારથિને રથમાં બેસવાની જગ્યા.

વીસ

એક દિવસ હું અને શોણ નગરમાં ફરવા ગયા હતા. રોજની જેમ ફરીને અમે પાછા આવતા હતા. રાજમહેલ નજીક અમે આવી પહોંચ્યા હતા. એટલામાં અમે સામેથી એક રાજરથ આવતો જોયો. એ રથને ચારેબાજુથી ઝગમગતાં વસ્ત્રોનો પડદો ઢાંક્યો હતો. રથના ઘોડા શ્વેત હતા. મને એ રંગ ગમી ગયો. શ્વેત, હૃષ્ટપુષ્ટ પાંચ ઘોડા હણહણતા અમારી તરફ આવતા હતા. હું એ ઘોડાને મુગ્ધતાથી જોતો હતો. એમાંથી એક ઘોડો અવારનવાર માથું ધુણાવતો હતો. સારથિ સરળતાથી રથને આગળ ધપાવતો હતો.

અચાનક મારો હાથ છોડી શોણ રથની દિશા તરફ દોડ્યો. હું ચોંકી ઊઠ્યો. અરે, આ ગાંડો રથ તરફ કેમ દોડે છે? પળવારમાં તે રથ નજીક પહોંચી ગયો. મને એ મૂર્ખ પર ચીડ ચડી. હું એની નજીક પહોંચીશ એ પહેલાં નક્કી એ રથ નીચે આવી જવાનો! શું કરું? ભયથી થથરી ઊઠ્યો. જો એ સહેજ વારમાં ત્યાંથી દૂર નહીં ખસી જાય તો જરૂર એ રથ નીચે છૂંદાઈ જવાનો. આથી મેં જોરજોરથી બૂમો પાડવા માંડી, 'શોણ... થોભી જા!' એટલામાં તો એણે વાંકા વળીને ચપળતાથી કાળા રંગની કંઈક વસ્તુ ઊંચકી લીધી. શોણને જોઈ સારથિએ અત્યંત કુશળતાપૂર્વક બધા ઘોડા થંભાવી દીધા. શોણની સાવ નજીક જ ઘોડા આવીને ઊભા રહ્યા. એકના મોંમાંથી ફીણ શોણના મસ્તક પર પડવા લાગ્યું! પરંતુ શોણને કશાયનું ભાન નહોતું. હાથમાં પકડેલી કાળા રંગની વસ્તુને એ પ્રેમથી ઝુલાવવા લાગ્યો. હું દોડતો એની પાસે પહોંચી ગયો. મને જોઈને એણે પોતાના હાથમાં રહેલી એ વસ્તુને બતાવતાં અધીરાઈથી તે બોલ્યો, 'મોટાભાઈ, જુઓ આ રથ નીચે આવી જાત!' મેં જોયું તો એના હાથમાં બિલાડીનું બચ્ચું હતું! પોતાની ઝીણી આંખોને ખોલબંધ કરતું એ ઝીણા અવાજે રડતું હતું. શોણને શું કહેવું એ મને સૂઝ્યું નહીં. એને શું ઠપકો આપું? હું એની સામે વિસ્મયતાથી જોઈ રહ્યો. અમારા રથ પાછળ રડતા રડતા દોડતો આજ શોણ હતો ને!

શોણ બચ્ચાના બરડા પર પ્રેમથી હાથ ફેરવવા લાગ્યો. એને સ્વર્ગ મળ્યા જેટલો આનંદ થયો. એના ખભા પરથી ઉત્તરીય સરકીને નીચે ધૂળમાં ક્યારે સરી પડ્યું એનું પણ એને ભાન ન રહ્યું. એવામાં બચ્ચાની મા કર્કશ અવાજે ચિચિયારી કરતી ક્યાંકથી ત્યાં આવી ચડી. પોતાના બચ્ચાને અહીંતહીં શોધવા લાગી. બચ્ચાને નીચે મૂકી દેવા મેં શોણને કહ્યું.

બિલ્લી તેની પાસે મૂકેલા બચ્ચાની ગરદનને મોંમાં ઝાલી મ્યાંઉં-મ્યાંઉં કરતી ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ! બચ્ચાને છોડીને તે એકલી ક્યાં ભટકવા ગઈ હશે? શોણે દોડીને એને બચાવી લીધું ન હોત તો આ કુમળું બચ્ચું રાજમાર્ગની ધૂળમાં ધૂળ ભેગું ધૂળ ક્યારનું થઈ ગયું હોત! શું એનો કરુણ અવાજ કોઈને કાને અથડાયો હોત?

મને તરત રાધામાતા યાદ આવી. એની પ્રેમાળ મૂર્તિ મારી આંખ સામે ખડી થઈ ગઈ. આજ સુધી એણે મને કેવાં જતનથી જાળવ્યો હતો! મા હો તો રાધામાતા જેવી! હું ચંપાનગરીની યાદમાં ખોવાયેલો હતો. ત્યાં રાજરથના રથનીડ પર બેઠેલા સારથિએ ઘોષણા કરી, 'આઘા ખસો, બાજુ ખસો! રાજમાતા કુંતીદેવી પધારી રહ્યાં છે!'

'રાજમાતા કુંતીદેવી!'

તરત જ મેં શોણનો હાથ પકડીને તેને એકબાજુ ખસેડી લીધો. રથ ધડધડ અવાજ કરતો, ધૂળ ઉડાડતો દોડવા લાગ્યો. હું એના શ્વેત અશ્વોને ઉત્સુકતાથી જોઈ રહ્યો. મને નવાઈ લાગી! આ રથને છ અશ્વો જોડવાની પૂરતી વ્યવસ્થા છે છતાં ફક્ત પાંચ અશ્વો જ જોડવામાં આવ્યા હતા! એક અશ્વની જગ્યા ખાલી રાખવામાં આવી હતી!

'રાજમહેલમાં અશ્વો ખૂટી ગયા છે કે શું?' મેં મનમાં જ પૂછ્યું. રથ પસાર થઈ ગયો. શોણે એના પૈડા નીચે આવી ગયેલું પોતાનું ઉત્તરીય ઊંચકી લીધું! એના પરની ધૂળ ખંખેરી ફરી ઓઢી લીધું! અમે અમારા રહેણાકના કક્ષ ભણી ચાલવા લાગ્યા. મારો હાથ શોણના ખભા પર હતો. આવું પહેલાં ક્યારેય બન્યું નહોતું.

એકવીસ

હસ્તિનાપુરમાં દિવસો સુખેથી પસાર થતા હતા. શરૂઆતમાં ચંપાનગરી બહુ યાદ આવતી. પછી ધીરે ધીરે ભુલાતી ગઈ. માત્ર ચાંદીની ડબ્બી જોતાં મારી માનો પ્રેમાળ ચહેરો રોજ મારી આંખ સામે ખડો થઈ જતો. એ અમારાથી ઘણી દૂર હતી એટલે જ મને એનું મહત્ત્વ વધુ સમજાતું હતું. હું રોજ સૂતી વખતે કહેતો, 'મા, મમતાની દોરીએ બંધાયેલો જીવ ભલે ગમે તેટલો દૂર હોય પણ નજીક જ લાગે છે. તું કેવળ આ ડબ્બીમાં જ નથી. તું બે ડબ્બીમાં પુરાયેલી છો! એક તારી દીધેલી ડબ્બીમાં અને બીજી મારા હૃદયની ડબ્બીમાં!'

સ્મૃતિઓ વંટોળિયા જેવી હોય છે. ગમે તે ખૂણેથી ગમે ત્યારે તે આવી શકે છે. એટલું જ નહિ ઘણી વખત મનના શાંત સરોવરને ખળભળાવી પણ નાખે છે! ક્યારેક ચંપાનગરીની તીવ્ર સ્મૃતિ થઈ આવે છે ત્યારે મન ઉદાસ થઈ જાય છે. ક્યાંય દિલ ગોઠતું નથી. એવે વખતે શોણને લઈને હું ફરવા નીકળી પડું છું. એથી બધી ઉદાસીનતા દૂર થઈ જાય છે. અનેક વાર આ રીતે નગરીમાં આંટાફેરા મારવાથી હવે આ નગરીથી હું સંપૂર્ણપણે પરિચિત થઈ ગયો છું. કયો રસ્તો ક્યાં જાય છે, કયા દેવનું મંદિર ક્યાં છે, તળાવ ક્યાં છે, અશ્વશાળા ક્યાં છે, ધાન્યના ભંડાર ક્યાં છે, શસ્ત્રાગાર ક્યાં છે વગેરેની રજેરજ માહિતી મને હોઠે છે. હસ્તિનાપુર એટલે વિવિધ આકારનાં રંગબેરંગી પુષ્પોથી હર્યોભર્યો એક બાગ! કેટલી પ્રકારના માણસો આ નગરમાં વસે છે! ગાયક, નર્તક, યોદ્ધા, વેપારી, ખેડૂત, કલાકાર, પંડિત ઉપરાંત ચમાર, કુંભાર, લુહાર જેવા શ્રમજીવી માણસો પણ અહીં છે. જ્યારે ફરવા નીકળો ત્યારે નગર ધમધમતું હોય! આ નગરમાં ફરતાં મને કદી કંટાળો નથી આવતો. ક્યારેક તો એમ થાય છે કે યુદ્ધશાળામાં જવાને બદલે નગરમાં ફરવા નીકળી પડું પરંતુ તે સર્વથા અસંભવ હતું. કારણ હું અહીં ફરવા નોહોતો આવ્યો, ભણવા આવ્યો હતો.

બાવીસ

હસ્તિનાપુરમાં મારી દૈનિક ક્રિયા નિશ્ચિત હતી. હું રોજ પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તે ઊઠી જતો. રોજના નિયમ પ્રમાણે ગંગાકિનારે જતો. મારે લીધે કોઈ મુશ્કેલીમાં ન મુકાય તેથી મેં ઘાટ પર જવાનું ટાળ્યું હતું. જ્યાં કોઈની દખલગીરી ન હોય તેવી એક સ્વચ્છ, નીરવ

જગ્યા મેં મારે માટે શોધી કાઢી હતી. ત્યાં કોઈની અવરજવર નહોતી. ત્યાં જઈને હું મનભરીને ડૂબકી માર્યા કરતો પછી કમર સમાણાં પાણીમાં ઊભો રહેતો. નાની નાની માછલીઓ મારા પગને ચટકા ભરવાનો પ્રયત્ન કરતી, પરંતુ હું જાણતો હતો કે એને અહીં કંઈ ખાવા મળે તેમ નથી. મારી અભેદ્ય ચામડીને ચાવી ચાવીને તે કંટાળી જતી અને ચાલી જતી. છેવટે માછલીઓએ મારી આસપાસ ફરકવાનું બંધ કરી દીધું. મારા પગ એમને પાણીમાં રહેલા બે ખડક જેવા લાગ્યા હશે.

અંજલિ ભરીને પાણી લઈ હું સૂર્યદેવના આગમનની રાહ જોતો ઊભો રહેતો. દૂર ગંગાનાં પાણી પર ધીરે ધીરે એ ઊઘડી રહ્યા હતા. સૂર્યકિરણોનાં સ્પર્શથી ગંગાજળની અસંખ્ય લહેરો સોનેરી વસ્ત્રો સજી નર્તન કરી રહી હતી. કારંડવ પક્ષી ક્યારેક અમારી બેની વચ્ચે આવી ચક્કર મારી જતું. એની આ આવનજાવનને કારણે સૂર્યતેજને ઝીલી શકાતું નહોતું. મેં મનમાં વિચાર્યું, ‘આવડા નાના પક્ષીમાં પણ કેટલી બધી તાકાત છે! પોતાના અસ્તિત્વથી સૂર્યબિંબને સુધ્ધાં ઢાંકી દેવા તે સમર્થ છે!’ એ પક્ષી દૂર જતું રહ્યું. તેજ ફરીથી ઝળકી ઊઠ્યું.

સૂર્યને અંજલિભરી અર્ઘ્ય આપ્યો અને કહ્યું, ‘આપનો શિષ્ય આ સૂતપુત્ર કર્ણ આપના આશીર્વાદ ઝંખે છે. ગુરુદેવ, એના પર અનુગ્રહ કરો!’ અને એકીટશે હું તેજને નિહાળી રહ્યો. ઝગમગતાં અસંખ્ય તેજસ્વી કણો મને દેખાવા લાગ્યા. પ્રચંડ વેગથી ઘૂમનારા તેજકણો! સંસારના અંધકારને ઉજાળનારા તેજકણો! સંસારમાં ઉત્સાહનો પ્રચંડ ધોધ વહાવનારા અમર તેજકણો! જો એક દિવસ પણ તેજ પોતાનું મોં સંસારથી ફેરવી લે તો આપણી શી દશા થાય? આ હસ્તિનાપુર, આ પ્રાસાદ, આ મંદિર, ગર્વથી છાતી કાઢીને ચાલનારા આ યોદ્ધાઓ, પેલા અર્જુન, ભીમ, દ્રોણ – એ બધાનું શું થાય? અહોહો, કેવા કર્તવ્યનિષ્ઠ છે આ તેજકણો! મેં મનમાં જ કહ્યું, ‘આ કર્ણ પણ તેજના કણોમાંનો એક કણ થયો હોત તો કેવું સારું થાત! તો એ પણ જાતે બળીને ભસ્મ થઈ જઈને સંસારના સમસ્ત અંધકારને દૂર કરી શકત, પરંતુ હવે એ અસંભવ છે.’

સૂર્યના ધ્યાનમાં હું એકાગ્ર થઈ જતો. અંગ પરનું કવચ, કાનનાં કુંડળ – એકેયનું મને ભાન રહેતું નહીં. ઉઘાડી આંખે એ તેજને યથાશક્તિ ઝીલતો છતાં જાણે સદાયનો અતૃપ્ત!!

આમ કલાકો વીતી જતા. આ તેજકિરણો મારા મસ્તક પર થઈ પીઠ સુધી ફરી વળતાં. હવે એનું દર્શન શક્ય નહોતું. મારી ગરદન થાકી ગઈ હતી. મેં શાંતિથી આંખો બંધ કરી દીધી. આંખ સામે તેજનાં વલયો પ્રદક્ષિણા ફરવાં લાગ્યાં. શરીરના લોહીનું એક એક બુંદ તેજકણની જેમ જાણે ફરી રહ્યું હતું! બહુવારે મેં આંખો ખોલી. મારી પીઠ ખાસ્સી તપી ગઈ હતી. કિનારા પરની રેતી પણ ખૂબ તપી ગઈ હતી. હું ઝટપટ પાણીમાંથી બહાર નીકળ્યો અને વસ્ત્રો બદલી લાંબા લાંબા ડગ ભરતો રાજમહેલ તરફ ચાલવા લાગ્યો.

ત્રેવીસ

રાજમહેલમાં આવી યુદ્ધશાળાનો ગણવેશ પહેરી શોણને લઈને હું યુદ્ધશાળા જવા નીકળ્યો. અમારો આખો દિવસ જાતજાતનાં શસ્ત્રોનો અભ્યાસ કરવામાં પસાર થતો. ક્યારેક ગોળગોળ ગદા ફેરવવાના, ક્યારેક ખડ્ગ પર હાથ અજમાવવાનો, ક્યારેક ભાલા

ફેંકવાના – એમ જે શસ્ત્ર હાથમાં આવે તેના પર કુશળતાથી હાથ અજમાવ્યા સિવાય મને ચેન પડતું નહીં. ખાસ કરીને ધનુષ્યવિદ્યામાં પારંગત થવા માટે કલાકોના કલાકો સુધી મેં તપશ્ચર્યા કરી હતી. દરેક વિદ્યા વેલ જેવી હોય છે. એને નિષ્ઠાનું ખાતર દેવાય અને મનની એકાગ્રતાનું પાણી સિંચાય તો જ એ વધે. એના અભાવથી એ કરમાઈ જાય. આખો દિવસ હું નિષ્ઠાથી અને મનની એકાગ્રતાથી શીખતો. કઠીન વિદ્યા પહેલા શીખી લેવી એવી ઇચ્છા મનમાં રહેતી અને મેં શીખી પણ લીધી. સાંજે સૌ ગુરુદેવ દ્રોણનો આદેશ થતાં જ હાથમાંનાં શસ્ત્રો સ્વસ્થાને મૂકી પોતપોતાના નિવાસસ્થાને ચાલ્યા જતા. હું શોણને ત્યાં જ ઊભો રાખી ઝટપટ ગંગાકિનારે જતો. યુદ્ધશાળાની પાછળના ભાગમાં વહેતી ગંગા આગળ નગર તરફ દોડતી હતી. ત્યાં ઊભા રહીને મેં પશ્ચિમ તરફ મીટ માંડી. હસ્તિનાપુરની વિદાય લેતા સૂર્યદેવને મેં પ્રણામ કર્યા. મારા દેહ પર પોતાની સોનેરી આંગળીઓ ફેરવતાં તે જાણે મને કહેતા હતા કે, 'આપણે હવે કાલે મળીશું!' દિવસભર જાતજાતનાં શસ્ત્રોનો અભ્યાસ કરીને લાગેલો થાક તત્ક્ષણ ઊતરી જતો.

રાત્રે પથારીમાં આળોટતાં વેંત નિદ્રા આવી જતી, છતાં ક્યારેક એ બાળકની જેમ રિસાઈ પણ જતી. ત્યારે ગુરુદેવ દ્રોણના શબ્દો યાદ આવતા, 'આ યુવરાજોની સાથે એને કેમ શિક્ષણ આપી શકાય?' હું મારા મનને મનાવવાનો પ્રયત્ન કરતો. એમણે જે કહ્યું હતું તે ઠીક જ હતું. હું યુવરાજ નથી. એમની સાથે અભ્યાસ ન કરી શકું પરંતુ મનને એ કબૂલ નહોતું. હું સતત પડખાં ફેરવ્યાં કરતો. મારી વ્યગ્રતા મને ચકિત કરી મૂકતી. આ નગરના અનેક યુવાનોને આ યુવરાજો સાથે ભણવાની તક મળી નહોતી. એ સૌ યુદ્ધશાળામાં આવતા હતા. તેમને પણ શું મારી જેમ આવા વિચારો સતાવતા હશે? મને જ કેમ સતાવે છે? કંટાળીને હું બહાર નીકળતો. રાજમહેલની સામેના સરોવરની પાળીએ જઈને બેસતો. એના નિર્મળ નીરમાં આકાશનું પ્રતિબિંબ ચમકતું હતું. ચંદ્રની રેખા આકાશના નિર્જીવ તારાઓ સાથે રમવાનું છોડી દઈને આટલે ઊંચેથી પગથિયાં ઊતરીને ચૂપચાપ અહીં આવી હતી! એને સરોવરનાં પાણીની માછલીઓ સાથે રમવું હતું. સરોવરની નિર્ભય માછલીઓ પણ ચંદ્રરેખા સાથે હોંશેહોંશે સંતાકૂકડી રમતી હતી. ક્યાંય સુધી હું માછલીઓની ચંચળ ગતિને નીરખતો રહ્યો. સરોવરની ચારેબાજુના કિલ્લામાં માળા બાંધીને કબૂતરો રહેતાં હતાં. કોઈ એક ભૂલ્યું ભટક્યું કબૂતર અવાજ કરીને એકાદ ચક્કર લગાવી શાંત પડી જતું. ચંદ્રરેખાને જોતો પગથિયાં ચડી પાછો કક્ષમાં આવી શાંત ચિત્તે નિદ્રાધીન થતો.

ચોવીસ

રાજમહેલથી યુદ્ધશાળા ઘણી દૂર હતી. આથી અમે યુદ્ધશાળામાં જ રહેવાનું શરૂ કર્યું હતું. હવે અમારો સંબંધ રાજમહેલ સાથે પૂરો થયો. વર્ષમાં ફક્ત એક વાર શરદોત્સવ પર અમે રાજમહેલમાં જતા. એ પણ યુવરાજ દુર્યોધનના આગ્રહને વશ જ. એમણે અને અમાત્ય વૃષવર્માએ અમને ઘણી સહાય કરી હતી. યુવરાજ દુર્યોધનને નવ્વાણું ભાઈઓ હતા, પરંતુ એક દુર્યોધન સિવાય કોઈએ અમારામાં રસ લીધો નહોતો! જોકે મનેય કોઈના પ્રત્યે આકર્ષણ નહોતું. પ્રત્યેકના નામ પણ કેવાં વિચિત્ર હતાં! દુર્મુખ, દુર્મુર્ષ, અંત્યનાર! એમ તો મને એક બીજી વ્યક્તિ પ્રત્યે પણ આકર્ષણ હતું. એ અશ્વત્થામા! ગુરુ દ્રોણના

પુત્ર! કેવો સરળ અને ઋજુ સ્વભાવનો હતો એ! આટલી નાની વયે ધર્મ, આત્મા, શૌર્ય, કર્તવ્ય, પ્રેમ જેવા ગંભીર વિષયો પર કેવું અધિકારપૂર્વક એ બોલી શકતો હતો! સમય મળ્યે હું એમની સાથે ચર્ચા કરતો. એને મારા 'કર્ણ' નામ સિવાય મારો બીજો કોઈ જ પરિચય નહોતો. હું કોણ, ક્યાંનો, અહીં શા માટે આવ્યો છું? – એ વિષય પર એણે ક્યારેય પૂછપરછ કરી નહોતી. આથી એ વ્યક્તિ મને વધુ સ્પર્શી ગઈ.

એક દિવસ મેં એને સહજભાવે પૂછ્યું, 'તારું અશ્વત્થામા નામ જરા વિચિત્ર જેવું લાગે છે. તને નથી લાગતું?'

નાના બાળકની જેમ ખડખડાટ હસતાં તેણે કહ્યું, 'તું ખરું કહે છે. મને પણ આ નામ ક્યારેક ખટકે છે. મારા નામ વિશે મેં જ્યારે સૌને પૂછ્યું તો એ સૌએ મને શું જવાબ આપ્યો તે તું જાણે છે?'

'બીજું શું કહેવાના? તું ઘોડા જેવો રુઆબદાર દેખાય છે. એવું કંઈક કહ્યું હશે!'

'નહીં. તેઓએ કહ્યું હતું કે હું જ્યારે જન્મ્યો ત્યારે ઘોડાની જેમ હણહણ્યો'તો! આથી મારું નામ ''અશ્વત્થામા'' પડ્યું છે! પણ મને એ નામ નથી જ ગમતું. શું નાનકડું બાળક કદી ઘોડાની જેમ હણહણી શકે? સાચું કહું? છતાં મને મારું નામ ગમે છે, કારણ કે મારા પિતા મને ''અશૂ'' કહીને બોલાવે છે એટલે. એ પણ હું એકલો હોઉં ને ત્યારે જ. બાકી સૌની દેખતાં તો મને અશ્વત્થામા કહીને જ બોલાવે.'

મને પણ એનું 'અશૂ' નામ ખૂબ ગમ્યું.

એની સાથે મારા દિવસો આનંદમાં પસાર થતા. એ મારા કુંડળને હાથમાં લઈ કહેતો, 'કર્ણ, તારાં આ કુંડળ દિવસે દિવસે વધુ ને વધુ સોનેરી રંગ ધારણ કરતા જાય છે! નગરના કોઈ સોની પાસે જઈ એના પર સોનાનો ઢોળ તો નથી ચડાવરાવતો ને?'

'મારાં કુંડળને સોનેરી રંગે રંગનાર કોણ સોની છે એની મને પોતાને જ ક્યાં ખબર હતી? નહિતર મેં જ એને કહ્યું ન હોત કે મારા મિત્રને – અશ્વત્થામાને પણ સુવર્ણજડિત કુંડળની એક જોડ આપો! સાચે જ એ સુંદર છે!'

તે હસતાં હસતાં કહેતો, 'નારે ભૈ, તારાં કુંડળ તને મુબારક! કાનમાં સુવર્ણજડિત કુંડળ જોઈને મારા જેવા ઝૂંપડીમાં રહેનાર ઋષિકુમારના કાન કોઈ ચોર કાપી જાય ને! પછી ન રહે કુંડળ કે ન રહે કાન!' અમે બંને ખડખડાટ હસી પડતા અને ખુદને ભૂલી જતા. હું રોજ વિચાર કરતો કે ગુરુદ્રોણનો આ પુત્ર કેવો નિષ્પાપ અને નિખાલસ છે! એમાં ને શોણમાં શો ફરક છે? અને એના પિતા કેવા ગંભીર અને શાંત! અકળ! કઈ જવાબદારી માનવને આટલી પ્રૌઢ બનાવતી હશે? કે પછી કેટલાક માનવ જન્મથી જ પ્રૌઢ હોય છે? આ યુધિષ્ઠિર જ જુઓને! – સદાય ગંભીર! સોગંદ, જો ભૂલમાંય હસે તો! છતાં શાળાના સૌ શિષ્યો એનો કેટલો આદર જાળવે છે! એનો ભાઈ અર્જુન તો જાણે સૌનો પ્રાણ! જ્યાં જુઓ ત્યાં અર્જુન! પોતાના પુત્ર અશ્વત્થામા પર પ્રેમ નહિ હોય એટલો પ્રેમ ગુરુ દ્રોણને અર્જુન પ્રત્યે છે! અર્જુન તેઓને આટલો કેમ વહાલો લાગતો હશે? એમ જોવા જઈએ તો યુદ્ધશાળામાં અશ્વત્થામા જેવો શ્રેષ્ઠ યુવક બીજો કોઈ નહોતો, પરંતુ અહીં તો અર્જુન સિવાય અન્ય કોઈનું આટલું આદરભર્યું સ્થાન જ નહોતું! કોઈપણ વ્યક્તિને વધુ પડતું મહત્ત્વ આપવું એ શું ઉચિત ગણાય? શું એનાથી વ્યક્તિ ઉન્મત્ત ન બની જાય! ગુરુદેવ

અર્જુનને આત્મીય બનાવવા એને એવી તે કઈ કસોટીએ કસ્યો હશે? ઘણી વાર થતું કે અશ્વત્થામાને જ આ પ્રશ્ન પૂછી જોઈશ. પરંતુ હું પૂછવાનું ટાળતો. કેમકે કદાચ એમાં એને પોતાના પિતાનું અપમાન લાગે તો! આથી હું એને ક્યારેય પૂછી શક્યો નહીં. જોકે એક મિત્ર તરીકે મને અશ્વત્થામા યુદ્ધશાળાના સર્વ શિષ્યોમાં વધુ આત્મીય લાગ્યો હતો, વધુ ગમતો પણ હતો.

પચ્ચીસ

વચમાં એકાદ વાર ચંપાનગરી માને મળવા જઈ આવ્યો. આઠ દિવસે આવ્યો ત્યારે અશ્વત્થામાએ મને જણાવ્યું કે ગુરુ દ્રોણે પોતાના સૌ શિષ્યોની પરીક્ષા લીધી હતી. એમણે એક અશોક વૃક્ષની ઊંચી ડાળ પર એક પક્ષી ટીંગાડ્યું હતું. એ પક્ષીની ડાબી આંખ અચૂક વીંધે એને ગુરુ તરફથી શાબાશી મળવાની હતી. એમણે બધા શિષ્યોને એકઠા કર્યા હતા અને પ્રત્યેકને ઓટલા પર બોલાવી તેમના હાથમાં ધનુષ્ય-બાણ દઈ ત્યાંથી લક્ષ્યવેધ કરવાનો આદેશ આપ્યો હતો. દરેક જણ આવે, ધનુષ્ય લે, પણછ તાણે પછી ગુરુ એને પૂછતા, 'હવે તને શું દેખાય છે?'

દરેક જુદા જુદા ઉત્તર દેતા. પેલા મૂર્ખ ભીમે તો એવું કહ્યું, 'મને લીલા ડુંગર દેખાય છે!' કોઈ કહેતું કે વાદળ દેખાય છે, કોઈ કહેતું કે વૃક્ષનાં લીલાં પાન દેખાય છે, કોઈને પક્ષી દેખાય છે.

ગુરુવર્યને સંતોષ થયો નહીં. તેઓ દરેકને ધનુષ્ય નીચે મૂકી દઈ પાછા જવાનું કહેતા. છેલ્લે અર્જુન આવ્યો. એને ગુરુદેવે પૂછ્યું, 'અર્જુન, તને શું દેખાય છે?'

અર્જુને કહ્યું, 'મને ફક્ત પક્ષીની આંખ દેખાય છે.'

ગુરુદેવ ખુશ થઈ ગયા. એમણે એની પીઠ થાબડી અને કહ્યું, 'શાબાશ! હવે આંખ વીંધ.' એણે તરત જ બાણ છોડ્યું અને આંખ વીંધી. ગુરુવર્યે ફરી એની પીઠ થાબડી.

આ આખોય પ્રસંગ અશ્વત્થામાએ મને વિસ્ફારિત આંખે વર્ણવ્યો. છેવટે તેણે મને સહસા પૂછ્યું, 'કર્ણ, તું એ વખતે હોત તો પિતાને તેં શું કહ્યું હોત?'

હું ચૂપ થઈ ગયો. હું મનોમન જાણે ઓટલા પર વીરાસન લગાવીને બેસી ગયો અને સામે દેખાતાં પક્ષીની આંખ પર મેં દૃષ્ટિ ઠેરવી. મેં એને કહ્યું, 'અશ્વત્થામા, હું હોત તો મેં એમ કહ્યું હોત, 'મને કંઈ જ દેખાતું નથી.' કારણ કર્ણની સામે જ્યારે લક્ષ્ય હોય ત્યારે કર્ણ કર્ણ જ રહેતો નથી! એનું આખું શરીર બાણ બની જાય છે... કેવળ બાણ નહિ, બાણની ધારદાર અણી અને લક્ષ્યવેધ બિંદુ! મેં કહ્યું હોત, 'મારા અભેદ્ય શરીરની એક તલ જેટલી જગ્યા જ મને દેખાય છે.'

મારો આ ઉત્તર સાંભળી આનંદમાં આવી જઈ અશ્વત્થામા મને ભેટી પડ્યો. તેણે કહ્યું, 'કર્ણ, તું સર્વમાં શ્રેષ્ઠ ધનુર્ધર થઈશ.' એના બાહુપાશમાંથી છૂટા પડતાં મેં મનથી નિર્ધાર કર્યો કે યુવરાજ અર્જુને પક્ષીની આંખ વીંધીને ગુરુવર્યની ઉષ્માભરી શાબાશી મેળવી હતી. એવો જ લક્ષ્યવેધ આજ હું કરીશ. એ કાર્ય પાર પાડીશ પછી કોઈ વાર જરૂર ગુરુ દ્રોણ મને એમની પાસે બોલાવશે અને મારી પીઠ થાબડશે.

તે સાંજે હું નગરમાં ગયો. ભૂસું ભરેલા મૃત પક્ષી વેચનાર પાસે જઈ મેં એક પક્ષી ખરીદ્યું અને પાછો આવ્યો. રાત સૂમસામ હતી ત્યારે મેં શોણને ઉઠાડ્યો. અમે બંને અમારા કક્ષની બહાર આવ્યા. મારા હાથમાં પેલું પક્ષી હતું. યુદ્ધશાળામાં ચોમેર શાંતિ હતી. આખો દિવસ શસ્ત્રોના ખણખણાટથી ગાજતી એ ભૂમિ આજ નીરવ હતી. ઠેકઠેકાણે ઇંગુદી તેલની મશાલો એના વિશાળ પટાંગણને અજવાળતી હતી. એમાંથી એક મશાલ હાથમાં લીધી અને ધનુર્વિદ્યા માટે બનાવેલ મંચ પર હું ચડ્યો. સામે જ વિશાળ અશોકવૃક્ષ હતું. એ તરફ આંગળી ચીંધીને મેં હાથમાંનું પક્ષી શોણના હાથમાં દેતાં કહ્યું, 'આ પક્ષી પેલા વૃક્ષની ઊંચી ડાળીએ બાંધ અને ત્યાં જ તું હાથમાં મશાલ લઈને ઊભો રહે.'

'કેમ?' એણે વિસ્મયથી પૂછ્યું.

'એ હું તને પછી કહીશ. અત્યારે જલદી જા.'

મારા હાથમાંથી મશાલ અને પક્ષી લઈ તે વૃક્ષ પાસે ગયો. ખીસકોલીની જેમ સરસરાટ એક ક્ષણમાં ઉપર ચડી ગયો. થોડી વારે તેણે કહ્યું, 'મોટાભાઈ, અહીં એક ડાળ દોરીથી બાંધેલી છે. ત્યાં જ બાંધું?'

'હજી બને તેટલો ઊંચે જા.' મેં નીચેથી બૂમ પાડી.

તે ખૂબ ઊંચે ગયો. આથી વધુ ઊંચે ચડવાનું શક્ય નહોતું. એણે હાથમાંનું પક્ષી એક ડાળી પર બાંધ્યું અને બાજુની એક બીજી ડાળી પર એ બેઠો. મેં તેને મોટેથી કહ્યું, 'મને એ પક્ષી દેખાય એવી રીતે તું હાથમાં મશાલ પકડ. સહેજે હલતો નહિ.' એણે હાથમાંની મશાલ મજબૂત પકડી. મેં ધનુષ્ય લીધું અને વીરાસન વાળ્યું. આ જ ઓટલા પર ઊભા રહીને મેં સૂર્યદેવનું શિષ્યત્વ સ્વીકાર્યું હતું. મારું જ મન મને આદેશ દેવા લાગ્યું, 'સમજી લે. યુવરાજ અર્જુને પક્ષીની માત્ર એક જ આંખ વીંધી હતી. તારે બંને આંખ વીંધવાની છે! દેખાતી અને ન દેખાતી! કઈ રીતે? પહેલું બાણ વાગતાં પક્ષી હલશે અને તરત જ એની બીજી બાજુ સામે આવશે. એટલી વારમાં જ બીજા બાણથી એની બીજી આંખ વીંધાઈ જવી જોઈએ. આ બંને બાણ એકસાથે છોડવાના છે અને તે પણ મશાલના ધૂંધળા પ્રકાશમાં!'

મેં વૃક્ષ સામે જોયું. મશાલની ફફડતી જ્યોતને આધારે પવનની દિશાનું અનુમાન કર્યું. બાજુમાં પડેલા ભાથામાંથી બે સૂચિબાણ ખેંચીને હાથમાં લીધાં. ધનુષ્યને સંતુલિત કર્યું અને એના પર બે બાણ ચડાવ્યાં. પણછ ખેંચી. હવે હું... હું નહોતો. મારાં શરીર, મન, દૃષ્ટિ, શ્વાસ બાણની બે અણી અને પક્ષીની બે આંખો સૌ એકાકાર થઈ ગયાં! ખેંચેલી પણછ પર બંને આંગળીઓ સ્થિર કરી. બંને આંગળીઓનો અલગ પ્રભાવ હતો. એમાંથી એક બાણ છૂટશે કે તરત જ એની પાછળ બીજું. મન એકાગ્ર કર્યું અને ધનુષ્યમાંથી બંને બાણ સરરર કરતાં એક પછી એક છૂટ્યાં. એક વેધ થયો ને પક્ષી તરત અવળું ફર્યું. એટલામાં બીજા બાણની ધાર આંખમાં પેસી ગઈ. શોણે જેમતેમ બાંધેલી દોરી તૂટી અને ધડ કરતું પક્ષી નીચે પડ્યું. હાથમાંનું ધનુષ્ય ફેંકી મંચ પરથી ચાર પગથિયાં એકસામટા કૂદીને હું દોડતો પેલા વૃક્ષ નીચે પહોંચ્યો. પક્ષીને હાથમાં લઈ બાજુમાં પડેલી મશાલના પ્રકાશમાં જોયું. એની બંને આંખની કીકીમાં બે બાણ ઘૂસેલાં હતાં! મારી આંખો વિજયના આનંદથી ચમકવા લાગી. શોણ વૃક્ષ પરથી ઊતરી નીચે આવ્યો. દૂર સુધી રાતના પહેરો

ભરતા કોઈ એક પહેરેગીરે મધ્યરાત્રિએ લોખંડની થાળી પર કલાકનો ડંકો વગાડ્યો. અમે ફરી કક્ષમાં આવીને સૂઈ ગયા.

તે દિવસથી લક્ષ્યવેધના કઠીન પ્રયોગો અમે બંને છાનામાના રાત્રે યુદ્ધશાળામાં કોઈ ન હોય ત્યારે કરતા, કારણ નીરવ રાત્રિમાં મનને સારી રીતે એકાગ્ર કરી શકાય છે. કોઈની દખલગીરી નહીં.

એક પછી એક વર્ષો ક્યારે પસાર થઈ ગયાં તેની મને કે શોણને ખબર પડી નહીં. મલ્લવિદ્યામાં પારંગત થવાથી મારું શરીર સુદૃઢ થયું હતું. હાથના સ્નાયુ પર જોરથી મુષ્ટિપ્રહાર કરતાં અશ્વત્થામા મને કહેતો, 'કર્ણ, આ તે માંસ છે કે લોઢું?'

છવ્વીસ

એક વાર હું અશ્વત્થામા સાથે રાજમહેલમાં ગયો હતો. રાજમહેલની સામે સરોવરની પાળે દુર્યોધનના મામા શકુનિ હાથમાં શ્વેત રાજહંસ પકડીને બેઠા હતા. મને એ શ્વેત પક્ષી પ્રત્યે ખૂબ માયા હતી. પાણીમાં પોતાના પગથી સેલારા મારતું એ પક્ષી કેવા રુઆબદાર વળાંક લેતું અહીંતહીં ઘૂમતું હતું! જાણે જળસામ્રાજ્યનો એ એક જ સમ્રાટ હોય! અમે બંને શકુનિમામા પાસે ગયા. એનો અણસાર મને મહારાજ ધૃતરાષ્ટ્ર જેવો લાગ્યો. પણ તેમને હંમેશાં ભ્રમરો ચડાવીને વાત કરવાની ટેવ હતી. તેમની સાથે વાત કરનારની નજર તેમની ઝીણી આંખો પર થઈ તેમનાં ઘટ્ટ ભવાં તરફ અચૂક જતી! હાથમાં પકડેલા રાજહંસને થાબડતાં તેમણે અશ્વત્થામાને પૂછ્યું, 'અરે અશ્વત્થામા, યુદ્ધવિદ્યામાં બધા યુવરાજોએ ક્યાં સુધી પ્રગતિ કરી?'

'અર્જુને ધનુષ્યવિદ્યામાં, દુર્યોધને ગદામાં, ભીમે કુસ્તીમાં, નકુલે ખડ્ગમાં, દુઃશાસને મુષ્ટિયુદ્ધમાં, સહદેવે ચક્રમાં અને યુધિષ્ઠિરે યુદ્ધનીતિમાં નિપુણતા મેળવી લીધી છે.' અશ્વત્થામાએ જવાબ આપ્યો.

'એ...મ! તો હવે વહેલી તકે સૌની પરીક્ષા લેવાવી જોઈએ.'

'હા. પિતાશ્રી પણ એમ જ વિચારે છે.' અશ્વત્થામાએ કહ્યું. એટલામાં એક સેવક પાષાણ પાત્રમાં દૂધ લઈને આવ્યો. તેણે એ પાત્ર સરોવરની પાળે મૂક્યું. શકુનિમામાએ હાથમાંથી રાજહંસ અશ્વત્થામાને દીધો. નીચા નમીને સરોવરમાંથી અંજલિભર પાણી લીધું અને એ પાષાણ પાત્રમાં નાખ્યું.

'મામા, દૂધની ક્યાં ખોટ છે? તમે શા માટે કસર કરો છો?' અશ્વત્થામાએ જણાવ્યું.

'નહીં રે. આ રાજહંસ છે. આ પાત્રમાં ગમે તેટલું પાણી નાખો. એ પીશે જ નહીં.' ઉત્તરીયથી હાથ લૂછતાં ભવાં ચડાવી શકુનિમામા બોલ્યા.

'શા માટે?'

'હમણાં જ તું જોઈશ.' એમ કહીને મામાએ રાજહંસને હળવેકથી અશ્વત્થામાના હાથમાંથી લીધો અને પાષાણ પાત્રની નજીક મૂક્યો. તરત જ એ રાજહંસે પોતાની ગર્વિલી ડોક પાષાણ પાત્રમાં ઉતારી. ચૂરચૂર અવાજ કરતો એ દૂધ પીવા લાગ્યો. થોડી વારે એણે ડોક બહાર કાઢી અને હલબલાવી. એણે એની ચાંચ પર ચોંટેલા દૂધનાં ચાર ટીપાં ઉડાડ્યાં. અમે કુતૂહલતાથી નીચા નમીને એ પાત્રમાં જોયું. એમાં અંજલિભર પાણી જ બચ્યું હતું!

નર્યું પાણી! શકુનિમામાએ એ પાણી ફરી સરોવરમાં ફેંકી દીધું! અને ભવાં ચડાવ્યાં.

હું આ બનાવથી વિસ્મિત થઈ ગયો. વિચારોના ઘોડા મારા મન રૂપી રથ પર સવાર થઈ ગયા. શું મનુષ્ય આ રાજહંસ જેવો નથી? આપણે જોઈએ એટલું લેનારા અને બાકીનું ફેંકી દેનારા! હું પણ એવો જ છું! યુવરાજ દુર્યોધન અને અશ્વત્થામા – આ બે સિવાય આ વિશાળ રાજનગરીમાં મેં કોને આત્મીય ગણ્યા છે? અન્યમાં કેમ જીવ ચોંટતો નથી? એનો શો ઉત્તર આપું? આ રાજહંસ કદી જવાબ આપશે કે તે પાણી છોડીને દૂધ જ કેમ પસંદ કરે છે? તો પછી મારો પણ એમાં શો દોષ? યુવરાજ દુર્યોધને મને સ્નેહપૂર્વક ક્ષેમકુશળ પૂછ્યા એટલે એના પ્રત્યે મને પ્રેમ જાગ્યો. માણસનો પ્રેમ આ ધરતી જેવો છે. એક દાણો વાવો. એ અસંખ્ય દાણાથી તમારું ખેતર ભરી દેશે. માણસનું પણ તેવું જ છે. પ્રેમનો એક શબ્દ પામ્યો. એ સામે પ્રેમની ગંગા મુક્તપણે વહાવવા તૈયાર થઈ જશે. આથી જ મને દુર્યોધન પ્રત્યે પ્રેમ ઉભરાયો. અશ્વત્થામા એટલે નિષ્પાપ અને નિખાલસ માણસ! એનામાં અને શોણમાં મને ક્યારેય ફરક દેખાયો નથી. આ સિવાય અન્યને હું ઓળખતો નથી. બધાને ઓળખવાનું શક્ય પણ નથી.

પેલો ભીમ પોતાની તાકાતનું ઘમંડ કરતો રોજ આ અખાડાની માટીમાં આળોટતો પડ્યો રહેતો. જ્યારે બહાર નીકળે કે તરત એને કંઈક ને કંઈક ખાવા જોઈએ. એનો અવાજ કેટલો કર્કશ હતો! ભેંશના ડોળા જેવી એની મોટી આંખો અને સૂએ ત્યારે સિંહગર્જના જેવા નસકોરા બોલાવે! યુવરાજ યુધિષ્ઠિર અશ્વત્થામા સાથે કલાકો સુધી બેસી યુદ્ધનીતિ, કર્તવ્ય જેવા ગૂઢ વિષયો પર ચર્ચા કરતા. નકુલ અને સહદેવ કોણ છે, કેવા દેખાય છે અને શું કરે છે તેની મને ખબર જ નહોતી. યુવરાજ દુર્યોધન અને દુઃશાસન સિવાય બાકીના બધા ફોગટ ફૂલેલી અમરવેલ જેવા દેખાતા હતા. એમની ઓળખાણ મેળવીને શું કામ છે? માણસ પેલા રાજહંસ જેવો હોવો જોઈએ. મનને ગમે તેને સ્વીકારવાના, બીજાને ત્યજી દેવાના. હું પણ એ જ મતનો હતો.

હું અને અશ્વત્થામા રાજમહેલમાં પાછા ફર્યા. રસ્તામાં અચાનક યાદ આવતાં અશ્વત્થામાએ કહ્યું, 'કર્ણ, મેં મામાને તારી ઓળખાણ જ કરાવી નહીં?'

'એમણે તને યુવરાજોની પ્રગતિ વિશે પૂછ્યું હતું. યુદ્ધશાળાના અન્ય શિષ્યો વિશે નહીં.'

'તેથી શું થઈ ગયું? તારે વિશે મારે ઘણું કહેવું જોઈતું હતું.'

'તેં મારે વિશે શું શું કહ્યું હોત? આ કવચ અને કુંડળ વિશે જ ને? એને વિશે તો હવે નગરીના સૌ લોક જાણે છે!'

'નહીં. હું કહી શક્યો હોત કે અર્જુન ધનુષ્યમાં, દુર્યોધન ગદામાં, ભીમ કુસ્તીમાં, નકુલ ખડ્ગમાં, દુઃશાસન મુષ્ટિયુદ્ધમાં, સહદેવ ચક્રમાં, યુધિષ્ઠિર યુદ્ધનીતિમાં અને... અને કર્ણ તમામ વિદ્યામાં પારંગત થઈ ગયો છે.'

એ મારી સ્તુતિ કરતો હતો કે સત્ય કહેતો હતો એ જાણવું મારે માટે મુશ્કેલ હતું. પ્રેમ માનવીને અંધ કરી મૂકે છે. હું તેનો મિત્ર હતો. એ જ મિત્રપ્રેમ એને અંધ કરી શકે નહીં? હું ચૂપ થઈ ગયો.

સત્યાવીસ

પક્ષીઓનું ટોળું ઊડી જાય તેમ વર્ષો ક્યાં ઊડી ગયાં તેની ખબર જ ન રહી. યુદ્ધશાસ્ત્રની સઘળી વિદ્યા મેં શીખી લીધી હતી એટલું જ નહિ પણ હું અને શોણ રોજ રાતે પ્રત્યેક શાસ્ત્ર વિશે વધુ તાલીમ લઈ લેતા હતા. આથી પ્રત્યેક શસ્ત્ર પર અમે કુશળતા પ્રાપ્ત કરી શક્યા હતા. કુસ્તીના અખાડામાં કેવળ કલાકો સુધી હું માત્ર કુસ્તીના જ દાવ નહીં પણ એકસાથે ચાર ચાર મલ્લયુવાનો સાથે કુસ્તીદાવ કરતો. કસરત કરતો પણ મને કદી થાક લાગતો નહીં, બલકે જેમ જેમ હું કસરત કરતો ગયો તેમ તેમ મારું અંગ તપી જતું. ક્યારેક તો એટલું તપી જતું કે મારી સાથે કુસ્તીદાવ કરનાર સાથીદાર કહેતો, ‘કર્ણ, અહીંથી સીધો ગંગાનદીમાં જા અને બે કલાક સુધી પાણીમાં પડ્યો રહેજે, જેથી તારું શરીર ઠંડું થઈ જાય. પછી મને તારી સાથે કુસ્તીદાવ કરવા બોલાવજે. તારું તે શરીર છે કે રથની પ્રખર તપ્ત દોડ?’

મારા બાહુકંટક દાવથી તેઓ એટલા ગભરાઈ જતા કે સામો પ્રતિકાર કરવા શરીરને ચપળતાપૂર્વક અહીંતહીં ઘુમાવવા જાય ત્યાં જ તેઓ એકદમ ચિત થઈ જતા. આ દાવની એક વિશિષ્ટતા છે. આ દાવમાં પ્રતિસ્પર્ધીને ગરદનેથી પકડી પોતાના શરીરની તમામ શક્તિ એકત્ર કરી એની ગરદન પરનો દબાવ જો ધીરે ધીરે વધારવામાં આવે તો શ્વાસ રૂંધાવા લાગે અને એ મરી જાય! એના હાથ અને પગને પીઠ પાછળ છાપરાના આકારે બાંધવામાં આવે છે. જેથી ગરદન નીચે રાખેલો હાથ બહાર કાઢવા એ ગમે તેટલા ધમપછાડા કરે તોપણ ફાવે નહીં. આ મારો ખાસ વિશિષ્ટ પ્રકારનો દાવ હતો. યુદ્ધશાસ્ત્રના નિયમ પ્રમાણે ફક્ત દ્વન્દ્વયુદ્ધ વખતે જ આ દાવનો ક્રૂરપણે પ્રયોગ કરવામાં આવે છે. દ્વન્દ્વનો એક જ હેતુ હોય છે. બે યોદ્ધામાંથી એકને જ બચાવવાનો અર્થાત્ આ યુદ્ધમાં એક જ પરિણામ આવે. વિજય કે મૃત્યુ! કોઈ યોદ્ધો મૃત્યુના ભયથી શરણે આવે તો એને જીવતદાન મળે, પરંતુ એ જીવતદાન સંસારની વિધવા સ્ત્રીના જેવું ગણાતું. યોદ્ધાઓના રાજ્યમાં આવું જીવતદાન માગનારની કિંમત કોડીનીય નહીં! આવા પ્રકારના યુદ્ધ માટે કામમાં આવતા બધા દાવ મેં શીખી લીધા હતા. પરંતુ એ સૌમાં મને વધુ વિશ્વાસ એક જ દાવ પર હતો – બાહુકંટક પર!

અઠ્યાવીસ

કાળના વાયરાની સાથે દિવસરાત્રિનાં અનેક લીલાંસૂકાં પાન ઊડી ગયાં હતાં. રોજ પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તે ઊઠવું, ગંગાનાં પાણીમાં મનભરીને ડૂબકીઓ મારવી, સવારથી બપોર સુધી પીઠ સારી પેઠે તપે ત્યાં સુધી ગંગાના પાણીમાં ઊભા રહી સૂર્યદેવની આરાધના કરવી, આખો દિવસ યુદ્ધશાળામાં ભાલા, તોમર, શતઘ્ની, પ્રાસ, ભૃશંડી, ખડ્ગ, ગદા, પટ્ટાબાજી જેવાં અનેક પ્રકારનાં શસ્ત્રો ફેરવવાં, અભ્યાસમાં સમય ઓછો પડે ત્યારે રાત્રે શોણને સાથે લઈ મશાલના ધૂંધળા પ્રકાશમાં અચૂક લક્ષ્યવેધ કરવા અને રાત્રે દિવસભર બનેલા બનાવો પર ચિંતન કરવું, ક્યારેક ચંપાનગરીની સ્મૃતિઓને વાગોળતાં સૂઈ જવું. જીવનની આ કેડીએ ફરતાં છ વર્ષ પૂરાં થયાં. શૈશવનો ‘વસુ’ હવે મનના પ્રાંગણમાં દોડાદોડ નહોતો કરતો. ચંપાનગરીનું સ્થાન હવે હસ્તિનાપુરે લીધું હતું. કુતૂહલ

અને શંકાને સ્થાને સંયમ અને સામર્થ્ય પ્રવેશ્યાં હતાં. ચંપાનગરીની ધૂળમાં પડતી પગલીઓ હવે હસ્તિનાપુરની ભૂમિ પર દઢતાપૂર્વક પગલાં પાડતી હતી. કાળ રૂપી અજગર છ વર્ષના કાળને ગળી ગયો હતો! છ વર્ષ! આ છ વર્ષમાં શું બન્યું અને શું ન બન્યું એ કહેવા બેસું તો એની એક સ્વતંત્ર કથા જ બને. આ છ વર્ષ દરમિયાન હું માત્ર યુદ્ધશાળાનો એક શિષ્ય જ હતો. અહીં કોઈએ મારી સાથે શિષ્ય જેવો વ્યવહાર દાખવ્યો નહોતો. દ્રોણાચાર્યની દેખરેખ નીચે મારું નામ કૃપાચાર્યના વર્ગમાં હતું. એ વર્ગમાં હસ્તિનાપુરના તમામ સામાન્ય શિષ્યો ભણતા હતા. સૌમાં હું સાવ સામાન્ય ગણાતો! અસંખ્ય શિષ્યોના વૃંદમાં ન કૃપાચાર્યે કે ન દ્રોણાચાર્યે મારી પૂછપરછ કરી હતી. સાચું કહું તો મનેય એ પૂછે, મારી પીઠ પર મમતાથી હાથ ફેરવે એવી ઇચ્છા જ થતી નહોતી. જ્યારે મને કોઈ શસ્ત્રપ્રયોગમાં મુશ્કેલી પડે ત્યારે સહેજ વાર આંખો મીંચી મારા ગુરુ – સૂર્યદેવનું સ્મરણ કરતો. પછી જેમ જાદુગર સહજતાથી લાકડી ફેરવે તેમ પળવારમાં એ પ્રયોગ હસ્તગત કરી લઈ હળવો ફૂલ થઈ જતો. શ્રદ્ધા શક્તિશાળી હોય છે. શ્રદ્ધા સિવાય માણસ ટકી શકતો નથી. શિષ્યાવસ્થામાં જ મારી સંપૂર્ણ શ્રદ્ધા મારા ગુરુ પ્રત્યે હતી. ભયને હું લવલેશ ઓળખતો જ નહોતો. પરંતુ ક્યારેક માત્ર એક જ કારણસર મારું મન બંડ પોકારી ઊઠતું કે શું સૂતપુત્રને કારણે જ શાળાના આ બે ગુરુઓ મારી ખબરઅંતર પૂછતા નથી? શું કર્ણને તેઓ પાષાણનું પૂતળું માને છે? તરસ્યા માણસને સમુદ્રમાંથી પાણીનું એક ટીપું પીવા ન મળે એના જેવી મારી દશા હતી. શોણ સિવાય હું કોને મારી કથા કહું? મારું મન મૂંઝાતું હતું. વડીલો નાનાને પાસે બોલાવી એના દોષ બતાવે એ તો જાણે સમજ્યા પણ એની ઉપેક્ષા કરે એ કેવું? એનાથી મોઢું ફેરવી લે એ કેવું? એના નામનો ઉલ્લેખ પણ ન કરે? એના મનના અંકુર જ દાટી દે! પરંતુ માર્ગ મળતાં એ જરૂર બહાર આવવાના! આ છ વર્ષમાં મેં શું મેળવ્યું? કેળવ ઘોર ઉપેક્ષા! નર્યો તિરસ્કાર! કર્ણ નામનો કોઈ શિષ્ય આ યુદ્ધશાળામાં વિદ્યાભ્યાસ કરી રહ્યો છે એની કોઈને જાણ પણ નહોતી. ખુશામત કરવાની મને આદત નહોતી. આથી મારું અને શોણનું એક અલગ વિશ્વ હસ્તિનાપુરમાં અને યુદ્ધશાળામાં આપોઆપ નિર્માણ થઈ ગયું હતું. કૃપાચાર્ય અને દ્રોણાચાર્ય પ્રત્યે આદરને સ્થાને શંકા જાગી હતી. આ નામના આપણા કોઈ ગુરુ જ નથી કે શું? શિષ્યને ન ઓળખે તેને ગુરુ કહેવાય? શિષ્યના મનની કળીને પ્રેમની ફૂંકથી ખીલવે નહીં તે વળી શાના ગુરુ? મારું મન ગુરુપ્રેમ માટે તડપતું હતું. એથી હું રોજ મારી પીઠ તપીને લાલ થઈ જાય ત્યાં સુધી મારા ગુરુ પાસે એમનો હાથ ફેરવાવતો. હું સૂર્યદેવને અર્ઘ્ય દેતો જ રહેતો! આમ રોજ તપી તપીને મારી પીઠ મજબૂત થઈ ગઈ હતી!

શાળાના અન્ય શિષ્યોની સ્થિતિ વિપરીત હતી. યુવરાજ અર્જુન કૃપાચાર્ય અને દ્રોણાચાર્ય બંનેનો અતિશય પ્રિય હતો. એ એકલો જ કેમ પ્રિય હોય? આથી યુવરાજ દુર્યોધને કંઈક નિમિત્ત ઊભું કરીને પોતાના તરફથી એક શિષ્યને એની સામે ઊભો કરવાનો પ્રયત્ન કર્યો. એમાંથી ઝઘડો થયો. પોતાના ભાઈને છેડવાથી ભીમ ક્રોધે ભરાયો. ક્રોધને કાબૂમાં રાખવાનું એક કદી શીખ્યો નહોતો. ક્રોધથી રાતોચોળ થયેલો ભીમ જે સામે આવે એના પર તૂટી પડતો. દ્રોણાચાર્યના ભયથી કોઈએ આ ઝઘડાની ફરિયાદ એમના સુધી પહોંચાડી નહીં!

'બોલ, કર્ણ.'

'તારા પિતાજીને કેમ આમાંની એક ચીજ આકર્ષી શકી નહીં? આ છ વર્ષમાં એમને અને એમના પ્રિય અર્જુનને ખબર છે કે કર્ણ કોણ છે? અને ક્યાંનો છે?'

'સાચી વાત છે, કર્ણ! પરંતુ તારી એકની જ માત્ર આ દુઃખદ સ્થિતિ નથી. શસ્ત્રવિદ્યા શીખવા નિમિત્તે નિષધ પર્વત પરથી સેંકડો જોજન પાર કરીને આવેલા નિષધરાય હિરણ્યધૂનના પુત્ર – એકલવ્યની પણ આ જ દુઃખદ સ્થિતિ છે. તારા હૃદયની વ્યથાને તું મારી પાસે રજૂ તો કરી શકે છે પણ એ એકલવ્ય મારા પિતા વિશે શું વિચારતો હશે? ખરેખર અકલ્પનીય છે. પિતાજી શા માટે આવું વર્તન કરતા હશે તે હું શી રીતે જણાવું? આ બધા પુત્રોને પોતાના પિતાના આંતરમનને વાંચતાં આવડતું નથી, વસૂ!'

એના કથનમાં ખરેખર સચ્ચાઈ હતી. આથી જ મને અશ્વત્થામા અતિશય ગમી ગયો. હું મારા પિતા અધિરથના મનને વાંચી શકું છું? આ નિમિત્તે અશ્વત્થામાએ એકલવ્યને યાદ કર્યો. એને મેં કદી જોયો પણ નથી છતાં આ સમદુખિયા પ્રત્યે અવર્ણનીય આદરભાવ જાગ્યો.

ત્રીસ

એક દિવસ હું અને અશ્વત્થામા ખડ્ગના અખાડા પાસે ઊભા હતા. એ અખાડાની આસપાસ પહેરેગીર જેવી મજબૂત લોખંડી ચીપ હતી. વાડમાંથી એક ચીપને કોઈએ વાંકી વાળીને જમીનમાં ભરાવી દીધી હતી. એ જ સ્થિતિમાં એ પડી હતી. આ એક જ ચીપ વાડમાંથી છૂટી પડી જવાને લીધે એ ખરાબ લાગતી હતી. એને સીધી કરવા મેં એને હાથમાં લીધી. ત્યાં એકદમ અશ્વત્થામા બોલ્યો, 'રહેવા દે, કર્ણ. સૌ એના પર પ્રયોગ કરી ચૂક્યા છે. એક દિવસ ભીમે ગુસ્સામાં આવીને એને વાંકી વાળી દીધી છે. હજી સુધી કોઈ એને સીધી કરી શક્યું નથી! એ જ ક્યારેક આવીને એને સીધી કરશે!

'એ...મ! તો હું એને સીધી કરું?' મેં એની સામે જોઈ પૂછ્યું.

'તારાથી નહિ થાય.'

'એ...મ?' મેં પગમાંથી પગરખાં કાઢી બાજુમાં મૂક્યાં. ઉત્તરીયને કમર પર વીંટાળ્યું અને તેને કહ્યું, 'જો. હું ડાબે હાથે આ ચીપને જેવી હતી તેવી સીધી કરીને એને વાડમાં બેસાડી દઉં છું!'

હું એ ચીપ નજીક ગયો. એક વાર આકાશભણી જોયું. ગુરુદેવ તપતા હતા. ડાબા હાથમાં તમામ શક્તિ ભેગી કરી. આંખ મીંચીને એ ચીપને ડાબે હાથથી એક ઝાટકે ઉપર ખેંચી લીધી. પહેલે જ ઝાટકે તે કમર સુધી ઉપર આવી ગઈ હતી. એના ઉપરના છેડાને ખભા પર લઈ ડાબા હાથના પંજાથી હળવેકથી વાડમાં એના યથાવત્ સ્થાને ગોઠવી દીધી. અશ્વત્થામા અવાક્ થઈ ગયો. મારી પીઠ થાબડવા એણે પોતાનો હાથ મારી પીઠ પર મૂક્યો પણ તરત જ વીજળીનો ઝાટકો લાગે તેમ એણે ખેંચી લીધો.

'શું થયું અશ્વત્થામા?' મેં એને વિસ્મયથી પૂછ્યું.

'અરે, તારું અંગ અગ્નિ જેવું તપી રહ્યું છે.' વેધક દૃષ્ટિએ એણે મારી સામે જોઈ ઉત્તર આપ્યો.

તે પછી એ સીધી કરેલી ચીપ ભીમના જોવામાં ક્યારેક આવી હશે. આથી એ રોજ એક ચીપ વાંકી કરીને ખોસી દેતો. હું રોજ રાત્રે વાંકી કરેલી ચીપને ડાબે હાથેથી સીધી કરી દેતો!

એકત્રીસ

પ્રત્યેક વર્ષને અંતે યુદ્ધશાળામાં મોટો યજ્ઞ થતો. એ યજ્ઞ અંગે એક વિચિત્ર પ્રથા ગુરુ દ્રોણે શરૂ કરી હતી. યુદ્ધશાળાના દરેક શિષ્યે યજ્ઞના બલિ માટે એક એક જીવતું પ્રાણી જંગલમાંથી પકડી લાવીને અર્પણ કરવાનું. કોઈએ આ પ્રથા વિશે એમને પૂછ્યું હતું. એનો ઉત્તર દેતાં એમણે કહ્યું હતું કે, 'એનાથી વિદ્યાર્થી સ્વાવલંબી અને સાહસિક બને છે.'

એક વખત યજ્ઞ પ્રસંગે એક અવિસ્મરણીય ઘટના બની. અમે સૌ જીવતાં પ્રાણી પકડી લાવવા જંગલમાં ગયા. જંગલમાં પ્રવેશતાં જ સૌ જુદી જુદી દિશામાં છૂટા પડી ગયા. મેં પૂર્વ દિશા પકડી. ચાલતાં ચાલતાં મને વિચાર આવ્યો કે અગાઉ મેં હરણાં, સાબર, જંગલી ડુક્કર જેવાં પ્રાણીઓ અર્પણ કર્યાં હતાં. આ વર્ષે મારે શક્તિશાળી પ્રાણી અર્પણ કરવું છે. કોણ શક્તિશાળી પ્રાણી હશે? હાથી? નહિ. એ તો લાકડાં તોડનારું ભારેખમ અને સ્થૂળ પ્રાણી છે! અશ્વ? નહિ. નહિ. અશ્વને પકડી તો લવાય પણ એને પકડવામાં બેચાર દિવસ લાગી જાય. એટલામાં તો યજ્ઞ પણ પૂરો થઈ જાય. તો પછી કયું પ્રાણી પકડવું? ચિત્તો, વરુ, જરખ? નહિ. સૌથી શક્તિશાળી પ્રાણી કોણ? વાઘ! બસ આ વર્ષે વાઘનો જ બલિ અર્પણ કરવો છે! એ માટે ઘોર જંગલમાં જવું પડે તોય વાંધો નથી. જઈશ. સીમા ઓળંગતાં જ મેં નિશ્ચય કરી લીધો.

લાંબી ફાળ ભરતો ચારે તરફ ચકોર દૃષ્ટિ ફેરવતો આગળ ચાલવા લાગ્યો. રસ્તામાં અનેક પ્રાણીઓ મળ્યાં, પરંતુ વાઘ દેખાયો જ નહીં! આખો દિવસ ભટક્યો. તરસ પણ જોરદાર લાગી હતી. સાંજ ઢળતી હતી. પક્ષીઓ માળામાં પાછાં ફરી રહ્યાં હતાં. મોં પરથી પસીનો લૂછતો હું નદીકાંઠે આવ્યો. ત્યાં ઊભા રહીને મેં સૂર્યદેવને પ્રણામ કર્યાં. મેં મનોમન સૂર્યદેવને જણાવ્યું, 'આજ આપના શિષ્યનો સંકલ્પ વ્યર્થ જવાનો.'

ઘાટને પગથિયે બેસી પાણીની અંજલિ ભરી અને મોં પર છાંટવા જાઉં ત્યાં પાછળથી એક પ્રચંડ ભારેખમ પ્રાણી મારી પર ચડી બેઠું! મેં સમતુલા ગુમાવી અને જોરથી બહુદા નદીના પાણીના ધરામાં પડ્યો. મારી સાથે પેલું પ્રાણી પણ ગબડી પડ્યું. બહુદાનું પાણી ખળભળી ઊઠ્યું. મેં એ પ્રાણી સામે જોયું. કાળા ભૂરા રંગનો, કાબરચીતરાં ટપકાંવાળો એક વાઘ હતો. સાંજ હતી એટલે પાણી પીવા એ ઘાટ પર આવ્યો હતો. એનું મોં માટલાં જેવું ગોળમટોળ હતું. આંખો ગુંજા જેવી લાલ હતી.

મારી આંખો આનંદથી ચમકી ઊઠી! હું પાણીમાં છું, મારાં વસ્ત્રો ભીંજાઈ ગયાં છે એનું પણ મને ભાન નહોતું. એણે ઉગામેલા પંજાને મેં તરત હાથથી થામી દીધો અને એને ખેંચીને પાણીની બહાર લઈ આવ્યો. પરંતુ પાણીમાં બહાર આવતાં જ એ વધુ રોષે ભરાયો. એણે પોતાનો પંજો એક ઝાટકે મારા હાથમાંથી છોડાવી નાખ્યો. પરંતુ પાણીનો સ્પર્શ અને મારી પકડ – બંનેને લીધે એ ઢીલો પડી ગયો હતો. આંખોમાંથી એ અગ્નિ વરસાવતો હતો. જોરજોરથી ગર્જના કરતો એ વારંવાર મારા પર એક પછી એક ભયાનક

આક્રમણ કરવા લાગ્યો. એણે પાંચ-સાત વાર ઊંચી છલાંગો પણ મારી. એની લોહી તરસી લાલચટક જીભ મારું લોહી પીવા તલસતી હતી. જડબું ફાડીને એ મારા પર આક્રમણ કરતો હતો. હું એના પ્રત્યેક આક્રમણનો પ્રતિકાર કરવા લાગ્યો. મેં સ્વરક્ષણ માટે ખૂબ મથામણ કરી, પરંતુ એ વશમાં જ આવતો નહોતો. મેં મારા દેહ સામે જોયું. આ ઘાતકી, જંગલી પ્રાણીએ સેંકડો વાર આક્રમણ કર્યું હશે પણ એના તીક્ષ્ણ દાંતનો કે નખનો એક નાનો શો ઉઝરડો સુધ્ધાં મારા શરીર પર પડ્યો નહોતો! મારું શરીર અભેદ્ય છે! અરે, એક તો શું આવા દશ વાઘ મારી પર આક્રમણ કરેને તોપણ મારા દેહનો એ શિકાર કરી શકે તેમ નથી! વિદ્યુતની એક લહેર મારા દેહમાં ફરી વળી. પળવારમાં મારું શરીર તપી ગયેલા રથની દોડ જેવું લાલચોળ થઈ ગયું. આખુંય શરીર અભેદ્ય છે. એ જાણીને જ મારું શરીર અંગારાની માફક લાલચોળ થઈ ગયું હતું. એકાએક મેં એ જંગલી પ્રાણીના મોં પર જોરથી થાપટ મારી. વળ ખાઈને એ દૂર પડ્યો. હવે એના પર હું ચડી બેઠો. એને સતત મુષ્ટિપ્રહાર કરતો રહ્યો. એની પીઠ પર, પેટ પર, જાંઘ પર, જ્યાં ત્યાં બધે પ્રહાર કરતો રહ્યો. આથી એ વધુ રોષે ભરાયો. મારા પર ફરી આક્રમણ કરવા આવ્યો. બે પળ સુધી અમારા વચ્ચે દ્વન્દ્વયુદ્ધ ચાલ્યું. અંતે એ થાક્યો. મારા લોહીનું એક ટીપું પણ એની જીભને ચાટવા મળ્યું નહીં! થોડી વાર સુધી ભયાનક ગર્જના કરતો વાઘ હવે મનમાં ને મનમાં ઘૂરકવા લાગ્યો. ભયથી એણે એની પૂંછડી બે પગ વચ્ચે દબાવી દીધી. હું એની છાતી પર ચડી બેઠો. પંદર-વીસ હાથ જેટલું જમીન પરનું ઘાસ ચગદાઈ ગયું. બાજુની ઝાડીમાંથી વનલતાની એક વેલ મારા પગ તળે છૂંદાઈ ગઈ હતી. એક હાથે મેં તેને ઉખેડી નાખી. એક જોરદાર ઝટકો મારતાં જ દસ-વીસ હાથ લાંબી ઊંડી વેલ જડમૂળમાંથી ઊખડીને મારા હાથમાં આવી ગઈ. એ સમયે મેં એ વાઘના બબ્બે પગને સાથે કરી કચકચાવીને બાંધી દીધા. હાડમાંસનું કાબરચીતરું ભારેખમ પોટલું તૈયાર થઈ ગયું!

અંધારું ઊતરી આવ્યું હતું. એ પ્રચંડ દેહને મારા ખભા પર મૂકી હું ચંદ્રના આછા પ્રકાશમાં નગર તરફ વળ્યો ત્યારે નગર મધ્યરાત્રિમાં પ્રવેશ્યું હતું. ઠંડીનો ચમકારો હતો. હું મારું ઉત્તરીય પાણીના ધરામાં જ ભૂલી ગયો હતો. અંગ પરનાં ભીનાં વસ્ત્રો ધૂળથી ખરડાઈ ગયાં હતાં. આખું નગર નિદ્રાધીન હતું. માત્ર વાદળના ગડગડાટ જેવો વાઘની ગર્જનાનો જ અવાજ સંભળાતો હતો. હું યુદ્ધશાળામાં આવ્યો, તમામ શિષ્યોએ વન વન ભટકીને આણેલાં જીવંત પ્રાણીઓને એક લાકડાના ઘરમાં પૂરવામાં આવ્યાં હતાં. મારા ખભા પર લટકતો વાઘ પોતાની મૂછના વાળથી મારી ગરદન પર ગલગલિયાં કરતો હતો. એ વાઘને મેં લાકડાઘરમાં ફેંક્યો. લાકડાઘરના તમામ પ્રાણીઓ ભયથી કિકિયારી કરવા લાગ્યાં. હું ઝડપથી મારા કક્ષમાં ગયો અને વસ્ત્રો બદલીને સૂઈ ગયો.

સવારે યજ્ઞવિધિનો આરંભ થયો. સૌથી છેલ્લે વેદી પર બલિ ચડાવવાનો કાર્યક્રમ શરૂ થયો. બલિ લાવવા માટે સૌ લાકડાઘર તરફ દોડ્યા. એમાંથી એક શિષ્ય જતાંવેંત ગભરાઈને પરસેવે રેબઝેબ થતો પાછો વળ્યો. યજ્ઞકુંડ પાસે આવીને સૂનમૂન બેસી ગયો. એણે ગુરુ દ્રોણને કહ્યું, 'ગુરુદેવ, બલિ માટે કોઈક વાઘ ઉપાડી આવ્યું છે.'

'વાઘ! ચાલ જોવા દે.' આશ્ચર્યથી એમણે શ્વેત ભમર ચડાવી. ગુરુ દ્રોણ સાથે અમે બધા લાકડાઘર પાસે આવ્યા. મને થતું હતું કે વાઘ જોઈને ગુરુ પૂછશે. મારું નામ જાણી

રાજી થશે. મારી પીઠ થાબડશે, પરંતુ ભવાં ચડાવીને તેઓ બોલ્યા, 'આ વાઘ કોણ લાવ્યું? શા માટે? ખબર નથી કે આ યજ્ઞ શાંતિ માટે કરવામાં આવે છે. આવા પ્રકારના યજ્ઞમાં વાઘનો બલિ નિષિદ્ધ ગણાય છે. છોડી દો એને.'

પરંતુ એને છોડે કોણ? અંતે ભીમ તૈયાર થયો. વાઘને પગે બાંધેલી બેડી એણે તોડી નાખી. જે કંઈ બની ગયું હતું એનાથી વાઘ બી ગયો હતો. આથી ભયભીત વાઘે લાકડાઘરની દીવાલ પરથી ઊંચી છલાંગ મારી પળવારમાં અદશ્ય થઈ ગયો!

મારાં અરમાનનાં ચૂરેચૂરાં થઈ ગયાં. હું ખિન્ન થઈ ગયો. ખરું પૂછો તો મને ગુરુ દ્રોણના ખોટાં જીવનદર્શન પર અત્યંત ચીડ ચડી. યજ્ઞમાં ઘાતકી અને હિંસક પ્રાણીનો બલિ કેમ ન દેવાય? ખરી રીતે તો નિર્દોષ બકરા કરતાં વાઘ જેવા હિંસક પ્રાણીનો જ બલિ દેવો જોઈએ.

બત્રીસ

ઘણાં વર્ષો પસાર થઈ ગયાં. હસ્તિનાપુર આવ્યા પછી એક જ વાર હું ચંપાનગરી જઈ શક્યો હતો. ગુરુ દ્રોણે પોતાના શિષ્યોની પરીક્ષા લીધાને પાંચ વર્ષ વીતી ગયાં હતાં. આ પાંચ વર્ષમાં ચંપાનગરી જવાનું ક્યારેય બન્યું જ નહીં, કારણ હું અહીં વિદ્યાર્થી તરીકે આવ્યો હતો.

સદ્નસીબે મને સારા ગુરુ મળ્યા હતા. એ હતા સાક્ષાત્ સૂર્યદેવ! એમને સૌ ગુરુઓના ગુરુ તરીકે વર્ણવે છે. ખરેખર તેઓ એવા જ હતા. હસ્તિનાપુરના અખાડાના ઓટલા પર ઊભા રહીને મેં મનોમન નિશ્ચય કરી એમનું શિષ્યત્વ સ્વીકાર્યું હતું. એમણે પણ મારી સાથે પોતાના પ્રિય શિષ્ય જેવો જ વ્યવહાર જાળવ્યો હતો. આ છ વર્ષ દરમિયાન એણે મને કેટલાય ગૂઢ રહસ્યોનું જ્ઞાન આપ્યું હતું! કઈ ભાષામાં સમજાવતા હતા એને હું વ્યક્ત કરી શકતો નથી. પરંતુ તેઓ મને જે જ્ઞાન પીરસતા ગયા તે હું તરત જ ગ્રહણ કરતો ગયો. એમણે મને શું શું નથી શીખવ્યું? કપરી ધનુર્વિદ્યા, દ્વન્દ્વયુદ્ધના કઠીન દાવ, ઘોડા, હાથી, ઊંટ વગેરેની ઉચ્છૃંખલ વૃત્તિને વશ કરવાની કલા વગેરે. આ બધું એમણે મને કાનમાં કહ્યું હતું. ચૂપચાપ! મૂકપણે!

રોજ સવારે તેઓ પોતાનાં કોમળ કિરણો વડે અસંખ્ય કળીઓની બંધ પાંપણોને ખોલતી વખતે તેઓ મને કહેતા, 'કર્ણ, તારે પણ કળી જેવા બનવાનું છે. પોતાનું સર્વસ્વ જે માગે એને ઉદાર દિલે આપીને પોતાના સંપર્કમાં આવતી વ્યક્તિનું જીવન તારે આ રીતે ઉજાળવાનું છે.'

કેવા શ્રેષ્ઠ હતા મારા ગુરુ? સંસારમાં કોણ એવા ગુરુ હશે જેણે પોતાના શિષ્યને સાવ નજીવી વાતો દ્વારા આટલો ઉદાત્ત ઉપદેશ આપ્યો હોય? હવે એક વાર ચંપાનગરી જઈને મારે ગુરુના ચરણને ગંગાના સ્વચ્છ જળથી અવશ્ય ધોવા છે! હવે હું ગંગાને ગંગામાતા નથી કહેતો, માત્ર ગંગા જ કહું છું. કારણ શૈશવની શ્રદ્ધા હવે વાસ્તવિકતાના પાષાણ પર બુઠ્ઠી બની ગઈ હતી. જે જન્મ દે છે અને પાળેપોષે છે તે માતા કહેવાય. નદી એ નદી જ છે. તેને માતા કેમ કહેવાય? મારી માતા એક જ હતી રાધામાતા! એને જોઉં

ત્યારે જ મારો દિવસ સારો જાય. આટલા દિવસો પછી મને જોઈને તેને શું થશે? મને ખાતરી હતી કે હું જઈશ એટલે પહેલો પ્રશ્ન એ પૂછશે, 'કેટલો દૂબળો થઈ ગયો છે, વસુ! અને ગંગાનાં પાણીમાં જતો નથીને?' દીકરો ગમે તેટલો મોટો થાય પણ માને મન તો એ બાળક જેવો જ છે! મા જ એક એવી વ્યક્તિ છે જેનામાં પ્રેમને વ્યવહારના ત્રાજવે તોળવાનું જ્ઞાન નથી હોતું. એ તો જાણે છે પોતાના પુત્રને કેવળ પ્રેમ કરવાનું!

મેં શોણને બોલાવીને કહ્યું, 'શોણ, પ્રવાસની તૈયારી કર... કાલે ચંપાનગરી જવું છે.' એ આનંદવિભોર થઈ ગયો. ઘણાં વર્ષો પછી અમે શાલ વૃક્ષ જેવા ઊંચા તગડા થઈને ચંપાનગરીમાં જતા હતા. અમારી જન્મભૂમિ ભણી!

તેત્રીસ

બીજે દિવસે હું અને શોણ હસ્તિનાપુરથી નીકળ્યા. પ્રવાસ ખાસ્સો લાંબો હતો. આથી બે શ્વેત ઉમદા અશ્વો સાથે લીધા હતા. અમે બંને હવે સારી ઘોડેસવારી કરી જાણતા હતા. મને સૌ પ્રાણીમાં અશ્વ પ્રત્યે વધુ આકર્ષણ હતું. એ ક્યારેય નીચે બેસતો નહિ. ઊંઘવાનું પણ ઊભા ઊભા. એક પગની ખરીને વાળીને. અશ્વની તમામ રીતભાતનો મેં બારીકાઈથી અભ્યાસ કર્યો હતો. ગમે તેટલા તોફાની અશ્વને વશમાં રાખવાની વિદ્યા પણ મેં હસ્તગત કરી લીધી હતી. એ અમારો પેઢી દર પેઢી ગત વ્યવસાય હતો. 'દરેકે પોતાના વ્યવસાયમાં નિપુણ થવું જોઈએ.' સંજયકાકાએ સારથિના નાતે આપેલો આ ઉપદેશ હું કઈ રીતે ભૂલી શકું?

અમે હસ્તિનાપુરની સીમા ઓળંગી. તે દિવસ વસંતઋતુનો હતો! આસપાસનું વાતાવરણ રંગબેરંગી ફૂલોથી સુશોભિત હતું. વૃક્ષ નાનાં નાનાં પીળાં ફૂલોથી લચેલું હતું. ખેરનું ઝાડ લાલ ફૂલોથી ઊભરાતું હતું. અંજનીનું વૃક્ષ નીલા રંગનાં ફૂલોથી શોભતું હતું. આ તમામ વૃક્ષો પર નિસર્ગદેવતાની કૃપા ઊતરી હતી. એ જોઈને પલાશ કદાચ ક્રોધિત થયો હશે. એનું આખું અંગ લાલ ફૂલોથી આચ્છાદિત હતું. આથી એ વૃક્ષ સર્વ વૃક્ષોમાં વધુ આકર્ષક દેખાતું હતું.

સમગ્ર પુષ્પોની એક સમિશ્ર સુવાસથી વાતાવરણ તરબતર હતું. ચકોર, ક્રૌંચ, ભારદ્વાજ, કોકિલ, કપોત ઇત્યાદિ અનેક પક્ષીઓના સંમેલનની આ ઋતુ હતી. પોતાનાં ગીતો તેઓ પંચમ સ્વરમાં ગાતાં હતાં. વસંત! વસંત એટલે નિસર્ગદેવતાની મુક્ત રંગપંચમી! વસંત એટલે એકમેકનો હાથ પકડી સપ્તસ્વરોની રમત રમતાં રમતવીરોનો સંઘ! વસંત એટલે કાળની ઝાડીમાં ભરાયેલાં નિસર્ગદેવતાનાં અતલસ વસ્ત્રોનાં તાંતણા કે વર્ષાઋતુમાં ચંચળ વર્ષાએ સતત વરસતી પોતાની ધારાઓની અસંખ્ય આંગળીઓથી કરેલી ગલીપચીથી અહીંતહીં હસતાંકૂદતાં પગમાંથી પડી ગયેલાં નૂપુરનો ઝંકાર? ના રે ના. વસંત અવર્ણનીય છે. વસંત તે વસંત!

વસંતઋતુના સૌંદર્યનું રસપાન કરતાં કરતાં અમારી પ્રવાસયાત્રા આગળ ધપતી હતી. રાત્રે નજીકના ગામમાં અમે પડાવ નાખતા. જોતજોતામાં આઠ દિવસ પસાર થઈ ગયા. અનેક નદીઓ અને પર્વતો ઓળંગી અમે નવમે દિવસે પ્રયાગ આવ્યા... પ્રયાગ!

ગંગા, યમુના અને સરસ્વતી – ત્રણ નદીઓનો સંગમ! અહીંથી ચંપાનગરી ફક્ત પચાસ જોજન જ દૂર!

સંગમની પાસે જઈ આ ત્રણે નદીઓનું મિલન જોવાની અમારી ઇચ્છા હતી. આથી અમે અમારા અશ્વોને નગરમાંથી સંગમ તરફ વાળ્યા. સંધ્યાનો સમય હતો. અમે સંગમ પાસે આવ્યા. મથુરાની બાજુમાં યમુના હતી. કાંપિલ્યનગરની પાસેથી ગંગા પ્રવેશતી હતી, અયોધ્યાથી સરસ્વતી દોડતી આવતી હતી. ત્રણે નદીના અલગ અલગ પ્રવાહ સ્પષ્ટ દેખાતા હતા. ગંગાનું શ્વેત જળ, યમુનાનું શ્યામ અને સરસ્વતીનું લાલ. ત્રણેના મનોભાવો પણ અલગ. ત્રણે સહિયરો સાથે મળીને સાગરને મળવા જતી હતી. અને આગળ જતાં તો કેવળ એક જ ગંગા નામ ધારણ કરીને! આ ત્રિવેણી સંગમનું દર્શન કરતાં મારા મનમાં એક વિચિત્ર વિચાર ઝબક્યો. પ્રકૃતિએ નદીઓને જે શીખવ્યું એ મનુષ્યને શીખવવાનું કેમ ભૂલી ગઈ? માનવજાતે ઊંચનીચની જૂઠી પ્રથાનો પ્રવાહ પરસ્પર વિરુદ્ધ કેમ વહાવ્યો હશે? આ પ્રવાહ કયા સમુદ્રને મળવા જશે? ભેદભાવના છિદ્રમાંથી શું મેળવશે? અંતે વિનાશ જ ને! સમજદારી રાખી માણસ એકમેક સાથે હળીમળી સમસ્ત પ્રવાહોને એક પ્રવાહમાં ભેળવી દે તો? શું એ શક્ય છે? નહીં. કારણ નદી નદી છે અને માણસ એ માણસ છે. પોતાની મૂર્ખામીથી વિનાશને નોતરનાર આ વિશ્વમાં એક માત્ર માનવ જ છે!

ત્રિવેણી નદીનાં પાણીની અંજલિ ભરી ત્યા જ સૂર્યદેવને અર્ઘ્ય દેતાં મનોમન બોલ્યો, 'આ ત્રણ નદીઓના જેવી મને સહનશક્તિ દેજો. સૌને સારી રીતે સમજી શકું એવી બુદ્ધિ મને દેજો. મારા મનને અહંકારનો સહેજે સ્પર્શ થવા દેતા નહિ.'

અશ્વોને પાણી પાઈ અમે નગર તરફ વળ્યા. અશ્વોની લગામ હાથમાં ઝાલીને ચાલતા હતા. કેટલીક પનિહારીઓ પાણી ભરી નગર ભણી જતી હતી. હું પશ્ચિમ દિશા તરફ જોતો જોતો ચાલતો હતો. એટલામાં શોણના અશ્વે પાણી ભરીને પાછી ફરતી એક પનિહારીની ગરદન પર પાછળથી હોઠ ફૂત્કાર્યા. એના શીતલ સ્પર્શથી તે સ્ત્રી ગભરાણી. તે ચીસ પાડી ઊઠી. માથા પરથી પાણીનો ઘડો નીચે પડી ગયો અને ગબડતો ગબડતો એ મારા પગ પાસે અટક્યો અને ત્યાં જ ફૂટી ગયો. મારું ઉત્તરીય ભીંજાયું. તે સ્ત્રી ગભરાયેલી તો હતી જ. એમાં વળી મને જોઈને તે વધુ ગભરાણી. તેણે લજ્જાથી પાંપણો ઢાળી દીધી. પોતાના પગ વડે જમીન ખોતરતી નીચું જોઈને ઊભી રહી. તે પણ ભીંજાઈ ગઈ હતી. આથી તેના શરીરની અનેક જગ્યાએ તેનાં ભીનાં વસ્ત્રો ચીપકી ગયાં હતાં. ત્રિવેણી સંગમ તરફથી આવતી વાયુલહરીની જેમ તેના કેશની લટો મુક્તપણે અહીંતહીં ઊડતી હતી. કેટલાય કેશ ભીંજાઈને ગાલ પર ચોંટી ગયા હતા. કેવડાના રંગ જેવી એ પીતવર્ણી હતી. મેં અનેક સુંદરીઓ જોઈ હતી પણ સૌમાં આ સર્વાંગ સુંદર સ્ત્રી હતી! પવનની આંધીમાં માળામાં પોતાની પાંખોને સંકોરી લઈ માળામાં બેઠેલી કોઈ પંખિણીની જેમ તે સંકોચાઈને ઊભી હતી.

હું શોણને ઠપકો આપવા જતો હતો ત્યાં તેની સહિયરોમાંની એકે આગળ આવીને નીચા નમીને કહ્યું, 'મહારાજ, ક્ષમા કરો. તેના ગભરાટના કારણે ઘડો ઢોળાઈ ગયો અને અજાણતાં જ આપનાં વસ્ત્રો ભીંજાઈ ગયાં!'

'હું મહારાજ છું એવું તમને કોણે કહ્યું? હું કર્ણ છું. મારા ભાઈ શોણની લાપરવાહીને લીધે જ તમારો ઘડો ફૂટ્યો છે. એટલે મારે તમારી ક્ષમા માગવી જોઈએ.' મેં કહ્યું.

'નહીં – નહીં. આપ તો મહારાજ જેવા જ દેખાઓ છો!' તે ગભરાતાં બોલી.

'નહીં. હું સૂતપુત્ર કર્ણ છું! ચંપાનગરીના અધિરથનો જ્યેષ્ઠ પુત્ર!'

'સૂતપુત્ર? આ કન્યા પણ સૂતકન્યા જ છે.' એ સહિયર પેલી સુંદર કન્યાનો હાથ પકડી કર્ણની નજીક લઈ આવી.

'સૂતકન્યા?' મેં આશ્ચર્યથી પૂછ્યું. કારણ અમારા કુળમાં આવું સૌંદર્ય બિલકુલ અસંભવ હતું!

'હા. આ પ્રયાગમાં સર્વશ્રેષ્ઠ સારથિ સત્યસેનની બહેન વૃષાલી!'

મેં તેની સામે જોયું. તે હજી પણ નત મસ્તકે જ ઊભી હતી. રાતદિવસ યુદ્ધશાળામાં અભ્યાસ કરનાર મારા જેવી અરસિક વ્યક્તિ સ્ત્રી વિશે શું કહી શકવાની? છતાં એને જોતાં મને તીવ્ર અનુભૂતિ થઈ કે સ્ત્રી એટલે બ્રહ્માએ પોતાની પ્રથમ ગાઢનિદ્રા વેળા હળવેકથી છોડેલો નિઃશ્વાસ!

ચાલતી વખતે મેં સહેજ મજાકમાં પેલા ફૂટેલા ઘડાની એક નાની શી ઠીકરી ઊંચકી લીધી!

ચોત્રીસ

બીજે દિવસે અમારા અશ્વો ચંપાનગરીની હદમાં પ્રવેશ્યા. નગર બહારનું એ જ વિશાળ મેદાન આવ્યું. એને જોતાંવેંત મારા મનમાં સ્મૃતિઓની કીડીઓ અહીંતહીં નાચવા લાગી. છ વર્ષ પૂર્વે આ જ મેદાનમાં એક ઉન્મત્ત આખલા સાથે મારે ઝપાઝપી થઈ હતી. એ વખતે હું મૂર્છિત થઈને ઢળી પડ્યો હતો. અત્યારે એવો જ કોઈ ઉન્મત્ત આખલો મારી સામે આવે તો મને સંપૂર્ણ ખાતરી છે કે મારા માંસલ હાથથી એને એવો રોળી નાખું કે એક તસુ ભાર અહીં કે તહીં હાલીચાલી શકે નહીં.

પર્ણકુટીનું દ્વાર આવ્યું. ઘોડાના ડાબલાનો અવાજ સાંભળીને રાધામાતા પર્ણકુટીની બહાર આવ્યાં. અમને જોતાં જ આનંદથી એનું મોં કમળની જેમ ખીલી ઊઠ્યું. એ હરખઘેલી થઈ ગઈ. તરત અંદર જઈ એક થાળીમાં બળબળતા અંગારા લઈ આવી. મેં ઉંબરે ઊભા રહીને જ પૂછ્યું, 'હું અહીંથી ગયો ત્યારે તેં મને એક ચાંદીની ડબ્બી આપી હતી અને આજે આ અંગારા શા માટે લાવી?'

ચૂપચાપ એણે હાથમાંથી મરચાંની ભૂકી અંગારા પર નાખી. થાળી અમારી આસપાસ ફેરવી. મરચાંની ધુમાડીથી શોણને ઉધરસ આવી. આ થાળી દૂર મૂકી આવી. પાંચ વર્ષે મેં મારી પર્ણકુટીમાં પગ મૂક્યો, પરંતુ અંદર જતાં દરવાજાના બારસાખ સાથે મારું માથું ભટકાયું.

'કેટલો ઊંચો થઈ ગયો છે, કર્ણ?' રાધામાતા આશ્ચર્યથી બોલી.

'અંહ... કર્ણ નહીં... વસુ!' એનાં ચરણસ્પર્શ કરતાં મેં કહ્યું.

એણે મને તરત ઊભો કર્યો અને પ્રેમથી ભેટી પડી. વારંવાર કાનને હાથ લગાડીને

કુંડળને ઝુલાવવા લાગી. એની આંખોમાં અશ્રુબિંદુ તરી આવ્યાં. છેવટે પાલવથી આંખો લૂછીને એણે મને પૂછ્યું, 'ગંગાનાં પાણીમાં ક્યારેય ગયો નહોતો ને?'

'તમે શોણને પૂછી જુઓ!' મેં એનાં ચરણે મસ્તક નમાવ્યું. મારા જીવનની એ એક જ સૌથી પવિત્ર પ્રયાગ હતી. એ જ મારી ગંગા, યમુના અને સરસ્વતી હતી. મારી પર્ણકુટી એ જ મારું મંદિર હતું.

પાંત્રીસ

પંદર દિવસ ચંપાનગરીમાં રહીને અમે હસ્તિનાપુર પાછા ફર્યા. યુદ્ધશાળામાં જઈને જોયું તો એકેય ચકલું ફરકતું નહોતું. ચારેબાજુ વાતાવરણ સૂમસામ હતું. સામાન્ય રીતે આ સમયે તો યુદ્ધશાળામાં શસ્ત્રોનાં ખણખણાટ સંભળાતાં હોય. આજે આમ સૂમસામ કેમ? રાજનગરીમાં કંઈ અનિષ્ટ બનાવ તો નહિ બન્યો હોય? શંકાનું ભૂત મન પર સવાર થયું. અમે યુદ્ધશાળામાં અશ્વો બાંધ્યા. રાજમહેલમાં ગયા સિવાય આ નીરવ શાંતિનું રહસ્ય જાણવું મુશ્કેલ હતું એમ વિચારતો હતો. એટલામાં મહાદ્વારેથી મેં અશ્વત્થામાને અંદર આવતા જોયો. એ નજીક આવ્યો કે તરત જ મેં એને પૂછ્યું, 'અશ્વત્થામા, આજ આ યુદ્ધશાળા સૂમસામ કેમ છે?'

'તમામ યોદ્ધા નગર બહાર ગયા છે.' એણે ઉત્તર આપ્યો.

'કેમ?'

'સ્પર્ધા માટે પટાંગણ તૈયાર કરવા.'

'સ્પર્ધા? શેની સ્પર્ધા?'

'સર્વ યોદ્ધાઓની! સર્વ શસ્ત્રોની! અહીં કરેલા અભ્યાસની અંતિમ કસોટી. આ સ્પર્ધામાં જે સર્વ શ્રેષ્ઠ ઠરશે એને સમસ્ત હસ્તિનાપુર 'વીર' વિભૂષણથી નવાજશે. રાજમાતા એને કુમકુમતિલક કરશે. નગરજનો એની હાથી પર સવારી કાઢશે.'

'ક્યારે થવાની છે આ સ્પર્ધા?' મેં ઉત્સુકતાથી પૂછ્યું.

'આવતી વસંતપૂર્ણિમાએ! આજે જ અમાત્ય વૃષવર્માએ સમગ્ર દેશના રાજાઓને નિમંત્રણપત્રિકાઓ પાઠવી છે. આ યુદ્ધશાળાનો અખાડો નાનો પડશે એમ જાણીને નગર બહાર વિશાળ મંડપ તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે! છેલ્લા પંદર દિવસથી બધા ત્યાં જ છે. રાતદિવસ અવિરત પરિશ્રમ કરી રહ્યા છે.'

સ્પર્ધા! ફક્ત આઠ દિવસ પછી! યોદ્ધાઓની સાચી કસોટી હવે જ થવાની. સ્પર્ધા એટલે યોગ્યાયોગ્યતાનું મૂલ્યાંકન! ઠીક છે. આ હસ્તિનાપુરવાસીઓને હવે સાચી જાણ થશે કે કોણ કોણ શેમાં નિપુણ છે? આ ગુરુ દ્રોણના પ્રિય શિષ્યની પણ... પેલા અર્જુનની ખોટી પ્રતિષ્ઠાનો ઘડો આ મેદાનમાં ફટ લઈને ફૂટી જવાનો. આ સંસારમાં માત્ર ગુરુ દ્રોણ જ નથી. અન્ય ઘણું છે. અર્જુન એ જાણે છે ખરો? સ્પર્ધાના નિષ્પક્ષ નિર્ણાયક જ એની યોગ્યતાનું માપ કાઢશે.

જ્યાં જુઓ ત્યાં હું... હું પોતાનો જ ઢંઢેરો પીટનાર અર્જુન, તને હવે ખબર પડી જશે કે તું જે લોકપ્રિયતાની સુંવાળી ધરતી પર ઊભો છે તે કેટલી લપસણી છે! ગુરુ દ્રોણની છત્રછાયામાં ઉછરેલા કૂતરા, હવે તને સાચી પ્રતીતિ થશે કે તારા ગુરુ કરતાં મારા ગુરુ

હજારગણા શ્રેષ્ઠ છે! મારા મનમાં વિચારોનું જાળું ગૂંથાવા લાગ્યું! યુદ્ધશાળામાં આજ સુધી બનેલા બનાવોની કટુતા હજી મારા મનમાંથી ઓસરી નહોતી!

આ સ્પર્ધા થવી જ જોઈએ. એ આઠ દિવસ મને આઠ યુગ જેવા લાગ્યા. છેલ્લાં છ વર્ષથી આ અર્જુન જ મારા માર્ગમાં આડે આવતો હતો. મારા એકલાના જ નહીં બધાના માર્ગમાં. એને લીધે ગુરુ દ્રોણને બીજા સામે જોવાની ફુરસદ પણ નહોતી. ક્યારેય એમણે એના સિવાય કોઈના પર હેતથી હાથ પણ ફેરવ્યો નહોતો. એક નહીં, બે નહીં, ખાસ્સાં છ વર્ષની ઉપેક્ષાના અગ્નિએ મારા કુમળા મનનાં અંકુરોને કાળઝાળ કરી નાખ્યાં હતાં. મારી જગ્યાએ બીજું કોઈ હોત તો આ હસ્તિનાપુર અને હસ્તિનાપુરની આત્મપ્રશંસાના સરોવરને ઠોકરે મારીને હતાશ ચહેરે ક્યારની વાટ પકડી હોત, પરંતુ અત્યંત આઘાત સાથે મેં કડવા ઘૂંટડા ગળે ઉતાર્યા હતા. મને ખબર હતી કે સંસારમાં ભીખ માગવાથી કંઈ નહીં મળે. મારી સતત ઉપેક્ષા કરનાર આ ગુરુશિષ્યને બતાવી દઈશ કે હજી આ હસ્તિનાપુરમાં કર્ણ જીવે છે. ગુરુ દ્રોણને પણ સાચું જ્ઞાન થશે કે હીરો ગણીને જેને મેં પ્રેમથી ઉછેર્યો એ અર્જુન તો કેવળ કથીર છે!

હું પણ શિષ્ય હતો. હું પણ ઇચ્છતો હતો કે મારી પીઠ થાબડીને કોઈ મને શીખવે. મને મનમાં થતું હતું કે મારી નિપુણતા પર કોઈ વારી જાય. અરેરે, મારા નસીબમાં એ નહોતું! મારા નસીબમાં હતી ઘોર ઉપેક્ષા!! છતાં કેટલીક વાર કટુતામાંથી પણ મીઠાશ જન્મે છે એ નિયમાનુસાર મારા જીવનમાં પણ એક સારી ઘટના બની. આ ઉપેક્ષાને લીધે જ મને સારા ગુરુની ભેટ મળી. સાક્ષાત્ સૂર્યદેવને મેં ગુરુ કર્યા. છેલ્લાં છ વર્ષથી રોજ સવારના ચાર ચાર કલાક સુધી મેં એમનાં અનિમેષ દર્શન કર્યાં હતાં. છેલ્લાં છ વર્ષથી એમણે પોતાની સોનેરી આંગળીઓ મમતાથી મારી પીઠ પર ફેરવી હતી. જીવનનું તેજસ્વી દર્શન એમણે મૂકપણે મને કરાવ્યું હતું! મારા હૃદયનો કુંભ પોતાના દિવ્ય તેજથી ઠાંસીઠાંસીને ભરી દીધો હતો!

ગુરુદેવ, આ સ્પર્ધામાં જો હું વિજયી નીવડ્યો તો ગુરુદક્ષિણામાં મારે તમને કંઈક દેવું જોઈશે ને! આ વિશ્વને ખૂણે ખૂણે પ્રકાશ પાથરનાર તેજનિધિને હું પૃથ્વીનો સૂતપુત્ર શું અર્પણ કરી શકવાનો? અર્પણ કરવા માટે મારી પાસે ફક્ત મારું શરીર જ છે અને એ તો હું જ્યારથી તમારો શિષ્ય થયો છું ત્યારથી મેં તમારે ચરણે ધરી દીધું છે. આજે તમારા શિષ્યની ગુરુદક્ષિણા તમે કોની પાસે માગશો?

શોણને લઈને હું અને અશ્વત્થામા નગર બહાર સ્પર્ધાના મેદાન તરફ જવા નીકળ્યા. તમામ યોદ્ધા-શિષ્યો મંડપને સજાવવા અવિરત પરિશ્રમ કરી રહ્યા હતા. મોટાભાગની તૈયારીઓ થઈ ચૂકી હતી. કેટલો વિશાળ મંડપ હતો! એક જોજનના વિસ્તારમાં વર્તુળાકારે એ ફેલાયેલો હતો. પ્રત્યેક શસ્ત્રવિભાગ માટે વચમાં વચમાં એક એક સ્વતંત્ર પટાંગણ હતો. આવાં કુલ તેર પટાંગણ જાતજાતનાં શસ્ત્રોથી સુસજ્જ હતાં. પશ્ચિમ તરફ શતઘ્ની, ભૃશુંડી, તોમર, પટ્ટા અને ભાલાનાં પાંચ પટાંગણ હતાં. દક્ષિણ તરફ ઘોડેસવારી અને ગજઆરોહણ માટે વિશાળ પટાંગણ હતાં. ઉત્તર તરફ મલ્લયુદ્ધ અને દ્વન્દ્વયુદ્ધ માટે એક પટાંગણ હતું. એમાં ઘાસ અને સુખડના તેલથી મસળેલી મગધ રાજ્યમાંથી ખાસ મગાવેલી લાલ માટી પાથરેલી હતી. મેદાનની બરોબર મધ્યમાં ધનુર્વિદ્યાનું વિશાળ પટાંગણ દેખાતું હતું. ત્યાં

ધનુર્ધરો માટે વીસ હાથ ઊંચો અને વીસ હાથ લાંબો સંગેમરમરનો એક મંચ બાંધવામાં આવ્યો હતો. એનો આરસ નિષધ દેશમાંથી મંગાવવામાં આવ્યો હતો. એ મંચ પર કુરુકુળની ત્રિકોણી ભગવી ધજા નીલરંગી આકાશને આહ્વાન દેતી ફરકતી હતી. આ મંચ પરથી જ સ્પર્ધા પૂરી થતાં ગુરુવર્ય દ્રોણ પંચ તરીકે ઊભા રહેવાના હતા. આ સ્પર્ધામાં સર્વશ્રેષ્ઠ પુરવાર થયેલ યોદ્ધાના કંઠમાં સોનેરી તારથી ગૂંથેલી નીલકમલની માળા પહેરાવવાના હતા. સમસ્ત નગરજનો સજાવેલા હાથીની અંબાડી પર વિજેતાને બેસાડી એની સવારી કાઢવાના હતા. રાજમાતા એને કુમકુમતિલક કરી આદરથી એની આરતી ઉતારવાનાં હતાં. હસ્તિનાપુરનો સર્વશ્રેષ્ઠ વીર સમસ્ત આર્યાવર્તમાં ગૌરવભર્યું સ્થાન મેળવવાનો હતો.

આ આખાય મંડપની ચારેબાજુ ગોળાકારે પ્રેક્ષકોને બેસવા માટે બેઠકો હતી. પૂર્વદિશા તરફ રાજકુળના સભ્યો માટે ઊંચા સ્થાને રાજકુટુંબને છાજે તેવાં આસનો તૈયાર કરવામાં આવ્યાં હતાં. એની મધ્યમાં ભીષ્મ પિતામહનું ઊંચું આસન હતું. એમની જમણી બાજુએ વિદુર અને ડાબી બાજુએ મહારાજ ધૃતરાષ્ટ્ર માટે આસનો હતાં. આ બધાં આસનોની ડાબી બાજુએ એક સુંદર તંબુ તાણવામાં આવ્યો હતો. એને ઝગમગતાં જરિયાન વસ્ત્રનો પડદો બાંધવામાં આવ્યો હતો. એમાં રાજકુળની સ્ત્રીઓને બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

નગરજનો પોતાનું દૈનિક કાર્ય છોડીને આ મંડપને જોવા માટે ખાસ આવતા હતા. આ ભવ્ય વિશાળ મંડપને જોઈ તેઓ દિગ્મૂઢ બની જતા હતા. તેઓ અંદરઅંદર ગુપપુસ કરતા હતા, 'કુરુકુળમાં એક પણ રાજાના રાજ્યકાળ દરમિયાન આવડો વિશાળ મંડપ ઊભો થયો હોય એવું આજ સીધી આપણી જાણમાં નથી. સર્વશ્રેષ્ઠવીરનું સન્માન કોણ મેળવશે? ભીમ, અર્જુન, દુર્યોધન કે દુઃશાસન?'

અમે પાછા ફરવાનો વિચાર કરતા હતા, કારણ કે સો જોજનનો પ્રવાસ કરી હજી હમણાં જ ચંપાનગરીથી અમે આવ્યા હતા. એવામાં અશ્વત્થામા બોલ્યો, 'કર્ણ, આ મંડપ સજાવવામાં દરેક શિષ્ય-યોદ્ધાએ કોઈ ને કોઈ પ્રકારનું યોગદાન આપ્યું છે. તમે શું યોગદાન આપશો?'

'તું કહે, અમારે શું કરવું જોઈએ?' આશ્રમકુમાર હોવાથી કામની વહેંચણી સમાન ભાગે કરવાની જવાબદારી એના પર હતી. આથી એ મને બાકાત રાખવા માગતો નહોતો.

એ વિચારમાં પડ્યો. શું બોલે? કેમકે અમારે ભાગે કંઈ જ કામ બચ્યું નહોતું! એક સેવક જરિયાન વસ્ત્રનો ગોટો વાળી બગલમાં દબાવતો સામેથી આવતો હતો. તેને અશ્વત્થામાએ બોલાવ્યો અને પૂછ્યું, 'અરે, બગલમાં આ શું દબાવ્યું છે? લાવ જોઉં. આ બંને માટે કંઈક કામ શોધી લાવ જા.'

એની બગલમાંથી ગડી વાળેલું વસ્ત્ર અશ્વત્થામાએ ખેંચી લીધું. એના બે છેડા પકડીને એને સીધું કરી દીધું. એ કૌરવોનું રાજચિહ્ન હતું! એ જરિયાન વસ્ત્રમાં સોનેરી જરીના તાંતણે વળેલી સૂર્યવંશના સૂર્યદેવની આકૃતિ હતી! મારી આંખો આનંદથી નાચી ઊઠી. મારા હાથમાં આ રાજચિહ્ન આપતાં અશ્વત્થામા બોલ્યો, 'કર્ણ, જા આ રાજચિહ્ન સંગેમરમરના મંચ પર મૂકેલા કાષ્ઠના આસન પર ગોઠવી દે.'

મેં એ રાજચિહ્ન હાથમાં લીધું અને મંચ પર ચડ્યો. કાષ્ઠના આસનની પૂર્વ દિશા તરફ મુખ કરી એ રાજચિહ્નને ગોઠવી દીધું અને એ ગૌરવશાળી રાજચિહ્ન પર શોણે ફૂલની માળા પહેરાવી.

છત્રીસ

વસંતપૂર્ણિમાનો દિવસ આવ્યો. સમસ્ત હસ્તિનાપુર આમંત્રિત મહેમાનોથી ગાજવા લાગ્યું. એ દિવસ તમામ યોદ્ધાઓની કસોટીનો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર પ્રત્યેક શિષ્ય-યોદ્ધાએ પોતાના ગુરુના આશીર્વાદ મેળવીને પટાંગણ તરફ પ્રયાણ કરવાનું હતું. પરંતુ... પરંતુ મારે શું કરવું? કેમકે તે દિવસ આકાશ સવારથી જ શ્વેત-ભૂરાં વાદળોથી છવાયેલું હતું! આથી મારું મન એકદમ ખિન્ન થઈ ગયું. એ દિવસે પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તે ઊઠી ગંગાનાં પાણીમાં ઊભા રહી બે કલાક સુધી મારા દિવ્ય ગુરુનાં કેવળ દર્શનની આશાએ શ્વાસ રૂંધીને ઊભો રહ્યો, પરંતુ મારા અને એમના વચ્ચે દુષ્ટ વાદળો ઘેરો ઘાલીને નિર્દયતાથી ઊભાં હતાં. બાળપણમાં હું શોણને કહેતો કે જો હું ગરુડ પક્ષી હોત તો પળવારમાં મેં મારી શક્તિશાળી પાંખોની સહાયથી એક ઊંચી ઉડાન ભરી હોત અને મારા તીક્ષ્ણ નખોથી એ નિર્દય વાદળોનું પેટ ચીરી નાખ્યું હોત. ફાટેલા વાદળના છિદ્રમાંથી મારા ગુરુનો એક હાથ તો જરૂર બહાર આવત! એમણે અતિશય વહાલથી પોતાનો હાથ મારી પીઠ પર ફેરવ્યો હોત! અરેરે! મારા નસીબમાં એ ક્યાં હતું? ક્યારેક માણસ પશુપંખી કરતાંય કેટલો બધો લાચાર બની જાય છે!

સવારનો એક પહોર વીતી ગયો. આકાશ યથાવત્ હતું. ગંગાકિનારે રેતીમાં ઊભો રહીને શોણ મારી રાહ જોતો હતો. હું પાણીમાં ઊભો હતો. એ ભૂલેચૂકેય મને બૂમ મારીને બોલાવશે નહીં. જો હું દિવસભર પાણીમાં ઊભો રહું તો એ પણ કિનારે ઊભો રહે, પરંતુ આજ મને વધુ રોકાવું પોષાય તેમ નહોતું. છેવટે નિરુપાય બનીને મેં આંખો મીંચી દીધી. પ્રયત્ન કરવા છતાં રોજની જેમ આંખ સામે પરિચિત તેજનાં કણો પથરાયાં નહીં. આજે કેમ આમ થાય છે? આ અશુભ ચિહ્ન તો નથી ને? અરે! મન કેવું ગાંડું છે! એ હંમેશાં અણગમતી શંકા-કુશંકાઓ જ કર્યા કરવાનું. મેં હંમેશની જેમ હાથ જોડ્યા અને મનોમન કહ્યું, 'દેવ, શું તમે આજ મારાથી નારાજ થયા છો? આજે તમે મારા પર કેમ રૂઠ્યા છો? મને આશીર્વાદ આપો. આજે આપ જોઈ શકશો કે આ નગરજનો સર્વશ્રેષ્ઠ વીર તરીકે મારું સન્માન કરશે.' એક અંજલિ ભરીને અર્ઘ્ય આપ્યો અને પાછો વળ્યો. મનમાં ગજબની બેચેની હતી. કાંઠે શોણ મારી રાહ જોતો ઊભો હતો. મંડપમાં જવા શોણ અધીરો બન્યો હતો. પણ... પણ મને જોઈને એના કપાળ પર એક ઝીણી રેખા ઊઠી. હું સહેજ ખચકાયો. મેં એને તરત પૂછ્યું, 'શોણ, શું થયું? શું વિચારમાં પડી ગયો?' તે કંઈ જ બોલ્યો નહીં. એનું મૌન અસહ્ય થઈ પડ્યું. એના હૃષ્ટપુષ્ટ ખભા બંને હાથે જોરથી હલબલાવીને મેં મોટેથી પૂછ્યું, 'શોણ, તું કેમ મૂંગો થઈ ગયો છે?' એણે કશોય ઉત્તર ન આપ્યો. કેવળ મારા કાન તરફ ફાટી આંખે જોઈ જ રહ્યો! એની આંખો ફિક્કી પડી ગઈ હતી. એની જોવાની આ વિચિત્ર રીતથી મને અકળામણ થવા લાગી. એના ચહેરાને બે હાથમાં લઈ એની આંખોમાં આંખ પરોવી અત્યંત વ્યાકુળ સ્વરે મેં એને પૂછ્યું, 'શોણ, તારા

મોટાભાઈનું કેમ માનતો નથી? બોલ, શોણ, કયું ઘાતક રહસ્ય તું આજ મારાથી છુપાવે છે?'

એ આર્દ્ર થઈ ગયો. એના ગાલ પરના મારા હાથને પોતાના થરથરતા હાથમાં લેતાં એ બોલ્યો, 'ભાઈ, આજ તું મંડપમાં ન જતો! તારા ગુરુએ તને દર્શન દીધાં નથી! તું પાછો વળ.'

'અરે, ગાંડા. મારા ગુરુ શું રોજ મને દર્શન દે છે? ચોમાસામાં ચાર ચાર મહિના સુધી એ કોણ જાણે ક્યાં સંતાઈ જાય છે?'

'પરંતુ આ દિવસ વરસાદનો નથી. આ વસંતઋતુનો સમય છે. એને આજે છુપાઈ જવાનું કોઈ જ કારણ નથી.'

'રહેવા દે. મારા ગુરુના આશીર્વાદ મારી પર છે જ. મને ખબર છે. તું ચાલ.' એનો હાથ પકડીને મેં એને આગળ કર્યો.

'નહિ ભાઈ, હું આજે તને નહીં જવા દઉં!' એના અવાજમાં ભય હતો.

'કેમ? આજે હસ્તિનાપુરમાં સર્વશ્રેષ્ઠ વીરની પસંદગી થવાની છે. તું જાણતો નથી? આજે તો મારે જવું જ જોઈએ!'

'નહીં. આજ તું ન જા.' એણે મારો હાથ વધુ જોરથી પકડી રાખ્યો. એની પકડ ધ્રૂજતી હતી.

'શોણ, બાળપણની જીદ છોડી દે. હવે તું નાનો નથી. થોડો સમજદાર થા. યાદ રાખ, તું કર્ણનો ભાઈ છે.' મારી જિંદગીમાં પહેલી વાર મેં એની સાથે કડક શબ્દોમાં કામ લીધું.

પોતાનું મોં એણે મારી હથેળીમાંથી દૂર કર્યું. ચાર ડગલાં દૂર જઈ તે નત મસ્તકે બોલ્યો, 'હું તારો ભાઈ છું એ ક્યારેય ભૂલ્યો નથી અને ભૂલવાનોય નથી. એટલે જ મારું મન કહે છે કે તું આજે મંડપમાં ન જા. કારણ... કારણ તારાં કાનનાં કુંડળ આજે નિસ્તેજ થઈ ગયાં છે! એની આસપાસ કાળાં કુંડાળાં વળી ગયાં છે.'

એના આ ઉદ્ગારો તપેલા સીસાના રસ જેવા મારા કાનમાં રેડાયા. હું ખિન્ન થઈ ગયો. સંદેહના અનેક કીડા મનના ભુજંગને ડંખવા લાગ્યા. 'મારાં કુંડળ આજે કેમ શ્યામ થઈ ગયાં? વાદળોએ આજે જ કેમ આકાશને ઢાંકી દીધું? કયા મહાન વિનાશનો આ સંકેત હશે? કયા વિષવૃક્ષનું બીજ આજ રોપવાનું છે? આ કર્ણનું હવે શું થશે? આ કુંડળ મને જ શા માટે મળ્યાં? એનો શો ફાયદો? શા માટે હું એનું આટલું અભિમાન ધરાવું છું?' અસંખ્ય પ્રશ્નોનાં પતંગિયાં મારી આંખ સામે ઊડવા લાગ્યાં. છેવટે ભીતરમાંથી એક અવાજ ઊઠ્યો. એણે મને ધીરજ આપી. મેં નક્કી કરી લીધું કે શોણ કહે છે એમ જ કરીશ. પરંતુ મંડપમાં જવામાં શું વાંધો છે? મેં એને ઉદાસભાવે કહ્યું, 'શોણ, ઠીક છે. હું મેદાનમાં નહીં જાઉં! પણ એક શરતે. હું મેદાનની બહાર પ્રવેશદ્વાર પાસે ઊભો રહીશ. મારા ગુરુ દર્શન દેશે પછી જ હું મેદાનમાં દાખલ થઈશ.' શોણે હરખાઈને માથું ધુણાવ્યું અને સંમતિ આપી. રેતી ખૂંદતા અમે ચાલવા લાગ્યા.

રાજનગરીના તમામ માર્ગો સૂના હતા. આબાલવૃદ્ધ સૌ મેદાનમાં ગયા હતા. આ સમયે બહારથી આવનાર પ્રવાસી આ નગરીને જોઈ એને કૌરવોની રાજધાની માનવા

તૈયાર થાય જ નહીં, કારણ કે નગરમાં એક ચકલુંય ફરકતું નહોતું! ઘનઘોર વાદળ છાયા આકાશને કારણે હસ્તિનાપુર બલિ દેતાં પહેલાં ઝૂંપડીમાં પૂરી રાખેલા મરઘા જેવું ભયભીત દેખાતું હતું.

અમે મેદાન પાસે પહોંચ્યા. નગરજનોની તાળીઓના ગડગડાટ સંભળાતા હતા. એના શ્રવણ માત્રથી જ મારી નસેનસમાં લોહી ધસી આવ્યું. પણ એનો શો અર્થ? મારે કેવળ મેદાન બહાર ઊભા રહેવાનું હતું. શોણ સાથે વચનથી બંધાયેલો હતો. અમે મેદાનના પ્રવેશદ્વાર પાસે આવ્યા ત્યારે સ્પર્ધા ક્યારની શરૂ થઈ ગઈ હતી. અંદર કોઈ પ્રતિસ્પર્ધી પર પ્રેક્ષણીય હલ્લો કર્યો હશે. સતત તાળીઓના ગડગડાટ થતા હતા. મારા પરાક્રમ ઉત્સુક મનની સ્થિતિ પિંજરામાં પુરાયેલા વાઘ જેવી હતી. ખીલે બાંધેલું વાછરડું ગાયને જોતાંવેંત તરફડી ઊઠે તેમ મારું મન દેહ રૂપી પિંજરને તોડવા ચારેબાજુથી તરફડતું હતું. મહાપ્રયત્ને મનને વશમાં રાખી મેં શોણને કહ્યું, ‘તું અંદર જા. હું અહીં ઊભો છું.’ એ ત્યાં જ ઊભો રહ્યો. એને મનમાં થયું કે એની પાછળ પાછળ હું જવાનો જ. આથી મેં એને ખભે હાથ મૂકી જણાવ્યું, ‘શોણ, વિશ્વાસ રાખ. હું અંદર નહીં આવું. કર્ણનું આ વચન છે. જા.’ એ મારાં કુંડળ તરફ જોતો અંદર જવા નીકળ્યો.

મારા મનની છતમાંથી વિચારોની અસંખ્ય લાલ મધમાખીઓ અહીંતહીં ઊડવા લાગી. આ કુંડળને લીધે જ મારી આ દશા થઈ ને! લાવ એને કાપીને ફેંકી દઉં અને તૂટેલા કાને અંદર જઉં. પરંતુ એ પણ ક્યાં શક્ય હતું? કાન કાપવાના ગમે તેટલા પ્રયત્ન કરું તોપણ અંતે કપાવાના ક્યાં હતા? શા માટે મને આ કુંડળ મળ્યાં? એનો શો ઉપયોગ? શા માટે એને માટે આટલું અભિમાન ધરાવું છું? મારા મગજમાં અસંખ્ય સાપ અહીંતહીં સરકવા લાગ્યા. હવે મને મેદાનમાં કશું જ દેખાતું નહોતું. ફક્ત પ્રવેશદ્વાર નજીક ઊભા રહેલા પ્રેક્ષકોના અસ્પષ્ટ સંવાદો સંભળાતા હતા. તે પણ ત્રૂટક ત્રૂટક. એટલામાં ભારે કોલાહલ મચી ગયો. એનાથી મન ઊભરાતા દૂધની જેમ ઊફળી ઊઠ્યું. સરવા કાન કરીને મેં સાંભળવા પ્રયત્ન કર્યો. ત્રૂટક ત્રૂટક શબ્દો કાને અથડાયા.

‘ભીમે દુઃશાસનને રોળ્યો! એને ગરદનથી ખૂબ ઊંચો કરી જોરથી નીચે પછાડ્યો અને એની છાતી પર ચડી બેઠો છે! પોતાના જોરદાર મુષ્ટિપ્રહારથી એને મનફાવે એમ પીટે છે!’

મારા ભુજદંડ ઉશ્કેરાઈને એકદમ ફૂલ્યા! હૃદયના ધબકારા સંભળાવા લાગ્યા. મારું લોહી નસેનસમાં ધસમસતું જાણે મને કહેવા લાગ્યું, ‘કર્ણ, ઊઠ. અંદર જા. સ્પર્ધાની એરણ પર પુરુષાર્થના સુવર્ણનું પારખું કરી લે. આજે જ આ અવસર છે!’

આંખોની કીકીને સતેજ કરી મેં આકાશ તરફ જોયું. પેલાં નિર્દય વાદળોનું આવરણ હજી હટ્યું નહોતું. પાંખો તૂટેલા અસહાય પંખીની જેમ મારું મન તરફડવા લાગ્યું. હું પ્રવેશદ્વાર પાસે અવશ બનીને અહીંતહીં આંટો મારવા લાગ્યો. મારું મન રડી રહ્યું હતું, ‘સૂર્યદેવ, એક વાર તો દર્શન આપો! હસ્તિનાપુરમાં પ્રત્યેક શક્તિશાળી યુવાન માટે પ્રાણના ભોગે સ્પર્ધા જીતવાનો આજનો આ એક જ દિવસ છે! માત્ર એક વાર આપના આ પ્રિય શિષ્ય તરફ આપની સહસ્ર તેજસ્વી આંખો ખોલી કૃપાદૃષ્ટિ કરો. માત્ર એક વાર!’

ફરી તાળીઓનો ગડગડાટ! મારા કાન આપોઆપ સરવા થયા. ‘વાહ! વાહ! નકુળ

કેટલો ચપળ છે! એકસાથે બે બે ગતિમાન અશ્વની પીઠ પર એક એક પગ મૂકી બંનેને એક જ ગતિમાં કેવી કુશળતાથી ભગાવે છે! શાબ્બાશ! પાંડુપુત્ર, ધન્ય છે!'

મારું મન અશ્વથીય વધુ વેગથી દોડવા લાગ્યું. એની ખરી નીચેથી વિચારોની ધૂળ ઊડવા લાગી. પ્રવેશદ્વારના ઉંબર પાસે હું તડપતો આંટાફેરા મારવા લાગ્યો. બે ઘડી થયું, 'કેવું વચન ને કેવી પ્રતિજ્ઞા! તત્ક્ષણ અંદર જતો રહું.' પરંતુ હજી એક અવાજ મને કહી રહ્યો હતો, 'કર્ણ, વચન પ્રાણના ભોગે પણ પાળવા માટે હોય છે. દીધેલો બોલ પાળતો નથી એ માણસ નથી, પશુ છે.'

હું ઉંબરેથી પાછો વળ્યો.

ફરી તાળીઓનો ગડગડાટ અને હર્ષોલ્લાસની કિકિયારીઓ. ત્યાર પછી ત્રૂટક સંવાદ સંભળાયા.

'શાબ્બાશ ભીમ, ગદાયુદ્ધમાં અજેય દુર્યોધનને પણ તેં કેટલો સહજ જીતી લીધો! કેટલા જોરદાર છે તારા પ્રહાર! નેત્રો તૃપ્ત થયાં. વાયુપુત્ર, ધન્ય!'

મારું મન ગદાવીરની જેમ ગોળગોળ ફરવા લાગ્યું. અંગ પરનું ઉત્તરીય મેં વિવશતાથી કચકચાવીને ઓઢી લીધું. શરીરના રોમેરોમ સળગી ઊઠ્યા. આકાશ તરફ જોયું. વાદળોની હલનચલન શરૂ થઈ હતી. પણ એ તો માત્ર હલનચલન જ! થયું કે લાવ, પવનવેગે ગંગાનદી તરફ દોડતો જાઉં અને તેમાં ડૂબકી મારીને તપી ગયેલા શરીરને ઠંડું પાડું. એ વિચાર સાથે જ કાંડા પર સરી પડેલા ઉત્તરીયને ખભા પર નાખી ગંગા તરફ ચાલવા લાગ્યો.

'ભાઈ, ઊભો રહે.' પાછળથી શોણે બૂમ મારી.

મેં પાછળ વળીને જોયું. પ્રવેશદ્વારના ઉંબરે ઊભા રહીને હાથ ઊંચો કરીને તે મને થોભી જવા ઇશારો કરતો હતો. હું પાછો વળ્યો. આકાશ તરફ વારંવાર દૃષ્ટિ કરીને હવે તો ડોક પણ દુખવા આવી હતી.

તાળીઓના ગડગડાટની ધારા અવિરત વરસતી હતી. કેવળ તાળીઓ! અશ્વની દોડ સમી! મુશળધાર વરસાદ સમી!

'ભાઈ, હવે અર્જુન સ્પર્ધામાં ઊતર્યો છે!'

અર્જુન! અર્જુન! અર્જુન! લોકો કેમ એને આટલું મહત્ત્વ આપે છે? એ શું મોટું પરાક્રમ કરી વળવાનો છે?

મારા કાનમાં ચારેબાજુથી શબ્દોનાં બાણ ઘૂસવા લાગ્યાં. મેદાનમાં પ્રત્યેક ક્ષણ કોલાહલ જગવતી હતી! ઘોષણાઓના શબ્દપુષ્પોનો વરસાદ વરસતો હતો!

'આમ જો અશ્વની પીઠ પરથી હાથીની, હાથીની પીઠ પરથી અશ્વની પીઠ પર દોડતો કેવાં પરાક્રમ કરી રહ્યો છે!'

એકસાથે બે તલવાર લઈ એ બંને હાથે કુશળતાપૂર્વક શક્તિશાળી પ્રતિદ્વન્દ્વી પર ચલાવે છે. ઘડીક વારમાં એણે પ્રતિદ્વન્દ્વીની તલવારને ઊંચકીને ફેંકી દીધી. પેલો શરમનો માર્યો નીચું મોં કરીને બહાર જઈ રહ્યો છે. સાચે જ અર્જુન જેવો કોઈ તલવારવીર નહીં જ!'

'ત્યાં જો. અરે, અર્જુન ક્યારે ચક્રના અખાડામાં પહોંચી ગયો? એ થાળી જેવા વિશાળ ચક્રને કેવી આસાનીથી ફેરવે છે? વચમાં ક્યારેક એને રમાડી પણ લે છે. ઘડીકમાં એ ચક્રને આકાશમાં ઊંચે ઉડાવે છે. ફરી એને એક બાણની ધાર પર ઝીલી લે છે.'

'હવે એ કુસ્તીના અખાડામાં ઊતર્યો છે. કેવું કસાયેલું છે એનું શરીર! એની છાતી અખાડાના મહાદ્વાર જેવી કેવી વિશાળ છે! એના હાથપગ નાળિયેરીના ઝાડ જેવા કેવા કસાયેલા છે! અખાડાની તાંબાવર્ણી માટીમાં એનું કસાયેલું શરીર કેવું શોભે છે! અરે વાહ! ચપટી વગાડતામાં એણે પોતાના પ્રતિસ્પર્ધી દુર્મુખને ધૂળ ચાટતો કરી દીધો!'

'આ અર્જુન ક્યારે એકથી બીજા અખાડામાં પહોંચી જાય છે અને કેવાં જાતજાતનાં પરાક્રમ કરે છે કંઈ સમજમાં આવતું નથી. અહીં એક અર્જુન છે કે તેર અર્જુન છે?'

'જુઓ તો ખરા. ધનુર્ધારીનો વેશ પહેરી ધનુર્વિદ્યાના અખાડામાં પહોંચી ગયો. વિષ્ણુ સમાન! શાબ્બાશ અર્જુન! શાબ્બાશ પાંડુપુત્ર! તારા સમો ધનુર્ધર સમસ્ત આર્યાવર્તમાં શોધ્યોય જડે તેમ નથી! આજે તું જ હસ્તિનાપુરમાં સર્વશ્રેષ્ઠ વીર ઠરવાનો!'

તાળીઓ! અવિરત તાળીઓ! વરસાદની ધારને લજવતી તાળીઓ! બૂમાબૂમ! શોરબકોર! કોલાહલ! અર્જુન! ઊકળતું લોહી! ધનુર્ધર! ઘેરાયેલાં વાદળ! શ્યામ, નિસ્તેજ કુંડળ! સર્વશ્રેષ્ઠ વીર! નીલકમલની માળા! શોભાયાત્રા! રાજમાતા...

'શોણ, મને શું થઈ રહ્યું છે? મને ગંગા તરફ જવા દે. નહિતર હું બળીને રાખ થઈ જઈશ.' કુંડળનાં વલયને કાન સુધી લઈ જઈ એને જોરથી હાથમાં દબાવી ડોક ઊંચી કરીને જોરથી બરાડી ઊઠ્યો. મારા શરીરનું એક એક કણ તપી ગયું. વિવશપણે મેં શોણના ખભા પર મારું તપી ગયેલું માથું ટેકવ્યું. મારા અંગમાંથી બળબળતા પરસેવાના રેલા ઊતરવા લાગ્યા. પરસેવાના એ ઉષ્ણ રેલાએ શોણના ખભાની ચામડી બાળી નાખી. શબ્દોની ચિનગારીથી મારું મન ચગડોળે ચડ્યું. અંદર કેવળ કોલાહલ મચી રહ્યો હતો. મારી આંખમાંથી લાચારીથી દાઝતા ગરમ આંસુ વહેવાં લાગ્યાં.

'ત્યાં જો – અર્જુન એકસાથે અસંખ્ય બાણથી અસંખ્ય લક્ષ્યવેધ કરી રહ્યો છે.'

'આકાશમાં ઊંચે ઉડાડેલા ફળને ઉપરથી વીંધી નાખે છે. એના એ ચાર ને ચારના આઠ – એ રીતે અસંખ્ય ટુકડામાં એને વીંધે છે. આકાશમાં ઉડાડેલું ફળ અસંખ્ય ટુકડામાં નીચે વેરાઈ જાય છે!'

'પેલી બાજુ જો. એણે છોડેલું જિહ્મ બાણ વાંકુંચૂકું થઈને માર્ગમાં આવતાં અનેક અવરોધોને પાર કરી તાકેલા નિશાનને વીંધે છે!'

'આકાશમાં અસંખ્ય બાણ છોડીને એણે વર્ષાનું તાદશ્ય ચિત્ર ખડું કર્યું છે. વળી વચમાં એક જિહ્મ બાણ વાંકુંચૂકું છોડી વીજળીનું દશ્ય નિર્માણ કરે છે!'

'આજ અમારી આંખો ધન્ય થઈ ગઈ. અર્જુન જેવો વીર હસ્તિનાપુરમાં તો શું પણ સમસ્ત આર્યાવર્તમાં મળવો મુશ્કેલ છે!'

'હવે એ અંતિમ કલા બતાવી રહ્યો છે. માત્ર અવાજની દિશા પકડીને એ લક્ષ્યવેધ કરવાનો છે. એની આંખે પાટા બાંધવામાં આવ્યા છે. એક સૂચિ બાણ હાથમાં લઈ હોઠ સુધી પણછ ખેંચી એણે આંખો બંધ કરી છે. પોતાના ગુરુનું એ સ્મરણ કરે છે. એના ગુરુ દ્રોણનો જોટો ત્રિભુવનમાં પણ જડે એમ નથી!'

'શાબ્બાશ અર્જુન! વાહ રે પાંડુપુત્ર! કોઈની નજર પહોંચે એ પહેલાં તો એણે અવાજની દિશામાં સૂચિબાણથી પાછળથી ભસતા કૂતરાના મોંને અચૂક વીંધી નાખ્યું. એનું મોં સિવાઈ ગયું. શાબ્બાશ! સર્વશ્રેષ્ઠ ધનુર્વીર!'

'જો. ગુરુ દ્રોણ કૂતરાના મોંમાંથી બાણ ખેંચી સૌને બતાવી રહ્યા છે!'

'એક જણે આવીને એમના હાથમાં સન્માનસૂચક નીલકમલની માળા હાથમાં આપી!'

નીલકમલની માળા! અજેય ધનુર્ધર! મેઘાચ્છાદિત આકાશ એક જ ક્ષણ! કીર્તિ અને માનની એક જ ક્ષણ! શું કરું? શું કરું?

મારું મન ચારેબાજુ ફેલાયેલી આગમાં ફસાયેલા પક્ષીની જેમ તરફડવા લાગ્યું. શરીરનો કુંભ તપી તપીને હવે શું તડાક દઈને તૂટી જવાનો?

મારી આંખોનું અધીર પક્ષી વાદળોની ઘટાઓને વારંવાર ચાંચ મારવા લાગ્યું. એ ચંચુપ્રહારથી જાણે અવાજ પ્રકટ્યો, 'એક જ ક્ષણ! કર્ણના જીવનની આ એક જ ક્ષણ! ફક્ત એક ક્ષણ!' કેટલા પ્રચંડ વેગથી સમસ્ત વાદળો ગતિ કરી રહ્યા છે! શું તેઓ આકાશ-સમુદ્રનું મંથન કરવા નીકળ્યા છે? શોણને હલબલાવી નાખી આનંદમાં આવી જઈ મેં ઊંચા અવાજે કહ્યું, 'શોણ! આમ જો. આકાશસમ્રાટ, મારા ગુરુ મારી લાજ રાખવા વાદળોની ઘટાઓને ઘેટાંનાં ટોળાંની જેમ વિખેરી રહ્યા છે!'

આનંદવિભોર બની શોણ મને એકદમ વળગી પડ્યો અને બોલ્યો, 'ભાઈ, જા. હવે અંદર જા. કુંડળ ફરી ચમકવા લાગ્યાં છે! હંમેશની જેમ એમાં માત્ર નીલરંગી તેજ નથી પણ આજ તો એમાંથી રક્તવર્ણી તેજ નીકળે છે.'

'શોણ, આ તું શું બોલે છે? શું મારાં કુંડળ ફરી ચમકવા લાગ્યાં?'

'હા. ભાઈ, જો તારા ગુરુ આકાશની નીલી છતને તપાવી રહ્યા છે!' એણે ભાવાવેશમાં આવી જઈ બંને હાથ આકાશ તરફ ઊંચા કર્યા.

મેં ઉપર જોયું. તેજ તેજના અસંખ્ય કણો હસી રહ્યા હતા. પોતાના રથના હજારો અશ્વને રોકીને મારા ગુરુદેવ મને આશીર્વાદ આપી રહ્યા હતા.

સવારથી હસ્તિનાપુરનું વાતાવરણ કેદમાં પુરાયેલાં કૂકડા-મરઘાં સમું સૂનમૂન હતું. એ ભયભીત વાતાવરણ કૂકડે-કૂકની બાંગ પોકારતા કૂકડાઓ જેવું રુઆબદાર દેખાવા લાગ્યું! વૃક્ષનાં પાન ફરફરવાં લાગ્યાં. ગંગાનું પાણી ઝગમગી ઊઠ્યું. સઘળાં પક્ષીઓ આનંદથી કિકિયારી કરવા લાગ્યાં. હજી પણ દૂર દૂર એક વાદળી જઈ રહી હતી. એની છાયામાં કુરુવંશના રાજાનો આ વૈભવસંપન્ન પ્રાચીન ધવલ રાજમહેલ રોગી જેવો નિસ્તેજ દેખાતો હતો!

ભીતર કોલાહલ હતો. ગગનભેદી પ્રચંડ કોલાહલ!

'ત્યાં જો. સૂર્ય પણ અર્જુનનું સ્વાગત કરવા મેઘનું અંતરપટ દૂર કરી હાજર થઈ ગયા છે. ધન્ય છે અર્જુન! આમ જો. ગુરુ દ્રોણ એ વિશાળ ઓટલાનાં પગથિયાં ચડી રહ્યા છે. સૂર્યની સાક્ષીએ હવે તેઓ નીલકમલની વરમાળ અર્જુનના ગળામાં આરોપશે. યુવરાજ અર્જુનનો... વિજય હો!' પ્રચંડ વિજય ઘોષણાથી વાતાવરણ સ્પંદિત થઈ ગયું.

ખભા પરનું ઉત્તરીય કાઢી મેં શોણ પર ફેંક્યું! તે વખતે મારું રૂપ કેવું હતું તે હું કહી શકતો નથી. શોણનો ભાઈ? અશ્વત્થામાનો મિત્ર? કે સારથિનો પુત્ર? નહીં. હું

આમાંનો કોઈ જ નહોતો. હું તો હતો કેવળ લોખંડનો ધગધગતો ગોળો! વીજળીના કડાકાનો પ્રહાર! સહસ્ર અશ્વનું બળ ધારણ કરનારો પ્રતિસૂર્ય!

એ પ્રવેશદ્વાર પાસે રંક ભિખારીની જેમ ઊભા રહેવા માટે મારો જન્મ નહોતો! સામે આવનારને બાળી નાખવા મારાં રોમેરોમ સળગી રહ્યાં હતાં. ક્યારેય ન સાંભળ્યો હોય એવો એક મહાસમર્થશાળી અવાજ મને સંભળાયો.

'કર્ણ, ચાલ. જલદીથી અંદર જા. આ જ જીવન-મરણની ક્ષણ છે.'

તરત જ હું પ્રવેશદ્વારથી અંદર દાખલ થયો. ગુરુ દ્રોણના હાથમાં ઊંચકાયેલી માળા મને દેખાઈ. બે હાથ ઊંચા કરી મારી સઘળી શક્તિ ભેગી કરીને મોટેથી મેં બૂમ મારી, 'ઊભા રહો!'

લક્ષ્યનું કાળજું વીંધતા બાણની જેમ આ અવાજ આખા અખાડાના હૃદયને વીંધી ગયો. વીજળીના કડાકાને શરમાવતો હોય એવો મોટો એ અવાજ હતો. હજારો આંખો પ્રવેશદ્વાર તરફ મંડાણી. ગુરુ દ્રોણના ધ્રૂજતા હાથમાંથી માળા તત્ક્ષણ નીચે સરી પડી! ચારેબાજુ સન્નાટો છવાઈ ગયો. મારી મજબૂત હથેળીથી ડાબા હાથને વેગથી થપથપાવીને જોરથી એક તાલ દીધો! એનો ધ્વનિ વાતાવરણને કંપાવતો ગુંજી ઊઠ્યો.

મારાં તપ્ત અંગોમાંથી ધગધગતા તણખા નીકળવા લાગ્યા. સૌ નગરજનો મને આપોઆપ માર્ગ દેવા લાગ્યા. માર્ગમાંથી જે ખસતા નહોતા તે આગથી દાઝી રહ્યા હતા! અડધી ક્ષણમાં તો આરસના મંચને પગથિયે પહોંચી ગયો. ત્યાં કૃપાચાર્ય ઊભા હતા. કેવળ ઔપચારિક રીતે અને વૃદ્ધત્વનું માન જાળવવા મેં એમને નમસ્કાર કર્યાં અને એકસાથે ચાર ચાર પગથિયાં ચડીને ઘડીક વારમાં મંચ પર જઈને ઊભો રહ્યો. આશ્ચર્યથી ગુરુ દ્રોણ મારી તરફ જોઈ રહ્યા. છ વર્ષ પછી આજ પહેલી વાર હું એમની સામે આ રીતે અક્કડ ઊભો હતો! એમના મોં પરની માખી નારાજગીની જાળમાં ફસાઈ ગઈ હતી! ભવાં ઊંચાં કરીને તેમણે મને પૂછ્યું, 'કોણ છે તું?'

એક વાર આકાશ તરફ દૃષ્ટિ કરી. પછી એમની વૃદ્ધાવસ્થાનું માન રાખવા નીચે વળીને એમને નમસ્કાર કર્યાં અને ઉન્નત મસ્તકે મેં કહ્યું, 'કર્ણ!'

બંને હાથ ઊંચા કરી નગરજનોને ઉદ્દેશીને મેં ઊંચા અવાજે ઘોષણા કરી, 'વીરોની પૂજા કરનારા આ હસ્તિનાપુરના ન્યાયપ્રિય નગરવાસીઓ, હું કર્ણ અહીં અર્જુને દાખવેલાં તમામ પરાક્રમો કરી દેખાડવા તૈયાર છું. તમે મને તક આપશો?'

અખાડામાં બેઠેલા સઘળા નગરજનો એકદમ ઊભા થઈ ગયા. સૌ હાથ ઊંચા કરીને ઉત્તરીય હલાવતાં મોટેથી કહેવા લાગ્યા, 'એને તક આપો! એને તક આપો! યુવરાજ અર્જુનને નિર્વિવાદ અજેય પુરવાર થવા દો!'

અવાજ સાંભળી ધૃતરાષ્ટ્ર ઊભા થયા. બાજુમાં બેઠેલા ભીષ્મ પિતામહ સાથે વાટાઘાટ કરી. હાથમાંનો રાજદંડ ઊંચો કરતાં જ આખો મંડપ શાંત થઈ ગયો. ઘેરા ગંભીર અવાજે મહારાજ બોલ્યા, 'વીરોની કસોટી કરનારું આ પટાંગણ છે. અહીં હસ્તિનાપુરનો કોઈપણ વીર પોતાનું સામર્થ્ય પુરવાર કરી શકે છે. ગુરુદેવ, આ સાહસિક યુવાનને તક આપો!'

સૌએ મહારાજના વચનને તાળીઓ અને હર્ષોલ્લાસના સૂરોથી વધાવી લીધું. આખું પટાંગણ ઊભરો આવેલા દૂધની જેમ પ્રત્યેક ક્ષણે અત્યંત ઉત્સુકતાથી ઊભરાવા

લાગ્યું. ઊભા થયેલા પ્રેક્ષકો ફરી પલાંઠી વાળીને બેસી ગયા. ગુરુદેવ દ્રોણ, કૃપાચાર્ય અને અર્જુન મંચથી સહેજ દૂર ઊભા રહ્યા.

મેં રાજકુળના પરિવાર તરફ જોયું. ત્યાં વિદુર, મહારાજ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ પિતામહ, શકુનિમામા, અમાત્ય વૃષવર્મા અને આમંત્રિત રાજાઓ ઉપસ્થિત હતા. એમના પગ પાસે સઘળા યુવાનો બેઠા હતા. એમાં દુર્યોધન, દુર્મુખ, વિકર્ણ, ભીમ, નકુલ, સહદેવ અને યુધિષ્ઠિર પણ હતા. યુવરાજોની બરાબર મધ્યમાં અશ્વત્થામા બેઠો હતો. એ સૌમાં ફક્ત ચાર જણાના મોં પર પ્રસન્નતા વર્તાતી હતી. એ હતા મહારાજ ધૃતરાષ્ટ્ર, યુવરાજ દુર્યોધન, દુઃશાસન અને મારો મિત્ર અશ્વત્થામા. અશ્વત્થામાએ હાથ ઊંચો કર્યો. મેં એના પ્રેમને દૂરથી મૂકપણે આવકાર્યો. આ નિર્ણાયક વેળાએ મારા મનમાં એક ઝબકાર થયો, 'આ ગુરુ દ્રોણનો પુત્ર અશ્વત્થામા છે, પરંતુ બે વચ્ચે કેટલું મોટું અંતર! એક ખળખળ કરતું ઝરણું, બીજા સદૈવ ઘનગંભીર મહાસાગર! ખારો અને અંતહીન! બહારથી આવતા જળને પોતાના અંતરમાં સમાવી લેવાની અનિચ્છા ધરાવતો મહાસાગર.

મેં રાજકુળની સ્ત્રીઓના તંબૂ તરફ દૃષ્ટિ કરી, પરંતુ આટલે દૂરથી કંઈ જ સ્પષ્ટ દેખાતું નહોતું. ફક્ત એક પડદો હતો. ઝગમગતો જરિયાન પડદો!

ઘૂંટણ ટેકવીને મેં મંચ પરથી ભીષ્મ પિતામહ અને મહારાજ ધૃતરાષ્ટ્રને પ્રમાણ કર્યાં. એ ઝગમગતા પડદાને પણ પ્રણામ કર્યાં.

પટાંગણમાં એકમેકના શ્વાસ સાંભળી શકાય એવી નીરવ શાંતિ છવાઈ ગઈ હતી. જે ક્ષણ માટે આ કર્ણ છ છ વર્ષ સુધી તડપતો હતો, જે ક્ષણ માટે રાતદિવસ એક કરતો હતો, જે ક્ષણની વાટ જોતાં જોતાં એની ધીરજ ખૂટી ગઈ હતી તે આ જ ક્ષણ હતી. છ વર્ષ સુધી ઉપેક્ષાની ભઠ્ઠીમાં શેકાયેલી ક્ષણ! અનાદરના વડવાનળમાં છ વર્ષ સુધી દાઝીને શ્યામવર્ણી બનેલી ક્ષણ! ઊંચનીચના દ્વન્દ્વના પગ તળે આજ સુધી કચડાઈ ગયેલી ક્ષણ! કર્તૃત્વને ગૂંગળાવી નાખતી આ ક્ષણ! આજ સુધી વીરત્વનો ક્રૂર તિરસ્કાર કરતી આ ક્ષણ!

આજે કર્ણ નીલકમલની માળા ગળામાં પહેરી વિજયવીર તરીકે નગરમાં સન્માન પામશે, નહિતર પરાજય થયેલા કર્ણનું પ્રેત નગરજનોના પગે કચડાઈને પાછું ફરશે! આ સિવાય બીજું કંઈ નહીં બને. આ સ્પર્ધાનું પરિણામ આ જ હોય!

સંપૂર્ણ વિજય અથવા મરણ! મારા ગુરુએ છ વર્ષની જ્ઞાનસાધનામાં મને માત્ર આ જ શીખવ્યું હતું, 'વિજય અથવા મરણ!'

આશીર્વાદ મેળવવા મેં હાથ જોડી આકાશ તરફ દૃષ્ટિ કરી. ખુલ્લી આંખે એનું તેજ ઘૂંટડે ઘૂંટડે પીવા લાગ્યો. એક અત્યંત તેજસ્વી પ્રકાશજ્યોત મારાં સર્વ અંગોમાં ફેલાઈ ગઈ. હવે કર્ણ – કર્ણ નહોતો. એ લોખંડનો ધગધગતો ગોળો નહોતો, એ સ્પર્ધામાં ભાગ લેનાર હસ્તિનાપુરનો એક વીર પુરુષ નહોતો, અર્જુન અને ગુરુ દ્રોણને પોતાનાં પરાક્રમ દાખવવાની તક મેળવનાર એક અતૃપ્ત શિષ્ય પણ નહોતો. તે કોણ છે એની એને જાણ નહોતી. જાણવાની એને દરકાર પણ નહોતી, કારણ અત્યારે એ સૂર્યદેવનું એક તેજસ્વી કિરણ હતો. ગતિમાન અને તપ્તકિરણ! ધરતીને ચીરનારું કિરણ! અત્યારે અહીં ઉપસ્થિત હજારોનો સમૂહ એને દેખાતો નહોતો. એને એકેય ધ્વનિ સંભળાતો નહોતો. એને તાળીઓના ગડગડાટ પણ સંભળાતા નહોતા. પોતાનું શરીર ધગે છે એનાથી એ અસ્વસ્થ પણ

નહોતો! કેમકે એ તો માત્ર તેજસ્વી કિરણ હતો! અસીમ, અમિત અને અનંત પ્રકાશનું સંમિશ્ર કિરણ! જેનું સ્વતંત્ર અસ્તિત્વ નથી એવું કિરણ! ત્રિભુવનમાં સ્વૈરવિહાર કરનારું કિરણ! વિશ્વની આંખોમાં તેજ પૂરનારું કિરણ! અંધકારનું પેટ ચીરનારું કિરણ! કેવળ કિરણ! પ્રકાશનું કિરણ!

મંચ પરથી કૂદકો મારીને હું નીચે ઊતર્યો. મારા અંગમાં નાની શી ઝણઝણાટી પણ થઈ નહીં! એક ક્ષણમાં અશ્વારોહણના અખાડામાં પ્રવેશ્યો. સાત શ્વેત અશ્વો એકસાથે બાંધેલા હતા. એમાંના વચલા પર આરૂઢ થયો. એ અશ્વ પરથી જ અન્ય અશ્વોને દોડાવવા લાગ્યો. મારો સંકેત થતાં જ ઊભા રહેલા સાતે અશ્વો આગળના પગથી ખરી ઊંચી કરી જોરથી હણહણ્યા. લગામનું બંધન હવે એમના પર નહોતું. મારા હાથ રૂપી લગામ પર નાચનારા આ સાત રમકડાં હતાં! એ દોડતા અશ્વ પરથી સહેજ વારમાં હાથી પર ચડી ગયો. એના બે દંતશૂળ પર બે પગ ટેકવી ઊભો રહ્યો. એ મહાકાય પ્રાણીનેય હું વગર અંકુશે મારી ઇચ્છા પ્રમાણે રમાડવા લાગ્યો!

ત્યાર પછી ચક્રના અખાડામાં પહોંચ્યો. એ વિશાળ ચક્રને હાથમાં લઈ થાળીની જેમ સહજપણે ગોળગોળ ફેરવ્યું. ક્યારેક આકાશમાં ઊંચે ઉડાવ્યું અને તરત જ એને નીચે ઉતારી હાથની ટચલી આંગળી પર ઝીલી લીધું. પછી એ ચક્રને પગ નીચે લઈ ગયો. માત્ર પગની આંગળીઓથી જ એને ગોળગોળ ફેરવી એને દૂર ફેંકી દીધું.

ત્યાંથી તલવારના અખાડામાં આવ્યો. મારી પહેલાં જ બે યોદ્ધાઓ હાથમાં બબ્બે તલવાર લઈને ઊભા હતા. જેમતેમ કરીને એક જ તલવાર મારા હાથમાં આવી. એનો ખણખણાટ શરૂ થયો. મારા પ્રત્યેક મહારથી યોદ્ધાના હાથમાંથી તલવાર ઊડીને દૂર પડી. ખભેથી હાથ ખડી ગયો હોય એમ ખભો ચોળતો એ અખાડાની બહાર નીકળી ગયો.

પછી ભાલાના અખાડામાં દાખલ થયો. પાંચ જુદા જુદા ભાલા એક હાથમાં લઈ દૂરથી દોડતાં આવીને સામે દર્શાવેલાં પાંચ લક્ષ્યવેધમાં એકસાથે અચૂકપણે ફેંક્યાં. ફરી પાછા દોડતા આવીને બીજા પાંચ ભાલાને પહેલાંના પાંચ ભાલાની પૂંછડીમાં જોરથી ભેરવી દીધા. ત્યાં ભાલાનો અને ભાલાફેંકનો ઢગલો તૈયાર થઈ ગયો.

રાજકુળની સ્ત્રીઓના તંબૂની સામે કુસ્તીનો અખાડો હતો. ત્યાં પહોંચી ગયો. એ અખાડામાં ત્રણ પ્રતિસ્પર્ધી ઊભા હતા, પરંતુ એ ત્રણે મારે મન માટીનાં ઢેફાં સમાન હતાં. મેં અંગ પર ઓઢેલું લાલ વસ્ત્ર દૂર કર્યું કે તરત જ પેલાં બે ઢેફાં મારું લીંબુ જેવું પીતવર્ણું શરીર જોઈ કુસ્તીદાવ ન કરતાં હાથ ઊંચા કરી પોતાનો પરાભવ સ્વીકારી લીધો. માત્ર એકે જ મને દ્વન્દ્વયુદ્ધ માટે આહ્વાન દીધું. દ્વન્દ્વ!

વિજય અથવા મરણ! એ દાંત કચકચાવીને મારા પર તૂટી પડ્યો, પરંતુ ક્ષણમાં જ મારા બાહુકંટક દાવે એના ગળાને દબાવી દીધું! હાથપગ પછાડતો, તરફડતો તે મહારાજ પાસે જીવતદાન માગવા લાગ્યો. રાજકુળની સ્ત્રીઓના તંબૂનો પડદો સહેજ ફરક્યો! મહારાજે રાજદંડ ઊંચો કરી સંકેત દ્વારા એને જીવતદાન આપ્યું.

છેલ્લે ધનુર્ધારીનો વેશ સજી હું મધ્યમાં રહેલા મંચ તરફ ચાલવા લાગ્યો. મેં પીળું પીતાંબર પહેર્યું હતું. ખભા પર નીલરંગી ઉત્તરીય હતું. ધીમે ધીમે ડગ ભરતો હું મંચનાં પગથિયાં ચડવા લાગ્યો.

શાહમૃગ શરીરમાંથી એકસાથે સેંકડો પીંછાં બહાર કાઢે એમ અનેક બાણ મારા ધનુષ્યમાંથી તેજગતિએ છૂટવાં લાગ્યાં. દરમાં સાપ ઘૂસી જાય એમ લક્ષ્યમાં ઘૂસવાં લાગ્યાં.

એક જિહ્મ બાણ છોડ્યું. માર્ગમાં આવતાં અનેક અવરોધોને ઓળંગી એ વાંકુંચૂકું થતું સામેના લક્ષ્યમાં પેસી ગયું.

અસંખ્ય બાણ છોડીને મેં આકાશમાંથી વરસતા વરસાદનું દૃશ્ય સર્જી દીધું. એ શ્યામ બાણની સાથે અસંખ્ય રૂપેરી બાણોની વર્ષાથી વીજળીનું દૃશ્ય ખડું કરી દીધું.

મારા બાણે આકાશમાં ફેંકેલા ફળના અસંખ્ય ટુકડા કરી નાખ્યા. એ ટુકડા એટલા ઝીણા હતા કે ઊંચે ફેંકેલું ફળ નીચે ચૂરેચૂરા થઈને પડી ગયું.

હવે મારે અંતિમ કલાથી સૌને ચકિત કરવાના હતા. ધ્વનિની દિશામાં લક્ષ્યવેધ! માત્ર ધ્વનિના શ્રવણથી લક્ષ્યવેધ કરવાનો! આ મહત્ત્વનો લક્ષ્યવેધ હતો! વાતાવરણ શાંત હતું. લક્ષ્યવેધ પહેલાં મારી આંખે પાટા બાંધવામાં આવ્યા! એક સૂચિ બાણ લઈ મેં હોઠ સુધી ખેંચ્યું. ગુરુનું સ્મરણ કરવાની પણ મને ઇચ્છા થઈ નહીં! કારણ હું કોણ હતો એની મને પોતાને જ જાણ નહોતી. તેજકિરણને વળી ગુરુ કોણ અને આશીર્વાદ કેવા?

પેલો કૂતરો મારી પાછળ બાંધવામાં આવ્યો. એ ભસે એટલા માટે એક સેવક તેને દૂરથી તીક્ષ્ણ ભાલાની અણી મારવાનો હતો, પરંતુ મારે અણી મારનાર સેવક, કૂતરો, ભાલો – એમાંથી એકેય પર ધ્યાન આપવાનું નહોતું. હવે તો ફક્ત ધ્વનિનો લક્ષ્યવેધ! મુખમાંથી નીકળેલી કાન સાથે ટકરાતી ધ્વનિની લહર પર મન કેન્દ્રિત કરવાનું હતું.

મારા રોમરોમ જાણે કાન બની ગયાં. સાવધાનનો સંકેત મળ્યો. મારા કાનની આંખો ધ્વનિનો લક્ષ્ય શોધવા લાગી. હવે કાન સાથે ટકરાનાર ધ્વનિના પ્રથમ તરંગનો મારે તત્ક્ષણ વેધ કરવાનો હતો. ચારે તરફ સ્મશાનવત્ શાંતિ પથરાઈ ગઈ. શ્વાસ પણ રૂંધાયા હતા. પ્રત્યેકના હૃદય ધબકાર સાંભળી શકાય એવી નીરવ, નિશ્ચલ શાંતિ હતી. ધ્વનિનો એક મંજુલ સ્વર મારા કાને પડ્યો. બાણ ધનુષ્યમાંથી છૂટ્યું. પછી કૂતરાના ભસવાનો અવાજ સંભળાયો. બધું એક ક્ષણમાં બની ગયું. મેં આંખ પરના પાટા દૂર કર્યા અને કૂતરા તરફ જોયું. હજી પણ તે ભસતો હતો. એ બાણ કૂતરાના મોંમાં ગયું નહોતું! હું લક્ષ્યવેધ ચૂક્યો હતો! મન ચકરાતું હતું!

શરીરનું તેજ કોણ જાણે ક્યાં જતું રહ્યું? મને એકદમ થાક વર્તાવા લાગ્યો. ગ્લાનિ થઈ આવી. ચારે તરફથી ઘોષણાનો વરસાદ તૂટી પડ્યો. 'યુવરાજ અર્જુનનો... વિજય હો! ગુરુદેવ દ્રોણનો... વિજય હો!' હૃદયને વીંધતી લાખલાખ મુખેથી થતી લાખ લાખ ઘોષણા!

આમ કેમ બન્યું? ધ્વનિનો લક્ષ્યવેધ કઈ રીતે ચૂકી ગયો? પેલો મંજુલ ધ્વનિ કોનો હતો? શું કૂતરાએ પોતાનો અવાજ બદલ્યો હતો? તો પછી મારું બાણ ક્યાં ગયું? અસંખ્ય પ્રશ્નોની વીજળી મારા મન રૂપી મેઘાચ્છાદિત આકાશમાં ચમકવા લાગી. પગ નીચેથી જમીન સરકતી હોય તેવું લાગ્યું. હું ક્યાં હતો? પૃથ્વી પર? સ્વર્ગમાં કે નરકમાં? યુવરાજ અર્જુનનો જયજયકાર કરનારી આ નરકની ભૂતાવળ છે કે શું? આખો મંડપ મારી આસપાસ જાણે ઘૂમવા લાગ્યો. માથું ઘૂંટણ નીચે દબાવીને હું બેસી પડ્યો. મારા પગ પાસે નીલકમલની

માળા હતી. સન્માનની માળા! એના ટુકડેટુકડા કરી ચારેકોર વિખેરી દેવાની ઇચ્છાથી મેં એ માળાને ઊંચકી. એટલામાં ગુરુ દ્રોણ અને અર્જુન મંચ પર આવ્યા! હું જેમતેમ કરીને ઊભો થયો. મારા હાથમાંથી માળા ગુરુ દ્રોણે પોતાના હાથમાં લીધી! અર્જુનને અભિનંદન આપવા ભીમ, યુધિષ્ઠિર વગેરે મંચ પાસે ખુશખુશાલ થતાં આવ્યા.

કર્ણ યોદ્ધાઓના રાજ્યમાં રંક ઠર્યો! કર્ણ વીરોના સંસારમાં કીડો પુરવાર થયો! કેમકે ધ્વનિનો લક્ષ્યવેધ કરી શક્યો નહીં. સંસારને થથરાવી મૂકનારું અચૂક બાણ એની પાસે નહોતું. એ બાણ જેની પાસે હોય એનું જ સંસારમાં મૂલ્ય! સંસાર આવા વીરોની જ પૂજા કરે છે. વીરોનાં જ ચરણ ધૂએ છે. જો સંસારમાં સન્માનપૂર્વક જીવવું હોય તો – તો આ ધ્વનિવેધ શીખવો જ જોઈએ. જે શીખવે તેની પાસે જઈને એ વિદ્યા સિદ્ધ કરવી જોઈશે તો જ સંસાર એને સન્માનશે, અન્યથા ઉપેક્ષિત રહેશે, વંચિત રહેશે. હું મંચ પરથી કૂદકો મારીશ તોય મારું કપાળ ફૂટવાનું નહોતું. મારું વિવશ મન આક્રંદ કરવા લાગ્યું. શું કરું? શું કરું?

મંચ પરથી સીધો કૂદકો મારી કપાળમોક્ષ કરવાના વિચારો મને ઘેરી વળ્યા, પરંતુ વાસ્તવિકતા અતિ કટુ છે. ક્યારેક એ મનુષ્યને સીધી રીતે મરવા પણ દેતી નથી. મારું શરીર અભેદ્ય હતું! આ ઉન્મત્ત લોકોના રાજ્યમાં આ કર્ણને કોણ સહારો દેશે? કેવળ એનો ભાઈ શોણ! મારી આંખો ચારેબાજુ શોણને શોધવા લાગી. મુખ્યદ્વાર પાસે ઊભો ઊભો એ ઉત્તરીયથી આંસુ લૂછતો હતો! એના ભાઈના આ જીવલેણ પરાભવે એના ભાવુક હૃદયના શત શત ટુકડા કરી નાખ્યા હતા! એને આશ્વાસન આપવું પડશે. હું સાવધાનીથી મંચનાં પગથિયાં ઊતરવા લાગ્યો.

ગુરુ દ્રોણે નીલકમલની માળા અર્જુનના ગળામાં પહેરાવવા હાથ ઊંચા કર્યા. ચારેબાજુથી એક જ શોર મચી ગયો, 'યુવરાજ અર્જુનનો... વિજય હો!' 'ગુરુવર્ય દ્રોણનો... વિજય હો!' એટલામાં મહારાજ ધૃતરાષ્ટ્રના હાથમાંથી રાજદંડ પોતાના હાથમાં લઈ આકાશ તરફ ઊંચો કરીને ભીષ્મ પિતામહ ક્રોધથી થરથરતા અવાજે બોલ્યા, 'થોભી જાઓ!' પરંતુ કોલાહલમાં એમનો અવાજ કોઈને સ્પષ્ટપણે સંભળાયો નહીં. ગુરુ દ્રોણે નીલકમલની માળા અર્જુનના ગળામાં પહેરાવી! ફરી તાળીઓનો ગડગડાટ થયો. એક એક વ્યક્તિ મંચ પરથી નીચે ઊતરવા લાગી. હું જીવિત છું કે મૃત છું તે હું જ કળી શક્યો નહીં.

ભીષ્મ પિતામહ થરથર કાંપતા હતા. એમના હાથમાં કુરુવંશનો સુવર્ણ રાજદંડ ડગમગી રહ્યો હતો. રાજદંડ વારંવાર ઊંચો કરીને સતત હલાવતાં તેઓ નગરજનોને સંકેત કરવા લાગ્યા. યુવરાજ અર્જુનનું ધ્યાન તે તરફ ગયું. એણે તરત જ હાથ ઊંચો કરીને સૌને શાંતપણે ઊભા રહેવા આદેશ આપ્યો. આખો મંડપ શાંત થઈ ગયો. ભીષ્મ પિતામહનો કંપતો છતાં શાંતિને ચીરતો તીણો ધારદાર અવાજ આવ્યો, 'ગુરુ દ્રોણ અને હસ્તિનાપુરના નગરવાસીઓ, હું, ગંગાપુત્ર જ્યેષ્ઠ કૌરવ ભીષ્મ જાહેર કરું છું કે આજની સ્પર્ધામાં અર્જુન સર્વશ્રેષ્ઠ ધનુર્ધર નથી!'

સૌનાં હૃદય ફરી ધડકી ઊઠ્યાં! આખાય મંડપમાં કુતૂહલની સંકુલ જાળ પથરાઈ ગઈ. નગરજનો ગુસપુસ કરવા લાગ્યા. કોઈ મોટેથી બોલ્યું, 'પિતામહ, તો પછી કોણ સર્વશ્રેષ્ઠ ધનુર્ધર? આપ જ કહો!'

'કર્ણ!' પિતામહનો ઘેરો ગંભીર અવાજ સૌના કાનમાં બાણની જેમ પેસી ગયો. હું અને શોણ મુખ્યદ્વારેથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં આ શબ્દો સાંભળતાં જ અમે ત્યાં થંભી ગયા.

'એ કઈ રીતે બને?' ગુરુ દ્રોણે તરત જ પૂછ્યું.

'ગુરુ દ્રોણ, અર્જુન પ્રત્યેના તમારા પ્રેમે તમને અંધ બનાવ્યા છે! કેવળ અંધ નહીં બધિર પણ! પ્રેમ સીમા વટાવે ત્યારે એ દુર્ગુણ બની જાય!'

'બોલો, પિતામહ, સાચી વાત શું છે?' ચારેબાજુથી અવાજ આવ્યો.

'ધ્વનિના લક્ષ્યવેધનો મર્મ જાણવાની પાત્રતા આ મંડપમાં ફક્ત ચાર વ્યક્તિ જ છે. એક કર્ણ, બીજા દ્રોણ, ત્રીજો અર્જુન અને ચોથો હું!' હાથ ઊંચા કરીને પિતામહે કહ્યું.

મંડપમાં સૌ પિતામહ તરફ જોઈ રહ્યા. એમની ધારદાર વાણીમાં પ્રગટ થયેલું કુરુકુળનું નિર્મળ સત્ય સૌનાં હૃદયને ભેદી ગયું. દાઢીના શ્વેત કેશ ફરફરવા લાગ્યા.

'આ ચાર વ્યક્તિઓમાં કર્ણ અર્જુનની જેમ હરીફ હતો. એની આંખ પરના પાટાને કારણે એ સ્વયં બાણ જોઈ શકતો નહોતો! બાકી રહ્યા અર્જુન, હું અને દ્રોણ. પરંતુ અર્જુન અને દ્રોણનું ધ્યાન ફક્ત ભસતા કૂતરા તરફ હતું. એમણે બીજું કંઈ જ સાંભળ્યું નહોતું. પણ હું કહું છું કે કૂતરાનું ભસવાનું શરૂ થયું એ પહેલાં એક મંજુલ ધ્વનિ આવ્યો હતો. વીર કર્ણે એ અવાજને અચૂક વીંધ્યો છે! આથી કુરુકુળના ભૂષણ રૂપ આ માળા આજ કર્ણના કંઠમાં જ આરોપાવી જોઈએ.

'પિતામહ, એ કયો ધ્વનિ હશે?' ચારેબાજુથી પ્રશ્નોની ઝડીઓ વરસી.

'કયો ધ્વનિ? કયો ધ્વનિ?'

ગંગાકિનારે પહેલી વાર ભીષ્મ પિતામહને મળ્યો હતો એ પ્રસંગ મને યાદ આવ્યો. તે વખતે એમણે કહ્યું હતું, 'ગંગાનદીએ મારી પહેલાં આવનાર તું એક જ છો.' એમ કહેતાં એમનું હૃદય ગદ્‌ગદ થઈ ગયું હતું. મારું અંતર મને કહી રહ્યું હતું, 'પિતામહ, આ હસ્તિનાપુરમાં મારી જાણમાં ફક્ત આપ જ એક નિરહંકારી અને સત્યવચની શ્રેષ્ઠ પુરુષ છો! ધન્ય છે આપની સત્યનિષ્ઠાને!'

એમણે નગરજનોને ઊંચા સ્વરે કહ્યું,

'કૂતરાના ભસવા પહેલાં સામેના તમાલ વૃક્ષ પરથી એક ચકલી પોતાના બચ્ચાની ચાંચમાં દાણા નાખી ચીં ચીં કરતી હતી. કર્ણના કાને એ અવાજ પડતાં જ એણે અચૂક વેધ કર્યો છે! અત્યારે પણ સામેના વૃક્ષ પર તે વીંધાયેલી ચકલી, મોંમાં પેસેલા બાણ સાથે બેઠેલી મને અહીંથી સ્પષ્ટપણે દેખાય છે! આ લક્ષ્યવેધ અર્જુનના કરતાં કેટલો સરસ અને શ્રેષ્ઠ છે! કર્ણ આજનો સર્વશ્રેષ્ઠ વીર છે!' એમણે તમાલ વૃક્ષ તરફ આંગળી કરી.

હજારો આંખો એ વૃક્ષ તરફ મંડાણી!

એક ઉત્સુક પારધી વૃક્ષ પાસે ગયો. કોલાહલના અવાજથી ગભરાઈ ગયેલી ચકલીને કુશળતાથી પકડીને તે લઈ આવ્યો. એ ચકલીને ભીષ્મ પિતામહના હાથમાં મૂકી. એમણે એની ચાંચમાં પેસેલા મારા સૂચિ બાણને બહાર ખેંચી કાઢ્યું. ફરી એ જ મંજુલ ધ્વનિ એના મુખમાંથી સર્યો. આ સાંભળતાં જ હું પારને પામી ગયો. એમણે ચકલીને છોડી દીધી. ચીં

ચીં કરીને તે પોતાના માળા તરફ પાંખો ફફડાવતી ઊડી ગઈ. ચારેબાજુથી તાળીઓનો ગડગડાટ થયો. શોણ મને આનંદમાં આવી જઈ ભેટી પડ્યો. ચારેબાજુથી ઘોષણાનો વરસાદ વરસ્યો, 'વીર કર્ણનો... વિજય હો! ભીષ્મ પિતામહનો... વિજય હો!' વાતાવરણનો પ્રત્યેક કણ ગંગાના જળ બિંદુની જેમ હર્ષથી નાચવા લાગ્યો. અશોક વૃક્ષ પર કોકિલ તાલ પર તાલ દેવા લાગ્યો! મારા હૃદયમાં પરસ્પર વિરોધી ભાવનાઓનો સંઘર્ષ જાગ્યો. એક ક્ષણે ભીષ્મ પિતામહ પ્રત્યેના આદરભાવથી હૃદય ભાવવિભોર થઈ ગયું તો બીજી ક્ષણે અર્જુનના ગળામાં માળા પહેરાવતાં દ્રોણ તરફ તિરસ્કારથી પ્રજ્વળી ઊઠ્યું. મારે કારણ આંસુ વહાવનાર પ્રેમાળ ભાઈના નિર્વ્યાજ પ્રેમથી મારું હૃદય હલબલી ઊઠ્યું તો બીજી ક્ષણે પોતાના ગળામાં માળા પહેરતાં યુવરાજ અર્જુન તરફ ક્રોધથી કંપી ઊઠ્યું. મન એ રંગ બદલતો કાચીંડો છે? ભગવાન જાણે. મનમાં જાતજાતના ભાવો ઊઠે ત્યારે એક જ ભાવ શ્રેષ્ઠ ઠરે છે અને તે ક્રોધનો. ક્રોધ! ક્રોધ અગ્નિ સમાન છે. ગેરસમજના વાયરાનો સ્પર્શ થતાં જ એ સળગી ઊઠે છે અને એની જાળમાં કોમળ ભાવનાઓ બળીને ખાખ થઈ જાય છે. ક્રોધની આગ ભભૂકી ઊઠે પછી એને ઠારવી મુશ્કેલ છે. મારા હોઠ ક્રોધથી કાંપવા લાગ્યા. કાનનાં કુંડળ લાલ થઈ ગયાં. હું સર્વ શ્રેષ્ઠવીર છતાં અર્જુનના ગળામાં નીલકમલની માળા કેમ? ભીષ્મ પિતામહ જેવા સત્યવચની અને નિષ્પક્ષ પંચના નિર્ણયનું કોઈ જ મૂલ્ય નહિ?

મારા કાનમાં વાણીના કટુ પ્રહાર પડવા લાગ્યા.

'આજ હું ધન્ય થઈ ગયો. કર્ણ જેવો ધનુર્ધર સમસ્ત આર્યાવર્તમાં મળવો મુશ્કેલ છે છતાં બિચારાનો યથોચિત સત્કાર પણ નહીં!' સમાજ કેટલો દંભી છે! એ ક્યારેક એકને તો ક્યારેક ભળતાને માથે લઈને નાચવા તૈયાર થઈ જાય છે.

'આજ અમારી આંખો સફળ થઈ. આવો લક્ષ્યવેધ આજ સુધી અમે ક્યારેય જોયો નથી અને સાંભળ્યો પણ નથી. આ માળા કર્ણના ગળામાં જ આરોપવી જોઈતી હતી!'

સમાજની પોકળ સહાનુભૂતિ મને દઝાડતી હતી.

શરીરમાં વેગથી ધસમસતું લોહી મને ગરજીને કહેતું હતું, 'લોકોની સહાનુભૂતિ પર જીવવા માટે તારો જન્મ નથી, કર્ણ! ઊઠ અને તારો વિજય સિદ્ધ કર!'

ખભા પરનું ઉત્તરીય ફરી મેં શોણ પર ફેંક્યું અને મંચ પાસે જમા થયેલા નગરજનોની ભીડમાં ભળી ગયો. મંચ પર ચડતાં જ પ્રેક્ષકો પોતાના ઉત્તરીય હવામાં લહેરાવા લાગ્યા. મંડપમાં ઉત્સવનું વાતાવરણ છવાઈ ગયું. મંડપમાં ઉપસ્થિત નગરજનોને ન્યાય-અન્યાય, સત્ય-અસત્યનો ભેદ સમજાયો નહીં. મેં હાથ ઊંચો કરીને શાંત થવાનો સૌને સંકેત કર્યો. મારા પ્રત્યેના સ્નેહાદરથી સમસ્ત જનસમુદાય નીચે બેસી ગયો. સૌના કાન મારી વાત સાંભળવા તૈયાર થયા. હાથ ઊંચા કરી મેં મોટેથી કહ્યું, 'મને નીલકમલની માળા પહેરવી નથી. એથી મારો વિજય કલંકિત ગણાય એવી કોઈના પણ મનમાં સહેજે શંકા હોય તો હું... હું કર્ણ આ હસ્તિનાપુરના મંચ પરથી યુવરાજ અર્જુનને દ્વન્દ્વયુદ્ધ માટે ખુલ્લું આહ્વાન આપું છું! કોણ સર્વશ્રેષ્ઠ છે એ આજ દ્વન્દ્વયુદ્ધ પુરવાર કરશે!'

મને કોઈ પાસેથી ભીખ જોઈતી નથી.

સૌ નગરજનોએ ફરી ઊભા થઈ ઘોષણા કરી, 'સત્ય છે, સત્ય છે.' હવે મહારાજ

ધૃતરાષ્ટ્ર શું નિર્ણય લે છે એ સાંભળવા સૌના કાન સરવા થયા. નીરવ શાંતિ હતી. એટલામાં કૃપાચાર્ય પોતાના આસનેથી ઊઠ્યા અને ચટચટ ચાલતા મંચ પાસે આવ્યા. મારા તરફ તિરસ્કારભરી વેધક દૃષ્ટિએ જોતાં મહારાજનું અભિવાદન કરતાં તેઓ બોલ્યા, 'મહારાજ, હું કર્ણના વર્ગનો ગુરુદેવ કૃપાચાર્ય બોલું છું. કર્ણ મારો શિષ્ય છે એટલી જ મને ખબર છે પણ એના કુળ વિશે હું કશું જાણતો નથી. એણે પણ કોઈનેય એને વિશે કશું જણાવ્યું નથી. યુવરાજ અર્જુન ક્ષત્રિય કુળમાં જન્મ્યા છે. યુદ્ધશાસ્ત્ર અને ધર્મના નીતિનિયમ પ્રમાણે ફક્ત સમાન કુળને જ યુદ્ધમાં દ્વન્દ્વ માટે આહ્વાન આપી શકાય. આ હસ્તિનાપુરના સર્વ નગરજનો સમક્ષ કર્ણ પોતાનું તેજસ્વી કુળ જાહેર કરે ત્યાર પછી જ યુવરાજ અર્જુન એની સાથે દ્વન્દ્વયુદ્ધમાં ઊતરશે. કેમકે દ્વન્દ્વયુદ્ધનું એક જ પરિણામ હોય : 'વિજય કે મૃત્યુ!'

એમના શબ્દો ભાલાની ધારદાર અણીની જેમ વીંધાવા લાગ્યા. વીરત્વની કસોટી કરનાર આ હસ્તિનાપુરને મંચ પર ઊભા રહી હું મારા કુળને જાહેર કરું? આ સૂર્યવંશી તેજસ્વી વીરશ્રેષ્ઠની સમક્ષ હું સારથિપુત્ર છું એમ કઈ રીતે કહું? સહેજ વાર મારા પર વિચારોનું વાદળ ઘેરાઈ વળ્યું. હું નત મસ્તકે વિચાર કરવા લાગ્યો. મનમાં બે પ્રકારના વિચારોનું દ્વન્દ્વ શરૂ થયું. એક મન બળવો પોકારીને કહેતું હતું, 'કર્ણ, બોલ. છાતી ફુલાવીને ગર્વથી કહે, 'હું પિતા અધિરથ અને રાધામાતાનો સૂતપુત્ર કર્ણ છું! હું શોણનો ભાઈ કર્ણ છું! હું સારથિ કર્ણ છું!' પરંતુ બીજું મન કહેતું હતું, 'અહીં બધા સંકુચિત બુદ્ધિવાળા બેઠા છે. એમાંથી તારા કુળને શબ્દોથી કોણ વધાવશે? સૌ તુચ્છકારથી કહેશે, શું સારથિનો પુત્ર? તો પછી અહીં કેમ આવ્યો? એને ઘોડશાળામાં મોકલી દો.'

મારું મનઃપટ વિચારોની આંધીમાં અહીંતહીં ડોલવા લાગ્યું. અનરાધાર વરસાદમાં વળી ગયેલી ડાંડીવાળા કમળના ફૂલની જેમ મારું મસ્તક આપોઆપ ઝૂકી ગયું. કોઈક મંચ તરફ આવી રહ્યું હતું. મેં અધીરા બનીને ઊંચે જોયું. એ યુવરાજ દુર્યોધન હતા! એ જ ગર્વિલી ચાલ! એ જ અણીદાર નાક! એ જ વેધક માંજરી આંખો! એ જ સરી પડતાં ઉત્તરીયને ઊંચું ચડાવવાની આકર્ષક છટા!

ચાબુકવાનની ચમચમતી ચાબુકના જેવા અવાજે, હાથની મુઠ્ઠી જોરમાં વાળીને, માંજરી આંખોને ચારેબાજુ ફેરવતાં એ બોલ્યો, 'ગુરુદેવ કૃપાચાર્ય વીરતાનો ઉપહાસ કરી રહ્યા છે. ક્ષત્રિય! આ કર્ણ શું ક્ષત્રિયથી ઊણો છે? ધર્મશાસ્ત્ર કોને ક્ષત્રિય ગણે છે? જેના બાહુમાં અપાર શક્તિ છે એને? જે સ્વયં પોતાનું રાજ્ય ધારણ કરે છે એને કે જે રાજકુળમાં જન્મ્યો હોય એને? અહીં કર્ણે પોતાની સમર્થ શક્તિ દર્શાવીને પોતે ક્ષત્રિય છે એ સાબિત કરી આપ્યું છે. છતાંય કોઈના મનનું સમાધાન થતું ન હોય તો હું દુર્યોધન અહીં જાહેર કરું છું કે કર્ણ એક ક્ષત્રિયવીર છે અને દ્વન્દ્વયુદ્ધ થવું જ જોઈએ. હું યુવરાજ દુર્યોધન ઘોષણા કરું છું કે, 'હમણાં જ આ મંચ પર ઊભા રહીને સૌ સમક્ષ હું આ વીર, તેજસ્વી અને પરાક્રમી કર્ણને અંગ દેશનો રાજા જાહેર કરું છું! આજ સુધી કૌરવોના આધિપત્ય નીચે રહેલો મગધદેશ નજીકનો અંગદેશ આજથી, આ ક્ષણથી કર્ણનો ગણાશે! હું કર્ણને અંગરાજ તરીકે સ્થાપું છું!'

સૌની સ્વીકૃતિ મેળવવા એણે પોતાની ગર્વિલી ડોક ચારેતરફ ફેરવી અને સૌની સ્વીકૃતિ મેળવી લીધી. ચારેબાજુ શાંતિ હતી. પોતાની ઘટ્ટ અને વાંકી ભ્રમર વધુ ચડાવીને

એણે સેવકને તાળી પાડીને બોલાવ્યો. એક કહેતાં દસ સેવક મંચ પાસે હાજર થઈ ગયા. સૌને યથોચિત આજ્ઞા કરી, 'સિંહાસન લાવો! અભિષેક માટે જળ લાવો! પુરોહિતને બોલાવો!'

થોડી વારમાં મંચ પર એક સુવર્ણ સિંહાસન લાવવામાં આવ્યું. તરત જ અભિષેક માટે જળ અને રાજ્યવસ્ત્રો આવી ગયાં. એની સાથે એક સુવર્ણ મુગટ અને રૂપેરી તલવાર પણ હતાં. એમની પાછળ બે બ્રાહ્મણો આવ્યા. સૌના હાથમાં ફૂલ આપવામાં આવ્યાં. ચારેબાજુ ચંદન અને કસ્તૂરી તેલની સુગંધ પ્રસરી ગઈ. નગારાં વાગવાં લાગ્યાં. આખો મંડપ માંગલિક વિધિમાં ફેરવાઈ ગયો! શું બની રહ્યું છે એ કોઈની સમજમાં આવ્યું નહીં.

લોકોમાં ગણગણાટ થવા લાગ્યો, 'મહારાજ મનુથી માંડીને ધૃતરાષ્ટ્ર સુધીના સામ્રાજ્યમાં આવો રાજ્યાભિષેક હજી સુધી આપણે જોયો નથી કે સાંભળ્યો નથી. સારું થયું કે આજે આ વીર પુરુષનો યોગ્ય સત્કાર થઈ રહ્યો છે.'

'પરંતુ આ રાજ્યાભિષેક પછી શું? દ્વન્દ્વયુદ્ધ ખેલાશે?'

તૈયારી સંપૂર્ણ થતાં યુવરાજ દુર્યોધને મને હાથ ઝાલી પેલા સિંહાસન પર બેસાડ્યો. વૃદ્ધ બ્રાહ્મણોએ મીઠા સ્વરે પવિત્ર મંત્રોચ્ચાર શરૂ કર્યો. થોડી વાર પહેલાં અહીં શોરબકોર, તાળીઓ, તર્કવિતર્ક ચાલી રહ્યાં હતાં. ત્યાં હવે મંત્રોના સ્વરો ગાજવા લાગ્યા. મારા મસ્તક પર આર્યાવર્તની ગંગા, યમુના, સરસ્વતી, સિંધુ, ગોમતી વગેરે નદીઓનાં પવિત્ર જળનો અભિષેક થવા લાગ્યો. મારું મસ્તક એ જળથી ભીંજાતું હતું – તો મારું મન યુવરાજ દુર્યોધનના મારા પ્રત્યેના નિર્મળ પ્રેમનાં ગંગાજળથી તરબતર થતું હતું. એનું મન કેટલું વિશાળ અને ઉત્સુક હતું! આજ એ આગળ ન આવ્યો હોત તો? એ વિચાર માત્રથી હું ધ્રૂજી ઊઠ્યો. કર્ણે એના જીવનમાં માત્ર ગણતરીની વ્યક્તિઓને જ ચાહી હતી. એક એનાં માતાપિતા અને ભાઈ, બીજા અશ્વત્થામા, ત્રીજા ભીષ્મ પિતામહ અને હવે આ યુવરાજ દુર્યોધન! પરંતુ આ સૌમાં યુવરાજ દુર્યોધન નિરાળો છે. કેમકે એણે જ મને અપમાનની ગર્તામાંથી હાથ દઈને ઊંચકી લીધો. એક સામાન્ય માણસને એણે એક ક્ષણમાં રાજા બનાવી દીધો. હવે કર્ણના હૃદયના એક ખૂણે યુવરાજ દુર્યોધનનું સ્થાન કાયમી રહેશે. સિંહાસન પર બેઠા બેઠા મેં મનોમન નિર્ણય કર્યો! એણે સુવર્ણ મુગટ મારા સોનેરી કેશ પર પહેરાવ્યો. ખભે રાજવસ્ત્ર મૂક્યું અને હાથમાંની રૂપેરી તલવારને ખૂબ ઊંચે કરીને ગોળગોળ ફેરવતાં મોટેથી બોલ્યો, 'અંગરાજ કર્ણનો...' સૌએ મોટા અવાજે પ્રતિસાદ દીધો, 'વિજય હો...!'

દુર્યોધનનું અસાધારણ સાહસ જોઈ હું શ્રદ્ધાવાન બન્યો. એની માંજરી આંખોમાં એક અનોખો આનંદ ચમકતો હતો. પ્રેમથી એને ભેટી પડવાનું મન થયું. સૌ નગરજનો અંગરાજ કર્ણનો જયજયકાર કરતા હતા. આજે સારથિપુત્ર સમ્રાટ થયો! છ વર્ષમાં જે ગુરુ દ્રોણે ન કર્યું, કૃપાચાર્યે ન કર્યું, ભવિષ્યમાં ક્યારેય કોઈ કરવાના નહોતા એ આજે એક પળમાં દુર્યોધને કરી બતાવ્યું. ગદાવીર દુર્યોધન! યુવરાજ દુર્યોધન! અન્યાયને ઠોકરે મારનાર દુર્યોધન! પરાક્રમનું પારખું કરનાર દુર્યોધન! મિત્ર દુર્યોધન! નહીં. પ્રાણપ્રિય સાથી દુર્યોધન! મારી આંખમાંથી કૃતજ્ઞતાનાં બે આંસુ સરી પડ્યાં. એ આંસુ જાણે એને કહેતા હતા, 'યુવરાજ દુર્યોધન, આજે ધૂળમાં રગદોળાતાં પુષ્પને તેં રાજમુગટ પર બેસાડ્યું. ધૂળમાં

રજોટાયેલા હીરાને તેં ગળે લગાવ્યો. અપમાનને સમયે તેં મને સહારો દીધો. હવે મારું સમસ્ત જીવન તારી પર કુરબાન! ફક્ત તારી પર જ!'

નગરજનોએ ચારેબાજુથી મારી પર પુષ્પવૃષ્ટિ કરી. મારું હૃદય પ્રેમથી ભીંજાઈ ગયું. હવે દ્વન્દ્વયુદ્ધ થાય અને જો હું એમાં ઊણો ઊતર્યો તોય શું બગડી જવાનું? આના જેવું સન્માન્ય મૃત્યુ બીજે ક્યાં મળવાનું? સૌ ફૂલોથી વધાવે એવું મૃત્યુ! સિંહાસન પર આસનસ્થનું મૃત્યુ! આજ યુવરાજ દુર્યોધનને ખાતર હું જીવ સટોસટનું યુદ્ધ ખેલીશ. મારાં છ વર્ષનો હિસાબ ચૂકતે કરીશ. મેં રાતદિવસ કરેલા દ્વન્દ્વયુદ્ધના અભ્યાસનું આજે પારખું થઈ જશે. આજ મારા બાહુબળનું પારખું થવાનું! અર્જુનનું નિશ્ચિંત મૃત્યુ થવાનું!

આજે હજી એક વ્યક્તિના આશીર્વાદની મને ઇચ્છા હતી. મારી માતાના આશીર્વાદની. આજે એ આ મંડપમાં હોત તો! મને ખાતરી છે કે એ અહીં દોડીને આવી હોત અને એણે મને છાતીએ વળગાડી લીધો હોત. નાનો હતો ત્યારે એ મારાં મસ્તકને અને કુંડળને વારંવાર ચૂમી લેતી એમ આજે પણ સૌની સમક્ષ એણે મને ચૂમી લીધો હોત. કઈ મા હોય જે પોતાના સામાન્ય પુત્રને સમ્રાટ થયેલો જોઈને પોતાની આનંદની લાગણીને રોકી શકે? પણ... પણ આજે તે અહીં નહોતી. ફક્ત પિતા જ હસ્તિનાપુરમાં હતા, પરંતુ એય આવડા મોટા સમુદાયમાં ક્યાં બેઠા હશે કોને ખબર?

મારી આંખો આખા મંડપમાં ફરી વળી. દૂર મંડપના મુખ્યદ્વાર પાસે તેઓ ઊભા હતા. કેટલા થાકેલા હતા! છ વર્ષમાં એના માથાના બધા વાળ સફેદ થઈ ગયા હતા. કેડેથી વાંકા વળી ગયા હતા. વૃદ્ધાવસ્થાને કારણે એમની ડોક ધ્રૂજતી હતી. લાકડીના ટેકે તેઓ માંડમાંડ ઊભા હતા. પોતાના દીકરાનો જયજયકાર સાંભળીને એમને શું થતું હશે? અહીં નજીક આવવા એમનું મન કેવું અધીર બન્યું હશે! એમને કોણ સંભાળીને લઈ આવશે?

મેં શોણ સામે જોયું. મારી આંખોના ભાવ તે અચૂક સમજી ગયો હશે. ઝટપટ તે મંચનાં પગથિયાં ઊતરી સમુદાયમાં અદૃશ્ય થઈ ગયો. બે હાથે લોકોનાં ટોળાંને વિખેરતો તે પિતા પાસે પહોંચી ગયો. એક હાથે એમને ટેકો આપતો, બીજે હાથે લોકોને દૂર કરતો તે એમને અમારી નજીક લઈ આવતો હતો. હું ઊઠીને ઊભો થયો. લોકોને થયું કે હું હવે દ્વન્દ્વયુદ્ધની ઘોષણા કરીશ, પણ મારું મન પિતાને ભેટવા આતુર બન્યું હતું. મને એમના આશીર્વાદ જોઈતા હતા.

થોડી વારમાં શોણ એમને સીધો મંચ પાસે લઈ આવ્યો.

મારા મસ્તક પર સોનેરી મુગટ જોઈને એમની ડોક વધુ ધ્રૂજવા લાગી. હાથમાંની લાકડી હલબલી ઊઠી. એની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં. મેં નીચા નમીને મુગટ સહિત મસ્તક એમને ચરણે ધર્યું. એમની આંખોમાં ઊભરાયેલાં બે આંસુ મારા મસ્તક પર પડ્યાં. હું ધન્ય થઈ ગયો. જે મસ્તક પર ગંગા, યમુના, સરસ્વતીનાં પવિત્ર જળનો અભિષેક થતો હતો એ જ મસ્તક પર મારા પિતાનાં સ્નેહથી ઊભરાતાં બે આંસુ ખરી પડ્યાં. આજ અંગરાજ કર્ણનો અભિષેક સાચા અર્થમાં થયો! આ બે આંસુથી વધુ પવિત્ર જળ બીજું કયું હોઈ શકે? એમણે મારે માટે વેઠેલાં અનેક કષ્ટોની સ્મૃતિથી મારો કંઠ રૂંધાઈ ગયો. મને ઊભો કરીને તેઓ કંપતા અવાજે બોલ્યા, 'કર્ણ!'

મારા મોંમાંથી પણ સહજ ઉદ્ગાર સરી પડ્યો, 'પિતાશ્રી!'

એ મને જોરથી ભેટી પડ્યા. એમના હાથમાંથી લાકડી નીચે પડી ગઈ! આખો મંડપ અધ્ધર શ્વાસે આ આલિંગનને જોઈ રહ્યો. એક ક્ષણ મંચ પર શું ચાલી રહ્યું છે તે કોઈને સમજાયું નહીં! ચારેબાજુ દ્વન્દ્વયુદ્ધ જોવા નીરવ શાંતિ પથરાઈ ગઈ હતી.

મેં પિતાશ્રીને બોલાવ્યા અને એમને પગે પડ્યો એ કૃપાચાર્યે જોયું. તરત જ આગળ આવીને હાથ ઊંચા કરીને એ મોટેથી બોલ્યા, 'કર્ણ, એક સારથિપુત્ર છે! એનું અને યુવરાજ અર્જુનનું દ્વન્દ્વયુદ્ધ ક્યારેય શક્ય નથી! કર્ણ એ મહારાજ ધૃતરાષ્ટ્રના સારથિ અધિરથનો પુત્ર છે!' એમની ઘોષણા સાંભળી યુવરાજના આસન પરથી ભીમ પોતાની વિશાળ કાયા સંભાળતો ઊઠ્યો. હાથની આંગળી તિરસ્કારથી મારી તરફ કરીને તે બોલ્યો, 'શું સારથિનો પુત્ર? એનું વીરોના અખાડામાં શું કામ છે? એને કહો કે તારા કુળને શોભાવનારી લગામ હાથમાં લે! જા. અહીંથી ચાલ્યો જા! ઘોડશાળામાં જઈ ઘોડાને માલિશ કર અને એની લાદ સાફ કર! અહીં કુરુવંશના પરાક્રમી મંચનાં પગથિયાં કેમ ચડ્યો? તારી આ હિંમત?'

બધા યુવરાજ એની હાંસી ઉડાડતા હોય એ રીતે જોરજોરથી હસવા લાગ્યા. ચારેબાજુ શોરબકોર મચી ગયો. સૌ એકબીજાના કાનમાં ગુસપુસ કરવા લાગ્યા, 'સારથિનો પુત્ર! સારથિનો પુત્ર!' હું વ્યાકુળ બની ગયો. સિંહાસન પરથી જ મારું મન આક્રંદ કરવા લાગ્યું. તરફડવા લાગ્યું.

એક એકથી ચડિયાતા તિરસ્કૃત શબ્દો મારા કાનને બળબળતા અંગારાની જેમ દઝાડતા હતા. 'સારથિ પુત્ર! સારથિ પુત્ર!'

દસ-વીસ-સો-સહસ્ર મુખેથી વાક્બાણ છૂટતાં હતાં. 'સારથિ પુત્ર! સારથિ પુત્ર!'

શું આજ હસ્તિનાપુરમાં સત્યાસત્યનો વિવેક સાચે જ ચાલ્યો ગયો? શું આજ હસ્તિનાપુરમાં ન્યાય-અન્યાયનું જ્ઞાન બુઝાઈ ગયું? આ હસ્તિનાપુરમાં કર્ણના ભગ્ન હૃદયનો આક્રોશ સાંભળવા સૌના કાન બહેરા થઈ ગયા છે? કર્ણના વ્યાકુળ મનને જાણવાની શું કોઈનેય પડી નથી? મહારાજ મનુનું આ હસ્તિનાપુર, પરાક્રમી નહુષ રાજાનું આ હસ્તિનાપુર, દિગ્વિજયી યયાતિનું આ હસ્તિનાપુર, શાંતનુ, દુષ્યન્ત, ભરતરાજાનું આ હસ્તિનાપુર અને એમની સ્મૃતિ આજ સુધી નગરજનો ભૂલ્યા નથી, જેમનું પ્રસ્થાન થોડા સમય પહેલાં જ થયું છે એવા કુરુનું આ હસ્તિનાપુર આજ આટલું ઠંડું અને વિવશ કેમ લાગે છે? અન્યાયને ઠોકરે મારવા હસ્તિનાપુર ગર્વથી કેમ ઊભું થતું નથી? આ કર્ણ પ્રતિ અન્યાય! પરાક્રમના મંચ પર એક વીરનું અપમાન! દંભની વેદી પર, અસત્યની વેદી પર ક્ષણેક્ષણે સત્યનો નિષ્ઠુર બલી ચડાવવામાં આવે છે અને ત્યારે ધર્મની ધુરા સંભાળનાર વિદુર, મહારાજ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ પિતામહ – સૌ ઠંડે કલેજે કેમ આ બધું ચૂપચાપ સાંખી લે છે! તેઓ ક્યારેય મોં ખોલશે ખરા? અરે, તેઓ શાંત કેમ છે? તમારો સૌનો જન્મ કેવળ સોનેરી મુગટ ધારણ કરીને ઊંચા આસને બેસવા માટે જ છે? શું તમારા સૌનો અવતાર આ હસ્તિનાપુરના માર્ગ પર ગર્વિલા અને વેગવંતા અશ્વોથી શોભતા રથને દોડાવવા માટે જ છે? આજ આપ કેમ શાંત છો? કર્ણ પ્રત્યેના અન્યાયને તમે કેમ રોકતા નથી? પ્રજા રાજા પાસે ન્યાય નહીં માગે તો કોની પાસે માગશે? હું આશાભરી મીટ માંડીને રાજકુળના સદસ્યો તરફ વારંવાર જોતો હતો. પરંતુ તેઓ શાંત જ હતા! ચારેબાજુ અવાજ આવી રહ્યા

હતા, 'સારથિ પુત્ર! સારથિ પુત્ર!' નૈઋત્ય દિશામાંથી મુઠ્ઠીઓ વાળીને ધૂંધવાયેલી પ્રજા શોર મચાવતી હતી, 'સારથિ પુત્ર! ઘોડાને માલિશ કર!'

આ સંસાર કેવો મૂર્ખ છે! થોડી વાર પહેલાં જેમણે કર્ણને ગૌરવ આપ્યું હતું, ઊંચા સ્વરે જેનો જયજયકાર બોલાવ્યો હતો એ અત્યારે – એ જ સૌ ધૂતકારી રહ્યા હતા. મને ચક્કર આવવા લાગ્યા. માથાનો મુગટ હસ્તિનાપુરની ધૂળમાં ફગાવી દેવાનું મને મન થયું! કુંડળધારી કાનને ઝકડી લઈ બે હથેળીમાં જોરથી દબાવી દઈને મેં અસહાયભાવે ઉપર જોયું. આકાશમાં ગુરુદેવ ઊભા હતા! સૂર્યનાં કિરણોની અસંખ્ય આંગળીઓ પકડીને એમને જોરથી હલબલાવી એમને બાથમાં લઈને મારું ડહોળાયેલું મન એમને ઠપકો આપી રહ્યું હતું, 'ગુરુદેવ, આપ ઉપર તપી રહ્યા છો. આપ સમર્થ હોવા છતાં મારે કેવું ઘોર અપમાન સહન કરવું પડે છે! હું શા માટે સારથિ બન્યો? સારથિ થયો એમાં મારો શો દોષ? જન્મ લેનારને ક્યારેય પોતાની ઇચ્છા પ્રમાણે જન્મ મળે છે ખરો? આ હસ્તિનાપુરના સૌ નગરજનો આજ આપની હાજરીમાં આપના શિષ્યની અવગણના કરી રહ્યા છે. હું શું કરું? સૌની ઠોકરે ચડેલો હું ક્યાં જાઉં?' મેં શરમથી મોં હથેળીમાં છુપાવી દીધું. મરણ સમી યાતનાથી! મને થયું કે મંચની ભૂમિ ફાટે અને મને સમાવી લે.

ક્યાંકથી સિંહગર્જના થઈ અને મેં ઊંચે જોયું. સૌ સેવકો રાજસ્ત્રીઓના મંડપ તરફ દોડ્યા. કોઈ એક સેવક દોડતો મંચ તરફ આવ્યો. તેણે હાંફતાં હાંફતાં નીલકમલની માળાધારી અર્જુનના કાનમાં કહ્યું, 'યુવરાજ, રાજમાતા કુંતીદેવી મૂર્છા પામ્યાં છે!' ગળાની માળા ફેંકી દઈને અર્જુન સીધો મંડપ તરફ દોડ્યો. પ્રજા હજી પણ ધુતકારતી હતી, 'સારથિ પુત્ર! સારથિ પુત્ર!'

માથાનો મુગટ ફેંકી દઈ પિતાને લઈ ચાલ્યા જવાનું મન થયું. મેં મુગટને હાથ અડાડ્યો ત્યાં મારા વાંસા પર કોઈએ હાથ ફેરવ્યો. એ દુર્યોધન હતો. ડાબો હાથ મારી પીઠ પર ફેરવતાં જમણા હાથની મુઠ્ઠી જોરથી વાળીને એ બોલ્યો, 'સાંભળી લે કર્ણ! તું યુવરાજ દુર્યોધનનો મિત્ર છો. તને સારથિ પુત્ર કહી ધુતકારાઓને હું ઉન્નત તથા ગર્વિષ્ઠ મસ્તકે મારા પગ નીચે રગદોળી નાખીશ. 'કર્ણ.' ના. 'કર્ણ' નહીં. તું અંગરાજ કર્ણ છો. યુવરાજ દુર્યોધનનો મિત્ર છો!' એની માંજરી આંખોમાંથી આગના તણખા ઝરવા માંડ્યા. ફરી ઊંચા અવાજે એણે ઘોષણા કરી, 'આ કુરુવંશના વીર પરાક્રમીઓનો અખાડો છે. અહીં એક વીરનું કરેલું અપમાન ક્યારેય નહીં સાંખી લેવાય. આજની સ્પર્ધા અહીં પૂરી થાય છે. નગરજનો ઘેર જઈ શકે છે!' ગુરુ દ્રોણ તરફ નજર ન કરતાં એણે સ્પર્ધાની સમાપ્તિની જાહેરાત કરી દીધી.

નગરજનો ઊઠ્યા અને ઘર ભણી વળ્યા. એમના પગ નીચે પેલી નીલકમલની માળા ધૂળમાં રગદોળાતી હતી. વિજયની માળા ધૂળમાં!

મારું મન ભાવવિવશ થઈ ગયું. આવેશમાં આવી જઈ હું દુર્યોધનને ભેટી પડ્યો. આજથી કર્ણ યુવરાજ દુર્યોધનનો મિત્ર છે. એનાં શક્તિ, શરીર, મન, શસ્ત્રવિદ્યા – તમામ યુવરાજ દુર્યોધનને અર્થે જ! અંગરાજ કર્ણ, હું કેવળ આપને વચન આપું છું કે મેરુ પર્વત સમી ધીરજથી આજ તમે મને સહારો આપ્યો છે એ જ ધીરજથી હું આજન્મ આપને સતત સાથ આપતો રહીશ.'

તેઓ એક પળ મારાં કુંડળને જોઈ રહ્યાં. સૌ નગરજનો ક્યારના ચાલ્યા ગયા હતા. મંડપ સૂમસામ હતો. હું, શોણ, દુર્યોધન અને પિતા મંચ પરથી નીચે ઊતરવા લાગ્યા. પશ્ચિમ ભણી અસ્ત પામતા સૂર્યદેવને આખરી નમસ્કાર કરવા મેં એ તરફ દૃષ્ટિ કરી. એ કાળાં વાદળથી છવાયેલા હતા! ધૂંધળા પ્રકાશમાં મંડપના નાનામોટા તમામ અખાડા ડરામણા દેખાતા હતા. અશ્વારોહણના અખાડામાં અશ્વો અહીંતહીં આંટા મારતા હતા. કૌરવોના રાજચિહ્નને શોણે પહેરાવેલી માળા એમની એમ જ પડી હતી! પરંતુ હવે એ સુકાઈ ગઈ હતી! અને કૌરવોનો ભગવો ધ્વજ ફરકતો નહોતો, એ પણ શાંત હતો.

સાડત્રીસ

રોજની જેમ મને આજે પણ ઊંઘ આવી નહીં.

સવારે બનેલી ઘટના આંખ આગળથી ખસતી નહોતી. એક દિવસમાં કેટલી ઊથલપાથલ મચી ગઈ! હું સારથિ છું એ વાતનું આજ મને કેમ દુ:ખ થયું? આખરે કાળ એટલે શું? એક સારથિ જ ને! માનવ રૂપી ઘોડાની પીઠ પર પોતાના સંકેતોના ચાબખા મારી ક્યારેક ઘોડાને કેવા વેગથી દોડાવે છે? આજે અખાડામાં જે કંઈ બન્યું તે કાલ મને કોઈ જ્યોતિષીએ કહ્યું હોત તો મને એના પર સહેજે વિશ્વાસ બેસત નહીં. પણ એ આજ બન્યું હતું. એક ક્ષણે પ્રજાએ વીર કર્ણનો જયજયકાર કર્યો હતો તો બીજી ક્ષણે એને 'સારથિ પુત્ર' કહીને અપમાનિત કર્યો હતો. જેને સૌએ સારથિ કહ્યો હતો તેને દુર્યોધને મિત્ર ગણ્યો હતો! દુર્યોધન! મહાધૈર્યશાળી! આજ મારા પર થયેલા અન્યાયને ભૂંસી નાખવાનું એને એકને જ કેમ સૂઝ્યું? મારા પ્રત્યેના પ્રેમને લીધે કે અર્જુન પ્રત્યેના દ્વેષને કારણે? ભીમ પ્રત્યેના ક્રોધને કારણે તો નહીં હોય? મારા મનની ગુફામાં શંકાનો રાફડો ફાટી નીકળ્યો. પથારીમાં આમતેમ પડખાં ફેરવતો રહ્યો. ઊંઘ ફરકતી જ નહોતી. વીજળીના કડાકાથી ભડકી ઊઠેલા ગાયના વાછરડાની જેમ તે અહીંતહીં કૂદકા મારતી હતી. ખૂબ પ્રયત્ન કર્યા છતાં ઊંઘ પ્રસન્ન થઈ જ નહીં.

યુદ્ધશાળાના અમારા કક્ષમાંથી હું બહાર આવ્યો. બહાર પૂનમનો પૂર્ણ ચંદ્ર પોતાની રૂપેરી ચાંદની ધરતીનાં ચરણોમાં ઢોળી રહ્યો હતો. દૂર અરુંધતીની ચાંદની પોતાની આંખો પટપટાવતી ચંદ્રે ધરતી પર સારેલી મુક્ત કૃપાને ક્રોધથી નિહાળી રહી હતી. મારા મનમાંથી શંકાનાં વાદળો દૂર થયાં. ગંગાની શીતળ લહરી મારા ખભે હાથ મૂકીને મને કહેતી હતી, 'ચાલ. અમારી અસંખ્ય કન્યાઓનાં મસ્તક પર રૂપેરી ચૂંદડી ઓઢીને, ચાંદની કેવી નાચી રહી છે તે જોવા ચાલ!'

અંગ પર ઉત્તરીય ઓઢ્યું અને યુદ્ધશાળા છોડીને બહાર નીકળ્યો. અખાડાની પાછળના ભાગમાં ગંગા વહેતી હતી. ક્યાંક એકાદ વૃક્ષ પર કોઈ ક્રૌંચ પક્ષી પોતાની આંખ ફફડાવતું હતું. હું ગંગાના શીતળ કાંઠે આવ્યો. કેટલો વિશાળ હતો એનો પટ! કુરુવંશની કેટલી પેઢી એણે જોઈ હતી! કેટલીય ઊથલપાથલના પ્રત્યાઘાત એણે પોતાની છાતી પર ઝીલ્યા હતા! છતાં એ શાંત હતી! એક કાળા પથ્થર પર બેસી હું એના એ ગૌર, મનોહર સૌંદર્યને માણી રહ્યો હતો. દૂરથી ક્યાંક 'બુડબુડ' અવાજ આવ્યો! ગંગાનાં પાણીમાં

નીચે વળેલી કોઈ એક મનુષ્યકૃતિ હતી. રાતના સમયે વળી અહીં પાણી ભરવા કોણ આવ્યું હશે? મેં જોરથી બૂમ મારી, 'કોણ છે?'

ઘડો માથે મૂકી એ આકૃતિ હળવે હળવે સરકવા લાગી. મનમાં કુતૂહલ જાગ્યું. થોડી વારમાં એક ઊંચો પહાડી પુરુષ મારી સામે ઊભો રહ્યો. માથે મૂકેલા ઘડાને લીધે એની ડોક સહેજ ઝૂકેલી હતી. બે હાથે એણે ઘડાને જાળવ્યો. મારી પાસે આવીને એ કહે, 'હું સત્યસેન છું!'

'સત્યસેન!' મારા મનનું સ્મૃતિપટ સળવળી ઊઠ્યું. સ્મૃતિનો એક તાંતણો મારા હાથમાં આવી ચડ્યો, પરંતુ ચોક્કસપણે કંઈ મનમાં ઊગતું નહોતું. સત્યસેન નામ ક્યાંક સાંભળ્યું હતું એવું આછું આછું સ્મરણ થયું. મેં ફરી એને પૂછ્યું, 'કોણ સત્યસેન?'

'હું પ્રયાગનો સારથિ સત્યસેન!'

પ્રયાગ! ગંગાયમુનાનો સંગમ! મારું કુતૂહલ ઓર જાગ્યું. મેં ફરી એને પૂછ્યું, 'આવી અસૂરી વેળાએ અહીં આવવાનું કંઈ કારણ?'

'કૌરવરાજ મહારાજ ધૃતરાષ્ટ્રની ખ્યાતિ સાંભળી હસ્તિનાપુરમાં આપણા સારથિની કદરદાની થશે એમ સમજીને આવ્યો છું. મારી બહેન વૃષાલી અને મા બંને મારી સાથે આવ્યાં છે.'

'વૃષાલી!' મારા મુખમાંથી સહજ ઉદ્ગાર સરી પડ્યો.

'હા. અમે દિવસના જ હસ્તિનાપુર પહોંચી જશું એવી ખાતરી હતી, પણ અમારા એક ઘોડાનો પગ કાંપિલ્યનગરના ગીચ વનમાં મોચકાઈ ગયો. આથી સવારે ગતિ ધીમી પાડી દેવી પડી. હમણાં જ અમે નગરમાં આવી પહોંચ્યા છીએ!'

'અરે, હસ્તિનાપુરના આતિથ્ય-સત્કારનું સ્તર આટલું નીચું ઊતરી ગયું કે તને અંધારી રાતે પાણી લેવા અહીં આવવું પડ્યું?'

'ના. એમ નથી. અમે કોઈને ત્યાં ઊતર્યાં નથી, કારણ હું અહીં કોઈને ઓળખતો નથી. મા અને બહેનને વિષ્ણુમંદિરના પ્રાંગણમાં બેસાડીને હું અહીં આવ્યો છું. લાંબા પ્રવાસને લીધે માને તરસ લાગી છે, એટલે હું પાણી ભરવા આવ્યો છું. પણ મહારાજ, આપ કોણ છો?'

'હું મહારાજ નથી! હું કર્ણ છું!' મેં એની ગેરસમજ દૂર કરી.

'કર્ણ? એટલે ચંપાનગરીના અધિરથ કાકાના...' એ મારાં કુંડળ તરફ જોઈ રહ્યો.

'હા. એમનો જ પુત્ર છું.'

એ મારાં કુંડળ સામે ટગરટગર જોઈ રહ્યો. માથા પરના ઘડાને કારણે એની સમતુલા જળવાતી નહોતી. મેં કહ્યું, 'તું જા. બને તો કાલે સવારે યુદ્ધશાળામાં આવીને મને મળજે.'

ઘડો સંભાળતો એ ચાલ્યો ગયો. એના પગ નીચેની રેતીમાંથી ચૂરચૂર અવાજ આવવા લાગ્યો, શીતળ વાયુલહરીઓ મારા શરીરને કંપાવતી હતી. ખભેથી સરી પડેલા ઉત્તરીયને મેં એક ઝાટકે જમણા ખભાના પાછલા ભાગમાં સેરવી દીધું. અચાનક મારી પીઠ પાછળ ખટ અવાજ સાથે કંઈક અથડાયું! એ જોવા મેં ઉત્તરીયને ફરી એક ઝાટકે આગળ ખેંચી લઈને હાથમાં લીધું. એક ગાંઠમાં કંઈક બાંધેલું હતું. આતુરતાથી મેં ઝટપટ ગાંઠ


ખોલી. એમાં ફૂટેલા ઘડાની એક ઠીકરી હતી! કક્ષની બહાર નીકળતી વખતે મેં ઉતાવળમાં જૂનું ઉત્તરીય ઓઢી લીધું હતું. મનમાં થયું કે આ ઠીકરીને રેતીમાં ફેંકી દઉં પણ મેં એમ કર્યું નહીં! એને હાથમાં રમાડતો પાછો વળ્યો. મારા પગ નીચેની રેતીમાંથી ચૂરચૂર અવાજ આવવા લાગ્યો.

આડત્રીસ

બીજે દિવસે હું સત્યસેનની રાહ જોતો હતો, પણ તે આવ્યો નહીં. કેમ નહીં આવ્યો હોય? એ વિચાર આવતાં જ એની તપાસ કરવા મેં શોણને વિષ્ણુમંદિરમાં મોકલ્યો.

તેણે આવીને મને આઘાતજનક સમાચાર આપ્યાં. રાત્રે સત્યસેન ગંગાનદીએથી વિષ્ણુમંદિર પાછો આવ્યો એટલી વારમાં એની વૃદ્ધમાતાને પ્રવાસની થકાવટને લીધે લોહીની ઊલટીઓ થવા માંડી હતી. પોતાનાં બંને સંતાનોને વિષ્ણુને ચરણે સોંપી એ વૃદ્ધાએ વિષ્ણુના મંદિરમાં જ દેહ છોડી દીધો હતો.

સત્યસેનને ખરેખર કોઈના સહારાની જરૂર હતી. મેં શોણને ફરીથી દોડાવ્યો અને સત્યસેનને સાથે લઈને જ આવવા સૂચના દીધી. વિશાળ હસ્તિનાપુરમાં એ એકાકી હતો. યોગાનુયોગ રાત્રે એને મારો ભેટો થઈ ગયો. આમ જુઓ તો હંમેશાં સંયોગ જ માનવજીવનનું નિર્માણ કરે છે. મનુષ્યને તો કેવળ એનાં મધુરાં ફળ જ ચાખવાનાં હોય છે.



કુંતી

કુંતી

એક

પેલી ધાત્રી પૂછી રહી છે, 'મહારાણી, આપ ઉદાસ કેમ છો?' કઈ રીતે એને સમજાવું કે હું ઉદાસ કેમ છું! મારા જીવનમાં આંધીનું કેવું તોફાન મચી ગયું છે! એનું શું કારણ હશે? મનુષ્યને આ ચકરાવામાં કોણ ઘુમાવતું હશે? આનો સૂત્રધાર કોણ હશે? શું મનુષ્ય દૈવી સંકેતોની શૃંખલામાં બંધાયેલા પશુ સમાન નથી?

આજે હું આ રાજમહેલની અટારીએ ઊભી છું. મારી આસપાસ વૈભવસંપન્ન રાજમહેલ છે. મારા પ્રત્યેક આદેશને ઝીલવા તત્પર દાસદાસીઓ એકપગે ઊભાં છે. હસ્તિનાપુરના સૌ નગરજનો મને 'રાજમાતા', 'રાજમાતા' કહી મારાં ચરણોમાં આદરથી મસ્તક ઝુકાવે છે. યુધિષ્ઠિર જેવા સાલસ, ભીમ જેવા બળવાન, અર્જુન જેવા લોકપ્રિય સંતાનો હોવા છતાં મારા દુઃખનું કારણ શું હશે? કોઈપણ સ્ત્રીને આથી વધુ શું જોઈએ? આવા પ્રકારના જીવનનું કોને અભિમાન ન હોય? જગતની દૃષ્ટિએ આજે હું વૈભવના શિખર પર નથી શું? લોકો જેને સુખ, સુખ કહે છે એ આનાથી વિશેષ શું હશે?

પરંતુ વાત એમ નથી. કેવળ આવી બાહ્ય વાતો પર સુખ અવલંબતું નથી. મનની સ્વસ્થતા હોય તો જ જીવને શાંતિ વળે. ત્યારે જ જીવન સુખી ગણાય. આટલા વૈભવની છોળ વચ્ચે હોવા છતાં મને – રાજમાતાને અંતરમાં શાંતિ નથી. ફક્ત એક અનિવાર્ય ઘટનાના વિકૃત ઉંદરે મારા જીવનના રાજવસ્ત્રને છેલ્લી કેટલીય રાત્રિઓમાં કાપી નાખ્યું છે.

જ્યારે જ્યારે હું આ અટારીએ ઊભી ઊભી રાજમહેલના ભવ્ય દ્વારને નિહાળું છું ત્યારે મારું જીવન પવનની આંધીમાં ઊડતાં સૂકાં પાનની જેમ ક્યાંય દૂર સુધી પહોંચી જાય છે. છેલ્લાં પચાસ વર્ષોની યાત્રા કરીને ફરી પાછું દેહના પિંજરામાં પુરાઈ જાય છે. ગત પચાસ વર્ષોનો આ કાળ! પચાસ વર્ષના લાંબા કાળમાં આ કુંતીએ – કુંતી રૂપે કેટલા દિવસો વિતાવ્યા હશે? એક પણ દિવસ નહિ! ખાસ્સો પચ્ચાસ વર્ષોનો ગાળો પણ કેટલો કૃપણ અને કેટલો શિથિલ! આ પચાસ વર્ષના કાળે કુંતીને – કુંતી રૂપે જીવવા એક દિવસ પણ આપ્યો નથી! છેલ્લાં પચાસ વર્ષો દરમિયાન કાળે પોતાની ઇચ્છાનુસાર મારા ગળે રંગબેરંગી આકર્ષક નામોની પટ્ટીઓ બાંધીને માત્ર મને ગોળગોળ ફેરવી છે. અહીંતહીં મન ફાવે એમ!

મારા મનના સઘન આકાશમાંથી અતીતની સ્મૃતિઓની વર્ષા અનેક ધારાએ વરસવા લાગી. ક્યારેક એવી મુસળધાર વર્ષા થતી કે એના મારાથી મારું શરીર ચાળણી તો નહિ થઈ જાય એવી ભીતિ જગાવતું.

આ પચાસ વર્ષમાં શું શું બની ગયું? અરેરે! કહેવા જેવું એમાં છેય શું? મારા જેવી ક્ષત્રિયાણીને મોં ખોલવાની ઇચ્છા પણ થતી નથી. પરંતુ મન કેવું ચંચળ છે! એને છાવરવા જેટલો પ્રયત્ન કરીએ એટલા બમણા વેગથી એ ઊછળે.

આ પચાસ વર્ષમાં જુદી જુદી ત્રણ કુંતી રૂપે મેં જીવન વિતાવ્યું. એકમેકની સાથે તલભાર પણ તુલના થઈ ન શકે તેવું એનું જીવન હતું. સહેજે સામ્ય નહિ. એકમેકથી ભિન્ન ક્યારેક તો એ એકમેકની સામે ટગર ટગર જોઈ રહે છે અને અપરિચિત ભાવે એકમેકને પૂછે છે, 'તું કોણ? તું કોણ? અરે, તું કોણ છો?'

આ અટારીએ ઊભી રહું છું તો મને દૂરથી ગંગા દેખાય છે. એનો મરોડદાર પટ જોઉં છું ને મને મથુરાની યાદ આવે છે. મારાં શૈશવનાં સંસ્મરણો જાગે છે. ત્યાં જ યમુના નદીને કાંઠે મારું બાળપણ વીત્યું હતું. અક્ષરશઃ ત્યાં જ વીત્યું હતું! હા – મુખમાંથી છૂટેલ વાક્બાણ પાછું વળતું નથી તેમ એ બાળપણ ફરી મારી પાસે ક્યારેય પાછું આવ્યું નથી! માત્ર એની સ્મૃતિઓ મારા માનસપટ પર આજ સુધી કોતરાયેલી પડી છે.

બાળપણ એટલે ગોળ મોહક ચગડોળ! બાળપણ એટલે ઊંચા ઊંચા તરંગો! બાળપણ એટલે સ્ફટિક જેવો શુભ્ર, શ્વેત રંગ! એને જૂઠી પ્રતિષ્ઠાનો મુખવટો નથી હોતો. ત્યાં એકમેક પ્રત્યે ઈર્ષાની ભાવના નથી હોતી. ભાવિ જીવનના ખારા રણમાં બાળપણ એ મીઠી વીરડી સમાન છે!

આજે મને મથુરામાં વિતાવેલ બાળપણની યાદ આવતાં વિચાર આવ્યો કે હું શા માટે મોટી થઈ? શા માટે શત્રુઘ્ન મહારાજની પુણ્યનગરીમાંથી હું બહાર પડી?

મથુરામાં રાજમહેલની સામેના પેલા બગીચામાં પતંગિયાં પકડવા મથતી પૃથા, યમુના જળમાં ક્રીડા કરતી પૃથા, સૂર્યદેવને અર્પણ કરવા બકુલ ફૂલની માલા ગૂંથતી પૃથા – કેવી નિર્દોષ અને નિખાલસ હતી એ પૃથા! પૃથા? હા, પૃથા જ! નાનપણમાં મને સૌ 'પૃથા' કહીને જ બોલાવતા! મારા વત્સલ પિતાની – મથુરાના રાજા શૂરસેનની વત્સલ છાયામાં કષ્ટ કે દુઃખ મેં અનુભવ્યાં નથી. નામ પ્રમાણે જ તેઓ શૂરવીર હતા! એમની ભુજામાં બળ હતું અને મનથી દૃઢનિશ્ચયી હતા! યાદવવંશનું તેઓ ભૂષણ હતા! મને સદાય એ વાતનો ગર્વ હતો. એમને યાદ કરતાં જ રાજમહેલના વિશાળ પટ સમી એમની ભવ્ય મૂર્તિ મારી આંખ સામે ખડી થઈ જાય છે.

એણે મારી બધી ઇચ્છાઓ પૂરી કરી હતી. મને બરાબર યાદ છે કે એક વાર મેં એમની પાસે ધનુષ્યની માગણી કરી. એમને આશ્ચર્ય થયું. એમણે કહ્યું, 'પૃથા, છોકરીઓને ધનુષ્ય શા કામનું? છોકરીઓ તો ફૂલ માગે, સોનાના દાગીના માગે!'

પણ મારે તો ધનુષ્ય જ જોઈતું હતું. છેવટે નિરુપાય બનીને એમણે મને ધનુષ્ય મગાવી આપ્યું! આ સમયે જો કોઈ મને આકાશમાંથી ટમટમતા તારા લાવીને આપે તોપણ હું એને ધનુષ્ય ન આપું! હાથમાં ધનુષ્ય આવતાં જ છલાંગ મારીને હું રાજમહેલની સામેના બગીચામાં પહોંચી ગઈ અને ક્યાંય સુધી એક ઝાડ પર, બીજા ઝાડ પર બાણ છોડતી જ રહી. બકુલ વૃક્ષ પર બેઠેલી ચકલી મને ખૂબ પરેશાન કરતી હતી! તે એકસરખી ચીં ચીં કરતી હતી. આથી મારું ધ્યાન અવારનવાર એના તરફ જતું હતું. બાણ નિશાન ચૂકી જતું હતું! આથી મને ગુસ્સો આવ્યો. મારા મનમાં એક સરસ વિચાર આવ્યો! જો હું

ધનુષ્યવિદ્યા શીખી હોત તો ચોક્કસ એક બાણ ચકલીની ચાંચમાં ઘુસાડી દઈ મેં એનું ચીં ચીં બંધ કરી દીધું હોત.

બે

એક દિવસ સાંજે રોજની જેમ હું મહેલની સામેના બગીચામાં રમતી હતી. બાજુમાં ચન્દ્રિકા નામની દાસી પૂજા માટે ફૂલો ચૂંટતી હતી. પોતાની રંગબેરંગી નાની પાંખો ફફડાવતું મનમોજીલું પતંગિયું અહીંતહીં ઊડતું હતું. એને પકડવા હું હાથ ઊંચા કરી એની પાછળ દોડતી હતી. ત્યાં ચન્દ્રિકાએ મને બૂમ મારીને બોલાવી. કેટલી મોટેથી એણે બૂમ મારી હતી!

'રાજકુમારી, અહીં જલદી આવો. કેવું મજાનું દશ્ય છે! જુઓ તો ખરા!'

પતંગિયા પાછળ દોડવાનું મૂકી હું એની પાસે જવા દોડી! એક વિશાળ અશોક વૃક્ષ નીચે હથેળીમાં કંઈક છુપાવીને એ મારી વાટ જોતી હતી. હું કૂદતી કૂદતી એની પાસે પહોંચી. એના હાથમાં શું છે તે જોવા હું અધીરી બની હતી. હું એની પાસે ગઈ કે તરત જ એણે પોતાની હથેળી મારા તરફ ધરી અને હળવેકથી ઉઘાડી. શું હતું એના હાથમાં? ઓહ! એક ભારદ્વાજ પક્ષીનું તાજું જન્મેલું બચ્ચું! પોતાની નાની લાલ સુકોમળ ચાંચ ખોલીને એ પોતાની રક્ષા માટે જાણે કોઈને બોલાવતું હતું! એની નાની નાની આંખો ભયભીત હતી. ગુલાબી પાંપણથી એ આંખો બંધ કરી દેતું હતું. થરથરતી ડોક ઊંચી કરીને તે કોઈના આવવાની વાટ જોતું હતું. એના સમગ્ર હલનચલનમાં અપાર કરુણા હતી.

મેં ચન્દ્રિકાને પૂછ્યું, 'ક્યાંથી લાવી? કેવી નિર્દય છે તું? એની મા એને શોધીશોધીને થાકી નહિ જાય? મને આવી મજાક સહેજે ગમતી નથી. જા, એને પાછું મૂકી આવ!'

મારો અણગમો જોઈને એનો ઉત્સાહ ઠંડો પડી ગયો. એ ગભરાણી. એણે અચકાતાં અચકાતાં ફોડ પાડ્યો, 'હું...? હું જાણીજોઈને એને નથી લાવી, રાજકુમારી! એ એકલું અટૂલું હરિયાળી ભૂમિ પર પડ્યું હતું! આ અશોકવૃક્ષ પર જ એનો માળો હશે!'

મેં ઘટાદાર વૃક્ષમાં એનો માળો શોધવા પ્રયત્ન કર્યો, પરંતુ ક્યાંય દેખાતો નહોતો. શું કરવું તે મને સૂઝતું નહોતું. પેલું બચ્ચું એકસરખી ડોક ઊંચી કરીને જોતું હતું. મને એકદમ પિતાજી યાદ આવ્યા. હું ત્યાંથી સરકીને મહેલ ભણી દોડી. આજે પણ મને યાદ છે કે એ વખતે હું મહેલનાં ત્રણ ત્રણ પગથિયાં એક સામટાં ચડી હતી. પિતાજી હમણાં જ ભોજપુરીથી આવ્યા હતા. હજી વસ્ત્રો પણ બદલ્યાં નહોતાં. એમની બાજુમાં કોઈ મહેમાન ઊભા હતા. તેઓ મને ટીકીટીકીને જોતા હતા. એમને જોતાં જ મારો ઉત્સાહ સહેજ ઓસરી ગયો, પરંતુ હું કંઈક કહેવા માગું છું એ તેઓ સમજી ગયા. તેઓ બોલ્યા, 'પૃથા, શરમાઈ કેમ ગઈ? હું કંઈ પારકો નથી. હું કુંતીભોજ છું. તારા પિતા અને હું – અમે મામા-ફઈના ભાઈઓ છીએ! તારા કાકા છું!'

મને થોડી હિંમત આવી. પિતાજીની આંગળી પકડી મેં કહ્યું, 'પિતાજી, જરા બગીચામાં આવોને. મારે તમારું કામ છે.'

મારે કંઈક અગત્યનું કામ છે એમ તેઓ સમજ્યા. મારા ખભે હાથ મૂકી મહેમાન સામે જોઈ તેઓ બોલ્યા,

'ચાલો, કુંતીભોજ. તે શું કહે છે, તે જોઈએ.'

અમને ત્રણેને આવતાં જોઈને ચન્દ્રિકાના હોશકોશ ઊડી ગયા. એક હાથમાં ફૂલોની છાબડી અને બીજા હાથમાં પેલું બચ્ચું. સરી ગયેલી ઓઢણીને કેમ સાચવવી તેની મૂંઝવણમાં એ પડી. અપરાધીની જેમ તે નત મસ્તકે ચૂપચાપ ઊભી રહી.

અમે તે અશોક વૃક્ષ નીચે આવ્યાં. મેં ચન્દ્રિકાના હાથમાંથી પેલું બચ્ચું હળવેકથી મારા હાથમાં લીધું. એનો હૂંફાળો સ્પર્શ આજે પણ મને યાદ આવે છે! પિતાજીને બતાવીને મેં કહ્યું, 'આનો માળો આ ઝાડ પર જ હોવો જોઈએ. એમાંથી એ ગબડી પડ્યું લાગે છે. એની મા એને શોધતી હશે! એને હમણાં જ એના માળામાં મૂકી દો!'

મારી સામે વિસ્મયથી જોતાં તેઓ કહે, 'માને બચ્ચાંની ચિંતા ન હોવી જોઈએ? બચ્ચાંને એકલું મૂકીને એણે શા માટે દૂર ચાલ્યા જવું જોઈએ?'

'એને માટે ચણ લેવા ગઈ હશે એ!' મેં જવાબ આપ્યો.

તેઓ મારી સામે જોઈ હસી પડ્યા. આજુબાજુ કોઈ સેવક છે કે નહિ તે જોવા લાગ્યા. બાગમાં કોઈ નહોતું. ધીરે ધીરે અંધારું પથરાતું જતું હતું. મારા હાથમાં બચ્ચું એકસરખું ટળવળતું હતું. માની પાંખોનું પડખું સેવવા એ બેચેન બન્યું હતું. મારાથી એ જોવાયું નહિ. મેં ગદ્ગદ સ્વરે કહ્યું, 'પિતાજી, જલદી કરોને. આમ જુઓ. એ શું કરે છે?' તેઓ પીગળી ગયા. તેમણે કહ્યું, 'એને અહીં લાવ! સવારે એને એના માળામાં મૂકી આવશું.'

'સવારે? સવાર સુધી એની મા વગર એ મરી નહિ જાય? ના. હમણાં જ એને મૂકી આવો!'

મારી નજીક આવીને એમણે મને સમજાવવાનો પ્રયત્ન કર્યો, 'પૃથુ, આમ ગાંડા શું કાઢે છે? અત્યારે અહીં કોઈ સેવક દેખાય છે? હમણાં એને માળામાં કેવી રીતે મૂકી અવાય? આજની રાત એને તારી સૂવાની પથારીમાં સુવાડી દેજે. ચણ આપજે. સવારે આપણે એને માળામાં પહોંચાડી દઈશું. બસ.'

'તમે છો પછી સેવકની શી જરૂર છે? હમણાં ને હમણાં જ એને માળામાં નહિ પહોંચાડો તો હું મહેલમાં નહિ આવું! આખી રાત એને લઈને હું અશોક વૃક્ષ નીચે જ બેસી રહીશ.'

પિતાજીએ કુંતીભોજને કહ્યું, 'કેમ સમજાવવી આને? ભારે જિદ્દી છે.'

તેમણે કહ્યું, 'શૂરસેન, તમે ભલે મથુરાના રાજા હો પણ આ નિર્દોષ બાળાના તો તમે પિતા છો ને! એ તમારી પાસે તો જીદ કરવાની જ ને!' મારી પાસે આવીને તેઓ કહે, 'બેટા. લાવ પેલું બચ્ચું. હું એને એની મા પાસે મૂકી આવું. પછી તો રાજીને?'

એમણે મારા હાથમાંથી બચ્ચું લેવા હાથ લંબાવ્યો. એટલામાં પિતાજી પણ નજીક આવ્યા. મારા હાથમાંથી બચ્ચાને હળવેકથી પોતાના હાથમાં લઈ બોલ્યા, 'કુંતીભોજ, તમે અહીં અતિથિ બનીને આવ્યા છો. અહીં હું હોઉં અને તમે ઝાડ પર ચડો એ કેવું લાગે? પછી મને કોઈ મથુરાનો રાજાય ન ગણેને! પૃથાનો પિતા પણ કોણ માને?'

પિતાજીએ ઉત્તરીય અને મોજડી ઉતારી ઘાસ પર મૂક્યાં. ઝટપટ ચાલતાં તેઓ અશોક વૃક્ષ પાસે આવ્યા અને ખિસકોલીની જેમ ઉપર ચડી ગયા. થોડી વારે તેમણે

ઉપરથી અવાજ કર્યો, 'બેટા, માળો મળી ગયો!' બચ્ચાને માળામાં મૂકી તેઓ નીચે ઊતરી ગયા. હું તાળીઓ પાડી નાચવા લાગી. એ દિવસે મને મારા પિતાજી માટે કેટલો બધો ગર્વ થયો હતો! પિતાજીનો એક પણ આદેશ ટાળવો નહિ એવો મેં નિશ્ચય કર્યો.

અંતે તેઓ કૂદકો મારીને નીચે આવ્યા. એ જ વખતે મારા મનમાં પણ એક શંકાએ છલાંગ મારી. એમની નજીક આવીને એમનો હાથ પકડતાં મેં એમને તરત પૂછ્યું, 'પિતાજી, એ માળો પેલાં બચ્ચાનો જ હતો ને?'

મારે ખભે હાથ મૂકતાં જવાબ દીધો, 'ગાંડી, મને એટલી ખબર નહિ હોય! એ માળામાં એના જેવા બીજાં પાંચ બચ્ચાં હતાં!'

સંધ્યાના ઝાંખા પ્રકાશમાં અમે પાછાં રાજમહેલમાં આવ્યાં. 'શૂરસેન, તમારી દીકરી બહુ મીઠી છે!' ભોજપુરથી આવેલા અતિથિ કુંતીભોજે મારે માથે મમતાથી હાથ ફેરવતાં પિતાજીને કહ્યું.

આખી રાત મને સ્વપ્નામાં બચ્ચું જ દેખાયા કર્યું હતું.

ત્રણ

બીજે દીવસે પિતાજી તથા મહારાજ કુંતીભોજ ભોજપુર નગરી જવા રથમાં બેઠા. તમે પાછા આવો ત્યારે કમળનાં ફૂલ લેતાં આવજો એમ કહેવા હું એમની પાસે ગઈ ત્યારે એમણે કહ્યું, 'પૃથા, ચાલ. તારે પણ ભોજપુર આવવાનું છે!' આ સાંભળીને હું હેબતાઈ ગઈ. આજ સુધી મથુરા છોડીને હું ક્યાંય ગઈ નહોતી. આજે પહેલી વાર પિતાજી મને એમની સાથે આવવાનું કહેતા હતા! ભોજપુર નગરી કેવી છે અને ક્યાં આવી છે તે હું જાણતી સુધ્ધાં નહોતી! હું મૂઢ બનીને ઊભી રહી. પિતાજી મને કોઈ દિવસ ઊંચા અવાજે કહેતા નહિ. પણ આજે તેઓએ મને ઊંચા અવાજે કહ્યું, 'પૃથા, સાંભળતી નથી? જલદી કર.'

હું ચૂપચાપ નત મસ્તકે રથમાં બેસી ગઈ. માને મળી પણ શકી નહિ. હું માને પૂછવા જતી હતી પણ એમણે મને જવા દીધી નહિ. હું પાછી આવીશ ત્યારે મા મને શું કહેશે?

મેં મનોમન કહ્યું, 'હે મારિષા માતા, મને ક્ષમા કરો. હું તમારાં દર્શન કર્યાં સિવાય, તમારી આજ્ઞા લીધા વિના આજ હું રાજમહેલની બહાર નીકળી છું. મથુરા છોડીને જાઉં છું! યમુનાને "આવજો" કહીને જાઉં છું!'

બાગમાં ફૂલઝાડને પાણી પાતી ચન્દ્રિકાને મેં હાથ ઊંચા કરી 'આવજે' કહ્યું. 'રાજકુમારી, તમે ક્યાં જાઓ છો?' એમ પૂછવું હતું પણ તે દાસી હતી. પોતાના મહારાજની નજીક આવીને પૂછવાની એનામાં હિંમત નહોતી!

ચાર

દસ દિવસે અમે ભોજપુર પહોંચ્યાં. સાંજ પડી ગઈ હતી. નગર નાનું પણ મનોહર હતું. મને ગમ્યું.

મને થયું કે રાજમહેલના વિશાળ દ્વાર પાસે રાજકુળની સ્ત્રીઓ અમારાં ઓવારણાં લઈ સ્વાગત કરશે, કારણ મથુરામાં આવી પ્રથા હતી. પરંતુ ભોજપુરમાં તો એક સાવ સામાન્ય દાસીએ જ અમારાં ઓવારણાં લીધાં! મને સહેજ નવાઈ લાગી.

અમે અંદર પ્રવેશ્યાં. ભવ્ય વિશાળ રાજમહેલ મને ગમી ગયો. ફક્ત ખૂણામાં એક નાનો શો બાગ હતો. બાકીની તમામ વિશાળ જગ્યા ખાલી પડેલી હતી. મહેલ પૂર્વાભિમુખ હતો. ખૂબ સુંદર હતો. વિશાળ ખાલી જગ્યા સૈન્યના સંચાલન માટે રાખવામાં આવી હતી.

જોતજોતામાં આઠ દિવસ પસાર થઈ ગયા. મારું મન મથુરા જવા અધીર બન્યું હતું. મારિષા માતા હરઘડી યાદ આવતી હતી. પિતાજીએ નવમે દિવસે મથુરા પાછા ફરવા રથ તૈયાર કરવાનો આદેશ આપ્યો. હું મથુરાની યાદમાં ખોવાઈ ગઈ. મથુરા જવા હું થનગની ઊઠી. પણ – પણ મને ક્યારેય મથુરા જવા મળ્યું નહિ! મારી એ ઇચ્છા સદાયને માટે અપૂર્ણ રહી ગઈ!

તે દિવસે રથમાં બેસતાં પહેલાં પિતાએ મને એમની પાસે બોલાવી. મહારાજ કુંતીભોજ પણ ત્યાં જ ઊભા હતા. એમની તરફ આંગળી કરીને તેઓ બોલ્યા, 'પૃથા, હવેથી તારે અહીં જ રહેવાનું છે! આ જ તારાં માતાપિતા!'

હું એમના કહેવાનો અર્થ સમજી શકી નહીં.

ભયાનક વનમાં નાના બાળકને કોઈ ઊંઘમાં જ છોડીને જતું રહે અને એને કેવું થાય તેવી મારી સ્થિતિ થઈ ગઈ! અહીં હું કોઈને ઓળખતી નહોતી. આ ભોજપુરથી મથુરા કઈ દિશામાં આવ્યું એનું મને ભાન નહિ અને પિતાએ તો સીધો આદેશ આપી દીધો, 'તારે અહીં જ રહેવાનું છે.' શું તેઓ મારી મશ્કરી તો નથી કરતા ને? મારું બાળમન ભય અને શંકાથી ફફડવા લાગ્યું. હું અહીં શા માટે રહું? એમને જો હું ન ગમતી હોઉં તો મથુરા લઈ જઈ ત્યાં મને ગમે ત્યાં રઝળતી મૂકી દે. હું મારું જીવન ગમે તેમ વિતાવીશ. પરંતુ અહીં આ નગરીમાં હું એકલી નહિ જ રહું. વડીલો પણ આવા નિર્દય કેમ થઈ શકતા હશે? મને ધનુષ્ય લાવી દેનાર, મને 'પૃથુ', 'પૃથુ' કહીને પ્રેમથી હંમેશાં ગોદમાં લેનાર, મારો બોલ પડતાં જ ખિસકોલીની જેમ ઝાડ પર ચડી જનાર પિતા શું જૂઠા અને કપટી હોઈ શકે? કે પછી હું જ જિદ્દી છું એટલે મને સીધી દોર કરવા એમણે આ કઠોર માર્ગ લીધો હશે? મેં રોતાં રોતાં એમને પૂછ્યું, 'પિતાજી, શું મારે અહીં જ રહેવાનું છે? શા માટે? હું તમને નથી ગમતી? જો એમ જ હોય તો મને મથુરા લઈ જઈ ગમે ત્યાં રઝળતી મૂકી દેજો. હું કોઈ દિવસ જીદ નહિ કરું!'

'પૃથા, ના વત્સ, એવું નથી. તું મને બહુ ગમે છે. પણ – પણ આ કુંતીભોજ – મારા ભાઈને મેં વચન આપ્યું છે...' એમનો અવાજ રૂંધાઈ ગયો. મારે વાંસે હાથ ફેરવતાં તેઓ બોલ્યા. તેમનો રૂંધાયેલો અવાજ મેં પહેલી વાર સાંભળ્યો હતો.

શંકાકુશંકાથી મારું બાળમન વિહ્વળ બની ગયું હતું. હજી મારે શું શું સાંભળવાનું આવશે? વચન! કેવું વચન! પિતાજીએ કોને વચન આપ્યું છે? શા માટે? વચન એટલે શું? હું મૂંઝાઈ ગઈ, 'કયું વચન?'

'સાંભળ.' રૂંધાતા કંઠે તેઓ બોલ્યા, 'બાર વર્ષ પહેલાં એક દિવસ હું અને કુંતીભોજ આ ભોજપુરથી નજીકના વનમાં શિકાર કરવા ગયા હતા. એ દિવસે નિષધ પર્વતના વનમાં અમે ખૂબ ભટક્યા પણ એકેય શિકાર હાથ લાગ્યો નહિ. થાકીપાકીને અંતે અમે ખાલી હાથે પાછા ફર્યા. નગર બહાર અશ્વનદીમાં પાણી પીને અમે નદીતટે ઘેઘૂર ઘટાદાર વિશાળ શાલવૃક્ષ નીચે આરામ કરવા બેઠા. તે દિવસે કુંતીભોજ ખૂબ ઉદાસ હતા.

મને થયું કે શિકાર નથી થયો તેથી તેઓ કદાચ ઉદાસ થઈ ગયા હશે. આથી મેં એમને પૂછ્યું, 'કુંતીભોજ, આજ તમે ઉદાસ કેમ છો?' એ મારી સામે કેવળ જોઈ જ રહ્યા. એનો હાથ હાથમાં લઈ મેં એને હળવેકથી પૂછ્યું, 'રાજા, બોલો. બોલશો નહિ તો હૃદય હળવું કેમ થશે?'

એમણે કહ્યું, 'શૂરસેન, આજે આપણે શિકાર માટે નીકળ્યા, પરંતુ માણસ પણ ઈશ્વરનો શિકાર નથી શું? હું મારા નિઃસંતાન જીવનથી ઉબાઈ ગયો છું. મને ક્યાંય ગમતું નથી. સંતાન વગરની સંપત્તિ એટલે સૂર્ય વિનાનું આકાશ! આ ભોજનું વૈભવશાળી રાજ્ય સેનાપતિને સોંપી દઈ દૂર હિમાલયમાં ચાલ્યો જઉં એવા મને વિચાર આવે છે. એમના હાથને મારા હાથમાં થપથપાવતાં મેં કહ્યું, 'બસ. આટલું જ ને? રાજા કુંતીભોજ, હું શૂરસેન – મથુરાના યાદવરાજા તને વચન આપું છું કે મારું પહેલું સંતાન હું તને સોંપી દઈશ! પરંતુ ક્ષત્રિયે "રાજ્ય છોડી ચાલ્યો જાઉં" એમ કદી બોલવું નહીં.'

એ મને હરખથી ભેટી પડ્યા. અમે ત્યાંથી ઊઠી નગરમાં આવ્યા. થોડા દિવસમાં ત્યાં રહી હું મથુરા આવ્યો. એ જ વર્ષે તારો જન્મ થયો. પૃથા, આ જ મારા ભાઈ અને રાજા કુંતીભોજ! વત્સ, મારે મારા શબ્દો પાળવા જોઈએ ને તારે તારો ધર્મ પાળવો જોઈએ!'

આંસુભીની આંખે હું બંનેને જોઈ રહી. મને એમના કથનમાં 'વચન' શબ્દ ક્યાંય સાંભળવા મળ્યો નહિ એટલે મેં પૂછ્યું, 'પિતાજી, વચન એટલે શું?'

તત્ક્ષણ પાછળ ફરીને બોલ્યા, 'વચન એટલે કહેલા બોલ. વત્સ, "હું તને સોંપી દઈશ." એ વાતની મેં કુંતીભોજને ખાતરી આપી હતી.' એમની આંખોમાં આંસુ ઊભરાયાં. એમનું હૃદય દ્રવી ઊઠ્યું.

મારે ખાતર અશોક વૃક્ષ પર ચડી જનારા પિતા આજ વચનપાલન માટે આંસુ સારી રહ્યા હતા! તે દિવસે મેં અશોક વૃક્ષ નીચે ઊભા રહી નિશ્ચય કર્યો હતો કે એમનો એકપણ બોલ પાછો ઠેલીશ નહિ. મારે ખાતર એમને રડવું પડે? મન પર સંયમ કેળવી મેં પિતાની નજીક આવી વચન આપ્યું, 'પિતાજી, તમે જેમ કહેશો તેમ જ કરીશ. પણ તમે રડશો નહિ! ઉદાસ ન થશો!'

એમણે મને ગોદમાં લીધી. એમનું ભરાવદાર શરીર પીપળાના વૃક્ષની જેમ થરથરતું હતું. મહારાજા કુંતીભોજને તેમણે કહ્યું, 'રાજા, જીવની પેઠે સાચવેલી આ મારી મૂડીને સંભાળી લે. હું એને અહીં લઈ આવ્યો છું એ એની મા જાણતી પણ નથી. જો પહેલેથી એને જાણ થઈ જાત તો એને મથુરાથી આવવા જ ન દેત!'

મારિષા માતાની યાદ આવતાં હું ગળગળી થઈ ગઈ.

મને અળગી કરી તરત જ એમણે કમરની મ્યાનમાંથી તલવાર ખેંચી. એની તેજદાર ધાર ચમકતી હતી. પોતાના જમણા હાથના અંગૂઠાની પાછળ એ ધાર ચલાવી! ભરાવદાર અંગૂઠા પર લાલચટક લોહીનો ટશિયો ફૂટ્યો! એમણે મારા ભાલ પર લોહીથી તિલક કર્યું. હજી આજે પણ એનો ઉષ્ણ સ્પર્શ યાદ આવે છે! તલવાર મ્યાનમાં ભરાવી પોતાની હથેળીમાં મારા ચહેરાને ઢબૂરી દઈ તેમણે કહ્યું, 'સાંભળ, પૃથા, તું એક ક્ષત્રિય રાજાની પુત્રી છો! એ વાત ક્યારેય ભૂલીશ નહિ! નહિ ભૂલેને? વત્સ!' નીચા નમીને એમણે મારા

મસ્તકને સૂંઘ્યું. એમ કરવા જતાં મારા ભાલ પરનું લોહીનું તિલક એમના હોઠથી જ ભૂંસાઈ ગયું! આંસુથી એમની દાઢી ભીંજાઈ ગઈ.

તત્ક્ષણ તેઓ ઊંધા ફર્યા અને ઝડપથી ચાલીને રથમાં બેસી ગયા. હાથમાંની લગામ વડે એમણે ઘોડાની પીઠ પર સબોસબ કોરડા વીંઝ્યા. રથ ઊછળ્યો. ધૂળ ઊડવા લાગી. મારું મન વ્યાકુળ બની ગયું. હાથ ઊંચા કરીને રથ પાછળ દોડતાં મેં ચીસ પાડી, 'પિતાજી... ઊભા રહો!' મહારાજ કુંતીભોજે દોડીને મને ઊંચકી લીધી. તેમણે કહ્યું, 'વત્સ, ક્ષત્રિય એક વાર જાય પછી ક્યારેય પાછળ વળીને જોતો નથી!'

નત મસ્તકે મેં કહ્યું, 'તેઓ મને સાથે લઈ જાય એ માટે મારે એમને નહોતા રોકવા! મારે માતા માટે મારી સ્મૃતિભેટ એમની સાથે મોકલવી હતી! હું મારી માને મળી પણ શકી નહોતી.' હાથમાંની વીંટી મેં એમની સામે ધરી.

એ જોઈને તેઓ ચૂપ થઈ ગયા. થોડી વારે તેઓ બોલ્યા, 'વત્સ, મને એ વીંટી આપ. હું એને પહોંચાડી દઈશ. માત્ર વીંટી જ નહિ, તને પણ! રાજા શૂરસેને પોતાનું વચન પાળી લીધું પણ એમણે આજ મારી કસોટી કરવાનું નિરધાર્યું છે. હું પણ એમને પુરવાર કરી આપીશ કે ભોજપુરના કુંતીભોજ એટલા નિર્દય નથી...' એમની આંખોમાં કોઈ અનેરી ચમક હતી. એમણે તાળી વગાડી. એટલામાં એક સેવક આવીને ઊભો રહ્યો. હવે મને બીજા રથમાં બેસાડી તેઓ પિતાજીના રથને આંબી જવા માગતા હતા. કોણ જાણે એક પળમાં મને શું થયું કે ખભા પરની ઓઢણી મેં માથે ઓઢી અને એમની નજીક આવી નીચા નમીને વંદન કરતાં કહ્યું, 'આપની માનસકન્યા પૃથા આપને પ્રણામ કરે છે, પિતાજી!'

એમણે મને તરત જ ઊંચકી લીધી. મારી સામે જોતાં તેઓ ગદ્‌ગદ કંઠે બોલ્યા, 'ધન્ય છે રાજા શૂરસેનને! જેમણે તારા જેવી સંયમશીલ કન્યાને જન્મ આપ્યો! પણ વત્સ, તને અહીં ક્યારેય નહિ ગોઠે. મને બાળક નથી પણ હું બાળકના હૃદયને સારી પેઠે સમજી શકું છું! ઇન્દ્રધનુષ્યના રંગ જોવા માટે આકાશ બનવાની જરૂર હોતી નથી, વત્સ!'

'ના, પિતાજી. આ જ મારું જન્મસ્થાન અને આ જ મારું મથુરા!' મેં હિંમતથી કહ્યું. મારા મુખેથી કોણ બોલતું હતું એ તો ઈશ્વર જાણે પણ પતંગિયા પાછળ દોડનારી પૃથા તો હું ચોક્કસ નહોતી જ. ધનુષ્ય સાથે રમનારી પૃથા તો નહોતી જ, નહોતી!

'શાબાશ, વત્સ! ક્ષત્રિય તૂટી જાય પણ ઝૂકે તો નહિ જ! શૂરસેનની કન્યાની આમાં જ શોભા છે, પરંતુ તું અહીં રહી શકે નહિ. કારણ...'

'શા માટે?'

'કારણ આ રાજમહેલમાં એક પણ રાજસ્ત્રી નથી! આખાય મહેલની જવાબદારી તારે શિરે આવી પડશે. તારા જેવી અલ્લડ અને કુમળી વયની છોકરી આ ભાર કઈ રીતે ઉપાડી શકે?'

'હું તે પાર પાડીશ. આજથી આ રાજમહેલ મારો છે. અહીંના માણસો મારા છે!'

'છતાં હું તને પૃથા કહીને બોલાવીશ ત્યારે તું અસ્વસ્થ થઈ જઈશ. તને રોજ મથુરાની યાદ આવશે. આ વિશાળ મહેલના એકાંતમાં તું સદાય દુઃખી રહીશ. એટલે જ હું તને કહેતો હતો કે...'

તેઓ આગળ કંઈ બોલવા જતા હતા પણ એમણે કુશળતાપૂર્વક ટાળ્યું.

'આપે શું નક્કી કર્યું છે?' મેં ઉત્સુકતાથી પૂછ્યું.

'તને પૃથા ન કહું...' ફરી તેઓ અચકાયા.

'તો પછી, પિતાજી, તમે મને કયા નામથી બોલાવશો?'

'કુંતી. હું તને કુંતી કહીને બોલાવવા માગું છું. મારા નામ પરથી પણ કદાચ તને આ નામ નહિ ગમે. જા. તું અંદર જા.'

તત્ક્ષણ એમની આગળ આવી નીચા નમીને એમને પ્રણામ કરતાં બોલી, 'આપની કન્યા કુંતી આપને પ્રણામ કરે છે, પિતાજી.'

મારા અનપેક્ષિત બોલથી તેઓ ભાવવિભોર થઈ ગયા. એમણે મને ઊંચકી લીધી અને પિતાની જેમ હૃદય સાથે ચાપી દેતાં બોલ્યા, 'કુંતી, વત્સ, સહેજે ચિંતા નહિ કરતી. તારા પિતાની તને જરાય ખોટ નહિ સાલવા દઉં. જો. તું અહીં ના રહે તો આ રાજમહેલની દિશા એથીય ભૂંડી થઈ જશે. છેલ્લા ચૌદ વર્ષથી હું તારી વાટ જોતો હતો! આ મહેલ પણ રાજસ્ત્રીની વાટ જોતો હતો!'

'નહિ. હું અહીંથી ક્યાંય જવાની નથી!' કહેતાં હું એમને વળગી પડી! આત્મવિશ્વાસ અને દૃઢનિશ્ચયથી!

એમણે મારે વાંસે હાથ ફેરવ્યો. એમની સાથે મને રાજમહેલમાં લઈ જતી વખતે એમની આંખોમાં આંસુ તગતગતાં હતાં. આ દૃશ્યનો સાક્ષી ભોજપુરના રાજમહેલના વિશાળ દ્વાર સિવાય બીજું કોણ હતું?

પાંચ

એક એક ઘટનામાં માણસમાં નખશિખ પરિવર્તન લાવવાની કેવી પ્રબળ શક્તિ હોય છે! એ જ દિવસથી એક અલ્લડ કિશોરીનું એક સંયમશીલ અને ગંભીર કિશોરીમાં રૂપાંતર થઈ ગયું. આ એક જ ઘટનાથી પૃથા અચાનક પ્રૌઢ બની ગઈ. આ એક જ ઘટનાએ મારામાં આમૂલ પરિવર્તન આણી દીધું. જે વય નાચવાની કૂદવાની હતી એ વયમાં મારે શિરે આખા મહેલની જવાબદારી આવી પડી. પોતાની દીકરીની શું સ્થિતિ થઈ હશે એ જોવા પિતાએ પાછું વળીને જોયું સુધ્ધાં નહોતું. ભોજપુરમાં પોતાની દીકરીને બકરીની જેમ વચનને ખીલે બાંધીને એ તો નીકળી ગયા હતા! હું પણ એમની જ દીકરી હતી! ગમે તે થાય પણ મથુરા જવું જ નથી મેં નક્કી કરી નાખ્યું. દિવસો વીતતા ગયા. મને રોજ મથુરા યાદ આવતું, પરંતુ દૃઢનિશ્ચયથી એને ભૂંસી નાખતી. કારણ હું અહીં પૃથા નહોતી. અહીં તો હું કુંતી હતી. એક પ્રતિષ્ઠિત રાજાની એકની એક લાડકી કન્યા. ભોજપુરના રાજમહેલની એક માત્ર રાજસ્ત્રી! તો પછી પૃથા કોણ હતી? પૃથા કુંતીના જીવનમાંનું એક સ્વૈરવિહારી પતંગિયું હતી! પૃથા કુંતીના જીવનમાંની એક વાયુની લહર હતી! પૃથા કુંતીના જીવનની એક સુગંધી કૂંપળ હતી! પૃથા કુંતાના જીવનનું કેવળ એક સ્વપ્ન હતું! કેવળ સ્વપ્ન! ક્યારેક સ્વપ્નની યાદ પણ મનને આનંદ આપે છે. પૃથાની યાદ પણ એવી જ રીતે મને આનંદવિભોર કરી મૂકે છે. એની અલ્લડ, નિર્દોષ સ્મૃતિ સિવાય આજ મારા જીવનમાં બીજું કશુંય આનંદદાયક રહ્યું નથી!

૭

ભોજપુરની રાજકુમારી કુંતી હોવાથી સૌ મને માન આપતાં. મને કોઈ વાતે ખોટ ન આવે એની પિતાજી ખાસ કાળજી રાખતા. કેટલાક રીતરિવાજો સમજતાં મને વાર લાગતી. મહેલમાં એક વૃદ્ધ દાસી હતી. તે મને બધું સમજાવતી. તે મારું બહુ ધ્યાન રાખતી. એક નવા જીવનની મારે શરૂઆત કરવાની હતી. અહીં માતાની મમતા નહોતી, તોપણ દૃઢતાથી અને લગનથી હું બધું શીખતી હતી. અચાનક ચીસ પાડતી ટિટોડીની જેમ ક્યારેક મથુરાની યાદ અચાનક ઘેરી વળતી. મહામુશ્કેલીથી હું એને છુપાવી દેતી. દિવસે દિવસે હું વધુ ને વધુ સમજણી બનતી ગઈ.

આવી પરિસ્થિતિમાં મારાં બે વર્ષ પૂરાં થયાં. રાજમહેલમાં હું હવે વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગઈ હતી. ભોજપુરનું મને એક અનોખું આકર્ષણ જાગ્યું હતું. એ વૃદ્ધ દાસી સાથે ક્યારેક હું નદીકિનારે જતી. એક વાર મેં એને પૂછ્યું, 'આ નદીનું "અશ્વનદી" એવું વિચિત્ર નામ કેમ છે? શું અશ્વગતિએ વહે છે એટલે?'

'ના, રાજકુમારી એમ નથી. પણ આ ભોજપુરના અશ્વો આ નદી સિવાય એકેય નદીનું પાણી પીતા નથી એટલે એને અશ્વનદી કહે છે!'

આ વૃદ્ધ દાસી ભારે ચાલાક હતી. એનું નામ હતું ધાત્રી! વ્યવસાય પણ ધાત્રીનો કરતી હતી. એટલે સૌ એને ધાત્રી કહેતા. એને તમામ ઝીણી ઝીણી વાતનું જ્ઞાન હતું. કયા રોગ પર કઈ વનસ્પતિ કામ લાગે ત્યાંથી માંડીને પૂર્વના નિષધ રાજ્યની રાક્ષસી ટોળીઓએ કેવાં ઘમસાણ મચાવ્યાં હતાં ત્યાં સુધીની બધી વાતોમાંથી તે મને રોજ ને રોજ કોઈ ને કોઈ વાત કહેતી.

એક દિવસ મેં એને પૂછ્યું, 'આ નિષધ નગરીના પડોશમાં આપણે રહીએ છીએ. ગમે ત્યારે તેઓ આપણને હેરાન કરવાના જ. આવે સમયે આ રાજમહેલમાં રાજસ્ત્રીઓનાં રક્ષણ માટે કોઈ વ્યવસ્થા ખરી?'

આજુબાજુ નજર નાખતાં એણે મને હળવેકથી કહ્યું, 'હા. એની પણ સગવડ છે. એ વિશે હું અને મહારાજ બે જ જાણીએ છીએ!'

'શી સગવડ છે?' મેં કુતૂહલતાથી પૂછ્યું.

'મારી સાથે ચાલો. હું તમને બતાવીશ.'

હું એની સાથે રાજમહેલના એક કક્ષમાં ગઈ. આજુબાજુ નજર કરીને ખાતરી કરી લીધી કે કોઈ નથી. પછી ખૂણામાં પડેલા એક પથ્થરની ખૂંટી જમણી બાજુ ગોળગોળ ફેરવી. એ ખૂણામાંનો ત્રણ હાથ ઊંચો ભાગ દૂર થઈ ગયો. અંદરથી પ્રકાશનાં ઝાંખાં કિરણો બહાર પ્રસરવાં લાગ્યાં. તે એક ભોંયરું હતું.

'આ ભોંયરું ક્યાં જાય છે?' મેં વિસ્મયથી પૂછ્યું.

'અશ્વનદી તરફ!' એણે જવાબ આપ્યો.

મેં એ ભોંયરામાં નીચા વળીને જોયું. એટલામાં અંદરથી એક ચામાચીડિયું અવાજ સાથે ફફડ્યું. બહાર નીકળવા તે પાંખો ફફડાવતું હતું પણ તેને માર્ગ દેખાતો નહોતો! ભોંયરાની દીવાલ પર પોતાની પાંખ ફફડાવતું ત્રણચાર વાર તે અથડાયું... છેવટે ઉપર

અજવાળું આવે એ માટે કરેલા બાકોરામાંથી એ નીકળી ગયું. એનો ફફડાટ જોઈને મને વિચાર આવ્યો કે જીવન પણ વિશ્વના ભયાનક ભોંયરામાં છૂટવા ફડફડાટ કરતું પક્ષી જ છે. તરત જ મેં પથ્થરની ખૂંટી ડાબી બાજુ ગોળગોળ ફેરવી. એ ભાગ પહેલાંની જેમ બંધ થઈ ગયો. ભોંયરું અદશ્ય થઈ ગયું. મારું મન શાંત થઈ ગયું.

સાત

હું, ધાત્રી અને પિતા અમે એક વાર મહેલમાં બેઠા બેઠા વાતો કરતાં હતાં. એટલામાં એક દૂત સૈનિક હાંફતોહાંફતો મહેલમાં આવ્યો. માંડમાંડ શ્વાસ રોકતો તે બોલ્યો, 'મહારાજ, પૂર્વ દિશામાંથી નિષધનું સૈન્ય આક્રમણ કરી રહ્યું છે. આપણા ભોજપુર પર પણ ચડાઈ કરવા આવી રહ્યું છે.'

'શું બોલે છે તું? જા સીધો સેનાપતિ પાસે અને એને રણભેરી તથા શંખ વગાડવાનું કહે. ચર્મણ્વતીના કિનારે જ એને ઘેરો ઘાલવો જોઈએ. જ્યાં સુધી ભોજપુરમાં કુંતીભોજ છે ત્યાં સુધી રાજ્ય સ્વતંત્ર રહેવાનું. જા.' પિતા તરત જ ઊઠ્યા અને શસ્ત્રાગાર તરફ ગયા. એમની ચાલ સિંહ સમી રુઆબદાર હતી. દેહમાં ભોજપુરનું વિજયી લોહી વહેતું હતું.

ઘડીક વારમાં તેઓ યુદ્ધના વેશમાં સજ્જ થઈને આવી પહોંચ્યા. નગર આખામાં ચારેબાજુ શંખ, દુંદુભિ અને રણભેરીના અવાજો ઘૂમી વળ્યા. પિતાજીના મુખ પર કોઈ અનોખું તેજ ચમકતું હતું. ભોજપુરનું સૈન્ય સજ્જ થઈ ગયું હતું. ચારેબાજુ ભોજરાજાના જયકારની ઘોષણા થવા લાગી. શૂરવીર સૈનિકો આત્મબલિદાન દેવા થનગની ઊઠ્યા!

મેં ધાત્રીને પંચારતી તૈયાર કરવા આદેશ આપ્યો. યુદ્ધે ચડતાં પહેલાં રાજાની આરતી ઉતારવાનો રિવાજ છે. ધાત્રી આરતી લઈ આવી પણ એ પહેલાં તો પિતાજી નીકળી ગયા હતા! રાજમહેલના દરવાજે મેં એમને વિનંતી કરી : 'પિતાજી, ઊભા રહો. હું તમારી આરતી ઉતારું.'

તે પાછા ન ફરતાં બોલ્યા, 'વત્સ, ક્ષત્રિય એક વાર રણે ચડે પછી કદી એ મોં ફેરવીને જોતો નથી. વિજયી થઈને આવું ત્યારે પિતાની આરતી ઉતારજે. ત્યાં સુધી આ પંચારતીને મંદિરમાં કુલદેવતા સામે પ્રજ્વલિત રાખજે.' એમણે ગરુડ ચિહ્નધારી ધ્વજ હાથમાં લીધો. એક પછી એક ડગ આગળ માંડતાં તેઓ વિશાળ દ્વાર પાસે પહોંચી ગયા અને રથમાં બેસી ઘડીકમાં અદશ્ય થઈ ગયા. ચારેબાજુથી 'મહારાજ કુંતીભોજનો... વિજય હો'ની ઘોષણા થવા લાગી. ભોજનું સૈન્ય નિષધના સૈન્યને પરાજિત કરવા ફેલાતી અગ્નિની જ્વાળાની જેમ ધસમસવા લાગ્યું. ધૂળની ડમરી દૂર સુધી ફેલાઈ ગઈ. થોડી વારમાં સૈન્ય અશ્વનદીના પટ તરફ વિલીન થઈ ગયું.

આઠ

રોજ અવનવાં સમાચાર કાને પડતાં હતાં. ચર્મણ્વતી નદી પાસે જ બંને સૈન્ય વચ્ચે યુદ્ધ થયું હતું. ક્યારેક નિષધની જીત તો ક્યારેક અમારી જીત થતી હતી. અંતે અમારી જીત થઈ રહી છે એની જાણ થતાં નિષધના સૈન્યે પળ વારમાં ગીચ અરણ્યમાં આશ્રય લીધો પણ ભોજપુરના ચબરાક સૈન્ય પાસે કંઈ ચાલ્યું નહિ. દસ દિવસ સુધી રાહ જોઈને

અંતે જેવું આવ્યું હતું એવું જ ધોયેલા મૂળાની જેમ વિન્ધ્ય પર્વતની દિશા તરફ પાછું વળી ગયું! પિતાજીનો વિજય થયો!

એક દૂત સમાચાર લઈને આવ્યો, 'નિષધના સૈન્યને ભગાડીને મહારાજ કુંતીભોજ પાછા આવી રહ્યા છે.'

આખા નગરમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. પોતાના શૂરવીર રાજાનું પ્રેમપૂર્વક સ્વાગત કરવા સૌ નગરજનો ઉત્સુક થઈ ગયા. સ્ત્રીઓએ આંગણાં લીપ્યાં. દરવાજે આસોપાલવનાં તોરણો બાંધ્યાં. આક્રમણકારોને મહાત કરનાર વીર રાજા માટે જનતાને કેમ અભિમાન ન જાગે? આ રાજાનું કોણ સ્વાગત ન કરે? આ રાજા પર સુવર્ણફૂલોની વર્ષા કોણ ન કરે?

પંદર દિવસે પિતાજી વિજયી બનીને આવી રહ્યા હતા. પંદર દિવસ સુધી કુલદેવતા સમક્ષ ઈંગુદી તેલ નાખીને પ્રજ્વલિત રાખેલી પંચારતીને હાથમાં લઈને હું રાજમહેલના વિશાળ દ્વાર પાસે ઊભી રહી.

નગરની સીમમાંથી નગારાંના અવાજ સંભળાતા હતા. નગરજનો વિજયની ઘોષણા કરી રહ્યા હતા તેમ જ ફૂલ વરસાવી રહ્યા હતા. આખરે અમારું વિજયી સૈન્ય રાજમહેલ તરફ આવી પહોંચ્યું. સૈન્યની આગળ એક હાથીની અંબાડી પર પિતા બેઠેલા હતા. મહાવતે હાથીને નીચે બેસાડ્યો. પિતાજી દ્વાર પાસે ઊભા રહ્યા. એમની વિજયી આંખોમાંથી આનંદની લહર ઊઠતી હતી. એમનું શિર ઉન્નત હતું.

મેં એમની આરતી ઉતારી. પોતાની પીઠ પાછળ રહેલા બાણના ભાથામાંથી એક બાણ ખેંચીને હાથમાં લીધું. એની તીક્ષ્ણ ધાર એમણે પોતાના જમણા અંગૂઠામાં ખોસી દીધી. એમના પુષ્ટ અંગૂઠામાંથી લોહીનો ટશિયો ફૂટ્યો. લોહીનું તિલક મારા કપાળે કરી તેઓ બોલ્યા, 'વીરોએ વિજયની મસ્તીમાં જીવવું જોઈએ અને વીરકન્યાએ શીલ ખાતર પ્રાણત્યાગ કરવો જોઈએ.'

અમૃત તુલ્ય એ બોલ હતા!

હું ભાવવિભોર થઈ ઊઠી. મને પિતા માટે અભિમાન જાગ્યું. મેં મનોમન દોહરાવ્યું, 'વીરકન્યાએ શીલ ખાતર પ્રાણત્યાગ કરવો જોઈએ અને વીરોએ વિજયની મસ્તીમાં જીવવું જોઈએ!'

સૌ નગરજનોએ વિજયના ઉન્માદમાં ઘોષણા કરી, 'મહારાજ કુંતીભોજનો... વિજય હો!'

'રાજકુમારી કુંતીદેવીનો... વિજય હો!'

ગર્વથી છાતી ફુલાવતાં પિતાએ વિશાળ દ્વારેથી પ્રવેશ કર્યો. એટલામાં એક ભેદક અવાજ સૌનાં કાળજાં વીંધતો મહેલના પ્રાંગણમાં ફેલાઈ ગયો. વીજળીના કડાકા જેવો! પથ્થરની દીવાલો પણ ભયથી ધ્રૂજી ઊઠે એવો અવાજ!

'રાજા, વિજયના આનંદમાં શું આટલા ઉન્મત્ત થઈ ગયા કે તારા મહેલ સામે કોણ અતિથિ આવીને ઊભા છે એની ખબર સુધ્ધાં ન રહી?'

સૌ નગરજનોની દૃષ્ટિ એ અવાજ તરફ ખેંચાઈ. સારાય વાતાવરણમાં ભયનું મોજું વ્યાપી ગયું.

અમે અવાજની દિશા તરફ મીટ માંડી. એક લાંબી દાઢીધારી, જટાધારી, કૃશ અને ઊંચા એવા એ ઋષિ હતા! એમનો વાન તાંબાવર્ણો હતો. એમની દૃષ્ટિમાં આખો સંસાર જાણે એક ઘાસના ઢગ સમાન હતો! સંસારને હાથમાંના બલ્વવૃક્ષના દંડથી સહજમાં ઊલટો કરી શકવાની તેમનામાં શક્તિ હતી. પોતાની વાંકી ભ્રૂકુટિથી એમણે સમસ્ત બ્રહ્માંડને પોતાની મુઠ્ઠીમાં બાંધી લીધો હતો. હાથમાં રહેલા ચકચકિત કમંડળને હવામાં ડોલાવતા તેઓ આંખમાંથી અંગારા વરસાવી રહ્યા હતા.

નગરજનો અંદર અંદર ગણગણાટ કરવા લાગ્યા. પિતાજી તરત જ એમની નજીક ગયા અને ઋષિને ચરણે સાષ્ટાંગ દંડવત પ્રમાણ કર્યાં!

એ ઋષિએ ફરીથી ગર્જના કરી, 'કુંતીભોજ, રણભેરી અને શરણાઈના સૂરો શા માટે વગાડી રહ્યો છે?'

'ગુરુદેવ, ક્ષમા કરો. યુદ્ધ કરીને હમણાં જ પાછો ફર્યો છું. આપના આગમનની કોઈ સૂચના નહોતી. નહિતર...' પિતાએ એમનાં ચરણોમાં મસ્તક નમાવી વિનમ્રભાવે કહ્યું. એક ક્ષણ પહેલાં અશોક વૃક્ષ જેવા ઉન્નત પિતા બીજી જ ક્ષણે ઘાસનાં તણખલાંની જેમ વિનમ્ર બની ગયા. ક્ષણ પહેલાં સાપ જેવા સ્નિગ્ધ અને ચમકદાર લાગતા હતા એ અત્યારે ગોકળગાય જેવા દીન બની ગયા હતા.

'તું શું મને તારો માંગલિક સેવક સમજે છે કે મારે તને મારા આગમનની સૂચના દેવાની? આ પૃથ્વીની પીઠ પર મુક્તપણે ફરનારો હું એક સ્વતંત્ર ઋષિ છું એની તને ખબર નથી? કે પછી આ સમસ્ત પૃથ્વી પણ તારા ચરણની દાસી બની ગઈ છે?' એ ઋષિ ફરી ભવાં ચડાવીને ગર્જ્યાં.

સૌના પર જાણે વજ્ર તૂટી પડ્યું!

'ક્ષમા કરો. આપ આવવાના છો એની ખબર હોત તો અમે જરૂર આપનું સ્વાગત કરત.' અંગ સંકોરતાં હળવેકથી ઊભા થઈને પિતાએ કહ્યું, 'સ્વાગત અને માનપાન તારા જેવા નૃપને માટે હોય! મને એમની પરવા નથી.'

'ક્ષમા કરો.' હાથ જોડીને પિતાજીએ દીનવાણી ઉચ્ચારી.

'સારું. રાજન્, ચાલો.'

સૌએ નિરાંતનો શ્વાસ લીધો. ધાત્રીએ મને આગળ જઈ નમસ્કાર કરવા કહ્યું. હું હળવેકથી નજીક ગઈ અને ઋષિને નીચા વળી પ્રણામ કર્યાં.

'આ કોણ છે? રાજન્!' એમણે પિતાને પૂછ્યું.

'આ મારી કન્યા કુંતી!'

'તારી કન્યા? રાજન્, તું કોને કહે છે એ તું જાણે છે?' પોતાની આંખો ચારેબાજુ ફેરવતાં ઋષિએ વેધક પ્રશ્ન પૂછ્યો.

'ના. ગુરુદેવ. ક્ષમા કરો. આ શૂરસેન રાજાની કન્યા પૃથા! મારી માનસકન્યા કુંતી.' આજે પિતાજીને શું થઈ ગયું છે? મુસળધાર વરસાદમાં નમી પડતા ઘાસની જેમ તેઓ કેમ આજે નતમસ્તકે વારંવાર આ દાઢીવાળા ઋષિને લળી લળીને નમસ્કાર કરી રહ્યા છે!

'રાજન્, હું અહીં ભોગવિલાસ કરવા નથી આવ્યો. મારે એક મહાયજ્ઞ કરવો છે.

અહીં – આ ભોજપુરીમાં અને તારા રાજમહેલમાં જ. મારા અંતરાત્માએ મને આ આદેશ આપ્યો છે.'

'સેવક સેવા કરવા તૈયાર છે.' પિતાએ નમીને કહ્યું.

'આ મહાયજ્ઞ સીધોસાદો નથી, રાજન્! આ વિશ્વ પંચ મહાભૂતોનું બનેલું છે. એ પંચ મહાભૂતોને આ યજ્ઞથી હું મારાં ચરણના સેવક બનાવીશ! જે શક્તિના બળ પર આ સઘળું વિશ્વ ચાલી રહ્યું છે તે તમામ શક્તિને આ યજ્ઞથી હું દાસી બનાવીશ. સમજ્યો! આ યજ્ઞમાં કંઈ પણ ખામી આવી તો...' એમણે આંખો લાલઘૂમ કરી.

'નહીં, ગુરુદેવ. હું અને કુંતી આપના કાર્યમાં સહેજે ખોટ આવવા નહિ દઈએ.'

'ધ્યાન રાખજે, કુંતીભોજ. આ યજ્ઞ સમસ્ત આર્યાવર્તમાં પહેલી વાર થવાનો છે! છેલ્લાં ચાલીસ વર્ષોથી હિમાલયમાં ઘોર તપશ્ચર્યા કરી મનની દિવ્યશક્તિ પ્રાપ્ત કરીને હું અહીં આવ્યો છું.'

'ગુરુદેવ, આજ હું ધન્ય થયો. આપ મારા રાજમહેલમાં પધાર્યા.'

'રાજમહેલમાં? જ્યાં વૈભવવિલાસ હોય ત્યાં આત્માનો વિનાશ થાય. હું તો પર્ણકુટીમાં રહીશ. તારા રાજમહેલની સામે પર્ણકુટીમાં!'

'જેવી આજ્ઞા. આ કુંતી આપની સેવા કરશે.'

એ ઋષિએ મહેલના વિશાળ દ્વારેથી અંદર પ્રવેશ કર્યો. સમસ્ત પ્રજાએ ઘોષણા કરી. 'દુર્વાસા ઋષિનો... વિજય હો!'

તત્ક્ષણ પાછળ ફરીને દુર્વાસા ઋષિ સૌના પર તાડૂક્યા, 'કોનો જયજયકાર કરો છો? જાઓ. ખેતરમાં જઈને બૂમબરાડા પાડો, જેથી દાણા ખાઈ જનારાં પક્ષીઓ તો ઊડી જશે. જાઓ. અહીંથી દૂર હટો! રાજન્, આવો કોલાહલ હું સહેજે ચલાવી નહિ લઉં. મને સંપૂર્ણ એકાંત જોઈએ!' તેઓ ફરીથી તાડૂક્યા.

આ હતા દુર્વાસા ઋષિ! અત્રિ ઋષિના પુત્ર! મહાસતી અનસૂયાના પુત્ર! યોગીરાજ દત્તાત્રયના બંધુ! આર્યવર્તના સમસ્ત ઋષિઓના ક્રોધને કમંડળમાં સહેજે સમાવી લીધો છે એવા દુર્વાસા!

નવ

તત્કાળ મહેલની સામે પર્ણકુટી ઊભી કરવામાં આવી! કેવું વિચિત્ર લાગતું હતું! એક વૈભવશાળી રાજમહેલ સામે એક ઘાસની પર્ણકુટી! મહેલમાં આવનાર સૌ અતિથિએ પર્ણકુટીને આશ્ચર્યથી જોઈ રહેતા. જ્યાં સૈનિકોની સતત આવનજાવન રહેતી ત્યાં દુર્વાસા ઋષિના ગંભીર મંત્રોચ્ચાર ગુંજતા હતા. 'ૐ ભૂર્ભૂસ્વ...' બ્રાહ્મમુહૂર્તે પ્રાતઃકાળે ઊઠી દુર્વાસા ઋષિ અશ્વનદીમાં સ્નાન કરીને આવતા અને મંત્રસાધના કરવા પૂર્વ દિશા તરફ મુખ રાખીને બેસતા. સામે યજ્ઞકુંડમાં જાતજાતનાં સમિધો હોમતા. એના ધુમાડાથી રાજમહેલના લોકોની આંખોમાંથી પાણી વહેવા લાગતાં.

દુર્વાસા ઋષિ! એમનું વર્તન કેવું જક્કી અને અક્કડ હતું! જેમણે વિશ્વનું નિર્માણ કર્યું છે એમની દિવ્ય શક્તિ પર એ વિજય મેળવવા ઇચ્છે છે! પંચ મહાભૂતને તેઓ દાસ બનાવશે. એમની મનઃસ્થિતિને કોણ પામી શકે? ક્યારેક નાના બાળકની જેમ મારી પાસે

દૂધ માટે હઠ કરતા તો ક્યારેક બબ્બે દિવસ સુધી ખાધાપીધા વગર રહેતા. ક્યારેક દુર્લભ વૃક્ષના સમિધની માગણી કરતા તો ક્યારેક પાસે પડેલાં સમિધને ફેંકી દેતા. ક્યારેક મારી પર ચિડાઈ જતા તો ક્યારેક બબ્બે દિવસ સુધી એક શબ્દ પણ બોલ્યા વગર ચૂપચાપ બેસી રહેતા.

આવા દુર્વાસા ઋષિની સેવા પિતાજીએ મને સોંપી હતી! એમણે મને ચેતવી હતી કે દુર્વાસા ઋષિ ગમે તેટલો ગુસ્સો કરે તોપણ મોંમાંથી એક હરફ કાઢવો નહિ. મોં પર કંટાળો બતાવવો નહિ. એની સેવામાં સહેજ પણ ખામી આવવા દેવી નહિ. ક્યારેક તો ઋષિનું વર્તન અસહ્ય થઈ પડતું. તેઓ મને એમના પગ ધોવાનો આદેશ પણ આપતા! એમનાં એટલાં બધાં વિચિત્ર કામો મારે કરવાં પડતાં કે હું થાકીને ઢગલો થઈ જતી. મન મુરઝાઈ જતું. પરંતુ પિતાના સંતોષને ખાતર હું કર્યે જતી. ધોયેલાં પગ તેઓ ફરી ધોવરાવતાં તોપણ એમનો ક્રોધ તો સાંખવો જ પડતો! ત્યારે એવો ગુસ્સો ચડતો કે આ આખી પર્ણકુટીને બાળીને ખાખ કરી દઉં અને સીધી મથુરા ચાલી જાઉં. આવા જક્કી ઋષિની સાથે વધુ રહીશ તો ક્યાંક હું જ ગાંડી થઈ જઈશ એવી મને બીક લાગતી!

એક નહિ, બે નહિ પણ ખાસ્સા દસ મહિના સુધી મેં એમનો વિચિત્ર વ્યવહાર સહન કર્યો. રોજ રાત્રે હું ઊંઘમાંથી ફફડીને જાગી જતી. કેમકે વહેલી સવારે ઊઠીને પૂજાની તૈયારી કરવી પડતી. પૂરતી ઊંઘ ન થવાથી આંખો લાલઘૂમ રહેતી. હું દુબળી થઈ ગઈ હતી. મારી આ દશા જોઈ ધાત્રી દુર્વાસા તરફ રોષે ભરાતી.

અંતિમ દિવસોમાં દુર્વાસા ઋષિએ પર્ણકુટીમાંથી બહાર નીકળવાનું પણ બંધ કરી દીધું હતું. છેલ્લા બે મહિના સુધી તો તેમણે મૌન જ ધારણ કર્યું હતું. ફક્ત દૂધ અને ફળનો આહાર કરતા. આખી રાત મંત્રનું રટણ સતત ચાલુ હતું. મને એમના જાગરણનો ભય લાગતો. આ ઋષિ શક્તિ પર વિજય મેળવવાને બદલે ક્યાંક એ શક્તિઓમાં જ વિલીન ન થઈ જાય? યજ્ઞ કરીને શું મેળવશે? પંચ મહાભૂતને દાસ બનાવીને ઋષિ શું કરવાના? માનવી આ તેજને કેમ સહન કરી શકશે? રાતદિવસ આવા અનેક પ્રશ્નો મારા મનને વ્યાકુળ કરી દેતા. હું કોઈને મળવા પણ જઈ શકતી નહિ. કેમકે પર્ણકુટીમાંથી તેઓ ક્યારે બૂમ પાડી મને બોલાવશે એ જાણવું મુશ્કેલ હતું. ગમે ત્યારે શું માગશે એ કહી શકાતું નહિ.

એક પૂનમને દિવસે આવા જ વિચારમાં ખોવાયેલી મને ઊંઘ ચડી ગઈ. હું ગાઢ નિદ્રામાં હતી. વહેલી સવારે બુલંદ અવાજ આવ્યો અને હું ઝબકી ગઈ. પર્ણકુટીમાંથી દુર્વાસા ઋષિ એકસરખી બૂમો પાડી રહ્યા હતા. ફક્ત દૂધ પીને અને ફળ ખાઈને તેમનો અવાજ વીજળીના કડાકાને લજવે તેવો જોરદાર થઈ ગયો હતો! એ આનંદવિભોર બનીને મોટેથી બોલતા હતા :

'કુંતીભોજ... કુંતીભોજ!'

હું અચાનક ઊઠી અને અંદર ગઈ. એમણે આંખો ખોલી. એમની સામે જોવાની મારામાં હિંમત નહોતી! અતિશય દેદીપ્યમાન તેમની આંખો હતી! મને જોતાં જ એમના ચહેરા પર એક આછી સ્મિતની લહર ફરકી ગઈ. ઘેરા ગંભીર અવાજે તેઓ બોલ્યા, 'કુંતી, મારી સેવાનું ફળ આજ તને મળશે! આખું જગત આજથી તને વીરોની જનની તરીકે

ઓળખશે! આવ. બેસ.' હું ત્યાં જ થંભી ગઈ! તેમણે ગર્જના કરી, 'બેસ!'

હું યજ્ઞની વેદિ પાસે બેઠી. એમના કહેવાનો આશય મને સમજાયો નહિ.

તેઓએ કહ્યું, 'કુંતી, વિશ્વના આ પંચ મહાભૂતને આજે મેં મંત્રના દોરાથી રથના અશ્વોની જેમ કચકચાવીને બાંધી દીધા છે! મારો પ્રયોગ સફળ થયો છે! લે આ આચમન.'

'પણ હું...?' મારું હૃદય ભયથી કંપી ઊઠ્યું.

'કુંતી, તું કોની સામે ઊભી છો એ તું જાણે છે?' એમની આંખો ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ. મને બાળીને ભસ્મ કરી દેશે કે શું?

મેં ચૂપચાપ આચમન લીધું અને તેઓ ધાણી ફૂટે એમ મંત્રો બોલવા લાગ્યા. પૂર્વે મેં કદી સાંભળ્યા નહોતા એ મંત્રો આજે કાન દ્વારા સીધા હૃદયપટ પર સ્પષ્ટપણે અંકિત થવા લાગ્યા! શબ્દના શ્રવણ માત્રથી મારું હૃદય અવર્ણનીય આનંદ અનુભવતું હતું. એ શબ્દો જાણે અમૃતની લહર હતા! મારું શરીર હળવું ફૂલ બની ગયું. ઘડીભર લાગ્યું કે હું શબ્દરૂપ છું! આંખ સામે શ્વેત પ્રકાશનાં વલયો રચાવાં લાગ્યાં.

મંત્રોચ્ચાર પૂર્ણ થતાં વિજયીવીરની જેમ દુર્વાસા ઊઠ્યા. મારા મસ્તક પર હાથ ફેરવતાં કહે, 'કુંતી, સમસ્ત આર્યાવર્તમાં તારા જેવી કોઈ સ્ત્રી નહિ પાકે! તું જે શક્તિનું સ્મરણ કરી મંત્ર ભણીશ કે તરત તે શક્તિ માનવ રૂપે તારી પાસે સેવક સ્વરૂપે હાજર થઈ જશે અને તારા ઉદરમાં પોતાના જેવા તેજસ્વી પુત્રનું નિર્માણ કરી ચાલી જશે. આ દુર્વાસાના આશીર્વાદ છે. એ જાણી લે. જા.'

મારા એક પણ ઉત્તરની રાહ ન જોતાં કે પિતાને મળવા પણ ન રોકાતાં તેઓ આવ્યા એવા જ કમંડળ હલાવતાં મત્ત હાથીની જેમ પર્ણકુટીમાંથી ચાલ્યા ગયા. પળવારમાં એ અદશ્ય થઈ ગયા. રાજમહેલની દીવાલો છોડીને ઉત્તર દિશા ભણી પ્રયાણ કરી ગયા.

યજ્ઞકુંડની ભસ્મ વાયુલહરીની જેમ પર્ણકુટીમાં ઘૂમી વળી. હવાના એક ઝોંકાથી વ્યાઘ્રચર્મનું આસન અસ્તવ્યસ્ત થઈ ગયું.

દસ

દુર્વાસા ઋષિ ચાલ્યા ગયા. મહેલ પૂર્વવત્ શોભી ઊઠ્યો. ધાત્રીએ છૂટકારાનો શ્વાસ લીધો. પિતાના હૃદયનો ભાર હળવો થયો. દુર્વાસાએ આપેલા દૈવી દેવહુતિ મંત્રની કોઈને જાણ નહોતી.

રાજમહેલના સેવકો દુર્વાસા ઋષિને સાવ ભૂલી ગયા હતા. દુર્વાસા એ ભોજપુરના રાજમહેલમાં ક્ષણ માટે ઉમટેલું વાદળ હતા. પરંતુ એમના શબ્દો હજી પણ કાનમાં ગુંજ્યા કરે છે, 'તું વીરોની માતા બનીશ.' આ શબ્દોથી હું શરમાઈ જતી. ઘણી વાર હું દિવસ આખો ચૂપચાપ બેસી રહેતી. મંત્રના શબ્દો મારા કાનમાં ગુંજારવ કરી રહ્યા હતા. એ મંત્રો બોલવાની મને પ્રબળ ઇચ્છા થઈ આવતી. જોકે હું મન પર સંયમ કેળવી લેતી પણ જેમ ડાંસ કૂતરાની પાછળ પડે તેમ મંત્રો મારો કેડો મૂકતા નહોતા. મનના આ ભીતરી સંઘર્ષને લીધે રોજબરોજના વ્યવહારમાં હું ઘણી વાર હાસ્યાસ્પદ ભૂલો કરી બેસતી. દાસદાસીઓને જ્યારે હું અચાનક 'જી' કહીને જવાબ દેતી ત્યારે સૌ મારી સામે વિસ્મયથી જોઈ રહેતા. તરત જ હું સભાન થઈ જતી. આમ દિવસો પર દિવસો વીતવા લાગ્યા. વસંતઋતુનું

આગમન થયું. રંગબેરંગી ફૂલોથી નગર શોભી ઊઠ્યું. વાતાવરણમાં ફૂલોની સુગંધ મહેકી ઊઠી.

વસંત! વસંત એટલે વર્ષાઋતુના અંતિમ ઇન્દ્રધનુષ્યનું પૃથ્વી પર પડેલું પ્રતિબિંબ! વસંત એટલે અનેક પ્રકારના પક્ષીઓ સપ્તસ્વરના પાવા લઈને જાણે પૃથ્વી પર અવતરેલા સપ્તર્ષિઓ! વસંત એટલે નટખટ વર્ષાઋતુએ પોતાની ધારાની અસંખ્ય આંગળીઓથી કરેલી ગુદગુદી જેથી પૃથ્વી રૂપી બાળકના ગાલમાં પડેલાં ખંજન! યૌવનમાં પદાર્પણ કરતા યુવાન હૈયાને વસંતનું સદાય આકર્ષણ હોય છે. હું હંમેશ મહેલની અટારીએ ઊભી રહી વિવિધ ફૂલોથી લચી રહેલાં આસપાસનાં નિસર્ગના સૌંદર્યને માણતી.

એવી જ રીતે એક વાર વહેલી સવારે હું અટારીએ ઊભી હતી. રવિવારનો દિવસ હતો. મંદ મંદ પવનની લહર મને અશ્વનદીનું કલકલ સંગીત સંભળાવતી હતી. આખું નગર ધીરેધીરે આળસ મરડી રહ્યું હતું. ગાયની કોટે બાંધેલી ઘંટડીઓનો મધુર રણકાર સંભળાતો હતો. પક્ષીઓ કિલકિલાટ કરતા હતા. એટલામાં પૂર્વ દિશા ઝળહળી ઊઠી. સૂર્યદેવ પૂર્વની ક્ષિતિજે હળવે હળવે આગમન કરી રહ્યા હતા. એમના સ્પર્શ માત્રથી તમામ વસ્તુમાં ચેતનાનો સંચાર થયો. મારા દેહમાં એક મીઠી ધ્રુજારી ફરી વળી. ધીરે ધીરે એ તેજ પૂર્ણ સ્વરૂપે પૂર્વ તરફ સ્થિર થઈ ગયું. તેઓ કેટલા તેજસ્વી દેખાતા હતા! એમનાં અસંખ્ય તેજસ્વી કિરણો કણકણને પ્રકાશિત કરી રહ્યાં હતાં. મારા મનમાં એક વિચિત્ર વિચાર ઝબક્યો. હું જો ધરતીની જેમ વિશાળ હોત તો આ તેજના તમામ કણો મારાં સર્વ અંગોને સ્પર્શી વળ્યાં હોત! ઊકળતું પાણી નીચેથી જેમ ગોળાકાર ફરે છે, તેમ મંત્રોચ્ચાર મારા મનમાં ચકરાવા લાગ્યા. મારું સમસ્ત શરીર એ મંત્રોચ્ચારથી મંત્રમય બની ગયું હોય એવી મને પ્રતીતિ થવા લાગી. કુતૂહલનું વાછરડું પોતાને ગળે બાંધેલા બંધનને તોડવા આંચકા દેવા લાગ્યું. આ મંત્રનું શું ફળ હશે? આ સૂર્યદેવનું હું ચિંતવન કરું તો શું તેઓ મારી સમક્ષ ઉપસ્થિત થશે? એ શક્ય છે ખરું? આ મંત્રમાં કેવી શક્તિ છે તે જોઉં તો ખરી? દુર્વાસા ઋષિ સાધના, સાધના કહ્યા કરતા હતા તે જોઉં તો ખરી કે એમની સાધનામાં કેવું સામર્થ્ય છે? મેં આંખો મીંચી. ક્ષણભર એ દૈવી શક્તિનું સ્મરણ કર્યું. હું હાથ જોડી એક પછી એક મંત્રનું રટણ કરવા લાગી! તેના પ્રત્યેક શબ્દે મારું શરીર હળવાશ અનુભવતું હતું. મન અમન થતું ગયું. મંત્રનો પ્રત્યેક શબ્દ વધુ ઊંચે અવાજે મુખમાંથી નીકળવા લાગ્યો. મને દેહદશાનું ભાન ન રહ્યું. મન! એ પણ અમન થઈ ગયું. તમામ વસ્તુ મારા સ્મૃતિપટ પરથી ખસવા લાગી. હું કુંતી છું, હું અટારીએ ઊભી છું, હું મંત્ર ભણું છું. એ જ્ઞાનનાં તમામ બંધન તડડડ તૂટવાં લાગ્યાં! હું કેવળ એક તેજસ્વી જ્યોત બની ગઈ! એ જ્યોતને અન્ય કંઈ જ દેખાતું નહોતું. પૂર્વ દિશાથી એક કાંતિમાન, તેજસ્વી, દેદીપ્યમાન પુરુષ પધારી રહ્યા હતા! એમના કાનમાં પ્રકાશનાં વલયો ફેંકતાં દિવ્ય કુંડળ હતાં. કેશ સોનેરી રંગથી ચમકતા હતા. આંખમાંથી ઝળહળતી પ્રકાશની લહેર લહેરાતી હતી. એમનાં તેજસ્વી રૂપની આભા ચોતરફ પ્રસરેલી હતી. અંધારના સામ્રાજ્યને પોતાની ગૌરવશાળી ચાલથી ભસ્મ કરતાં તેઓ અટારી તરફ આવી પહોંચ્યા. તેઓ દશે દિશામાં અસહ્ય કિરણશલાકા ફેલાવતા હતા! મારા શરીર રૂપી જ્યોતિનો આ દેદીપ્યમાન પુરુષે સ્પર્શ કર્યો. જ્યોત થથરી. વિરોધ દર્શાવવા શિર હલાવીને તે કાંપી ઊઠી. બંને વચ્ચે મૌનની ભાષામાં

વાર્તાલાપ થયો. જ્યોતિનું કંઈ ચાલ્યું નહિ. એ આકાશ પુરુષ જ્યોતિને ભેદીને સામે પાર નીકળી ગયા. એક મહાન તેજનું સંક્રમણ થયું!

મારાં તપ્ત થયેલાં રોમેરોમ ઝણઝણતાં હતાં. ધીમે ધીમે હું ચેતન જગતમાં પાછી આવી રહી હતી. શરીરનો તાપ મને અસહ્ય દઝાડતો હતો. આંખ સામે તેજનાં વલયો ઘૂમતાં હતાં. પગમાંની શક્તિ જાણે ચાલી ગઈ હોય તેમ લાગતું હતું. જો હું વધારે વાર ઊભી રહીશ તો અટારીએથી જમીન પર જોરથી ફસડાઈ પડીશ. એ બીકે હું તરત જ નીચે બેસી ગઈ. મારી પીઠ પર કોઈએ હાથ મૂક્યો અને તરત જ ઝાટકો લાગ્યો. મેં પાછળ ફરીને જોયું તો ધાત્રી હતી! વિમૂઢતાથી તે મારી સામે જોતી હતી. વિસ્ફારિત આંખે તે બોલી, 'રાજકુમારી, તમારા શરીરમાં કેટલો તાવ ભર્યો છે! ચાલો. તમને દવા આપું.'

હું અટારીએથી નીચે આવી. પગથિયાં ઊતરતી વખતે મનમાં થયું કે હું ક્યાં જઈ રહી છું? ઊંચા આકાશેથી પૃથ્વી પર કે પૃથ્વી પરથી નીચે પાતાળમાં?

અગિયાર

તે દિવસથી મને થયેલા પ્રત્યેક અનુભવ ખરેખર અકલ્પનીય હતા. મારા વિચિત્ર વ્યવહારનું મને જ આશ્ચર્ય થતું. મને કોઈ સાથે વાત કરવી ગમતી નહિ. રોજ મારી આંખ સામે તેજનાં વલયો ફરતાં દેખાતાં. વારંવાર હું દુર્વાસા ઋષિની એ પર્ણકુટીમાં જઈને અકારણ બેસી રહેતી.

મહેલમાં દાસદાસીઓ મારા વર્તનથી ચિંતાતુર રહેતાં. સૌ મને પ્રસન્ન રાખવાના પ્રયત્ન કરતા પણ મારું મન હંમેશ આકાશમાં ઊંચે ઊડવા લાગતું. કંઈ કારણ વગર મને બહાર અજવાળામાં બેસવાની ઇચ્છા થતી. રોજ હું અટારીએ ઊભી રહી સૂર્યદેવનાં દર્શન કર્યાં કરતી. તેઓ મારા માથા પર થઈને છેક પીઠ સુધી આવી જતાં. એમનાં તપ્ત કિરણોથી મારી પીઠ સારી પેઠે ગરમ થાય ત્યાં સુધી મને ઊઠવાનું મન થતું નહિ! રોજનો ત્રણ કલાકનો મારો આ કાર્યક્રમ થઈ ગયો હતો. રાત્રે પણ મારા કક્ષમાંથી આકાશને જ જોઈ રહેતી. આકાશમાં અસંખ્ય તારા ટમટમતા હતા. તારાનાં એ ફૂલોને ચૂંટવાની મને ઇચ્છા થઈ આવતી. જે કંઈ પ્રકાશમાન હોય તેના પ્રત્યે મને ગજબનું આકર્ષણ જાગતું! મારું શરીર સોનલવર્ણું થઈ ગયું હતું.

ઘણા દિવસો સુધી મારી મનઃસ્થિતિ આમ વિચિત્ર રહી. મારા દેહમાં આમૂલ પરિવર્તન થવા માંડ્યું હતું. એક વાર અમસ્તી જ હું ભવનમાં આંટા મારતી હતી. કોઈ દાસીએ આપેલું પીળું ચંપાનું ફૂલ સૂંઘતી હતી. એવામાં ધાત્રી આવી. એની સાથે વાત કરવા જતાં ફૂલ મારા હાથમાંથી નીચે પડી ગયું. એને ઊંચકવા હું નીચે નમી. મારું શરીર ભારે થઈ ગયું હોય એવું મને લાગ્યું. જેમતેમ કરીને ફૂલ હાથમાં લીધું અને ફરી સૂંઘવા લાગી.

ધાત્રી મારી સામે વિચિત્ર રીતે જોતી હતી! વૃદ્ધાવસ્થાને કારણે કપાળમાં કરચલીઓ પડી હતી એમાં એકનો વધારો થયો. એની વિચક્ષણ અનુભવી આંખો મારા આખા શરીરનું નિરીક્ષણ કરી રહી હોય એવું મને લાગ્યું! એ સફેદ ભવાં ચડાવતી બોલી, 'રાજકુમારી, મારી વૃદ્ધાવસ્થા મને દગો તો નથી દેતી ને? એક પ્રશ્ન પૂછું?'

'ધાત્રી, પ્રશ્ન પૂછવા ક્યારેય તારે મારી સંમતિ માગવી પડી છે?' મેં એને વળતો પ્રશ્ન કર્યો.

'ના. પણ રાજકુમારી. આ પ્રશ્ન પૂછીશ તો કદાચ તમને ખોટું લાગશે. તરત હુકમ કરશો કે આ વૃદ્ધા ગાંડી થઈ ગઈ છે, માટે એને લાત મારીને વિન્ધ્ય પર્વત પર મૂકી આવો!'

'ધાત્રી, તું આ મહેલની સૌથી વૃદ્ધ અને સૌથી પ્રામાણિક દાસી છો એ હું ભૂલી નથી ગઈ. પૂછ, તારે જે પૂછવું હોય તે ખુલ્લા દિલે પૂછ.'

ફરી એક વાર એની અનુભવી આંખો મારા દેહ પર ફરી વળી. તે થરથરતી હતી. તેણે કાંપતા અવાજે પૂછ્યું, 'રાજકુમારી, તમે માતા બનવાના છો...!'

'ધાત્રી, તું શું બોલે છે એનું તને ભાન છે?' હું ચીસ પાડી ઊઠી. મારા પર સાપ પડ્યો હોય એમ હું ભયભીત થઈ ગઈ.

'રાજકુમારી, જુઓ મારે માથે ધોળા વાળ આવી ગયા છે. આ રાજમહેલની ત્રણ રાજપેઢી મેં જોઈ નાખી છે. તમારું શરીર અરીસામાં ધ્યાનથી જુઓ.' ફરી ડોક હલાવતી તે ભવનમાંથી બહાર ચાલી ગઈ.

માતા! આ બે શબ્દના પ્રહારથી મારા હૃદયને વીજળીનો ઝાટકો લાગ્યો. મને ચક્કર આવવાં લાગ્યાં. થયું કે ધરતી મારગ આપે તો સમાઈ જાઉં. મારું મન ભોંયરાના ચામાચીડિયાની જેમ દેહની દીવાલોમાં અથડાવા લાગ્યું – અસહાયપણે!

હું માતા બનવાની હતી! કુંવારી અવસ્થામાં માતા!

માતૃત્વ એ સ્ત્રીઓને પ્રાપ્ત થતું સર્વશ્રેષ્ઠ વરદાન! પરંતુ મને એ શાપ સમાન કેમ લાગે છે? દુર્વાસા ઋષિનાં એ વચનો મારા કાનમાં પડઘાવા લાગ્યાં, 'તું વીરોની જનની બનીશ.'

એમના મંત્રના ત્રૂટક શબ્દો કાનમાં ગુંજવા લાગ્યા. 'ૐ...' મારા મનઘુમ્મટમાં પિતાના શબ્દો ઘુમરાવા લાગ્યા, 'વીરોએ વિજયના આનંદમાં જીવવું જોઈએ અને વીરકન્યાએ શીલ ખાતર પ્રાણત્યાગ કરવો જોઈએ!' શીલ! સ્ત્રીઓનું અણમૂલ રત્ન! શીલ આર્યસ્ત્રીઓનો શ્વાસોચ્છ્વાસ!

તે વખતે બાગમાં ચંડોલ પક્ષીનું બચ્ચું પોતાની ચાંચ ફાડીને ચીસ પાડતું હતું – ચિર્રર, ચિર્રર!

પિતાજી મથુરાથી મને અહીં લાવ્યા પછી મારાથી છૂટા પડતી વખતે કહેલા આ શબ્દના અગણિત પડઘા મારી આસપાસ પરિક્રમા કરી રહ્યા હતા.

'તું એક ક્ષત્રિય રાજકન્યા છો એ કદી ભૂલતી નહિ!'

ક્ષત્રિય કન્યા! શીલ! શબ્દોનો મુસળધાર વરસાદ વરસવા લાગ્યો. સ્વરો તાંડવ કરવા લાગ્યા. શીલ! ક્ષત્રિય કન્યા! કાન પર હાથ દબાવી, આંખો મીંચી મેં જોરથી હાક મારી, 'ધાત્રી, ઊભી રહે.'

તે પાછી ફરી. એ મારી સામે આવીને ઊભી રહી કે મેં આંખ મીંચીને જ એને કહ્યું, 'ધાત્રી, હું રાજકુમારી કુંતી તને આદેશ આપું છું કે હમણાં ને હમણાં જ સંસારનું સૌથી હળાહળ ઝેર મને લાવી આપ!'

મારે માટે આ સિવાય બીજો કોઈ સુરક્ષિત માર્ગ નહોતો!

'રાજકુમારી–' એનો અવાજ વીણાના તારની જેમ કંપ્યો.

'જા. રાજકુમારીની આ આજ્ઞા છે.' મેં કડક શબ્દોમાં કહ્યું.

'ધાત્રી, દાસીએ આજ્ઞા પાળવાની હોય છે. શિખામણ આપવાની નહિ. જા.' નીચું મોં કરીને એ ભવન બહાર ચાલી ગઈ.

બાર

ત્યાર પછી ધાત્રી મારા ભવનમાં ક્યારેય ફરકી નહિ. પોતાની જ રાજકુમારીને ઝેર લાવીને આપવાની એનામાં જિગર નહોતી. મેં એને કેટલાય સંદેશા પાઠવ્યા પણ કામનું બહાનું કાઢીને મને મળવાનું એ ઠેલતી ગઈ. કાળ પોતાની સહસ્ર જીભથી ખાવા ધાતો હોય એવી એક એક પળ મને લાગતી હતી. ભવન બહાર પગ મૂકવાનું મેં છોડી દીધું હતું.

મારા કાનમાં એક જ વિચાર દૃઢ હતો. મૃત્યુ! તરફડતા જીવને સદાયને માટે શાંત કરવા એક મૃત્યુ સિવાય બીજો કોઈ વિકલ્પ મને સૂઝતો નહોતો. મૃત્યુ! મરણપ્રાય માનસિક વેદનાનો અંત લાવનાર મૃત્યુ! પ્રતિષ્ઠાની બેડીમાં બંધાયેલા માનવીને અજ્ઞાનના અનંત પ્રદેશ ભણી લઈ જનાર મૃત્યુ! સંસારનાં સઘળાં શ્યામ દૃશ્યોને પોતાની શ્યામ જીભથી પચાવી જનાર મૃત્યુ! મનની આવી વ્યગ્ર દશાનો મૃત્યુ સિવાય બીજો કયો આરોવારો છે? કારણ આજે રાજકુમારીને સૌ માન દે છે, તેનો પ્રત્યેક બોલ અધ્ધર ઝીલે છે. પણ – પણ કાલે? કુંવારી માતા બનનારી કુંતી વિશે લોકો શું બોલશે? 'કુલટા' કહીને સૌ એના મોં પર થૂંકશે. એના પર પથ્થર ફેંકશે અને નગરમાં સૌ એની ઠેકડી ઉડાવશે. લોકો કેવાં વિચિત્ર હોય છે! આમ તેઓ માતૃત્વનો મહિમા ગાય છે. સંસારના સૌ વીરો સ્ત્રીની કુખે જન્મ લે છે એમ કહીને એના પર પ્રશંસાનાં પુષ્પો વેરે છે, પરંતુ એ જ માતૃત્વ પર તેઓ ક્યારેક પાપની રાજમુદ્રા અંકિત કરે છે. આ જ માતૃત્વને તેઓ સામાજિક રૂઢિઓનાં સહસ્ર શલ્યોથી વિછિન્ન કરી નાખે છે! હું કુંવારી માતા બનવાની હતી. તેથી સમાજ એના માતૃત્વને કઈ રીતે વધાવે? મને મંત્રને કારણે પુત્રપ્રાપ્તિ થઈ છે એ નગ્ન સત્યનો કદી વિશ્વાસ કરશે ખરા? સાક્ષાત્ દુર્વાસા ઋષિ આવીને નગરના ચોકમાં ઊભા રહીને પોતાને સ્વમુખે સત્ય જાહેર કરે તોપણ કોઈ નહિ માને! અરેરે! દુર્વાસા શા માટે નગરમાં આવ્યા? મારા જીવન સાથે આવો મહાભયંકર જુગાર ખેલીને એમણે શું મેળવ્યું? એમના ભયાનક પ્રયોગને મારી સાથે શો સંબંધ હતો? હું શું કરું? એમ કહેવાથીયે હવે શું વળવાનું છે? એમાંથી છૂટકારો થોડો થવાનો છે? સંસારની સઘળી ઘટનાઓમાં સુસંગતતા ક્યાંથી હોવાની? નિરપરાધિ માનવને અન્યના અપરાધનાં ફળ શું નથી ભોગવતાં પડતાં? હું એમાંની એક નથી? પ્રશ્નોના અસંખ્ય કાંટા મારા ઘવાયેલા મનની નાગણને વારંવાર ચૂભતા હતા અને તે નાગણ અસહાયપણે તરફડીને ફુત્કારતી હતી. મૃત્યુ! મૃત્યુ!

હું તત્ક્ષણ ઊભી થઈ અને જોરથી તાળી પાડી. તરત એક દાસી આવીને ઊભી રહી. એને મેં આજ્ઞા કરી, 'સીધી જા અને નગરમાંથી રાજવૈદને બોલાવી લાવ. હમણાં જ જા.'

તે ગઈ. અડધા કલાકમાં રાજવૈદ ભવનમાં દાખલ થયા. વાંકા વળી આદરથી નમસ્કાર કરીને તેઓ બોલ્યા, 'રાજકુમારી, શી આજ્ઞા છે?'

'વૈદરાજ, દુર્વાસા ઋષિના યજ્ઞની પૂર્ણાહુતિ કરવાની છે! આ માટે સંસારના સૌથી હળાહળ ઝેરનો પ્રયોગ આહુતિ રૂપે કરવાનો છે! આ દાસી સાથે તરતોતરત મોકલી આપો.'

દુર્વાસા ઋષિનું નામ પડતાં જ વૈદરાજ અવાક્ થઈ ગયા! એમણે આગળ એક પણ પ્રશ્ન પૂછ્યો નહિ. કેમકે તેઓ જાણતા હતા કે દુર્વાસા ઋષિને ગમે તે દુર્લભ વસ્તુ ગમે ત્યારે માગવાની ટેવ હતી.

'જેવી આજ્ઞા.' કહીને તેઓ ભવનની બહાર નીકળી ગયા. થોડી વારમાં તે દાસી એક શીશીમાં ઝેર લઈ આવી. મેં નિરાંતનો શ્વાસ લીધો. હવે મારે હૃદયને દઝાડનારા કોઈ કુત્સિત શબ્દોનો સામનો નહિ કરવો પડે. એ શીશીને મેં સાચવીને એક ખૂણામાં મૂકી દીધી. મારી મરણતોલ યાતનાનો અંત આ શીશીમાં હતો.

તેર

તે રાત્રિએ ચોતરફ નીરવ શાંતિ હતી. હું ધીમેથી પલંગમાંથી ઊઠી. ખૂણામાં રાખેલી ઝેરની શીશી હાથમાં લીધી. મથુરાવાસી મારા પિતાને યાદ કરી એમને મનોમન વંદન કર્યાં અને આંખો બંધ કરી ધીરેથી બોલી, 'પિતાજી, તમારી પૃથા ક્ષત્રિય રાજકન્યા છે. એ વાત તે કદી ભૂલી નથી. મારો આ નિર્ણય તમને અવશ્ય ગમશે.' પછી ભોજપુરના પિતાને યાદ કરી એમને પણ મનોમન પ્રણામ કરતાં બોલી, 'ક્ષત્રિય કન્યાએ શીલ ખાતર પ્રાણત્યાગ કરવો જોઈએ. એ સત્ય આજ હું સિદ્ધ કરવાની છું. પિતાજી, મને આશીર્વાદ આપો અને ધીરજ આપો.'

એક પળ મેં આંખ ખોલી. ચારેબાજુ નિઃશબ્દ શાંતિ હતી. થોડી વારમાં હું પણ આમ જ શાંત પડી જવાની હતી. આ નિર્દય છતાં મોહક સંસાર મને ફરી જોવા મળવાનો નથી એ વિચારથી મારું હૃદય ભરાઈ આવ્યું. હું થથરી ઊઠી! પણ ફરી મક્કમ થઈ ગઈ. માને યાદ કરતાં કહ્યું, 'મા, તારી પૃથાનો જન્મ લાખો દુઃખ સહન કરવા માટે જ છે કે શું? આજે આ દુઃખનો અંત આવવાનો છે. મને આશીર્વાદ દે.'

આંખ બંધ કરી હું એ ઝેર ગટગટાવી ગઈ અને પલંગ પર પડી. હવે સવારે નગરમાં હાહાકાર મચી જવાનો.

ચૌદ

મેં ઝેર પીધું પણ – પણ એની કોઈ જ અસર મારા પર થઈ નહિ. મૃત્યુ પણ પોતાની કૃપાદૃષ્ટિ માણસ ઇચ્છે એ રીતે એના પર કરવા તૈયાર નથી હોતું. મને હતું કે મારા પેટમાં અગ્નિની ભયંકર જ્વાળાઓ ઊઠશે, પરંતુ કેવળ ગળામાં થોડી દાહ સિવાય કંઈ જ થયું નહિ. અડધો કલાક પલંગ પર પડી રહી પણ મને કંઈ થયું નહોતું. અત્યંત માનસિક વેદનાનાં અંધારાં આવતાં હતાં. હું સફાળી બેઠી થઈ ગઈ. ભયથી મારું શરીર ધ્રૂજી ઊઠ્યું. હું કોણ હતી? ઝેરથી પણ ન મરનારી? છતની જેમ તપી જનારી?

મન શંકાશીલ બની ગયું. જીવવું અસહ્ય થઈ પડ્યું હતું. મૃત્યુને ને મારે લાખ ગાઉનું છેટું પડી ગયું હતું. ઝેરની મારા શરીર પર કોઈ અસર થતી નહોતી. હું કોણ છું?

દરવાજો ખોલી હું બહાર આવી. દાસીઓના કક્ષમાં દાખલ થઈ ત્યાં અનેક દાસીઓ સૂતી હતી. એક ખૂણામાં ધાત્રી ટૂંટિયું વાળીને સૂતી હતી. મેં તેને હલબલાવીને ઉઠાડી.

મને જોઈને તે ચોંકી ગઈ. એનો હાથ પકડીને એ જ સ્થિતિમાં હું એને મારા ભવનમાં લઈ આવી. મને કોઈનો સધિયારો જોઈતો હતો! ભવનમાં મેં એને વીતેલી ઘટના સંભળાવી એના ખભા હલબલાવી નાખીને મેં પૂછ્યું, 'ધાત્રી, તું જ કહે હવે હું ક્યાં જાઉં? શું કરું? હું મરી શકવાની નથી અને આ સ્થિતિમાં જીવવાનો મને કોઈ જ અધિકાર નથી.'

મારે વાંસે પોતાનો ખરબચડો હાથ પ્રેમથી ફેરવતાં બોલી, 'રાજકુમારી, ધીરજ ધરો. આજથી આ ભવનમાં તમારે ક્યારેય ભૂલેચૂકે પણ બહાર પગ મૂકવાનો નથી. તમારી આ સ્થિતિમાં તમને કોઈ જોઈ ન જાય તે ખાસ જોવાનું છે.'

પંદર

ત્યારથી ધાત્રી મારા ભવનમાં જ રહેવા લાગી. તે કોઈને મારા ભવનમાં પેસવા દેતી નહિ. દિવસો પર દિવસો વીતવા લાગ્યા. પૂનમના ચંદ્રની જેમ મારું શરીર વિકસવા લાગ્યું હતું, પણ મારું મન ગ્રહણના ચંદ્રની જેમ ચિંતાથી ગ્રસ્ત થવા લાગ્યું હતું. એક એક દિવસ મને યુગ સમાન લાગતો હતો.

શરદ ઋતુ પૂરી થઈ તોપણ આકાશ ઘેરાયેલું હતું. ચારે તરફ તોફાની પવન ઘુઘવાટા કરતો હતો. રાજમહેલ પર અફળાતો હતો. અચાનક મુસળધાર વરસાદ તૂટી પડ્યો.

મધરાતે મને વેણ ઊપડી. પલંગમાં હું અસહ્ય વેદનાથી તરફડતી હતી. રેશમી ઓશીકું ચોળાઈને ચૂંથો થઈ ગયું હતું. વેદનાની અસંખ્ય સોય મારા શરીર રૂપી વસ્ત્રના ટાંકા ઉખેડવા લાગી હતી. વીજળીના ગડગડાટ અને પવનના સુસવાટા થતા હતા. પ્રસૂતિની વેદનાથી હું કણસતી હતી.

બીજી જ પળે નવજાત શિશુના રડવાનો અવાજ આવ્યો. લગભગ સાંઠ વર્ષ પછી આ મહેલમાં રડવાનો અવાજ સંભળાયો હતો! વીજળીના ગડગડાટમાં તે કોઈને કાને પડ્યો નહિ. હું માતા બની! માતૃત્વ! સ્ત્રીનું સર્વશ્રેષ્ઠ ઘરેણું! પ્રસૂતિ વેદનાની તાવણીમાં તવાઈને બહાર નીકળેલું સોનું! પ્રકૃતિનું સૌથી મંગલ પ્રકટીકરણ! મેં ઉત્સુકતાથી બાળક સામે જોયું. આનંદના મોરપીંછની આંગળીઓ હળવે હળવે મારા મન પર ફરવા લાગી. કેટલું મોહક એનું રૂપ હતું! ઊગતા સૂર્ય સમાન!

મને જોતાંવેત બાળક શાંત પડી ગયું. એની નાની આંખો ખોલબંધ કરતો તે મારા તરફ ટીકીટીકીને જોતો હતો. એના કાનમાં આછા નીલવર્ણી પ્રકાશ પાથરનારાં બે માંસલ કુંડળ હતાં. કુતૂહલથી મેં એને હાથ અડાડી જોયાં. જાસવંતીની લાલચટક કળી જેવાં તે હતાં! એનું કોમળ શરીર સોનેરી રંગનું હતું. વાંકડિયા કેશ, સોનેરી ઝૂલફાં મંદ મંદ પવનની જેમ ઝૂલતા હતા. ગોળ લાડવા જેવા મુખ પર તેજની આભા હતી. જમણા પગનો અંગૂઠો તે ચૂસતો હતો! એની નાની નીલી આંખો ખોલબંધ કરી વારંવાર તે મારી સામે જોયા કરતો હતો! ત્યાં અચાનક પવનની એક લહર આવી અને તે તરત જ મંદ મંદ હસી પડ્યો. એના કેશ ઊડવા લાગ્યા. ગાલમાં ગોળ ખંજન પડ્યાં! એ જોતાં જ હું રાજકુમારી છું, એક

ક્ષત્રિય કન્યા છું, મારું આ બાળક કૌમાર્યાવસ્થાનું છે – એ બધું હું બે ઘડી ભૂલી ગઈ. ધાત્રીના હાથમાંથી મેં તેને તેડી લીધો. ભાવાવેશથી! એને વારંવાર ચૂમવા લાગી. મારો સ્પર્શ થતાં જ તે મને વળગી પડ્યો. હું ધન્ય થઈ ગઈ. આખે શરીરે રોમાંચ વ્યાપી વળ્યો. ક્ષણભર થયું કે માતૃત્વ એ જ જાણે સ્ત્રીની મુક્તિ છે!

એના કોમળ સ્પર્શથી મારા સ્તનમાં દૂધ ઊભરાયું. એને સ્તનપાન કરાવવા મેં એને ખોળામાં લીધો. પાલવ નીચે મેં એને ઢાંક્યો કે તરત જ ધાત્રીએ મારો હાથ પકડ્યો! તેણે દબાતે અવાજે મારા કાનમાં કહ્યું, 'રાજકુમારી, સમય થોડો છે. વીજળીના કડાકા થઈ રહ્યા છે તેટલામાં આપણે બહાર નીકળી જવું જોઈએ!

'ક્યાં? શા માટે?' મેં ગભરાઈને પૂછ્યું.

'આ બાળક સાથે તમે સંસારમાં નહિ રહી શકો.'

'એટલે?'

'આનો – આનો તમારે ત્યાગ કરી દેવાનો!'

'આ તું શું બકે છે, ધાત્રી? એક માતાને પોતાના નવજાત શિશુને ત્યજી દેવાનું કહે છે? આમ આવ. આની સામે જો. આ નિર્દોષ બાળકનો શો દોષ?'

'રાજકુમારી, હું બધું સમજું છું પરંતુ આ નગરની પ્રજાને કોણ સમજાવશે?'

'નહિ, ધાત્રી, પ્રાણ જાય તોપણ હું એનો ત્યાગ નહિ કરું. હું કોઈની રાજકુમારી નથી. કોઈની કન્યા નથી. હું તો કેવળ મારા આ લાલની માતા છું! અત્યારે હું ફક્ત એક માતા છું!'

'રાજકુમારી, પુત્રજન્મના આનંદમાં તમે વિવેકભાન ભૂલી ન જાઓ. કાલ સવારે મહારાજ જાણશે તો તમારી શું દશા થશે? હું કહી શકતી નથી. કદાચ -- કદાચ–'

'શું કદાચ?'

'તેઓ તમને રાજમહેલની બહાર ઊંચકીને ફેંકી દેશે. પ્રજા તમને કુલટા-કલંકિની કહીને મેણાં મારશે. મથુરાની વાટ તમારે માટે સદાયની બંધ થઈ જશે!'

'તો હું શું કરું, ધાત્રી? હું ક્યાં જાઉં?' હું વિવશ બની ગઈ.

'રાજકુમારી, ધીરજ ધરો. આનો ત્યાગ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. એમાં તમારા બંનેનું હિત છે!'

'ત્યાગ! કઈ રીતે કરું? માતા થઈને હું મારા જ દીકરાની હત્યારી બનું?'

'જલદી કરો. એના રડવાનો અવાજ કોઈ સાંભળે એ પહેલાં આપણે ભવનની બહાર નીકળી જવું જોઈએ.'

'ધાત્રી, તું કેટલી નિર્દય છો! એક માતાને તું બાળકનું ગળું ઘૂંટી દેવાનું કહે છે.' મને તેના પર ઘૃણા ઊપજી.

'રાજકુમારી, મારે એક રાજકુમારીનો જીવ બચાવવાનો છે. તમને મારી વાતનું દુઃખ લાગ્યું હોય તો હું આ ચાલી. પણ ધ્યાન રાખજો કે એક વાર આ મહારાજને ખબર પડીને તો–' તે બહાર જવા લાગી.

મારું મન વ્યવહાર અને પ્રેમ, કર્તવ્ય અને ભાવના, વાસ્તવિકતા અને મમતાનાં

દ્વન્દ્વમાં ગૂંચવાઈ ગયું હતું. શું કરું? થયું કે બાળકને લઈ એકલી ક્યાંક દૂર દૂર ચાલી જઉં પણ હું ક્યાં જઈ શકવાની હતી? મને કોણ આશરો આપે? સંસારસાગરમાં એક સ્ત્રી કુમળા બાળકને લઈને શું વનવન ભટકે? એથી એ સુરક્ષિત રહી શકવાની? તો શું એને ધકેલી દે? સમાજ! કેવા માણસોનો બનેલો આ સમાજ છે! કોણે એમને આ અધિકાર આપ્યો છે? આ અધિકાર અને વાસ્તવિકતાની ભૂમિ પર ઊગેલી શું અમરવેલ નથી? જેને તેઓ પાપ-પુણ્ય ગણે છે એ પાપ-પુણ્યની કલ્પના જ શું સાપેક્ષ નથી? આજ સુધી નિર્દય સમાજની ક્રૂર રૂઢિઓનો ભોગ બનીને કેટલીય અબળાઓએ કૂવા પૂર્યાં હશે! નદીઓમાં સમાણી હશે! હું પણ શું એમ જ કરું? નહિ. આ બાળકનું રૂપ અસાધારણ છે. એ જીવવો જ જોઈએ. ગમે તે ભોગે એને બચાવવો જ જોઈએ! શું કરું? શું કરું?

મેં ધાત્રીને હાક મારી અને કહ્યું, 'ધાત્રી, તું મને છોડીને ક્યાંય જતી નહિ. નહિતર હું અહીં જ બેભાન થઈ જઈશ.' હું શારીરિક અને માનસિક વ્યથાથી મૂંઝાઈ ગઈ હતી.

તે પાછી ફરી અને મારે વાંસે હાથ ફેરવતાં બોલી, 'રાજકુમારી, ક્ષત્રિય કન્યાને છાજે તેવો આ એક જ નિર્ણય છે. એને લાવ. મને સોંપી દે.' મારા ખોળામાંથી એને લઈ લેવા એ આગળ આવી. એની નાનકડી મુઠ્ઠીમાં એણે મારા પાલવને મજબૂત રીતે પકડી રાખ્યો હતો! ધાત્રીએ નિર્દયતાથી પાલવને છોડાવ્યો અને મારું હૃદય રડી પડ્યું. બાળકને લઈને તે બહાર નીકળી ગઈ.

થોડી વારમાં માથે એક લાકડાની પેટી લઈને તે પાછી ભવનમાં આવી. પલંગ પર તેને મૂકી. તેના હાથમાં બાળક નહોતું. મેં ગભરાઈને એને પૂછ્યું, 'આ બાળકને ક્યાં મૂકી આવી, ધાત્રી?' જવાબ દેવાને બદલે એણે પેટીનું ઢાંકણ ખોલ્યું. એમાં બાળક એક સુંવાળી શય્યા પર નિશ્ચિંતપણે સૂતું હતું! તેની આજુબાજુ બહુવિધ મૂલ્યવાન આભૂષણો ગોઠવ્યાં હતાં. જોકે બાળકના દેહનો સોનેરી રંગ આભૂષણોને પણ શરમાવે તેવો હતો. પેટીનાં છિદ્રોને મીણથી પૂરી દેવામાં આવ્યાં હતાં. ઢાંકણ પર એક નાનું છિદ્ર હતું. એણે બાળકને પેટીમાં કેમ પૂરી દીધું હતું? ગભરાઈને મેં એને પૂછ્યું, 'ધાત્રી, એને પેટીમાં કેમ પૂર્યું છે? હજી શું કરવાનું બાકી છે?'

'રાજકુમારી, આ પેટી સવાર પહેલાં અશ્વનદીની ગોદમાં સમાઈ જવી જોઈએ. જગતમાં એના સિવાય આ બાળકને ગોદમાં કોણ સમાવે તેમ છે? છે કોઈની પાસે એના જેવું વિશાળ હૃદય?'

'ધાત્રી-ધાત્રી, હું રાજકુમારી છું કે ચૂડેલ? બાળક પર પ્રેમ કરતાં શીખવવાનું તને ઈશ્વર ભૂલી ગયો લાગે છે!'

'રાજકુમારી, આ મહેલમાં મારા આઠ દીકરા સેવામાં હાજર છે! મન ઢીલું થવા ન દેશો. જલદી કરો.'

એના શબ્દો બાણની જેમ મારા કાળજાને વીંધી રહ્યા હતા. પણ... પણ સવારે મારું ભાવિ શું હશે? રાજમહેલ કે ઉકરડો! યજ્ઞમાં પશુને બલિ દેતાં પહેલાં કચકચાવીને બાંધે તેમ મારું મન પણ સાચાખોટા વિચારોની દોરીથી બંધાઈ ગયું હતું. બાળકને તેડું અને ધાત્રીને લાત મારી સીધી જે વાટ મળે તે વાટે નીકળી પડું એવી તીવ્ર ઇચ્છા થઈ આવી,

સત્તર

સ્વયંવરની તૈયારી શરૂ થઈ. પિતાને મેં 'જેવી તમારી આજ્ઞા' કહ્યું'તું એટલે મારી સંમતિ છે એમ માની તેઓ પણ તૈયારીમાં જોડાઈ ગયા. મારું હૃદય ખળભળી ઊઠ્યું. પારધી હરણનો પીછો પકડે તેમ વિચિત્ર વિચારોએ મારો પીછો પકડ્યો હતો.

હું સ્વયંવરની માળા હાથમાં લઈને ઊભી હોઈશ ત્યારે એકાદ સાપ પેટીના ઉપરના છિદ્ર વાટે અંદર દાખલ થઈ મારા દીકરાના ગળે વીંટળાઈને બેઠો તો નહિ હોય! જ્યારે હું ચોરીની વેદિ પાસે ઊભી હોઈશ ત્યારે ક્યાંક આ પેટી નદીના તળિયે કાદવમાં ખૂંપી તો નહિ ગઈ હોય! જ્યારે શરણાઈના સૂર વાગતા હશે અને મારા શિર પર મંગલ અક્ષત પડતાં હશે ત્યારે જ કદાચ એકાદ ખડક સાથે અથડાતાં પેટીનું ઢાંકણ ખૂલીને દૂર ઊડી નહિ ગયું હોય! એ વખતે મારા તેજસ્વી લાલનો દીપ બુઝાવવા આકાશમાં ફરતાં સમડી-ગીધડાએ ટોચીટોચીને એના માથાને લોહીલુહાણ કરી મૂક્યું નહિ હોય ને! જ્યારે વિવાહનાં મંગલ વાદ્યોના સૂરો સાંભળતી હોઈશ ત્યારે મારો લાલ ઘૂઘવાતાં મોજાંનાં કર્કશ મૃત્યુગીત સાંભળતો હશે! માછીમારની જાળમાં ફસાયેલી માછલીની જેમ હું તરફડવા લાગી. જેમ જેમ વિચાર કરતી ગઈ તેમ તેમ મન વધુ મૂંઝાતું ગયું. પલંગ પર ઓશીકામાં મોં છુપાવીને હું હીબકાં ભરવા લાગી. એનો ગોળમટોળ ચહેરો, ઘૂઘરિયાળા સોનેરી કેશ અને કાનમાં ઝગમગતાં કુંડળ મારી આંખ સામેથી અળગાં થતાં નહોતાં. અબોલ શિશુનું આક્રંદ યાદ આવતાં મેં આંખો જોરથી બીડી દીધી.

અઢાર

મારા સ્વયંવરની નિમંત્રણપત્રિકાઓ આસપાસના તમામ રાજાઓને મોકલવામાં આવી હતી. નગરની પ્રજા આ વિશે ચર્ચા કરી રહી હતી ત્યારે મને મારા ભાગ્યની દયા આવતી હતી. પૃથામાંથી હું કુંતા બની હતી, કુંતીમાંથી માતા બની અને હવે ફરી કુમારિકા બનીને મારે સ્વયંવરમાં ઉપસ્થિત રહેવાનું હતું! સંસારમાં કઈ સ્ત્રીને વિધાતાએ મારી જેમ મનફાવે તેમ નચાવી હશે? મારા એ તમામ પ્રશ્નોના પ્રત્યુત્તર દેનાર અહીં કોઈ જ નહોતું! 'મને સ્વયંવર નહિ જોઈએ', એમ કહું તો મારી પર અનેક પ્રશ્નોની ઝડી વરસાવીને મને અધમૂઈ જ કરી મૂકે. સ્ત્રી એ સમાજની પશુશાળામાં સામાજિક બંધનોથી બંધાયેલી એક મૂક, ગરીબ ગાય! એ પોતાના ગમાઅણગમા ખુલ્લા મને પ્રગટ ક્યારેય કરી શકે નહિ. આકાશની જેમ કરોડો દુઃખો શાંતિથી મૂકપણે સહન કરવા જ જાણે એનો જન્મ ન હોય!

સ્વયંવરનો દિવસ નજીક આવવા લાગ્યો. સઘળા નગરજનોનાં હૈયાંમાં ઉત્સાહની હેલી ચડી હતી. પોતાના નગરની રાજકુમારીનો સ્વયંવર હતો. કેવળ એક મારું મન જ દેહની અંધારી કોટડીમાં આંસુ વહાવતું હતું. હું મારા લાલને એક વાર પણ સ્તનપાન કરાવી શકી નહોતી. ભીતરની કુંતી એક અને બહારની બીજી – હવે કુંતી બે સ્વરૂપે જીવતી હતી. એક રાજકુમારીનું જીવન અને એક ભગ્નહૃદયી માતાનું જીવન! આ બે સ્વરૂપોની વચ્ચે મારી દશા દયનીય હતી. રાજસ્ત્રીઓનું દુઃખ આ રાજમહેલ જેટલું જ મોટું હોય છે! અને એને કુળની પ્રતિષ્ઠાની મર્યાદામાં સદાય પુરાઈ રહેવું પડે છે!

ઓગણીસ

સ્વપ્ન કદાચ સ્મૃતિનું સંતાન હશે : રોજ રાત્રે મને જાતજાતનાં સ્વપ્નાં આવતાં. ક્યારેક સ્વપ્નમાં પેલું ચંડોલ પક્ષીનું બચ્ચું પોતાની ચાંચ ફાડીને આર્દ્ર સ્વરે ચીસ પાડતું તો ક્યારેક નદીકિનારે જોયેલી પેલી સવત્સ ગાય ભાંભરતી અને એનું ભરાવદાર વાછરડું પૂછડું ઊંચું કરીને ઊછળતું-કૂદતું દેખાતું!

એક દિવસ સ્વપ્નમાં મેં ભયાનક દૃશ્ય જોયું. પાણીમાં વહેતી અને હાલકડોલક થતી તે પેટી નદીમાં એક ખડક પાસે અટકી ગઈ હતી. અંદર બાળક ભૂખથી રડી રહ્યું હતું. એને મમતાથી તેડનાર કોઈ નહોતું! મોજાંથી પેટી હલતી ત્યારે બાળકને થતું હતું કે કોઈ મને ઊંચકી લેવા આવ્યું છે! હાથપગ હલાવતો તે કોઈની ગોદમાં ભરાઈ જવા તલપાપડ થઈ ગયો પણ કોઈએ તેને ગોદમાં લીધો નહિ. રડીરડીને થાકી ગયું. છેવટે ભૂખથી વ્યાકુળ બનેલા તેણે પોતાના નાના હાથપગ પછાડ્યા. એને જોરમાં આંચકી આવી અને તે કાયમને માટે શાંત થઈ ગયું! વાસ્તવમાં તે શાંત થઈ ગયું નહોતું! થોડી વારે એનું મૃત શરીર ધીરેધીરે હલવા લાગ્યું – વિચિત્ર રીતે! પ્રત્યેક ક્ષણે સોનેરી દેહ વધુ સોનેરી બનીને ફૂલવા લાગ્યો. પેટીનું ઢાંકણ તેણે પગથી લાત મારીને ખોલી નાખ્યું! ધીરે ધીરે તે આકાશપુરુષ (સૂર્યદેવ)ના કાનનાં કુંડળ તપી ગયાં હતાં! એની નીલી આંખો ક્રોધથી લાલચોળ થઈ ગઈ હતી! અશ્વનદીનાં અફાટ પાણીને પોતાના પગથી ખૂંદતો ખૂંદતો મારી તરફ આવી રહ્યો હતો. પોતાની મુઠ્ઠી વાળીને ક્રોધથી હોઠ દબાવતો તે બોલ્યો, 'માતાના પવિત્ર સંબંધને પગ તળે છૂંદી નાખતી રાક્ષસણી! પ્રતિષ્ઠાના રેશમી કોશેટામાં લપાઈને બેઠેલી ચૂડેલ, ઊભી રહે!' એણે પોતાની વાળેલી મુઠ્ઠી મારા માથે મારવા ઉગામી! હું ચીસ પાડી ઊઠી, 'ધાત્રી, દોડ!' ધાત્રી કદાચ ભવન બહાર ઊભી હશે. મારી કારમી ચીસ સાંભળીને તે દોડતી અંદર આવી. મારા મોં પરનો પરસેવો લૂછતાં ગભરાઈને બોલી, 'રાજકુમારી, શું થયું? કેમ ગભરાઈ ગયાં? શું કંઈ ખરાબ સ્વપ્નું આવ્યું?'

'ધાત્રી, મારો લાલ...?' હું આગળ બોલી શકી નહિ. એ દાસીને મારી વ્યથા કઈ રીતે સમજાવું?

'રાજકુમારી, તમારો લાલ સુરક્ષિત છે. તમારા ઊઠવાની જ હું રાહ જોતી હતી!' મારે વાંસે હાથ ફેરવતાં એ ધીમે સ્વરે બોલી.

તત્ક્ષણ ઊભી થઈને એના ખભા હલબલાવી નાખી હું આનંદથી બોલી ઊઠી, 'ક્યાં છે મારો લાલ? કોને મળ્યો છે?'

એણે બહાર ઊભેલા એક માછીમારને અંદર બોલાવ્યો. શિર ઝુકાવતો તે ભવનમાં દાખલ થયો. મેં તેને ઉપરાઉપરી ત્રણચાર પ્રશ્નો પૂછી નાખ્યા, 'એ પેટી ક્યાં પહોંચી? કોના હાથમાં આવી? જેના હાથમાં પેટી આવી એણે અંદરના બાળકને તેડી લીધું કે નહિ?'

'રાજકુમારી, તે પેટી અશ્વનદીમાંથી ચર્મણ્વતી નદીએ પહોંચી. ચર્મણ્વતી નદીએથી કનકપુરની નજીક યમુના પહોંચી. યમુનાથી પ્રયાગ નજીક ગંગા પહોંચી. પ્રયાગથી પચાસ જોજન દૂર કાશીરાજ નજીક અંગદેશની ચંપાનગરીમાં પહોંચી!'

'કોના હાથમાં આવી?'

'ભાગ્ય બળવાન હતું તેથી એક સારથિના હાથમાં આવી. ત્રણસો જોજનનો પ્રવાસ કરીને આ પેટી ત્યાં પહોંચી હતી!'

'સારથિ?'

'હા, રાજકુમારી, તે સારથિની સ્ત્રીએ આ બાળકને ગોદમાં લઈ લીધું. એને જોતાવેંત એના સ્તનમાં દૂધ ઝરવા માંડ્યું. બાળક સારથિની પર્ણકુટીમાં સુરક્ષિત છે! ક્ષમા કરો, રાજકુમારી, પણ આ બાળક છે કોનું? કઈ પાષાણહૃદયી માએ એને મૃત્યુના મુખમાં ધકેલી દીધું હતું?'

'એ બાળક દુર્વાસા ઋષિના મહાયજ્ઞનું સંતાન છે!' એના અંગ પર મોતીની માળા ફેંકતાં મેં કહ્યું, 'આ વાત છાની રહેવી જોઈએ!'

ગુરુદેવ દુર્વાસા! ભયભીત બનીને અસ્પષ્ટ શબ્દો ઉચ્ચારતો તે માળા લઈને ચાલ્યો ગયો.

હું સ્વસ્થ થઈ ગઈ. આનંદમાં આવી જઈને હું ધાત્રીને વળગી પડી. મારી આંખમાંથી ટપકતી આંસુની ધારાથી ચોળી ભીંજાઈ ગઈ. એ એક લાચાર – નિઃસહાય રાજકુમારીનાં દુઃખનાં આંસુ હતાં અને પોતાના લાલની સુરક્ષા માટે તડપતી માતાનાં આનંદાશ્રુ પણ હતાં.

વીસ

સ્વયંવરનો દિવસ આવી પહોંચ્યો. નગર આમંત્રિતોથી ગાજી ઊઠ્યું. રાજમહેલની સામેના પટાંગણમાં એક ભવ્ય મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. પિતાજી મંડપમાં શી શી વસ્તુની જરૂર છે તે જોવા ઉત્સાહથી નાના બાળકની જેમ ચારેબાજુ ફરી રહ્યા હતા. નગરજનો મહેલને શણગારી રહ્યા હતા. ઢોલ, નગારાં, દુંદુભિ, શરણાઈ વાગી રહ્યાં હતાં. મગધ, કોશલ, મદ્ર, ચેદી, વિદેહ, કાશી આદિ સર્વ દેશોના રાજાઓ સ્વયંવરમાં પધાર્યા હતા. મથુરાથી માતા અને પિતા કન્યાદાન દેવા આવી ગયાં હતાં. મેં મથુરા છોડ્યા પછી માતાપિતાએ વસુદેવને પુત્ર તરીકે સ્વીકાર્યો હતો. એ ભાઈ અને બહેન શ્રુતશ્રવા પણ આવ્યાં હતાં. એમને મેં પહેલી વાર જોયાં. રાજમહેલમાં ઘણાં વર્ષો પછી સ્વયંવર યોજાયો હતો. આથી ચારેબાજુ ઉત્સાહની હેલી ચડી હતી.

વિવાહ! નારીની જીવનસરિતાનું એક સબળ અને પરાક્રમી નરસાગર સાથે મિલનનો એક યાદગાર વળાંક! એક નારીના ખીલેલાં સુગંધિત જીવનપુષ્પનું સાસરિયાંની વિવિધ વ્યક્તિઓની માળામાં મધુર ગુંફન! નારીજીવનનો આ પ્રાથમિક માંગલિક સંસ્કાર! આર્યનારીનો પુનર્જન્મ!

સ્વયંવરનો સમય થયો. મંડપ નગરજનોથી અને આમંત્રિતોથી ખીચોખીચ ભરેલો હતો. પિતાએ સૌને ઉદ્દેશીને ઘોષણા કરી, 'આર્યાવર્તના પરાક્રમી રાજરાજેશ્વરો, મથુરાના યાદવ રાજા શૂરસેનની ઔરસ કન્યા પૃથા, મારી માનસપુત્રી કુંતી હમણાં જ મંડપમાં વરમાળા લઈને આવશે અને અનુરૂપ વરના કંઠે તે સ્વેચ્છાએ વરમાળા આરોપશે. આપ સૌ આ સ્વયંવરમાં પધાર્યા છો એ જાણી મને અત્યંત આનંદ થયો છે. હું ભોજવંશી રાજા, આપ સર્વનું હાર્દિક સ્વાગત કરું છું. આ સ્વયંવર માટે કોઈ શરત રાખવામાં આવી નથી. મારી કન્યા કુંતીની પસંદગી એ જ સ્વયંવરની શરત રહેશે!'

સૌએ ઊઠીને પિતાનું આદરથી અભિવાદન કર્યું. મંડપમાં ચારેબાજુ શાંતિ છવાઈ ગઈ. હાથમાં ફૂલની વરમાળા લઈ હું અમાત્યની પાછળ મંડપમાં દાખલ થઈ. કોઈએ ઘોષણા કરી, 'યાદવકુલોત્પન્ન્ મથુરા દેશની સ્વરૂપ સામ્રાજ્ઞી રાજકુમારી કુંતીદેવી!' સૌ રાજેશ્વરો તરત જ ઊભા થઈ ગયા. પિતાએ હાથના ઇશારાથી સૌને બેસી જવાનો સંકેત કર્યો. મારા અંગમાં વિજયની એક લહેર ફરકી ગઈ. ભાવિ જીવનયાત્રાના સહયાત્રીની પસંદગી મારે જ કરવાની હતી. મારી આજની પસંદગી પર જ મારું ભાવિ જીવન નિર્ભર હતું! એકાએક હૃદયના ધબકારા વધી ગયા! વરમાળા સંભાળતી હું અમાત્યની પાછળ ધીરે ધીરે ડગ માંડતી મંડપમાં આગળ વધી રહી હતી. અમાત્ય એક પછી એક રાજેશ્વરનું વર્ણન કરતા હતા. પોતાને પરિચિત એવા તમામ વિશેષણોનો પ્રયોગ તેઓ કરતા હતા અને હું તીરછી નજરે સૌને જોઈ લેતી હતી. પસંદ ન પડતાં હું આગળ વધતી હતી. એક એક કરતાં મંડપમાં બેઠેલા સઘળા રાજેશ્વરોનાં આસનો પૂરાં થયાં. અંતે એક આસન બાકી રહ્યું. મગધ દેશના મહારાજા શત્રુતાપન દીર્ઘનું! અમાત્યે એમનું વર્ણન કર્યું. હું માથું ધુણાવતી આગળ ચાલી. સૌ છાનગપતિયાં કરવા લાગ્યા. સાંજને સમે સૂર્યાસ્તનાં સોનેરી કિરણો મંડપમાં પ્રસરેલાં હતાં. અમાત્યે ડરતાં ડરતાં મારા કાનમાં કહ્યું, 'રાજકુમારી, થોડી વારમાં આ મંડપ રણભૂમિ બની જશે! તમારે કોઈને પસંદ કરવા જ જોઈશે! તમે આ શું કર્યું?'

કંઈક કહેવા પિતાશ્રી ઊભા રહ્યા. ત્યાં તો મંડપની પશ્ચિમ બાજુએ કોલાહલ મચી ગયો. નગરજનો ઝટપટ એકબાજુ થઈ ગયા. તરતોતરત હજારો ઘોડેસ્વાર મહેલના મહાદ્વારમાંથી અંદર પ્રવેશ્યા. કોઈએ ઘોષણા કરી, 'હસ્તિનાપુરના અધિપતિ કૌરવરાજ મહારાજ પાંડુનો...' હાથમાંની વરમાળા સંભાળતી હું પશ્ચિમ દિશા તરફ વળી. એક ઊંચી, ગૌરવર્ણી, મજબૂત બાંધાની આકૃતિ મંડપમાં આગળ સરકી રહી હતી. અસ્ત પામતાં સૂર્યદેવનાં કિરણો તે આકૃતિ પર પડતાં હતાં. એનો ચહેરો ગોળ હતો. સૂર્યદેવ સ્વયંવરમાં કુંતીની લાજ રાખવા જાણે પધાર્યા હતા! એ આકૃતિ મંડપમાં પ્રવેશતાં જ હું નજીક ગઈ. હાથમાંની વરમાળા એક નરશ્રેષ્ઠના કંઠમાં આરોપી દીધી! ચારેબાજુ તાળીઓનો ગડગડાટ થવા લાગ્યો. કોઈએ આનંદથી ઘોષણા કરી, 'હસ્તિનાપુર કૌરવકુલભૂષણ મહારાણી કુંતીદેવીનો...' સૌએ પ્રતિસાદ દીધો, 'જય હો...!'

હું રાજકુમારી કુંતીમાંથી મહારાણી કુંતી બની! મારું હૃદય આનંદવિભોર બની ગયું. સમસ્ત આર્યાવર્તમાં જેમનાં પરાક્રમની વિજયપતાકા ફરકી રહી હતી એવા કુરુકુળની હું મહારાણી બની. મહારાજા સહિત હું પિતાના આશીર્વાદ લેવા નીચે નમી પગે લાગી. એમણે હર્ષવિભોર બની આશીર્વાદ આપ્યાં, 'કુરુકુળની દિગદિગંતવ્યાપી કીર્તિ તારા દ્વારા સ્વર્ગલોક સુધી પહોંચો!' આજ સુધીમાં બનેલી તમામ ઘટનામાં આ એક જ ઘટનાએ મને ધીરજ બાંધી આપી. આ ઘટના મારી ઇચ્છાનુસાર બની હતી. હું નિશ્ચિત થઈ ગઈ!

એકવીસ

આઠ દિવસ પછી હું મહારાજ સાથે હસ્તિનાપુર જવા રથમાં બેઠી. સમસ્ત નગરજનો મને વિદાય દેવા એકઠાં થયાં હતાં. પિતાજી ઉત્તરીયથી આંખો લૂછતા હતા. ભાઈ વાસુદેવ સહિત સૌએ ભાવભીની વિદાય આપી. મહારાણી કુંતી હસ્તિનાપુર ચાલી. નગરમાંથી એક

જ મહત્ત્વપૂર્ણ સ્ત્રીને મેં મારી સાથે લીધી હતી અને તે ધાત્રી! મારા હૃદયમાં વિવિધ ભાવો ઊભરાતા હતા. મારી સ્મૃતિની રંગોળીને મારા હૃદયમાં કોતરી, સૌ નગરજનોને વંદન કરી મેં વિદાય લીધી. રથ હસ્તિનાપુર તરફ દોડવા લાગ્યો. નગરનો સીમા માર્ગ છૂટવા લાગ્યો અને અશ્વનદીનો પટ દેખાયો! અગ્નિના તણખાથી આગ ભભૂકી ઊઠે તેમ એ પટનાં દર્શન માત્રથી મારા હૃદયમાં વિવાહ પૂર્વેની સ્મૃતિઓ ભભૂકી ઊઠી. એની પ્રત્યેક લહેરે મને પેલાં બે સોનેરી કુંડળ દેખાવા લાગ્યાં. બે કોમળ હાથ નજરે તરવા લાગ્યા. જે હાથમાં રાજદંડ શોભે એ જ હાથમાં હવે તે ઘોડાના વેગને કાબૂમાં રાખવા લગામ લેશે! વિધાતા કેટલો નિર્દય છે? એણે જ મને મથુરાથી આ નગરમાં લાવીને મૂકી. આ નગરમાં મારું સુખી જીવન એનાથી ખમી શકાયું નહિ. એણે જ હિમાલયથી દુર્વાસાને અહીં મોકલ્યા! હવે હું હસ્તિનાપુર જઈ રહી છું. મારો તેજસ્વી લાલ માત્ર ચંપાનગરીમાં છે! એક સારથિની પર્ણકુટીમાં! એની યાદ આવતાં મેં અશ્વનદીને શ્રદ્ધાપૂર્વક પ્રણામ કર્યાં! રાજકુમારી કુંતી કૌરવકુળની મહારાણી બનીને જતી હતી! સ્ત્રીનું જીવન એટલે અનેક ઊથલપાથલ. ક્યારેક તે કોઈની કન્યા, કોઈની પત્ની, કોઈની માતા હોય તો ક્યારેક વળી કોઈની વધૂ, કોઈની ભાભી પણ હોય. એનું પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ નહિ. હોય તો કોઈને બતાવી શકે નહિ.

બાવીસ

અમે હસ્તિનાપુર પ્રવેશ્યાં. શકુંતલા, સુવર્ણા, યશોધરા, તપતી, સુભાંગી, સંપ્રિયા, અમૃતા, સુયશા અને સત્યવતી જેવી મહારાણીઓની આ નગરભૂમિ હતી! એક એકથી ચડિયાતી મહારાણીએ કુરુકુળની કીર્તિને સમસ્ત આર્યાવર્તમાં ફેલાવી હતી. નગરમાં પ્રવેશતાં જ હું અવાક્ બની ગઈ. હજારો નગરજનો પોતાની મહારાણીનું સ્વાગત કરવા ગંગાનદીના પવિત્ર તટે એકઠા થયા હતા. આનંદોલ્લાસથી ઘોષણા કરતા હતા, પુષ્પવૃષ્ટિ કરી રહ્યા હતા. વાદ્યો વાગી રહ્યાં હતાં. ગંગાની પ્રત્યેક લહેર આનંદથી નૃત્ય કરતી કુરુવંશની વધૂનું સ્વાગત કરતી હતી. આ જ ગંગા ચંપાનગરીમાં મારા પુત્રનું લાલનપાલન કરવાની હતી. મેં એને નમીને વંદન કર્યાં.

વાજતેગાજતે અમે રાજમહેલમાં પ્રવેશ્યાં. મહાદ્વાર પાસે રાજમાતાએ આરતી ઉતારી. બાજુમાં વડીલ પૂજ્ય મહારાજા ભીષ્મ અને ધૃતરાષ્ટ્ર ઊભા હતા. આદરભાવથી મેં એમને પણ વંદન કર્યાં. મને આશીર્વાદ આપતાં વિદુર બોલ્યા, 'વત્સ, રાજા શૂરસેન સાથે આ કુળનો સંબંધ બંધાયો એમાં ભાવિનાં શુભ ચિહ્ન વર્તાય છે.' કૌરવોના અતુલ પુરુષાર્થની સાક્ષી સમા આ રાજભવનમાં માત્ર વીસ વર્ષની વયે કુરુની મહારાણી તરીકે મેં પગલાં પાડ્યાં! હૃદયે હળવાશ અનુભવી. સુખનો અમૃતમેઘ મારા શિર પર અસંખ્ય ધારાએ વરસવા લાગ્યો.

ત્રેવીસ

હસ્તિનાપુરમાં મારું જીવન આનંદથી વ્યતીત થતું હતું. ક્યાં દિવસ ઊગે ને ક્યાં આથમે તેની ખબર સુધ્ધાં રહેતી નહિ. ધાત્રી રોજ વીર પરાક્રમી પૂર્વજોની જાતજાતની કથા કહેતી હતી. બાળપણમાં પતંગિયા પાછળ દોડતી પૃથા મારા હૃદયમાંથી ખસી ગઈ હતી.

ભોજપુરની દીવાલો પર માથું પટકાવતી લાચાર કુંતી પણ ક્યાંક લપાઈ ગઈ હતી. ખરે જ વિસ્મૃતિ એ મનુષ્યના જીવનની કેવી પ્રભાવક શક્તિ છે! રોજબરોજ જીવનમાં કેટકેટલા અસંખ્ય બનાવો બને એ બધાય માણસના હૃદયમાં જળવાઈ રહે તો? તો એના પરસ્પર સંબંધોના તાણાવાણા જોડતાં આંખે અંધારા આવી જાય. પાગલ બની જવાય! એટલે જ કદાચ કુદરતે આ વિસ્મૃતિનું અણમૂલ વરદાન માનવને આપ્યું હશે.

મારી ગતકાલીન સ્મૃતિઓ ધીરે ધીરે બુઝાવા લાગી. મારું હૃદય મનોરથની સોયથી મહારાણી કુંતીનું જીવનવસ્ત્ર સાવચેતીથી સીવવા લાગ્યું. હું પોતે જ મારા ભાગ્ય પર ઓવારી ગઈ. અહીં મને કોઈ વાતની કમી નહોતી! આદરસત્કાર, સંપત્તિ, કીર્તિ, પ્રતિષ્ઠા મારાં ચરણોમાં આળોટતાં હતાં. મહારાજ જેવા પ્રેમાળ, પરાક્રમી અને સુંદર પતિ હતા. રોજ અરીસામાં જોઈ કેશ ગૂંથતાં હું જ મારા પ્રતિબિંબને કહેતી, 'તું કોણ છે? મહારાણી કુંતી સામે આમ ટગરટગર શું જોઈ રહી છો? તારી જ નજર એને લાગી જશે તો?' એ હસીને મારી સામે જોઈ જ રહી. કૃત્રિમ ગુસ્સાથી મેં શીશીમાંનું ચૂરણ એ પ્રતિબિંબ પર ફેંક્યું. અરીસા સાથે ચૂરણ ચોંટી ગયું. પ્રતિબિંબ સંતાઈ ગયું. એક ગોળ ચક્કર મારીને હું મહેલના ગવાક્ષમાં આવીને ઊભી રહી. ત્યાંથી ગંગાનદીનો વિશાળ પટ દેખાતો હતો. નદી પર સ્વેચ્છાએ ઊડતા અસંખ્ય કારણ્ડવ પક્ષીઓને જોઈને મને થયું કે જીવન પણ એક સુંદર ઝૂલતો હિંડોળો છે!

આ જ રીતે એક વાર ગંગાનદીને એકીટશે જોતી ઊભી હતી. પાછળથી કોઈએ આવીને અચાનક મારી આંખો દાબી દીધી. હું ગભરાઈ ગઈ. આંખ પર હાથની પકડ મજબૂત થઈ. ઓહ! આ તો મહારાજનો હાથ હતો! હું શરમથી લજાઈ ગઈ. મને બાહુમાં લઈ તેઓ બોલ્યા, 'કુંતી, પુરુષ પરાક્રમ કરવા લાગે તો એક પછી એક પરાક્રમની હારમાળા જ રચાઈ જાય! મેં તને જીતી લીધી પણ રાજાને બે રાણીઓ હોય છે. એક એની પત્ની અને બીજી એણે જીતેલી ભૂમિ! ભૂમિ વગરનો રાજા એટલે યાળ વગરનો સિંહ!'

હું નીચું જોઈને સાંભળતી હતી. એમના સ્પર્શમાં ગજબનો જાદુ હતો! મારો દેહ કળાયેલ મોરની જેમ નાચી ઊઠ્યો. એમણે આંગળીઓથી મારી ચિબુક ઊંચી કરી પ્રેમભાવે કહ્યું, 'આ રાજ્ય પૂર્વજોનું છે. હું સ્વયં રાજ્ય જીતીને એને સમૃદ્ધ કરીશ. કાલે જ હું દિગ્વિજય મેળવવા પ્રસ્થાન કરીશ!'

દિગ્વિજય! દિગ્વિજય એટલે નિરંતર યુદ્ધ! એક પછી એક બળવાન રાજા સાથે યુદ્ધ! જીવનમરણનો ખેલ! એમના હાથને મેં મારા હાથમાં જોરથી પકડી લીધો. તેમણે મારી બીક પારખી લીધી. મારી આંખોમાં આંખ પરોવતાં કહે, 'કુંતી, ગભરાઈશ નહિ. આ દેહમાં કુરુનું લોહી ધબકે છે. એ પરાભવને ઓળખતો નથી. હું જલદીથી પાછો આવીશ.' એમની આંખોમાં આત્મવિશ્વાસની ઝલક હતી! પોતાના સશક્ત બાહુમાં એમણે મને સમાવી લીધી. ઉષ્ણ હોઠથી એમણે મને ચૂમી લીધી! ગંગાનદી પરથી આવતો શીતળ પવન બંનેના તપ્ત શરીરને શીતળ કરવાનો વ્યર્થ પ્રયત્ન કરતો હતો.

ચોવીસ

બીજે દિવસે કુરુઓનું વિશાળ પરાક્રમી સૈન્ય દિગ્વિજય માટે પ્રસ્થાન કરવા સજ્જ થયું. ઢાલ ધરી યુદ્ધના વેશમાં સજ્જ મહારાજ સૈન્યમાં મોખરે ઊભા રહેવા રાજમહેલની

બહાર નીકળ્યા. સૌ વડીલોએ એમને શુભ આશીર્વાદ આપ્યા. છેવટે રાજમાતાએ આશીર્વાદ દેતાં કહ્યું, 'પાંડુ, તારા ક્ષેમકુશળનાં સમાચાર અવારનવાર દૂત સાથે મોકલતો રહેજે. સાચવીને જા!'

મેં આગળ આવી એમના ભાલમાં કેસર તિલક કર્યું. નીચે નમીને એમની ચરણરજ લેતાં હળવેકથી કહ્યું, 'આવો ત્યારે એક સુંદર પત્ની પણ લેતા આવજો!'

એમણે મને સાશ્ચર્ય પૂછ્યું, 'પત્ની?'

'હા. રાજાને બે રાણીઓ હોય છે! એક એમની પત્ની અને બીજી એમણે જીતેલી ભૂમિ!'

'સારું,' કહીને તેઓ વળ્યા અને સૈન્યની આગળ ઊભેલા શ્વેત શુભ્ર અશ્વ પર આરૂઢ થયા. એના ઇશારે આખું કુરુસૈન્ય આગળ ચાલ્યું. કબૂતરની પાંખોની જેમ ફરફરતો ત્રિકોણી ભગવો ધ્વજ પૂર્વ દિશા તરફ નીકળી ગયો. મારા હૃદયમાં ગર્વ સમાતો નહોતો.

પચ્ચીસ

રોજ દૂત સમાચાર લાવતો હતો. એક પછી એક રાજ્ય જીતીને કૌરવોની વિજયી સેના રત્ન, મોતી, મણિ, સોનું, વૈદુર્ય, માણેક, રૂપું, ગાય, ઘોડા અને ખંડણીઓ લઈને આગળ વધતી જતી હતી. દશાર્ણ, મગધ, મિથિલા, વિદેહ, કાશી, સુહય, પુણ્ડ્ર. સઘળા દેશો કૌરવો પાસે પરાભવ પામ્યા હતા. સેનાને હસ્તિનાપુર છોડ્યે ચાર મહિના વીતી ચૂક્યા હતા. આ ચાર મહિના મને ચાર યુગ જેવા લાગ્યા હતા. યુદ્ધમાં ગયેલા વિજયી વીરની પત્નીની મનઃસ્થિતિ એવી વીરપત્ની જ જાણી શકે.

ચાર મહિના પછી સમાચાર આવ્યાં કે સર્વત્ર વિજય મેળવીને મહારાજ આવી રહ્યા છે. આખા નગરમાં ઉત્સાહ છવાઈ ગયો. મહારાજ ભરત પછી લાંબા સમય સુધી કોઈએ આવો દિગ્વિજય મેળવ્યો નહોતો. મારી છાતી ગજગજ ફૂલતી હતી. પિતાએ એક વાર કહ્યું હતું, 'વીરોએ વિજયાનંદમાં જીવવું જોઈએ.' મારું હૃદય મને કહેવા લાગ્યું, 'આ સાંસારિક આનંદ છે! ક્યારેક એનો કેફ વીરપત્નીને પણ ચડે છે! હવે હું દિગ્વિજયી મહારાજ પાંડુની પ્રિય પત્ની કુંતી હતી! મહારાજાની મહારાણી! સાચે જ મનુષ્યના ભાગ્યસમુદ્રમાં ક્યારેક એવાં મોજાં ઊછળે છે જાણે ભરતી આવી જ ન હોય!

ખંડણીથી ભરેલાં સેંકડો ગાડાંની વણજાર રાજમહેલ ભણી આવવા લાગી. એની પાછળ વિજયકૌરવ સેનાએ નગરમાં પ્રવેશ કર્યો. છેલ્લે મહારાજ અંબાડી પર શોભતા હતા. એમની છાતી ગર્વિલી હતી. પણ – પણ એમની ડાબી બાજુએ એક સુંદર સ્ત્રી બેઠી હતી. કોણ હતી એ? મહારાજની પાસે બેસવાની એનામાં હિંમત શી રીતે આવી? મારા હૃદયમાં શંકાની ચિનગારી સળગી ઊઠી.

અંબાડી મહાદ્વાર પાસે આવી પહોંચી. હંમેશની જેમ હું આગળ આવી, પરંતુ મારું ધ્યાન પેલી સ્ત્રી તરફ જ હતું! તે સુંદર હતી. મહારાજની સામે જોઈને તે ખડખડાટ હસી પડી. મારું મન વશમાં ન રહ્યું. અંતે મહારાજે ઘટસ્ફોટ કર્યો, 'કુંતી, તેં જતી વખતે મને પત્ની લાવવા કહ્યું'તું ને! આ શલ્યની બહેન માદ્રી! જો. તારા કરતાંય સુંદર છે ને!'

ઓહ! એમ વાત છે. મહારાજાએ મારા જ શબ્દોથી મને બાંધી લીધી એમ ને! પુરુષને તો બહાનું જ મળવું જોઈએ. તરત પોતાનું ધાર્યું કરી લેશે! અને આ રાજમહેલની

આ જ તો પરંપરા હતી.

રાત્રે મને સેનાપતિ દ્વારા જાણવા મળ્યું કે મદ્ર દેશના મહારાજા શલ્યે પિતામહની સંમતિથી પોતાની બહેનનો સંબંધ વિજયી મહારાજ સાથે પંચાલ રાજ્યમાં જ નક્કી કરી રાખ્યો હતો. વૈભવશાળી કુરુવંશ સાથે પોતાના લોહીના સંબંધ જોડાય એવી ઇચ્છાથી મહારાજા પાસેથી પોતાની બહેન માદ્રી માટે સ્વીકૃતિ માગી હતી. મહારાજે જ એમની વિનંતીને માન્ય રાખી હતી. માદ્રીના સૌંદર્યથી પ્રભાવિત થઈ એમણે સંમતી આપી! પાછા વળતાં તેઓ માદ્રીને પોતાની સાથે લઈ આવ્યા. આજથી નગરમાં બે મહારાણીઓ થઈ. એક કુંતી અને બીજી માદ્રી!

તે રાતે સૂતાં સૂતાં મને વિચાર આવ્યો કે અતિ સુખ એ સારું નથી. નાનું બાળક પણ ખૂબ દેખાવડું હોય તો તરત મા એના ગાલ પર કાળું ટપકું કરે છે. સુખની બાબતમાં પણ આવું જ છે. સુખમાં પણ કોઈને ભાગીદાર બનાવવા જોઈએ જેથી કોઈની નજર ન લાગે. મહારાણી માદ્રી આવી તે સારું થયું. હવે આ કુંતીને સ્ત્રી રૂપે જીવવાની મોકળાશ મળશે. મહારાણી તરીકે અરધી ફરજ હવે માદ્રી સંભાળશે. મારા કરતાં વધુ સુંદર છે તેથી મહારાજા પણ એને પ્રસન્ન રાખશે.

આમેય જીવન પણ એક સમાધાન જ છે ને!

છવ્વીસ

મહારાણી માદ્રી સારી શોક્ય થઈને આવી હતી પણ અમે ક્યારેય એકબીજાની ઈર્ષા કરી નથી. ઈર્ષા બેધારી તલવાર જેવી હોય છે! ઈર્ષા બંનેને નુકસાનકર્તા છે પણ અમે એકબીજા સાથે પ્રેમથી રહેવા લાગ્યા. કેમકે પ્રેમ એ જ માનવહૃદયનો એવો આવિષ્કાર છે જે સૌને હળવાશ આપે છે. અમે સમજદારીપૂર્વક જીવન જીવવા લાગ્યા. જેટલા પ્રેમથી સૌએ મારું સ્વાગત કર્યું હતું એટલા જ પ્રેમથી સૌએ માદ્રીનું સ્વાગત કર્યું. બે મહારાણીઓ વચ્ચે મહારાજ બે ચાંદની વચ્ચે ચંદ્રની જેમ શોભતા હતા. મને પણ સુખદુઃખની વાતો કરવા એક સારી સહિયર મળી. જીવન એ માણસ સાથે ક્યારેક સુખની રંગપંચમી રમે છે, ક્યારેક સુખનો ગુલાલ એટલો બધો ઉડાડે છે કે જીવ ઘૂંટાવા લાગે. હાથ ઊંચા કરીને કહેવાનું મન થાય કે બસ થઈ હવે આ સુખની છોળ! મારી પણ આ જ સ્થિતિ હતી. મહારાજની ગેરહાજરીમાં હું કલાકો સુધી માદ્રી સાથે વાતો કરતી બેસી રહેતી. એની વાતો સાંભળ્યા જ કરું એવું મન થતું. મોરલીના સ્વર જેવો એનો અવાજ મધુર હતો.

એક દિવસ અમે બંને વાતો કરતાં બેઠાં હતાં. એ પોતાના ભાઈ-શલ્યના પ્રભાવક વાક્ચાતુર્ય વિશે મને વાતો કરતી હતી! પોતાના વાક્ચાતુર્યથી એણે મહારાજનું હૃદય કેવું જીતી લીધું હતું એની વાત કરતાં તે નીચું મોં કરીને મનમાં ને મનમાં હસી પડી. મહારાજ અમારી પાછળ આવીને ક્યારે ઊભા રહ્યા તેની ખબર જ ન રહી! હળવેકથી નજીક આવી અમારા ખભા પર હાથ મૂકી તેઓ હસીને બોલ્યા, 'એક મ્યાનમાં બે તલવાર રહી શકે ખરી. એ વાત ખોટી નથી.'

અમે ઊભા થયા. મેં ધીમેથી કહ્યું, 'સ્ત્રી તલવાર છે એવું કોણે કહ્યું?' માદ્રીએ પણ મારી વાતને ટેકો આપ્યો. તેણે કહ્યું, 'અને પુરુષને મ્યાન કહે છે એ શું યોગ્ય છે?'

મહારાજ ચકિત થઈ ગયા. તેમણે પૂછ્યું, 'તમે બંને મળીને જ કહો કે સ્ત્રી એટલે શું અને પુરુષ એટલે શું?'

મેં જવાબ આપ્યો, 'પુરુષ એ દેહ અને...'

'અને સ્ત્રી એનો પડછાયો! જ્યારે બે બાજુથી અજવાળું આવે ત્યારે એક જ દેહના બે-બે પડછાયા પડે. એવી જ રીતે અમે બંને પણ આપના પડછાયા જ છીએ!' માદ્રીએ મારું અરધું વાક્ય પૂરું કર્યું! મને એની નવાઈ લાગી.

માદ્રીના ઉત્તરથી તેઓ પ્રસન્ન થયા. એમણે બંને હાથથી અમને બંનેને પોતાની છાતીમાં સમાવી લીધાં. ખૂબ ખુશ થઈને તેઓ બોલ્યા, 'આ નગરનો રાજા થયો ત્યારે દિગ્વિજયી સમ્રાટ થયો ત્યારે જેટલો ખુશ નહોતો થયો એટલો આજે ખુશ છું અને રાજા ખુશમાં હોય ત્યારે શું કરે એ ખબર છે તમને બંનેને?'

'ગરીબોને દાન દે.' મેં ઉત્તર આપ્યો.

'નગરમાં એકાદ ધર્મશાળા બંધાવે! નહિતર એકાદ માર્ગ તૈયાર કરાવે!' માદ્રીએ જણાવ્યું.

'નહિ. નહિ. રાજા ખુશ થાય ત્યારે એક જ કામ કરે – મૃગયા! આજ અમે વારણાવતના વનમાં મૃગયા કરવા જઈશું!'

એમણે એક સેવક સાથે સેનાપતિને સંદેશો મોકલ્યો. મૃગયાની તૈયારી શરૂ થઈ. મહારાજ મહેલની બહાર ઝડપથી નીકળી ગયા. દરવાજામાંથી બહાર નીકળતાં એમના મસ્તક પરનો સુવર્ણજડિત મુગટ દરવાજાના પડદામાં ભરાઈ ગયો અને નીચે ગબડી પડ્યો! મારા હૃદયમાં ભયનું મોજું ફરી વળ્યું! આગળ આવી મેં તરત જ મુગટ ઊંચકી કહ્યું, 'મહારાજ, આજ ન જાઓ તો ન ચાલે?'

'કુંતી, સ્ત્રી સ્વભાવે ડરપોક હોય છે, પરંતુ પુરુષો કૃતનિશ્ચયી. હું જવાનો જ. મનમાંથી ડર કાઢી નાખ. હું કંઈ યુદ્ધમાં નથી જતો. ફક્ત મૃગયા માટે જાઉં છું!'

મસ્તક પર મુગટ ચડાવતાં તેઓ ઝડપથી બહાર નીકળી ગયા.

સત્તાવીસ

બે દિવસમાં જ મહારાજ વારણાવતથી પાછા આવ્યા. તેઓ મૃગયા કરીને સાથે કંઈ જ લાવ્યા નહોતા. ઊલટું એમનો સદાય હસતો ચહેરો આજે મ્લાન પડી ગયેલો હતો. કદાચ તેઓ વનમાં ભટકી ભટકીને થાકી ગયા હશે. અમને જોઈને તેઓ ખુશમિજાજમાં આવી જશે એમ સમજી હું અને માદ્રી બંને હસતાં હસતાં એમની સમક્ષ ઉપસ્થિત થયાં, પરંતુ તેમણે અમારી સામે જોયું પણ નહિ! નીચું મોં કરીને સીધા તેઓ પોતાના ભવનમાં ચાલ્યા ગયા અને તરત જ દરવાજો બંધ કરી દીધો. ચાર દિવસ સુધી ખાધાપીધા વગર પડી રહ્યા! દરવાજો કેટલી વાર ખખડાવ્યો પણ તેમણે ખોલ્યો જ નહિ. શંકાના અસંખ્ય વીંછી અમારા બંનેનાં હૃદયને ડંખ મારવા લાગ્યા. છેવટે નિરુપાય બનીને અમે બંને રાજમાતા પાસે ગયા. હકીકત જાણીને તેઓ પણ ચિંતાતુર થઈ ગયાં. તરત જ તેઓ અમારી સાથે આવ્યાં. એમણે બહારથી દરવાજો ખખડાવ્યો. અંદરથી કઠોર અને ચિડાયેલો અવાજ આવ્યો, 'કોણ છે?'

'હું અંબાલિકા છું! તારી માતા! પાંડુ, દરવાજો ખોલ.' રાજમાતાએ પણ કડક શબ્દોમાં કહ્યું.

તરત દરવાજો ખૂલી ગયો. આ ચાર દિવસમાં મહારાજ કેવા નંખાઈ ગયા હતા? એમણે અંગ પરથી રાજવસ્ત્રો ઉતારી નાખ્યાં હતાં અને શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં. માથે મુગટ નહોતો. હંમેશ આકાશમાં ઉડ્ડયન કરતી એમની વેધક આંખો આજે ધરતીમાં ચોંટી ગઈ હતી. મારી સમક્ષ દિગ્વિજયી સમ્રાટ ઊભા છે કે ભિક્ષુક! મને સમજાતું નહોતું.

રાજમાતાએ પૂછ્યું, 'પાંડુ, મેં સાંભળ્યું છે કે તેં ચાર દિવસથી કંઈ જ ખાધું નથી. રાજા થયો એટલે મનફાવે તેમ વર્તવાનો તને અધિકાર મળી ગયો? આ બે નિર્દોષ દીકરીઓએ તારું શું બગાડ્યું છે?'

માતાને નીચે નમી પગે લાગીને મહારાજે કહ્યું, 'રાજા થયો એટલે મનફાવે તેમ વર્તું એવો હું છું? હવેથી મારે જે જીવન જીવવાનું છે એની હું તાલીમ લઉં છું! એને અનુરૂપ હું વર્તી રહ્યો છું.'

'કેવું જીવન?'

'સંન્યાસીનું!' નીચું મોં કરીને તેમણે જણાવ્યું.

'પાંડુ, હોશમાં તો છો ને? તું કુરુવંશનો પુત્ર છો. દિગ્વિજયી સમ્રાટ છો. પર્ણકુટીમાં રહેનારો ભિક્ષુક નથી. કોણે તમને આ બધું શીખવ્યું?' રાજમાતાએ ચીસ પાડી જાણે અંગ પર વીજળી તૂટી પડી!

'માતા, વિધાતાએ! હવે હું કુરુકુળનો સુપુત્ર નથી. દિગ્વિજયી સમ્રાટ નથી. કોઈનો પતિ નથી, બધું નથી! હું કેવળ વિધિના હાથનું રમકડું છું.' એમણે પોતાનો ચહેરો હથેળીમાં ઢાંકી દીધો! જે મુખેથી તેઓ સેવકને આજ્ઞા કરતા હતા તે મુખ આજે ભયથી વિહ્વળ બની ગયું હતું!

'આજે એકાએક તને વિધાતા યાદ આવ્યાં? વિધાતાની ઢાલ ધરીને તું તારો પાંગળો બચાવ કેમ કરે છે, પાંડુ? તારે આમ જ કરવું હતું તો આ બે નિર્દોષ કન્યાઓ સાથે કેમ લગ્ન કર્યાં? સ્ત્રી શું પગનાં પગરખાં જેવી છે કે મનફાવે ત્યારે પહેરવાનાં અને મનફાવે ત્યારે ફેંકી દેવાનાં?' સહેજ કઠોર છતાં ચિંતિત સ્વરે રાજમાતાએ વ્યંગમાં કહ્યું.

'નહિ, માતા, તું તારા પાંડુને હજીય ઓળખી શકી નથી? એક ભયંકર શાપના અગ્નિએ મારા જીવનના ઉત્સાહ-ઉમંગથી ભરપૂર સુકોમળ અંકુરને બાળીને ભસ્મ કરી દીધાં છે, મા!'

શાપ?

સાપ દરમાં ઘૂસે એમ આ બે શબ્દો અમારા કાનમાં ઘૂસ્યા. મને અંધારાં આવ્યાં. માદ્રી ધડામ કરતી નીચે બેસી પડી.

રાજમાતાએ પાંડુને હલબલાવી નાખી વ્યાકુળ સ્વરે પૂછ્યું, 'શાપ? પાંડુ, શું શાપ? કેવો શાપ? કોનો શાપ? કોણે આપ્યો? શા માટે આપ્યો?'

નિર્મમભાવે, ઠંડે કલેજે મહારાજે કહ્યું, 'પરમ દિવસે અમે વારણાવત વનમાં મૃગયા માટે ગયા હતા પણ ત્યાં વિધાતાએ મારી સાથે ક્રૂર મૃગયા કરી. હરિણી સાથે ક્રીડા કરતાં હરણ પર મેં બાણ છોડ્યું. બાણ મર્મસ્થળ પર લાગતાં હરણ ગબડી પડ્યું, પરંતુ એનો

ચિત્કાર હરણના જેવો નહોતો! માણસની જેમ એ છટપટાતું હતું! અમે એની નજીક પહોંચ્યા ત્યારે એ પોતાના પગ વધુ જોરથી પછાડવા લાગ્યું. પોતાના તપના પ્રભાવથી હરણનું રૂપ લઈ પોતાની પ્રેયસી સાથે રમણીય વનમાં પ્રેમક્રીડા કરતા એ કિંદમ ઋષિ હતા! પોતાનો મૃગદેહ છોડતી વખતે એમણે વ્યાકુળ બનીને શાપ આપ્યો, 'આજે આવેશમાં આવી એક પ્રણયમગ્ન પ્રેમીને એની પ્રેયસીથી અળગો કરીને તું એને મૃત્યુના મુખમાં ધકેલી રહ્યો છે, તેથી હું કિંદમ ઋષિ તને શાપ આપું છું કે જા, તું તારી પ્રેયસી સાથે પ્રેમમાં રમણ કરતો હોઈશ ત્યારે મારી જેમ તું પણ તત્કાલ તરફડી તરફડીને મૃત્યુ પામીશ.'

હથેળીમાં મુખ ઢાંકીને કુરુનો દિગ્વિજયી સમ્રાટ બાળકની જેમ હીબકાં ભરતો હતો. તેણે તરત દરવાજા બંધ કરી દીધા. રાજમાતા દરવાજો ઠોકતાં રડી રહ્યાં હતાં. માદ્રી ઘૂંટણમાં મોં છુપાવીને રડતી હતી. હું પૂતળાની જેમ જડવત્ ઊભી હતી. ખેદ, દુઃખ, યાતના અને એથીયે વધુ ગુમસૂમ!

અઠ્યાવીસ

રાત્રે મને મહારાજે બોલાવી.

ગવાક્ષમાંથી ગંગાનાં શાંત પાણી તરફ અનિમેષપણે જોતાં તેઓ બોલ્યા, 'કુંતી, હવે હું રાજમહેલ છોડી દેવાનો છું! જ્યાં વૈભવનો વિલાસ છે ત્યાં સંયમનો વાસ નથી. મનુષ્યને સૌથી પ્રિય પોતાની જિંદગી હોય છે. અહીં હું ક્યારેય સંયમમાં રહી શકીશ નહિ. અહીં સહીસલામત રહેવું મારે માટે મુશ્કેલ છે. સવારે હું રાજમહેલ છોડી નાગશત પર્વત તરફ જવા નીકળી જઈશ!'

'પણ મહારાજ–' હું કંપી ઊઠી.

'કુંતી, મને ખબર છે કે હું તને કંઈ જ આપી શક્યો નથી! સુખના પર્વત પરથી વિધાતાએ તને આજ વાસ્તવિકતાની ઊંડી ખીણમાં ફેંકી દીધી છે! અહીં રહીને તું મારે ખાતર આંસુ સારે તે મને સહેજે ગમશે નહિ. તું તારે પિયર ચાલી જા! માદ્રીને પણ પરિસ્થિતિની જાણ કરી દે.'

'મહારાજ, હું કહું છું કે... સાંભળો તો ખરા...'

'વીજળીના એક જ કડાકે વિશાળ વૃક્ષ પર નિશ્ચિંતપણે જીવતી વેલ કેવી તૂટી પડે છે! આ ક્રૂર શાપે પણ તમારી બંનેની સ્થિતિ આવી જ કરી મૂકી છે. મનુષ્યના જીવનમાં વિધિની રમત એ ઉંદર સાથે ક્રૂર રીતે આદરેલી બિલ્લીની રમત! જા.'

'મહારાજ, તમારે મારું સાંભળવું જ પડશે. દેહથી પડછાયો અલગ નથી. વૃક્ષ વગર મૂળ વધી શકતું નથી. પતિ વગર આર્યસ્ત્રી એક પળ પણ જીવંત રહી શકતી નથી! અમે બંનેએ આપની સાથે આવવાનો નિર્ણય કાલ રાત્રે જ કરી લીધો છે!'

'વિધિ સાથે જુગાર રમવાનું રહેવા દે. મન પર સંયમ કેળવવો એ આકાશને કંકુની ડબ્બીમાં ભરવા બરાબર છે!'

'મહારાજ, સંબંધોની જાળમાં અમારી માછલી ફસાય છે કે નહિ એ તો જોઈએ અને જો કાળ પણ અમારી આંખ આંજવા જશે તો એને પણ હું બતાવી દઈશ કે મથુરાના યાદવરાજા શૂરસેનની હું કન્યા છું! આજથી હું, કુંતી, પ્રતિજ્ઞા લઉં છું કે તમે મારા પતિ

નહિ પણ પુત્ર છો પુત્ર! આ સિવાય અન્ય કોઈ સંબંધ મારા મનમાં ઊગવા દઈશ નહિ! પુત્ર વગર માતા રહી શકતી નથી! આપે મને આપની સાથે લઈ જ જવી પડશે! હું આવીશ જ!'

'કુંતી, લાગણીશીલ ન થા.'

'જો તમારી ઇચ્છા ન હોય તો તો મને ગંગાનાં પાણીમાં ધકેલી દઈ પછી આપ જઈ શકો છો.'

'કુંતી – કુંતી, ખરેખર આકાશને શરમાવે તેવું તારું મન છે. કાળે તારા જેવા રત્નને આ કમભાગી શાપભગ્ન પાંડુના મુગટમાં શા માટે જડ્યું હશે? ભગવાન જાણે!' તેઓ ફરી હીબકાં ભરીને રડવા લાગ્યા.

'કુરુકુળના રાજકુંવરને આ રુદન શોભે નહિ! સાક્ષાત્ દેવો પણ આ મૂલ્યવાન ચરણોનો સ્પર્શ કરી ધન્યતા અનુભવે છે!' મેં એમને દૃઢતાથી કહ્યું.

તેઓ શાંત પડ્યા. આ ભયંકર શાપે આખા રાજમહેલની શોભા એક ક્ષણમાં નષ્ટપ્રાય કરી દીધી. ચાર દિવસ સુધી સંપૂર્ણ વિચાર કર્યા પછી મહારાજે રાજમહેલ છોડવાનો નિર્ણય કર્યો હતો. એ નિર્ણય યોગ્ય હતો કે નહિ તે નક્કી કરવાનું મુશ્કેલ હતું. એમનું કહેવું એક જ હતું કે રાજમહેલના વૈભવી ભોગવિલાસમાં નિરંતર ઝૂર્યા કરવું, બળ્યાજળ્યા કરવું એના કરતાં અરણ્યવાસ શું ખોટો? વૈભવ માનવીને વિલાસી બનાવે. સંપત્તિ, કીર્તિ, પ્રતિષ્ઠા વગેરેની સાથે માનવી એક વાર જુગાર ખેલી શકે, પરંતુ જિંદગી સાથે કદી જુગાર ખેલાય જ નહિ.

વનવાસ એ જ સંયમનો સાચો માર્ગ છે. એ વાત સાથે હું સંપૂર્ણ સંમત છું. વૈભવની સરકણી વિલાસી ભૂમિ પર ભલભલા લપસી પડ્યા વગર રહે જ નહિ. સંયમની ગંભીરતા વનમાં જ સચવાય. અમે ત્રણેએ વનમાં જવાનો ગંભીર નિર્ણય લીધો.

ઓગણત્રીસ

અમે રાજવસ્ત્રો દૂર કર્યાં. અંગનાં આભૂષણો રાજમાતાને સોંપી દીધાં. અમે વનમાં જઈ રહ્યાં છીએ એ વાત આખા નગરમાં વાયુવેગે પ્રસરી ગઈ. લોક રાજમહેલ પાસે ઊમટ્યું. અમે વનમાં જવાના છીએ એ વિચાર માત્રથી મહારાજ ભીષ્મ પિતામહ અને ધૃતરાષ્ટ્ર દુ:ખના સમુદ્રમાં ડૂબી ગયા. એ પરાક્રમી પુરુષોની આંખોમાં આંસુ ઊભરાયાં. દિયર વિદુરજીએ મહારાજને અનેક રીતે સમજાવ્યા પણ 'રાજમહેલ અને વૈરાગ્ય એ એકસાથે સંભવી શકે નહિ.' મહારાજનો આ એક જ ઉત્તર હતો. હમણાં જ દિગ્વિજયીના ડંકા વગાડીને આવેલા સૌના પ્રિય રાજા યોગી બનીને વનમાં જવા નીકળ્યા! જે હાથમાં કૌરવોનો રાજદંડ શોભે તે હાથમાં આજે એમણે કમંડળ ધારણ કર્યું હતું, જે મુખે વિજયી સૈન્યને 'મારો-કાપો'ના ઓજસભર્યા શબ્દોથી પ્રોત્સાહિત કર્યા હતા એ જ મુખે હવે જીવનમુક્તિ માટે આજીવન શ્લોકોનું પઠન થશે! આશ્ચર્યવિમૂઢ કરી દેવાની શક્તિ જેટલી વિધાતા પાસે છે એટલી અન્ય કોઈ પાસે નથી!

આખરે પ્રસ્થાન કરતી વખતે સાદાં ધોયેલાં વસ્ત્રમાં મહારાજે સૌને લળી લળીને પ્રણામ કર્યાં. મહારાજા ભીષ્મે કહ્યું, 'પાંડુ, પૂર્વે મારા પિતા રાજા શાંતનુના ભાઈએ પણ

આ જ રીતે રાજ્યનો ત્યાગ કર્યો હતો. એમનું નામ દેવાપી હતું. એમણે સ્વેચ્છાએ વનવાસ સ્વીકાર્યો હતો, જ્યારે તેં પરાક્રમના સિંહાસન પરથી ઊઠી વૈરાગ્યના વ્યાઘ્રચર્મને આસન બનાવ્યું છે એ કેવળ તારા દુર્ભાગ્યને લીધે છે! રાજા દેવાપીનો બ્રહ્મલીન આત્મા તને વનમાં ધીરજ અને શાંતિ પૂરશે. જા. જે કારણે તું રાજ્યનો ત્યાગ કરી રહ્યો છે તેને તું જીવની જેમ જાળવજે. મન પર સંયમ કેળવજે. જ્યાં સુધી ભીષ્મ છે ત્યાં સુધી કૌરવોનો ડંકો સમસ્ત આર્યાવર્તમાં ગાજતો રહેશે. અહીંની ચિંતા કરીશ નહિ.'

અમે ત્રણેએ સૌની વિદાય લીધી. રાજમહેલનો ત્યાગ કર્યો. રાજમહેલમાંથી એક જ વ્યક્તિનો અમને સાથ હતો અને તે ધાત્રી! જાણે કુંતીના જીવનમાં મૃત્યુ સુધી છાયા બનીને રહેવા વિધાતાએ એને મોકલી હતી. એને કોઈ સમજી શક્યું નહોતું. અમે ચારે જણાં નગરમાંથી અડવાણે પગે ચાલી નીકળ્યાં. આ નગરમાં હું મહારાણી બનીને આવી હતી અને આજ સંન્યાસિની બનીને જઈ રહી છું. એક પછી એક નગરજન વારાફરતી અમારો ચરણસ્પર્શ કરતા હતા અને વિલાપ કરતાં વિનવતા હતા, 'મહારાજ, મહારાણી, અમને છોડીને ન જાઓ. હસ્તિનાપુરને નિરાધાર કરીને ન જાઓ.'

અમે દૃઢનિશ્ચયી હતાં. એમના શબ્દોની અમારા પર કોઈ જ અસર થતી નહોતી. મન બધિર થઈ ગયું હતું. આ કરુણ દૃશ્ય જીરવવું મુશ્કેલ હતું. આગળ માર્ગ સૂઝતો નહોતો.

નગર બહાર અમે ગંગાનદી પાસે આવ્યાં. ગંગાને જોઈ મારું હૃદય ભરાઈ આવ્યું. મને મથુરા યાદ આવ્યું. યમુના કાંઠે મારું શૈશવ વીત્યું હતું. નિર્દોષ અને નિખાલસ! બાળપણની પૃથાએ આજે કુંતીને જોઈ હોત તો એ શું કહેત? 'પૃથા, પાગલની જેમ સફેદ વસ્ત્રો પહેરી તું ક્યાં ચાલી? મારી સાથે ફેરફુદરડી ફરતી પતંગિયા પકડવા ચાલ!' હું ત્યાં સહેજ વાર ઊભી રહી. આગળ એક ડગલું માંડવાની ઇચ્છા થતી નહોતી. આ ગંગાનદીએ આજ સુધી કૌરવોની કેટલી પેઢી જોઈ હશે? કેટલા વિજય જોયા હશે? પણ આજ – આજનો પ્રસંગ એના હૃદયમાં હંમેશને માટે કોતરાયેલો રહેશે! આ દૃશ્ય એણે જીવનમાં ક્યારેય નહિ જોયું હોય. મારી ધીરજ છૂટી ગઈ. હથેળીમાં મુખને ઢાંકી દીધું. અચાનક આંગળીઓને કાનનાં મોતીનાં કુંડળનો સ્પર્શ થયો. કુંડળ ઉતારવાનું વિસરાઈ ગયું હતું. મેં કુંડળ ઉતાર્યાં અને ગંગાનાં પાણીમાં પધરાવી દીધાં. પાણીમાં એક મોટું વર્તુળ થઈ ગયું. મારા મનના જલાશયમાં પણ સ્મૃતિનું એક વલય ઊઠ્યું. એક વર્ષ પહેલાં જ મેં બે જીવંત સોનેરી કુંડળ આમ જ અશ્વનદીને અર્પણ કર્યાં હતાં! અને આજ આ રાજમાતાની અંતિમ નિશાની રૂપ મોતીનાં કુંડળ હું ગંગાને અર્પણ કરી રહી હતી! હવે કુંતી નિશ્ચિંત હતી. બહારથી અને અંદરથી! હવે તેના પગ પતિની પાછળ પાછળ, એ જ્યાં લઈ જાય ત્યાં ઊપડવાના હતા. ક્યાંય અટકવાના નહોતા. સ્ત્રીનો જન્મ કંઈ જ મેળવવા માટે નથી હોતો. સર્વસ્વ સમર્પણ માટે જ હોય છે!

ત્રીસ

હસ્તિનાપુરથી અમે નાગશત પર્વત પર પહોંચ્યાં. ઉત્તર દિશાના આ પર્વત પર હાથીઓનાં ટોળેટોળાં હતાં. રાજમહેલની સાહ્યબીથી ટેવાયેલા અમને અરણ્યના સુસવાટાભર્યો પવન ખાવા ધાતો હતો. એ પવનથી હાથીઓનાં ટોળાં વિખરાઈ જતાં હતાં અને અવાજ

કરતાં તેઓ અમારી તરફ ધસી રહ્યાં હતાં. આ પર્વત પર અમે જેમતેમ મહિનો પસાર કર્યો. ત્યાંથી અમે આગળ વધ્યાં. હવે અમારે માટે કોઈ નિશ્ચિત દિશા નહોતી. અમે જે નક્કી કરીએ એ જ અમારી દિશા હતી. પૂર્વજન્મના ઋણાનુબંધથી ભેગાં થયેલાં અમે ચાર જીવ હતાં. મહારાજને દૂર જતા જોઈ માદ્રી છુટ્ટે મોઢે રડી પડતી.

હૈયું કઠણ કરી હું મારી જાતને ધીરજ આપતી!

નાગશત પર્વત પરથી અમે ચિત્રરથ પર્વત પર આવ્યાં. ત્યાં થોડો વખત રહીને અમે ગંધમાદન પર્વત પર ગયાં. માર્ગમાં હિમાલય પર્વત હતો. એમનાં દર્શન માત્રથી મને થોડી શાંતિ મળી! ચારેબાજુ શ્વેત બરફ છવાયેલો હતો. જાતજાતના વેશમાં સજીધજીને આવતા નટને જોઈ જગત હસે છે તેમ પર્વત રૂપે વિધાતા જાણે અમારા આ વેશને જોઈ સ્વચ્છ સફેદ દાંત દેખાડતી હસી રહી હતી! હિમાલય પર અમને વ્યાસમુનિનાં દર્શન થયાં. તેઓ ઘોર તપસ્યા કરી પાછા હસ્તિનાપુર તરફ જઈ રહ્યા હતા. તેમણે વિસ્મયથી પૂછ્યું, 'પાંડુ, તું હિમાલય પર ક્યાંથી?' મહારાજે એમને બનેલી બધી વિગત જણાવી. મેં એમને પ્રણામ કર્યાં. મને આશીર્વાદ દેતાં કહ્યું, 'દુર્વાસાની વાણી સાચી ઠરશે. તું વીરોની જનની થઈશ!' મહારાજે આશ્ચર્યથી એમની સામે જોયું. તેમને ઉદ્દેશીને મુનિ બોલ્યા, 'પાંડુ, કુંતીને તું ઓળખતો નથી પણ વિશ્વમાંય કોઈ એને ઓળખી શકશે નહિ! જાઓ તમે.' અને તેઓ ચાલ્યા ગયા પવનની મંદ મંદ ગતિની જેમ!

વ્યાસમુનિની વાણી વિશે મને મહારાજ જરૂર કંઈક પૂછશે એવી મારા મનમાં દહેશત હતી, પરંતુ ઈશ્વરની કૃપા કે એમણે મને એ વિશે કંઈ જ પૂછ્યું નહિ.

હિમાલયથી અમે ગંધમાદન પર્વત પર આવ્યાં. ત્યાં ઇન્દ્રદ્યુમ્ન સરોવરને કાંઠે થોડા દિવસ રહ્યાં. ત્યાંથી હંસકૂટ પર્વત ઓળંગી આખરે શતશૃંગ પર્વત પર પહોંચ્યાં. એ પર્વત પર નીલવર્ણાં સરોવરો હતાં. હરિયાળી વનરાઈ હતી. વિવિધ વૃક્ષો હતાં. હરણાં અને સસલાંનાં ટોળાં હતાં. આ શતશૃંગ પર્વત જાણે કુદરતની હરિયાળી સાડીનો નીલરંગી પાલવ હતો!

આ પર્વતના એક સરોવરને કાંઠે અમે પર્ણકુટી બાંધી. અમે એટલો બધો પ્રવાસ કર્યો હતો કે હસ્તિનાપુર કઈ દિશામાં છે તેની અમને જાણ જ રહી નહોતી. પૂરા અરણ્યમાં માનવવસ્તીનું એક જ નિશાન પર્ણકુટી હતું! ત્યાં કૌરવોના દિગ્વિજયી રાજા પોતાની બે વહાલી પત્નીઓ સાથે પર્ણકુટીમાં રહેવા લાગ્યા! નીલગગન એમની પર્ણકુટી પર છત્ર ધારણ કરીને ઊભું હતું! અરણ્યનાં ઊંચાં ઊંચાં વૃક્ષો એમને વીંઝણો વીંઝતાં હતાં! જાતજાતનાં કંદમૂળના વેલા અને ફળપાન એમના ભોજનના થાળ ભરી દેતા હતા! વન્યઘાસની શય્યા એમને પોતાની ગોદમાં સૂવડાવી દેતા હતા!

એકત્રીસ

સવારે પૂજા કરી. આખો દિવસ મહારાજ વનમાં ફળ અને કંદમૂળ શોધવા નીકળી પડતાં. સાંજે પાછા ફરતાં અમે સરોવરમાંથી પાણી લાવી પર્ણકુટી સાફ કરતાં. પૂજાની તૈયારી કરતાં દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા. ધીરે ધીરે હસ્તિનાપુર ભુલાવા લાગ્યું હતું, છતાં ક્યારેક સ્મૃતિમાં ઝબકી જતું ખરું. હસ્તિનાપુર છોડ્યે બે વર્ષ પૂરાં થયાં હતાં.

મહારાજ થોડા કૃશ દેખાતા હતા. વધેલાં દાઢીમૂછને કારણે તેઓ વયમાં પણ મોટા લાગતા હતા. તેઓ હંમેશ ગંભીર મુદ્રામાં રહેતા. એમનું મન કળવું મુશ્કેલ હતું. જરૂરથી વધારે તેઓ એક પણ શબ્દ બોલતા નહિ. ભૂલમાંય ક્યારે હસતા નહિ!

એક દિવસ એક મૃગનું નવજાત બચ્ચું એમના પગમાં અટવાયું. બચ્ચું એની ખરબચડી જીભથી એમના પગ ચાટવા લાગ્યું. મને હતું કે તેઓ એને હળવેકથી દૂર કરશે પણ એમણે તો નીચે બેસીને એની પીઠ પર મમતાથી હાથ ફેરવ્યો. એને પોતાની ગોદમાં લઈ વારંવાર ચૂમવા લાગ્યા. તેઓ નાના બાળકની જેમ ડૂસકાં ભરીને રડવા લાગ્યા. મારા મનમાં એક ભયંકર વિચાર ઝબકી ગયો. તેઓ માનસિક પરિતાપથી વિક્ષુબ્ધ થઈ ગયા હશે? મેં ગભરાતાં પૂછ્યું, 'આમ કેમ કરો છો?' મારી સામે ન જોતાં બચ્ચાના દેહને પોતાના ગાલ સાથે ઘસતાં તેઓ બોલ્યા, 'કુંતી, શું કહું તને? નિર્વંશી રાજાનું આ જગતમાં સ્થાન નથી તેનું સ્વર્ગલોકમાં પણ ક્યાંથી હોય? મૃત્યુ પછી એને સૌ ભૂલી જવાના. હું દિગ્વિજયી સમ્રાટ નથી. હું તો વિધાતાના રાજ્યનો એક ભિખારી માત્ર છું! મારી સાથે મારું નામ પણ વિલીન થઈ જવાનું!'

'શું એટલે જ આપ આટલા દુઃખી છો? એમ જ હોય તો દુર્વાસા ઋષિના મંત્રથી હું આપનો વંશવેલો ચાલુ રાખવા પુત્રનિર્માણ કરીશ. મહર્ષિ દુર્વાસા ઋષિએ મને દેવહુતિ મંત્ર આપ્યો છે.' મહારાજને દુર્વાસા ઋષિના યજ્ઞયાગની આવશ્યક માહિતી આપી.

'કુંતી, આ પાંડુને અપયશની તમામ ગર્તામાંથી ઉગારવા માટે જ વિધાતાએ તને મારી પત્ની રૂપે મોકલી લાગે છે!'

'મહારાજ, થોડા સમયમાં આ પર્ણકુટીમાં ઇચ્છિત સદ્ગુણી પુત્ર તમને જોવા મળશે.' મેં વાત ત્યાં જ પૂરી કરી.

થોડા દિવસ બાદ એક પ્રાતઃકાળે મેં આચમન માટે પાણી હથેળીમાં લીધું અને આંખો મીંચી દીધી. મંત્રના શબ્દો મારા હૃદયકુંભમાં ગોળગોળ ફરવા લાગ્યા. એના પ્રત્યેક ઉચ્ચારે હું દેહભાન ભૂલતી ગઈ. આખા સંસારનો ભાગ ઊંચકતી પૃથ્વીના નામનું સ્મરણ કરીને મેં યમદેવનું આહ્વાન કર્યું. મારું સંપૂર્ણ અંગ એક જ્યોતિ બની ગયું. પૃથ્વીમાંથી એક જ્યોત આવી અને પેલી જ્યોતમાં ભળી ગઈ. જતાં જતાં તેજનું સંક્રમણ કરતી ગઈ. ધીમે ધીમે હું શુદ્ધિમાં આવી. કંદમૂળ અને ફળ ખાઈને ટકી રહેલો મારો દેહ થરથર કાંપવા લાગ્યો. હું ફસડાઈને નીચે બેસી પડી.

તે દિવસથી મેં મૌન લઈ લીધું. મને એકાંત વાતાવરણ સારું લાગતું હતું. કોઈ મોટેથી બોલે એ મારાથી સહન થતું નહોતું. ફરી એક નવું જીવન શરૂ થયું. શરીર ક્રમશઃ વિકસતું ગયું.

યોગ્ય સમય આવતાં એક દિવસ સવારે મને વેણ ઊપડી. હું માતા બની. એક સૌમ્ય અને શાંત મુખાકૃતિવાળા બાળકનો જન્મ થયો. સૌનાં મોં પર આનંદ આનંદ! એનું નામ યુધિષ્ઠિર પાડ્યું. યુધિષ્ઠિર પર્ણકુટીમાં ઊછરવા લાગ્યો. એ રડવાનું કે હસવાનું નામ લેતો નહિ. સદાય શાંત મુખમુદ્રા! નદીના કુંડ સમી! આંખો વિશાળ!

મહારાજ એમને રમાડતા ત્યારે સાનભાન ભૂલી જતાં. હસ્તિનાપુર અમારા સ્મરણમાંથી ક્યારનું ખસી ગયું હતું, પણ હવે દુઃખને અમે વિસારે પાડી દીધું હતું.

યુધિષ્ઠિર એક વર્ષનો થયો. બીજે વર્ષે મને વાયુદેવ દ્વારા બીજા પુત્રની પ્રાપ્તિ થઈ. એનો દેહ અતિશય સુંદર અને ભરાવદાર હતો. એનું નામ ભીમ પાડવામાં આવ્યું! વાયુ જેવો એ ગતિમાન હતો! એક ઘડી પણ સ્થિર બેસે શાનો? ભીમ પછી ઇન્દ્રદેવ પાસેથી મને એક પુત્રનું વરદાન મળ્યું. વાને શ્યામ પણ અત્યંત તેજસ્વી હતો! ભરબપોરે એનો જન્મ થયો હતો. એની નીલવર્ણી આંખોમાંથી તેજની લકીર છૂટતી હતી! એનું નામ અર્જુન પાડ્યું. યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનના કિલકિલાટથી પર્ણકુટી ગાજી ઊઠી. મારું જીવન સાર્થક થયું. હું સંતોષ પામી. ભવિષ્યમાં તેઓ શું બનશે? કેવાં કેવાં પરાક્રમો કરશે? વગેરે વિશે ચર્ચા ધાત્રી અને મહારાજ કલાકો સુધી કરતાં. ધાત્રી રોજ કહેતી, ‘આ ભીમ કોઈનું સાંભળશે જ નહિ. જે એની સામે આવશે એનો ઘડો લાડવો કરી નાખશે! એટલો ચંચળ છે કે પગ વાળીને બે ઘડી બેસવાનું એ શીખ્યો જ નથી.’

અમારો આ વાર્તાલાપ માદ્રી એક ખૂણામાં બેસીને ચૂપચાપ સાંભળતી! તે કોઈ સાથે બોલતી નહિ. એણે પોતાનું અલગ વિશ્વ રચી લીધું હતું. તેને શું દુઃખ છે તે હું સમજી ગઈ. સ્ત્રીનું દુઃખ સ્ત્રી જલદીથી સમજી જાય છે. એને સંતાનની ઇચ્છા હતી. એક વાર સરોવર કાંઠે મેં એને પૂછ્યું, ‘તને પુત્રની ઝંખના છે ને?’ જવાબ દેવાને બદલે તે મને છાતીએ વળગીને રડી પડી. એને વાંસે હાથ ફેરવતાં મેં એને સાંત્વન આપ્યું, ‘માદ્રી, તું કુરુકુળની વધૂ છો. આમ રડ નહિ. તને પણ પુત્ર થશે.’

સરોવર કાંઠે અંજલિમાં પાણી લીધું અને આંખ મીંચી મેં દુર્વાસાનું સ્મરણ કર્યું. માદ્રીને મારી સામે બેસાડી. એના હાથમાં મેં એ પાણી મૂક્યું. ઝડપથી મંત્ર બોલવા લાગી. ભાથામાંથી બાણ બહાર પડે તેમ મારું શરીર શૂન્ય થઈ ગયું હોય એવું મને લાગ્યું. મંત્રપાઠ પૂરો થયો. મેં આંખ ઉઘાડી. માદ્રીને પૂછ્યું, ‘હવે તને મંત્રના શબ્દો યાદ છે?’ એણે હા કહી માથું ધુણાવ્યું. મને મંત્રના શબ્દો પ્રયત્ન કરવા છતાં યાદ આવતા નહોતા! સ્મૃતિનાં તમામ દ્વાર ઢંઢોળી જોયાં પણ ક્યાંયથી મંત્રનો પ્રત્યુત્તર સાંપડ્યો નહિ! આજે કુંતીએ પોતાની અંતિમ શક્તિ અન્યને અર્પણ કરી દીધી હતી! હવે તે એક સાદીસીધી સ્ત્રી હતી. એક પામર સ્ત્રી. સંતાનો અને પતિ એ જ એની માત્ર સંપત્તિ હતી! કસ્તૂરી વિનાના મૃગ જેવી હું સરોવર કિનારેથી પર્ણકુટીમાં આવી!

માદ્રીને પછી બે પુત્રો થયા. એમનાં નામ નકુળ અને સહદેવ પાડવામાં આવ્યાં. હવે પર્ણકુટી નવ માણસોથી ગાજતી હતી. મહારાજ, માદ્રી, હું, ધાત્રી અને પાંચ કુમાર. હસ્તિનાપુર છોડ્યાને દસ વર્ષ પૂરાં થયાં હતાં! પર્વતીય પવનની જેમ કાળ દોડી રહ્યો હતો!

આ દસ વર્ષમાં કુરુકુળનું શું થયું, હસ્તિનાપુરનું શું થયું – એને વિશે અમને કંઈ જાણ નહોતી. અમે જે દુર્ગમ પર્વત પર રહેતાં હતાં એ દિશા તરફ ફરકવાનું કોઈ સાહસ કરતું નહિ. બહારની દુનિયા સાથેનો અમારો સંબંધ કપાઈ ગયો હતો. બહારની દુનિયા અમારે માટે સ્વપ્નવત્ હતી. આ વન એ જ અમારો મહેલ હતો. અહીં અનેકવિધ પ્રાણીઓ જ અમારા સાથીઓ હતા. પક્ષીઓનું સંગીત એ જ અમારું મનોરંજન હતું. અમે વનવાસી બન્યાં હતાં!

બત્રીસ

સંતાનોના સહવાસમાં અમે વનમાં પણ સ્વર્ગ ઊભું કરી શક્યાં હતાં. અમે ત્રણ સ્ત્રીઓ હતી. અમારો પૂરો સમય બાળકો સાથે રમવામાં અને એમની કાલીઘેલી બોલી સાંભળવામાં તેમ જ તેમની સાથે વાત કરવામાં પસાર થતો હતો. બાળકો નાના હતા પણ સમજદાર હતા. એક ભીમ જ કોઈના વશમાં નહોતો. વિશાળકાય હાથીની ભરાવદાર સૂંઢ સતત આમતેમ હલતી રહે એમ એ પણ અહીંતહીં સતત ભાગતો રહેતો. પગ વાળીને એ ક્યારેય શાંત બેસી રહેતો નહીં. દિવસે દિવસે એનો બાંધો મજબૂત થવા લાગ્યો. એથી એ ખૂબ હૃષ્ટપુષ્ટ દેખાતો હતો.

આ પાંચે કુમારો વન્યગાયનું દૂધ પીને અને ફળ ખાઈને મોટા થતા હતા. વનમાં સનનન અવાજ સાથે વહેતો પવન જાણે ઘૂઘરા વગાડીને એમને રમાડતા હતા. એમના કિલકિલાટથી પર્ણકુટી ગાજી ઊઠતી. ધાત્રીના નીરસ વૃદ્ધ જીવનમાં પણ પ્રેમની કૂંપળો ફૂટી હતી! એ કુમારો સાથે રમતી. ઉપર નીલગગન અને નીચે હરિયાળી ધરતી! આ વાતાવરણમાં આ પાંચ જીવો સાગના વૃક્ષની જેમ મોટા થવા લાગ્યા. મને મારા જ ભાગ્યની ઈર્ષ્યા થવા લાગી! સૌંદર્ય, સંપત્તિ, કીર્તિ કરતાંય સ્ત્રીને પોતાના સંતાન અધિક પ્રિય હોય છે. બે સુંવાળા હોઠથી બાળક સ્તનપાન કરે છે ત્યારે સ્ત્રીને જીવનમાં ધન્યતા લાગે છે. માતૃત્વ એ જ સ્ત્રીનો મોક્ષ છે.

ફરીથી હું સુખના શિખર પર હતી. જીવન એ સુખદુઃખની તડકી-છાંયડીની રમત છે. હવે તો આ વન જ અમારું રાજ્ય હતું. કોઈનેય હરાવ્યા વિના મેળવેલું રાજ્ય! હું આ રાજ્યની મહારાણી હતી.

અમારી ગોદમાં રમતાં બાળકોને જોઈ મહારાજ પોતાનું દુઃખ ભૂલી જતા. આ પાંચ બાળકો સાથે રમતી વખતે તેઓ જીવલેણ શાપ વીસરી જતા. તે પહેલાંની જેમ પ્રસન્ન રહેવા લાગ્યા. મુક્તપણે વાતો કરવા લાગ્યા.

તેત્રીસ

વર્ષ પર વર્ષ વીતવા લાગ્યાં. બાળકો મોટા થવા લાગ્યા. વનમાં નિર્ભયપણે ફરવા લાગ્યા. ગમે ત્યાં તેઓ ભેટી જાય. એમને રમવા માટે શતશૃંગ પર્વત નાનો પડવા લાગ્યો. ભીમ પાછો આવતો ત્યારે વાઘના બચ્ચાનો કાન પકડીને એને ખેંચીને લઈ આવતો. મનુષ્યનું જીવન એની આસપાસની પરિસ્થિતિ પર અવલંબે છે. જેવી સોબત મળે એવું એનું જીવન ઘડાય. નાનું બાળક અનુકરણશીલ હોય છે. માતાપિતાના સંસ્કાર ઉપરાંત એમનું સંસ્કાર ઘડતર આ અરણ્યભૂમિએ પણ કર્યું હતું. તેઓ કુદરતને ખોળે ઊછર્યાં હતાં. આ સંતાનો જોતજોતામાં દસ-બાર વર્ષનાં થઈ ગયાં.

અરણ્યની નદીઓએ એમને એ પાઠ શીખવ્યો કે માનવીનું જીવન સતત વહેતું હોવું જોઈએ. સ્વાર્થી અને સંકુચિત જીવનનો તેમને સ્પર્શ પણ થયો નહોતો. અહીંનાં ઊંચાં ઊંચાં શિખરો એમને ઊંચા બનવાનું શીખવતા હતા. ઉપર નીલગગન એમને નિર્મળ હૃદયા

થવાની શિખામણ દેતું હતું. અહીં જાતજાતનાં પ્રાણીઓ અને છાંયડો દેતાં વૃક્ષો એમને જનસમાજ માટે મરી ફીટવાનો સંદેશો આપતા હતા. પક્ષીઓનું ઉન્નત ઉડ્ડયન એમને સાહસિક બનવા પ્રોત્સાહિત કરતા હતા.

તેઓ જાતજાતના પ્રશ્નો પૂછી અમારો જીવ ખાતા હતા. યુધિષ્ઠિર મને પૂછતો, 'આકાશના આ નીલરંગી ઘુમ્મટ પૃથ્વી પર કોણે બેસાડ્યા છે? એના થાંભલા ક્યાં છે?'

હું એને કહેતી, 'બેટા, સૌ દેવોને ખાતર સમુદ્રમંથન વખતે નીકળેલું વિષનું પાન ભગવાન શંકરે કર્યું હતું! ભગવાન શંકરના વિષપાનથી આકાશનો વર્ણ નીલો છે.'

અર્જુન મને પૂછતો, 'મા, પવન જોરમાં ફૂંકાય ત્યારે સૂ... સૂ... અવાજ કેમ આવે છે?'

હું કહેતી, 'અર્જુન, પૂર્વે રામચંદ્રના સમયમાં એક મોટા ધનુર્ધારી થઈ ગયા. એમણે રાક્ષસો તરફ છોડેલાં બાણ એટલાં વેગવાન હતાં કે એને કોઈ રોકી શક્યા નહોતા. આજે પણ એમનાં કેટલાંક બાણ પૃથ્વીની આસપાસ ઘૂમી રહ્યાં છે. એની પૂંછડીનો આ અવાજ છે!' એ વિચારમાં ખોવાઈ જતો.

ભીમ મને પૂછતો, 'મા, આ ડુંગર કઈ રીતે તૈયાર થયા છે?'

હું એને કહેતી, 'ભીમ, પ્રભુ રામચંદ્રના સમયમાં હનુમાન નામે બળવાન સેનાપતિ હતો. એ હંમેશાં આકાશમાં ફરતો. એક વાર એને પૃથ્વી પર આવવાની ઇચ્છા થઈ, પરંતુ એ સમયમાં પૃથ્વી પર ચારેબાજુ માત્ર દડ જ હતો. આ દડભૂમિ પર હનુમાને પગ મૂક્યો! એના જ્યાં જ્યાં પગ પડ્યા ત્યાં ઊંડી ખાઈ થઈ ગઈ! એના આજુબાજુનો ભાગ ફૂલીને બહાર ઊપસી આવ્યો. એ જ ડુંગર! એ જ આ પર્વત! આ દડ પર ચાલી ચાલીને હનુમાનજી કંટાળી ગયા. આથી ફરી તેઓ આકાશમાં ઊડવા લાગ્યા. એના પગમાં એક માટીનું ઢેફું ચોંટી ગયું તે આ ચંદ્ર!' તે સાંભળીને ચકિત થઈ ગયો. પછી એણે ગાલ ફુલાવીને, હાથ પહોળા કરીને હનુમાન કેવા હશે એની નકલ કરી!

નકુળ અને સહદેવ મને પૂછતા, 'મા, આકાશમાં વીજળી કેમ ચમકે છે?' હું એમને જવાબ દેતી, 'આકાશમાં દેવદાનવોનું યુદ્ધ ચાલે છે. વીજળી એ દેવોના હાથમાં ચકમકતી તલવાર છે.'

પોતાના હાથ ઘુમાવતા નકુલે બનાવટી તલવાર સહદેવ પર ઉગામી. બાળકો આવા અનેક પ્રશ્નો પૂછતા. મારા જવાબથી એમના મનનું સમાધાન થઈ જતું.

ચોત્રીસ

અમારા દિવસો આનંદમાં પસાર થતા હતા. શતશૃંગ પર્વત છોડવાનું મન થતું નહોતું. મનુષ્ય જ્યાં રહે છે તે ભૂમિ સાથે એને મમતા બંધાઈ જાય છે. હવે શતશૃંગ પર્વત અમારું કાયમી નિવાસસ્થાન બની ગયું હતું. કદાચ આ જ પર્વતના સૂસવાટાભર્યા પવનમાં જ મારા અંતિમ શ્વાસ ઘૂંટાશે. જોકે મને એનું દુઃખ નહોતું. કેમકે આ પર્વતે જ અમારું પોષણ કર્યું હતું. આશરે દોઢ દાયકા સુધી અને આશ્રય આપ્યો હતો. પણ – પણ કાળપુરુષ જેવો મનમોજી, તરંગી આ સંસારમાં બીજું કોઈ નહિ હોય. કેટલી ઝડપથી એ સંસારના

રંગો બદલે છે! ઘડી બે ઘડીમાં એ હતું ન હતું કરી નાખે છે. પૃથ્વીની પીઠ પર આનંદથી નાચતી નગરીને ઘડીક વારમાં એ અજગરની જેમ ગળી જાય છે. નાનાં બાળકોએ સમુદ્રકાંઠે બાંધેલાં રેતીના કિલ્લાને જેમ એક જ મોજું આવીને ધરાશાયી કરી દે છે તેમ આ કાળપુરુષ માનવોએ હજારો વર્ષો સુધી જહેમત લઈને ઊભી કરેલી સંસ્કૃતિને ક્ષણવારમાં નામશેષ કરી દે છે. આ સંસાર ખરેખર અરાજક છે. અહીં સુસંગતતા અને એકસૂત્રતા ક્યાં છે? કોણ આ ઘટનાઓનાં પાસાં ફેંકે છે? કોણ આ બધાં રમકડાંને નચાવે છે? માનવીનું જીવન આ વિશાળ વિશ્વમાં કેટલું તુચ્છ છે! વિશ્વની પ્રકૃતિમાં આમૂલ પરિવર્તન લાવનાર આ કાળને માનવજીવન બુદ્‌બુદ સમાન લાગે છે! જ્યારે ઇચ્છે ત્યારે શમાવી દે એવું પાણીનું બુદ્‌બુદ. આ બુદ્‌બુદના નિર્માણની કે નાશની બ્રહ્માંડ પર કોઈ જ અસર થતી નથી. એ સ્થિતપ્રજ્ઞ રહે છે.

પરંતુ આ બુદ્‌બુદના શમનથી જ ક્યારેક માનવજીવનમાં જલતરંગો ઉત્પન્ન થાય છે! ક્યારેક તો એ ભયંકર હોય છે. જીવન પરથી વિશ્વાસ ઉડાડી દે છે. શ્રદ્ધાનો તંતુ તૂટી જાય છે. સંસારમાં ઈશ્વર જેવી કોઈ અકળ શક્તિ જ નથી? એવો પ્રશ્ન મનમાં ઊઠે છે. મન કિંકર્તવ્યમૂઢ થઈ જાય છે. ચારેબાજુથી ફેલાયેલી આગમાં ફસાઈ પડેલા પક્ષીની જેમ માનવ અસહાય બનીને તરફડવા લાગે છે.

એક જ બનાવે હું પણ આવી જ સ્થિતિમાં મુકાઈ ગઈ. એક દિવસ માદ્રી પાણી ભરવા સરોવર ગઈ હતી. થોડી વાર પછી રોજની જેમ મહારાજ વનમાં ફરવા નીકળ્યા. એટલામાં માદ્રી પાછી આવી. કાળજું ચીરી નાખતું એનું રુદન અને હૃદયવિદારક મર્મભેદી ડૂસકાંથી હું ગભરાઈ ગઈ. એના હાથમાં પાણીનો ઘડો નહોતો. પોતાની છાતી કૂટતી અને વાળને ખેંચતી પાગલની જેમ, 'મોટી બહેન... મોટી બહેન!' એવી ચીસો પાડતી વાયુવેગે મારી તરફ ધસી રહી હતી. અંગ પરનાં વસ્ત્રનું પણ તેને ભાન નહોતું. કોઈ સામે મળત તો એની સાથે અથડાઈ પડી હોત. હું સ્તબ્ધ થઈ ગઈ. માદ્રીને શું થઈ ગયું? ભયની આગ મારા અંગેઅંગમાં ફરી વળી. પાણીનો ઘડો ક્યાં ગયો? પાંચ કુમાર તો સુરક્ષિત છે ને?

મારી નજીક આવતાં તે મને વળગી પડી. તે કેવળ 'મોટી બહેન! મોટી બહેન!'ના નામની ચીસો પાડતી હતી. મેં એની ચિબુક ઊંચી કરી પૂછ્યું, 'માદ્રી કેમ રડે છે? ઘડો ક્યાં ગયો?'

'ઘડો ફૂટી ગયો!' કહીને તે મને જોરથી વળગી પડી. તે સહેજ સ્વસ્થ થઈ એટલે મેં પૂછ્યું, 'માદ્રી, તું શૂરવીર કન્યા છો. આમ નાના બાળકની જેમ રડાય? શું થયું તને? મને સ્પષ્ટ જણાવ!'

'મોટી બહેન... મહારાજ...' બોલતાં બોલતાં ફરી મને જોરથી વળગી પડી. કેટલી આર્દ્રતા હતી એના આલિંગનમાં! એનું હૃદય ભયથી ધકધક થતું હતું.

'શું થયું મહારાજને? માદ્રી, બોલ. મહારાજ ક્યાં છે?' મેં ચીસ પાડી.

'સરોવર કાંઠે!'

આ શબ્દ સાંભળતાં જ કાન ઊંચા કરી સાવધાન થતાં વાછરડાની જેમ હું સાવધ થઈ ગઈ. માદ્રીને દૂર કરી હું સરોવર તરફ દોડી. માદ્રી મારી પાછળ દોડતી આવતી હતી.

સરોવર કાંઠે મેં જે દશ્ય જોયું એનાથી જગતના સત્ય પરથી મારો વિશ્વાસ ઊઠી ગયો. મારા પ્રાણપ્રિય પતિ કાષ્ઠની જેમ શબવત્ પડ્યા હતા. જેમના દેહમાં કુરુવંશનું લોહી ધબકતું હતું અને જેઓ સાક્ષાત્ સૂર્યદેવને પણ લજ્જિત કરી રહ્યા હતા એવા મહારાજનું રૂપ આગમાં સળગતા કાષ્ઠ જેવું કાળું મશ થઈ ગયું હતું! તેઓ મૂર્છિત થઈ ગયા હશે એમ સમજીને મેં એમના દેહને હલબલાવી જોયો. મારાં રૂંવાડાં ઊભાં થયાં. એમનું શરીર ઠંડુંગાર હતું. તરત જ મેં માદ્રીને પૂછ્યું, 'માદ્રી, આમ કેવી રીતે બન્યું?'

મોઢું ફેરવી લઈ એ ગદ્ગદ અવાજે બોલી, 'મોટી બહેન, મારો કોઈ જ દોષ નથી. હું પાણી ભરી સરોવરેથી આવતી હતી. મહારાજ સરોવર કાંઠે ઊભા હતા. પવનથી મારો પાલવ લહેરાતો હતો પણ માથે ઘડો હોવાથી હું એને સંકોરી શકી નહિ! હું સરોવરની બહાર આવી. મહારાજ હસતા ઊભા હતા. એમણે હાથમાંથી કુહાડી ફેંકી દીધી! એમની આંખોમાં રોજના જેવો સાત્ત્વિક ભાવ નહોતો.

હું નજીક આવી કે તરત એમણે મને જોરથી બાહુપાશમાં જકડી દીધી! મારા માથા પરનો ઘડો સમતુલા ગુમાવીને નીચે પડ્યો અને ફૂટી ગયો. એમની કામી નજર આગ વરસાવતી હતી. મને આલિંગનમાં લીધી. 'માદ્રી માદ્રી' કહેતાં તેઓએ મને ચુંબનથી વરસાવી દીધી. હું એમના બાહુપાશમાંથી છૂટવા હાથપગ પછાડતી હતી પણ કંઈ જ વળ્યું નહિ. ઉપવાસી માણસ અન્ન પર તૂટી પડે તેમ તેઓ મારા પર તૂટી પડ્યા. એના દઢ આલિંગનમાં મારો શ્વાસ ઘૂંટાવા લાગ્યો. ઘડી પછી તેઓ ભાનમાં આવ્યા. ઝેરીલી નાગણને હડસેલે તેમ એમણે મને હડસેલી દીધી! અને... એ ક્ષણવારમાં તેમનો ચહેરો તરડાઈ ગયો. ડોળા ઊંચે ચડવા લાગ્યા. ઊભા હતા ત્યાં જ જોરથી ફસડાઈ પડ્યા. ભયથી આક્રંદ કરતાં તેઓ હાથપગ પછાડવા લાગ્યા. 'માદ્રી, માદ્રી' કહેતાં તેઓ તરફડવા લાગ્યા. હું ભયથી ધ્રૂજી ઊઠી અને દોડતી તમારી પાસે આવી.

મેં માદ્રીના ગાલ પર તમાચો ચોડી દીધો. તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી. મારા કાનમાં કિંદમ ઋષિની શાપવાણી પડઘાવા લાગી, 'રાજા, તેં પ્રિયતમને એની પ્રેયસીથી દૂર કર્યો છે, ભવિષ્યમાં તું પણ તારી પ્રેયસીથી દૂર થઈને આ જ રીતે તરફડી તરફડીને મરીશ!'

મારો જીવનસાથી મને છોડીને અનંતની યાત્રાએ નીકળી પડ્યો હતો. મોહની માત્ર એક ક્ષણે એના હરિયાળા જીવનને મૃત્યુની સ્મશાનભૂમિ સુધી ખેંચી ગયું હતું. કુંતીના દેહમાં સહનશક્તિનો કયો અણુ હજી જીવતો છે એ જોવા વિધાતાએ આ ક્ષણે એને વિધવા કરી મૂકી! દિગ્વિજયી સંયમી સમ્રાટ આજ મોહના સામ્રાજ્ય પાસે લાચાર ભિખારી ઠર્યા! અનેક વર્ષો સુધી મન પર સંયમ કેળવી જીવન જીવનાર યોગી – માત્ર એક જ ક્ષણમાં કેવા દુર્બળ મનના ગુલામ બની ગયા હતા! કામવાસના! કામવાસના એ બરફની લપસણી ભૂમિ જેવી છે. માણસનો પગ ગમે ત્યારે લપસી પડે! કામવાસના એ ગમે ત્યારે માણસના અંગ પર પડી જીવનને ભસ્મ કરી દેતી વીજળી છે! પોતાની સાથે અન્યને પણ સળગાવી દેતો અનલ!

મારો સંયમ તૂટ્યો. હું મહારાજના શબ પર 'મહારાજ'ના નામની પોક મૂકતી કૂદી પડી. એમની છાતી પર મારું માથું પટકવા લાગી. મારા લલાટ પરનો કંકુનો ચાંદલો ભૂંસાઈ ગયો.

પાંત્રીસ

ધાત્રી અગ્નિસંસ્કારની તૈયારી કરવા લાગી. તેણે ચિતા તૈયાર કરી. એક દિગ્વિજય રાજાની અંતિમ ચિતા નિર્જન અરણ્યમાં સરોવર કાંઠે તૈયાર કરવામાં આવી! વિધાતા મને શું શું દેખાડવા ઇચ્છે છે? બત્રીસ વર્ષની વયે મારે વૈધવ્ય જીવન જીવવાનું આવ્યું. પતિ વગરનું જીવન એટલે જ્યોત વગરની વાટ. મારી કેવી દુર્દશા થઈ. એક પ્રતિષ્ઠિત યાદવ રાજાની લાડકી દીકરી, કૌરવની વૈભવશાળી મહારાણી, આ વનની વનરાણી, ભવિષ્યમાં પોતાના વીરત્વથી જગતને ઉજાળનાર પુત્રોની ભાગ્યશાળી માતા? ના... ના... હું આમાંની એકેય નથી. હું તો કેવળ મારા પતિના નિધનથી પ્રાણ નીકળી ગયેલો મૃતવત્ દેહ! એક કમભાગી વિધવા! કેવો આઘાતજનક શબ્દ છે આ! મહારાણી વિધવા અને તે પણ યુવાન! અરે, એમાં ક્યાંય સુસંગતતા દેખાય છે? આખરે મારું જીવન શું છે? એક પછી એક વળાંક લેતી આ જીવનસરિતા ક્યાં જશે? કુંતીનું ભાવિ શું હશે? અરે, કોઈ નિષ્ણાત જ્યોતિષીને કે સાક્ષાત્ ઈશ્વરને પણ ખબર નહિ હોય! દુર્ભાગ્યના આઘાતોને સહેવા હું ધીરજ ક્યાંથી લાવીશ? આ અરણ્યમાં મને ધીરજ અને સાંત્વન કોણ આપે? જ્યાં આભ જ ફાટ્યું ત્યાં થીંગડું ક્યાં દેવું? કોને આશરે જઉં?

મેં એક અબોધ બાળકને મારે જ હાથે મૃત્યુની ગોદમાં ધકેલી દીધો હતો એટલે જ કાળ પોતાના કાળા દાંત કચકચાવીને એની કઠોર શિક્ષા તો નથી દઈ રહ્યો ને? આગળ ભયાનક ખાઈ અને પાછળ ઘોર અરણ્ય એવું જ મારું જીવન નથી? નાનપણથી જ હું મારા પિતાનું રમકડું હતી. ભોજપુરમાં હું દુર્વાસાના હાથનું રમકડું બની અને આજ હું વાયુ વેગે દોડતા કાળના હાથનું રમકડું બની છું. એની સાથે ઘસડાતાં મારું હૃદય હવે ચોક્કસ ફાટી જવાનું. કોના આધારે હું જીવું? મારું મન – અરે, હવે તો મારું મન પણ હાથમાં રહ્યું નથી! અને હોય તો તે બધીર થઈ ગયું હતું. એ ભૂત, ભવિષ્ય, વર્તમાનને ઓળખતું નથી. કાળ વાઘ રૂપે આવી મૃતપ્રાય કુંતી રૂપી બકરીને પોતાની પીઠ પર મૂકીને ઉન્મત્તપણે આગળ જઈ રહ્યો હતો. હું ગુમસૂમ હતી. હું રડી પણ શકતી નહોતી, કેમકે હૃદય મૂઢ થઈ ગયું હતું. હું આઘાતવિમૂઢ થઈ ગઈ હતી.

ધાત્રીએ મહારાજાનું શબ ચિતા પર મૂક્યું. એનાં પર લાકડાં ગોઠવ્યાં. એણે જ અગ્નિદાહ દીધો. શત્રુઓને થરથર કંપાવતાં એક પરાક્રમી અને દિગ્વિજયી યોદ્ધાને એક સામાન્ય દાસીએ અગ્નિદાહ દીધો! ચિતા સળગી ઊઠી. અગ્નિજ્વાળાનાં પંખીઓ આકાશમાં ઊડવાં લાગ્યાં. હું સૂમસામ બેઠી હતી. હું ચિતામાં કૂદી પડવા નિશ્ચિતપણે ઊઠી. હવે શું કામ છે આ શેષ જીવનનું? મેં દૃઢ નિર્ણય સાથે પાલવ ખેંચ્યો. એટલામાં સરોવરમાં સ્નાન કરી, શ્વેત વસ્ત્રો ધારણ કરીને માદ્રી આગળ આવી અને મને પગે લાગી. ચરણરજ માથે લીધી. મારી સામે ન જોતાં તરત એ ચિતા તરફ વળી. સીધો અગ્નિપ્રવેશ કર્યો! અડધી ઘડીમાં તેનાં શ્વેત વસ્ત્રો સળગી ઊઠ્યાં! હૃદયમાં બાણ વાગતાં પક્ષી તરફડી ઊઠે તેમ મારું હૃદય તરફડી ઊઠ્યું. મેં એને તમાચો માર્યો હતો! મેં એને લાગણીના રાજ્યની નિર્બળ સ્ત્રી માની લીધી હતી, પરંતુ એણે કેટલો ઝડપથી નિર્ણય લઈ લીધો! કિંદમ ઋષિને અંગૂઠો બતાવી એણે પોતાના પ્રિયતમના આલિંગનને મૃત્યુની કિંમત ચૂકવી એમને ચિતા પર

સ્વીકારી લીધા! હવે કોઈનોય શાપ એને પોતાના પ્રિયતમના આલિંગનમાંથી છોડાવી શકે તેમ નહોતો! હું પણ એ જ માર્ગ અપનાવવા નજીક ગઈ. એટલામાં પર્ણકુટીમાંથી દોડી આવેલા પાંચ કુમારો મને વીંટળાઈ વળ્યા! મને હલબલાવીને તેઓ પૂછવા લાગ્યા, 'મા, પિતાજી ક્યાં છે?' નકુલ અને સહદેવ રડતાં રડતાં મને પૂછતા હતા, 'અમારી બીજી મા ક્યાં ગઈ?'

એમને જોઈ હું દ્રવી ગઈ. હું એ ચિતામાં કૂદી પડી હોત તો? આ પાંચ કુમારોને લઈને ધાત્રી ક્યાં જાત? એક દીકરાના ત્યાગનો કાંટો તો મને જિંદગી આખી ચૂભી રહ્યો હતો. મારું એ પાપ હતું કે પુણ્ય એ હું કહી શકતી નથી. પણ – પણ આ પાંચ નિરાધાર દીકરાઓને મૂકી હું ચિતામાં કૂદી પડી હોત તો તો એ ચોક્કસ પાપ ગણાત. મેં એકદમ પાંચેયને ગોદમાં સમાવ્યા અને મોકળે મને રડી પડી. બચ્ચું પક્ષીને વળગી પડે તેમ તેઓ મને વળગી પડ્યા. મારો પોતાનો કોઈ નિર્ણય રહ્યો નહીં. મરવાનો પણ નહિ!

બળીજળીને ચિતા અંતે શાંત થઈ. રાખ હવામાં ઊડવા લાગી. હજી કાલ સુધી મારી સાથે સુખદુઃખની વાતો કરતાં આ બે જીવ ક્યાં ચાલ્યાં ગયાં? મૃત્યુ! મૃત્યુ એ જીવનનદીની કાળજાળ ભમરી છે! ભલભલો તરવૈયો પણ એમાં ફસાઈ જાય! સર્જનહારના અવિરત દોડતા રથના એ સૌથી વધુ ઉચ્છૃંખલ ઘોડા નથી? આજ સુધીમાં એણે કેટલાંયનાં જીવન પોતાની ખરી નીચે ચગદી નાખ્યાં હશે? આજ એની નજર મારી પર્ણકુટી પર પડી? કિંદમ ઋષિના શાપ રૂપે અને માદ્રીના નિશ્ચય રૂપે એણે આજ મારી પર્ણકુટીને છિન્નભિન્ન કરી નાખી? જગતમાં આજ સુધીના મૃત્યુઓથી એનો કાળકોઠો પૂરો ભરાયો નહોતો કે એને આ બે નિર્દોષ જીવોનો ભોગ લેવાની જરૂર પડી? અને મારું ભાગ્ય ખાલી કરી નાખ્યું. હું ચિતા નજીક ગઈ અને એમની ભસ્મને મસ્તકે ચડાવી. એ ભસ્મમાં એક કમભાગી વિદગ્ધ વિધવાનાં ગમગીન આંસુ હતાં તો મૃત્યુ પર વિજય મેળવતી એક પ્રિયાનાં આનંદાશ્રુ પણ હતાં. સાથે એક વિજયી રાજાનાં પરાજયનાં લોહીનાં ટીપાં પણ હતાં!

અને માદ્રી સાથે દગ્ધ દુર્વાસા ઋષિના દેવહુતી મંત્રના ભસ્મીભૂત થઈ ગયેલા અમૃતમય શબ્દો પણ હતા!

છત્રીસ

હું પર્ણકુટીમાં પાછી આવી પણ પર્ણકુટી મને ખાવા ધાતી હતી. પર્ણકુટીના પાંદડે પાંદડે મને મહારાજા અને માદ્રીના ચહેરા દેખાતા હતા. સહેજ વાર પણ વધારે ઊભી રહી હોત તો હું ગાંડી જ બની જાત. હું સહનશીલ હતી, ક્ષત્રિયકન્યા હતી, વીર માતા હતી પણ હૃદય તો સ્ત્રીનું હતું ને! અને કઈ સ્ત્રી દુઃખના આઘાતોને આવા ભયાનક નિર્જન વનમાં રહીને પચાવી શકે? મને હવે એક જ માર્ગ દેખાતો હતો અને તે હસ્તિનાપુર પાછા ફરવાનો. મારે ખાતર નહિ પણ આ માસૂમ સંતાનોને ખાતર. મન મારીને હું હસ્તિનાપુર જવા લાચાર બની ગઈ! હવે હું નિરાધાર માતા હતી. માતા સ્વમાનને કોરે મૂકીને પણ કેવળ મમતા અને વાત્સલ્યને વહાલાં ગણે છે! નિર્દોષ સંતાનો અને ધાત્રી સાથે હું વનમાં એકલી કેવી રીતે રહી શકું? જે શાપને કારણે મેં હસ્તિનાપુર છોડ્યું હતું એ જ શાપને

કારણે મારે પાછા હસ્તિનાપુરની વાટ પકડવી પડી હતી! અહીં આવતી વખતે મહારાજ, હું, માદ્રી અને ધાત્રી હતાં. અહીંથી પાછા ફરતી વેળાએ મહારાજ અને માદ્રી રૂપે આ પાંચ કુમારો હતા. હું એમનું જીવથી જતન કરીશ તો ભવિષ્યમાં તેઓ કંઈક કરવા સમર્થ બનશે. નહિતર – નહિતર પરિસ્થિતિની જાળમાં જેમ આજ સુધી અમે શેકાતાં રહ્યાં તેમ આ પાંચે કુમારો પણ શેકાઈ જશે! હવે રડવાથી કાંઈ જ વળવાનું નથી. પરિસ્થિતિ સામે પડકાર ફેંકવો એ જ એક યોગ્ય માર્ગ છે. સ્ત્રીને અબળા ગણીને સમાજ અને કુદરત બંનેને મારે બતાવી દેવું છે કે પ્રતિકૂળ પરિસ્થિતિના કળણમાં પણ હું મારાં પાંચ કમળોને સારી રીતે પાળીપોષી શકું છું. અમે શતશૃંગ પર્વત છોડી હસ્તિનાપુર તરફ નીકળ્યાં. ખાસ્સાં વીસ વર્ષ પછી! કદાચ આ વીસ વર્ષના ગાળામાં હસ્તિનાપુર ઘણું બદલાઈ ગયું હશે. મહારાણી કુંતી પ્રત્યે નગરજનોની લાગણી પણ કદાચ બુઠ્ઠી થઈ ગઈ હશે.

સાડત્રીસ

એક મહિને અમે ગંગાકાંઠે પાછાં ફર્યાં. દૂરથી હસ્તિનાપુર દેખાતું હતું. ગંગા પાસે આવતાં જ મારાં કાનનાં કુંડળ પાણીમાં પધરાવેલાં અને રાજમાતાએ દીધેલાં એ કુંડળ મને સાંભરી આવ્યાં. ગંગાના કાદવમાં એ ક્યાંક ખૂંપી ગયાં હશે! અને – અને મેં અશ્વનદીનાં તે વેળા પધરાવી દીધેલાં પેલાં જીવંત સોનેરી કુંડળો ક્યાં હશે? કેવાં હશે? શું થયું હશે આટલાં વર્ષોમાં એ નિર્દોષ બાળકનું? એક સારથિ કુટુંબમાં સારથિ રૂપે ઊછરતો હશે. ઘોડાને માલિસ કરતો હશે. પોતાનાં કુંડળ વિશે અનેક પ્રશ્ન પૂછતો હશે. મારું ભાવિ આવું જ ઘડાયું છે એવી જો મને ખબર હોત તો હું એને એકલાને લઈને ક્યાંય ચાલી ગઈ હોત. પણ જે કલ્પનાથી મેં એનો ત્યાગ કર્યો હતો એ કલ્પના જ ક્યાં સાકાર થઈ છે? હું એક મહારાણી તરીકે કેટલો વખત હસ્તિનાપુરમાં રહી શકી હતી? એ ત્યાગનો આ ન્યાયનિષ્ઠુર કાળે શું બદલો આપ્યો? મારા પર એણે કેટલું મોટું ભયંકર વેર વાળ્યું? પણ હવે એ વિચાર કરવાથી શો ફાયદો? સ્ત્રી જ પ્રતિકૂળ પરિસ્થિતિમાં વધારેમાં વધારે રચનાત્મક કાર્ય કરી જાણે છે. મારાં પાંચ સંતાનોને સાચવવા એ જ મારું કર્તવ્ય હતું. પેલા સોનેરી કુંડળધારી પુત્ર બાગમાં અશોકવૃક્ષ નીચે પડેલાં ચંડોળ પક્ષીના બચ્ચા જેવો હતો! એમાં કોઈનોય દોષ નહોતો! હોય તો તે ફક્ત અનિવાર્ય સંજોગોનો હતો! ફક્ત સમય જ એને પોતાના ભાઈઓ પાસે પાછો લાવવા સમર્થ હતો! અન્ય કોઈ જ નહિ! ન પૃથા! ન પૃથાના પિતા! ન દુર્વાસા!

અમે સૌએ નગરમાં પ્રવેશ કર્યો. આ નગરમાં પહેલાં હું મહારાણી રૂપે આવી હતી. પછી સંન્યાસી રૂપે બહાર નીકળી અને આજ, આશરે વીસ વર્ષ પછી એક વિધવા તરીકે પ્રવેશ કરતી હતી છતાં હું મનથી સ્વસ્થ હતી. દુઃખ મને કોઠે પડી ગયું હતું. મને સમજાઈ ગયું હતું કે શોક એ દુઃખનો ઇલાજ નથી. જે કંઈ બનવાનું હોય છે તે બનીને જ રહે છે. એમાંય કોઈ ગૂઢ રહસ્ય હશે. કોઈ કારણ હશે. જગતનો એક પણ બનાવ નિરર્થક નથી હોતો.

અમે રાજમહેલમાં પ્રવેશ્યાં. રાજમાતા મને મહારાજનાં ખબરઅંતર પૂછશે જ. મેં

મન મક્કમ કર્યું. પરંતુ અમાત્યે મને એક આઘાતજનક સમાચાર આપ્યાં, 'મહારાજ અકાળે રાજ્ય છોડીને વનમાં ગયા એના આઘાતથી રાજમાતાએ ભગવાનનું ઘર વહાલું કરી લીધું! હવે મને મોટો આધાર એક જ હતો અને તે મહારાજ ભીષ્મ પિતામહનો! એમણે મને હળવેકથી પૂછ્યું, 'કુંતી, પાંડુ અને માદ્રી ક્યાં છે?' મેં સ્વસ્થતાથી ઉત્તર દીધો, 'તેઓ કિંદમ ઋષિ પાસે મારા ભાવિ જીવનના અંત વિશે પૂછવા ગયા છે!'

નજીક આવી એમણે મારે ખભે હાથ મૂક્યો અને ધીરગંભીર અવાજે કહ્યું, 'એનો અંત તેઓ શું બતાવવાના? હું, ભીષ્મ, એનાથી વધુ સમર્થ નથી? કુંતી, આજથી તું કૌરવોની રાજમાતા છો! જા મહેલમાં.'

મહેલના પગથિયે મારા પાંચ કુમારો અને ધાત્રી સાથે પગ મૂકતાં મેં ભીષ્મ પિતામહ સામે જોયું. ઉત્તરીયના છેડાથી તેઓ પોતાની આંખનાં આંસુ લૂછતાં હતાં.

આડત્રીસ

વીસ વર્ષમાં હસ્તિનાપુર ધરમૂળથી બદલાઈ ગયું હતું! રાજ્યની ધુરા મહારાજ ધૃતરાષ્ટ્રના હાથમાં હતી. અમે વનમાં ગયા પછી તરત જ ગાંધાર દેશની સ્વરૂપસંપન્ન ગાંધારી દેવી સાથે તેમનાં લગ્ન થયાં હતાં. દિયર વિદુરજીનાં પણ લગ્ન થઈ ગયાં હતાં, પરંતુ તેઓ કેવળ રાજ્યના સલાહકાર તરીકે જ રહ્યા હતા. રાજમહેલના તમામ કૌરવ વૃદ્ધજનો અનંતની યાત્રાએ ક્યારના ઊપડી ગયા હતા. એક માત્ર હિમાલય સમા મહારાજ ભીષ્મ ગંભીરપણે સૌનું ધ્યાન રાખતા હતા. મહારાણી ગાંધારી દેવીને વ્યાસમુનિનાં આશીર્વાદથી સો પુત્રો અને એક પુત્રી પ્રાપ્ત થયાં હતાં. પુત્રીનું નામ દુઃશાલી હતું. સો પુત્રોમાં સૌથી મોટો દુર્યોધન હતો. કૌરવવંશ વટવૃક્ષની જેમ ફાલ્યોફૂલ્યો હતો. નગરમાં દ્રોણ નામના ગુરુને રાજકુમારોને યુદ્ધવિદ્યા શીખવવા માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. હું રાજમહેલમાં રાજમાતા તરીકે રહેવા લાગી. મારા પુત્રોને મહારાજ પાંડુના પુત્રો ગણીને તેમની સાથે સૌ પ્રેમથી વર્તતા હતા. ભૂતકાળમાં કરેલા દિગ્વિજય અને ભીષ્મ પિતામહના આદરને લીધે સૌ મારો રાજમાતા તરીકે મોભો જાળવતા હતા. મારા પુત્રો યુવરાજોની યુદ્ધશાળામાં યુદ્ધવિદ્યાનું શિક્ષણ લેવા લાગ્યા. તેઓ હોશિયાર અને વિનયી હોવાને લીધે જતાંવેંત સૌનો પ્રેમ જીતી શક્યા. અર્જુન તો ગુરુ દ્રોણનો સૌથી માનીતો શિષ્ય થઈ ગયો. ગુરુ દ્રોણ કહેતા, 'અર્જુન જેવો ધનુર્ધારી સમસ્ત આર્યાવર્તમાં બીજો કોઈ પેદા થવાનો નથી.' પુત્રો પણ એકબીજા સાથે સંપથી રહેતા હતા. તેઓ સાવકાભાઈઓ હતા એ વાત માનવા કોઈ તૈયાર નહોતું.

પરિસ્થિતિની ક્રૂર થપ્પડ ખાઈ ખાઈને હું ઘડાઈ હતી. અમે હસ્તિનાપુર આવ્યાં એમાં મારાં સંતાનોનું ભલું જ થયું છે. આથી મને સંતોષ હતો. હવે રાજમાતા તરીકે હું સુખસંતોષથી જીવતી હતી. વીસ વર્ષના વનવાસની ભઠ્ઠીમાં તપ્યા પછી પ્રાપ્ત થયેલું આ રાજમાતાનું પદ હતું! મને એનું ગૌરવ હતું. કેમ ન હોય? તમામ પરિસ્થિતિનો સામનો મેં એક સ્ત્રી તરીકે કેવી અકલ્પનીય ધીરજથી કર્યો હતો! એકલા અને મૂકપણે! રાજમાતા તરીકે મેં જીવનમાં હવે સંતોષનો શ્વાસ લીધો! પાંચ પુત્રો એ જ મારું આશાભર્યું જીવન હતું. પણ... પણ ક્યારેક ભોજપુરમાં જન્મેલા મારા પુત્રની યાદ આવતાં હું વ્યાકુળ બની જતી.

ઓગણચાલીસ

હસ્તિનાપુર આવ્યા પછી બે વર્ષ બાદ બનેલી ઘટના. હું એક વાર નગરના વિષ્ણુમંદિરે દેવદર્શન કરવા જતી હતી. મારે માટે ભીષ્મ પિતામહે ઓઝલવાળો રથ તૈયાર કરાવ્યો હતો. એમાં બેસી હું એ દિવસે મંદિરે ગઈ હતી. એ રથને છ ઘોડા જોડવાની વ્યવસ્થા હતી પણ સારથિને રોજ પાંચ જ ઘોડા જોડવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તે કહેતો, 'રાજમાતા, પાંચ ઘોડાથી રથની સમતુલા જળવાતી નથી.' મેં એને કહ્યું, 'જેમ છે એમ રહેવા દે. એ ખાલી જગ્યા મને રોજ કોઈની યાદ આપતી રહેશે! તું પાંચ ઘોડા જોડીને જ ચલાવજે. જગતમાં પણ પાંચનો આંકડો શુભ ગણાય છે, છનો નહિ!'

તે દિવસે દેવદર્શન કરી હું પાછી આવતી હતી. રથને રાજમહેલની નજીક પહોંચવામાં થોડું જ અંતર રહ્યું હતું. ત્યાં એક મોટા આંચકા સાથે રથ ઊભો રહ્યો. મેં સારથિને પૂછ્યું, 'શું થયું? રથ કેમ થંભાવ્યો?' તેણે કહ્યું, 'કોઈ એક છોકરો કચરાઈ જાત. રાજમાતા, હમણાં જ રથ નીચે બિલ્લીનું બચ્ચું ચગદાઈ જાત. એને બચાવવા તે છોકરો જીવના જોખમે દોડી આવ્યો હતો. મેં રથને થંભાવ્યો એથી એ બચી ગયો!'

મને એ છોકરાને જોવાનું મન થયું. એ છોકરાએ પોતાના જીવના જોખમે એક બિલ્લીના બચ્ચાને બચાવ્યો હતો! અને મેં – અને મેં માતા બનીને મારે હાથે જ બાળકને હડસેલી દીધો હતો... હવે તો એ કેવડો મોટો થઈ ગયો હશે!... હવે જો એ મને મળે તો હું એને જરૂર મારી છાતીએ વળગાડી દઉં. પણ... પણ...

સામાજિક રૂઢિનો પડદો મને ચંપાનગરીમાં જવાની સંમતિ દે તેમ નહોતો. તે શું કરતો હશે? કેટલો મોટો થઈ ગયો હશે? ક્યાં હશે? કોને પોતાની મા તરીકે ગણતો હશે? અનેક વિચારો મારા મનમાં ઘૂમરાવા લાગ્યા. મને થયું કે મારા કક્ષમાં જઈ પલંગ પર ચૂપચાપ પડી રહું. મેં સારથિને આદેશ આપ્યો, 'સહેજ પણ વિલંબ કર્યા વિના રથ જલદીથી ચલાવ!'

એણે હાથમાંની ચાબુક ઘોડાની પીઠ પર ફટકારી. એનો અવાજ સાંભળતાં જ મને વિચાર આવ્યો કે મારો કુંડળધારી પુત્ર પણ ક્યાંક આ જ રીતે ઘોડાની પીઠ પર ચાબુક ફટકારતો હશે? એ વિચારથી મારું મન વ્યગ્ર થઈ ગયું. એનું નામ શું પાડવામાં આવ્યું હશે?... કેટલો મોટો દેખાતો હશે?... એનાં કુંડળ કેવાં દેખાતાં હશે...? એ વિચારમાં હું રાજમહેલ પહોંચી.

ચાલીસ

કાળની નદી દિવસ-રાતના વળાંક લેતી વહેતી હતી. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ દિવસે દિવસે વધુ લોકપ્રિય થતા જતા હતા. નગરની સમસ્ત પ્રજા તેમનો ગૌરવથી ઉલ્લેખ કરતી હતી. મારું મન ફરીથી સુખના હિંડોળામાં મહાલવા લાગ્યું. લોકો મારા પુત્રોને મહારાજ 'પાંડુ'ના નામથી 'પાંડવ' કહેવા લાગ્યા. આ પાંચ પુત્રોને તેઓ મારા પુત્રો માનવા લાગ્યા.

મારા પુત્રો મારી આજ્ઞામાં હતા. તેઓ મને પૂછ્યા સિવાય કંઈ કરતા નહિ. મેં

વેઠેલાં કષ્ટોનું એ ફળ હતું. પુત્રોને જોઈ ક્યારેક મારી આંખોમાં આનંદાશ્રુ ઊભરાઈ આવતાં. હવે હું સુખી હતી છતાં જેમ હાથીના પગેથી તળાવનું પાણી ખળભળી ઊઠે તેમ ક્યારેક એકાદ ઘટનાથી મારું હૃદય ખળખળી ઊઠતું. અનેક પ્રકારની સ્મૃતિઓ અહીંતહીં ચકરાવા લાગી. મારું શૈશવ મને સાંભરી આવ્યું. ત્યારે મને મારી ધીરજનું આશ્ચર્ય થયું. ક્યાંથી નીકળીને હું ક્યાં આવી? એમાંનું એકેય ડગલું મારી ઇચ્છા મુજબ લેવાયેલું હતું? ખરે જ મનુષ્ય સમાજમાં હરેફરે છે, પરંતુ મનથી તે એકાકી જ હોય છે. દરેકે પોતાનું દુઃખ જાતે જ સહન કરવાનું હોય છે. પોતાને પ્રાપ્ત થયેલી શક્તિના બળ પર જ જીવવાનું હોય છે. આ બોધપાઠ મેં સારી રીતે ગ્રહણ કરી લીધો હતો. વાઘ મૃગની પાછળ દોડે તેમ સ્મૃતિઓ મારો પીછો છોડતી નહિ. ત્યારે હું મારી જાતને કોઈ ને કોઈ કામમાં ગૂંથી રાખતી. આથી ભૂતકાળ ભુલાઈ જતો. જોકે ક્યારેક એમ થતું કે અન્યને ખાતર જીવવું પડે છે અને એ પણ પોતાનું દુઃખ છુપાવીને!

પાંડવોની કીર્તિ ચારેબાજુ પ્રસરવા લાગી હતી. મહારાજ ધૃતરાષ્ટ્ર મારી સાથે વાત કરતાં ત્યારે વારંવાર મારા પુત્રોનો ઉલ્લેખ એમાં આવતો. હવે હું કેવળ રાજમાતા નહોતી પરંતુ બલવીરોની માતા હતી. વનમાં વિતાવેલાં વીસ વર્ષો વિસારે પડ્યાં હતાં! અરે, સુખના દિવસો પણ કેટલા ઝડપથી પસાર થઈ જાય છે નહિ? પુત્રોનો યુદ્ધશાળાનો શિક્ષણકાળ પણ કેટલો ઝડપથી પસાર થઈ રહ્યો હતો! હજી ગઈ કાલે તો મને બાલિશ પ્રશ્નો પૂછનાર યુધિષ્ઠિર અને ભીમ કેટલા મોટા અને ઓછાબોલા થઈ ગયા હતા! ઉંમર વધતાં એમની સમજદારી પણ વધી હતી.

શુક્લ પક્ષના ચંદ્રની જેમ ભીમ-અર્જુન વિકસતા હતા. દિવસ-રાત યુદ્ધશાળામાં તેઓ મહેનત કરતા હતા. શલ, તોમર, શતઘ્ન, ભૃશુંડી, ચક્ર, ધનુષ્ય જેવાં જાતજાતનાં શસ્ત્રો ચલાવવામાં પારંગતતા મેળવતા હતા. કલાકો સુધી શસ્ત્રાસ્ત્ર અંગે ચર્ચા કરતા. વ્યાયામશાળામાં કસરત કરીને એમનાં શરીર સુંદર અને હૃષ્ટપુષ્ટ બન્યાં હતાં. પોતાના વિનયી સ્વભાવથી તેઓએ સૌનાં હૃદય જીતી લીધાં હતાં. અર્જુન ધનુર્વિદ્યામાં પારંગત થયો હતો. યુધિષ્ઠિર ધર્મશાસ્ત્રમાં પ્રવીણ થયો હતો. ભીમ અશોકવૃક્ષ જેવો ગોળમટોળ દેખાતો હતો! ગદા જેવી એની ગૌર ભુજાઓનાં સ્નાયુ માંસલ લાગતાં હતાં. નકુલ-સહદેવ તલવાર વિદ્યામાં તૈયાર થયા હતા. મારી ચરણરજ લઈ આશીર્વાદ મેળવ્યા સિવાય તેઓ એક કામ કરતા નહિ.

ભીમનો સ્વભાવ થોડો ક્રોધી હતો. તે હંમેશાં હાથમાં ગદા લઈને ફરતો. એનું ભરાવદાર શરીર અને હાથમાંની ગદા જોઈને કોઈ ચૂં કે ચા કરી શકતા નહિ. એને વાતવાતમાં ગુસ્સો આવી જતો. એની ભુજાઓમાં એટલી બધી શક્તિ હતી કે કોઈની ઉપેક્ષા કે અપમાન કરવામાં માને નહિ. એ તો સીધો જઈને એકાદ બે રમરમાવી દે! હું એને કાયમ વારતી. મારી સામે તે હરફ ઉચ્ચારે નહિ. એને વશમાં રાખવાની તાકાત કોઈનામાં નહિ. એના ક્રોધને કાબૂમાં રાખવામાં હું પણ હારી ગઈ હતી! મારી ગેરહાજરીમાં તે હંમેશ કોઈ ને કોઈની સાથે બાખડી પડતો. એને ગદા બહુ ગમતી. દુર્યોધનને પણ ગદા પ્રત્યે રુચિ હતી. દુર્યોધનને ગદા શીખવવા મથુરાથી ખાસ મારો ભત્રીજો બળરામ આવ્યો હતો. મારા ગયા પછી મથુરામાં પિતાજીને ત્યાં પુત્ર જન્મ થયો હતો. એનું નામ વસુદેવ

હતું. બલરામ એ વસુદેવનો પુત્ર હતો. વસુદેવને એક બીજો પણ પુત્ર હતો. એનું નામ કૃષ્ણ હતું. તે મથુરામાં જ રહેતો હતો.

બળરામ ગદાના વર્ગ લેતો. ત્યાં ક્યારેક દુર્યોધન અને ભીમ બાખડી પડતા. એમની કાગારોળ મારા કાન સુધી આવતી. હું કાયમ ભીમને સમજાવતી, પરંતુ એની ઉત્તરોત્તર વધતી જતી શક્તિ એને જંપવા દેતી નહોતી. દુર્યોધન પણ અતિશય હઠીલો અને ઘમંડી હતો. એની માંજરી આંખોમાં વેર ક્યાં છુપાયેલું હતું એ કળવું મુશ્કેલ હતું.

ભીમનો ક્રોધ કાબૂમાં રહે એ માટે મેં એક સરસ પ્રતિજ્ઞા લીધી હતી. સૌમાં યુધિષ્ઠિર શાંત અને સમજુ હતો. એનો સમજદારીભર્યો અંકુશ ભીમ પર કાયમ રહે એ માટે મેં એને કહ્યું, 'ભીમ, તને ક્યારેય કોઈના પર ગુસ્સો આવે કે તરત તારે યુધિષ્ઠિરના જમણા પગના અંગૂઠા તરફ જોવું. એ અંગૂઠો ઊંચો કરે તો જ તારે ગુસ્સો કરવો નહિતર ગુસ્સો પી જવો. મોંમાંથી એક હરફ ઉચ્ચારવો નહિ.'

એક વાર મેં એક વિચિત્ર વાત સાંભળી. તે દિવસે દુર્યોધન અને તેના ભાઈઓ મારા પાંચ પુત્રો સાથે નગર બહાર વનવિહાર કરવા ગયા હતા. બપોર સુધી તેઓ વનમાં ફર્યા. ત્યાં તેમને ખાવા માટે મધુર પકવાન ગાંઠે બાંધી આપ્યાં હતાં. બપોરે બધા સરોવર કાંઠે જમવા બેઠા. દુર્યોધન ભીમને પોતાને હાથે લાડુ પીરસવા લાગ્યો. પોતે કઈ વાનગી ખાઈ રહ્યો છે એ જાણવાની કે વિચારવાની એને સહેજે ટેવ નહિ. આથી એને જેટલા લાડુ પીરસ્યા તે બધા ખાઈ ગયો! જમીને પાણી પી સૌ આરામ કરવા ઝાડ નીચે લાંબા થયા, પરંતુ ભીમ પાણી પીવા માટે ઊભો થઈ શક્યો નહિ. એ ત્યાં જ આડો પડ્યો. સૌને થયું કે એ ઊંઘણશી છે એટલે ત્યાં જ ઊંઘી ગયો હશે પણ તે ઊંઘતો નહોતો. એ બેભાન થઈ ગયો હતો! દુર્યોધને એના લાડવામાં ઘેનની દવા નાખી દીધી હતી. ઝાડ નીચે સૌને સૂતેલા જોઈ દુર્યોધન ભીમ પાસે આવ્યો. સરોવરને કિનારે ઊગેલી વનવેલીથી એણે ભીમના હાથપગ બાંધી દીધા અને એને બેભાન અવસ્થામાં જ ઊંચકીને સરોવરનાં પાણીમાં ફેંકી દીધો. પાણીનો સ્પર્શ થતાં જ મારો ભીમ ધીમે ધીમે શુદ્ધિમાં આવ્યો અને જાગ્રત થતાં જ બહાર નીકળ્યો. પરમેશ્વરની કૃપાથી કોઈ જળદેવતાએ એને બચાવી લીધો.

એક સેવકે આવીને મને આ સમાચાર આપ્યાં, પણ મને વિશ્વાસ બેઠો નહિ. કેમકે મને પાક્કી ખાતરી હતી કે મારા બીજા ચાર દીકરા એને છોડીને ક્યાંય આઘાપાછા જાય નહિ. વળી ભીમનો રોજનો આહાર જોતાં એ હળાહળ ઝેરને પચાવવા સમર્થ હતો.

એકતાલીસ

જોતજોતામાં બાર વર્ષ વીતી ગયાં. પુત્રો ખદિર વૃક્ષની જેમ ઊંચા અને ભરાવદાર થઈ ગયા હતા. એ પાંચ ભાઈઓની ચાલ રથના અશ્વોની ચાલ જેવી હતી. પ્રજા એમને આદરથી પ્રણામ કરતી.

વનવાસ વીસરાઈ ગયો હતો. દરેક માને પોતાના કર્તવ્યનિષ્ઠ યુવાન પુત્રો પ્રત્યે સદાય ગર્વ હોય છે. મને પણ પાંચ કર્તવ્યનિષ્ઠ પુત્રો સાંપડ્યા હતા. મને પણ એનો ગર્વ કેમ ન હોય! આજ સુધી મેં જે કંઈ સહન કર્યું હતું એનું આ મધુરું ફળ હતું. હું પાંચ વીરોની માતા હતી. નગરજનોની રાજમાતા હતી.

એક દિવસ ગુરુ દ્રોણ પોતાના તમામ શિષ્યોને લઈ ગંગાનદી પર સ્નાન કરવા ગયા હતા. મારા પાંચે પુત્રો પણ એમની સાથે હતા. સૌ સ્નાન કરીને ગંગામાંથી બહાર નીકળ્યા. સૌ બહાર આવી ગયા છે કે નહિ તેની ખાતરી કરી લીધા પછી ગુરુ દ્રોણ બહાર નીકળ્યા, પરંતુ કિનારે આવતાં જ તેઓ એકાએક 'બચાવો! બચાવો!'ની બૂમ પાડતાં પાણીમાં ગડથોલિયાં ખાવા લાગ્યા. એક મગરની પૂંછ પાણીની બહાર ફડફડતી હતી. મગરે પાણીમાં જ ગુરુને પગેથી પકડમાં લીધા હતા! શું કરવું તે કોઈને સૂઝે નહિ. સૌ આમતેમ દોડવા લાગ્યા. દુર્યોધને આગળ આવી ગમે તેમ કરીને ગુરુદેવનો હાથ પકડ્યો. અર્જુને આ આખું દશ્ય જોયું. એણે તરત જ પોતાનું ધનુષ્ય ઊંચક્યું અને સટાસટ સાત-આઠ બાણ મગર પર છોડ્યાં. છટપટાતો મગર સૂકા લાકડાની જેમ ઘડીક વારમાં પાણી ઉપર દેખાયો. એનાં લોહીથી ગંગાનું પાણી લાલ થઈ ગયું. ગુરુદેવ દ્રોણ બચી ગયા. બહાર આવીને એમણે અર્જુનની પીઠ થાબડી. તેમણે કહ્યું, 'અર્જુન, તેં મારો જીવ બચાવ્યો. જા આજથી મારું બ્રહ્માસ્ત્ર તને દીધું. ભવિષ્યમાં તને ક્યારેક ઉપયોગી થશે.' એમણે મંત્ર સાથે બ્રહ્માસ્ત્ર અર્જુનને દીધું. આ પ્રસંગથી અર્જુન મને મારી આશા-આકાંક્ષાઓના હિમાલય સમો લાગ્યો. પોતાના શાપદગ્ધ કમભાગી પિતાનાં અધૂરાં કાર્યો એ જ પૂરાં કરશે. ગુરુદેવ રાજમહેલમાં અવારનવાર આવતા હતા. તેઓ મારા પાંચે પુત્રોની પ્રશંસા કરતા. મારી સાથેનો તેમનો વ્યવહાર હંમેશાં આદરપૂર્વકનો હતો. હું અર્જુનની માતા છું એ વાત તેઓ સૌને ગર્વથી કહેતા. એ જ રીતે એક વાર તેઓએ કહ્યું, 'રાજમાતા, હવે આ બધા શિષ્યો સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયા છે, માટે એમની પરીક્ષા લેવી જોઈએ! સ્પર્ધા સિવાય શક્તિનો ક્યાસ નીકળે નહિ.'

'પણ ગુરુદેવ, સ્પર્ધા માણસને આંધળો ભીંત કરી દે છે એવું કહેવાય છે... જો એવું હોય તો સ્પર્ધાની શી જરૂર છે?' મેં પૂછ્યું.

'એમ નથી. સ્પર્ધા એ જીવનનું આવશ્યક અંગ છે. સ્પર્ધા ન હોય તો માણસ કુંઠિત થઈ જાય. એમના ખરા ગુણોની પરખ ક્યારેય થાય નહિ. નિર્મળ સ્પર્ધા એ આત્માનો નિશ્ચલ સ્વર. હું જલદીથી તમામ શસ્ત્રોની સ્પર્ધાનું આયોજન કરાવીશ.'

'જલદી એટલે ક્યારે?'

'આવતી વસંતપૂર્ણિમાએ.'

અને સ્પર્ધાના દિવસની અમાત્ય દ્વારા સૌને જાણ કરવામાં આવી. હું એ દિવસની રાહ જોતી હતી, કેમકે મારા પુત્રોનું યુદ્ધ કૌશલ્ય મારે જોવું હતું. તેઓ કેવા પરાક્રમી છે તેનો મારે પણ તાગ કાઢવો હતો.

બેતાલીસ

વસંતપૂર્ણિમાનો દિવસ ઊગ્યો અને અસ્ત પણ પામ્યો. હસ્તિનાપુરના સર્વશ્રેષ્ઠ વીરોની નિમણૂક પણ થઈ ગઈ હતી. પાંડવોની માતા તરીકે મંડપમાં રાજસ્ત્રીઓના વિભાગમાં હું બધી સ્ત્રીઓની વચ્ચે બેઠી હતી, પરંતુ તે દિવસની ઘટનાઓએ મને પુરવાર કરી દીધું કે હું કોણ છું? કાળદેવે આ સંસારમાં કોઈ સ્ત્રીની આવી આકરી પરીક્ષા નહિ

લીધી હોય! તેનું આવું ઘોર અપમાન નહિ કર્યું હોય!

તે દિવસે સ્પર્ધા પૂરી થતાં ગુરુદેવ અર્જુનના ગળામાં નીલરંગનાં ફૂલોની માળા પહેરાવવાના હતા. એટલામાં એક ઊંચો, તેજસ્વી અને હૃષ્ટપુષ્ટ યુવાન મંડપના મુખ્યદ્વારેથી ભુજદંડ ઠોકતો ‘ઊભા રહો’ની બૂમ મારતો અંદર પ્રવેશ્યો. કેવો નિર્ભય અને ગંભીર હતો તે! અડધી પળમાં તે મધ્યમાં તૈયાર કરેલા આરસના મંચ પર ઊભા રહીને એણે પડકાર ફેંક્યો, ‘આજે રાજપુત્ર અર્જુને જે જે પરાક્રમો કરી બતાવ્યાં તે તમામ હું પણ કરી બતાવીશ. મને તક મળશે કે?’

મહારાજ ધૃતરાષ્ટ્રે રાજદંડ ઊંચો કરીને સંમતિ આપી. તે પછી તેણે મંચ પરથી કેટલો સહજ રીતે કૂદકો માર્યો! એનું રૂપ જાણે એક તેજનો ગોળો હોય તેમ આખા મંડપમાં ચારેબાજુ ચમકી રહ્યું હતું. એની હાલચાલમાં તેજગતિ હતી. આખરે એક પછી એક અખાડા પાર કરી અમારા મંડપની સામેના મલ્લવિદ્યાના અખાડા પાસે આવી પહોંચ્યો. એક કટીવસ્ત્રમાં સજ્જ પગે ચાલતો આ યુવાન સાક્ષાત્ નાગશત પર્વત સમો દેખાતો હતો! એનું ખુલ્લું શરીર સૂર્યપ્રકાશમાં દેદીપ્યમાન લાગતું હતું. સાક્ષાત્ સૂર્યદેવ આકાશમાં છે કે પૃથ્વી પર તે કળવું મુશ્કેલ હતું. આભને અડતા શાલવૃક્ષ સમો તે ઊંચો હતો. પલાશનાં લાલ ફૂલો જેવાં એના ગાલ લાલચટક હતા. સિંહની યાળ સમા એના ઘૂઘરિયાળા સોનેરી લાંબા કેશ એના ખભા પર ઝૂલી રહ્યા હતા. થોડી થોડી વારે એ પાછળ ફરીને અમારી તરફ જોતો હતો. એની પીઠ પીળી ચટ્ટાક, વિશાળ અને સ્વચ્છ હતી. એ સહેજ હલે કે એનાં તમામ અંગોનાં કસાયેલાં સ્નાયુઓ ચંચળ નાગની જેમ એ જ સ્થાન પર ગોળગોળ ફરવાં લાગતાં. એનો ચહેરો ગદાના શિરસ્રાણની જેમ ગોળમટોળ હતો. ગરદન શંખ જેવી પીળી અક્કડ હતી અને કિચડમાં હાથીના પગ ખૂંપી ગયા હોય તેમ ગરદન મજબૂત ખભા સાથે જોડાયેલી હતી. પ્રેક્ષકગણ ‘કર્ણ! કર્ણ!’ કહીને એનો જયજયકાર બોલાવતા હતા. મલ્લયુદ્ધ કરતાં કરતાં એણે પોતાના પ્રતિસ્પર્ધી પર બાહુકંટક દાવથી પ્રહાર કર્યો. એ વીરે અમારા મંડપ તરફ દૃષ્ટિ કરી! મારા માથે જાણે વીજળી તૂટી પડી! એના રક્તવર્ણ ગોળ મુખ પર નીલારંગના પ્રકાશનાં કિરણો ફેંકતાં બે સોનેરી કુંડળો એના કાનમાં ઝૂલી રહ્યાં હતાં! એ અન્ય કોઈ જ નહિ પણ પચ્ચીસ વર્ષ પહેલાં અશ્વનદીમાં પધરાવી દીધેલો સાક્ષાત્ સૂર્યપુત્ર હતો! પોતાના પિતાનું રૂપ લઈને એ સૌને ભસ્મીભૂત કરવા આવ્યો હતો. કેટલો ગર્વિલો દેખાતો હતો! વનના અશ્વ જેવી એની રુઆબદાર ચાલ હતી! મારા પાંચ પુત્રો કરતાં એ સૌથી વધુ દેખાવડો હતો! અંતે તો સૂર્યપુત્ર ખરો ને! એનું પ્રત્યેક અંગ તેજના કણ વરસાવતું હતું. ‘કર્ણ’ આ બે અક્ષરમાં શું શું રહસ્યો છુપાયેલાં હતાં એ હું અને ધાત્રી સિવાય આ વિશાળ મંડપમાં બીજું કોઈ જાણતું નહોતું. કર્ણ પોતે પણ નહિ! એને વીર ગણીને સૌ જયજયકાર કરતા હતા, પરંતુ એ સામાન્ય વીર નહોતો. એ વીરોનો વીર હતો. એ સૌથી પહેલો પુત્ર હતો. પહેલો અને જ્યેષ્ઠ પાંડવ. વીસ વરસથી એના વિયોગમાં ઝૂરતી માતાનું મન એને મળવા તડપી ઊઠ્યું. અહીં સમસ્ત જનતા ભલે પૃથ્વીના પેટાળમાં સમાઈ જાય એની મને પરવા નહોતી. મારે એને એક વાર મનભરીને છાતીએ વળગાડવો હતો. મારે એના કાનનાં કુંડળને ચૂમી લેવા હતાં – વીસ વર્ષ સુધી મને ક્યાં ચૂમવાં મળ્યાં હતાં? એ ગંગા, યમુના, ચર્મણ્વતી અને અશ્વનદીનાં પાણી પીને

મોટા થયેલા મારા તેજસ્વી, પ્રફુલ્લ સોનેરી કમળને હું મારા બે હાથમાં મનભરીને પંપાળવાં માગતી હતી! વીસ વર્ષથી મારા મનનો એક ખૂણો એને માટે સતત આંસુ વહાવતો રહ્યો હતો. હું એને એક વાર પણ સારી રીતે સ્તનપાન કરાવી શકી નહોતી. મારા માતૃહૃદયે મને એક ઘડી પણ સુખચેનથી જીવવા દીધી નહોતી. વિરહથી મારું હૃદય ખળભળી ઊઠ્યું. એના નાના હોઠ માતાનાં ધાવણનો સ્પર્શ પણ કરી શક્યા નહોતા. એ ધાવણ મારાં અંગેઅંગમાં વેગપૂર્વક જાણે ફરી વળ્યું. મારી છાતી ભરાઈ ગઈ. હું ઊભી થઈ ગઈ. એને જોતાંવેંત મારી છાતીમાં દૂધ ઊભરાઈ આવ્યું! ચોળી ભીંજાઈ ગઈ! શું કરવું તે સૂઝે નહિ. આંખમાં આંસુનાં તોરણ બંધાયાં. સ્તનમાંથી દૂધ વહેતું થયું. મારી અને એની વચ્ચે એક માત્ર જરિયાન પડદો હતો! આમ તો એ પારદર્શક હતો પણ એને દૂર કરવો મુશ્કેલ હતો! એક માતાને એના પુત્રથી દૂર રાખનારો પડદો! સમાજનો પડદો! પ્રતિષ્ઠાનો પડદો! રાજકુળનો પડદો! આ પડદો ચીરીને હું આગળ વેગથી આગળ વધી હોત તો! શું થવાનું હતું? કર્ણ મને વળગી પડ્યો હોત? એની આંખમાં માતા પ્રત્યે પ્રેમાશ્રુ ઊભરાયાં હોત? ‘હું તારી મા છું’ એમ કહીને મેં એને હલબલાવી નાખ્યો હોત તો તે માની જાત? પતિનું મૃત્યુ અને વનવાસને લીધે રાજમાતા કુંતી વિક્ષુબ્ધ થઈ ગઈ છે એવું મંડપમાંથી કોઈએ કહ્યું હોત તો સૌએ એને શાણો માની લીધો ન હોત? એ સમયે હું કોણ હતી? રાજમાતા? પાંચ વીરોની જનની? આજ સુધી કાળની ક્રૂર થપાટો ખાઈને જીવતી રહેલી દુઃખી કુંતી? નહિ. એ સમયે એક પુત્રને ભેટવા આતુર એક ચિરવિરહિણી માતા હતી. એ લાચાર હતી. પાણી બહાર તરફડતી માછલીની જેમ તરફડતી માતા! એને જોતાંવેંત શરીરનાં બંધનો તોડીને સ્તનોમાં ઊભરાતાં દૂધને રોકી ન શકનારી માતા! જગતની દૃષ્ટિએ કર્ણ મોટો વીર ભલે હોય પણ મને સદ્યજાત શિશુ જ લાગતો હતો! મારું મન પિંજરમાં પુરાયેલી મેનાની જેમ અંદરથી તડપવા લાગ્યું. અસહાય બનીને મેં હાથથી સ્તનોને દાબી દીધાં તોપણ દૂધ ઝરતું જ રહ્યું. દોઢ દાયકા સુધી આ દૂધને મેં જતનથી જાળવી રાખ્યું હતું! હવે એ રોકાય તેમ નહોતું! હું તત્ક્ષણ નીચે બેસી ગઈ. ધાત્રીએ મને જાળવી લીધી. એને દૂરનું કંઈ દેખાતું નહોતું. આથી મંડપમાં ઊભેલા એ યુવાનને તે ઓળખી શકી નહિ. મંડપમાં ફક્ત હું જ એક સ્ત્રી હતી જે કર્ણનો સઘળો જીવનવૃત્તાંત જાણતી હતી. મારે લીધે જ આ બધું થયું હતું છતાં એક શબ્દ બોલી શકું તેમ નહોતી. પ્રયત્ન કરવા છતાં મોંમાંથી એક પણ શબ્દ બહાર નીકળે તેમ નહોતો.

કર્ણ ધનુર્ધરોના મંચ પરથી ચાલી નીકળ્યો. એણે લક્ષ્યવેધથી સૌને ચકિત કરી દીધા હતા. તે દિવસે એ જ સાચો સર્વશ્રેષ્ઠ વીર ઠર્યો હતો. કર્ણે મંચ પર ઊભા રહીને ભુજા થપથપાવતાં અર્જુનને દ્વન્દ્વયુદ્ધ માટે આહ્‌વાન દીધું. કૃપાચાર્યે કર્ણને એનું કુળ પૂછ્યું. તત્ક્ષણ દુર્યોધને આવી ત્યાં જ કર્ણનો રાજ્યાભિષેક કર્યો.

ઘટમાળનું ચક્ર વેગથી ફરવા લાગ્યું.

એક સારથિ રૂપે મોટો થયેલો સૂર્યપુત્ર પળવારમાં રાજા થઈ ગયો. મને સંતોષ થયો. જે હોય તે પણ એ રાજા તો થયો! સારથિ કરતાં રાજા હંમેશાં શ્રેષ્ઠ જ હોય. અરે, એણે તો અર્જુનને દ્વન્દ્વયુદ્ધ માટે આહ્‌વાન દીધું હતું. દ્વન્દ્વ એટલે વિજય કાં મૃત્યુ! સહોદર ભાઈઓ અજ્ઞાનને વશ એકમેકની સામે પરસ્પરનો જીવ લેવા ઊભા થયા હતા અને તે

1

પણ પોતાની માની હાજરીમાં! સદ્ભાગ્યે એ જ સમયે કર્ણના પાલકપિતા અધિરથ ત્યાં આવી ચડ્યા. નહિતર! અરેરે, કાળ શું કરત એની કલ્પના પણ કરી શકતી નથી! બેમાંથી એકનો અંત નિશ્ચિત હતો! એ ઘટના પણ એની માતાની નજર સામે બનત અને સૌ પ્રેક્ષકો તાળી પાડીને, બૂમો મારીને આ તમાશો જોતા હોત! પરંતુ કર્ણ એ સારથિનો પુત્ર છે એની જાણ થતાં સૌ એનો ઉપહાસ કરવા લાગ્યા. સૌ 'સૂતપુત્ર! સૂતપુત્ર!' કહીને તેની હાંસી ઉડાડવા લાગ્યા. સાક્ષાત્ સૂર્યપુત્ર પર તુચ્છ જીવો થૂંકવા લાગ્યા અને આ ઘટના પણ મારી આંખ સામે બની! પ્રેક્ષકોના મુખમાંથી નીકળતા 'સૂતપુત્ર! સૂતપુત્ર!'ના અવાજો મારા કાનમાં ભાલાની જેમ ભોંકાવા લાગ્યા. તેઓ કોને સારથિ કહે છે? આ હસ્તિનાપુરમાં એકેય વ્યક્તિ પાસે કર્ણને ઓળખવાની લાયકાત હતી? મારા માથામાં આ અવાજો ઘણના ઘાની જેમ ઝીંકાવા લાગ્યા. સહનશક્તિની પણ એક હદ હોય છે! મારી આજુબાજુ શું ચાલી રહ્યું હતું? શું પાગલ લોકોએ કરેલો આ તમાશો નહોતો? હું હવે એક ક્ષણ પણ બેસી શકું તેમ નહોતી. મેં સમતુલા ગુમાવી. મેં મારા કાન પર હાથ દાબી દીધા. કદલીવૃક્ષ અચાનક તૂટીને નીચે પડે તેમ હું આઘાતથી ભાંગી પડી. મૂર્ચ્છા ખાઈને ઢળી પડી.

તેંતાલીસ

મારા પુત્ર કર્ણની આજે આ અવદશા? કયા શબ્દોમાં વર્ણવી શકાય? કર્ણ, તને પોતાને ખબર નથી કે તું કોણ છો? ચારેબાજુથી સૌ તને 'હીન, હીન' કહીને સાપના દંશ મારી રહ્યું છે. 'નીચ કુળનો, નીચ કુળનો' કહીને પ્રતિક્ષણે તારું હડહડતું અપમાન કરી રહ્યા છે. આજે તારું જીવન મૃત્યુથી અધિક કરુણ છે! નીચું જોવડાવે તેવો હૃદયવિદારક તિરસ્કાર! વજ્રઘાતથી એ અધિક કઠોર વંચના! તું વીર છે, શૂરવીર છે, બળવાન છે છતાં આજે તારે મૂંગે મોંએ સહન કરવું પડે છે, કારણ કે તું જ જાણતો નથી કે તું કોણ છે? આખું જગત તારા પર તૂટી પડ્યું છે. એનાથી તું ગભરાઈ ગયો છે, વિભ્રાંત થઈ ગયો છે, કિંકર્તવ્યમૂઢ બની ગયો છે. લોકોએ તારું અપમાન કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી! આવું કોણ સહન કરે? અરે કર્ણ, તારી આ સહનશક્તિ છે કે તારું અજ્ઞાન છે કે તારી અસમર્થતા છે? હું બરાબર જાણું છું કે આ તારી સહનશક્તિ નથી. તને અસમર્થ કહેવાની કોઈનામાં હિંમત પણ નથી. ફક્ત તું આજે અજ્ઞાનના અંધકારમાં અટવાયેલો છે! તારા હૃદયમાં અનેક ભાવનાઓનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યું છે, કારણ તને સાચા અર્થમાં તારો પરિચય નથી. હું જાણું છું કે તપીને લાલચોળ થઈ ગયેલું ઘાસ અંગારાનો નાશ કરી શકતું નથી, પણ એ અંગારા પર આજે મનની વિભ્રાંત દશાની રાખ વળી ગઈ છે. સૌએ ચારેબાજુથી તારા પર હુમલો કરીને તને વિભ્રાંત કરી મૂક્યો છે. તારા કાનને હાથથી દાબી દઈ તું આંખ મીંચીને બેસી ગયો છે! તું તેજની ખાણ છો એ તેજનું નામ સુધ્ધાં તું જાણે છે? છેલ્લા દોઢ દાયકામાં તને કોઈએ જણાવ્યું પણ નથી! અરે, બગીચામાં જંગલી ઘાસ વધે તેમ તું મોટો થયો છે! કાળજાંને વીંધી નાખતાં વાક્બાણ તારે ભાગે સહન કરવાનાં આવ્યાં છે! સંસાર અબુધ છે એવી ઉદાર ભાવના રાખીને તું ચૂપચાપ કેમ બેસી રહ્યો છે? આ બધું શું ચાલી રહ્યું છે? કઈ લપસણી ભૂમિ પર તું ઊભો છે એની તને જાણ છે? અને

જાણતો હોય તો એ તારો ભ્રમ છે! આમ જ ભ્રાંતિમાં રહીશ તો આખી દુનિયા તને 'સારથિપુત્ર! સારથિપુત્ર!' કહેતું રહેશે અને તારું સાચું કુળ નામશેષ થઈ જશે! કારણ જેને આત્મજ્ઞાન અને દુરંદષ્ટિ નથી તેનો નાશ થાય છે! એનું નામ દુનિયામાં વિલીન થઈ જાય છે!! તને આ બધું કોણ સમજાવે? હું સમજી શકું છે કે તારું હૃદય વિવશતામાં અને વિભ્રાંતિમાં 'હું કોણ છું? મારે શું કરવું જોઈએ?'ની શોધમાં શરીરની દીવાલો પર પટકાતું હશે. આજે તારો અંતરાત્મા ચિંતાથી ઘેરાયેલો છે! તારા પગ નીચેથી ધરતી સરકી રહી હોય એવું તને લાગે છે, કારણ કે તું વાસ્તવિકતાથી અજાણ છે. છેલ્લાં અઢાર વર્ષથી માત્ર તને એટલું જ જ્ઞાન છે કે, 'તું સારથિનો પુત્ર છો, તું સારથિનો પુત્ર છો!' પણ વાસ્વતમાં તું સારથિનો પુત્ર છો? નહિ જ! કર્ણ, તું સારથિ નથી!! ઇચ્છા થાય છે કે મોં ખોલીને જાહેર કરી દઉં કે તું સારથિ નથી જ! નથી જ!! નથી જ!!!

તારું કુળ શ્રેષ્ઠ છે, કર્ણ! તને આ રૂપ અને સ્વરૂપ દેવામાં કોણે કેટલાં કષ્ટો વેઠ્યાં છે, પુણ્યકર્મો કર્યાં છે એની તને ખબર નથી. તું સાક્ષાત્ સૂર્યનો પુત્ર છો. જગતના ભયંકર અંધકારને દૂર કરવા તારો જન્મ થયો છે! પણ આજ તું ઉલુક જેવો બનીને તારી જ હથેળીમાં મોં છુપાવીને બેઠો છે! અરે, તારું મોં છુપાવવા માટે નથી, જગતને ઉજાળવા માટે છે! કારણ તારી કુળપરંપરા શ્રેષ્ઠ છે! એ પરંપરા તરફ નજર માંડ! એ તેજના ધગધગતા સ્ફુલ્લિંગ તરફ જો. તો જ તું તારી જાતને ઓળખી શકીશ!

સૌએ તને નીચ કહ્યો એટલે ગભરાઈને તેં હસ્તિનાપુર તરફ જોયું. સમસ્ત હસ્તિનાપુર આજે ગુપચુપ છે! લાચાર છે! આ ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, વિદુર સૌ વિદ્વાન છે, ત્યાગી છે પણ આજે તને તારું સાચું સ્વરૂપ ઓળખાવવા અસમર્થ છે!! કેમકે તેઓ પણ ચોક્કસપણે કહી શકે તેમ નથી કે તું કોણ છે? તેઓ ચૂપ છે, કારણ કે તેઓ સ્વયં અજ્ઞાત છે! સંસારની સહાયતા લેવા તેં ચારેતરફ જોયું! પણ તને કોણ સહાય કરે તેમ છે? કાલ સવારે તારી પર સંકટ આવી પડ્યું તો તારી પડખે કોણ ઊભું રહે તેમ છે? અરે ગાંડા, આજ સુધી લોકોની સહાયતા પર આધાર રાખીને કોઈ બેઠું છે ખરું? દરેકે પોતાની ઓળખ મેળવી લેવી જોઈએ. દરેકે પોતાના મહાન કુળની જાણકારી મેળવી લેવી જોઈએ. એથી તો તારી આ દશા થઈ! અરે! તું ક્યાંથી નીકળી ક્યાં આવ્યો એ તું જાણતો નથી. સાક્ષાત્ સૂર્યપુત્ર હોવા છતાં લોકો તારી પર થૂંકી રહ્યા છે! તું માત્ર તારી આંતરિક મૂંઝવણથી મૂંઝાઈ રહ્યો છે. તું તારી જાતને ક્યારે ઓળખીશ?

આમ જ રહીશ તો તારું શું થશે? સાચે જ તું સારથિ બનીશ! હીન રહીશ! આપણે ભલા ને આપણી ચાબુક ભલી. આવી લઘુતાગ્રંથિ તારે રૂંવાડે રૂંવાડે વણાઈ જશે! તું કોઈના હાથનું રમકડું બની જઈશ! કેવળ કોઈના રથનું સારથિપણું કરવાનું જ તારા નસીબમાં રહેશે! તારું સ્વાવલંબન અને તારી સ્વતંત્રતા નામશેષ થઈ જશે! અને જ્યારે સમજાશે ત્યારે બહુ મોડું થઈ ગયું હશે! પછી તો સાક્ષાત્ બ્રહ્મા પણ એ પરિસ્થિતિને સુધારી શકશે નહિ! રથનાં ચક્રોની ઊડતી ધૂળ અને પરતંત્ર સારથિ બંને સરખાં જ! કર્ણ, તું એવી... ધૂળ થઈ જઈશ! કેવળ ધૂળ!

આવા અનેક ભયંકર વિચારોથી હું વ્યગ્ર બની ગઈ હતી. હું કર્ણની માતા છું. મારું

રોમરોમ એની સાથે જોડાયેલું છે. મારા તેજસ્વી પુત્રને સૌએ 'સારથિપુત્ર' કહીને અપમાનિત કર્યો છે. કઈ માતાને એથી દુઃખ ન થાય? એથી જ હું આજ ઉદાસ છું. આ ધાત્રી જ મને મૂરખની જેમ પૂછે છે, 'મહારાણી, તમે ઉદાસ કેમ છો?' કયા શબ્દોમાં એને મારી ઉદાસી વર્ણવું? કેટકેટલા ઝંઝાવાતી વળાંક મારા જીવનમાં આવ્યા હતા! શો હેતુ હશે આવા વળાંકોનો? કંઈ જ સમજાતું નથી. આ પચાસ વર્ષમાં હું ત્રણ ભિન્ન ભિન્ન કુંતીનું જીવન જીવી નથી? શૈશવની પૃથા, કિશોરાવસ્થા અને યૌવનાવસ્થાની કુંતી અને હવે... હવે રાજમાતા બનેલી વિધવા કુંતી! પુત્ર માટે તરફડતી કુંતી! આ ત્રણે અવસ્થામાં મારું જીવન મારા વશમાં નહોતું જ. બાળપણમાં પિતાના વચનને ખાતર મારે મથુરા જવું પડ્યું. યુવાનાવસ્થામાં મહારાજને વળગેલા શાપને લીધે હસ્તિનાપુર છોડવું પડ્યું અને આજે... અને આજે દ્વન્દ્વયુદ્ધનું આહ્વાન દેતા, સામસામા ઊભા રહેલા ભાઈઓએ મને કાળના હાથમાં સોંપી દીધી! કેમકે ગઈ કાલે અર્જુન અજ્ઞાનવશ પોતાના સગાભાઈની સામે થયો હતો. ભીમે અજ્ઞાનતામાં પોતાના જ્યેષ્ઠ ભાઈને 'કુળને શોભાવનારી લગામ હાથમાં લે.' કહીને વિષારી વાક્બાણ માર્યાં હતાં. પરંતુ એથીયે વધુ મારું કાળજું કંપી ઊઠ્યું છે દુર્યોધનને જોઈને! એણે પોતાની માંજરી આંખોની જાળ કુટિલતાપૂર્વક કર્ણ પર બરાબર પાથરી છે! કેવી કુશળતાથી એણે કર્ણને પોતાના વશમાં લઈ લીધો! આ દુર્યોધનના હાથમાં કર્ણનું શું થશે? એ વિચારથી હું ચિંતામાં છું. આ મૂરખ ધાત્રીને આ બધું હું કેવી રીતે જણાવું? એ મને પૂછતી રહે છે, 'મહારાણી, તમે ઉદાસ કેમ છો?' કયા શબ્દોમાં એને જણાવું કે હું ઉદાસ કેમ છું? રાજમાતા છું છતાં મારા વંચિત પુત્ર માટે કંઈ જ કરી શકતી નથી! કંઈ જ નહિ! સામર્થ્ય અને સત્તાનાં નગારાં માણસ ગમે તેટલાં વગાડે તોપણ અંતે તો એ કાળના બળવાન હાથનું એ કેવળ એક તુચ્છ રમકડું જ છે ને! 'કર્ણ મારો પુત્ર છે' એવું હસ્તિનાપુરના કોઈ વિશાળ ચોકમાં ઊભી રહીને હું જોરજોરથી જાહેર કરું એવી મને વારંવાર ઇચ્છા થઈ આવે છે, પરંતુ મારામાં એટલી હિંમત ક્યાં છે? આ ઘોષણાથી મારા અન્ય પાંચ પુત્રો પર શું વીતશે એ વિચારે હું ધ્રૂજી ઊઠી છું. કદાચ એમને પાછો વનવાસ ભોગવવો પડે તો! અને સમાજ મને ક્યારેય સ્નેહથી કર્ણને લાડ પણ ન લડાવા દે તો? કર્ણ, મેં તારો બે વાર ત્યાગ કર્યો છે. એક વાર જન્મતાંવેંત અને બીજો પરમ દિવસે મંડપમાં. હે અભાગી સૂર્યપુત્ર, મેં મારું જીવન કાળદેવતાના હાથમાં સોંપી દીધું છે! અને તારું જીવન તારા પિતાના હાથમાં સોંપ્યું છે.



કર્ણ

કર્ણ

એક

અંગદેશનો રાજા થયો તેથી હું મારી જાતને નસીબદાર નહોતો માનતો. હું સંપૂર્ણપણે જાણતો હતો કે આ રાજ્યપદ મને દુર્યોધનની કૃપાથી મળ્યું હતું. લાચાર અને દુર્બળ હોય તે જ અન્યની કૃપા પર જીવે છે. મારે કોઈની કૃપાથી રાજ્યપદ મેળવવું નહોતું. આમ જોઈએ તો આ શું રાજ્યપદ હતું? સૌએ પુષ્પવૃષ્ટિ કરી, જલથી અભિષેક કર્યો અને કર્ણના નામનો જયજયકાર બોલાવ્યો. પછી એની હાંસી પણ ઉડાવી. આ તો જગજાહેર અપમાન હતું; અપમાન! અભિષેકયુક્ત અપમાન! ગમે તેવો રાંક અને પામર માણસ પણ પોતાનું થયેલું અપમાન ભૂલી શકતો નથી, ત્યારે હું એક વીર યોદ્ધો કેમ ભૂલી શકું? યોદ્ધો મૃત્યુ સ્વીકારશે પણ સ્વાભિમાનનનું મૃત્યુ કદી નહિ સ્વીકારે! તે દિવસે મને હસ્તિનાપુર પ્રત્યે એટલી બધી નફરત જાગી કે નગર છોડી પગ જ્યાં લઈ જાય ત્યાં ચાલી નીકળવાનું મન થયું. એક એવા દેશમાં જઈને વસું જ્યાં માણસનું કુળ નહિ પણ બળ પૂછવામાં આવે. આથી તે દિવસે સંધ્યાકાળે રાજમહેલની અટારીએથી ચિત્રરથ પક્ષીનાં ઝુંડને જોઈ રહેલા દુર્યોધનને મેં કહ્યું, 'રાજા, તારું રાજ્યપદ તું જ સંભાળ! મને ચંપાનગરીનો રસ્તો પકડવા દે.' પણ એ પાટલી ઘો જેવો ભારે જિદ્દી હતો. એણે મને આજીજીભર્યા સ્વરે કહ્યું, 'કર્ણ, તારા જોર પર તો હું પાંડવોને મહાત કરવા અડીખમ ઊભો છું. તું જ જો મોઢું ફેરવી લઈશ તો નગરમાં મારે મોઢું દેખાડવું ભારે થઈ પડશે. કુરુવંશનો યુવરાજ ઉલુકની જેમ જીવ મુઠ્ઠીમાં લઈને ફરે એમ તું ઇચ્છે છે? તું હસ્તિનાપુર છોડીને જઈશ તો આ પાંડવો મારું જીવવું હરામ કરી નાખશે.' એટલે જ 'આપત્તિ સમયે મિત્રને સહાય કરે તે જ સાચો મિત્ર' એ એક જ વિચારે મેં તેના અંગદેશનો સ્વીકાર કર્યો હતો! 'સારથિપુત્ર! સારથિપુત્ર!' એવા હજારો મુખેથી બહાર પડેલા તપ્ત લોહપુષ્પોથી બિછાવેલા સિંહાસન પર હું અનિચ્છાએ બેઠો હતો, રાજ્યલોભની આશાએ નહિ, કેવળ મિત્રઋણ ચૂકવવા જ. કારણ પહેલાં લોકોએ મને થૂ થૂ કર્યો. એમના દ્વારા અપમાનના ઘા મારે સહેવા પડ્યા હતા અને તેઓએ જ અંગદેશના રાજા તરીકે મારી જયઘોષણા પણ એક વાર કરી હતી. કેટલીય રાત એક જ વિચારમાં તરફડીને વિતાવી હતી કે મારા ભાવિ જીવનનો અંજામ શું હશે? આ વિચાર મને સતત સતાવી રહ્યો હતો. 'હું સૂતપુત્ર છું. તો પછી મારે "સૂતપુત્ર" શબ્દથી આટલા બધા દુઃખી થવાની શી જરૂર છે? પોતાની જાતને "સૂતપુત્ર" ગણીને ધન્યતા કેમ અનુભવતો નથી? કોઈ "સૂતપુત્ર" કહે તેથી શરીરમાં જાળ કેમ લાગે છે? અરે, મન એટલે શું છે? આવા અવળાસવળા વિચારોનાં ભયંકર વાદળ મારા દેહ પર કેમ ચડી આવે છે? કોઈ જવાબ મળતો નથી; મળવાનોય નથી.'

મને સંપૂર્ણપણે સમજાઈ ગયું હતું કે નગરના પ્રજાજનો મંડપના તે દિવસથી મને અંગરાજ તરીકે ઓળખતા હતા, સ્વતંત્ર રાજા ગણતા હતા, પરંતુ ફક્ત મારી હાજરીમાં જ! મારી પીઠ પાછળ 'સૂતપુત્ર' કહીને અવહેલના જ કરતા હતા! જગતમાં અપમાનથી અધિક ભયંકર મરણ બીજું એકેય નથી. છતાં હું મારી જાતને અંગરાજ કહેવરાવતો હતો, સ્વતંત્ર રાજા કહેવરાવતો હતો. અંતરમાં અપમાનના કડવા ઘૂંટડા ઉતારીને બહારથી સ્વતંત્રતાનાં ગીતો ગાતો હતો! કારણ કે સારથિ તરીકે હું રહું તો મને કોઈ માન દેવાનું નહોતું. અંગરાજ કર્ણ સામે સૌ શીર ઝુકાવશે. આ અંગરાજ પદ પર રહીને જ હું જગતમાં કંઈક કરી શકવાનો હતો! કારણ કે કર્ણમાંથી અંગરાજ પદ દૂર કરીએ તો કેવળ ધૂળ જ બચવાની હતી! મસ્તક પર ધૂળ કોણ ચડાવે? એ તો પગતળે કચરાવાની! આથી મારી ઇચ્છા હોય કે ન હોય પણ આ અંગરાજ પદ મારે સંભાળવું જ રહ્યું. સ્વતંત્રતા વિનાનું જીવન એટલે મૂર્તિ વિનાનું મંદિર! મારું અંગરાજ પદ એ મારી સ્વતંત્રતા હતી. ગમે તે કહો સ્વતંત્રતા એ સ્વતંત્રતા જ! અને એને મારે જીવના જોખમે જાળવવી જ રહી! કેમકે મારા અંગદેશની રાજ્યવ્યવસ્થામાં રાજા દુર્યોધન ક્યારેય હસ્તક્ષેપ કરવાનો નહોતો એટલે હું મારી જાતને સ્વતંત્ર કહેવરાવતો હતો. દુર્યોધન મારી ઇચ્છાઓને આવકારશે અને મારા વિચારોને સાકાર કરશે એમ મારું મન મને કહી રહ્યું હતું.

પેલા ઉદ્દંડ ભીમને મારે બતાવી દેવું છે કે, 'કર્ણ, પોતાના હાથની લગામ કેવળ ઘોડાની પીઠ પર જ નહિ ક્યારેક તારા જેવા માણસની પીઠ પર પણ ફટકારવાનો, પરંતુ હજી સમય પાક્યો નથી. એથી કંઈ ન બોલવામાં જ સાર હતો. અત્યારે અપમાનના ઝેરી ઘૂંટડા પચાવીને મારે શાંત રહેવાનું હતું. ભીતરમાં સળગતા અને બહારથી શાંત રહેવાનું હતું! આ અંગરાજ પદનો સ્વીકાર કરવો એ જ મારું કર્તવ્ય હતું. મને આત્મવિશ્વાસ હતો કે એક દિવસ એવો ઊગશે કે તે દિવસે મારી શક્તિથી પેલા ઉન્મત્ત વિશાળકાય ભીમના ગળામાં હું મારું ધનુષ્ય ભરાવી દઈશ. એના ખભા ખળભળાવી મૂકીશ. હું એને પુરવાર કરી આપીશ કે હા, હું સારથિ છું, પણ વીર સારથિ છું! પરંતુ એ માટે તારે થોડી રાહ જોવી પડશે. પ્રત્યેક પ્રસંગ માટે યોગ્ય સમય પાકવો જોઈએ.

બે

આજકાલ હું બહુ ખુશમાં રહેતો હતો. એનું કારણ એ હતું કે દૂત દ્વારા મારા વિવાહ માટે ચારેબાજુ આમંત્રણો મોકલવામાં આવ્યાં હતાં. વિવાહ! સાચે જ, વિશ્વમાં વિવાહ અને સ્ત્રી એ બંને ઘટના ન હોત તો! માણસનું જીવન કેવું હોત! વિધાતાનું આ રમણીય વિશ્વ કેવળ મરુભૂમિ હોત. નદી, ઝરણાં, પશુપક્ષી, વિવિધરંગી સુંદર ફૂલોથી આચ્છાદિત છતાં મરુભૂમિ! પ્રેમની તરસ છિપાવવા માણસ મરુભૂમિમાં વનવન ભટક્યો હોત અને અંતે વ્યાકુળ બનીને વૃક્ષવેલીને આલિંગન કર્યું હોત, એના તરફડતા જીવને આત્મહત્યા સિવાય શાંતિ મળત નહિ! એટલે જ સ્ત્રી એ બ્રહ્માએ પોતાની પહેલી સુખનિંદ્રા વખતે હળવેકથી છોડેલો શ્વાસ હોય એવું મનને લાગે છે. આ શ્વાસમાં પુરુષના સંતપ્ત મનને શાંત કરવાની પ્રચંડ શક્તિ હોય છે. સ્ત્રીના પ્રેમાળ સંગાથમાં માણસ સંસારની ક્રૂરતાને પણ ભૂલી શકે છે. અપમાનના કડવા ઘૂંટ પણ ધીરજથી પચાવી શકે છે. અવનવાં પરાક્રમોના પર્વત ઊભા

કરી શકે છે. વિવાહનું સ્થાન જીવનયાત્રામાં અતિ મહત્ત્વનું છે! યુવાનોનું મન એના તરફ હંમેશાં આકર્ષાયેલું રહે છે. પરાક્રમસાગરનું સૌંદર્ય સરિતા સાથે સાનંદાલિંગન! બે યુવાન હૈયાનું મધુર મિલન!

આથી મને પણ હવે કંઈ જ સૂઝતું નહોતું. મારું ધ્યાન ફક્ત મારા જીવનમાં મારી સાથીદાર તરીકે પ્રવેશ કરનારી મારી ભાવિ અર્ધાંગના પ્રત્યે જ હતું. મધમાખી પોતાના પ્રિય ફૂલની આસપાસ નિરંતર ગુંજારવ કરે તેમ મારું મન એની કાલ્પનિક મૂર્તિની આસપાસ સતત ફરવા લાગ્યું. હું જાણું છું કે મારા જેવા યોદ્ધાને આ શોભે નહિ, છતાં હું વિવશ હતો! અંતે હું પણ એક માનવ હતો! યોદ્ધાનું મન કંઈ લોઢાનું બાણ નથી! એને પણ લાગણીઓ હોય છે. પ્રત્યંચા વિનાનું ધનુષ્ય નહિ અને લાગણી વિનાનો માણસ નહિ! એટલે જ મારી ભાવિ પત્નીની પ્રતિમા મારી નજર સામે મંડાતી. મનમાં અનેક પ્રશ્નો ઊમટી આવતા. એ મારી સાથે કેવી રીતે વર્તશે? મારો સ્વભાવ, મારું જીવન, ધ્યેય એ સમજી શકશે? કદાચ મારા દોષ તરફ એ મારું ધ્યાન દોરશે? કેમકે માણસ ક્યારેય પરિપૂર્ણ નથી હોતો. એને ન દેખાય એવા અસંખ્ય દોષ એનામાં છુપાયેલા હોય છે. બાળપણથી જ આજુબાજુના વાતાવરણની અસર એના મન પર પડતી હોય છે. પ્રત્યેક ક્ષણે તે દેખાય છે. આથી જ પરસ્પરના સ્વભાવમાં રહેલા દોષો પતિ-પત્ની જ સારી રીતે ઓળખી શકે છે! વૈવાહિક જીવન એ બે પૈડાંનો રથ છે. પતિ-પત્ની એ બે પૈડાં. આ બે પૈડાં સમતોલ હોય તો જ રથ બરોબર ચાલે. નહિતર છેવટે એ ધરતીમાં ખૂંપી જાય! જેઓ આ વાતને સ્વીકારતા નથી તેઓ કેવળ ભોગવિલાસ માટે જ વિવાહ કરે છે. સારાં સારાં કપડાં પહેરીને ફરે છે. આવા માણસો એ ઉત્તમ વસ્ત્રોમાં છુપાયેલો કેવળ પશુ જ છે! એનાં સંસ્કારમાં દંભ છે! એના કુળમાં પેઢી દર પેઢી આવા જ વિલાસી અને મૂર્ખાઓ પેદા થાય છે. હાથીના પગ નીચે કીડીના દર આવી જાય તો લાખો કીડીઓ ચગદાઈ જાય. એવી જ રીતે કાળના ગજરાજ પાસે એમના વંશજોની પણ આવી જ દશા થાય! કીડીની સંખ્યાની કોઈ જ કિંમત હોતી નથી! એ તો તુચ્છ છે! મારી નજર સામે મારી ભાવિ પત્નીની મૂર્તિ મૂલ્યવાન હતી. એક જવાબદાર પતિ હોઈ, એક કર્તવ્યનિષ્ઠ રાજા હોઈ મારા વિવાહનું મહત્ત્વ મારા રાજ્યાભિષેક જેટલું જ હતું. વૃષાલી મારી જીવનસાથી થવાની હતી. પ્રયાગમાં મારા પગ પાસે એના પડી ગયેલા ઘડાની જેમ પોતાના જીવનઘડાને તે એવી જ રીતે મારાં ચરણોમાં સોંપી દેવાની હતી! સત્યસેન મારો સાળો થવાનો હતો. એક સારથિનું એક સારથિકન્યા સાથે સગપણ થવાનું હતું. એની ગોળાકાર, શંખ જેવી સ્વચ્છ આકૃતિ મારી નજર સામે તરવરતી હતી. એની સહાયથી મારું જીવન મ્યાનની તલવાર પેઠે સુરક્ષિત રહેવાનું હતું. મ્યાનની તલવાર ક્યારેય બુઠ્ઠી હોતી નથી. એ વધુ ધારદાર હોય છે. મારી દૃષ્ટિએ વૃષાલી એ પૃથ્વી પર અવતરેલી સાક્ષાત્ પાર્વતીની પ્રતિકૃતિ હતી.

સાચે જ સ્ત્રીના સૌંદર્યમાં કેટલી સતેજ શક્તિ હોય છે! વિશ્વનિયંતાને આપણે કુશળ ચિત્રકાર કહીએ તો સ્ત્રીને વિવિધ રંગોથી સજાવેલી સર્વશ્રેષ્ઠ ચિત્રકૃતિ જ ગણવી જોઈએ. સમસ્ત સંસાર ઘડી લીધા પછી સૌથી કલાત્મક પીંછીથી કલાની પરાકાષ્ઠા રૂપ તૈયાર કરેલી રંગીન સ્વયંસંપૂર્ણ કૃતિ તે સ્ત્રી!

પવનના એક ઝોકાથી બંધ કળીની પાંખડીઓ ધીરે ધીરે ખૂલવા માંડે તેમ વૃષાલીનું નામ લેતાં જ મારા હૈયામાં અનેક મધુર સ્મૃતિકળીઓ ખીલવા માંડી. ક્યારેક એમ થાય છે કે માણસે ઈશ્વરમાં શ્રદ્ધા રાખવી જોઈએ, કારણ કે મારા સ્મૃતિપટ પર અંકાયેલા એવા કેટલાક નાટ્યાત્મક બનાવો મારી નજર સામે તરવરી રહ્યા છે.

ત્રણ

સ્પર્ધાની રાતે મને સત્યસેન ગંગાકાંઠે મળ્યો હતો. 'મને મળજે' એવું મેં એને કહ્યું હતું. એ મુજબ તે મને ત્રીજે દિવસે મળ્યો. મેં દુર્યોધન પાસે એનાં થોડાં વખાણ કર્યાં. એમના સૈન્યમાં સત્યસેનને ક્યાંક ગોઠવી દેવા સૂચન કર્યું અને એમણે તરત જ પોતાના રાજરથના સારથિ તરીકે નિમણૂક કરી દીધી. સત્યસેનની આજીવિકાનો પ્રશ્ન હલ થયો. થોડા જ દિવસોમાં એણે પોતાની નિપુણતાથી દુર્યોધનની કૃપા સંપાદન કરી લીધી. હું, પિતા અને શોણ યુદ્ધશાળા છોડી રાજમહેલમાં રહેવા ગયા. હું અંગરાજા થયો હતો. મારે સ્વતંત્ર મહેલ હતો. દાસદાસી હતાં અને સૌથી વધુ મહત્ત્વની વાત એ હતી કે મારા પર દુર્યોધનનો સવિશેષ પ્રેમ હતો!

હું રાજમહેલમાં રહેવા ગયો છતાં રોજનો મારો પ્રાતઃકાળે ગંગાનદીએ જવાનો નિત્યક્રમ ચાલુ જ હતો. ત્યાંથી છેક બપોરે પાછો ફરતો. જતાં પહેલાં બે કટોરા ભરીને ગાયનું દૂધ પીતો. ગંગાનદીએ જઈ સૂર્યપૂજા કરવી એ મારો નિત્યક્રમ હતો.

નિત્યનિયમ પ્રમાણે એક દિવસ હું ગંગાનદીએ ગયો. સ્નાન કરીને મેં રોજની જેમ અર્ઘ્ય દેવા અંજલિ ભરીને પાણી લીધું. મારાથી વીસ-પચ્ચીસ ડગલાં જ દૂર જમણી બાજુએ ગંગાનદીનો ઘાટ હતો. એનાં પથ્થરનાં પગથિયાં ધૂંધળા પ્રકાશમાં સ્પષ્ટ દેખાતાં નહોતાં. મારી હથેળીમાંનું પાણી ટીપે ટીપે ફરી ગંગાનાં પાણીમાં એકરૂપ થતું હતું. ખાલી થયેલી હથેળી હું ફરી પાણીથી ભરી દેતો હતો. મારા ગુરુને હું શ્રદ્ધાથી અર્ઘ્ય આપી રહ્યો હતો.

છેલ્લાં કેટલાંય વર્ષથી હું શ્રદ્ધાપૂર્વક આમ કરતો હતો. જીવનની છેલ્લી ઘડી સુધી હું આમ જ કરવાનો હતો. શ્રદ્ધા એ કાંટાળા જીવનની હરિયાળી છે. મારી ગુરુ પ્રત્યેની શ્રદ્ધાનું મેં જીવથી જતન કર્યું હતું અને છેક સુધી હું એને જાળવી રાખવાનો હતો. આખું હસ્તિનાપુર આ વાત સારી રીતે જાણતું હતું. સવારના ત્રણ પહોર સુધી 'કર્ણ ક્યાં છે?' એવો પ્રશ્ન હસ્તિનાપુરમાં કોઈ પૂછે તો દરેક નિશ્ચિતપણે ઉત્તર આપે કે, 'ગંગા તટે!'

તે દિવસે પણ હું એક એક અંજલિ ભરીને મારી શ્રદ્ધાનો કળશ છલકાવી રહ્યો હતો. પૂર્વ દિશા આછી લાલાશ પકડતી હતી. થોડી વારમાં તો નીલવર્ણી સામ્રાજ્યના સોનેરી સમ્રાટ પોતાના રથનાં કિરણો રૂપી હજારો અશ્વ દોડાવતાં પૂર્વદિશામાં આવીને હસતા ઊભા રહ્યા! પશુપક્ષીઓએ કલરવ દ્વારા સ્વાગત કર્યું. ગંગાને સામે કાંઠે હર્યુંભર્યું સુકોમળ ઘાસ અંગ મરોડતું જાગી ઊઠ્યું. એના પર સૂઈ રહેલાં લીલાં લીલાં તીડનાં ટોળાં ઘાસની સુંવાળી શય્યા છોડી તરત જ અહીંતહીં ઊડવાં લાગ્યાં. ઘાસ-પાંદડાં પર ઝાકળનાં રૂપેરી બિંદુ ચમકવાં લાગ્યાં. ગોચરભૂમિમાં ગાયોનાં સુંદર વાછરડાં ડોક ઊંચી કરીને, આળસ મરડીને ઊછળવાં લાગ્યાં. પક્ષીઓએ પાંખ ફફડાવતાં, કિલબિલ કરતાં ચણ વીણવાં માળામાંથી પ્રયાણ કર્યું. કેટલાંય કારંડવ પક્ષી પાંખો ફફડાવતાં ગંગાનાં પાણી પર

ઉડાન ભરવાં લાગ્યાં. પાંખ પાણીમાં ભીંજાવી ફરી ઊંચે કૂદકા મારી આકાશમાં ઊડવાં લાગ્યાં. મંદિરના કળશ સોનેરી રંગોમાં ઝળહળી ઊઠ્યાં. ગંગાની અસંખ્ય લહેરો સોનેરી વસ્ત્ર ધારણ કરી ઝળહળાટ સાથે નૃત્યગીત ગણગણતી એકમેકની સાથે ફૂદરડી ફરીને નાચવા લાગી! સમસ્ત સૃષ્ટિ કેવી ચૈતન્યથી સ્પંદિત થઈ ઊઠી! જગતને ઉજાળનાર તે અક્ષયદીપ મારા કાનનાં કુંડળોને ઝુલાવતો હતો. મારી સાથે કોઈ અજ્ઞાત ભાષામાં ગોષ્ટિ કરવા લાગ્યો, વિસ્ફારિત આંખે એકીટશે જોતો હું એનું આકંઠ પાન કરવા લાગ્યો. આ તેજરસને આંખો દ્વારા પીવાની મારી ઇચ્છા કેમ તૃપ્ત થતી નથી એ મને ક્યારેય સમજાયું નહિ. કેટલીય વાર તે તેજને મેં દિવસભર ઊભા રહીને આંખોથી પાન કર્યું હતું! છતાં હજીયે એ અતૃપ્ત જ રહી હતી. મારા હૃદયને લાગેલી તેજની આ તૃષા કેવા પ્રકારની હશે તે હું જાણી શકતો નહોતો! કદાચ જીવનના અંત સુધી મને નહિ સમજાય! આ સૂર્યદેવનાં દર્શન કરવાની સતત ટેવને લીધે મારી આંખની કીકીઓ અવશ્ય તેજસ્વી બની હતી! એટલે જ અશ્વત્થામા મને કહેતો હતો, 'કર્ણ, તારી નીલવર્ણી આંખોમાં ચમકતી સોનેરી-રૂપેરી કીકી એ નીલા આકાશમાં પ્રકાશતાં સૂર્ય-ચંદ્ર જ જોઈ લો!' મારું આ પ્રકારનું સૂર્યઆરાધનાનું વ્રત રોજ ચાલુ હતું. ક્યારેક એ તેજવલયોને અનિમેષ જોઈ રહેવાથી મને સહજ ભાવસમાધિ થઈ જતી. દેહનું ભાન રહેતું નહિ. મન હળવાશ અનુભવતું. તે દિવસે મારી એ જ મનઃસ્થિતિ હતી. ત્યાં એકાએક ઘાટ તરફથી એક આર્ત ચીસ સંભળાઈ. કોઈક 'બચાવો... બચાવો'ની પ્રાણઘાતક બૂમ મારી રહ્યું હતું. મેં તરત જ પાછળ ફરીને ઘાટ તરફ જોયું. આખો વિશાળ ઘાટ નિર્જન હતો. એક માટીનો ઘડો ઊંધો વળીને ગંગાનાં પાણીમાં ડોલતો ડોલતો દૂર વહી રહ્યો હતો. સોનેરી-રૂપેરી મોજાંમાં કેળના થંભ જેવા નિર્મળ હાથ પાણીની ઉપર છટપટી રહ્યા હતા. કંકણ ચમકતાં હતાં. એટલામાં એ હાથ ક્યાંક ખોવાઈ ગયા. કાંઠા પરનાં લીલવાળાં પગથિયેથી પાણી ભરતી લલનાએ ગંગામાં સમતોલપણું ગુમાવ્યું હતું. રોજ દૂરથી આકર્ષક દેખાતું ઊંડું પાણી આજે કોઈકને પોતાના ઉદરમાં સદાને માટે સમાવી દેવા માગતું હતું! આ હાથની છટપટ પાણી બહાર નીકળવા માટેની, મદદ માટેની કરુણ પોકાર હતી.

મેં અંગ પરનું ઉત્તરીય ઠીક કર્યું અને ઘાટ તરફ દોડવા લાગ્યો. ઘાટ પર પહોંચતાં જ મેં સીધું ગંગાનાં પાણીમાં ઝુકાવ્યું. ક્યાંય સુધી પાણીમાં હું ખુલ્લી આંખે જોતો રહ્યો. કેટલીય નાની નાની માછલીઓ મારાં કુંડળને ખેંચવાનો વ્યર્થ પ્રયત્ન કરતી હતી. એટલામાં ઊંડા પાણીમાં ડૂબતો એક માનવદેહ દેખાયો. એની નજીક જતાં જ એ દેહ મને જોરથી વળગી પડ્યો. મૃત્યુના દ્વાર પાસે જીવ કેવો લાચાર બની જાય છે! તે નાત-જાત-ગોત્ર, સમાજ, ધર્મ, પ્રતિષ્ઠા કંઈ જ જોતો નથી. એ જુએ છે કેવળ સ્વનું અસ્તિત્વ! તે સ્ત્રી હતી છતાં મને જોરથી વળગી પડી હતી. મૃત્યુના દ્વારે ઘૂંટાતા એક જીવની બીજા જીવને 'મને તારે શરણે લઈ લે' કહીને એણે દીધેલું એ આલિંગન હતું! આ આલિંગન મને ગંગાના તળિયે લઈ જાય તેવું હતું. આથી પહેલાં હું એની પકડમાંથી છૂટ્યો. પછી એના છૂટા વાળના જથ્થાને હાથમાં પકડી લઈ કિનારા તરફ જવા પાણી સડસડાટ કાપવા લાગ્યો. આવી સ્થિતિમાં પણ મારા મનમાં એક વિચાર ઝબકી ગયો. મારી ગુરુપૂજા અધૂરી રહી હતી. પાણી કાપતાં કાપતાં ગંગાનદીમાંથી સૂર્યદેવનાં દર્શન કરતાં મેં મનોમન માફી માગી,

'ગુરુદેવ, ક્ષમા કરો. ક્યારેક નિયમમાં અપવાદ ચલાવી લેવાય.' વાળ સહિત સ્ત્રી ખેંચાઈ રહી હતી. હું કિનારે પહોંચ્યો. પેલી મૂર્ચ્છિત સ્ત્રીને ગમે તેમ કરીને પાણીમાંથી ઉગારી. એનો ચહેરો જોઈ હું સ્તબ્ધ બની ગયો. ઘડીભર કંઈ સૂઝ્યું નહિ. તે વૃષાલી હતી! સત્યસેનની બહેન! તરત જ પ્રયાગનું દૃશ્ય આંખ સામે ખડું થઈ ગયું. ત્યારે એનો ઘડો ફૂટતાં મારાં વસ્ત્રો ભીંજાઈ ગયાં હતાં. એ જોઈને તે કેવી શરમાઈ ગઈ હતી! તેણે મારી સામે ફક્ત એક વાર જોઈને તરત જ દૃષ્ટિ ઢાળી દીધી હતી. ફરી ઊંચું મોં કરીને જોયું જ નહોતું. એણે પગના નખથી જમીન ખોતરી ખોતરીને ઊંડો ખાડો કરી નાખ્યો હતો! તે સમયની વૃષાલી કેવી હતી? પવનથી લજાઈને પાંદડાં આડે મુખ છુપાવતી એક લજામણી વેલ હતી. જ્યારે આજની વૃષાલી એક ડાળી પર ખીલેલું ફૂલ! એ ઝાકળના બિંદુથી ભીંજાયેલા પારિજાત વૃક્ષ સમી દેખાતી હતી. એનો ચહેરો ભાવશૂન્ય હતો. ગાઢ નિદ્રામાં સૂતેલા બાળક જેવી એની શાંતમુદ્રા હતી. એ નિખાલસ હતી. મને થયું કે ભૂલથી હું નદીમાંથી જલપરી તો નથી લઈ આવ્યો ને! જે હાથે અર્ઘ્ય દેતો હતો એ જ હાથમાં એનો નિશ્ચલ દેહ લઈને પૂર્વ દિશા તરફ સહેજ વાર ઊભો રહ્યો. એક અજબ કલ્પના મનમાં સૂઝી. આ જ સ્થિતિમાં રમણીય સૂર્યોદય થાય. વૃષાલી મારા બાહુમાં આ જ રીતે હોય. હું પણ ભીંજાયેલો અને તે પણ ભીંજાયેલી! કાળની ગતિ થંભી જાય. ગંગાનાં તરલ પાણીમાં અમારાં બંનેનાં પ્રતિબિંબ આમ જ તરતાં રહે! કારંડવ પક્ષી મધુર ગીત ગાતાં રહે.

પરંતુ બીજી જ ક્ષણે અંગ પરથી ગરોળીને એક ઝાટકે ફેંકી દે તેમ એ વિચારને એક ઝાટકે ફેંકી દીધો. મને અતિશય ગ્લાનિ થઈ. ગમે તે હોય પણ તે એક પરસ્ત્રી હતી. તેના નિશ્ચેષ્ટ દેહને મેં એક સ્વચ્છ પગથિયા પર હળવેકતી મૂકી દીધો. એના દેહ પરથી નીતરતું પાણી પગથિયે થઈને ફરી ગંગામાં ભળી જતું હતું! તે એને શું કહેવા માગતો હતો? થોડી વાર સુધી એ બેશુદ્ધ રહી. કેટલી નિર્મળ દેખાતી હતી! ભીનાં વસ્ત્રો એનાં અંગ પર ઠેકઠેકાણે ચોંટી ગયાં હતાં. પાણીનાં બિંદુ એના ગૌર ગોળ મુખકમળ પર ઠેર ઠેર ચમકી રહ્યાં હતાં. એનાં પર સૂર્યકિરણો પરાવર્તિત થઈને એના ગાલ પર વિખરાઈ ગયાં હતાં! તે સમયે એની દેહલતા મને ગંગાની ગર્વિલી રૂપેરી લહેર સમી લાગી!

કિનારે મૂકેલું કોરું ઉત્તરીય મને યાદ આવ્યું. હું ઉત્તરીય લેવા તરત દોડ્યો. પાછો ફર્યો ત્યારે તેનો શ્વાસ ધીમો ધીમો ચાલતો હતો. ઘાટ પર કોઈ જ નહોતું. મેં એના મુખ પરનાં જલબિંદુને મારા હાથનો સ્પર્શ ન થાય એ રીતે ઉત્તરીયથી લૂછ્યાં. એણે એની ગરદન સહેજ હલાવી અને હળવેકથી આંખો ખોલી! પ્રથમ તો પોતે ક્યાં છે? હું કોણ છું? એનું એને ભાન નહોતું! ગભરાયેલી આંખે એ મને એકીટશે જોઈ રહી! કુંડળ પર લટકતાં બે જલબિંદુ ટપકીને મારા ખભા પર પડતાં એણે જોયાં! અને એક જ ક્ષણમાં તે પોતે ક્યાં છે? હું કોણ છું? એનું ભાન થયું. તે સફાળી ઊભી થઈ ગઈ. અંગ પરનાં ભીનાં વસ્ત્રો ઠીક કરવાનો પ્રયત્ન કરવા લાગી. એણે મોં નીચે ઢાળી દીધું. સાચવીને ઊભી થયા પછી એણે મારું ઉત્તરીય જ પોતાના અંગ પર લપેટી દીધું! ગંગાનાં પાણીમાં દૂર વહેતાં પાણીના ઘડા તરફ આંગળી ચીંધતાં મેં કહ્યું, 'પહેલાં પ્રયાગમાં તમારો એક ઘડો ફૂટી ગયો હતો. આજે હસ્તિનાપુરમાં ગંગાએ બીજો ઘડો કાયમને માટે તમારી પાસેથી છીનવી લીધો! શા માટે એ તમે એને જ પૂછો.'

થરથર ધ્રૂજતા એણે ગંગાનદીમાં દૂર દૂર જઈ રહેલા ઘડા તરફ દૃષ્ટિ કરી. શરમાઈને તે નીચું જોઈને ઘાટ તરફ વળી અને એક એક પગથિયું ચડીને દૂર નીકળી ગઈ! એનાં ભીંજાયેલાં પગનાં સ્પષ્ટ ચિહ્નો ઘાટનાં પગથિયાં પર અંકાઈ ગયાં હતાં. જતી વખતે ગભરાટમાં મારું ઉત્તરીય પણ એ સાથે લેતી ગઈ! એના ગભરાટપણા પર હું મનમાં ને મનમાં હસી પડ્યો. ગંગાનદીના એ ઘડાને હું ક્યાંય સુધી જોતો ઊભો રહ્યો. પાછળ કોઈ ઘાટનાં પગથિયાં ઊતરી રહ્યું હોય એવો ભાસ થતાં મેં પાછળ ફરીને જોયું. તે ભીષ્મ પિતામહ હતા! મને જોતાં જ તેમણે સહજભાવે પૂછ્યું, 'કર્ણ, આજ અત્યાર સુધી તું અહીં છો?'

હું ચૂપ રહ્યો. શું બોલું?

'મારી સાધના કોઈ કારણથી આજે અધૂરી રહી છે!'

એવું હું એમને શી રીતે કહું?

અંગ પરનાં કેવળ ભીનાં વસ્ત્રો સાથે ગંગાનદીએથી પાછા ફરતાં કર્ણને કેટલાય નગરજનો તે દિવસે આશ્ચર્યથી જોઈ રહ્યા હતા.

ચાર

તે દિવસે બનેલી ઘટના કોને ખબર ક્યાંથી દુર્યોધન જાણી ગયો! કદાચ વૃષાલીએ તેના ભાઈને કહી હોય અને તેણે ક્યારેક દુર્યોધનને જણાવી હોય! ત્યારથી મારી સ્થિતિ કફોડી થઈ ગઈ હતી. હું રોજની જેમ ગંગાનદી પર જતો હતો, પણ સૂર્યદેવનાં તેજસ્વી બિંબમાં મને વૃષાલીનો ચહેરો દેખાતો! કેટલીક વાર મારું ઉત્તરીય ત્યાં જ ભૂલી જતો ને ઘેર પાછો વળતો, પછી તે લેવા શોણને મોકલવો પડતો. શોણ મને પૂછતો, 'મોટાભાઈ, આવો ભૂલકણો કેમ થઈ ગયો છો?' એને કંઈક જવાબ તો દેવો પડશે એમ વિચારીને એને કહેતો, 'શોણ, ક્યારેક માણસને કંઈક ભૂલી જવું ગમતું હોય છે.' એ બાઘાની જેમ મારી સામે જોઈ રહેતો, કારણ એને રોજ બળબળતા તાપમાં મારે ખાતર ગંગાકિનારે જવું પડતું હતું. 'આપણા રાજા આટલા ભૂલકણા કેમ થઈ ગયા હશે?' પાછળથી આવી ચર્ચા કરવાનો મોકો સેવકોને ન મળે એથી જ હું આ કામ શોણને સોંપતો હતો.

પિતાજીના પ્રત્યેક આદેશને મેં આજ સુધી ઉવેખ્યો નહોતો, કારણ એમણે વેઠેલાં કષ્ટોને લીધે જ હું અંગરાજ કર્ણ સુધી પહોંચ્યો હતો. અંગરાજ થયો કે તરત જ મેં એમને રાજમહેલમાં રહેવા બોલાવી લીધા. એમના પ્રત્યેક આદેશને મેં ઝીલ્યો હતો. રોજ રાત્રે હું એમના થાકેલા પગને ચંદનનો લેપ કરતો. ત્યારે મા મને કહેતી, 'વસુ, તું હવે રાજા થયો. આ કામ તને શોભે નહિ! હવે એક મહારાણી લઈ આવ અને એને બધું કામ સોંપી દે!' હું એની આ વાત પર ક્યારેય લક્ષ્ય દેતો નહિ. ચંપાનગરીની સ્મૃતિઓ ઉખેળીને ચાલાકીથી એનું ધ્યાન બીજી દિશામાં દોરી જતો.

એક વાર પિતાએ મને આશ્ચર્યવિમૂઢ કરી દીધો. શોણે મને પિતાજીનો તાકીદનો સંદેશો આપ્યો અને હું તરત જ એમના કક્ષમાં ગયો. રાજા દુર્યોધન આવીને ત્યાં બેઠા હતા. અંદર દાખલ થતાં જ પિતાજીએ મને સીધું પૂછ્યું, 'કર્ણ, મેં આજ સુધી તારી પાસે કંઈ જ માગ્યું નથી. આજ હું જે કંઈ માગું તે તું મને આપીશ?'

મને એમના પ્રશ્નનો અર્થ સમજાયો નહિ છતાં એમના આદેશને ઝીલવો એ મારી

ફરજ હતી એટલે તત્ક્ષણ મેં કહ્યું, 'પિતાજી, હું તમારો પુત્ર કર્ણ છું. પિતાએ પુત્ર પાસે માગવાનું ન હોય. માત્ર આજ્ઞા જ કરવાની હોય!'

'સાંભળ! મારે ઘરમાં વહુ લાવવી છે! તારા વિવાહ કરવાનું મેં નક્કી કર્યું છે. આ બાબતમાં હું તારું કંઈ જ સાંભળવાનો નથી.'

'પણ...' હું સહેજ અચકાયો.

'આમ જો... પણ-બણ કંઈ નહિ ચાલે. મેં સારથિકુળની રૂપાળી સુંદર કન્યા તારે માટે જોઈ રાખી છે.'

'પિતા... મારું...'

'હું તારું કંઈ જ સાંભળવાનો નથી. આજે જ હું તે કન્યાને ઘેર પુરોહિત મોકલું છું.'

'થોડા દિવસ થોભી જવામાં તમને શું વાંધો છે?' મેં છેલ્લો પાસો ફેંક્યો. કોણ જાણે અકારણ મારી આંખ સામે વૃષાલી તરવરવા લાગી. હું એને સહજતાથી ભૂલી શકું એમ નહોતો, કેમકે ગંગાકિનારે જવાનો મારે નિત્યક્રમ હતો. ત્યાં રોજ મને એની યાદ આવશે. ગંગાકિનારે જવાનું કાયમને માટે છોડી દઉં એ જ એને ભૂલવાનો એક જ ઉપાય હતો!

જોકે એ પણ મારે માટે શક્ય નહોતું. હું અંગરાજ પદનો ત્યાગ કરી શકું, મારાં કવચ-કુંડળનો પણ ત્યાગ કરી શકું, પરંતુ ગંગાકિનારે જઈ સૂર્યની આરાધના કરવાનું ક્યારેય ત્યજી શકું નહિ!

'આમ જો. કર્ણ, હું થોડા દિવસ માટે પણ રોકાવાનો નથી, કેમકે હજી શોણનાં પણ લગ્ન લેવાનાં છે. અમે હવે ખર્યું પાન કહેવાઈએ. તને એ લગ્ન માન્ય ન હોય તો મને સ્પષ્ટપણે જણાવી દે.' પિતાજીએ પણ મને છેવટની તાકીદ આપી. શો ઉત્તર દઉં? હું શોણના જીવનમાર્ગમાં અવરોધરૂપ બનું? મારે માટે સતત કષ્ટો વેઠતાં મારાં પ્રેમાળ માતાપિતાનાં હૈયાં દુભવું? માણસ લાગણી પર જ જીવે છે. પણ ક્યારેક કર્તવ્ય પાસે લાગણીને ઝૂકવું પડે છે. પરોપકારાર્થે જીવે તે જ સાચો માણસ. પળવાર સૂર્યદેવનું સ્મરણ કરી મેં મારો નિર્ણય જણાવ્યો. એમને વિનમ્રભાવે મેં જણાવ્યું, 'તમારી ઇચ્છા હોય તો હું તૈયાર છું.'

'સારું!' કહીને તેઓ મારી નજીક આવ્યા. એમની વૃદ્ધ આંખોમાં અનોખા આનંદની ચમક હતી. એમનો થરથરતો હાથ એમણે મારે વાંસે હેતથી ફેરવ્યો. અચાનક વૃષાલીના કેળ જેવા ગોળ ગૌરવર્ણા હાથ યાદ આવ્યા. બધું જ ભૂલી જવાનો મેં મનથી મક્કમ નિર્ધાર કર્યો. અરે! મન પણ કેટલું ચંચળ છે! જેને આપણે ભૂલવા માગીએ એ જ આપણી નજર સામે આવીને ઊભું રહે. જીવન ક્યારેક માણસની આકરી કસોટી કરે છે. ગમે તેટલી ઇચ્છા હોય તોપણ માણસનું ધાર્યું થતું જ નથી. વૃષાલી મને પ્રિય હતી પણ હવે મારે એને ભૂલવી જ રહી. હવે એને મારી પત્ની બનાવવાનું શક્ય નહોતું! પિતાજી સામે મારા ભાવો છુપાવવા અશક્ય હોઈ 'હું જાઉં છું' કહીને બહાર નીકળી ગયો. બાજુમાં દુર્યોધન રાજા બેઠા હતા એનું પણ મને ભાન ન રહ્યું! હું જવા માટે વળ્યો કે તરત જ દુર્યોધને પિતાને એક માર્મિક પ્રશ્ન પૂછ્યો, '...પણ ...પણ અધિરથકાકા, તમે કઈ કન્યા જોઈ રાખી છે? એનું નામ શું છે? એ વિશે કંઈ જ તમે એને જણાવ્યું નહિ!'

તરત મેં કાન સરવા કર્યા. પિતાએ જવાબ દીધો, 'કન્યા હસ્તિનાપુરમાં જ છે. સત્યસેનની બહેન વૃષાલી.'

'ઓહ! એમ વાત છે. સારું થયું હવે રોજ રોજ ગંગાને વ્યર્થ ત્રાસ દેવો મટ્યો. સરસ વિચાર છે તમારો!' કહેતાં દુર્યોધન ખડખડાટ હસી પડ્યો. પિતા પણ હસી પડ્યા. હું દિગ્મૂઢ થઈ ગયો. ત્યારે આ જાળ દુર્યોધને જ બિછાવી હતી એમ ને! તે કેવો બુદ્ધિશાળી હતો! મારી સંમતિ માટે એણે પિતાજીને સાધી કેવી હા પડાવી દીધી! તે કેવળ મારો મિત્ર નહોતો, ભાઈ પણ હતો! શોણ જેવો જ! એના પ્રેમ વિશે સંદેહ કરવો એ પાપ હતું. મને અંગરાજ બનાવવામાં પણ એમનો મારા પ્રત્યેનો નિર્મળ પ્રેમ જ કારણભૂત હતો. હું જ એમને સ્વાર્થી સમજતો આવ્યો હતો. એ જ વખતે મેં દઢ નિશ્ચય કરી લીધો કે સમય આવ્યે દુર્યોધન માટે બધું જ કરી છૂટીશ! મને બે સગા ભાઈ મળ્યા હતા. શોણ અને દુર્યોધન! મારા જેવા સારથિપુત્ર પ્રત્યે આટલી બધી લાગણી ધરાવનાર કુરુશ્રેષ્ઠ દુર્યોધન મારો પ્રાણપ્રિય બની ગયો.

હું ચૂપચાપ જતો રહ્યો. હૈયું આનંદથી નાચવા લાગ્યું. સૌના શુદ્ધ પ્રેમથી હું ગદ્ગદ થઈ ગયો. વૃષાલી મારી પત્ની બનશે! કક્ષ બહાર શોણ ઊભો હતો. એની નજીક જઈને મેં એને વાંસે ધબ્બો માર્યો! એ અચાનક ચોંકી ગયો. ગુસ્સામાં તે બોલ્યો, 'કોણ મૂર્ખ છે?' મને જોતાં જ એણે જીભ દબાવી, હાથ જોડી નત મસ્તકે અપરાધીની જેમ મારી સામે ઊભો રહ્યો. એનો હાથ હાથમાં લઈ મેં એને કહ્યું, 'મૂર્ખપણું પૂરું થયું, શોણ! મારું ઉત્તરીય લેવા હવે તારે ફરી ક્યારેય ગંગાકિનારે જવું નહિ પડે!'

શોણ મારી સામું જોઈ જ રહ્યો.

પાંચ

હું ખુશમાં હતો.

મારા વિવાહની આમંત્રણપત્રિકા આસપાસનાં તમામ રાજ્યોમાં પહોંચાડવામાં આવી હતી. સ્પર્ધાના દિવસે મંડપમાં ઉપસ્થિત તમામ રાજા તથા પ્રજાને વિવાહનું નિમંત્રણ આપવામાં આવ્યું હતું. સાચે જ મારું જીવન દેવદાર વૃક્ષ સમું સુખી હતું! દિવસે દિવસે સુખ વિસ્તરતું જતું હતું. સારથિમાંથી રાજ્યપદ અને હવે શુભ મંગલ ભણી અને તે પણ સુયોગ્ય કન્યા સાથે. સદ્ભાગ્યની આ પદયાત્રા નથી? ક્યારેક સુખ માણસને અનેક પાંખોથી વીંઝણો વીંઝે છે. ક્યારેક એટલું બધું સુખ મળે કે માણસ ગૂંગળાઈ જાય. પછી એનું મન જ કહેવા લાગે કે, 'બસ. બહુ થયું હવે!'

મહેલની અટારીએ ઊભો ઊભો હું આવા વિચારમાં ખોવાયેલો હતો. દૂર ક્ષિતિજ નજીક વિશાળ ગગનની નીલિમા હરિયાળી ધરતીને ગોદમાં સમાવતી મને દેખાતી હતી. ચિત્ત પ્રસન્ન થઈ ગયું. કુરુકુળના પુરાતન રાજમહેલની સામે મારા સ્વયંવરના મંડપની સજાવટ કરતાં સેવકોને જોઈ હું પવન જેવો હળવો ફૂલ બની ગયો. સામે તળાવમાં ગર્વિલી ડોકને હલાવતાં અને કેવળ દૂધ પીતાં શ્વેત રાજહંસોની જેમ મારો દેહ તળાવમાં ઘૂમરી લઈ રહ્યો હતો. આસપાસ ભાવિ જીવનનાં સુખસ્વપ્નનાં વલયો વણાતાં જતાં હતાં. સમસ્ત જગત મંદિર જેવું પ્રસન્ન અને પવિત્ર ભાસતું હતું.

૯

સૌની ચર્ચાનો વિષય બનેલો અને સૌની ઉત્સુકતાની ચરમ સીમા પર પહોંચાડનારો મારા વિવાહનો મંગલ અવસર પૂરો થયો. આટલો ધામધૂમથી મારો વિવાહ-સમારંભ પૂરો થશે એની મને કલ્પના પણ નહોતી. મેં ગૃહસ્થાશ્રમમાં જવાબદાર પતિ તરીકે પ્રવેશ કર્યો. મારા જીવનનાટકનો બીજો અંક શરૂ થયો. શૃંગાર અને વાત્સલ્યસભર આ અંક હતો! બહુધા માણસો આ અંકમાં જ ખોવાયેલા રહે છે! એમાં જ રમમાણ રહે છે! લગ્નજીવનમાં જ તમામ વસ્તુઓ અને દિશા ગુલાબી બની જાય છે! જીવનસંગીતનો આ વસંત-વૈભવ રાગ છે! એ રાગ હવે મારે છેડવાનો હતો! કેમકે મારા વિવાહનો મંગલ અવસર નિર્વિઘ્ને પાર પડ્યો હતો. આજે પણ એ સમારંભના કેટલાક પ્રસંગોની સ્મૃતિ વસંતઋતુ પછી પણ બકુલનાં ફૂલોની સુગંધ જળવાઈ રહે તેમ મારા ચિત્તમાં જળવાઈ રહી છે!

વિવાહ પ્રસંગે અનેક રાજ્યના પ્રતિષ્ઠિત રાજાઓ અને નગરજનો ઉપસ્થિત હતા. એક સારથિપુત્રનાં લગ્નમાં ક્ષત્રિયકુળના રાજા હાજર હોય એ ઘટના જ ખરેખર વિરલ હતી. રાજા દુર્યોધને મારે માટે વિશેષ નિમંત્રણો પાઠવ્યાં હતાં. સાચે જ એનો પ્રેમ અસીમ હતો. કુરુવંશનો રાજા એક વાર જેને પોતાનો ગણે છે તેને એ હંમેશ વફાદાર રહે છે. એની પ્રતીતિ મને એના પ્રત્યેક કાર્યમાં થતી હતી. મારાં લગ્નપ્રસંગે અન્ય પ્રાંતોમાંથી જે કોઈ હસ્તિનાપુરમાં આવ્યા હશે તેને કુરુવંશના જ કોઈ રાજપુત્રનાં લગ્નની પ્રતીતિ થઈ હતી! ખરેખર હું ભાગ્યશાળી હતો! શોણના આનંદની સીમા જ નહોતી. પોતે ઘરનો વડીલ હોય તેમ લગ્નવ્યવસ્થા માટે મંડપમાં અહીંતહીં ઘૂમી વળતો હતો.

રોજ ધર્મ, આત્મા, કર્તવ્ય જેવા ગહન વિષયો પર કલાકો સુધી ચર્ચા કરનારો અશ્વત્થામા પણ મારાં લગ્નકાર્યમાં ઉત્સાહથી જોડાયો હતો. એણે એના પવિત્ર હાથે મારા મસ્તકે સાફો બાંધ્યો હતો. બાંધતી વખતે એણે મને આસ્તેથી કાનમાં કહ્યું હતું, 'કર્ણ, સાવધાન! આ અખાડામાં આજ સુધી કોઈ અજેય રહ્યું નથી!'

પીઠી ચોળતી વખતે સ્ત્રીઓમાંથી કોઈએ મશ્કરી કરી હતી, 'નરદેવતાના અંગ પર પીઠી ચોળવાની હોય? હળદરનો રંગ સોનેરી ક્યાં છે?' મને હજીયે એ મશ્કરી યાદ આવે છે.

સંધ્યા સમયના ગોરજ મુહૂર્તે લગ્ન થયાં. વૃષાલીએ શ્વેત કમલની મોટી વરમાળા મારા કંઠમાં આરોપી દીધી. નગારાં અને શરણાઈનાં સૂરોથી આખું રાજનગર ગુંજી ઊઠ્યું. ચંદનજળ અને રજનીગંધાનાં અત્તરથી વાતાવરણ મઘમઘી ઊઠ્યું. પશ્ચિમ ક્ષિતિજેથી સૂર્યદેવે અમને આશીર્વાદ દીધા. આ ધમાલમાં સૂર્યદેવને સાયંકાળનાં નિત્ય નમસ્કાર હું શાંતિથી નહિ કરી શકું એમ લાગતાં મેં વેદિ પરથી જ એમને પ્રણામ કર્યાં! હું ચતુર્ભુજ થયો!

લગ્નપ્રસંગે અનેક ભેટસોગાદો આવી હતી. એમાં અનેક અલંકારો હતાં. રેશમી વસ્ત્રો હતાં. સોનેરી અને રૂપેરી અણિયાળી તલવારો હતી. વૈદુર્ય, માણેક, મોતી અને પન્ના પણ હતાં. એમાં એક ભેટ સાવ અનોખી હતી. પાંડવો તરફથી ફક્ત એક જ ભેટ આવી હતી અને એ પણ રાજમાતા કુંતીદેવીએ મોકલી હતી! એ હતાં નીલા રંગનું રેશમી સેલું

અને ગરોળી આકારની અંગૂઠી![1] સેલામાં સોનેરી બુટ્ટા હતા. તે બહુ કિંમતી અને સુંદર હતું!

મેં અને વૃષાલીએ રાધામાતા તથા પિતાને પગે લાગી આશીર્વાદ લીધા. તેઓએ અમને 'જુગ જુગ જીવો' એવા શુભ આશીર્વાદ આપ્યા. હૃદય ગદ્‌ગદ થઈ ગયું. એમની કૂખે જન્મ લીધો જાણે સાર્થક થયો. મારા રાજદંડને ઊંચો કરી રાજમાતાએ કહ્યું, 'કર્ણ, સુખી થા.' એના વૃદ્ધ ખરબચડા હાથ મારા હાથમાં લેતો હું બોલ્યો, 'કર્ણ, નહિ. ''વસુ'' કહે, મા! જગતની દૃષ્ટિએ હું કર્ણ છું પણ તારો તો ''વસુ'' જ છું અને સદાય ''વસુ'' જ રહેવાનો.' મારી આંખ છલકાઈ ગઈ. એણે મને છાતી સરસો ચાંપી લીધો. મારું માથું મેં એને ખભે ટેકવી દીધું. સામેના મહેલની અટારીએ રાજમાતા કુંતીદેવીને મેં ઊભેલાં જોયાં. તેઓ અમને નીરખી રહ્યાં હતાં. મેં એમને આંસુ લૂછતાં જોયાં. કદાચ મારી આંખોમાં આંસુના પડળને લીધે મને આવો ભાસ થતો હશે? નહિતર વળી રાજમાતા પાલવથી આંસુ કેમ લૂછે? બીજી જ ક્ષણે અટારીનું દ્વાર ભિડાઈ ગયું! એ દ્વારની ચળકતી દીવાલ પર અસ્ત થતાં સૂર્યકિરણો પળવારમાં અદૃશ્ય થઈ ગયાં. વૃષાલીનો હાથ મેં હાથમાં લીધો. વિશ્વના પ્રલયકાળે પણ એનો હાથ જ મને સાચો સાથ આપવાનો હતો.

અખાડામાં અર્જુનને આહ્‌વાન દેતા સૂતપુત્રના વિવાહ આટલા ધામધૂમથી થયા. શું રાજમાતા કુંતીદેવી એ જોવા નહોતી માગતી એટલે એણે અટારી બંધ કરી દીધી હતી? અચાનક મને વિચાર સ્ફુર્યો.

સાત

જીવનમાં આવા અનેક પ્રસંગો બને છે. માણસ ગમે તેટલું મથે તોપણ એને યાદ રાખવા મુશ્કેલ છે. પરંતુ કેટલાક પ્રસંગો ભૂલવા મથીએ તોપણ ભુલાતા નથી. પાણીમાં મગરે પકડેલો શિકાર એ ક્યારેય છોડવા તૈયાર હોતો નથી તેમ મન પણ એ પ્રસંગોને ભૂલવા તૈયાર હોતું નથી. મનની મંજૂષામાં આવા પ્રસંગનાં અનેક મુલાયમ, રેશમી તેમ જ જાડાંમોટાં વસ્ત્રો હોય છે. લગ્નની પહેલી મધુરજની જગતનું એકેય દંપતી ભૂલી શકે ખરું? નહિ જ. આમ તો તમામ મધુર સ્મૃતિઓ સુગંધી ફૂલ સમી હોય છે, પણ મધુરજનીની સ્મૃતિ સુગંધી કેવડા જેવી હોય છે! એ રાત એ શરમ, સંમોહ અને સમર્પણની રાત! એ રાત એ બે હૈયાનું મૌન સંભાષણ! ઓહ! અવર્ણનીય છે. વિશ્વરચનાના આ વિશાળ યજ્ઞમાં સ્ત્રી-પુરુષનાં નિર્માણનો હેતુ ઈશ્વરનો ગમે તે હોય, પરંતુ તે રાત એટલે યજ્ઞની અંતિમ પૂર્ણાહુતિ! આજે પણ એ રાત જાણે કાલે જ વીતી હોય તેવી મને સાંભરે છે. વિશેષે એ પૂનમની રાત હતી! શરદપૂનમની રાત!

નિશિગંધાનાં નાનાં નાનાં શ્વેત અને સુગંધિત ફૂલોમાં શોભતી વૃષાલી કાળા સીસમના પલંગ પર સલજ્જ બેઠી હતી. હું શયનગૃહમાં દાખલ થયો કે તરત જ તે વસ્ત્રો સંકોરતી ઊભી થઈ. શરમથી મોં નીચું કરીને તે ઊભી હતી. હું અવાક્ થઈ ગયો. હું અટારીમાં જઈને ઊભો રહ્યો. ત્યાંથી આકાશમાં પૂર્ણચંદ્ર દેખાતો હતો. પોતાની રૂપેરી ચાંદની ધરતી પર ખોબલે ખોબલે વરસાવી રહ્યો હતો! આખું હસ્તિનાપુર કેવું શાંત હતું!

૧. આંગળીનું રક્ષણ થાય તેવા પ્રકારની બાણાવળીની આંગળી પર પહેરવાની ખોલી કે અંગૂઠી.

ગંગાનદી તરફથી શીતળ પવનોની લહેર મહેલ સુધી લહેરાઈ રહી હતી. જાણે મને ઠપકો આપતી હતી કે, 'ગંગાનદીને ભૂલી ગયો? તમારા બંનેનાં આલિંગનની એ જ પ્રથમ સાક્ષી છે.' મેં ગંગાનદી તરફ દૃષ્ટિ કરી. દૂર ચાંદનીમાં વહેતો એનો રૂપેરી પ્રવાહ ઘુમરાટી લેતાં કબૂતરો જેવો દેખાતો હતો. તે દિવસે ઘાટના પગથિયે મૂર્ચ્છિત પડેલી વૃષાલીને જોઈ મને આવો જ ભાસ થયો હતો. હળવેકથી મેં અટારીનો દરવાજો બંધ કર્યો અને પલંગ પાસે જઈને મેં ધીમેથી કહ્યું, 'હવે તું ગંગાનાં પાણીમાં ગબડી પડીશ તો હું તને ફરીથી પાણીમાંથી બહાર કાઢીશ નહિ! હું ગંગાનાં પાણીમાં ડૂબતાને બચાવનારો કોળી થોડો છું?' એ મનમાં ને મનમાં હસતી હતી. એના ગાલમાં મોહક ખંજન પડ્યાં. તે કંઈ જ બોલી નહિ. હજીયે તે લજામણીની વેલની જેમ લજવાઈને ઊભી હતી. મેં ફરીથી કહ્યું, 'આ રાજમહેલમાં અનેક પાષાણ પ્રતિમાઓ કોતરી છે. એમાં તારે એક વધારો કરવો છે? ક્યાં સુધી આમ ઊભી રહીશ? બેસ નીચે.' તે સંકોચાઈને નીચે બેઠી. એની સાડીના સોનેરી બુટ્ટા મશાલના પ્રકાશમાં ઝગમગી ઊઠ્યા. આ જોઈ મને નવાઈ લાગી. ઓહ! આ તો રાજમાતા કુંતીદેવીએ દીધેલ ભેટ હતી! એણે આ સાડી કેમ પસંદ કરી? મેં એને વિસ્મયથી પૂછ્યું, 'વૃષાલી, આ જ સાડી આજે તેં કેમ પસંદ કરી? ખાસ કંઈ કારણ?' વસ્ત્ર સંબંધી મારી જિજ્ઞાસાએ ઠીક નિશાન વીંધ્યું. એની વાચા ઊઘડી.

'તમને નીલગગનનાં સોનેરી સૂર્યદેવનું દર્શન કરવું ગમે છે ને એટલે! આ નીલી સાડીમાં સોનેરી બુટ્ટા છે એટલે!' તે અત્યંત હળવે સાદે બોલી. એનો અવાજ રૂપાની ઘંટડી જેવો મધુર હતો! આજે હું એને પહેલી વાર સાંભળતો હતો. એના અવાજ કરતાંય મને એનો ઉત્તર બહુ ગમ્યો!

દેવ જાણે હજીયે એ મારે વિશે શું શું જાણતી હતી!

એની ચિબુક ઊંચી કરી હું એની સાથે બોલવા જતો હતો ત્યાં જ–

એણે પલંગની શય્યા નીચે હાથ નાખી એક ગડી વાળેલું વસ્ત્ર મારી સામે ધર્યું. કુતૂહલવશ મેં એની ગડી ઉકેલી. એ મારું જ ઉત્તરીય હતું! તે દિવસે ગભરાટમાં પોતાના અંગ પર ઓઢી લીધેલું. મારું ઉત્તરીય એણે આજ સુધી સાચવી રાખ્યું હતું! મેં હાથમાં લઈ એને ખંખેર્યું. એમાંથી કંઈક નીચે પડ્યું. નીચે વળીને મેં ઊંચક્યું અને વિસ્મયપૂર્વક હાથમાં લીધું. તે ગરોળી આકારની અંગૂઠી હતી! વૃષાલીની ચાલાકી પર હું વારી ગયો. પોતાનો પતિ ધનુર્ધર છે એ જાણીને અને રાજમાતા કુંતીએ આપેલી વીંટી મને આપવા માટે તે છુપાવીને લાવી હતી. એક વિચિત્ર યોગાનુયોગની પ્રતીતિ મને રહીરહીને થતી હતી. વૃષાલી ફક્ત રાજમાતાએ આપેલી ભેટ જ કેમ પસંદ કરી? મને કોઈ જ ઉકેલ જડ્યો નહિ. આમેય જીવનમાં ઊઠતા તમામ પ્રશ્નોના જવાબ કોને જડે છે? મેં એ વિચારને દૂર કર્યો.

બે હાથમાં પકડેલ ઉત્તરીય વૃષાલીના ગળેથી પાછળ લઈ તેને ઉકેલી એને ઓઢાડી દેતાં મેં કહ્યું, 'પોતાના પતિને શું શું ગમે છે તેને શોધી કાઢવાની બુદ્ધિ કુદરતે સ્ત્રીને જ કેમ આપી હશે?'

'પણ પતિદેવ પોતાની વહાલી પત્ની માટે શું શું ભેટ લાવ્યા છે?' મારી છાતી પર માથું ટેકવીને તે ધીમેથી બોલી.

કમરે બાંધેલાં ઉત્તરીયમાં પ્રયાગના સંગમ પર ફૂટેલા ઘડાના ટુકડા કાઢી એની

સામે ધરતાં હું બોલ્યો, 'આ પ્રયાગનું સોનું!'

એણે મારા હાથમાંથી તરત લઈ લીધું. એના ગાલ પર લોહી ધસી આવ્યું! શરમાઈને એણે પોતાનું મોં છાતીમાં છુપાવી દીધું. એનું રાજમુગટ જેવું ગૌરવર્ણું મુખ મારી હથેળીમાં લીધું. અમારા બે વચ્ચેનું અંતર દૂર થયું. ધીમેથી એણે ઈંગુદી મશાલ તરફ આંગળીથી સંકેત કરતાં કહ્યું, 'અરે, આ જોઈ રહ્યું છે આપણને!' મેં હસીને એનું મોં મારા હાથમાંથી દૂર કરી હું પલંગ પરથી ઊઠ્યો. કક્ષની તમામ મશાલ એક એક કરીને બુઝાવી દીધી! ફરી પલંગ પર આવીને બેઠો. તેને મારા બાહુમાં સમાવી લઈ મેં કહ્યું, 'હવે તો તને કોઈ જોતું નથી ને?'

'હજી બધા દીવા ક્યાં બુઝાવ્યા છે?' એણે વળતો પ્રશ્ન કર્યો. એનો મર્મ હું સમજી શક્યો નહિ. ગવાક્ષના ઝરૂખામાંથી અંદર આવતાં નફ્ફટ, નિર્લજ્જ ચંદ્રકિરણોને જોઈ મને થયું કે તે આને વિશે ફરિયાદ કરે છે. એ કિરણોની ઉપેક્ષા કરતાં મેં કહ્યું, 'આકાશમાં દૂર દૂર રહેલા ચંદ્ર વિશે તું પૂછે છે? અરે, વિશ્વનું નિર્માણ થયું ત્યારથી આજ સુધીમાં અનેક રાત્રિએ એણે કેટલાંય પ્રણયી યુગલો જોયાં હશે. એમાંથી કેટલાં એને યાદ હશે? જોઈજોઈને એની આંખો પણ ધરાઈ ગઈ હશે!' તોપણ અમારા મિલનમાં બાધારૂપ બનતાં આ ચન્દ્રકિરણો પર મનમાં ઘણો રોષ ચડ્યો હતો!

'અંહ! ચંદ્ર નહિ, હજી બે દીપક છે જે ચન્દ્રની ચાંદનીને પણ શરમાવે છે. એ ક્યારેય બુઝાવાના નથી. તમે તમારા હોઠોની ફૂંકથી એને ક્યારેય બુઝાવી નહિ શકો.' તે એની મોટી વિશાળ આંખોથી મારા તરફ જોઈને બોલી.

'કયા દીપક?' મેં જાણીબૂઝીને પૂછ્યું. એનો મર્મ શો છે તે સમજવો મુશ્કેલ નહોતો.

'તમારા કાનના!' નીચું મોં કરી મર્માળુ હસતાં તે બોલી.

એ જ સુંદર ખંજન ગાલમાં પડ્યાં!

'વાહ! વૃષાલી, આ ચતુરાઈ તને કોણે શીખવી?' કહેતાં ફરી એનું મુખ હથેળીમાં લીધું. મારા ઝગમગતાં માંસલ કુંડળમાંથી ફેંકાતાં નીલા, રૂપેરી કિરણો એના ગૌરવર્ણા ગોળ મુખ પર પથરાઈ ગયાં. એથી એનું ગૌરવર્ણું મુખ અધિક નીલવર્ણું દેખાવા લાગ્યું. કોના જેવું લાગતું હતું? અરેરે, ઉપમાય જડતી નથી! અરુંધતીને લઈ આકાશમાં પૂર્ણિમાનો પૂર્ણવિકસિત ચન્દ્ર ધીમે ધીમે ઊંચે ચડવા લાગ્યો. ગવાક્ષના અધખૂલા દરવાજાની તડમાંથી ગંગાનદીની શીતળ લહરીઓ નિર્ભયપણે શયનગૃહમાં મંદ મંદ પ્રવેશ કરી રહી હતી અને શીતળતાનો અનુભવ કરાવતી હતી.

આઠ

વૃષાલીના સહવાસમાં મારા દિવસો આનંદથી પસાર થતા હતા. તે એક આદર્શ પત્ની હતી. માત્ર પત્ની તરીકે જ નહિ પણ બહેન, કન્યા, પુત્રવધૂ, ભાભી તરીકેના સંબંધોમાં પણ મને એ આદર્શ જ લાગતી હતી. આ જ રાજનગરીમાં થયેલાં અપમાનો એના સહવાસમાં હું ભૂલી ગયો હતો! જીવન કેવું મોહક, આનંદમય, રોમાંચક અને ઉદાત્ત છે એની પ્રતીતિ મને પહેલી જ વાર થઈ! ગમે તેવી ઉત્કટ ભાવનાનો આનંદ તત્સંબંધી ગ્રંથો કે પુરાણો સાંભળવાથી કોઈને મળતો નથી. એનો અનુભવ કરવો જોઈએ. વૃષાલીના

સાહચર્યથી એક જ ભાવ ઊમટતો હતો અને તે વિશુદ્ધ પ્રેમનો. પ્રેમ જ મનની સૌથી પ્રભાવક પ્રેરણા છે. પ્રેમના ધવલ રંગ પાસે અપમાન, વૈર, ઈર્ષાના લાલ, કાળા, નીલા તમામ રંગો ફિક્કા લાગે છે, નાશ પામે છે.

દિવસના મોટા ભાગનો સમય મારો ગંગાકિનારે જતો. બાકીના સમયમાં વ્યાયામ, રાજસભા, અશ્વત્થામા અને દુર્યોધન સાથે વાતો કરવામાં પસાર થતો હતો અને રાત્રિ ખીલી ઊઠતી વૃષાલીના સાહચર્યમાં! જાણે મારે માટે રાત્રિ જન્મી જ નહોતી! અખંડ દિવસ જ હતો! ચોવીસ કલાક ઉજાસ! જીવન ઉદારતાથી મારા પર સુખનાં પુષ્પો વરસાવી રહ્યું હતું. મારી આસપાસ પોતાની જાતને ભૂલી જઈ મારા પર પ્રેમ વરસાવનારા કેટલાય માણસો હતા! માતા-પિતા, વૃષાલી, સત્યસેન, અશ્વત્થામા, શોણ અને દુર્યોધન. શોણ કેટલો મોટો થઈ ગયો હતો! સાગના ઝાડ જેવો સીધો, ઊંચા દંડ જેવો એના શરીરનો બાંધો રુઆબદાર દેખાતો હતો એ! વ્યાયામપ્રેમી અને પાછો સ્વચ્છ, નિર્મળ અને નફિકરો જીવ! આથી એ શરીરે હૃષ્ટપુષ્ટ થયો હતો. એના પ્રેમાળ સ્વભાવને લીધે સૌને એ વહાલો થઈ પડ્યો હતો. સૌને એ સશક્ત અને વિનમ્ર લાગતો હતો પણ મને તો પહેલાંના જેવો જ બાલિશ અને ભલોભોળો લાગતો હતો. કેમકે એના કુતૂહલપ્રિય અને કંપતા સંયમ અવાજમાં અને એના પ્રત્યેક શબ્દોમાં મારા પ્રત્યેના બંધુપ્રેમની સહજ મોહક પ્રતીતિ આજે પણ યથાવત્ જળવાઈ રહી હતી. એનો બાંધો બદલાયો હતો. એ થોડો જાડો થયો હતો, પરંતુ મન એ જ હિમ જેવું સ્વચ્છ!

ક્યારેક મારાં જેવાં જ કવચ-કુંડળ એને પણ મળ્યાં છે એમ માની હું એની સામે જોઈ જ રહેતો. એ અસ્સલ મારા જેવો જ દેખાતો હતો. ક્યારેક તો મારા કરતાંય વધુ સુંદર દેખાતો હતો. એ સહેજ શ્યામ હતો એટલું જ! એને કવચ-કુંડળ નથી. એથી એને મનમાં શું થતું હશે? નાનો હતો ત્યારે એ મારી સાથે લડી પડતો. પણ હવે એ શું ધારતો હશે? દ્વેષ? અસૂયા? ઘૃણા? ના રે ના! મેં એના ચહેરા પર ક્યારેય આવા વિકારો જોયા નથી. નિર્વ્યાજ બંધુપ્રેમનું અપ્રતિમ પ્રતીક એટલે મારો શોણ! દુર્યોધનને નવ્વાણું ભાઈઓ હતા, અર્જુનને ચાર ભાઈઓ હતા, જ્યારે મને માત્ર એક જ ભાઈ હતો. એને ભાઈ કહું? ના. એ બીજો કર્ણ હતો! હું રાજા થયો ત્યારે કેટલાયે આવીને જાતજાતની વસ્તુઓની અને મહત્ત્વના હોદ્દાની આકર્ષક માગણી મારી પાસે કરી હતી પણ શોણે શું માગ્યું હતું? અંગરાજનું અરધું પદ? સંપત્તિ? અમાત્યની પદવી? સેનાપતિ પદ? નહિ. મને એકબાજુ લઈ જઈ શું કહ્યું? 'મોટાભાઈ, હવે તું ખરેખર મોટો થઈ ગયો છે! મારી મનોકામના પૂરી થઈ! મારી ઇચ્છા છે કે હું હંમેશ તારી સાથે રહું. મને તું તારા શ્વેત અશ્વના રથનો સારથિ બનાવ! બનાવીશ ને?'

કેવો નિર્મળ પ્રેમ હતો એનો! મને યાદ છે કે એ વખતે એની આ ઇચ્છા જાણી મારા ગળે સોસ પડવા લાગ્યો હતો. એનો હાથ મારા હાથમાં લઈ મેં ફક્ત પ્રેમથી થાબડ્યો હતો. છે કોઈની પાસે મારા શોણ જેવો પ્રેમાળ અને વિનમ્ર ભાઈ? નાનપણમાં 'હું કોણ છું?' એ વિચારથી વ્યગ્ર રહેતો. શું હું શોણનો પ્રિય ભાઈ નહોતો? મારે અશ્વત્થામા અને દુર્યોધન જેવા પ્રાણપ્રિય મિત્રો હતા. માયાળુ માતાપિતા હતાં. સમજદાર ને સુંદર પત્ની હતી. અંગદેશનું સ્વતંત્ર રાજ્યપદ હતું. માણસને સુખની અપેક્ષા આથી વિશેષ શું હોય?

તોપણ મારા અંતરનો એક ખૂણો કેમ અતૃપ્ત જ હતો? ગમે તે કહો પણ હું સૂતપુત્ર હતો! વાસ્તવમાં મને મારા કુળનું દુઃખ ન લાગવું જોઈએ છતાં દુઃખ થતું હતું. કોણ જાણે મને પોતાને જ સમજાતું નહોતું. હજી પણ ક્યારેક તીવ્ર ઇચ્છા થઈ આવતી કે શોણને લઈ હસ્તિનાપુરથી રથ ભગાવી સીધો ચંપાનગરીના ગંગાકિનારે પહોંચી જાઉં. શોણ છીપલાં વીણે. હું રથમાં બેસી સૂર્યદેવને જોયા જ કરું. ભલેને સાંજ પડી જાય. પાછા ફરતાં ગરુડ પક્ષીને જોઈ શોણ એ જ પ્રશ્ન પૂછશે, 'મોટાભાઈ, ગરુડ જેટલો ઊંચે જઈશને તું?' હું એને ઉત્તર આપીશ, 'હા, જઈશને! એટલો ઊંચે કે તને હું દેખાઈશ જ નહિ!!'

પરંતુ હવે એ અશક્ય હતું. જીવનમાં ક્યારેય પાછા વળી શકાય તેમ નહોતું.

નવ

રાજા દુર્યોધન સાથે રાજકારણ સંબંધી મારે ઘણી ચર્ચા થતી. વાતવાતમાં પાંડવોનું નામ પડે ને એની આંખોનો રંગ બદલાઈ જતો! બાજુમાં શકુનિમામા હોય. તેઓ એને અનેક સાહસિક યોજનાઓ ઘડી આપતા. એમાં રહેલાં જોખમોને મામા પોતાના બુદ્ધિચાતુર્યથી છુપાવી દેતા છતાં મને એમાં કપટની બદબૂ આવતી. હું એનો ખુલ્લો વિરોધ કરતો ત્યારે શકુનિમામા કહેતા, 'કર્ણ, રાજનીતિનું તને કશું જ્ઞાન નથી. તું તારી દૃષ્ટિથી જગતને જોવાનો પ્રયત્ન કરે છે પણ એ તારી ભૂલ છે. રાજનીતિમાં ભાવુકતા ચાલે નહિ! એમાં ચાણક્યનીતિ જોઈએ! જગત કહે છે કે ભાષા એ ભાવની અભિવ્યક્તિનું સાધન છે પણ રાજકારણમાં એ જ ભાષા મનની ભાવનાને વ્યક્ત કરવામાં અસમર્થ નીવડે છે! રાજકારણીઓનું મન જંગલી ઘૂસના દર જેવું હોય છે. એનું દર ક્યાંથી શરૂ થાય છે અને ક્યાં જાય છે એની કોઈને જાણ હોતી નથી તેમ રાજકારણીઓનાં મન કળી શકાતાં નથી. રાજકારણ એટલે મુક્તપણે ચર્ચા કરી શકાય તેવું મંદિરમાં થતું વ્યાખ્યાન નથી.

હું એમના આ વિચારોથી ભ્રમમાં પડી જતો. મનને શ્રીફળની ઉપમા દેનાર અશ્વત્થામા ક્યાં અને જંગલી ઘૂસના દરની ઉપમા દેનાર શકુનિમામા ક્યાં? મારાથી સહજ સરખામણી થઈ જતી. મારું મન વિચારોમાં અટવાઈ જતું. નિયતિએ માનવના હાથમાં જીવન શા માટે સોંપ્યું હશે? જાતે બળીને, ખાખ થઈને જગતને ઉજાળવા માટે કે પોતાના તુચ્છ સુખને ખાતર અન્યોને વારંવાર નિર્દયતાથી સળગાવી દેવા માટે? માણસને પ્રેમ અને સદ્ભાવથી રહેવું કેમ નહિ ગમતું હોય? તો પછી જીવનો મૂળ સ્વભાવ કયો? પ્રેમ કે ક્રૂરતા? ક્રૂરતા જ હોય તો એમાં માણસનો શો દોષ? પ્રકૃતિએ જ માણસને ક્રૂરતા શીખવાડી હશે એમ જ કહેવું જોઈએ ને? અશ્વત્થામા ઘણી વાર કહે છે, 'દેહમાં આત્મા છે. તો પછી ક્રૂરતા, દ્વેષ, અસૂયા, વેર – આ બધા આત્માના ભાવો છે? જો એમ જ હોય તો જગત માણસને શા માટે દોષિત ગણે છે? કે પછી આ બધા મનના ભાવો છે? જો એમ જ હોય તો પ્રેમ, ત્યાગ, સંયમ એ આત્માના ભાવો કઈ રીતે હોઈ શકે?

મન!

કેટલું મોટું રહસ્ય આ બે અક્ષરોમાં છુપાયેલું છે! ખરેખર આ મન શું છે? જગતનો પ્રત્યેક માનવ મનોભાવના અસંખ્ય દોરડાઓથી બંધાયેલો એક હાથી જ નથી? આજુબાજુ એકસરખી સૂંઢ હલાવનારો! અસ્વસ્થ! છતાં પોતાને સ્વતંત્ર અને સામર્થ્યવાન સમજનારો!

અને જેને તમે 'મન, મન' કહો છો એ શું છે? એક કરચલો નહિ? એને કેટલાય અસંખ્ય ભાવનાઓના ડંખ હોય છે! આમતેમ મરડાતો, પોતાની તીક્ષ્ણ ચાંચથી આસપાસની જમીન ખોદી રેતીમાં ભરાઈ જનારો! છતાં એકમેકને ટેકે દેહને આગળ ખેંચનારો! માનવની ભાવના આવી જ નથી શું? પ્રેમ-દ્વેષ, ત્યાગ-લોભ, સ્નેહ-તિરસ્કાર, મમતા-ક્રોધ વગેરે મનના ડંખ નથી? પોતાના પ્રદેશમાં સ્વેચ્છાએ ફરનારો! છતાં દેહને જાળવીને આગળ લઈ જનારો! ક્યાં? તે કોઈનેય જણાવતો નથી! આત્માનું અદ્‌ભુત તત્ત્વજ્ઞાન સમજાવનાર અશ્વત્થામાને પણ નહિ!

હું એ મામા-ભાણેજનો વાર્તાલાપ એકસરખો નીચે પગ સામે જોઈને ફક્ત સાંભળી રહેતો. દુર્યોધનની આંખો મારા મૌનને પકડી પાડતી. એ મારી પાસે આવી મારા ખભા પર હાથ મૂકી પૂછતો, 'કર્ણ, નારાજ થઈ ગયો? તું તારા પગ સામે જોવા લાગે એટલે હું તરત જાણી જઉં કે તું નક્કી નારાજ થઈ ગયો છે! કયા ગૂઢ વિચારોમાં ખોવાયેલો છે! બાકી તારા પગ તરફ જોઉં છું ને મને પુરોચને કહેલી એક મજાની વાત યાદ આવે છે.'

'કઈ વાત?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'મારો ગુપ્તચર પુરોચન હંમેશ પાંડવોમાં હળીભળી જતો. એમની બધી વાતો એ મને પહોંચાડતો. એણે જ મને એક વાર કહ્યું હતું કે યુધિષ્ઠિર પોતાના ભાઈઓને હંમેશાં કહે છે કે, 'કર્ણના પગમાં અને આપણી રાજમાતા કુંતીના પગમાં મને ઘણું સામ્ય દેખાય છે!'

'શું કહે છે મારા રાજા?' ચોંકીને એના તરફ મેં જોયું અને બારીકાઈથી મારા પગ એ ફરીથી જોવા લાગ્યો. પછી એ થોડો સંકોચ પામ્યો. મને નવાઈ લાગી. સાચે જ એ રાજમાતા જેવા હતા? હશે! જગતમાં એકબીજાના પગ સરખા ન હોઈ શકે?

'સાંભળ, કર્ણ, આ ધૂર્ત યુધિષ્ઠિરની ચાલ છે. આજે તારા પગ રાજમાતાના પગને મળતાં આવે છે એમ કહેશે. કાલ સવારે એમ કહેશે કે તું રાજમાતા કુંતીનો સગો લાગે છે અને વળી એમ પણ કહેશે કે તું પાંડવોનો ભાઈ છે. આવા માણસોનો શું ભરોસો?'

'રાજા, તું કર્ણને દૂધપીતો સમજે છે? મારી રાધામાતા એ જ એક મારી માતા છે અને તે મને જીવથીય વહાલી છે. કર્ણ ફક્ત ત્રણ વ્યક્તિ માટે પોતાના પ્રાણ પણ હોમી દેશે. પહેલાં મારી માતા રાધા, બીજી સૂર્યદેવની આરાધના અને ત્રીજું મારું વચન!' રાજા દુર્યોધનને મેં તત્ક્ષણ ઉત્તર દીધો.

માનવી ગમે તેવો હોય પણ આપણે એનું માન જાળવવું જોઈએ. માતા, વચન અને ધર્મ એ માનવીના ત્રણ શ્રેષ્ઠ માનધન છે. પ્રાણના ભોગે પણ એને જાળવવાં જોઈએ.

દસ

આ બધું જ્ઞાન હું અશ્વત્થામાના સુખદ સમાગમથી પામ્યો હતો. એનો પ્રત્યેક શબ્દ અમૃતમય હતો. તેના પિતાએ કેવળ શસ્ત્રાસ્ત્ર અને કઠોર સામાજિક નીતિનિયમોને જ પ્રાધાન્ય આપ્યું હતું! એ સિવાય એમને એકેય સાથે નિસ્બત નહોતી! પરંતુ અશ્વત્થામા મને સર્વગુણસંપન્ન લાગ્યો. જીવનયાત્રામાં તે મને સૌથી વધુ અધ્યયનશીલ અને દુરારાધ્ય છતાં વિનમ્ર યાત્રી લાગ્યો. તે શૂરવીર યોદ્ધો હતો, પ્રેમાળ મિત્ર હતો, આજ્ઞાંકિત પુત્ર હતો.

કુદરતનો રસિક ભોક્તા હતો. કેટલી ઝીણવટથી એણે આસપાસની નાનીમોટી વાતોને જીવનમાં બૌદ્ધિકતાથી સ્વીકારી હતી! એના મૌનને લીધે સૌ એને 'ઘરકૂકડી' કહેતા હતા! પણ હું એવું માનતો નથી. અશ્વત્થામા વળી ઘરકૂકડી કેવો? ખરું પૂછો તો એનું દૃષ્ટિબિંદુ વિશાળ હતું. હું એને નજીકથી ઓળખું છું. મારી સાથે તો એ કલાકો સુધી વાતો કરતો. કેટલાક કહેતા કે ગુરુ દ્રોણે એને વિકાસ માટે યોગ્ય તક જ આપી નથી. એમના વિરાટ વ્યક્તિત્વના વટવૃક્ષ હેઠળ એ ભૂછત્રની જેમ જ ઊછર્યો હતો. કેવું અન્યાયી અને પક્ષપાતી વલણ કહેવાય! અશ્વત્થામાને આ રાજનગરમાં સાચા અર્થમાં કોઈ જ ઓળખતું નહોતું. મને એનું સૌથી અનોખું એવું સ્વતંત્ર વ્યક્તિત્વ લાગતું હતું. આ હસ્તિનાપુરમાં એના જેવું કોઈનું વ્યક્તિત્વ મેં જોયું નથી. ક્યારેક તો મને એ ગુરુદ્રોણ કરતાંય શ્રેષ્ઠ લાગતો! હિમાલયના શ્વેત શિખર જેવો ઊંચો! ગંગાના પટ જેવો વિશાળ!

એક દિવસ અમસ્તો જ હું ગંગાકિનારે જવા નીકળ્યો. અંગ પર શ્વેત ઉત્તરીય નાખી જલદી ચાલતો હસમુખો અશ્વત્થામા મને રસ્તામાં મળ્યો. તાજા ખીલેલા શ્વેત કમળ જેવો એનો ચહેરો પ્રસન્ન અને પ્રફુલ્લ હતો. એના હાથમાં ઔદુંબર વૃક્ષનાં સમિધ હતાં. કદાચ સવારે હવન કરવા માટે તે ઝડપથી યુદ્ધશાળા તરફ જઈ રહ્યો હતો. એ જોતાં મેં રથ થંભાવ્યો. રાજા થયા પછી હું ગંગાતટે રથમાં જ જતો. સામાન્ય રીતે મારા રથનો સારથિ શોણ જ હોય, પરંતુ ગંગાતટે હું એકલો જ જતો. અશ્વોને ઊભા રાખી મેં અશ્વત્થામાને કહ્યું, 'અલભ્ય લાભ! ગુરુપુત્ર, તારાં દર્શનથી મારો આજનો દિવસ સારો જશે! આજ તો અકલ્પનીય દુર્લભ અતિથિનો ભેટો થયો!'

એણે સહજપણે હસતાં કહ્યું, 'મારાં દર્શન શું આટલાં લાભદાયી છે? તો તો રોજ તારા ગંગાતટે જવાના માર્ગમાં આવીને બેસી જઉં?'

'એ તારે માટે શક્ય નથી. હું જાણું છું પણ તારાં દર્શન લાભદાયી છે એ ચોક્કસ! ચાલ, આવે છે ગંગાતટે?' મેં એને પૂછ્યું.

'નહિ, કર્ણ, હવનનો સમય થઈ ગયો છે. મારે જવું જોઈએ. આ સમિધ સમયસર પહોંચાડવાં જ જોઈએ.' હાથમાંની સમિધની નાની ગઠડી ઊંચી કરતાં બોલ્યો.

'ઓહ! એમ વાત છે! તો ચાલ પહેલાં સમિધ યુદ્ધશાળામાં પહોંચાડીએ. પછી ગંગાતટે જઈએ. ચાલ, બેસી જા રથમાં.' મેં એને આગ્રહ કર્યો. એણે મારું માન રાખ્યું. એ રથમાં ચડ્યો. અમે યુદ્ધશાળા તરફ ઊપડ્યા. પક્ષીઓ કિલકિલાટ કરતાં હતાં. રથના ચક્રની જેમ મારા મનમાં સ્મૃતિઓ ચકરાવા લાગી. મારે જાત અનુભવ છે કે ગતિ અને સ્મૃતિ વચ્ચે કોઈ ગૂઢ સંબંધ છે! નહિતર ગતિમાન વાહનમાં સ્મૃતિની આટલી બધી ભીડ કેમ મચી જાય? મને અધિરથ પિતા યાદ આવ્યા. આથી મેં અશ્વત્થામાને પૂછ્યું, 'ગુરુપુત્ર, પિતા-પુત્રના સંબંધ વિશે તારો શો અભિપ્રાય છે? સ્પષ્ટ જણાવજે.'

એણે સહજભાવે કહ્યું, 'સૂર્યનું પ્રતિબિંબ નદીના પાણીમાં પડે છે, તે જ રીતે પિતાનું પુત્ર પર! જીવન અનંત છે. પુત્ર રૂપે જ જાણે પિતા ફરી જન્મ લે છે. જન્મદાતાનો આ અખંડ યજ્ઞ વિશ્વની ઉત્પત્તિ થઈ ત્યારથી અતૂટપણે ચાલી રહ્યો છે!'

'એમ! તારો શો અનુભવ છે?'

'મારો? કર્ણ, મને એનો સાક્ષાત્ અનુભવ છે! પણ મેં એ કોઈને જણાવ્યો નથી.

આજ સુધી મને કોઈ યોગ્ય વ્યક્તિ મળી નથી પણ આજે હું તને જણાવીશ.'

'જો એમ જ હોય તો મને જણાવ. તારો એ સાક્ષાત્ અનુભવ!'

કોઈ મહત્ત્વપૂર્ણ અને ગુપ્ત વાત કહેવાની હોય એમ ધીમા અવાજે એણે કહ્યું, 'મારા પિતાએ કૌરવ-પાંડવોને બધી યુદ્ધવિદ્યા શીખવી છે એ તો તું જાણે છે; છતાં તેઓના હાથમાં વિદ્યા પૂર્ણપણે ન આવી જાય એની એમણે પૂરેપૂરી સાવધાની પણ રાખી છે. ધનુર્ધર તરીકે જાણીતા અર્જુનને પણ એમણે કેટલાય દિવસ સુધી અંધારામાં રાખ્યો હતો. શા માટે? સાંભળ. અર્જુનને એક સાંકડા મોઢાનું જળપાત્ર આપી મારા પિતા એને રોજ પાણી લાવવા ગંગાનદીએ મોકલતા. સૌની પાસે તેઓ કામ કરાવતા. કેવળ મને જ તેઓ પહોળા મોઢાનું જળમાત્ર આપતા. આથી હું જલદીથી પાણી ભરીને યુદ્ધશાળામાં વહેલો પહોંચી જતો. પાંડવો અને કૌરવો આવે તે પહેલાં તેઓ મને એક મહાન નારાયણાસ્ત્ર શીખવતા!'

'એટલે કે તું નારાયણાસ્ત્ર જાણે છે?'

'હા. પછીથી અર્જુનને આ વાતની ખબર પડી ગઈ. પિતાની આ યુક્તિ જાણી એણે હઠ લીધી અને એમની પાસેથી નારાયણાસ્ત્ર મેળવી લીધું. અમારા બે સિવાય આ શસ્ત્રનું જ્ઞાન કોઈને નથી.'

'આના પરથી પિતાપુત્રના સંબંધ વિશે તેં શું નિષ્કર્ષ કાઢ્યો, અશ્વત્થામા?' આખરે મેં મારો મૂળ પ્રશ્ન એને યાદ કરાવ્યો.

'એ જ કે પિતા પુત્ર માટે ગમે તે કરી શકે છે! પ્રસંગ આવે જૂઠું પણ બોલે અને વર્તે પણ!'

'અમે બંનેએ નારાયણાસ્ત્ર વિદ્યા મેળવી છે છતાં ધનુર્વિદ્યામાં તેં જે નિપુણતા પ્રાપ્ત કરી છે એ હજી અમે પણ પ્રાપ્ત કરી શક્યા નથી. સાચે જ, કર્ણ, તને આ વિદ્યા કોણે શીખવી છે?' એણે મને વળતો પ્રશ્ન પૂછ્યો.

'મારા પિતાએ જ વળી! અશ્વત્થામા, હું એક સૂતપુત્ર! એના સિવાય અન્ય મને કોણ શીખવે? કેવી રીતે શીખવે? પિતા પુત્ર માટે ગમે તે કરી શકે ને? તો સમજી લે, મારા અધિરથી પિતાએ મને શીખવી છે.'

'ધન્ય છે તારા પિતાને, કર્ણ!' એણે મારા ખભે હાથ મૂકતાં કહ્યું.

એટલામાં પૂર્વ દિશામાં પ્રકાશ પથરાઈ ગયો. અંધકારનો પટ ચીરીને સૂર્યદેવ ઉપર આવ્યા. વાત કરતાં કરતાં અમે યુદ્ધશાળામાં પહોંચ્યા. એક ઋષિકુમારના હાથમાં અશ્વત્થામાએ સમિધ આપ્યાં અને અમે તરત ત્યાંથી પાછા વળ્યા. ઘણા દિવસો પછી આજે હું અશ્વત્થામા સાથે ગંગાતટે જઈ રહ્યો હતો. રોજ હું એકલો જતો. આજે અમે બે હતા. મારા મગજમાં નારાયણાસ્ત્ર ઘૂમતું હતું! થોડી વારમાં અમે ગંગાકાંઠે પહોંચ્યા. નિત્યકર્મ માટે થોડું મોડું થઈ ગયું હતું. રોજ હું સૂર્યોદય પહેલાં જ કમરબૂડ પાણીમાં ઊભો રહેતો. આજે સૂર્યોદય થયો તોપણ હું પાણીની બહાર હતો. મેં તરત રથમાંથી કૂદકો માર્યો. અશ્વત્થામા નીચે ઊતર્યો. સવારના પહોરમાં સ્મિત કરતાં સોનેરી કિરણોએ સામ્રાજ્ય પાથર્યું હતું. સૂર્યકિરણને જોઉં ત્યારે મને એમના નિરાકાર સ્વરૂપ વિશે હંમેશાં ખેદ થતો. એ સાકાર હોત તો મેં એને મારામાં સમાવી લીધાં હોત! એને સુગંધ હોત તો મેં એને મનભરીને માણી હોત! એ કિરણોને વાચા હોત તો મેં એની સાથે કલાકો સુધી ગપ્પાં માર્યાં હોત! તોપણ હું ધરાત

નહિ! મને આવી લાગણી કેમ થાય છે તે હું કહી શકતો નહોતો, પરંતુ આવી લાગણી થતી હતી એ ચોક્કસ છે.

'કર્ણ, મેં તને થોડી વાર પહેલાં કહ્યું હતું ને કે જીવન અનંત છે. મને અહીં ગંગાકિનારે એની તીવ્ર અનુભૂતિ થઈ રહી છે.'

અશ્વત્થામાએ નીચે ઊતરતાં મને કહ્યું.

'કેવી રીતે?' સોનેરી કિરણોથી ચમકતાં એના મુખ તરફ જોઈને મેં એને પૂછ્યું. સોનેરી કિરણોનું પ્રતિબિંબ એના મોં પર પડતું હતું. એનાથી એની તેજસ્વી કાળી આંખો અનેરા તેજથી ચમકતી હતી.

'આમ જો. સામે કિનારે હરિયાળાં ઘાસ પર ઝાકળબિંદુ કેવાં ચમકી રહ્યાં છે!' એ તરફ આંગળીથી સંકેત કરતાં તેણે કહ્યું.

'હા.' મેં જવાબ દીધો. 'કાલે રાતે અહીં શંકરપાર્વતી આવ્યાં હશે! તેઓ સંતાકૂકડી રમ્યાં હશે અને રમતાં રમતાં પાર્વતીના ગળામાંની મોતીની માળા તૂટી ગઈ હશે! રમ્યા પછી બહુવારે પાર્વતીનું એના પર ધ્યાન ગયું હશે. 'જુઓ. તમારી કાયમની આ ખેંચાખેંચી' એવી શંકર સાથે મીઠી તકરાર કરી હશે! અને લડવાડમાં સવાર પડી ગઈ હશે. પાછા જવાની ઉતાવળમાં હાથ લાગ્યાં એટલાં મોતી જેમતેમ ભેગાં કરી પ્હો ફાટે એ પહેલાં પતિના હાથમાં હાથ પરોવી તેઓ કૈલાસ પર્વત પર જવા નીકળી ગયાં હશે. બાકી રહેલા આ મોતી અત્યારે ચળકી રહ્યાં છે. સવારના પહોરમાં આ ઝાકળબિંદુ શંકર-પાર્વતીનાં રહસ્યને સોનેરી કિરણો સમક્ષ હસતાં હસતાં ખુલ્લું કરી રહ્યાં છે.' હું મારી કલ્પના પર ખુશ થઈ એની સામે જોવા લાગ્યો.

'નહિ, કર્ણ, તું ભૂલે છે. શંકર-પાર્વતી કૈલાસ છોડી અહીં શું કામ આવે? અને આ રંક પતિની સાથે દામ્પત્ય જીવન જીવતી બિચારી પાર્વતી – આભૂષણ રહિત પાર્વતી પાસે મોતીની માળા ક્યાંથી હોય?' પેલાં ચમકતાં ઝાકળબિંદુ તરફ એકીટશે જોતાં એ શાંતભાવે બોલ્યો.

'તો તું જ કહેને ઝાકળબિંદુ શું છે?'

'કર્ણ, ઝાકળબિંદુ એ માનવજીવનનું ઉત્કૃષ્ટ પ્રતીક છે! અરે! ઝાકળબિંદુ જ નહિ, વિધાતાએ નિસર્ગની પ્રત્યેક વસ્તુનું નિર્માણ માનવઘડતર માટે કર્યું છે! માનવે ફક્ત ઉઘાડી આંખે એને જોવાની જરૂર છે. મન સ્વચ્છ હોવું જોઈએ ત્યારે જ સંસાર એ વિધાતાની ભવ્ય અને અખંડ પાઠશાળા છે. એનું એને જ્ઞાન થશે અને વિશ્વની ઉત્પત્તિનું સાચું રહસ્ય જાણવા માટે તલપાપડ એવો એ જિજ્ઞાસુ શિષ્ય થશે.'

'અશ્વત્થામા, પહેલાં તું માનવજીવનને શ્રીફળ જેવું કહેતો હતો. એ વાત હજી પણ હું ભૂલ્યો નથી અને આજે તું કહે છે કે ઝાકળબિંદુ એ માનવજીવનનું પ્રતીક છે! કઈ રીતે? મને વિગતે સમજાવીશ?'

'આમ જો. કર્ણ, આ ઝાકળબિંદુ ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે એની કોઈને ખબર છે? માનવીનું પણ તેમ જ છે. એ ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે એ કોણ જાણે છે? એથીય આગળ વધીને કહું કે–

'આ ઝાકળબિંદુ કોઈનો પ્રકાશ લઈને ચમકે છે ત્યારે એવું લાગે છે કે જાણે પ્રત્યેક

ઝાકળબિંદુ એક નાનકડો સ્વતંત્ર સૂર્ય જ છે! આ ચમકતાં ઝાકળબિંદુ પવનની જેમ મંદ મંદ ડોલે છે. એની પાસે રહેલાં પ્રકાશકિરણો પોતાનામાંથી બહાર ફેંકે છે. આ દશ્ય જોનારને આનંદનો અનુભવ થાય છે, પરંતુ પવન સહેજ જોરમાં વાય કે આ પ્રસન્ન ઝાકળબિંદુ અસંખ્ય જળબિંદુ બનીને નીચે માટીમાં વિખરાઈ જાય છે. ચૂપચાપ – આક્રોશ કર્યા વિના.'

'માનવીનું પણ એમ જ છે. એક પરમાત્માનાં અસંખ્ય રૂપ લઈને ફરનારો આ જીવ! એમાંના કેટલાક જીવ એવાં દિવ્ય હોય છે કે સાક્ષાત્ પરમાત્મા જ જોઈ લો! એ સૌ પોતાનું જીવન જીવે છે. પુરુષાર્થનાં કિરણોથી જગતને ઉજાળે છે. સુખની ક્ષણે આનંદથી ડોલી ઊઠે છે અને મૃત્યુનો પગરવ સંભળાય કે તરત ચૂપચાપ તેને આધીન થઈ જાય છે. પેઢી દર પેઢીથી આમ ચાલ્યા કરે છે! આગલે દિવસે વિખરાઈ ગયેલું ઝાકળબિંદુ બીજે દિવસે સવારે તૃણપાન પર ફરી તૈયાર! એવી જ રીતે પેઢી દર પેઢીથી મૃત્યુ પામેલ માનવ ફરી નવી પેઢી રૂપે તૈયાર જ! જીવન અનંત છે! એમ હું રોજ શા માટે કહું છું એ હવે તને સમજાય છે?'

'અશ્વત્થામા, તારું કહેવું સાચું છે પણ જ્યારે લોકોનું જીવન જોઈએ છીએ ત્યારે તે ઝાકળના બિંદુ જેવું નથી લાગતું. કેટલાયને સુખના હિંડોળે ઝૂલવાનું સૌભાગ્ય મળતું નથી! એ ક્યારેય કોઈ વીર કર્ણ જ કરી શકતો નથી! એ મૃતઃપ્રાય જીવન જીવે છે! એવાઓને તું ક્યાં સ્થાન આપીશ? જીવનને ઝાકળના બિંદુની ઉપમા આપી તેં તારી સૌંદર્યદષ્ટિ દાખવી પણ જીવન માનીએ છીએ એટલું સરળ પણ નથી ને સહજ સુંદર પણ નથી!'

'નહિ, કર્ણ, એ લોકો પણ ઝાકળના બિંદુ જેવા જ છે! માત્ર એ ઝાકળબિંદુ તૃણપાનની અવળી બાજુએ ચીટકેલાં છે! સૂર્યનાં કિરણો ત્યાં સુધી પહોંચી શકતાં નથી. એને પ્રકાશ મળ્યો નથી! અજ્ઞાનરૂપી ઘેરા અંધકારના આવરણ નીચે છુપાયેલાં છે આ ઝાકળબિંદુ! અને જગતમાં અજ્ઞાન જેટલું મૃત્યુ પણ ક્રૂર નથી હોતું!'

'તો પછી આ ઝાકળબિંદુને પ્રકાશ ક્યારે મળશે? આવા લોકોનું જીવન એ ક્યારે ઉજાળશે? પરાક્રમનાં ઉત્તુંગ શિખર પર તેઓ ક્યારે પહોંચશે?'

'મૃત્યુને આંગણે! જે અજ્ઞાનમાં જ અટવાતા રહે એને માટે મૃત્યુ સિવાય નિષ્પક્ષપાતી અને સત્યપ્રિય ગુરુ કોઈ નથી, એને માટે મુક્તિનો આ સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી!'

'તેથી શું આપણે બને તેટલી વહેલી તકે આત્મહત્યા કરી નાખવી જોઈએ? એ તારો અભિપ્રાય છે!'

'નહિ. જીવન-મૃત્યુ પર આપણો કોઈ જ અધિકાર નથી! આત્મહત્યા એ ભાવાવેશમાં આત્મા પર કરેલો ઘોર અત્યાચાર!'

'એ સિવાય લોકો કરે પણ શું? શું મૃતઃપ્રાય જીવન જીવે અને એવું જીવન જીવીને સુખી હોવાનો ડોળ કરે?'

'ના! એવાઓએ સહનશીલ ધરતીનો દાખલો લેવો જોઈએ. એની જેમ અસંખ્ય આઘાતો સહન કરવાની શક્તિ કેળવવી જોઈએ. શારીરિક, આર્થિક કે લૌકિક નહિ પણ આત્મિક! ત્યાર પછી જ યોગ્ય કાળે અનંતમાં વિલીન થઈ જવું જોઈએ. આત્મામાં વિલીન થવા માટેની અનુભૂતિને સમૃદ્ધ કરતા જવી, કારણ સૌએ યાદ રાખવું ઘટે કે કાળ અખંડ છે. જીવન માગ્યું મળતું નથી. જીવન એ અનંતથી અનંત ભણીની યાત્રા છે!'

હું ભાવવિભોર ભાવે એને નીરખી રહ્યો. એની આંખોમાં જ્ઞાનનું તેજ ચમકતું હતું છતાં પ્રકૃતિએ શાંત દેખાતો હતો.

સૂર્યને અર્ઘ્ય આપવામાં આજે મોડું થઈ ગયું એનું મને ભાન રહ્યું નહિ. એના ખભે હાથ મૂકીને હું હળવેકથી બોલ્યો, 'મિત્ર, મારું મન ક્યારેક વિરોધી વિચારોથી મૂંઝાઈ જાય છે. એક પણ વૈચારિક ભૂમિકા પર હું સ્થિર થઈ શકતો નથી! હું કોણ છું એ હું ક્યારેય સ્પષ્ટપણે જાણી શક્યો નથી! મારા મનમાં પરસ્પર વિરોધી વિચારોનું તુમુલ યુદ્ધ શા માટે? સંઘર્ષ શા માટે? આ દ્વૈત ક્યારેય અદ્વૈતમાં પરિણમશે? ભીતરનો અને બહારનો કર્ણ એક ક્યારે થશે? એક કર્ણ! સૌનો મોહક કર્ણ! આત્મતેજથી ચમકતો કર્ણ! પોતાના વાસ્તવિક સ્વરૂપને સારી રીતે ઓળખી જનારો કર્ણ!'

મારી સામે અતિ સ્નેહાળ દૃષ્ટિથી જોતાં, મને બોલતો અટકાવીને તેણે કહ્યું, 'કર્ણ, તારા કાનનાં જન્મજાત કુંડળ જોતાં તું કોઈ તેજસ્વી અને અતિ પ્રાચીન પરંપરાના કુળનો હોવો જોઈએ એમ લાગે છે. છતાં પરંપરાનાં આવાં શુષ્ક ગાણાં ગાવાનું છોડી દે. વર્તમાન ભણી ધ્યાન દે! એમાંથી મારું ભાવિ શું ઘડાવાનું એવી લઘુતાગ્રંથિ છોડી દે. એ બીકમાં ને બીકમાં તારા હાથમાં આવેલા વર્તમાનને પગ નીચે કચડી નહિ નાખ. જીવન અનંત છે એવું જ્ઞાન જેને પ્રાપ્ત થાય છે એ કદી નિરાશ થતો નથી. એ ક્યારેય આત્મવિશ્વાસ ગુમાવતો નથી. એ નાદાન અને કાયર મનુષ્યોનું ક્યારેય અનુકરણ કરતો નથી. એ સસ્તા મનોરંજનમાં ફસાતો નથી અને ફસાય તો એ ગમે તેટલી શક્તિશાળી હોય, શ્રેષ્ઠ હોય અને ઉચ્ચકુળ પરંપરાનો હોય તોપણ એનું જીવન ધૂળમાં જ મળી જવાનું! એની શ્રેષ્ઠ ગણાતી પરંપરાના અવશેષ પણ નહિ રહે! જગતના તમામ લોકો એને નાદાન, આત્મવંચિત અને કાયર તરીકે જ જોવાના! એની કથા ક્યારેય લખાવાની નહિ અને લખાશે તો વંચાશે નહિ! એટલે જ કર્ણ, ફરીફરીને તને કહી રહ્યો છું કે હજી પણ તું આંતરસંઘર્ષ અનુભવતો હો તો તત્કાળ એમાંથી બહાર આવી જા! તારી જાતને ઓળખવાનો પ્રયત્ન કર! મને ખાતરી છે કે તું જ જગતને દિવ્યતાનો માર્ગ બતાવી શકીશ! તારો અંતર્દ્વન્દ્વ મટી જશે ત્યારે આખું જગત અક્ષરશઃ તારે ચરણે આળોટશે એટલો તું મહાન થઈશ!' એની આંખો અત્યંત શાંત અને નિશ્ચલ હતી. કોઈ અજ્ઞાત અને અપૂર્વ તેજ એના ગૌર ચહેરા પર અવિરત વરસી રહ્યું હતું. એની વાણી કોઈ ગૂઢ અને શાશ્વત સત્યની પ્રતીતિ કરાવતી હતી.

એનાં નિઃસ્વાર્થ અને સ્પષ્ટ માર્ગદર્શનને કારણે એના પ્રત્યે મને અત્યંત આદર થયો. જગતમાં આપણાં વખાણ કરનારા ઘણા હોય પણ દોષ દેખાડનારા ઓછા! સાચી સલાહ દેનારા તો જૂજ જ! એના કેટલાક શબ્દો મારા કાનમાં ગુંજવા લાગ્યા. 'તારી પરંપરા તેજસ્વી છે! વર્તમાન ભણી જો... ભાવિ વિશેની લઘુતાગ્રંથિ છોડી દે... જગતને દિવ્ય સંદેશ!'

એનો હાથ મારા હાથમાં લઈ મેં કહ્યું, 'અશ્વત્થામા, આજ સુધી મેં કોઈને જણાવ્યું નથી તે કેવળ તને આજે જણાવું છું. મારા ગુરુ બીજા કોઈ નથી. મેં ધનુર્વિદ્યા પ્રાપ્ત કરવા સાક્ષાત્ સૂર્યદેવને ગુરુ કર્યા છે! એની પાસેથી મને રોજ દિવ્ય સંદેશ મળતો રહે છે. તેઓ મને સારી રીતે ઓળખે છે, પણ મુશ્કેલી એ છે કે અમારા બેની વચ્ચે મૌનની ભાષા છે. જ્યારે મારાથી અસંભવ પરાક્રમ થાય છે ત્યારે મારા ગુરુના આદેશથી જ થાય છે.' મેં આકાશ તરફ સંકેત કરતાં કહ્યું.

અમે બંનેએ એ તેજોનિધિને નમસ્કાર કર્યા. મારા કાનમાં અશ્વત્થામાના કેટલાક શબ્દો હજી પણ પડઘાતા હતા. 'કાળ અનંત છે! જીવન અનંત છે!...'

આ પહેલાં અનેક વાર હોઠે આવેલો પ્રશ્ન હું ગળી ગયો હતો, પરંતુ આજે મેં એને પૂછવાનું નક્કી કર્યું. તે રોજ પોતાના માથા પર શ્વેતવસ્ત્રની પટ્ટી બાંધી એની ગાંઠ દાઢી નીચે બાંધતો! એના માથામાં કોઈ ઘા વાગ્યો હશે? મને વારંવાર શંકા થતી. આખરે અર્ઘ્ય અર્પણ કર્યા પછી પાછા ફરતાં મેં એને પૂછ્યું, 'અશ્વત્થામા, તું રોજ માથે પટ્ટી કેમ બાંધે છે? સૂર્યકિરણોની ગરમી ન લાગે એટલે?'

'ના રે ના. ગંગાનું પાણી અને સૂર્યકિરણ એ બે પ્રત્યે તો મને અદ્ભુત આકર્ષણ છે. હું માથા પર પટ્ટી શા માટે બાંધું છું એનું રહસ્ય આજે નહિ પણ સમય આવે ત્યારે તને અવશ્ય કહીશ. માત્ર તને જ કહીશ.'

અગિયાર

નદીએથી હું રાજમહેલમાં આવ્યો. અશ્વત્થામા યુદ્ધશાળામાં જવા નીકળ્યો. મહેલમાં દાખલ થતાં જ મને એક અગત્યનાં સમાચાર મળ્યાં. મથુરાના યાદવ રાજા... કંસનો એના સગા ભાણેજ શ્રીકૃષ્ણે વધ કર્યો. કંસ અતિશય અન્યાયી હતો. એણે શ્રીકૃષ્ણના સાત કુમળા ભાઈઓને શિલા પર પટકી પટકીને મારી નાખ્યા હતા. ખરે જ સ્વાર્થી માણસ સદ્યઃપ્રસૂતા વાઘણ જેવા નિર્દય હોય છે! એ વાઘણ પેટમાં લાગેલી ભૂખની આગને શમાવવા પોતાનાં જ તાજાં જન્મેલાં બચ્ચાંને ખાઈ જઈને ભૂખ શમાવે છે. સ્વાર્થી માણસની આ જ ખાસિયત હોય છે. પોતાના સ્વાર્થને ખાતર ગમે તેનો ભોગ લઈ લે. પછી એ પોતાના – પરાયા જુએ નહિ. કંસ પણ આવો જ સ્વાર્થી હતો. એણે કરેલા અન્યાયનું સવિસ્તર વર્ણન દૂત રોજ રાજમહેલમાં કરતો. અમે રોજ સાંભળવા બેસી જતા. એણે પોતાના કુમળા ભાણેજોના માખણ સમા સુંવાળા શિરને શિલા પર પટકીને છૂંદી નાખ્યાં હતાં. એની રાક્ષસીવૃત્તિ પરાકાષ્ઠાએ પહોંચી હતી. એના અન્યાયી અને ઉન્મત્ત વર્તનથી મથુરાની પ્રજા ગળે આવી ગઈ હતી. આખરે શ્રીકૃષ્ણે કંસનો વધ કર્યો. પોતાના મામાને છાતી પર મુષ્ટિપ્રહાર કરીને મરણને શરણ કર્યા! અન્યાયનો આખરી અંજામ આથી બીજો કયો હોય! પોતાના સગા ભાઈઓ કીર્તિમાન, સુષેણ, ભદ્રસેન, ઋજૂ, સંમર્દન અને ભદ્રના વધનો શ્રીકૃષ્ણે અંતે ન્યાયનિષ્ઠુર બદલો લીધો!

શ્રીકૃષ્ણ વિશે મેં ઘણા લોકો પાસેથી જાતજાતનું સાંભળ્યું હતું. કોઈ એને વ્યંગમાં ગોવાળિયો કહેતા. કોઈ એને રાધા ગોવાલણીના સખા કહેતા. કોઈ એને દરિદ્ર સુદામાનો પ્રાણપ્યારો મિત્ર ગણતા તો કેટલાક એને ફક્ત મોરલીવાળો કહેતા! હજી સુધી એને જોવાનો મોકો મને મળ્યો નહોતો. એને જોવાની મને તીવ્ર ઇચ્છા હતી. પાંડવો એમના ફઈના દીકરા ભાઈઓ થાય. એથી એમને મળવા એ ક્યારેક હસ્તિનાપુર આવશે જ! એમને મળ્યા પછી અને એમની સાથે બે-ચાર વાતો કર્યા પછી જ એમને વિશે અભિપ્રાય બાંધી શકીશ. દરેક રીતે એમનું સ્વરૂપ નિરાળું છે, પરંતુ મને તો તેઓ યદુકુળના સમર્થ, શક્તિશાળી, આદર્શ રાજા લાગે છે. અન્યાય પ્રત્યે ચીડ ધરાવનારા, સમાજને અન્યાયની ચુંગાલમાંથી છોડાવનારા, સર્વ સામાન્ય શ્રમજીવી પ્રજામાં હળીભળી જનારા, પોતાના

અત્યાચારી મામાનો ચપટીમાં વધ કરી રાજ્યનો લોભ ન રાખતા પિતા ઉગ્રસેનને રાજસિંહાસન પર બેસાડનારા!

આવા ત્યાગી વીરને પ્રજા પણ ચાહે! કેમકે ઉગ્રસેન રાજા હોવા છતાં લૌકિક દૃષ્ટિએ મથુરાની સંકટગ્રસ્ત પ્રજાએ પોતાના રાજ્યનો રાજદંડ શ્રીકૃષ્ણના હાથમાં જ સોંપ્યો હતો! મથુરાનું નાનું સરખું પાંદડું પણ શ્રીકૃષ્ણની મરજી સિવાય હલી શકતું નહોતું.

બાર

શ્રીકૃષ્ણના વિજયનાં સમાચારથી હસ્તિનાપુરમાં આનંદોલ્લાસ પ્રસરી ગયાં. આખા નગરમાં ચોરેચૌટે સૌ શ્રીકૃષ્ણની પરાક્રમગાથા ગાઈ રહ્યાં હતાં. નગરજનોએ આંગણે તોરણ બાંધ્યાં. મહારાજ ધૃતરાષ્ટ્રે તાત્કાલીક રાજસભા બોલાવી. રાજમહેલના અમાત્ય વૃષવર્માએ તમામ સન્માન્ય જનોને આમંત્રણ પાઠવ્યાં. અંગરાજ થયા પછી મારે માટે આ પહેલી જ રાજસભા હતી. સભામાં યાદવરાજ શ્રીકૃષ્ણ કુરુવંશનાં રાજમાતા કુંતીદેવીનાં સગાં હોઈ એમને ભેટ મોકલી સંબંધો ઘનિષ્ઠ કરવા અંગે સર્વાનુમતે નિર્ણય લેવાનો હતો. આ પ્રસંગે સૌને પોતાની શુભેચ્છાઓ પ્રગટ કરવી હતી. મથુરાના યાદવોનું રાજ્ય એક સમર્થસંપન્ન રાજ્ય તો હતું જ, પણ એ હસ્તિનાપુરનું સૌથી નિકટનું રાજ્ય હતું, તેથી રાજકીય દૃષ્ટિએ મૈત્રીસંબંધો દૂરંદેશી ગણાય.

રાજમહેલમાં નગારાં વાગ્યાં. કુરુઓનો રેશમી ભગવો રાષ્ટ્રધ્વજ શ્વેત રાજમહેલના શિખર પર ગર્વથી ફરકતો હતો. એનો ચંચળ ફડફડાટ જાણે હસ્તિનાપુરના રાજમહેલ પરથી મથુરા વાયુવેગે સડસડાટ પહોંચી જઈ યાદવોને અભિનંદન આપતો હતો, 'તમારા નવા રાજ્યનું અમે સ્વાગત કરીએ છીએ!'

સભાગૃહનો કક્ષ આમંત્રિતો અને સન્માન્ય વ્યક્તિઓથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. સભાગૃહના મધ્યભાગમાં પૂર્વ દિશાભિમુખે નવ-દસ હાથ ઊંચું ભવ્ય રાજસિંહાસન મસ્ત હાથીની જેમ શોભતું હતું. કેટલું પ્રાચીન! એ સિંહાસન પર કોણ બેસનાર હતું? આ સિંહાસન પર સૌ પ્રથમ બેસનાર પરાક્રમી રાજા કોણ હશે? વિવસ્વાન કે એની પહેલાં કોઈ? આ રાજસિંહાસનનો આખો ઇતિહાસ કોણ જાણતું હશે? સંપૂર્ણ સુવર્ણથી મઢેલા આ સિંહાસનને શોભાવનાર શક્તિશાળી રાજા કાળના ઉદરમાં સમાઈ ગયા હતા તોપણ આ સિંહાસન પર પ્રત્યેક રાજાના કાર્યની ઊંડી અને સ્પષ્ટ છાપ અંકિત થયેલી હતી. એના ઉન્નત શૌર્યના જીવંત સાક્ષી સમું આ સિંહાસન હતું. સિંહાસનના હાથા પર ખુલ્લું મોં કરીને બેઠેલા સિંહની આકૃતિ કંડારેલી હતી. પાછળની બેઠક ખાસ્સી છ-સાત હાથ જેટલી ઊંચી હતી. આખા સિંહાસન પર જાસવંતી ફૂલની કેસરી ડાંડી જેવું સુંદર મરોડદાર નકશીકામ કોરતેલું હતું. એ સિંહાસન કુરુઓનું અને એ પૂર્વેના સૂર્યવંશીઓનું પ્રતિષ્ઠાસ્થાન હતું. આ પ્રતિષ્ઠાના રક્ષણ કાજે હજારો શૂરવીર સૈનિકોએ આર્યાવર્તને ખૂણે ખૂણે ઉષ્ણ લોહીની નદીઓ પાણીની જેમ વહાવી દીધી હતી. આર્યાવર્તમાં સૌ રાજાઓ રાજસિંહાસન સામે શિર ઝુકાવીને શ્રદ્ધા અને વિનમ્રતાથી પરાક્રમની પૂજા કરી રહ્યા હતા. કેટલાય શૂરવીર રાજાઓએ પોતાના દમામદાર હૃષ્ટપુષ્ટ શરીરથી આ સિંહાસન શોભાવ્યું હતું! વિવસ્વાન, મનુ, પુરુરવા, નહુષ, યયાતી, પુરુ, અહંયાતી, દેવાતિથી, અંત્યનાર, ઈલીલ,

દુષ્યન્ત, ભરત, સુહોત્ર, હસ્તી, અજમીઢ, સંવિરણ, કુરુ, અનશ્વન, પરિશ્રવસ અને વિખ્યાત શાંતનુ! એક એકથી ચડિયાતા તેજસ્વી રાજાઓની આ પરંપરા હતી. આ તમામ રાજાઓ તેજનાં સ્ફુલિંગ સમા હતા. મહારાજ નહુષે તો ઇન્દ્ર સુધ્ધાંને હરાવી એને સૂર્યવંશના આ રાજસિંહાસન સામે શિર ઝુકાવવા લાચાર કર્યા હતા. આ રાજસિંહાસન પાસે ભલભલાનું શિર આપોઆપ ઝૂકી જતું. સૂર્યવંશના શૂરવીર રાજાઓનું આ સિંહાસન જીવંત શિલાલેખ હતો? ના. એ તો સુવર્ણલેખ હતો!

આ સભાગૃહ જાણે વસંતનો વૈભવ! અને કેમ ન હોય? વૈભવ શૂરવીર રાજાનો સેવક બનીને એને અનુસરી રહ્યો હતો. સિંહાસનની પાછળની બાજુએ પૂર્વાભિમુખે સૂર્યવંશના પ્રતિષ્ઠા ચિહ્ન સહિત સૂર્યદેવની – નીલા રંગની ભીંત પર થાળી જેવડી ગોળાકાર સુવર્ણપ્રતિમા હતી. એ પ્રતિમાની દશે દિશામાં કિરણો સમી દેખાતી, નીલરંગી ભીંતના પૃષ્ઠભાગ પર જુદી તરી આવતી સોનેરી પટ્ટી હતી. સાક્ષાત્ સૂર્યદેવ જ આકાશમાંથી ઊતરીને સિંહાસનને ટેકો દેવા જાણે ભીંત પર સ્થિર થઈ ગયા હોય તેવો ભાસ ચકચકિત પ્રતિમાને જોઈને થતો હતો. અન્ય આસનોની સરખામણીમાં આ સિંહાસન ઉચ્ચ સ્થાને હતું. એની બે બાજુ મહારાણી, રાજગુરુ, પિતામહ, સેનાપતિ, પુરોહિત અને અમાત્યનાં આસનો હતાં. રાજસિંહાસનની સામે બંને બાજુએ પણ અનેક આસનો હતાં. એના પર આજુબાજુના દેશોના આમંત્રિત રાજાઓ અને હસ્તિનાપુરના યોદ્ધાઓ બેઠા હતા. સભાગૃહના આરસના થાંભલા પર નકશીદાર વેલબુટ્ટા તેમ જ વિવિધ ભાવમુદ્રાઓ કંડારવામાં આવી હતી. શ્વેત આરસની ભૂમિ પર ગાંધાર અને કંબોજ દેશના સુંવાળા રેશમી ગાલીચા પાથરવામાં આવ્યા હતા. પવનની અવરજવર માટે સામસામે ભવ્ય ગવાક્ષો હતા. રાજસ્ત્રીઓને બેસવા માટે એક સ્વતંત્ર અટારી બનાવવામાં આવી હતી. હંમેશની જેમ ઝગમગતા જરિયાન પડદાની આડશથી અટારી શોભતી હતી. ભલભલો અહંકારી માણસ પણ સભાગૃહના આ વિસ્મયકારી રાજસિંહાસનને જોઈ ઝૂકી જતો. સભાગૃહ ભરાઈ ગયો. અશ્વપાલ, કોશપાલ, સેનાપતિ વગેરે યથાસ્થાને બેઠા. હું, દુર્યોધન અને શોણ એકસાથે સભાગૃહમાં પ્રવેશ્યા. દુર્યોધનના બધા ભાઈઓ ઉપસ્થિત હતા. યુધિષ્ઠિર સહિત પાંડવો પણ હાજર હતા. રાજગુરુના આસન પર દ્રોણ બિરાજમાન હતા. એમની બાજુમાં શકુનિમામા હતા. યુવરાજોની મધ્યમાં અશ્વત્થામાએ આસન ગ્રહણ કર્યું હતું. સભાગૃહમાં ચારેબાજુ વાતોનો ગણગણાટ ચાલુ હતો. અમે ત્રણેય પોતપોતાનાં આસને બેઠા. ફક્ત મહારાજ ધૃતરાષ્ટ્ર, રાજમાતા ગાંધારીદેવી, ભીષ્મ પિતામહ અને ગુરુદેવ વિદુર – એમનાં ચાર આસન ખાલી હતાં. એકાદ ખૂણેથી સળગતી અગરબત્તીની સુગંધી લહરે વાતાવરણને તરબતર કરી મૂક્યું હતું. સભાગૃહ આમંત્રિતોથી ખીચોખીચ હતો. અશ્વત્થામા અવારનવાર મારી સામે જોઈ મરકમરક હસી લેતો હતો. મને આ સભાગૃહમાં બે વસ્તુ વધુ આકર્ષક લાગી. એક અશ્વત્થામાની સ્વચ્છ પ્રફુલ્લ મુખમુદ્રા અને બીજી કુરુવંશની પ્રતિષ્ઠા ચિહ્ન સમી સૂર્યદેવની ચળકતી સુવર્ણ પ્રતિમા! હું એ પ્રતિમાનું એકીટશે દર્શનપાન કરી રહ્યો હતો. જમણા હાથની કોણી મેં આસન પર ટેકવી હતી. હથેળી પર દાઢી ટેકવી એ મોહક દૃશ્યને હું આંખો ભરીને પીતો હતો. એક પળ એમ થયું કે હું ગંગાકિનારે ઊભો છું! ગણગણતા સભાસદો એ ગંગાની લહેરાતી લહેર જ જાણે! હું ભાવવિભોર બનીને એ

પ્રતિમાને જોવા લાગ્યો. એક સુંદર કલ્પના મારા મંનમાં ઊગી. આ સૂર્યવંશના પ્રત્યેક શૂરવીર રાજા આકાશમાં તપી રહેલા અક્ષત, જ્વલંત સૂર્યદેવનું એક એક ગતિમાન તપ્ત કિરણ જ જોઈ લ્યો! એ સૌ રાજાને હું એ પ્રતિમા દેખાડવાનો પ્રયત્ન કરવા લાગ્યો. અભૂતપૂર્વ છતાં પરિચિત લાગતી એની એક એક મુદ્રા મને એ પ્રતિમામાં સ્પષ્ટપણે દેખાવા લાગી. એમની સૌની દેહકાંતિ પીળા સુવર્ણ રંગથી ચમકતી હતી. આવું રમ્ય દિવાસ્વપ્ન મેં કદી જોયું નહોતું. આ રમ્ય સ્વપ્નપ્રદેશ જોઈને હું ચકિત થઈ ગયો. એવામાં બાજુમાં બેઠેલા દુર્યોધને મને જોરથી કોણી મારી. હું ભાવસમાધિમાંથી જાગ્યો! મેં ચમકીને એની સામે જોયું. એણે ભવાં ઉલાળીને સામે બેઠેલા યુધિષ્ઠિર તરફ ઇશારો કર્યો. મેં યુધિષ્ઠિર સામે જોયું. એ એકીટશે મારા પગ સામે જોઈ રહ્યા હતા! મેં તરત જ મારા પગ આસનની પાછળ લઈ લીધા, એટલે એણે મારી સામે દૃષ્ટિ કરી! એના વિશાળ ભાલ પર એક સળ ઊઠી! એટલામાં કોઈએ મોટેથી ઘોષણા કરી, ‘કુરુકુલભૂષણ કૌરવરાજ મહારાજ ધૃતરાષ્ટ્ર...’

મહારાજ ધૃતરાષ્ટ્ર, મહારાણી ગાંધારીદેવી, ભીષ્મ પિતામહ અને ગુરુદેવ સૌ એકસાથે વિશેષ દ્વારેથી સભાગૃહમાં પ્રવેશ્યા. એમનું અભિવાદન કરવા સૌ સભાસદો ઊભા થયા. હું પણ ઊભો થયો. મહારાજાએ રાજદંડ ઊંચો કરી સૌને સ્વસ્થાને બેસવા સંકેત કર્યો. ભીષ્મ પિતામહ અને ગુરુદેવ વિદુરને જોઈ ચારેબાજુ ગંભીરતા છવાઈ ગઈ. અમાત્ય વૃષવર્મા ઊભા થયા અને સભાની શરૂઆત કરી,

‘વંદનીય પિતામહ, કુરુકુલભૂષણ મહારાજ, મહારાણી, આદરણીય ગુરુદેવ દ્રોણ અને વિદુર, રાજમાતા કુંતીદેવી, સુબલરાજ શકુનિમામા, સરસેનાપતિ અને અષ્ટમંત્રીમંડળના મંત્રીજનો, કૌરવશ્રેષ્ઠ યુવરાજ યુધિષ્ઠિર અને દુર્યોધન, અંગરાજ કર્ણ, ગુરુપુત્ર અશ્વત્થામા, ઉપસ્થિત યુવરાજો અને આમંત્રિત નગરજનો, આજે રાજસભા શા માટે બોલાવવામાં આવી છે એ આપ સૌ જાણો છો! યાદવશ્રેષ્ઠ મહારાજ શ્રીકૃષ્ણે પોતાના અત્યાચારી મામાનો વધ કરી મથુરામાં પોતાનું રાજ્ય સ્થાપી દીધું છે. મહારાજ શ્રીકૃષ્ણ અને કૌરવશ્રેષ્ઠ મહારાજ પાંડુનાં સુપત્ની રાજમાતા કુંતીદેવીના ભાઈ યાદવરાજ વસુદેવના સુપુત્ર છે. એ પણ આપણે સૌ જાણીએ છીએ. એમના વિજયથી કુરુઓને મથુરામાં સમર્થન દેનાર એક કર્તવ્યનિષ્ઠ સગાં મળ્યાં છે એ આપણું સદ્ભાગ્ય છે. આપણે સૌ એમના પ્રતિ આનંદ અને શુભેચ્છા વ્યક્ત કરવાં અહીં એકત્રિત થયા છીએ. હવે કૌરવશ્રેષ્ઠ વંદનીય પિતામહ ભીષ્મ યાદવરાજ મહારાજ શ્રીકૃષ્ણ વિશે વિશેષ પ્રકાશ પાડશે.’ બે વાર શિર ઝુકાવી અમાત્ય વૃષવર્મા પોતાના આસને બેઠા.

સૌની આંખો પિતામહ ભીષ્મ તરફ મંડાણી. ગંગાકિનારે ભીષ્મ પિતામહ સાથે થયેલું મારું પ્રથમ મિલન સાંભરી આવ્યું. એ વખતે એમણે મને કહેલું, ‘તારા કાનનાં કુંડળને સાચવજે. જા!’ એના શબ્દો યાદ આવતાં જ મેં કુંડળને તપાસી જોયાં. એ સભાગૃહમાં કોઈના કાનમાં કુંડળ નહોતાં. એ જાણી મને એ વધુ આકર્ષક લાગ્યાં. હું વ્યવસ્થિત બેઠો અને પિતામહ તરફ જોવા લાગ્યો. તેઓ ઊભા થયા અને બોલવાની શરૂઆત કરી. જાણે અક્કડ અને ઊંચું વાચાળ દેવદાર વૃક્ષ જ જોઈ લ્યો! આટલી વૃદ્ધાવસ્થામાં પણ તેઓ ટટ્ટાર ઊભા રહી શકતા હતા. એમનો અવાજ પથ્થર સાથે ટકરાતાં બાણના ફલક જેવો તીક્ષ્ણ અને ખણખણિત હતો. અત્યંત શાંતિથી સમસ્ત સભાગૃહ તરફ પોતાની વૃદ્ધ છતાં વેધક

દૃષ્ટિ ફેરવતાં ધીરગંભીર અવાજે બોલ્યા કે,

'આમંત્રિત નરેશ અને કુરુના શ્રેષ્ઠ વીરજનો, મારું હૃદય અનેકવિધ ભાવોથી મથુરાની યમુના નદીના પૂર સમું ઊભરાઈ રહ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ વિશે હું શું કહું? હું એમને ભગવાન કહું છું એમાં જ તમે સૌ સમજી જાઓ! છતાં આ તરુણ પેઢી સમક્ષ કુરુકુળના એક વૃદ્ધ તરીકે મારે અત્યારે કંઈક કહેવું જોઈએ. એને હું મારું કર્તવ્ય ગણું છું, કેમકે ક્યારેક તમે સૌ સંયમની પાળ ઓળંગી જાઓ છો, તેથી તમારા શૂરવીર હૃદયને ગમે એવી કેટલીક વાતો શ્રીકૃષ્ણ વિશે હું સરળ શબ્દોમાં જણાવીશ. તમે સૌ એકચિત્તે સાંભળો.'

'શ્રીકૃષ્ણ એ સહસ્ર પાંદડીનું શાંતરંગી કમલપુષ્પ છે! એની ગમે તે પાંદડી લો! એનો મૃદુ સ્પર્શ અને શાંત રંગ આપણું મન હરી લેશે. આજે રાજા બનેલા શ્રીકૃષ્ણના, એમના જન્મથી લઈને અનેક સ્વરૂપો મારી આંખ સામે તરવરી રહ્યાં છે. મેં અનેક વાર એમને જોયા છે. એમના જીવનમાં બનેલી ઘટનાઓ અનેકને મુખે સાંભળી છે ત્યારે મને હંમેશ એમ જ લાગ્યું છે કે હું એ તમામ ઘટનાઓનો સાક્ષી છું. અત્યારે આ રાજસભામાં તમે સૌ બેઠા છો અને હું તમને જે રીતે જોઈ રહ્યો છું એટલી જ સ્પષ્ટ રીતે તમામ ઘટનાઓને આજે પણ જોઈ શકું છું! મારા જીવનની એકાદ ઘટનાને હું ભૂલી ગયો હોઈશ પણ શ્રીકૃષ્ણના જીવનની એક પણ ઘટનાને હું ભૂલી શક્યો નથી. શ્રીકૃષ્ણે કંસનો વધ કર્યો એ એક માત્ર ઘટના તમને આશ્ચર્યજનક લાગે છે, મને નહિ. વાસ્તવમાં એ માટે શુભેચ્છા વ્યક્ત કરવાનું કોઈ કારણ મને નથી દેખાતું છતાં મેં આપ સૌને અહીં બોલાવ્યા છે એટલા માટે કે મારે આપ સૌને એમના વિશે કંઈક કહેવું છે. કુરુના ભાવિ આધાર સ્તંભ સમી આ તરુણ પેઢીને મારે કંઈક જણાવવું છે. વીરો, શ્રીકૃષ્ણને આપણે આપણી સીમિત બુદ્ધિથી તોલવાનો પ્રયત્ન કરીશું તો ખરેખર આપણે નિષ્ફળ જવાના. એને મૂલવવા વિશાળ આકાશ તરફ દૃષ્ટિ કરવાની જરૂર છે. સમય જતાં આકાશ પણ વામણો લાગશે. હું ભાવાવેશમાં આવી બોલું છું એમ રખે સમજતા! આરંભમાં જ મેં શ્રીકૃષ્ણને આદરપૂર્વક ભક્તિભાવથી છતાં વિચારીને "ભગવાન" તરીકે સંબોધ્યા છે.'

એટલું બોલીને તેઓ સ્વસ્થાને બિરાજ્યા. આખો સભાગૃહ એમના શબ્દોથી લાગણીભીનો બની ગયો.

ત્યાર પછી ગુરુદેવ વિદુર ઊભા થયા. ખીલેલા પારિજાત વૃક્ષ જેવા તેઓ શાંત અને પ્રસન્ન દેખાતા હતા. એમનો અવાજ મધુર હતો. ચંચળ માછલી નિર્મળ જળાશયમાં ચારેબાજુ ઘૂમી વળે એમ એમની વાણી આખા સભાગૃહમાં ઘૂમી વળી. તેમણે કહ્યું,

'તમે સૌએ શ્રીકૃષ્ણ વિશે હમણાં જ સાંભળ્યું છે. હું વિશેષ શું કહું? છતાં એટલું કહીશ કે સંસાર એને વિશે શું ધારે છે એની જરાય પરવા ન કરતાં હું મારી જાતને શ્રીકૃષ્ણનો વિનમ્ર ભક્ત ગણું છું. ભક્ત પોતાના ઇષ્ટદેવ વિશે શું કહે? ભક્ત પોતાના મનમંદિરમાં એમને શ્રદ્ધાથી પૂજતો રહે છે. ભક્તને પોતાની ભાવના વ્યક્ત કરવા શબ્દો પણ ઓછા પડે છે.' અને તરત જ તેઓ બેસી ગયા.

પછી મહારાજ ધૃતરાષ્ટ્ર ઊભા થયા. તેઓ ઘેરા અવાજે બોલ્યા, 'મેં શ્રીકૃષ્ણને હજી સુધી જોયા નથી. જોઈ શકું એમ પણ નથી, પરંતુ વિદુર પાસેથી એમને વિશે ઘણું સાંભળ્યું

છે. સાંભળતી વખતે ઘણી વાર દુઃખ થતું કે મને દૃષ્ટિ હોત તો! દૈવયોગે મને ક્યારેય પણ દૃષ્ટિ પ્રાપ્ત થાય તો... તો સૌથી પહેલાં મથુરા પહોંચું! બસ. એમના વિશે હું આટલું જ કહીશ.' આંખના ખૂણે ટીંગાઈ રહેલાં આંસુને ઉત્તરીયથી સાફ કરતાં તેઓ બેસી ગયા.

ત્યાર પછી ગુરુ દ્રોણ, શકુનિમામા, સેનાપતિ વગેરે અનેક સન્માન્ય જનો એક પછી એક બોલ્યા. સૌએ શ્રીકૃષ્ણના અસામાન્ય ગુણોનું વર્ણન કર્યું. મારા મનમાં કુતૂહલ જન્મ્યું. મનમાં થયું કે એક વાર મથુરા જાઉં અને આટલી નાની વયે સૌને પ્રિય બનેલા શ્રીકૃષ્ણને જોઉં. તક મળે તો એમની સાથે વાત પણ કરું. હું વિચારમાં ખોવાયેલો હતો. એટલામાં જ્યેષ્ઠ પાંડવ યુધિષ્ઠિર ધીરેથી બોલ્યા,

'પિતામહ, અમાત્ય, વિદુરકાકા અને મહારાજ સૌએ ઘણું કહ્યું, હવે મારે કશું કહેવાનું રહેતું નથી. બસ એટલું જ કહીશ કે શ્રીકૃષ્ણ એ મારા મામાના દીકરા ભાઈ છે. અમે એમની અને આપ સૌની આજ્ઞામાં રહેશું.'

એ બેઠા પછી દુર્યોધન ઊભો થયો. પોતાની ગર્વિલી ડોક ચારેબાજુ ફેરવતાં તે બોલ્યો,

'રાજા શ્રીકૃષ્ણનું વર્ણન આ રાજસભામાં થઈ ગયું છે. હું અમાત્યને એટલી જ સૂચના આપું છું કે એમને એક સુવર્ણજડિત મુગટ, એક રૂપેરી મૂઠવાળી તલવાર અને જરિયાન વસ્ત્રો કુરુવતી મથુરા આજે જ મોકલવામાં આવે. હવે હું નિવેદન કરું છું કે હવે અંગરાજ કર્ણ બે શબ્દ કહેશે.' એ મારી સામું જોઈ હસ્યો અને આવીને આસન પર બેઠો. મારી સંમતિ લીધા વગર જ એણે મને બોલવા આદેશ કરી દીધો. હવે મારે બોલ્યા સિવાય છૂટકો જ નહોતો! શ્રીકૃષ્ણ વિશે હું જે કંઈ જાણતો હતો તે કેવળ સાંભળેલું જ હતું. મેં એમને કદી પ્રત્યક્ષ જોયા જ નહોતા તોપણ હું બોલવા ઊભો થયો હતો!

સૌ પ્રથમ મેં કુરુના પ્રતિષ્ઠા ચિહ્ન સમી સૂર્યદેવની સુવર્ણપ્રતિમા તરફ દૃષ્ટિ કરી. શરદઋતુમાં કોણ જાણે ક્યાંથી અપરિચિત પક્ષીઓનાં ઝુંડ આકાશમાં ઊડતાં દેખાય તેમ અનેક અનપેક્ષિત વિચારોનાં ટોળાં મારા હૃદયાકાશમાં ઊભરાયાં. મેં કહ્યું,

'શ્રીકૃષ્ણને મેં એક પણ વાર જોયા નથી તોપણ મારા પરમ મિત્ર દુર્યોધનના આગ્રહને વશ હું એમના વિશે બે શબ્દ બોલીશ! શ્રીકૃષ્ણ વિશે કોઈપણ અભિપ્રાય વ્યક્ત કરતાં પહેલાં એ જરૂરી નથી કે એમના વિશે આપણી પાસે અથથી ઇતિ માહિતી હોવી જોઈએ. જીવનમાં બનતા બનાવોને આધારે વ્યક્તિનું મૂલ્ય આંકી શકાય છે. આપ સૌએ હમણાં જ જણાવ્યું કે શ્રીકૃષ્ણે પોતાના અન્યાયી અને અત્યાચારી મામાનું સ્વહસ્તે નિકંદન કાઢી નાખ્યું. આથી શ્રીકૃષ્ણ મારા મત પ્રમાણે આર્યાવર્તમાં સૌથી પ્રથમ દ્રષ્ટા રાજા છે! કારણ સત્ય-અસત્યના યુદ્ધમાં એમણે પોતાના રાષ્ટ્ર સમક્ષ પોતાના સગાંનો બેધડક રીતે બલિ દીધો છે. આપણા સૌને માટે એમનો આદર્શ પ્રેરણારૂપ છે. એ દૃષ્ટિએ તેઓ ઉદાત્ત છે અને એટલે જ શ્રીકૃષ્ણ મારે મન વંદનીય છે.' સૌએ મારા વિચારોને તાળીથી પુષ્ટિ આપી. મેં મારું સ્થાન ગ્રહણ કર્યું.

તરત જ એક થાળમાં એક સોનેરી મુગટ, એક તલવાર અને જરિયાન રાજવસ્ત્રો સભાગૃહમાં લાવવામાં આવ્યાં. સૌના વતી અમાત્યે મથુરા જવું એવો નિર્ણય લેવાયો. રાજસભાનું વિસર્જન થયું. સભાગૃહમાંથી સૌ વિખરાવા લાગ્યા. મેં સામે બેઠેલા પાંડવો તરફ જોયું. ભીમ મારા તરફ ઘૂરકીને જોતો હતો. અર્જુન મારા કાનનાં કુંડળને વિસ્ફારિત

આંખે જોતો હતો અને યુધિષ્ઠિર હજી પણ મારા પગને નીરખી રહ્યા હતા. થોડી વારમાં સભાગૃહ ખાલી થઈ ગયો. માત્ર હું, શોણ અને દુર્યોધન ત્રણ જ ત્યાં હતા. સૌથી છેલ્લે અમે બહાર નીકળ્યા.

રાજસ્ત્રીઓના બેઠકખંડ બાજુનાં પગથિયાં સભાગૃહની જમણી બાજુએ હતાં. એ પગથિયેથી રાજસ્ત્રીઓ ઊતરતી હતી. અમે સભાગૃહની બહાર આવ્યા. તે વખતે રાજમાતા કુંતીદેવી પેલાં પગથિયાં ઊતરતાં હતાં! એમણે શ્વેત પુષ્પ જેવી સફેદ સાડી પહેરી હતી. ધીમે ધીમે તેઓ એક એક પગથિયું ઊતરી રહ્યાં હતાં. મારી અને એમની દૃષ્ટિ એક થતાં તેમનો પગ પગથિયે થંભી ગયો! મારાં કુંડળને એકીટશે જોઈ રહ્યાં. મેં શ્રીકૃષ્ણ વિશે ઉચ્ચારેલા ઉદ્‌ગારો એમને ગમ્યાં હશે. શ્રીકૃષ્ણ એમના ભત્રીજા હતા. તેઓ મારી સાથે વાત કરવા માગતા હોય એવી ભાવરેખા મને એમના ચહેરા પર દેખાઈ! હું પણ એક ક્ષણ ઊભો રહી ગયો, પણ દુર્યોધને તરત જ મારો હાથ પકડીને મને હળવેકથી આગળ કર્યો! એમણે કહ્યું, 'કર્ણ! આજ તું ખરેખર સરસ બોલ્યો. મને તારું વક્તવ્ય ખૂબ ગમ્યું. ચાલ, આપણે મારા મહેલ પર જઈએ. થોડો ફળાહાર કરીએ પછી તું જજે.' હું એની સાથે ચાલવા લાગ્યો. મારા મનમાં શ્રીકૃષ્ણ સંબંધી વિચારો ઘોળાતા હતા. પાંડવો સાથે એમને સંબંધ હતો. મારે એમની સાથે કોઈ સંબંધ જ નહિ ને! મેં એમને હજી સુધી જોયા નહોતા એનું મને દુ:ખ હતું.

તેર

રાત્રે રાજમાતા કુંતીદેવી વિશે એક અગત્યની વાત વૃષાલીએ મને કહી. રાજસભામાં કામકાજ કેવી રીતે ચાલે છે એ જોવાની ઉત્સુકતાથી દુર્યોધનની બહેન દુ:શલાદેવીના આગ્રહથી વૃષાલી રાજસભામાં સ્ત્રીઓના બેઠકખંડમાં આવીને બેઠી હતી. એને જોઈને તરત રાજમાતાએ એક દાસી દ્વારા તેને પોતાની પાસે બોલાવી અને પોતાની બાજુમાં બેસાડી. એને વાંસે પ્રેમથી હાથ ફેરવ્યો. વૃષાલીએ તેમને નીચે નમીને પ્રણામ કર્યાં. રાજસભા પૂરી થઈ ત્યાં સુધી તે રાજમાતા પાસે જ બેઠી હતી. એની બાજુમાં દુ:શલાદેવી બેઠી હતી. તે વૃષાલીને અનેક પ્રશ્નો પૂછતી હતી. રાજમાતા બાજુમાં બેઠેલા હોઈ એ બને એટલા ધીમે અવાજે એના પ્રશ્નોના જવાબ દેતી હતી. દુ:શલાદેવીએ તેને એક અત્યંત માર્મિક પ્રશ્ન પૂછ્યો. એ પ્રશ્ન વૃષાલીને મુખેથી સાંભળવા હું ઉત્સુક હતો. વૃષાલીએ એને શો જવાબ આપ્યો તે પણ મારે જાણવું હતું, પરંતુ વૃષાલી એ પ્રશ્ન જણાવવા તૈયાર જ નહોતી. તેણે કહ્યું, 'એનો પ્રશ્ન તમને જણાવતાં મને શરમ આવે છે!' મેં તેને વારંવાર પૂછી જોયો. કેટલી વિનંતી કરી પણ વ્યર્થ! એ સહેજે દાદ દેતી નહોતી. ગમે તેમ કરો પણ સ્ત્રીના પેટમાંથી ખાનગી વાત કઢાવવી ભારે મુશ્કેલ છે! જગતમાં સૌથી ઊંડું અને અતાગ મન હોય તો તે સ્ત્રીનું! એના મનનું રહસ્ય જાણવાનો એક રાજમાર્ગ છે અને તે એ કે અમારે મન એ રહસ્યનું કોઈ જ મૂલ્ય નથી એવી છાપ એના મનમાં ઊભી કરવી! પછી જુઓ. એ તરત જ મોઢું ખોલશે અને આપણે જાણી શકીશું! ક્યારેક તો મીઠુંમરચું ઉમેરીને પણ કહેશે!

વૃષાલીએ મારી આતુરતા જોઈ મને એ પ્રશ્ન કહેવાનું ટાળ્યું. ખરેખર સ્ત્રીઓનું મન

સ્વાતિ નક્ષત્રના વરસાદ જેવું હોય છે! જ્યારે ઇચ્છો ત્યારે વરસે નહિ અને ન ઇચ્છો ત્યારે મન મૂકીને વરસે!

ચૌદ

લગ્નજીવનની પરિપૂર્ણતા પુત્રસુખમાં સમાયેલી છે. પુત્રનું મોં જોતાં પિતાને પોતાનું જીવન ધન્ય લાગે છે. એક અવર્ણનીય આનંદાનુભૂતિ એને પ્રાપ્ત થાય છે.

ગર્ભવતી વૃષાલી અનેક દુર્લભ ફળોની અને અનેક વિચિત્ર વસ્તુઓની માગણી કરતી. એની માગણી પૂરી કરતી વખતે હું એની મશ્કરી કરતો અને એ શરમાઈ જતી. એની બધી ઇચ્છો પૂરી કરવા રાજમહેલનાં તમામ દાસ-દાસીઓ એક પગે ઊભાં રહેતાં. સાચા અર્થમાં તે અંગદેશની રાણી બની હતી.

વૃષાલીની કૂખે જન્મનાર પહેલા પુત્રનું શું નામ પાડવું એ વિશે મેં ખૂબ વિચાર કર્યો, પરંતુ યોગ્ય નામ સૂઝતું નહોતું! એ કામ એને જ સોંપી દેવામાં શાણપણ હતું. એ જે નામ પસંદ કરશે એ નક્કી સારું જ હશે.

મારા મનમાં એક જ વિચાર ઘોળાયા કરતો હતો. મારા આ પુત્રને કવચ-કુંડળ હશે જ. એ કવચ-કુંડળમાં કેવો દેખાશે? હું નાનપણમાં દેખાતો હતો તેવો જ દેખાશે!

આખરે વૃષાલીએ પુત્રને જન્મ આપ્યો પણ... પણ એને કવચ-કુંડળ નહોતાં! મારું મન શંકાથી વિહ્વળ બની ગયું. એ સશક્ત હતો પણ કવચ-કુંડળ વિનાનો! એનું નામ પાડવાનો મારો ઉત્સાહ ઓસરી ગયો. એને કવચ-કુંડળ કેમ નથી એ શંકાથી મારું મન ઉદ્વિગ્ન બની ગયું.

એનું નામ સુદામન પાડવામાં આવ્યું. નામકરણવિધિ નિમિત્તે રાજમહેલમાં મોટો ભોજનસમારંભ ગોઠવાયો. મારા એક પણ પુત્રને શું કવચ-કુંડળ નહિ જ હોય? ના. એવું ન જ બને. મેં મનને સમજાવ્યું. આ પુત્રને નહિ તો બીજા પુત્રને અવશ્ય કવચ-કુંડળ હોવાનાં જ. મેં મન સાથે સમાધાન કરી લીધું.

આશા એ જ જીવનની સૌથી મહાન શક્તિ છે!



દુર્યોધન

દુર્યોધન

એક

પુરવાસીઓ મારાથી ગભરાતા હતા! જગતમાં હોય – ન હોય એવા સર્વ દુર્ગુણોનું જીવતુંજાગતું પૂતળું એટલે હું! અહંકારનું એક મોટું વટવૃક્ષ એટલે હું! મારી આંખોમાં જગતને ભસ્મીભૂત કરનારો મહાભયંકર અગ્નિ વસે છે. આ તેઓની માન્યતા હતી. એમની બોલચાલ પરથી મને અનેક વાર પ્રતીતિ થઈ છે. જગત જેને દુર્ગુણ ગણે છે તે ખરેખર શું છે? કોઈ મને સમજાવશે? હું સમજું છું કે આ તો નિર્બળ મનના, કર્તવ્યશૂન્ય માણસોએ ઊભી કરેલ અસત્યપૂર્ણ અને મૂર્ખતાભરી કલ્પના છે. કેમકે જે કૃત્યને જગત એક વાર સારું ગણે છે એને ગમે ત્યારે તેઓ નરસું પણ ઠરાવી દે છે. આ એક સત્ય હકીકત છે. ઉદાહરણ દેવું હોય તો માનવહત્યાનું આપી શકાય. દેશપ્રેમી માણસ રાજદ્રોહીને ઠાર કરે તો એને સૌ દેશપ્રેમી કહીને બિરદાવે અને એનો ગગનભેદી જયજયકાર કરે, પણ કોઈ લૂંટારો ધનના લોભથી કોઈ પ્રવાસીનું માથું ઉડાવી દે તો જગત એને હત્યારો ગણી ધિક્કાર વરસાવે. કર્મ એક પ્રકારનું છે. એક વ્યક્તિની બીજી વ્યક્તિને હાથે હત્યા. છતાં જગત એકને દેશભક્ત અને બીજાને હત્યારો ગણે છે. એક પરિસ્થિતિમાં જે સદ્ગુણ ગણાય એ બીજી પરિસ્થિતિમાં દુર્ગુણ ગણાય છે. બંને વાત એક સરખી છે. આથી જ હું માનું છું કે દુર્ગુણ-સદ્ગુણ એ માનવે ઊભી કરેલી કલ્પના છે. ભીરુ મનના બીકણ માનવીએ પોતાની નિર્બળતા છુપાવવા વારંવાર ઉપજાવી કાઢેલી કલ્પના છે. આ કલ્પનાને આદર્શ ગણીને હજારો વર્ષોથી આ ગાંડું જગત ચાલી રહ્યું છે, પરંતુ મારે મતે જગતમાં ફક્ત એક જ સદ્ગુણ શ્રેષ્ઠ છે! જગતમાં ફક્ત એક જ કલ્પના ચિરંતન છે, શાશ્વત છે! આ જગત અત્યાર સુધી ફક્ત એક જ સદ્ગુણને નમે છે અને તે છે બળ! બળ વિનાનો માણસ એટલે મૂળ વિનાનું વૃક્ષ અને મૂઠ વિનાની તલવાર! બળ! માત્ર બાહુબળ જ નહિ, બુદ્ધિબળ અને બાહુબળ બંનેનો સમન્વય! હું આવા બળને મહત્ત્વ આપું છું. આવો બળવાન પુરુષ આકાશને ચીરી તારાઓનાં હીરા-માણેક પૃથ્વી પર ઉતારી શકે છે. હું એવા બળવાનનો પૂજક છું. તેથી લોકો મને ઘમંડી ગણતા હતા, અહંકારી માનતા હતા. સમસ્ત હસ્તિનાપુરમાં સૌ મારી પીઠ પાછળ નિંદા કરતા હતા. કાયરો આથી વિશેષ બીજું શું કરી શકે? શું હું ઘેર ઘેર જઈ સૌને કહેતો ફરું કે હું ઘમંડી નથી! એમ કહેવાથી ફાયદો શો? એમને મારો શો વિશ્વાસ? મચ્છરિયા સૂરજનો તાગ શો કાઢવાના? લોકો મને ઘમંડી અને અહંકારી માનતા હતા. ખુશામતખોર ગણતા હતા! મને એની પરવા નથી. કેમકે હું સારી પેઠે જાણું છું કે, જગતમાં નમીને ચાલનારા અને સૌથી દબાનારા લોકોને સૌ નિર્બળ અને કાયર

સમજે છે! આવી સ્થિતિમાં લોકોએ કેવી રીતે વર્તવું? સૌ પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે! આત્મસંયમની બડાઈ સૌ મારે પણ પ્રત્યેક વ્યક્તિ પોતાના સ્વભાવ પ્રમાણે જ વર્તે છે અને એ જ સ્વાભાવિક છે. પોતાના બચ્ચાને મૃગલાં પકડતાં સિંહને શીખવવું પડે છે ખરું? માણસનું પણ તેવું જ છે! માણસે મત્ત હાથીની જેમ જીવતાં શીખવું જોઈએ! સમય આવે સંસારને જબરદસ્ત શિકસ્ત આપવાની તાકાત એનામાં હોવી જોઈએ, જેથી લોકો એને હંમેશને માટે યાદ કરે! એમાં ખોટુંય શું છે? જેનામાં પુરુષાતન નથી એ પુરુષ જ નથી! સંયમ, સહનશક્તિ, ઉદારતા, ત્યાગ, સહિષ્ણુતા આ સર્વ સદ્‌ગુણો સુંવાળા સંગેમરમરના મંદિરમાં પેટાવેલી અગરબત્તીની સુગંધ સમા! સારા તો લાગે પણ વાસ્તવમાં નર્યા જડ પોકળ શબ્દો! નિરર્થક પુરાણ જ! કારણ જીવન એવું મંદિર નથી! તે એક નિરંતર પ્રજ્વલિત યજ્ઞકુંડ છે! જન્મમૃત્યુના શ્વાસોચ્છ્‌વાસથી ધબકતું તે એક અખંડ રણાંગણ છે! રણાંગણમાં એક જ વસ્તુ મુખ્ય હોય છે – અને તે સામર્થ્ય! બળ!! બળમાંથી પ્રગટતું સાહસ! જે ગતિપ્રિય હોય તે સ્વીકારે. જે સ્થિતિપ્રિય હોય તે ન સ્વીકારે. તેઓ નાહક નિરર્થક તત્ત્વજ્ઞાનના ચૂંથણાં સતત ચૂંથ્યાં કરે! મેં જીવનભર બળ અને સાહસનું અવલંબન લીધું છે. દઢતાથી અને નિશ્ચયાત્મકપણે અને જીવનના અંત સુધી એનું જ અવલંબન રહેશે! હું એને જ આધારે જીવીશ! લોકો ચાહે તો એને સદ્‌ગુણ ગણે કે દુર્ગુણ! મને દુર્યોધન કહે કે યુધિષ્ઠિરની જેમ સુયોધન! મને એની પડી નથી. એના પર વિચારવાની ફૂરસદ પણ નથી અને રાજાએ ક્યારેય એની પરવા પણ કરવી ન જોઈએ!

બીજો મહત્ત્વનો આક્ષેપ મારી માંજરી આંખો અંગે! સૌ મારી માંજરી આંખો વિશે ગુસપુસ કર્યા કરે છે. એમની દૃષ્ટિએ મારી માંજરી આંખો જગતને ભસ્મીભૂત કરનારી હતી, પરંતુ મારી સામે ચોખ્ખું ચટ કહી દેવાની કોઈનામાં હિંમત નહિ. મારે મોઢે કહેવાની હિંમત કરી હોત તો મેં એમને સંભળાવી દીધું હોત કે, 'આ કેવળ ઈર્ષ્યા છે, નરી ઈર્ષ્યા!'

આજ સુધી જગતમાં શું માંજરી આંખોવાળો માણસ જન્મ્યો જ નથી? શું એ લોકોએ જગતને ભસ્મીભૂત કરી નાખ્યું છે? અને ભસ્મીભૂત કરી નાખ્યું હોત તો તમે જીવતા કઈ રીતે રહી શક્યા? તમે જીવો છો તે શું તમે જગતની કેવળ ભસ્મ છો? વાસ્તવમાં માંજરી આંખો સૌંદર્યનું અપ્રતિમ લક્ષણ છે. તમને એવી આંખો મળી નથી તેથી જ તમે સૌ મારી નિંદા કરો છો. એ ઈર્ષા નથી તો બીજું શું છે?

જગતની ત્રણ બાબતો માટે મને નિતાંત પ્રેમ હતો. એક કુરુનું રાજ્યપદ, બીજી ગદા અને ત્રીજી મારી માંજરી આંખો! પ્રસંગ આવે મારી ગદા અને મારા રાજ્યપદ પ્રત્યે પ્રીતિ ગૌણ કરી શકું પણ મારી માંજરી આંખોનું ગૌરવ હું ક્યારેય છોડી શકું નહિ! રાજવૈદે કહ્યું હોત કે, 'રાજા દુર્યોધન, તમે તમારી આંખોનું દાન કરો તો મહારાજ ધૃતરાષ્ટ્રને ફરી દૃષ્ટિ પ્રાપ્ત થાય ખરી!' તો – તો મેં એને ઉત્તર આપ્યો હોત કે, 'વૈદરાજ, મારી આંખોનું દાન કરવાથી મહારાજને દૃષ્ટિલાભ થતો હોય તો નિરુપાય બનીને હું ચોક્કસ આપીશ પણ જે ક્ષણે મારી આંખો ગઈ તે ક્ષણે સમજી લેજો કે મારું માથું ધડથી જુદું પડી જવાનું! કારણ કે આંખો વિનાનો દુર્યોધન એટલે નર્યો લાકડીનો ભારો! મારું વ્યક્તિત્વ મારી આંખોમાં છે એથી જ મને મારી માંજરી આંખોનું અભિમાન છે!'

બે

હું રાજપુત્ર હતો! આજે હસ્તિનાપુર-સમસ્ત આર્યાવર્તની લગામ મારા હાથમાં હતી! મારી સેવામાં ઝંઝાવાતી વાયુને શરમાવે તેવો રથ હતો. રાજા રથને નહિ દોડાવે તો બીજું કોણ દોડાવશે? મારા નિવાસ માટે હસ્તિનાપુરમાં ગગનચુંબી, ભવ્ય અને ભોગવિલાસયુક્ત પ્રાસાદ હતો. ઇચ્છું ત્યારે બત્રીસ જાતનાં ભોજન-વ્યંજન તૈયાર રહેતાં. થાકીને કંટાળું ત્યારે મનોરંજન માટે અપ્સરાઓથીયે ખૂબસૂરત, લાવણ્યવતી નર્તિકા, ગણિકા અને ગાયિકા મારા રાજમહેલમાં હતી. કોઈ મારી વિરુદ્ધ અવાજ ઉઠાવવાની હિંમત કરે તો એને દબાવી દેવા જ્યેષ્ઠ યુવરાજ રૂપે મારા હાથમાં કુરુનો પ્રતિષ્ઠિત રાજદંડ હતો. કેમકે હું હસ્તિનાપુરનો સ્વામી હતો. મને એકબે નહિ પણ નવાણું શક્તિશાળી ભાઈઓ હતા. શકુનિમામા જેવા કુશળ અને બુદ્ધિમાન સ્વજનને મેં સલાહ દેવા મારી પાસે રાખ્યા હતા! મારો પ્રત્યેક આદેશ ઝીલવા માટે અમાત્ય વૃષવર્માથી માંડી નાનામાં નાના સેવક સુધી એક અતૂટ કડીઓની પૂરી શૃંખલા તૈયાર હતી! પિતા અંધ હોવાથી અને પિતામહ વૃદ્ધ હોવાથી રાજ્યની તમામ ધુરા ખરું પૂછો તો મારા હાથમાં હતી! હસ્તિનાપુરનો રાજદંડ છેલ્લાં સત્તર વર્ષથી મારા હાથમાં હતો! અતિ નિકટનો મિત્ર કર્ણ મને ઘણી વાર પૂછવાની હિંમત કરતો કે, 'દુર્યોધન, તેં સત્તર વર્ષમાં શું કર્યું? પણ એને ખબર નથી કે કુરુના આ વિશાળ રાજ્યની દૃષ્ટિએ સત્તર વર્ષનો ગાળો સાવ નજીવો ગણાય. છેલ્લાં સત્તર વર્ષથી આજ સુધી મારા જીવના જોખમે કુરુની પ્રતિષ્ઠા વધારવા મેં કેટલાય આટાપાટા ખેલ્યા હતા છતાં આ પ્રજા કહે છે કે હું સ્વચ્છંદી છું! એમ જ હોય તો હુંયે કહું છું કે, 'હા! હું સ્વચ્છંદી છું! બોલો, તમારે શું કહેવું છે?' કોઈના બંધનમાં હું શું કામ રહું? આ રાજ્ય કોણે મેળવ્યું? મારા પૂર્વજોએ જ ને! તો પછી એનો વંશજ હું સ્વચ્છંદી વર્તન આચરું એમાં ખોટું શું છે? મારા ભાવિ વિશે મેં કદી વિચાર કર્યો નથી. મારા ભાવિ વિશે સમય જ કહેશે! આ હસ્તિનાપુરનું શું થશે? આ આર્યાવર્તનું શું થશે? જે થવાનું હશે તે થશે! પણ હું તો સ્વચ્છંદી જ રહેવાનો! કેમકે હું ભૂત અને ભવિષ્ય બંને કાળને ઓળખતો નથી! હું ઓળખું છું માત્ર વર્તમાન કાળને અને આ વર્તમાનમાં મારા વિરોધી પાંડવોનો મને ભય હતો. તે મેં કુશળતાપૂર્વક દૂર કર્યો, કારણ મહાપરાક્રમી, શક્તિશાળી અને સૂર્ય જેવો તેજસ્વી કર્ણ મારે પડખે હતો. એના અવિચળ વચનનો મને સહારો હતો! એ પરાક્રમી હતો છતાં હૃદયનો સાવ સરળ! એને સૌ સારથિ કહે છે, હીન ગણે છે પણ જ્યારથી મેં એને જોયો છે ત્યારથી પ્રત્યેક ક્ષણે મારું મન એને સૂતપુત્ર માનવા તૈયાર નથી! સારથિના અંગમાં આટલું પરાક્રમ કઈ રીતે હોઈ શકે? સારથિના કાનમાં તેજોવલય પાથરનારાં સોનેરી કુંડળો હોઈ શકે ખરાં? એ કોઈ ઉચ્ચ કુળનો રાજપુત્ર હોવો જોઈએ પણ – પણ એને પોતાને જ ખબર નહોતી કે તે કોણ હતો! મારી ધારણા સાચી ઠરશે અને કાલ સવારે જ્યારે એને એના સાચા સ્વરૂપની જાણ થશે ત્યારે? અરેરે! તો દુર્યોધનની શું દશા થશે એની કલ્પના કરવી મુશ્કેલ છે!

પોતાનો પ્રાણપ્રિય મિત્ર ગણીને આ મૂર્ખાએ પોતાનું સર્વસ્વ જીવન, ધ્યેય, ભાવિ – સર્વ કાંઈ મારા હાથમાં સોંપી દીધું હતું! એકદમ નિશ્ચિતપણે! મને એ પોતાનો મિત્ર અને હિતેચ્છુ ગણતો હતો! મૂરખ કર્ણ, આ દુર્યોધનને એના સાચા સ્વરૂપમાં ઓળખતા તને વાર લાગશે. કદાચ – કદાચ જીવનની અંતિમ ઘડી સુધી તારે એને માટે ફાટી આંખે રાહ

જોવી પડશે, કારણ આજ તું મારી મુઠ્ઠીમાં છે! મેં તને અંગદેશનો રાજા બનાવ્યો હતો. દિવસો સુધી સારથિ તરીકે હસ્તિનાપુરના કોઈ ખૂણામાં એદીની જેમ ભરાઈ રહેલા તને મેં – કેવળ મેં જ સ્વતંત્રતાનું કિરણ દેખાડ્યું હતું! કદાચ તને તારા જીવનની છેલ્લી ઘડી સુધી અશક્ય હોય તેવું રાજ્યપદ મેં તને અપાવ્યું હતું! તને સ્વતંત્ર કર્યો હતો! હવે તારે મારી ટચલી આંગળીએ નાચવાનું છે. જો એમ નહિ વર્તે તો તું અંદરથી સળગીને રાખ થઈ જઈશ, પરંતુ હવે મને સંપૂર્ણપણે ખાતરી થઈ ગઈ છે કે તું મારી વિરુદ્ધ કદી એક હરફ પણ નહિ ઉચ્ચારે! કારણ મેં તને રાજા બનાવ્યો છે! એક સારથિને એક સ્વતંત્ર દેશનો રાજા બનાવ્યો એ મારું મોટું પુણ્યકર્મ હતું! આ પુણ્યના જોર પર હું તને મન ફાવે તેમ નચાવી શકીશ! કર્ણ, હવે તું દુર્યોધનની કોઢમાં ખીલે બાંધેલી એક નિરુપદ્રવી ગાય છો! ગાય એક જ વાત જાણે છે અને તે એ કે પોતાના માલિકને દૂધ દેવું! રાંકડી ગાય પોતાના માલિક સામે ક્યારેય શિંગડા ભરાવતી નથી. એનું મને અનુભવ જ્ઞાન છે! કર્ણ, આજ તું આ કુરુશ્રેષ્ઠ દુર્યોધનની આગળ ગાય જેવો જ છો! તું એમ સમજે છે કે મને તારા પર પ્રેમ ઊભરાઈ આવ્યો એટલે હું તને સાથ આપું છું? તો એ તારી ભૂલ છે. મારે પેલા પાંડવોનું કાસળ કાઢવું છે. એ કામ માટે મારે તારો કેવળ સાધન તરીકે ઉપયોગ કરવો છે : કેવળ સાધન તરીકે, સમજ્યો!

મહારાજ પાંડુના અમે પુત્રો છીએ એવું તેઓ અવારનવાર કહે છે. મહારાજ પાંડુ પરાક્રમી હતા, શત્રુતાપન હતા, દિગ્વિજયી હતા. એ હું સ્વીકારું છું. એમને માટે આજે પણ અત્યંત આદર છે, પરંતુ એમણે હસ્તિનાપુર કેમ છોડ્યું એની જાણ સુજ્ઞ લોકોને છે. તેઓ ચોક્કસપણે માને છે કે પાંડવો એ મહારાજ પાંડુના પુત્રો હોઈ શકે જ નહિ! મહારાજ પાંડુને કિંદમ ઋષિએ ભયંકર શાપ આપ્યો હતો. એ શાપને કારણે તેમને પુત્રો થવા અશક્ય હતા! તો પછી આ પાંડવો તેમના શી રીતે હોઈ શકે? તે મહારાજ પાંડુના પુત્રો નથી. તે એક વાર નક્કી થઈ ગયા પછી હું એમને 'પાંડવ' શા માટે ગણું? બહુ તો તેઓ કૌન્તેય અને માદ્રેય કહેવાને યોગ્ય હતા! અને એમ જ હોય તો તેઓ પોતાના રાજ્યાધિકાર માટે મથુરા જઈ શ્રીકૃષ્ણ સાથે લડે અથવા મદ્ર દેશ જઈ શલ્ય સાથે લડે! અહીં આ હસ્તિનાપુરમાં પોતાનો જૂઠો અધિકાર સ્થાપવા શા માટે મથામણ કરવી જોઈએ? અમારા પ્રિય પાંડુ મહારાજનું શું થયું એ આશ્ચર્યજનક ઘટના હતી! મહારાજ કેવી રીતે મૃત્યુ પામ્યા તે કોઈ જણાવતું નથી! રાજમાતા કુંતીને કારણે જ એમને રાજમહેલમાં આશ્રય દેવામાં આવ્યો હતો! ચારેબાજુ એમનાં સ્વાગત-સત્કાર થઈ રહ્યાં હતાં તોપણ મેં ખૂબ ધીરજથી સહી લીધું. વાસ્તવમાં ગુરુ દ્રોણ કૌરવોના રાજગુરુ. એમણે અમારું વિશેષ ધ્યાન રાખવું જોઈએ, પરંતુ યુદ્ધશાળામાં ગાયની પાછળ વાછરડું ફરે તેમ ગુરુ દ્રોણની પાછળ પાછળ ફરતાં અર્જુનને હું રોજ જોતો હતો. જ્યાં ત્યાં માથું મારતાં સૌને ઉપદેશ આપતાં યુધિષ્ઠિરને મેં જોયા હતા. હંમેશાં તરવાને બહાને મારા ભાઈઓને નગર બહારના સરોવરમાં લઈ જઈ મારા ચાર-ચાર ભાઈઓને પાણીમાં એક સાથે ડુબાડી દીધા હતા. તેઓ અધમૂઆ થઈ જાય ત્યાં સુધી એમને પાણીમાં રૂંધી દેતા પેલા જંગલી ભીમને મેં જોયો હતો. એ જોઈને મને શું થયું હતું એનો કોઈએ કદી વિચાર કર્યો છે ખરો?

છેલ્લાં બાર વર્ષથી એમના અસહ્ય ત્રાસથી મારા હૃદયમાં અગ્નિ પ્રજ્વળી ઊઠ્યો

હતો! જ્યાં જાઓ ત્યાં પાંડવો! પાંડવો, જાણે દેવો! અને હોય તો હું એમને બતાવી દઈશ કે દેવોને સુધ્ધાં નાક ઘસતા કરી મૂકનાર મહારાજ નહુષના વંશનો હું છું! કારણ પાંડવો આજકાલ હસ્તિનાપુરના રાજસિંહાસન પરનો પોતાનો અધિકાર પ્રગટ રૂપે ઘોષિત કરી રહ્યા હતા! રાજ્ય કોનું? કૌરવોનું? મહારાજ પાંડુ અને મહારાજ ધૃતરાષ્ટ્ર – બંનેનું. છતાંય ઊંચું માથું કરીને માગી રહ્યા હતા માત્ર – કુંતી અને માદ્રીના પાપકર્મના પુત્રો! કારણ મારું મન હંમેશ કહેતું આવ્યું હતું કે પાંડવો મહારાજ પાંડુના પુત્રો નથી જ! બહુ તો કુંતીના અને માદ્રીના પુત્રો હશે! છતાં આ બળ પર કુરુના રાજસિંહાસન પર બેસવાનું તેઓ રંગીન સ્વપ્ન જોતા હતા. મારી દૃષ્ટિએ તેઓ મૂર્ખશિરોમણી હતા. નળિયા પરથી દદડતાં પાણીને કોઈ ગંગાનું પવિત્ર જળ માને ખરું? તળાવને કાંઠે ઊગેલી લીલને કે ઝાડીના તૃણને પારિજાત ફૂલ માની કોઈ એને દેવની પવિત્ર મૂર્તિ પર ચડાવે ખરું? રસ્તા પર પડેલાં કાંકરા આકાશના તારાની જેમ કદી ચળકતા નથી. વડના ઝાડ પર બેસી ઉનાળાના ધોમધખતા તાપમાં કા... કા... કરતાં કાળા કાગડા ઊંચા શિખર પર બેસનાર ગરુડરાજની ગતિને ક્યારેય પામી શકે નહિ.' જે થવું હોય તે થાઓ પણ... પણ જ્યાં સુધી આ શક્તિશાળી કૌરવ દુર્યોધન જીવે છે ત્યાં સુધી ગમે તે કરો પણ પોતાને પાંડવ ગણાવનારા આ પાંચે પાપિયાઓને કુરુના પવિત્ર અને પ્રાચીન રાજસિંહાસનને અડકવા સુધ્ધાં દઈશ નહિ!'

એ માટે જ કર્ણ, મેં તને મારા પક્ષમાં લઈ લીધો છે. અખાડાના તે યાદગાર દિવસે જ મેં નિશ્ચય કરી લીધો હતો!

કેવળ આ માટે જ તે દિવસે પ્રચંડ જનસમુદાયની સમક્ષ અંગદેશનું રાજ્ય સોંપી એ પરાક્રમી કર્ણને મેં મારી બાજુ વાળી લીધો હતો. કર્ણ જ એક એવો યોદ્ધો છે જે અર્જુન કરતાં મૂઠી ઊંચેરો છે અને અનેક સદ્ગુણોમાં શ્રેષ્ઠ છે. અખાડામાં તેણે બેશક સિદ્ધ કરી બતાવ્યું હતું. તે દિવસે કર્ણના કુલશીલ વિશે ભીમ વચમાં ઊઠીને જે કંઈ બોલ્યો હતો તે ન બોલ્યો હોત તો – તો અર્જુનનું આ વિશ્વમાં અસ્તિત્વ જ રહેત નહિ. દ્વન્દ્વયુદ્ધમાં કર્ણે એને કચડી નાખ્યો હોત. આથી જ કર્ણનો સૂરજમુખી જેવો ચળકતો સોનેરી દેહ એ જ મારે માટે અભેદ્ય ઢાલ બની છે! સમય આવે તેને હું કુશળતાથી આગળ ધરીશ! કર્ણ સાવ ભોળો છે. જેને તે પોતાના ગણે છે તેના પર એ ઓળઘોળ વારી જાય છે! એ મને પોતાનો જ ગણે છે. 'મૂર્ખ, કર્ણ! તને અંગરાજ બનાવીને... સ્વતંત્ર કરીને જે માનમુગટ મેં તારા મસ્તક પર અત્યંત પ્રેમથી ચડાવ્યો છે, એમાં એક તેજસ્વી લાલ રંગના હીરાનો મેં તને આભાસ કરાવ્યો છે! ખરેખર તે હીરો નથી જ! એ છે એક ધગધગતો અંગાર! મારા પરની તારી નિખાલસ શ્રદ્ધાનો અંગાર! તેં પ્રેમથી એને મસ્તક પર ધારણ કર્યો છે! મેં મારા હાથે એને બેસાડ્યો છે!'

ત્રણ

કર્ણ મારે પક્ષે હોય તોપણ પાંડવોનો વિશ્વાસ ક્યારેય કરાય નહિ. અગાઉ અખાડામાં અર્જુન અને ભીમનાં રાક્ષસી પરાક્રમોએ મારી ઊંઘ હરામ કરી દીધી હતી.

એ વિશાળકાય ભીમે મારા પ્રિય ભાઈ દુઃશાસનને મુષ્ટિયુદ્ધમાં એને ઊંચો ઉઠાવીને એવો જોરથી પછાડ્યો જાણે ધોબી જમીન પર કપડાં પટકતો ન હોય! ગદાના અખાડામાં

ભીમ મારા દેહ પર ભૂખ્યા સિંહની જેમ તૂટી પડ્યો હતો. અરે, આ પાંડવોનો કાયમનો કાંટો દૂર કર્યા સિવાય કૌરવો સુખચેનથી જીવી નહિ શકે. એ માટે મને જે યોગ્ય લાગશે તે કરીને જ જંપીશ. એ સિવાય મારા અતૃપ્ત મનને શાંતિ નહિ મળે.

પાંડવોનો સીધી રીતે નાશ કરવાનું શક્ય નહોતું, કારણ કે આ પાંચ પાપિયા તો પાંચ અખંડ પર્વતોની બોલતીચાલતી હારમાળા હતી! એકીસાથે પાંચ મદોન્મત્ત આખલા સંપીને એક શક્તિશાળી વનરાજને બહુ સરળતાથી પછાડી શકે છે. અહીં તો મારે પનારા પડ્યા છે પાંચ શસ્ત્ર યોદ્ધાઓ સાથે! આથી જ મેં તેમનું કપટથી કાસળ કાઢવાનું નક્કી કર્યું છે. કપટ કરતાંય કુશળતાથી કહું તો એ વધુ યોગ્ય ગણાશે! કેમકે રાજકારણમાં કુશળતા એ જ કપટનું મીઠુંમધુરું અને સુસંસ્કૃત નામ છે! મારી યોજના અંગે મેં કર્ણ સાથે ઘણી વાર ચર્ચા કરી હતી પણ એની એક જ માગણી હતી, 'એક વાર મને પાંચ જણની સાથે દ્વન્દ્વયુદ્ધ કરવાનો આદેશ આપ! કેળને પીલી નાખે તેમ હું તેઓને ઊભા ને ઊભા પીલી નાખીશ પણ કપટ મને પસંદ નથી. એનો આત્મવિશ્વાસ સાચો છે એ હું જાણું છું, પરંતુ એની સાહસશૂરી કલ્પના સાથે હું કદી સંમત થાઉં નહિ – થવાનો પણ નથી. પહેલાં હું મારાં બધાં પાસાં ફેંકી જોઈશ. એમાં જો પેલા નીચ પાંડવો બચી ગયા તો છેલ્લે મારું અમોઘ શસ્ત્રનો – કર્ણનો ઉપયોગ કરીશ! કેમકે તે પરાક્રમી છે પણ હૃદયથી દયાળુ અને સરળ છે. જેને તે એક વાર પોતાનો ગણે છે તેને સાચા અર્થમાં પોતાનો કરી લે છે. એણે પોતાના ગુણોથી રાજનગરના અસંખ્ય નગરજનોનાં હૃદય જીતી લીધાં છે. સૌથી પ્રભાવક અને આકર્ષક તત્ત્વ જો કોઈ એનામાં હોય તો તે તેનું મોહક વ્યક્તિત્વ. સામે ઊભો હોય તો જાણે તેજનાં અસંખ્ય કણો આપણી સમક્ષ પથરાયેલ હોય તેવું લાગે! એની નીલી આંખો પાસે આકાશની નીલિમા પણ ફિક્કી લાગે. ક્યારેક ગંગામાં સ્નાન કરી એ પાછો ફરતો ત્યારે એ મને રાજમહેલમાં પગથિયે આકસ્મિક મળી જતો ત્યારે મેં એનું જે સ્વરૂપ જોયું છે તેને હું ક્યારેય ભૂલી શકું એમ નથી. ગંગાના શુભ્ર જળબિંદુ એના ભીના સોનેરી વાંકડિયા કેશમાં ચળકતાં જોઈને બગીચામાં ઝાકળબિંદુથી ચળકતાં અને ઝૂલતાં સોનેરી સૂર્યફૂલોની સ્મૃતિ થઈ આવતી! એનાં મંદ મંદ ઝૂલતાં જન્મજાત માંસલ કુંડળ, તેજસ્વી, ભવ્ય લલાટ, ધ્વજદંડ સમાન સીધું અણીદાર નાક, પલાશ ફૂલ સમા રક્તવર્ણા ગાલ, કાન તરફ લંબાતી સુરેખ સોનેરી ભ્રમર, હાથીની સૂંઢ જેવા ભુજદંડ, સુંદર કસાયેલાં પિંડીદાર સશક્ત સ્નાયુ, કાચબાની વિશાળ પીઠ જેવી વિશાળ અને ઉન્નત છાતી, બાણના ભાથા જેવી ગોળમટોળ પુષ્ટ ગરદન, બળદ જેવા ભરાવદાર ખભા અને આ સૌને એક અનોખી ઉઠાવ આપતી એની સૂર્ય જેવી ગોળ મુખમુદ્રા! આવું આકર્ષક વ્યક્તિત્વ મારી દૃષ્ટિએ હસ્તિનાપુરમાં એના સિવાય કોઈનું નહોતું. એ ઓછાબોલો હતો. એનું મૌન એક જીવતું જાગતું ભાષ્ય! તે બોલતો ત્યારે ટકરાતી ગદાના ખણખણાટ જેવો ધ્વનિ તેના કંઠમાંથી ઊઠતો. અવાજ! એક પિતામહનો અને બીજો કર્ણનો મને ગમતો.

બોલતી વખતે એના ચહેરા પર મોહક સ્મિત પથરાતું. એની સુવર્ણમયી દંતકળી ચમકી ઊઠતી અને હું...

અને હું ગુરુ દ્રોણે કરેલી મારી ઉપેક્ષા ભૂલી જતો. ભીમ-અર્જુને કરેલાં અપમાનો વીસરી જતો. હૃદયના ખૂણે સદા ભોંકાતા સેંકડો કાંટા ગુમ થઈ જતા. એ પણ યાદ રહેતું

નહિ કે હું કુરુવંશનો એક યુવરાજ છું. ભવિષ્યમાં હું આ હસ્તિનાપુરનો અધિકૃત સમ્રાટ થવાનો છું. ફક્ત એક જ વિચાર મારા મસ્તકમાં ભમરડાની જેમ ઘુમરાવા લાગતો, 'આ કર્ણ સાચ્ચે સૂતપુત્ર છે? સારથિની દરિદ્ર ઝૂંપડીમાં આવું સૌંદર્ય સાકાર કદી થઈ શકે ખરું? કર્ણ ખરેખર હીન છે?' ત્યારે મારું મન અંદરથી પોકારી ઊઠતું, 'કર્ણ સારથિપુત્ર નથી! કર્ણ તેજની ખાણ છે! તેજની ખાણ અંધારી ગુફામાં કઈ રીતે ઉદ્ભવી શકે? કર્ણ કોઈ પરાક્રમી રાજાનો તેજસંપન્ન ધૈર્યશાળી સુપુત્ર હોવો જોઈએ. કર્ણ ક્ષત્રિય જ હોવો જોઈએ!' તેથી જ મેં એને સૌની હાજરીમાં અંગરાજ બનાવ્યો હતો. નહિતર આ દુર્યોધન શું એટલો મૂરખ છે કે ઘોડાની માલિસ કરનાર, એની પીઠ પર ચાબુક ફટકાવનાર એક તુચ્છ સારથિને કૌરવોની વૈભવી રાજસભામાં એક સમ્રાટ બનાવીને એને ઉપસ્થિત કરે? અંગરાજનો સન્માન્ય મુગટ એને પહેરાવે?

કર્ણ મારે મન એક અમોઘ શસ્ત્ર હતો. યોગ્ય સમય આવે હું એનો ઉપયોગ કરીશ. કર્ણ દુર્યોધનની સુરક્ષા પેટી છે. જ્યાં સુધી કર્ણ જીવિત છે ત્યાં સુધી દુર્યોધન અજેય છે! એ માટે એક બીજો ઉપાય – એક જુદો જ માર્ગ મેં પાંડવો વિશે સ્વીકારવાનું નક્કી કર્યું હતું. એમાં મને કર્ણની જરૂર નહિ પડે. ગઈ કાલ રાત્રે મેં મારા પિતાને – મહારાજ ધૃતરાષ્ટ્રને એક કડક ચેતવણી આપી દીધી છે.

તેઓ પેલા પાંચ પાપિયાને ખરેખર પોતાના ભત્રીજા-ભાઈના પુત્રો ગણતા હતા. મેં એમને મગજમાં સજ્જડ ઠસાવી દીધું છે કે પાંડવ મહારાજ પાંડુના પુત્રો નથી. ઊલટું પાંડુ મહારાજનું અકાળ અવસાન એ પણ આ પાંચ પાપિયાઓની જ મેલી રમતનું પરિણામ હતું. એમને ગળે ઉતારતાં મને કેટલો ત્રાસ પડ્યો હતો! તેમનું કહેવું એક જ હતું, 'રાજમાતા કુંતી રાજ્યલોભ માટે કદી જૂઠું બોલે નહિ. તું કહે છે એમ હોય તો તે કદી રાજનગરમાં પગ પણ મૂકે નહિ. 'બહુ ભોળા સ્વભાવના છે અમારા પિતાશ્રી! રાજ્યના લોભે પુરુષ યુદ્ધ ખેલશે, એકમેકને મોતને ઘાટ ઉતારશે, સમય આવે રણચંડીના વીરની જેમ પોતાનું માથું પણ હોમી દેશે પણ સ્ત્રીઓ?... અરેરે, સ્ત્રીઓ રાજલોભ માટે પ્રસંગ આવે રાજ્ય બાળીને ખાખ કરી દેશે! લોકોની માન્યતા છે કે સ્ત્રી એ વિધાતાનો વૈભવ, માનવતાનો માનદંડ, સૌંદર્યની ખાણ, કોમળતાનો કળશ, પ્રેમનો પર્વત છે, પરંતુ મને એમાં શ્રદ્ધા નથી. પુરુષ પ્રસંગ આવે ક્રૂર થાય છે પણ મર્યાદામાં રહીને, કેમકે એની ક્રૂરતા એકાદ વ્યક્તિ પરત્વે હોય છે, પરંતુ સ્ત્રી કઠોર થઈ તો એ નિયતિનાં શાશ્વત બંધનોને તોડીફોડી નાખે છે. જો એમ ન હોય તો પોતાનું કાળું મોં દેખાડવા રાજમાતા કુંતી હસ્તિનાપુર પાછી શા માટે ફરે? પણ મારા પિતાશ્રીના મનમાં આ વાત બેસતી નથી! પાંડવોને તેઓ પોતાના પ્રિય ભાઈના સુપુત્રો તરીકે માન આપતા હતા. તેઓ જાણતા નહોતા કે એમના ભત્રીજા ભયાનક અગ્નિના સાક્ષાત્ સ્ફુલિંગ હતા! અંધ હોવાને કારણે એમણે ભીમ-અર્જુનના રાક્ષસી પરાક્રમ પ્રત્યક્ષ જોયા નહોતા. ક્યારેક અજ્ઞાનમાં મોટું સુખ છે! મારા પિતાશ્રીના સુખ અને સમાધાન પણ આ જ પ્રકારનાં નહોતાં? તેઓ ગમે તે સમજે પણ મને બેદરકાર રહેવું પાલવે નહિ. કાળ કદી કોઈની પ્રતીક્ષા કરતો નથી! કાલે આ પાંડવો શક્તિશાળી થશે અને આ યુવરાજ દુર્યોધનને પાંડુ મહારાજની જેમ એક ઉત્તરીય પહેરાવીને એના ભાઈઓ સાથે હાથમાં ઝોળી આપી વનની વાટ પકડાવશે. આથી જ ગઈ કાલે રાત્રે મેં

મારા પિતાજીને એમ કહીને પટાવી લીધા છે કે જેને તમે તમારા ભાઈના પુત્રો માનો છો તેઓ તમારા ભાઈના પુત્રો નથી જ.

ક્યારેક સંબંધોને બાજુએ મૂકીને પણ મનુષ્યે પોતાના સ્વજનને કટુ સત્ય કઠોરપણે કહેવું પડે છે. કર્તવ્ય દઢપાલન અર્થે મનુષ્યે પોતાના પક્ષે જ અંતે નિર્ણય લેવો પડે છે!

આર્ય કણકની સહાયથી મેં મહારાજના વિચારોનું ગઈ કાલે રાત્રે આમૂલ પરિવર્તન કરી નાખ્યું હતું. ગઈ કાલથી મેં આર્ય કણકને ગુરુ બનાવ્યા હતા. એમણે મહારાજને કેવી માર્મિક સલાહ આપી હતી! એ સલાહ એટલે 'કણકનીતિ.' મહત્ત્વાકાંક્ષી રાજા યશસ્વી બનવા ઇચ્છતા હોય તેમણે આ કણકનીતિ હંમેશાં અપનાવવી જોઈએ.

કણકનું કથન પહેલી વાર સાંભળીને હું ભારે નવાઈ પામી ગયો હતો, પરંતુ જ્યારે મેં એના પર ઊંડો વિચાર કર્યો ત્યારે મને એના કથનનું મહત્ત્વ અને વાસ્તવિકતા બંને સમજાયાં. કણકની માર્મિક નીતિનું મને જરાય જ્ઞાન નહોતું. મને તે બહુ જચી ગઈ. આથી મેં મંત્રીમંડળના વરિષ્ઠ રાજનીતિજ્ઞ આર્ય કણકને રાજગુરુ તરીકે સ્વીકારી લીધા. કાલે મહારાજે એક સેવક દ્વારા કણકને પોતાના મહેલમાં બોલાવ્યા હતા. કણક મહેલમાં આવ્યા કે તરત જ મહારાજે એમને સહસા કહ્યું, 'આર્ય કણક, હું તમને એક ચતુર રાજનીતિજ્ઞ માનું છું. હું એક પ્રશ્ન પૂછું છું. સમજી વિચારીને ઉત્તર આપજો. આ મારો જ્યેષ્ઠ પુત્ર દુર્યોધન આજકાલ મને અવારનવાર કહી રહ્યો છે કે પાંડવો પાંડુના પુત્રો નથી ઉપરાંત પાંડવો દિનપ્રતિદિન શક્તિશાળી થતા જાય છે! યુવરાજ દુર્યોધનના આ કથનમાં કંઈ તથ્ય ખરું? આપનો સ્પષ્ટ અને સત્ય અભિપ્રાય મને જોઈએ.'

આર્ય કણકે મહારાજને નમીને પ્રણામ કર્યાં અને ગંભીરભાવે જવાબ આપ્યો, 'મહારાજ, આપ મારો સ્પષ્ટ અભિપ્રાય જાણવા ઇચ્છો છો, પરંતુ કદાચ આપને એ પસંદ નહિ પડે!'

'એમ કેમ કહો છો? આર્ય કણક! ધૃતરાષ્ટ્રનું હૃદય કડવું સત્ય પણ પચાવી શકે છે. એ આપ હજી સુધી જાણી શક્યા નથી?'

'એમ નથી, મહારાજ. આપ સાંભળવા ઇચ્છો છો તો સાંભળો. કોઈપણ પ્રામાણિક સેવકે સદાય પોતાના સ્વામીનું ભલું ઇચ્છવું જોઈએ. હું જે કંઈ કહું એને આપ અનુચિત કે ગેરસમજ નહિ ગણો.'

'મહારાજ, મનુષ્યે પોતાની શક્તિનો દંડ હંમેશાં ઊંચો રાખવો જોઈએ, કેમકે જેઓ દંડ ઊભો રાખીને જીવે છે એનાથી સૌ ગભરાય છે. એ માટે તમામ કાર્યદંડની સહાયતાથી જ કરવું જોઈએ. પોતાના રાજકારભારના એક પણ છિદ્રની કદી બીજાને જાણ થવા દેવી ન જોઈએ, કેમકે ગમે તે શત્રુ હંમેશાં એ છિદ્રનો લાભ લઈ લે છે. પણ શત્રુના રાજકારભારનું છિદ્ર શોધી કાઢવું જોઈએ. પસ્તાવાનો વારો આવે તે પહેલાં એ છિદ્ર દ્વારા એના પર આક્રમણ કરવું જોઈએ! મનુષ્યે હંમેશાં કાચબાની જેમ પોતાનાં અંગો સંકોરી લેવાં જોઈએ અને જરૂર પડે ત્યારે જ સંસારની ચાલબાજી જાણી લેવા માટે અત્યંત સાવધાનીથી પોતાની ડોકી બહાર કાઢી જોઈ લેવું જોઈએ! સંસારની સામે ઠાલા બેસી રહીને કેવળ બડબડાટ કરવાથી શો ફાયદો? પોતાના મૂળ સ્વરૂપની જાણ કોઈનેય થવા દેવી જોઈએ નહિ. રાજકારભાર ચલાવનાર વ્યક્તિને તો એનો અણસાર પણ આવવો જોઈએ નહિ! જરૂર પડે

તો થોડો સમય અજ્ઞાનરૂપી અંધત્વ પણ સ્વીકારી લેવું જોઈએ. જ્યારે જગતને ભસ્મીભૂત કરવાની શક્તિ એની આંખોને પ્રાપ્ત થાય તે ઘડીએ જ પોતાનું ત્રીજું નેત્ર ખોલવું જોઈએ. કાન, આંખ અને વાચા આ ત્રણ ઇન્દ્રિયોનો મનફાવે તેમ ઉપયોગ કરવો જોઈએ નહિ. આપણી ઇન્દ્રિયો આપણા વશમાં છે કે નહિ એની સભાનતા કેળવવી જોઈએ. પ્રસંગ આવે ત્યારે જ કાન, આંખ અને વાચાને બંધ કરી દેવાની શક્તિ નિયતિએ આપણને આપી છે! શત્રુ ભલે નબળો હોય તોપણ એની ઉપેક્ષા કરવી જોઈએ નહિ. તાડનો વેલો નાનો લાગે પણ કેવો સડસડાટ કરતો આકાશના ઉદર સુધી પહોંચી જાય છે! એરંડાના વૃક્ષને કદી જાયફળ ઊગતાં નથી! અગ્નિનો તણખો નાનો હોય તોપણ એની જ્વાળા ગગનને આંબી જાય છે! સાપના બચ્ચાને બચ્ચું સમજી છોડી દીધું તો એ ડંખ મારવાનું ચૂકતું નથી! તેમ શત્રુ પણ ગમે તેવો દુર્બળ અને તુચ્છ દેખાતો હોય તોપણ અંતે એની ભારે કિંમત ચૂકવવી પડે છે! આવો શત્રુ પ્રસંગ આવે વિનમ્ર ભાષા બોલી જાણે છે પણ એના શાબ્દિક પશ્ચાત્તાપ પર વિશ્વાસ મૂકી એને કદી છુટ્ટો મૂકી દેવો જોઈએ નહિ. પીડાકારી ઉન્મત્ત શત્રુને સીધો યમલોકમાં જ પહોંચાડી દેવો જોઈએ. શામ, દામ, દંડ, ભેદ એમાંથી જે શક્ય હોય તે માર્ગે શત્રુને ડામી લેવો જોઈએ. કેમકે શત્રુ થોરકાંટા જેવો જબરી છાતીનો હોય છે! એને જડમૂળથી ઉખેડી એને ઉજ્જડ ભૂમિમાં ફેંકી દઈએ તો ફરી એ એના મૂળ ધરતીમાં રોપી દેશે! એની બંને બાજુ ઊગતા વૈમનસ્યના કાંટા હારબંધ ઊગી નીકળશે! ક્રોધ આવે ત્યારે હંમેશ હસીને વાત કરવાની, પરંતુ ધાર્યું તો પોતાનું જ કરવાનું. કદી કોઈનું અપમાન નહિ કરવાનું. શત્રુ પર પ્રહાર કરીએ ત્યાં સુધી મીઠું મીઠું બોલવાનું અને પછી એથીયે વધુ મીઠાશથી વાત કરવાની! ભિખારી, નાસ્તિક અને ગુપ્તચરોને રાજ્યમાં ક્યારેય આશરો દેવો નહિ. કેમકે ભિખારી વધુ આળસુ બને, નાસ્તિકો સેંકડો વર્ષોની સમાજરચનાને છિન્નભિન્ન કરી સૌમાં નાસ્તિકભાવ જન્માવે અને ગુપ્તચરો? રાજકારભારનાં અનેક રહસ્યો શત્રુઓને જણાવી દઈ અરાજકતા ફેલાવે. જેની પ્રત્યે શંકા ન ઊઠે તેના પર શંકા કરવી, એની પરખ કરવી અને જેના પર શંકા જાય એને કદી છૂટા મૂકી દેવા નહિ. કેમકે આવા માણસો દરમાં છુપાયેલા ભયંકર સાપ જેવા હોય છે. વિશ્વાસપાત્ર ન હોય તેના પર તો ક્યારેય વિશ્વાસ મૂકવો નહિ, એટલું જ નહિ પણ વિશ્વાસપાત્ર હોય તેના પર પૂરો વિશ્વાસ મૂકવો નહિ, કારણ કે આવી જ વ્યક્તિઓ ક્યારેક ઉપર છવાયેલા પોપડાના પાતળા થર નીચે રહેલ બરફની ઊંડી ખાઈ જેવી હોય છે! એવી ખાઈ કે પૂરેપૂરા વિશ્વાસ અને ખાતરીથી પગ મૂક્યો હોય તોપણ નક્કી એ તમને ઊંડી ખાઈમાં ધકેલી દે! પોતાના અને શત્રુના રાજ્યમાં હંમેશ ગુપ્તચર નીમવા જોઈએ. માત્ર ગુપ્તચરો નીમીને જ બેસી રહેવું જોઈએ નહિ, પરંતુ આ ગુપ્તચરનું કામ પ્રામાણિક ચાલે છે કે નહિ એની તપાસ રાખવા રાજાએ પોતે જ ગુપ્તવેશે રાજ્યમાં ફરવું જોઈએ. પરપ્રાંતમાં મોકલવાના ગુપ્તચરો નાસ્તિક, અવિવાહિત અને ઓછાબોલા હોવા જોઈએ. આવા ગુપ્તચરો કોઈપણ દેવના ભય કે કુટુંબીજનોના સ્નેહને વશ થઈ પોતાના દેશની ગુપ્ત વાતો કદી ઉઘાડી નહિ પાડે. વિહાર, પ્રાર્થનાગૃહ, મદ્યપાનગૃહ, માર્ગો, તીરથ, ચૌટા, અડ્ડા અને રણભૂમિ – આ તમામ સ્થળે રાજ્યને પ્રામાણિક રહે તેવા સાહસિક ગુપ્તચરો હોવા જોઈએ. ગુપ્તચરો એ રાષ્ટ્રરૂપી ફસલથી લહેરાતાં ખેતરોનું રક્ષણ કરનારી હાલતી-ચાલતી કૂંપળો સમાન છે, એ ભૂલવું

ન જોઈએ. દરેક રાષ્ટ્ર વટવૃક્ષ સમાન હોવું જોઈએ! એ વૃક્ષ એવું હોવું જોઈએ જેના પર સુંદર ફૂલો હોય પણ ફળો ન હોય અને ફળ હોય તો વૃક્ષની ડાળીઓ પર એવા કાંટા હોવા જોઈએ કે જેથી ફળ તોડવા સુધી કોઈનાયે હાથ ક્યારેય પહોંચે નહિ અને ફળ કાચાં હોય તોપણ પાકાં જેવાં દેખાય. ભૂલમાં પણ પાકું ફળ સમજી ખાય તો એને પચાવી શકે નહિ! સારાંશ એ છે કે પોતાનું રાજ્ય ખરા અર્થમાં શું છે એની કોઈનેય જાણ થવા દેવી જોઈએ નહિ. શક્તિશાળી થયા પછી જ ધર્મની ઘોષણા કરવી જોઈએ! સત્ય એ સંપત્તિનો દાસ અને ધર્મ એ શક્તિનો દાસ! જેના હાથમાં સંપત્તિ છે એનો પ્રત્યેક શબ્દ સત્ય ગણાય છે! સત્ય ન ગણાતો હોય તો એને ગણવામાં આવે છે! અને જેની ભુજામાં બળ છે એનો ધર્મ શ્રેષ્ઠ ગણાય છે. ન ગણાતો હોય તો એને મારીમચડીને ગણવામાં આવે છે. આથી જ સત્ય એ સંપત્તિના આંગણે અને ધર્મ એ શક્તિશાળીના આંગણે હંમેશ હાથ જોડીને ઊભા રહેતા દાસ છે! જો કોઈ શત્રુ સાથે સંધિ થયા પછી આપણે નિશ્ચિંત થઈ ગયા એમ સમજી હાથ જોડી ગુપચુપ બેસી રહીએ તો સમજો આપણે સૌથી ઊંચા વૃક્ષ પર નિરાંતે ઊંઘી રહ્યા છીએ! ઉપરથી પછડાટી ખાય પછી જ એની આંખ ખૂલે છે અથવા એની કાયમની આંખ મીંચાઈ જાય છે. કેમકે સંધિ એ સંપૂર્ણ વિજય નથી! સંધિનો અર્થ શત્રુપક્ષને આપણે કંઈક દેવાનું છે એવું લખી આપેલું વચન. આથી જ સંધિ કરવાને બદલે જ્યારે શત્રુનું સૈન્ય કમજોર થતું જાય, પ્રકૃતિનો આપણને સાથ મળે, શત્રુના સૈન્યમાં રોગ ફેલાઈ ગયો હોય, અન્નપાણી ખૂટી ગયાં હોય, એમના સૈનિકોનું મનોબળ તૂટી ગયું હોય ત્યારે એને ઘેરી લેવો જોઈએ. રાજાએ જીવનમાં આ વૃત્તિ સદાય ખ્યાલમાં રાખવી જોઈએ અને એ પ્રમાણે વર્તવું જોઈએ. એ શક્ય ન હોય તો પોતાનું રાજ્ય અન્ય લાયક અને કર્તવ્યનિષ્ઠ રાજાના હાથમાં સોંપી પોતાના અંગ પર ભભૂત લગાવી વાનપ્રસ્થ સ્વીકારવો એમ ધર્મશાસ્ત્ર કહે છે! કારણ કે રાજાનું જીવન કેવળ મિષ્ટ ભોજન આરોગવા માટે, જરિયાન વસ્ત્રો અંગીકાર કરવા માટે, સોનેરી મુગટ ધારણ કરી રાજરથમાં બેસી વિહાર કરવા માટે નથી! એમને માટે તેમ જ સમગ્ર દેશ માટે બળબળતા તાપમાં રાતદિવસ ખેતરમાં મજૂરી કરી, પરસેવો પાડી ધનધાન્ય પકવતાં ખેડૂતોએ ક્યાંકથી પકડી આણેલા મજૂરો નથી! દેશના સંરક્ષણ માટે અને ચારેબાજુ પ્રતિષ્ઠા વધારવા માટે શીમળાના રૂની જેમ પોતાનું જીવન નિર્ભયપણે ન્યોછાવર કરી દેતા સૈનિકો કંઈ ગાંડા નથી! એમના લોહીના બલિદાનથી રાજ્યનો વૈભવ ઝળકે છે. એમના રક્તમાંસના ઘામાંથી જ રાજ્યનો વેલો વધે છે અને એના મધુરાં ફળોનો સ્વાદ રાજા અને પ્રજા ચાખે છે. રાજા શ્રમ અને બલિદાન પ્રત્યે નિષ્ઠાવાન ન રહી શકે તો એ રાજા શાનો? અને એનું રાજ્ય કેવું? મહારાજ, અત્યંત સમજી-વિચારીને કહ્યું છું કે આ કટુ સત્ય છે! અને સત્ય કોઈની ઇચ્છા પર નભતું નથી કે બદલી શકાતું નથી! બોલ્યા સિવાય રહી શકાયું નહિ. આપને પાછળથી એમ ન થવું જોઈએ કે અબ પછતાયે ક્યા હુએ જબ ચિડિયા ચુગ ગઈ ખેત! આપ કૌરવશ્રેષ્ઠ છો. આથી જીભની લગામ થોડી છૂટી મૂકીને મેં સત્ય હકીકત તરફ આપનું ધ્યાન દોર્યું છે. કૌરવોની સત્યપ્રિયતાની સમસ્ત આર્યવર્તમાં આણ વર્તે છે. આખરે નિર્ણય લેવાનું આપના હાથમાં છે. હું દૃઢપણે માનું છું કે કાળ અખંડ છે અને એ જ સૌનો ન્યાય કરનારો એકમેવ નિષ્પક્ષ ન્યાયાધીશ છે! મારી આ નીતિમાંથી આપ જ આપના પ્રશ્નનો ઉત્તર શોધી કાઢો.'

આર્ય કણકે ફરી નીચે નમી અભિવાદન કર્યું અને મસ્ત હાથીની જેમ ધીરગંભીરપણે ધીરે ધીરે ડગ માંડતાં, ઉત્તરીય સંકોરતાં મહેલની બહાર નીકળી ગયા.

દૂર ગંગાનદી તરફથી એક ટીટોડી ટ્રૂવે ટ્રૂવે કરતી ઊડી ગઈ. એનો કર્કશ અવાજ મારા કાનમાં અથડાયો. વિચાર આવ્યો, 'ટીટોડી કેવો પામર જીવ! પણ એનો અવાજ કેવો આર્ત અને ભેદક! વાતાવરણને ભેદી નાખે તેવો!'

મને આર્ય કણકની સલાહ ગમી ગઈ. એની સલાહ પ્રમાણે, 'શત્રુ નાનો હોય તોપણ એનો વિશ્વાસ કરવો નહિ' એ સૂત્ર મેં સ્વીકારી લીધું! આ એક જ કારણે પાંડવોને વારણાવતના વનમાં જીવતા બાળી નાખવાનો વિચાર મારા પર સવાર થઈ ગયો. માણસનું મન વરુ જેવું હોય છે! વરુ ઘેટાના બચ્ચાની ડોક મરડી નાખે ત્યારે એ બચ્ચાની લાગણી એને સ્પર્શતી નથી! આથી જ એની પૂંછડીના વાળનો ગુચ્છો કેવો ગર્વિલો અને ઉન્નત હોય છે! ઘેટાનું આવું ભરાવદાર પૂછડું કોઈએ જોયું છે! અન્યને પગ તળે કચડી નાખ્યા સિવાય જગતમાં કોઈ સત્તા પર આવી શકતું નથી. ભલેને ગમે તેટલી પ્રામાણિકતાની અને સંયમની બડાઈ મારે તોપણ!

પોતાનું સર્વસ્વ મારે ચરણે ધરી દેનાર મારા વિશ્વાસુ સહાયક પુરોચનને પાંડવોને જીવતા બાળી નાખવાની મારી તમામ યોજના મેં ખાનગીમાં જણાવી. પાંડવોનાં પાપને પચાવવાની શક્તિ અગ્નિ સિવાય કોનામાં હોય? રોજ ગુરુ દ્રોણ સમક્ષ બડબડ કરનારી પેલા કાળિયા અર્જુનની અંજીરી જીભ ધગધગતી અગ્નિશલાકામાં બળીને કાળી મેશ થઈ જશે! પેલા ઉન્મત્ત ભીમની મજબૂત લાકડીના ભારા જેવી બળવાન ભુજાઓ બળીને ખાખ થઈ જશે! આ મહારાણી બની બેઠેલી અધમ, પતિતા કુંતી આ સળગતી અગ્નિજ્વાળામાં જોતજોતામાં સ્વર્ગની મહારાણી બની જશે! જ્યારે વારણાવતના લાક્ષાગૃહમાં પુરોચન આગના ભડકા પેટાવશે ત્યારે જ છેલ્લાં પંદર વર્ષથી મારા ઉપેક્ષિત હૃદયનો ભડભડતો જ્વાળામુખી શાંત થશે! ઉપેક્ષાની ભડભડતી આગને શાંત કરવાની શક્તિ કેવળ પ્રતિશોધના અગ્નિમાં જ હોય છે! પુરોચન મારી આંખ સામે સતત રમવા લાગ્યો. મારા પ્રત્યેની વફાદારી એની ઝીણી આંખોમાં ડોકાતી હતી.

ચાર

પુરોચન મને મળીને વારણાવત વન ભણી વળ્યો. મેં એને અત્યંત સાવધાનીપૂર્વક તમામ કામ કરવાની સૂચના આપી. વનમાંના લાક્ષાગૃહને ભડકે બાળતી વખતે શ્વાસ રોકી લેવા જણાવ્યું! નહિતર શ્વાસ રૂંધવાના અવાજ માત્રથી બંધ આંખે અવાજનો લક્ષ્યવેધ કરી જાણનાર અર્જુન તને ધડથી જુદો કરી દેશે! સળગતી મશાલની ફરફરતી જ્યોત પર હાથ રાખી એણે સોગંદ લીધા કે મારી યોજનાનો સહેજ પણ અણસાર એ કોઈને આવવા નહિ દે. આવું જાનના જોખમે ભયંકર સાહસ ઉઠાવવા એ શા માટે તૈયાર થયો હશે? માત્ર અષ્ટમંત્રીમંડળમાંનો એક કુરુમંત્રી હતો એટલે? ના. સ્વાર્થ સિવાય આવું અધમ કૃત્ય કરવા કોણ તૈયાર થાય?

મેં એને વચન આપ્યું હતું કે જો આ યોજના તે સફળતાપૂર્વક પાર પાડશે તો હું એને કુરુના અમાત્યપદે નિયુક્ત કરીશ! રાજકારણમાં આવાં વચનો આપવાં જ પડે. અમારો અમાત્ય વૃષવર્મા જ જુઓને! કેવો ઘરડા ઊંટ જેવો છે! હિંમતભર્યું એકેય પગલું

ભરે જ નહિ અને પોતાના સાથીઓને પણ ભરવા દે નહિ! રાજકારણ એટલે આજીવન રણભૂમિ! એમાં વૃદ્ધોની ભરણી કરવી એટલે પ્રગતિને રૂંધવી! હું એ અમાત્યને પાણીચું દઈ દઈશ! જ્યારે જુઓ ત્યારે પાંડવો સામે ઝૂકતી વખતે એની ધ્રૂજતી ગરદન કુરુકુળને કલંક લગાડનારી છે! વૃષવર્માને સ્થાને હું પુરોચનની નિમણૂક કરીશ! ગત સત્તર વર્ષનાં અનુભવે હું શીખ્યો છું કે રાજકારણમાં ક્ષિતિજને પાર જોનાર ઉત્સાહી નવયુવાનોની તાતી જરૂર છે! મને પુરોવચન જેવા ગંભીર અને અડગ અમાત્ય જોઈએ છે!

એણે વારણાવત જવા હસ્તિનાપુર છોડ્યું ત્યારે મને ટાઢક વળી. મહેલના ગવાક્ષમાં ઊભા રહી અમાત્યને રાજમહેલની ચાર દીવાલોમાંથી રથ બહાર કાઢતાં જોયો અને મને તરત જ વિચાર આવ્યો કે ગંગાનદીએથી પાછો ફરતા કર્ણનો એને મુખ્યદ્વાર પાસે નક્કી ભેટો થવાનો! કર્ણના પ્રભાવશાળી વ્યક્તિત્વ પાસે પુરોચન પાંગળો બની જવાનો! એમાં પણ એણે પૂછ્યું તો ભારે થવાની! એટલે તરત જ મેં મારા સેવક પ્રભંજનને કર્ણને સત્વરે બોલાવી લાવવા દોડાવ્યો! કોઈને ભસ્મીભૂત કરી નાખવાની યોજનામાં કર્ણ કદી સાથ આપે નહિ! મને ખાતરી હતી કે આના કરતાં એ માતાપિતાને સાથે લઈ ચંપાનગરી ચાલ્યા જવાનું વધુ પસંદ કરશે. એનું જીવન આદર્શ ધનુર્ધારી સમું હતું! ચાપમાંથી છૂટેલાં બાણ સમું સીધું સરળ ગતિએ જનારું!

પળવારમાં પ્રભંજન દોડીને કર્ણ પાસે પહોંચી ગયો અને કુશળતાથી પુરોચન કર્ણની પ્રશ્નાવલીમાંથી સરકી ગયો! કર્ણ ન જુએ તેમ એનાથી આડો ફંટાઈને ત્યાંથી પસાર થઈ ગયો, સમુદ્રના સ્વચ્છંદી પવનની જેમ!

વારણાવતના વનમાં જઈ એ હવે તાગ, રાળ, બલ્વજ, ભુંજ અને લાખને ઘીમાં મસળીને એનાથી ચાર દીવાલોનું એક જ્વાળાગ્રસ્ત નાનકડું ઘર બાંધશે. આકર્ષક અને સુંદર! એ ઘરની છત સૂકાં વાંસની બનાવવામાં આવશે! મહારાજના આગ્રહથી નીચ પાંડવો પોતાની વ્હાલસોયી કુંતીમાતાની સાથે હવાફેર તથા વનવિહાર અર્થે વારણાવત જવાના છે. રાતે સૌ આરામ કરવા પુરોચને બાંધેલ સુંદર ઘરમાં રહેશે. આખો દિવસ ચાલીચાલીને થાકી ગયેલાં આ છ જણાં ગાઢ નિદ્રામાં ચાલ્યાં જશે! અને પછી એ નિદ્રાને પુરોચન ચિરનિદ્રામાં પલટી નાખશે. એ સૌ નિદ્રાધીન થયા પછી મધ્યરાત્રિએ મશાલથી પુરોચન એ ઘરને આગ લગાવી, બહારથી બધા દરવાજા બંધ કરી દેશે. પછી પાંડવો લાક્ષાગૃહમાંથી છટકીને ક્યાં જવાના? આગની ભડભડતી જ્વાળા સાથે સીધા સ્વર્ગલોકમાં જ ને! દરના પ્રવેશદ્વાર પાસે જ આગની જ્વાળા પેટાવીએ તો સાપ એ આગમાં તરફડી તરફડીને મરી જાય તેમ તેઓ પણ શ્વાસ રૂંધાઈ જતાં તરફડી તરફડીને બળી મરશે! તેઓ હસ્તિનાપુરમાં કુરુઓનું વૈભવી રાજ્ય ન મેળવી શક્યા પણ ખરેખર જો પાંડુપુત્રો હશે તો સ્વર્ગનું રાજ્ય મેળવશે!

જતી વખતે પુરોચનને મેં એક ખાસ સૂચના આપી હતી કે લાક્ષાગૃહ બળીને ભસ્મ થઈ જાય પછી રાખના ઢગલામાંથી પેલા ઉન્મત્ત ભીમના શબને બહાર કાઢજે. એના જમણા હાથની બળીને કાળી થઈ ગયેલી નાની આંગળીને કાપીને સાથે લેતો આવજે! હજારો શબમાંથી આ વિશાળકાય શબને કોઈપણ આસાનીથી ઓળખી કાઢે! ભીમની એ આંગળીને એક ચાંદીની ડબીમાં મૂકી, એ ડબીને હું મારા ડાબા હાથે બાંધીશ! જ્યારે મારો

ડાબો હાથ સહજભાવે છાતીને અડશે ત્યારે વનના હિંસક સિંહના ભયથી કંપી ઊઠેલા મારા કાળજાને આ ડબી હિંમત બંધાવશે કે, 'ભીમની રાખ વારણાવતના વનની ધૂળ સાથે રગદોળાઈ ગઈ છે!'

'અખાડામાં ગદાને ઘુમાવતો નિર્દયભાવે મારી પીઠ પર એની કઠોર ગદાના અસહ્ય પ્રહાર કરનાર હે ભીમ, તું શું જાણે કે જીવન પણ ગદાનો એક અખાડો જ છે! અહીં હંમેશ ગદા ઘુમાવવી પડે છે! એ રથની દોડ નથી જે નાકની સરળ ગતિએ જાય!'

સૌ કહેશે કે આ એક ક્રૂરતા છે. મારો સૌને એક જ પ્રશ્ન છે, 'દ્રોણે સહસ્ર યોદ્ધાઓમાંથી એક અર્જુનને આટલો માથે ચડાવ્યો છે. તે શું એક પ્રકારની ક્રૂરતા નથી? નાનપણમાં મારા ચાર ચાર ભાઈઓને કાંખમાં દબાવી તળાવના પાણીમાં ગૂંગળાવી નાખનાર ભીમને કોણ દયાળુ કહે? અખાડામાં વીરશ્રેષ્ઠ કર્ણને એનું કુળ પૂછી એનું હીણું દેખાડનાર કૃપાચાર્ય શું ઘાતકી નહોતા? પ્રથમ વિક્રમ વીર કર્ણની 'અંગરાજ' તરીકે જયઘોષણા કરી બીજી જ ક્ષણે 'સૂતપુત્ર, સૂતપુત્ર' કહીને અપમાનિત કરનાર નગરજનો નિર્દય નહોતાં તો બીજું શું હતાં? આ પ્રશ્નોના સમાધાનકારક ઉત્તરો કોણ આપશે? આથી જ હું કહું છું કે ગમે તેટલાં દયા, ક્ષમા, શાંતિનાં ઢોલનગારાં પીટો તોપણ દરેક માણસમાં ક્રૂરતાનો અંશ હોય જ છે! હું મારી જાતને ધન્ય ગણું છું, કારણ કે મારી ક્રૂરતા મેં ફક્ત આ પાંચ પાપી પાંડવોને ભસ્મીભૂત કરવા પૂરતી જ આચરી છે.'

અશ્વત્થામા કહેતો, 'એક દિવસ સંસાર અવશ્ય સુંદર બનશે.' એના બોલ પર મને વિશ્વાસ નથી! અને સંસાર ખરેખર સુંદર બનવાનો હોય તો હું પણ એ જ રસ્તે ડગ નથી માંડતો? પાંડવો મહારાજ પાંડુના પુત્રો નથી એમ હું દઢપણે માનું છું. આટલું જાણ્યા પછી જો હું એમને જીવતા રાખું તો હું મારા પૂજનીય-વંદનીય કાકાની ઉજ્જ્વળ કીર્તિ પર કલંક લગાડી રહ્યો છું! આથી જ તેઓને ધગધગતા અંગારામાં બાળીને શુદ્ધ કરવાનું પવિત્ર કાર્ય કરવા માટે મેં મારા મંત્રી પુરોચનને મોકલ્યો છે.

એમાં મેં ખોટું શું કર્યું?

અંતે મહારાજે મધુર શબ્દોની જાળ બિછાવીને કુંતી સહિત પાંચ પાંડવોને વારણાવત વનમાં હવાફેર માટે મોકલી આપ્યાં ખરાં! મહારાજના અંધત્વને કારણે એમને અપંગ કહેનારાઓ ક્યાં જાણે છે કે એમની જીભને આંખ ઊગી હતી! રાજકારણમાંની અનેક સમસ્યાઓને એમણે પોતાની મીઠી વાણીથી એક ચપટી વગાડતામાં જ ઉકેલી હતી એનો હું સાક્ષી છું. એ જ મધુર વાણીથી એમણે પાંડવોને હવાફેરના કેવાં રૂપાળાં બહાનાં હેઠળ વારણાવતના ગીચ વનમાં ધકેલી દીધાં હતાં!

તેમની સાચે જ હવાફેર થવાની! વિદ્વાન ઋષિઓ અને પ્રતિભાશાળી કવિઓ કહે છે ને કે પૃથ્વીની હવા કરતાં સ્વર્ગની હવા વિશેષ આરોગ્યવર્ધક હોય છે!

હવે તો પેલા પાંચ વટવૃક્ષ બળીને ખાખ થશે ત્યારે જ મારું અશાંતિથી સળગતું મન શાતા અનુભવશે! મન! મનને કેટલાક સુગંધી પુષ્પ કહે છે. કેટલાક એને ખળખળ વહેતી રમ્ય સરિતા સાથે સરખાવે છે, કેટલાક એને નિરભ્ર નીલરંગી આકાશ કહે છે તો કેટલાક વિધાતાની સતત પ્રજ્વલિત જ્યોત ગણે છે! પરંતુ પ્રતિશોધની ભાવનાથી ઉદ્દીપ્ત મન વિશે એકેય વિદ્વાન કહી શક્યા નથી! પ્રતિશોધની ભાવનાથી ઉદ્દીપ્ત મન એક

સુવાસિત પુષ્પ જેવું હોય છે! એની સુવાસ કેવી હોય છે? કોઈ મુગ્ધ રસિક એની સુવાસથી મોહાઈ એને હાથમાં લઈ સૂંઘવા જાય કે તરત જ એ ધરતી પર ઢળી પડે! એની સુવાસ વિષારી હોય છે! પ્રતિશોધગ્રસ્ત મનને નદી સાથે પણ સરખાવી શકાય! પ્રતિશોધ વેળાએ એ ધીરગંભીર શાંત પ્રવાહે વહેતી નદી નથી હોતી, એ તો ઘૂઘવતાં ભયંકર મોજાંઓથી ગર્જતી, પોતાના વિશાળ જલરાશિને દૂર દૂર સુધી ફેલાવતી અને ક્ષણે ક્ષણે રસ્તો કાપતી, સડસડાટ વહેતી એક તોફાની નદી હોય છે! પ્રતિશોધની આગમાં જલતું મન આકાશ સમું પણ હોય છે! જોકે નિર્મળ અને નિરભ્ર આકાશ સમું નહિ! ઘનઘોર વાદળોથી છવાયેલા આકાશ સમું! ક્યારેક આ ગતિમાન વાદળોમાં પૃથ્વીને ઊભી ને ઊભી ચીરી નાખવાની શક્તિ ધરાવતા વીજળીના કડાકા પણ હોય છે! પ્રતિશોધગ્રસ્ત મન એક જ્યોતિ સમાન પણ હોય છે! મંદ મંદ જલતી જ્યોતિ નહિ. મશાલની ભડભડતી પ્રચંડ જ્યોતિ સમાન...

નાનપણથી જ મારું મન દર વખતે પાંડવોની પ્રતિષ્ઠાથી સળગી ઊઠતું. ગદાયુદ્ધના વર્ગમાં અભ્યાસ કરતી વખતે ખેડૂત બળદને પીટે તેમ ભીમ મને પીટતો. પ્રતિક્ષણે એના પગ નીચે મારું રાજકમળ કચડી નાખતો. એની પાંખડીઓ છિન્નભિન્ન થઈ જતી. બચી હતી હવે કેવળ એની દાંડી! હું પણ યુવરાજ હતો, મારે પણ મન હતું, ભાવના હતી, પરંતુ મારા સ્વાભિમાનની નાજુક કળી પેલા પાશવી ભીમે પોતાના પગ તળે કેટલીય વાર છૂંદી નાખી હતી. એ છૂંદાયેલી અને ધૂળમાં રગદોળાયેલી પાંખડીઓને ભેગી કરતો દુર્યોધન આવો બની ગયો હતો. આ સત્યને સમજવાનો કોઈ પ્રયત્ન કરતું નથી. માણસને માણસ પ્રત્યે મોહમમતા જાગે પણ પાંડવો પ્રત્યે મને સહેજે જાગતી નથી. કેમ જાગે? જંગલી ડુક્કરની જેમ પેલો વંઠેલ ભીમ સૌને ઠેબે ઉડાડતો. મને પણ એણે કેટલીયે વાર ઠેબે ઉડાડ્યો હશે. સ્પર્ધાના દિવસે અખાડામાં અભિમાની ભીમે કર્ણનું કેવું અપમાન કર્યું'તું, 'તારા કુળને શોભા દેનારી ચાબુક હાથમાં લઈ ઘોડાને માલિસ કર.' કર્ણને શું એ ઘાસના તણખલા જેવો તુચ્છ સમજે છે? એ એની મંદ બુદ્ધિને લીધે જ પાંડવોના અક્કલહીન હાથીએ કૌરવ-પાંડવોમાં જાણે-અજાણ્યે ઈર્ષ્યાનો અગ્નિ ભડકાવ્યો હતો. એ મૂરખને ભાન છે કે ધારે તો નાની તુચ્છ કીડી પણ બળવાન હાથીને સ્વર્ગની વાટ દેખાડી શકે છે. એક નાનીશી ચિનગારી આસપાસ ઊગેલાં ગીચ જંગલને પણ એક ક્ષણમાં બાળીને રાખ કરી શકે છે. એક કાળું વાદળ સૂર્યમાં સહસ્ર રશ્મીને ક્ષણમાં ઢાંકી શકે છે. જગતમાં આપણે એકલા જ બળવાન નથી. નાહકનો ગર્વ શા માટે? પોતાની જાતને શક્તિશાળી માનતા ભીમને મારે બતાવી દેવું છે કે મારા એકલાથી શક્તિના બળે નહિ બને તો મારી સંપત્તિ અને બુદ્ધિના બળે પણ હું તે શક્ય કરી બતાવીશ. આથી જ પુરોચનને શક્ય એટલી બધી સૂચનાઓ આપીને મેં એને વારણાવત મોકલ્યો હતો. રાજકારભારમાં આવા કેટલાક સહાયકો રાખવા પડે છે! સહાયક વિનાનો રાજકારભાર એટલે ધડ વિનાનું મસ્તક!

પુરોચનની રાહ જોતો હું વિચારોમાં વ્યસ્ત હતો. પ્રિયતમની વાટ જોતી પ્રિયતમાની આતુરતા પણ કદાચ મારા જેટલી તીવ્ર નહિ હોય. મને શ્રદ્ધા હતી કે પુરોચન અવશ્ય કામ પાર પાડીને આવશે! મેં મારી આસપાસ ગોઠવેલા માણસો મારું અહિત કરનારા થોડા હતા!

પાંચ

શાબાશ પુરોચન! તારા રાજાનો મનોરથ તેં પૂર્ણ કર્યો! ઘડીના છઠ્ઠા ભાગમાં તેં પાઠવેલો દૂત પેલા જંગલી ભીમની બળી ગયેલી ટચલી આંગળી લઈને મારી સમક્ષ હાજર થઈ ગયો. ધન્ય છે તારી સ્વામીભક્તિને! કુરુકુળના રાજા તરીકે મારો અભિષેક થયા પછી આર્યાવર્તની સમસ્ત પવિત્ર નદીના જળની મારી હથેળીમાં ધારા થતી હતી ત્યારે મને આટલો આનંદ નહોતો થયો. આ બળી ગયેલી ટચલી આંગળીને જોઈ મારા આનંદની સીમા ન રહી. હે પુરોચન, શારીરિક બળે શક્ય ન બને તેને તેં બુદ્ધિબળે શક્ય કરી બતાવ્યું! સિંહથી પણ ન ડરનારા ભીમને તેં તણખલાની જેમ ફૂંકી માર્યો. પુરોચન પાસેથી સમાચાર લઈને આવનાર સેવકને જોતાં એક જ દૃશ્ય મારી આંખ સામે તરવરી ઊઠ્યું. પાંડવો કેવી રીતે મર્યા હશે? ઊકળતાં પાણીમાં કંદમૂળ બફાય એ રીતે? યજ્ઞના ધગધગતા હવનમાં સમિધનાં લાકડાં ભડભડ બળીને ભસ્મ થઈ જાય એ રીતે? મરતી વખતે એમના દિલમાં શું શું થયું હશે? મને ખાતરી છે કે મરતી વખતે તેઓએ ક્રોધાવેશમાં આવી મારા પર ગાળોનો વરસાદ વરસાવ્યો હશે. પોતાને રાજમાતા કહેવરાવનાર કલંકિત કુંતી શ્યામ અર્જુન જેવા પાપિયાને પોતાના બાહુમાં જકડી સદાયને માટે કાળના ઉદરમાં સમાઈ ગઈ ગઈ હશે. રે ગાંડી અબળા, આ કુરુનું સૂર્યવંશી રાજ્ય છે. કોઈપણ વારાંગના આ રાજસિંહાસનની નજીક ફરકી શકે નહિ. કાલ તું કૌરવોની રાજમાતા હતી. કુરુનો અજેય વૈભવશાળી રાજદંડ તારાં ચરણોમાં ઝૂકતો હતો. તારા પાપની કોઈને ખબર નહિ પડે એવા ખ્યાલથી તારું નિર્લજ્જ મન તારા પુત્રોના અભિષેકનાં સુખદ સ્વપ્નાં જોતું હતું. પણ આજે? આજ તું કેવળ મૃત્યુના ચરણની ધૂળ બની ગઈ છો. કેવળ ધૂળ! વારણાવતનું ઘનઘોર વન આ પાંડવોની સ્મશાનભૂમિ બની ગયું! સમસ્ત નગરજનો આ પાંડવોને સિંહ કહેતા હતા. ચાલો. સારું થયું. આ સિંહોને વનમાં જ ચિરવિશ્રાંતિ મળી ગઈ! આજથી વારણાવત એ જ મારું તીર્થક્ષેત્ર! પાંડવો ભસ્મીભૂત થઈ ગયા! મારું સદાય બળતું હૃદય પણ આજ શાંત થઈ ગયું. આ તમામ તરકટ કરનાર પુરોચન હજી સુધી કેમ પાછો ફર્યો નથી? એ પણ લાક્ષાગૃહમાં બળીને ભસ્મીભૂત તો નહિ થઈ ગયો હોય ને? મારું મન વળી વળીને એ જ કહી રહ્યું હતું કે તે પોતાની સ્વામીભક્તિ પુરવાર કરવા એણે આ જ માર્ગ સ્વેચ્છાએ સ્વીકાર્યો હશે? સ્વર્ગની વાટ પાંડવોને છેવટ સુધી દેખાડવા એ મૃત્યુલોક છોડીને કેવળ મારે કાજ એ પાંડવો સાથે ગયો હશે? જા પુરોચન, નિરાંતે જા. તારી અર્ધાંગના અને તારા કુટુંબના અન્ય સભ્યોની જવાબદારી આજથી દુર્યોધનને શિરે! તારાં પરાક્રમોના પ્રતીક રૂપે હું વહેલી તકે વારણાવતમાં અસુરમર્દનીનું એક મંદિર બાંધી એને એક તીર્થક્ષેત્ર તરીકે જાહેર કરીશ. જે દિવસે તેં રાજ્યનિષ્ઠાને ખાતર આ સુંદર સ્થાન તજ્યું તે દિવસે પ્રત્યેક વર્ષે વારણાવતમાં એક વિશાળ મેળો ભરાશે. જા. શાંતિથી જા! સૌ આ વનને તારા નામથી 'પુરોચન વન' તરીકે ઓળખશે!

છ

પુરોચન, હજી હમણાં જ પાંડવો વારણાવતમાં પહોંચી ગયાનાં સમાચાર મળ્યાં અને એટલામાં પાંડવો બળી મર્યાનાં સમાચાર લઈને દૂત આવી પહોંચ્યો? આ સેવક

ખરેખર તારા જેવો જ પ્રામાણિક અને આજ્ઞાંકિત છે. આથી જ દુર્યોધનની છાતી હંમેશાં ગર્વથી ફૂલેલી રહે છે. તું જીવતો પાછો આવ્યો હોત તો મુખ્ય દ્વારે જ તને હરખથી ભેટ્યો હોત. તારી સ્વામીભક્તિ તારા પ્રત્યેક કાર્યમાં પુરવાર થઈ છે. આ દુર્યોધન પ્રત્યેના પ્રેમને કારણે એક ચંચળ મૃગલીને તેં એનાં પાંચ બચ્ચાં સાથે બાળીને ખાખ કરી નાખ્યાં, એટલું જ નહિ પણ તેં તારા રાજાને સુખદ સમાચાર દૂત સાથે પાઠવી દીધાં. પાંચાલ દેશની યુવરાજ્ઞી યાજ્ઞસેનાના સ્વયંવરનાં સમાચાર લઈ તારો સેવક રાજનગરમાં આવ્યો ત્યારે મારા હૃદયમાં આનંદ સમાતો નહોતો! પાંચાલની યુવરાજ્ઞી યાજ્ઞસેના! દ્રુપદ રાજાની રૂપગર્વિલી કન્યા દ્રૌપદી! મેં સાંભળ્યું હતું કે એનાં અંગોમાંથી સુગંધ ઝરતી હતી. યાજ્ઞસેના એ સુગંધની બોલતી ચાલતી એક કૂપી! વર્ણ સહેજ શ્યામ. શ્યામવર્ણી પણ સુગંધીદાર ચંપાના ફૂલ સમી તે દેખાતી હતી! દ્રુપદ રાજાએ સંતતિ અર્થે કરેલા મહાયજ્ઞમાંથી તે ઉત્પન્ન થઈ હતી. હું એને સ્વયંવરમાં જીતીશ. દ્રુપદના શક્તિશાળી રાજ્ય સાથે કુરુઓનો લોહીનો સંબંધ બંધાશે. દ્રૌપદી જેવું રત્ન હસ્તિનાપુરના રાજમુગટ સિવાય બીજે ક્યાં શોભવાનું હતું? પુરોચન પોતે આ સમાચાર લઈને આવ્યો હોત તો મેં એને મારા ગળામાંનો પોખરાજનો હાર ભેટ આપ્યો હોત!

કર્ણ જેવો નિષ્ઠાવાન મિત્ર, દ્રૌપદી જેવી અર્ધાંગના, દુ:શાસન જેવા શક્તિશાળી નવાણું ભાઈઓ, દુ:શાલી જેવી બહેન, શકુનિમામા જેવા કુશળ રાજનીતિજ્ઞ અને પુરોચન જેવા વફાદાર મંત્રી, મારે ખાતર પ્રાણ દેવા સદૈવ તત્પર એવા સેંકડો-હજારો સૈનિકો હોય પછી કૌરવોનો રાજદંડ આર્યાવર્તમાં હિમાલયની જેમ હંમેશા ઉન્નત જ રહેવાનો! હું મારી શક્તિશાળી ભુજાઓથી એને હંમેશ ઊંચો રાખીશ.

મારું આ એક સુખદ સ્વપ્ન હતું! પ્રત્યેક માનવ કોઈ ને કોઈ પ્રકારના સુખદ સ્વપ્નમાં રહે છે. હું પણ ઝઝૂમવાનો જ. સદાય પ્રયત્નશીલ રહેવાનો. સતત ઝઝૂમવું એ જ જીવનનો સાર છે! પોતાની કલ્પનાને સાકાર કરવી હોત તો નિરંતર, અવિરત, અખંડ પ્રયત્ન કરતા જ રહેવું જોઈએ. એના પર જ રાજ્ય નભતું હોય છે!

મારા માર્ગમાંથી પાંડવોનો એક મોટો કાંટો હંમેશને માટે દૂર થઈ ગયો હતો. પાંડવો ગયા. હવે એને યાદ શા માટે કરવા? સ્મૃતિ પણ હૃદયને કર્તવ્યશૂન્ય કરી મૂકે. એ પાંડવોની ત્રયોદશી નિમિત્તે જલદીથી મોટો ભોજન સમારંભ ગોઠવી એમનાં મૃત્યુ પર રાજમુદ્રા અંકિત કરવાનું મેં નક્કી કર્યું છે! રડવાનું નાટક મને નહિ ફાવે. આથી એ કામ મેં શકુનિમામાને સોંપ્યું છે. નગરજનો ભોજન લેશે અને તૃપ્તિના ઓડકાર સાથે પાંડવોને પણ ભૂલી જશે. રાજાએ હંમેશાં આવું વર્તન કરવું પડે છે. રાજાનું જીવન તીરમાંથી છૂટીને સોંસરવા જતા બાણ જેવું નથી હોતું. ક્યારેક તે ગદાની જેમ ગોળગોળ ફરે છે, ક્યારેક તલવારની જેમ આમતેમ વીંઝાય છે તો ક્યારેક ભુશુંડીની જેમ પથ્થર પર ફેંકાય છે!

રાજાનો માર્ગ સત્ય નક્કી નથી કરતો, રાજા નક્કી કરે એ જ સાચો માર્ગ. એને જ નગરજનોએ સ્વીકારવો પડે છે!

પાંડવોનાં મૃત્યુનાં સમાચાર શકુનિમામાએ કર્ણને આપ્યાં. મને હતું કે તે આ

સમાચાર સાંભળી ખુશ થઈ જશે! પરંતુ એ અવાચક થઈ ગયો. 'પાંડવો ગયા' એ સાંભળતાં જ પોતાનું મસ્તક હથેળીમાં દાબી તત્ક્ષણ નીચે બેસી પડ્યો, 'એમને કોણે મારી નાખ્યા? આ પાંચ વીરોને મારનાર કોણ બળવાન યોદ્ધા ફૂટી નીકળ્યો? રાજમાતા કુંતીદેવી તો સુરક્ષિત છે ને?' એણે મામા પર પ્રશ્નોની ઝડી વરસાવી. મામાએ ઠંડે કલેજે જવાબ આપ્યો, 'તેઓ વારણાવત વનમાં લાગેલી આગની દુર્ઘટનામાં બળીને ભસ્મ થઈ ગયાં! રાજમાતા કુંતીદેવી બચવા જોઈતાં હતાં, પરંતુ વિધાતા પાસે કોનું ચાલે?'

આ સાંભળીને તે સૂનમૂન થઈ ગયો. છેવટે કંટાળીને શકુનિમામા એના મહેલમાંથી ચૂપચાપ જતા રહ્યા. ગવાક્ષમાંથી તે એકીટશે ગંગાનદી તરફ કેવળ જોઈ રહ્યો!

સાંજે હું પોતે એને મળવા ગયો, પરંતુ શોણે મને કહ્યું કે, 'હું ચંપાનગરી જાઉં છું' એટલું કહીને તેઓ કોઈનેય ખબર કર્યા વગર એકલા ચાલ્યા ગયા છે!

પંદર દિવસ સુધી એને મળવાનું શક્ય નહિ બને. જોકે હસ્તિનાપુર પાછો જરૂર આવશે. ન આવ્યો તો? મારા મનમાં શંકા જાગી.

સાત

પુષ્કળ નગરજનો પાંડવોની ઉત્તરક્રિયાનું જમણ જમ્યાં. મેં જાતે જ સૌને પાંચ જાતનાં પકવાનો આગ્રહ કરીને પીરસ્યાં હતાં. 'પાંડવો ગયા' એમ બોલતાવેંત કેટલાંક ગળગળાં થઈ ગયાં, કેટલાંક રડી પડ્યાં. કેટલાંક રાજમાતા કુંતીના ભીંતચિત્ર સામે આળોટવા લાગ્યાં. સાચે જ હસ્તિનાપુરની પ્રજા કેવી અંધશ્રદ્ધાળુ, ભોળી અને વ્યક્તિપૂજક છે! કોઈક મરે એટલે તરત રડવા માંડે! મને ઘણી વાર શંકા થાય છે કે આ ગંગાનદી હિમાલયનો બરફ પીગળીને નથી બની પણ આવા નિર્બળ મનના રોતલ માણસોનાં આંસુની જ બની લાગે છે! રડવાથી કે છાતી કૂટવાથી શું મરેલું માણસ પાછું આવવાનું છે? પણ આ લોકોને સમજાવે કોણ? સૌ રડતાં હતાં. જનસમુદાય મૂર્ખ હોય છે એ ખોટું નથી!'

આ પ્રસંગે શકુનિમામા કેટલા બુદ્ધિશાળી અને કુશળ છે એનો મને એક વધુ અનુભવ થયો. મેં એમને મારા સલાહકાર ગણ્યા હતા પણ આજે તો એના પર રાજમુદ્રાની મહોર લાગી ગઈ.

ભોજન નિમિત્ત ઉપસ્થિત રહેલાં સર્વ નગરજનોને 'પાંડવો ગયા' એમ કહેતાં ઉત્તરીયથી આંસુ લૂછતાં શકુનિમામાએ અફસોસ પ્રકટ કરતાં કહ્યું, 'તમારું અને અમારું સૌનું કેવું કમભાગ્ય કે પાંડવોનાં મૃત શરીર અગ્નિસંસ્કાર માટે આપણા હાથમાં પણ આવ્યાં નહિ! એ પુણ્યાત્માઓ જાણે આપણા પામર હાથે અંત્યેષ્ટિ સંસ્કાર લેવા ઇચ્છતા નહિ હોય!' મામાના આ કપટી ઉદ્ગારોમાં સૌને હૃદયની સાચી લાગણી દેખાઈ! 'એમના આત્માને શાંતિ મળે એ માટે જ આ ભોજન ગોઠવ્યું છે. તમે સૌ અંગીકાર નહિ કરો તો આત્માને શાંતિ નહિ મળે.' મામાની આ વાણીએ સૌને ભાવવિવશ કરી દીધાં. મામા મારું જીવતુંજાગતું બસ્તિક બાણ! ગમે ત્યાં મારો. અસફળ જાય જ નહિ. મૂળ બહાર આવી જાય તોપણ બાણ નિશાનને વળગેલું જ હોય.

સૌથી છેલ્લે અમે સૌ કૌરવ જમવા બેઠા. મામા પણ સાથે હતા. હજી હાથમાં કોળિયો હતો ત્યાં એક દૂત હાંફતો હાંફતો અવિશ્વસનીય સમાચાર લઈને આવ્યો. શ્વાસ

નીચે બેસતાં તેણે ત્રૂટક સ્વરે કહ્યું, 'મહારાજ, દક્ષિણ પાંચાલના રાજ્યમાં કોઈ બ્રાહ્મણ પુત્રે હિડિંબ... અને બકાસુર આ અજેય... નરમાંસ ભક્ષક રાક્ષસોને દ્વન્દ્વયુદ્ધમાં કેવળ મુષ્ટિપ્રહારથી જાનથી મારી નાખ્યા છે!' આ સમાચાર સાંભળતાં જ શું ભીમ હજી જીવે છે? એવી શંકા મનમાં સળવળી અને કોળિયો અધ્ધર રહી ગયો! તે જીવલેણ શંકાને એક ઝાટકે દૂર ધકેલી લીધી. કેમકે શંકા ધરો જેવી હોય છે. એક વાર મૂળ પકડે પછી એને વધતાં વાર ન લાગે. છેવટે એ ગીચ જંગલમાં રૂપાંતર પામે. બાવડે બાંધલી ચાંદીની ડબીનો સ્પર્શ થતાં મન શાંત થઈ ગયું! પુરોચને મોકલેલી બળી ગયેલી ભીમની ટચલી આંગળી આ ડબીમાં હતી! હું સ્વસ્થ થઈ ગયો. તે દિવસે પેટભરીને જમ્યો! લટકામાં કેસરવાળું સુગંધી પાન પણ ખાધું!

આઠ

ગમે તેવી જબરી છાતીનો પણ અંતે તો હું માણસ હતો ને! 'મેં જે કંઈ કર્યું એ યોગ્ય હતું?' આ પ્રશ્નના ઘા મારા હૃદય પર ઝીંકાતા અને હું મૂંઝાઈ જતો. મનુષ્ય બુદ્ધિ અને સંપત્તિના જોરે જગતને છેતરી શકે છે પણ મનને? એને છેતરવું મુશ્કેલ છે. પ્રત્યેક વ્યક્તિના સાચા વ્યક્તિત્વનું પ્રતિબિંબ એના મનના દર્પણમાં સ્પષ્ટ ઝિલાય છે. પ્રત્યેક વ્યક્તિ એકાંતમાં પોતાનાં વિવિધ રૂપો આ દર્પણમાં જોયાં કરે છે. ક્યારેક આ રૂપ આકર્ષક અને અભિમાન લેવા જેવું લાગે છે, પરંતુ મોટેભાગે તો આ રૂપ વરવું જ હોય છે. નજરથી દૂર રહે તો સારું એવું થાય. ખરાબ કામ કરવા માટે શરૂમાં અહંકારમાંથી, સાહસવૃત્તિમાંથી અને કુતૂહલવશતામાંથી જન્મતો આવેશભર્યો ઉત્સાહ દરેક વ્યક્તિમાં જાગે છે, પણ આવેગમાં આવી જઈ ખરાબ કામ કરી લીધાં પછી તીર લાગતાં પશુ આશ્રય શોધવા અહીંતહીં ફાંફાં મારે તેમ જીવનભર એ વ્યર્થ ફાંફાં મારે છે. સારું નસીબ હોય તો વળી આશરો મળી જાય.

પાંડવોને જીવતાં બાળી નાખીને મેં શું મેળવ્યું? કુરુવંશના યુવરાજને અને ભીષ્મ પિતામહના સ્વજનને આ શું શોભાસ્પદ હતું? આવા અનેક પ્રશ્નો મારા મનમાં ઘૂંટાવા લાગ્યા. આ રાજ્ય અને આ સંપત્તિ આજ સુધી કોણ પોતાની સાથે લઈ ગયું છે? આ દિગ્વિજયી કુરુવંશમાં અનેક રાજાઓ થઈ ગયા. એમણે યુદ્ધો કર્યાં, અશ્વમેધના અશ્વો સમસ્ત આર્યાવર્તમાં ફેરવ્યા, અખૂટ સંપત્તિનો યથેચ્છ ઉપભોગ કર્યો, પરંતુ જેમ માટીના રમકડાંથી રમતો બાળક રમકડાં વહાલાં હોય તોપણ રમીને ફેંકી દે છે અને સ્વસ્થ થઈને ચાલ્યો જાય છે તેમ આ રાજાઓ પણ આવ્યા અને ગયા! ક્યાં ગયા? ક્યાંથી આવ્યા હતા? એમના અવશેષ રૂપે શું બચ્યું છે? કેવળ સ્મૃતિ! સારી-નરસી, છીછરી-ઊંડી, પ્રેરણાત્મક અને શરમજનક! ભવિષ્યમાં મારી પાછળ પણ આવી જ સ્મૃતિઓ રહેવાની! કેવી હશે એ સ્મૃતિઓ? પાંડવોને મેં જ બાળી નખાવ્યા એની કોઈને ખબર પડી તો...? અરેરે! કંઈ સૂઝતું નથી. વાંકાચૂકા વળ ખાતો વીંછી અંતે ગુસ્સામાં આવીને પોતાની પીઠ પર પોતે જ ડંખ મારે તેમ મારા જ વિચારોના ડંખ મારા મનને ડંસી રહ્યા હતા. મન અસ્થિર થઈ ગયું. પાંચે ભાઈઓના હસતા ચહેરા આંખ સામે દેખાવા લાગ્યા. મન વ્યાકુળ થઈ ગયું! મન! ખરેખર માણસને મન જ ન હોત તો? તો કદાચ તે વધુ સુખી હોત! શું એ સંભવ

છે? મન વિનાનો માનવી એટલે દંડ વિનાની ગદા! ના. મન વિનાનું જીવન અધૂરું ગણાતું હોય તો એમાં શું થઈ ગયું? આટલી મથામણ તો ન હોત! અનેક પરસ્પર વિરોધી વિચારોએ મને મૂંઝવી માર્યો. આવે વખતે એક જ વ્યક્તિ મારા હૃદયમાં આશાનું તેજસ્વી કિરણ પાથરી દેતી અને તે અશ્વત્થામા! કર્ણ સાથે તે હંમેશ મહેલમાં આવતો. એને કર્ણ સાથે જોઉં ત્યારે એક વિશાળ નદીકાંઠે વસેલાં એક સુંદર મંદિરને જોતો હોઉં તેવું લાગતું. કર્ણ એના હૃષ્ટપુષ્ટ અને તેજસ્વી સોનેરી શરીરને લીધે નદી જેવો લાગતો અને અશ્વત્થામા એના શાંત અને સૌમ્ય ચહેરાને કારણે મંદિર સમો લાગતો!

પાંડવોની સ્મૃતિએ મને વિચારતો કરી મૂક્યો. જીવન એટલે શું? આ પ્રશ્ન વારંવાર ઊઠવા લાગ્યો. મેં અશ્વત્થામાને પૂછ્યું, 'ગુરુપુત્ર, જીવન એટલે શું?' એણે શાંતચિત્તે જવાબ આપ્યો, 'રાજન્, આ પ્રશ્નને અનેક રીતે વિચારી શકાય. તારા જેવા કુરુવંશના વીરને છાજે તેવી ભાષામાં કહું તો જીવન એટલે મ્યાનમાં રહેલી તલવાર!'

'મ્યાનમાં રહેલી તલવાર! કેવી રીતે?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'હા. રાજન્, માનવશરીર મ્યાન જેવું છે. તેનું મન મ્યાનમાં રહેલી તલવારની તીક્ષ્ણ ધાર સમાન છે!'

'વાહ! અશ્વત્થામા, જીવન વિશેની તારી કલ્પના સરસ છે!'

'નહિ, રાજા! આ કલ્પના હજી અધૂરી છે.'

'શી અધૂરપ છે એમાં?'

'આ જીવનરૂપી તલવારનો આત્મા એક મૂઠ છે!'

'આત્મા એ તલવારની મૂઠ?'

'હા. આત્મા એ જીવનરૂપી તલવારની મૂઠ છે. માનો તો આ મૂઠને તલવાર અને મ્યાન સાથે સંબંધ છે અને નથી પણ. મૂઠ ન હોય તો તલવાર શી રીતે ચલાવશો? એના વિના મ્યાનની શોભા શું? આત્મા વિના શરીરનું અને મનનું પણ તેમ જ છે. આત્મા સિવાય ન શરીરનું મહત્ત્વ ન મનનું!'

'અશ્વત્થામા, શરીર નાશ પામ્યા પછી આત્માની શી ગતિ થાય છે?' તારી કલ્પનાને આધારે પૂછું તો મ્યાન નાશ પામ્યા પછી મૂઠની શી દશા થાય છે?' મારા હૃદયમાંથી પાંડવોની સ્મૃતિ હજી પણ ખસતી નહોતી.

'રાજન્, તું ભૂલે છે. મ્યાનનો નાશ થવાથી મૂઠની અવદશા થતી નથી. ખરી રીતે જોઈએ તો મૂઠ મ્યાનમાં હોય છે? હોય તો તે ફળ સ્વરૂપે જ. એવી રીતે મન દ્વારા આત્માનું કાર્ય શરીરમાં થતું હોય છે. માનો તો કાર્ય થાય છે અને નથી પણ થતું. ટૂંકમાં કહીએ તો આત્મા સાપ સમાન છે!'

'આત્મા સાપ સમાન? કેવી નવાઈની વાત કરે છે, ગુરુપુત્ર! આત્મા સાપ જેવો! કઈ રીતે હોઈ શકે?'

'હા. સાપ જેમ એક કાંચળી ઉતારી બીજી કાંચળી ધારણ કરે છે તેમ આત્મા એક દેહ છોડી બીજો દેહ ધારણ કરે છે.' અશ્વત્થામાએ અત્યંત શાંતચિત્તે કહ્યું. એની વિશાળ કાળી આંખોમાં આત્મવિશ્વાસની લકીર હતી. જાણે આંખોથી કહેતો હતો કે, 'વિસ્મયથી ન જો. હું તને જે કહું છું તે સત્ય કહું છું.'

મારી જિજ્ઞાસા વધી. આ પ્રશ્નનો ઉત્તર આપતાં એ અવશ્ય મારી પકડમાં આવી જવાનો એમ માની મેં બીજો પ્રશ્ન પૂછ્યો, 'અશ્વત્થામા, આત્માને સાપની ઉપમા દેનાર તું ખરેખર બુદ્ધિશાળી અને વિચારશીલ છો. તેં કહ્યું ને કે આત્મા એક દેહ છોડી બીજો દેહ ધારણ કરે છે. એનો અર્થ એ થયો કે પુનર્જન્મ છે?'

'હા, રાજન્. અત્યારે હું તને મારી સામે જોઈ રહ્યો છું. એ જેટલું સત્ય છે એટલું જ એ સત્ય છે કે આત્માને પુનર્જન્મ છે, કેમકે માનવદેહમાં રહેલો ચૈતન્ય આત્મા અજર-અમર છે.'

'પેલા ભીમે પુનર્જન્મ લીધો હશે તો?' આ એક વિચાર માત્રથી મારી છાતીમાં ભયંકર શૂળ ઊપડી. જેમતેમ સ્વસ્થ થઈને મેં પૂછ્યું, 'આ પુનર્જન્મનું સૂત્ર ક્યાં સુધી ચાલશે? આ જગતનો અંત ક્યારે આવશે?'

'રાજન્, સમુદ્રનાં મોજાં જોયાં છે? એને ગણી શકાય?' એ ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે એ કોઈ કહી શકશે? પુનર્જન્મનું પણ તેમ જ છે.'

'તો પછી અંતે આ જગતનું શું થશે?'

'રાજન્, "અંત" શબ્દ તારા મગજમાંથી ભૂંસી નાખ. કેમકે કાળને આદિ અને અંત નથી. કાળ અખંડ છે. જેને કાળની અખંડતા સમજાય એને જ કેવળ આત્માની અનંતતા અને અમરતા સમજાય. પૃથ્વી પરનાં પશુ, પંખી, વૃક્ષ, વેલી, માનવ આદિ જીવપ્રાણી માત્રનો આત્મા અમર છે.'

'આત્માનો દેહ સાથે આવો સહજ સંબંધ છે છતાં મનુષ્ય પાપ શા માટે કરે છે?'

'વાહ! રાજન્, તેં ખરેખર સરસ પ્રશ્ન પૂછ્યો, પહેલાં પાપ એટલે શું તે નક્કી કરવું જોઈએ. પાપ એટલે આત્માનું અધમ પ્રાકટ્ય. જ્યારે માનવ પોતાના દેહની ભીતરમાંના એક શાશ્વત સ્વરની મનના સ્વર સાથે સંવાદિતા જાળવતો નથી ત્યારે વિસંવાદિતાનું એક નિકૃષ્ટ પ્રકટીકરણ થાય છે. એને જ સૌ "પાપ" કહે છે.'

'તો એનો ઉપભોગ એ પાપ છે?'

'ના. એમ હોય તો મનુષ્યને પાંચ ઇન્દ્રિયો જ મળી ન હોત! ઉપભોગ એ પાપ નથી. ઉપભોગની અમર્યાદ આસક્તિ એ અવશ્ય પાપ છે! આ આસક્તિમાંથી જ વિદ્રોહ અને યુદ્ધ ફાટી નીકળે છે. વ્યાધિ અને વિસંગતિઓ વધે છે!'

'આ સર્વવિનાશક આસક્તિનાં બંધનમાંથી જગત ક્યારે મુક્ત થશે?'

'કંઈ કહી શકાય નહિ. આપણે આ ચર્ચા જીવનની યુવાવસ્થાના તીર્થક્ષેત્ર પર બેસીને કરી રહ્યા છીએ! હજી ઘણા રસ્તા વટાવવાના છે. આપણી સાનુકૂળતા માટે કાળને કેદ કરવા જઈએ તો કરોડો વર્ષો વીતી જાય અને એ જ માનવને માટે આત્માના પરીઘમાં પ્રવેશવાનો મંગલ દિન હશે! મારા જેવા અસંખ્ય પાગલો આ દિવસની આશામાં જીવન વિતાવે છે!'

'કેમ કર્ણ, સાચી વાત ને?' બાજુમાં બેઠેલા કર્ણને એણે પૂછ્યું. અમારી લાંબા સમયથી ચાલતી ચર્ચાને એ ચૂપચાપ સાંભળી રહ્યો હતો. કોઈ ગહન વિચારોમાં એ ખોવાયેલો હતો. આથી અશ્વત્થામાએ શું પૂછ્યું એને એનો ખ્યાલ ન રહ્યો. અશ્વત્થામાએ કર્ણના ભરાવદાર જમણા ખભા પર પોતાનો હાથ દબાવ્યો ત્યારે એ એની વિચારતંદ્રામાંથી

જાગ્યો ત્યારે જ એને ખ્યાલ આવ્યો કે અશ્વત્થામા તેને કશુંક પૂછી રહ્યો છે. એણે એની સામે જોઈને કહ્યું, 'અશ્વત્થામા, તું બહુ મોટો તત્ત્વચિંતક છો!'

'નહિ, કર્ણ, દરેક મનુષ્ય પોતાની રીતે તત્ત્વચિંતક હોય જ છે. તું પણ છો જ ને!'

એણે પ્રત્યુત્તર દીધો નહિ. કેવળ સ્મિત કર્યું. સ્મિતની એક લકીર એના ગોળમટોળ ચહેરા પર થઈ ગાલ વાટે કાન સુધી ફરી વળી. પવનની મંદ લહેરથી જાસવંતીનાં રક્તવર્ણાં ફૂલોની પીળી દાંડીઓ હળવેકથી ડોલવા લાગે તેમ એ સ્મિતની લકીરથી એના કાનના માંસલ કુંડળો અચાનક લયાત્મકતાથી ડોલવા લાગ્યાં!'

દુગ્ધપાન કર્યા પછી કર્ણ અને અશ્વત્થામા મહેલમાંથી ગયા. અશ્વત્થામાના કેટલાક વિચારો મારા મનના પ્રાંગણમાં સામસામે બે શત્રુની જેમ એકમેક પર ઘૂરકિયા કરવા લાગ્યા. 'હું તને જોઉં છું એ જેટલું સત્ય છે એટલું જ સત્ય છે માનવનો પુનર્જન્મ!' 'માનવ પોતાના દેહના શાશ્વત સ્વર સાથે દંભ આચરે છે ત્યારે જ પાપ પ્રગટે છે.' 'પુનર્જન્મ... પાપ... ભીમ... આત્મા... સાપ... આસક્તિ' શબ્દો જાણે ચટકા ભરવા લાગ્યા. જીવ ગભરાવા લાગ્યો. મનને શાતા વળે એ માટે હું અટારીમાં આવ્યો. કર્ણ અને અશ્વત્થામા રાજમહેલનાં પગથિયાં ઊતરીને મધ્યસ્થ સિંહમૂર્તિ સુધી પહોંચી ગયા હતા. અટારીમાંથી તેઓ સ્પષ્ટ દેખાતા હતા. બંને વાતોમાં મગ્ન હતા. એટલામાં સામેથી યુવરાજ્ઞી – દુઃશલાનો – મારી બહેનનો વિશાળ રથ મુખ્ય દ્વારેથી અંદર પ્રવેશ્યો અને જોતજોતામાં બંનેની સામે ઊભો રહ્યો. રથમાંથી દુઃશલા નીચે ઊતરી. બંનેએ એને પ્રણામ કર્યાં. અશ્વત્થામા ગુરુપત્ર હોઈ એની સાથે એણે કંઈક વાત કરી. વાત કરતાં તે વારંવાર કર્ણ સામે જોઈ લેતી હતી. કર્ણ ચૂપચાપ ઊભો હતો! અશ્વત્થામાએ વિદાય લીધી અને બંને મુખ્ય દ્વારેથી અદૃશ્ય થઈ ગયા.

હું વિચારમાં પડી ગયો. યુવારાજ્ઞી દુઃશલા રાજરથમાં બેસી સાંજને સમયે ક્યાં ગઈ હશે? એકાએક મને યાદ આવ્યું કે પૂર્ણિમા હોવાથી ઉમા-મહેશ્વરના મંદિરે દેવદર્શન કરવાં ગઈ હશે.

મેં સામે દૃષ્ટિ કરી. દૂર પશ્ચિમની ક્ષિતિજે સૂર્ય અસ્ત થઈ રહ્યો હતો. એનાં લાંબાં સૌમ્ય કિરણો રાજમહેલનાં ઊંચાં શિખરોને સ્પર્શી રહ્યાં હતાં. એ તેજવર્તુળને બે ઘડી એકીટશે જોઈ રહ્યો. પછી મને થયું કે આ જ તેજના ધગધગતા રસને મળતો-ઝૂલતો કોઈ પદાર્થ મારી આસપાસ સદાય ઘૂમી રહ્યો છે. ઘણો વિચાર કર્યો પણ એ પદાર્થ કયો હશે તે હું નક્કી કરી શક્યો નહિ. અંતે થાકીને મેં વિચાર કરવાનું છોડી દીધું.

નવ

તે રાત્રે મેં અશ્વત્થામાના તત્ત્વજ્ઞાન સંબંધી ખૂબ વિચાર કર્યો પણ કોઈ સમાધાનકારક રસ્તો સાંપડ્યો નહિ! એનું તત્ત્વજ્ઞાન ભલે મોહક હોય પણ પ્રત્યક્ષ જીવનમાં એનું આચરણ અસંભવ હતું. આત્માનો વિચાર કરવાનો કોને સમય છે! અને તત્ત્વજ્ઞાન એ માત્ર શ્રુતિનો વિષય છે. એનું આચરણ અશક્ય. સવારે પથારીમાંથી ઊઠતાંવેંત મને એક વાતની તીવ્ર અનુભૂતિ થઈ. અશ્વત્થામાના વિચારો પર નિરર્થક ચિંતન કરીને નાહકનો હું દુઃખી થાઉં છું. એ કહેતો હતો કે જે દિવસે માણસ આસક્તિનાં બંધનમાંથી છૂટ્યો એ એનો સૌભાગ્યનો

દિવસ! હું એ બંધનફંદન કંઈ જ જાણતો નથી! એ કહે છે કે કાળ અખંડ છે. એના ખંડિત કે અખંડિત કાળ સાથે મારે કોઈ જ નિસ્બત નથી. કાળ સંબંધી મારા મનમાં એક જ કાળની માહિતી છે અને તે કેવળ વર્તમાન! ઇન્દ્રનો શક્તિશાળી સારથિ માતલી પોતાના રથને કેવો ભગાવે છે તેમ હું પણ આ એક જ વર્તમાનની ચાબુક હાથમાં લઈને કાળને ભગાવીશ. હું દુર્યોધન છું! કૌરવોનો યુવરાજ છું! કાળનો મહિમા ગાનાર હું બ્રાહ્મણકુમાર નથી. હું અશ્વત્થામા નથી. તરત જ મેં દ્રૌપદીના સ્વયંવરમાં ઉપસ્થિત રહેવા પાંચાલની રાજનગરી કાંપલ્ય જવાનું નક્કી કર્યું. દ્રુપદ રાજાનું આમંત્રણ પ્રાતઃકાળના શુભ બ્રાહ્મ મુહૂર્તે આવ્યું હતું. સાથે કર્ણને લઈ જવાનું ઉચિત રહેશે. જરૂર પડે જાનના જોખમે એ મારી રક્ષા કરશે. મારા ભાઈ દુઃશાસન અને દુર્મુખ બંનેને હું સાથે લઈ જઈશ. શૂરવીર હોય તે તત્ત્વજ્ઞાનનાં ટૂંપણાં કર્યાં કરે. હું સ્વયંવરની શરતમાં પાંચાલીને જીતીને એને હસ્તિનાપુર લાવવા ઇચ્છતો હતો. ભીષ્મ પિતામહે કાશી રાજ્યમાંથી અમારી માતામહને-મહારાણી અંબિકાને જીતી લાવીને પોતાને માટે નહિ, પરંતુ અમારા પૂજનીય પિતામહને – વિચિત્રવર્યને અર્પણ કરી હતી. એવો પ્રસંગ આવશે તો અંગરાજ કર્ણ એ પાંચાલની સુગંધી યાજ્ઞસેનાને જીતીને મને અર્પણ કરી દેશે. કેમકે હું સારી રીતે જાણું છું કે ભીષ્મ પિતામહનો જન્મ કેવળ કુરુ માટે હતો એમ જ, એથીયે આગળ વધીને દૃઢતાથી કહું તો કર્ણનો જન્મ દુર્યોધન માટે જ હતો!

'કર્ણ મારે માટે શું શું કરશે?' એ પ્રશ્ન હું મારી જાતને પૂછું છું ત્યારે એ શું નહિ કરે? એવો પ્રતિપ્રશ્ન મને ઉત્તર રૂપે મળતો!'

જીવન એક અનિવાર્ય, અવિચળ સમજૂતી છે! મેં એને અંગદેશનું સ્વતંત્ર રાજ્ય આપ્યું હતું! એની યૌવન સહજ ઋજુ લાગણીને ઠેસ ન લાગે એ રીતે મેં જાણી લીધું કે એને વૃષાલી પ્રત્યે પ્રેમ છે અને મેં એનાં લગ્ન વૃષાલી સાથે કરાવી દીધાં! આ બધું એ જાણે છે એટલે જ મને સંપૂર્ણ વિશ્વાસ હતો કે એ મારે માટે બધું જ કરી છૂટશે!

દસ

યાજ્ઞસેનાના સ્વયંવરમાં જવાનો મેં નિર્ણય કર્યો, પરંતુ સ્વયંવર માટે દ્રુપદ રાજાએ મૂકેલી આકરી શરત સાંભળતાં જ મારું મન ડામાડોળ થઈ ગયું. યાજ્ઞસેના કુરુની મહારાણી બને એ મારી તીવ્ર ઇચ્છા હોવા છતાં આ વિચિત્ર શરતને પૂરી કરવામાં કોઈ વિઘ્ન તો નહિ આવે ને? શંકાથી હું વિહ્વળ બની ગયો. એ શંકા મેં કર્ણને જણાવી. કારણ દ્રુપદની પ્રતિજ્ઞાને અનાયાસે પૂરી કરી શકે એવી બે ધનુર્ધારી વ્યક્તિ આર્યાવર્તમાં છે. એક કર્ણ અને બીજો અર્જુન. અર્જુન અત્યારે સ્વર્ગમાં કોઈ અપ્સરાના સ્વયંવરની તૈયારી કરતો હશે. બાકી રહ્યો કર્ણ! એ એક જ ધનુર્ધારી હતો અને તે દુર્યોધનનો પ્રાણપ્રિય મિત્ર હતો. કુરુની રાજધાનીમાં હસ્તિનાપુરમાં એ હતો. મારા સેવક પ્રભંજનને આદેશ આપીને મેં કર્ણને બોલાવ્યો.

મહેલમાં પ્રવેશતાં જ એણે વિસ્મયથી પૂછ્યું, 'રાજન્, આજે કવેળાએ મને યાદ કરવો પડ્યો?'

'વેળા-કવેળા આપણે જ નક્કી કરીએ છીએ ને? વેળા સૌને સુલભ હોય છે. કવેળાને સુલભ કરી જાણે એ જ ખરો યોદ્ધો! એના હાથમાં મેં દ્રુપદની આમંત્રણપત્રિકા મૂકી. એણે નીલી તેજસ્વી આંખો આમંત્રણના ભૂર્જપત્ર પર ઠેરવી. એની ધનુષ્યાકાર વિશાળ સોનેરી વક્ર ભમર અચાનક ચડાવી! વિશાળ ભાલ પર ઝીણી રેખા વંકાઈ. ક્ષણમાં ભરાવદાર ગરદન ઊંચી કરીને તે બોલ્યો, 'આ સ્વયંવરનું આમંત્રણ છે. મને થયું કે કોઈ રાજકીય વિકટ પ્રશ્ન ઊભો થયો હશે એટલે મને બોલાવ્યો હશે!'

'કર્ણ, એકપણ રાજકીય વિકટ પ્રશ્ન આ સ્વયંવર જેટલો વિકટ નહિ હોય. આ સ્વયંવર જ મારું, આપણા સૌનું કુરુનું જીવન પલટી નાખશે.'

'કેવી રીતે? એક સ્ત્રીને લીધે કુરુનું જીવન પલટાઈ જાય? સિંહાસન ડગમગી ઊઠે? હું નથી માનતો. પછી ભલેને એ રૂપસુંદરી રમણી કેમ ન હોય! એના આરક્ષકો ગમે તેટલા શક્તિશાળી કેમ ન હોય!'

'કર્ણ, નહિ. આ સામાન્ય સ્ત્રી નથી. દ્રુપદ રાજાને સાક્ષાત્ યજ્ઞકુંડળમાંથી પ્રાપ્ત થયેલી અગ્નિકન્યા યાજ્ઞસેના છે. એનાં સર્વ અંગોમાંથી ચંપાના ફૂલ જેવી સુગંધ પ્રસરે છે. તે જન્મજાત સુગંધની કૂંપી છે. તારાં કુંડળ જન્મજાત છે ને તેમ!'

'એમાં શું થઈ ગયું? એ કુરુનું જીવન કેવી રીતે પલટાવી નાખવાની?'

'જો એ મહારાણી બની... મારી પત્ની બની આ હસ્તિનાપુરમાં આવી તો આ પ્રાચીન રાજવૈભવ પર ચાર ચાંદ લાગી જાય. હું જીવનમાં સ્વર્ગનો આનંદ મેળવું. યાજ્ઞસેના મારી બને એ જ મારા જીવનની મહત્ત્વાકાંક્ષા છે.'

'એનેય તારાથી અધિક ભાગ્યશાળી જીવનસાથી ક્યાં મળવાનો? કુરુની મહારાણી થવાનું કઈ સ્ત્રીને ન ગમે? સ્વયંવરમાં જવામાં કોઈ હરકત નથી. યોદ્ધાના મનમાં જે ઊગે તેને કદી અધૂરેથી છાંડી દેવાય નહિ!'

'કર્ણ, હું જાણું છું પણ યાજ્ઞસેનાના સ્વયંવર માટે એના પિતાએ લીધેલી પ્રતિજ્ઞા સાંભળીને તું પણ દિગ્મૂઢ થઈ જઈશ.'

'એવી તે કેવી પ્રતિજ્ઞા છે?'

'સાંભળ. પાંચાલની કાંપિલ્યનગરી રાજધાનીમાં પોતાના મહેલની સામેના પટાંગણમાં દ્રુપદ રાજાએ એક વિશાળ મંડપ ઊભો કર્યો છે. એ મંડપની બરોબર મધ્યભાગમાં પથ્થરની પાળ બાંધી તળાવ તૈયાર કર્યું છે. એ તળાવમાં ગંગા અને ઇક્ષુમતી જેવી પવિત્ર નદીના સંગમનું નિર્મળ પાણી ઠાલવવામાં આવ્યું છે. તળાવની મધ્યમાં પ્રતિબિંબ દેખાય એ રીતે એક વર્તુળાકાર ગતિમાન મત્સ્યયંત્ર મંડપની છતમાં લટકાવવામાં આવ્યું છે. એ મત્સ્યયંત્રમાં કાષ્ટની માછળીની ગોળગોળ ફરતી આંખના નીચેના તળાવમાં પડતાં પ્રતિબિંબને જોઈ સૂચી બાણથી લક્ષ્યવેધ કરવાનો છે અને એ પણ ત્યાં મૂકેલા ભારે વજનદાર સાક્ષાત્ શિવધનુષ્યથી!'

'એમાં શી મોટી વાત છે, રાજન્?'

'તારે માટે કંઈ જ કઠીન નથી! લક્ષ્ય વગર કેવળ અવાજ પરથી પક્ષીની આંખ વીંધી નાખનારો તું સર્વશ્રેષ્ઠ ધનુર્ધર છો પણ મારા જેવા ગદાવીર માટે તે બિલકુલ અશક્ય છે.'

'એથી તું સ્વયંવરમાં નહિ જાય?'

'તું ના કહીશ તો મારે એમ જ કરવું પડશે.'

'મારી ના સાથે એને શો સંબંધ?'

'કર્ણ, હું જાણું છું કે આ કઠીન શરત તું અને અર્જુન સિવાય આર્યાવર્તમાં અન્ય કોઈ જીતી શકે એમ નથી. અર્જુને તો હવે સંસારમાંથી સદાયને માટે વિદાય લીધી છે! હવે તારે જ આ શરત જીતવી રહી.'

'હું? રાજન્, હું સૂતપુત્ર છું એ તું ભૂલી ગયો? એક ક્ષત્રિયકન્યા શું મને વરમાળા પહેરાવવા તૈયાર થશે ખરી? અને વૃષાલીથી અધિક સુંદર સ્ત્રી અન્ય કોઈ હોય એ હું માનવા તૈયાર નથી!'

'કર્ણ, તું યાજ્ઞસેનાને જીતી લે! તને કોણ ના કહે છે. જોઉં તો ખરો. તારે માટે નહિ પણ મારે માટે તું એને જીત...'

'તારે માટે તું જે કહીશ તે કરીશ. ભીષ્મ પિતામહે કાશીરાજની કન્યા જીતીને પિતામહને વિચિત્રવર્યને અર્પણ કરી હતી તેમ હું યાજ્ઞસેના તારે ચરણે ધરી દઈશ. પણ એક શરત છે...'

'કઈ શરત? બોલ! તું કહે તે પહેલાં મંજૂર છે.'

'હું આ શરતમાં સૌથી છેલ્લે ભાગ લઈશ અને વિજયી થયા પછી તારે મારી એક ઇચ્છા પૂરી કરવી પડશે.'

'બોલ, તારી શું ઇચ્છા છે?'

'હું જે ગામમાં જન્મ્યો-ઊછર્યો તે ચંપાનગરી સદ્ભાગ્યે અંગદેશમાં આવે છે. હું મારી જન્મભૂમિને રાજનગરીની માન્યતા આપવા ઇચ્છું છું. એ નગરીના પુનર્વસનની ઘોષણા તારે કાંપિલ્યનગરીમાં જ કરવાની.'

'કર્ણ, ધન્ય છે તને! અરે, યાજ્ઞસેનાના બદલામાં તેં આ સઘળું કુરુવંશનું રાજ્ય માગ્યું હોત તોપણ તને આપી દેત. તેં તો ફક્ત માગ્યું ચંપાનગરીનું પુનર્વસન! ખરેખર, કર્ણ, તું નિઃસ્વાર્થ પ્રેમનું દિવ્ય પ્રતીક છો!'

હું એને ભેટી પડ્યો. એ ગદ્ગદ થઈ ગયો. મારો હાથ હાથમાં લઈ એણે સ્નેહથી થપથપાવ્યો.

ઓહ, કર્ણ કોણ હતો? મારી સમજમાં બેસતું નહોતું.

'આજે સાંજે જ આપણે સ્વયંવર માટે પ્રયાણ કરીએ. સત્યસેન જેવો સારથિ આપણને ચપટી વગાડતાંમાં કાંપિલ્યનગરી પહોંચાડી દેશે.' મેં એને કહ્યું.

'ભલે. હું એને પ્રવાસની તૈયારી કરવાનું કહી દઉં છું.' એ ઊઠ્યો અને ધીમે ધીમે ડગ ભરતો વનરાજ સિંહની જેમ મહેલમાંથી ચાલી ગયો.

અગિયાર

હું કર્ણ સાથે કાંપિલ્યનગરીમાં આવ્યો. મારી સાથે દુઃશાસન, નિષંગી, અગ્રયાયીન દુર્વિમોચન, વિકર્ણ, અયોબાહૂ, વિવિત્સૂ, વિકટ, ક્રથ, દંડધાર વગેરે દસ નાના ભાઈઓ હતા. સ્વયંવર એ નિર્વિઘ્ને પતી જતી વિધિ નથી. એ માટે ક્યારેક લડાઈ પણ થઈ જાય.

આથી જ મેં મારા દસ ભાઈઓને મદદ માટે સાથે લીધા હતા, પરંતુ સૌથી વધુ વિશ્વાસ મને કર્ણ પર હતો. મારી ઇચ્છા પૂરી કરવા એ વિક્રમ વીર પોતાના પ્રાણ હોમી દેવા પણ તૈયાર થઈ જતો. આથી જ હું એને આગ્રહ કરીને પાંચાલની રાજનગરીમાં લઈ આવ્યો હતો. કુરુ વતી અંગરાજ કર્ણ મત્સ્યવેધ કરનાર હતો! અમે શરત જીતવાના હતા. અમારી સાથે અશ્વત્થામા અને શકુનિમામા પણ હતા. સોળ વર્ષનો કર્ણપુત્ર સુદામન પણ જીદ કરીને સાથે આવ્યો હતો.

કાંપિલ્યનગરની સીમા પાસે લગભગ ગંગાના સંગમ પાસે પાંચાલના અમાત્ય વીરબાહુ અને દ્રુપદ મહારાજે અમારું સૌનું હાર્દિક સ્વાગત કર્યું. દ્રુપદના પુત્ર યુવરાજ ધૃષ્ટદ્યુમ્ન નજીક આવીને દુઃશાસનને ભેટ્યો. કર્ણની ઓળખાણ કરાવતાં કહ્યું, 'આ અંગરાજ કર્ણ!' કર્ણે પોતાના ગુલાબી હાથોથી એને નમસ્કાર કર્યા. ધૃષ્ટદ્યુમ્ન એના કાનનાં કુંડળને બે ઘડી એકીટશે જોઈ રહ્યો. પછી હસતાં હસતાં સહજભાવે કહે, 'એને કોણ નહિ ઓળખતું હોય? હસ્તિનાપુરમાં અવાજથી લક્ષ્યવેધ કરતાં એને અમે સૌએ નજરે જોયા છે! એ અવસર અને એ દિવસ જિંદગીમાં કદી નહિ ભૂલું.'

ધૃષ્ટદ્યુમ્નના બોલ સાહજિક હતા. અમે સૌ ખુશ થઈ ગયા. એનું શરીરસૌષ્ઠવ મોહક હતું. ફૂલોથી મહોરી ઊઠેલા મહુડાના વૃક્ષ જેવો એનો દેહ હતો! અણિયાળી દાઢી! તાંબાવર્ણો ગૌર વાન. એના ચહેરાને યાજ્ઞસેનાના ચહેરા સાથે મનોમન સરખાવી જોયો. યાજ્ઞસેના સિવાય મારું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નહોતું.

અમે નગરમાં પ્રવેશ્યા. પોતાના દેશની પ્રિય રાજકુંવરીના સ્વયંવર માટે નગરજનોએ ઊલટથી આખા નગરને શણગાર્યું હતું. ઠેકઠેકાણે ધજાપતાકા અને આસોપાલવનાં તોરણ બાંધ્યાં હતાં. નગરના તમામ ચોક રંગબેરંગી ફૂલોથી સજાવ્યા હતા. અનેક સ્થળે પાણીના કૃત્રિમ ફુવારા ગોઠવ્યા હતા. દરેકનાં આંગણાં કેસરમિશ્રિત જળથી લીંપીને સુંદર આલેખેલી રંગોળીઓથી શોભતાં હતાં. ઢોલ, નગરાં, મૃદંગના અવાજોથી વાતાવરણ ગાજી ઊઠ્યું હતું.

નગરજનો અમારાં દર્શનાર્થે બે હાથ જોડીને ઊભાં હતાં. તેઓ કુરુના વૈભવશાળી અને પરાક્રમી કુળનો ઉત્સાહપૂર્વક જયઘોષ કરતાં હતાં. પહેલી વાર આટલું સુંદર વાતાવરણ મેં આ નગરમાં જોયું! અનેક મેડીઓની ઊંચી અટારીએ નગરની સ્ત્રીઓની ભીડ મચી હતી. કેટલીક સ્ત્રીઓ અમારા રથ તરફ આંગળી ચીંધીને અન્યને દર્શાવતી હતી. મારા રથમાં હું, દુઃશાસન અને કર્ણ – ત્રણ જ હતા. અન્ય સૌ રથની પાછળ હતા. થોડી વારે મને જાણવા મળ્યું કે કર્ણના અપ્રતિમ સૌંદર્યના દુંદુભિના સૂર ઠેઠ પાંચાલ રાજ્ય સુધી પહોંચી ગયા હતા. દૂર દેખાતા કર્ણને જોવા સ્ત્રીઓ આતુર હતી. એ બિચારાને તો કંઈ જ ખબર નહોતી! અત્યંત સરળભાવે એ મારી જમણી બાજુએ ઊભો હતો. એના અંગ પરનું સોનેરી ઉત્તરીય સૂર્યના પ્રકાશમાં ઝગમગી રહ્યું હતું. મેં એને સહજભાવે કહ્યું, 'કર્ણ, તારે સ્વયંવરમાં ભાગ લેવાનો છે. એટલે રથની પાસે ઊભા રહેવાને બદલે અંદર જા અને ધનુર્વિદ્યાનું ચિંતન કર!'

એણે મારી સલાહ માની અને તે અંદર ગયો. આથી અનેક સ્ત્રીઓ નિરાશ થઈ ગઈ! મને તેઓની મૂર્ખતા પર હસવું આવ્યું. એક સૂતપુત્ર જોવા તેઓ આટલી બહાવરી કેમ થતી હતી? ખરેખર તો તેઓએ મારાં દર્શન કરવાં જોઈએ! નહિતર દુઃશાસનના. કેમકે

મેં ધાર્યું હોત તો મારા રથના સારથિ તરીકે સત્યસેનની જગ્યાએ કર્ણને બેસાડ્યો હોત! ગમે તે કહો એનો વંશપરંપરાગત વ્યવસાય તો સારથિ-કર્ણનો જ ને!

સૂર્યોદયની સાથે અમે પાંચાલના સુશોભિત રાજમહેલની નજીક આવી પહોંચ્યા. સ્વયંવરનો વિશાળ મંડપ દેખાયો. એ મંડપની આસપાસ જનસમુદાયની અકલ્પનીય ભીડ હતી.

'આવો, કુરુશ્રેષ્ઠ યુવરાજ! નગરજનો માટે આજે આ બીજો અવસર છે. એમના ઉત્સાહની સીમા નથી. પાંચાલના અમાત્ય વીરબાહુએ મને રથમાંથી નીચે ઉતારતાં જણાવ્યું.

'આટલા ભારે ઉત્સાહથી બીજા કોનું સ્વાગત કર્યું?' મેં અમાત્યને પૂછ્યું.

'મથુરાના યાદવશ્રેષ્ઠ શ્રીકૃષ્ણનું! આજે જ તેઓ આવ્યા છે.'

'શ્રીકૃષ્ણ? શ્રીકૃષ્ણ સ્વયંવરમાં ભાગ લેવાના છે કે શું, અમાત્ય?' મેં ભયભીત શંકાથી પૂછ્યું. 'એ તો હું કેમ કહી શકું? ભાગ નહિ જ લે એમ કેમ કહી શકાય?'

'આ સિવાય બીજા કોણ કોણ આવ્યા છે?'

'મહારાજ ભોજ, સૌબલ, સહદેવ, શલ્ય, શિશુપાલ, વિરાટ, સુકેતુ, ચિત્રાયુધ, જરાસંધ, ચેકિતાન, ભગદત્ત વગેરે આવ્યા છે. ભૂરિશ્રર્વા, સુષેણ, દઢધન્વા, સોમદત્ત, વૃષક, બૃહદબલ, બૃહત્, મણિમાન, દણ્ડધાર, મેઘસંધી, શંક, સુશર્મા, સેનાબિંદુ, સત્યધૃતિ, સૂર્યધ્વજ, રોચમાન, સુદક્ષિણ, રુકૃમરથ, શિબી, શ્રીકૃષ્ણ પુત્ર પ્રદ્યુમ્ન, સાત્યકિ, સિંધુધિપતિ, જયદ્રથ જેવા અનેક વીરો, રાજામહારાજા આવ્યા છે. અમે વાટ જોતા હતા ફક્ત હસ્તિનાપુરના અધિપતિની.'

મારો હાથ પકડીને એ મને મંડપ તરફના એક રાજભવનમાં લઈ ગયા. સ્વયંવર અપરાહ્ન[1] કાલ પછી એક ઘટિકાએ શરૂ થવાનો હતો. ત્યાં સુધી હું, કર્ણ, અશ્વત્થામા, શકુનિમામા સૌ ભોજન કરી થોડી વાર આરામ કરવાના હતા. અમારો પ્રવાસ તો જોજનનો હતો. અમારાં અંગ પરનાં રાજવસ્ત્રો ધૂળથી ખરડાયેલાં હતાં. અશ્વો થાક્યા હતા.

સ્વયંવરની બાબતમાં હું નિશ્ચિત હતો, કેમકે અસંખ્ય આમંત્રિત રાજાઓ પૈકી કોઈ રાજા ધનુર્ધર નહોતા. તેઓ યોદ્ધા હતા. દ્રુપદ રાજાની આકરી શરત કર્ણ સિવાય કોઈ જ પૂરી કરવા સમર્થ નહોતું. એ જ સૌને અવાક્ કરી દેવાનો હતો. અને આ શરતમાં જિતાયેલી શ્યામલ દ્રૌપદીને એ મારાં ચરણોમાં મિત્રભાવે અર્પણ કરવાનો હતો. કારણ મેં એને આજ સુધીમાં એવું દઢપણે ઠસાવી દીધું હતું કે જીવન પણ એક તડજોડ છે.

જો કંઈક અઘટિત બને તો જ પાંચાલી અમારા હાથમાં ન આવે. મારા મનને ખૂણે એક જ શંકા જાગતી હતી. તે કેવળ એક જ વ્યક્તિને લીધે અને તે શ્રીકૃષ્ણ!

બાર

અંતે અઘટિત ઘટના બનીને જ રહી! સ્વયંવર નિમિત્તે બનેલી અનેક ઘટનાઓનાં અનિવાર્ય બાણોથી વીંધાયેલા હૃદય સાથે હું હસ્તિનાપુર પાછો ફર્યો. મને હવે સમજાઈ ગયું હતું કે જીવન એ જ એક સુંદર સ્વયંવર છે! પ્રત્યેક વ્યક્તિ આ સ્વયંવરમાં ભારે

૧. બપોર પછીનો સમય.

ઉત્સાહથી ભાગ લે છે. ઘણી વાર કાળ એવી આકરી શરત મૂકી દે છે કે સ્વયંવરમાં કોઈ એને જીતી શકતું નથી. એથી ક્યારેક દુર્દશા જીવલેણ બની જાય છે! અનેક વ્યક્તિઓ ધૈર્યવાન, બુદ્ધિવાન અને પરાક્રમી હોય તોપણ તેઓ આવી શરતને પૂર્ણ કરી શકતા નથી. હું નહિ, અશ્વત્થામા નહિ, કર્ણ નહિ, કોઈ જ નહિ.

પાંચાલીના સ્વયંવરની કેવળ સ્મૃતિઓથી મારું મન જાતજાતની લાગણીઓથી વ્યાકુળ બની જતું. કોઈ મારી પાસે આવીને કાળ અને કિસ્મતની વાત કરે એ મને જરાય ગમતું નહિ. જીવનમાં મેં કેવળ કર્તવ્યને જ પ્રાધાન્ય આપ્યું હતું, પરંતુ કર્તવ્ય નિસ્તેજ થઈ જાય ત્યારે મને કાળનું મહત્ત્વ સમજાતું.

માનવ પુરુષાર્થનાં નગારાં ગમે તેટલાં વગાડે, પોતાના હાથમાં કર્તવ્યની ધજા લઈ ગમે તેટલો નીચે તોપણ અંતે તો વિશાળ અને અનંત આકાશની સરખામણીમાં એ વામણો અને અપૂર્ણ જ લાગવાનો. અપૂર્ણતા એ જ જીવનનો સ્થાયીભાવ છે. એનો દૃઢ અનુભવ મને પાંચાલીના સ્વયંવર પ્રસંગે થયો.

એનો સ્વયંવર પ્રસંગ પાર પડ્યો. એના કોમળ હાથ સાથે મારું પાણિગ્રહણ થયું નહિ. એના પાણિગ્રહણ માટે લંબાયેલા મારા પુષ્ટ હાથ પર કઠોર નિયતિએ ધગધગતા સત્યનો સળગતો અંગારો મૂકી દીધો હતો! આજે પણ સ્વયંવરના પ્રસંગને યાદ કરું છું ને મારી મતિ મૂંઝાઈ જાય છે. એવું લાગે છે કે જાણે જીવન એ રહસ્યમય સુરંગ છે! હું સ્વયંવરમાં ન જ ગયો હોત તો સારું થાત... અનેક અસહ્ય અને કટુ સત્યનો બોજ મારી છાતી પર ન આવત. કારણ એ સ્વયંવરમાં મને સૌથી ભયંકર આઘાત આપ્યો હોય તો તે પાંડવોના અસ્તિત્વે. 'પાંડવો જીવિત છે'નું અસહ્ય સત્ય રાક્ષસનું વિકરાળ રૂપ લઈ મારી છાતી પર થૈ થૈ નાચતું હતું.

એના પગ તળે મારી મહત્ત્વાકાંક્ષાને કચડી નાખતું હતું. એ સ્વયંવરને ભૂલવા ઘણા પ્રયત્ન કર્યા છતાં આપણી અપ્રિય વ્યક્તિ અવારનવાર આપણી પાસે આવી ખબરઅંતર પૂછીને હેરાન કરે તેમ આ પ્રસંગ મારી આંખ સામે અવારનવાર આવીને મને ત્રસ્ત કરી રહ્યો હતો. શરત માટે મૂકેલ મત્સ્યયંત્ર નજર સામે ઘૂમવા લાગતું!

સ્વયંવરના દિવસે પાંચાલની રાજનગરીમાં પ્રવેશતાં જ અમને મિષ્ટ પકવાનો ખાવા મળ્યાં. પછી અમે વામકુક્ષિ માટે રાજભવનના પલંગોમાં આડા પડ્યા. થોડી વારે કર્ણ જાગ્યો. અંગ પરનું ઉત્તરીય સંકોરતો તે ભવન બહાર નીકળ્યો. હું હજી તંદ્રામાં હતો તોપણ મેં એને પૂછ્યું, 'કર્ણ, સ્વયંવર હમણાં શરૂ થશે અને અત્યારે તું ક્યાં જાય છે?'

'વેળા સૌને સુલભ હોય છે, કવેળા સુલભ કરી બતાવે એ જ ખરો યોદ્ધો!' મારું તત્ત્વજ્ઞાન એણે મને પાછું વાળ્યું.

'સારું. જા. પણ જલદી પાછો આવજે. કારણ...'

'કારણ શું?'

'કારણ તું નગરમાં જ્યાં જ્યાં જઈશ ત્યાં તને જોવા સ્ત્રીઓની ભીડ જામશે!'

'પણ હું નગરમાં નથી જતો!' એણે મંદ મંદ હસતાં જણાવ્યું.

'તો પછી ક્યાં? ગંગાકિનારે?' એ ગમે ત્યાં જાય પણ એક નદીકિનારો અને બીજું નિર્મળ આકાશ – એ બે પર એને અત્યંત લગાવ રહેતો.

'નહીં. અહીં જ. રાજમહેલના અન્ય ભવનમાં.' એણે ડોક હલાવતાં કહ્યું.

'કોના? ધૃષ્ટદ્યુમ્નના કે અમાત્યના? મને લાગે છે કે તું સ્વયંવરની ઝીણવટભરી માહિતી મેળવવા જાય છે?'

'નહિ રાજન્, હું જાઉં છું શ્રીકૃષ્ણને મળવા! થોડી વાર પહેલાં જ મેં અમાત્ય જોડે એમને સંદેશો પાઠવ્યો છે.'

'શ્રીકૃષ્ણને મળવા તારે ત્યાં જવાની શી જરૂર છે? અમાત્ય દ્વારા આપણે એને અહીં બોલાવી લઈએ!' પલંગ પરથી હું સફાળો ઊભો થયો અને નિદ્રાધીન દુઃશાસનના ખભા હલબલાવી કહ્યું, 'દુઃશાસન ઊઠ અને પાંચાલ દેશના અમાત્યને બોલાવ.'

કર્ણે તરત જ મારી પાસે આવીને મારો હાથ પકડતાં કહ્યું, 'ના. એને સૂવા દે. હું અડધા કલાકમાં પાછો આવું છું. શ્રીકૃષ્ણને અહીં બોલાવવા એ અવિનય છે! હું જ ત્યાં જઈશ.'

પોતાને માટે કોઈને ત્રાસ દેવાનું એના સ્વભાવમાં નથી.

'સારું જા. પણ જલદી આવજે!' હું એનું મન દુભવી શકતો નહિ. છતાં શ્રીકૃષ્ણને મળવા એ ગયો એ મને રુચ્યું નહિ. શ્રીકૃષ્ણ વિશે મારો અભિપ્રાય સારો નહોતો. કેમકે એનો વાન અર્જુન જેવો શ્યામ હતો. એને જોતાં જ મને અર્જુનની યાદ આવતી!

અડધો કલાક આરામ કરીને અમે ઊઠ્યા ત્યાં કર્ણ શ્રીકૃષ્ણને મળીને પાછો આવ્યો. એના ચહેરા પર ઉલ્લાસ અને આનંદ વર્તાતા હતા. રાજમહેલની સામેના મંડપમાં એકત્રિત થયેલા નગરજનોના ઉત્સાહનો શોરબકોર અમને સ્પષ્ટપણે સંભળાતો હતો. હું, શકુનિમામા, અશ્વત્થામા, દુઃશાસન વગેરે રાજવસ્ત્રોમાં તૈયાર થયા. કર્ણ વસ્ત્રાગારમાં વસ્ત્રો બદલતો હતો! થોડી વારે તે બહાર આવ્યો. એનાં અંગ પર નીલરંગના અધરીય પર પીત રંગનું ઉત્તરીય શોભતું હતું! ખરેખર તો ઉત્તરીય કરતાં એની ત્વચાનો રંગ વધુ દીપતો હતો! વસ્ત્રાગારમાંથી બહાર આવતો કર્ણ ગુફામાંથી બહાર આવતાં સિંહ જેવો દેખાતો હતો. એના ચહેરા પર સૂર્યકિરણો પરાવર્તિત થઈને વાતાવરણમાં ભળી જતાં હતાં. મારી સામે જોઈ એણે સ્મિત કર્યું. એના સુંદર જમણા ગાલમાં ખંજન પડ્યા. આટલાં સુંદર ખંજન મેં ભાગ્યે જ એના ગાલમાં જોયા હશે. એનો સોનેરી ગોળમટોળ ચહેરો મને હંમેશ ખીલી ઊઠેલા સૂર્યમુખીના ફૂલ જેવો લાગતો. એની પાછળ એનો પુત્ર સુદામન પણ વસ્ત્રાગારમાંથી બહાર નીકળ્યો. ઘણી ના કહી છતાં એ જીદ કરીને ભેગો થયો હતો!

એટલામાં એક સેવકે આવી શિર ઝુકાવતાં મને કહ્યું, 'મહારાજ, અમાત્યે આપને આદરપૂર્વક આમંત્રણ પાઠવ્યું છે! મંડપમાં સૌ નરેશ આપની પ્રતીક્ષા કરી રહ્યા છે!'

હું, કર્ણ, શકુનિમામા, અશ્વત્થામા, કર્ણપુત્ર સુદામન અને દુઃશાસન તથા દસ ભાઈઓ સૌ ભવનમાંથી બહાર નીકળ્યા. જતી વખતે મેં કર્ણને યાદ દેવડાવ્યું, 'મારો સમસ્ત ભાર એક તારા પર છે! જોજે... આ અતિ કઠીન ભાર છે.'

એ હસ્યો. એની સોનેરી દંતકળી ચમકી ઊઠી. ચાલતી વખતે કોઈકનો ધક્કો લાગતાં એનાં કાનનાં સુંદર કુંડળ લયાત્મક રીતે ડોલી ઊઠ્યાં.

અમે સ્વયંવર મંડપમાં પહોંચ્યા. કોઈએ મોટેથી ઘોષણા કરી, 'હસ્તિનાપુરના અધિપતિ કૌરવશ્રેષ્ઠ ધૃતરાષ્ટ્ર પુત્ર યુવરાજ દુ...ર્યો...ધ...ન...!'

દ્રુપદપુત્ર યુવરાજ ધૃષ્ટદ્યુમ્ન અમારી પાસે હસતાં હસતાં આવ્યો. એણે મારો હાથ પ્રેમપૂર્વક પોતાના હાથમાં લઈ અમને અમારા આસને બેસાડવાની શરૂઆત કરી. સર્વ આમંત્રિત રાજા અને યોદ્ધાઓ આદરમાન દેવા ઊભા થયા. મારી છાતી ગર્વથી ગજગજ ફૂલતી હતી. કુરુની પ્રતિષ્ઠાને સૌ નરેશ ઊભા થઈ જાણે માન્યતા આપી રહ્યા હતા. અમે સૌ આસનસ્થ થયા. ત્યાર પછી મંડપમાં અન્ય સૌ નરેશ પણ બેઠા. મારા આસનની સામે એક આસન હજી પણ ખાલી હતું. અન્ય તમામ આસનો ભરાઈ ગયાં હતાં. મેં ધૃષ્ટદ્યુમ્નને ઉત્સુકતાથી પૂછ્યું, 'આ સામેનું આસન કોનું છે? હજી સુધી એ ખાલી કેમ છે?'

એ આસન તરફ જોતાં એણે જણાવ્યું, 'એ આસન પુરાશે નહિ ત્યાં સુધી સ્વયંવરનો પ્રારંભ નહિ થાય, કેમકે એ આસન શ્રીકૃષ્ણનું છે!'

ત્યાં 'મથુરાધિપતિ યાદવકુલોત્પન્ન વસુદેવપુત્ર ભગવાન શ્રીકૃષ્ણનો...'ની ઘોષણા મંડપમાં ગાજી ઊઠી. પ્રવેશદ્વારેથી શ્યામ વર્ણના શ્રીકૃષ્ણ પ્રવેશી રહ્યા હતા! એમની સાથે એમના ભાઈ બલરામ, પુત્ર પ્રદ્યુમ્ન, રુક્મ્રથ, ઉદ્ધવ, સાત્યકિ વગેરે હતા. મંડપના સૌ નરેશ જ નહિ પણ પુરોહિત સહિત મંડપમાં બેઠેલી રાજસ્ત્રીઓ વગેરે સૌ આદરભાવથી ઊભાં થયાં! મારી બાજુમાં બેઠેલા કર્ણ, અશ્વત્થામા, શકુનિમામા, દુઃશાસન વગેરે પણ ઊભા થયા. આ કાળા શ્રીકૃષ્ણને આટલું બધું માન વળી શાનું દેવાનું? પગમાં કંઈક અટવાયું હોય અનેં એને છોડવામાં ગૂંથાયેલો છું એવો ડોળ કરતો હું આસન પરથી સહેજે ખસ્યો નહિ! પણ વાંકી નજરે હું સૌને જોતો હતો. શ્રીકૃષ્ણે હાથ ઊંચો કરી સૌને બેસવા સંકેત કર્યો પણ કોઈ બેઠું નહિ! અંતે તેઓ મારી સામેના આસન પર આસનસ્થ થયા છતાં સૌ ઊભા જ રહ્યા હતા! ફરી તેઓ ઊભા થયા અને મંદ મંદ હસતાં જમણો હાથ ઊંચો કરી ધીરગંભીર અવાજે બોલ્યા, 'આમંત્રિત નરેશો, બેસો! યુવરાજ ધૃષ્ટદ્યુમ્ન હવે પોતાની બહેન યુવરાજ્ઞી-યાજ્ઞસેનાના સ્વયંવરનો પ્રારંભ કરશે!' સૌ કઠપૂતળીની જેમ આસન પર બેસી ગયા. શ્રીકૃષ્ણે મારી તરફ જોયું. મેં આંખ ફેરવી લીધી! મારે એની સામે જોવું જ નહોતું. નદીકિનારે ટ્રૂવે, ટ્રૂવે કરતી ટીટોડીનો કર્કશ અવાજ કાનમાં ખૂંચે તેમ એનાં દર્શન માત્રથી અર્જુનની યાદ મારા હૃદયમાં ખૂંચતી હતી. છાતીમાં એક અજ્ઞાત પીડા ઊઠતી. ભીમની ગદા મારી આસપાસ ફરતી હોય એવો મને ભાસ થતો.

મંડપમાં મેં ચારેતરફ આંખ ફેરવી, આર્યાવર્તના નાના-મોટા સૌ રાજાઓ ઉપસ્થિત હતા. દ્રૌપદીની સુગંધે સૌના પર ગજબની મોહિની લગાડી હતી! મગધાધિપતિ જરાસંઘ, મદ્રાધિપતિ શલ્ય, સિંધુધિપતિ જયદ્રથ, શિશુપાલ, એકેએકથી ચડિયાતા શક્તિશાળી વીરો આ સમારંભમાં હાજર હતા! પરંતુ કોણ જાણે આ સૌમાં કેવળ કર્ણ જ મને તેજસ્વી અને આકર્ષક લાગતો હતો! એ જણાવવા મેં મારી જમણી બાજુએ બેઠેલા કર્ણના કાન પાસે મારું મોં ધર્યું, પરંતુ એનું ધ્યાન બીજે હતું. એ એકીટશે શ્રીકૃષ્ણને નિહાળી રહ્યો હતો. મેં એને સજાગ કરવા કોણી મારી! એણે ચમકીને મારી સામે જોયું! મેં એના સૌંદર્યનાં વખાણ કરવા મોં ખોલ્યું. એટલામાં પાંચાલનો યુવરાજ ધૃષ્ટદ્યુમ્ન પોતાની બહેનને યાજ્ઞસેનાને લઈને મંડપમાં પ્રવેશ્યો. ચારેબાજુ ઉત્સુકતાજન્ય શાંતિ પથરાઈ ગઈ. નત મસ્તકે અને ધીરગંભીરપણે ડગલાં ભરતી પાંચાલીને સૌ ટગરટગર નીરખી રહ્યા. એના હાથમાં પગ સુધી ઝૂલતી શ્વેત કમળની મોટી વરમાળ હતી. પ્રત્યેક ડગલે તે જાણે ત્યાં ઉપસ્થિત રહેલા

તમામ વીરોનાં હૃદયકમળને પ્રફુલ્લિત કરતી ચાલી રહી હતી. છેવટે ભાઈબહેન મંડપના મધ્યભાગમાં ઊભા કરેલા પથ્થરના મંચ પર આવીને ઊભાં રહ્યાં. વિવિધ પુષ્પમાળાથી સજાવેલ, અનેક ફૂલોની સુગંધથી તરબતર આ વિશાળ મંડપમાં જ્યારે લજ્જાશીલ પાંચાલી પ્રવેશી ત્યારે જ સાચા અર્થમાં એ સ્વયંવરનો મંડપ બની રહ્યો હતો! શ્યામવર્ણી દ્રૌપદી શરદની અબોલ છતાં આકર્ષક સંધ્યા સમી લાગતી હતી!

પોતાનો જમણો હાથ મસ્તક સુધી ઊંચો કરીને યુવરાજ ધૃષ્ટદ્યુમ્ને ઘોષણા કરી, 'આમંત્રિત નરેશો, મારી બહેનના – યુવરાજ્ઞી યાજ્ઞસેનાના સ્વયંવર નિમિત્તે આપ સૌ એકત્રિત થયા છો. હું પાંચાલ રાજ્યવતી આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું. આ સ્વયંવર માટે મૂકેલી શરત જે વીર પુરુષ પૂરી કરે એને મારી બહેન યાજ્ઞસેના પોતાનો પતિ ગણીને વરશે અને પોતાને હાથે એના કંઠમાં વરમાળા આરોપશે. પત્ની રૂપે એ મહાયોદ્ધાની જીવનભર સેવા કરશે.

શરત એ છે કે આપ સૌની સમક્ષ મંડપની છતમાં એક મત્સ્યયંત્ર ટીંગાડ્યું છે. હમણાં જ કુશળ કારીગર એને શરૂ કરશે. એ ગોળગોળ ફરતાં ગતિમાન મત્સ્યયંત્રમાંની કાષ્ટની માછલીની જમણી આંખને શિવધનુષ્યની પ્રત્યંચા તાણી, એના પર એક સૂચિ બાણ ચડાવી, યંત્ર નીચે તળાવના પાણીમાં પડતાં માછલીના પ્રતિબિંબને જોઈ જે વીર લક્ષ્યવેધ કરશે તે આજથી અમારા પાંચાલ દેશનો સ્વજન ગણાશે! એ માટે ધનુર્ધર ઇચ્છે એટલાં બાણ ઉપયોગમાં લઈ શકશે!'

એની પ્રસ્તાવના પૂરી થતાં એણે અમાત્ય તરફ દૃષ્ટિ કરી. અમાત્યે મંડપની છત પર બેઠેલા કારીગરને સંકેત કર્યો. તરત જ એણે મત્સ્યયંત્ર શરૂ કર્યું. આ યંત્રની સાથે આર્યાવર્તના તમામ સર્વશ્રેષ્ઠ વીરોનું ભાવિ પણ અક્ષરશઃ ચકરાવા લાગ્યું! પાંચ વિશાળકાય મલ્લો પાંચાલ રાજ્યના શસ્ત્રાગારમાંથી ભારે જહેમતથી વિખ્યાત શિવધનુષ્ય ઊંચકીને લઈ આવ્યા પછી છૂટકારાનો શ્વાસ લઈ કપાળ પરનો પરસેવો લૂછવા લાગ્યા.

ચારેબાજુ શાંતિ પ્રસરી ગઈ. ફક્ત મત્સ્યયંત્રનો ઘરઘર અવાજ જ સંભળાતો હતો. તળાવનાં પાણીમાં તેનું પ્રતિબિંબ ચકરાતું હતું.

તે ભારે વજનદાર શિવધનુષ્ય જોઈને એનો સ્પર્શ કરવાની પણ કોઈનામાં હિંમત નહોતી. સૌ એકબીજા સામે વિસ્મયથી જોવા લાગ્યા! છેવટે વિશાળ છાતીવાળા અને નામ પ્રમાણે દૃઢ બાંધાવાળા રાજા દૃઢધન્વા ઊભા થયા. એની દૃષ્ટિમાં અભિમાન ડોકાતું હતું. પોતાનું ઉત્તરીય સંકોરીને શિવધનુષ્યને હાથ અડાડ્યો. સૌ પ્રેક્ષકો ફાટી આંખે જોઈ રહ્યા. શિવધનુષ્ય ઊંચકતા દૃઢધન્વાની આંખો ચકળવકળ થઈ ગઈ તોપણ તેઓ પ્રચંડ શિવધનુષ્ય તસુભાર પણ ઊંચકી શક્યા નહિ! ધૂંધવાયેલા દૃઢધન્વા નીચું જોઈ ગયા અને પરાભવ પામી પાછા ફર્યા. મંડપમાં એક પળ પણ રોકાયા વગર સીધા બહાર નીકળી ગયા.

એના પછી મેઘસંધી, મણિમાન, દંડદાર, સુષેણ, રોચમાન, બૃહદબળ, સત્યધૃત, ભોજ વગેરે અનેક રાજાઓ એક પછી એક આવ્યા, પરંતુ એ પૈકી એક પણ તે શિવધનુષ્યને ઊંચકી શક્યા નહિ! છેવટે ચેદીરાજ શિશુપાલ ઊઠ્યા. તેણે દાંત કચકચાવીને શિવધનુષ્ય ઊંચક્યું તો ખરું પણ પ્રત્યંચા ચડાવી લક્ષ્યવેધ કરવા પોતાની જાતને સંભાળી શક્યા

નહિ. મહામુશ્કેલીએ એક બાણ છોડ્યું પણ માછલીની આંખ વીંધાઈ નહિ! સૌ નિરાશ થઈ ગયા. એ પછી પાંડવોના મામા, રાજમાતા માદ્રીના સગાભાઈ, મદ્રદેશના રાજા શલ્ય આગળ આવ્યા! તેઓ પણ માત્ર બે બાણ છોડી શક્યા. ત્યાર પછી સિંધ દેશના રાજા જયદ્રથ ઊભા થયા. ખૂબ મહેનત કરીને શિવધનુષ્ય ઊંચકીને એમણે ત્રણ બાણ છોડ્યા, પરંતુ લક્ષ્યવેધ થયો નહિ. ચારેબાજુ ઉત્સુકતા, ભય, સહાનુભૂતિ જેવા વિવિધ ભાવભરી શાંતિ છવાઈ ગઈ. સ્વયંવર શરૂ થયાને એક કલાક થવા આવ્યો, છતાં આ મત્સ્યયંત્ર જાણે સૌને અંગૂઠો બતાવીને ઉન્મત્તપણે ફરી રહ્યું હતું. મેં એક વાર સહજભાવે શ્રીકૃષ્ણ તરફ જોયું. આસનની જમણી બાજુની બેઠક પર તેઓ કોણી ટેકવીને બેઠા હતા. જમણો હાથ જમણા ગાલ પર ટેકવીને જમણી બાજુ થોડા ઝૂકીને સ્વસ્થ બેઠા હતા. મેં કર્ણ સામે જોયું તો એ શ્રીકૃષ્ણના પગના અંગૂઠાને એકીટશે જોઈ રહ્યો હતો.

મને થયું કે હવે કર્ણને ઊભો થવા ઇશારો કરું પણ જો એ લક્ષ્યવેધ ચૂકી ગયો તો? મારા મનમાં ફડક પેઠી. સૌથી છેલ્લે જ હું એને ઊભો થવાનો ઇશારો કરીશ.

એક પછી એક રાજા આવતા હતા. પોતાની શક્તિને કસોટીને ચાકડે ચડાવતા હતા અને હતાશ થઈને પાછા ફરતા હતા. કેટલાક રાજાઓએ બબ્બેવાર પ્રયત્ન કરી જોયા! મત્સ્યયંત્ર ઘરઘર અવાજ સાથે ફરી રહ્યું હતું. મંડપમાં શિવધનુષ્યના મહિમાગાનનો ચણભણાટ શરૂ થયો. આર્યાવર્તના તમામ રાજાઓ આ આકરી શરત પાસે નિસ્તેજ પુરવાર થયા હતા! કેટલાક રાજા મારી તરફ જોઈ રહ્યા હતા. કેટલાક શ્રીકૃષ્ણ તરફ પણ. લગભગ તમામ રાજાઓ આશાભરી આંખે કર્ણ તરફ જોઈ રહ્યા હતા! એટલામાં મગધ દેશના વિશાળ સામ્રાજ્યના, દ્વન્દ્વયુદ્ધમાં કુશળ, સુદૃઢ બાંધાવાળા રાજા જરાસંધ ઊભા થયા! એનું કસાયેલું શરીર પુષ્ટ હાથી જેવું વિશાળ હતું. ગર્વથી છાતી ફુલાવીને તેઓ શિવધનુષ્ય પાસે આવ્યા. તમામ શક્તિ ભેગી કરી એમણે શિવધનુષ્ય ઊંચક્યું! એક પછી એક ચાર બાણ છોડ્યાં, પરંતુ એ બાણ મત્સ્યયંત્રના ચક્રની પેલે પાર ચાલ્યાં ગયાં! છતને ભેદીને અદૃશ્ય થઈ ગયાં. એકાદ બાણે માછલીની આંખ જરૂર વીંધી હશે એ આશાથી એમણે છત તરફ – મત્સ્યયંત્ર તરફ દૃષ્ટિ કરી. ત્યાં તો સમતુલા ન રહેતાં તેઓ તળાવની પથ્થરની પાળ પરથી ધડામ દઈને નીચે પડ્યા. એના પરાક્રમની હાંસી ઉડાવતું હાસ્યનું મોજું મંડપમાં ચારેબાજુ ફરી વળ્યું. મેં શ્રીકૃષ્ણ ભણી જોયું. તેઓ પણ મોં દબાવીને વ્યંગમાં હસતા હતા! પળવારમાં સન્નાટો છવાઈ ગયો. જરાસંધ તે પ્રચંડ ધનુષ્યના અસહ્ય ભાર તળે તરફડિયા મારતા હતા. હાથપગ પછાડીને ધનુષ્ય નીચેથી મુક્ત થવા ધમપછાડા કરવા લાગ્યા. એના મોંમાંથી લોહીની સેર વછૂટી. શિવધનુષ્ય લોહીથી રંગાઈ ગયું! એક પ્રતિષ્ઠિત ક્ષત્રિયની આ અવદશા મારાથી જોવાતી નહોતી. સ્પર્ધામાં ભાગ ન લેવાના મારા નિર્ણયને હું બે ઘડી ભૂલી ગયો! શ્રીકૃષ્ણની તટસ્થતા પર ધૂંધવાઈને એના તરફ એક વેધક દૃષ્ટિ ફેંકતો હું આસન પરથી તત્ક્ષણ ઊભો થયો. કર્ણ પાગલની જેમ હજી પણ પેલા કાળિયાના પગ સામે જોઈ રહ્યો હતો. શ્રીકૃષ્ણને મળી આવ્યા પછી એ કેમ આવું વર્તન કરી રહ્યો છે. મારી સમજમાં બેસતું નહોતું. શ્રીકૃષ્ણે એને વશ કરી લીધો કે શું? કર્ણની પરવા કર્યા વગર હું ઊભો થયો! તળાવ નજીક ગયો. આકાશ તરફ મીટ માંડી પેલો શક્તિશાળી જરાસંધ મારી પાસે જાણે પ્રાણની ભીખ માગી રહ્યો હતો! મગધના શક્તિશાળી રાજ્યનો

આ પરાક્રમી રાજા, મૃત્યુનું રૂપ લઈને છાતી પર ચડી બેઠેલા શિવધનુષ્યને ગમે તેમ કરીને દૂર કરવા આકાશ તરફ આશાભરી મીટ માંડી રહ્યા હતા! એક વિખ્યાત દ્વન્દ્વયુદ્ધ! મૃત્યુ સાથે મથામણભર્યું દ્વન્દ્વયુદ્ધ ખેલી રહ્યા હતા. મેં કૃષ્ણ પાસે બેઠેલા મારા ગુરુ બલરામ તરફ શ્રદ્ધાથી જોયું. એનાં વિશાળ નેત્રો મને આશીર્વાદ દઈ રહ્યા હતા! આ કટોકટી વેળાએ પણ મારું મન કૃષ્ણ અને બલરામની તુલના કરવા તત્પર થયું. મને બલરામ પ્રત્યે વિશેષ આદર હતો, એથીયે વિશેષ તિરસ્કાર શ્રીકૃષ્ણ પ્રત્યે હતો.

બીજી જ ક્ષણે હું નજીક પહોંચ્યો. તરફડી તરફડીને ઘાયલ થયેલા જરાસંધના હાથપગનો પછડાટ શમી ગયો હતો! એનાં રૂંવે રૂંવે આંખો ફૂટી હતી! એ આંખોને વાચા ફૂટી હતી! મૃત્યુને બારણે જીવ કેવો લાચાર બની જાય છે! એ પ્રતિષ્ઠા, અભિમાન બધું જ ભૂલી જાય છે. એ કેવળ યાચના કરે છે! જીવનની! દેશદેશના અનેક રાજાઓને નરયજ્ઞ માટે પોતાની રાજનગરી ગિરિવ્રજમાં જેણે બંદિવાન કરેલા એ જરાસંધને આજે શિવધનુષ્યે બંદિવાન કર્યા હતા!

નીચા વળીને મેં એક હાથે શિવધનુષ્ય ઊંચક્યું! આખો મંડપ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠ્યો! પારધીની જાળમાં ફસાયેલી પૂંછડી છૂટી જતાં સિંહ ગર્જના કરતો છલાંગ મારે તેમ જરાસંધ છાતી પરનું ધનુષ્ય દૂર થતાં તરત જ છલાંગ મારતો ચપળતાથી ઊઠ્યો. હાથ ઊંચા કરી જોરથી છુટકારાનો દમ ખેંચ્યો. એ મને ભેટી પડ્યો. સૌના મનમાં એમ હતું કે મેં દ્રૌપદીના સ્વયંવરમાં ભાગ લેવા તે ધનુષ્ય ઊંચક્યું હતું. મારા નામનો જયકાર પણ થયો. હવે મને પીછેહઠ કરવી પાલવે નહિ. ધનુષ્ય સહજતાથી ઊંચકાયું તેથી લોકો વિસ્મય પામ્યા હતા, પરંતુ ફક્ત મારા ગુરુ બલરામ સિવાય કોઈ જાણતું નહોતું કે ગદાવિદ્યાના વર્ગમાં ભીમ સાથે સતત છ છ કલાક સુધી હું ગદા ખેલતો હતો! ભુજાઓનો આ અભ્યાસ મને અહીં કામે લાગ્યો હતો. મારી ભુજાઓ હાથીના પગ જેવી હૃષ્ટપૃષ્ટ થઈ ગઈ હતી.

હાથમાં ધનુષ્ય ઊંચકીને મેં આખા મંડપમાં એક દૃષ્ટિ ફેરવી અને તળાવ કાંઠે ગયો. કાંઠેથી જ મેં એક નજર દ્રૌપદી તરફ કરી. એ શ્વાસ રોકીને મારા તરફ જોઈ રહી હતી! મારા હૃદયમાં કુરુકુળના અભિમાનનો અંકુર ફૂટ્યો! સૌની સામે આ સુગંધી પાત્રને કાંખમાં તેડી આજે હસ્તિનાપુર લઈ જવી એવો મક્કમ નિરધાર કરી મેં કુંડમાં પાણી પર દૃષ્ટિ ઠેરવી. મત્સ્યયંત્રનું પ્રતિબિંબ પાણીમાં સ્પષ્ટ દેખાતું હતું! અગાઉના હરીફોએ છોડેલાં બાણોથી છતમાં જે છિદ્રો પડ્યાં હતાં તેમાંથી સૂર્યકિરણો પસાર થઈને પાણીમાં તરતાં હતાં. એનાથી પ્રતિબિંબ ચમકતું હતું. પણ... પણ એમાં ગોળ ફરતી માછલીની આંખ દેખાતી નહોતી! છતાં પ્રત્યંચા તાણીને મેં લક્ષ્ય લીધું અને સીધા એક પછી એક પાંચ બાણ છોડ્યાં! મારા પ્રત્યેક બાણથી છતમાં માત્ર છિદ્રોનો વધારો થયો હતો. સૂર્યકિરણોનાં વધુ પાંચ પ્રતિબિંબોનો પાણીમાં ઉમેરો થયો હતો! એ પાંચ પ્રતિબિંબને જોતાં મને પાંચ પાંડવો યાદ આવ્યા! પ્રત્યેક ક્ષણે આ પાંચનો આંકડો મારા મનને કોરી ખાતો હતો! મારું એકેય બાણ માછલીને વીંધી શક્યું નહોતું. પાંચાલ દેશનું આ ક્ષુદ્ર મત્સ્યયંત્ર કુરુના સિંહાસનને લજવતું હોય એમ ઘૂમી રહ્યું હતું. એ વજનદાર ધનુષ્યને પકડીને મારા હાથ અક્કડ થઈ ગયા હતા. ખિન્ન મને હું કાંઠા પરથી નીચે ઊતર્યો. મને તીવ્રપણે વિચાર આવ્યો કે આ

દ્રુપદ રાજાએ ગદાની શરત રાખી હોત તો એમાં એમનું શું બગડી જવાનું હતું? એમણે એમની કન્યાનો સ્વયંવર જ ગોઠવવો હતો કે આ બધા પરાક્રમી વીરરાજાઓનો ક્રૂર ઉપહાસ કરવો હતો? પોતાના શિવધનુષ્યને લઈ હવે કૈલાસ પર્વત પરથી સાક્ષાત્ શિવ દોડીને આવે તો આ શરત પૂરી થાય.

મારા પરાભવથી દ્રૌપદી મનમાં મુસ્કરાતી હતી.

હું લજવાઈને તળાવનાં પગથિયાં ઊતરવા લાગ્યો. હાથમાંનું શિવધનુષ્ય મને પ્રત્યેક ક્ષણે વધુ ને વધુ વજનદાર લાગવા માંડ્યું. સૌથી વધુ વખત સુધી મેં જ એને હાથમાં પકડી રાખ્યું હતું. મંડપમાં ઉપસ્થિત જનોનો પ્રતિભાવ જાણવા મેં સૌના તરફ નજર ફેરવી. સ્વસ્થપણે બેઠેલા યાદવોના રાજા શ્રીકૃષ્ણ મને જોઈને મર્માળું હસતા હતા! અન્ય સૌ નીચું મોં કરીને બેઠા હતા! કર્ણ હજી પણ પાગલની જેમ શ્રીકૃષ્ણના પગને જોઈ રહ્યો હતો. હસી રહેલા કૃષ્ણને, 'શું હસી રહ્યો છે? તાકાત હોય તો ઊઠ અને આ ધનુષ્ય ઊંચકી શરત પૂરી કરી બતાવ!' એવા ભાવની વેધક દૃષ્ટિ એના તરફ ફેંકી. મેં એ ધનુષ્ય એના તરફ ફેંક્યું! પણ મારા હાથની શક્તિ ક્ષીણ થઈ જવાથી તે દૂર સુધી પહોંચી શક્યું નહિ! ઊલટું પગ તળેના ચીકણા પથ્થર સાથે ઘસાઈ એક ગુલાંટ લેતું મારા જ જમણા પગના પંજા પર પડ્યું! વેદનાનો સણકો પગથી માથા સુધી વ્યાપી વળ્યો. શરતમાં પરાભવ પામેલું મન અને ધનુષ્યના ભારથી થાકેલું શરીર – બંને રોષે ભરાયાં! મદદની આશાએ મેં સામે બેઠેલા જરાસંધ સામે જોયું! એણે માથું ધુણાવ્યું. આવી વિકટ સ્થિતિમાં પણ મને એના પ્રત્યે દયા આવી! ધનુષ્ય નીચે સપડાયેલા મારા પગની વેદના મને પીડતી હતી, એથીયે વિશેષ પીડા જરાસંધની ઉદાસીનતાથી થઈ. પગ ધનુષ્ય નીચે ઘસાઈને ભલે તૂટી જાય પણ હવે હું કોઈની પાસે મદદની ભીખ નહિ માગું એવા નિશ્ચય સાથે મેં આંખો મીંચી દીધી. થોડી વાર પહેલાં જરાસંધને મુક્ત કરનાર દુર્યોધન પોતે જ અત્યારે શિવધનુષ્ય નીચે દબાઈ ગયો હતો. એ જોઈને સૌ વ્યાકુળ થઈ ગયા હતા, પરંતુ પાસે આવવાની કોઈનામાં હિંમત નહોતી. લાલ કીડીના ડંખથી સાપ તરફડે તેમ મારું મન તરફડતું હતું! એવામાં એકાએક મંડપમાં ગણગણાટ વધી ગયો. મારા કાનમાં ત્રૂટક ત્રૂટક શબ્દ એક પછી એક ટકરાવા લાગ્યા. 'કર્ણ!'... કવચ... કુંડળ... લક્ષ્યવેધ... સર્વશ્રેષ્ઠ ધનુર્ધર... સાક્ષાત્ ધનુર્વેદ!' ડોક ઊંચી કરીને મેં કર્ણ સામે જોયું! એ આસન પરથી ઊભો થયો હતો! એના કાનનાં કુંડળ તપીને લાલચોળ થઈ ગયાં હતાં. હજી પણ એ ઊભો ઊભો શ્રીકૃષ્ણના પગના જમણા અંગૂઠાને જોઈ રહ્યો હતો! ચીસ પાડીને મને એને કહેવાનું મન થયું કે, 'કર્ણ, હંમેશ ગરુડની જેમ આકાશ ભણી ઉડાન મારનારી તારી દૃષ્ટિ આજે કેમ કાળા કૃષ્ણના પગ પર સ્થિર થઈ ગઈ છે?' એટલામાં જ શ્રીકૃષ્ણે જમણા પગનો અંગૂઠો હળવેકથી થોડો ઊંચો કર્યો. કર્ણ એક મોહક સ્મિત સાથે આસન પરથી ઊઠ્યો અને મારી તરફ ઝટપટ ચાલવા લાગ્યો! એની ઊંચી દેહયષ્ટિ એટલી પ્રભાવક દેખાતી હતી કે જાણે ખદિરનું ઘટાદાર વૃક્ષ ચાલી રહ્યું હતું! એના પ્રત્યેક પગલે એનાં કુંડળ ડોલતાં હતાં. એનાં આત્મવિશ્વાસ અને ગર્વિલી ચાલ પર આખું પ્રેક્ષક ગણ એટલું મુગ્ધ થઈ ગયું કે એ ધનુષ્ય ઉપાડે તે પહેલાં જ એને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો! ધનુષ્ય નીચે સપડાયેલા પગની વેદના વેગળી થઈ ગઈ! હસ્તિનાપુરના અખાડામાંથી મને સાંપડેલો આઠ પાસાંવાળો હીરો દશે

દિશાઓમાં તેજશી દેદીપ્યમાન કિરણો ફેંકતો હતો.

અરે! હું કેવો સ્વાર્થી છું! કર્ણનો ઉપયોગ કેવળ મારા સ્વાર્થે કરી પાંચાલીને હું મારી અર્ધાંગના બનાવવાનો હતો! આ તો ભારે અરસિકપણું કહેવાય! પાંચાલી જેવું સુગંધી પાત્ર કર્ણ જેવા સુવર્ણપુષ્પને શોભા આપે! કર્ણ અને પાંચાલીનું યુગલ સાક્ષાત્ શંકર-પાર્વતીને શરમાવે તેવું લાગે! મેં મારો વિચાર બદલ્યો. હવે પળવારમાં જ કર્ણ મત્સ્યવેધ કરશે! એણે મત્સ્યવેધ કર્યો કે દ્રૌપદીને અંગદેશની મહારાણી ઘોષિત કરવી અને ચંપાનગરી એ કર્ણના અંગદેશની રાજનગરી તરીકે ઘોષિત કરવી એટલું પૂરતું નથી. કર્ણ એ કુરુનો સેનાપતિ છે એવું એનું યથોચિત ગૌરવ પણ સ્થાપીશ! હસ્તિનાપુર પાછા ફર્યા પછી મારો વિચાર મહારાજને સમજાવીને એ પ્રમાણે એના સેનાપતિપદની વિધિ કરાવીશ! હસ્તિનાપુરમાં રાજહાથી પર એ બંનેની સવારી કઢાવીશ! મેં તરત જ મનોમન નિર્ણય કરી લીધો.

ઘડીકમાં એ મારી પાસે પહોંચી ગયો. ઉત્તરીયનો લાંબો છેડો એણે અધરીય સાથે બાંધ્યો. એક વાર મારી સામે દૃષ્ટિ કરી. એની નીલી, વિશાળ તેજસ્વી આંખો મને કહેતી હતી, 'રાજન્, ગભરાઈ ગયો કે શું? તને છોડાવનાર કર્ણ હોવા છતાં તેં જરાસંધ પાસે મદદ માગી?'

એકદમ આસાનીથી એણે એક હાથે વજનદાર ધનુષ્ય ઊંચક્યું અને બાળક જેમ રમકડું ઉછાળી હાથમાં ઝીલી લે તેમ એણે તે ધનુષ્ય એક પલકારામાં આકાશમાં ઉછાળી પાછું એક હાથે ઝીલી લીધું! સૌ જોતાં જ રહી ગયા. હું હળવો થયો. મંડપમાં તાળીઓનો ગડગડાટ ક્યાંય સુધી ચાલ્યો. કર્ણનું અર્ઘ્યદાન સ્વીકારતી હોય તેમ ગંગાની જળલહરી જાણે નાચી ઊઠી હોય એવું મને લાગ્યું.

વીજળીવેગે એ તળાવને કાંઠે પહોંચ્યો. ત્યાં મૂકેલા બાણના ભાથામાંથી એક બાણ સરરર કરતું ખેંચ્યું. એ તેનું સૂક્ષ્મ લક્ષ્ય વેધનારું સૂચિ બાણ હતું! પ્રત્યંચા તાણી સૂચિ બાણ ચડાવી એણે પાણીમાં જોયું. ગોળ ગોળ ફરતી મત્સ્યયંત્રની માછલીની આંખનું પ્રતિબિંબ પાણીના કયા ટીપા પર પડે છે તે જોવા તેણે દૃષ્ટિ એકાગ્ર કરી! એનું ભવ્ય વીરાસન સૌ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરતું હતું! પાણીમાં ડોકાવાથી એની હૃષ્ટપુષ્ટ ગરદન પર મોહક વળ પડ્યા. હરણાં પર છલાંગ મારતાં પહેલાં સિંહ પેંતરો રચે તેમ એણે પેંતરો રચ્યો હતો! સૌની મીટ પેલા સૂચિ બાણની ધાર પર મંડાઈ હતી. દ્રુપદકન્યા પાંચાલીનો જીવ એ બાણની ધાર પર ફરી વળીને કર્ણનાં ચરણોમાં આળોટવાનો હતો. સૌના શ્વાસ કુતૂહલતાથી, ઉત્સુકતાથી અને કર્ણ પ્રત્યેના આદરભાવથી થંભી ગયા હતા! તે એક દિવ્ય ક્ષણ હતી. તમામ પાંચાલોનું અને કુરુનું ભાવિ આ મત્સ્યયંત્રની માછલીની સાથે આ ક્ષણે નિશ્ચિત થવાનું હતું! કર્ણનું જીવન પાંચાલીને મેળવીને ઉજ્જ્વળ થવાનું હતું! આ એક જ ક્ષણમાં સૌનું ભાવિ સમાયેલું હતું. એટલામાં મંડપમાંથી ઉત્સુકતાને ચીરતો એક શક્તિશાળી અવાજ પથ્થરની પાળ પર થઈને સૌના કાન પર લિપ્ત બાણની જેમ અથડાયો.

'થોભી જાઓ.'

આ કોનો અવાજ હતો? કોઈને ઓળખાયો નહિ. પથ્થરની પાળ તરફ સૌએ દૃષ્ટિ નાખી. શ્વેત કમલની માળા થથરી ઊઠી! સૌનાં હૃદય ધડક્યાં! સાક્ષાત્ દ્રૌપદી બોલતી હતી. વરમાળા ઊંચી કરીને, ગળાની નસ ફુલાવીને!

'થોભી જાઓ. તમે મત્સ્યવેધ નહિ કરી શકો!' ફરી અવાજ ધણધણી ઊઠ્યો.

મંડપમાં ચણભણાટ શરૂ થયો.

'શા માટે?' તત્ક્ષણ ગરદન ઊંચી કરીને અંગરાજ કર્ણે આશ્ચર્યથી પૂછ્યું.

'તમે ક્ષત્રિય નથી! હું સારથિની પત્ની કે વધૂ બનવાનું સ્વીકારીશ નહિ!! હું ક્ષત્રિયકન્યા છું. ક્ષુદ્ર સારથિ કન્યા નહિ!'

કર્ણનો ધનુષ્યધારી હાથ આઘાતથી ધ્રૂજવા લાગ્યો. એણે તાણેલી પ્રત્યંચા કાંપવા લાગી. માછલીની આંખ વીંધવા શિવધનુષ્ય પર ચડાવેલ બાણ વાંકુંચૂકું થઈને તૂટી ગયું! બાણ સીધું શ્રીકૃષ્ણ તરફ સરક્યું અને સપ દઈને તેમના જમણા પગના અંગૂઠામાં ઘૂસી ગયું! અક્રૂર, બલરામ, ઉદ્ધવ સૌ એમની પાસે દોડી આવ્યા, પરંતુ શ્રીકૃષ્ણે ચૂપચાપ સૌને પોતાપોતાનાં આસને બેસી જવા હાથથી સંકેત કર્યો. પોતાના પગને સહેજ પણ હલાવ્યા વગર નીચા નમીને એમણે અંગૂઠામાંથી બાણ આસાનીથી ખેંચી લીધું! અને અંગૂઠા પરનું લોહી હળવેકથી પીતાંબર વડે લૂછી નાખ્યું! બિલકુલ નિર્વિકારભાવે!

તે લોહી જોઈને હું ખુશ થઈ ગયો!

'ક્ષુદ્ર! સૂતપુત્ર!' એમ મનમાં બડબડતાં, અંતરથી દુઃખી થતા કર્ણે તરત મોં ફેરવી લઈ અટ્ટહાસ્ય કર્યું! કેવું હતું તે હાસ્ય! એ કેવળ હાસ્ય નહોતું જ! આક્રોશ એ સ્ત્રીઓનો ગુણધર્મ છે. કર્ણ આવો આક્રોશ ન કરે. એનું હાસ્ય આક્રોશ કરતાંય વધુ હૃદયવિદારક હતું! એનાં તેજસ્વી કુંડળ ઘડીક વારમાં નિસ્તેજ થઈ ગયાં પણ બીજી જ ક્ષણે સોનેરી પ્રકાશ ફેલાવીને કુંડળે એના સ્વાભિમાની અંતરંગને સ્પષ્ટપણે વિસ્ફોટ કરી દીધું! છતમાં બાણથી પડેલાં છિદ્રોમાંથી તે એકીટશે ગાંડાની જેમ આકાશપટને બાળતા તપ્ત સૂર્ય સામે જોતો ક્યાંય સુધી તળાવની પાળ પર એ પૂતળાની જેમ ઊભો રહ્યો! હાથમાં કંપતું શિવધનુષ્ય ક્રોધથી નીચે ફેંકી દીધું. વાયુથી ભભૂકેલો દાવાનળ વનમાં ઝડપથી ફેલાઈ જાય તેમ કર્ણ ઝડપથી ચાલીને પોતાના આસન પર જઈ નીચું મોં કરીને બેસી ગયો! ચાલતી વખતે ગાલીચા પર જ્યાં જ્યાં એના પગ પડ્યા હતા એ ભાગ કાળો ભઠ્ઠ થઈ ગયો હતો! પૂનમને દિવસે સમુદ્ર વિક્ષુબ્ધ થઈ જાય તેમ એની ભાવનાઓના પ્રચંડ ઝંઝાવાતથી કર્ણનું હૃદય કેવું વિક્ષુબ્ધ થઈ ગયું હશે એની કલ્પના એની સાથે આટલો વખત રહ્યા પછી પણ હું કરી શકતો નથી! એના નાકમાંથી ફેંકાતા નિઃશ્વાસનો ઉષ્ણ સ્પર્શ મને થતો હતો! સૌ ચૂપચાપ બેઠા હતા.

આ અઘટિત બનાવથી સૌને ભારે વિસ્મયકારી આઘાત લાગ્યો હતો. વધૂના વેશમાં ઊભેલી દ્રૌપદી તમામ નીતિનિયમોને કોરે મૂકી વિનમ્રભાવે ઊભી થઈને આવી ભયંકર ઘોષણા કરશે એવી કોઈનેય કલ્પના નહોતી! દ્રૌપદી અને કર્ણ વચ્ચે થઈ રહેલી ઉગ્ર દલીલોમાં ટાપસી પુરાવાની કોઈનામાં હિંમત નહોતી!

ચારે બાજુ સ્મશાનવત્ શાંતિ છવાઈ ગઈ. દ્રૌપદી નીચું જોઈને ઊભી રહી. સ્વયંવર શરૂ થવાને બે કલાક વીતી ગયા હતા. સાંજનો સમય પૂરો થતાં સૂર્ય આકાશમાં ઢળતો જતો હતો! આ વિશાળ મંડપમાં મત્સ્યયંત્રના ઘરઘર અવાજ સિવાય બીજો કોઈ અવાજ કાને પડતો નહોતો. હવે મત્સ્યયંત્રને આમ જ કેવળ ફરતા રહેવું પડશે. એની ગોળ ફરવાની ગતિ એટલી ઝડપી હતી કે માછલીની આંખો જ ગોળગોળ ફરી રહી હોય તેવો

ભાસ થતો હતો. એના અવિરત ઘરઘરાટથી કાળ હવે ભાવિમાં ભારે ભયંકર સંગીત રચશે એનો ખ્યાલ ફક્ત મત્સ્યયંત્ર અને કાળને જ હતો!

જીવનભર મને સાથ દેવાની પ્રતિજ્ઞા લેનાર મારા મિત્ર – અંગરાજ કર્ણ તરફ મેં સહાનુભૂતિથી જોયું. આજે જીવનની સ્પર્ધામાં તે સાચે જ હાર્યો હતો. એ પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. અપમાનની અસહ્ય અને તીખી ચિનગારીથી શરીર યજ્ઞકુંડની જેમ ધગધગી રહ્યું હતું છતાં તે કંઈ જ બોલ્યો નહિ. શું બોલે? મને બાંગ પોકારીને સૌને કહેવાનું મન થયું કે, 'કર્ણ હીન નથી, ક્ષુદ્ર નથી! તેની આવી મર્મભેદી વંચના ન કરો. એ અંગદેશનો અભિષિક્ત રાજા છે! તે સ્વતંત્ર છે! શ્રેષ્ઠ છે!' હું બોલવા માટે ઊભો થવા જતો હતો તેવામાં સામાન્ય પ્રેક્ષકોની બેઠકમાંથી ઊભા થઈને એક જટાધારી બ્રાહ્મણ યુવાન માર્ગ કરતો આગળ આવી રહ્યો હતો!

મત્સ્યવેધ કરવા કોઈને આગળ આવતાં ન જોઈને દ્રુપદ રાજા કઠોર શબ્દોમાં સૌની નિર્ભર્ત્સના કરવા લાગ્યા. એમના શબ્દો કાળઝાળ હતા.

'આજ મારી કન્યાનું પાણિગ્રહણ કરવાની પાત્રતા આ સમગ્ર આર્યાવર્તના એક પણ ક્ષત્રિય રાજામાં નથી એમ હું સ્વીકારી લઉં? એક કાષ્ટની માછલીને આજ અખિલ આર્યાવર્તમાંથી કોઈક તો વીંધશે એમ સમજીને મેં યજ્ઞદેવ પાસેથી પ્રાપ્ત કરેલ સુગંધી સુકન્યાને યજ્ઞદેવના ધગધગતા કુંડમાં લાચાર બનીને પાછી સોંપી દઉં? શું આ રાષ્ટ્રમાંથી ક્ષાત્રતેજ નષ્ટપ્રાય થઈ ગયું?'

'નહિ!' પેલા જટાધારી બ્રાહ્મણ યુવાને મંડપના મધ્યભાગ પાસે આવીને ગર્વોન્નતભાવે કહ્યું. એણે ભગવાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. અંગ પર ભસ્મની આડ કરી હતી તેથી એના દેહનો વર્ણ કળી શકાતો નહોતો, પરંતુ એની બાણ જેવી સરળ અને તેજીલી ચાલ મને પરિચિત લાગી. એ ચાલ... એ ચાલ... અર્જુનની ચાલને મળતી આવતી હતી! એ અર્જુન તો નહિ હોય? મારું શંકાશીલ હૃદય કંપી ઊઠ્યું. એ શક્ય નહોતું. અર્જન તો ક્યારનોય સ્વર્ગમાં પહોંચી ગયો હતો. એનું પ્રેત પણ આ સ્વયંવરમાં પ્રવેશી શકે તેમ નહોતું! અને પ્રવેશે તોપણ શિવધનુષ્ય હાથમાં લેવાનું સાહસ તો કરે જ નહિ! કેમકે મેં સાંભળ્યું છે કે પ્રેતને શિવનો ભારે ડર લાગે છે.

પેલા બ્રાહ્મણકુમારે શિવધનુષ્ય કર્ણની જેમ એક હાથે ઊંચકી લીધું. આ ઘટનાથી કર્ણના તેજસ્વી વીરના થયેલા અપમાનની વાત વીસરી ગઈ! ફરી તાળીઓના ગડગડાટથી નવા પ્રતિદ્વન્દ્વીને પ્રોત્સાહિત કર્યો. બ્રાહ્મણકુમારે દૂરથી શ્રીકૃષ્ણને પ્રણામ કર્યાં. મને એ બધા પર રોષ ચડ્યો. શરૂઆતમાં શ્રીકૃષ્ણે આદેશ આપ્યો ત્યારે જ સૌ રાજા બેઠા. કર્ણ પણ એના પગને ટગર ટગર જોતો સ્વસ્થતાથી બેસી રહ્યો હતો અને અત્યારે આ બ્રાહ્મણ પણ એને જ જોઈ રહ્યો હતો! શા માટે? આ બધા શ્રીકૃષ્ણને કેવા જાણે છે? દેવોના રાજા ઇન્દ્રદેવ કે સૃષ્ટિના સર્જનહાર બ્રહ્મા જેવા? મેં ગુસ્સામાં મારું આસન ઊંધી દિશામાં ફેરવી દીધું. મને થયું કે આ શ્રીકૃષ્ણ, આ બ્રાહ્મણકુમાર અને મૂર્ખની જેમ તાળીનો ગડગડાટ કરતાં પ્રેક્ષકો મારી આંખથી દૂર થાય તો સારું! આસન ફેરવ્યું ત્યાં મારી પાછળ બેઠેલો શિશુપાલ સામે દેખાયો. તે મને વિસ્મયથી જોવા લાગ્યો. એટલામાં ભારે કોલાહલ મચી ગયો. 'આમ જુઓ. પેલા બ્રાહ્મણકુમારે મત્સ્યવેધ કર્યો! છેલ્લા બે કલાકથી કટુ ઘટનાઓના

તાંતણા ગૂંથતું પેલું મત્સ્યયંત્ર શાંત પડી ગયું! ધન્ય છે આ બ્રાહ્મણકુમારને! કોણ છે એ? ક્યાંનો છે?

મેં તત્ક્ષણ એની તરફ જોયું. તળાવને કાંઠે ભગવાં વસ્ત્રધારી એ યુવાન ગર્વોન્નત છાતીએ ઊભો હતો! એણે માછલીની આંખો અચૂક વીંધી હતી! કોણ હતો એ? અત્યાર સુધી શાંત કેમ બેસી રહ્યો હતો? મેં મનના અશ્વ પર પ્રશ્નોની ચાબુક લગાવી!

પથ્થરના ઓટલા પરથી ઊતરતી, સાક્ષાત્ આકાશકન્યા સમી ભાસતી દ્રૌપદી નીચું જોતી, શરમાતી પેલા બ્રાહ્મણકુમાર પાસે આવી અને બે ઘડી એની સામે જોઈ તરત જ હાથમાંની શ્વેત કમલની વરમાળા એના કંઠમાં આરોપી દીધી! એ જ સમયે સૂર્યાસ્ત થયો! સંધ્યાની ભયાનક ધૂંધળી છાયા ચારેબાજુ ફેલાઈ ગઈ! સ્વયંવર સમાપ્ત થયો. સૌ સ્વસ્થાને જવા ઊઠ્યા. ત્યાં મારી પાછળ બેઠેલા શિશુપાલે હાથ ઊંચા કરી મોટેથી ઘોષણા કરી, 'આ સ્વયંવર અમને માન્ય નથી! સૌ ક્ષત્રિયોની હાજરીમાં સંધ્યા કરનાર એક બ્રાહ્મણને ક્ષત્રિયકન્યા પરણાવવી એ ક્ષત્રિયોનું અપમાન છે! પ્રાણના ભોગે પણ હું આ નહિ સહું! પકડો પેલા જટાધારીને!!'

એની વિસ્ફોટક ગર્જનાથી શરતમાં હારેલા તમામ રાજાઓના પગમાં જોર આવ્યું. સૌએ પોતપોતાનાં શસ્ત્રો સંભાળ્યાં. મેં પણ ગદા ઊંચકી. એક ક્ષણમાં સ્વયંવરનો મંડપ સત્યાસત્યના સમરાંગણમાં ફેરવાઈ ગયો. બધાએ બ્રાહ્મણકુમારનો પીછો પકડ્યો. એણે એ જ શિવધનુષ્યથી અસંખ્ય બાણ છોડ્યાં. સૌ એના પર હુમલો કરવા આગળ વધ્યા. એટલામાં એકાએક ઝંઝાવાત સમો ધ્વનિ ગાજી ઊઠ્યો. બીજો એક ભગવાં વસ્ત્રધારી પર્વતકાય બ્રાહ્મણકુમાર દાંત કચકચાવતો સૌના પર તૂટી પડ્યો. એને જોતાંવેંત મને થયું કે મારું હૃદય હમણાં જ બંધ પડી જશે. જેની સાથે છ છ કલાક ગદાદાવ અજમાવ્યા હતા એ જ ભીમ વસ્ત્રો બદલી, દાઢી વધારી અહીં આવ્યો હતો? શા માટે? એ કેવી રીતે જીવતો રહ્યો? તો પછી લાક્ષાગૃહમાં કોણ બળી ગયું? તાગ અને બલ્વજ ઘાસ કે યુવરાજ દુર્યોધનની આશા-આકાંક્ષાઓ? મેં ડાબા હાથે બાંધેલી ચાંદીની ડબીને તપાસી જોવા હાથ ઊંચો કર્યો. એટલામાં ક્યાંકથી એક બસ્તિક બાણ સરરર કરતું આવ્યું અને મારા હાથમાં ઘૂસી ગયું! ડબી તૂટી અને ઊડીને ક્યાંક પડી ગઈ! કોને ખબર કોના પગ તળે કચડાઈ ગઈ હશે? હાથમાંનું બાણ બહાર કાઢવા મેં બાણનો પાછળનો ભાગ હાથથી ખેંચ્યો. મને ખ્યાલ ન રહ્યો કે આ બસ્તિક બાણ હતું! એની ધાર મારા હાથમાં ચોંટી ગઈ. હાથમાં આવી માત્ર એની તૂટેલી પૂંછડી!

અપમાનના તીવ્ર આઘાતથી મારું મન ભ્રમિત થઈ ગયું હશે તેથી જ આવાં કાલ્પનિક દૃશ્યો મને દેખાતાં હશે એમ માની મેં માથું હલાવ્યું અને પેલા બ્રાહ્મણકુમાર સામે જોયું. ઓહ! આ એ જ ભીમ હતો! એની આંખોમાં અંગારા વરસી રહ્યા હતા. ખેડૂત જેમ બળદને ફેરવી ખળામાંથી અનાજ ઝાટકે તેમ ભીમની ઝપટમાં જે આવે એને એ ગદાના ઉગ્ર પ્રહારથી ઝાટકી નાખતો હતો! એની સામે ફક્ત શલ્ય જ ટકી શક્યો હતો! દારૂ પાયેલા હાથીની જેમ એ ગદાની ઝપટમાં આવનાર પ્રત્યેક વીરનો ફૂરદો બોલાવી દેતો હતો. એના પ્રહારથી ઘાયલ થયેલા વીરો છત પર ફંગોળાઈ નીચે પડતા હતા! ઝંઝાવાત સમો આ વિશાળકાય ભીમ આવેશ વધારવા મદોન્મત્ત બળદની જેમ બામ્ભૈડા નાખતો

હતો! એના બામ્ભૈડાથી છત પર લટકી રહેલા મત્સ્યયંત્રની સ્થિર થઈ ગયેલી કાષ્ટની માછલી પણ જાણે થરથરવા લાગી હતી! એ નક્કી ભીમ હતો! પણ તે આવ્યો ક્યાંથી? કેવી રીતે આવ્યો? આકાશમાંથી કે પાતાળમાંથી? સાક્ષાત્ યમને પણ શું એણે ગદાનો સ્વાદ ચખાડ્યો હતો? એના થૈ થૈ નૃત્યથી સ્વયંવરનો મંડપ હલબલી ઊઠ્યો! એના થૈકારા જો વધુ ચાલ્યા તો નક્કી આ મંડપ ધરાશાયી થઈ જવાનો! મારે માટે હવે પાગલ થઈ જવાનું જ બાકી રહ્યું હતું! ભીમ જીવતો કેવી રીતે રહ્યો? ભયથી કાંપતાં હૃદયમાં આક્રોશ જાગ્યો. રથનાં પૈડાં નીચે પગ આવી જતાં જડ થઈ જાય તેમ હું જડવત્ થઈ ગયો હતો! એ તો સૌને મસળી નાખવા તલપાપડ થઈ રહ્યો હતો. એ ભીમ હતો કે એનું ભૂત હતું? સત્ય શું અને સ્વપ્ન શું? દ્વિધા મને કોરી ખાતી હતી. વારણાવતની રાખમાંથી એણે આવો સુંદર આકાર કઈ રીતે ધારણ કર્યો? એ રાખમાંથી મુઠ્ઠીભર રાખ લઈને આ ભૂત અમને સૌને ભડકાવવા તો નથી આવ્યો ને? ગુપ્તચર બનીને પુરોચને મને દગો તો નથી દીધો ને? કે પછી મારું ભાગ્ય જ ફૂટ્યું?

જેમતેમ કરીને મારી જાતને બચાવતો હું કોલાહલમાંથી બહાર નીકળ્યો. ભીમ મારી સામે આંખો ઘુરકાવતો બરાડી રહ્યો હતો, પરંતુ એને શલ્ય, સુદામન, શિશુપાલ, જરાસંધ, સુષેણ વગેરેએ ઘેરી લીધો હતો. મત્સ્યવેધ કરનાર અર્જુન પથ્થરના તળાવકાંઠે ઊભો રહી દ્રૌપદી નજીક કોઈને ફરકવા દેતો નહોતો! વર્ષાઋતુમાં વાદળોમાંથી જલધારા વર્ષે તેમ શિવધનુષ્યમાંથી અર્જુન સતત બાણવર્ષા વરસાવી રહ્યો હતો! એની અસંખ્ય બાણવર્ષાથી છતમાં અનેક છિદ્રો પડી ગયાં હતાં. પળેપળે વધતા જતાં અંધકારને દૂર કરવા સેવકો પ્રચંડ જ્વાળા પ્રસરાવતી અનેક મશાલ લઈને આવ્યા! એ પ્રકાશના અજવાળે ભીમ-અર્જુનને સૌ પર તૂટી પડવાની તક મળી. કોલાહલ વધતો જતો હતો. હું સૂનમૂન થઈ ગયો.

હું એ કોલાહલમાં માર્ગ કરતો માંડમાંડ બહાર નીકળ્યો. સૌ રાજાઓ યુદ્ધમાં પરોવાયા હતા. સૌનાં આસનો લોહીથી ખરડાયેલાં હતાં. દૂરથી યુવરાજ ધૃષ્ટદ્યુમ્ન અને એમના પિતા સૌને શાંત થવા વિનવી રહ્યા હતા! આસનોની વિશાળ પંક્તિમાં દૂર એક આસન પર પોતાનું વિશાળ મસ્તક હથેળીમાં ટેકવી નતમસ્તકે બેઠેલો કર્ણ મને દેખાયો! દ્રૌપદીના વાગ્બાણથી આઘાત પામેલો આ અસ્વસ્થ વીર વિચારમગ્ન હતો. હું દોડતો એની પાસે ગયો. એના વાંસા પર હાથ મૂકી એના ખભા જોરથી હલબલાવી મેં મોટેથી કહ્યું, ‘કર્ણ, અર્જુન જીવિત છે! એણે જ શરત જીતીને દ્રૌપદી મેળવી છે! એ દ્રૌપદીની નજીક કોઈને આવવા દેતો નથી! ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે! સત્ય શું છે તે સમજાતું નથી!’

અંગ પર સૂકી લાકડી પડતાં જ સિંહ ગર્જના કરતોક ચપળતાથી છલાંગ મારે તેમ કર્ણ છલાંગ મારીને ઊભો થયો. ‘અર્જુન! અર્જન! અર્જુન! આજ તને બરોબર બતાવી દઈશ કે હું ધારું તો એક સૂતપુત્ર તારી સામે રાજકન્યાને ઉઠાવીને લઈ જઈ શકું તેમ છું!’

વિદ્યુત વેગે તે આગળ વધ્યો. એનો ચહેરો લાલચોળ થઈ ગયો હતો. કુંડળ તપી ગયાં હતાં. મને હડસેલતો તે મંડપની મધ્યભાગના તળાવની તરફ વળ્યો! નજીક ઊભેલા ભોજરાજના હાથમાંથી એણે ધનુષ્ય છીનવી લીધું. અર્જુન પાસે પહોંચતાં જ એણે સૌને ઉદ્દેશીને મોટેથી કહ્યું, ‘દૂર હઠો!’ વીજળીના કડાકા સમી એની ધારદાર વાણી સાંભળી સૌ દૂર ખસી ગયા. ‘અર્જુન, ખરો ક્ષત્રિય હો તો તારા હાથમાં રહેલા શિવધનુષ્યથી આ

સૂતપુત્ર કર્ણનો શિરચ્છેદ કરી પાંચાલીની આ સૌંદર્યશીલ રાજકન્યાને લઈ જા! નહિતર તને આ ક્ષણે હું બતાવી દઉં કે જેણે અર્જુનને ક્ષત્રિય ગણી પસંદ કર્યો છે એ કર્ણના બાણનો એક માત્ર દુર્બળ ભક્ષ્ય છે!' એ આવેશમાં બોલી ગયો. અર્જુને પણ પડકાર ઝીલ્યો. આ બંને લડી પડશે એ ભયથી દ્રૌપદી અર્જુનને વળગી પડી. એને દૂર હડસેલી અર્જુને બાણ ચડાવ્યું પણ લક્ષ્યવેધ લે તે પહેલાં જ કર્ણે એને તરત જ ભેદી નાખ્યું. બંને એકબીજા પર બાણવર્ષા કરવા લાગ્યા. મશાલના ધૂંધળા પ્રકાશમાં બંને એકબીજા પર અચૂક બાણ છોડવાના પ્રયત્ન કરતા હતા, પરંતુ વચમાં જ એ ભેદાઈ જતા હતા. એક કલાક સુધી બાણકાંડ ચાલ્યો પણ નક્કર પરિણામ દેખાતું નહોતું.

ભીમ અને શલ્ય એકબીજા સાથે બાથંબાથી કરતા હતા. સ્વયંવરના મંડપનું વિનાશકારી સમરાંગણમાં રૂપાંતર થયું હતું. મધ્યભાગમાં તૈયાર કરેલ પાણીનું તળાવ બાણોથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. પાણી કાંઠો તોડીને મંડપમાં ચારેબાજુ રેલાવા માંડ્યું હતું! છત છિન્નભિન્ન થઈ ગઈ હતી! દ્રૌપદીએ અર્જુનના કંઠમાં આરોપેલી વરમાળા કર્ણના બાણથી તૂટીને પગ તળે ચગદાઈ ગઈ હતી! યુદ્ધનો અંત આવતો નહોતો. બંને લડાઈના મિજાજમાં હતા. બાણોના ટકરાવાથી ઉત્પન્ન થતી ચિનગારીથી આંખો અંજાઈ જતી હતી!

અંતે યુદ્ધ સમાપ્ત થયું. સૌએ એમની સામે આશ્ચર્યથી જોયું. બંને વચ્ચે પડેલાં બાણના ઢગ પર હાથ ઊંચા કરીને શ્રીકૃષ્ણ ઊભા હતા! આટલું મોટું ભયંકર યુદ્ધ થયું છતાં શ્રીકૃષ્ણ શાંત અને સૌમ્ય ભાવે ઊભા હતા. તેમણે ધીમે સ્વરે હસતાં હસતાં આદેશ આપ્યો, 'કર્ણ-અર્જુન, થોભી જાઓ! તમારે બંનેએ યુદ્ધ જ કરવું છે ને! તો બાણ તૈયાર કરવા પાંચાલોને થોડો સમય તો આપો! આમ જુઓ, શસ્ત્રાગારનાં સઘળાં બાણ ખલાસ થઈ ગયાં છે અને યુદ્ધશાસ્ત્રના નિયમ પ્રમાણે એક વાર વાપરેલું બાણ એક પણ યોદ્ધો બીજી વાર વાપરી શકે નહિ!' તેઓ ફરી હસ્યા અને પીતાંબરનું શ્યામ ઉત્તરીય સરખું કરી તરત જ પાંચાલના રાજભવનમાં ચાલ્યા ગયા.

કર્ણ અને અર્જુન બંનેએ ચોંકી જઈને પોતપોતાના ભાથામાં હાથ નાખ્યો. એક પણ બાણ હાથ આવ્યું નહિ! લાચાર બનીને અર્જુને શિવધનુષ્ય નીચે મૂક્યું. એ ધનુષ્ય નીચેથી દ્રૌપદીની વરમાળા એના હાથમાં આવી! એમાંના શ્વેત કમળો ચગદાઈને ચીમળાઈ ગયાં હતાં! કર્ણ પણ પાછળ ખસ્યો. મેં એના પરસેવાથી લદબદતા ખભા પર હાથ મૂક્યો. મારી હથેળી એના દેહસ્પર્શથી દાઝી ગઈ. જોકે મને એની પરવા નહોતી. અર્જુનને મહાત કરનાર એક વીર મારી પાસે છે, એ જાણી મને આનંદ થયો હતો. ધીરજ પણ વળી હતી. મેં એને કહ્યું, 'કર્ણ, હવે એક પણ પળ આપણે આ નગરમાં રહેવું નથી. તારું અપમાન એ દુર્યોધનનું અપમાન!'

'અંગરાજ, આ ભયંકર યુદ્ધમાં એક અઘટિત બનાવ બની ગયો છે. તને સહાય કરવા દોડી આવેલો તારો પુત્ર...' અશ્વત્થામા બોલતાં બોલતાં અચકાયો. એ નીચું જોઈને ઊભો રહ્યો. એની પાંપણે આંસુ બાઝ્યાં હતાં!

'ક્યાં છે સુદામન? અશ્વત્થામા તું ચૂપ કેમ છો?' મસ્તકને ઝાટકો મારી અશ્વત્થામાના ખભા હલબલાવતાં એણે પૂછ્યું. એના વાંકડિયા સોનેરી વાળમાં બાઝેલાં પરસેવાનાં ટીપાં

ઊડીને અશ્વત્થામાના મસ્તક પર બાંધેલી પટ્ટી પર પડ્યાં! કર્ણની આંખો અંગારાની જેમ બળબળતી હતી. એ ધૂંધવાયેલો કર્ણ પોતાના પુત્રને મંડપમાં શોધવા લાગ્યો!

'અરે! તારો પુત્ર ચિરનિદ્રામાં પોઢ્યો છે, અંગરાજ!' બાણના ઢગલામાં પડેલા સુદામનના શબ તરફ આંગળી ચીંધી અશ્વત્થામા ગદ્ગદ સ્વરે બોલ્યો.

'સુદામન...!' એણે ઊંચું જોઈ હાક મારી. પ્રત્યુત્તર ન મળતાં ફરી એણે જોરથી હાક મારી. સૌનાથી છૂટો પડી એ પુત્રના શબ પાસે દોડ્યો! એના પગ પાસે જ દ્રૌપદીના હાથમાંની વરમાળા પડી હતી! એણે ક્રોધથી લાત મારી તેને ફગાવી દીધી. બીજી જ ક્ષણે ઘૂંટણ ટેકવી પોતાના પ્રિય પુત્રનો નિષ્પ્રાણ હાથ પોતાના હાથમાં લઈ, સિંહ સમી ગર્જના કરી વીરતાથી લડનાર રાધેય પુત્રવિયોગથી હીબકાં ભરવા લાગ્યો. ખભા પર હાથ મૂકી એને અશ્વત્થામા માંડમાંડ બહાર લઈ ગયો! એના હૃદયને એકસાથે ત્રણ આઘાત લાગ્યા હતા! અપમાન, વિજય-વંચના અને પુત્રવિયોગ!

મેં સંકેત કર્યો અને તરત જ અમારા સેવકોએ સુદામનનો મૃતદેહ ઊંચક્યો! આ કર્ણપુત્ર હસ્તિનાપુરમાં જન્મ્યો હતો અને પાંચાલમાં પોતાના પિતાને મદદ કરવા જતાં એણે દેહ છોડ્યો હતો.

નગર છોડતાં જ ગંગાકિનારે એના પાર્થિવ દેહને અગ્નિસંસ્કાર કર્યો ત્યારે સર્વત્ર પ્રસરેલી નીરવ શાંતિને હું ક્યારેય નહિ ભૂલું. ગંગાનાં લહેરાતાં મોજાં વારંવાર કર્ણને કહેતાં હતાં, 'કર્ણ, તારો પુત્ર ગયો. તારા દુઃખની વેદના કેટલી ઊંડી છે તે અર્જુનના પુત્રનો વધ કરીને એને બતાવજે!' અત્યંત ધીરજથી હાથમાં રહેલી સળગતી મશાલની ચિતા પ્રકટાવી. આકાશને આંબતી ચિતાની જ્વાળાઓનું વિરૂપ અને ભયાનક પ્રતિબિંબ ગંગાની લહેરાતી લહેરો પર લંબાતે જતું હતું! સુદામનને અગ્નિના અંકમાં સોંપી ખિન્ન હૃદયે અમે કાંપિલ્યનગરીમાંથી પાછા ફર્યા.

તેર

એ કમનસીબ રાત્રે જ અમે હસ્તિનાપુર પહોંચ્યા. મને ક્યાંય ચેન પડતું નહોતું. દૂધ પીધું. એક સુગંધી ફૂલ હાથમાં લીધું. કુરુના પ્રસિદ્ધ રાજદંડ તરફ દૃષ્ટિ કરી. દરેકમાં મને ભીમ જ દેખાતો હતો! દાંત કચકચાવતો જાણે મારી પર તૂટી પડ્યો હોય એમ મને ભાસ થતો હતો. પ્રત્યેક પળે એની સ્મૃતિજ્વાળા મને દઝાડી રહી હતી. હું યુવરાજ હતો. મારા એક આદેશ પર હજારો યોદ્ધાઓ હાથમાં તલવાર લઈ ભીમ પર તૂટી પડે તેમ હતા. દુઃશાસન, પિતામહ, ગુરુ દ્રોણ, અશ્વત્થામા, વૃષવર્મા અને કુરુનું વિશાળ સૈન્ય મારી સુરક્ષા માટે સુસજ્જ હતાં તોય મારું મન વ્યાકુળ હતું. ગમે તે કહો પણ માનવ કદી બીજા પર આધાર રાખી સુરક્ષિત રહી શકતો નથી! એણે પોતે જ નિર્ભય બનવાની જરૂર છે. ભીમને જોઈને મારા મનના તૂટી પડેલા તાણાવાણાને સાંધવાનો હું પ્રયત્ન કરી રહ્યો હતો, પરંતુ તે ખૂબ ગૂંચવાઈ ગયા હતા. હું વારંવાર મારી જાતને કહેતો હતો, 'દુર્યોધન, તું વીર છો! તારે ભીમથી આટલા બધા ડરવાની શી જરૂર છે? તું ગદાવીર છો. પ્રસંગ આવે બધાને એક બાજુ કરી તું જ ગદા લઈને ભીમ પર તૂટી પડજે. વ્યાકુળ શા માટે થાય છે?' મારા મનને ઘણું મનાવું છું પણ ગ્રીષ્મઋતુમાં મચ્છર આંખ સામે ગોળગોળ ફર્યા કરે તેમ ભીમ

મારી આંખ સામે ફર્યા કરતો. મનને સાંત્વનની ખૂબ જરૂર હતી. મેં સેવક પ્રભંજનને કર્ણ પાસે મોકલ્યો. સમાચાર મળતાં એ તરત જ આવશે અને એની સાથે વાતોમાં બેચાર કલાક ક્યાંય પસાર થઈ જશે. એના સહવાસ માત્રથી મને હજારગણું બળ મળી જતું. જોકે હું એની સામે કદી એની પ્રશંસા કરતો નહિ! હું જાણતો હતો કે પુરોચનની જેમ એનો જન્મ મારે માટે જ હતો! કર્ણની સાથે ક્યારેક અશ્વત્થામા પણ આવતો. તે ઘણી વખત એવી આશ્ચર્યજનક વાતો કરતો કે સાંભળીને આપણે અવાક્ થઈ જઈએ! પણ એ જાય પછી એની વાતો મને હંમેશાં કલ્પનાની આકર્ષક લીલા લાગતી. દ્રૌપદીના સ્વયંવર પછી એક વાર અચાનક એ કર્ણ સાથે મને મળવા આવ્યો. કર્ણ એક પ્રસ્તાવ લઈને આવ્યો હતો. પંદર દિવસ પછી નગરમાં ઉજવાનારા ઉત્સવમાં રથની સ્પર્ધા પણ રાખવી! એને ઘોડા, રથ, શસ્ત્ર, સૂર્ય-આરાધના, ધનુર્વેદ અને મલ્લયુદ્ધ સિવાય સંસારમાં બીજું કશું જ દેખાતું નહોતું.

એના પ્રસ્તાવ પર મેં તરત સંમતિની મહોર મારી દીધી. મેં એને સહજ મશ્કરીમાં કહ્યું, 'કર્ણ, સંસાર એ પણ એક સ્પર્ધા છે!'

'તો આપણે એને જીતવી જોઈએ!' એટલી જ સહજતાથી કર્ણે જવાબ આપ્યો.

'તું માને છે એટલું એ સરળ નથી.' અશ્વત્થામાએ વચમાં ટાપસી પૂરી.

'કઈ રીતે?' મેં પૂછ્યું.

'આ સ્પર્ધા જે મેદાન પર થાય છે એની લંબાઈ-પહોળાઈનો અંત કોઈ જાણતું નથી!'

અશ્વત્થામા હંમેશાં ગૂઢ વાણી જ બોલતો. આથી જ મેં એને પૂછ્યું, 'એવું તે કેવું વિશાળ મેદાન છે આ સંસારનું?'

'છે! મનનું મેદાન! આ મેદાન પર આકાંક્ષાથી સજાવેલા રથ સાથે હજારો વર્ષોથી માનવ આ સ્પર્ધામાં ભાગ લેતો આવ્યો છે, પરંતુ કાળના તટસ્થ પંચે એને કદી વિજયી ઘોષિત કર્યો નથી. અશ્વત્થામાના અવાજમાં મોરલીથીય વધુ મધુરતા હતી.

'તેથી શું એણે સ્પર્ધામાંથી હટી જવું?' એનો વિચાર ન સમજાતાં મેં એને પૂછ્યું.

'જરાય નહિ. એમાંથી કોઈ હટી શકે તેમ નથી. કેમકે કર્ણના અટલ નિયમો પાસે કોઈનું કંઈ ચાલતું નથી. મનના અત્યંત પુરાતન ગર્ભદ્વારમાંથી આવતા ઇષ્ટ કે અનિષ્ટ આદેશ પાળનારો તે કેવળ એક આજ્ઞાપાલક સેવક છે!'

'મન! મન! અશ્વત્થામા, તું જે મનની વાત કરે છે તેના તાણાવાણા કેટલા છે? એ તો બતાવ!' મને એના ગૂઢાર્થ સંપૂર્ણપણે સમજાતા નહોતા.

'તારા સોનેરી મુગટ નીચે મસ્તકમાં રહેલાં કેશ કેટલાં છે તે તું ગણી શકીશ? મનના તાણાવાણા પણ એટલા જ અગણિત અને ગૂંચવાયેલા છે! કેટલાક કહે છે કે જીવન આવા જ અદ્‌ભુત સુંદર તાણાવાણાથી વણાયેલું વસ્ત્ર છે, પરંતુ તે સંપૂર્ણ સત્ય નથી.'

'તો કેવું છે?' વચ્ચે જ એને અટકાવીને કર્ણે પૂછ્યું.

'જીવન એ મનના અસંખ્ય તાણાવાણાથી વણાયેલું કેવળ એક વસ્ત્ર નથી, પરંતુ આવાં વસ્ત્રોની ન ઉકેલી શકાય તેવી ગાંઠ છે! અને તે દરેકે અંતરની આંખ ઉઘાડી રાખીને જાતે જ ઉકેલવાની છે!'

'તો પછી સંસારમાં સત્ય શું છે? તું કહે છે એમ જીવનની ગાંઠ જ ને?' મેં એને છંછેડ્યો.

'નહિ! સત્ય શાશ્વત અને નિત્ય છે! એ દૃષ્ટિએ વિચાર કરતાં મને ફક્ત એક જ સત્ય દેખાય છે અને તે સૂર્યનાં આ અસંખ્ય કિરણો! અનાદિ કાળથી તે પૃથ્વીને કેવું જીવતદાન આપી રહ્યા છે! એનું દિવ્ય સ્વરૂપ ક્યારેય બદલાયું છે ખરું? સૌને સ્પર્શ કરવાનો એનો દિવ્ય ગુણધર્મ એણે કદી ત્યજ્યો છે ખરો? આટલું નિર્દોષ સત્ય, મારા રાજા, તું મને બતાવીશ?'

સહેજ અટકીને તે ફરી બોલ્યો, ' જીવન એ સૂર્ય પાસેથી પ્રેરણા મેળવેલું દિવ્ય પ્રકાશનું એક મોજું છે! જેને આ સત્ય સ્પષ્ટપણે સમજાયું તેનું જીવન પ્રકાશમય બની ગયું છે! આથી જ હું ઇચ્છું છું કર્ણ સદાય આપણી સાથે રહે, કેમકે એ મને હંમેશાં મોહક લાગ્યો છે. વળી તે સૂર્યની અખંડ આરાધના કરે છે. એની પ્રસન્ન મુખમુદ્રા જો. તે સૂર્યની પ્રતિકૃતિ જેવો નથી લાગતો?'

'અશ્વત્થામા, હું તારી વાત સાથે સંપૂર્ણ સંમત છું, પરંતુ આ વાત તારા પિતાને – ગુરુ દ્રોણને કેમ નથી સમજાતી?' મેં કર્ણ સામું જોઈ અશ્વત્થામાને ડામતો પ્રશ્ન પૂછ્યો.

'ફરી તને યાદ કરાવું છું કે રાજન્, જીવન અને મનના અસંખ્ય તાણાવાણાથી વણાયેલા વસ્ત્રની એક ગાંઠ છે! દરેકે જાતે જ એને ઉકેલવાની હોય છે! મારે મારી, તારે તારી, કર્ણે કર્ણની, મારા પિતાએ પોતાની! એમાં કોઈની મદદ કામે લાગતી નથી!'

એણે મને નિરુત્તર કરી દીધો. અંતે તો એ બુદ્ધિશાળી આચાર્યનો પુત્ર હતો ને!

ચૌદ

અશ્વત્થામાના તત્ત્વજ્ઞાનની કડી જીવન સાથે સાંકળવાનો હું પ્રયત્ન કરતો હતો, પણ તેનો મેળ બેસતો ન નહોતો. એ કહેતો હતો, 'જીવન એ મનના અસંખ્ય તાણાવાણાથી વણાયેલ વસ્ત્રની એક ગાંઠ છે અને દરેકે એને જાતે જ ઉકેલવાની હોય છે! મારું મન એની એક પણ વાત સ્વીકારવા કબૂલ થતું નહોતું. સૌ પ્રથમ તો મન વસ્ત્ર જેવું છે એ વાત જ મારા મનમાં બેસતી નહોતી! મને તો જીવન શસ્ત્ર સમાન લાગતું હતું! ગદા જેવું! ગદા પોતાના પરીઘમાં કોઈને પેસવા દે છે ખરી? માનવ મન પણ તેવું જ છે! દરેકનું જીવનક્ષેત્ર નિરાળું હોય છે. એ ક્ષેત્રમાં પ્રત્યેક વ્યક્તિ કેન્દ્રસ્થાને હોય છે. એ વિચારોની ગદા લઈ પોતાના જીવનની આસપાસ એને ગોળગોળ ફેરવ્યા કરે છે! એની ઝપટમાં જે આવે તેનું માથું ફોડી નાખે, કોઈની છાતી છૂંદી નાખે અને ક્યારેક તો કોઈને ચિરનિદ્રામાં પોઢાડી દે! એના પરિણામનો વિચાર ક્યારેય કરવો જોઈએ નહિ. વિચાર કરવા બેસો તો એક પણ કાર્ય પૂરું થઈ શકે નહિ!

અશ્વત્થામાના વિચારોને મેં ખંખેરી નાખવાનો પ્રયત્ન કર્યો છતાં સતત એ મારી સ્મૃતિમાં છવાઈ જતા અને હું પરેશાન થઈ જતો. છેવટે મેં જાત પર કાબૂ રાખીને નિર્ણય લીધો કે, 'અશ્વત્થામા, જીવન અસંખ્ય તાણાવાણાથી વણાયેલ વસ્ત્રની એક ગાંઠ છે એમ તું કહે છે એટલે હું સ્વીકારી લઉં છું... છતાં એ ગાંઠ હું ઉકેલવાનો નથી! એને હું વધુ

મજબૂત બનાવીશ! એની અંદર આ રાક્ષસી ભીમના જીવને, એ તરફડીને મરી જાય ત્યાં સુધી કચકચાવીને બાંધી દઈશ!'

ભીમને જીવનની ગાંઠમાં કચકચાવીને બાંધી દેવાનો જ્યારે મેં નિર્ણય કર્યો ત્યારે જ મને શાંતિ વળી. ભીમ એક જાળમાંથી છટકી ગયો. ભલે છટકી ગયો. એને માટે બીજી મજબૂત જાળ બિછાવવાનો મેં નિશ્ચય કર્યો. એને માટે જિંદગીભર જાળ પર જાળ બિછાવવાનો પ્રયત્ન કરતો જ રહીશ. હવે એની કાપેલી ટચલી આંગળીને પૂરવા માટે ચાંદીની ડબી રાખવાની જરૂર નથી. હવે તો એનું મસ્તક જ હું કુરુના સિંહાસન તળે દબાવી દઈશ! કેમ કે પાંચાલીના સ્વયંવરમાં પેલા અર્જુને પાંચાલીને જીતી હતી અને છેવટે યુદ્ધમાં પેલા ઉદંડ ભીમે મારી પીઠ પર ગદાનો જોરથી પ્રહાર કર્યો હતો!

એક બીજી બાબતમાં મારું ભાગ્ય બળવાન હતું. દ્રૌપદી દ્વારા કર્ણનું અપમાન... સૌ વીરોની હાજરીમાં એનું અપમાન કરવાની એને દુર્બુદ્ધિ સૂઝી હતી. હવે હું કર્ણને વારંવાર એ અપમાનની યાદ કરાવતો રહીશ અને શક્તિશાળી વીરને પુરુષાર્થ દાખવવા એને નિરંતર ઉત્તેજિત કરતો રહીશ. તક મળતાં જ કર્ણ દ્રૌપદીની સામે પ્રતિશોધ કરશે! આજ સુધી તો એ મારા જમણા હાથ સમો હતો, પણ મને ખાતરી હતી કે એક દિવસ તે પૂરેપૂરો મારી મુઠ્ઠીમાં આવી જવાનો! કર્ણ... સૂર્યભક્ત કર્ણ, કવચકુંડળધારી કર્ણ... વિશાળકાય કર્ણ... દુર્યોધનની મુઠ્ઠીમાં આવશે! એનું જીવન હું જેવું ચાહીશ તેવું જ બનાવીશ! હસ્તિનાપુરનો હું સ્વામી અને એની મુઠ્ઠીમાં કર્ણ! જગતને દુર્યોધનનું આ સુખદ સ્વપ્ન સાકાર થતું જોવું પડશે!

મનની આ મથામણ વચ્ચે પણ એક અત્યંત અપ્રિય ઘટના ભુલાતી નહોતી. સ્વયંવર પછીના યુદ્ધમાં અર્જુને કર્ણના પુત્રને – સુદામનને પોતાના અમોઘ બાણથી છિન્નભિન્ન કરી નાખ્યો હતો. કેટલાંય બાણ એના કોમળ અને નિર્દોષ યુવાન ચહેરામાં ઘૂસી ગયાં હતાં! આ વીરપુત્રને સંસારનો હજી શું અનુભવ હતો? ઊગતી કળીને મુરઝાવી નાખનાર અર્જુનને કોણ વીર ગણવાનું હતું? આ પ્રસંગે કર્ણે જો અર્જુનવધની પ્રતિજ્ઞા કરી હોત તો એથી શું એ આતતાયી ગણાવાનો હતો? કેવળ આદર્શ વચનોથી નીતિનિયમો નક્કી નથી થતા. એ તો જીવતાજાગતા અનુભવોથી નક્કી થાય છે!



વૃષાલી

વૃષાલી

એક

એક સ્ત્રીનું જીવન એ પતિનાં ચરણોમાં ભક્તિભાવથી અને શ્રદ્ધાથી સમર્પણ કરેલું એક કમળપુષ્પ છે! પતિનું સુખ એ પોતાનું સુખ. પતિની અર્ધાંગના બની રહેવાના પવિત્ર સોગંદ તેણે સપ્તપદીના મંગળ અવસરે અગ્નિદેવની સાક્ષીએ લીધેલા હોય છે. આથી એને અર્ધાંગના કહે છે. હું મારા પતિને સુખના શિખર પર રાખવાનો સતત પ્રયત્ન કરતી હતી, કેમકે એમનું જીવન કષ્ટમય હતું. એમની બધી વાતો મને મારા દિયર શોણે કહી હતી. હું ખૂબ ભાગ્યશાળી હતી. ભલભલી સ્ત્રીને ઈર્ષ્યા થાય એવું મારા પતિનું રૂપસૌંદર્ય હતું અને એથીય અધિક એ હૃદયના વિશાળ હતા. પોતાના સંપર્કમાં આવતી પ્રત્યેક વ્યક્તિને કેવળ પ્રેમ દેવા જ કદાચ એમનો જન્મ હતો! જોકે તેઓને રૂપનું સહેજે અભિમાન નહોતું. તેઓ ભૂલચૂકે કદી પોતાનાં દિવ્ય કુંડળ અને કવચનો ઉલ્લેખ કરતા નહિ. તેઓ અંગદેશના શક્તિશાળી રાજા હોવા છતાં તેમને માતાપિતાની સેવા કરતા જોઈને મારું હૃદય ગર્વ અનુભવતું. સુંદર અને સદ્‌ગુણી પતિ માટે કઈ સ્ત્રીને ગર્વ ન હોય? વિશાળ વટવૃક્ષ પર ઊગેલી વેલનું જીવન નચિંત, નિર્ભય અને સુખી હોય છે તેવું જ મારું જીવન મારા પતિના સહવાસમાં હતું. મારાં સાસુસસરા દેવ જેવાં હતાં. હું એમની પુત્રવધૂ છું એવું મને ક્યારેય લાગ્યું નથી. તેઓ મને હંમેશાં એમની દીકરીની જેમ રાખતા. દિયર શોણ જાણે હાસ્યનું ખળખળ વહેતું ઝરણું! તે ઓછા બોલતા હતા, પણ મારી સાથે વાત કરતા થાકતાં જ નહિ. મારો પ્રત્યેક દિવસ એમના 'ભાભી, ભાભી' એવા વહાલભર્યા શબ્દોથી છલકાઈ જતો. રાજનગરમાં અને રાજમહેલમાં બનતી એકેએક ઘટના એ જ મને સૌથી પહેલા જણાવતા.

મને હંમેશાં એક વાતની નવાઈ લાગતી કે એમના વિવાહ માટે કેમ કોઈ વાત ઉખેળતું નથી? હું સસરાજીને કહેતી, 'આપના મોટા દીકરા પર જ આપને વધુ પ્રેમ લાગે છે, નહિતર દિયરજીનાં લગ્ન તમે ક્યારનાય કરી નાખ્યાં હોત!' તે માત્ર હસીને કહેતા, 'એની ચિંતા અમારે નહિ. અમારી ફરજ માત્ર કર્ણનાં લગ્ન કરાવવાં પૂરતી જ હતી. એ પૂરી થઈ એનો અમને સંતોષ છે. શોણની ચિંતા કર્ણને માથે. એને શોણનાં લગ્ન કરવાં હોય તો કરે નહિતર ભલે કુંવારો રહે!'

'તક મળતાં જ મારા પતિદેવ પાસે હું દિયર શોણનાં લગ્નની વાત છેડતી. તેઓ કહેતા, 'વૃષાલી, સ્ત્રી ભારે ઈર્ષ્યાળુ હોય છે એવું મેં સાંભળ્યું છે! તું શોણની પત્નીની ઈર્ષ્યા નહિ કરે એની શી ખાતરી?' મને તેઓ હંમેશ આ રીતે ચીડવતા! જોકે એમાં પણ એમનો પ્રેમ જ નીતરતો હતો. હું જવાબ ન દેતી. મેં શોણને દિયર નહિ, મારો મોટો ભાઈ ગણ્યો છે. ભોજાઈની કોઈ ઈર્ષ્યા કરે ખરું?'

'વૃષાલી, સગાઈના ઘોડા નાહકના ન દોડાવ, તારો પતિ બીજાને પ્રેમ કરે એ તને પસંદ નથી ખરું ને! શોણનાં લગ્ન થઈ જાય એટલે એ મારી પાસે ઓછો આવે અને આથી તને મારી સાથે બેસવા વધુ સમય મળે એમ જ ને! તમે સ્ત્રીઓ કેટલી સ્વાર્થી છો?'

હું એમની આવી વાતોથી ચિડાઈને નારાજ થઈ જતી. તરત એમની પાસેથી ઊઠી અટારીએ જઈ ગંગાનદી સામું જોઈ રહેતી. થોડી વારે તેઓ મારી પાછળ આવી માથે હાથ ફેરવતા. મને કહેતા, 'વૃષાલી, નારાજ થઈ ગઈ તું? મને તો મારો શોણ હજી નાનો જ લાગે છે.' 'ગંગાકાંઠે છીપલાં વીણતો... ભાઈ, તું ગરુડની જેમ ઊંચે જઈશ કે...?' એવું પૂછતો, મારા રથ પાછળ રડતો-કકળતો દોડતો આવતો... બિલ્લીનું બચ્ચું રથ નીચે આવી ન જાય તેથી દોડીને એને ઊંચકી લેતો... એવો ભલોભોળો શોણ છે. હજી હું કલ્પી જ શકતો નથી કે એ આવડો મોટો થઈ ગયો છે, પણ તું કહે છે એટલે હવે હું વિલંબ નહિ કરું. એનાં લગ્ન મારાં લગ્ન કરતાં પણ ખૂબ ધામધૂમથી કરીશ. કેટલો ઊંચો અને ભંરાવદાર થઈ ગયો છે નહિ?'

આવે વખતે એના ખભે માથું ટેકવી દેવાનું મને મન થતું. આ વિશાળ કાયામાં એમનું મન પણ કેટલું વિશાળ હશે! એમના જીવનમાં અનેક આઘાત-પ્રત્યાઘાતો આવ્યા છે, પણ પોતાના વહાલા ભાઈની સ્મૃતિ એમણે પોતાના મનની ભીતરમાં કેટલી તાજી રાખી હતી! કદાચ દિયર શોણ આ ઘટનાઓને ભૂલી ગયા હશે! પરંતુ એમણે તો યથાવત્ જાળવી રાખી છે. સૌ સાથેના સંબંધો શ્રદ્ધાથી જાળવે અને સાથે મારા પ્રત્યેના પ્રેમમાં સહેજ ઊણપ આવવા દે એવા પતિને મેળવી હું ખૂબ ભાગ્યશાળી થઈ હતી. મારા જનમોજનમનાં પુણ્ય ફળ્યાં હતાં. એમની પત્ની હોવાને લીધે કેવળ એમનાં કુટુંબીજનોએ જ મારા પર પ્રેમ વરસાવ્યો નહોતો, પરંતુ મહારાણી ગાંધારીદેવી, યુવરાજ્ઞી દુઃશલાદેવી અને રાજમાતા કુંતીદેવી સૌએ મને પ્રેમમાં તરબોળ કરી દીધી હતી. હું એક સૂતકન્યા હતી છતાં મને રાજકન્યાનું જીવન પ્રાપ્ત થયું હતું! આ બધું કેવળ મારા પતિને કારણે હતું. આથી જ હું નિરંતર એમને સુખી કરવા તત્પર રહેતી. તેઓ એકપણ દુઃખદ ઘટનાનો મને અણસાર આવવા દેતા નહિ. ભૂતકાળમાં અખાડામાં કૃપાચાર્યે અને યુવરાજ ભીમે એમનાં કરેલાં અપમાનની ગંધ આજ સુધી મને આવવા દીધી નહોતી. પોતાને લીધે બીજાને દુઃખ પહોંચે એ તેઓ કદી વિચારી પણ શકતા નહિ, પરંતુ આવા દુઃખદ પ્રસંગો મને મારો દિયર શોણ આવીને કહી જતો. ભ્રાતૃપ્રેમને વશ તે મને જણાવતો, 'ભાભી, મોટાભાઈ ગમે તેટલા મોટા સંકટમાં ફસાયા હશે ને તોપણ એ તમને કદી નહિ જણાવા દે. એથી જ હું તમને બધું જણાવું છું. એમનાં દુઃખને હું જોઈ શકતો નથી. નાને મોંએ મોટી વાત શું કરું? આથી હું એમને કંઈ કહી શકતો નથી! તમે જ મોટાભાઈને સંભાળજો.'

યુવરાજ્ઞી પાંચાલીના સ્વયંવરમાં થયેલ અપમાનને પણ મને દુઃખ ન થાય તેથી તેઓ મૂંગે મોંએ ગળી ગયાં હતાં. જોકે શોણે મને વાત કરી જ. સ્વયંવરમાં બનેલી તમામ ઘટનાઓ મેં જાણી ત્યારે મને ઝેરીલી અને અવિવેકી યુવરાજ્ઞી પ્રત્યે રોષ ચડ્યો. જોકે એક જ વાર. પછી મને દયા આવી. હાથમાં આવેલ અમૃત કટોરાને આ અવિચારી સ્ત્રીએ કુળના ઘમંડને કારણે ઠોકરે મારી દીધો હતો. મુગટમાં શોભે તેવું સુગંધી સુવર્ણપુષ્પ એણે પગ

તળે ચગદી નાખ્યું હતું! સૌ રાજાની હાજરીમાં એણે મારા પતિનું ઘોર અને અક્ષમ્ય અપમાન કર્યું હતું. મારા ગુણિયલ પુત્રનું બલિદાન લીધું હતું! હસતે મુખે હસ્તિનાપુરથી નીકળેલો, કેળના દંડ સમો મારો પહેલા ખોળાનો પુત્ર, અંગરાજ અને મારા પ્રેમના પ્રતીક સમો મારો સુદામન સ્વયંવર પછીના યુદ્ધમાં યુવરાજ અર્જુનને હાથે રોળાયો હતો અને મારા પતિનું અપમાન કરવામાં આવ્યું હતું.

જ્યારે અંગરાજ પાંચાલ દેશથી પાછા ફર્યા ત્યારે એમની આરતી ઉતારતાં મેં ચિંતાતુર સ્વરે પૂછ્યું, 'આપણો સુદામન ક્યાં?' મારી આંખોમાં આંખ પરોવતાં એમને ગળે ડૂમો ભરાઈ આવ્યો હતો. એમની નીલવર્ણી આંખોમાંથી ટપકી પડેલાં બે અશ્રુબિંદુ રક્તવર્ણા ગાલ પર થઈ મારા પર સરી પડ્યાં. એ બળબળતા અંગારા સમા હતાં! મોં ફેરવી લઈ ઉત્તરીયથી આંસુ લૂછતાં તેમણે કહ્યું, 'સુદામન આપણને છોડીને ચાલ્યો ગયો, વૃષુ! એનું કાળજું ચીરી દ્રૌપદીના કંઠમાં વરમાળા આરોપનાર અર્જુન હવે સુદામનના પિતાનાં બાણોથી અંતિમ શ્વાસ છોડશે!' એમણે પ્રતિજ્ઞા રૂપે મારા હાથમાં રહેલી આરતીની થાળીમાંથી એક પુષ્પ લીધું! સુદામનવધનાં સમાચાર સાંભળી મારા હાથમાંથી આરતીની થાળી પડી ગઈ!

બે

સ્ત્રીઓએ અંગત દુઃખો સહન કરીને અન્યનાં દુઃખોને હળવાં કરવાનાં હોય છે. કોઈપણ સુજ્ઞ સ્ત્રીને એ શીખવવું નથી પડતું કે એના પતિનું દુઃખ એણે કેવી રીતે નિવારવું! હું જાણતી હતી કે સ્વયંવરનું શલ્ય મહારાજના હૃદયને ચૂભી રહ્યું હતું. તેઓ બેચેન હતા. ક્યાંય સુધી વિચારોમાં ખોવાયેલા રહેતા. એક દિવસ બપોરે ભોજન લીધા બાદ તેઓ એકલા બેઠા હતા. હું અચાનક ત્યાં જઈ ચડી. મને જોઈને કૃત્રિમપણે હસતાં હસતાં તેઓએ પૂછ્યું, 'વૃષાલી, તું?'

'કેટલાક માણસો જૂઠું નથી બોલતા પણ જૂઠું હસી શકે છે તેની મને આજે ખબર પડી!' મેં કહ્યું.

'કોણ જૂઠું હસે છે? તને જોઈને કોઈ જૂઠું હસી શકે ખરું?'

'હા. તમે! આજે તમે જૂઠું હસી રહ્યા છો! તમે તમારું દુઃખ મારાથી છુપાવો છો!'

'કયું દુઃખ?'

'સુદામનનું અને સ્વયંવરનું! અપમાનથી તમે વ્યથિત થઈ ગયા છો.'

'વૃષાલી, એ સાચું છે પણ તને આ બધું કહ્યું કોણે?'

'શોણે! પણ હું પૂછું છું કે એમાં તમારે આટલું બધું વ્યથિત થવાની શી જરૂર?'

'એ જાણવા માટે તો પુરુષ અને વિશેષ કરીને યોદ્ધાનો જનમ લેવો પડે. એ સિવાય અપમાનના શલ્ય કેવા ડંખે છે તેની ખબર ન પડે. વૃષાલી, ખરેખર શું હું આટલો હીન અને ક્ષુદ્ર છું?' હંમેશની જેમ અટારીએથી દૂર ક્ષિતિજ તરફ જોતાં તેઓ બોલતા હતા.

'નહિ. તમને હીન કહેનારા એક દિવસ જરૂર પસ્તાવાના એમ મારું મન મને વારંવાર કહી રહ્યું છે.'

'તને એક પ્રશ્ન પૂછું? સાચેસાચું કહેજે.'

'તમારી પાસે કદી હું જૂઠું બોલી છું? બોલવાની પણ નથી!' આપ મારા પરમેશ્વર છો!'

'તને કદી મનમાં એવું થાય છે કે તારો પતિ સૂતપુત્ર ન હોત તો વધુ સારું થાત?'

'કેમ? હું એવું શા માટે વિચારું? મને તમારો આ પ્રશ્ન જ અસ્થાને લાગે છે. તમારામાં શું ખામી છે?'

'તો પછી મને જ કેમ આટલો બધો રોષ ચડે છે? સૂતપુત્ર શબ્દથી?'

'ક્યારેક સંસારીજનોની દુષ્ટતા તમને વિક્ષુબ્ધ કરી મૂકે છે. એથી તમને રોષ ચડે છે, પરંતુ તમારે લોકોની ક્રૂરતાની પરવા કરવાનીય શી જરૂર છે? કેમકે...'

'કેમકે આપણા બંનેનું જીવન...'

'અરે, શું થયું વૃષાલી? અટકી કેમ ગઈ? આપણા બંનેના જીવનનું શું?'

'હવે આપણે માત્ર બે જ રહેવાના નથી. હવે આપણા જીવનમાં ત્રીજાનો પ્રવેશ થવાનો છે! તમે હવે થોડા સમયમાં પિતા બનવાના છો!'

'શું કહે છે વૃષાલી? હું પિતા બનવાનો છું? આપણને પુત્ર પ્રાપ્ત થવાનો છે! વૃષાલી, આ સમાચાર તેં મને આટલાં મોડાં કેમ આપ્યાં?' નજીક આવી એમણે મારું મોં એમની હથેળીમાં દાબી દીધું. મેં આંખો ઉઠાવવા વ્યર્થ ફાંફાં માર્યાં. મારા મોં પર વહાલથી હાથ ફેરવતાં તેઓ હળવેકથી બોલ્યા, 'વૃષુ, આમ મારી સામે જો!'

મેં એમનાં કુંડળો અને ઢળતી આંખો તરફ જોયું. મને દ્રૌપદી યાદ આવી. ખરેખર એણે મારા પર બહુ મોટી કૃપા કરી હતી! જો તેણે અમારા આટલા ઘનિષ્ઠ પ્રેમને નિહાળ્યો હોત તો મને ખાતરી છે કે એણે એમને હસ્તિનાપુર પાછા જવા દીધા ન હોત! ગંભીરભાવે તેમણે મને પૂછ્યું, 'વૃષુ, દીકરો આવશે કે દીકરી?'

'તમારી શું ઇચ્છા છે?'

'દીકરીની! તારી જેવી વિશાળ આંખોવાળી!'

'અંહ! દીકરો. તમારા જેવો કુંડળધારી!' એમની હથેળીમાંથી મોં છોડાવતાં હું બોલી.

'તો તો તું મને ભૂલી જ જઈશ! પુત્ર થયા પછી પત્નીના પતિપ્રેમમાં ઓટ આવે છે એમ કહેવાય છે!'

'તમારી યાદ માત્ર એક જ બનાવથી દૂર થાય અને તે મારા મૃત્યુથી!'

'વૃષાલી, ખરેખર તું મારે માટે સ્વર્ગીય આનંદની બક્ષીસ લઈને આવી છો!' એની પાણીદાર આંખો મારા હૃદયસરોવરમાં ડૂબકી મારતી હતી.

'સ્વર્ગમાં પણ સાક્ષાત્ દેવોને સ્વર્ગીય બક્ષીસની જરૂર પડે છે!' હું એમના મનને પ્રસન્ન રાખી શકી એનો મને ખૂબ આનંદ હતો. સ્વયંવરમાંથી આવ્યા પછી આજે પહેલી વાર તેઓ મારી સાથે ખુલ્લા દિલે વાત કરતા હતા, પણ બીજી જ ક્ષણે તેઓ શાંત થઈ

ગયા. ઊઠીને અચાનક તેઓ અટારીમાં જઈને ઊભા રહ્યા અને દૂર દૂર જોવા લાગ્યા!

'શું થયું તમને?' મેં ભયભીત થઈને પૂછ્યું.

'કંઈ નહિ. તું હવે જા.' ફરી તેઓ મારાથી કંઈક છુપાવવા લાગ્યા.

'તમે મારાથી અંતર રાખીને રોજ આ રીતે વર્તશો?'

'નહિ, વૃષાલી! બધી વાતો કહેવા જેવી નથી હોતી. સમજવા યોગ્ય પણ નથી હોતી કેમકે તે કટુ હોય છે.'

'ગમે તેવી કટુ વાત પણ મને તમારે મુખેથી હંમેશ મીઠી મધ જેવી જ લાગવાની.' મેં મક્કમતાથી કહ્યું.

'નહિ.'

'મને કહેવી જ પડશે એવી હઠ હું નહિ કરું, પરંતુ પત્નીને પતિની અર્ધાંગના ગણવામાં આવી છે એ વાત તદ્દન જૂઠી છે એમ સ્વીકારીને હું અહીંથી ચાલી જઈશ.'

'એમ નથી પણ તું એ સહન કરી શકીશ? આપણને પુત્ર આવવાનો છે એના આનંદમાં તું કેટલી ઘેલી બની ગઈ છો? હું પણ સાંભળીને બે ઘડી દુઃખ વીસરી ગયો, પરંતુ આ સમાચારે મને વધુ દુખી કરી મૂક્યો છે.'

'આવું શું બોલો છો તમે? આપણે ઘેર પુત્રજન્મ થવાનો છે એ સમાચાર દુઃખદ કઈ રીતે હોઈ શકે?'

'હા. વૃષાલી, તારી કૂખે જન્મનારો નિર્દોષ પુત્ર આ રાજમહેલમાં કર્ણપુત્ર તરીકે ઊછરશે પણ કાલ સવારે તે સમાજમાં હળતોભળતો થશે ત્યારે સૌ એને 'સૂતપુત્ર, સૂતપુત્ર' કહીને ચીડવશે! જે ધીરજથી એના પિતાએ કડવા ઘૂંટ પચાવ્યા છે એ ધીરજથી શું એ પચાવી શકશે? નહિ, વૃષાલી, કર્ણનાં પરાક્રમનાં નગારાં વ્યર્થ છે! સમાજની જડરૂઢિઓ પાસે વ્યક્તિનાં જીવન, ધ્યેય, આશા, આકાંક્ષા – બધું ધૂળ બરાબર નથી શું?'

'જો એ સૂતપુત્ર જ હોય અને એને એમ કહીને બોલાવે એમાં અપમાનની વાત ક્યાં આવી?'

'વૃષાલી, તું જા! કર્ણની સાથે રહીને તું એને પૂર્ણપણે હજી ઓળખી શકી નથી!'

'એવું નથી! તમને તમારા કુળનું ગૌરવ કેમ નથી? તમે સૌને અભિમાનથી કેમ કહેતા નથી કે હા, હું સૂતપુત્ર છું. મારા પુત્રો અને મારો વંશ – બધા સૂતપુત્રો જ રહેશે!'

'વૃષાલી, એ માટે છેલ્લાં પચ્ચીસ વર્ષથી મેં મનને મનાવવા પ્રયત્ન કર્યો છે, પરંતુ મારું મન એ વાત સ્વીકારવા તૈયાર થતું નથી! હું સૂતપુત્ર છું એ વાતનું મને અભિમાન હોવું જોઈએ પણ થતું નથી તેનું શું?'

'તો... તો... હું સૂતકન્યા છું, તમારી પત્ની છું એ સત્ય પણ તમને કદી આનંદિત નહિ કરતું હોય, એમ જ ને?'

'નહિ, વૃષાલી! તું, શોણ, માતા, પિતા અને દુર્યોધન – એ સૌના પ્રેમનો મને ગર્વ છે! તારા વિશે મને કહેવાની ક્યારેય તક મળશે ત્યારે હું કહીશ કે...' તેઓ અટારીએથી તરત પાછા વળ્યા.

'શું કહેશો તમે?'

'મેં તને આજ સુધી એ વિશે કહ્યું નથી તે – એ કે વૃષાલી મને પત્ની રૂપે મળતી હોય તો એ સારથિ કુળમાં હું એક તો શું દસ જન્મ લેવા તૈયાર છું!'

એમના શબ્દોથી હું ભાવવિવશ થઈ ગઈ. એમના મનનો તાગ લેવો ખરેખર મુશ્કેલ હતો! આકાશના પારને કોઈ પામી શક્યું છે? હું સંતોષપૂર્વક એમના કક્ષમાંથી બહાર નીકળી.

જોકે મનમાં એક વાત ખટકતી હતી કે પોતાના પુત્રને સૂતપુત્ર તરીકે ઓળખાવવાનું તેમને કેમ ખૂંચે છે?

ત્રણ

મારું દામ્પત્યજીવન સુખી હતું. મને દુર્યોધન પ્રત્યે આદરભાવ હતો. કેમકે એમની મહેરબાનીથી જ મારા કુટુંબનું વટવૃક્ષ ફાલ્યુંફૂલ્યું હતું. પ્રત્યેક પ્રસંગે તેઓ મારા પતિનો પ્રાણપ્રિય મિત્ર તરીકે જ ઉલ્લેખ કરતા હતા. પોતાના પતિ માટે બધું જ કરી છૂટનારી વ્યક્તિ પ્રત્યે સ્ત્રીના મનમાં આદરભાવ હોય એ સ્વાભાવિક છે. મહારાજ દુર્યોધનને લીધે જ હું અંગરાજ્ઞી તરીકે ગૌરવથી હસ્તિનાપુરમાં રહી શકતી હતી છતાં મને એક વાત સતત ખટકતી હતી. તે એ કે અમારાં લગ્નમાં આગળ પડીને તમામ તૈયારી કરાવનાર મહારાજ દુર્યોધન પોતે હજી સુધી કેમ અવિવાહિત હતા. લગ્નમાં જ જીવનની પૂર્ણતા છે. કેવળ સંપત્તિ, સામર્થ્ય અને કીર્તિમાં તમામ સુખ સમાઈ જતાં નથી. મેં મારા પતિદેવને મહારાજ દુર્યોધનના વિવાહ વિશે ઘણી વાર સૂચવ્યું હતું. એટલે જ તેઓ પાંચાલ દેશમાં દ્રૌપદીના સ્વયંવર માટે ગયા હતા, પણ ત્યાં તો તેઓ અપમાનિત થયા હતા. તેથી શું એમણે જીવનભર અવિવાહિત રહેવાનું? તક મળતાં જ હું મારા પતિદેવને આડકતરી રીતે સંકેત કરતી. મને તેઓ ઉત્તર આપતા, 'વૃષાલી, તેઓ એક યુવરાજ છે એટલે હસ્તિનાપુરના વૈભવશાળી સામ્રાજ્યને શોભે એવી રાજકન્યા તેમને માટે જોઈએ. રાજાના વિવાહ રાજ્યાભિષેક જેટલા જ મહત્ત્વના હોય છે.' દુર્યોધન મહારાજ માટે સત્યસેનભાઈ દ્વારા માહિતી મેળવીને મેં અનેક રાજકન્યાઓ સૂચવી હતી, પણ તેમને એક પણ પસંદ પડી નહોતી. એક દિવસ સંધ્યાકાળે તેઓ રાજસભામાંથી આવ્યા. દાસી મોકલીને મને બોલાવી અને કહ્યું, 'સાંભળ, વૃષાલી! તને દુર્યોધનના વિવાહની બહુ ચિંતા હતી ને? હવે તેઓ ચતુર્ભુજ થવાના છે. એક ભૂર્જપત્ર પર પાઠવેલું નિમંત્રણ એમણે મારા હાથમાં મૂક્યું.

એ આમંત્રણ કલિંગ દેશના ચિત્રાંગદ રાજાનું હતું. પોતાની કન્યા ભાનુમતિ માટે સ્વયંવર યોજ્યો હતો. સગાંસંબંધીઓ સાથે કલિંગ દેશની રાજનગરી કાશીપુર પધારવા માટે રાજાએ ભીષ્મ પિતામહને નમ્ર વિનંતિ કરી હતી.

'ચાલો. હવે મને એક સારી સખી મળશે!' મેં આનંદમાં આવીને કહ્યું.

'તમે સ્ત્રીઓ દરેક વાતને નિર્મળ દૃષ્ટિથી જ જુઓ છો! વૃષાલી! આ કેવળ સ્વયંવરનું જ આમંત્રણ છે. રાજકન્યા ભાનુમતિને મેળવવા માટે વીરત્વ દાખવવા પાંચાલીના સ્વયંવર કરતાંય વિશેષ કલિંગના કાશીપુરમાં ભેગા થશે. ભાનુમતિ દુર્યોધનને જ વરશે એ કહેવું મુશ્કેલ છે.' એમણે મારો મત જાણવા માટે જ ચિંતા વ્યક્ત કરી.

'તમે છો પછી શું ચિંતા? જુઓને પાંચાલીના સ્વયંવર પછી અર્જુન સાથે તમે જ એકલા એક કલાક સુધી લડ્યા હતા ને?'

'વૃષાલી, પ્રત્યેક સ્ત્રી એમ જ માને છે કે પોતાનો જ પતિ એક કર્તવ્યનિષ્ઠ છે! તું પણ એમાંની એક છો. તમારો પતિ કર્તવ્યનિષ્ઠ છે એમ કહેતી વખતે આવનારી આપત્તિને તું ભૂલી જાય છે.'

'કઈ આપત્તિ?'

'તારા પતિની કર્તવ્યનિષ્ઠા જોઈ કોઈ સ્ત્રી એના પર વારી જાય અને એ એને પોતાનો કરી લે તો એ તારા માટે આપત્તિ રૂપ નહિ?'

'સહેજે નહિ! મૂળ પ્રશ્ન મારા પતિની પસંદગીનો છે. એમને જો એ સ્ત્રી પસંદ પડી હોય તો હું એને મારી બહેન ગણી એને વધાવીશ! એ આપત્તિ મારે માટે ઇષ્ટાપત્તિ બની રહેશે.'

'વૃષાલી, માનીએ છીએ એટલું સરળ નથી!'

'હું વૃષાલી છું! અંગરાજની પત્ની!' મેં પણ એમને દૃઢતાથી ઉત્તર આપ્યો.

મારા ઉત્તરથી તેઓ ખૂબ ખુશ થઈ ગયા. નજીક આવી મારો હાથ એમના હાથમાં લઈ તેઓ બોલ્યા, 'સવારે હું યુવરાજ દુર્યોધન સાથે કલિંગ દેશ જાઉં છું. તું તારા શરીરનું ધ્યાન રાખજે. આપણો સુદામન જ ફરી તારા ઉદરમાં આકાર લઈ રહ્યો છે.'

મારો હાથ એમના હાથમાં હતો પણ મન કલિંગ દેશ પહોંચી ગયું હતું. કેવી હશે એ કલિંગ દેશની યુવરાજ્ઞી ભાનુમતિ? અને કેવું હશે એ રાજનગર કાશીપુર?

ચાર

બીજે દિવસે જ યુવરાજ દુર્યોધન, મહારાજ અને અન્ય સગાસંબંધીઓ કલિંગના કાશીપુર નગર જવા રવાના થયા. એ સૌને સફળતા મળે એવી શુભેચ્છા મેં વ્યક્ત કરી હતી. નગરના શિવપાર્વતીનાં મંદિરે જઈ એમને સફળતા મળે એ માટે હું રોજ પ્રાર્થના કરતી. કોને ખબર કેમ પણ મંદિર જતી વખતે મને રોજ રાજમાતા કુંતીદેવીએ ભેટ આપેલી લીલી અતલસની સાડી પહેરી જવાની ઇચ્છા થતી! એમની આ સ્મૃતિને મેં જતનથી જાળવી હતી. પોતાના પાંચ પુત્રો સહિત તેઓ આકસ્મિકપણે વારણાવતની આગમાં બળી ગયા એ સમાચાર જ્યારે મેં યુવરાજ્ઞી દુઃશલાદેવી પાસેથી સાંભળ્યાં ત્યારે પેટીમાં સાચવી રાખેલ આ અતલસ સાડી કાઢીને એમાં મોં છુપાવી હું ધ્રુસકે ધ્રુસકે રડી હતી. મને હંમેશ થતું હતું કે આ સાડીમાં એમના જીવનનો અમૂલ્ય પ્રેમ એમણે મને પાઠવ્યો છે.

પણ...પણ એમના પુત્ર અર્જુને મારું એક માત્ર અમૂલું રાજવસ્ત્ર હરી લીધું હતું. સુદામનની યાદ ભુલાતી નહોતી. હું અર્જુનને માફ કરી શકતી નહોતી.

એ દિવસે પાંચાલીના સ્વયંવરમાં પાંડવો જીવતા છે એ સમાચાર સાંભળ્યાં ત્યારે આ સમાચાર આપનાર દાસીને મેં હલબલાવીને સૌથી પહેલાં એ પૂછ્યું કે, 'રાજમાતા કુંતીદેવી તો સુખરૂપ છે ને? કોણ જાણે મંદિરની મૂર્તિ સમા કુંતીદેવી મને હંમેશ સાત્ત્વિક અને પવિત્ર લાગ્યાં છે!

પાંડવો અને મારા પતિદેવના વિચારો જુદા હતા. જોકે યુવરાજ અર્જુનને અને એમને સહેજે બનતું નહોતું. યુવરાજ અર્જુનની વાતને મિષે હું એમને ઘણી વાર કહેતી, ‘તમને એને માટે આટલો બધો પૂર્વગ્રહ શા માટે છે? કુરુઓના રાજસિંહાસનના ઉત્તરાધિકારી રૂપે તમારે કાંઈ લેવાદેવા નથી.’

તેઓ કહેતા, ‘જે રાહુ-કેતુ ચન્દ્રને ગ્રસી જાય છે એમને ચન્દ્ર સાથે શો સંબંધ છે? આકાશમાં ગડગડાટ કરતી વીજળીના કડાકા પૃથ્વીને ચીરી નાખે છે. પૃથ્વીને એ કડાકા સાથે શો સંબંધ છે? અર્જુન એ મારી જીવનસરિતાને આજ રીતે જ્યાં ત્યાં અવરોધ નાખનાર બંધ સમાન છે. તને એ ક્યારેય નહિ સમજાય, વૃષાલી.’

પછી તેઓએ મને એમના અને અર્જુનના યુદ્ધશાળામાં થયેલા મેળાપની વાતો કરતા છેવટે કહ્યું હતું કે, ‘એક કાળા નાગનું ગૂંચળું આકાશમાંથી ઊડતા ગરુડની ચાંચમાંથી સરીને અમારા બેની વચ્ચે પડ્યું.’ સાંભળીને હું કંપી ઊઠી. આ પ્રસંગની સ્મૃતિ થતાં મારું સ્ત્રીહૃદય વિચારે ચડી જતું કે નાગ એ ભાવિ અશુભ ઘટનાને સૂચવતું એક અપશુકનિયાળ પ્રતીક છે. જોકે એ વિચારને એક વીર પત્નીને નાતે મેં ખંખેરી નાખ્યો.

રાજમાતા કુંતીદેવી સુખરૂપ છે એ જાણી મને ટાઢક વળી હતી. મહારાજને પણ રાજમાતા પ્રત્યે નિતાંત આદરભાવ હતો. તેઓ હંમેશ કહેતા, ‘મને મતભેદ અર્જુન સાથે છે. એની કહેવાતી સર્વશ્રેષ્ઠ વીરતા સામે છે. એના ભાઈઓ અને માતા સાથે શત્રુતા હોવાનું કોઈ કારણ નથી.’

પાંડવો સુરક્ષિત છે એ સમાચારથી હસ્તિનાપુરમાં આનંદ છવાઈ ગયો. હવે તેઓ નગરમાં ક્યારે પાછા આવશે એની નગરજનો વાટ જોતા હતા. મારા મનને ખૂણે પણ એમની સુરક્ષિતતાનો સંતોષ હતો. ખરું પૂછો તો પ્રત્યેક સ્ત્રી એવું જ ઇચ્છે કે સૌ સુખી રહે. કુટુંબ-વત્સલ સ્ત્રીની આ ઇચ્છા હોય જ. પણ... પણ યુવરાજ અર્જુનને ક્ષમા દેવા મારું મન હા પાડતું નહોતું.

પાંચ

મહારાજને કલિંગ દેશ પધાર્યે ત્રણેક અઠવાડિયાં થઈ ગયાં હતાં. એક મહિના પછી યુવરાજ દુર્યોધનનો એક ખાસ વિશ્વાસુ દૂત પ્રભંજન હસ્તિનાપુરમાં કાશીપુરના સવિસ્તર સમાચાર લઈને આવ્યો. એને મુખે આ તમામ પ્રસંગો સાંભળી મારું હૃદય અનેકવિધ ભાવોથી છલકાઈ ગયું. પ્રભંજન પાસેથી સમાચાર સાંભળીને મારા પતિનાં શૌર્ય, ઔદાર્ય અને મિત્રપ્રેમ પ્રત્યે મને અત્યંત ગર્વ થયો.

કલિંગ દેશની યુવરાજ્ઞીના સ્વયંવરમાં દેશોદેશથી અનેક રાજાઓ કાશીપુરમાં એકત્ર થયા હતા. કાશીપુર હસ્તિનાપુરની પૂર્વ દિશામાં સેંકડો જોજન દૂર હતું. ત્યાંથી કેટલાક જોજનો દૂર પૂર્વ સમુદ્ર હતો છતાંય આટલા દૂર દેશમાં કેટલા બધા પરાક્રમી રાજાઓ રાજકન્યા ભાનુમતિના સૌંદર્યની ખ્યાતિ સાંભળી ત્યાં ગયા હતા. એમાં જરાસંધ, શૃગાલ, ઋક્થ, શિશુપાલ, દણ્ડધાર જેવા અનેક પરાક્રમી નરશ્રેષ્ઠો હતા. સ્વયંવર માટે કોઈ શરત નહોતી. યુવરાજ્ઞી ભાનુમતિ હાથમાં વરમાળા લઈને સ્વયંવરના મંડપમાં ફરવાની હતી અને

તેને જે રાજા પોતાના પતિ તરીકે યોગ્ય લાગશે તેને ગળે વરમાળા આરોપવાની હતી અને તેનાં ચરણોમાં પોતાનું જીવનપુષ્પ અર્પણ કરવાની હતી.

સ્વયંવરનો મંડપ તમામ રાજાઓથી ખીચોખીચ ભરાઈ ગયા પછી નક્કી કર્યા પ્રમાણે હાથમાં વરમાળા લઈને તે મંડપમાં પ્રવેશી હતી.

સૌ પ્રથમ રાજા શિશુપાલ પર ઊડતી નજર નાખી એ આગળ વધી. એ પછી શૃગાલ દેખાયો. તેને પણ એણે નાપસંદ કર્યો. એની સામે બેઠેલા દણ્ડધાર પાસે આવીને ઊભી રહી, પરંતુ એની કામી આંખો જોતાં જ એણે અસ્વીકાર કર્યો. એની બાજુમાં જ મગધદેશના રાજા જરાસંધનું આસન હતું. ભાનુમતિને એ પણ પસંદ પડ્યા નહિ. પાંચમા આસને રાજા દુર્યોધન બિરાજ્યા હતા. એમની પાછળ મારા પતિદેવ ઊભા હતા. દુર્યોધનની સામે આવીને ભાનુમતિએ આંખ ઊંચી કરી. એમની સામે જોયું અને બીજી જ પળે એની નજર એમની પાછળ ઊભેલા મારા સર્વસ્વ ભણી ઠરી! તે એકીટશે એમની સામે જોઈ રહી હતી. આ જોઈ તત્કાળ દુર્યોધન આસન પરથી ઊઠ્યા અને કોઈ જાણે એ પહેલાં જ એમણે ભાનુમતિની નાજુક કમર પર પોતાનો ભરાવદાર હાથ વીંટાળી એને પોતાના ખભા પર ઊંચકી લીધી અને સૌને સંબોધીને તેઓએ મોટેથી ઘોષણા કરી, 'પૂર્વે ભીષ્મ પિતામહ મારા માતામહને અર્થે કાશીરાજની કન્યાઓ ઊંચકીને લઈ આવ્યા હતા તેમ આજે હું પણ મારી શક્તિશાળી ભુજાઓના જોરે કલિંગ દેશની રાજકન્યાને ઊંચકીને લઈ જાઉં છું! છે કોઈનામાં હિંમત આ કુરુના રાજદંડ સામે હાથ ભીડવાની!'

સૌ રાજા ઊભા થઈ ગયા. મંડપના પ્રવેશદ્વાર પાસે ઊભેલા બેચાર રાજાઓને એક હાથે દૂર કરી અને બીજે હાથે ગદા ફેરવતા યુવરાજ દુર્યોધન ચપળતાથી બહાર નીકળી ગયા. એક પલકારામાં તો તેઓ મોટાભાઈ સત્યસેને પ્રવેશદ્વાર પાસે તૈયાર રાખેલા રથમાં હાથપગ પછાડતી ભાનુમતિને ફૂલની જેમ ઊંચકી લઈ હળવેકથી ચડી ગયા. મોટાભાઈ સત્યસેને રથના ઘોડા પલાણ્યા. ક્રોધે ભરાયેલા કેટલાક રાજાઓએ એનો પીછો પકડ્યો. પણ... પણ... પ્રવેશદ્વાર પાસે સૌને અંગરાજાએ અટકાવી દીધા! પ્રવેશદ્વાર પાસે તેમને જોતાં જ શિશુપાલ બરાડ્યો, 'અંગરાજ કર્ણ, હઠી જા! તમામ ક્ષત્રિયોનું આ ઘોર અપમાન છે!'

'શિશુપાલ, તમે સૌ ક્ષત્રિય છો તો રાજા દુર્યોધનના મિત્ર સૂતપુત્ર કર્ણ પર હાથ તો અજમાવી જુઓ! યાદ રાખજો. રાજા દુર્યોધન એ કર્ણની મ્યાનમાં રાખેલી કુરુઓની ધારદાર તલવાર છે! એ તલવારને હાથ અડાડવાની હિંમત હોય તો પહેલાં મ્યાન દૂર કરો!'

શિશુપાલ સહિત ક્રથ, શૃગાલ વગેરે દસ રાજાઓ મહારાજ પર તૂટી પડ્યા. સ્વયં પ્રભંજન મહારાજની પાછળ ઊભો રહીને આવશ્યક બાણ સતત પૂરાં પાડતો હતો. જેમ ધુમ્મસ નદીને ઢાંકી દે તેમ મહારાજના ધનુષ્યમાંથી છૂટેલાં બાણે પેલા દસ જણાંને ઢાંકી દીધા! ભયંકર યુદ્ધ થયું! શિશુપાલ સહિત સૌ રાજાઓ એકલા મહારાજ પર એક પછી એક બાણ છોડવા લાગ્યા. એમના એક પણ બાણની કોઈ અસર થઈ નહિ, કેમકે મહારાજની ત્વચા અભેદ્ય હતી. અંતે સૌ થાક્યા. પ્રવેશદ્વારની દિશામાં એક પણ રાજા તસુભર આગળ

વધી શક્યા નહિ! ઊલટું મહારાજનાં અમોઘ બાણોની દણ્ડધારને અને શૃગાલને પ્રાણઘાતક ચોટ લાગી હતી. કલાક પછી શિશુપાલને રહસ્ય સમજાયું. હાથમાંનું ધનુષ્ય પછાડતાં ધૂંધવાઈને તે બરાડ્યો, 'અરે, આ તો જન્મજાત અભેદ્ય કવચધારી અંગરાજ કર્ણ છે! એને તીક્ષ્ણ શસ્ત્રથી કાપવા ઇચ્છો તોપણ કાપી શકાય નહિ! યુવરાજ્ઞી હવે આપણા હાથમાંથી ગઈ! મિત્રો, હવે જિંદગી તો ન ગુમાવો.' ઝેરીલો સાપ ડસ્યો હોય તેમ સૌ રાજા ચીસ પાડી શાંત થઈ ગયા! સૌના ચહેરા મ્લાન થઈ ગયા. મદોન્મત્ત હાથી જેવો વિશાળકાય જરાસંધ ધનુષ્ય ફેંકી આગળ ધસ્યો અને દંડ પર હથેળીથી તાલ ઠોકતો, આહ્વાન દેતો બોલ્યો, 'અભેદ્ય કવચની ઢાલ લઈ લડનારા કપટી કર્ણ, હું મગધ દેશનો રાજા જરાસંધ તને દ્વન્દ્વયુદ્ધ માટે આહ્વાન દઉં છું! સૂતકુળમાં જન્મેલા અને દુર્યોધનની સોડમાં ઊછરેલા કૂતરા, ક્ષત્રિયની કુળવાન સ્ત્રીઓને શું તું નિર્બળ ઘોડી સમજે છે? મન ફાવે ત્યારે રથમાં જોડી દેવાય? આવ. નીચે આવ.'

'જરાસંધ, આ કવચ કાઢીને ફેંકી દેવાતું હોત તો તે ફેંકીને પણ મેં તને બતાવી દીધું હોત તે કવચ સિવાય પણ કર્ણ અજેય કર્ણ છે! ક્ષત્રિય કહેવાતા ઉન્મત્ત આખલા, પાંચાલીના સ્વયંવર વખતે શિવધનુષ્ય નીચે સપડાઈ ગયેલા તારા પગના પંજાને તું ભૂલી ગયો? દ્વન્દ્વયુદ્ધનો અર્થ મૃત્યુ થાય છે સમજ્યો! જીભ સંભાળીને બોલ!'

'સૂતપુત્ર, ભગવાન શંકરની આરાધના કરીને હું અજેય દ્વન્દ્વયોદ્ધો થયો છું એ તું ભૂલી ગયો છે? અજગર હરણને મરડી નાખે તેમ તને ચપટીમાં ચોળી નાખીશ!' એણે ફરી વાર પડકાર ફેંક્યો. સૌના શ્વાસ અધ્ધર થઈ ગયા. મહારાજાએ અંગ પરનું ઉત્તરીય પ્રભંજનના ખભા પર ફેંક્યું અને અધરીયને કમર સાથે કચકચાવીને બાંધ્યું! એમનાં કાનનાં કુંડળ તપી ગયાં, શરીર ભરતીના સમુદ્રની જેમ ફૂલવા લાગ્યું.

બંને વચ્ચે દ્વન્દ્વયુદ્ધ શરૂ થયું! સ્વયંવરનો મંડપ દ્વન્દ્વયુદ્ધના અખાડામાં ફેરવાઈ ગયો. જરાસંધે દાંત કચકચાવીને ભૂખ્યા વરુની જેમ મહારાજ પર છલાંગ મારી પણ વિશાળ સમુદ્ર પર ચડવાનો પ્રયત્ન કરતી નાવડીને એક મોજું પાછળ ફેંકી દે તેમ એમણે એને સહેજ વારમાં ફેંકી દીધો! એણે પેંતરો બદલ્યો. એમની આસપાસ ઘૂમવા લાગ્યો. એમને અકારણ ઉશ્કેરવા તાલ દેવા લાગ્યો પણ થોડી વારમાં જ મહારાજે એને પોતાની જાંઘ વચ્ચે દબાવી દીધો. પોતાના સશક્ત હાથનો ફાંસો બનાવી એમાં જરાસંધના ગળાને ઘૂંટાવી દેવાની શરૂઆત કરી. શ્વાસ રૂંધાતા જરાસંધ આંખો ચડાવા લાગ્યો! એ બાહુકંટક દાવ હતો! આ પકડમાં જરાસંધનો અંત નિશ્ચિત હતો! સ્વયંવરના મંડપમાં એક ક્ષત્રિય રાજાનો બલિ ચડવાનો હતો. જરાસંધે હાથ ઊંચા કરી મદદની અરજ કરી પણ કોઈનામાં નજીક આવવાની હિંમત નહોતી. ભયથી મહારાજ ચિત્રાંગદનાં રોમેરોમ કાંપી ઊઠ્યાં! એમની કન્યા મહારાજ જેવા સશક્ત વીરશ્રેષ્ઠ કુરુરાજાની મહારાણી બનવાની હતી તેથી તેઓ અંદરથી ખૂબ ખુશ હતા. તેમણે આગળ આવીને અક્ષરશઃ મારા પતિદેવના પગ પકડી વિનંતી કરી. અત્યંત આર્દ્રસ્વરે તેમણે કહ્યું, 'મહારાજ કર્ણ, જરાસંધ શરણે આવ્યા છે, એને જીવતદાન આપો! મગધ દેશની સીમા અમારા રાજ્યની લગોલગ છે! અમારા એમની સાથેના સંબંધોમાં રાજકીય વેર ઊભું ન થાય એવી અમારી ઇચ્છા છે.'

મહારાજે જરાસંધને જીવતદાન દીધું! બાહુકંટકની પકડ ઢીલી કરી! સૌને હતું કે મુક્ત થતાં જ જરાસંધ લજવાઈને અપમાનથી નીચું મોં કરી ચાલ્યો જશે, પરંતુ એ તો દાવમાંથી મુક્ત થતાંવેંત મહારાજને ભેટી પડ્યા! એમનો જમણો હાથ હાથમાં લઈ ઊંચો કરીને તેમણે ઘોષણા કરી, 'અંગરાજ કર્ણ આજથી મગધ દેશના રાજા જરાસંધનો પ્રાણપ્રિય મિત્ર છે. હું મારા રાજ્યની માલિનીનગરી આ અસીમ શક્તિશાળી દ્વન્દ્વયોદ્ધાને ભેટમાં આપું છું! એના જેવો શક્તિશાળી કુશળ યોદ્ધો મેં આજ સુધી કોઈ જોયો નથી.'

મહારાજે જરાસંધને આલિંગન દીધું. જોતજોતામાં આ સમાચાર કાશીપુર સુધી પહોંચ્યાં. નગરજનોનાં ટોળેટોળાં મહારાજનાં દર્શન માટે કલિંગ દેશના રાજમહેલમાં ઊમટ્યાં. મહારાજે ચિત્રાંગદને કહીને યુવરાજ દુર્યોધન અને એમની કન્યા ભાનુમતિની ભાળ કઢાવી. યુવરાજ્ઞી ભાનુમતિને લઈ સૌ મહાનદીને કિનારે મહારાજ કર્ણની વાટ જોઈને ઊભા હતા! કલિંગ દેશના અમાત્યે સઘળાં સમાચાર જણાવી તેમને સન્માનપૂર્વક પાછા રાજમહેલમાં લઈ આવ્યાં.

કાશીપુરમાં નગરજનોએ યુવરાજ્ઞી ભાનુમતિને હસ્તિનાપુરની મહારાણી તરીકે ઘોષિત કરીને પછી વિદાય આપી. નગરજનો મારા પતિની – અંગરાજની જયઘોષણા પણ કરતાં હતાં. તેઓ પુષ્પવૃષ્ટિ કરતાં હતાં. એ જ વખતે સૌએ કાશીપુરની વિદાય લીધી.

પ્રભંજને આ આખો બનાવ નજીકથી જોયો હતો, એથી એણે મારી પાસે વિસ્તારથી વર્ણવ્યો. મને આ સમાચાર આપવા તે મારતે ઘોડે સૌથી પહેલો નગરમાં પ્રવેશ્યો હતો. એણે કહ્યું, 'મહારાણી, અંગરાજ છે ત્યાં સુધી કુરુનું શિર સદાય ઉન્નત રહેશે. નવી મહારાણીના સ્વાગતની તૈયારી કરો. અંગરાજની આરતી ઉતારવા પંચદીપ પ્રગટાવો!'

૬૭

સ્વયંવરમાં ગયેલા યોદ્ધાઓ ભાનુમતિ સહિત હસ્તિનાપુરની સીમા પાસે ગંગાકાંઠે આવી પહોંચ્યાંનાં સમાચાર નગરમાં ફેલાઈ ગયાં. એમના સ્વાગત માટે સૌ ઝડપથી તૈયારી કરવા લાગ્યા. નવી મહારાણીનાં દર્શન કરવા આતુર નગરજનોની હાથમાં ફૂલમાળ સાથે રાજમાર્ગ પર ભીડ મચી. યુવરાજ્ઞી ભાનુમતિ હવે મહારાણી ભાનુમતિ થયાં હતાં. હસ્તિનાપુરના વિશાળ વૈભવી સામ્રાજ્યની સામ્રાજ્ઞી!

આખરે એક સુશોભિત રાજહાથી પર અંબાડીમાં બેસીને મહારાજ દુર્યોધન નગરમાંથી રાજમહેલમાં પ્રવેશ્યા. એમની જમણી બાજુ અંગરાજ હતા અને ડાબી બાજુ મહારાણી ભાનુમતિ હતાં; એમની ડાબી બાજુ એક બીજી સ્ત્રી પણ હતી! તે કદાચ મહારાણી ભાનુમતિની કોઈ પ્રિય સખી હતી. એ સિવાય એને અંબાડીમાં કોણ સ્થાન આપે? તે ભાનુમતિ કરતાંય વધુ સુંદર હતી!

રાજમહેલના વિશાળ મુખ્ય દ્વાર પાસે રાજમાતા ગાંધારીદેવીએ નૂતન વરવધૂની આરતી ઉતારી. એમની સાથે બંને બાજુ ઊભાં રહેલાં ભાનુમતિની સખી તથા અંગરાજની પણ આરતી ઉતારી! આરતી ઉતારતી વખતે આંખે પાટા હોવાથી આ ત્યાગી રાજમાતાને કેટલી મુશ્કેલી પડી હશે? નવવરવધૂએ ભીષ્મ પિતામહ, વિદુર, શકુનિમામા તથા અન્ય

વડીલ જનોને વંદન કરી રાજમહેલમાં પદાર્પણ કર્યું! મહારાણીની સખીએ પણ મહેલમાં પ્રવેશ કર્યો! મને અંગરાજનું એક જ કુંડળ દેખાતું હતું! તેઓ એક બાજુ મોં કરીને ભાનુમતિની સખીને જોઈ રહ્યા હતા. આથી બીજી બાજુનું કુંડળ મને દેખાયું નહિ!

સાત

નવી મહારાણીના આગમનથી રાજમહેલમાં જાણે વસંતની કૂંપળો ફૂટી! મહારાજ દુર્યોધનનું જીવન લગ્નોદ્યાનમાં ફૂલશેફાલશે એ વિચારથી અમને બંનેને સંતોષ થયો. ક્યારેક અવિવાહિત વ્યક્તિ ક્રોધાવેશમાં આવી અવિચારી પગલું ભરી બેસે છે, પરંતુ વિવાહિત વ્યક્તિ એમ નહિ કરે. આજ સુધી મહારાજ દુર્યોધનનાં અતિ સાહસિક પરાક્રમો સાંભળવાં મળતાં હતાં. હવે એના પર લગામ મુકાઈ જવાની. સ્ત્રી ચાહે તો પોતાના પતિના વિદ્ધંશક ક્રોધને શાલિન વર્તનમાં પલટી શકે છે! આ કસબ હું મહારાણી ભાનુમતિને ચાલાકીથી એનું મન ન દુભાય એ રીતે વખતોવખત શીખવાડતી રહીશ. પરાક્રમી પુરુષની જીવનલગામ સ્ત્રીના હાથમાં હોય છે! ક્યારેક પ્રેમથી તો ક્યારેક રૂપથી પોતાના પતિને સંકટ સમયે સાવધાન કરી દે છે! એ માટે મારે મહારાણી સાથે ગાઢ સંબંધ બાંધવો પડશે. બધું થાળે પડી જાય પછી હું એને મળવા જઈશ.

હું એને મળવા જાઉં તે પહેલાં જ મહારાજ દુર્યોધને એમને મળવા મને સંદેશો પાઠવ્યો! જોકે એ અનપેક્ષિત હતો છતાં મને નવાઈ ન લાગી. મારા પતિનાં પરાક્રમ સાંભળવા જ મને બોલાવી હશે એમ મેં વિચાર્યું! હું એક સ્ત્રી હતી અને કઈ સ્ત્રીને પોતાના પતિનાં પરાક્રમો અન્ય પ્રતિષ્ઠિત રાજા પાસેથી સાંભળવાં ન ગમે?

રાજમાતા કુંતીદેવીએ ભેટ આપેલી નીલી અતલસની સાડી પહેરી મારી મૃણાલ દાસી સાથે એમને મળવા જવાનું મેં નક્કી કર્યું હતું, પણ... પણ મારી સગર્ભા સ્થિતિ જોતાં પરપુરુષ સામે જવાનું મને યોગ્ય ન લાગ્યું. આથી મેં મારી દાસી મૃણાલ સાથે સંદેશો મોકલ્યો કે મારી તબિયત સારી નથી, તેથી આપ જ મને વિના સંકોચે મળવા આવો. કદાચ એમને ન ગમે તો! કેમકે એમનો સ્વભાવ અત્યંત માની હતો. અંતે તો તેઓ કુરુકુળના જ્યેષ્ઠ યુવરાજ હતા. હસ્તિનાપુરના સમ્રાટ હતા.

તોપણ મેં એમને મૃણાલ સાથે મારા ભવનમાં આવતા મારી અટારીમાંથી જોયા. હું તરત જ અંતઃપુરમાં ચાલી ગઈ. કદાચ તેઓ ગુસ્સે થયા હશે એમ સમજી મેં મનથી ધીરજ બાંધી. તેમના ગુસ્સાને પી જવાની મેં મનથી તૈયારી રાખી. સામો એક પણ પ્રત્યુત્તર દેવો નહિ એવું નક્કી કર્યું, કારણ તેઓ મારા પતિના પ્રાણપ્રિય મિત્ર હતા. મારા હૃદયમાં એમનું સ્થાન મારા દિયર શોણ જેટલું જ મહત્ત્વનું હતું. એમને આદર આપવાની સૂચના મને મહારાજે પહેલેથી આપી હતી.

અંદર પ્રવેશતાં જ તેઓ એક આસન પર બેઠા. તેઓ સંકેત કરે તે પહેલાં જ મૃણાલ બહાર ચાલી ગઈ! હું અંતઃપુરમાં છું એની પ્રતીતિ કરાવવા મેં મારા સુવર્ણકંકણ ખણખણાવ્યાં! અંતઃપુરના દ્વાર પર ઝગમગતો જરિયાન પડદો લટકતો હતો. તે પડદા તરફ જોતાં તેમણે કહ્યું, 'મને અહીં આવેલો જોઈને નવાઈ લાગી હશે, ખરું ને?'

'જી, નહિ. ઊલટું આપને અહીં આવવા માટે તસ્દી આપવી પડી તેનો મને ખેદ છે પણ... પણ હું લાચાર હતી...'

'તમારી લાચારી હું જાણું છું. દાસીએ મને વાકેફ કર્યો હતો તેથી જ હું અહીં જાતે જ આવ્યો છું. તમે એનાથી નવાઈ ન પામશો.'

'આપ સૌને માટે કૌરવરાજ છો પણ મારે મન દિયર શોણજી જેટલા જ આત્મીય છો.'

'હું જાણું છું તેથી જ હું વિના સંકોચે આવ્યો છું. વળી હું જે કામ માટે અહીં આવ્યો છું એ માટે હું અન્ય કોઈને મોકલી શકું તેમ નહોતો!'

'એવું તે કયું કામ મારા જેવી સામાન્ય સ્ત્રી કરી શકે તેમ હતી?'

'તમે સામાન્ય નથી. કર્ણપત્ની કદી સામાન્ય હોઈ શકે?'

'આપ સ્વાર્થે મારી સ્તુતિ કરી રહ્યા છો, એમ શી રીતે કહું?'

'નહિ. આ સ્તુતિ નથી. આ વસ્તુસ્થિતિ છે! અને આજે ફરી સિદ્ધ કરી બતાવવાની વેળા તમારે માટે આવી છે!'

'મારે વળી એવું તે કયું અસામાન્યત્વ સિદ્ધ કરી બતાવવાનું છે?'

'તમે જાણો છો કે અંગરાજ અને હું સ્વયંવર માટે કલિંગ દેશ ગયા હતા. યુવરાજ્ઞી ભાનુમતિને લઈને હું આવ્યો છું... પણ તેણે સ્વયંવરની વરમાળા મારા કંઠમાં આરોપતાં પહેલાં એક વિચિત્ર હઠ લીધી હતી!'

'કઈ હઠ?'

'એ હઠ મેં માન્ય કરી એ કેવળ તમારા પરના વિશ્વાસને કારણે!'

'મારા? આપ બંનેનું દામ્પત્યજીવન મારે લીધે આનંદિત રહેતું હોય તો મારા પતિના પ્રાણપ્રિય મિત્ર – આપને ખાતર તમે કહો તે કરવા તૈયાર થઈશ! કઈ હઠ છે, જણાવો?'

'એની ઇચ્છા છે કે...'

'અચકાશો નહિ કૌરવરાજ, ખુલ્લે દિલે જણાવો.'

'...કે અંગરાજ કર્ણના વિવાહ એની પ્રિય સખી સાથે થાય!'

હું અવાચક થઈ ગઈ પણ ક્ષણ પૂરતી જ! તરત જ મન મક્કમ કરી મેં ધીરજથી પૂછ્યું, 'અંગરાજની એમાં સંમતિ છે?'

'દુર્યોધન માટે એ ગમે તે કરી શકે છે એનાથી હજી પણ તમે અજાણ છો? પ્રશ્ન કેવળ તમારી સંમતિનો જ છે.'

'એ મેળવવા માટે આપ અહીં આવો એવી સૂચના અંગરાજે આપને આપી નથી ને?'

'નહિ રે! એ હજી આ વિશે કંઈ જ જાણતો નથી. તમારી સંમતિ નથી એમ હું માની લઉં?'

'શાને આધારે?'

'તમે અનેક પ્રશ્નો પૂછી રહ્યા છો એટલે.'

'ના. એવું નથી. આવો પ્રસંગ મહારાણી ભાનુમતિના જીવનમાં બન્યો હોત તો એમણે આથીયે વિશેષ પ્રશ્નો પૂછી નાખ્યા હોત એમ આપને લાગતું નથી?'

'નહિ. એણે એક પણ પ્રશ્ન પૂછ્યો ન હોત! પણ પૂછનારને સીધો બહાર જવાનો રસ્તો દેખાડ્યો હોત! તમે ભાનુમતિ નથી. આથી જ મેં અહીં આવવાની હિંમત કરી છે!'

'અંગરાજ અને આપના સુખને ખાતર હું બધું જ કરી છૂટીશ! મારી સંમતિને ખાતર જ આ વિવાહ અટકી પડ્યા હોય તો હું વચન આપું છું કે એમાં મારી સંમતિ છે!'

દુર્યોધન રાજી થઈ ગયો. તત્ક્ષણ ઊભો થયો. વધુ વાર ન રોકાતાં જતાં જતાં ફક્ત આટલું જ કહ્યું, 'ભાભી, ખરેખર તમારે ખાતર કર્ણે એક વાર બહુ મોટો ત્યાગ એક વ્યક્તિનો કેમ કર્યો તે આજ મને સમજાય છે!' અને ઉત્તરીયને ઠીક કરતાં સડસડાટ દરવાજા તરફ વળ્યા.

'એ ભાગ્યશાળી સખીનું નામ શું છે?' મેં છેવટે પૂછ્યું. 'સુપ્રિયા!'

અને ઝટપટ ડગલાં ભરતાં બહાર નીકળી ગયા. ચહેરા પરનો બનાવટી ઉત્સાહ ઓસરી ગયો. શોક્ય! અરેરે! મારા સુખી સંસારના ગાલ પર આ ડાઘ લાગવાનો હતો? એમનું નામ સુપ્રિયા કહ્યું પણ તે ખરેખર સૌને પ્રિય થઈ પડશે? અનેક શંકાનાં વાદળ મનને વીંટળાઈ વળ્યાં. ખરેખર ક્યારેક વિધાતા પાસે જુગારના પાસા બન્યા સિવાય માનવીના હાથમાં બીજું બચ્યું છે ય શું?

પ્રભંજનના સૂચન પ્રમાણે મારે નવી મહારાણીના સ્વાગતમાં જોડાવું પડ્યું! પણ તે કેવા જુદા સંદર્ભમાં! બંને કુંડળ પરના મારા અધિકારમાંથી હવે એક કુંડળ સુપ્રિયાનું થશે! આ કુંડક મને કેટકેટલી મુશ્કેલીથી પ્રાપ્ત થયાં હતાં એ એને સહજ મળી ગયાં! કેટલાક લોકો ખરેખર ભાગ્યશાળી હોય છે એ સહેજે ખોટું નથી!

આઠ

અંગરાજા અને સુપ્રિયાના વિવાહ નિર્વિઘ્ને પાર પડ્યા! મહારાજ દુર્યોધનનું વચન સત્ય ઠર્યું. અંગરાજ એમની ઇચ્છાનો અસ્વીકાર કરી શક્યા નહિ. ક્યારેક સત્ય કલ્પનાથીય વિશેષ અદ્‌ભુત હોય છે અને તે સત્ય હોય છે તેથી એને સ્વીકારી લેવું પડે છે! મેં નિશ્ચય કરી લીધો કે સુપ્રિયાને ક્યારેય દુભવીશ નહિ. એને દુભવવાથી મારા પતિ દુભાઈ જાય તેમ હતા! સ્ત્રી ઓછામાં ઓછો ગેરલાભ અને વધુમાં વધુ લાભ પસંદ કરે છે. એ એનો જન્મગત સ્વભાવ હોય છે.

સુપ્રિયાને સ્વતંત્ર મહેલ આપવામાં આવ્યો. આ બન્યું છતાં મારું મન મારા પતિમાં પહેલાં જેવું જ પરોવાયેલું હતું. એમના તરફથી પણ મારા પ્રત્યેના પ્રેમમાં સહેજે ઓટ આવી નહોતી. ગંગાકાઠે ભીંજાયેલા ઉત્તરીયની યાદ તે કઈ રીતે ભૂલી જવાના હતા? પણ સુપ્રિયાએ એક વાતમાં મારી ચિંતા વધારી દીધી હતી! મારા સઘળા વિચારોને એણે એક જબરદસ્ત ધક્કો પહોંચાડ્યો હતો. એ એટલી ચાલાક હતી કે વિવાહ પછી સૌથી પહેલી તે મારી પાસે આવી. મને સાદર પ્રણામ કરી તે બોલી, 'બહેન, હું તમારી નાની બહેન છું! તમે જ મને જીવતદાન આપ્યું છે! તમે સંમતિ ન આપી હોત તો અંગરાજનું નામ લેતાં લેતાં મારે મૃત્યુનો માર્ગ સ્વીકાર્યા સિવાય છૂટકો નહોતો! એમના પ્રત્યે મને નિરતિશય પ્રેમ છે. મેં મનોમન દઢ સંકલ્પ કર્યો હતો કે આ હસ્તિનાપુરનાં કુંડળ મને મળવાં જ જોઈએ.'

'સુપ્રિયે, સારું થયું તું આવી તે! આવા વિક્રમવીર પતિને જાળવવા હું એકલી અસમર્થ હતી! એમનું મન ક્યારેય દુભાય નહિ તેનું ખાસ ધ્યાન રાખજે અને યાદ રાખજે, મોટા માણસોનાં દુ:ખ પણ મોટાં હોય છે. એને નિવારવા એની પત્નીમાં કેવળ સંકલ્પ અને પ્રેમ પૂરતાં નથી, ધીરજ અને સંયમ પણ જરૂરી છે.'

એને જોતાંવેંત મારી શંકાનાં વાદળો વિખરાઈ ગયાં. હું સ્વસ્થ થઈ ગઈ. હરિણી જેવી આંખો ધરાવતી તે ખરે જ હરિણી જેવી નિષ્કપટ અને નિર્દોષ હતી. નામ પ્રમાણે તે મને ખૂબ પ્રિય થઈ પડી. ખરેખર તે સુપ્રિયા હતી.

નવ

સુપ્રિયાનાં વિવાહ પછી મહારાજને છેડવાનું મને એક સરસ કારણ મળી ગયું. એમને છેડવા માટે એ પૂરતું હતું. કેવળ સ્ત્રીઓ જ પોતાનો સ્વાર્થ જુએ છે એવું નથી, પુરુષો પણ કંઈ કમ નથી!' એમ હું કહું એટલે તરત જ હેબતાઈ જઈને મને પૂછે, 'કેમ આમ બોલવું પડ્યું?'

'તો શું વળી? પોતે બબ્બે વાર વિવાહ કરવાના અને પોતાનો નાનો ભાઈ ઉંમરલાયક થયો હોય તોપણ એના વિવાહનો વિચાર ન કરે એવા માણસને શું કહેવું?'

'વૃષાલી, તને રાજી રાખવા પણ હવે મારે શોણના વિવાહ જલદી કરવા પડશે! નહિતર...'

'નહિતર શું?'

'નહિતર મારી પર બદલો વાળવા તું જ આગળ પડીને એના વિવાહ કરીને જ જંપીશ! અને જે કન્યા મળે એની સાથે!'

'તમારી પર વળી કેવો બદલો? તમારી પર બદલો લેવો એ મારી જાત પર બદલો લેવા બરાબર નથી શું?'

પછી તેઓ ચૂપ થઈ જતા. એમને સમજાઈ ગયું હતું કે હવે જો હું ભાઈના વિવાહ જલદીથી નહિ પતાવું તો એ મને વારંવાર ચીડવ્યા કરશે.

દસ

મહારાજ દુર્યોધનના વિવાહ પછી જલદીથી તેમના પર હસ્તિનાપુરના અભિષિક્ત રાજાનો કળશ ઢોળાશે એવી હવા ચારેબાજુ ફેલાવા લાગી હતી. તેઓ અંગરાજને સેનાપતિ તરીકે નિયુક્ત કરશે એવી પણ સૌ વાતો કરતા હતા. મહારાજ ધૃતરાષ્ટ્ર વૃદ્ધ થયા હતા. એમણે અત્યાર સુધી કુરુનું રાજ્ય સારી રીતે સંભાળ્યું એ કંઈ ઓછું મહત્ત્વનું નહોતું છતાં નગરના વૃદ્ધ જનો હંમેશાં પાંડુ રાજાને યાદ કરીને કહેતા હતા કે, 'મહારાજ પાંડુએ દિગ્વિજય કરી હસ્તિનાપુર રાજ્યની કીર્તિ વધારી અને એમનાં કમળપુષ્પ જેવા પાંચ પુત્રો માતા સાથે અગ્નિમાં હોમાયા. કોઈ વળી એમ કહેતું કે તેઓ જીવતાં છે. જો એમ જ હોય તો એમને હસ્તિનાપુરમાં પાછા લાવવાં જોઈએ ને!'

મને નગરજનોની વાતો ક્યારેક દિયર શોણ દ્વારા તો ક્યારેક મોટાભાઈ સત્યસેન

દ્વારા, ક્યારેક પ્રભંજન પાસેથી તો ક્યારેક મૃણાલ પાસેથી જાણવા મળતી. પાંડવોની સ્મૃતિને સ્નેહ અને શ્રદ્ધાથી જાળવી રાખનારા અનેક નગરજનો હસ્તિનાપુરમાં હતા. મને પણ પ્રસંગોપાત્ત રાજમાતા કુંતીદેવી સાંભરી આવતાં. એમની સ્મૃતિ સાથે જ સંપીને રહેતા પાંચ ભાઈઓની પણ સ્મૃતિ થતી. તેઓ આ સંસારમાં નથી એ વાત મને કદી મનાતી નહોતી. કાળના વહેણમાં કાલે જે સત્ય હોય છે તે આજે અસત્ય ઠરે છે. અંતે એમ જ થયું. બે-ત્રણ વર્ષ સુધી અદશ્ય થયેલા પાંડવો અચાનક પાંચાલીના સ્વયંવરમાં પ્રગટ થયા હતા.

સ્વયંવર પછી તરત જ તેઓ મથુરા ગયા હતા. શ્રીકૃષ્ણ એમના મામાના દીકરા ભાઈ! સૌ નગરજનોને એમ જ હતું કે હવે તેઓ મથુરામાં જ જીવન ગાળશે. કેમકે સૌ જાણતા હતા કે મહારાજ દુર્યોધન અને એમનો કદી મનમેળ થવાનો નથી. જોકે મારું મન હંમેશ મને કહેતું હતું કે ચોક્કસ તેઓ હસ્તિનાપુર આવશે. એમાંય નકુળ તો અંગરાજની બીજી પ્રતિમા જ જોઈ લો! ફક્ત કવચ-કુંડળ જ નહિ અને મહારાજના જેવા સોનેરી વાંકડિયા વાળ નહિ. આ પાંચે ભાઈઓને જોવાની મનમાં તીવ્ર ઇચ્છા હતી. મારા પુત્રવિયોગનું દુઃખ સમય જતાં હળવું થયું હતું.

એક દિવસ મારી ઇચ્છા ફળી. અંગરાજ અને હું દિયર શોણ માટે એકમેકને દેશોદેશની સુંદરીઓ સૂચવતાં બેઠાં હતાં.

'વૃષાલી, તેં કુલિંદ દેશ વિશે સાંભળ્યું છે?'

'હા. પણ વિશેષ નહિ.'

'હિમાલયની તળેટીમાં એ દેશ આવ્યો છે. હરિયાળી વનશ્રીથી સદાય સુશોભિત એ દેશ પૃથ્વીનું સ્વર્ગ ગણાય છે. તે દેશની સ્ત્રીઓ અપ્સરા સમી સુંદર હોય છે. શોણને માટે કન્યા શોધવા હું જાતે જ જઈશ.'

એમના ભ્રાતૃપ્રેમનું કહેવું જ શું? હું આ વિષયમાં એમને કંઈક જણાવું ત્યાં દુર્યોધનનો ખાસ સેવક પ્રભંજન અંદર આવ્યો અને હાંફતો હાંફતો બોલ્યો, 'મહારાજે તાત્કાલિક સભા બોલાવી છે. આપને ઉપસ્થિત રહેવા સંદેશો મોકલ્યો છે.'

'કેમ? શું થયું પ્રભંજન? સભા બોલાવવાનું કંઈ કારણ?' મહારાજે આસન પરથી ઊઠતાં ઊઠતાં પૂછ્યું.

'મથુરાથી નીકળેલા પાંડવો અત્યારે હસ્તિનાપુરની સીમા પાસે આવી પહોંચ્યા છે. સમાચાર મળ્યાં છે કે તેઓ ગંગાનદીને સામે કિનારે છે. મહારાજ દુર્યોધન પાસે તેઓ રાજ્યમાંથી પોતાનો અડધો હિસ્સો માગવા આવી રહ્યા છે એવી ચણભણ ચાલી રહી છે!'

'ચાલ પ્રભંજન, તું આગળ થા. હું સભાનાં વસ્ત્રો પરિધાન કરીને આવું છું એમ જણાવી દે.'

વસ્ત્રો બદલવા તેઓ વસ્ત્રાગારમાં ગયા. મારા મનમાં દહેશત જાગી. આ રાજસભામાં ફરી પાછી બોલાચાલી થવાની. પ્રશ્ન રાજવહેંચણીનો હતો! રાજ્ય માટે લાખો વીરોનાં મસ્તક રોળાતાં હોય છે! વૈમનષ્યનું વિષવૃક્ષ ફાલેફૂલે છે. ન બનવાનું બન્યા કરે છે.

સાંસારિક દૃષ્ટિએ સંપત્તિ, રાજ્ય, કીર્તિ મૂલ્યવાન છે, પણ સ્ત્રીને મન એનો પતિ એક જ મૂલ્યવાન હોય છે. પતિ એ જ એનું સિંહાસન હોય છે!

તેઓ વસ્ત્રો બદલીને આવ્યા એટલે હું જ એમની સામે ગઈ. મારું મન મને કહેતું હતું કે મારે એમને અગત્યની સૂચના આપવી.

'વૃષાલી, હું રાજસભામાં જાઉં છું.' મસ્તક પર સુવર્ણ મુગટ ધારણ કરતાં તેઓ આછું સ્મિત કરતાં બોલ્યા.

'ઊભા રહો. આજ સુધી મેં તમારી પાસે કંઈ જ માગ્યું નથી, પણ આજ મને થાય છે કે હું તમારી પાસે માગું.'

'અત્યારે માગવાનો સમય નથી. હું કુરુરાજ્યનો એક યોદ્ધો છું! અને તું એક યોદ્ધાની પત્ની છો!'

'આ જ સમય છે માગવાનો.'

'વૃષાલી, અત્યારે એક પણ શક્તિ મને રાજસભામાં જવા રોકી શકે તેમ નથી. તું પણ નહિ.'

'હું તમને જતાં રોકતી નથી. તમે રાજસભામાં જરૂર જાઓ પણ મને એક વચન દેતા જાઓ.'

'કયું વચન?'

'પાંડવોના રાજ્યની વહેંચણીના પ્રશ્નમાં તમારે વચ્ચે પડવું નહિ. બસ આટલું જ ઇચ્છું છું!'

'એ કઈ રીતે શક્ય બને? દુર્યોધનની પડખે ઊભા રહેવું એ કર્ણનું આજીવન કાર્ય છે. આજે તું કોને લીધે આ સૂર્યવંશના રાજમહેલમાં ગૌરવથી અંગરાજ્ઞી બનીને જીવે છે એ તું જાણે છે?'

'એની મને પૂરેપૂરી જાણ છે પણ... પણ પાંડવો એ પાંડુ રાજાના પુત્રો છે એમ મારું મન મને વારંવાર કહે છે! રાજમાતા કુંતીદેવીને જોતાં તમને પણ એવું નથી લાગતું?'

રાજમાતાનું નામ પડતાં જ તેઓ ધીરગંભીર થઈ ગયા. એમને ખભેથી સરી ગયેલું ઉત્તરીય ઊંચું ચડાવતાં તેઓ ક્યાંય સુધી સ્તબ્ધ બનીને ઊભા રહ્યા.

શાંતિનો ભંગ કરતાં મેં ફરી યાદ દેવડાવ્યું, 'તમે કૌરવ-પાંડવોની રાજવહેંચણીમાં કોઈનો પક્ષ લેશો નહિ, કેમકે એમાંથી કદાચ કાયમનું વેર બંધાઈ જાય.'

મારી પાસે આવી હંમેશની જેમ મારું મોં એમની હથેળીમાં લેતાં કહ્યું, 'વૃષાલી, થોડી વાર પહેલાં શોણના વિવાહની વાતો કરતી તું મને મોટીબહેન જેવી લાગી'તી, અત્યારે મારી ચિંતા કરી રહી છો ત્યારે મને તું બે જીવોની માતા લાગે છે. એક તારા ઉદરમાં ઊછરતા કર્ણના પુત્રની અને એક સાક્ષાત્ કર્ણની! સ્ત્રી ધારે તો એક સમયે પુરુષ સાથે કેટકેટલા સંબંધે વર્તી શકે છે તે તેં આજે સિદ્ધ કરી બતાવ્યું! પ્રણય વેળાએ ઉન્મૂલન થઈ જનારી પ્રણયિની જેવી અને પુત્રની સુરક્ષા કાજે સજાગ રહેનારી માતા – આ બંને રૂપ એક સાથે એક વ્યક્તિમાં સંભવી શકે ખરાં? તારી જગ્યાએ રાધામાતા હોત તો એણે પણ મને આમ જ કહ્યું હોત!'

'જાઓ. પરંતુ શ્રોતા તરીકે, વક્તા તરીકે નહિ!'

'સારું. મારા પર વિશ્વાસ રાખ. હું કંઈ જ નહિ બોલું!' અભાનપણે એમનાથી વચન અપાઈ ગયું!

તેઓ રાજસભામાં જવા નીકળ્યા. હું નચિંત થઈ ગઈ. નગરમાં પાંડવોનાં આગમનનાં નગારાં વાગી રહ્યાં હતાં. હું અટારીએ ઊભી હતી. મારે રાજમાતા કુંતીદેવીનાં દર્શન કરવાં હતાં.

થોડી વારમાં પાંડવો, રાજમાતા કુંતીદેવી અને દ્રૌપદી બહોળા જનસમુદાય સાથે રાજમહેલમાં પ્રવેશ્યાં. એમની સાથે આચાર્ય વિદુર પણ હતા. એમને માટે એક સાદો રથ પણ મોકલવામાં આવ્યો નહોતો એ જાણી મને દુઃખ થયું. હું અટારીએથી રાજમહેલના મુખ્ય દ્વાર પાસે થતી હલચલ જોતી ઊભી હતી. ભીષ્મ પિતામહ અને આચાર્ય વિદુર પાંડવોને હેતથી ભેટ્યા, પરંતુ મહારાજ ધૃતરાષ્ટ્રના આલિંગનમાં ઉષ્મા નહોતી! મહારાજ દુર્યોધન ભીમ સામે જોઈ રહ્યા હતા. એમને ખભે એક વૃદ્ધ સ્ત્રી બેઠી હતી. એની ડોક વળેલી હતી! યુવરાજ અર્જુન અંગરાજનાં કુંડળ સામે અને યુધિષ્ઠિર એમના પગ સામે એકીટશે જોઈ રહ્યા હતા. રાજમાતા કુંતીદેવી અને અંગરાજ એકબીજા સામે ટગરટગર જોઈ રહ્યાં હતાં. કદાચ અંગરાજ રાજમાતાની આંખો સામે જોઈ આ પાંડવો પાંડુ મહારાજના પુત્રો છે કે નહિ તેની ખાતરી કરતા હતા! અને રાજમાતા પણ જાણે એમને આંખોથી કહી રહ્યા હતા કે, 'અંગરાજ કર્ણ, તું જ દુર્યોધનને સમજાવ કે અમે જ આ રાજ્યના સાચા વારસ છીએ!'

યુવરાજ ભીમને ખભે બેઠેલી વૃદ્ધ સ્ત્રીને હું ઓળખી શકી નહિ! એ સ્ત્રી કોણ હશે? મેં ઘણો વિચાર કરી જોયો પણ જવાબ જડ્યો નહિ. આખરે મેં મૃણાલને તપાસ કરવા મોકલી. એ નીચે જઈ ભીડમાંથી મારગ કરી પેલી સ્ત્રી વિશે માહિતી મેળવી આવી અને દોડતી દોડતી આવી. તે હાંફતાં હાફતાં બોલી, 'મહારાણી, તે એક દાસી છે.'

'દાસી! યુવરાજ ભીમને ખભે!'

'હા. તે રાજમાતા કુંતીદેવીની દાસી છે! "ધાત્રી" કે "ધરિત્રી" એવું કંઈક એનું નામ છે!'

'શું નામ કહ્યું તેં?'

'ધાત્રી!'

એ નામમાં રહેલ 'ધ' અને 'ત્ર' જેવા કઠોર શબ્દોને લીધે કે કોઈ અન્ય કારણસર મને એ નામ જરાય ગમ્યું નહિ!

મેં ઉપરથી જોયું. રાજમાતા કુંતીદેવી અને દ્રૌપદી આચાર્ય વિદુર સાથે રાજમહેલની બહાર ગયાં. આચાર્યે રાજ્યનો સર્વથા ત્યાગ કરી દીધો હતો તેથી તેઓ રાજમહેલમાં રહેતા નહોતા. કુંતીદેવી પણ એમની સાથે નગરની બહાર પર્ણકુટિમાં રહેવાનાં હતાં! અન્ય સૌ રાજસભામાં ઉપસ્થિત રહેવા રાજમહેલ તરફ વળ્યા. અંગરાજે બાજુમાં ઊભેલ પ્રભંજનને યુવરાજ ભીમના ખભેથી વૃદ્ધાને નીચે ઉતારવાનો સંકેત કર્યો. સૌ રાજમહેલનાં પગથિયાં ચડવાં લાગ્યાં. સૌથી છેલ્લે શકુનિમામા હતા. તેઓ મહારાજ દુર્યોધનના કાનમાં મોં રાખી કંઈક ખાનગી વાત કરતા હતા.

યુવરાજ અર્જુનને જોતાં થયું કે આ મારા પુત્રનો વધ કરે એ વાત માની શકાય તેવી નથી. એની ચાલ કેવી ધીમી હતી! એ ધીમે ધીમે પગ મૂકીને પગથિયાં ચડતો હતો.

યુદ્ધ શરૂ થયા પછી કોણ કોને ઘાયલ કરે છે એની યોદ્ધાને જાણ પણ નથી રહેતી. આમ જુઓ તો એ કેટલા સૌમ્ય દેખાય છે, પણ યુદ્ધની ભભકતી જ્વાળા પાસે તેઓ કેવા ક્રૂર બની જાય છે!

અગિયાર

રાજસભામાં શું શું થયું તેનાં તમામ સમાચાર મને મળ્યાં. મનને ગમ્યું નહિ. સંપત્તિ અને સત્તા માનવીને ક્યારેક પશુથીય વધુ ક્રૂર બનાવી મૂકે છે! રાજમાં પોતાનો હિસ્સો માગનાર યુધિષ્ઠિર સાથે શકુનિમામાએ કરેલો વર્તાવ કોઈને ગમ્યો નહોતો. મને પણ બિલકુલ ગમ્યો નહોતો છતાં અણગમતી વાતો હંમેશાં ટાળી શકાતી નથી. પોતાનો દેશ ગાંધાર છોડી શકુનિમામાનું હસ્તિનાપુરમાં હંમેશને માટે રહેવાનું મને સહેજે પસંદ નહોતું. તમામ ઝઘડાઓનું મૂળ તેઓ જ હતા.

સભાગૃહમાં પાંડવો વતી યુવરાજ યુધિષ્ઠિરે, પોતે પાંડુ મહારાજના પુત્રો છે એમ જણાવી તેમના દિગ્વિજયી પિતાએ જીતેલા રાજ્યમાંથી વાજબી હિસ્સો આપવાની માગણી કરી. રાજસભામાં અનેક વૃદ્ધો અને અનુભવી કૌરવ યોદ્ધાઓ ઉપસ્થિત હતા છતાં કપટી શકુનિમામા વચમાં ઊઠીને બોલ્યા, 'પાંડવોને રાજ્યમાં હિસ્સો જોઈતો હોય તો કૌરવો એમને રાજીખુશીથી ખાંડવવનનું વિશાળ રાજ્ય આપવા તૈયાર છે! પાંડવોનો જન્મ શતશૃંગ પર્વત પર થયો છે! પર્વતોમાં અને વનમાં રહેવું તેમને વિશેષ ગમે છે!'

મામાનો આ પ્રસ્તાવ હળાહળ અન્યાય, દંભ અને નિષ્ઠુર સત્યથી ભરેલો હતો. સભામાં સૌ યોદ્ધાઓ વિવશતાથી સ્તબ્ધ થઈ ગયા. અંગરાજ પાસેથી વચન લઈને મેં બહુ મોટી ભૂલ કરી નાખી હતી. પાંડવોને અન્યાય થઈ રહ્યો હતો એ જાણીને તેઓ સભામાં અસ્વસ્થ થઈ ગયા હશે, પરંતુ વચનને લીધે તેઓ કંઈ બોલી શક્યા નહિ હોય.

યુધિષ્ઠિરે ખાંડવવનનો સ્વીકાર કર્યો. સભાનું વિસર્જન થયું.

સભામાંથી પાછા આવીને અંગરાજે કહ્યું, 'વૃષાલી, પાંડવોને ખાંડવવનનું ગીચ જંગલ આપવા પાછળ મામાની ઇચ્છા કદાચ એવી હતી કે તેઓ હિંસક પશુઓના શિકારનો ભોગ બને. સભામાં જે થયું તે વીરોને માટે શોભાસ્પદ નહોતું! ઠીક આજે જ મારી પાસેથી વચન લેવાની તને કુબુદ્ધિ ક્યાંથી સૂઝી?'

બાર

બે દિવસ આચાર્ય વિદુરની પર્ણકુટીમાં રહી પાંડવો ખાંડવવનમાં જવાના હતા. એમના બે દિવસના વસવાટ દરમિયાન એકાદ વાર રાજમાતા કુંતીદેવીને મળવાની મારી તીવ્ર ઇચ્છા હતી. મને એમના માટે આટલું બધું હેત કેમ ઊભરાતું હતું એનો ઉત્તર હું ક્યારેય આપી શકું તેમ નહોતી, છતાં હેત થતું હતું એ પણ એટલું જ સત્ય હતું. જીવનમાં અનેક વ્યક્તિઓના સંપર્કમાં આવવાનું બને છે. આપણને બધા પ્રત્યે હેત થતું નથી પણ

કેટલીક વ્યક્તિને પહેલી વાર જોતાં જ હૃદયમાં હેતના હિલોળા આવે છે! રાજમાતા માટે મારી આવી જ સ્થિતિ હતી. ઘણા દિવસો પછી મળવાનો યોગ આવ્યો હતો, તેથી જ કદાચ એમની સાથે વાત હું કરવા ઝંખી રહી હતી. યોગાનુયોગ રાજમાતા કુંતીદેવીએ તક ગોઠવી આપી. એમણે પર્ણકુટીમાંથી એક સેવકને મોકલી મને મળી જવાનો સંદેશ મોકલ્યો. મારી ઇચ્છા તો હતી જ. એમના મારા પ્રત્યેના પ્રેમને હું પહેલેથી જાણતી હતી. એમનો સંદેશો મળતાં જ એક પળનો પણ વિલંબ કર્યા વગર મોટાભાઈ સત્યસેનને બોલાવ્યા. એમણે રથ જોડ્યો અને રથ આચાર્ય વિદુરની પર્ણકુટી પાસે અટક્યો.

પર્ણકુટીના દરવાજે રાજમાતા કુંતીદેવી અને આચાર્ય બંને ઊભાં ઊભાં વાતો કરી રહ્યાં હતાં. મને જોઈને રાજમાતા મારી નજીક આવ્યાં. પાંડવો કદાચ નગરમાં ગયા હતા. રથમાંથી નીચે ઊતરી મેં એમનો ચરણસ્પર્શ કરી એમને સાદર પ્રણામ કર્યાં. મને ઊભી કરતાં તેઓ બોલ્યાં, 'બેટા, તું સગર્ભા છો એની મને ખબર નહોતી! નહિતર હું જ તને મળવા આવત!' એમના પ્રત્યેક શબ્દમાં માતૃત્વ ટપકતું હતું! આ સાત્ત્વિક રાજમાતાને દૈવે કેવી ક્રૂર સજા કરી હતી! છતાંય આ કુલીન સ્ત્રી કેવી વિશાળ હૃદયા હતી! એક મહારાણી મારા જેવી સૂતકન્યાનાં, એક સૂતરાજની પત્નીનાં ક્ષેમકુશળ પૂછતાં હતાં.

મનમાં સહસા વિચાર આવ્યો કે વિધાતા હાથમાં તીક્ષ્ણ શસ્ત્ર લઈને હંમેશ ગુણવાન વ્યક્તિની જ કેમ પાછળ પડે છે? સંસારમાં બધે સજ્જનોનું નસીબ જ કેમ ફૂટેલું છે? કે પછી દુર્ભાગ્યને સ્વીકારવાનું વિશાળ હૃદય કેવળ સજ્જનો પાસે જ હોય છે, અન્ય પાસે નહિ?

રાજમાતા સાથે મેં મનભરીને વાતો કરી. વચમાં વચમાં તેઓ મને સગર્ભાવસ્થા દરમિયાન શરીરનું કેમ ધ્યાન રાખવું તે પ્રેમથી સમજાવતાં હતાં. જ્યારે હું મહેલ પાછી ફરવા ઊભી થઈ ત્યારે મને આશીર્વાદ આપતાં કહ્યું, 'તને જે પુત્ર જન્મશે તે વિશ્વમાં પ્રખ્યાત થશે. તેં એનું નામ વિચાર્યું છે?'

'એ કવચ-કુંડળધારી હશે તો... "કવચધર" નહિતર "કુંડળસેન" મેં કહ્યું.'

સહેજ વિચાર કરીને તેઓ બોલ્યાં, 'નહિ, બેટા, એને કવચ નહિ હોય અને કુંડળ પણ નહિ હોય! માત્ર એના પિતા જેવો સુંદર હશે!... એ તારા જેવો ભાગ્યશાળી હશે. એથી એનું નામ તારા નામ પરથી 'વૃષસેન' નહિ પાડે?'

'તમારી ઇચ્છા એવી હશે તો હું એનું નામ વૃષસેન રાખીશ!' મેં એમની વિદાય લેતાં કહ્યું અને પર્ણકુટીમાંથી બહાર આવી રથમાં બેઠી. મને એમની બધી વાતોમાંથી, 'એને કવચ નહિ હોય અને કુંડળ પણ નહિ હોય' આ વાતનું રહસ્ય સમજાયું નહિ. એમણે આવું કેમ કહ્યું હશે? મને ઉત્તર મળ્યો નહિ.

તેર

પાંડવો તેમની માતાને લઈને ખાંડવવન ભણી ચાલી નીકળ્યા. ત્યાં તેઓ પર્ણકુટી બાંધીને રહેવાનાં હતાં. એક પરાક્રમી રાજાના પાંચ પુત્રો ગીચ જંગલમાં રહેવા ચાલ્યા જાય

એ વાત મારા મનમાં ખટકતી હતી, પણ હું તો એક સ્ત્રી હતી. જે કંઈ બની રહ્યું છે એને ચુપચાપ બેસીને જોઈ રહેવા સિવાય સ્ત્રી બીજું કરી પણ શું શકે? પોતાના કુટુંબનું ભલું કરવાનું જ કેવળ એના હાથમાં છે!

હું અંગરાજને દિયર શોણના વિવાહ અંગે વારંવાર કહ્યા કરતી હતી. પૂર્ણિમાને શુભ દિવસે તેઓ પોતાનું સૈન્ય લઈ શોણની સાથે કુલિંદ દેશ વધૂની શોધમાં નીકળી પડ્યા. મને નિરાંત વળી. હવે એણે જે કામ ધાર્યું તે પાર પાડીને જ આવવાના એનો મને પૂર્ણ વિશ્વાસ હતો.

એક મહિના પછી તેઓ આવ્યા. એમની સાથે કુલિંદ દેશની એક સ્વરૂપવાન યુવતી હતી. રાજમહેલમાં પ્રવેશતાં જ મેં તેમની આરતી ઉતારી. મારા લાડકા દિયરની તે પત્ની થવાની હતી. આકાશની વીજળી સમો એનો દેહ કાંતિમાન હતો. વિશાળ આંખો, અણીદાર લાંબું નાક અને ચહેરો ગોળમટોળ. તેનું નામ મેઘમાલા હતું.

રાજમહેલની સામે ઊભા કરેલા વિશાળ મંડપમાં શોણ અને મેઘમાલાનાં લગ્ન ધામધૂમથી ઉજવાયાં. જવાબદારીમાંથી મુક્ત થયાનો મને આનંદ હતો. લગ્ન પછી વરવધૂ પગે લાગવા આવ્યાં ત્યારે મેં કહ્યું, 'દિયરજી, આ મેઘની માળાને આજે નીલિમાના કંઠમાં પહેરાવી છે! એને સંભાળજો! તમારા સંસારમાં ઇન્દ્રધનુના રંગ ફાલ્યાફૂલ્યા રહો!'

એ હંમેશની જેમ મંદ મંદ હસતાં બોલ્યા, 'મોટાભાઈએ બે લગ્ન કર્યાં છે એમ હું પણ કરીશ એવું તમને લાગે છે, ભાભી? મોટાભાઈ અને મારામાં બહુ મોટું અંતર છે!'

ચૌદ

અમારાં સાસુ-સસરાની સેવામાં હું, સુપ્રિયા તથા મેઘમાલા સદાય તત્પર રહેતાં. તેઓ કૃતકૃત્ય ભાવે કહેતાં, 'દીકરીઓ, બસ હવે ભગવાન એમની પાસે બોલાવી લે એ જ ઇચ્છા છે! સુખના શિખર પરથી સ્વર્ગે જવાનો માર્ગ નજીક હોય તો કેવું સારું લાગે! કર્ણ અંગરાજ થયો. એના વિવાહ થઈ ગયા. શોણ પણ ચતુર્ભુજ થયો. અમારા જેવા સારથિને આથી વિશેષ કેટલું સુખ જોઈએ?'

સુપ્રિયા મને ચૂંટી ખણીને તેમને કહેતી, 'પિતાજી, અમે સાંભળ્યું છે કે પૌત્રનું મોં જોયા સિવાય સ્વર્ગમાં પ્રવેશ મળતો નથી!'

'હા, સુપ્રિયે, બસ એ જ ઇચ્છા બાકી રહી છે અને વૃષાલી તે જલદીથી પૂરી કરશે. કેમ વૃષાલી?' હું શરમાઈ જતી. સુપ્રિયા સામે કૃત્રિમ રોષથી જોતી. મોં ફેરવી તે ખડખડાટ હસી પડતી. સુદામન પછી ઘણાં વર્ષો સુધી અમારા મહેલમાં બાળકોનો કિલકિલાટ સંભળાયો જ નહોતો.

પંદર

દિવસો પર દિવસો જતા હતા. મને ઊઠવાબેસવામાં તકલીફ પડતી હતી. પલંગ પર આડા પડતાં જ મારી આંખ સામે આખું જીવન ખડું થઈ જતું હતું. બાળપણમાં પિતા

મૃત્યુ પામ્યા પછી માતાએ અને મોટાભાઈ સત્યસેને મને પ્રેમથી ઉછેરી હતી. અમે હસ્તિનાપુરમાં આવ્યાં અને તે જ દિવસે માએ જીવન સંકેલી લીધું. પ્રયાગમાં મારું અને અંગરાજનું પ્રથમ મિલન થયું હતું. એનું નિમિત્ત એક ઘોડો અને ઘડો બન્યા હતા. હું હંમેશ એ ઘોડાનો આભાર માનતી હતી. એણે જનમોજનમનો સાથી શોધી આપ્યો હતો. પરાક્રમી, સ્વરૂપવાન, નિરહંકારી અને પ્રેમાળ! એમના સહવાસથી મારા જીવનમાં વસંત મહોરી હતી. માતૃત્વ એ સ્ત્રીના જીવનયજ્ઞની પવિત્ર પૂર્ણાહુતિ! માતૃત્વ એ સ્ત્રીને નિસર્ગે દીધેલું સર્વશ્રેષ્ઠ વરદાન છે! પરાક્રમનું માતૃત્વ પુરુષો પાસે હોય છે, પરંતુ માતૃત્વનું પરાક્રમ ફક્ત સ્ત્રી જ કરી જાણે છે! માતૃત્વ એ સ્ત્રીની સૌથી શ્રેષ્ઠ અને સહજ સુંદર સાધના છે! અન્ય સર્વ આનંદ સાપેક્ષ છે, પણ માતૃત્વનો આનંદ બ્રહ્માનંદ છે; કેમકે તે સૃષ્ટિનો અકલ્પનીય આનંદ હોય છે. જોકે આ આનંદ સહજ સાધ્ય નથી. એ માટે સ્ત્રીએ મૃત્યુ સમી પ્રસવવેદના સહેવી પડે છે. પ્રસવવેદનાની ભઠ્ઠીમાં તપીને બહાર આવે છે માતૃત્વનું સોનું! એટલે જ સ્ત્રીને એનો ગર્વ હોય છે.

અને એક દિવસ હું પ્રસવવેદનાથી તરફડતી હતી. સહસ્ર બાણની ધાર મારાં અંગોમાં જાણે કોઈ નિર્દયપણે ઘોંચી રહ્યું હતું છતાં આ યાતનાને હું ધીરજથી સહેતી હતી. પોતાના સંતાનના જીવન માટે આ વેદના મારે સહન કરવાની જ હતી. જીવન! મધુરું અને મોહક! એ કેવા કષ્ટમય માર્ગમાંથી પસાર થઈને આવે છે! માતાની પ્રસવવેદનાના નિઃશ્વાસમાંથી જન્મેલો અર્ભક શિશુજીવનનો હોંકાર લઈને આવે છે! માતૃત્વ એ સૌથી અદ્‌ભુત ચમત્કાર છે! વેદનામય છતાં એટલો જ આનંદદાયક, ભીતિદાયક છતાં આશાસ્પદ!

પ્રસૂતિ થઈ. ઉદુમ્બરના પાકા ફળ જેવો અંજીરી રંગના એક બાળકનો પ્રસવ થયો. શરીર ખાલીખમ થઈ ગયું અને હૃદય વાત્સલ્યથી ઊભરાઈ ગયું! હું માતા બની. શરીરની તમામ શક્તિ ચાલી જવાથી શરીર શાંત પડી ગયું હતું છતાં જેમતેમ કરીને ઊઠી. ઉત્સુકતાથી દાયણના હાથમાંથી બાળકને લઈ મેં એને છાતીએ વળગાડી દીધું. તે પુત્ર હતો. આબેહૂબ મહારાજની જ પ્રતિકૃતિ... પણ... પણ એના કાનમાં મહારાજનાં જેવાં કુંડળ નહોતાં!! એના અંગ પર કવચ હતું કે નહિ તે કળાયું નહિ! હું આશ્ચર્યચકિત થઈ ગઈ. રાજમાતા કુંતીદેવીની વાણી સાચી ઠરી હતી.

બાળકના રડવાનો અવાજ સાંભળી ભવન બહાર ઊભેલા મહારાજ, શોણભાઈ, સુપ્રિયા, મેઘમાલા, મોટાભાઈ સત્યસેન વગેરે અંદર દાખલ થયાં. મહારાજે તરત જ મારા હાથમાંથી બાળક લીધું. અધીરાઈથી એમણે બાળકના કાન તરફ દૃષ્ટિ કરી. આમતેમ સ્પર્શ કરીને જોયું પણ એને કુંડળ નહોતાં. એની સુકોમળ ત્વચા પર એમણે હળવેક સોય ભોંકી. તરત લોહીનો ટશિયો ફૂટ્યો! એ જોઈને તેઓ અવાક્ થઈ ગયા. એમનો કદાવર દેહ થરથરવા લાગ્યો. બાળકને દાયણના હાથમાં સોંપી દઈ શોણના ખભા હલબલાવી એટલું જોરથી બોલી ઊઠ્યા, 'શોણ, તું મારો સગો ભાઈ છે છતાં તને કવચ-કુંડળ નથી. આ મારો પુત્ર છે તોપણ તેને કવચ-કુંડળ નથી. કેમ નથી? હું કોણ છું? અરે, તું મને કહે તો ખરો કે હું કોણ છું? તું કેમ બોલતો નથી?'

તેમણે ગદ્‌ગદ સ્વરે કહ્યું, 'સુદામનના જન્મ વખતે મને દુઃખ થયું હતું, પણ બીજો પુત્ર કવચ-કુંડળધારી હશે જ એ આશાથી મેં મારા મનને મનાવ્યું હતું. એ આશાયે ઠગારી નીવડી. મારો એકેય પુત્ર કવચ-કુંડળધારી નહિ હોય...'

શોણભાઈ અવાક્ થઈ ગયા. બાજુમાં ઊભેલાં રાધામાતાને એમણે વળી વળીને પૂછ્યું, 'માતે, તારો આ પૌત્ર કવચ-કુંડળધારી કેમ નથી? એ પણ નિરુત્તર રહ્યાં. અંતે તેઓ આવેશમાં દોડતાં મારી પાસે આવ્યાં. હું થાકેલી છું એનો પણ એમને ખ્યાલ ન રહ્યો. મારું શરીર હલબલાવી નાખીને મને કહે, 'વૃષાલી, તું કહે, હું કોણ છું? મને કોઈક તો કહો હું કોણ છું?'

'આમ શું કરો છો? તમે રાધામાતાના પુત્ર છો. શોણ દિયરજીના મોટાભાઈ છો. તમે આ બાળકના પિતા છો. તમે અંગરાજ છો.' મેં એમને શાંતિથી કહ્યું.

'ના. વૃષાલી, ના. હું કોણ છું તેની મને પોતાને જ ખબર નથી! અને કોઈ મને કહેતું પણ નથી!!' એમ બોલતાં બોલતાં તેઓ કોઈનીયે સામે જોયા વગર ત્યાંથી તેજગતિએ ચાલ્યા ગયા.

સોળ

મારા બીજા પુત્રની નામકરણવિધિ કરી. સૌએ જાતજાતનાં નામો સૂચવ્યાં હતાં, પણ મેં એનું નામ 'વૃષસેન' પાડવાનો આગ્રહ રાખ્યો! વૃષસેનના આગમનથી જ મને મન બહેલાવવાનું એક સુંદર સાધન મળી ગયું હતું. એ સતત હાથપગ એટલા પછાડતો કે ક્યારેક મને વિચાર આવતો કે એ ભૂખ્યો તો નહિ થયો હોય? ઘર અને સંતાન એ જ સ્ત્રીનું જીવન છે. એમાં જ એ ખોવાઈ જાય છે. મારો પહેલો દીકરો સુદામન દ્રૌપદી સ્વયંવરમાં અકારણ મૃત્યુ પામ્યો હતો. એની યાદમાં મારું હૃદય ક્યારેક ચીસ પાડી ઊઠતું છતાં એને ભૂલવો તો રહ્યો જ. સુપ્રિયા અને મેઘમાલા વૃષસેનને બે ઘડી પણ રેઢો મૂકતા નહોતા. 'વૃષૂ, વૃષૂ' કહી એને વારંવાર ચૂમી લેતા. આવે વખતે મને થયું કે કોઈ મને સુખના સહસ્ર પીંછાવાળો મયૂરપંખ ઢોળી રહ્યું છે. સુદામને જ ફરી મારી કૂખે જનમ લીધો હોય એવું મને લાગતું હતું.

શુક્લ પક્ષમાં ચન્દ્રની કળા વધે તેમ એ સૌની સ્નેહાળ છાયામાં મોટો થતો હતો. એનો દેહ લોભામણો લાગતો હતો. મને ઘણી વાર થતું કે એને પણ કવચ-કુંડળ હોત તો એ કેવો શોભત!

વૃષસેનને જોવા મહારાણી ભાનુમતિ અને દુઃશલાદેવી આવ્યાં. મહારાણી સાથેનું મારું આ પ્રથમ મિલન હતું. હું માનતી હતી કે એ સ્વભાવે હસમુખી હશે પણ આ તો ભારે અભિમાની નીકળી! મને મળતાંવેંત એણે બીજું કંઈ ન પૂછતાં કેવળ જૂની સ્મૃતિને ઉખેળતાં કહ્યું, 'હું મળવા આવી એ તને નહિ ગમ્યું હોય કેમ?'

'કેમ?' મેં પૂછ્યું.

'તારે માથે શોક્ય લાવીને મૂકી એટલે!'

'અરે, મેં તો આવું કદી વિચાર્યુંય નહોતું. ઊલટાનું સુપ્રિયાએ તો મને ખૂબ સુખી કરી દીધી છે.'

'એ તો બધું ઠીક છે, પણ કાલ સવારે તેને બાળકો થશે પછી આવાં મીઠાં સંબંધો રહેશે જ એની ખાતરી શું?'

'અમે બંને અંગરાજની પત્નીઓ છીએ. અમે અમારા કરતાં અંગરાજની ઇચ્છાને જ મહત્ત્વની ગણી છે.' મેં કહ્યું.

'અંગરાજ્ઞી વૃષાલી, ભવિષ્ય અંગરાજની તો શું પણ સાક્ષાત્ પરમેશ્વરની ઇચ્છાને પણ ઉવેખી શકે છે.' એમણે વળતું વાક્બાણ માર્યું.

મારી સાથે જાણે વાદવિવાદ કરવા જ આવી હોય એમ એ ચિડાઈને મારી સાથે વાત કરતી હતી. મેં મૌન પસંદ કર્યું. જે કામે આવી હતી તે બાજુએ રહી ગયું. વૃષસેન સામે એણે જોયું પણ નહિ! યુવરાજ્ઞી દુઃશલાદેવીએ માત્ર એને હાથમાં લઈ તેના બંને કાન વારંવાર તપાસી જોયા. એના વાંકડિયા વાળ એણે વારંવાર ચૂમ્યા.

સત્તર

હું સુખના શિખરે બેઠી હતી છતાં ક્યારેક રાજમાતા કુંતીદેવી મને સાંભરી આવતાં. આથી હું મોટાભાઈ સત્યસેનને એમનાં સમાચાર લાવી આપવા જણાવતી. તે સમાચાર સાંભળી હું પાંડવોના કર્તૃત્વથી અચંબામાં પડી જતી.

માત્ર છ મહિનામાં આ પાંચ શક્તિશાળી વીરોએ ખાંડવવનની ગીચ ઝાડી કાપીકૂપીને સાફ કરી નાખી હતી. વનનાં ગગનચુંબી વૃક્ષો ધરાશાયી થઈ ગયાં હતાં. રોજ ખભા પર ગદા ધારણ કરનાર યુવરાજ ભીમ વહેલી સવારે ખભે ધારદાર પરશુ લઈ જંગલમાં જતા અને એક જોજનના ઘેરાવામાં રહેલાં તમામ વૃક્ષોનો અને કાંટાળાં ઝાડઝાંખરાનો નાશ કરી પાછા ફરતા. પાંચમાંથી એક માતા કુંતીદેવી તથા દ્રૌપદીનું રક્ષણ કરવા તેમની પાસે રહેતા અને બાકીના ચાર વહેલી સવારથી ચારે દિશામાં ચાલી નીકળતાં અને કામે લાગી જતા. એમના પ્રયત્નોથી હજારો વર્ષ સુધી સૂર્ય પ્રકાશથી વંચિત ધરતી આજે પ્રકાશના સ્પર્શથી પાવન થઈ ગઈ હતી. ખાંડવવન સપાટ મેદાનમાં ફેરવાઈ ગયું.

એક વર્ષમાં ખાંડવવન મેદાનમાં રૂપાંતર થઈ જતાં જ મથુરાથી શ્રીકૃષ્ણે મોકલેલા કારીગરોની સહાયથી તે જ જંગલનાં લાકડાંનો ઉપયોગ કરી એક સુંદર મહેલ બાંધવાની શરૂઆત કરી! એ મહેલ માટે આવશ્યક વજનદાર પથરાઓ ભીમ ખભે ઊંચકીને લઈ આવતો હતો. આ પાંચ સ્વમાની પાંડવોએ પ્રતિજ્ઞા લીધી હતી કે તેઓ કોઈની ભીખ પર નહિ જીવે. મથુરાના કુશળ કારીગરો રાજમહેલનું નિર્માણ કરી રહ્યા હતા. તેઓ દિનપ્રતિદિન ઉન્નત મસ્તકે જીવી રહ્યા હતા. નકુળ વનના જંગલી ઘોડાઓને પકડી લાવી એમને કેળવવામાં વ્યસ્ત હતો. એણે લાકડાંના એક તંબુમાં સેંકડો ઘોડાઓ બાંધી રાખ્યા હતા. પાંડવોની ઉત્તરોત્તર પ્રગતિનાં સમાચાર હસ્તિનાપુર સુધી હજી પહોંચ્યાં નહોતાં. મારા આગ્રહને વશ થઈ ભાઈ સત્યસેન ક્યારેક ખાંડવવનમાં જઈ બધી માહિતી મેળવી લાવી મને જણાવતાં હતાં. મેં એમને ચેતવણી આપી હતી કે એક પણ અક્ષર મહારાજ દુર્યોધનને

કાને ન પડવો જોઈએ. મને ડર હતો કે રખેને એની ઈર્ષ્યા પાંડવોનો પીછો કરી ત્યાં ન પહોંચી જાય.

રાજમાતા કુંતીદેવીના આશીર્વાદની છાયામાં મને પાંડવો સુખી જણાતા હતા.

અઢાર

દિવસરાત રૂપી ચાતક પક્ષી હર્ષવિભોર બની એકબીજાની પાછળ દોડાદોડી કરતાં હતાં. જોતજોતામાં વૃષસેન બે વર્ષનો થઈ ગયો. હવે એને દોડાદોડી કરવા મહેલની જગ્યા ઓછી પડતી હતી. 'તાત તાત' બોલતો તે મહારાજના અંગ પર ચડી જતો. તેઓ તરત એને તેડી લેતા અને ક્યાંય સુધી એનું મસ્તક સૂંઘતા રહેતા. એના હાથ પર ચડી તે એની મોટી મોટી આંખોથી એમના કાનમાં ડોલતાં કુંડળને એકીટશે જોઈ રહેતો. એટલી વારમાં શું થયું કોણ જાણે પણ બંને હાથે એમનાં કુંડળ પકડી એ બોલ્યો, 'તા...ત...તા...ત!'

મારી સામે જોઈ તેઓ એને કહેતા 'વૃષૂ, આ કુંડળ તને ગમે છે ને! પણ હું તને એ દેવાનો નથી. દૂરથી ડુંગરા રળિયામણા લાગે ભાઈ! એને માટે કેટકેટલી યાતના વેઠી છે, એ હું તને શું કહું?'

એમના કહેવાથી એ માની ગયો હોય તેમ તરત જ હાથના કુંડળ છોડી દઈ એણે મારી તરફ છલાંગ મારી. મેં એને તેડી લેતાં કહ્યું, 'હજી તો બે વરસનો નથી થયો ત્યાં તો તમારી વાતને સમજતો થઈ ગયો. મોટો થતાં તો મારું સાંભળશે જ નહિ!'

'એવું કેમ બને વૃષાલી? એ કર્ણનો પુત્ર છે. એ માતાને કદી ભૂલે નહિ!' તેઓ ગર્વથી બોલ્યા.

ઓગણીસ

વૃષસેને પોતાના આગમનથી આખા રાજમહેલને ગજાવી મૂકવાનું જાણે નક્કી કર્યું હશે! એના શુકનવંતા જન્મ પછી રાજભવન એની કિકિયારીથી ગાજી ઊઠ્યું. વૃષસેન બે વર્ષનો થયો તે પહેલાં જ મહારાણી ભાનુમતિને પુત્ર પ્રાપ્ત થયો. એનું નામ લક્ષ્મણ પાડવામાં આવ્યું. એની નામકરણવિધિ ભારે ધામધૂમથી કરવામાં આવી. એ સ્વાભાવિક છે કેમકે તે કુરુનો ભાવિ રાજા હતો, મહારાજ ધૃતરાષ્ટ્રનો પૌત્ર હતો.

લક્ષ્મણના જન્મ પછી સુપ્રિયાએ પુત્રને જન્મ આપ્યો. તે ચિત્ર જેવો સુંદર હતો તેથી તેનું નામ ચિત્રસેન પાડવામાં આવ્યું. ચિત્રસેનના જન્મ પછી મહારાજથીયે વધુ આતુરભાવે હું સુપ્રિયાના મહેલમાં ગઈ. એની શય્યામાં સૂતેલા પુત્રને હું ઉત્સુકતાથી જોઈ રહી... પરંતુ એને પણ કુંડળ નહોતાં. મહારાજના એક પણ પુત્રને દૈવ કવચ-કુંડળનું વરદાન દેવાનાં નહોતાં એ હવે નિશ્ચિત હતું. આ નિશ્ચિતતાથી તેઓ વધુ ગંભીર થઈ ગયા. એના મનમાં શું ખટકી રહ્યું હતું તે કોઈને સમજાતું નહોતું. ક્યારેક તેઓ ગંગાનદીનાં પાણીમાં આખો દિવસ સૂર્યને અર્ધ્ય દેતાં ઊભા રહેતા. ભોજન લેવાનું પણ તે ભૂલી જતા. મને એમની ચિંતા રહેતી.

મારા પતિ શક્તિશાળી હતા, સ્વરૂપવાન હતા, સદ્‌ગુણી હતા. કોઈપણ સ્ત્રી પોતાનું જીવન સર્વસ્વ એમનાં ચરણોમાં ન્યોચ્છાવર કરી દે એવા અદ્વિતીય હતા, પણ

એમના મનનો તાગ કોઈ મેળવી શકતું નહોતું. હું એમની સાથે સતત રહેતી છતાં મને પણ ક્યારેક એવો ભાસ થતો કે હું આ પુરુષને આશ્રયે નથી, પણ તેજવલયની મધ્યમાં ઊભી છું! આથી જ હું એમની સામે કંઈ પણ બોલવાનું સાહસ કદી કરતી નહોતી. અગાઉ એક વાર યુવરાજ્ઞી દુઃશલાદેવીએ મને જે પ્રશ્ન પૂછ્યો હતો તે મેં એમને જણાવ્યો નહોતો. એ પ્રશ્ન જાણવા એમણે ઘણા પ્રયત્ન કરી જોયા પણ વ્યર્થ નીવડ્યા હતા.

એ પ્રશ્ન સહેજ હીન હતો. 'એકાંતમાં તમને પતિના અભેદ્ય કવચ-કુંડળ બાધારૂપ નથી નીવડતાં?' હવે કહો. આવો પ્રશ્ન હું મારા પતિને કઈ રીતે જણાવી શકું?'

વીસ

એક દિવસ સમાચાર મળ્યાં કે પાંડવોએ ખાંડવવનમાં સુંદર નગરી ઊભી કરી દીધી છે. આ સમાચાર સાંભળી ઘણાંને આનંદ થયો. એ નગરનું નામ પાડવામાં આવ્યું હતું ઇન્દ્રપ્રસ્થ. ઇન્દ્રપ્રસ્થ નગરીને ખાંડવરાજ્યની રાજનગરી તરીકે પાંડવોએ ઘોષિત કરી દીધી. ઇન્દ્રપ્રસ્થમાં વસવાટ કરવા માટે અનેક પાંડવપ્રેમી નગરજનો પોતાના પરિવાર સાથે હસ્તિનાપુર છોડી ત્યાં જવા લાગ્યા હતા! દિવસે દિવસે ઇન્દ્રપ્રસ્થ માનવસમુદાયથી ઊભરાવા લાગી. ગાયકો, નર્તકો, કારીગરો વગેરે અનેક પ્રકારના લોકોથી ઇન્દ્રપ્રસ્થ નગરી શોભી ઊઠી. પૂર્વે ખાંડવવનમાંથી હિંસક પશુઓની ભયંકર ગર્જનાઓ સિવાય અન્ય કંઈ સંભળાતું નહોતું. ત્યાં માનવ કોલાહલ મચી ગયો. ત્યાંનું વાતાવરણ સંગીત અને નૃત્યથી ઝૂમી ઊઠ્યું. ધૈર્યશાળી, કર્તવ્યનિષ્ઠ, વીર પુરુષો જંગલને મંગલ કરી, રાજનગરીનો વૈભવ પ્રદાન કરી શકે છે એ જોઈ ઘણા રાજી થયા તો કેટલાકનાં પેટમાં તેલ રેડાયું.

હસ્તિનાપુરમાં ઢંઢેરો પીટવામાં આવ્યો કે જેઓ ઇન્દ્રપ્રસ્થ રહેવા જશે તેમની ગેરહાજરીમાં તેમનાં ખેતી, ધન, સંપત્તિ તમામનાં માલિક કુરુનો રાજદંડ ગણાશે. કૌરવ અને પાંડવ એ બે સ્વતંત્ર રાજ્ય હોય એવું વાતાવરણ સર્જાઈ ગયું. ન થવું જોઈએ તે થઈ રહ્યું હતું! દ્વેષનો વંટોળ બંને રાજ્યોની રાજધાનીને ઘેરી વળ્યો હતો.

પાંડવોને રાજ્યનો યોગ્ય હિસ્સો આપી દીધો હોત તો એમાં સૌનું ભલું હતું. સૌનો આ સ્પષ્ટ મત પડતો હતો. સત્તા મદિરા જેવી છે. જેની પાસે હોય છે તેને મદાંધ કરી મૂકે છે. જેની પાસે નથી તેને પાગલ કરી મૂકે છે. કૌરવોની આ ભૂલ હતી. કોઈ રીતે એને સમર્થન આપી શકાય તેમ નહોતું. તેમજ પાંડવોને રાજ્યનો હિસ્સો મળ્યા પછી આ કુરુવંશના એકસોપાંચ વીરો સાથે મળીને સુખે રહી શકશે એમ પણ ખાતરીપૂર્વક કોઈ કહી શકતું નહોતું. એમના વચ્ચે ખાસ્સું મોટું અંતર પડી ગયું હતું. હસ્તિનાપુરમાં આચાર્ય દ્રોણ, વિદુર, મહારાજ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ પિતામહ, રાજમાતા ગાંધારી વગેરે વડીલો હતાં તોપણ તેઓ પોતાના વંશજોની નાડ પારખી શક્યાં નહોતાં. દરેક વ્યક્તિ જોયાજાણ્યા વગર એકબીજાને માથે દોષ ઢોળતા હતા. હસ્તિનાપુર એ નિષ્પક્ષ પ્રેક્ષકોની નિષ્ક્રિય વિલાસનગરી છે કે શું એવો વિચાર આવતો હતો!

ઇન્દ્રપ્રસ્થ વસંતઋતુની જેમ ફાલીફૂલી હતી!

અંદર અંદર વાતચીત કરતી વખતે નગરજનો 'પાંડવોની ઇન્દ્રપ્રસ્થ' એવો ઉલ્લેખ

કરતા પણ માત્ર ઇન્દ્રપ્રસ્થ કદી કહેતા નહોતા! મનની આસપાસ અજાણપણે વણાતા જતા તાણાવાણા દૂરતાની જાળ નિર્માણ કરતા હતા. એક સમયે જે નગરીમાં એકસોપાંચ યુવરાજોને સાથે મળીને હરતાંફરતાં જોયા હતા ત્યાં આજે સો અને પાંચ એવા બે વિભાગ પડી ગયા છે.એમ સૌ કહેવા લાગ્યા હતા. લોહીના સંબંધે બંધાયેલાંનાં મન કદી એકમેકથી દૂર ન થવાં જોઈએ, નહિતર અંતે એ વિનાશના પંથને જ નોતરે!

મહારાજ, પિતામહ, મહામંત્રી, અમાત્યમાંથી કોઈએ પણ બંને રાજ્યોના સંબંધને સુધારવાના પ્રયત્ન કરવાની અત્યંત જરૂરી હતી. કેમકે માનવમન અનેક વિચારોના તૃણથી ગીચોગીચ મેદાન છે! એમનાં પર ગેરસમજનાં ઝાકળબિંદુ મોતીની જેમ ચમકે છે! પણ એને દૂર કરવા કોઈ જ પ્રયત્ન કરતું નથી. દિવસ ઉજાસનું આભૂષણ પહેરી ઉદય પામે છે અને રાત્રી અંધકારનું ઓઢણું પહેરી અસ્ત પામે છે. એકમેકની સીમાને બાથ ભીડતા બંને રાજ્યો મનમાં ઈર્ષ્યાના અંગારા સળગાવીને કદી સુખી થવાના નથી. એ મોટામોટા રાજ્યધુરંધરોને પણ કેમ સમજાતું નહોતું!

જીવનમાં સુખ હોવા છતાં આસપાસનું આ ધૂંધળું વાતાવરણ મનને બેચેન કરી મૂકતું હતું.

એકવીસ

સુખના દિવસો પસાર થતાં વાર નથી લાગતી અથવા એમ કહો કે સુખમાં પરોવાયેલા મનને સમયની અવિરત ગતિનો ખ્યાલ રહેતો નથી. વૃષસેનની સાથે લક્ષ્મણ અને ચિત્રસેન પણ મોટા થતા જતા હતા. બાળકો ગમે એટલાં મોટાં થાય પણ મા-બાપને તો નાનાં જ લાગે. વૃષસેન છ વર્ષનો થયો. એનો બડબડાટ ચાલુ જ હોય. સતત દોડાદોડી અને જાતજાતનાં પ્રશ્નો પૂછી આપણને તંગ કરી દે. એ એક મહારાજથી થોડો ડરતો. રાજસભા, મૃગયા, યુદ્ધશાસ્ત્રમાંથી સમય બચે તે બધો સમય મહારાજ વૃષસેન સાથે વિતાવતા. ઘણી વખત તે અમને આશ્ચર્યકારક પ્રશ્નો પૂછી વિસ્મય કરી દેતો.

એક દિવસ તેણે મહારાજને કહ્યું, 'તાત, તમે બહુ સ્વાર્થી છો!'

'કેવી રીતે, વૃષુ? હસ્તિનાપુરમાં મને સૌ ઉદાર કહે છે!' એના માથે હાથ ફેરવતાં તેઓએ કહ્યું.

'નહિ. તમે સ્વાર્થી જ છો! નહિતર અમારે માટે તમારાં જેવાં કુંડળ તમે અમને લાવી દીધાં હોત!'

'કુંડળ એમ સહેજે મળતાં હોત તો મેં દરેકને આપ્યાં હોત, રાજા! તને પ્રિય એવાં કુંડળ કાપીને પણ જો તને દઈ શકાતાં હોત તો મેં તને તરત આપી દીધાં હોત! મને પણ હવે નથી જોઈતાં!'

'તમે જાતે એને કેવી રીતે કાપી શકો? બીજું કોઈ કાપી શકે. તમે બે હાથે કાન અને તલવાર કેવી રીતે પકડી શકો?'

'લે. તારાથી કપાય તો કાપી જો!'

'કાપું તો ખરો પણ લોહી નીકળે તો? મા મને મારે!'

'નહિ મારે! તે આવે એ પહેલાં જ તું કુંડળ ઉતારી લે. લોહી નહિ નીકળે અને નીકળશે તો હું રડીશ નહિ. તારી માને કહીશ પણ નહિ, બસ!'

એના પિતા જેવો જ એ હઠીલો હતો એટલે એ તો દોડીને સીધો શસ્ત્રાગારમાં ગયો અને ત્યાંથી એક નાની તલવાર હાથમાં રમાડતો પાછો આવ્યો. મહારાજના ખોળામાં બેસી એણે પોતાના નાનકડા હાથમાં એમનું એક માંસલ કુંડળ પકડ્યું! પછી સહેજ વિચાર કરી બોલ્યો, 'તાત, હું કંઈ તમારા જેવો સ્વાર્થી નથી! હું... હું એક જ કુંડળ લઈશ! એક મારું, એક તમારું!!' એમ કહીને એણે તલવાર ઉપાડી.

'સારું. તને જે ગમે તે લઈ લે. જલદી કર.' એમણે સંમતિ આપી અને પોતાની નીલી આંખો સ્ફુરિત કરીને એ શું કરે છે તે કુતૂહલથી જોવા લાગ્યા.

એટલામાં હું ત્યાં જઈ ચડી.

પોતાના નાના નાના દાંત હોઠ નીચે જોરથી દબાવતો હાથમાંની ધારદાર તલવાર તે એમના કાન પર સરસર ચલાવતો હતો! પરંતુ તલવાર ઘાસના તણખલાની જેમ એના કાન પર કેવળ ફરતી હતી. ખૂબ વાર સુધી તેણે પ્રયત્ન કરી જોયો! અમે બંને એના પ્રયત્ન પર હસતા રહ્યા. અંતે તે થાક્યો. એના કપાળ પર પરસેવો જામી ગયો! તલવાર પણ હવે એનાથી ઊંચકાતી નહોતી. હાથમાંથી ફેંકી દઈ એ એમના ખોળામાંથી નીચે ઊતર્યો.

એમણે પૂછ્યું, 'અરે વૃષુ, શું થયું?'

એનો જવાબ સાંભળી તે દિવસે મને પહેલી વાર ખ્યાલ આવ્યો કે તે બહુ સમજદાર થઈ ગયો છે. પોતાની હાર ન સ્વીકારતાં એ બાળસહજભાવે બોલ્યો, 'કંઈ નહિ, તાત. મને તમારાં કુંડળ નથી જોઈતાં!'

'કેમ?'

'એને લઈને હું શું કરું? તમારા કાન કેવડા અને મારા કાન કેવડા? મારા કાનમાં તે મોટા ન દેખાય?'

એની ચાલાકી પર મહારાજ ખુશ થઈ ગયા. હાથ લંબાવી પોતાની નજીક બોલાવ્યો. એને બાથમાં લીધો અને એને વહાલથી ચૂમતાં તેઓ બોલ્યા, 'તારી પાસે કુંડળ નથી તે સારું જ છે! એનાથી મારું શું રૂડું થવાનું છે એ હું હજી સુધી નથી સમજી શક્યો, રાજા!'

ગોફણના પથ્થરથી ખેતરમાંનાં પક્ષીઓ ફુરરર ઊડી જાય તેમ વૃષસેનની બાળલીલામાં અમારા દિવસો આમ જ ઊડી ગયા હતા. માત્ર કેટલાક પ્રસંગો સ્મૃતિમાં સચવાઈ રહ્યા હતા.

બાવીસ

અંગરાજ સાથે ક્યારેક ગુરુપુત્ર અશ્વત્થામા દુગ્ધપાન કરવા મહેલમાં આવતા. એમની સાથે વૃષસેનને બહુ મજા આવતી. કોઈની પાસે હાર ન સ્વીકારનાર ગુરુપુત્ર સીધા એને શરણે થઈ જતા.

એક દિવસ અમસ્તા જ મહેલમાં આવ્યા હતા. મેં ફળો ભરેલી તાસક મૃણાલ સાથે કક્ષમાં મોકલી. એમાંથી ગુરુપુત્રે હળવેકથી એક અંજીર લીધું. એને સાચવીને કાપ્યું પછી

એની સામે ગંભીરતાથી જોઈ રહ્યા. આથી મહારાજે પૂછ્યું, 'શું વિચાર કરે છે, અશ્વત્થામા?'

'અંગરાજ, આ સુંદર દેખાતાં અંજીરમાં એક કીડો છે! આપણું જીવન પણ આવું જ નથી? ઉપરથી સુંદર અને અંદરથી અનેક કીડાઓથી ખદબદતું!'

'અશ્વત્થામા, એમાં ફળનો શો દોષ?'

'દોષ કોનો એ કહી શકાતું નથી પણ વાસ્તવમાં જીવન જેવું દેખાય છે તેવું નથી જ! આ ફળ જો. બહારથી કેવું સુંદર દેખાય છે!'

મહારાજ કંઈ જ બોલ્યા નહિ. એ બેનો સંવાદ સાંભળી વૃષસેનને હળવેકથી પોતાની જગ્યા પરથી ઊભો થતાં મેં જોયો. એ ત્યાંથી ઊઠીને સીધો પગથિયાં ઊતરી રાજમહેલની સામેનું આંગણું પાર કરી મુખ્ય દ્વારમાંથી બહાર નીકળી ગયો. એ ક્યાં જતો હતો એ જોવા હું મૃણાલને મોકલતી હતી એટલામાં એ પાછો આવ્યો. એ સસલાની જેમ કૂદતો કૂદતો આવતો હતો. આવીને તરત જ મહારાજ અને ગુરુપુત્રની સામે રુઆબથી ઊભો રહ્યો અને મુઠ્ઠી ખોલતાં તેણે પૂછ્યું,

'કાકા, આમાં શું છે? કીડો?' એમાં પથ્થરનો એક ટુકડો હતો!

એનો આ અદ્‌ભુત પ્રશ્ન સાંભળી ગુરુપુત્ર ફરી એક ક્ષણ ગંભીર થઈ ગયા. મહારાજ સામે જોઈને કહ્યું, 'અંગરાજ, ખરેખર, મારા પ્રશ્નનો ઉત્તર તારા પુત્રે કેટલી સરળતાથી આપી દીધો!' એ પથ્થરના ટુકડાને વૃષસેનના હાથમાંથી ઉપાડી એની સામે ધ્યાનથી જોતાં તેમણે કહ્યું, 'આ નિર્જીવ પથ્થરમાં કીડો હોઈ શકે? કીડો ફળમાં હોય! દોષ-દોષ સજીવમાં હોય! કીડો ફળના રસ પર જીવે છે, મોટો થાય છે છતાં ફળ એને બહાર કાઢી શકતો નથી! માણસના દોષોનું પણ આમ જ છે! અજ્ઞાનના જીવનરસથી એના દોષો પોષાય છે, મોટા થાય છે!'

વૃષસેનની પીઠ થાબડતાં તેમણે કહ્યું, 'વૃષસેન, આ પથ્થરને અટારીમાંથી બહાર ફેંકી દે અને આ અંજીર ખા!' એમણે એના ડાબા હાથમાં પથ્થરનો ટુકડો મૂક્યો અને તાસકમાંથી એક અંજીર લઈ એના જમણા હાથમાં મૂક્યું. વૃષસેને પથ્થર અટારીમાંથી બહાર ફેંકી દીધો. અંજીર ખાતાં ખાતાં વૃષસેને ગુરુપુત્રને ફરી આશ્ચર્યમાં મૂકી દીધા. ગુરુપુત્રના વસ્ત્રાચ્છાદિત મસ્તક તરફ જોઈને એણે કહ્યું,

'કાકા, હું પણ તમારી જેમ મસ્તક પર વસ્ત્ર બાંધીશ!'

'કેમ ભાઈ? તું તો અંગરાજપુત્ર છો, તારે સુવર્ણકિરીટ ધારણ કરવાનો હોય, વસ્ત્ર નહિ.' ગુરુપુત્રે તેને જવાબ આપ્યો.

'ના. સુવર્ણકિરીટનો શો ઉપયોગ? એમાંથી ધજા થોડી બનાવાય છે?'

'ધજા? અને ધજા બનાવવા માટે તું આવું વસ્ત્ર મસ્તક પર બાંધવા માગે છે?'

'હા. તાત કહેતા હતા કે લડાઈ વખતે રથ પરની ધજા નીચે ગબડી પડે છે! ત્યારે તરતોતરત બીજી ધજા ક્યાંથી લાવવી?'

એનો ઉત્તર સાંભળી અમે સૌ હસી પડ્યા, પરંતુ અમે શા માટે હસીએ છીએ એ આ નિર્દોષ બાળક શું સમજે?

ત્રેવીસ

વૃષસેન સાત વર્ષનો થયો ત્યારે મને બીજો પુત્ર જન્મ્યો. સુપ્રિયાએ પણ એ જ અરસામાં પુત્રને જન્મ આપ્યો. મારા પુત્રનું નામ સુષેણ અને સુપ્રિયાના પુત્રનું નામ સુશર્મા પાડવામાં આવ્યું, પૌત્રોને જોઈ સાસુસસરાનો હરખ સમાતો નહોતો. જીવનમાં વેઠેલાં કષ્ટો સાર્થક થયાં. એમણે વાવેલો કુટુંબનો છોડ આજે વિશાળ વટવૃક્ષમાં પરિણમ્યો હતો. તેઓ મને હંમેશ કહેતા, 'વૃષાલી, તું ગૃહલક્ષ્મી છો. તું સુખનો પર્વત લઈને આવી છો! અમે સ્વપ્નેય ધાર્યું નહોતું એવું સુખ આપણા જીવનમાં સાકાર થયું છે!'

એમનાં પગ દબાવતાં દબાવતાં મેં કહ્યું, 'મને જશ ન આપો. મહારાજ માટે તમે વેઠેલાં કષ્ટોનું આ મધુર ફળ છે.'

'એને માટે અમે શું કષ્ટો વેઠ્યાં છે? અમારી પર્ણકુટીમાં જન્મ્યો એ અમારું સદ્‌ભાગ્ય! તું એની પત્ની થઈને આવી એ અમારું મોટું ભાગ્ય! બેટા, સૌ ઋણાનુબંધે ભેગાં થયાં છે!'

સાસુના ખોળામાં બેઠેલો સુષેણ એ વખતે હોંકારા દેતો જાણે સૌને યાદ દેવડાવી રહ્યો હતો કે પોતે પણ આ ઋણાનુબંધનું એક એકમ છે! તેઓ એમને થાબડીને સુવડાવતી વખતે કંઈક ગણગણતાં હતાં. મેં એમને મોટેથી ગીત ગાવા વિનંતી કરી. એમણે કહ્યું, 'વસૂ, આ સુષેણ જેવડો હતો ત્યારે આ ગીત હું ગાતી હતી. હવે બહુ યાદ રહ્યું નથી! અને ચંપાનગરીની પર્ણકુટીનું ગીત આ વૈભવશાળી મહેલમાં થોડું શોભે? તું મહેલને છાજે તેવું ગીત તારા દીકરાને સંભળાવ.' ઊંઘમાં આવેલા સુષેણને મારા હાથમાં દેતાં કહ્યું.

આ માએ પોતાના પુત્રો માટે વેઠેલાં અગણિત કષ્ટો પાસે મારાં કષ્ટો શું હિસાબમાં?

ચોવીસ

સુષેણ પછી એક વર્ષે વૃષકેત જન્મ્યો. હું ત્રણ પુત્રોની મા થઈ! ત્રણેના પ્રવેશથી મારો જીવનબાગ ખીલી ઊઠ્યો. વૃષસેન, સુષેણ અને વૃષકેત આ બાગનાં ત્રણ સુવર્ણકમળ હતાં. સુપ્રિયા પણ મારી સાથે હોડમાં હોય તેમ એણે પણ અન્ય બે પુત્રોને જન્મ આપ્યો. એમનાં નામ પ્રસેન અને ભાનુસેન પાડવામાં આવ્યાં. ચિત્રસેન, સુશર્મા, પ્રસેન અને ભાનુસેન – સુપ્રિયાના આ ચાર પુત્રો એની મા જેવા સોહામણા હતા. મહત્ત્વની વાત એ કે અમારા બેમાંથી એકેયને પુત્રી નહોતી! મને હંમેશ થાય કે મહારાજના આ સાત પુત્રોને એક બહેનની ખોટ સાલે છે! એ ખોટ મારા દિયર શોણે પૂરી કરી દીધી! વૃષસેનના જન્મ વખતે જ એને ઘેર પુત્રી જન્મી હતી. મીન જેવી એની આંખો હોવાથી સૌએ એનું નામ મીનાક્ષી સૂચવ્યું. મીનાક્ષી કેતકીના ફૂલ જેવી સુંદર હતી. રડવામાં એ સમજતી નહોતી. મહારાજને એમના પુત્રો કરતાંયે વધુ આ પુત્રી પર પ્રેમ હતો.

એને પોતાના બળવાન હાથમાં તેડી મારી પાસે લાવી તેઓ કહેતા, 'વૃષાલી, તને તારા રૂપનું વ્યર્થ અભિમાન છે! આ મીનાક્ષી તારા જેવડી થશે ત્યારે જોજેને દુર્યોધનનો પુત્ર લક્ષ્મણ એના હાથની માગણી કરશે! તું અંગરાજ્ઞી છો... એ કૌરવરાજ્ઞી થશે!'

'ના રે ના. તમે ભલે કહો પણ એવું ક્યાંથી બને?' મેં કહ્યું.

'કેમ?'

'ઓહ, જો એ કુરુની મહારાણી થાય તો તમારે એને વંદન નહિ કરવા પડે?'

'પોતાના પતિનું મસ્તક કોઈની સામે ઝૂકે નહિ. ખાસ કરીને પોતાના સ્વજનની સામે તો નહિ જ. એમ તું માને છે?'

તેઓ કોઈ સાથે ચર્ચામાં ઊતરતા નહિ, પણ મને જ હંમેશાં ઊલટસૂલટ પ્રશ્નો પૂછતા. છેવટે કંટાળીને હું મૌન થઈ જતી. કહેવાય છે કે મૌન એ અકસીર ઉપાય છે.

મીનાક્ષી સાથે તેઓ કલાકો સુધી રમતા. એ વખતે હું અતીતને ખોળવાનો પ્રયત્ન કરતી પણ હાથમાં કંઈ જ આવતું નહિ.

હસ્તિનાપુરમાં રહીને સ્વર્ગનું સુખ મેં કેટલાંય વર્ષો સુધી મેળવ્યું. એમાં ક્યારેક વાદળી કે લહરની જેમ સુદામનની સ્મૃતિ મને અસ્વસ્થ કરી મૂકતી. એ જીવતો હોત તો ખાસ્સો પચ્ચીસ વર્ષનો હોત! મને પગે લાગી વ્યાયામશાળામાં જતી વખતે કહેતો હોત, 'માતે, મારા બાહુકંટક દાવથી વ્યાયામશાળાના બધા શિષ્યો ધ્રૂજી ઊઠે છે.'

પણ... પણ એની ધૂંધળી સ્મૃતિ સિવાય મારી પાસે શું રહ્યું હતું?

પચ્ચીસ

રાજમહેલમાં એક નવી જ વ્યક્તિનો પ્રવેશ થયો હતો. દેશોદેશની રાજકન્યાઓ પસંદ કરી ભીષ્મ પિતામહે કૌરવોના તમામ યુવરાજોનાં વિવાહ કરાવી દીધાં હતાં. મધપૂડાની મધમાખીઓની જેમ રાજમહેલ રાજસ્ત્રીઓથી ગુંજી ઊઠ્યો. કુરુના વૈભવનું શિખર હિમાલય સાથે જાણે હોડ બકી રહ્યું હતું! સો યુવરાજોનો ગૃહસંસાર જોવાનો રોમાંચકારી અવસર આ રાજમહેલના જીવનમાં પહેલી વાર આવ્યો હતો! ચારેબાજુથી શૃંગારી વાતો કાને પડતી ત્યારે પાંડવો સાંભરી આવતા. કૌરવો અને પાંડવો વચ્ચે રહેલો મોટો તફાવત મને હંમેશાં દેખાતો. કૌરવોના પ્રત્યેક યુવરાજને એક એક પત્ની હતી, જ્યારે આ પાંચ પાંડવો વચ્ચે એક જ પત્ની હતી! કૌરવોની બહેન દુઃશલાનાં લગ્ન સિંધુરાજ જયદ્રથ સાથે થયાં હતાં.

મને આશ્ચર્ય હતું તે ભીષ્મ પિતામહનું! તેઓ પરાક્રમી હતા, વૃદ્ધ હતા, એમનું સૌના પર વર્ચસ્વ હતું, સૌને એમના પ્રત્યે આદરયુક્ત ભીતિ હતી. પાંડવો પ્રત્યે તેઓ અત્યંત ઉદાસીન હતા. ખાંડવવનને ઇન્દ્રપ્રસ્થ નગરમાં પલટાવી નાખનાર પાંડવોને તેઓ કદી મળવા ગયા નહોતા! એમને થયેલા અન્યાય બદલ તેમણે એક હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નહોતો! મહારાજ દુર્યોધનની પાંડવો પ્રત્યેની દ્વેષીલી ભાવનાને પણ તેમણે જાતે જઈને રોકી નહોતી. રાજમાતા કુંતીદેવીના આપત્તિકાળમાં પણ તેમણે મદદનો હાથ લંબાવ્યો નહોતો. ખબર નહિ આ બધું શું બની રહ્યું હતું! જે કંઈ બની રહ્યું હતું તેને તેઓ માત્ર તટસ્થભાવે જોઈ રહ્યા હતા!

પાંડવોનું ઇન્દ્રપ્રસ્થ રાજ્ય અત્યંત સમૃદ્ધ થઈ ગયું હતું. ઇન્દ્રપ્રસ્થ રાજ્ય પથ્થરમાંથી ઊગી નીકળેલા, આકાશ ભણી ગર્વોન્નત મસ્તકે ઊભા રહેલા વૃક્ષ સમું એક મહાન

આશ્ચર્ય હતું! ઉત્તરોત્તર એ વૃદ્ધિ પામતું હતું. આજુબાજુનાં રાજ્યોમાંથી મલ્લ, યોદ્ધા, કારીગરો, ગાયક, નર્તક, ખેડૂતો વગેરે આવીને ઇન્દ્રપ્રસ્થમાં સ્થાયી થવાં લાગ્યાં. હસ્તિનાપુર એ પૂર્વજોનાં પરાક્રમનું ફળ હતું. ઇન્દ્રપ્રસ્થ એ કેવળ પાંડવોના પરિશ્રમનું રાજ્ય હતું!

છવ્વીસ

નાનાં બાળકો એકબીજાનો હાથ પકડીને દોડે તેમ દિવસ, મહિના, ઋતુ અને વર્ષ એકમેકના હાથ પકડીને દોડી રહ્યાં હતાં. એની ગણતરી કરવાનો સમય પણ ક્યાં મળતો હતો! મારાં અને સુપ્રિયાનાં સંતાનોની દેખભાળમાં કેટલોય કાળ વીતી ગયો. મારી આસપાસ સુખની છોળ એટલી ઊડતી હતી કે હું એક સારથિ કન્યા છું એ વાત વિસારે પડી ગઈ હતી. અંગરાજ્ઞી હોવાને કારણે રાજમહેલના તમામ યોદ્ધાઓ મારું આદરસન્માન કરતા હતા છતાં એક વાતે હું અસ્વસ્થ થઈ જતી હતી. મારો મોટોભાઈ સત્યસેન હજી અવિવાહિત હતો. વયમાં મોટો હોવાથી આ બાબતમાં મારે મર્યાદા જાળવવી પડતી હતી. અંગરાજા સાથે પણ આ વિષય અંગે મેં ચર્ચા કરી નહોતી. કેમ કે મારા ભાઈ માટે એમને જણાવવા મારું દિલ કબૂલ કરતું નહોતું. નાની બહેન એના વિવાહ માટે પ્રયત્ન કરી રહી છે એમ જાણે તો ભાઈને દુઃખ થાય. હું દરેકના સ્વભાવને ઓળખતી હતી. જોકે મને હૃદયમાં ઊંડે ઊંડે થતું હતું કે એક દિવસ અંગરાજ પોતે જ મારા ભાઈના વિવાહની વાત કાઢશે.

અને એમ જ બન્યું. એક દિવસ મારા હાથમાં પત્રિકા દેતાં કહ્યું, 'જો. આ કોની કુમકુમપત્રિકા છે?'

'બેનો આંકડો અશુભ લાગે છે? એથી શું ત્રીજાં લગ્ન કરવા ધારો છો?' મેં મશ્કરીમાં કહ્યું.

'નહિ. મારાં ત્રીજાં લગ્ન ક્યારનાં થઈ ચૂક્યાં છે!' તેમણે સમજભાવે કહ્યું. આ સાંભળીને મારું કાળજું કંપી ઊઠ્યું. મેં ગભરાઈને પૂછ્યું, 'ત્રીજા લગ્ન? કોની સાથે?'

'વૃષાલી મારી બીજી પત્ની! સુપ્રિયા ત્રીજી!'

'તો પહેલી ભાગ્યશાળી કોણ છે?' મારું હૃદય ધબકારો ચૂકી ગયું.

'ધનુર્વિદ્યા!' તેઓ ખડખડાટ હસતાં બોલ્યા! પછી મારા હાથમાંની પત્રિકા તરફ આંગળી ચીંધીને કહ્યું, 'આ પત્રિકા મારાં લગ્નની નથી. એ તારા ભાઈ સત્યસેનનાં લગ્નની છે. વૃષાલી, શોણનાં લગ્ન માટે તું રાતદિવસ મારી પાછળ પડી હતી અને તારા ભાઈનાં લગ્ન માટે તેં ભૂલમાંય મને કહ્યું નહિ!'

'હું અંગરાજ્ઞી છું તો એક સ્વમાની ભાઈની બહેન પણ છું!'

મારી નજીક આવી મારો હાથ હાથમાં લઈ કહ્યું, 'વૃષાલી, સુપ્રિયા તારા કરતાં વધુ સુંદર છે પણ તારા જેવું ચતુરાઈભર્યું બોલતા એને આવડતું નથી. તું ક્યાંથી શીખી આવી?'

'તમે ધનુર્વિદ્યા ક્યાંથી શીખ્યા?'

'મારા ગુરુ પાસેથી.'

'એમનું નામ શું?'

'નામ નહિ કહી શકું!'

'તો હું પણ મારા ગુરુનું નામ નહિ કહી શકું!'

'જો. ફરી તારા ચાલાકીભર્યા જવાબો શરૂ થયા!'

હાથમાંની પત્રિકા જોઈને હું ચૂપ થઈ ગઈ. પ્રત્યેક પત્રિકાને બાંધેલી દોરી પર મને સત્યસેનભાઈ જ દેખાતો હતો! પોતાની નાની બહેન માટે ઉદારમના ભાઈએ કેટલો બધો ભોગ આપ્યો હતો! ખરે જ નામ પ્રમાણે સત્યને માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા.

પુરોહિતે સૂચવેલ મંગળ દિવસે ધામધૂમથી મારા મોટાભાઈનાં લગ્ન હસ્તિનાપુરની એક સારથિ કન્યા સાથે થયાં. ભાઈ, દુર્યોધન મહારાજના સારથિ હોવાથી એમનાં લગ્નમાં વૈભવની કોઈ ખામી રહેવા દીધી નહોતી. એની અર્ધાંગનાનું નામ હતું પુષ્પાવતી!

આ લગ્નસમારંભના એક મહિના પછી દુર્યોધનને ત્યાં કન્યા જન્મી. નગરમાં ચારેબાજુ દીવા પ્રગટાવી પોતાની રાજકન્યાનું નગરજનોએ સ્વાગત કર્યું. પુરોહિતે એનું નામ સુદર્શના સૂચવ્યું. એ ખરેખર સુંદર હતી.

રાજમહેલમાં યુવરાજ લક્ષ્મણ, રાજકન્યા સુદર્શના, મારા અને સુપ્રિયાનાં પુત્રો, મીનાક્ષી જેવાં કેટલાંય બાળકો ઉદ્યાનનાં ફળફૂલની જેમ આનંદથી ઊછરતાં હતાં. એમને રમવા માટે રાજમહેલ પણ સાંકડો પડતો હતો. સ્વર્ગના દેવો હસ્તિનાપુરની ઈર્ષ્યા તો નહિ કરેને! ક્યારેક શંકાની સળ મારા મનમાં ઊઠતી.

સત્યાવીસ

ક્યારેક ઇન્દ્રપ્રસ્થના સમાચાર સાંભળવા મળતાં. સૌનાં હૃદયમાં પાંડવો પ્રત્યે કુતૂહલની લાગણી જન્મતી. એમણે ખાંડવવનમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપીને ઇન્દ્રપ્રસ્થને રાજધાની બનાવી દીધી હતી. રાજધાનીના નામ પરથી પાંડવોનાં પડોશનાં રાજ્યોને પણ સૌ ઇન્દ્રપ્રસ્થ જ કહેવા લાગ્યા હતા. હસ્તિનાપુર કરતાં ઇન્દ્રપ્રસ્થના ડંકા ચોતરફ જોરજોરથી ગગડવા લાગ્યા હતા.

રાજ્ય કેવળ વિશાળ મહેલ અને વિપુલ જનરાશિ પર નભતું નથી! એને માટે સંપત્તિની પણ જરૂર પડે છે. પાંડવોએ આ સંપત્તિ ક્યાંથી અને કેવી રીતે ઊભી કરી એ જાણવા હસ્તિનાપુરમાં સૌ ઉત્સુક હતા.

ભીમ-અર્જુન પોતાના રાજ્યને સમૃદ્ધ કરવા સતત પડોશના રાજ્ય પર હુમલો કરી પરાજિત રાજ્યો પાસેથી ખંડણી ઉઘરાવવા લાગ્યા હતા. એથી ઇન્દ્રપ્રસ્થની સંપત્તિ અને સૈન્યની સંખ્યામાં વધારો થવા લાગ્યો હતો.

અને એક દિવસ અચાનક પાંડવોનો રાજદૂત હસ્તિનાપુરમાં આવી પહોંચ્યો! તે પાંડવો તરફથી ભૂર્જપત્ર પર રાજસૂય યજ્ઞનું નિમંત્રણ લઈને આવ્યો હતો! વસંતપૂર્ણિમાને દિવસે પાંડવો એક મહાન યજ્ઞનો આરંભ કરવાના હતા. આ યજ્ઞ માટે ભીષ્મ પિતામહના શુભ આશીર્વાદ મેળવવાની તેમની ઇચ્છા હતી. આ નિમંત્રણની સાથે પાંડવોના પુરોહિત

ધૌમ્ય ઋષિએ પણ હસ્તિનાપુર આવી ખાસ આગ્રહ કર્યો હતો.

યુવરાજ યુધિષ્ઠિર પોતે પાંચ સુવર્ણકળશ લઈ દેશોદેશ ફરી વળ્યા હતા. તેઓ વિતસ્તા, પુરુષ્ણી, ગંગા, યમુના, સિંધુ, મંદાકિની, અલકનંદા, ઇરાવતી, સૂર્ય, ચર્મણ્વતી જેવી અનેક પવિત્ર નદીઓનાં જળ આ પાંચ કળશમાં ભરી તેમને ઇન્દ્રપ્રસ્થ લાવ્યા હતા. પાંડવોના ઇન્દ્રપ્રસ્થના રાજમહેલની સામે વહેતી ઇક્ષુમતી નદીનાં જળમાં આ પવિત્ર જળ ભેળવીને યજ્ઞ માટે ઇક્ષુમતીનું જળ ઉપયોગમાં લેવાનું હતું. ઇન્દ્રપ્રસ્થ ઇક્ષુમતી અને યમુનાના સંગમ પર હતું.

રાજમહેલની સામે ઇક્ષુમતીને બીજે કાંઠે વિશાળ મેદાનમાં ભવ્ય યજ્ઞમંડપ ઊભો કરવામાં આવ્યો હતો. આ તમામ સમાચાર હસ્તિનાપુરમાં વાયુવેગે ફેલાઈ ગયા હતા.

યુવરાજ અર્જુન અને ભીમ દેશોદેશ યજ્ઞનું આમંત્રણ દેવા નીકળી પડ્યા હતા. ચોતરફ યજ્ઞની વાતો જ ચાલતી હતી. મને પણ કુતૂહલ થયું કે ઇન્દ્રપ્રસ્થ નગરી કેવી વસાવી છે તે એક વાર જઈને જોવી જોઈએ, પરંતુ તે શક્ય નહોતું, યોગ્ય પણ નહોતું!

આ દીર્ઘકાળ દરમિયાન પાંડવોએ ચોદિશામાંથી દિગ્વિજય મેળવ્યો હતો. ગાડાંનાં ગાડાં ભરી અખૂટ સંપત્તિ ઇન્દ્રપ્રસ્થના ભંડારમાં ઠલવાતી હતી. હું હવે પાંડવવિષયક વાતો સાંભળી તમામ માહિતીથી જાણકાર થઈ ગઈ હતી. દિગ્વિજયમાં એમણે આક્રમણ માટે બે રાજ્યોનો સ્પર્શ કર્યો નહોતો. એક મથુરા અને બીજું હસ્તિનાપુર!

જોકે ઇન્દ્રપ્રસ્થ તરફથી મારે માટે આ પહેલું આમંત્રણ નહોતું. દ્રૌપદીને પાંચ પતિથી પાંચ પુત્રો થયા હતા. પ્રત્યેકની નામકરણવિધિ વખતે ઉપસ્થિત રહેવાનું આમંત્રણ મને રાજમાતા કુંતીદેવી તરફથી મળ્યું હતું! પરંતુ મહારાજને નહિ ગમે તેથી દરેક વખતે કોઈક બહાનું કાઢીને મેં ઇન્દ્રપ્રસ્થ જવાનું ટાળ્યું હતું! જોકે પ્રત્યેક યુવરાજનાં શું નામ પાડવામાં આવ્યાં એ સમાચાર મેં યુક્તિથી મેળવ્યાં હતાં. દ્રૌપદી અને યુવરાજ યુધિષ્ઠિરના પુત્રનું નામ પ્રતિવિંધ્ય, ભીમસેનનો સુતસોમ, અર્જુનનો શ્રુતકીર્તિ, નકુળનો શતાનિક અને સહદેવનો શ્રુતકર્મા એમ પાંચ સુંદર પુત્રો હતા. આ સૌમાં વિશેષ પ્રશંસા સાંભળવા મળી તે અદ્‌ભુત અનોખા પુત્ર અભિમન્યુની!

અભિમન્યુ એ શ્રીકૃષ્ણની બહેન સુભદ્રા અને અર્જુનનો પુત્ર હતો. તેના મામા જેવો શ્યામ અને શરીરે સુદૃઢ હતો. પાંડવોએ પોતાની સુવિધા ખાતર વૈવાહિક જીવન વિશે એક નિયમ બનાવ્યો હતો. અસાવધાનીમાં અર્જુનથી એ નિયમનો ભંગ થઈ ગયો. આથી એને બાર વર્ષનો વનવાસ ભોગવવો પડ્યો હતો. આ વનવાસકાળ દરમિયાન એણે રૈવક પર્વત પર રહીને, દ્વારકામાંથી શ્રીકૃષ્ણની બહેન સુભદ્રાનું હરણ કર્યું હતું. વનવાસ પૂરો થતાં યુવરાજ અર્જુન, સુભદ્રા અને અભિમન્યુને લઈ ઇન્દ્રપ્રસ્થ પાછો ફર્યો. એક યોગાનુયોગ ઘટનાનું મને હંમેશ આશ્ચર્ય થતું. મારું નામ વૃષાલી, અર્જુનની પત્નીનું નામ પાંચાલી! મારી શોક્ય સુપ્રિયા અને પાંચાલીની સુભદ્રા! આ નામોમાં ક્યાંક ગૂઢ સામ્ય અવશ્ય હતું!

રાજસૂય યજ્ઞ માટે પાંડવોના માણસો અવિરત પરિશ્રમ કરી રહ્યા હતા, ધૌમ્ય ઋષિ જાતે મને મળવા આવ્યા હતા અને રાજમાતા કુંતીદેવી તરફથી ખાસ આગ્રહભર્યું નિમંત્રણ આપ્યું હતું, પરંતુ મેં નક્કી કર્યું હતું કે આ વિશે મારે મહારાજને કંઈ જણાવવું

નહિ, કેમકે એમને જરાય ગમે નહિ. સુદામનનો વધ કરીને અર્જુને અમારા બેનો ઘોર અપરાધ કર્યો હતો.

વાતવાતમાં ધૌમ્ય ઋષિએ એક-બે અત્યંત મહત્ત્વપૂર્ણ વાતો કહી દીધી. ખાંડવવનને બાળતી વખતે અગ્નિ અને અર્જુન વચ્ચે દારુણ યુદ્ધ થયું હતું. આ યુદ્ધમાં અર્જુનના પરાક્રમથી રાજી થઈને અગ્નિદેવે અર્જુનને ગાંડીવ નામનું ધનુષ્ય અને પોતાના ભાથામાંથી બે અક્ષય બાણ ભેટ દીધાં હતાં. શ્રીકૃષ્ણને એક તેજસ્વી સુદર્શન ચક્ર આપ્યું હતું. જરાસંધના મગધરાજ્યમાંથી હમણાં જ પાછા ફરેલા યુવરાજ ભીમે રાક્ષસરાજ વૃષપર્વા પાસેથી એક દિવ્ય ગદા મેળવી હતી. અર્જુને આ દિવ્ય ધનુષ્યના બળે જ દિગ્વિજયનું અધૂરું કામ પાર પાડ્યું હતું.

ઇન્દ્રપ્રસ્થની આ બધી વાતો એ રાજ્ય વિશે વિશેષ કુતૂહલ જન્માવતી હતી. એક નિબિડ અરણ્ય આટલી સુંદર સમૃદ્ધ રાજનગરીમાં પલટાઈ જાય એ જ એક અદ્‌ભુત ચમત્કાર હતો!

અઠ્ઠાવીસ

એટલામાં હસ્તિનાપુરના ગુપ્તચરે મગધદેશમાંથી એક અવિશ્વસનીય સમાચાર લાવી સૌને આશ્ચર્યમાં મૂકી દીધા. આ સમાચારથી મહારાજ ખૂબ અસ્વસ્થ થઈ ગયા. એ વખતે તેઓ વૃષસેનને દ્વન્દ્વવિદ્યા શીખવતા હતા. તેને બાહુકંટક દાવની તાલીમ આપતા હતા.

મગધદેશના રાજાનો વધ થયાના સમાચાર લઈને સેવક આવ્યો હતો! સાંભળતાંવેંત વૃષસેનને છોડી તેઓ સેવક પાસે ગયા અને તેના ખભા હલબલાવતાં પૂછ્યું, 'આ વિખ્યાત જરાસંધનો વધ કોણે કર્યો? બોલ, કોણે?'

'યુવરાજ ભીમે!' એણે ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું.

'એકલાએ? શક્ય નથી!'

'એ વખતે ભગવાન શ્રીકૃષ્ણ પણ ત્યાં જ ઉપસ્થિત હતા!'

એનો ઉત્તર સાંભળી મહારાજ સ્તબ્ધ થઈ ગયા. સેવક ચાલ્યો ગયો. પાછળ હાથ ભીડી વિચારોમાં ખોવાયેલા તેઓ આમતેમ આંટા મારવા લાગ્યા.

મેં વૃક્ષસેનને પૂછ્યું, 'તાતે શીખવેલો દાવ એમની હાજરીમાં કરી બતાવીશ?'

'તાતની બરાબરી હું થોડો કરી શકું? ચિત્રસેન કે લક્ષ્મણને મારી પાસે હાજર કરો તો હું એમની આગળ મારો બાહુટંકટ દાવ અજમાવું!'

એને બાહુકંટક સ્પષ્ટપણે બોલતાં આવડતું નહોતું. મને થયું કે મહારાજ એને પ્રેમથી તેડી લેશે અને 'બાહુટંકટ નહિ, ગાંડા, બાહુકંટક' એમ કહીને એના મસ્તકને વહાલથી ચૂમશે, પરંતુ તેઓ પોતાના જ વિચારોમાં હતા. જરાસંધના વધથી તેઓ ચોંકી ગયા હતા!

'શું વિચારમાં ડૂબી ગયા છો?' મેં એમને ભાનમાં લાવવા પૂછ્યું.

તેઓ એકાએક થંભી જઈ કહે, 'શ્રીકૃષ્ણના!'

'કેમ?'

અંતે શ્રીકૃષ્ણે જરાસંધનો અંત આણ્યો!

'કદાચ આ સમાચાર તમે બરોબર સાંભળ્યા નહિ હોય! જરાસંધનો વધ શ્રીકૃષ્ણે કર્યો નથી. એ વધ કરવાનું શ્રીકૃષ્ણનું શું પ્રયોજન હોઈ શકે? એનો વધ ભીમે કર્યો છે!'

'પ્રયોજન શ્રીકૃષ્ણનું હતું! જે કંસનો શ્રીકૃષ્ણે વધ કર્યો હતો તે કંસ જરાસંધનો જમાઈ હતો. પોતાના જમાઈના વધનું વેર વાળવા જરાસંધે અનેક વાર વિશાળ સૈન્ય સાથે મથુરા પર આક્રમણ કર્યું હતું. એના આક્રમણથી કંટાળી શ્રીકૃષ્ણને છેવટે મથુરાથી પલાયન થઈ જવું પડ્યું હતું. છેક પશ્ચિમ તરફ – દ્વારિકા ભણી! એટલે જ એમણે જરાસંધનો વધ કરાવ્યો હશે. ઇન્દ્રપ્રસ્થનો યજ્ઞ આ મથુરામુક્તિનાં આનંદપર્વ માટે જ હશે! યજ્ઞમાં ઉપસ્થિત રહેવાનું મને આમંત્રણ નથી, વૃષાલી, તોપણ હું ઇન્દ્રપ્રસ્થ જવાનો છું!'

વગર આમંત્રણે જવાનો એમનો વિચાર મને સહેજ વિચિત્ર લાગ્યો, છતાં હું કંઈ બોલી નહિ. એક વાર મુખમાંથી બહાર નીકળેલા શબ્દો નિદ્રામાં બોલાયા હોય તોપણ એને સાકાર કરીને જ જંપે એવો એમનો કૃતનિશ્ચયી સ્વભાવ હું જાણતી હતી!

'જરાસંધનો નાશ કરનાર શ્રીકૃષ્ણને મળવાની તાલાવેલી તમને હશે!'

'વૃષાલી, પત્ની એ પતિની અર્ધાંગના છે એ તેં સાચે જ સિદ્ધ કર્યું છે! ખરેખર એ જ કારણ છે પણ સાચું કહું તો જરાસંધના સેનાપતિ ચેદિરાજ શિશુપાલને હું એ દ્વન્દ્વયુદ્ધ વિશે વિગતે પૂછવાનો છું! ભીમે એને કયા દાવથી પૂરો કર્યો તે મારે જાણવું છે!'

દ્વન્દ્વયુદ્ધ માટે તેમને વિશેષ લગાવ હતો. તેઓ કાયમ કહેતા, 'દ્વન્દ્વ એટલે શક્તિની સીધી કસોટી!'

ઓગણત્રીસ

પૂર્ણિમાને આગલે દિવસે તમામ કૌરવ યોદ્ધાઓએ ઇન્દ્રપ્રસ્થ પ્રતિ પ્રયાણ કર્યું. મહારાજ દુર્યોધને પાંડવોને ત્યાં યજ્ઞમાં કોઈ ન જાય એ માટે પૂરતો પ્રયત્નો કર્યા પણ ભીષ્મ પિતામહ આ બાબતમાં પહેલેથી મક્કમ રહ્યા. એમણે સૌને ખુલ્લેખુલ્લું જણાવી દીધું કે, 'જો તમે વૃદ્ધનો આદર જાળવવા માગતા હો તો કુરુના આ સૌથી વયોવૃદ્ધ કુરુ હું તમને સૌને યજ્ઞમાં જવાની આજ્ઞા કરું છું. માત્ર ત્યાં ઉપસ્થિત રહેવા પૂરતી તમારી ફરજ નથી. હું જે કામ ચીંધું તે કામ કરવાની પણ તમારી ફરજ બની રહેશે. આ મારી ઇચ્છા નહિ પણ આજ્ઞા છે!'

ભીષ્મ પિતામહ પાસે જિદ્દી વલણ ધરાવનાર યુવરાજ દુર્યોધનને પણ અત્યારે ચૂપ થઈ જવું પડ્યું. સૌને પિતામહનાં ત્યાગ અને શૌર્યની જાણ હતી. મનમાં ધૂંધવાય તોપણ પિતામહની આજ્ઞાનું સૌએ પાલન કરવાનું જ હતું.

અંગરાજ પણ સૌની સાથે ઇન્દ્રપ્રસ્થ જવા ઊપડ્યા. મેં એમની આરતી ઉતારી. જતી વખતે કહ્યું, 'તમારે પણ જવું જોઈએ એવી પિતામહની આજ્ઞા નથી.'

'છતાં હું જવાનો જ!'

'આટલો બધો આગ્રહ કોણે કર્યો?'

'કોઈએ નહિ! પણ મારે જવું જ જોઈએ. ત્યાં મથુરાથી શ્રીકૃષ્ણ આવવાના છે. મને યજ્ઞ કરતાં એમને ફરીથી જોવામાં વિશેષ રસ છે.'

'તમે નક્કી જવાના જ!' એમના પરસુની ધાર જેવા વિશાળ ભાલ પર કુમકુમ તિલક કરતાં પૂછ્યું. એમનો ચહેરો તિલકથી વિશેષ શોભી ઊઠ્યો હતો. માતાપિતાની ચરણરજ માથે ચડાવી તેમણે હાથીદાંતના વર્ણ જેવા અશ્વોના રથમાં બેસી યજ્ઞમાં જવા ઇન્દ્રપ્રસ્થ પ્રતિ પ્રયાણ કર્યું.

તેમને શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની તીવ્ર ઇચ્છા હતી. એમનાં દર્શનથી એમને શું આશ્વાસન મળશે કોને ખબર! એમની તીવ્ર ઇચ્છા જાણી મને પણ શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની તાલાવેલી જાગી. મારા પતિનું સમાધાન તે મારું સમાધાન હતું. સ્ત્રીનું જીવન એ પતિનાં ચરણોમાં ભક્તિભાવથી અને શ્રદ્ધાથી સમર્પણ કરેલું કમલપુષ્પ છે. પતિનું સુખ એ જ પત્નીનું સુખ!



કર્ણ

કર્ણ

એક

ધૂળના ગોટા ઉડાડતો, અનેક વળાંક લેતો મારો રથ ઇન્દ્રપ્રસ્થ તરફ દોડવા લાગ્યો, પરંતુ એથીયે વધુ તીવ્ર ગતિએ મારા મનનો રથ ભૂતકાળના વિસ્તૃત જીવનપટ પર દોડતો હતો. સાથે ઊડતી હતી કેવળ સ્મૃતિની ધૂળ! પૂરાં વીસ વર્ષ વીતી ગયાં હતાં! વ્યક્તિના જીવનનાં વીસ વર્ષ એ કેટલો દીર્ઘકાળ કહેવાય! જોકે દીર્ઘકાળ સ્મૃતિને સાવ નામશેષ કરવામાં સમર્થ નીવડતો નથી. એમાંય કટુ સ્મૃતિઓ વારેઘડીએ મનમાં અટવાયા જ કરે છે! ઊલટું સમય જાય તેમ જૂની સ્મૃતિઓ વિચારનાં વિવિધ વાઘાં સજાવી આંખ સામે તરવરવાં લાગે છે! મનને વિહ્વળ કરી મૂકે છે.

પાંચાલમાં સ્વયંવર પ્રસંગે દ્રૌપદીએ આદરણીય તમામ રાજાઓ સમક્ષ કરેલા મારા ઘોર અપમાનના જખમો હજી એવા ને એવા જ તાજા હતા. અપમાનના જખમો જલદી રુઝાતા નથી! ખાસ કરીને સ્ત્રીએ કરેલાં અપમાનના જખમો! અને રુઝાય તોપણ એના ડાઘ કાયમને માટે રહી જાય છે! સ્વયંવર પ્રસંગે આ સ્ત્રીએ સૌને સ્પષ્ટપણે સુણાવી દીધું હતું કે કર્ણનું જીવન એટલે હીનતા, ઉપેક્ષા, વંચના અને અપમાન! સ્ત્રીની આ નાનકડી જીભે કર્ણના સુદઢ વ્યક્તિત્વનું કેવળ ક્ષુલ્લક શબ્દોથી મૂલ્ય આંક્યું હતું! યોદ્ધાને માટે આથી ભયાનક મૃત્યુ કયું હોઈ શકે? અન્ય લોકો સંપત્તિ પર મુસ્તાક હોય પણ યોદ્ધાનું જીવન મનના ઉત્સાહ પર થનગનતું હોય છે. આથી જ અપમાન અને અવહેલનાના પ્રસંગ કદી ભુલાતા નથી. એક તુચ્છ સ્ત્રીથી થયેલું અપમાન તો ક્યારેય ભૂલી શકાતું નથી અને તેને ક્ષમ્ય પણ કરી શકાતું નથી. આ પ્રસંગને ઘણો સમય વીતી ગયો છતાં પૂર આવે છે ત્યારે નદીનાં પાણી બંધને તોડી નાખે છે તેમ એના ડંખીલા શબ્દો મારા અંતઃકરણને વીંધી નાખે છે. એ વાગ્બાણને ભૂલવા હું પ્રયત્ન કરતો હતો પણ તોડી નાખેલા વૃક્ષને નવાં નવાં અંકુર ફૂટે તેમ દર વખતે એ પ્રસંગ નવે નવે રૂપે મારી સામે આવીને ઊભો જ રહે છે. શાંતિની પળોમાં એ મને વિશેષ અસ્વસ્થ કરી મૂકે છે. હૃદયસરોવર ડહોળાઈ જાય છે. એના સ્વયંવરે મારા પુત્ર સુદામનનો ભોગ લીધો હતો. એની અવારનવાર યાદ મને સતાવી મૂકતી હતી. કોઈ ડાહ્યા માણસને એની આસપાસના લોકો મૂરખ કહીને વારંવાર ખીજવે પછી એને પણ શંકા જવા માંડે કે હું મૂર્ખ તો નથી ને! એવી મારી દશા હતી! મને હીન કહીને છંછેડવાની એક પણ તક કોઈએ જતી કરી નહોતી. શરૂઆતમાં હું બહુ ઉશ્કેરાઈ જતો પણ એક સ્ત્રીએ હીનતાની મહોર હસતાં હસતાં મારા કપાળ પર મારી દીધી ત્યારથી મારી માન્યતા દઢ થઈ ગઈ હતી કે હું ખરેખર હીન છું, ચાંડાલ છું. આથી હવે કોઈ મને હીન કહે તો એ હું સ્વીકારી લઉં છું! પરંતુ મારા પુત્રવધનું વેર તો હું જરૂર લઈશ જ!

આ હીનતામાં પણ કેવળ એક જ સત્ય મને સ્વર્ગીય સુખનો આનંદ આપતું હતું અને તે મારા કુટુંબીજનોનો પ્રેમ! જોકે સંપૂર્ણ સુખ કોઈનેય મળતું નથી. મારા એક પણ પુત્રને મારી જેમ કવચ-કુંડળ નહોતાં. તેઓ મારી જેમ હીન જ ગણાવાના હતા. મારી ભાવી પેઢી મારી જેમ હીન ગણાવાની એ કારમી પ્રતીતિ મને અસ્વસ્થ કરી મૂકતી. મને એક જ આધાર હતો આકાશમાં તપી રહેલા મારા ગુરુનો. એમનાં દર્શન માત્રથી મારામાં સ્ફૂર્તિ આવી જતી. ઉદાસીનતા ચાલી જતી.

હું ઇન્દ્રપ્રસ્થ જઈ રહ્યો હતો. પાંડવોની રાજનગરીમાં કેવળ શ્રીકૃષ્ણને મળવા જ! જતાં જતાં મેં રથમાંથી આકાશ તરફ સહજ દૃષ્ટિ કરી ત્યારે બાજુમાં બેઠેલા અશ્વત્થામાએ મને પૂછ્યું, ‘આટલી એકાગ્રતાથી સૂર્યકિરણોને નીરખીને શું વિચારી રહ્યો છે કર્ણ?’

‘હું જોઉં છું કે આ તેજસ્વી કિરણોમાં ક્યાંય આછો કાળો ડાઘ દેખાય છે ખરો?’

‘જે સત્ય નથી કે શક્ય પણ નથી એને જાણવાથી શો ફાયદો?’

‘એટલા માટે કે જે શક્ય નથી એને જ જગતમાં શક્ય કરી બતાવવું છે! શું હું એનો અનુભવ કરી રહ્યો નથી?’

મારો જવાબ સાંભળી તે ચૂપ થઈ ગયો. અમે ઇન્દ્રપ્રસ્થની સીમામાં પ્રવેશ્યા. રાજમહેલ પાસે અમાત્યે અમારું સ્વાગત કર્યું. યજ્ઞમંડપમાં પાંડવોના રાજસૂય યજ્ઞની તમામ તૈયારી થઈ ગઈ હતી, પરંતુ મારી આંખો શ્રીકૃષ્ણને શોધી રહી હતી. તેઓ ક્યાંય દેખાતા નહોતા. હું તો કેવળ એમનાં દર્શન અર્થે જ આવ્યો હતો. નીલવર્ણા શ્રીકૃષ્ણ મને નીલા આકાશ સમા ગૂઢ લાગતા હતા.

માત્ર દસ-બાર વર્ષના ગાળામાં ખાંડવવનના ગીચ વનપ્રદેશમાં ઊભી કરેલી ગગનચુંબી નગરીને જોઈ હું મંત્રમુગ્ધ થઈ ગયો. ચારેબાજુ મંદિર, રાજમહેલ, શસ્ત્રાગાર, અશ્વશાળા, પાઠશાળા, ભૂષણાગાર આદિનાં શિખરો આકાશને આંબી રહ્યાં હતાં. તમામ મહેલ ઇક્ષુમતીને કાંઠે અર્થાત્ યમુનાનદીને કાંઠે એકબીજાને અડીને ઊભા હતા. આ જાદુ શું કેવળ પાંડવોનું જ હશે? નહીં. શ્રીકૃષ્ણે એમને અવશ્ય સહાય કરી હોવી જોઈએ! પાંડવોને એમનો મોટો આધાર હતો, નહિતર પાંડવો પુરુષાર્થની દૃષ્ટિએ યાચકોથી વિશેષ કંઈ જ નહોતા!

બે

હું, અશ્વત્થામા અને દુર્યોધન રાજમહેલના દ્વાર પાસે ઊભા રહ્યા. દુર્યોધન અત્યંત અસ્વસ્થ હતા. એમની ઇચ્છા ઇન્દ્રપ્રસ્થ આવવાની સહેજે નહોતી, પરંતુ પિતામહની આજ્ઞાનું ઉલ્લંઘન કેમ કરાય? મન પર હિમાલય જેવડો પથ્થર મૂકીને કેવળ આજ્ઞાપાલનને ખાતર તેઓ આવ્યા હતા. પાંડવોના અમાત્ય અમારી સામે ઊભા હતા, પણ એમની સાથે અંદર દાખલ થવાનું અમને ત્રણેયને ઉચિત લાગ્યું નહિ. અમે કુરુયોદ્ધાઓ હતા. સામાન્ય આમંત્રિતો નહોતા. એટલામાં મંડપમાંથી યુવરાજ યુધિષ્ઠિરે અમને જોયા. તરત તેઓ પ્રવેશદ્વાર પાસે આવ્યા. અશ્વત્થામાનો હાથ હેતથી પોતાના હાથમાં લીધો. દુર્યોધન સામે જોઈને પૂછ્યું, ‘આર્ય, મહારાણી ભાનુમતિને સાથે ન લાવ્યા?’ દુર્યોધને જવાબ આપ્યો નહિ. યુધિષ્ઠિરે મારી સામે જોયું. મને જોઈને તેઓ ચોંકી ઊઠ્યા. એમણે તરત પોતાની દૃષ્ટિ મારા પગ પર ઠેરવી! સૌ આશ્ચર્યવિમૂઢ બનીને ઊભા રહ્યા.

શાંતિનો ભંગ કરતાં અશ્વત્થામાએ તેમને પૂછ્યું, 'યુધિષ્ઠિર, યજ્ઞની તમામ તૈયારી થઈ ગઈ?'

'હા. ગુરુપુત્ર! અમે યજ્ઞના મુખ્ય યજમાનની પ્રતીક્ષા કરી રહ્યા છીએ.'

'કોણ યજમાન?'

'શ્રીકૃષ્ણ!' મારા પગ તરફ મીટ માંડીને જ યુધિષ્ઠિરે જવાબ દીધો. એમના કપાળ પર મોટી રેખા વંકાઈ.

'શ્રીકૃષ્ણનું આગમન થાય ત્યાં સુધીમાં તમારો ભવ્ય રાજમહેલ અમને બતાવશો?' મસ્તક પર બાંધેલું શ્વેતવસ્ત્ર ઢીલું પડી જતાં ચિબુક નીચેની ગાંઠ મજબૂત કરતાં અશ્વત્થામા બોલ્યા.

'અવશ્ય.' કહીને યુધિષ્ઠિરે અમાત્યને તેમને સૌને અંદર લઈ જવાનો સંકેત કર્યો.

જ્યારે હું અને યુધિષ્ઠિર દૃષ્ટોદૃષ્ટ થતાં ત્યારે યુધિષ્ઠિર અચૂક ટીકીટીકીને મારા પગ તરફ જોઈ રહેતા. એ મને એમ તો કહેવા નહિ માગતા હોય કે, 'કર્ણ, તારું સ્થાન કેવળ ચરણોમાં જ છે! તું સૂતપુત્ર છો!'

અમાત્ય સાથે અમે ત્રણે યજ્ઞમંડપમાં પ્રવેશ્યા. અમારી અગાઉ આવેલા ભીષ્મ પિતામહ, આચાર્ય વિદુર અને દ્રોણ મંડપમાં યજ્ઞની વ્યવસ્થા નિહાળી રહ્યા હતા.

વિશાળ મંડપ દેશોદેશના ઋષિમુનિઓથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. મને બેઘડી થયું કે અમે કોઈ ઋષિમુનિના આશ્રમમાં આવીને ઊભા છીએ! રાજાઓના બેઠક કક્ષમાં દેશદેશના રાજાઓ બેઠા હતા. એમાં કરકાયું, કુંકડ, કનકધ્વજ, દઢધન્વા, જયદ્રથ, ભોજ, નંદક, રોચમાન, દ્રુપદ, સેનાબિંદુ, કૃતવર્મા અને શિશુપાલ જેવા ખ્યાતનામ રાજાઓ હતા. પૂર્વ દિશામાં એક ભવ્ય યજ્ઞકુંડ અને એની નજીક જ એક યજ્ઞવેદિ ઊભી કરવામાં આવી હતી. કુંડની આસપાસ સુંદર કલાત્મક રંગોળીઓ પાડવામાં આવી હતી. એ રંગોળીની પાછળ વાઘચર્મ પાથરીને જ્યેષ્ઠ ઋષિઓ કુંડની ફરતે બેઠા હતા. એમને હાથવગાં થાય એટલા નજીક ઔદુંબર, બલ્વજ, પિપ્પલ, વટ, આમ્ર, ચંપક વગેરે વિવિધ વૃક્ષોનાં સમિધની નાની નાની ઢગલીઓ પડી હતી. આ સમિધો કુંડમાં અર્પણ કરવાનાં હતાં. અર્ઘ્ય માટે ઘી, દૂધ અને નદીનાં પવિત્ર જળ ભરેલાં સુવર્ણ કળશ અસ્ત પામતાં સૂર્યકિરણોના તેજે ચમકી રહ્યા હતા. યજ્ઞકુંડની પૂર્વદિશામાં યજમાન શ્રીકૃષ્ણ માટે મૂકેલું સુવર્ણ સિંહાસન એમની દેહયષ્ટિના પ્રમાણમાં ખૂબ વિશાળ લાગતું હતું.

અમે મંડપમાંથી રાજમહેલનાં પગથિયાં સુધી ચાલીને ગયા. ત્યાં ભીમ, અર્જુન અને નકુળ-સહદેવ ઊભા હતા. અર્જુનને જોતાં જ મારું સ્મૃતિનું સરોવર એકાએક ખળભળી ઊઠ્યું! સ્પર્ધાના અખાડામાં નીલકમલની માળા અને સ્વયંવરના મંડપમાં શ્વેતકમલની માળા એના કંઠમાં આરોપાઈ હતી! કેમ? એ ક્ષત્રિય હતો તેથી? મારા મનના ધનુષ્ય પર સ્મૃતિબાણ ચડવાં લાગ્યાં! તે એકીટશે મારા કાનને જોઈ રહ્યો હતો પણ મારી સાથે વાત કરવાનું એને મન થયું નહિ. કેમ થાય? એક ક્ષત્રિયે એક સૂતપુત્ર સાથે બોલવું જ જોઈએ એવો કોઈ સામાજિક રિવાજ એ જાણતો નહોતો. અશ્વત્થામા ગુરુપુત્ર હોઈ એને જ એણે માત્ર વંદન કર્યાં! ભીમ દુર્યોધન સામે જોઈ રહ્યો હતો. ભીમ માનતો હતો કે એનો જન્મ સૌને પગ તળે કચડી નાખવા માટે જ હતો!

બાજુમાં ઊભેલા પાંડવોના પાંચ પુત્રો આ દશ્ય આશ્ચર્યથી જોઈ રહ્યા હતા.

'અર્જુન, અરે, કર્ણના કાન સામે આટલો ટીકીટીકીને શું જોઈ રહ્યો છે? એનાં કુંડળ જન્મજાત છે, તારો નીલવર્ણ જન્મજાત છે ને એમ જ!' હસતાં હસતાં રાજમહેલનાં પગથિયાં ચડતાં અશ્વત્થામાએ કહ્યું. તે હંમેશાં વાતાવરણને પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરતો.

આ ઉત્તુંગ રાજમહેલ પર એક દૃષ્ટિ નાખવા સૌથી ઊંચા શિખર પર મેં હળવેકથી નજર નાખી. ત્યાં શ્વેત પાષાણમયી વિશાળ અગાસીના કઠેડા પર ડાબો હાથ ટેકવીને એક શુભ્ર વસ્ત્રધારી સ્ત્રી ઊભેલી મેં જોઈ! મંદિરની પ્રતિમા સમી તે નિશ્ચલ ઊભી હતી! એના જમણા હાથમાં પીળા દોરા જેવું કંઈક દેખાતું હતું. મારી અને એની દૃષ્ટિ ટકરાતાં તે પ્રતિમા એક પળ હલી. અગાસીમાંથી દોડીને મહેલમાં જવા પ્રયત્ન કરવા જતાં એ સ્ત્રીના હાથમાંની પેલી વસ્તુ એકાએક છટકી અને સીધી નીચે મારા પગ પાસે જ પડી! સૌએ ઉત્સુકતાથી મારા પગ તરફ જોયું. દુર્યોધન એ વસ્તુ ઊંચકવા નીચે નમ્યો, પરંતુ મેં જ નીચા વળીને એ હળવેકથી લઈ લીધી. બાળકના હાથમાં પહેરાવવાના એ સુંદર મજાનાં ઝીણાં મણકાના સોનાના મંગોઠા હતા! રાજમહેલમાં કોઈનો પુત્ર આટલો નાનો તો નહોતો. તો પછી આ સ્ત્રીએ કયા રાજપુત્રના હાથે બાંધવા આ ઘરેણું ઘડાવ્યું હશે? એ વિચાર કરતાં મેં એ ઘરેણું અમાત્યના હાથમાં સોંપી દીધું! ફરી અગાસી તરફ જોયું. ત્યાં કોઈ જ નહોતું! એ શ્વેત પાષાણમયી ઊંચી અગાસી સૂર્યનાં કિરણોથી તપી રહી હતી.

અમે રાજમહેલનાં પગથિયાં ચડવાં લાગ્યાં, પરંતુ પેલું ઘરેણું મારી આંખ આગળથી દૂર થતું નહોતું! પગથિયાં ચડતાં ચડતાં મેં અમાત્યને પૂછ્યું, 'અગાશીમાં કોણ ઊભું હતું?'

'રાજમાતા કુંતીદેવી! આ ઘરેણું એમણે હસ્તિનાપુરના કોઈ મહાપરાક્રમી યોદ્ધાના પુત્ર માટે ઘડાવ્યું છે! કેમકે એમણે સોનીને જે સૂચના આપી હતી તે બધી મેં સાંભળી હતી! હું જ એને મથુરાથી બોલાવી લાવ્યો હતો!'

હસ્તિનાપુરમાં મહાપરાક્રમી યોદ્ધો કોણ હશે? મેં મારી જાતને પૂછ્યું પણ એકેય નામ જીભે ચડતું નહોતું. હશે! આપણે જાણીને શું કામ? એ વિચાર સાથે જ ઉત્સુકતાને ખંખેરી નાખી.

અમાત્ય રાજમહેલનું સવિસ્તર વર્ણન અમારી પાસે કરતા હતા. એ રાજમહેલની આકર્ષક બાંધણી પાસે હસ્તિનાપુરનો પ્રાચીન રાજમહેલ સાવ તુચ્છ લાગે! અનેકવિધ પ્રાસાદોના વિવિધ ખંડોની કોતરણી જોતાં કારીગરોની પ્રશંસા આપોઆપ મુખમાંથી સરી પડતી હતી. ભીંત પર ચારેબાજુ કુરુઓના પૂર્વજોનાં જીવનચરિત્રના કેટલાય મુગ્ધ પ્રસંગો આકર્ષક રંગોથી ચીતર્યા હતા. રાજસભાનો વિશાળ ખંડ ચિત્રકલાનો સ્વચ્છંદ આવિષ્કાર સમો હતો! એ ખંડમાં ભીષ્મ પિતામહ કાશીરાજની કન્યાઓનું હરણ કરીને લઈને આવે છે, મહારાજ શાંતનુ નદીતટે મત્સ્યકન્યા મત્સ્યગંધાથી મોહાઈને એને એકીટશે જોઈ રહ્યા છે, મહારાજ દેવાપી રાજ્યનો ત્યાગ કરી યુવાનીમાં ઈશ્વરચિંતન માટે શાંત મુદ્રા ધારણ કરી વનમાં જતાં પહેલાં હસ્તિનાપુરવાસીઓ સામે હાથ જોડીને ઊભા રહ્યા છે અને પ્રજાની વિદાય લઈ રહ્યા છે. મહારાજ પાંડુ વનમાં મૃગયા કરવા જઈ રહ્યા છે. એમણે શિકાર કરેલા મૃગનું એક ક્રોધિત ઋષિમાં રૂપાંતર થયું છે, શાપિત મહારાજ પાંડુ પોતાની બંને પત્નીઓ

સાથે નત મસ્તકે નગરમાંથી વિદાય લઈ રહ્યા છે. વનમાં ઋષિવેશદારી મહારાજ પાંડુની સાથે બંને બાજુ એમની પત્નીઓ છે. એમની સમક્ષ પાંચ બાળકો રમી રહ્યા છે. આવા અનેક પ્રસંગો જોતાં હું અતીતમાં ડૂબી ગયો. આ રાજસભા મને કુરુઓની હસ્તિનાપુરની રાજસભા કરતાંય વધુ પ્રસન્ન અને જીવંત દેખાતી હતી! ફક્ત એક જ દૃશ્ય મને આ રાજસભામાં ક્યાંય જોવા મળ્યું નહિ અને તે સૂર્યપ્રતિમાનું! હસ્તિનાપુરમાં રાજસિંહાસનની પાછળ પ્રતીક રૂપે કુરુની શુદ્ધ સુવર્ણ પ્રતિમા કોતરવામાં આવી હતી. એ જ સ્થાને અહીં રાજસિંહાસનની પાછળ પાંડવોના મુરલીધર શ્રીકૃષ્ણની માટીની એક નીલવર્ણી પ્રતિમા કોતરી હતી! પાંડવોની શ્રીકૃષ્ણનિષ્ઠાની એ પ્રતીક રૂપ હતી.

રાજસભાના ખંડો જોતાં જોતાં અમે રાજસ્ત્રીઓના ખંડમાં પ્રવેશ્યા. રાજસ્ત્રીઓના ખંડો એ સૌંદર્યનું અપ્રતિમ પ્રદર્શન હતું. શ્વેત પાષાણના સ્તંભો પર નકશીદાર કોતરણી કરીને વિવિધ ભાવમુદ્રા ઉપસાવવામાં આવી હતી. કેશભૂષા માટે મોટા મોટા અરીસા નકશીદાર પથ્થરની કમાનમાં બેસાડવામાં આવ્યા હતા. ભીંત પર રાજકુળનાં સ્ત્રી-પુરુષોનાં જીવનમાંથી અનેક ભાવપ્રસંગો ઉપસાવવામાં આવ્યા હતા. એમાંના પ્રત્યેક ભાવપ્રસંગ મને સ્પષ્ટ સમજાતા હતા, કારણ પિતાશ્રીએ મને અવારનવાર કુરુકુળનો ઇતિહાસ વિગતે જણાવ્યો હતો. એમાંનું પ્રત્યેક ચિત્ર મને મોહક અને જીવંત લાગતું હતું. કેટલાક પ્રસંગો અતિ પ્રાચીન હોવા છતાં જાણે કાલે જ બન્યા હોય તેવા પરિચિત લાગતા હતા.

'ઉર્વશી, ઉર્વશી' એમ વિલાપ કરતાં વૃક્ષ, લતા, વેલીને આલિંગતાં નિષ્ઠાવાન પ્રેમી મહારાજ પુરુરવાનું ચિત્ર આલેખાયેલું જોયું. ઇન્દ્રનો પરાભવ કરી પાછા ફરતાં સૈન્યને મોખરે આત્મોન્નતભાવે ઊભેલા નહુષ, શુક્રાચાર્યનાં ચરણોમાં મસ્તક ટેકવી પરિતાપ અનુભવતા – પોતાના અપરાધની ક્ષમા માગતા યયાતિ, એમની બાજુમાં ગર્વોન્નતપણે ઊભેલી એમની પત્ની રૂપગર્વિતા ઋષિકન્યા દેવયાની, 'આવ, મારે તારા દાંત ગણવા છે' એમ કહીને સિંહના બચ્ચાને પકડીને ઊભેલા પોતાના પુત્ર ભરત તરફ કૌતુકતાથી જોઈ રહેલી શકુંતલા, કુરુના વંશવિસ્તાર માટે તડપતી મહારાણી સત્યવતી જેવાં અનેક સ્ત્રી-પુરુષોની સ્મૃતિ આ ભીંત પર સુરેખ રીતે સાકાર પામી હતો. એ મૂક ભાવમુદ્રા સજીવ બનીને મૂકપણે જાણે પોતાની કથા કહેતી હોય તેવું ભાસતું હતું.

પરંતુ એમાંના એક ચિત્રનો અર્થ સમજવા મેં વ્યર્થ પ્રયત્નો કર્યા. એ ચિત્રમાં આર્તતા હતી, રમણીય ગૂઢતા હતી, ભયંકર અસહ્યતા હતી. કદાચ એટલે જ એ ચિત્ર કરુણ લાગતું હતું! આ ચિત્ર જોયા પછી મનમાં થતી વિચિત્ર લાગણીઓને હું જ કળી શક્યો નહોતો. ઉત્સુકતા, કુતૂહલ કે અન્ય કંઈ કહેવું મુશ્કેલ હતું. એ ચિત્ર પ્રત્યે મને ગૂઢ આકર્ષણ જાગતું હતું. રંગઆયોજન પણ અન્ય ચિત્રોથી વધુ પ્રભાવક હતું.

એક ભીંત પર નીલરંગી પાર્શ્વભૂમિ પર એક વિશાળ નદીના વહેતા પ્રવાહને દેખાડ્યો હતો. એ નદીના વહેણ પર ઊભી રહીને એક વૃદ્ધ દાસી નીચી વળીને કાષ્ટની એક પેટીને વહેતાં પાણીનાં મોજામાં વહેતી મૂકતી હતી! નદીકિનારે એક તરુણ સ્ત્રી પોતાનું મુખ હથેળીમાં છુપાવીને રડી રહી હતી! એનાં વસ્ત્રો પરથી એ નક્કી કોઈ રાજસ્ત્રી હોવી જોઈએ! એની સાડીનો પાલવ પવનમાં ઊડતો હતો. એની કંચુકી પરથી પાણીનાં બિંદુ નીચે ટપકી રહ્યાં હોય એ રીતે આ ચિત્ર ચીતરવામાં આવ્યું હતું. એવું જ

લાગે કે જાણે હમણાં જ વરસી ગયેલાં વરસાદનાં એ બિંદુ ન હોય! પણ પછી એની દૂધ જેવી ધવલ છટા કેમ દેખાડવામાં આવી હશે? તે મને સમજાયું નહિ. નદીને સામે કાંઠે બે પર્વતશિખરની મધ્યમાં સૂર્યદેવનું તેજસ્વી પ્રતિબિંબ આલેખવામાં આવ્યું હતું. એ પ્રતિબિંબના તપ્ત હિરણ્ય વચ્ચે એક સુવર્ણ પ્રકાશજ્યોત સીધી પેલી પેટી સુધી પહોંચતી હતી! ચિત્રકારની આ કલ્પના એવું તો નહિ સૂચવતી હોય કે પેલી દાસી આ પેટી સૂર્યદેવને અર્પણ કરી રહી છે! કિનારે એક શ્વેતવર્ણી ગાય નદીના વહેણમાંથી જલપ્રાશન કરતી હતી અને એનું તાજું જન્મેલું સુંદર વાછરડું પૂછડું ઊંચું કરીને એની માને ધાવવા ફાંફાં મારી રહ્યું હતું પણ એને ફાવતું નહોતું. મને એ ચિત્ર ખૂબ ગમી ગયું!

એ ચિત્રને બહુ જ ધ્યાનથી જોયા પછી મેં મારી સ્મૃતિને ઢંઢોળી જોઈ છતાં આ પ્રસંગ કોઈએ કહ્યો હોય એવું પણ મારી સાંભરણમાં આવતું નહોતું. અંતે કુતૂહલવશ મેં અમાત્યને પૂછ્યું, 'આ પ્રસંગ કયો?'

'મને પણ ચોક્કસપણે ખબર નથી! આવું એક ચિત્ર તૈયાર કરાવવાનો આગ્રહ રાજમાતા કુંતીદેવીએ કર્યો હોવાથી મથુરાના સર્વશ્રેષ્ઠ ચિત્રકારોને બોલાવીને ખાસ તૈયાર કરાવવામાં આવ્યું છે. ચિત્ર પૂરું થતાં જ રાજમાતાને આ ચિત્ર બતાવવા મેં આદેશ આપ્યો. જોતાંવેંત તેઓ અવાક્ થઈ ગયાં. ચિત્રકાર ગભરાઈ ગયો. તેને થયું કે મારી આ ચિત્રકલા તેમને પસંદ નહિ આવી હોય? 'રાજમાતા, આ પેટીમાં શું છે એ મને જણાવ્યું હોત તો હું આના કરતાંય વધુ સુંદર બનાવવાનો અને સૂક્ષ્મ ભાવરેખા ઉપસાવવાનો પ્રયત્ન કરત!'

'રાજમાતાએ શો જવાબ આપ્યો હતો?' મેં ઉત્સુકતાથી પૂછ્યું, કારણ મારા હૃદયમાં પણ ઉત્સુકતા જન્મી હતી.

એક દીર્ઘ નિઃશ્વાસ નાખતાં કુંતીદેવીએ જણાવ્યું હતું કે, 'આ પેટીમાં શું હતું તે કેવળ દુર્વાસા ઋષિ જ જાણે છે!' અમાત્યે જવાબ આપ્યો.

'શું બહાર યજ્ઞમંડપમાં પધારેલ ઋષિઓમાં દુર્વાસા ઋષિ છે કે?' એ ચિત્રમાંની આર્દ્રતા મારા હૃદયને સ્પર્શી ગઈ હતી. એ પેટીમાં શું હશે એનું કૌતુક ઘણા સમય સુધી મનમાં ઘૂંટાતું જ રહ્યું હતું. આથી જ મેં એમને પૂછ્યું હતું.

એનો નકારાત્મક ઉત્તર મળ્યો હતો.

અમે એ કક્ષમાંથી બહાર આવ્યા. મનમાં જિજ્ઞાસા ઘણી હતી, પરંતુ શિષ્ટાચારવશ મેં વિશેષ પ્રશ્નો પૂછ્યા નહિ.

આખો રાજભવન જોઈ લીધો. હવે ફક્ત છેલ્લો કક્ષ બાકી રહ્યો હતો. આ કક્ષમાં તમામ વસ્તુ માયાવી છે એમ અમને અમાત્યે જણાવ્યું હતું.

અશ્વત્થામાએ હસતાં હસતાં ટકોર કરી હતી કે, 'આમેય સઘળો સંસાર માયાવી જ છે ને!'

અમે એ કક્ષમાં પ્રવેશ્યા. ખભા પર રાખેલી ગદાને ઘુમાવતાં દુર્યોધન સૌની આગળ ચાલતા હતા. એ કક્ષમાં પ્રવેશતાં જ પગથિયે દાસીઓથી વીંટળાયેલી દ્રૌપદીને ઊભેલી જોઈ. જાણે કોઈએ મારી સ્મૃતિના મધપૂડાને છંછેડ્યો! ઘટનાઓ રૂપી મધમાખીઓ મારી ભીતરના સૂતપુત્રને ડંખવા લાગી. એક સૂતપુત્ર છું તેથી તે મારા તરફ તિરસ્કારયુક્ત કટાક્ષબાણ તો નહિ ફેંકેને! એ વિચાર માત્રથી મારો શ્વાસ ઘૂંટાવા લાગ્યો, પરંતુ અવળું જ

બન્યું! મને જોઈને એણે પોતાનું મોં તિરસ્કારથી ફેરવી લીધું નહિ! સહેજ વાર મારી સામે જોઈને તેણે એની આંખો નીચે ઝુકાવી દીધી. એનું મોં લાલ થઈ ગયું! એની સખીના કાનમાં એણે હળવેકથી કંઈક કહ્યું. એની આંખોના ભાવ મને વિચિત્ર અને અપરિચિત લાગ્યા. મારા પ્રત્યે પ્રેમવિભોર બનેલી વૃષૂ ઘણી વાર આ જ રીતે મારી સામું જોતી! એણે એની સખીના કાનમાં શું કહ્યું હશે?

દુર્યોધનનું ધ્યાન પગથિયે નહોતું! એ કક્ષમાંની માયાવી વસ્તુઓ પ્રત્યે તુચ્છકારથી જોતાં એ અકડાઈથી આગળ ચાલવા લાગ્યા. કક્ષની મધ્યમાં એક સુંદર ગાલીચો પાથરવામાં આવ્યો હતો. એ ગાલીચા પરનું નકશીકામ જોઈ આશ્ચર્યથી એની આંખો પહોળી થઈ ગઈ અને બીજી જ ક્ષણે આગળ ચાલવા ઊંચે છત તરફ જોતાં પોતાનો ડાબો પગ સીધો પેલા ગાલીચા પર મૂક્યો પણ તે ગાલીચો નહોતો! છલોછલ પાણીથી ભરેલા એક તલાવનાં પાણીમાં રાજમહેલની દાસીઓએ વિવિધરંગી ફૂલોની પાંદડીઓથી આલેખેલી એક છલનામયી રંગોળી હતી! એના પર પગ પડતાંવેંત દુર્યોધન સીધા પેલા જળાશયમાં ગબડી પડ્યા. રંગોળી વીંખાઈ ગઈ. એમનો ભવ્ય રાજમુગટ મસ્તક પરતી ઊડીને તળાવમાં ક્યાંય અદશ્ય થઈ ગયો. હાથમાં ગદા હોવાથી એ પાણીમાં બરોબર તરી પણ શકતા નહોતા! તેઓ બેચાર વાર વિચિત્ર રીતે ડૂબકાં ખાવા લાગ્યા. એવામાં મેં આગળ જઈ તરત જ એમને હાથ દીધો. એને આધારે તળાવ બહાર હસતાં હસતાં નીકળતાં તેઓ મને અને અશ્વત્થામાને કંઈક કહેવા જતા હતા ત્યાં સામે પગથિયે ઉપહાસનું હાસ્યમોજું ફરી વળ્યું! દુર્યોધન તરફ તિરસ્કારભરી વેધક દૃષ્ટિ નાખતાં એની સખીને ઉદ્દેશીને દ્રૌપદીએ વ્યંગમાં કહ્યું, 'અંધપિતાના પુત્ર અંધ જ હોય ને!' એની સખીઓ ખિલખિલાટ હસી પડી જાણે પંખીઓએ કલશોર કરી મૂક્યો!

એના કુત્સિત અને વ્યંગપૂર્ણ શબ્દો સાંભળી મને એના પ્રત્યે અત્યંત ઘૃણા ઊપજી. એનાં અંગમાં સુગંધ હશે પણ મનમાં દુર્ગંધ સિવાય અન્ય શું છે? દુર્યોધન પ્રત્યેનો ક્રોધ તેણે એમના અંધ પિતાની નૈસર્ગિક ખામી પર વ્યંગ્યાત્મક રીતે પ્રદર્શિત કર્યો હતો.

મને થયું કે સ્ત્રીઓએ બોલવામાં હંમેશ વિવેક જાળવવો જોઈએ. રાજકુળની સ્ત્રીઓએ તો વિશેષ. ખાસ કરીને વડીલો વિશે બોલવામાં અચૂક સંયમ રાખવો જોઈએ.

દ્રૌપદીના ઉપહાસથી ઉશ્કેરાયેલા દુર્યોધને હાથમાંની ગદાને ગુસ્સામાં એ જ તળાવમાં ફેંકી દીધી! આગ વરસાવતી આંખો એના પર ઠેરવી, ઊંચી ડોક કરીને જોરથી બરાડ્યો, 'અંધ પિતાના પુત્રને પણ આંખો હોય છે એ પ્રસંગ આવે તને પુરવાર કરી આપીશ!' એનાં ભીંજાયેલાં વસ્ત્રોમાંથી પાણી નીતરતું હતું, પરંતુ ક્રુદ્ધ આંખોમાં કેવળ આગ જ હતી! એમાં એમનો દોષ પણ શો હતો? દ્રૌપદીનાં અહંકારી વેણને સમર્થન આપી એ ક્ષણે દુર્યોધનને કોણ શીઘ્રકોપી કહે?

અશ્વત્થામા એમનો હાથ પકડીને, એમને સમજાવીને કક્ષની બહાર લઈ આવ્યા. મેં પાછા વળતાં તળાવ તરફ જોયું. પાણીનાં તરંગો શમી ગયાં હતાં. પાંદડીઓની રંગોળી ફરી રચાઈ ગઈ હતી – પણ તે પહેલાં જેવી આકર્ષક રહી નહોતી! કેમ હોય? એમાં પહેલાંની રંગછટા ક્યાં હતી? એ વેરણછેરણ થઈ ગઈ હતી! રંગોનું વિચિત્ર મિશ્રણ થઈ ગયું હતું!!

હું એની પાસે પહોંચ્યો કે તરત જ દુર્યોધને મને દૃઢતાથી કહ્યું, 'કર્ણ, મારે હવે અહીં એક પણ ક્ષણ રહેવું નથી. સત્યસેનને બોલાવી લે અને રથ જોડવાનું કહે. હમણાં જ મારે હસ્તિનાપુર પાછું ફરવું છે!'

પોતાનાં અંગો પરનાં વસ્ત્રો ભીનાં છે એનું પણ એમને ભાન રહ્યું નહોતું. અશ્વત્થામાએ અમાત્યને આંખોથી સંકેત કર્યો. તેઓ વસ્ત્રાગારમાંથી કોરાં ઉત્તરીય અને અધરીય લઈ આવ્યા. અશ્વત્થામાએ એ વસ્ત્રો એમની પાસે મૂક્યાં ત્યારે જ એમને ખ્યાલ આવ્યો કે પોતે ભીંજાઈ ગયા છે! એક વિશાળ કક્ષ તરફ આંગળી ચીંધીને અશ્વત્થામાએ એમને વસ્ત્ર બદલી આવવા સૂચવ્યું. ખરે જ અશ્વત્થામા સમયસૂચકતાના સુંદર ઝરણા સમો હતો!

દુર્યોધન વસ્ત્રો બદલીને આવ્યા પણ એમનાં અંગ પર એ વસ્ત્રો પહોળાં લાગતાં હતાં! એ વસ્ત્રો કદાચ ભીમનાં હતાં! મને એ એક વિચિત્ર યોગાનુયોગ લાગ્યો. મેં મારા મસ્તક પરનો મુગટ કાઢી એમના ઉઘાડા મસ્તક પર પહેરાવી દીધો, કારણ એમનો મુગટ તો તળાવને તળિયે પહોંચી ગયો હતો. મારું મસ્તક ઉઘાડું જોઈને એમણે પૂછ્યું, 'અને તારા મસ્તક પર?'

'રાજન્, હું ક્ષત્રિય નથી. સૂતપુત્રને મુગટ સિવાય ફરવાની આદત હોય છે!' મેં ઉત્તર દીધો.

મારા મસ્તક સામે જોઈને એમણે અશ્વત્થામાને કહ્યું, 'ખરેખર તો આને એક પણ મુગટની જરૂર હોય એવું તને લાગે છે?'

'એનાં સોનેરી વાંકડિયા વાળ જ મુગટને શરમાવે તેવા છે.' અશ્વત્થામાએ કહ્યું.

મેં એના મસ્તક પર મુગટ મૂક્યા પછી દુર્યોધનનો ક્રોધાવેગ થોડો શાંત પડ્યો.

હસ્તિનાપુર પાછા ફરવાના નિર્ણય સાથે અમે બહાર નીકળ્યા, કારણ દુર્યોધનનું અપમાન મારાં અપમાન સમું હતું. તે અને હું અમે બંને એક જ છીએ એવું હંમેશ મને લાગ્યું છે. એણે જ મારું જીવન ઘડ્યું હતું, ભાવિ પણ એ જ ઘડનાર હતો. એનો ઉપહાસ કરનારી દ્રૌપદી મને કેવળ અવિચારી જ નહિ પણ ઘમંડી લાગી હતી. પ્રત્યેક ઘટનાને પરિણામ હોય છે. એને પણ ક્યારેક પરિણામનાં માઠાં ફળ ભોગવવાં જ પડશે.

એકાએક ચારેબાજુથી નગારાં, શરણાઈ અને મૃદંગનાં આનંદમય ચોઘડિયાં વાગવાં લાગ્યાં. આથી મેં અમાત્યને પૂછ્યું કે આ શેનો અવાજ આવી રહ્યો છે!' તેણે કહ્યું, 'હવે યજ્ઞની શરૂઆત થશે. દ્વારિકાથી ભગવાન શ્રીકૃષ્ણ હમણાં જ પધાર્યા લાગે છે! એમનું અને અન્ય યાદવોનું સ્વાગત કરવા આ રોમહર્ષક વાદ્યો વાગી રહ્યાં છે. રાજસૂય યજ્ઞની પ્રતિજ્ઞા આપણા રાજ્યે પૂર્ણ કરી છે. પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ બાજુનાં તમામ રાજ્યો યજ્ઞ પૂર્વે જીતવાં પડે છે. યજ્ઞમંડપમાં ઉપસ્થિત તમામ રાજાઓ આપણાં સૈન્યો વડે જિતાયેલા સમસ્ત આર્યાવર્તના વિવિધ ભાગોના રાજાઓ છે. આ સૌ રાજાઓ ઊઠીને હવે યજમાનનું અભિવાદન કરશે.'

'કયાં કયાં રાજ્યો તમારી સેનાએ જીત્યાં છે?' મેં ફરી પ્રશ્ન પૂછ્યો.

'કેટલાય કોસલ, વિદેહ, ચેદિ...' તે એક એક નામ બોલતા ગયા અને સાંભળતાં સાંભળતાં અમે યજ્ઞમંડપની નજીક પહોંચ્યા.

ત્રણ

ત્યાંથી હસ્તિનાપુર જવા માટે અમે પ્રયાણ કર્યું. દુર્યોધન કોઈના તરફ ન જોતાં ઝટપટ ઉતાવળે ચાલવા લાગ્યો પણ પ્રવેશદ્વાર પાસે રુક્મી રાજાના હાથમાં હાથ પરોવી અંદર પ્રવેશતાં ભીષ્મ પિતામહે એને આંતર્યો અને અધિકારવાણીમાં તેમણે તેને કહ્યું, 'દુર્યોધન, તું યજ્ઞપ્રસંગ પર આવ્યો છે કે મૃગયા કરવા? જા. એક કામ કર. યજ્ઞમાં બલિ માટે આણેલાં પશુઓની ગણતરી કર! અને એની વ્યવસ્થા બરોબર થઈ છે કે નહિ તેની જાતે જઈ તપાસ કર અને કર્ણ, તું યજ્ઞમાં દાન દેવાની સામગ્રીઓ તારે સ્વહસ્તે સર્વને દાન દેવા બેસ!'

થોડી વાર પહેલા દ્રૌપદી પાસેથી અપમાનિત થયેલા અભિમાની દુર્યોધનને ચીંધેલું ક્ષુલ્લક કામ કરવું સહેજે ગમ્યું નહિ. વર્ષાઋતુમાં ચારેબાજુથી વાદળોનું જાળું નિરભ્ર આકાશમાં છવાઈ જાય તેમ સ્મૃતિનું જાળું એના વંકાયેલા ભાલ પર છવાઈ ગયું! કાળિયારના કાન સૂકી લાકડીઓના નજીવા અવાજથી સાબદા થઈ જાય એવી રીતે દુર્યોધને પોતાની વક્ર ભ્રૂકુટિ વધુ ખેંચી. પ્રાણઘાતક પીડાથી પીડાતી એની માંજરી આંખો એમને કહેવા માગતી હતી કે, 'આપ ભીષ્મ પિતામહ છો! હું કુરુના દિવ્ય કુળનો જ્યેષ્ઠ યુવરાજ છું! તદ્દન ક્ષુલ્લક કામ મને સોંપવું એ તમારે માટે શોભાસ્પદ નથી!' પણ પિતામહના વડીલપણાની અવહેલના કરી શક્યો નહિ. અસહાયપણે મારી સામે જોઈ તે નત મસ્તકે ધૂંધવાતો પશુઓના વાડા તરફ વળ્યો. એના મનમાં ભયંકર વિચારોનો વંટોળ ચાલતો હતો. એનો અણસાર એ જે રીતે ભૂમિ પર પગ પછાડીને ચાલતો હતો તેના પરથી કળાતો હતો. એને સાંત્વન બંધાવવા હું તેની પાછળ ગયો. એણે મને જમણા હાથથી સંકેત કરી થોભી જવા કહ્યું. પછી તેણે દૃઢતાથી કહ્યું, 'રાધેય, ઊભો રહી જા! આજનો દિવસ સૌને અવિસ્મરણીય બની રહેશે પણ મને બીજી રીતે જીવનભર યાદ રહેશે! દુર્યોધનને પણ હૃદય છે, તે પણ એક માણસ છે. એ સીધી વાત પણ સૌ ઉન્મત્તાઈમાં ભૂલી ગયા? સમય આવે હું પણ સૌને બતાવી દઈશ કે હું પણ એક જીવંત માણસ છું!'

હું આ સ્વાભિમાની ક્ષત્રિય હૃદયની પ્રાણઘાતક વ્યથાને સમજી શક્યો છતાં એક પણ સાંત્વનસૂચક શબ્દ કહી શક્યો નહિ. કેવી રીતે કહું? મારામાં અને એનામાં શો ફરક હતો? અમે સમદુખિયા હતા. કોણ કોને સાંત્વન આપે? મેં આખી જિંદગી આમ જ વિતાવી હતી ને! અવહેલના અને તિરસ્કાર! એના પડી ગયેલા ચહેરાને હું કેવળ અનુકંપાથી જોઈ રહ્યો. એની ચાલમાં હંમેશની કૌરવરાજાની ગર્વિતા પણ ક્યાં દેખાતી હતી?

પિતામહ દુર્યોધનને ખરેખર ઓળખી શક્યા જ નહોતા.

મંડપમાં ગણગણાટ એકાએક શાંત થઈ ગયો. મેં પાછળ વળી પ્રવેશદ્વાર તરફ નજર કરી. પાંચ શ્વેત અશ્વધારી રથમાંથી શ્રીકૃષ્ણ નીચે ઊતર્યા! મંદ મંદ હસતાં, શાંત, ધીરગંભીરતાથી પગલાં ભરતાં તેઓ યજ્ઞમંડપમાં પધાર્યા. નીલરંગી અંજનીના ફૂલ જેવું એમનું નીલરંગી શરીર અસ્ત પામતાં સૂર્યનાં સૌમ્ય કિરણોની જેમ ઝળહળતું હતું. એમની પાછળ અબોલી ફૂલનાં રંગની સાડી પહેરીને રાણી રુક્મિણી પ્રવેશ્યાં. એ બંનેની પાછળ સાત્યકિ, બલરામ, ઉગ્રસેન, અક્રુર, ઉદ્ધવ, પ્રદ્યુમ્ન, સાંબ, બ્રહ્મગાર્ગ્ય વગેરે રથમાંથી ઊતર્યા.

પિતામહ તત્ક્ષણ ઊભા થયા અને નજીક આવી શ્રીકૃષ્ણને ભેટ્યા. એ બંનેને આશ્લેષમાં જોઈ મને થયું કે જાણે હિમાલયનું ધવલ શિખર આકાશના નીલકંઠને વળગી પડ્યું છે! સુહાગણોએ શ્રીકૃષ્ણ-રુક્મિણીનાં ચરણોને શીતળ જળથી પખાળ્યાં. રાજમાતા કુંતીદેવીએ એમના વિશાળ ભાલ પર મંગલ કુમકુમ તિલક કર્યું. એ જોઈને મને રાધામાતા યાદ આવી ગઈ. હું પણ બહાર જવા નીકળું કે તરત જ તે આવું જ તિલક મારા ભાલે કરતી. વિદુરે એમના કંઠમાં શ્વેતકમળની માળા પહેરાવી. શ્રીકૃષ્ણે નીચે નમીને રાજમાતાની ચરણરજ વિનમ્રતાથી માથે ચડાવી. મંડપમાં સૌ આદરભાવથી ઊભા થયા. પખાળેલાં ચરણોથી ભીની થયેલી ભૂમિ પર શ્રીકૃષ્ણને સાષ્ટાંગ દંડવત કરતા ઋષિઓને તેમણે તરત ઊભા કર્યાં! દૂર એક આસન પર કોઈ એક રાજા તટસ્થભાવે બેસી રહ્યા હતા. એમની તટસ્થતાને હું કુતૂહલવશ જોઈ રહ્યો. એ શિશુપાલ હતા.

છેલ્લે યુધિષ્ઠિર નજીક આવ્યા. શ્રીકૃષ્ણનો જમણો હાથ પોતાના હાથમાં લઈ એમને યજ્ઞવેદિ નજીક ગોઠવેલા ભવ્ય સુવર્ણ સિંહાસન તરફ દોરી ગયા. ડાબી બાજુ ચાલતા અર્જુનને ખભે શ્રીકૃષ્ણે પોતાનો ડાબો હાથ મૂક્યો હતો. બંને નીલવર્ણી હોઈ બેમાંથી કોણ શ્રીકૃષ્ણ અને કોણ અર્જુન એ ઓળખવું મહેમાનો માટે મુશ્કેલ બન્યું! માત્ર મને બંનેમાં એક ચોખ્ખો ફરક વર્તાતો હતો. શ્રીકૃષ્ણની ચાલ સૌમ્ય હતી. અર્જુનની ચાલમાં ગર્વિતા હતી. મંડપમાં બાંધેલા થોરના થાંભલાને અઢેલીને ઊભેલો હું શ્રીકૃષ્ણને દૂરથી નીરખવા લાગ્યો. માનઅપમાનને અવગણીને, નિમંત્રણ ન હોવા છતાં હું જેમને મળવા અહીં આવ્યો હતો એ મારી ઇચ્છા પૂરી થઈ. શ્રીકૃષ્ણના વર્ણ અને આકાશના વર્ણમાં મને ગજબનું સામ્ય દેખાયું. કાન સુધી વંકાતા એમનાં નેત્રોમાં દેખાતી આત્મીયતા ભાગ્યે જ ક્યાંય જોવા મળે. નાના હોવા છતાં એમનો બાંધો કસાયેલો હતો. આંખો અણિયાળી હતી. સુંદર અને મોહક પાંપણોથી આચ્છાદિત હતી.

યુધિષ્ઠિરે એમને યજ્ઞકુંડ નજીકના ભવ્ય સુવર્ણ સિંહાસન પર બેસાડ્યા. ત્યાર પછી સૌ સ્વસ્થાને આરૂઢ થયા. ઋષિઓ વ્યાઘ્રચર્મ પર પદ્માસન વાળીને બેઠા. મારી તરફ કોઈનું ધ્યાન નહોતું. ધ્યાન જવાનું કોઈ કારણ પણ નહોતું! મંડપમાં ચારેબાજુ દૃષ્ટિ ફેરવતાં શ્રીકૃષ્ણનું ધ્યાન સહજપણે મારા તરફ ગયું. એમની અને મારી નજર એક થઈ. અકારણ મારી આંખ સામે ચંપાનગરીની ગંગાનો વિશાળ પટ ખડો થઈ ગયો! માનવમન કેવું વિચિત્ર છે! એકાએક કોની સ્મૃતિ મન પર સવાર થઈ જશે તે કહી શકાતું નથી. મને જોઈને તેઓ સિંહાસન પરથી ઊભા થયા. એણે ઇશારાથી આચાર્ય વિદુરને બોલાવ્યા અને એમને કાનમાં કંઈક કહ્યું. મારા મસ્તક પર મુગટ નથી એનો ખ્યાલ આવતાં મને સહેજ દુઃખ થયું. આચાર્ય વિદુર મને મુગટ આપવા કદાચ આવતા હોય, પરંતુ મારી પાસે આવીને મને એમણે જે કહ્યું એનાથી હું ચોંકી ગયો. તેમણે કહ્યું, 'અંગરાજ, હમણાં જ યજ્ઞવિધિનો આરંભ થશે. આપ આસને પધારો!'

'હું અહીં ઊભો છું ત્યાં ઠીક છું!' મેં જવાબ આપ્યો. મસ્તક પર મુગટ ન હોવાથી રાજાઓની પંક્તિમાં કેમ બેસાય?

'આ મારો નહિ, શ્રીકૃષ્ણનો આદેશ છે! એમણે એ જ શાંતભાવે જણાવ્યું. પ્રત્યુત્તર આપવા માટે હવે મારી પાસે કોઈ શબ્દો નહોતા.'

હું ચૂપચાપ એમને અનુસર્યો અને એમણે ચીંધેલ એક આસન પર બેઠો. ચોમેર શાંતિ હતી. ચોથો પ્રહર હોવાથી અસ્ત પામતાં સૂર્યદેવનાં લંબાતાં સર્વસ્પર્શી કોમળ કિરણો પ્રવેશદ્વારેથી મંડપમાં પ્રસરવાં લાગ્યાં! એ જોતાં જ અચાનક મને એક વિચિત્ર વિચાર સ્ફુર્યો. આચાર્યે મને એક આસન બતાવ્યું હતું, પણ આ કિરણોને તેઓ કયા આસન પર બેસાડવાના હતા? ખરું પૂછો તો એને આસનની જરૂર પણ ક્યાં છે? વગર આમંત્રણે, વિરોધને અવગણીને મંડપના પ્રત્યેક આસન પર તેઓ આવીને બેસી ગયા નહોતા? શ્રીકૃષ્ણના આસન પર પણ! એનો કોણ અને કઈ રીતે વિરોધ કરી શકવાના?

આમંત્રિત રાજાઓ મારું મુગટ વગરનું મસ્તક જોઈ અંદર અંદર ગણગણાટ કરવા લાગ્યા. કદાચ તેઓને મારું અહીં બેસવું અશુભ સૂચક લાગ્યું હશે! પણ યુધિષ્ઠિર યજ્ઞકુંડની નજીક જઈ બોલવા ઊભા થયા કે તરત જ ગણગણાટ શમી ગયો. તેમણે ઘોષણા કરી, 'ભગવાન શ્રીકૃષ્ણ પિતામહ, આચાર્ય, ગુરુદેવ દ્રોણ, પૂજનીય ઋષિજનો અને આમંત્રિત રાજાઓ, હું મારા ચારે ભાઈઓ વતી આપ સૌનું ઇન્દ્રપ્રસ્થ નગરીમાં આગમનનું સાનંદોલ્લાસ સ્વાગત કરું છું. અમે આ રાજસૂય યજ્ઞ રાજ્યની સમૃદ્ધિ માટે અને શાંતિ માટે કર્યો છે. અમારા સદ્‌ભાગ્યે આ મહત્ત્વપૂર્ણ યજ્ઞવિધિ પ્રસંગે આજ યજમાન તરીકે ભગવાન શ્રીકૃષ્ણ અહીં ઉપસ્થિત થયા છે. આજના શુભ અવસરે યજમાનનાં ચરણો ધોઈ હું એમના શુભ હસ્તે આ યજ્ઞમાં પ્રથમ બિલ્વ સમિધ અર્પણ કરાવીશ. અમને વિશ્વાસ છે કે આપ સૌના અને શ્રીકૃષ્ણના આશીર્વાદથી અમારા રાજ્યનું કલ્યાણ થશે. આજે પૂનમના દિવસે આ યજ્ઞની પૂર્ણાહુતિ પછી આપણે સૌએ સામે ઇક્ષુમતી નદીને કાંઠે સમૂહભોજન લેવાનું છે.'

એમણે અમાત્ય તરફ વ્યંગ્યાત્મક દૃષ્ટિથી જોયું. તેઓ વિવિધ નદીઓનાં જળથી સભર સુવર્ણકળશ અને સુવર્ણથાળ લાવ્યા. યુધિષ્ઠિરે આ થાળ શ્રીકૃષ્ણનાં ચરણો નીચે મૂક્યો. રોજ મારા પગને ઝીણવટતાથી જોનાર યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણનાં ચરણ તળે થાળી મૂકી. શ્રદ્ધાપૂર્વક સુવર્ણકળશનાં જલથી ચરણો ધોવાં લાગ્યાં. સૌ આમંત્રિત રાજાઓ આ દૃશ્ય ઉત્સુકતાથી શાંતચિત્તે જોવા લાગ્યા. ચરણ ધોયાં પછી થાળમાં પડેલાં જળમાંથી થોડું પોતાના જમણા હાથની હથેળીમાં લઈ તેમણે શ્રદ્ધાપૂર્વક આચમન કર્યું. પોતાના મોંઘા રેશમી ઉત્તરીયથી એમણે ભક્તિભાવે શ્રીકૃષ્ણનાં ભીનાં ચરણો લૂછ્યાં. મેં એમનાં ચરણોનાં શ્યામ અંગૂઠા પર દૃષ્ટિ કરી. મેં છોડેલા બાણનો ઘા ત્યાં હોવો જોઈએ પણ નહોતો!

પ્રણવ મંત્ર ભણતાં ભણતાં અગ્નિહોત્ર ઋષિએ એક થાળીમાંથી ધગધગતા અંગારા યજ્ઞકુંડમાં નાખ્યા. એ અંગારા પર અર્પણ કરવા શ્રીકૃષ્ણે બલ્વજ વૃક્ષના કાષ્ટની એક નાની ભારી હળવેકથી ઉપાડી. આગળ ચાલીને તેઓ આ ભારી યજ્ઞકુંડમાં અર્પણ કરવા જતા હતા એટલામાં રાજાઓની પંક્તિઓમાંથી ચેદિરાજ શિશુપાલ પોતાના આસન પરથી સફાળા ઊભા થયા અને હાથમાંની ગદાને એક ઝાટકે ખભા પર મૂકી ઉગ્ર વિરોધ દર્શાવવા મોટેથી બરાડ્યા, 'ઊભો રહે!' કોઈને મારવા માટે બળદ ભુરાટો થયો ન હોય! ગરજતા વાદળ જેવો એનો અવાજ હતો.

સૌએ આશ્ચર્યથી એના તરફ જોયું. મંડપમાં ચારેબાજુ દૃષ્ટિ ફેંકી. છેલ્લે યુધિષ્ઠિર પર સ્થિર કરતાં નાક ફુલાવતો તે ક્રોધથી બરાડ્યો, 'કુરુના શ્રેષ્ઠ કુળમાં જન્મેલ યુધિષ્ઠિર, એક તુચ્છ ગોવાળિયાના નાનકડા છોકરાને તેં મહાન યજ્ઞનો યજમાન બનાવ્યો? અહીં ઉપસ્થિત સમસ્ત આર્યાવર્તના શૂરવીર ક્ષત્રિયોનું શું આ અપમાન નથી?' એની ઉન્નત છાતી ધબકતી હતી. હૃદયમાં ધરબાયેલી ઈર્ષ્યા ઊફરી ઊફરીને બહાર આવતી હતી. તે જરાસંધનો સેનાપતિ અને રુક્મિણીનો એક કાળે નિયોજિત પતિ હોવાથી શ્રીકૃષ્ણ પ્રત્યે એ અત્યંત રોષે ભરાયો હતો.

એણે શ્રીકૃષ્ણ માટે 'તુચ્છ' શબ્દનો ઉલ્લેખ કર્યો એ મને સહેજે ગમ્યો નહિ. ભીમ-અર્જુન ક્રોધથી ગદા અને ધનુષ્યબાણ લઈ પોતાના આસન પરથી સફાળા ઊભા થયા. હાથમાં ધારણ કરેલી કાષ્ટની ભારીને પાછી સમિધના ઢગલામાં નાખી દઈ હળવેકથી શ્રીકૃષ્ણે હાથના ઇશારાથી સંયમમાં રહેવા સંકેત કર્યો. તેઓ નીચે બેસી ગયા. આ અવસરે મને એક મહત્ત્વની વાત જાણવા મળી કે પોતે ક્ષત્રિય હોવા છતાં શ્રીકૃષ્ણને પોતાનું જીવન ગોપબાળ તરીકે વિતાવવું પડ્યું હતું! નિયતિ ખરેખર મનમોજીલા બાળક જેવી છે! હાથમાં પહેરેલાં સુંદર સુવર્ણ આભૂષણોને બાળક પગ તળેની માટીમાં ફેંકી દે છે અને માટીમાં પડેલી તુચ્છ લાકડીઓને હાથમાં લે છે તેમ નિયતિ પણ પરાક્રમી પુરુષોને અસહાયતાની ધૂળમાં ફેંકી દઈ કર્તવ્યશૂન્ય કાયરોને મસ્તક પર ધારણ કરે છે!

એનો વિરોધ કોઈ નહિ કરે એવી ખાતરી સાથે શિશુપાળ આસન છોડી સીધો યજ્ઞવેદિ પાસે પહોંચ્યો. ગદા ઊંચકીને આમતેમ હાથ હલાવતો તે વધુ ને વધુ ઈર્ષ્યાની આગ ઓકવા મંડ્યો. એના મુખના દાવાનળમાંથી આગની ચિનગારીઓ બહાર ઊડવા લાગી. એની ભાષા તદ્દન સંસ્કારહીન હતી! આ મંડપમાં પેલા ગોવાળિયા કરતાં સૂર્યપ્રતાપી અનેક વીરોની તું શું જોઈને ઉપેક્ષા કરી રહ્યો છે...? અહીં આ ભીષ્મ પિતામહ, મહારાજ ધૃતરાષ્ટ્ર, યુવરાજ દુર્યોધન, દુ:શાસન, મદ્રરાજ શલ્ય, સિંધુરાજ જયદ્રથ, સુબલરાજ શકુનિ, પાંચાલ શ્રેષ્ઠ દ્રુપદ જેવા મહાપ્રતાપી વીરો તેમજ બ્રહ્મતેજથી દેદીપ્યમાન પૈલ, ધૌમ્ય, દ્રોણ, કૃપ, વિદુર અને અશ્વત્થામા જેવા પૂજનીય વિદ્વાનો હોવા છતાં એક કાળા ગોવાળિયાની પ્રથમ પૂજા કરી કુરુની ધવલ કીર્તિને કાળો ડાઘ લગાડતાં તને શરમ નથી આવતી? એના કેવળ કાળા રંગ પર એટલો બધો મોહિત થઈ ગયો કે એના કરતાં આકર્ષક અને આશ્ચર્યકારક સુવર્ણરંગથી ઝળહળતો, અભેદ્ય કવચ અને કુંડળધારી અંગરાજ કર્ણ પણ તને અહીં દેખાતો નથી?'

સૌના આસન તરફ અંગુલિનિર્દેશ કરતાં છેવટે તેણે મારા તરફ દૃષ્ટિ કરી. મને સહેજે રુચ્યું નહિ! કેમ ગમે? લોકોમાં કુતૂહલ જગાડનારાં કવચ-કુંડળ મેં ધારણ કર્યાં હતાં. એથી મને કોઈ સારથિ તરીકે અવગણી સમ્રાટ જાણી મને કોઈ માન દેવાનું નહોતું! એ નાહકનું ગાંડપણ કરતો હતો!

એની લાલ જીભ ગાંડાની જેમ બકબક કરતી હતી, 'અને આ બધાને અવગણીને ગાયના પૂંછડા આમળતો, વનમાં ભટકનારો એક તુચ્છ ગોવાળિયો – એને તેં આટલા મહાન રાજસૂય યજ્ઞનો યજમાન બનાવ્યો? શા માટે? વળી અધૂરું હોય તેમ ગાયના મળમૂત્રભર્યાં એના ગંદા પગ ધોઈને તેં એનું મેલું પાણી તીર્થજળની જેમ પીધું! અને તે

પણ આ બધા ક્ષત્રિયોની સામે! આ સૌનું ઘોર અપમાન નહિ તો બીજું શું છે? તારા નવા રાજ્યને ગંદી ગૌશાળા બનાવી દેવી છે કે શું?' એનું ભાષણ સાંભળી ક્રોધથી સંતપ્ત થયેલા ભીષ્મ પિતામહ, ભીમ અને સહદેવ પોતાના આસન પરથી તત્કાળ ઊભા થયા, પણ... પણ શ્રીકૃષ્ણે તેમને હાથના સંકેતથી બેસી જવા કહ્યું.

અવિવેકી શિશુપાલ મનફાવે તેમ બોલવા લાગ્યો. એને જોઈને તથા એનો વિવેકહીન બડબડાટ સાંભળીને ભલભલાને લાગે કે ખરેખર દારૂ કરતાં વેરનો મદ વધુ ભયાનક છે! જરાસંધના સેનાપતિ તરીકે અને રુક્મિણીનાં લગ્ન પૂર્વે એના અસફળ પતિ તરીકે એને શ્રીકૃષ્ણ પર વેર લેવું હતું. એટલે જ એ મનફાવે તેમ બોલતો હતો. સૌને થયું કે એ આમ જ બોલતો રહેશે તો ક્યાંક એનું ગળું ફાટી જશે! અત્યંત સંસ્કારહીન ભાષામાં મનફાવે એવા અપશબ્દો પ્રયોજીને તે મગજ પરથી કાબૂ ગુમાવી બૂમબરાડા પાડતો હતો. શ્રીકૃષ્ણનું આજ સુધી કોઈએ ન કર્યું હોય કે ન સાંભળ્યું હોય તેવું અસહ્ય અપમાન કરવા લાગ્યો. એનો પ્રત્યેક શબ્દ સળગતા અંગારા જેવો હતો!

'–ગોવાલણો સાથે તાતા થૈ કરનારા કામુક નર્તક, પોતાના જ મામાની હત્યા કરનાર કુલઘાતક, જરાસંધના પુરુષાર્થને પીઠ દેખાડનાર કાપુરુષ, ક્ષત્રિયો અને બ્રાહ્મણોએ આરંભેલા આ પવિત્ર યજ્ઞના હવિ માટે મથુરાની ગૌશાળીમાંથી દૂધના કળશો લાવી એના દામ લઈ અહીંથી ચાલતી પકડ. આ પવિત્ર સોનાના સિંહાસન પર બેસી એક ઉચ્ચ કુળવાન ક્ષત્રિય પાસે તારા અપવિત્ર પગ ધોવરાવતાં તને શરમ ન આવી?' ચૈત્ર માસમાં ઊગતા પલાશના ફૂલની જેમ એ ક્રોધાંધથી ફૂલી રહ્યો હતો. પ્રત્યંચાની જેમ એના કંઠની નસો તંગ થઈ ગઈ હતી!

એના પ્રત્યેક શબ્દે સૌનાં હૃદયમાં ભીતિનાં તીર ભોંકાયાં. શ્રીકૃષ્ણની ગ્રીવા હળવે હળવે નાગની ફણાની જેમ ગર્વોન્નત થવા લાગી! પોતાના બંને હાથ કમર પર ટેકવી શિશુપાલની સાન ઠેકાણે લાવવા આખરી ચેતવણી દેતાં હોય એમ બોલ્યા, 'શિશુપાલ, આજ સુધી મેં તારા નવ્વાણું અપરાધ માફ કર્યા છે, સહન કર્યા છે! તારા સો અપરાધ સુધી હું સહન કરીશ એવું વચન મેં તારી માતાને આપ્યું હતું. હવે તારી પ્રત્યેક પળ તારા જીવનમરણની સીમા રેખાને ખેંચીને નજીક લઈ આવી છે! સાવચેત થઈ જા અને સંયમ રાખ! યુદ્ધશ્રેષ્ઠ સિવાય અન્ય સ્થાન પર સંયમ રાખવો એ ક્ષત્રિયનો ધર્મ છે! મારી સહનશીલતા પરાકાષ્ઠાએ પહોંચે ત્યાં સુધી હું સંયમ રાખીશ. પછી એ સંહારક સુદર્શનમાં ફેરવાઈ જશે!'

'તત્ત્વજ્ઞાન ફાડનારા કાપુરુષ, પુરુષાર્થ એ જ ક્ષત્રિયનો ધર્મ છે અને તું ખરો ક્ષત્રિય હો તો આ યજ્ઞમંડપના મધ્યભાગમાં આવી આ ચેદિરાજ સાથે યુદ્ધ કર!' હાથમાંની ગદા દૂર ફેંકી દઈ સીધી શ્રીકૃષ્ણ તરફ વક્ર દૃષ્ટિ કરતાં એણે પોતાના માંસલ બાવડા પર તાલ દીધો! એના આ તાલથી સૌના કાનના પડદા ચિરાઈ ગયા અને શ્વાસ રૂંધાઈ ગયા.

મને બૂમ મારીને કહેવાની ઇચ્છા થઈ કે, 'શિશુપાલ, તારો વિનાશ આવી ગયો છે! સાગરની ભરતીને પણ એક સીમા હોય છે!'

અગાઉ ક્યારેક સાંભળ્યો ન હોય તેવો અપરિચિત અવાજ – હજારો વાદ્યોના કર્કશ અવાજથી એકાએક મંડપ હલબલી ઊઠ્યો! આ અવાજ ક્યાંથી આવતો હતો તે કોઈને

સમજાયું નહિ! મારી આંખ સામે તેજનાં વલયો ઘૂમવા લાગ્યાં! સૌની આંખ શ્રીકૃષ્ણ પર મંડાયેલી હતી. નીલદાંડી પર નીલકમલ હોય તેમ એમના નીલવર્ણા અંગ પર નીલવર્ણું મોં હતું, પણ એકદમ ગંભીર મુદ્રામાં હતું. મહાદ્વારનો વિશાળ દરવાજો ભિડાઈ જાય તેમ એમણે પોતાની વિશાળ આંખો ભીડી દીધી. ક્ષણ વારમાં એમનું શરીર દેવતા પર ધાણી ફૂલે તેમ ફૂલવા લાગ્યું. નીલકમલ જેવું શોભતું એમનું મુખ અંગારા સમુ લાલ થઈ ગયું. ધીરે ધીરે એમનું શરીર વૃદ્ધિ પામતું ગયું. એમના મસ્તક પરના મુગટનો શિરપેચ મંડપની છતને સ્પર્શી રહ્યો હોત! એમનું શરીર વધતું જતું હતું અને મારું શરીર વધુ ને વધુ તપ્ત થતું જતું હતું! મારું આસન પીગળી જવાની મને ભીતિ લાગી! શરીરમાં કેવળ ઉષ્ણતાની લહર ઊઠતી હતી. મારી આ શારીરિક સ્થિતિને જાણવા એમની વિશાળ દેહાકૃતિને નીરખી રહ્યો. એ આકૃતિને ચાર હાથ હતા! થોડી વાર પહેલાં જે હાથે સૂકાં કાષ્ટની ભારી ઊંચકી હતી એ જ હાથે એમણે એટલી જ આસાનીથી વજનદાર ગદા ઊંચકી લીધી હતી! એની પાછળના હાથમાં તેજનાં કિરણો ફેલાવતું ગોળગોળ ફરતું એક ચક્ર હતું! એ દેહાકૃતિના લાંબા હોઠ મક્કમતાથી ભીડેલા હતા! તોપણ મેઘના ગડગડાટને લજવતો, હજારો વાદ્યોના કોલાહલને ભેદતો તીક્ષ્ણ, ધારદાર ધ્વનિ નીકળ્યો. મંડપને ચીરતો એ ધ્વનિ સીધો આમંત્રિતોના કાનમાં પેસ્યો! કેટલોય ગહન!

'શિશુપાલ, તારા સો અપરાધ પૂરા થયા! હવે વિશ્વકર્તા બ્રહ્મા પણ તને જીવતદાન નહિ આપી શકે! ક્ષત્રિયત્વના જૂઠા અભિમાનથી ઉન્મત્ત બનેલો દુર્બળ જીવ ભૂલી ગયો કે સાગરની ભરતી પણ પોતાની મર્યાદામાં રહીને ઉન્મત્તાઈ દાખવે છે! સાવધાન થઈ જા અને મૃત્યુના સત્યનો સામનો કરવામાં તારું વીરત્વ બતાવ! હવે તું એકસો એકમો અપરાધ ક્યારેય નહિ કરી શકે! એ સમય હવે તારી જિંદગીમાં તને નહિ મળે!'

એમણે પોતાની બંધ આંખો ખોલી અને એક ક્ષણમાં શિશુપાલનું નિશાન લઈને હાથમાંનું તેજસ્વી સુદર્શન ચક્ર શિશુપાલ તરફ વાળ્યું! ઝંઝાવાતમાં ભરાવદાર દેવદાર વૃક્ષ પણ થરથર ધ્રૂજી ઊઠે તેમ શિશુપાલ થરથર ધ્રૂજી ગયો! હજી હમણાં તે પર્વત જેવો અડગ અને નિશ્ચલ લાગતો શિશુપાલ આ ભવ્ય વ્યક્તિ સામે માટીના ઢેફા જેવો ઢીલોઢસ થઈ ગયો. ક્ષત્રિયત્વના અહંકારથી ઉન્મત્ત બનેલું એનું લાલચોળ મુખ નિર્દય મૃત્યુની પ્રતીતિથી કાળું શાહી જેવું થઈ ગયું! આખા યજ્ઞમંડપમાં હાહાકાર મચી ગયો. ચોમેર ઝળહળતું અસહ્ય તેજ ફેલાઈ ગયું! જળનાં કળશ પરથી તેજનાં કિરણો પરાવર્તિત થતાં હતાં. 'સૂઉઉઉ...' જેવો કર્કશ ધ્વનિ કાઢતું ચક્ર શિશુપાલ તરફ આગળ વધવા લાગ્યું. મારા મનમાં કુતૂહલ, આશ્ચર્ય, ઉત્સુકતા અને કરુણાના ભાવો ઊભરાયા. મૃત્યુના ભયથી વિહ્વળ બનેલો શિશુપાલ તેજનાં ઝળહળ કિરણો ફેંકતાં એ ચક્રનું નિશાન ચૂકી જવા મંડપમાં અન્ય રાજાઓનાં આસન પાછળ છુપાઈ જવાનો દયનીય પ્રયત્ન કરવા લાગ્યો. એના આ ધમપછાડાથી પ્રતીતિ થતી હતી કે માણસને જીવ કેટલો વહાલો હોય છે! ઘડી પહેલાં શ્રીકૃષ્ણને ભાગેડુ કહેનાર શિશુપાલ ત્યારે પોતાની સામે નાચતાં મૃત્યુને જોઈ પોતે કેવો ભાગવા માંડ્યો હતો! એ જે જે રાજાની પાછળ છુપાવાનો પ્રયત્ન કરતો હતો તે દરેક રાજા ચક્રમાંથી બહાર પડતાં દાહક તેજકિરણોથી પોતાની જાતને બચાવવા અહીંતહીં આશ્રય લેવા ભાગંભાગી કરતા હતા. સમરાંગણમાં સિંહની જેમ ગર્જના કરતા આ પરાક્રમી

યોદ્ધાઓમાં આ ચક્ર સામે ઊભા રહેવાની કોઈનામાં હિંમત નહોતી! મંડપમાં સૂનકાર છવાઈ ગયો. કાયર શિશુપાલ થરથર ધ્રૂજતો ઝડપથી નાસભાગ કરવા લાગ્યો. તેજના અસહ્ય સ્રોતથી ચહેરો બળીને ભસ્મ ન થઈ જાય તે માટે તે વારંવાર પોતાના ચહેરાને હાથથી ઢાંકી દેતો હતો. એનું ક્ષત્રિયપણું ક્યાં અદૃશ્ય થઈ ગયું?

ભાગવા જતાં રસ્તામાં પોતે જ ફેંકી દીધેલી ગદાની અડફેટમાં આવતાં તેણે સમતુલા ગુમાવી અને પર્વત પરથી પથ્થર જોરમાં પડે તેમ ધબ્બ દઈને નીચે પછડાયો! ચક્ર નિશાન લેતું એના તરફ એકદમ ધસ્યું! અત્યંત ચપળતાથી ઊઠી તે ફરી રાજ્યાસનની પંક્તિમાં ઘૂસ્યો. ચક્રના પ્રખર તેજથી એની ગદા બળીને ભસ્મ થઈ ગઈ! આ ચક્ર યજ્ઞમંડપને પણ બાળીને ખાખ કરી નાખશે એ બીકે ઋષિઓ પણ નાઠા! મંડપમાં હું, શિશુપાલ અને આ દિવ્યાકૃતિ સિવાય અન્ય કોઈ રહ્યું નહિ! ચક્રનો કર્કશ અવાજ ક્ષણે ક્ષણે વધુ તીવ્ર બનતો જતો હતો. મારાં રોમેરોમ પુલકિત થઈ ગયાં! મારા આસનથી એ અપૂર્વ, ભીષણ દૃશ્યને ભાન ભૂલીને હું એકીટશે નિહાળી રહ્યો. હું પહેલી વાર આટલો દિગ્મૂઢ બની ગયો. શ્રીકૃષ્ણ! આ એક જ શબ્દમાં રહેલા અદ્‌ભુત રમણીય રહસ્યે મારી બુદ્ધિ હરી લીધી.

શિશુપાલ ગભરાયેલી અવસ્થામાં મંડપમાં અહીંતહીં નાસભાગ કરવા લાગ્યો. કેવળ મૃત્યુના ડરથી એના પગ ખાલી પડી ગયા હતા. મૃત્યુ! ચક્રના દાંત ફાડીને અટ્ટહાસ્ય કરતું મૃત્યુ જાણે શિશુપાલની ઉન્મત્ત જીભને ચીરી નાખવા ઉતાવળું બન્યું હતું! નાસભાગમાં પગમાં અટવાઈને એના શરીર પરના અધરીયના લીરેલીરા ઊડી ગયા હતા. ઉત્તરીય તો ક્યાં સરી પડ્યું એનો એને ખ્યાલ જ રહ્યો નહોતો! એનું ઊંચું અને ભરાવદાર શરીર નમી પડેલા એકાકી ઉન્મત્ત વિશાળ વૃક્ષ સમું ભયાનક લાગતું હતું! આંખો આંજી દેતું તેજ ચોમેર પથરાયું હતું!

મોટી મોટી ફાળ ભરતો શિશુપાલ એકાએક મારી પાસે આવીને ઊભો રહ્યો! અમારી આંખો એક ક્ષણ ટકરાઈ. ઝાકળબિંદુથી કમળ ભીંજાઈ જાય તેમ એનું રક્તવર્ણું લાલ મુખ પરસેવાના બિંદુથી રેબઝેબ થઈ ગયું હતું. કેવી અપાર કરુણા, અસીમ ભય, વ્યાકુળતા અને હૃદયને પીગળાવનારી પશ્ચાત્તાપદગ્ધતા એની આંખોમાં ડોકાતી હતી! એક વિશાળ દેશનો અભિષિક્ત રાજા આજે મૃત્યુના દ્વારે એક તુચ્છ ભિખારી સમો ભાસતો હતો! પણ... પણ આ દયનીય પરિસ્થિતિમાં પણ ક્ષત્રિયત્વના અહંને એ જડતાથી વળગી રહ્યો હતો, કારણ મૃત્યુની બીકે મારી પાસે આવ્યો પણ એ મને ચીસ પાડીને કહી શક્યો નહિ કે, 'કર્ણ, મને બચાવ!' કેમ કહે? હું એક સૂતપુત્ર હતો. ક્ષત્રિય સૂતપુત્ર પાસે મદદની અરજ કરે? આ સ્થિતિમાં પણ એ આ વસ્તુસ્થિતિને ભૂલ્યો નહોતો.

ચક્ર ફરી ઘરરર અવાજ કરતું એનો પીછો પકડતું મારી નજીક આવ્યું! મને મારા સ્થાન પર અવિચળપણે બેઠેલો જોઈને એ અભિમાની ક્ષત્રિયનું અભિમાન ઘવાયું. એ ભડક્યો. આ ચક્ર સૂતપુત્રને મારી શકતું નથી તો મને શું કરી નાખવાનું? આ મૂર્ખ વિચારથી એણે વધુ લાંબો વિચાર કર્યા વગર એણે પોતાનો હાથ સીધો સુદર્શન ચક્રમાં ભેરવી દીધો! એનું શરીર શ્યામ પડી ગયું. એની ધીરજ તૂટી ગઈ. બીકણ સસલાની જેમ કૂદકા મારતો મારી પાછળ ભરાઈ ગયો અને રેતીમાં સાપ લપાઈ જાય તેમ મારા

આસનની નીચે જમીનમાં લપાઈ ગયો. સુદર્શન ભયાનક અવાજ કરતું મારી આસપાસ ગોળ ફરવા લાગ્યું. હું કોણ છું એ જ મને સમજાતું નહોતું! શિશુપાલની ગદા તપીને લાલચોળ થઈ ગઈ હતી એવી જ રીતે મારું અંગ પણ તપીને લાલચોળ થઈ ગયું હતું! એ તેજસ્વી ચક્રને હું અનિમેષ જોઈ રહ્યો. એમાંથી ફેંકાતાં તેજકિરણો અસ્તાચળ પામતાં સૂર્યદેવનાં કિરણશલાકા જેવાં હૂંફાળાં અને મોહક લાગતાં હતાં! તે ચક્ર નહોતું પણ અસ્ત પામતા સાક્ષાત્ સૂર્યદેવ જાણે મારી પાસે રોજની માફક અર્ઘ્ય લેવા આ યજ્ઞમંડપમાં આજ પધાર્યા હતા! તત્ક્ષણ આસન પરથી ઊઠી મેં અર્ઘ્ય દેવા અંજલી ધરી! હાથમાં જળ નહોતું. આથી મેં ભાવાંજલિ અર્પણ કરી. હજી પણ અવાજ કરતું ચક્ર મારી આસપાસ પ્રદક્ષિણા કરવા લાગ્યું. મેં મારી આંખો એના પર ઠેરવી! મારી આંખ સામે તેજનાં કોટિ કિરણો વર્તુળાકારે ફરતાં હતાં.

'કર્ણ, આસન છોડ! યજ્ઞવેદિ પાસે ચાલ્યો જા!' છતને સ્પર્શતી પેલી દિવ્યાકૃતિના મુખમાંથી અધિકારવાણી સરી પડી! હું શું કરી રહ્યો છું એનું મને ભાન નહોતું. વિમૂઢ બનીને હું આસન પરથી ઊઠી સીધો યજ્ઞવેદિ તરફ ચાલવા લાગ્યો! વેદિ પાસે પહોંચી મસ્તક એમનાં ચરણોમાં ટેકવ્યું. પછી ઘૂંટણભર બેસીને એમના આ અદ્‌ભુત સ્વરૂપને એકીટશે નીરખી રહ્યો. ગતિમાન દિવ્યતેજ કણોથી એમનું શરીર દેદીપ્યમાન હતું! કેવળ તેજનાં ઝળહળતાં અસંખ્ય કણો!

મેં આસન છોડ્યું કે તરત જ ચક્રે શિશુપાલનો પીછો પકડ્યો! અવાજનો ઘરઘરાટ વધ્યો. આથી મેં મોં ફેરવી શિશુપાલ તરફ જોયું. મંડપમાં હવે એને કોઈનો આધાર રહ્યો નહોતો. આથી તે રથના થનગનતા ઘોડાની જેમ એ સડસડાટ દોડતો મંડપનો પ્રવેશદ્વાર ઓળંગી રાજમહેલની બહાર ભાગી છૂટ્યો. અંગ પરનાં વસ્ત્રોનું પણ એને ભાન રહ્યું નહોતું. થોડી થોડી વારે તે પાછળ વળીને પોતાના અને ચક્ર વચ્ચેના અંતરને ભયાકુળ ચહેરે માપી લેતો હતો. એના ચહેરા પરના પ્રત્યેક ભાવો ડરામણા મૃત્યુની વિવિધ છાયા પ્રગટ કરતા હતા! પોતાની જાતને બચાવવા એ ઘડીક રાજમહેલની ઇમારત પાછળ તો ઘડીક વિશાળ વૃક્ષની પાછળ સંતાઈ જવાના વ્યર્થ પ્રયત્ન કરતો હતો. માણસની જેમ કુદરત પણ એનું રક્ષણ કરવામાં અસમર્થ નીવડી. જીવનમરણની પકડદાવની અદ્‌ભુત રમત દૂરથી જોઈ રહેતા દરેકનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. સેંકડો ઉત્સુક આંખો સુદર્શન ચક્રની સાથે ચકળવકળ થવાં લાગી.

આશ્રય મેળવવાના તમામ માર્ગો બંધ થઈ જવાથી શિશુપાલનાં ગાત્રો શિથિલ લઈ ગયાં. આખરે કંટાળીને એણે ઇક્ષુમતી નદીમાં ઝંપલાવ્યું! ચક્રના પ્રહારથી બચવા તે પ્રત્યેક ક્ષણે નદીમાં ઊંડો ને ઊંડો ઊતરતો ગયો. એનું મોં કેવળ મંડપ ભણી હતું. પગ, સાથળ, કેડ, છાતી એક એક અંગ પાણીમાં ધીરે ધીરે સરતું ગયું. છેવટે ગળાબૂડ પાણી સુધી તે અંદર ઊતરી ગયો, પણ અચાનક ગળામાં પાણી જતાં તે વિવશ બની ગયો! નક્કી એણે આંખો બીડી દીધી હશે. દાઝેલી હથેળીથી ચહેરાને ઢાંકી દઈ એણે મૃત્યુના અચળ સત્યનો સામનો કરવા મનને મજબૂત કર્યું! ત્યાં તો એક ક્ષણમાં જ ચક્રે ચપળતાથી એનું મસ્તક છેદી નાખ્યું! દાંડી તૂટેલા ગુલાબી કમળના ફૂલની જેમ એનું મસ્તક પળ વારમાં ઇક્ષુમતીના ઊછળતા પ્રવાહમાં અદશ્ય થઈ ગયું! શિશુપાલનું છલછલતું જીવન સમાપ્ત થયું! ચક્ર

વેગથી પાણીમાં ઊતર્યું. ઇક્ષુમતીનાં પાણીમાં જ એની બેફામ બોલનારી જીભનો ચક્રને વધ કરવો હતો!

આથમતાં સૂર્યકિરણોનાં તેજમાં ઇક્ષુમતી નદી ચમકતી હતી, પણ રોજની જેમ એ નદીના પ્રવાહની જલલહરી શ્વેત શુભ્ર નહોતી! એ પાત્રની કેટલી જલલહરી લાલ દેખાવા લાગી! વિસ્મય, કરુણા, સંભ્રમ, કુતૂહલ આદિ ભાવોથી મારું હૃદય શૂન્ય બની ગયું. જમીનમાં ખૂંપાવેલા મલ્લસ્તંભની વેદિ પાસે અડગ ઊભેલો હું ઇક્ષુમતીના પ્રવાહને નીરખી રહ્યો. વહેતા પ્રવાહની જલલહરી સિવાય અન્ય કાંઈ ત્યાં દેખાતું નહોતું. કેવળ જલલહરી! સતત વહેતી જલલહરી! મૌન જલલહરી! મારા મનમાં પણ આવી જ પ્રશ્નોની જલલહરી વહેતી હતી! શ્રીકૃષ્ણ કોણ હતા? એમની પાસે આવું દાહક ચક્ર ક્યાંથી આવ્યું? મારા અંગ પર એની અસર કેમ ન થઈ? હું કોણ છું? હું ધારત તો આજે શિશુપાલને બચાવી શકત? શ્રીકૃષ્ણના વિરાટ સ્વરૂપની સાથે મારું અંગ કેમ તપ્ત થતું જતું હતું? અસંખ્ય પ્રશ્નો મનમાં છલકાવા લાગ્યા, પરંતુ એકેય પ્રશ્નનો ઉત્તર મને સાંપડ્યો નહિ!

એમના દિવ્યદેહ અને મારા દેહ વચ્ચેના ફરકને જાણવા ઇક્ષુમતી નદીને કાંઠે ઊભા રહી મેં પાછળની દીવાલ પર દૃષ્ટિ કરી. ત્યાં કોઈ જ નહોતું!! યુધિષ્ઠિરે ગોઠવેલા સુવર્ણ સિંહાસન પર એકવડા બાંધાના શ્યામ શ્રીકૃષ્ણ બેઠા હતા. આસનની જમણી બાજુએ પોતાના જમણા હાથની કોણી ટેકવી હતી. હથેળીમાં જમણા ગાલને ગોઠવી જમણી બાજુ સહેજ નમીને તેઓ મારી તરફ જોઈને મંદ મંદ હસી રહ્યા હતા! એમના શરીર કરતાં સુવર્ણ સિંહાસન ખાસ્સું મોટું હતું.

મને સત્ય-અસત્યનો ભેદ સમજાતો નહોતો! મંડપની બહાર ઊભેલા રાજ્યોદ્ધાઓ અને ઋષિમુનિઓ અંદર પ્રવેશ્યા અને સુવર્ણ સિંહાસન તરફ વળ્યા. શ્રીકૃષ્ણે ઋષિમુનિઓને સૌમ્યભાવે કહ્યું, 'સૂર્યાસ્ત થઈ રહ્યો છે. મુહૂર્ત વીતી જાય તે પહેલાં રાજસૂય યજ્ઞનો પહેલો સમિધ આજે સૂર્યાસ્ત પહેલાં યજ્ઞકુંડમાં હોમાવો જ જોઇએ.'

થોડી વાર પહેલાંનું રોમાંચક દૃશ્ય વિખરાઈ ગયું. ફરી હલચલ મચી ગઈ. ઋષિમુનિઓ મંત્ર ભણવા લાગ્યા. યુધિષ્ઠિરે ફરીથી શ્રીકૃષ્ણનાં ચરણ પખાળ્યાં. શ્રીકૃષ્ણે ઊઠીને શાંતભાવે બલ્વજ કાષ્ઠની એક ભારી યજ્ઞકુંડમાં અર્પણ કરી. એ પછી મંત્રોચ્ચાર કરતાં ઋષિમુનિઓ વારાફરતી સમિધ પર સમિધ યજ્ઞકુંડમાં હોમવા લાગ્યાં. એ સમિધનો ધુમાડો મારી આંખમાં છવાઈ ગયો. કેવળ ધુમાડો! આંખમાં સમિધનો ધુમાડો, મનમાં શંકા અને ભ્રમણાનો ધુમાડો!! શ્રીકૃષ્ણ પાસે સુદર્શન ચક્ર હતું. છતાં એમણે જરાસંધ પર કેમ ક્યારેય છોડ્યું નહિ? જરાસંધના આક્રમણના ત્રાસથી બચવા તેઓ દ્વારિકા કેમ નાસી ગયા? શરણે આવેલો જરાસંધ શ્રીકૃષ્ણને કેવી રીતે ત્રસ્ત કરી શક્યો? કંઈ જ સમજાતું નહોતું!!

ધુમાડાને લીધે આંખમાં આવેલાં પાણીને લૂછવા મેં ઉત્તરીયનો છેડો પાંપણ પર મૂક્યો. ત્યાં કોઈકે મારા ખભા પર હાથ મૂક્યો. એ અશ્વત્થામા હતો.

'ચાલ. તું પણ એક સમિધ યજ્ઞકુંડમાં હોમ.' એણે શાંતિચિત્તે ઇક્ષુમતિના પ્રવાહ તરફ જોતાં કહ્યું.

એની સાથે જઈને મેં પણ એક સમિધ યજ્ઞકુંડમાં હોમ્યું. યજ્ઞમંડપમાંથી બહાર

નીકળતા વિચારમગ્ન અશ્વત્થામા પોતાને જ કહી રહ્યો હતો – 'ખરેખર કંઈ જ સમજાતું નથી!'

'શું સમજાતું નથી? તું શું કહેવા માગે છે?'

'આ શ્રીકૃષ્ણના સંદર્ભમાં કહું છું. આજે એમણે શિશુપાલનો વધ કર્યો. એ કોણ છે તે તું જાણે છે?'

'કોણ હતો એ?'

'શ્રીકૃષ્ણનો ભાઈ. એમની ફઈનો દીકરો. શ્રીકૃષ્ણના પિતા વસુદેવ એમની બહેનને ચેદિરાજ દમઘોષ સાથે પરણાવેલી. એ બહેનનું નામ શ્રુતશ્રવા. શિશુપાલ એ દમઘોષ અને શ્રુતશ્રવાનો પુત્ર હતો. શ્રીકૃષ્ણનો ફઈનો દીકરો ભાઈ! જેમ રાજમાતા કુંતીદેવીના પાંડવોનો સંબંધ શ્રીકૃષ્ણ સાથે છે તેવો જ.' 'કુંતીદેવીના પુત્રો!' હું ચૂપ થઈ ગયો. આગળ કંઈ જ બોલવાની ઇચ્છા થઈ નહિ. કેવળ એક જ પ્રશ્ન મનમાં ગુંજી રહ્યો હતો – શ્રીકૃષ્ણ કોણ હતા?

ચાર

રાજસૂય યજ્ઞ સમાપ્ત થયો. અવિસ્મરણીય સ્મૃતિની ગઠડી સાથે અમે સૌ હસ્તિનાપુર પાછા જવા નીકળ્યા. મારા મનમાં શ્રીકૃષ્ણ અંગેના વિચારોએ ઘમસાણ મચાવ્યું હતું. રથ હસ્તિનાપુર ભણી દોડતો હતો. સત્યસેન પાસેથી ઘોડાની લગામ મેં હાથમાં લીધી. ચાબુક વાગતાંની સાથે જ હણહણાટ કરતાં ઘોડા મોંમાંથી લાળ કાઢતાં દોડવા લાગ્યા. હું દ્વિધાગ્રસ્ત સ્થિતિમાં મુકાઈ ગયો હતો.

પાંચાલ દેશમાં સ્વયંવર સમયે મારે શ્રીકૃષ્ણને રૂબરૂ મળવાનું થયું હતું. એમણે મને હસીને આવકાર આપ્યો. મારી સાથે કેટલીક બાબતો પર ચર્ચા પણ કરી હતી. પ્રસંગવશાત્ મારી વાતમાં દુર્યોધનનો ઉલ્લેખ આવ્યો ત્યારે મને વચમાં જ અટકાવીને એક વિચિત્ર પ્રશ્ન પૂછ્યો હતો, 'કર્ણ, વનમાં મુક્તપણે ફરતાં શક્તિશાળી વનરાજને ઘેટાંના ટોળામાં છોડી મૂકવામાં આવે તો એનું શું થાય?

'બીજું શું થાય? એક પળમાં જ પેલાં ઘેટાંઓને ફાડી નાખે.' મેં જવાબ દીધો.

'આવું કાયમ બનતું નથી! એને ફાડી નાખવાનું તો દૂર રહ્યું પણ પોતાનું અસ્તિત્વ ભૂલી જઈ ક્યારેક ઘેટાંની જેમ વર્તવા લાગે!'

'એ શક્ય જ નથી! તો પછી એ વનરાજ સિંહ કેવો?' મેં વિરોધ કર્યો. એમણે હસીને કહ્યું, 'જવા દે એ વાત. તું આજ સ્વયંવરમાં ભાગ લેવાનો નથી એ સારું કર્યું! જ્યાં સુધી હું મારા જમણા પગનો અંગૂઠો ઉપર ન ઉઠાવું ત્યાં સુધી ભાગ લેતો જ નહિ!'

આથી એમની સંમતિ મળે નહિ ત્યાં સુધી મેં મન પર સંયમ રાખ્યો હતો. હું એ સ્વયંવરમાં ભાગ લઈ શક્યો જ નહિ. મને સંમતિ આપવામાં એમની ભૂલ તો નહોતી થઈને? એ પ્રશ્ન પૂછવા મેં ધનુષ્યમાંથી સૂચિ બાણ એમના અંગૂઠા પર છોડ્યું હતું! પરંતુ એ બાણના જખમનો ઘા એમના અંગૂઠા પર મને યજ્ઞ પ્રસંગે દેખાયો નહિ! આટલા થોડા સમયમાં અંગૂઠા પરનો ઘા શું અદૃશ્ય થઈ ગયો હશે?

એમને વિશેની તમામ સ્મૃતિ રહસ્યમય હતી. આવું રહસ્ય જ માનવીને ભ્રમણાના

સાગરમાં ડુબાડી દે. યજ્ઞપ્રસંગે એમનું પ્રત્યેક વર્તન એટલું રહસ્યમય હતું કે આપણને વિચારમાં મૂકી દે! ઘડીકમાં આભને અડે એટલો વિરાટ દેહ ધારણ કરે અને ઘડીકમાં પોતાના ભાઈને હતો ન હતો કરી દઈ ફરી આસન પર દેહ સંકોરીને બેસી જાય! બધું જ આશ્ચર્યમય હતું. રથનાં ચક્રો ધરીમાં ગોળ ગોળ ફરે તેમ મારું મન શ્રીકૃષ્ણની આસપાસ ચગડોળે ચઢ્યું. છેવટે 'શ્રીકૃષ્ણ અલૌકિક છે.' એ નિર્ણય પર આવીને મન અટક્યું.

રથમાં બાજુમાં બેઠેલા દુર્યોધનને મેં પૂછ્યું, 'શ્રીકૃષ્ણ વિશે તારો શો અભિપ્રાય છે?'

'કર્ણ, તું પરાક્રમી વીર હોવા છતાં તું આ કાળિયા જાદુગરની જાળમાં ફસાઈ ગયો?' એની જાડી ભ્રમરો વંકાઈ.

'જાદુગર!' મેં ચીસ પાડી જાણે માથે વીજળી પડી.

'જાદુગર નહિ તો બીજું શું! કાયાપરિવર્તન, જાતજાતનાં વાદ્યોના કર્કશ અવાજ કાઢવા વગેરે જાદુઈ વિદ્યા જાણનાર જાદુગર સિવાય કોનાથી બની શકે?' જાણે કંઈ જ બન્યું ન હોય એમ એણે સહજભાવે કહ્યું.

એના અણધાર્યા ઉત્તરથી હું વધુ વિમાસણમાં પડી ગયો. ભ્રમણા એ જ મારું જીવન છે? મને વિચાર આવ્યો. વિચારના શૂળ માથામાં ભોંકાઈ રહ્યા હોય એ કલ્પનાથી મારું માથું ફાટી ગયું. વિવશતાથી મેં માથું દાબવા મારો ડાબો હાથ ઉપર કર્યો. મુગટનો સ્પર્શ થતાં જ મારા આશ્ચર્યની સીમા ન રહી! મારો મુગટ તો દુર્યોધનના મસ્તક પર મુકાયો હતો. મેં તરત જ મસ્તક પરથી મુગટ જોવા માટે ઉતાર્યો. એનો આકાર છતને અડતાં શ્રીકૃષ્ણના મુગટ સમો! મારા મસ્તક પર એ ક્યાંથી આવ્યો? હું વિમૂઢ થઈ ગયો.

હાથમાંની ચાબુક મેં ઘોડાની પીઠ પર સબોસબ મારી. વાયુવેગે અમે હસ્તિનાપુરથી નીકળ્યા ત્યારે શ્રીકૃષ્ણ પ્રત્યે આકર્ષણ હતું, પણ પાછા ફરતી વખતે એમના વિશે ઊઠતા અનેક અસમાધાનકારી પ્રશ્નોની ગઠરી લઈને આવ્યો હતો! એમાંનો એક પ્રશ્ન એ હતો કે એમનું ચક્ર મને કેમ બાળી શક્યું નહિ? શું અભેદ્ય કવચને કારણે? બીજો પ્રશ્ન એ હતો કે એમની આજ્ઞા થતાં જ એક આજ્ઞાકારી સેવકની જેમ હું યજ્ઞવેદિ પાસે કેમ ચાલ્યો ગયો? અને ત્રીજો પ્રશ્ન એ હતો કે શ્રીકૃષ્ણનો મુગટ મારા મસ્તક પર કોણે, ક્યારે, શા માટે મૂક્યો?

પાંચ

પાંડવના અમાત્યોએ પાંડવના રાજસૂય યજ્ઞ માટે તમામ રાજ્યો જીતવાની ઇચ્છા કેવી રીતે પૂર્ણ કરી તેનો રસપ્રદ ઇતિહાસ અમે ઇન્દ્રપ્રસ્થમાં સાંભળ્યો હતો. એ તમામ રાજ્યોની નામાવલિ મારા કાનમાં ઘૂમતી હતી. તેઓએ એક એક દિશા પસંદ કરીને એ માર્ગમાં આવતાં સઘળાં રાજ્યો જીતી લીધાં હતાં અને ખંડણી રૂપે સોનું, રૂપું, ચાંદી, હીરા, માણેક, પ્રવાલ, રત્ન, મોતી, વૈદુર્ય, પોખરાજ, નીલમણિ, ગાયો અને સેવકો વગેરે ગાડાંનાં ગાડાં ભરીને લાવી પોતાના ભંડારોમાં ભરી હતી. સંપત્તિ એ પ્રત્યેક રાજ્યનું સર્વશ્રેષ્ઠ સાધન છે. સંપત્તિ સિવાય એક પણ રાજ્ય નભે નહિ અને નભે તો લાંબો સમય ટકે નહિ. હું પણ આવો દિગ્વિજય કરું એવી પ્રબળ પ્રેરણા ઇન્દ્રપ્રસ્થમાંથી મને મળી હતી. પાંચ

પાંડવોએ મળીને એકેય દિશા છોડી નહોતી, જ્યારે મારે એકલાએ જ આઠે દિશામાંથી દિગ્વિજય પ્રાપ્ત કરવો એવો મનોમન નિશ્ચય કર્યો.

આ પ્રકારનો દિગ્વિજય મેળવવા કેટલાય રાજાઓ જીતવા પડશે, એમની સામર્થ્ય શું છે, કઈ ઋતુમાં સિદ્ધ થઈ શકે વગેરે બાબતો પર મેં એકલાએ ખૂબ ઊંડાણપૂર્વક વિચાર કર્યો. અર્થાત્ દિગ્વિજયની શરૂઆત હું પૂર્વ દિશાથી કરવાનો હતો. હસ્તિનાપુરની પૂર્વ દિશામાં સૌથી શક્તિશાળી બે રાજ્ય હતાં. એક દ્રુપદનું પાંચાલ અને જરાસંધનું મગધ! એ સિવાય કોસલ, અયોધ્યા, કાશી, વિદેહ, વત્સ, કુંતલ, મુંડ, પુંડ્ર, ઉત્કલ, ઓડ્ર, અંગ અને વંગ જેવાં રાજ્યો હતાં.

દક્ષિણ દિશામાં સૌથી શક્તિશાળી રાજ્ય હતું. શ્રીકૃષ્ણના યાદવકુળનું મથુરા રાજ્ય! એ જ રાજ્ય શૂરસેન રાજ્ય તરીકે પણ ઓળખાતું હતું. આ ઉપરાંત દક્ષિણમાં શાલ્વ, ચેદિ, કુરુષ, દશાર્ણ, અવંતી, નિષાદ, મેકલ, દક્ષિણ કોસલ, વૈણિક, વિદર્ભ, મહારઠ, આનર્ત અને માલ્વ, મત્સ્ય વગેરે રાજ્યો હતાં. આનર્ત રાજ્યની નજીક શ્રીકૃષ્ણે વસાવેલી દ્વારિકા નગરી હતી! પશ્ચિમ સાગરને કિનારે વસેલાં પશ્ચિમ દિશાનાં માત્ર બે શક્તિશાળી રાજ્યો – એક ઋતાયનપુત્ર શલ્યનું મદ્ર અને બીજું બાલ્હીક હતાં. એ દિશામાં વાતધાન, સૌભીર, સિંધૂ, પંચનદ, અંબષ્ટ, ત્રિગર્ત, કૈકેય, શિબી, કાંબોજ અને ગાંધાર જેવાં રાજ્યો હતાં. દિગ્વિજયની દૃષ્ટિએ પશ્ચિમ દિશા જ અત્યંત શક્તિશાળી હતી.

ઉત્તર દિશામાં કુલિંદ, રાક્ષસ, તંગણ, ખશ અને કિરાત રાજ્યો હતાં.

ગમે તેટલા વાયુવેગે આક્રમણ કરવા ધારો તોપણ આટલો અફાટ પ્રદેશ જીતવા માટે જરૂરી સૈન્ય સાથે ઓછામાં ઓછા છ મહિના સહેજે નીકળી જાય તેમ હતા.

હું મક્કમતાથી માત્ર એક વાતને વળગી રહેવાનો હતો. ગમે તેટલો શક્તિશાળી બનું તોપણ મારે કદી મથુરા કે દ્વારિકા પર ચડાઈ કરવી નહિ! લોકોને એનો જે અર્થ ઘટાવવો હોય તે ઘટાવે. એની મને પરવા નહોતી.

૯

અમે હસ્તિનાપુર આવ્યા પણ દુર્યોધન ભારે બેચેન હતો. રાત્રે શયનગૃહમાં ઊંઘમાંથી ઝબકી જઈ, પલંગ પાસે રાખેલી ગદા ખભે નાખી, 'હું આ ઇન્દ્રપ્રસ્થમાં એક ઘડી પણ રહી શકું તેમ નથી!' એમ બબડતો મહેલમાંથી ભાગી જવાનો પ્રયત્ન કરવા લાગ્યો! રાણી ભાનુમતિએ એના માથા પર પાણીનો છંટકાવ કર્યો અને એના ખભા હલબલાવીને કહેવા લાગ્યાં, 'આ હસ્તિનાપુર છે.' ભાનમાં આવતાં બે હાથ પાછળ રાખી ગુફામાં આમતેમ આંટા મારતા વાઘની જેમ કક્ષમાં આંટા મારવા લાગ્યો. ક્યારેક મધ્યરાત્રિએ મને બોલાવવા સેવકને મોકલતો.

હું પહોંચું કે તરત જ એમની ભિડાયેલી આંગળીઓ વધુ અક્કડ થઈ જતી. અનેક પ્રશ્નો પૂછીને મને અસ્વસ્થ કરી મૂકતો. 'કર્ણ, પાંડવના યજ્ઞમાં પશુની ગણતરી કર્યા પછી હું હજી જીવતો કેમ રહ્યો એની મને નવાઈ લાગે છે. પ્રતિ ક્ષણે પ્રાણઘાતક પીડા દેનારી આ કટુ ઘટના હૃદયમાં ભરી રાખવા કરતાં ઝેર ખાઈને જીવનનો અંત લાવવો સારો! મારા પૂજ્યનીય પિતાના અંધત્વ પર મર્મભેદક વ્યંગ કર્યો અને તે પણ પેલી ખિખિયાટા કરતી

તુચ્છ સ્ત્રીએ! ઓહ! ધગધગતા શબ્દોના અંગારા ફેંકનારી એની જીભના કટકા કરી નાખું અને ગંદું હાસ્ય કરી મારા હૃદયના ટુકડે ટુકડા કરી નાખનારી એની બત્રીસી ખેંચી કાઢું. જો તેમ ન કરી શકું તો ધૂળ પડી મારા જીવતરમાં! કુરુ તરીકે મારે જીવીને શું કામ છે? શા માટે? બોલ, કર્ણ શા માટે?'

એને ખભે હાથ મૂકી મેં એને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો. તે થોડો શાંત પડ્યો હશે. ઉપરથી શાંત દેખાતા સાગરનાં પાણી અંદરથી કેટલાં ઊંડા હોય છે તેની ખબર પડતી નથી તેમ એમની ભીતરમાં શું શું ચાલી રહ્યું હતું તેની ખબર પડવી મુશ્કેલ હતી! એક વાર મારો હાથ પોતાના હાથમાં લઈ મને શયનગૃહ બહાર જવા આગ્રહ કર્યો. એનું હૃદય ન દુભાય એ હેતુથી મધરાત હોવા છતાં હું એની સાથે ગયો. એ મને છેક કુરુની રાજ્યસભાના સિંહાસન સુધી લઈ ગયો. એ સિંહાસનની આટલી નજીક હું કદી ગયો નહોતો! મશાલના મંદ પ્રકાશમાં ઝળહળતાં સૂર્યવંશના પ્રતીકવાળા તે સિંહાસનની પાછળ સુવર્ણરંગની સૂર્ય પ્રતિમા તરફ આંગળી ચીંધીને તેણે કહ્યું, 'તું મારો સાચો મિત્ર હો તો સૂર્યવંશના પ્રતિષ્ઠા ચિહ્ન સમી સૂર્ય પ્રતિમાની સાખે પ્રતિજ્ઞા લે અને મને કહે કે તું મારો સાથ કદી છોડીશ નહિ! કર્ણ, હું એકલો પડી ગયો હોઉં એવું મને લાગ્યા કરે છે.'

'આજ સુધી તને કદી આવી પ્રતિજ્ઞાની આવશ્યકતા લાગી છે?'

'ના. પણ આજ લાગે છે! મને ઉપદેશ કે તત્ત્વજ્ઞાન નહિ જોઈએ. તારી અખંડ મૈત્રીનું પવિત્ર વચન મને જોઈએ છે!'

'એનાથી જ જો તારા મનનું સમાધાન થતું હોય તો હું તને આપું છું.' મેં એના હાથમાં હાથ મૂક્યો. બાજુના પથ્થરના થાંભલા પર ટેકવેલી સળગતી મશાલમાંના ઈંગુદી તેલનો એક તણખો ખર્યો અને મારા હાથ પર પડ્યો! જોકે કવચને કારણે મારો હાથ દાઝ્યો નહિ!

સાત

હું અવારનવાર તક મળે ત્યારે દુર્યોધનને આ કટુ પ્રસંગ ભૂલી જવા સમજાવતો. વિસ્મરણ એ મનની દુર્લભ શક્તિ છે અર્થાત્ આ શક્તિ સૌને સહેજે પ્રાપ્ત થતી નથી. હું એને ભૂતકાળ ભૂલી જવા કહેતો પણ હુંયે ક્યાં ભૂલી શક્યો હતો? આ તો ઘાયલ માણસ પોતાના ઘાને પંપાળે અને બીજાના ઘાને રુઝાવે એના જેવી વાત હતી. ડાહી સાસરે ન જાય ને ગાંડીને શિખામણ દે એના જેવું! જોકે મારે તેમ કર્યા સિવાય છૂટકો જ નહોતો! 'એક સારથિની પુત્રવધૂ બનવાનું હું ક્યારેય સ્વીકારીશ નહિ!' એ પેલી રૂપગર્વિતાના વિષારી વાક્બાણ મારા હૃદયને સતત દઝાડી રહ્યા હતા. હવે તો હું મારા સંસારમાં પરોવાઈ ગયો હતો. સાત પુત્રોનો પિતા અને બે સુંદર સ્ત્રીનો પતિ હોવા છતાં દ્રૌપદીની સ્મૃતિ માત્ર મને એવી કોરતી જાણે હૃદયમાં બાણ લાગતાં મૃગલી ચિત્કારી ઊઠી ન હોય! સ્મૃતિ! સ્મૃતિને સુગંધી કળી કે મોરપિચ્છ કહેનારને શું કલ્પના હોય કે એક સ્ત્રીથી અપમાનિત થયેલા પુરુષ યોદ્ધાની સ્મૃતિ ધગધગતી મરુભૂમિ હોય છે! એ ભૂમિમાં કેવળ પ્રતિશોધની દાહક જ્વાળા જ ઊફરીને રોજ બહાર પડે છે! એ જ્વાળામાં સંયમ, ઔદાર્ય,

ક્ષમા, બુદ્ધિનાં કુમળાં અંકુર ક્યારનાં બળીને ભસ્મ થઈ ગયાં છે.

કાળના ગર્ભમાં પચ્ચીસ વર્ષ હોમાઈ ગયાં હતાં. દુઃખનું ઓસડ દા'ડા એમ કહેવાય છે, પરંતુ મને હજી સુધી એનો અનુભવ થયો નહોતો. આ પચ્ચીસ વર્ષમાં મને ક્ષત્રિય તરીકે જીવવા મળ્યું હોત તો...? આ એક જ વિચાર મને કોરી ખાતો હતો. હું ક્ષત્રિય કુળમાં જન્મ્યો હોત તો મારું જીવન કેવું હોત? રાજા દુર્યોધન જેવું, શકુનિમામા જેવું કે શિશુપાલ જેવું? એ સૌ ક્ષત્રિય નહોતા? એમનાં જેવું જીવન મને સાંપડ્યું હોત તો મને એ ગમત? પસંદ પડત? મારા મનમાં આવા અનેક પ્રશ્નો ઊઠતા પણ એમાંથી એક પણ પ્રશ્નનો સંતોષકારક કે સમાધાનકારક ઉત્તર મારી પાસે નહોતો!

હું અને દુર્યોધન! અમારાં બંનેનું જીવન ઉત્તરોત્તર ગૂંચવણભર્યું બનતું જતું હતું. કોણ કોને આધાર આપે એ જ કોયડો હતો! ગમે તે થાય પણ દુર્યોધનને જાળવી લેવો એ મારી ફરજ હતી.

એને પ્રસન્ન રાખવા મૃગયા, જલવિહાર, રથદોડ, સ્પર્ધા, દ્યુતક્રિડા વગેરેનો હું આશ્રય લેતો. જોકે દ્યુત પ્રત્યે મને સખત નફરત હતી. આ રમતમાં શકુનિમામા કાબેલ હતા. બંને મામાભાણેજ કલાકો સુધી જુગાર રમવા બેસતાં. એ ખડખડતા પાસાની નીરસ રમતમાં મારી ક્યારેય ચાંચ ખૂંચતી નહિ. એમાં મન પણ લાગતું નહિ.

કેવળ દુર્યોધનના આગ્રહને વશ થઈ એનાં બાજુમાં બેસી એ કંટાળાજનક રમતને નીરસતાથી નિહાળતો. જુગારની ચોપાટને જોઈ મને થતું કે મારું સઘળું જીવન આ ચોપાટ જેવું જ છે! ઊભાઆડા ચાર પટ્ટા! એ પટ્ટા પર વંચનાના, અવમાનના અને અવહેલનાના અસંખ્ય ખૂણા!!

એક દિવસ મેં જોયું કે રમતમાં દુર્યોધનનાં લગભગ તમામ શોગટાં માર્યાં ગયાં. એક પણ પાસો મનમાન્યો પડ્યો નહિ. સઘળા પાસા શકુનિમામાને અનુકૂળ પડતા હતા! આથી રોષે ભરાઈને દુર્યોધને ચોપાટ ઊંધી વાળી દીધી!

એની સામે જોઈને હસતાંહસતાં મામા બોલ્યા, 'મૂર્ખ, આ ચોપાટ આમ ઊંધી વળાય નહિ. તું ધારે તો આ ચોપાટથી પાંડવોને ભોંયભેગા કરી શકે તેમ છો!'

'એ કેવી રીતે? આ પર્વત જેવા ભીમને આ બે હાથનું ચોપાટ અને આ પાંચ તુચ્છ પાસા કેવી રીતે ભોંયભેગો કરી દે?'

ઝીણી આંખોને વધુ ઝીણી કરીને કાળી દાઢીના કેશ પર કાળી આંગળીઓ ફેરવતાં સહેજ શ્વાસ રોકીને મામા બોલ્યા, 'રાજન્, કદાવર ગજરાજને કેવળ થોડા અંકુશથી કેવો વશમાં લઈ શકાય છે? આ પાસા પાંચ પાંડવોને એક ચપટીમાં ચોળી નાખશે!'

'મામા, હું આજ સુધી તમને બુદ્ધિમાન સમજતો હતો પણ આજ મને તમારી બુદ્ધિ પર સંદેહ જાગે છે!' એમની કપટલીલાને ન સમજી શકનાર દુર્યોધને એમને જણાવ્યું.

'ભ્રાંતિમાનને દુનિયા ચારેબાજુથી ભ્રામક જ દેખાય. તું પણ એવો જ છો! દ્રૌપદીએ કરેલા અપમાનથી ભ્રમિત થયેલાં તેં અનેક રાત્રિઓ અનિદ્રામાં વિતાવી છે.' એનો એક એક શબ્દ વેધક હતો.

'મામા, મેં એમાં ખોટું શું કહ્યું? જુગારની આ ચોપાટમાં તમે અડગ પર્વત સમાન

પાંચ પાંડવોને ફસાવવાનું અકલ્પનીય સ્વપ્ન કઈ રીતે જોઈ શકો છો?'

'આ ચોપાટમાં કેવળ પાંચ પાંડવો જ નહિ, પરંતુ એમની પ્રાણપ્રિય પાંચાલી અને રાજમાતા કુંતીદેવી સહિત સૌને હું ફસાવી શકું તેમ છું! જેનામાં આવાં સાહસભર્યાં સ્વપ્નો જોવાની દૃષ્ટિ છે અને જે પોતાના પ્રત્યેક સ્વપ્નને સાકાર કરવા મથે છે તે જ સાચો વીર છે!'

'પણ આ બધું કઈ રીતે શક્ય બને? સ્વપ્ન અને સત્ય વચ્ચે આસમાન-જમીન જેટલું અંતર છે અને કોઈપણ વીરનાં તમામ સ્વપ્નો કદી સાકાર થયાં છે ખરાં?'

'તું રાજા છો પણ તારામાં રાજા તરીકે માણસ પારખવાની દૃષ્ટિ નથી. નહિતર તને સ્પષ્ટપણે સમજાત કે કોઈપણ વ્યસન ભલભલા બુદ્ધિમાનને પણ અધઃપતનની ગર્તામાં ધકેલી શકે છે!'

'વ્યસન? કોનામાં છે વ્યસન? કયું વ્યસન?'

'યુવરાજ યુધિષ્ઠિરમાં? જુગાર ખેલવાનું!'

'એથી આપણને શો ફાયદો?'

'રાજા, એક વાર.. ફક્ત એક વાર તારા યુધિષ્ઠિરને શકુનિમામા સાથે જુગાર ખેલવા બોલાવી લાવ! આજે તું મનથી દુખી છો, મનની સમતુલા ખોઈ બેઠો છો. એના કરતાં પણ વધુ એમનાં મનની સમતુલા હું ખોઈ બતાવીશ!'

'મામા, તમે કેવી બાલીશ વાત કરો છો? હવે ફરીથી આ હસ્તિનાપુરમાં આવે એટલા તેઓ મૂરખ નથી!'

'તેઓ જાતે કદી નહીં આવે, પરંતુ તેઓને અહીં ઘસડી લાવવામાં જ આપણી કુશળતા છે! દરમાંનો સાપ સરળતાથી બહાર ન નીકળે ત્યારે દરમાં આગ લગાડવી પડે છે.'

'એમને અહીં ખેંચી લાવવા માટે કઈ આગ લગાડશો તમે?'

'યજ્ઞની! અહીં તેઓ એક પણ નિમિત્તે ન આવે પણ ધાર્મિક વિધિ નિમિત્તે જરૂર આવ્યા વગર રહેશે નહિ. એમનું ઉપનામ "ધર્મ" છે. યાદ છે ને?'

'યજ્ઞ?' ભવાં સંકોરતાં દુર્યોધન બોલ્યો.

'હા, યજ્ઞ! રાજસૂય યજ્ઞ કરતાંય ભવ્ય યજ્ઞ! અમાત્ય વૃષવર્માને બોલાવીને આજે જ સૌને આમંત્રણ મોકલ!' હાથમાંના પાસાને ખખડાવતાં મામા બોલ્યા. મને એમના હાથમાંના પાસા મૃત માણસની આંખની કીકીઓ જેવા ભયાનક લાગ્યા. એમની પ્રત્યેક યોજનામાં પુરુષાર્થનો અભાવ હતો. મેં એમની વાતચીત ધ્યાનથી સાંભળી હતી, પરંતુ એમાં મને રાજકારણને નામે કેવળ કપટની દુર્ગંધ આવતાં જ મેં ઉગ્ર વિરોધ કરતાં કહ્યું, 'મામા, તમે તમારી જાતને સુબલરાજ કહેવરાવો છો! જે હાથમાં ખડ્ગ લઈ શત્રુને સમરાંગણમાં ધૂળ ચાટતો કરી દે એ જ હાથમાં આ પાસાંઓ લઈ તમે નિયતિનો ફાંસો પાંડવોના ગળે નાખવા માગો છો! એ આપણે માટે શોભાસ્પદ નથી!'

'કર્ણ, રાજકારણ એ તારો વિષય નથી! રાજકારણ કેવળ બાહુબળથી કે સજ્જતાથી કદી ચાલતું નથી. તે બુદ્ધિચાતુર્યથી ચાલે છે! ઘોર અરણ્યનો નાશ કરવા તારા જેવો ભલોભોળો, સરળ વીર હાથમાં પરશુ લઈ જિંદગી આખી એકલો ગાંડાની જેમ દોડ્યા કરે, પણ... પણ મારા જેવી વ્યક્તિ એક જ ચિનગારીથી એને ભસ્મીભૂત કરી દે! ચાલ, આઠ

દિશાનાં નામ પર આઠ દાણા પાડ.' એમ કહીને એમણે હાથમાંના પાસા ખખડાવ્યા અને ચોપાટ નજીક ફેંક્યા. અચૂક આઠ દાણા પડતાં જ એકદમ છલાંગ મારીને તેઓ મોટેથી બોલ્યા, 'આમ જો. આઠ એટલે આઠ જ!'

હું ઊઠીને બહાર ચાલ્યો ગયો. મારા જીવનમાં મેં જાતજાતના માણસો જોયા હતા, પણ મામા તો કોઈ જુદી જ માટીના હતા! વિચાર કરતો કરતો હું વૃષાલીના ભવનમાં આવ્યો. અંદર દાખલ થતાં જ વૃષસેન અને સુષેણ મને કમરે વીંટળાઈ વળ્યા. નાનો વૃષકેત તોતડી ભાષામાં 'તા...ત' કહેતો મારી તરફ ભાંખોડિયા ભરતો આવ્યો. એ ત્રણેને જોતાંવેંત મામા અને એમનું રાજકારણ ક્યાંય ખોવાઈ ગયાં.

આઠ

'અંગરાજ, વદ ચૌદસનો દિવસ યજ્ઞ માટે નક્કી કરવામાં આવ્યો છે.' મારા ભવનમાં કદીયે ન પ્રવેશનાર અમાત્યે જાતે આવીને મને જણાવ્યું. આથી હું નવાઈ પામી ગયો.

'વદ ચૌદસ?' માથે અમાસ લઈને દુર્યોધન યજ્ઞ કરશે?

'હા. મામાએ નક્કી કરેલો આ દિવસ છે. હવે એક પણ નિમિત્ત એને બદલાવી શકે તેમ નથી.'

'મામાએ? યજ્ઞના યજમાન કોણ છે?'

'મામા જ. યજ્ઞ પ્રસંગ નિર્વિઘ્ને પાર પડે તે માટે તે દિવસે વહેલી સવારે ગંગાકિનારે પાણીમાં ઊભા રહી અર્ઘ્ય અર્પણ કરી સૂર્યની આરાધના તમારે કરવી એવી મહારાજે આપને વિનંતી કરી છે. એ કહેવા હું સ્વયં આપની પાસે આવ્યો છું. એ જવા ઊભા થયા ત્યાં એમને જ શોધતો એક સેવક અતલસ ઢાંકેલો એક સોનાનો થાળ લઈને અંદર આવ્યો. પ્રણામ કરી એણે તે થાળ અમારી સામે પડેલી સીસમની બેઠક પર મૂક્યો.

'આ શું છે?' ભવાં ઊંચાં કરીને અમાત્યે પૂછ્યું.

'ઇન્દ્રપ્રસ્થમાંથી એક દૂત આ થાળ લઈને અહીં આવ્યો છે. એ બહાર અતિથિગૃહમાં પ્રતીક્ષા કરી રહ્યો છે.'

અમાત્યે થાળ પરનું અતલસ વસ્ત્ર દૂર કર્યું. એમાં એક સુવર્ણ મુગટ અને સોને મઢેલી ગદા હતી!

આ બંને વસ્તુ દુર્યોધનની હતી. એ જોતાં જ મારી સ્મૃતિની કીડીઓ સળવળી ઊઠી. ઘટનાની લાલકાળી કીડીઓ ફરવા લાગી! તળાવમાં ડૂબકા ખાતો દુર્યોધન! પરાગરજની માયાવી રંગોળી! 'અંધપિતાના પુત્ર અંધ જ હોય' એ ઉક્તિ વગેરે ઘટનાઓના ત્રૂટક ત્રૂટક દશ્યો આંખ સામે તરવરવાં લાગ્યાં.

'અમાત્ય, દુર્યોધનના વસ્ત્રાગારમાં પડેલાં વસ્ત્રોમાંથી સૌથી મોટું ઉત્તરીય અને અધરીય શોધી કાઢી એને આ થાળમાં મૂકી ઇન્દ્રપ્રસ્થ પાછાં મોકલી આપો! મેં અમાત્યને ઉચિત આદેશ આપ્યો. ભીમનાં વસ્ત્રો આ થાળ સિવાય અન્ય કયા થાળમાં પાછાં મોકલાય?

સેવકે થાળ ઊંચક્યો અને અમાત્યને અનુસર્યો. થાળમાંના મુગટને જોઈ મારા મનનું ચિત્ર પક્ષી પોતાની ચાંચથી ઘટનાના વિવિધ રંગી પીંછાં ખેંચવાં લાગ્યું.

શિશુપાલનો હૃદયવિદારક અંત આવ્યો હતો તે જ દિવસે મેં મારો મુગટ દુર્યોધનના મસ્તક પર મૂક્યો હતો, પણ પાછા વળતી વખતે મારા મસ્તક પર પણ મુગટ હતો. એ કોણે મૂક્યો હતો? ક્યારે મૂક્યો હતો? એનો આકાર શ્રીકૃષ્ણના મુગટાકાર જેવો કઈ રીતે હોઈ શકે? આ પ્રશ્નો મને સતત મૂંઝવતા રહ્યા.

અલંકારગૃહમાં જઈ સાચવીને મૂકેલા એ મુગટને મેં હાથમાં લીધો. એના પર ચડેલી ધૂળને મારા ઉત્તરીય વડે હળવેકથી દૂર કરી. એ નકશીદાર મુગટ પર હાથ ફેરવતાં એક અજ્ઞાત સંવેદનાની ધ્રુજારી મારાં રોમેરોમમાં ફરી વળી. મને મતિમૂઢ કરનાર આ મુગટ પાછળ શું રહસ્ય હશે? ફરી ફરી પ્રશ્નોના પથ્થરને મનની ભૃશુંડી પર ચડાવી જોયા, પરંતુ વિફળ ગયા! આમ જોવા જઈએ તો આખું જીવન જ રહસ્યમય છે ને! આપણી આસપાસ કેટકેટલાં રહસ્યો છુપાયેલાં છે! એમાંનું એકાદ રહસ્ય માનવમનને ખળભળાવી મૂકે છે, અસ્વસ્થ કરી મૂકે છે! એને શોધવા મન અવિરત પ્રયત્ન કર્યે જ જાય છે!

મેં મુગટ હળવેકથી અલંકારગૃહની પેટી પર મૂકી દીધો. ઉત્સુકતા શેવાળ જેવી છે. મનના જળાશયમાંના એકાદ ઘટનાના ખડકની આસપાસ તે ચોંટી જાય છે! એને ઉખેડવાનો એક જ ઉપાય છે કે પેલા ખડકને ત્યાંથી હટાવી દેવો! એ જ નિશ્ચયથી મેં મુગટને મારી આંખોથી અળગો કરી દીધો! અલંકારગૃહનું દ્વાર વાસી દીધું!

નવ

દુર્યોધન યજ્ઞની તૈયારીમાં વ્યસ્ત હતો. હસ્તિનાપુરના સેવકો આસપાસનાં રાજ્યોમાંથી યજ્ઞને આવશ્યક સામગ્રી એકઠી કરવા લાગ્યા. દુર્યોધને દુઃશાસનને મગધ શા માટે મોકલ્યો હતો તેની કોઈને જાણ નહોતી. ઉપરાંત રાજમહેલની કેટલીક ખાનગી વાતોથી હું પણ અજાણ હતો.

પંદર દિવસે દુઃશાસન મગધની રાજનગરીમાંથી પાછો ફર્યો. એને જોઈને મેં પૂછ્યું કે એ શા માટે મગધ ગયો હતો, પરંતુ તેણે 'યજ્ઞની તૈયારી માટે' એવો સંદિગ્ધ જવાબ આપ્યો અને કુશળતાથી વાતને વાળી લીધી. દુર્યોધનની યજ્ઞ કરવાની ઇચ્છા જાણી મને ખરેખર આનંદ થવો જોઈતો હતો પણ થતો નહોતો. આ યજ્ઞમાં તે પોતાની સંપત્તિનું પ્રદર્શન કરવાનો હતો. સંપત્તિ એ જીવનનું અતિ આવશ્યક અંગ છે પણ લાગે છે કે એનું પ્રદર્શન કરવાથી શો લાભ? એમાં વળી મામા, એ પ્રદર્શનમાં જુગાર ખેલવાના હતા. એ સમાચાર અતિ દુઃખદ હતાં.

દુર્યોધન મામાની પ્રત્યેક યોજનાનો શિકાર બનતો જતો હતો. એ જોઈ મારી સ્થિતિ કફોડી થઈ ગઈ. મિત્રને નાતે મેં એને સતત સાથ આપવાનું વચન આપ્યું હતું. વૈભવકાળમાં સ્તુતિ કરનારા સંકટ સમયે મૌન ધારણ કરે એ સાચો મિત્ર ન કહેવાય. હું દુર્યોધનનો જિગરજાન મિત્ર હતો. મામાની યોજના પાછળ રહેલી મલીનતા તરફ એનું ધ્યાન દોરવું શું એ મારું કર્તવ્ય નથી?

પાંડવોને ગીચ વનપ્રદેશ-ખાંડવવન રાજ્ય તરીકે આપવાની કલ્પના પણ મામાની જ હતી ને! આજે યજ્ઞનો મણિધર પણ એમણે જ દુર્યોધનના ભેજામાં ઘુસાડ્યો હતો.

ભાવવિવશ દુર્યોધનને ખરે ટાણે સાવધ કરવાના હેતુથી હું એક દિવસ એના ભવનમાં ગયો.

મને થયું કે એકલો હશે પણ મારી કલ્પના ખોટી પડી. ત્યાં યુવરાજ્ઞી દુઃશલાને બેઠેલી જોઈ. મને જોઈને તે ઊભી થઈ ગઈ. તે છાનીમાની તીરછી નજરે કદાચ મારા કાન તરફ જોતી હતી. એનાં નયનકટાક્ષે મને અસ્વસ્થ કરી મૂક્યો. સાચે જ મને મારાં કુંડળ પ્રત્યે નફરત જન્મી! ચાલીસ વર્ષથી એ મારા કાન સાથે ચોંટેલાં હતાં, પણ શા માટે તે હજી સુધી મને સમજાયું નથી. સૌનું ધ્યાન નાહકનું એના તરફ ખેંચાતું હતું.

હું દુઃશલાને દેખાઉં નહિ એ રીતે એક વિશાળ થાંભલાને અઢેલીને એક બેઠક પર મેં સ્થાન લીધું! ચાલાક દુર્યોધને મારી અસ્વસ્થતા પારખી લીધી અને દુઃશલાને કહ્યું, 'દુઃશાસનને ઝટ મોકલ.' એમ કહીને તેને ત્યાંથી દૂર કરી.

નત મસ્તકે તે બહાર ગઈ કે તરત જ મેં મુખ્ય વાતનો દોર પકડ્યો. 'રાજા, તને તારા પરાક્રમ પર વિશ્વાસ છે?'

'કર્ણ, પરાક્રમ એ જ ક્ષત્રિયનું જીવન છે! અને હું ક્ષત્રિય છું. આમ પૂછવાનું કંઈ કારણ?'

'તો પછી કોઈપણ યોજના પાર પાડવા તું પરાક્રમનો માર્ગ કેમ સ્વીકારતો નથી?'

'બધી જ યોજના કેવળ પરાક્રમોથી પાર પાડી શકાતી નથી માટે અને રાજકારણ એ પણ એક પરાક્રમ જ છે!' મારા પ્રશ્નનું હાર્દ સમજીને એણે ઉત્તર આપ્યો.

'રાજકારણ એ પરાક્રમ કેવું?'

'બુદ્ધિનું!' પોતાના હાથમાંના પાસા ખખડાવતાં કહ્યું.

'આપણા માટે આવાં પરાક્રમો તને શોભાસ્પદ લાગે છે ખરાં?'

'કેમ નહિ? શું પરાક્રમી જરાસંધને શ્રીકૃષ્ણે કેવળ બાહુબળથી માર્યો હતો એમ તું માને છે? રાજકારણ એટલે નાકની સરળ ગતિએ સીધું જનારું સૂચિ બાણ નથી. એ પરિસ્થિતિ પ્રમાણે વાંકીચૂકી ચાલે ચાલતું જીહ્મ બાણ છે! અને જેને તું પરાક્રમ, પરાક્રમ કહે છે એનો ખ્યાલ પાંડવોએ ક્યારે અને ક્યાં રાખ્યો છે?'

'શું કર્યું તેઓએ?'

'શું કર્યું નથી? હું અને દુઃશાસન સહિત મારા બધા ભાઈઓ સાથે તેઓએ બાલ્યાવસ્થાથી જ ઉપેક્ષિત સેવકથી વધુ કયો સારો વ્યવહાર રાખ્યો છે? મારી વાત જવા દે પણ તારા પોતાના થયેલા અપમાનને તું શું ભૂલી શક્યો છે? અખાડામાં ભીમે મારેલા શબ્દોના નિર્દય કોરડા તારી પીઠ પરથી હજી રુઝાયા છે? દ્રૌપદીનાં વિષબાણ તું ભૂલી ગયો? અંગમાં પરાક્રમ ઊછળતું હોવા છતાં તું એમના હૃદયશૂન્ય વ્યવહારની પ્રતિશોધ કેમ કરતો નથી? બોલ, પરાક્રમ એ જ જીવનનું સૂત્ર હોય તો તું કેમ સ્વસ્થ છે? સ્વયંવર મંડપ જેવા મંગલ સ્થાનમાં તારા પુત્રની ક્રૂર હત્યા કરનાર પ્રતિ પ્રતિશોધ...'

'પ્રતિશોધ! પ્રતિશોધ! તારા મનમાં આવી કેવી ભાવના જાગી છે એ જ મને સમજાતું નથી.'

'પ્રતિશોધ એ કોઈપણ માનવીના મનની મૂળ ભાવના ક્યારેય હોતી નથી! અપમાનિત મનની તે કેવળ પ્રતિક્રિયા હોય છે! કોઈએ કોઈના સ્વમાનને ઠેસ પહોંચાડવી જોઈએ નહિ

અને ઠેસ પહોંચાડે તો પ્રતિશોધના આઘાતથી ક્યારેય વિહ્વળ થવું જોઈએ નહિ. છેલ્લાં પચ્ચીસ વર્ષથી મારું મન કેમ આવું થઈ ગયું છે? એનો કદી કોઈએ વિચાર કર્યો છે ખરો? અસંખ્ય સેવકો અને સૈનિકોથી ઊભરાતા વૈભવી મહેલમાં દુર્યોધન ઉપેક્ષિત જ છે ને! જેમને મેં જીવનભર પૂજ્ય ગણ્યા એ પિતામહે પણ પાંડવોના યજ્ઞકુંડમાં પશુની ગણતરી કરવાનું કહી મને પશુથીયે નીચો ગણ્યો છે. બોલ, રાધેય, આ બધું હું કઈ રીતે ભૂલું?'

'ભૂલવાનો પ્રયત્ન તારે કરવો જ જોઈએ! બધા બનાવોને મનમાં ભરી રાખીને જીવીશ તો ગાંડો થઈ જઈશ.'

'કર્ણ, ઉપદેશ દેવો સહેલો છે, આચરણમાં મૂકવો કઠીન છે. તારાં વહાલાં કવચકુંડળના સોગંદ ખાઈને તું મને કહે કે સૌએ તને ગાઈવજાડીને 'સૂતપુત્ર, સૂતપુત્ર' કહીને તને જે આઘાત પહોંચાડ્યો તેને તું સાવ ભૂલી ગયો છે? કહે!'

એણે મને નિરુત્તર કરી દીધો. મારા દેહની ગુફામાં ક્યાંક સુપ્ત પ્રસંગોની સ્મૃતિનો વનરાજ એના શબ્દોથી ખળભળી ઊઠ્યો. દુર્યોધન સિવાય ખરેખર કોઈએ મને હૃદયથી પ્રેમ નથી આપ્યો. સૌએ મારો સ્વાર્થે ઉપયોગ કરી સામા તિરસ્કારનાં બસ્તિક બાણ જીભની કમાન પર ચડાવી મારી તરફ ચારેબાજુથી ફેંક્યાં નહોતાં? હું યોદ્ધો છું, ધનુર્ધર છું, અંગરાજ છું, મને કવચકુંડળ છે. મારું અભિમાન શું ખોટું હતું? સૌને ઠેબે ચડેલા મને કેવળ દુર્યોધને મીઠો આવકાર આપ્યો. હું સારથિથી શું અધિક નહોતો? પર્ણકુટીમાં ઊછરવાને લીધે કુશળ રાજકારણના દાવપેચ મને અવગત નહોતા? કદાચ દુર્યોધન જે કરે છે તે ઠીક જ હશે! એને ઉપદેશ આપવાનો મને શો અધિકાર હતો. મારા જેવો સૂતપુત્ર અપમાનના કડવા ઘૂંટ પચાવી શકે પણ દુર્યોધન જેવો રાજા કદી પચાવી શકે નહિ! ખરેખર સારથિનું મન અશ્વ જેવું હોય છે, ગમે તે એની પીઠ પર ચાબુક ફટકારી શકે.

'હું જાઉં છું.' કહીને હું ઊઠ્યો. મને કંઈ સૂઝતું નહોતું.

'ગુસ્સો ચડ્યો? બેસ.' એમ કહીને મારો હાથ પકડી બળપૂર્વક એણે મને ફરી બેસાડ્યો. બે ઘડી હાથમાંનાં પાસાંઓને જોઈને તે ગંભીરતાથી બોલ્યો, 'સૌ મને અવિચારી અને ક્રૂર ગણે છે! તને પણ હું એવો જ લાગું છું? કહે!'

'નહિ! તું કુરુકુળનો જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ યુવરાજ છો. તારા હિત-અહિતની વાત તું ચોક્કસપણે જાણતો જ હોય પણ મિત્ર તરીકે મારે તારું ધ્યાન દોરવાની ફરજ છે કે શકુનિમામાની કોઈપણ યોજનાને સ્વીકારતાં પહેલાં તારી સ્વતંત્ર બુદ્ધિથી એક વાર ફરી વ્યવસ્થિત વિચાર કરજે.'

પોતાના હાથમાંના પાસા મારા હાથમાં દેતાં તેણે કહ્યું, 'થોડા જ દિવસોમાં આ પાસા તારા અને મારા કરતાં કેટલા પરાક્રમી છે એ તું જોઈશ! મામા જેવા માણસને મેં મારા રાજદરબારમાં મૂક્યા છે એ કેવળ અહિચ્છત્ર[1]નો પ્રવાસ નથી એ તને ત્યારે સમજાશે.'

'ગમે તે થાય પણ આ જુગાર ખેલવાની યોજના મને સહેજે પસંદ નથી!' મેં હાથમાંથી પાસા સામેની સુંવાળી સેજ પર ફેંક્યા! ઘણી વાર સુધી એ પાસા આમતેમ ગબડતા રહી છેવટે સ્થિર થઈ ગયા. મારી તરફ અને પાસા તરફ ફાટી આંખે જોતાં તેણે

૧. અહિચ્છત્ર દેશની રાજધાની (ઉત્તર ભારતમાંનો દેશ, પ્રસન્નપુર, રામનગર)

એને સલુકાઈથી ઊંચકી લીધા. એની માંજરી આંખોનો રંગ બદલાયો. તે મારી સામે એકીટશે જોઈને બોલ્યો, 'તું જુગાર નથી રમતો એ હું જાણું છું... પણ ફક્ત એક વાર મારે ખાતર ફરી આ પાસા ફેંક. મનમાં કોઈપણ આંકડો ધાર અને પાસા ફેંક.'

એણે ફરી મારા હાથમાં પાસા દીધા! મને એની વિચિત્ર ધૂન અને જિદ્દી સ્વભાવ પર ચીડ ચડી. મને જુગાર પ્રત્યે સખત નફરત હતી છતાં એ જીદ કરીને મને રમાડતો જ રહેશે! પાસા હાથમાં લેતાં મારા મનમાં વિચાર આવ્યો કે દોડીને અટારીમાં જાઉં અને આ પાસાને સીધા નીચે ફેંકી દઉં.

મારા બંને હાથ હલાવીને તે બોલ્યો, 'મૂઢની જેમ કેમ બેઠો છે? આંકડો ધાર અને પાસા ફેંક. તું કેટલો નસીબદાર છો તે આ એક માત્ર દાવમાં નક્કી થઈ જશે!'

'નસીબ, નસીબ! આ પાસા જો મને નસીબદાર બનાવી દેતા હોય તો હું એકલો આ નસીબ સામે અડગપણે ઊભો રહી કહું છું કે હું "એક" જ અંકનો દાવ લગાવું છું.' અને 'એક' બોલીને મેં જોરથી પાસા ફેંક્યા. ક્યાંય સુધી પાસા આમતેમ ગબડતા રહ્યા અને છેવટે સ્થિર થયા! દાણા પડ્યા પણ તે 'એક' નહોતો, પાંચ હતા!

આ દાણાથી દુર્યોધન હરખઘેલો થવાને બદલે શૂન્યમનસ્ક થઈ ગયો. પાસા સામે ટગરટગર જોવા લાગ્યો. એ કોઈનાં હાડકાં જાણે શોધી રહ્યો હતો! એના સંકુચિત માનસ પર માછીમારની જાળની જેમ સ્મૃતિની ગીચ જાળ પથરાઈ ગઈ! નાકના ટેરવા પર પ્રસ્વેદનાં તગતગતાં ચાર બિંદુ તરવરી ઊઠ્યાં. આસન પરથી ઊઠી હાથ પાછળ કરી એ અટારી તરફ ગયો અને દૂર દૂર ક્ષિતિજ ભણી જોતો રહ્યો. એને કંઈક કહેવું જોઈએ એમ વિચારી હું ઊભો થવા ગયો ત્યાં એ જ પાછો વળ્યો. ઝીણી આંખ કરીને એણે મને એક અસંબદ્ધ પ્રશ્ન પૂછ્યો, 'કર્ણ, તારા અને જરાસંધ વચ્ચે કદી દ્વન્દ્વયુદ્ધ થયું હતું?'

'હા!' મેં જવાબ આપ્યો. થોડી વાર પહેલાં પાસા પર ભાગ્ય ઘડનારો બીજી ક્ષણે દ્વન્દ્વયુદ્ધ વિશે કેમ પૂછે છે? હું વિમાસણમાં પડી ગયો. આવા અસંગત પ્રશ્નો અવારનવાર પૂછવાની એને ટેવ છે એ એની સાથેની મૈત્રીને કારણે હું જાણતો હતો.

'આ દ્વન્દ્વયુદ્ધમાં તેં જરાસંધને કદી જીવતદાન આપ્યું હતું? તારા બાહુકંટક દાવમાંથી તેં એને મુક્ત કર્યો હતો?'

'હા! કલિંગ રાજ્યમાં આપણે જ્યારે મહારાણી ભાનુમતિના સ્વયંવર પ્રસંગે ગયા હતા ત્યારે તેં કન્યાનું હરણ કર્યું હતું. તે પછી શું બન્યું હતું એની તને ખબર નથી. ક્રોધે ભરાયેલો જરાસંધ મારી સાથે દ્વન્દ્વયુદ્ધ કરવા આવ્યો. આ દ્વન્દ્વયુદ્ધમાં એનો પ્રાણ મારા બાહુકંટકમાં ફસાયેલો હતો ત્યારે એણે મારી પાસે જીવતદાન માગ્યું હતું. આથી મેં એને જીવતો છોડ્યો હતો!'

'કર્ણ, હું પણ તારી પાસે કંઈ માગું તો તું દેવામાં આનાકાની નહિ કરેને?' એણે આંખો ઝીણી કરીને મને પૂછ્યું.

'જુગાર ખેલવા સિવાય ગમે તે માગ! મારું સર્વસ્વ જીવન તારે માટે છે.'

'તું જુગાર નહિ ખેલતો એ જ હું માગું છું! એટલું જ નહિ યજ્ઞના દિવસે રાજદરબારમાં જ્યારે જુગાર ખેલાય ત્યારે તું ત્યાં બેસતો નહિ! હાજર રહેતો નહિ! અને કદાચ હાજર રહે તો તું વચમાં એકપણ શબ્દ બોલતો નહિ!'

'બસ આટલું જ! તારા મનનું સમાધાન થતું હોય તો તારી જુગારની રમત ચાલતી હશે ત્યાં સુધી હું કંઈ જ નહિ બોલું.' હું જવા માટે ઊભો થયો એટલામાં દુઃશાસન આવ્યો! અમારી સામેના આસન પર પડેલા પાસાઓને આવતાંની સાથમાં એણે એવી રીતે ઉઠાવ્યા જાણે એ સોનામહોર ન હોય! દુર્યોધનના હાથમાં દેતાં તે બોલ્યો, 'આવા મૂલ્યવાન પાસાઓને આમ કોણે ફેંક્યા? તમે મને ફરી મગધના આંટાફેરા કરવા માગો છે કે શું?'

સાંભળીને થયું કે દુઃશાસન આ પાસા લેવા જ મગધ દેશ ગયો હતો એમ જ ને!! આટલે દૂર સુધી પાસા લેવા જવા પાછળ શું રહસ્ય હશે? એ તો એ બે જાણે! મને જાણવાની પડી પણ નહોતી.

દસ

દેખીતી રીતે દુર્યોધનની યજ્ઞયોજનામાં કંઈ અજુગતું ન હતું. ધાર્મિકવિધિને સૌ સમર્થન આપે, પરંતુ યજ્ઞના યજમાન તરીકે શકુનિમામાની પસંદગી? અરે, આ કંઈ યોગ્ય કહેવાય? મારી ઇચ્છા શ્રીકૃષ્ણને યજમાન બનાવવાની હતી. જો ગુરુદેવ વિદુરને દ્વારિકા મોકલ્યા હોત તો શ્રીકૃષ્ણને ના પાડવાનો પ્રશ્ન જ ઊભો થાત નહિ. એમણે આમંત્રણ જરૂર સ્વીકાર્યું હોત. પણ મામાને યજમાન બનાવીને દુર્યોધને કુરુરાજ્યની નૌકાનું સુકાન મામાના હાથમાં સોંપી દીધું! હવે એ જે દિશા નક્કી કરે એ જ કુરુની દિશા ગણવાની હતી! મારું જીવન નૌકાની સઢ સમાન હતું! સઢ વચ્ચે હોય તોપણ એને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ન હોય! પરિસ્થિતિ રૂપ હવાના ઝોંકા સાથે ડોલવાનું! નકારસૂચક માથું ધુમાવી નૌકા સાથે ચાલવાનું! હું દુર્યોધનને છોડી શકતો નહોતો તેમ એની પ્રત્યેક યોજનાને સાથ પણ આપી શકું તેમ નહોતો!

પાંડવોના વધતા જતા સામર્થ્યથી દુર્યોધન ભયથી હલબલી ગયો હતો. અવારનવાર રાજદરબાર ભરી મહારાજ ધૃતરાષ્ટ્ર સમક્ષ એ એક જ પ્રશ્ન પર વિચારવિમર્શ કરતો. પ્રશ્ન એ હતો કે પાંડવોના વધતા જતા સામર્થ્યને કઈ રીતે ખાળી શકાય? આખો દિવસ એ જ વિચારમાં તે અનેક વિનાશકારી અને હાસ્યાસ્પદ સ્વપ્નમાં રાચતો.

એક વાર રાજદરબારમાં એણે દ્રૌપદીને વશ કરવાની યોજના વિચારી ત્યારે એના રાજકીય નેતૃત્વ પર મને સખત નફરત ચડી! એનું કહેવું એમ હતું કે પાંચ પતિવાળી દ્રૌપદીના મનમાં પાંચેય માટે પરસ્પર વિરોધી મતભેદ ઊભા કરાવી અંદર અંદર લડાવી મારીએ! એ માટે એણે એક કુશળ દાસીને ઇન્દ્રપ્રસ્થ દોડાવી! એની કુટિલ નીતિથી તે પાંચે પાંડવ દ્રૌપદી માટે આપસઆપસમાં લડીને માથાં વધેરશે! છેવટે મારે કહેવું પડશે કે લૂખુંસૂકું ખાઈને જીવન વ્યતિત કરનારા ભિખારીઓની સાથે જે સ્ત્રી નિષ્ઠાપૂર્વક સંસાર નભાવે છે એ સ્ત્રી વૈભવશાળી રાજાઓ સાથે શું છળકપટ કરવાની? શકુનિમામા આવી અવિચારી કપટી યોજના રાજનીતિના મધુર નામે એને દેખાડવા લાગ્યા હતા. રાજદરબાર પૂરો થતાં મહારાજ ધૃતરાષ્ટ્રે મને પૂછ્યું, 'કર્ણ, પાંડવો વિશે તારો શો અભિપ્રાય છે?' આસપાસ બેઠેલાઓમાંથી ઘણાને એમ હતું કે હું પણ મામાની જેમ બુદ્ધિ લડાવીને કોઈ આશ્ચર્યકારી યોજના રજૂ કરીશ. એથી સૌ ચકિત થઈ જશે, પરંતુ તેઓ કર્ણને સાચા સ્વરૂપમાં ઓળખતા નહોતા! કુટિલ કારસ્તાન કે કપટી રાજનીતિ કર્ણના લોહીમાં નહોતી.

એ સભામાં બેઠેલા યોદ્ધાઓ શું જાણે? એનો મને ખેદ પણ હતો. પાંડવોનો પ્રશ્ન કાયમ માટે હલ થઈ જાય એ હેતુથી મેં સભાને સંબોધતાં કહ્યું, 'પાંડવો સાથે વેર વધારવામાં કુરુનું કલ્યાણ નથી. પિતામહના આ વિચાર સાથે હું સંપૂર્ણ સહમત છું. વેર એ જીવનનો મંત્ર કદી ન બની શકે, પરંતુ પાંડવોની વધતી જતી સામર્થી કુરુરાજ્ય માટે જોખમરૂપ છે એવો જો સૌને ભય હોય તો વિરાટરાજ દ્રુપદ પોતાનાં સૈન્ય સાથે પાંડવોને મળે તે પહેલાં જ આપણે ખુલ્લંખુલ્લા યુદ્ધનો સંદેશ મોકલી આપણે યુદ્ધ ઘોષિત કરીએ! સમરાંગણ નક્કી કરશે કે જીવવા લાયક કોણ છે? આ પ્રસ્તાવને સભામાંથી એક પણ યોદ્ધાનો ટેકો મળ્યો નહિ! પરંતુ ખરું પૂછો તો એક પિતામહ સિવાય કુરુના તમામ યોદ્ધાઓ પાંડવોથી ભારે ભયભીત હતા. એમનાં ખૂંખાર પરાક્રમોમાંથી જ ઘૃણાસ્પદ ષડ્યંત્રનો જન્મ થયો હતો! આ જોઈને મારું મન ભાંગી પડ્યું. ઘણી વાર ચાલતી સભાએ હું બહાર નીકળી જતો અને શોણને લઈને દૂર ગંગાકિનારે જઈ ચૂપચાપ બેસી રહેતો. પાણીમાં રહેલાં માછલાં પકડવાં સ્થિર ઊભેલા શ્વેત બગલાને જોઈ મને થતું કે કુરુસભા પણ આવા બગલાઓથી જ ભરેલી છે! એ સભામાં ભીષ્મ સિવાય એક પણ ગરુડ પક્ષી નથી એ જાણી હું ખિન્ન થઈ ગયો.

મારી આસપાસ બની રહેલી ઘટના મને સ્પષ્ટપણે દેખાતી હતી પણ એની ગેડ મનમાં બેસતી નહોતી. કુરુની રાજસભામાં દુર્યોધન સિવાય કોની પાસે મારું હૃદય ખોલું? અન્ય કોઈ મને સાચા દિલથી અંગરાજ તરીકે ક્યાં ગણતા હતા? દુર્યોધન પ્રત્યે મને આદરભાવ હતો. જોકે ઘણી વાર એની કેટલીક યોજના અને કેટલાક વિચાર સાથે મને તીવ્ર મતભેદ પણ હતો જ.

સૌથી વધુ દુર્ભાગ્યની વાત એ હતી કે દુર્યોધન કર્ણ નચાવે તેમ નાચે છે. એ સૌની માન્યતા હતી. કોઈએ ક્યારેય સમજવાનો પ્રયત્ન જ કર્યો નહોતો કે કર્ણ સાવ સામાન્ય સ્થિતિમાંથી આટલી ઊંચી પાયરીએ કઈ રીતે આવ્યો હતો! અન્યાયનાં અસહ્ય દુઃખો એણે વેઠ્યાં છે! અન્યાયની વેદના સહન કરનાર કદી અન્ય પર અન્યાયનું શસ્ત્ર ઉઠાવે ખરો? આથી જ દુર્યોધન અને મામાની યોજના પ્રત્યે મને સખત નફરત હતી. સાથે એ પણ એટલું જ સત્ય હતું કે હું મારી યોજના એમને ગળે ઉતારી શક્યો નહોતો. જોકે મારી યોજના કોઈ ગૂંચ ભરેલી નહોતી જ. સીધીસાદી સ્પષ્ટ! યુદ્ધ! વીરોને શોભા દેનારું, કીર્તિ વધારનારું છતાં એ વિશે વિચાર કરવાની તત્પરતા દુર્યોધનમાં નહોતી. બહારથી નજીક દેખાતાં માણસો ભીતરથી આત્મીય હોતાં નથી. પ્રત્યેક વ્યક્તિ એ વિભિન્ન વિચારધારા, યોજના અને ભાવનાઓનું અતિશય ગૂઢ એવું સ્વતંત્ર વિશ્વ છે!

મારી દૃષ્ટિએ મારું કર્તવ્ય એક જ હતું. એને યજ્ઞમાં બને એટલા મદદરૂપ થવું! ગમે કે ન ગમે તોપણ કર્તવ્ય નિભાવવું જ રહ્યું.

એક કુળમાં એક જ પ્રકારના યજ્ઞ બે વખત ન કરાય. એ હેતુથી સૌએ કુરુના યજ્ઞને 'મહાયાગ' એવું નામ આપ્યું!

યજ્ઞવિધિની સામગ્રીથી રાજમહેલનો ભંડાર ઊભરાઈ ગયો. દુર્યોધનના સહાયકો કામ પૂરું કરીને જ જંપે તેવા હતા. રાજમહેલની સામે પાંડવોના કરતાંય વિશાળ યજ્ઞમંડપ ઊભો કરવામાં આવ્યો હતો. શૌનક, ભૃગુ, ચ્યવન, કણ્વ વગેરે આદરણીય ઋષિમુનિઓને આમંત્રણ મોકલવામાં આવ્યાં હતાં. આસપાસના તમામ નરેશોને પણ આમંત્રણો પહોંચાડ્યાં હતાં.

વદ ચૌદસનો દિવસ ઊગ્યો! ઊગ્યો? ના રે! ઘેરાઈ ગયો! કારણ કે રોજ સવારે નયનરમ્ય દેખાતું આકાશ આજે ઘનઘોર વાદળોથી છવાઈ ગયું હતું. હું ખિન્ન થઈ ગયો. ક્યાંય ઉજાસ નહોતો! ચારેબાજુ કેવું ઘનઘોર ગમગીન વાતાવરણ હતું!

દુર્યોધને આદરેલ યજ્ઞ નિર્વિઘ્ને પૂરો થાય એ માટે ગંગાનાં પાણીમાં ઊભા રહી સૂર્યદેવને મારે અર્ઘ્ય અર્પણ કરવાનો હતો. યજ્ઞમાં પહેલું સમિધ હોમાય ત્યાં સુધી પાણીમાં જ ઊભા રહેવાનું મેં નક્કી કર્યું હતું.

આથી ગંગાકિનારે જવા હું મારા ભવનમાંથી બહાર નીકળ્યો. ભવનમાં વિષ્ણુના ગર્ભદ્વાર પાસે રોજ પરોઢિયે શોણની પત્ની મેઘમાલાને રંગોળી પૂરવાનો નિત્યક્રમ હતો પણ એ દિવસે રોજની જેમ એને રંગોળી પૂરવામાં મોડું થઈ ગયું હતું. નીચું જોઈને ઝટપટ રંગોળી કરતાં કરતાં ગણગણતી મેં એને જોઈ. મને આવતાં જોઈ એકદમ ચપળતાથી ઊઠી, પરંતુ ઉતાવળે ઊભા થવા જતાં એના હાથમાંથી રંગોળીની થાળી પડી ગઈ! એ થાળીમાંના અબીલ, ગુલાલ, કુમકુમ, હળદર ભેળસેળ થઈ ગયાં! હાથમાંથી થાળી પડી જતાં એને થયું કે અપશુકન થયાં. સ્ત્રીઓ ખરેખર શ્રદ્ધાળુ હોય છે. મેઘમાલા શરમાતી, સંકોચાતી એક પળ ઊભી રહી અને બીજી જ પળે નીચે નમી ફરી રંગોળી પાડવા લાગી. એને વ્યાકુળ બનેલી જોઈ હસતાં હસતાં મેં કહ્યું, 'આમ જ રહેવા દે રંગોળીને! આ શ્વેત રંગોની રંગોળી પર લાલ અને પીળાં રંગનાં છાંટણાં ખૂબ સુંદર દેખાય છે!' રંગોળીને એમ જ રહેવા દઈ એ ચૂપચાપ ખાલી થાળી લઈને ચાલતી થઈ. હું ક્યાંય સુધી વિખરાયેલા રંગોની છટાને જોઈ જ રહ્યો!

શ્વેત, પીત અને રક્તવર્ણી છટાને મનમાં સંભારતો હું રાજમહેલનાં પગથિયાં ઊતરવા લાગ્યો... પ્રત્યેક વ્યક્તિના જીવનમાં પણ આવાં જ પગથિયાં હોય છે! આ પગથિયાં માત્ર પ્રસંગોનાં પગલાં પાડવાં માટે જ તૈયાર કર્યાં હોય છે! ક્યારેક નિયતિ માનવીને આ પગથિયાં એક પછી એક ચડાવીને ધ્યેયના ઉચ્ચ શિખર સુધી પહોંચાડી દે છે તો ક્યારેક પ્રસંગોનાં પગથિયાં એક પછી એક રચીને એને અંધકારની ઊંડી ખીણમાં ધકેલી દે છે! હું તમામ પગથિયાં ઊતરીને નીચે પહોંચી ગયો!

રાજમહેલની સામેનું પટાંગણ આવ્યું. પટાંગણના તળાવમાં રોજની જેમ નીલ આકાશમાં તપી રહેલા સૂર્યદેવનું પ્રતિબિંબ દેખાયું નહિ! એમાં કેવળ યજ્ઞમંડપના ઘેરાં ભૂરાં વસ્ત્રોથી આચ્છાદિત છતનું પ્રતિબિંબ હતું! હા, કેટલાક રાજહંસ પોતાની ગ્રીવા ઊંચી કરીને એ તળાવના જળમાં વેગથી પ્રદક્ષિણા કરતા હતા. એ શુભ્રવર્ણા રાજહંસને જોઈ શકુનિમામા સાંભરી આવ્યા. જલમિશ્રિત દૂધમાંથી પોતાને જોઈએ તેટલું દૂધ રાજહંસ કેવી રીતે મેળવી લે છે એ એમણે મને અને અશ્વત્થામાને પ્રત્યક્ષપણે બતાવ્યું હતું! એ પ્રસંગ સાંભરી આવતાં મને થયું કે માનવ પણ રાજહંસ જેવો છે, માનવ પણ જીવનમાં પોતાને જે સારું-ખરાબ, શુભ-અશુભ લાગે એ જ સ્વીકારી લે છે!

એ પક્ષીઓ તરફ કૌતુકભરી નજર કરી હું રથશાળામાં ગયો. સત્યસેન રથશાળામાંના કુરુના રથ આઘાપાછા કરી મહેમાનોના રથ મૂકવા માટેની જગ્યાની વ્યવસ્થા કરતો હતો. મહાયાગ પ્રસંગે પુષ્કળ આમંત્રિતો આવવાના હતા.

મને જોઈને એ તરત જ મારી પાસે આવ્યો. મેં એને મારો રોજનો સફેદ અશ્વોનો

રથ જોડવા કહ્યું. થોડી વારમાં તે રથ લઈ ઉપસ્થિત થયો. હું રથમાં ચડ્યો કે તરત જ એણે હાથમાંની લગામ અશ્વની પીઠ પર અડાડતાં મને પૂછ્યું :

'રથ ક્યાં લઉં?'

'ગંગાકિનારે!' યજ્ઞમંડપની સજાવટને આખરી ઓપ આપતાં સેવકો સામે જોઈ મેં જવાબ આપ્યો.

આમ તો મારે નિત્ય નિયમ પ્રમાણે એકલાએ જ ગંગાકિનારે જવું જોઈતું હતું. સત્યસેનને મેં નાહકનો સાથે લીધો. હવે એને પાછો મોકલી દેવો એ ઠીક ન ગણાય! ઘણી વાર માણસ અકારણ ભૂલ કરી બેસે છે! એને સાથે લેવામાં મેં એવી જ ભૂલ કરી હતી.

હસ્તિનાપુરના માર્ગો નગરજનોથી છલકાતા હતા છતાં દરેકની ચાલમાં ચેતન નહોતું. કદાચ ઘેરાયેલા આકાશને લીધે મને એવું લાગતું હતું! એ દૃષ્ટિનો દોષ ગણાય! જેવું મન હોય તેવું જગત દેખાય.

રથ નગરની સીમા પાસે આવ્યો. ત્યાંથી ગંગા થોડે જ દૂરી રહી હતી. સત્યસેને સીમાનો પ્રવેશદ્વાર ઓળંગ્યો અને ગંગાનદી તરફ વળાંક લીધો. એટલામાં પશ્ચિમ દિશામાંથી દોડતો મટોડી રંગના અશ્વોનો એક રથ અમારા રથની નજીકથી પસાર થઈને પ્રવેશદ્વારમાં દાખલ થતાં અમે જોયો. રથની બેઠક પર ગુરુદેવ વિદુર બેઠા હતા. ઇન્દ્રપ્રસ્થમાંથી પાંડવોને તેડાવી લાવવા દુર્યોધને એમને મોકલ્યા હતા! પાંડવો સાથે દ્રૌપદીને લઈને તેઓ પાછા આવ્યા હશે. કેમકે એ રથમાં નક્કી સ્ત્રી હોવી જોઈએ તો જ તેઓ સારથિ નજીકની બેઠકમાં બેસે.

પાંચાલીના વિચાર માત્રથી ઘેરાયેલા આકાશની જેમ મારું મન ઘેરાઈ ગયું. સ્વયંવરમાં એનાં કારણમાં વાક્બાણથી ઘાયલ થયેલા મારા મનનો ગરુડ વેરના નખાગ્રથી મારા સ્વાભિમાનને ટોચવા લાગ્યો. અરે! એક સ્ત્રીના અપમાનને મેં કેમ સહન કરી લીધું? કર્ણ વીર છે, ધનુર્ધર છે એવાં નગારાં દુનિયાએ વ્યર્થ જ વગાડ્યાં હતાં? કર્ણને સારથિ ગણી એના જીવનના રથને કાળે પોતાના હાથમાં શું નથી લઈ લીધો? મારી સહનશક્તિને સૌએ સંયમશીલ ગણી હશે? કે... કે પછી સૌએ જ કર્ણ લાચાર છે, નિર્બળ છે એવો ઢંઢેરો પીટ્યો હશે? અનિવાર્ય પ્રસંગો અને સહનશક્તિનું પ્રાણઘાતક પ્રદર્શન એ જ મારું જીવન છે? એકસાથે પાંચ પાંડવોની પત્ની બનનાર એક સ્ત્રીને કર્ણની ઉચ્ચતા કે નીચતા નક્કી કરવાનો અધિકાર કોણે આપ્યો?

સત્યસેન ઘોડા પર અને મારું મન મારા સ્વાભિમાન પર ચાબુક ફટકારતાં હતાં! રથના ચક્રની જેમ મારા મગજનું ચક્ર ફરતું હતું! ફક્ત પ્રતિશોધની – વેરની આસપાસ!

અગિયાર

ગંગાકાંઠો દેખાયો. મારું નિત્ય કર્મનું સ્થાન પણ નજીક હતું. સૂર્યદર્શન કર્યાં પછી જ મારે સીધા યજ્ઞમંડપમાં જવાનું હતું. આથી મેં મારાં રાજવસ્ત્ર અને આભૂષણો ગંગાકિનારે લઈ આવવાં શોણને આગલી રાતે જ સૂચના આપી હતી. ઇન્દ્રપ્રસ્થથી પાછા ફરતાં મારા મસ્તક પર જે મુગટ હતો તે જ લાવવા મેં એને ખાસ કહ્યું હતું. ગંગાનાં નિર્મળ પાણીમાં ઊભા રહી મેં આંખો મીંચી. રોજની જેમ આંખ સામે ઘૂમતાં તેજનાં વલયો આજે કેમ

નહોતાં? આંખો ખોલી ફરી સૂર્યદેવ સામે જોયું. કારંડવ પક્ષીઓનાં ઝુંડ ગંગાના જળપ્રવાહ પરથી પસાર થઈ રહ્યાં હતાં. મગજ વિચારો અને શંકાની ભીડથી બહેર મારી ગયું હતું. મારા વિચારો ગંગાની અગણિત જલલહરીઓ જેટલા જ હતા! અખાડાના દિવસે પણ વાદળો આમ જ છવાયેલાં હતાં! આજે પણ કંઈક અઘટિત બનશે?

પાણીની અંજલિ ભરી સ્વસ્થ ચિત્તે હું તેજની પ્રતીક્ષા કરવા લાગ્યો. ત્રણ કલાક વીતી ગયા છતાં તેજનું દર્શન થયું નહિ! શંકાનાં કારંડવ પક્ષીએ મનની ગંગા પરથી ઊડવા પાંખો ફફડાવી!

સત્યસેન કાંઠે ઊભો રહી મારી પ્રતીક્ષા કરી રહ્યો હતો. છેવટે થાકીને મારે પાછા વળવું પડ્યું. પાણીમાંથી બહાર આવી નતમસ્તકે રેતી ખૂંદતો સત્યસેન પાસે પહોંચ્યો. મારાં ભીનાં અધરીયનો છેડો રેતીમાં ઘસડાતો હતો!

'શોણ રાજવસ્ત્રો લઈને હજી સુધી આવ્યો નથી લાગતો?' મેં સત્યસેનને પૂછ્યું.

'નહિ. પણ મહારાજ આપનાં...' બોલતાં બોલતાં એ અટકી ગયો. મેં ડોક ઊંચી કરી એની સામે પ્રશ્નાર્થસૂચક દૃષ્ટિએ જોયું. એનો ચહેરો ઉદાસ હતો! આંખો ભયભીત હતી!

'શું થયું સત્યસેન?'

નીચું જોઈ ચૂપચાપ ચાબુકની લાકડીથી એ પગ પાસેની રેતીમાં રેખાઓ દોરવા લાગ્યો. એ કંઈક કહેવા માટે સંકોચાતો હતો.

અમે શોણની રાહ જોવા લાગ્યા. દૂર એક ચકલી ચીંચીં કરતી ઊડીને એક કાંટાળા થોરમાં ફસાઈ ગઈ. એની ચીસ ક્યાંય સુધી પડઘાતી રહી!

એટલી વારમાં ધૂળ ઉડાડતો શોણનો રથ કિનારે આવીને ઊભો રહ્યો. હાથમાં થાળ સાથે રેતી ખૂંદતો એ અમારી તરફ આવતો હતો. નજીક આવ્યો કે તરત જ સત્યસેને એના હાથમાંથી થાળ લીધો.

'યજ્ઞમાં પહેલું સમિધ હોમાયું?' મેં એને ઉત્સુકતાથી પૂછ્યું. કેમકે રાજમહેલના મહાયાગની કઈ કઈ વિધિ પૂરી થઈ એ જાણવાની મને તીવ્ર ઇચ્છા હતી.

'યજ્ઞમંડપ એમનો એમ જ છે! યજ્ઞકુંડમાં સમિધ હોમાવાને બદલે રાજસભામાં જુગારના પાસા ફેંકાઈ રહ્યા છે! યજ્ઞનું મુહૂર્ત ક્યારનું વીતી ગયું છે!' શોણે થાળમાંથી હાથનું આભૂષણ ઊંચકતાં જણાવ્યું.

'સભામાં કોણ કોણ છે?' થાળમાંથી નીલરંગનું અધરીય લઈ કમરે વીંટળતાં મેં પૂછ્યું.

'બધા! કીડીને ફરકવા જેટલી પણ જગ્યા નથી એટલી સભા હકડેઠઠ ભરી છે.'

'જુગાર કોણ કોણ રમે છે?' અધરીયનો છેડો દાંતમાં દબાવી ભીનાં અધરીયને બદલતાં મેં પૂછ્યું.

'શકુનિમામા અને યુધિષ્ઠિર! યુધિષ્ઠિરના એક પણ પાસા એને સાથ દેતાં નથી. પહેલા દાવમાં દસ લાખ ગાય મૂકી, બીજા દાવમાં ઇન્દ્રપ્રસ્થની રાજસંપત્તિ અને ત્રીજા દાવમાં સેવકસેવિકા સહિત સઘળું રાજ્ય!' મારા કાંડા પર, હાથમાં અને ગળામાં એક એક આભૂષણ પહેરાવતાં તે ઉત્સુકતાથી સમાચાર આપતો હતો. યુધિષ્ઠિર! સંયમ, નિગ્રહ

અને ધર્મઅધર્મની વાતો કરનારા વિવેકી યુધિષ્ઠિર જુગાર રમી રહ્યા છે એ વાત પર મને વિશ્વાસ બેસતો નહોતો.

'શું શું થયું અત્યાર સુધીમાં?' મેં ગંગાના વહેતા પ્રવાહ તરફ નજર નાખતાં પૂછ્યું.

'યુધિષ્ઠિર બધું હારી ગયા છે! ભીમ એમને રોકવા બૂમબરાડા પાડે છે, પરંતુ એ જેમ બૂમબરાડા પાડતો જાય છે તેમ એ બમણા વેગથી પાસા ફેંકતા જાય છે! ભીમના બરાડાથી પાસા થરથરવા લાગે છે! પણ એના તરફ કોઈનું ધ્યાન જતું નથી!' મારે ખભે પીળા રંગનું ઉત્તરીય મૂકતાં જણાવ્યું. મેં કહેલો ઇન્દ્રપ્રસ્થનો રહસ્યમય મુગટ લાવવાનું તે વીસરી ગયો હતો.

'મેં કહેલો મુગટ તું કેમ લાવ્યો નહિ?'

'ખૂબ શોધ્યો પણ તમે વર્ણવેલો મુગટ મને અલંકારગૃહમાં દેખાયો જ નહિ!' એમ કહી એણે મારા મસ્તક પર બીજો આણેલો મુગટ પહેરાવ્યો. મારા પગમાં મોજડી પહેરાવી એને સોનેરી રંગની દોરીથી મજબૂત બાંધતાં કહ્યું, 'મોટાભાઈ, તું હવે જલદીથી રાજસભામાં પહોંચ. હું અહીં આવવા નીકળ્યો ત્યારે યુધિષ્ઠિર પોતાના સહિત ચારે ભાઈઓને બાર વર્ષ વનવાસ તથા એક વર્ષ અજ્ઞાતવાસ એમ હોડમાં મૂકી દીધા હતા! જો આ દાવ યુધિષ્ઠિર જીતી જાય તો મામા જુગારમાં જીતેલી તમામ સંપત્તિ તથા રાજ્ય વગેરે પાછું આપવાનું નક્કી કર્યું છે! આટલાં કષ્ટ વેઠી દિગ્વિજય કરી મેળવેલું રાજ્ય આ જુગારના દાવ પર કેવું લૂંટાવી દીધું, મોટાભાઈ?'

'ચાલ!' મેં એનો હાથ પકડ્યો. મારી આંખ સામે રાજસભાનું દશ્ય ખડું થઈ ગયું. મામાએ નક્કી કર્યા પ્રમાણે ખરેખર આ ચોપાટમાં પાંડવોને લપેટી લીધા? હંમેશ ઉશ્કેરાઈને બોલતા, અટ્ટહાસ્ય કરતા ભીમના ભયાનક દાંત મામાએ આ પાસાથી તોડી નાખ્યા? જો એમ જ હોય તો એના બરાડાથી પાસાઓ શા માટે થરથર ધ્રૂજે? મારા હાથમાંથી છૂટીને પણ પેલા પાસા તે દિવસે કેમ થથરવા લાગ્યા હતા? શા માટે? કોશ સાથે જોડાયેલો બળદ મધ્યદંડની આસપાસ ફરે તેમ મારું મન પ્રશ્નોની આસપાસ ઘૂમરાવા લાગ્યું.

મારા કમર પરના દુપટ્ટામાં ખોસેલાં કર્ણાભૂષણને કાઢી મારા કાનમાં ચડાવતો શોણ ચાલતાં ચાલતાં ઊભો રહી ગયો. મારા કાન નજીક હાથ લઈ જઈ તે પહેરાવવાનો હતો, પણ તરત જ હાથ એક ઝાટકે પાછો વળ્યો. એના ચહેરા પરના ભાવ બદલાઈ ગયા! એ જ ભાવ! થોડી વાર પહેલાં સત્યસેનના ચહેરા પર દેખાયા હતા.

'કેમ? શું થયું શોણ?'

'મોટાભાઈ!!' એ થંભી ગયો. એનો શ્યામ ચહેરો ફિક્કો પડી ગયો. આંખની કીકીઓ ચકળવકળ થવા લાગી.

'કેમ... તું કેમ ખચકાયો?'

'મોટાભાઈ, તું આજ રાજસભામાં ન જા!'

'હું ત્યાં જાઉં એટલે જેમ ભીમના બોલથી પાસા થથરી ઊઠ્યા હતા તેમ મારાથી પણ ગભરાઈને થરથરવા લાગે અને કૌરવોની વિરુદ્ધમાં દાણા પડે એટલે? પાસાઓ મારાથી ગભરાય છે એ મને યાદ આવ્યું.

'નહિ... પણ...' તે ફરી ખચકાયો.

'પણ શું? બોલ તો ખરો! કહે, હું શા માટે રાજસભામાં ન જાઉં?' એના ખભા હલબલાવી નાખી મેં જોરથી ચીસ પાડી.

'તારા કુંડળ આજ ફરી નિસ્તેજ થઈ ગયાં છે.' એ નીચું જોઈ ગયો! એણે કહ્યું, 'દાંડી પરથી ખરી પડેલાં ફૂલની જેમ!'

ધગધગતા અંગારા જેવા એના શબ્દો મારા કાનમાં પેઠા. મેં સત્યસેન સામે જોયું. એ નીચું જોઈને ચાબુકની લાકડીથી હજી પણ રેતીમાં રેખાઓ દોરતો હતો. એને જે કહેવું હતું તે શોણે કહી દીધું.

'શોણ, આજ કુંડળ નિસ્તેજ થઈ જાય કે તૂટી જાય પણ હું રાજસભામાં જવાનો જ!'

'ના. મોટાભાઈ. આજ નહિ. જુગાર એ એવું સત્ય છે જેના પર કદી વિશ્વાસ ન રખાય.' એણે જોરદાર વિરોધ કર્યો. એની પાણીદાર આંખોમાં ભયનાં કુંડાળાં સિવાય અન્ય કશું નહોતું.

'સત્ય એ એક એવું જુગાર છે, શોણ! આજ સત્યના જુગારમાં પાંડવોના પાસા ઊલટા પડે છે! આજ સુધી તે કર્ણને ઊલટા પડતા હતા! ચાલ.' મેં એનો હાથ પકડ્યો.

'ના. મોટાભાઈ, મારે ખાતર પણ આજ તમે ન જાઓ.' એણે મને જતો અટકાવવા મારો હાથ જોરથી પકડ્યો. કેટલી આર્દ્રતા હતી એની પકડમાં!!

'શોણ, ઉપદેશ નહિ જોઈએ.' મેં એનો હાથ છટકાર્યો.

સત્યસેનના હાથમાંથી ચાબુક ખેંચી લઈ રથ તરફ ચાલતાં મેં એને સાવધાન કર્યો, 'સત્યસેન, શોણને પેલા રથમાં લઈને પાછો જા અને શોણ, તું કર્ણનો ભાઈ છો એ કદી ભૂલતો નહિ!' મેં શોણ સામે જોયા વગર કહ્યું.

રથમાં ચડતાં જ મેં જોરથી ચાબુક ફટકારી. અશ્વો ઊછળ્યા!! અહીંતહીં! કિનારા પરની તપ્ત રેતીના ગર્ભમાંથી ઊછળતી અગ્નિજ્વાળાઓ મારી ખુલ્લી ભુજાઓને દઝાડી ગઈ! ના! મારા અંગ પર કવચ હોવાથી એની કોઈ અસર થઈ નહિ!

બાર

ઘનઘોર આકાશને માથે લઈ વિશાળ રાજમાર્ગ પરથી પસાર થતો મારો જૈત્રરથ રાજમહેલમાંના પ્રવેશદ્વાર પાસે ઊભો રહ્યો. મને સારથિપણું કરતું જોઈ દ્વારપાલ ચકિત થઈ ગયો હશે એટલે જ મને અભિવાદન કરવાનું તે ભૂલી ગયો. તે જડવત્ ઊભો હતો. લગામ ખેંચીને મેં રથને રોક્યો. રથને રથશાળામાં લઈ જઈ અશ્વોને છૂટા કરવાની મને ઇચ્છા ન થઈ. હાથમાંની લગામ અશ્વની પીઠ પર ફેંકતા મેં રથનાં પગથિયાં પરથી ધરતી પર સીધી છલાંગ મારી. ખીંટીએથી છૂટેલા વાછરડાની જેમ મારું મન રાજસભામાં પહોંચવા ઊછળી રહ્યું હતું! મંડપમાં પ્રવેશતાં પહેલાં એક વાર આકાશ ભણી દૃષ્ટિ કરી. ગંગાનદીની જેમ અહીં પણ ચારેબાજુ ક્ષિતિજ સુધી આકાશ કાળાં-ભૂરાં વાદળોથી છવાયેલું હતું! જટાથી ઘેરાયેલા મુખવાળા ઋષિ જેવું આકાશ દેખાતું હતું!

રાજમહેલમાં જવા માટે સુસજ્જ યજ્ઞમંડપમાંથી પસાર થવું પડે. આવડો વિશાળ યજ્ઞમંડપ પણ એમાં એક પણ ચરકલું ફરતું દેખાતું નહોતું. દૂર યજ્ઞમંડપ પાસે એક કાગડો જીવડાં શોધવા વ્યર્થ ફાંફાં મારી રહ્યો હતો! કાળા રંગનો! ડોક હલાવતો! થોડી થોડી વારે કા કા કરતો! ઘડીક વારમાં હું મંડપ પાર કરી રાજમહેલનાં ચાર ચાર પગથિયાં એકસામટા ચડવા લાગ્યો.

ઘણાં વર્ષો પહેલાં પિતાનો હાથ પકડી ચંપાનગરીથી આવી રહેલો અને આ પગથિયાં કેટલાં હશે એની કુતૂહલતાથી ગણતરી કરતો બાળકર્ણ તત્ક્ષણ નજર સામે ખડો થયો! આજે એ જ કર્ણને પૂરી ખાતરી હતી કે પગથિયાંની સંખ્યા ચોક્કસપણે એકસો ને એક છે! કારણ આ પગથિયાં તે અનેક વાર ચડીઊતરી ચૂક્યો હતો!

અરેરે! કેટલી ઝડપથી ઘટનાનાં વિવિધરંગી ફૂલોને કાળના અખંડ દોરામાં ગૂંથીને નિયતિએ મારા જીવનપુષ્પની માળા તૈયાર કરી હતી! એમાં શૈશવની સુંદર કોમળ કળીઓ હતી, શિષ્યાવસ્થાની વિદ્યાનિષ્ઠાની અર્ધબીડેલી પાંખડીઓ હતી, તરુણાવસ્થાનાં શસ્ત્ર, વ્યાયામ, સૂર્ય-આરાધનાના ઝળહળતા સોનેરી-રૂપેરી રેશમી તારનું ગંઠણ હતું. અને... અને મારા અપમાનિત, સંભ્રમિત, ઉપેક્ષિત જીવનનાં લીલાં-સૂકાં પાન પણ હતાં!! કલાહીન અને વિરૂપ!

મારા મનનો વેગ અંગમાં વહેતા લોહીની ગતિ કરતાં વિશેષ હતો. એને એક જ ધૂન લાગી હતી. રાજસભા! રાજસભા! રાજસભા!

સભાના મુખ્યદ્વાર પાસે આવ્યો. રાજદરબાર અંદર રમાતી દ્યૂતક્રીડાના પાસાનું પરિણામ જાણવા ઉત્સુક પ્રેક્ષકગણથી ખીચોખીચ હતો. સૌની આંખો મામાના હાથમાં રહેલા પાસા પર મંડાયેલી હતી. દુઃશાસનને સેવકસેવિકાઓના સમુદાયની વચ્ચે સામાન્ય માનવીની જેમ ઊભેલો જોઈ મને આશ્ચર્ય થયું! એ સભાગૃહમાં ન બેસતાં પ્રવેશદ્વાર પાસે કેમ ઊભો રહ્યો હશે? આજે બધું અવળું જ દેખાતું હતું.

એની પાછળ જઈ એના ખભા પર અચાનક હાથ મૂકતાં મેં પૂછ્યું, 'દુઃશાસન, તું અહીં કેમ ઊભો છે?' ઘોડદોડના ઘોડાની જેમ એણે પાછળ ફરીને જોયું.

'કોણ, કર્ણ! થોભી જા... બસ એક ક્ષણ માટે. તું અહીં જ ઊભો રહે! જુગાર રમાય ત્યાં સુધી તને અંદર ન આવવા દેવા માટે જ મોટાભાઈએ મને અહીં સવારથી ઊભો રાખ્યો છે!'

'કેમ? મારા અંદર જવાથી કયો મોટો અનર્થ થઈ જવાનો હતો?'

એનો વિરોધ મને કારમો ઘા આપી ગયો. કુરુના રાજમહેલમાં આટલો ખુલ્લો વિરોધ મારો કોઈએ ક્યારેય કર્યો નહોતો.

'એ હું જાણતો નથી પણ હું તમને અંદર જવા નહિ દઉં, અંગરાજ! મામા હવે છેલ્લા પાસા ફેંકે છે! અંતિમ નિર્ણાયક, ફક્ત એક જ દાવ!' મને અંદર જતો અટકાવવા એણે મુખ્યદ્વારને બે હાથેથી ભીડી દીધો! પ્રવેશદ્વાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો!

હું અંગરાજ છું, એ દુઃશાસન આજે કેમ ભૂલી ગયો? પોતાના પરમ પ્રિય મિત્રને

સભાગૃહમાં પ્રવેશવાનો મનાઈહુકમ દુર્યોધને આજે કેમ આપ્યો?

'આ પાસાના દાવ પર શું શું હોડમાં મૂકવામાં આવ્યું છે, દુઃશાસન?' ઊંચી ડોક કરી સભાગૃહમાં ડોકિયું કરતાં મેં એને પૂછ્યું.

'પાંચાલી!' એણે દરવાજાની તડને આંગળીથી દાબી દઈને મને બીજા હાથે અંદર જતાં રોક્યો!

પાંચાલી! એક અભિમાની ક્ષત્રિયાણી! જેનાં ચરણોમાં કર્ણે પોતાના જીવનનું રાજવસ્ત્ર વિનમ્રતાથી અર્પણ કર્યું હતું, પરંતુ એને મેલું પગલૂછણિયું સમજી ઉન્મત્તપણે એના પર ચાલીને અર્જુનના કંઠમાં વરમાળા આરોપતી એ રૂપગર્વિતા હતી! પાંચ પતિના પત્નીત્વથી ગર્વિષ્ઠ દુર્યોધનના હૃદયકુસુમને પગ તળે કચડી નાખતી અહંકારી આર્યા હતી! યજ્ઞકુંડમાંથી પોતે જન્મી છે એ સત્યને વીસરી કુળનાં કાયમ નગારાં પીટતી અવિચારી સ્ત્રી હતી. તીવ્ર વેગથી દોડતાં દોડતાં રથમાંથી પસાર થતી વખતે આસપાસનાં વૃક્ષ, વેલી, પર્વતનાં અસ્પષ્ટ દેખાતાં દૃશ્યો ઝડપથી પાછળ જતાં જાય છે તેમ વીતેલાં બનાવોના એક એક દૃશ્ય મારી આંખ સામેથી ખસવાં લાગ્યાં!

'દુઃશાસન, દૂર હટ!' એના હાથને એક ઝાટકે દૂર કરી સભાગૃહમાં દાખલ થયો. માથા પર ઘણના ઘા ટિપાતા હતા. જુગાર! જુગાર! જુગાર યોગ્ય હોય કે અયોગ્ય પણ મારા હુકરાયેલા તપ્ત મનને એ જ શાતા આપતું હોય તો મારે એને શા માટે અયોગ્ય ગણવું જોઈએ? અને મારી સાથેના વ્યવહારમાં સમાજે યોગ્યઅયોગ્યની નિષ્પક્ષતા ક્યાં બતાવી હતી? આથી જ મુખ્ય દ્વાર પાસે ઊભા રહી મને મોટેથી કહેવાનું મન થયું કે, 'મામા... આ દાવ તમારે આજે જીતવો જ પડશે!!' જનસમુદાય ખૂંદતો ખૂંદતો હું જલદીથી આસન તરફ ધસ્યો! 'ઊભો રહે, ઊભો રહે.' એમ બોલતો બોલતો દુઃશાસન હાથ ઊંચા કરી મારી પાછળ પાછળ આવવા લાગ્યો.

સભાની પશ્ચિમ બાજુએ પાષાણના મંચ પર પાથરેલી સુંવાળી શય્યા પર ચોપાટ પાથરી હતી. સામસામી બાજુ શકુનિમામા અને યુધિષ્ઠિર બેઠા હતા! આડું જોઈ મામા હાથ કાન પાસે રાખી પાસાને હાથની પોલી મુઠ્ઠીમાં ખખડાવતા હતા. એમની પાછળ ઊભા રહેલા દુર્મુખ, દુર્જેય, નિષંગી, ક્રથ, અલંબૂ, વાતવેન જેવા કુરુ યોદ્ધાઓની આંખો એ હાથ પર મંડાયેલી હતી. એની જમણી બાજુ બેઠેલો દુર્યોધન ભીમ સામે એકીટશે જોઈ રહ્યો હતો. યુધિષ્ઠિરની પાછળ બેઠેલા ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ અત્યંત લાચાર બનીને નીચું મોં કરી પોતાના વડીલ ભાઈના બુદ્ધિભ્રમનું કારણ શોધતા હતા. પહેલી વાર તેઓને ખ્યાલ આવ્યો હશે કે કોઈપણ યોદ્ધાને જનસમુદાય સમક્ષ નીચું મોં કરી બેસાડતી વખતે એને કેટલો મરણતોલ આઘાત લાગ્યો હશે! એવે વખતે ભગ્ન હૃદયની પુષ્પ પાંદડીઓને એકત્ર કરવાનું કેટલું કઠીન હોય છે!

'ચાલ, ચાલ, સાત દાણા પડ!' હાથમાંના પાસાને ખખડાવતા કાન પાસે લાવી મોટેથી બોલીને શક્તિશાળી માછીમાર હાથ ઊંચા કરીને માછલાં પકડવાની જાળ ફેંકે તેમ મામાએ પાસા ફેંક્યા!

'સત્યાનાશ કરનારી આ જુગારની રમત તમે હવે મૂકશો કે?' પાસા ફેંકતાં જ ભીમ વીજળીની જેમ યુધિષ્ઠિર પર ત્રાટક્યો. વીજળીના કડાકાથી તૃણ કાંપી ઊઠે તેમ

પાસા કંપી ઊઠ્યા! દાણા પડ્યા! જનસમુદાયમાંથી રસ્તો કરતો આસન તરફ જવા હું ફાંફાં મારવા લાગ્યો. જુગારની રમત જોવામાં તલ્લીન પ્રેક્ષકોને કોઈના તરફ જોવાની પડી નહોતી! સૌની મીટ ચોપાટ પાસે ફેંકાયેલા પાસા પર મંડાયેલી હતી. સૌ ઊંચા થઈને જોવા લાગ્યા. કેટલા દાણા પડ્યા હશે? પ્રત્યેકની આંખમાં ઉત્સુકતા ડોકાતી હતી! આટલી ઉત્સુકતા અખાડામાં પણ જોવા મળી નહોતી! મૃગનક્ષત્રમાં પડતાં મુસળધાર વર્ષાની જેમ પાસાની આસપાસ વરસતી હજારો આંખો! હજારોનાં જીવનને રૂંધી નાખનારી! યજ્ઞકુંડ પાસે જીવડાં શોધવાનો વ્યર્થ પ્રયત્ન કરતા કાગડાની જેમ આપણે પણ આવી અનેક નગણ્ય અને તુચ્છ વાતોથી ભાવિને શોધવાનો કદાચ પ્રયત્ન કરી રહ્યા છીએ!

'જો. દુર્યોધન... સાત એટલે સાત જ!!' રાજા દુર્યોધનના હાથમાં એમણે તાળી દીધી. મામા હર્ષાવેશમાં આવી ગાદી પર ઊછળવા લાગ્યા. સૌ કુરુ રાજાઓએ તાળીઓનો ગડગડાટ કર્યો. ટપ... ટપ... ટપ... મારું મન પણ ટપાકા દેવા લાગ્યું! ફક્ત વિચારોના ટપાકા! ઊલટસૂલટ! એ તાળીઓનો ધ્વનિ એકસરખો નહોતો. ક્યારેક દુર્યોધનના અવાજ જેવો કર્કશ, ક્યારેક મામાના જેવો વેધક, ક્યારેક અશ્વત્થામાના જેવો મીઠો મધુર તો ક્યારેક પિતામહ જેવો કઠોર પણ સમજદાર! તાળીઓ – વિચારોની અતૂટ, અખંડ તાળીઓ! એ તાળીઓમાં હું જાણે ખોવાઈ ગયો! એમાં મારો ધ્વનિ ક્યાંય સંભળાતો નહોતો! ચારેબાજુથી કેવળ તાળીઓનો ગડગડાટ!

જેમ તેમ કરીને આસન પાસે પહોંચ્યો. સભાગૃહ તરફ દૃષ્ટિ કરી તો આટલી ભરચક મેદની ક્યારેય કુરુ સભામાં ઊમટી નહોતી. સિંહાસન પર ધૃતરાષ્ટ્ર બેઠા હતા. એની બંધ આંખો ચકળવકળ થતી હતી. જુગારના પાસા જોવા એ અધીરી બની હતી? એમની ડાબી બાજુ બેઠેલાં રાજમાતા ગાંધારીદેવીના હાથ વારંવાર આંખે બાંધેલા પાટા તરફ વળતા હતા! સભામાં શું ચાલી રહ્યું છે તે રાજારાણીને સમજાતું નહોતું. મને થયું કે અંધ રાજાને અંધારામાં ફસાવવા માટે વિવશ કરનારી આંખોવાળી આ રાજસભા છે કે વર્ષોથી ઘૂંટાતી આવતી ભાવનાનો સ્વૈર વિસ્ફોટ!

પિતામહ ભીષ્મ, ગુરુદેવ દ્રોણ, કૃપ, વિદુર, અશ્વત્થામા, અમાત્ય વૃષવર્મા, સેનાપતિ વગેરેની ઉપસ્થિતિમાં યજ્ઞવિધિ માટે દેશોદેશથી પધારેલા શૌનક, ભૃગુ, ચ્યવન, કણ્વ, પૈલ, યાજ્ઞવલ્ક્ય, સુસામ, વાલકિલ્ય, સહસ્રપાત, સાંદિપની, શંપાક જેવા વરિષ્ઠ ઋષિમુનિઓ બેઠા હતા. એમાંથી એકેયને જુગારના પાસાને રોકવાનું સૂઝ્યું નહિ! યજ્ઞનું મુહૂર્ત ક્યારનું વીતી ચૂક્યું હતું તોપણ! કેવળ મામાની રાજનીતિના પાસાએ સૌને બાંધી લીધા હતા! કેવળ પાસાઓનો ચમત્કાર જ કુરુની કાયાપલટ કરવા સમર્થ હતા. એ મામાએ સૌને ઋષિમુનિઓની સાક્ષીએ સિદ્ધ કરી બતાવ્યું! મામા! ગાંધાર દેશના ઊંટ જેવી એની ચાલ! મેં કદી સીધી જોઈ નહોતી! અને લાગી પણ નહોતી! પરંતુ એમણે હાથમાં પાસા લઈને સાબિત કરી આપ્યું હતું કે રાજકારણની મરુભૂમિમાં એના જેવા ઊંટ જ શ્રેષ્ઠ ગણાય! સાચા માર્ગદર્શક ગણાય! વક્રચાલનો ઊંટ!

ચોપાટની ગડી કરતાં પોતાની જાત પર ખુશ થતાં મામા વિજયના ઉન્માદમાં બબડવા લાગ્યા, 'યુધિષ્ઠિર, ગાયો, સંપત્તિ, દાસ-દાસીઓ સહિતનું ઇન્દ્રપ્રસ્થ રાજ્ય તું હારી ગયો છે. તારા ભાઈઓ સહિત બાર વર્ષનો વનવાસ અને એક વર્ષના અજ્ઞાતવાસને

હોડમાં મૂક્યો તે પણ તું હારી ગયો. હવે સાત દાણા પડતાં કુરુઓની દાસી બનાવવા હોડમાં મૂકેલી તારી પત્ની પાંચાલીને પણ જીતી શક્યો નથી! સૌ તને 'ધર્મરાજા' કહે છે. ધર્મને અનુસરનાર યુધિષ્ઠિર, દાવ જીતવાનો ધર્મ તને કોઈએ શીખવ્યો નહિ? હવે તને એટલું સમજાઈ ગયું હશે કે આ સુબલરાજ શકુનિને જુગારમાં હરાવનાર દ્યુતપારંગત આજ સુધી આર્યાવર્તમાં કોઈ જન્મ્યો નથી! કે પછી હવે બાકી રહેલા આપના વૃદ્ધ માતાને હોડમાં મૂકી આ શકુનિના કુશળ હાથની કરામતનું હજી એક વાર પારખું કરી લેવું છે?' ભવાં ઊંચાં કરી મામાએ કાગડાની જેમ ગરદન ફેરવી! મારા અંગમાં તીવ્ર વેદનાની કળ વળી ગઈ! ગંગાનદીમાં ત્રણ કલાક ઊભા રહેવાને કારણે આ કળ વળી હશે?

'શકુનિ!!' ગદા ઘુમાવતો ભીમ મામા પર સિંહની જેમ ત્રાટક્યો. પોતાની માતા વિશે આવું હીન કથન એને ગમ્યું નહિ.

'ભીમ, પાછો વળ.' યુધિષ્ઠિરે પહેલી વાર મૌન તોડ્યું. એમના પગના અંગૂઠા તરફ જોતો ભીમ ક્રોધથી પાછો વળ્યો.

'દાસે સ્વામીને તુંકારથી બોલાવાય નહિ! ભીમ! તું કુરુનો દાસ છે, દાસ! તારા હાથમાંની ગદા હવે તારી નથી. તારી પત્ની પાંચાલી આજે કૌરવોનાં ચરણની એક તુચ્છ દાસી છે!' પાસા ખખડાવતાં મામાએ ભીમને ઉત્તર આપ્યો. તે જેટલા વેગથી મામા તરફ ધસ્યો હતો એટલી જ શાંતિથી નત મસ્તકે તે પોતાના સ્થાન પર જઈને બેસી ગયો. હોઠ પર લોહી ધસી આવ્યું! 'હાથમાં ચાબુક લઈ કુળને છાજે તેમ ઘોડાને ખરેરો કર!' એમ કહીને ભર્યા અખાડામાં મારી માનહાની કરનાર આ ભીમ! અને નિયતિની એક થપ્પડથી ગબડી પડેલો આ ભીમ! એની નસમાં ધબકતું લોહી ક્યાં ગયું? ક્યાં ગયાં એનાં પર્વતપ્રાય પરાક્રમો?

'દાસી, પાંચાલી કુરુનાં ચરણોની તુચ્છ દાસી...!' યુવરાજનો મોભો ભૂલી જઈ દુર્યોધન ખડખડાટ હસી પડ્યો! એના હાસ્યમાં બીભત્સતા હતી. એનું ખળભળી ઊઠેલું મન શરીરનાં બંધનો તોડી સ્વચ્છંદપણે બહાર વહેવા લાગ્યું! પોતાના આસન પરથી જ આખાય સભાગૃહની તમામ વસ્તુ પર એક નજર ફેંકી, અધિકારવાણીમાં તેણે યુદ્ધ માટે ખાસ નિયુક્ત કરેલા સારથિ પ્રાતિકામને આદેશ આપ્યો, 'પ્રાતિકામ, પેલી કુરુઓની દાસીને આ સભાગૃહમાં હમણાં ને હમણાં ખેંચી લાવ. જે સ્થિતિમાં હોય એ જ સ્થિતિમાં!' પર્વત પરથી ગબડતા પાષાણ સમા એના શબ્દો હતા! આજ્ઞા માથે ચડાવી પ્રાતિકામ સભાગૃહમાંથી બહાર નીકળી ગયો.

આસન પરથી જ મેં યુધિષ્ઠિર સામે જોયું. હંમેશ મારા પગને ધ્યાનથી જોનાર યુધિષ્ઠિરની દૃષ્ટિ તે વખતે એમના પગ પર જ ઢળેલી હતી! કાયમ કોઈકના ને કોઈકના હૃદયને ચીરતી, અહંકારી ઘોષણા કરતી ભીમની ઉચ્છૃંખલ જીભ આજ એની દાઢ નીચે દબાઈ ગઈ હતી! અર્જુન! પોતાને અજેય ગણતો ધનુર્ધર! હોઈ શકે અજેય! પણ મનની ઉદારતા, અન્યની કુશળતાની સ્વીકાર્ય વૃત્તિ અને ખેલદિલી – આ ઉચ્ચ ભાવનાઓ એણે કદી કર્ણ પ્રત્યે દાખવી હતી? જેનો ઉલ્લેખ હું કરી શકું એવા એક પણ પ્રસંગે? પોતાની પ્રશંસા કરાવી કીર્તિના તાણાવાણા પોતાની આસપાસ ગૂંથતી વખતે એણે કદી વિચાર કર્યો હતો કે મારી જેમ કેવળ ધનુર્વિદ્યાને પ્રેમ કરનાર અન્ય પણ આ હસ્તિનાપુરમાં વસે છે?

ઊલટું પોતાનાથી મુઠ્ઠી ચડે એવા શ્રેષ્ઠ સાબિત થયેલા નિષાદપુત્ર એકલવ્યનો અંગૂઠો ગુરુદક્ષિણાના મોહક બહાના હેઠળ માગ્યો ત્યારે ગુરુ દ્રોણનો વિરોધ કરવાને બદલે એણે સમર્થન નહોતું આપ્યું? હસ્તિનાપુરે અર્જુનના આડંબરને જ નર્યો પોષ્યો છે! કેવળ એક જ યોગ્યતાને લીધે? તે શ્રેષ્ઠ કુરુકુળનો યુવરાજ હતો તેથી? ક્ષત્રિય હતો એટલે જ ને? આજે એનું ક્ષત્રિયપણું ક્યાં ગયું?

મારે સ્થાને એ હોત તો? સૌએ ડગલે ને પગલે કરેલી માનહાની અને એમાંથી ઉત્પન્ન થયેલી કર્તવ્યવિમૂઢતાની ભયંકર, અસહ્ય માનસિક પીડાને એ ક્યાં સુધી સહન કરતો રહેત? દેહમાં કુશળતા, ગુણવત્તા અને લગન હોવા છતાં ઉપેક્ષિત જીવનના કષ્ટમય કેન્દ્રબિંદુની આસપાસ તે મારી જેમ ક્યાં સુધી ટકી શકત?

મારા જીવનના તમામ અનુભવો કેટલા અસહ્ય હતા એનો અનુભવ કરાવવા જ આ પાંચેય સ્વકેન્દ્રી, ગર્વોન્નત યુવરાજો માટે જ નિયતિએ આજે આ અદ્ભુત દ્યૂતનો પ્રસંગ ઘડ્યો હતો! હવે તેઓને સમજાશે કે અપમાન એટલે મનનાં રાજવસ્ત્રોને સતત કોરતો કાળો કૂબડો ઉંદર! ઉપેક્ષા એટલે ગુણિયલ માનવમનના શાંત સરોવરને ખળભળાવી નાખતો ઝંઝાવાત! અવહેલના એટલે વીરના પ્રત્યેક અંગ પર પડતો ધગધગતો લોહરસ! તિરસ્કૃત શબ્દો એટલે કાનમાં પેસતાં ઝેરીલા ભુજંગ!! જીવનનું આ કારમું રૂપ – કર્ણે જિંદગી આખી વેઠ્યું હતું. હવે પાંડવોને વેઠવાનું હતું.

અખાડામાં 'સૂતપુત્ર, સૂતપુત્ર' કહીને અપમાનિત, અસહાય કર્ણ સામે આખી હસ્તિનાપુર નગરી ઉત્સુક આંખે સ્વસ્થતાથી જોઈ રહી નહોતી? સ્વયંવરમાં 'સારથિપુત્ર' કહીને ધુતકારેલા કર્ણને જોઈને એકેયનું મન દ્રવી ઊઠ્યું નહોતું! ઘૃણાથી ઉશ્કેરાઈ કોઈ ઊભું થયું હતું? તો પછી આજ યુધિષ્ઠિરના અવિચારી કૃત્યથી લાચાર બનેલા એમના ભાઈઓ અને એમની પત્નીને જોઈ ધ્રુસકે ધ્રુસકે રડવાનું કાંઈ કારણ? ક્ષત્રિયપણાનો રુઆબ દેખાડતી પાંચાલીને દાસી થતી જોઈને કૌરવોએ જ ભેગા મળીને નરકનો વ્યાપાર માંડી જીવતેજીવ પવિત્રતાના કંઠને નખથી ઊઝરડી નાખ્યું છે એવું હૃદય ચીરતા કર્કશ અવાજે મોટેથી બરાડા પાડીને કહેવાની શું જરૂર હતી? સત્યને સત્ય તરીકે સ્વીકારવાનો જડબાતોડ જવાબ આપવાની સભાનતા કોઈનામાં નહોતી જ નહોતી!

દ્રૌપદી! એક દાસી! ખુશબોભરી દાસી! દાસી એક સૂત કન્યા કરતાંય ક્ષુદ્ર! મનના દુંદુભિ પર વિચારોની દાંડી જોરજોરથી પડવા લાગી! દાસી! હાથમાં વરમાળા સાથે ઊભેલી દાસી! અંધપતિઓની દેખતી દાસી!! દાસોની પત્ની દાસી!! મારી આંખ સામેના કાળા કુંડાળામાં પેલી કાળી દાસીનું લજ્જિત મુખ તરવરવા લાગ્યું.

'મહારાજ, યુવરાજ્ઞી સભાગૃહમાં આવી શકે તેમ નથી!' પ્રાતિકામ સ્ત્રીઓના કક્ષમાં આંટો મારી પાછો આવ્યો. પાંખ તૂટેલા પંખી જેવો અથડાતો-લથડિયા ખાતો!

'આવી શકે તેમ નથી? દાસી સ્વામી માટે ગમે તે કરી શકે! કરવું જ જોઈએ!' પથ્થર ફેંકતા ભૂશુંડીની લાકડીની જેમ દુર્યોધન આસન પરથી સફાળો ઊભો થયો. એની આંખમાં શું હતું? અંગારા? યજ્ઞકુંડ? નહિ, નહિ! ધગધગતો જ્વાલામુખી!

'નહિ, મહારાજ, એ રજસ્વલા છે. હમણાં જ ઋતુસ્નાતા થઈ છે! સ્નાનાગારમાંથી સ્નાન કરીને બહાર નીકળેલી યુવરાજ્ઞીએ હજી પોતાના કેશ પણ ઓળ્યા નથી!' નીચું મોં

કરીને પ્રાતિકામે નિવેદન કર્યું.

'પ્રાતિકામ, તું સારથિ હોઈ રથના અશ્વો જેટલી કુશળતાથી ચલાવે છે એટલી કુશળતાથી દુર્યોધનની આજ્ઞા પાળી શકતો નથી! દુઃશાસન, ઊઠ. આ પ્રાતિકામને બતાવી દે કે સારથિ અને ક્ષત્રિયમાં શો ફરક છે! જા અને જે સ્થિતિમાં હોય એ જ સ્થિતિમાં એને ખેંચીને લઈ આવ!' એમના અવાજમાં વીજળીનો કડાકો હતો.

ધનુષ્યમાંથી બાણ છૂટે એમ દુઃશાસન સભાગૃહમાંથી બહાર નીકળ્યો! એ સ્થિતિમાં પણ દુર્યોધને પ્રાતિકામને સારથિ કહીને તિરસ્કાર્યો તે મને ગમ્યું નહિ. ઉન્માદમાં બોલે છે ત્યારે એને ખ્યાલ પણ રહેતો નથી કે પોતાનો મિત્ર કર્ણ પણ સારથિ છે. એના આ શબ્દો સાંભળી મને સભાગૃહમાંથી ઊઠી હાથમાં આવે એ રથ લઈ માતાપિતા સાથે એમાં બેસી તરત ચંપાનગરીની વાટ પકડવાનો વિચાર આવી ગયો. હું મનથી મારા આસન પરથી ઊઠ્યો પણ ખરો. એવે સ્થળે ચાલ્યો જઉં જ્યાં સારથિનું ઘોર અપમાન થતું જ ન હોય.

'છો...ડ, છો...ડ! ચાંડાળ ખબરદાર છે મારા શરીરનો સ્પર્શ કર્યો છે તો!'

હીબકાં ભરતી, આર્દ્ર પોકાર કરતી એ ઘસડાઈ રહી હતી. જે દ્વારેથી દિગ્વિજયી પૂર્વજોએ પ્રવેશ કર્યો હતો એ જ દ્વારેથી દુઃશાસન એને સભાગૃહમાં ઘસડી લાવવાનો પ્રયત્ન કરતો હતો. કૌરવોની આ દાસી સાથે યુવરાજ આવી રહ્યો હતો.

પ્રતિકાર કરવા પ્રવેશદ્વારની તડમાં પોતાની આંગળીઓ ભરાવી, ઉંબરે પગ ખોડીને ઊભેલી આ દાસી એનાથી છૂટવા બળપૂર્વક મથામણ કરી રહી હતી. ઘાસની ગંજીમાંથી એક પૂળો ખેંચી કાઢે તેમ એને દરવાજામાંથી ખેંચી લાવવા દુઃશાસન એની સાથે ખેંચતાણ કરવા લાગ્યો! બારણાની તડમાં જળોની જેમ વળગેલી એની આંગળીઓ સહેજે ખસતી નહોતી! દુઃશાસને એકદમ પોતાનો સશક્ત હાથ એની કમરે વીંટાળી દીધો! મારાં રૂંવાડે રૂંવાડે ધિક્કારની ધ્રુજારી છૂટી! એ ધ્રુજારીમાં સૂતપુત્ર કર્ણ, ધનુર્ધર કર્ણ, અંગરાજ કર્ણ, માની કર્ણનાં વિવિધ સ્વરૂપો એક પળમાં ઓગળી ગયાં! રહ્યો કેવળ ગંગાનદીમાં ઊભો રહી અર્ઘ્યદાન દેતો કર્ણ!

'દુઃશાસન, જે બાહુમાં તેં પાંચાલીના આ પવિત્ર દેહને કુરુની ભરસભામાં વડીલજનો અને ઋષિમુનિઓની સમક્ષ લપેટી લીધો છે એ બાહુને હું જડમૂળથી ઉખેડી નાખી એને આકાશમાં ફેંકી દઈશ અને જે છાતી ઉન્મત્તપણે ફુલાવીને તું મારી પત્નીને એની એકવસ્ત્રા, રજસ્વલા દશામાં અહીં ખેંચી લાવ્યો છે એ જ તારી ઉન્મત્ત છાતીને તોડીને એનાં ગરમ ગરમ લોહીને હું સોમરસની જેમ સૌની હાજરીમાં ઘૂંટડે ઘૂંટડે પીશ.' હાથમાંની ગદાને જમીન પર જોરથી પછાડતાં એના ટંકારવની સાક્ષીએ ભીમે દુઃશાસનવધની ઘોર પ્રતિજ્ઞા લીધી.

અમસ્તું જ અકારણ મારી ભીતરમાંથી કોઈ ગરજી ગરજીને કહેતું હતું : કોણ હતું એ? રોજ ગંગાકાંઠે અર્ઘ્યદાન દેતો પેલો સૂર્યશિષ્ય કર્ણ હતો! હાથ ઊંચા કરી એ મને કહેતો હતો, 'કર્ણ, ઊઠ. આ અન્યાય છે! સરાસર અન્યાય! ઊઠ અને આ અન્યાયને રોક! પ્રકાશનું દિવ્ય સામ્રાજ્ય છોડી તું અંધકારની ભયંકર ગર્તામાં ક્યાં જઈ રહ્યો છે? વેર, પ્રતિશોધ એ હીન મનોવૃત્તિમાં તુચ્છ ચીંથરાં છે! ફેંકી દે એને! ફેંકી દે! ઊઠ!'

'સટ...! સટ...! સટ...!' ચાબુક ફટકારી લગામ ખેંચતો એક સંતપ્ત સારથિ આ સૂર્યશિષ્યની સમક્ષ પળભર ઊભો રહ્યો! પોતાના હાથમાંની ચાબુકના બે-ત્રણ ક્રૂર કોરડા

એક પણ વિચાર કર્યા વિના એણે સૌથી પહેલાં સૂર્યશિષ્યની પીઠ પર વીંઝ્યા! ગંગાજળ ભરેલી એની ભાવાંજલિને લાત મારી પેલો સારથિ ભભૂક્યો, 'બસ આટલી વારમાં તું આપણી પર્ણકુટી ભૂલી ગયો? અને ઘોડાનો ખરેરો પણ? સ્વયંવરમાં પેલા વિષારી વાક્‌બાણની હૃદય વીંધનારી વર્ષા તો તને યાદ જ નહિ હોય ને? આજે સમજી લેવા દે એને કે દાસી સૂત કરતાં પણ હીન હોય છે!'

ચાબુકના ચાબખા અને અર્ઘ્યદાનની અંજલિમાંથી પાણીના પ્રપાત સમી આ પ્રચંડ ધારા – આ બે વચ્ચે અટવાયેલું મારું મન પ્રતિક્ષણે હિંડોળાવા લાગ્યું! મનમાં છવાયેલાં મૂઢતા, બધિરતા અને કિંકર્તવ્યનાં ધુમ્મસની આડે મને કશું જ સ્પષ્ટ દેખાતું નહોતું. દેખાય તો કળાતું નહોતું! કળાય તો કશું બોલવાનું સૂઝતું નહોતું! હું કોણ હતો? એ પ્રશ્ન મને સતત મૂંઝવી રહ્યો હતો.

મૃતઃપ્રાય થઈ ગયેલી, થાકેલી ગાયને પીઠ પર નાખી સિંહ પોતાની ગુફામાં લઈ આવે તેમ આ ઘાયલ થયેલી શ્યામવર્ણી, સુગંધી દાસીને કમરમાં વીંટાળીને દુઃશાસન સભાગૃહના મધ્યભાગની જાળમાં લઈ આવ્યો! એના હાથની જાળમાંથી છૂટવા ઉછાળા મારતી આ દાસી પાણી વિનાની માછલીની જેમ એકસરખી તરફડી રહી હતી!

દુઃશાસનના હાથ માત્ર એની કમરે જ વીંટળાયેલા નહોતા... એ મારી ભીંતરના સૂર્યશિષ્યના કંઠે પણ વીંટળાયેલા હતા! પ્રત્યેક ક્ષણે તેની પકડ વધુ ને વધુ દૃઢ થતી હતી. પાણીમાં ઊભા રહી અર્ઘ્ય માટે અંજલિમાં લીધેલું પાણી એની પકડને કારણે પેલા શિષ્યના હાથમાંથી છૂટીને ભાવિના પાત્રમાં પડવા લાગ્યું હતું!

'પિતા... મહ!' એની મર્મભેદક ચીસ છતને ભેદી ગઈ!

'દુઃશાસન, કૌરવોનાં ચરણોની દાસીને અમે થોડા ઊંચા આસને સ્થાન આપીએ છીએ, કેમકે તે સુગંધી છે! ચરણોથી થોડું ઉપર... આ જાંઘ પર એને બેસાડ!' જાંઘ પરથી અધરીય સહેજ દૂર કરી દુર્યોધને જાંઘ પર થાપટ મારી! પિતામહે શ્વેતકેશયુક્ત શિર ઝુકાવી દીધું!

'દુર્યોધન, ઉન્મત્તાઈમાં આવી જઈ તું તારી જાંઘ ભરીસભામાં ખુલ્લી કરીને બતાવી રહ્યો છે એ જાંઘને વખત આવે આ ગદાના એક જ પ્રહારે ભાંગીને છૂંદી નાખીશ, સમજ્યો!' ભીમે ગદા ઉપાડીને પ્રતિજ્ઞા લીધી. નાગની ફણાની જેમ એનું મોં ક્રોધથી ધૂંઆપૂંઆ થઈ ગયું હતું!

'ભીમ, દાસની પ્રતિજ્ઞાની કિંમત કેટલી? ફક્ત બકવાસ જેટલી!' દુર્યોધનને આ શું થઈ ગયું છે? મારી બુદ્ધિ કામ કરતી નહોતી. એ ભડભડતી મશાલ જેવો દેખાતો હતો! એ એકસરખી આગ ઓકી રહ્યો હતો.

મારા હૃદયમાં સારથિ અને સૂર્યશિષ્ય વચ્ચે ભારે મથામણ ચાલી! બંને એકબીજા પર ક્રૂર વાક્‌પ્રહાર કરવા લાગ્યા! કોણ કોને નમે તે કહેવું મુશ્કેલ હતું!

'અન્યાય! ભરીસભામાં ગુરુજનો અને વૃદ્ધોની હાજરીમાં એક રજસ્વલા પર થતો ઘોર અન્યાય! જુલમ! વિડંબના! સ્ત્રીની વિડંબના એટલે પવિત્રતાની વિડંબના! વિનાશ! સ્ત્રીના શીલનો વિનાશ એટલે સમગ્ર માંગલ્યનો, શુચિતાનો વિનાશ! સ્ત્રીના શીલ પર પ્રહાર એટલે માનવતાના મર્મસ્થાન પર પ્રહાર! એમાંથી સંઘર્ષનો જન્મ! જગતનાં તમામ

કોમળ ભાવ-ભાવનાઓને દગ્ધ કરનારો સંઘર્ષ! વેરનો સર્વભક્ષી યજ્ઞકુંડ!! કર્ણ, સૂર્યશિષ્ય, ઊઠ. દુઃશાસનનો હાથ પકડી લે અને દુર્યોધન સહિત સૌને ગરજતાં અવાજે કહી દે કે, 'આ અન્યાય છે, અત્યાચાર છે, અધઃપતન છે! વિનાશકારી છે!' મારાં અંગેઅંગ સાથે જડાયેલો સૂર્યશિષ્ય ગળાની નસો ફુલાવીને સારથિ પર જોરથી તૂટી પડ્યો. હાથમાં રહેલી રવિકિરણોની તલવાર એની છાતીમાં ખૂંપવા લાગી પણ પેલો સારથિ ઠંડા કલેજાનો હતો! એનું કવચ અભેદ્ય હતું!!

વેર! પ્રતિશોધ! અપમાન! અવહેલના! તિરસ્કાર, ઉપેક્ષા, વંચના, અધિક્ષેપ! કર્ણ, આ જ તારું જીવન છે! જીવન નહિ મૃતઃપ્રાય જીવન છે! દસ-બાર વર્ષ પહેલાં એક સ્ત્રીનાં વાક્બાણથી તું ઘાયલ થઈ ચૂક્યો છો. હવે તું કોની કઈ રીતે રક્ષા કરીશ? કર્ણ, ચૂપચાપ બેસી જા! જે કંઈ બની રહ્યું છે એ જ ન્યાય છે! દુઃશાસન અને દુર્યોધનની યોજના દ્વારા નિષ્ઠુર કાળ તારા પર થયેલા અન્યાયનું કઠોર અને ક્રૂર વેર આ ઉન્મત્ત સ્ત્રી પર લઈ રહ્યો છે! આ પ્રતિશોધ! કર્ણ, એમને જ સાથ આપ! સમર્થન આપ!' સારથિ કોરડા વીંઝવા લાગ્યો! સૂર્યશિષ્ય એનાથી બચવા અન્ય આશ્રયસ્થાન શોધવા અહીંતહીં ભાગવા લાગ્યો!

'વેર! પ્રતિશોધ! સ્ત્રી સામે વેર લેવાનું વીર પુરુષને છાજે? સ્ત્રીના શીલની રક્ષા કરવી એમાં જ વિક્રમ પુરુષનું પૌરુષ! કર્ણ, એક પળ પણ ગુમાવ નહિ. આજે તારું મૌન તારા શુદ્ધ ચારિત્ર્ય પર કાયમની કાળી ટીલી લગાવી દેશે! ઊઠ, આગળ વધ. દોડ અને દુર્યોધનનો હાથ પકડી લે! અરે, આપત્તિમાં જે વિચારનિષ્ઠ રહે છે એ જ સાચો માણસ!' સૂર્યશિષ્યે વળતો અંતિમ પ્રહાર કર્યો.

'નહિ! આ સભાગૃહમાં ભીષ્મ પિતામહ, દ્રોણ, વિદુર, અશ્વત્થામા, કૃપાચાર્ય વગેરે સૌ વડીલો ઉપસ્થિત છે. તારે ઊઠવાની શી જરૂર? ફરી ઝેરનાં પારખાં લેવાં છે? ક્રોધી દુર્યોધન તને ભરસભામાં, 'સૂતપુત્ર, તારે વચમાં પડવાની જરૂર નથી.' એમ કહીને પ્રાતિકામની જેમ ધુતકાર્યો તો? અથવા જે સ્ત્રી માટે તું આટલો અસ્વસ્થ થઈ ગયો છે એ જ સ્ત્રી 'સૂતપુત્ર પાસેથી મને રક્ષણ નથી જોઈતું.' એમ કહીને ઊભી રહી તો? તો પછી સો બાણથી વીંધાયેલા કાળજાંની કારણી વેદના કરતાંય આ શબ્દોની પીડા સહેવી અસહ્ય થઈ પડશે! આથી જ કર્ણ, મૂંગો બેસી રહે! સહેજે આઘોપાછો થઈશ નહિ!' અંતે સારથિનો વિજય થયો! હાથમાંની ચાબુક ઉન્મત્તાઈથી આકાશમાં વીંઝી અને આનંદમાં આવી જઈ અર્ઘ્ય દેતાં સૂર્યશિષ્ય પર જોરથી ફટકારી! સટ... સટ... સટ...!

ઊછળતો પ્રવાહ જલનૌકાને પાણીમાં ગબડાવી દે તેમ દુઃશાસન દાસીને દુર્યોધનના આસન તરફ ગબડાવતો હતો! એની ઉઘાડી જાંઘ પર એને બેસાડવા માટે!

'ઊભો રહે, દુઃશાસન, અંધપિતાના પુત્ર અંધ નથી, પરંતુ સમર્થ આંખોવાળા છે. જગતે કદી ન જોયું હોય તે તેઓ જોઈ શકનારા છે એની પ્રતીતિ આ દાસીને હમણાં જ કરાવી દે! એનાં અંગ પરનાં વસ્ત્રો ઉતારી એને નગ્ન કરી મારી જાંઘ પર બેસાડ!!' લુહારના ઘણથી તપ્ત લોહમાંથી ચારેબાજુ આગના તણખા ઊડે તેમ દુર્યોધનના મુખમાંથી શબ્દોના તણખા ચારેબાજુ ઊડતા હતા! સૌ ઋષિઓએ કાન આડા હાથ દીધા. આંખો મીંચી દીધી!

'દુર્યોધન...!' રાજમાતા ગાંધારીદેવીએ ચીસ પાડી.

'નીચ, દુર્યોધન!' ગદા ઉઠાવીને દાંત કચકચાવતો વિફરેલા સિંહની જેમ ભીમ એના આસન તરફ ધસ્યો!

'પાછો વળ, ભીમ!' નત મસ્તકે જ, પોતાના આસનેથી એક તસુભાર હલ્યા વગર યુધિષ્ઠિરે ફરી એને પાછો વાળ્યો. ફક્ત શબ્દોથી! એ પગના અંગૂઠાને જોતો રહ્યો.

ભડભડતો દાવાનળ હરિયાળા ઘાસ તરફ વળે તેમ એક ઘડીમાં દુઃશાસન દ્રૌપદી તરફ ધસ્યો! તલવારની મૂઠ કચકચાવીને પકડે તેમ એણે એના જમણા હાથને પોતાના ડાબા હાથની મૂઠમાં જોરથી પકડ્યો. પગ પછાડતી, જોરજોરથી ચીસો પાડતી તે હાથ છોડાવવા છટપટતી હતી. કેટલી લાચાર હતી તે! કેટલી વિવશ! આ મથામણમાં પુષ્પોની એક માત્ર માળાથી બાંધેલા એના વિશાળ કાળા વાંકડિયા કેશ, માળા તૂટતાં છૂટી ગયા અને વેરવિખેર થઈ ગયા! એ જોતાં જ મારી આંખ સામે કાળાં ઘનઘોર અંધકારમાં અગણિત વલયો ચકરાવાં લાગ્યાં! હું ક્યાં છું? મારી આંખ સામે આ શું ચાલી રહ્યું છે? વિડંબના! અત્યાચાર! અન્યાય! આ કુરુની રાજસભા છે કે કામુકોની, મદોન્મત્તોની, બુદ્ધિભ્રષ્ટોની અંતઃપુરી છે? અરેરે, હું હસ્તિનાપુર શા માટે આવ્યો? ચંપાનગરીમાં એક સારથિ રૂપે જીવ્યો હોત તો એમાં શું બગડી જવાનું હતું? હું ક્યાં જઈ રહ્યો છું? અંધકારના અધઃપતનની ભયંકર ઊંડી ગર્તામાં! કોણે મને રાજા બનાવ્યો? દુર્યોધને? હસ્તિનાપુરની પ્રજાએ? કે અજ્ઞાત નિયતિએ?' કર્ણ, ફેંકી દે આ મુગટ અને ચાલ્યો જા હસ્તિનાપુરમાંથી... ચંપાનગરીમાં! ગળું ફાડીફાડીને મારી ભીતરમાંથી મને કોઈ કહી રહ્યું હતું. પણ... પણ હું મુગટ ફેંકી શક્યો નહિ! ગમે તેટલી પ્રબળ ઇચ્છા હોય તોપણ જીવનને કોઈ પાછું વાળી શકતું નથી! ત્યાંથી પલાયન થઈ શકાતું નથી! જે દેખાડે તે જોવાનું! જેમ જિવાડે તેમ જીવવાનું!

દુઃશાસને એકદમ પાંચાલીની સાડીની પાટલી પકડી! વિફરેલી વાઘણ જેવી એણે એના સશક્ત હાથ પર જોરથી બટકું ભર્યું! વળ ખાઈને એણે બંને હાથ છટકાર્યા! આકાશમાંથી વીજળી છૂટે તેમ એ એના હાથમાંની પકડમાંથી છૂટી! સભાગૃહમાં ચોમેર ઘૂમવા લાગી, તરફડિયાં મારવા લાગી. છાતી કૂટતી ચીસો પાડવા લાગી.

સળગતી મશાલ જેવી એ શ્યામળી ચારેબાજુ ઘૂમી રહી હતી. વંટોળિયાની જેમ દુઃશાસન ફરી એ મશાલની પાછળ દોડ્યો. મશાલની જ્યોત ભડકી! દોડીદોડીને થાકી ગયેલી પાંચાલી છેવટે ભીષ્મ પિતામહના આસનની સામેના પગથિયે આંધીમાં અટવાયેલી કદલીની જેમ ફસડાઈ પડી. પવનના ઘુઘવાટથી ગવાક્ષનાં બારણાં ભીંત સાથે સતત પછડાય તેમ પોતાનું માથું પગથિયાના પથ્થર પર સતત પટકતી રહી! એના લલાટ પરનું સૌભાગ્યનું કુમકુમ ભૂંસાઈ ગયું. માથામાંથી છૂટેલી લોહીની ધારાનાં કેટલાંક બિંદુ કંકુમાં ભળી ગયાં! સ્નાન વેળા એના વિશાળ કેશમાંથી નીતરતાં જલબિંદુ એની સામેના પથ્થર પરના પ્રત્યેક આઘાત સાથે ઊછળી ઊછળીને પગથિયે વહેતાં લોહીમાં વિલીન થઈ ગયાં!

વિવશતાથી મેં આંખો મીંચી દીધી પણ આંખો મીંચવાથી સત્ય થોડું મીંચાઈ જવાનું હતું? મારી અર્ધ-જાગ્રત આંખો સામે બે રક્તબિંદુ અને બે અશ્રુબિંદુ લટકી રહ્યાં! તે ઘડીક થથરી ઊઠ્યાં અને બીજી જ ઘડીએ એમાંથી રક્તની અને અશ્રુની ધારા વછૂટી! કણકણમાંથી ક્રમશઃ વિશાળ બનતો જતો પ્રવાહ બે પ્રચંડ મહાન નદીઓમાં પલટાઈ ગયો!

ગંગાથીયે કેટલો વિશાળ! રક્તની અને અશ્રુની લહેર! વિલીન થઈ ગયેલી, ઊછળતી, ગરજતી! એ ભયાનક મિશ્રણના વિરૂપ પ્રવાહમાં અનેક યોદ્ધાઓનાં શિરકમલ તૃણની જેમ વહેતાં જોઈ મારું મન ખિન્ન થઈ ગયું પણ ભયથી ધ્રૂજી ઊઠ્યું નહિ!

'પિતામહ...!'

આર્દ્રભરી ચીસ સાંભળી મેં આંખો ખોલી.

શબ્દો ધગધગતા લાવારસની જેમ ઊછળતા હતા. 'હું મહારાજ પાંડુની પુત્રવધૂ આપની કન્યા છું! પિતામહ ઊઠો. આ ચાંડાળના હાથ ઉખેડી નાખો. પાલવ પાથરી હું આપની પાસે ભીખ માગું છું. આ કુરુની પ્રાચીન રાજસભામાં મારા શીલનો વેપાર ન માંડો! ઊઠો! સ્ત્રીના શીલરક્ષણની કુરુકુળની પરંપરા આ મદાંધ નીચને ખડ્ગથી સમજાવી દો!'

પણ...

પણ ભીષ્મ પિતામહનું મસ્તક વાંકી વળી ગયેલી દાંડીવાળા કમળની જેમ નમી ગયેલું હતું. મારે ખાતર એમનો બાણના ટંકારવ સમો તીવ્ર અવાજ અખાડામાં ઘૂમી વળેલો તેમ ફરી આજે રાજસભામાં ઘૂમી વળશે એમ મને થયું હતું પણ તેમ બન્યું નહિ.

ભીષ્મ પિતામહ! કુરુકુળનો માનદંડ! ઋષિવર્ય વશિષ્ઠના વેદશિષ્ય! બૃહસ્પતિ અને શુક્રાચાર્ય પાસે શાસ્ત્રાધ્યાયન કરેલા વિક્રમી ક્ષત્રિય! ચ્યવન, ભાર્ગવ અને માર્કંડેય પાસેથી ધર્મનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરનાર ધર્મજ્ઞ! શાંતનુ મહારાજના સાક્ષાત્ ગંગાપુત્ર! કાશીરાજ અને ઉગ્રાયુધને ધૂળ ચાટતા કરી દેનારા વીર પુરુષ! ધનુર્વિદ્યા ગુરુ, જમદગ્નિપુત્ર પરશુરામને ધર્મયુદ્ધમાં પરાભવ કરી સાચો શિષ્ય ગુરુ કરતાં મૂઠી ઊંચેરો થઈ શકે છે એ સિદ્ધ કરી દેખાડનાર વિખ્યાત ધનુર્ધારી! આજન્મ બ્રહ્મચર્યવ્રતપાલનના તેજથી તપતા નિધિ! પણ...

એ ભીષ્મ આજે શિર ઝુકાવીને ચૂપ બેઠા હતા. આ જ્યેષ્ઠ વૃદ્ધે કદાચ જીવનમાં પહેલી વાર આ હાર કેમ સ્વીકારી લીધી હશે? કે પછી કાબેલ નિયતિ અહંકારી પુરુષોની લાજ લૂંટવા કેટલાક પ્રસંગો ઊભા કરતી હશે?

પિતામહને ચૂપચાપ બેઠેલા જોઈ દ્રૌપદીની આંખ ફાટી ગઈ. છાતી ફૂટતી તે રડવા લાગી. 'મહારાજ...' મને થયું કે એનો આક્રોશ સભાગૃહની છતને ભેદી ક્યાંક આકાશની છતને હલબલાવી મૂકશે! કાનના પડદાને ચીરતી વીજળી કડાકા કરવા લાગી, 'કર્ણ, ઊઠ! ઊઠ, કર્ણ! કલાકો સુધી અર્ઘ્યદાન દેનાર, સૂર્યશિષ્ય, ઊઠ! અંધકારના સામ્રાજ્યમાં પૂળો મૂક! વેર, પ્રતિશોધ એ હલકા મનની શૂદ્ર કલ્પના છે! રૂંધાયેલી ભાવનાઓનું ખદબદતું કળણ છે! આ કળણમાં સપડાયેલા હાથીની જેમ તું પણ હાથ જોડીને બેસી રહીશ? રોજ કલાકો સુધી આંખો દ્વારા તેજરસનું પાન કરનાર કર્ણ, આજની આ ક્ષણ તારા અને આ સૌના ભાવિની દૃષ્ટિએ સુવર્ણ સમી અત્યંત મૂલ્યવાન છે! ઊઠ, તું તારા ફક્ત એક જ શબ્દથી સભાગૃહને ધારીશ એ દિશામાં પલટાવી નાખવા સમર્થ બનીશ!'

'મહારાજ... આપના અવિચારી, અત્યાચારી પુત્રને વારો! રાજમાતા... મારી લાજ રાખો. હું દાસી છું તેથી આ કુરુની રાજસભામાં રોજ ઝાડુ વાળવા તૈયાર છું, આપનાં રાજવસ્ત્રો ધોવાં તૈયાર છું, કેશ ઓળવા તૈયાર છું!' મહારાજ સામેનાં પગથિયે પોતાના હાથ અફાળતી દ્રૌપદી 'મહારાજ... મહારાણી!' કહીને હૃદયવિદારક વિલાપ કરવા લાગી. એના હાથનાં સોનાનાં કંકણ ચેપાઈ ગયાં. પણ... પણ રાજદંડ ઊંચકાયો નહિ.

બાજની જેમ ચીલઝડપથી દુઃશાસને એના છુટ્ટા કેશ મુઠ્ઠીમાં પકડ્યા. ઘુઘવાટા કરતાં પાણીના ધોધની જેમ એ અટ્ટહાસ્ય કરતો બોલ્યો, 'એય દાસી, કોને ચાંડાળ અને નીચ કહે છે? મને?' હાથમાંના કેશને એવો જોરથી ઝાટકો દીધો કે વેલીને ઝટકો લાગતાં ફૂલ ખરીને નીચે પડે તેમ એની ડોક નમી પડી. એની ડોકને ઝટકો લાગતાં જાણે મારી પીઠમાં ક્યાંક સણકો ઊપડ્યો. 'તારા નપુંસક પતિઓને ચાંડાળ કહે!' દુઃશાસને હાંસી ઉડાવતાં કહ્યું.

આ દૃશ્ય જોતાં મને રોમેરોમ ધિક્કાર વ્યાપી ગયો. જોકે ક્ષણ પૂરતો જ. એ જ પેલી ગર્વોન્નત ગ્રીવા હતી! વારંવાર તિરસ્કારથી ઝટકા દેતી! નહિ. અહીં નહિ. એ વેળા ત્યાં સૌને હડસેલતી! અનેકને ડગલે ને પગલે નીચું જોવડાવતી! એ જ – એ જ તે અભિમાની સ્ત્રી હતી પાંચાલી!

સ્ત્રી એ મહાન માંગલ્યનું મનોહર પ્રાકટ્ય! એમ કહેનાર ભાવિકોને કલ્પના પણ નહિ હોય કે આ જ સ્ત્રી વખત આવ્યે વિરાટ વિનાશનું, વિધ્વંશનું કારણ પણ બની શકે છે! એક માત્ર કારણ!

દુઃશાસને કેશ પકડેલી સ્થિતિમાં તે સભાગૃહમાં સર્વ સભાસદોને મોટેમોટેથી આક્રોશપૂર્ણ અવાજમાં પડકારતી હતી, 'આચાર્ય... ગુરુદેવ દ્રોણ..., કૃપાચાર્ય... ગુરુપુત્ર અશ્વત્થામન્..., અમાત્ય... તમે સૌ કેમ ચૂપ છો? કોઈક તો ઊઠો!'

એના સ્વરમાં હૃદય ભેદનારી નરી આર્દ્રતા હતી, પરંતુ મારા પર એની કોઈ જ અસર થતી નહોતી! અસર કેમ થાય? હું વજ્ર હૃદયી થઈ ગયો હતો! અંગ પરના અભેદ્ય કવચથીયે અધિક અભેદ્ય! કોઈના આક્રોશથી હવે હું દ્રવી જાઉં તેવો નહોતો! આવું કેમ થયું હશે?

છાતી કૂટતી, હાથ ફેલાવતી, આક્રોશ કરતી તે દરેકના આસન પાસે જઈ, 'હસ્તિનાપુરના પુરુષશ્રેષ્ઠો, સમરાંગણમાં ઝળકી ઊઠતા વીર યોદ્ધાઓ, કુરુના આદરણીય જનો – હું અસહાય, અબલા પાંચાલી આજ પાલવ પાથરું છું. મને આપના સમર્થ બાહુઓનું અભયદાન દો! ઊઠો! આ અભાગણી બહેનને આ દુષ્ટોના હાથમાંથી છોડાવો! સ્ત્રીના કૂખે જન્મેલા શક્તિશાળી પુરુષોના પુરુષાતનને શું આ સ્ત્રીનો હૃદયદ્રાવક વિલાપ જાગ્રત નથી કરતો?' એમ કહીને વિનવવા લાગી.

એક પછી એક આસન પાસે જઈ શીલરક્ષાની ભીખ માગતી તે મારી તરફ આવી રહી હતી. અશ્રુનો પ્રવાહ મુખ પર થઈને એની કંચુકીને ભીંજવતો હતો. એક જ ક્ષણમાં – બસ એક જ ક્ષણમાં એ મારી સામે આવીને ઊભી રહેવાની હતી. હાથ ફેલાવીને આર્જવ સ્વરે વિનવવાની હતી, 'અંગરાજ, આ અભાગણી અબળાને તમારા અજેય, અભેદ્ય કવચની પાછળ મોં છુપાવવાનું સ્થાન મળશે? આજ અત્યાચારની આ લોખંડી દીવાલને તમારું અભેદ્ય કવચ ભેદી શકશે? અંગરાજ કર્ણ, તમે પાંચાલીના શીલનું રક્ષણ કરી શકશો?'

બસ, મિત્રદ્રોહ ગણાય કે પ્રાણ જાય પણ આપણી સામે હાથ ફેલાવીને ઊભી રહેલી પાંચાલીની પવિત્રતાને અભડાવનાર નિર્દય, નિષ્ઠુર હાથને એક જ ઝાટકે કાપી

નાખીશ! પછી બીજી જ ક્ષણે કર્ણ કુરુની સભામાં સભાસદ રહેવાનો નહિ. દુર્યોધન ખાતર જાન દેનારો મિત્ર પછી એનો મિત્ર રહેશે નહિ! શિર ઝુકાવીને મૂકપણે અન્યાયને સમર્થન દેનારા લાચાર આશ્રિત પણ રહેશે નહિ! અપમાનનના અગ્નિકુંડમાં એકાકી સળગી મરનારો પરાધીન સારથિ પણ નહિ! એક જ ક્ષણ પછી પોતાને આશ્રયે આવેલી એક સ્ત્રીનું રક્ષણ કરનાર તે એક સૂર્યશિષ્ય હશે! એક સત્યપુરુષ હશે!

મેં મારા મનના તાણાવાણાને એકત્ર કરી મજબૂત બાંધ્યા. એ તાણાવાણામાં કર્ણ, કુરુનો યોદ્ધા કર્ણ, અપમાનિત કર્ણ, વેરથી સળગતો કર્ણ – એ તમામ કર્ણને કચકચાવીને બાંધી દીધા અને એને હૃદયના એક અજ્ઞાત ખૂણે ધકેલી દીધા! કિરણોના અનેક અશ્વો ઉછાળતો મારી ભીતરનો સૂર્યશિષ્ય કર્ણ સફાળો ઊભો થઈ ગયો! ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરીશ! એક ક્ષણમાં બની જનારું નાટક સૌને આઘાતવિમૂઢ કરી દેનારું બનશે! કુરુની આખી સભા આનો વિરોધ કરશે તોપણ એક વાર કર્ણના હાથમાં રક્ષાયેલી પાંચાલીનો એક વાળ પણ કોઈ વાંકો કરી શકશે નહિ! એમાં સ્ત્રીદાક્ષિણ્યનું ખોખલું અભિમાન નહિ હોય! એમાં પાંડવો પ્રત્યે દયાભાવ નહિ હોય! મારા પુરુષાર્થના પ્રદર્શનનું તો નામોનિશાન નહિ હોય! એમાં હશે શરણાર્થીને આપેલ કેવળ અભયદાન! કેવળ અભયદાન! 'કર્ણ, મારી લાજ રાખ!' એમ કહીને હસ્તિનાપુરની કોઈપણ સામાન્ય સ્ત્રી ત્રસ્ત બનીને મારી પાસે દોડતી આવશે તો હું ગમે ત્યારે અને ગમે તે પ્રસંગે એને હું આ જ દાન દેવાનો! મારા પ્રાણના ભોગે એની રક્ષા કરવાનો!

એક હાથ ફેલાવતી અને બીજે હાથે દુઃશાસનને ધકેલતી તે એક પછી એક આસન પાસે જઈ કાકલૂદી કરતી હતી. નદીના પૂરમાં દેવદાર વૃક્ષ ખેંચાતું જાય તેમ એના પગની પાની સુધી લાંબા વિશાળ કેશ સાથે દુઃશાસન પણ ખેંચાતો જતો હતો. દુઃશાસન જેવો દ્વન્દ્વયોદ્ધો એક સ્ત્રીને સુધ્ધાં વશમાં રાખવા અસમર્થ હતો. એ સ્ત્રી દુઃશાસનના પુરુષાર્થને પડકારતી હતી. એ એને અસહ્ય થઈ પડ્યું હતું. ચિડાયેલા દુઃશાસને એના કેશની લટોને પોતાના કંઠે વીંટાળી એની ગરદનને વારંવાર ઝટકા દઈ એને મહાત કરવાનો ક્રૂર પ્રયત્ન કરતો હતો. એને સભામાં દ્રૌપદી સિવાય બીજું કોઈ દેખાતું નહોતું! સંભળાતું નહોતું!

ઉર્ણનાભ, ચિત્રચાપ, દઢવર્મન, નિષંગિન્, મહાબાહુ, વિશાલાક્ષ, ચિત્રવર્મન, સોમકીર્તિ – પ્રત્યેક પાસે વિલાપ કરતી સૌનામાં એ શૂરાતન જગાડી રહી હતી. આર્દ્રભાવે – અતિશય આર્દ્રભાવે એ રડી રહી હતી. વાવાઝોડામાં ગીચ જંગલમાં ભૂલી પડેલી ગાયની જેમ! પણ કોઈ ઊભું થતું નહોતું.

મારી જમણી બાજુએ બેઠેલા યુવરાજ પદ્મનાભને જોરશોરથી પોકારીને કહેતી હતી, 'યુવરાજ... પદ્મનાભ!' અખાડામાં હજારો મુખેથી નીકળતા અર્જુનના અને મારા જયજયકારના અવાજની પ્રબળતા કરતાં અધિક આ એકલીના આક્રોશની પ્રબળતા હતી! પણ... પદ્મનાભે ઊંચે જોયું નહિ!

બીજી જ ક્ષણે એ મારી સામે આંસુભરી આંખે ઊભી રહી. મારા જીવનમાં આમૂલ પરિવર્તન લાવનારી કેટલીયે અવિસ્મરણીય ક્ષણો આવી હતી! પ્રત્યેક ક્ષણે મારું જીવન ઘડતર કર્યું હતું! છતાં એ સૌ કરતાં આ ક્ષણ અત્યંત મહત્ત્વની હતી, મહાન હતી. મારાં કુંડળ એકાએક ડોલવાં લાગ્યાં, કારણ તે મારી સામે આવીને દયાર્દ્રભાવે ઊભી રહી હતી

એટલે? નહિ. હમણાં જ મને આવેશમાં આવી જઈ પોકારવાની હતી અને પછી શું થશે એ હું કહી શકું તેમ નહોતો! આસન પરથી ઊભો થઈ સીધો સભાની મધ્યમાં છલાંગ મારીને હું પહોંચવાનો હતો!

એક પળ એણે મારી સામે જોયું. મને થયું કે આ શું? હંમેશની અભિમાની ક્ષત્રિયાણીની આંખોમાં સીધાસાદા ભાવ પણ નથી વર્તાતા?... પણ ક્ષણ પૂરતું જ. તત્કાળ કમર પરની મ્યાનમાંથી તલવાર કાઢીને હું ઊભો રહ્યો. એના હોઠેથી ફક્ત એક જ શબ્દ બહાર પડવાનો હતો, 'અંગરાજ...!' અને બીજી જ ક્ષણે જરાસંધની સામે ઝઝૂમ્યો હતો તેમ હું દુઃશાસન સાથે ઝઝૂમવાનો હતો. મને ઊભો થયેલો જોઈને પિતામહ, અમાત્ય, અશ્વત્થામા, કૃપાચાર્ય, ગુરુ દ્રોણ સૌએ આશ્ચર્યથી ઊંચું જોયું. સારંગના ઝુંડની જેમ મારાં અંગેઅંગમાં રક્તકણો ઊછળવાં લાગ્યાં. ગંગાકાંઠે ગ્રીષ્મના તાપથી તપી જતાં પથ્થરની જેમ મારું અંગેઅંગ તપી ગયું! કાનમાં શંખનાદ સમો અજ્ઞાત અવાજ ગુંજી ઊઠ્યો! મેં મારા કાન એ એક શબ્દ સાંભળવા સરવા કર્યા. પણ... પણ એક પણ શબ્દ ઉચ્ચાર્યા વગર એ નીચું જોઈને આગળ ચાલી ગઈ! ચૂપચાપ! હીબકાં ભરતી! કોણ જાણે કેમ? મારા માથા પર જાણે સહસ્ર ધારે વીજળી તૂટી પડી! એ કેમ આગળ ચાલી ગઈ? કયા કારણસર? એક સૂતપુત્ર પાસે ક્ષત્રિયાણી થઈને દીનતાથી હાથ શા માટે લંબાવું? એ હેતુથી? ફરી બુદ્ધિના દરમાં અનેક પ્રશ્નો નાગના ફણાની જેમ ખડા થઈ ગયા! બેફામ ઘોડાની જેમ વિચારોનું પૂર ઊમટ્યું! એના પગ નીચે સંયમ, વિવેક, ઔદાર્ય, સહૃદયતા વગેરે જગતના સર્વશ્રેષ્ઠ સદ્‌ગુણોનાં રક્તથી ધબકતો દેહ અંતિમ શ્વાસ સુધી તરફડવા લાગ્યો! થયું કે બંને કાન પર હાથ દાબી દેહ પરનું અભેદ્ય કવચ તૂટી જાય એટલા જોરથી ગળું ફાડીને બૂમ પાડીને કહું કે, 'હું સૂતપુત્ર નથી! હું અંગરાજ છું!' હાથમાં તલવારની મૂઠ થરથરવા લાગી. ઊભું રહેવું ભારે થઈ પડ્યું અને એકદમ આસન પર ફસડાઈ પડ્યો! મન, શરીર, ચેતના – તમામ બધિર, શૂન્યમનસ્ક થઈ ગયાં! અંગને અભેદ્ય કવચ દેનાર નિયતિ યોદ્ધાના મનને અભેદ્ય કવચ દેવાનું કેમ વીસરી ગઈ હશે?

સ્વયંવરમાં મન ફાવે તેમ બોલીને આ સ્ત્રીએ મારા સ્વાભિમાનના લીરેલીરા ઉડાડી દીધાં હતાં અને આજ... અને આજ ન બોલીને એણે એક લાત મારીને એ લીરાને ધૂળ ચાટતાં કરી દીધાં હતાં! રેશમી રાજવસ્ત્રોમાં અને મુગટમાં સજ્જ, સભાગૃહમાં બેઠેલો કર્ણ એને એક બળદ જેવો પણ ન લાગ્યો? સાવ સામાન્યમાં સામાન્ય યુવરાજ પાસે હાથ ફેલાવનારીને અંગરાજ કર્ણ પાસે હાથ ફેલાવતાં શું જતું હતું? કે પછી એને પ્રાતિકામ અને કર્ણમાં કોઈ ભેદ દેખાયો નહોતો? વનમાં દાવાનળ ફેલાતાં હાથીઓનાં ટોળાં ચિં... ચિં... એમ ભયાનક અવાજ કરતાં એકમેક સાથે અથડાતાં આમતેમ નાસભાગ કરે તેમ અસંખ્ય વિચારો મારા મગજમાં નાસભાગ કરવા લાગ્યા. વિચાર અને શંકાના સતત પ્રહારથી માથું ફાટી જશે એ બીકે મેં બે હાથથી માથું દાબી દીધું.

તમામ જગ્યાએથી જાકારો પામેલી, થાકેલી, કેશ વિખરાયેલી એ દાસીને દુઃશાસન બળપૂર્વક ખેંચીને એને સભાગૃહની વચમાં લઈ આવ્યો. દાસી! હા, દાસી જ! તમામ કુરુ યુવરાજોની એ દાસી હતી! દ્યૂતે નિશ્ચિત કરેલી! પણ મારે મન તો એ દાસીથીયે હીન હતી! જીવનના સત્યે નક્કી કરી લીધેલી!

અત્યંત આક્રંદ કરતી સભાસદોને અને પોતાના પતિને – સૌને વીણીવીણીને વાક્પ્રહારથી દોષ દેતી હતી. દુઃશાસનના બાહુપાશમાં સપડાઈ ન જાય એટલે કમરેથી વાંકી વળીને એણે પોતાના દેહને પોટલા જેવો બનાવી દીધો હતો! એના મર્મભેદક શબ્દની દરેક પર શું અસર થઈ તે હું જાણતો નહોતો પણ મારું હૃદય તો સહેજે દ્રવ્યું નહોતું. શા માટે દ્રવે? સૂતને કાન નથી અને હૃદય પણ નથી જ નથી! અને હોય તો તે પથ્થરનું છે! ધૂળમાં પડેલાં! જે આવે એ એને ઠેબે ઉડાડે!

એક જ સ્થાન પર ગોળગોળ ફરતી છેવટે મરણિયો પ્રયત્ન કરતી મનમાં જે ઊઠે તે વીજળીના ગડગડાટની જેમ બોલતી હતી, 'કહો, આ કુરુની પ્રાચીન રાજસભામાં એક પણ સિંહછાતી ધરાવતો સત્યપ્રિય વીર પુરુષ છે ખરો? જે સભામાં વૃદ્ધજનો નથી તે સભા નથી, જે વૃદ્ધજનો અધર્મનો પ્રતિકાર કરવાનો ધર્મ બજાવતા નથી તે વૃદ્ધ નથી અને જે ધર્મમાં સત્ય-અસત્યનો વિવેક નથી તે ધર્મ નથી! કહો, કોઈક તો કહો. જે પતિએ પોતાની જાતને હોડમાં મૂકી જાતને હાર્યા હોય એને પછીથી પત્નીને હોડમાં મૂકવાનો અધિકાર હતો? પોતાને 'ધર્મરાજ' કહેવરાવનાર મારા પતિ જ ધર્માનુસાર સૌને સમજાવે કે પોતાના પછી મને હોડમાં મૂકવાનો અધિકાર એમને કયા ધર્મે આપ્યો હતો?

'સ્ત્રીઓને સન્માન્ય ગણી એમના શીલના રક્ષણાર્થે લોહીની નદીઓ વહેવડાવનાર કોઈ ને કોઈ નરશાર્દુલે એક સમયે સજાવેલા આસન પર તમે દરેક જણ બેસી ચૂક્યા છો. આ નિર્જીવ આસનનો એક એક ટુકડો આજે જીવંત બનીને ગર્જના કરીને યાદ દેવરાવશે કે, 'સ્ત્રીઓનું શીલ એ કંઈ દ્યૂતનાં સોગઠાં નથી જેને ચોપાટમાં વીંટાળી દેવાય! ધારો ત્યારે એને હાથમાં લઈ પાસાની જેમ ફેંકી શકો! સ્ત્રીની વિડંબના કરનારા હાથ સમાજ કે રાજ્યને વિનાશની ગર્તામાં ધકેલી દેવા કારણભૂત બનશે! આપ સૌનો જન્મ એક વત્સલ સ્ત્રીની કૂખે થયો છે એ પણ તમે શું આજે ભૂલી ગયા? કહો, પોતાની માને સામી છાતીએ ધાવ્યો હોય એવો કોઈ મરદ જીવંત છે આ સભામાં?'

ચારેબાજુ સ્મશાનવત્ શાંતિ છવાઈ ગઈ. દુઃશાસનની પકડ ઢીલી પડી. શાંત જળમાંથી રૂપેરી માછલીઓ અળગી પડી ઊછળીને પાણી પર કૂદી આવે તેમ દુર્યોધનનો ભાઈ વિકર્ણ ઊભો થયો! હાથ ઊંચા કરી પોતાના વડીલભાઈ દુઃશાસનને અધિકારવાણીમાં કહ્યું, 'દુઃશાસન, પાંચાલીના દેહને સ્પર્શ કરવાનું સાહસ છોડી દે! સૌ સભાજનો સાંભળી લો કે મહારાણી તપતી, નલિની, ભૂમિની, સુદક્ષિણા, વીરજા, દેવયાની, ગંગા અને સત્યવતી વગેરેથી શોભતી આ રાજસભા છે! અહીં રાજસ્ત્રીને અન્યાય કરવો એ મંદિરની પ્રત્યક્ષ દેવોની મૂર્તિઓને પગ તળે કચડી નાખવા બરાબર છે! જે પતિ દ્યૂતમાં જાતને હાર્યો છે એને પોતાની પત્નીને હોડમાં મૂકવાનો સહેજે અધિકાર નથી. અન્યાયને ઓથે ચાલતાં રાજકારણ, સમાજ કે ધર્મ વિશ્વના પ્રવાહમાં લાંબો સમય ટકી શકતાં નથી! અંધ અને મૂર્ખ સભાસદો, એક રજસ્વલા, એકવસ્ત્રા સ્ત્રી પર વીરસભામાં કરેલો આ હડહડતો અન્યાય છે! આપણે મહારાજ આયૂ, નહુષ, યયાતી, પુરુ, હસ્તિ, અજમીઢ, સંવરણ, કુરુ, જન્હુ, પ્રતિપ અને શાંતનુના વંશજ છીએ. એ સૌ નથી જાણતા? કહો, આપણા એકપણ પૂર્વજના જીવનમાં ક્યારેય આવો કાળો દિવસ આ સભાગૃહે જોયો છે ખરો? જે સભાગૃહમાં દિગ્વિજયના અને અશ્વમેધના અશ્વો મોકલીને, હિમાલયને બાંધવાનો વિચારવિમર્ષ કર્યો છે

એ જ સભાગૃહમાં આજ એક અબળાના શીલરક્ષણ માટે વિલાપ અને હીબકાં સંભળાઈ રહ્યા છે! અને તે પણ કુરુકુળની એક પુત્રવધૂનાં! ધન્ય છે આ કુરુના રાજસિંહાસનને અને આ યોદ્ધાઓને!

'નાનો છું છતાં આ કહેવાતા વૃદ્ધો, જ્યેષ્ઠોને હું સ્પષ્ટપણે પૂછું છું કે સમરાંગણમાં ચમકતી એમની ધારદાર તલવારો આજે બુઠ્ઠી થઈ ગઈ છે કે શું? પિતામહ, મહારાજ, આચાર્ય, ગુરુદેવ, અમાત્ય, કૃપાચાર્ય અને સૌને ધર્મદાન દેનારા ઉપસ્થિત તપસ્વી, બ્રહ્મજ્ઞ ઋષિજનો અંગ પર વીજળી પડે એમ આજે પ્રેતની જેમ ચૂપ કેમ બેઠો છો? હું યુવરાજ વિકર્ણ ઘોષિત કરું છું કે યાદ રાખો એક પતિવ્રતાના આક્રોશ, વિલાપ અને હીબકાંના રૌદ્રભૈરવ સંગીત સાથે વહેતાં આંસુની ગંગા જો ભયંકર પૂરનું રૂપ ધારણ કરી ગરજશે તો એમાં રાજ્યાસનની લાલસાથી મૌન ધારણ કરીને બેઠેલા આમાંના એકેયના આસનનું ઠેકાણું નહિ રહે! પતિવ્રતા પર અન્યાય એટલે પવિત્રતા પર અન્યાય! પતિવ્રતાની વિડંબના એટલે પુરુષાર્થનો અંત!' સભાસદો તરફ ઘુરકિયા કરતો તે મૃગનક્ષત્રની મૂસળધાર વર્ષાની જેમ શબ્દોની મૂસળધાર વર્ષા વરસાવતો હતો.

આખી રાજસભામાંથી તે ફક્ત એકલો જ હિંમતપૂર્વક ઊભો થયો હતો. આથી મને ઘડીક એના પર અભિમાન જાગ્યું! પણ તે ઝાઝીવાર ટક્યું નહિ. એની શિષ્ટતા શું સત્ય પર આધારિત હતી? એ કોને પવિત્ર કહી રહ્યો હતો? સમાજસંરક્ષણની તમામ રૂઢિઓને ફગાવી દઈ જે પોતાના પાંચ પતિ સાથે ભોગવિલાસ કરતી એવી સ્વૈરાચારિણી પાંચાલીમાં શું તપતી, વિરજા, સુદક્ષિણા, દેવયાની જેવી વિખ્યાત મહારાણીનાં ચરણોમાં બેસવાની પણ પાત્રતા હતી? આમાંની કઈ મહારાણીએ અનેક પતિ પસંદ કરીને પતિવ્રતાનો મહાન આદર્શ હસ્તિનાપુરમાં સ્થાપ્યો હતો? પોતાનાં સ્વજનોની શારીરિક પંગુતા પર હસીને કદી કોઈએ આઘાતજનક વ્યંગ કર્યો હતો? કુળની ધજાને હાથમાં ઉઠાવીને દર વખતે આની જેમ 'હીન-હીન' કહીને કોઈએ કોઈ વીરને હડસેલ્યો હતો? પાંચાલી પતિવ્રતા નથી! તે વારાંગના છે – કુલટા છે, કલંકિની છે! ઝેરીલો નાગ ફૂત્કાડા મારે તેમ મારી ભીતરમાં રહેલો સારથિ ફૂત્કાડા મારવા લાગ્યો! 'કર્ણ, ઊભો રહે! કર્ણ, ઊભો રહે!' કહેનારા સૂર્યશિષ્યના માથે પગ મૂકીને એ એકદમ ઊભો થઈ ગયો! ઊછળીને બોલવા લાગ્યો. ધૂંધવાઈને મન ફાવે તેમ.

'વિકર્ણ... તું મૂર્ખ છો! સભાગૃહમાં પિતામહ, મહારાજ, આચાર્ય, અમાત્ય વગેરે સૌ ઉપસ્થિત છે. તેઓ કંઈ બોલતા નથી. તું જાણે છે છતાં જાણે ધર્મધુરા તારે માથે હોય તેમ આવેશમાં આવી જઈ નાહકનો બરાડા પાડી રહ્યો છે! પતિવ્રતા, પતિવ્રતા કહીને જેને તું વારંવાર પ્રતિષ્ઠા આપી રહ્યો છો એ પતિવ્રતા નથી જ! એક દેહથી પાંચ પતિ સાથે રમણ કરતી પાંચાલી વિલાસિની છે! કલંકિની છે! વારાંગના છે! કુલટા છે! આવી સ્ત્રીને પાંચ શું ને એકસો પાંચ શું? દાસીમાં વસ્ત્રો પહેરવા જેટલી લજ્જા અને વિનય હોય છે. કુલટામાં એ પણ નથી હોતી! દુઃશાસન, એ સભાગૃહમાં સવસ્ત્રા આવે કે વિવસ્ત્રા આવે એને શું ફરક પડે છે! લજ્જાહીન કુલટાનું લજ્જાહરણ શેનું? આ મૂર્ખ વિચારોથી કાળજું ચિરાઈ જાય એવું કોઈ સભાસદનું કાળજું કોમળ નથી! વિકર્ણ, તું જે જાણતો નથી એમાં માથું મારવાનું છોડી દે અને તારી જગ્યાએ બેસી જા! દુઃશાસન, આજ સુધી પાંડવોની અશક્ત કમર પર

લટકતી આ શ્યામ તલવારને વસ્ત્રની મ્યાનમાંથી બહાર ખેંચી કાઢ!'

બખોલમાંથી બહાર નીકળવા કિકિયારી કરતાં પોપટનાં ટોળાંના અવાજ જેવા શબ્દો મારા મુખવિવરમાંથી સરી પડ્યા! ચારે દિશાઓમાં દોડતાં, લીલા રંગના! હું મન ફાવે એમ બોલતો હતો. દારૂ પીધેલા મત્ત હાથીની જેમ! વર્ષોથી અપમાનિત થયેલા હૃદયની તાસકમાં વેરના ધગધગતા અંગારા મૂકી તે તાસકને મેં એના ઉન્નત મસ્તક પર ઊંધી વાળી દીધી! વેર!

વેર એ મનની મુખ્ય ક્રિયા નથી, એ કેવળ પ્રતિક્રિયા છે! જ્યારે બે સ્વાભિમાની હૃદયમાંથી તણખા સામસામા ઊડે છે ત્યારે પ્રતિક્રિયાની અપાકર્ષક રેખાઓ નિર્માણ થાય છે! દુનિયા એને વેર કહે છે, પ્રતિશોધ કહે છે! ક્રૂરતા કહે છે!

મારા જ આદેશની રાહ જોતો હોય એમ કેળમાંથી પોપડા ઉખેડી નાખે તેમ દુઃશાસને એની સાડીમાં હાથ નાખી એની પાટલી ઉખેળી નાખી! કંચુકી પર હાથ મૂકી તે હીબકાં ભરવા લાગી, 'અચ્યૂત, મિલિંદ, માધવ, કેશવ, ગોપાળ, ગુડાકેશ, ઘનશ્યામ... દોડો!'

શ્રીકૃષ્ણ... મધુસૂદન... ધરતી બનીને આ અભાગી પાંચાલીને આપના ઉદરમાં સમાવી લો! યજ્ઞકુંડમાં અગ્નિ રૂપે આવો અને આ યાજ્ઞસેનાને એમાં સમાવી એના જીવનયજ્ઞને સમાપ્ત કરો. એની તપ્ત રાખ આ અંધ, અધમ જનોના મોં પર ચોપડી દો! મારી આ અહાય અશ્રુની યમુનાની હેલીમાં કામીઓના મદાંધ મસ્તકોને છેક તળિયે હોમી દો! કુરુ કુળનાં ગીચ જંગલોમાં છુપાયેલા આ ઝેરીલા નાગોને મારા આ ઉષ્ણ શ્વાસના અગ્નિમાં ભસ્મ કરી દો! કંસનો વધ કરનાર કેશવ, શિશુપાલની કંઠનળીનું છેદન કરનાર શ્રીકૃષ્ણ, ગોવર્ધનધારી ગોપાળ, શતધન્વાનું શિરચ્છેદ કરનાર શ્યામસુંદર, વિદૂરથને વિદેહ કરનાર વાસુદેવ, દંતવક્રને દગ્ધ કરનાર દ્વારિકાધીશ, નરકાસુરને નષ્ટ કરનાર નંદકિશોર, બાણાસુરના બાહુ તોડનાર બ્રહ્માંડનાયક, પૌંડ્રકને ભૂ પાઈ દેનાર પુરુષોત્તમ, શાલ્વ સહિત શૃગાલનો નાશ કરનાર શશિકિશોર આવો...!! ત્રિલોકને તમારી મુરલીના છેદમાં સમાવી દેનાર કૃષ્ણ આ દીન, એકાકી, અસહાય, અબલા, અનાથ, પાંચાલીને પણ સમાવી લો! સુદર્શનના સર્વસંહારક શક્તિમાન શલાકાઓથી સભામાં બેઠેલા આ મૂક શિષ્ટજનોનાં શિર ઉડાવી દો! કૃષ્ણ... અરે, તમારામાં આજ યશોદા-દેવકીના માતૃત્વ પ્રત્યે આસ્થા રહી છે ખરી? માતૃત્વના મહામંગલ મંદિરના મહાદ્વારે નમાવતી તમારા વૃષ્ણિકુળની લાજ તમારામાં રહી છે ખરી? દુનિયાનો અંત આવા ઘનઘોર અંધકારથી કરવા માગતા હો તો આજે સૂર્યના તેજસ્વી દીપકને ફૂંક મારીને બુઝાવી દો અને આ કૌરવની શ્યામ દાસીને આ અંધકારમાં ડુબાડી દો! નહિતર આવો... યમુનાના ઊછળતાં મોજાં પર ચડીને દોડતા આવો! જોરદાર ફૂંકાતા વંટોળિયાની જેમ આવો! આકાશની છત ભેદીને, પાતાળમાંથી, દશે દિશાઓમાંથી દોડીને આવો! આવો...!! સત્વરે આવો...!!

તે આવેશથી આક્રંદ કરવા લાગી.

એના આક્રંદથી મારા કાનનાં કુંડળ થીજી ગયાં! પહેલી વાર મારું સુવર્ણકળશ સમુ કવચ રોમાંચિત થઈ ગયું! આંખ સામે શ્યામ મોજાંનો પ્રચંડ મહાસાગર ઊછળવા લાગ્યો!

એ પર્વતપ્રાય મોજાંના વમળમાં ઘાસની જેમ મારું મસ્તક ઝૂલવા લાગ્યું. મારા પગ ધ્રૂજવા લાગ્યા! વમળ શમતાં નહોતાં. એના અવિરત પ્રહારથી મારાં કુંડળ તૂટી જઈને મોજાંની સાથે અથડાઈ કિનારાના કાદવમાં ધકેલાઈ ગયેલાં મને સ્પષ્ટ દેખાવાં લાગ્યાં!

સમંદરના વાયરા જેવા દુઃશાસનને એનો વિલાપ પંખીઓની ચિચિયારી જેવો લાગ્યો. કદાચ એને સંભળાયો પણ નહિ હોય. કેળને જડમૂળથી ઉખેડી નાખવા ઉતાવળા થયેલા ઝંઝાવાતી વાયરાની જેમ એ હાથમાંની સાડીની પાટલી સરરર ખેંચવા લાગ્યો. હથેળીમાં મોં છુપાવી આ શ્યામા સાડી સાથે ભમરાની જેમ ગોળગોળ ફરવા લાગી. એની સાડીની માત્ર બે પાટલી જ બચી હતી! ફક્ત બે જ! અને હિમાલયના ઉત્તુંગ શિખર પરથી મને ધક્કો મારીને પાડી દીધો હોય તેમ મારું મન મારી જ વિવશતાથી વ્યગ્ર બની ગયું! મારા શરીરમાં જાણે કોઈ ત્રિશૂળ ભોંકી રહ્યું હતું! પાંચાલીના સ્થાને સભાગૃહમાં વૃષાલી ઊભી છે એ એક માત્ર વિચારથી મારાં અંગેઅંગને ઝેરીલો વીંછી ડંખ મારવા લાગ્યો! મૂસળદાર વરસાદમાં ધરાશાયી થઈ જનારી જીર્ણ પર્ણકુટીની જેમ હું આસન પરથી ગબડી પડ્યો! પગમાંથી શક્તિ ચાલી ગઈ! થોડી વાર પહેલાંના ક્રોધ, તિરસ્કાર, પ્રતિશોધની દીવાલ ક્ષણમાં નષ્ટપ્રાય થઈ ગઈ. હું શું બોલી ગયો? શા માટે? કોને માટે? કોને?

મનની ગુફામાં ક્યાંક ઊંડે ખૂણે છુપાઈ જવા હું આંખ મીંચીને અહીંતહીં ફાંફાં મારવા લાગ્યો! પણ વૃષાલી મારો પીછો છોડતી નહોતી! વૃષાલી! હા, વૃષાલી જ મારી પાછળ દોડતી વૃષાલી! એકાકી, રજસ્વલા, સદ્યસ્નાતા વૃષાલી! વિખરાયેલા કેશવાળી! વિલાપ કરતી, મોં હથેળીમાં છુપાવી દેતી વૃષાલી! 'અંગરાજ, અંગરાજ' કહીને ચીસો પાડતી વિવસ્ત્રા વૃષાલી! પાંચાલીના સ્થાને વૃષાલી દેખાવા લાગી! પાંચાલી! વૃષાલી!! વિવસ્ત્રા પાંચાલી!! નહિ, નહિ, વિવસ્ત્રા વૃષાલી!! વૃષાલી!!! નહિ, એના શરીરને વસ્ત્ર ઓઢાડવું જ જોઈએ!

ખભા પરનું ઉત્તરીય હાથમાં લઈ હું ફરીથી આસન પરથી સફાળો ઊભો થયો. એટલામાં વિજયી સેના પરાજિત શત્રુની રહીસહી શિબિરોને નષ્ટ કરવા જયઘોષ કરતી આગળ ધપે તેમ મુરલીનો રૌદ્ર ભયાનક સ્વર ક્યાંકથી સભાગૃહમાં પ્રવેશ્યો! પાછળ સહસ્ર વાદ્યોનો હૃદયભેદી મિશ્રિત ધ્વનિ પણ ભળ્યા! મને રાજસૂય યજ્ઞ સાંભરી આવ્યો. શું થઈ રહ્યું હતું એ મને સમજાતું નહોતું. મારી સૂધબૂધ હણાઈ ગઈ હતી! વાદ્યોના નાદથી સૌ કાંપવા લાગ્યા. એ નાદ ક્યાંથી આવતો હતો? આકાશમાંથી? પાતાળમાંથી? કે દશે દિશાઓમાંથી? કોઈને સમજાતું નહોતું! પ્રકાશને પ્રવેશવા માટે છતમાં પાડેલાં ગોળ બાકોરામાંથી એક પ્રકાશજ્યોત સીધી અંદર પ્રવેશી અને પાંચાલીનાં તમામ અંગો પર પથરાઈ ગઈ! એ જોતાં સુદર્શનની સ્મૃતિ થઈ આવી! શ્રીકૃષ્ણનું શ્યામ સ્વરૂપ મારી આંખ સામે તરવરવા લાગ્યું. હવે શું થશે? દુઃશાસનના હાલ શિશુપાલ જેવા? અને... અને... મારું પણ? વાદ્યોના ભેંકાર કોલાહલથી સૌનાં હૃદય ભયથી કંપી ઊઠ્યાં, પણ દુઃશાસનના ઉન્માદને કોઈ સીમા નહોતી. એ તો એ જ ગુમાનથી હાથમાંના વસ્ત્રને ઘોડાની લગામની જેમ ખેંચતો હતો. પાણીના વમળમાં સપડાયેલી સૂકી લાકડીની જેમ દ્રૌપદી વસ્ત્ર સાથે ચકરાવા લાગી અને આખો સભાગૃહ આઘાતવિમૂઢ બની ગયો! એની નીલા રંગની સાડી

હશે? થોડી વાર પહેલાં ભજવાઈ ગયેલા નાટકથી જેટલો સ્તબ્ધ થયો નહોતો એથીયે વધુ સ્તબ્ધ ચકચમકતી તલવાર સાથે તાલ વૃક્ષ સમા ઊંચા વૃદ્ધને જોઈને થયો હતો. હજી વધુ શું જોવાનું બાકી રહી ગયું હશે?

જમણો પગ વાળી વીરાસનની અદાથી તેઓ વસ્ત્રના ઢગ પાસે બેઠા. દ્રૌપદીની પીઠ પર મમતાથી હાથ પસવારી કહે, 'પાંચાલી' સાડીઓમાં સળવળાટ થયો પણ એ નિશ્ચેષ્ટ હતી! પિતામહે પીતાંબરનો છેડો પકડ્યો અને હાથમાંની તલવાર વડે આકાશરંગી સાડી સાથે જોડાયેલ પીતાંબરનો છેડો સરરર કરતો ફાડી નાખ્યો! જે પીતાંબરને હાથ ન અડાવવા દુઃશાસનને ગંભીર સ્વરે ચેતવણી આપી હતી એ જ પીતાંબરને એમણે સહજ સ્વાભાવિકતાથી તલવાર વડે અલગ કરી દીધું! કઈ રીતે શક્ય બન્યું હશે એમનાથી?

એમણે ઊઠીને સંકેત કર્યો. તરત જ દાસીઓ આવી અને એના નિશ્ચેષ્ઠ દેહને ઊંચકીને લઈ ગઈ. નત મસ્તકે ઊભેલા પાંડવોમાંથી ભીમને ખભે અને અર્જુનને ખભે હાથ મૂકી પિતામહે મૂક સાંત્વન આપ્યું. આંખને ઇશારે પાંચે ભાઈઓ એમની સાથે ચાલવા લાગ્યા. પિતામહના હાથ ભીમ-અર્જુનના ખભે હતા!

આસન પરથી ઊભા થવાનું મને મન થયું નહિ. સામે પડેલા સાડીના ઢગનો જાણે કોઈએ શીલાનો પર્વત બનાવી મારી છાતી પર મૂકી દીધો હતો! એના ભારથી મારો શ્વાસ રૂંધાવા લાગ્યો! કેટલીક વાર સુધી હું મારા આસન પર બેસી રહ્યો તેનું મને ભાન ન રહ્યું. સંધ્યાના ગોરજ ટાણે વિશાળ સભાગૃહની રિક્તતા ભયાનક લાગતી હતી. હું સફાળો ઊઠ્યો! નિત્ય નિયમાનુસાર સભાગૃહમાં મશાલ સળગાવવાની શુદ્ધિ પણ સેવકોમાં રહી નહિ! પરંતુ મારી આસપાસ છવાયેલો અંધકાર એ મશાલના અજવાસથી શું ઓછો થવાનો હતો?

ખિન્ન મને ધીરે ધીરે સભાગૃહમાંથી હું બહાર નીકળ્યો. સંધ્યાના આછા પ્રકાશમાં સાડીના ઢગલાના વિવિધ રંગોને જોતાં મને થયું કે મારું જીવન પણ વસ્ત્રોના ઢગ જેવું જ છે. રંગબેરંગી ઘટનાઓથી સભર! એમાં માત્ર પીતાંબર જેવા ઝગમગતા એક વસ્ત્રની જ ખોટ હતી!

સભાના પ્રવેશદ્વાર પહોંચતા સુધીમાં મારા હૃદયમાં જન્મથી માંડીને આજ સુધીની વૈભવના તેજસ્વી, ગૌરવાન્વિત અનેક ઘટનાઓના ઘાટ દેખાવા લાગ્યા. આ તમામ ઘટનાઓના સાક્ષી સમા મહેલમાં એની સ્મૃતિઓ કઈ રીતે અંકિત થઈ હશે? એ વિચાર આવતાં જ મેં પાછળ વળીને જોયું. મૂઠીભર ઊંચું સુવર્ણ સિંહાસન અંધારામાં ચમકતું નહોતું! તમામ ખાલી આસનો નદી કાંઠે ઠેરઠેર પડેલાં કાળા પથ્થર જેવા કલાહીન દેખાતાં હતાં. ફક્ત એક દૂર આસન પર હાથમાં માથું ટેકવીને મારી પછી પણ કોઈ થાકેલું સભાગૃહમાં બેઠું હતું! આસનોનો ક્રમ જોતાં એ ચોક્કસ દુઃશાસન જ હતો! નહિતર બીજું કોણ વળી આટલી વાર સુધી બેસી રહે? એ એટલો અચેતન લાગતો હતો કે એનામાં અને આ નિશ્ચેષ્ટ સાડીના ઢગમાં કોઈ જ ફરક નહોતો! એક નિઃશ્વાસ સાથે હું પ્રવેશદ્વારમાંથી બહાર નીકળી ગયો. મને થયું કે ગંગાકિનારે જઈ રોજની જેમ સંધ્યાકાળની અર્ધ્યવિધિ પતાવું! પશ્ચિમ દિશાનું આકાશ ઘનઘોર વાદળોથી છવાયેલું હતું.

પગે સો મણની સાંકળ બાંધી હોય એમ પગ જડ થઈ ગયા હતા. ધીરે ધીરે ડગ

માંડતો હું મારા મહેલના દ્વાર પાસે આવ્યો. વિષ્ણુમૂર્તિના ગર્ભદ્વાર પાસે મેઘમાલા વાંકી વળીને ઇંગુદી તેલ મશાલમાં રેડતી હતી. તેલ ભરાઈ જતાં એણે મશાલની વાટ પ્રજ્વલિત કરી. એનો કેતકીવર્ણો ચહેરો મશાલના તેજમાં ચમકી ઊઠ્યો. એને જોતાં જ મને સવારની રંગોળીવાળી ઘટના યાદ આવી! ઝડપથી એકદમ ગર્ભગૃહમાં પ્રવેશ્યો. મને જોઈને મેઘમાલા બાજુમાં ખસી ગઈ. સામે પડેલી મશાલને દૂર કરી સવારે વિખરાઈ ગયેલી રંગોળી તરફ નજર કરી! ત્યાંથી શ્વેતરંગની રંગોળી અદૃશ્ય થઈ ગઈ હતી! પીતવર્ણી હળદર પણ નહોતી! હતી ફક્ત લાલચટ્ટક કુમકુમની છટા! અહીંતહીં વેરવિખેર! ઊઠીને મશાલ મેઘમાલાના હાથમાં દઈ સીધો શયનગૃહ તરફ ચાલવા માંડ્યો.

શોણ મને સામો મળ્યો. એને જોતાંવેંત ભેટી પડ્યો. નાનપણના વસુની જેમ મને પૂછવાનું મન થયું, 'હું કોણ છું, શોણ?' પરંતુ સવારે મેં ગંગાકિનારે એનો હાથ કેવો નિર્દયપણે છટકારી નાખ્યો હતો! આથી હું ગુપચુપ શયનગૃહ તરફ વળ્યો પણ એણે જ નજીક આવીને કહ્યું, 'મોટાભાઈ, ઊભા રહો.' ગમે તે કહો પણ એ મારો સગો ભાઈ હતો ને! હું મોટો હોવા છતાં એની પ્રત્યેક સલાહ મારે સ્વીકારવાની હતી. હું ઊભો રહ્યો. 'મોટાભાઈ, તને આજે સવારે ગંગાનદીનાં પાણીમાં ઊભા રહી સૂર્યને અર્ઘ્ય આપવાનો આગ્રહ સૌએ શા માટે કર્યો હતો એ તું જાણે છે?'

'ના. હવે જાણીને શો ફાયદો?'

'જીવનમાં તું આદર્શોને જીવ માટે સળગી રહ્યો છે પણ સૌ તારે માટે શું ધારે છે એ તારે જાણવું જ જોઈએ!'

'કહે, શોણ. શા માટે મને ગંગાનદી પર મોકલી દીધો હતો? તું જાણે છે?'

'આજના દ્યૂતના પાસા – જરાસંધનાં હાડકાંનાં હતાં! જેને લડાઈમાં તેં જીવતદાન આપ્યું હતું તેનાં!'

'શું... આ તું શું બોલે છે, શોણ? જરાસંધનાં હાડકાં લેવા દુઃશાસન મગધ ગયો હતો?' મેં એને ખભા પકડીને હલબલાવી નાખ્યો.

'હા! તારા શબ્દોના આઘાતથી જ પાસાઓ થરથરવા માંડે છે એ જાણીને તને બધાએ ભેગા મળીને ચાલાકીથી દ્યૂત સમાપ્ત ન થાય ત્યાં સુધી દૂર રાખ્યો હતો! પાસાઓ કેવળ તારાથી અને ભીમથી જ થરથરતા હતા!'

'તેં કેવી રીતે જાણ્યું?'

'સત્યસેન દ્વારા! દુર્યોધન તને ગંગાકિનારે મોકલી દેશે એ સત્યસેન પહેલેથી જ જાણતો હતો. સભાગૃહમાં જલદી પહોંચવા એ ગંગાકિનારે જ તને સૂચવવાનો હતો... પણ તારાં કુંડળ નિસ્તેજ જોઈ એને થયું કે તું સભાગૃહમાં ન જાય તો સારું, પરંતુ એ કહેવા માટે એની જીભ ઊપડી નહિ! કારણ કે મુખ્ય દ્વાર પાસે તને દુઃશાસન રોકત તોપણ તું એને હડસેલીને અંદર જાત અને પાસા એમની મરજી મુજબ ન પડત!'

આજનો આખો દિવસ રહસ્યની કૂટ જાળ ગૂંથનારો દિવસ હતો.

'શોણ, તું જા! પણ... પણ... શોણ, સવારે મેં તને છટકારી નાખ્યો હતો. એથી તું રોષે ન ભરાઈશ! બધા ભલે આપણાથી પીઠ ફેરવી લે પણ તું મારો ભાઈ છો. આપણે બંને એક જ માતાના લોહીમાંસના પિંડમાંથી બંધાયેલા છીએ એ તું ભૂલતો નહિ!'

'મોટાભાઈ, તારે ચરણે મૃત્યુ આવશે તો હું એને ગંગાકાંઠેનાં છીપલાંની જેમ હાથમાં લઈ છાતીએ જડી દઈશ!' નીચે નમીને એણે મારો ચરણસ્પર્શ કર્યો.

ગર્ભગૃહ પાસે સંકોચાઈને ઊભેલી મેઘમાલા તરફ આંગળી ચીંધીને મેં એને કહ્યું, 'જા, શોણ. એને કહે કે રંગોળી ભૂંસાઈ ગઈ છે. ભૂંસાવા માટે જ હતી તે!' એ ધીમેથી ચાલ્યો ગયો.

શયનગૃહના પ્રવેશદ્વારેથી અંદર દાખલ થતાં પલંગ પર બેઠેલી વૃષાલીને જોઈ મને પહેલી વાર મારી જાત પર શરમ આવી! સભાગૃહના કટુ પ્રસંગને યાદ કરી તે મારી પર જરૂર પ્રશ્નોની ઝડી વરસાવી મને આઘાત પહોંચાડશે. હું એને શો જવાબ આપીશ? પોતાના પતિ માટે એણે શું ધાર્યું હશે?

એની સામે જોયું ન જોયું કરીને હું સીધો ગવાક્ષની બહાર અંધકારમાં ગંગાના પ્રવાહને જોવા વ્યર્થ પ્રયત્ન કરવા લાગ્યો!

રોજની જેમ મારી પાછળ આવીને ઊભી રહી. તેણે વિસ્મયતાથી પૂછ્યું, 'હેં, આપનું ઉત્તરીય ક્યાં ગયું? શું કોઈને આપી દીધું?'

'હેં, હા. આપવાનો હતો પણ આપી શક્યો નહિ! આવા સામાન્ય ઉત્તરીય માટે તું આજે કેમ પૂછપરછ કરી રહી છો?'

'સામાન્ય? નહિ નહિ. આ તો આપણી અનેક સ્મૃતિઓના ચિહ્નરૂપ હતું. ગંગાકિનારેથી ભાનભૂલેલી હું એને ઉઠાવી લાવી હતી. કેમકે એ મારું અને તમારું – બંનેનું પ્રિય ઉત્તરીય હતું! ક્યાં ગયું તે?'

'એ ગયું, સદાયને માટે ગયું! આનાથી અનેકગણાં મૂલ્યવાન વસ્ત્રો જગતમાં છે એમ મને પટાવીને તે સદાયને માટે ચાલ્યું ગયું!'

'ગયું તો ભલે ગયું! પતિ એ જ સ્ત્રીનું મોટું વસ્ત્ર છે!' મારી પીઠ પર ગાલ ટેકવીને એ રોજની જેમ પ્રેમથી બોલી.

હજી સુધી એ સભાગૃહની એક પણ ઘટનાથી જ્ઞાત હોય એવું લાગ્યું નહિ! મેં નિરાંતનો શ્વાસ લીધો.

'તમારું ઉત્તરીય જતું રહ્યું. એની આશ્ચર્યકારી વાત તમે મને કહી. હવે હું એથીય વધુ આશ્ચર્યકારી વાત કહીને તમને ચકિત કરી દેવાની છું!' એ બોલતી હતી અને મારી આંખ સામે સભાગૃહ સતત ફરતું હતું! નીલા, પીળા, લાલ અને લીલા રંગ દેખાતા હતા.

'કઈ વાત?' એનાથી અળગા પડી બીજા એક ગવાક્ષના દરવાજા પાસે ઊભા રહી મેં પૂછ્યું.

'તમે રોજ કહો છો ને કે પાંચાલી તમારો તિરસ્કાર કરે છે! પણ...'

'વૃષાલી! બસ. હવે વધુ સાંભળવાની મને કંઈ જરૂર નથી. તરવૈયાઓનાં પારખાં કાંઠે ઊભેલા પ્રેક્ષકો કરે તેમ મેં જે કંઈ કર્યું છે એનાં પારખાં કોઈ કરે તે મને પસંદ નથી!'

'સાંભળો તો ખરા! પાંચાલીએ હૃદયથી તમારો ક્યારેય તિરસ્કાર કર્યો નથી!' મને વચ્ચે જ અટકાવીને વૃષાલી બોલી.

'તું શેના આધારે કહે છે?'

'આજે મેં પોતે જ જાણ્યું કે...'

'શું જાણ્યું તેં?'

'આજ ત્રીજા પહોરે અમે સૌ અંતઃપુરમાં બેઠાં હતાં. એટલામાં સદ્યસ્નાતા દ્રૌપદી અંતઃપુરમાં આવી. હું તમારી પત્ની હોઈ એણે મારી સાથે ખૂબ હેતથી વાતો કરી. વૃષસેનના ગળે હાથ ફેરવતાં એણે એટલે હદ સુધી પૂછ્યું કે, 'સાચે જ તારા આ પુત્રને કાનમાં કુંડળ નથી? હું એને શો જવાબ આપું? એ તો એના પિતાશ્રી જાણે! એમ કહીને મેં વાત ટાળી! પણ તમારા નામનો નિર્દેશ થતાં જ એ નીચું જોઈ ગઈ!'

'એ કેમ નીચું જોઈ ગઈ, વૃષાલી, તને તે કદી નહિ સમજાય!' બાહ્ય અંધકારના સાગરમાં નયનબાણ દૂર સુધી ફેંકતાં મેં કહ્યું.

'મને પણ શંકા હતી કે કદાચ મારી સામે એ તમારી અવહેલના કરશે! આથી દ્રૌપદી કેશ સમારવા દર્પણ તરફ વળી કે તરત જ મેં એની સખી હિરણ્મયીને નજીક બોલાવી. એણે મને જે વાત કહી તે સાંભળ્યા પછી મને થયું કે તમને સાચી વાત જણાવીને તમારી શંકા દૂર કરું. તમને બોલાવવા મૃણાલને મોકલી પણ એ વખતે તમે સભાગ્રહમાં હતા!'

'એવું શું આશ્ચર્યજનક એણે તને કહ્યું?'

'સૌ સાથે તમે રાજસૂય યજ્ઞ પ્રસંગે ઇન્દ્રપ્રસ્થ ગયા હતા ત્યારે માયાવી કક્ષનાં પગથિયાં ઊતરતી વખતે તમારા કવચકુંડળધારી ચહેરાનું પ્રતિબિંબ તળાવમાં જોઈ પાંચાલીએ એની સખીના કાનમાં કહ્યું હતું કે...!'

'શું કહ્યું'તું? કહે, વૃષાલી, તે વખતે હું ભ્રમમાં હતો અને આજ પણ છું!'

'તેણે કહ્યું'તું કે... હિરણ્મયી, આ કવચ-કુંડળનું પત્નીત્વ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હોત તો મારા જીવનબાગમાં વસંત ખીલી હોત! અંગરાજ-કર્ણ પતિ તરીકે મને મળ્યા હોત તો પાંચ પતિના સહવાસ માટે વિષમપણે વિભાજિત થતાં વર્ષ બબ્બે માસના સમસહવાસમાં વિભાજિત થયા હોત ને?'

પાછળ આવીને એણે મારી પીઠ પર મસ્તક ટેકવ્યું. પાછળ ફરી 'પાંચાલી' કહીને વૃષાલીનું મોં હથેળીમાં લઈ હું એકદમ આર્દ્ર થઈ ગયો.

'પાંચાલી નહિ વૃષાલી!' મારો હાથ પોતાના હાથમાં લેતાં વૃષાલી બોલી : 'પાંચાલી વિશેની ગેરસમજથી તપ્ત થયેલું હૃદય હવે શાંત થયું ને?' મશાલના ધૂંધળા પ્રકાશમાં મારી આંખોની ભીતરમાં તે કંઈક શોધવા લાગી.

અનેકવિધ લાગણીઓથી હૃદય ખળભળી ઊઠ્યું હતું. સવારથી જ સત્યાસત્યના દ્વન્દ્વમાં કેવળ દૈવયોગે હું અસત્ય તરફ ફેંકાઈ ગયો નહોતો? હવે સત્ય સમજીને શો ફાયદો? પાંચાલીની ભાવનાનો પણ હવે શો અર્થ?

'વૃષાલી!' એને બાહુમાં લઈ હું ધીમેથી બબડ્યો.

'કેટલા મહાન છો તમે! પાંચાલી પણ મારી ઈર્ષ્યા કરતી હશે!' મારી છાતીએ માથું વળગાડી તે બોલી.

'હું... અને મહાન? વૃષાલી, હું મહાન હતો પણ આજે નહીં!'

'મારે માટે તમે સદાય મહાન જ છો!' આશ્લેષમાંથી જાતે છૂટીને તે શયનગૃહની બહાર મંદ પવનની ગતિએ નીકળી ગઈ. મારે માટે કંઈક લેવા ગઈ હશે એમ સમજીને મેં એને કહ્યું, 'વૃષાલી, મારે માટે કંઈ લાવતી નહિ. મને ભૂખ નથી.'

એ ઝડપથી પાછી ફરી. મેં શયનગ્રહનો દ્વાર અંદરથી બંધ કરી દીધો અને પલંગ પર પડ્યો. શરીરનો, હૃદયનો તમામ ઉત્સાહ ઓસરી ગયો. સમુદ્રપંખી અનંત ક્ષિતિજનો માર્ગ શોધવા પાણીમાંથી બહાર આવી પાંખો ફફડાવીને આગળ વધે તેમ મારું મન ભાવિનો માર્ગ શોધવા જીવ પર આવીને દોટ મૂકતું હતું, પરંતુ એકેય માર્ગ ન મળતાં પાછું ફરીને હાડપિંજરમાં ભરાઈ ગયું. હું ચાંચ ખોલીને જાણે હાંફતો નિશ્ચેષ્ટ પડ્યો રહું છું! કણસી રહ્યો છું – 'પાંચાલી મને ક્ષમા કર! પાંચાલી મને ક્ષમા કર!'

આજ કોમળ શય્યાના મૃદુ સ્પર્શે મને વધુ અસ્વસ્થ અને અશાંત કરી મૂક્યો. શીતળ ભૂમિ પર ઘૂંટણ ટેકવી મારું મસ્તક મેં પલંગ પર અડાડ્યું. તે જ ક્ષણે સૂર્યકિરણની જેમ ઝગમગતો દિવસ મારી આંખ સામે આવીને ઊભો રહ્યો. તનની આંખોને બંધ કરી શકાય પણ મનની આંખોને? ઘટનાનું કાબરચીતરું પક્ષી પાંખ ફફડાવી આંખ સામે ઊડવા લાગ્યું. વચ્ચે ચીસો પણ પાડતું હતું, 'મેઘાચ્છાદિત આકાશ' કાળોકાળો મેશ દિવસ! પાંચાલીના વિખરાયેલા કાળા કેશ, આંસુ અને લોહીનાં બિંદુ! નહિ. લોહી અને આંસુની નદી! થરથરતા પાસા! મદોન્મત્ત હાથી સમો દુઃશાસન! અને – અને અવિવેકી, માર્ગચ્યૂત, અધઃપતિત કર્ણ! ચોતરફ વિલાપ, કંદન, અન્યાય! વિડંબના! સૌની સાથે પોતાની પણ! ઝગમગતું પીતાંબર! અને – અને પગ તળે કચડાતું ઉત્તરીય! વિખરાયેલી રંગોળીની શ્વેત છટા! અવશેષ કુમકુમ! લાલચટ્ટક કુમકુમ!! ચરણે મસ્તક મૂકનાર શોણ! પીઠ પર મસ્તક ટેકવનારી વૃષાલી! વર્ષના બબ્બે મહિનામાં વિભાજિત કરવા ઇચ્છતી પાંચાલી! પાંચાલી!! પાંચાલી!!!

અસહ્ય બનીને મેં ઊંચે જોયું. ચારેબાજુ મશાલનો ટમટમતો પ્રકાશ હતો. ભૂખ્યાને અન્ન મળતાં વ્યાકુળ બની જાય તેવી જ વ્યાકુળતાથી મનના અંધકારને ઉલેચવા મેં મશાલની જ્યોત તરફ જોયું. એ જ્યોતમાં પાંચાલી ઊભી હતી. અતિ સૌમ્યભાવે વિનમ્રતાથી મને કહેતી હતી, 'અંગરાજ, આજે મેં સભામાં તમારી સામે હાથ ફેલાવ્યો નહિ એથી તમને માઠું લાગ્યું હશે! પાંચાલીએ ફરી મને ઠોકર મારી. એ આઘાતથી તમારું હૃદય શતશત ટુકડામાં ભાંગી પડ્યું હશે! પણ... પણ ખરું કહું તો હું કયા મોંએ તમારી પાસે અભયદાન માગું? મને શો અધિકાર હતો? તમારાં તેજસ્વી કુંડળને એક સમયે મેં... મેં સુગંધના મદમાં ઠુકરાવ્યાં નહોતાં? મારાં અંગમાંની સુગંધ જેટલાં જ તમારા અંગમાંનાં કવચ-કુંડળ મૂલ્યવાન હતાં. એ સમજતાં મને ઘણો સમય લાગ્યો હતો અને સમજાયું ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. સભાગૃહમાં હું તમારી સામે હાથ લંબાવું અને તમારા હૃદયમાં રહેલી નફરતની અસહ્ય વેદનાને લીધે તમે મને ધિક્કારો તો? તો આ પીડાની સાથે તમારા ધિક્કારની વેદના હું કેમ સહી શકત? એટલે જ અને એટલે જ સ્વયં લજ્જાવશ થઈ મેં તમારી પાસે હાથ લંબાવ્યો નહોતો! તમારું અપમાન કરવા પણ નહિ, તમારો તિરસ્કાર કરવા પણ નહિ. સાચ્ચે જ નહિ પણ... પણ કેવળ તમે મને વિલાસિની, વારાંગના અને કુલટા કહી! પાંચ પતિ સાથે રમમાણ કરતી સ્વૈરાચારિણી કહી! કહો, માતાની આજ્ઞાનું પાલન કરનાર પતિ

પોતાની પત્નીને પોતાના બંધુની પત્ની પણ બનાવી દે તો એ જ્યેષ્ઠ પતિનો સંગ કરનારી સ્ત્રી કઈ રીતે કુલટા ઠરે? કહો, શું હું વારાંગના છું? વિલાસિની છું? કુલટા છું? તમારી જાતને મનોમન પૂછી મને જવાબ આપો.

પ્રત્યેક ક્ષણે જ્યોત વધતી જાય છે એનું ભાન થતાં આંખ પર હાથ દાબી દઈ હું ચીસ પાડી ઊઠ્યો, 'નહિ, પાંચાલી. તું કુલટા નથી! તું પતિવ્રતા છો! વૃષાલી જેટલી જ પતિવ્રતા છો!'

બહાર ઘનઘોર અંધારું હોવા છતાં હું ઊઠ્યો. શયનગૃહ, મહેલ છોડી પગથિયાં ઊતરી રાજમહેલના પૂર્વ બાજુના મહાદ્વાર પાસે આવ્યો. નિદ્રાધીન દ્વારપાળને જગાડ્યા વગર મહાદ્વારના ભોગળ દૂર કરી દરવાજો ખોલ્યો અને ચાલવા લાગ્યો. ગંગા તરફ! સમસ્ત હસ્તિનાપુર અંધારામાં એકાકાર થઈ ગયું હતું! માર્ગ પરિચિત હોવાથી ભૂલા પડાય તેવું નહોતું.'

ગંગાકિનારે જઈ રોજની જેમ શીલા પર બેઠો. એ શાંત જલપ્રવાહના કાંઠે ઘટાદાર વૃક્ષોમાંના કદંબ વૃક્ષ પર કારંડવ પક્ષી ક્યારેક પાંખ ફફડાવતું મર્મભેદી ચિત્કાર કરતું હતું. પરંતુ બીજી જ ક્ષણે એનો અવાજ કિનારા પરના નીરવ, નિઃશબ્દ, શાંત વાતાવરણમાં ઘૂમીને કોણ જાણે ક્યાંક ખોવાઈ જતો હતો. આકાશનું નીલરંગી પારિજાત વૃક્ષ નાનાં નાનાં તારકપુષ્પોથી ગીચોગીચ ભરેલું હતું. એમાંનાં કેટલાંક પુષ્પો પ્રતિબિંબ રૂપે ગંગાનાં પાણીમાં વિખરાઈ ગયાં હતાં! ઘણી વાર સુધી એ શીલા પર બેસી રહ્યો, પરંતુ મનનાં કોલાહલ અને ભ્રમણ ક્યારે શમી જશે એનો એક પણ પ્રત્યુત્તર જડતો નહોતો! લપાતી-છુપાતી લહેરો પણ મને કદી જવાબ આપી શકે તેમ નહોતી!! છેવટે ખિન્ન મને ગંગાકાંઠેથી મહેલ ભણી પાછો ફર્યો. વિચારોથી તરફડતો કોણ જાણે ક્યારે નિદ્રાવશ થઈ ગયો! નિદ્રા જ સૌથી વધુ ઉદારહૃદયી માતા છે! પ્રત્યેક વ્યક્તિના વિભિન્ન દુઃખને તે સમભાવે, મમતાથી, ભલે થોડા સમય માટે પણ નિશ્ચિતપણે પોતાના વિશાળ હૃદયમાં સમાવી લે છે!

તેર

કંઈક ખખડાટ થતાં જાગ્યો ત્યારે ગવાક્ષમાંથી શયનગૃહમાં પ્રવેશતાં અરુણોદયનાં મોહક કિરણો જોઈ હું ચકિત થઈ ગયો. આટલો બધો વખત હું ક્યારેય સૂતો નહોતો! કાલના પ્રસંગે મારી દિનચર્યા બદલી નાખી કે શું? એ શંકાથી સફાળા ઊઠી ગવાક્ષના ઝરૂખામાંથી સૂર્ય કેટલો ઊંચે ચડ્યો છે તે મેં જોવા ડોકિયું કર્યું. કોઈએ દરવાજો બહારથી ખટખટાવ્યો. દરવાજો ઠોકવાની આટલી બધી હિંમત કોની છે તે જાણવા હું સીધો દરવાજા પાસે ગયો. મને ખબર હતી કે તે વૃષાલી નહોતી, સુપ્રિયા નહોતી, મેઘમાલા નહોતી. સત્યસેન અને શોણ તો કદી મારા શયનગૃહ પાસે ફરકતા જ નહોતા! શક્યતા હતી તે ફક્ત રાધામાતાની જ! 'કોણ હશે?'ની શંકા સાથે દરવાજાના ભોગળ દૂર કર્યા. દરવાજે અશ્વત્થામાને જોઈ હસતાં હસતાં કહ્યું, 'તું આજે આવીશ. મને ખબર નહોતી તેથી હું આજે આટલો મોડો ઊઠ્યો! નહિતર અત્યારે તો હું ગંગાકિનારે હોઉં!'

'આટલો અંતર્યામી ક્યારનો થઈ ગયો તું? ખોટી વાતો કરીને તું મને બહેકાવ નહિ. હમણાં જ ભાભીએ મને જણાવ્યું કે તું બહુ મોડી રાતે પાછો ફર્યો હતો! અરે, દુઃખ છુપાવે તે પણ આટલી ચાલાકીથી!'

'ગુરુપુત્ર હોઈ તું ગમે ત્યારે, ગમે ત્યાં પ્રવેશી શકે છે, અશ્વત્થામા! અને ગમે તેની પાસેથી વાત પણ જાણી શકે છે! પરંતુ મને કહે તો ખરો કે આજ સવાર સવારના મારી પાસે કેમ આવવાનું થયું?'

'તારી પાસે આવ્યા વગર ન રહેવાયું તેથી!'

'કેમ? શું થયું?' મેં એને આસન પર બેસવા સંકેત કરતાં પૂછ્યું.

'પાંડવો પાંચાલી સહિત કામ્યક વનમાં વનવાસ માટે આજે જ નીકળી ગયા! સૂર્યોદય પહેલાં!'

'આ સાંભળતાં જ વેદનાની એક વિચિત્ર શૂળ મારા કાળજે ઊઠી. કાલની ઘટના બન્યા પછી પણ મામાએ તેઓને વનવાસ મોકલવાની જીદ પકડી રાખી?' મેં દુઃખી સ્વરે એને પૂછ્યું.

'નહિ! યુધિષ્ઠિરે જાતે જ નિર્ણય લીધો છે! વચનપાલન માટે! વૃષવર્મા, મહાઅમાત્ય વિદુર, પિતામહ અને સંજય સૌએ એમને પાછા વળવા ઘણું સમજાવ્યા પણ તેઓ એકના બે ન થયા.' 'અમારું ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય હવે તમારું છે.' એમ દુર્યોધનને કહી એમણે સૌએ પોતપોતાનાં અંગ પરનાં રાજ્યવસ્ત્રો મહારાજનાં ચરણોમાં મૂકી દીધાં.

'અશ્વત્થામા, આપણે બધા શું કરી રહ્યા છીએ મને એ જ સમજાતું નથી!'

'એ સમજાય તો જીવન જીવવાનો કોઈ અર્થ રહે નહિ! ભાવિ કેટલું સુખદ છે એની આશામાં ને આશામાં જ સમસ્ત ચરાચર સૃષ્ટિનો નિત્યક્રમ સરળતાથી ચાલે છે. યુધિષ્ઠિર ગયા! એ જવાના જ હતા! એ જ એમના જન્મજાત સ્વભાવની વિશેષતા હતી!'

'કઈ વિશેષતા?'

'સત્યપ્રિયતા અને સંયમની!'

'સંયમ? કેવા પ્રકારનો સંયમ, અશ્વત્થામા? દિગ્વિજય કરીને મેળવેલું રાજ્ય, દુંદુભિની એક ડાંડીની જેમ ક્ષણમાં ફેંકી દઈ ચાલ્યા જવાનું?'

'હા! તે ફક્ત યુધિષ્ઠિર જ કરી શકે! એના અગાધ સંયમનો હજી પણ એક પુરાવો જોઈતો હોય તો હજી પણ કાલે સભામાં જે આસન પર તેઓ બેઠા હતા તેની સામેનું લોહચરણાસન જોઈ આવ!'

'શું છે એ ચરણાસન પર?'

'એમણે ભીમને વારવા માટે મનને મક્કમ કરી એ ચરણાસન પર જમણા અંગૂઠાને દબાવ્યો હતો તેનો ઊંડો ખાડો!'

'અંગૂઠાથી પડેલો ખાડો!'

'હા. રાજમાતા કુંતીદેવીએ યુધિષ્ઠિરનો શાંત સ્વભાવ જોઈ એમનાથી નાના ચારે ભાઈઓને – પાંડવોને એમના પગના અંગૂઠાને જોઈ નિર્ણય લેવાની આજ્ઞા કરી છે! જે ક્ષણે યુધિષ્ઠિર પગનો અંગૂઠો ઊંચો કરશે તે ક્ષણે આ ચારેય ભાઈઓ કોઈના પર વીજળીની જેમ એકસાથે તૂટી પડશે!'

'એમણે કાલે અંગૂઠો કેમ ઊંચો કર્યો નહિ?' એક પછી એક રહસ્ય જાણીને હું દ્વિધામાં પડી ગયો.

'કાલે એમણે અંગૂઠો ઉઠાવ્યો હોત તો કદાચ તેઓ હંમેશને માટે ઊણા ઊતરી ગયા હોત! શું થાત એ કલ્પવું કોઈને પણ માટે મુશ્કેલ હતું! વળી યુધિષ્ઠિર માતા પાસે અવશ્ય વિશ્વાસઘાતી ઠરત!'

'તું કહેવા શું માગે છે? આ ચારે ભાઈઓ સભામાં સૌને ધૂળ ચાટતા કરી દેત?'

'એવું નથી! પણ ભીમે કાલે દુઃશાસનનો નક્કી વધ કર્યો હોત! કેમકે એ જે આસન પર બેઠો હતો એના લોખંડી હાથાને એણે ક્રોધાવેશમાં વાંકો વાળી નાખ્યો હતો. આજે પણ તને સભાગૃહમાં દેખાશે!'

'અશ્વત્થામા, કાલના અઘટિત પ્રસંગ પછી પણ તને મારા પ્રત્યે સહેજે ઘૃણા થતી નથી?'

'નહિ! માત્ર એક વાત પરત્વે મને અત્યંત ખેદ થયો છે.'

'કઈ? મેં દ્રૌપદીને કુલટા કહીને એની અવહેલના કરી એના પર?'

'નહિ. જો તેં એવું ન કહ્યું હોત તો હસ્તિનાપુર કદી જાણવા પામત નહિ કે તે કેટલી અસાધારણ નારી છે! આજ તો દ્રૌપદી વિકર્ણે વર્ણવ્યા પ્રમાણે દેવયાની, તપતી, ગિરજા, સુદક્ષિણા વગેરે મહારાણીઓથીયે વધુ વંદનીય બની છે! મારો ખેદ દ્રૌપદી માટે નથી! તારા માટે છે!'

'મારા માટે? તારા પ્રાણપ્રિય મિત્રે જીભ પર કાબૂ ગુમાવી દીધો તેથી?'

'નહિ! એ માટે નહિ! પરંતુ તારે વિશે સૌ નગરજનો ગમેતેમ બોલી રહ્યા છે એથી! આ તારું બહુ મોટું દુર્ભાગ્ય છે કે હસ્તિનાપુરના મોટાભાગના નગરજનો ચોક્કસપણે માને છે કે તું પણ દ્યૂતની કપટલીલામાં સામેલ હતો, એટલું જ નહિ પણ એનું મૂળભૂત કારણ પણ તું જ હતો!'

'નહિ! નહિ! આ નરાધમ જૂઠું છે, અશ્વત્થામા! વાસ્તવમાં મેં જ ભૂલ કરી. દ્વન્દ્વયુદ્ધમાં મારે જરાસંધને જીવતદાન નહોતું આપવું જોઈતું! તો આ પ્રસંગ જ ન આવત! ન એના પાસા આવત, ન એના દાણા મંડાત!'

'તારાથી એમ બને નહિ અને ભવિષ્યમાં પણ ન બને! શત્રુ પ્રત્યે દયા દાખવવાનો તારો જન્મજાત સ્વભાવ છે! આજ સુધી તું એમ જ કરતો આવ્યો છે.'

'અત્યારે તું પાંડવોના વનવાસની વાત કરી રહ્યો છે એ પણ તદ્દન અનપેક્ષિત છે. કાલના દ્યૂતના પ્રસંગ પર પીતાંબરે પડદો પાડી દીધો હતો. પાંડવોએ સમજી લેવું જોઈએ.'

'સમજવું જોઈતું હતું પણ સમજ્યા નહિ. એમના મનનો તાગ કાઢવો અત્યંત મુશ્કેલ છે, કારણ તેઓ વનવાસ જતાં પહેલાં એમની માતાનાં દર્શન માટે પણ ઇન્દ્રપ્રસ્થ ગયા નહિ! અર્જુને એની માતાને સ્પષ્ટ સંદેશો મોકલી આપ્યો કે સુભદ્રા-અભિમન્યુને લઈ તેઓ દ્વારિકામાં શ્રીકૃષ્ણ પાસે જાય! દ્રૌપદીએ પોતાના પાંચે પુત્રોને પાંચાલ દેશ લઈ જવા એના ભાઈ ધૃષ્ટદ્યુમ્નને સંદેશો મોકલ્યો છે! થોડી વાર પહેલાં પાંડુકુળ કેવું એક હતું તે આજે કેવું વેરવિખેર થઈ ગયું!'

'અશ્વત્થામા, કોઈનેય પૂછ્યો નથી એવો એક અત્યંત માર્મિક પ્રશ્ન તને પૂછું?'

'અવશ્ય.' મારા પ્રશ્ન વિશે અનુમાન કરતાં એના કપાળ પર ઝીણી રેખાઓ વંકાઈ.

'રથ લઈ વાયુવેગે દોડતો જઈ હું પાંચાલીની ક્ષમા માગું તો પાંડવો ફરી પાછા ફરશે?'

'શક્ય નથી! વીરોનો નિર્ણય ચાપમાંથી છૂટેલા બાણ જેવો હોય છે! હવે તું શું પણ ભીષ્મ પિતામહ જમીન પર નાકલીટી તાણે તોપણ પાંડવો પાછા ફરનાર નથી! કહેવાય છે કે રોગ વધે તે પહેલાં દવા લેવી જોઈએ, પરંતુ પાંડવો સાથેના વ્યવહારમાં કોઈએ ક્યારેય ઉપચાર કર્યો નહોતો! ભીષ્મ પિતામહ, મહારાજ, આચાર્ય એ બધા તો શું પણ મારા – મારા પિતાશ્રીએ પણ નહિ! હવે પક્ષીઓ મન લઈ જાય ત્યાં ચારે દિશામાં ઊડવા નીકળી પડ્યા છે! ઘેર પાછાં ન ફરવાના કટુ નિરધાર સાથે!'

'આનો ઉપાય શો?' એની ઊડી ગયેલા પક્ષીની કલ્પના મને ભયંકર લાગી.

'કંઈ જ નહિ! હવે જે કંઈ બને તે ઠાવકાઈથી જોયા કરવાનું! એ જ એક માત્ર ઉપાય!' પોતાની ચિબુક ઊંચી કરીને માથા પરના વસ્ત્રની ઢીલી પડેલી ગાંઠને કસીને બાંધી!

'તું માથા પર રોજ આ પટ્ટી કેમ બાંધે છે? લાવ એને પૂછું.' પણ મેં એને ક્ષુલ્લક ગણી ટાળી નાખી!

'આજે મને હજી પણ એક આશ્ચર્યકારી અનુભવ થયો.' ગાંઠ બાંધતાં તે બોલ્યો.

'કયો?'

'પાંડવો ઇન્દ્રપ્રસ્થના રાજા હતા તોપણ કુરુના હસ્તિનાપુરના અનેક નગરજનો આજે એમની સાથે વનવાસ જવા નીકળી પડ્યા! એટલું જ નહિ યુધિષ્ઠિરે સૌને પગે પડીને અત્યંત વિનમ્રભાવે તેમને સૌને પાદરેથી પાછા વાળ્યા. એક માત્ર ધૌમ્ય ઋષિ એમની સાથે જઈ શક્યા.'

'જતી વખતે યુધિષ્ઠિર તારી સાથે કંઈ બોલ્યા?'

'ના. પણ એમનાં ખુલ્લાં ચરણો જોઈ મેં કહ્યું–'

'શું કહ્યું તેં?'

મેં કહ્યું, 'યુધિષ્ઠિર તારાં ચરણો જોઈ મને કર્ણનાં ચરણો યાદ આવે છે! સાચે જ એના જેવું અભેદ્ય કવચ તારાં ચરણોને હોત તો આ વનવાસમાં તને કાંટાકાંકરા વાગત નહિ!' અશ્વત્થામા મારા પગને નીરખી રહ્યો.

કાંટાકાંકરાના સંદર્ભમાં મારા અભેદ્ય કવચના ઉલ્લેખની કલ્પના એક અશ્વત્થામાને જ સૂઝે. મેં મારા પગ સામે જોયું. એ અગ્રભાગથી બાણની ધારદાર અણી જેવા શંકુ આકારના હતા. એની મને હંમેશાં નવાઈ લાગતી.

એક હાથમાં મંદ મંદ જલતી આરતી, ફૂલ, કુમકુમ, અક્ષત ભરેલી થાળી અને બીજા હાથમાં ગાયનાં તાજાં ગરમ દૂધનો કટોરો લઈ વૃષાલી હળવેકથી અંદર દાખલ થઈ. પ્રાતઃકાળે ગુરુપુત્રનાં દર્શન એ સ્ત્રીને મન મહોત્સવ હતો! સ્ત્રી હંમેશ શ્રદ્ધાળુ હોય છે!

આરતી ઉતારી અશ્વત્થામાના ભાલ પર કુમકુમતિલક કર્યું અને એના મસ્તક પર

ચાર અક્ષતં નાખ્યા. એનાં ચરણોમાં બે ચંપકપુષ્પ ચડાવ્યાં. અશ્વત્થામાએ તરત જ નીચે વળી અને બે હાથમાં લઈ લીધા. પાલવ પાથરીને બે હાથે વૃષાલી એમને વંદન કરવા નમી કે તરત જ એણે પોતાના પગ આસન પર લઈ લીધા!

'ભાભીજી, શું તમે મારું આયુષ્ય ઓછું કરવા માગો છો? હું તમારાથી નાનો છું!' હાથ હલાવીને ના પાડતાં તે બોલ્યો.

'તું વયમાં નાનો હોઈશ પણ ગુરુપુત્ર છો! ઋષિકુમાર છો! એટલે જ એને તારા પ્રત્યે આદર છે.' મેં વૃષાલીને સમર્થન આપ્યું!

'નહિ. ગમે તે હો પણ હું આ કદી સ્વીકારી નહિ શકું.' એણે દૃઢતાથી કહ્યું.

'વંદન ભલે ન સ્વીકારતો પણ દૂધનો કટોરો તો સ્વીકારીશને?' હું એના સ્વભાવથી પરિચિત હતો. મારી પત્નીનાં વંદન એ ક્યારેય ન સ્વીકારે!

વૃષાલીએ કટોરો એના હાથમાં ધર્યો. ચિબુક નીચેના વસ્ત્રની ગાંઠમાંથી છૂટા પડેલા છેડાને ડાબે હાથેથી પાછળ નાખીને તે દૂધ પીવા લાગ્યો. એટલામાં એના મસ્તક પરના વસ્ત્રમાંથી સરકીને અક્ષતનો એક દાણો ગબડીને એના દૂધમાં પડ્યો. કટોરો ડાબા હાથમાં પકડી જમણા હાથની આંગળીથી એને બહાર કાઢવા બેત્રણ વાર પ્રયત્ન કર્યો. છેવટે દૂધના ફીણના એક ટીપા સાથે અક્ષતનો દાણો એની આંગળી પરથી ઊડીને નીચે જમીન પર પડ્યો!

દૂધનું ટીપું જોઈને મને સહસા રાધામાતા યાદ આવી! એના દૂધથી જ મારો શારીરિક વૈભવ અને માનસિક ધીરજ આદિ ગુણો પોષાયા હતા! ફક્ત કાલ રાતે જ હું મારી મનોદશાને કારણે ગંગાકિનારે ચાલ્યો ગયો હતો અને એના પગના તળિયાને ચંદન મિશ્રિત તેલથી માલિસ કરવાનું ભૂલી ગયો હતો! સૌ પહેલાં એમનાં દર્શન કરવાં જરૂરી હતાં! માતા એ મમતાના પરમ માંગલ્યમય મંદિરોનું પરિપૂર્ણ તીર્થસ્થાન!

'હું જાઉં છું, અશ્વત્થામા, તું બેસ!' દ્વાર નજીક જતાં મેં કહ્યું.

'મારે પણ હવે જવું જોઈએ. આજે અમાસ છે. મારે મહામૃત્યુંજય મંત્રનું પુરઃશ્ચરણ યજ્ઞકુંડ પાસે બેસીને આખો દિવસ કરવાનું છે!' એ પણ ઊઠ્યો.

અમે બંને સાથે બહાર નીકળ્યા.

ચૌદ

પાંડવો વનમાં ચાલ્યા ગયા. એ વાત મારાથી મનાતી જ નહોતી, પરંતુ સત્ય સ્વીકારે જ છૂટકો! તેઓ ગયા હતા. સાપ કાંચળી ઉતારી સરરર કરતો ચાલ્યો જાય તેમ દિગ્વિજય દ્વારા સમૃદ્ધ કરેલ ઇન્દ્રપ્રસ્થ રાજ્ય મનથી ઉતારી નાખીને તેઓ ચાલ્યા ગયા હતા! રાજ્ય સંપૂર્ણપણે છોડી દીધું હતું! રત્ન, માણેક, મોતી, પ્રવાલ, પન્ના, પોખરાજ, હીરા, નીલમણિ, ગોમેદ, દૂધિયા પથ્થર, વૈદૂર્ય, સુવર્ણ, ગાય, દાસ-દાસીઓ વગેરેમાંથી એમણે કંઈ જ સાથે લીધું નહોતું, એટલું જ નહિ અંગ પરનાં રાજવસ્ત્રો ઉતારી ચાલી નીકળ્યા હતા. અશ્વત્થામાએ કહ્યું'તું તેમ અડવાણે પગે ચાલી નીકળ્યા હતા.

અનુભવે મને સમજાયું હતું કે કેટલીક ઘટનાઓ અટલ હોય છે! જોકે એ પણ એટલું જ સત્ય છે કે કેટલીક ઘટનાઓનાં પરિણામ ટાળી શકાય છે; માત્ર એ માટે માથા સાટે પ્રયત્ન કરવા પડે! અખાડામાં અર્જુનને વિજયી માળા પહેરાવતાં કોઈ અટકાવી શક્યું હોત. સ્વયંવરમાં મારી થયેલી અવહેલનાને શાંતિથી વારી શકાઈ હોત. સભામાં પાંચાલીનું થયેલું ઘોર અપમાન, સૌની નિદ્રા હરી લેતી વિદારક વિડંબના ધાર્યું હોત તો કોઈ ટાળી શક્યા હોત અને પાંડવોના વનવાસને પણ મક્કમતાથી અટકાવી શક્યા હોત... પણ... પણ એ માટે કોઈએ હિંમત દાખવી નહોતી! આ બધું એવી રીતે બન્યું હતું કે જાણે દરેકને વિશિષ્ટ માર્ગેથી વિશિષ્ટ સ્થાન પર પહોંચવું હતું. હવે તો આ વિશિષ્ટ માર્ગ પણ કોઈથી ભૂંસી શકાય તેમ નહોતો! ક્યારેય નહિ! અશ્વત્થામાએ કહ્યું તેમ એનો એક જ માત્ર ઉપાય હતો. સમય આવે પરિસ્થિતિનો સામનો કરવા અને એનો જડબાતોડ જવાબ દેવા ધીરજથી રાહ જોવી! એ માટે જ હું મનના તાણાવાણાને એક કરવાના પ્રયોગો કરતો હતો. પણ... પણ એ તો વિખરાઈ ગયા હતા! મારું એક દુઃખ નહોતું. મૃગનક્ષત્રના વરસાદ પછી જ્યાં ત્યાં અંકુરો ફૂટે તેમ મારાં દુઃખો અનંત, અગણિત હતાં! ઘટનાની અવનવી ધારા વરસતી હતી. પ્રશ્નોનાં નવાં નવાં અંકુરો ફૂટતાં હતાં! છતાં મનને શાંત રાખવું મારે જરૂરી હતું. મારી આસપાસની પરિસ્થિતિ એવી કટોકટીમય હતી કે સ્પષ્ટ નિર્ણય લેવા માટે પૂરતો સમય સુધ્ધાં નહોતો! દુર્યોધનના મારી પ્રત્યેના સ્નેહનું દૃઢ વિશ્વાસમાં રૂપાંતર થયું હતું. મને ખાતરી હતી કે દુનિયાનો પ્રલય થાય તોપણ એ એકલો જ મારી પડખે રહેશે અને હું એની! હું અન્યને છોડી શકું પણ એને છોડી દેવાનો વિચાર જ મારે માટે અસહ્ય હતો. અવારનવાર મને કેવળ એક જ વિચાર સતાવતો કે દુર્યોધન પોતાના વિચારોને, સ્વભાવને, હાલચાલને પરિસ્થિતિ પ્રમાણે બદલે તો કેવું સારું! નહિતર!

પરંતુ સ્વભાવ એ રથનો ઘોડો નથી. ચાહો એમ એને વાળી શકાય!

હું સૂનમૂન થઈ ગયો હતો. મારી સામે દેખાતું મારું ભાવિનું ચિત્ર મને પાગલ તો નહિ કરી મૂકેને? ક્યારેક થતું કે આજ સુધી જાળવી રાખેલા મનના કુંભનો ભાંગીને ભુક્કો કરી નાખું. પહેલી વાર નિરાશાનાં પંખી મનના પ્રાંગણમાં ઊતરી આવ્યાં હતાં. હતાશ મનને શાંત કરવાનું એક જ સ્થાન હતું. નર્તિકાના ઠેકા કે મદ્યના ઘૂંટ! કર્ણ માટે હવે આ જ માર્ગ લગભગ નિશ્ચિત થઈ ગયો હતો! કર્ણ! એક સમયે રાજહંસ અને ગરુડ સમો ગૌરવાન્વિત દેખાતો કર્ણ આજે કાગડાની જેમ મધના કાળા કુંડમાં માથું ઝુકાવી પ્રવેશ કરવાનો હતો! તેજનું આંખો વડે પાન કરનારો કર્ણ સોમવલ્લીના રસને આંખો મીંચીને પીવાનો હતો! મનની આગ બૂઝવવા મદ્યની આગ ઉરમાં પેટાવવાનો હતો! ખુલ્લી આંખે અંધકારને નિહાળવાને બદલે મનના અંધકારમાં મત્ત બનીને ડૂબકી મારવા લલચાતો હતો! આ અંધકારમાં એને કોઈ સૂતપુત્ર કહેવાનું નહોતું. તેં ભૂલ કરી, તું નીચ છો એવા શાબ્દિક હુમલા થવાના નહોતા!

મેં એક દાસી દ્વારા પ્રભંજનને મને મળી જવાનો સંદેશો મોકલ્યો. દુર્યોધનને કારણે એ મારી સાથે પણ અવશ્ય વિશ્વાસપૂર્ણ વ્યવહાર કરવાનો હતો.

થોડી વારમાં પ્રભંજન મારી પાસે આવીને ઊભો રહ્યો. આશ્ચર્યની એક સૂક્ષ્મ રેખા એના કપાળ પર વંકાઈ. કેમ કે મેં એને પહેલી વાર બોલાવ્યો હતો.

'પ્રભંજન, મને વહેલી તકે સોમરસ અને મૈરયક લાવી આપ. જા.' એનાથી પીઠ ફેરવીને મેં આદેશ આપ્યો. હું નહોતો ઇચ્છતો કે એની જાડી ભ્રમરો પ્રશ્નાંકિત બનીને મારી દૃષ્ટિમાં પડે.

આજ્ઞા પાળવા તે નીકળી ગયો હશે એમ સમજી હું ઊંધો ફર્યો, પણ એ શિર ઝુકાવીને પહેલાંની જેમ જડવત્ ઊભો રહ્યો. મારા ધબકારા વધી ગયા!

'પ્રભંજન, સાંભળતો નથી?' એની નજીક જઈ હું ગુસ્સાથી બોલ્યો.

'મહારાજ... આપ!' એનું શિર ઝૂકેલું જ હતું.

'પ્રભંજન, મને સોમરસનો પ્યાલો જોઈએ, ઉપદેશ નહિ! સેવક આજ્ઞાપાલક હોય છે શું એ તું ભૂલી ગયો?'

કમરેથી વળી અભિવાદન કરતો તે ચાલ્યો ગયો... પગને ભારે સાંકળથી બાંધેલા હાથીની જેમ!

થોડી વારમાં એક દાસી સોમરસ અને મૈરયક ભરેલી પ્યાલી લઈને ભવનમાં આવી મધ્યબેઠકમાં મૂકી એ એકબાજુ સંકોચાઈને ઊભી રહી. મને પ્રભંજનની આ રાળટાળ અપમાનજનક લાગી! એક તુચ્છ સેવક પણ મને ટાળવા ઇચ્છે છે?

'જા. એને જ મોકલ!' મેં દાસીને ધમકાવી.

નિરુપાય બનીને પ્રભંજન ફરી ભવનમાં આવ્યો.

'પ્રભંજન, સોમરસની પ્યાલી ભર! તારા નામથીય અધિક ભયાનક પ્રભંજન (વિચારવાયુ) મારા મગજમાં ઘૂમે છે! તું જ એ પ્યાલી દેવા માટે યોગ્ય છો!

એણે શિર ઝુકાવી એક પ્યાલી ભરી લાવી મારી પાસે મૂકી! મેં એને દૃઢતાથી હાથમાં લીધી! રસરસતા પ્રવાહીમાં ઝાંખી કરતાં મને રાધામાતા, વૃષાલી, શોણ, સુપ્રિયા, સત્યસેન, મેઘમાલા, પુષ્પાવલી, અશ્વત્થામા અને – અને પાંચાલી વગેરેના અસંખ્ય ચહેરાઓ દેખાવા લાગ્યા! એ ક્ષણચિત્ર જોઈને મારું મન વિચલિત થયું નહિ! વિચલિત થવા માટે પણ મનમાં થોડો અપરાધભાવ જાગવો જોઈએ!

પ્યાલી હોઠે અડાડતાં જ એના રસની ઉગ્ર ગંધથી ઘ્રાણેન્દ્રિય બધિર થઈ ગઈ. મને એમાં સૂર્યબિંબની પ્રતિમાનો આભાસ થયો તોપણ – તોપણ એ પ્યાલી હોઠ નજીક લાવી અને આંખો બંધ કરી દીધી!

'અંગરાજ,' દરવાજેથી પ્રવેશતાં કોઈએ હાક મારી!

એ અવાજથી હું ખચકાયો અને પ્યાલી હાથમાંથી છૂટીને જમીન પર ગબડી પડી! સોમરસ ચારેબાજુ ઢોળાઈ ગયો.

'કોણ છે?' મેં તરત પીઠ ફેરવી. મારું શરીર બળદની ચામડીની જેમ થરથરતું હતું!

'હું છું!' તે સંજયકાકા હતા! નાનપણમાં એમણે વર્ણવેલા જાતિવંત ઘોડાનાં લક્ષણો સહસા યાદ આવ્યાં. 'જાતિવંત ઘોડા કદી નીચે બેસતા નથી.'

'કાકા, આપ?' હું એમને જોઈને ચકિત થઈ ગયો. જીભે શબ્દો સૂઝે નહિ. ચાલાક પ્રભંજને પ્રસંગ પારખીને સોમરસની ગંધ દૂર કરવા ઝટપટ સુગંધી અત્તરની એક બાટલી જમીન પર ઢોળી દીધી. સોમરસની તીવ્ર ગંધ ચાલી ગઈ! ફૂલોના અત્તરની સુગંધથી ભવન મહેંકી ઊઠ્યો! મારા કાનની ગુફામાં પેલું એક જ વાક્ય પડઘાવા લાગ્યું, 'જાતિવંત

ઘોડા કદી નીચે બેસતા નથી! જાતિવંત ઘોડા કદી નીચે બેસતા નથી!'

'મને જોઈને કેમ ચોંકી ગયો? જગતની દૃષ્ટિએ તું અંગરાજ કર્ણ હોઈશ પણ મારી દૃષ્ટિએ તું અધિરથનો પુત્ર છે એ વાત તને યાદ છે ને? આસન પર બેસતાં મારી આંખોમાં ઊંડાણથી જોતાં એમણે મને પૂછ્યું.

'નહિ! એ ક્યારેય શક્ય નથી.' નજીક જઈ મેં એમની ચરણરજ માથે ચડાવી.

'મારા અહીં આકસ્મિક આગમનથીય વધુ આશ્ચર્યજનક આગમન હસ્તિનાપુરમાં એક અદ્ભુત વ્યક્તિનું થયું છે. એ માટે તને સાવધાન કરવા હું અહીં આવ્યો છું.

'કોનું આગમન?' પાંડવોના વનવાસનાં સમાચાર સાંભળી દ્વારિકાથી શ્રીકૃષ્ણ તો નહિ આવ્યા હોય? એમ વિચારી મેં જિજ્ઞાસાથી પૂછ્યું.

'ઋષિવર્ય દુર્વાસાનું!' શાંતિથી સંજયકાકાએ જણાવ્યું. આથી મને કંઈ નવાઈ લાગી નહિ! શાની લાગે? હસ્તિનાપુરમાં આવા અનેક ઋષિમુનિઓનાં આગમન મેં જોયાં હતાં એમાંના એક દુર્વાસા!

અંગરાજ, આ દુર્વાસાના સહવાસથી કાં એક જન્મે કલ્યાણ થઈ જાય નહિતર સંપૂર્ણ વિનાશ! તેથી એમનાથી દૂર રહેવામાં જ ભલું છે, એમ કહેવા તને આવ્યો છું.

'સાચું કહું? હવે મને કોઈ પાસે જવાની ઇચ્છા જ થતી નથી! પછી દુર્વાસાનો પ્રશ્ન જ ક્યાં રહે છે? છતાં કાકા, તમારા આ વિચારના સત્યાસત્યનું પારખું એક વાર મારે કરી લેવું છે!'

'કયા?' પોતાના તેજસ્વી ભાલને સહેજ ઊંચું કરતાં તેમણે પૂછ્યું.

'એક પગ વાળીને ઊંઘતો ઘોડો લાંબા સમય સુધી પ્રવાસ કરવા અસમર્થ બની જાય છે એનું.'

'હા! પણ આપણી હસ્તિનાપુરની અશ્વશાળામાં આજે એવો એક પણ ઘોડો નથી! અને હોય તો મારી જાણમાં નથી!'

મેં અમસ્તું જ મારા પગ સામે જોયું. તે આગળથી શંકુ આકારનો કેમ થઈ ગયો હશે એનો ઉત્તર મને આજ સુધી મળ્યો નહોતો!

પંદર

સભાગૃહના આ એક પ્રસંગે જીવનના સત્ય પરથી મારો વિશ્વાસ ઉડાડી દીધો! વૃષાલી દ્વારા પાંચાલીની મારા પ્રતિની ભાવના જાણીને એ વધુ દૃઢ થયો. ગેરસમજને લીધે કે ધૂંધવાયેલા મનના ઉદ્વેગને લીધે, પરંતુ સાવ અધમ કોટિના બની જઈને મેં પાંચાલીને ન કહેવાના અપશબ્દો કહ્યા હતા. મારું આ પહેલવહેલું અધઃપતન હતું! એમાંથી જે કંઈ બન્યું તે રોકી શકાયું નહોતું અને તે પાંડવો પ્રતિ વેર! ક્યારેય મિટાવી ન શકાય તેવું અખંડ વેર! અશ્વત્થામાના શબ્દો ખરેખર સાચા હતા. પંખીઓ માળો વિખેરીને ચારે દિશામાં ઊડી ગયાં હતાં. હવે એમની પાંખો એમને જ્યાં લઈ જાય એ જ એમની દિશા હતી.

આ સત્યના દોષનો ટોપલો લોકો મારે માથે ઢોળી દેવા પ્રયત્ન કરતા હોય તોપણ સ્પષ્ટપણે મારું મન કહેતું હતું કે આ આપસઆપસમાં વેર ભલે સળગી ઊઠ્યું હોય પણ એને માટે કર્ણ સહેજે જવાબદાર નહોતો. મારે મારો સ્વબચાવ કરવો નથી, કારણ સત્યને

સમર્થનની જરૂર હોતી નથી. સત્ય શું હતું?

સાવ નાનપણથી કૌરવ-પાંડવ અને હું – સૌની કાબેલિયતને સંપૂર્ણ પારખવામાં અસફળ રહેલા ગુરુ દ્રોણ શું આને માટે જવાબદાર નહોતા? સ્વકેન્દ્રી અર્જુન આને માટે શું કારણભૂત નહોતો? પોતાની જીભ પર કાબૂ ન ધરાવનાર ભીમને આ વેર સાથે કોઈ જ સંબંધ નહોતો? પ્રભાવશાળી વ્યક્તિત્વ હોવા છતાં દંડની જેમ અવિચલ રહેનાર ભીષ્મ પિતામહ પણ ઓછા જવાબદાર નહોતા! વેદવિદ્યાનું અધ્યયન કરી જીવન સંબંધી તત્ત્વજ્ઞાન દૂર ઊભા રહી મીઠા શબ્દોમાં રજૂ કરનાર આચાર્ય વિદુર પણ કેમ છટકી શકે? કુશળ રાજકારણને નામે પાસાઓની કપટલીલા કરનાર શકુનિમામાનો પણ શું આમાં હાથ નહોતો? અને... અને શ્રીકૃષ્ણ જેવા મહાન બુદ્ધિશાળીની સાથે રહી ધર્મ, સત્ય, જાતિ, સંયમ જેવા ઉત્તમ સદ્‌ગુણોનો વારસો મેળવનાર, મહાન, મહાન કહીને જેમની કીર્તિનો ડંકો ઋષિમુનિઓએ પણ અનેક વાર વગાડ્યો હતો એવા યુધિષ્ઠિર જુગારની રમતમાં ફસાયા ત્યારે તેઓ નિર્દોષ હતા? સામાજિક રૂઢિઓને વશ થઈ પાંચાલીએ, 'હું સૂતની વધૂ કદી નહિ બનું. કર્ણ સ્વયંવરમાં ભાગ નહિ લઈ શકે.' એવા સળગતા અંગારા મારા ઉત્સાહી તરુણ મસ્તક પર મૂક્યા હતા એ લોખંડી દીવાલ સમી સામાજિક રૂઢિ પણ આ માટે સહેજે કારણભૂત નહોતી? અંધ મહારાજ ધૃતરાષ્ટ્ર અને મહારાણી ગાંધારીદેવી એ બંને આ પકડમાંથી છૂટી શકે તેમ હતા? પોતાના પુત્રોને યોગ્ય માર્ગદર્શન ન આપી શકનાર રાજમાતા કુંતીદેવીને પણ આમાંથી બાકાત રાખવાનું સાહસ કોણ શાણો માણસ કરી શકે તેમ હતો? આ ઉપરાંત મને ખબર પણ ન હોય એવાં અનેક કારણ આ મહાભયાનક સત્યની પાછળ છુપાયેલાં હશે. એ કહેવા કોણ સમર્થ છે!

પણ... પણ સૌની આંખમાં એક કર્ણ જ ખૂંચ્યો! સ્પષ્ટવક્તા કર્ણ! મને એ પણ ખબર છે કે હું સાવ નિર્દોષ નથી જ! પણ મારી ભૂલની પાછળ કોઈ ને કોઈ કારણ છુપાયેલું હતું! પ્રત્યેક બનાવ પ્રતિનું મારું વર્તન એ કેવળ મારી તીવ્ર પ્રતિક્રિયા હતી. રાજધાનીમાં છે એવી કોઈ વ્યક્તિ જે પોતાના વર્તનના બચાવમાં રજૂ કરી શકે તેવું કારણ તેમની પાસે હોય? એકેય નહિ! કૌરવો-પાંડવોના વેરનું મૂળ કારણ કર્ણમાંથી જન્મેલું, પાળેલું, પોષેલું અને ફૂલ્યુંફાલેલું હતું એમ કહેનાર લોકો સમક્ષ મારે 'હું નિર્દોષ છું!' 'હું નિર્દોષ છું' એમ ઘાંટા પાડીને પુરવાર કરવું નથી! આ વેરના મૂળમાં એક પણ વ્યક્તિ સર્વથા નિર્દોષ નથી. બસ એટલું જ હું જાણું છું.

હવે કૌરવકુળમાં કૌરવ અને પાંડવ એકમેકના આપ્તજન રહ્યા નથી. મગધના જરાસંધ અને મથુરાના શ્રીકૃષ્ણ વચ્ચે આટલું વૈમનસ્ય નહોતું. એથીય વિશેષ વૈમનસ્ય સભાગૃહમાં બનેલા આ આ એક જ બનાવે કૌરવ-પાંડવોમાં નિર્માણ કરી દીધું હતું. એમાં મારું શું સ્થાન? એ વિચાર આવતાં 'એકસો એક કૌરવ' એ રાજા દુર્યોધને ઘોષિત કરેલો એક જ માર્ગ મારે માટે નિશ્ચિત હતો! જીવનના કોઈપણ મહાભયાનક સત્યથી ગભરાઈ જઈને મારે એ માર્ગમાંથી ભાગી છૂટવાનું નહોતું! સાક્ષાત્ મૃત્યુથી પણ નહિ! દ્રૌપદીના લજ્જાહરણના કટુ બનાવમાંથી જન્મનારા પ્રત્યેક પરિણામ મારે ભોગવવાના હતા! એકલાયે! એ માટે મારે મારી જાતને તૈયાર કરવાની હતી. તેમાં ભીષ્મ પિતામહ, આચાર્ય વિદુર, ગુરુ દ્રોણ, અશ્વત્થામા, વૃષવર્મા જેવા આદર્શ માનવો તો શું પણ રાજા દુર્યોધન મને અયોગ્ય

લાગતા હતા! એ માટે મારું મન કોણ જાણે કેમ ફક્ત એક જ વ્યક્તિ તરફ ઢળતું હતું અને તે શકુનિમામા! રાજકારણના નિબિડ વનમાં શકુનિમામા જેવા જ માર્ગદર્શક જોઈએ. પહેલાં મને મામાની યોજનામાં કપટની દુર્ગંધ આવતી હતી, ક્રૂરતા વર્તાતી હતી. જીવનના કેટલાક આદર્શોને લોહીમાંસના ખાતરથી ખેડવું જોઈએ. એ વિચારને આધારે હું હંમેશ એમના પ્રત્યેક દાવપેચનો વિરોધ કરતો હતો... પણ અનેક અનુભવોએ મને શીખવ્યું હતું કે બુદ્ધિથી કામ લેનાર મનુષ્ય જ સત્તાનાં સૂત્રો સંભાળી શકે છે! હું મામાથીય વધુ ભયાનક યોજના ઘડી શકું છું એ મારે જ મામાને બતાવી આપવાનું હતું! આજ સુધી દુર્યોધન મામાની ટચલી આંગળીએ નાચતો હતો. હવે એને હું નચાવીશ.

આદર્શ આદર્શનાં ગાણાં ગાઈને અનેક યોજનાઓને હૃદયમાં ઢબૂરી દઈને કર્ણને પ્રેત બનાવી સભાગૃહનાં પેલાં વસ્ત્રોનાં ઢગ નીચે નિયતિએ એને ક્યારનો કચડી નાખ્યો હતો! અધઃપતન! પછી એ એક વાર થયું કે સો વાર – સરખું જ છે ને!

સોળ

ઋષિવર્ય દુર્વાસાનું આગમન હસ્તિનાપુરમાં થયું હતું. અત્યંત ક્રોધી અને મિજાજી હોવાથી એમની નજીક જવાની કોઈ હિંમત કરતું નહોતું. દુર્યોધને એનાં માબાપની નહિ કરી હોય એટલા ભક્તિભાવથી એ દુર્વાસાની સેવા કરતો હતો. મને પણ એમને મળવાની ઇચ્છા હતી. ઇન્દ્રપ્રસ્થના રાજમહેલમાંના ભીંતચિત્રનું રહસ્ય જાણવાની મને ઇચ્છા હતી, પણ સામેથી એમને મળવા જવાનું મન થતું નહોતું. એક દુર્યોધન સિવાય કોઈનેય મળવાનું મન ક્યારેય થતું નહોતું.

આખરે એક વાર દુર્વાસાને મળવાનો અવસર આવ્યો. એ પણ દુર્યોધનના આગ્રહને કારણે જ! એણે તકેતક સેવાભક્તિથી દુર્વાસા જેવા જ્વાળામુખીનું મંદ મંદ ઝળહળતી જ્યોતમાં રૂપાંતર કર્યું હતું! નજીવા કારણસર ગમે તેના પર કોપી ઊઠતા દુર્વાસા દુર્યોધન સાથે સ્નેહથી વાત કરતા હતા! કોણ જાણે કયા જાદુથી દુર્યોધને એમને થોડા સમયમાં વશ કરી લીધા હતા! આ એક મહાન આશ્ચર્ય હતું. એક દિવસ એના દૃઢ આગ્રહથી હું એની સાથે ગંગાકાંઠે ઋષિવર્યની પર્ણકુટીમાં ગયો. હા. હું નક્કી કરીને ગયો હતો કે હું સામે ચાલીને કંઈ જ નહિ બોલું.

અમે પહોંચ્યા ત્યારે તેઓ પદ્માસન વાળીને એક વ્યાઘ્રચર્મ પર ધ્યાનસ્થ મુદ્રામાં બેઠા હતા. કાષ્ટની લાકડી જેવા કૃશ શરીરથી સૌ કોઈ આટલા બધા કેમ ગભરાતા હશે એ મને સમજાતું નહોતું! અડધા એક કલાક પછી એમણે આંખો ખોલી. તરત જ નજીક જઈ દુર્યોધને એમનાં ચરણે મસ્તક ઝુકાવી દીધું. દુર્યોધન પણ કોઈને મસ્તક નમાવે છે ખરો એ વિસ્મયકારી સત્ય મને તે દિવસે સમજાયું!

દુર્યોધને મસ્તક નમાવ્યું ત્યારે દુર્વાસાની આંખો મારા પર એકીટશે મંડાયેલી હતી! આ કૃશ શરીરમાં કેટલી જબરદસ્ત શક્તિનો ભંડાર ભર્યો હશે એ એમની આંખોમાંથી ઓળખાયું. સૂર્યકિરણમાં ચમકતાં પોખરાજ મણિ જેવી એમની આંખો ચમકતી હતી.

'કર્ણ!' ધનુષ્યના ટંકારવ સમો એક જ શબ્દ એમના હોઠમાંથી બહાર સર્યો.

'હા. કર્ણ જ! મારો પરમ મિત્ર અંગરાજ કર્ણ!' ઊંચે જોઈને દુર્યોધને જવાબ દીધો. 'તારો મિત્ર? અંગરાજ? રાજા, આ કોઈનોય મિત્ર નથી! અંગરાજ પણ નથી! આ તો કેવળ કર્ણ છે! આખું વિશ્વ એને કેવળ 'કર્ણ'થી જ ઓળખે છે અને ચિરકાળ સુધી સૌ એને કર્ણથી જ ઓળખતા રહેશે!' તેઓ ત્રુટક અને અસંબદ્ધપણે બોલ્યા. એ કથન એમના મિજાજી સ્વભાવને અનુરૂપ હતું! એમને વંદન કરવાનું મને મન થયું પણ આવા મિજાજી સ્વભાવને નમવા કર્ણનું મસ્તક નથી એ વિચારથી હું એમ જ અક્કડ ઊભો રહ્યો.

દુર્યોધને એમને જોઈતી વસ્તુઓની યાદી રાજભવનમાં પહોંચાડી દેવા વિનંતી કરી. અમે બંને પર્ણકુટીમાંથી બહાર નીકળ્યા. દુર્યોધન વિચારમાં ખોવાયેલો હતો. કદાચ તે દુર્વાસાએ મારે વિશે ઉચ્ચારેલા ઉદ્‌ગારો વિશે વિચારતો હશે. મારા મિત્રત્વ અંગે કદાચ એ ઉલઝનમાં પડી ગયો હશે! એના ખભે હાથ મૂકીને ચાલતાં ચાલતાં મેં એને કહ્યું, 'આ ભસ્મધારી ઋષિએ પ્રમાણિત કરી એવી આપણી મૈત્રીને તું કમંડળના પાણી જેવી અસ્થિર સમજે છે? પ્રસંગ આવે હું કવચકુંડળનો ત્યાગ કરી દઈશ, પણ સૂર્યપ્રતિમાની સાક્ષીએ તને આપેલું આજીવન સ્નેહનું વચન હું કદી ભંગ કરીશ નહિ.'

'નહિ, રાધેય. તારા વચનમાં મને તલમાત્ર શંકા નથી. હું એ વિશે વિચારતો પણ નથી, પરંતુ દ્રૌપદીના વસ્ત્રહરણથી ઉશ્કેરાયેલા પાંડવો ચૌદ વર્ષ પછી નક્કી પાછા આવશે જ!'

'આવવા દે! ફરી દ્યૂતની યોજનાથી તું યુધિષ્ઠિરને ઘેરી લેજે ને!'

'એક યોજના મને સૂઝી છે! તું જો સહમત થઈશ તો હું એને આચરણમાં મૂકીશ.'

'કઈ યોજના?'

'દુર્વાસા ઋષિનો કોપ હું પાંડવો પર ઉતારવા માગું છું! નહિતર હું આટલી સેવા કરું એવો મૂરખ નથી!'

'શું કરશે દુર્વાસા પાંડવોને? પાંચ પર્વત સમા અડગ એકમેક સાથે સંકળાયેલા યોદ્ધાઓને બળતણની સૂકી લાકડીની જેમ ઉખેડી નાખવાની તારી યોજના મારા ભેજામાં ઊતરતી નથી. મને એ હાસ્યાસ્પદ લાગે છે!'

'નહિ. એ હાસ્યાસ્પદ નથી. દુર્વાસા પોતાના સોળ હજાર શિષ્યોને લઈ દ્વૈતવનમાં પાંડવોની પર્ણકુટીમાં જવાના છે. ત્યાં તેઓ અડ્ડો જમાવીને બેઠા તો એમની મહેમાનગતિ માટે પાંડવોને તમામ ભોજનની વ્યવસ્થા કરવી પડશે! તેઓ આવા નિર્જન વનમાં કઈ રીતે વ્યવસ્થા કરવાના? એવે વખતે આ ક્રોધી ઋષિ ક્રોધમાં આવી ત્યાં ને ત્યાં જ એમને શાપ આપી બાળી મૂકશે! શું લાગે છે તને?'

'દુર્યોધન, તારા મનમાં સૂઝે એ પ્રમાણે તું કરી શકે છે. હું તને માત્ર આટલું સ્પષ્ટપણે કહેવા માગું છું કે જો તારે ખરેખર પાંડવોનો નાશ કરવો હોય તો એનું સામર્થ્ય વધે એ પહેલાં જ એમના પર સીધી ચડાઈ કરી કાયમને માટે એમનો કાંટો દૂર કરી નાખ!'

'નહિ. આ જ એક આખરી ઉપાય છે! ચાલ, આજ દુર્વાસા આનંદમાં દેખાય છે. એટલે હમણાં જ એમની પાસેથી એ વચન માગી શકાય તેમ છે.' મારો હાથ પકડી એ મને પેલા મિજાજી ઋષિની પર્ણકુટી તરફ દોરી ગયો!

દરવાજામાંથી અંદર દાખલ થતાંવેંત ફરીથી વંદન કરી તે હાથ જોડી દુર્વાસા સામે ઊભો રહ્યો.

'કહે! કેમ પાછો આવ્યો? શું જોઈએ છે?' ભવાં ઊંચાં ચડાવી ઋષિએ એને પૂછ્યું.

'ગુરુદેવ, એક વિનંતી છે.'

'વિનંતી નહિ! વર માગ!'

'આપ મારી પર પ્રસન્ન થયા હો તો મારી એક જ ઇચ્છા છે કે આપ અહીં ઇચ્છો એટલા દિવસ રહી હિમાલય તરફ પુનઃપ્રયાણ કરતાં પહેલાં આપ આપના શિષ્યગણ સહિત દ્વૈતવનમાં પાંડવો સાથે એક અઠવાડિયું રહેવાની કૃપા મારા પર કરો!'

'બસ. આટલી જ વાત! અરે એક અઠવાડિયું શું પંદર દિવસ એમની સાથે રહીશું!'

દુર્યોધન થોડી વાર હસ્યો! કમરેથી નમી તે પર્ણકુટીની બહાર નીકળી ગયો. મેં દરવાજા પાસેથી ખસીને એને બહાર નીકળવાનો રસ્તો કરી આપ્યો. મારા ખસી જવાને લીધે દુર્વાસાએ મને પણ નીરખી લીધો.

'કહે, કર્ણ! તને શું જોઈએ છે?' ફરી ભવાં ઊંચાં કરી તેઓ બોલ્યાં.

'મને કંઈ નહિ જોઈએ!!' દુર્યોધનની પાછળ પાછળ નીચી બારસાખથી બચવા વાંકો વળીને સીધો પર્ણકુટીની બહાર નીકળતાં હું ધીમેથી બોલ્યો તોપણ અંદરથી આજ્ઞાસૂચક શબ્દ સંભળાયો. 'કર્ણ!' દુર્યોધને મને હાથથી અંદર જવા ઇશારો કર્યો! અનિચ્છાએ એનું મન રાખવા હું ફરીથી અંદર ગયો!

'કર્ણ, હું જે કહું તે ધ્યાનથી સાંભળ. આજકાલ તું સૂર્યને અર્ઘ્ય આપવામાં અનિયમિત થઈ ગયો છે! એમાં નિયમિતતા રાખતો જા! અને રોજ રાત્રે એક કટોરીમાં પાણી ભરી એમાં બધા જ રંગનાં કમળપુષ્પો નાખી પ્રાતઃકાળે એ કમળજળમાં સુવર્ણભસ્મ ભેળવી એ સુવર્ણકમળજળનું પાન કરતો જા!'

હું ચકિત થઈને પર્ણકુટીની બહાર નીકળ્યો. હું અર્ઘ્યદાન આપવામાં અનિયમિત થઈ ગયો છું એની જાણ આ તપસ્વીને શી રીતે થઈ? હું અર્ઘ્યદાન આપું છું એ વાત એમણે કઈ રીતે જાણી? આ રહસ્ય એકમેકના હાથમાં હાથ પરોવી એક મારી જ આસપાસ ક્યાં સુધી ચકરાતું રહેશે? નગરનો એક પણ યોદ્ધા એમને દેખાતો નહોતો? આ દાઢીધારી ઋષિને સુવર્ણજળનું આ મહત્ત્વપૂર્ણ રહસ્ય એક મને જ કહેવાનું કેમ મન થયું? એમણે દુર્યોધનને કેમ જણાવ્યું નહિ?

સત્તર

પૂરા બે મહિના રહી ઋષિવર્ય દુર્વાસાએ નગરમાંથી પ્રયાણ કર્યું. એમના રહેવાસ દરમિયાન તેઓ ફક્ત બે જ વ્યક્તિ સાથે ખુલ્લા દિલે વાત કરતા હતા અને તે દુર્યોધન અને અશ્વત્થામા! હું ફરીથી ક્યારેય આ વિચિત્ર ઋષિની પર્ણકુટીની નજીક ગયો નહોતો. માત્ર એમના આદેશ મુજબ સુવર્ણજળનું પાન અચૂકપણે રોજ સવારના સૂર્યોદય પહેલાં કરવા લાગ્યો હતો. થોડો સમય હું અર્ઘ્યદાનમાં અનિયમિત થઈ ગયેલો એ કાર્યક્રમ ફરી સંભાળી લીધો હતો.

દુર્યોધનની સૂચના પ્રમાણે પ્રભંજન પણ દુર્વાસાની પાછળ દ્વૈતવન તરફ જવા રવાના થયો હતો. ઋક્ષ, કામ્યક, હિમાલય જેવા તમામ પર્વત પર રહેલા આશ્રમમાંથી

હજારો શિષ્યોને સાથે લઈ આખરે દુર્વાસા ઋષિ દ્વૈતવનમાં પાંડવોની પર્ણકુટી પાસે આવીને ઊભા રહેવાના હતા!

એમનાં ભોજનની વ્યવસ્થામાં સહેજ પણ ખામી દેખાણી તો તેઓ તેમના સ્વભાવ પ્રમાણે ક્રોધમાં આવી એ તપસ્વી પાંડવોને શાપ દેવાના હતા અને આ આખી કથાનો વિગતવાર અહેવાલ એમનો પીછો કરનાર પ્રભંજન મારતે ઘોડે આવી દુર્યોધનને આપવાનો હતો! મને દુર્યોધનની આ યોજનામાં કંઈ રોમાંચકતા જણાઈ નહિ.

પાંડવ! આ ત્રણ જ અક્ષર સીટીના અવાજની જેમ મારા માથામાં વાગતા હતા. પાંડવોના અસ્તિત્વથી ધીરજ ગુમાવી બેઠેલા દુર્યોધનની દયનીય દશા મારાથી જોવાતી નહોતી. એના ગળાની આસપાસ વીંટળાયેલા આ ત્રણ અક્ષરના ફાંસલામાંથી મારે એને મુક્ત કરવો હતો. દુર્યોધન અને કર્ણ – એ હવે એક જ રાજમુદ્રાની બે બાજુ બની ગયા હતા! પૃથ્વી પર કાં તો પાંડવોનું અસ્તિત્વ રહેશે કાં તો કર્ણનું! એ ભાવનાથી હું દુર્યોધનની પડખે રહેવાનો હતો!

એક મહિના પછી દ્વૈતવનમાં થઈને પ્રભંજન રાજધાનીમાં પાછો ફર્યો. દુર્વાસા અને એમના બહોળા શિષ્ય સમુદાય સાથે પ્રવાસ કરીને અત્યંત સલુકાઈથી એણે સમસ્ત અહેવાલ મેળવી લીધો હતો.

આર્યાવર્તમાંથી પોતાના તમામ શિષ્યો સહિત હસ્તિનાપુરથી નીકળી વિવિધ આશ્રમોની યાત્રા કરીને પંદર દિવસમાં જ ઋષિવર્ય દુર્વાસા પાંડવોની પર્ણકુટી પાસે આવી પહોંચ્યા! આ વિચિત્ર ઋષિએ રોજ રોજ જાતજાતનાં પકવાનની માગણી કરી પાંડવોને થકવી દેવાના પ્રયત્ન કર્યા પણ એક ચમત્કારી થાળે એમની લાજ રાખી. પાંચાલી પાસે એક એવો થાળ હતો કે જેમાંથી માગો એ પકવાન આપોઆપ હાજર થાય. સૌ ભૂખ્યાઓની ભૂખ શમાવ્યા પછી પણ થાળ પકવાનોથી ભરેલો જ રહેતો! સૌથી છેલ્લે પ્રભંજને જણાવ્યું કે, 'પાંચાલીને આ થાળ સૂર્યદેવ પાસેથી મળ્યો હતો! દ્વૈતવનમાંથી પ્રયાણ કરતાં પહેલાં દુર્વાસાએ જાતે એ ચમત્કારી થાળને વંદન કર્યાં અને શાપને બદલે પાંડવોને વરદાન દઈ તેઓ હિમાલય ભણી ચાલી નીકળ્યા!' દુર્વાસા દુર્યોધનની ઇચ્છા સંતોષી શક્યા નહિ.

વૃત્તાંત સાંભળ્યા પછી પાછળ હાથમાં હાથ ભીડી પિંજરમાં પુરાયેલા સિંહની જેમ દુર્યોધન ભવનમાં આંટા મારવા લાગ્યો. ભવાં તાણી એકાએક પોતાના વિશ્વાસુ અને પ્રિય સેવક તરફ ધસી તેણે મોટેથી ચીસ પાડી, 'મૂરખ! આવી અપ્રિય વાત તારા સમ્રાટને સંભળાવવા આવ્યો એના કરતાં પુરોચનની જેમ ત્યાં ને ત્યાં જ બળીને રાખ કેમ ન થઈ ગયો?'

પ્રભંજન બે પળ ધ્રૂજી ઊઠ્યો પણ એમાં એનો શો દોષ હતો! એણે આજ્ઞાપાલનની ફરજ નહોતી બજાવી?

'તું જા!' મેં એને આજ્ઞા કરી. શિર ઝુકાવી તે ખિન્ન ચહેરે ચાલ્યો ગયો.

અસ્વસ્થપણે આંટા મારતાં દુર્યોધન સામે બે ઘડી એકીટશે જોઈ રહી મેં એને કહ્યું, 'રાજા, પાંડવોને લીધે જ તું ખરેખર કેટલો બધો અકળાઈ ગયો છે! તો પછી સીધો રાજદરબાર ભરી યુદ્ધ કરવાનો નિર્ણય કેમ લેતો નથી? કોઈ સાથ નહિ આપે પણ મારો સાથ તને અપૂરતો લાગે છે?'

'અંગરાજ, મને ગળા સુધી ખાતરી છે કે પાંડવો સામે ગૈરિક પર્વતની જેમ અડગપણે ઊભો રહેનાર સિંહની છાતી ધરાવતો એક યોદ્ધો હસ્તિનાપુરમાં છે અને તે કર્ણ!'

'તો પછી કદી સત્ય ન ઠરનારા શીમળાના રૂ જેવા વિચાર શું કરે છે?'

'એ તને કદી નહિ સમજાય છતાં તું કહે છે તેમ એક વાર રાજદરબાર ભરી કુરુ યોદ્ધાઓના વિચાર જાણી લેવામાં કંઈ જ વાંધો નથી.'

મારા વિચાર સાથે સહમત થઈ તરત જ એને અમલમાં મૂકવાનો આ પહેલો પ્રસંગ હતો! એની વિદાય લઈ પાછા ફરતાં દુર્યોધન વિશેનો એક વિચાર અનેક પ્રયત્ન કરવા છતાં મનના પ્રાંગણમાંથી સહેજે ખસતો નહોતો. એવી તે કેવી દિવ્યભક્તિ દ્વારા પાંચાલીએ સૂર્યદેવ પાસેથી આ ચમત્કારી થાળ મેળવ્યો હતો! મને એનો ભક્તિમાર્ગ મળી જાય તો હું પણ એનું અવલંબન લઉં. આવો કોઈ થાળ મેળવવા માટે નહિ, શસ્ત્રાસ્ત્ર મેળવવા માટે પણ નહિ, કેવળ મને માર્ગ દર્શાવનાર એ ગુરુની સમીપ પહોંચવા માટે! જીવનને વધુ પ્રકાશમય બનાવવા માટે!

અઢાર

નક્કી કર્યા પ્રમાણે દુર્યોધને રાજસભા બોલાવી. આ સભામાં સૌ સદસ્યોની ખરી કસોટી થવાની હતી. પાંડવો સાથેની અધૂરી સંતાકૂકડીની રમત ક્યાં સુધી રમવી એ નક્કી કરવાનું હતું.

સભાગૃહ ભરાઈ જતાં અમાત્યે સભા બોલાવવાનું પ્રયોજન દર્શાવ્યું. અમાત્ય પછી તરત જ દુર્યોધન ઊઠ્યો. પોતાની સશક્ત ટચલી આંગળીઓની મજબૂત મૂઠ બાંધી એણે સૌ સભાજનોને ઉદ્દેશીને કહ્યું કે, 'ગમે તે થાય પણ કુરુનું આ પ્રાચીન અને પવિત્ર સિંહાસનને પાંડવો સ્પર્શી શકવાના નથી. એક મહાન રહસ્યનો ભેદ આજે હું આ પ્રાચીન અને પવિત્ર સિંહાસનની સાક્ષીએ ખુલ્લો કરવાનો છું. ભીષ્મ પિતામહ, મહામંત્રી વિદુરકાકા, મહારાજ અને મહારાણી, ગુરુ દ્રોણ અને અશ્વત્થામા, અંગરાજ કર્ણ અને વીર શોણ, શકુનિમામા અને રાજનીતિજ્ઞ કણક આદિ સૌની સાક્ષીએ કહીશ કે પાંડવો મહારાજ પાંડુના ઔરસ પુત્રો નથી! ભયાનક શાપના ડરથી દિગ્વિજયી મહારાજ પાંડુ હસ્તિનાપુર છોડી વનમાં ચાલ્યા ગયા. તે શાપ શું હતો તે હું તમને જણાવું છું. સૌ સભાજનો ધ્યાનથી સાંભળે. શાપ એ હતો કે – 'હે રાજા, પ્રણયની ઇચ્છાથી જે ઘડીએ તું તારી સ્ત્રીને બાહુમાં લઈશ તે જ ઘડીએ મારી જેમ તડપીતડપીને તું મરી જઈશ!!' આપ સૌ કહો કે રાજમાતા કુંતી અને માદ્રી – બંનેને પુત્રપ્રાપ્તિ કઈ રીતે થાય? આ સભાગૃહમાં એક પણ સભાજન આ હળાહળ અસત્ય પુરવાર કરવા સમર્થ છે? કુંતી અને માદ્રીના આ પાંડવો કલંકિત પુત્રો હોઈ તેઓ મહારાજ કુરુના પવિત્ર સિંહાસન પર હક માગે તો શું આપણે સૌ એને માન્ય કરશું? દ્યૂતમાં પાંડવોની થયેલી હારથી જેઓ દુભાયા છે તેમણે એ કદી ભૂલવું ન જોઈએ કે ખાંડવવનમાં ઇન્દ્રપ્રસ્થ રાજ્ય સ્થાપવાની આ પાંડવોમાં બિલકુલ પાત્રતા નહોતી! આ સભાગૃહના મહાદ્વાર પાસે સેવક રૂપે પાંડવોને ઊભા રાખવા એ આપણી પરંપરાગત પેઢીએ લોહીથી સીંચેલા પવિત્ર સિંહાસનને મેશ લગાડવા બરાબર છે! કહો, કેવળ એમને શક્તિશાળી ગણી એમની સામે નત મસ્તકે ઊભો રહી હું રાજ્યનો અડધો ભાગ કે

ખાંડવવનનું ઇન્દ્રપ્રસ્થ એમને આપી દઉં? આભ ફાટીને માથા પર ધસી પડે તોપણ હસતે મુખે એનાં પગથિયાં બનાવી એના પર અડીખમ ઊભો રહેનાર અંગરાજ કર્ણ જેવો મહારથી કુરુને પડખે ઊભો છે પછી કુરુઓએ પાંડવોથી ડરવાની શી જરૂર છે? હું તેઓને 'પાંડવો' કહેવાં તૈયાર નથી. એમાં મહારાજ પાંડુનું અપમાન છે! હું એમને 'કૌંતેય' અને 'માદ્રેય' એમ કહીને જ બોલાવીશ. એમના વધતા જતા પ્રભાવને નષ્ટપ્રાય કરવા આજે આ સભાગૃહમાં સૌ સભાજનોને બોલાવ્યા છે! કુરુના શૂરવીર યોદ્ધાઓ, કૌંતેય એકાકી અને બેસહાય છે ત્યારે જ તેમનું નિકંદન કાઢી નાખવું જોઈએ!' બંને હાથ હવામાં ફેલાવી એણે સૌ પાસે પ્રસ્તાવ મૂક્યો.

સભાગૃહમાંના તમામ યોદ્ધાઓ દુર્યોધનના શબ્દપ્રહારથી ઊછળી પડ્યા. કેટલાક હાથ ઊંચા કરીને મોટેથી બોલવા લાગ્યા, 'રાજન્, દ્વૈતવન તરફ જવાનો માર્ગ અમને હમણાં જ બતાવો! કૌંતેય ધરાશાયી થવા જ જોઈએ! મહારાજ પાંડુના પવિત્ર નામનો દુરુપયોગ કરનાર એકપણ માનવ આ હસ્તિનાપુર રાજ્યમાં જીવતો રહેવાનો નથી!!' ઉત્તેજિત યોદ્ધાઓના ગણગણાટથી સભાગૃહ ગાજી ઊઠ્યો! દુર્યોધનની યોજનાને તમામ યોદ્ધાઓએ આવકારી. આજે દુર્યોધનને યોદ્ધાઓનું જબરું પીઠબળ મળ્યું.

'ઊભા રહો!' પથ્થર સાથે બાણ ટકરાય તેવો તીવ્ર અવાજ ક્યાંકથી અથડાયો! કંપતાં પિતામહે મહારાજ ધૃતરાષ્ટ્રના હાથમાંથી રાજદંડ પોતાના હાથમાં લીધો! ભૂતકાળમાં અખાડામાં મારે કારણે એમણે આ જ રીતે રાજદંડ પોતાના હાથમાં લીધો હતો! એ જ આવેશ અને એ જ ઉન્મેષ આ વૃદ્ધ કાયાના કંપમાંથી છલકાઈને બહાર આવતાં હતાં. ચોક્કસ ચોંકાવનારું કોઈ સત્ય એમને મુખેથી સાંભળવા મળવાનું હતું! પાંડવો પ્રત્યે અસીમ પ્રેમધારા વરસાવનાર જ્યેષ્ઠ કુરુ હવે બરોબર જામેલી રમતમાં ભંગાણ પાડવાના હતા. હાથમાંના રાજદંડને ઊંચો કરી આ વૃદ્ધજને શબ્દોનું જિહ્મ બાણ છોડ્યું!

'કુરુના યોદ્ધાઓ, યુવરાજ દુર્યોધને છેલ્લા અડધા કલાક સુધી જે કંઈ આપની સમક્ષ હીન કહ્યું એવું હીન આ મહેલનું સર્જન થયું ત્યારથી આજ સુધી કોઈ દાસ કે દાસી પણ બોલ્યાં નથી! મહારાણી કુંતી કલંકિની નથી! વિકર્ણે આ જ સભાગૃહમાં જણાવેલ ગિરિજા, સુદક્ષિણા, તપતી, નલિની કે જેને અદ્‌ભુત વસ્ત્રોનો સહારો મળ્યો તો તે પાંચાલી વગેરે કરતાંય મહારાણી કુંતી અધિક શ્રેષ્ઠ છે! એટલું જ નહિ પણ આજે કોઈ મને પૂછે કે, 'કુરુનો સર્વશ્રેષ્ઠ યોદ્ધા કોણ?' તો હું ગર્વથી કહીશ કે, 'કુંતી!' કારણ એક સ્ત્રી હોવા છતાં હિમાલયની જેમ એણે ધૈર્યથી અનેક આપત્તિઓનો સામનો કર્યો છે. આવું ધૈર્ય તમારામાંથી એક પણ યોદ્ધામાં મને જોવા મળ્યું નથી! એટલે જ જે સત્યને આજ સુધી મારા હૈયામાં સમાવી રાખ્યું હતું તે કુરુના વંશવૃત્તાંતનું રહસ્યમય સત્ય આજ નિરુપાય બનીને ખુલ્લું કરવાની ફરજ મને પડે છે! તમારા સળગતા ક્રોધ પર આ સત્યનાં શીતળ છાંટણાં છાંટતાં મારું હૃદય પ્રજવળી રહ્યું છે. રાજ્યરક્ષણની યોજના તમારી પાસે મૂકી દુર્યોધન તમને ઉત્તેજિત કરી રહ્યો છે એ રાજ્ય કોનું છે? કોણ છે એના સાચા વંશજો? ધૃતરાષ્ટ્રના સો પુત્ર કૌરવો? કે પાંડુના પાંચ પુત્રો પાંડવો? કોને દેવું જોઈએ આ રાજ્ય? આ રાજસિંહાસન પર બેસવાનો ખરેખર અધિકાર કોનો? આ રાજદંડ કોના હાથમાં સોંપવાનો? સમસ્ત આર્યાવર્તને પોતાના શૌર્યથી ધ્રુજાવતાં કુરુના યોદ્ધાઓ, આ સત્ય

સાંભળીને તમે આશ્ચર્યચકિત થઈ જશો કે જે અનાદિ કુરુવંશની તમારા પૂર્વજોએ સેવા કરી એના વંશજ...' શ્વેતકેશથી શોભતું મસ્તક એમણે ચારેબાજુ ફેરવ્યું.

સભાગૃહમાં ઉત્સુકતાપૂર્ણ શાંતિ છવાઈ ગઈ. કોણ હશે વંશજો? કૌરવો કે પાંડવો?

'...એના વંશજ કૌરવો પણ નથી! અને પાંડવો પણ નથી!'

સૌના શ્વાસ અધ્ધર થઈ ગયા. કમર ટટ્ટાર કરીને મેં કાન સરવા કર્યા. મારા અંગ પરના અભેદ્ય કવચના આશ્ચર્ય કરતાંય વિશેષ આશ્ચર્ય આ મહાન સત્યના શ્રવણથી થયું હતું. કેવું હતું એ સત્ય? સૌની જીવનભરની ધારણાને એક ક્ષણમાં ઉન્મૂલન કરનારું સત્ય હતું. સૌ અવાક થઈ ગયા. આ કથન પર કેવી રીતે વિશ્વાસ બેસે? પરંતુ શબ્દો તો ભીષ્મ પિતામહના હતા! એટલે એ સત્ય જ હોય!

'તો પછી કુરુકુળના સાચા વંશજ કોણ છે?' કોઈકે હળવેકથી સભાગૃહની શાંતિનો ભંગ કર્યો.

'હું!' હાથમાંના ધ્રૂજતા રાજદંડને બરાબર પકડીને ભીષ્મ પિતામહ રૂપે હિમાલયનું ઉત્તુંગ શિખર બોલતું હતું! એક એક વાક્ય શિખર પરથી પડતાં ભીતિદાયક પ્રપાત જ હતાં. 'આ વૃદ્ધાવસ્થામાં પણ આશાનું કિરણ શોધવા તમારી સમક્ષ ઊભા રહેલા આ ભીષ્મ જ અંતિમ કુરુ છે! કૌરવ-પાંડવ કુરુકુલોત્પન્ન નથી છતાં આજે જનમજનમના વેરીની જેમ એકબીજા સાથે તમારાં મસ્તક શા માટે ટકરાવો છો? એનું કારણ શોધતાં મારું હૃદય ખિન્ન થઈ જાય છે! આથી જ કુરુકુળનું સાચું વંશવૃત્તાંત કહેવા હૃદય પર મણની શીલા મૂકીને ઊભો થયો છું. ધ્યાનથી સૌ સાંભળો ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરભાઈઓ છે. એમના પિતા એક જ હતા. પરાશર પુત્ર વ્યાસ! માતાં જુદી જુદી હતી. આ સભાગૃહમાં ઉપસ્થિત ધૃતરાષ્ટ્રના સો પુત્રો વ્યાસના વંશ જ છે! યુવરાજ દુર્યોધન સુધ્ધાં! અને પાંડવ એ પાંડુના પુત્ર નથી એ જેટલું સત્ય છે તેમ તેઓ પાપના પુત્ર નથી એ પણ એટલું જ સત્ય છે! મહારાણી કુંતી અને માદ્રી બંનેને ઋષિવર્ય દુર્વાસાએ આપેલ શક્તિશાળી મંત્રોથી થયેલા પાંડવને પાપના પુત્ર કોણ કહેશે? અને એથીય વધુ કારમું સત્ય એ છે કે તમે સૌ સમજો છો તેવા આ પાંચ પાંડવો નથી! વધુ એક 'છઠ્ઠા પાંડવ'ને વિશ્વે ક્યારેય જોયો નથી, કારણ – કારણ મેં એને જન્મતાંવેંત દુર્ભાગ્યના ચક્કરમાં ફસાયેલો જોયો છે! એને માટે મારું હૃદય ક્ષણે ક્ષણે તૂટી રહ્યું છે.

'આથી જ છેલ્લી વાર હું કહું છું, તમને કુરુજનોને કુરુના અંતિમ વંશજ કુરુ રૂપે હું કહું છું કે જે રાજ્યને દિગ્વિજયી પાંડુએ સમૃદ્ધ કર્યું છે અને આ ધૃતરાષ્ટ્રે જાળવ્યું છે તેને કૌરવો-પાંડવો અડધું અડધું વહેંચી લે. કૌરવોનું નેતૃત્વ કરનાર અને કુશળ ગદાવીર તરીકે વિખ્યાત પામેલા દુર્યોધને પોતાની ગદાવિદ્યાના ગુરુને આદર્શ તરીકે આંખ સામે સતત જાગૃત રાખવા જોઈએ! એના ગુરુ બલરામ પોતાના ભાઈ શ્રીકૃષ્ણની સલાહ લીધા સિવાય કંઈ જ કરતા નથી. કૌરવ-પાંડવોએ બલરામ-શ્રીકૃષ્ણ સાથેનો સંબંધ ખુલ્લી આંખે જાણી લેવો જોઈએ! અને આભ ફાટે તો એનાં એકસો પાંચ પગથિયાં બનાવી એના પર અડીખમ ઊભા રહેનાર એવા કર્ણનું દુર્યોધને ગૌરવ કર્યું છે એ વીર કર્ણે પણ આ તૈયાર કરેલાં એકસો પાંચ પગથિયાં પર પોતાના પગ મૂકવાનું કર્તવ્ય બજાવવાનું છે! આ

સભાગૃહમાં ઉપસ્થિત તમામ યોદ્ધાઓ એ ભૂલી ન જતા કે રાજમાતા કુંતી પવિત્ર છે અને એમના પુત્ર તેજસ્વી મહાવીર છે. આટલું કહી થરથર કાંપતાં પિતામહ સ્વસ્થાને બેસી ગયા.

પછી સભાના એકેય કામમાં કોઈનું ચિત્ત ચોટ્યું નહોતું. મહામંત્રી વિદુર, અમાત્ય, મહારાજ વગેરેનાં વક્તવ્ય સાંભળવા જેટલી તેઓમાં સ્વસ્થતા નહોતી. હા, મહારાણી ગાંધારીદેવીને એકાએક ઊભાં થયેલાં જોઈ ફરી એક વાર સૌ અવાક્ થઈ ગયા. એ કેવળ એક જ વાક્ય બોલી શક્યાં, 'દુર્યોધન, હવે તો ડાહ્યો થા. પાંડવોને વનમાંથી પાછા બોલાવી લે!' આંખે પટ્ટી બાંધેલ મોં સભાગૃહમાં સહેજ ફેરવી તેઓ આસનસ્થ થયાં.

સભા વિખરાઈ. સભાગૃહ છોડતાં હું કેવળ એક વાત પર વિચારી રહ્યો હતો. પિતામહે કહેલ 'છઠ્ઠો પાંડવ' કોણ? પાંડવો સાથે સમજૂતી કરવામાં અસફળ થઈએ તો અચાનક તે ક્યાંકથી આવી પોતાના ભાઈઓની પડખે ઊભો રહેશે? સૌ પાંડવો મંત્રશક્તિમાંથી ઉત્પન્ન થયા છે એમ એ પણ મંત્રમાંથી જ ઉત્પન્ન થયો હશે ને? કેવો શક્તિશાળી હશે એ? એની સાથે લડવામાં હું ઊણો તો નહિ ઊતરું ને? જન્મથી જ એ કઈ રીતે દુર્ભાગી? અન્ય પાંડવોને પણ કોણ સદ્ભાગી કહેવાનું હતું? વિચારવાયુથી મારું મન સૂકાં પાંદડાંની જેમ ફરકતું હતું. પાંડવ અને કૌરવ કોઈ જ કુરુ કુળના નહોતા! પિતામહ અંતિમ કુરુ હોય તો રાજસિંહાસન કોનું એ પ્રશ્ન હવે કોયડારૂપ નહોતો? આ પ્રશ્નને કોણ ઉકેલશે? મારા મનના પટાંગણમાં મનના ઘોડા સ્વચ્છંદપણે દોડવા લાગ્યા. કોને રોકું? નીચું મોં કરીને જડવત્ એક એક ડગલું ભરતો હું સભાગૃહની બહાર શ્વેત આરસના ચબૂતરાને વટાવતો આગળ વધ્યો. રાજમહેલની ચારેતરફની દીવાલો પર પથરાયેલાં સૂર્યાસ્તનાં કિરણોનાં વિવિધ રંગોને લીધે ભૂમિ ઝળહળતી હતી. મારા ખભા પરના ઉત્તરીયનો એક છેડો સરકીને નીચે પડી ગયો હતો, જમીન સાથે એ ઘસડાતો હતો. ઉત્તરીયના બીજા છેડાને મેં છાતી પર કસીને લપેટી દીધો. કંઈ જ સૂઝતું નહોતું. સંસારમાં એકનાં દુઃખ અન્યના હૃદયમાં કેમ પીડા ઊભી કરતાં હશે? આખરે આ સંસાર શું છે?

ઉત્તરીય અચાનક ખેંચાયું. એ ક્યાંક ભરાયું હશે એમ સમજી મેં એને કાઢવા પાછળ જોયું. ઉત્તરીયનો છેડો પકડી અશ્વત્થામા ઊભો હતો! મને જોઈને એ હસી પડ્યો. મને નવાઈ લાગી. સભાના બનાવની એકેય અસર એના ચહેરા પર દેખાતી નહોતી!

'કયા વિચારોમાં આટલો બધો ડૂબી ગયો છે?' પાસે આવી ઉત્તરીય મારા ખભા પર મૂકી એણે હંમેશની જેમ હેતથી પૂછ્યું.

'વિચારોમાં? કયા?' મેં અટપટો જવાબ આપ્યો. જોકે એ માને તેવો નહોતો.

'ચાલ. નગર બહાર ફરવા જઈએ! તું ભારે અસ્વસ્થ થઈ ગયો લાગે છે.'

'ના. અત્યારે ક્યાંય જવાની ઇચ્છા નથી. તારે જવું હોય તો શોણને મોકલું.' મને કોઈની સાથે જવાનું મન થતું નહોતું.

'શોણ અને કર્ણમાં બહુ મોટું અંતર છે! મારે તો કર્ણની સાથે જવું છે. ચાલ.' એણે મારો હાથ પકડી રાજમહેલના મહાદ્વાર ભણી વાટ પકડી. નિરુપાય બનીને મારે એની સાથે જવું પડ્યું. કારણ એ મને એકને જ આગ્રહપૂર્વક કહેતો.

એની સાથે મહાદ્વારનો ઉંબરો ઓળંગતા મારાથી ન રહેવાયું એટલે મેં એને પૂછ્યું, ‘આજ ભીષ્મ પિતામહે ઉલ્લેખ કરેલ છઠ્ઠો પાંડવ કોણ હોવો જોઈએ? તને શું લાગે છે?’

‘એ તો કેમ કહેવાય? પાંડવ છ છે એ સત્ય જ ખરેખર મનાતું નથી પણ પિતામહ કહે એ સત્ય જ હોય! આ છઠ્ઠો પાંડવ કોણ હશે એની સાથે આપણે શું નિસબત? એ કેવો હશે એનું અનુમાન કોઈ પણ કરી શકે.’ એણે મહાદ્વારનો ઉંબરો ઓળંગ્યો. અમે નગર બહાર ચાલી નીકળ્યા.

‘કેવો હશે તે?’ અશ્વત્થામા જીવનનો ઊંડો અભ્યાસી હતો.

‘એ અવશ્ય પાંડવો જેવો જ હશે!’

‘નહિતર એ કોના જેવો હોઈ શકે? પાંડવોથી અલગ એવું શું એનામાં હશે?’

‘બધું જ! કદાચ એ પાંચ પાંડવોથી વધારે સુંદર હોય. કદાચ એ એમનાથી કનિષ્ઠ પણ હોય. જે વાતાવરણમાં ઊછર્યો હશે એ જ એનું જીવન હશે! કારણ સંસ્કાર એ જ જીવન. ફૂલોની પરાગરજમાં છુપાયેલ ભમરો પણ ફૂલની સાથે દેવમૂર્તિ પર ચડે છે.’

‘કોઈ વ્યક્તિ માટે આપણને લેવાદેવા વગરની નફરત થાય છે, કોઇ પ્રત્યે આપણને સહેજે સ્નેહભાવ જન્મે છે. અકારણ આવું કેમ બનતું હશે, અશ્વત્થામા?’ મેં એને પૂછ્યું.

‘નાનપણથી જ આપણા અભિપ્રાયો વ્યક્તિ માટે બંધાય છે. સમય આવે એમાં થોડો ફેર પડે ખરો. નાનપણથી અમુક પ્રત્યે અનાદરની ભાવના જાગે છે. એ કેવી છે? પગમાં કાંકરા વાગવાથી જામી જતાં લોહી જેવી! આગળ જતાં એમાંથી લોહીની ગાંઠ બંધાઈ જાય છે. નાનપણમાં જન્મેલી અનાદરની લાગણી યુવાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં વધુ દૃઢ થતી જાય છે! આ મજબૂત ગાંઠની પીડાથી સશક્ત માણસને પણ મેં લંગડાતા જોયા છે, અંગરાજ! આથી જ ભાવિ જીવનઘડતરની દૃષ્ટિએ શૈશવ એ મહત્ત્વનો કાળ છે એમ હું માનું છું.’

‘એટલે કે નવજાત શિશુનું મન એક સુવર્ણ તાસક સમું નિર્મળ હોય છે. એને દુન્યવી ગૂંચની કંઈ ખબર હોતી નથી, પરંતુ આસપાસની પરિસ્થિતિએ એક વાર એના અંગ પર અમંગલ હાથ ફેરવ્યો તો એના હાથની રેખા એ તાસક પર સ્પષ્ટપણે ઊઠવાની, એમ તારું કહેવું છે?’

‘રેખા માત્ર ઊઠતી નથી, રાધેય, સુવર્ણની તેજોમય પાર્શ્વભૂમિ પર એ રેખા સૂર્યપ્રકાશમાં ચમકી ઊઠે છે! ગુણોની સાથે અજ્ઞાત દોષો પણ દેખાવા લાગે છે. કેમકે નવજાત શિશુનું મન ધોઈને સાફ કરીને સૂકવી નાખેલા વસ્ત્ર જેવું હોય છે! એમાં નામનીય સળ હોતી નથી! પરંતુ એ જ મન પ્રૌઢ થતાં કરચલી પડેલાં વસ્ત્ર જેવું બની જાય છે! એમાંથી શ્રદ્ધા-માંગલ્યનું પાણી વરાળ બનીને ઊડી જાય છે. એમાં દટાઈને પડ્યા રહે છે કેવળ મૂંઝવણના શુષ્ક તાણાવાણા! કેટલા તાણાવાણા – કેટલી કરચલીઓ! એનો કોઈ અંત જ નહિ! દ્વેષ, તિરસ્કાર, સ્વાર્થ, અસૂયા, એષણા, દંભ, ઢોંગ, ક્રૂરતા, ક્રોધ, કિંકર્તવ્યતા, અજ્ઞાન, અહંભાવ, આસક્તિ, આત્મશ્લાઘા, કરુણા, વાત્સલ્ય, મમતા, પ્રેમ, કામ, અગતિકતા, ઉદ્વેગ, આત્મપીડન, મત્સર, મોહ, અસહ્યતા, નિરાશા અને વિફળતા! કેટલી અગણિત કરચલીઓ છે આમાં! પ્રત્યેક વ્યક્તિના જીવનવસ્ત્ર સાથે વણાઈ ગયેલી!’

ઘણી વાર અશ્વત્થામા એવી જ્ઞાનસભર વાતો કરે છે ત્યારે એમ થાય છે કે એની વાણીને સાંભળ્યા જ કરું.

'એમાંથી બહાર નીકળવાનો કોઈ મારગ ખરો? શું આ તાણાવાણા એ જ જીવન છે?' આ પ્રશ્નના ઉત્તર અમૃતમય અને સ્વયં સ્પષ્ટ જ હોવાના.

'મારગ કેમ નથી? અવશ્ય છે! તેં માછીમારની જાળ જોઈ છે ને? એમાં કેટલા તાણાવાણા છે! પરંતુ એ જાળમાં સ્વેચ્છાએ ફરતા માછીમારને તે કદી ફસાયેલો જોયો છે? શરીરની ભીતરમાં મનના અસંખ્ય તાણાવાણામાં કદી ન ફસાનાર આવો એક માછીમાર મારામાં, તારામાં, આ સમસ્ત ચરાચર સૃષ્ટિમાં રહેલો છે!'

'કોણ છે એ?'

'આત્મા! આ આત્માનો સ્થાયીભાવ છે પ્રકાશ! પ્રકાશ એટલે શરીરમાંનું ચૈતન્ય તત્ત્વ! કદી કોઈના બંધનમાં ફસાય નહિ તેવું ચૈતન્ય. આ ચૈતન્યને જાણવાની હૃદયમાં તીવ્ર જિજ્ઞાસા જોઈએ. એ માટે જીવન પર અતૂટ શ્રદ્ધા જોઈએ.'

'કોઈએ આવી શ્રદ્ધા જીવનમાં ધારી હોય અને એની શ્રદ્ધાને ભાંગી નાખનારું સત્ય સામે આવીને ઊભું રહે ત્યારે એની શ્રદ્ધા ડગમગે અને એ ઇચ્છે નહિ તોય તે શ્રદ્ધાહીન બની જાય. એમાં એનો શો દોષ? દોષ હોય તો તે પરિસ્થિતિનો છે એમ કહેવું જોઈએ.'

'ના. રાધેય, એમ ન કહેવાય! શ્રદ્ધાને તું સાચા અર્થમાં સમજ્યો નથી. મૃત્યુની છેલ્લી ઘડી સુધી શ્રદ્ધા ન ડગે તે સાચી શ્રદ્ધા! ખરો શ્રદ્ધાવાન ક્યારેય અશ્રદ્ધેય બનતો નથી અને પરિસ્થિતિ પર દોષ ઢોળતો નથી.'

'શ્રદ્ધાહીન માણસ એટલે સુગંધી કેવડાની અંદર કાયમને માટે છુપાઈને ગંધહીન બનેલા નિરુપયોગી રેસા! આવો માણસ સો વરસ જીવે તોપણ તે ખરેખર કશું જ મેળવતો નથી!'

એની આંખોમાંથી તેજના ફુવારા છૂટતા હતા. મુખ બ્રહ્મતેજથી ચળકતું હતું.

'શ્રદ્ધા! માણસ કોના કોના પર શ્રદ્ધા રાખે? શ્રદ્ધાનો સાચો અર્થ શો? એને સચેત કરી વાણીમાં ખીલવવી એ મારો નિત્યનિયમ હતો.'

'શ્રદ્ધા એટલે કાંટાળા જીવનની હરિયાળી! દરેકને પોતાની જાત પ્રત્યે શ્રદ્ધા હોવી જોઈએ. જેને પોતાના પર પોતાના દિવ્ય સ્વરૂપ પર શ્રદ્ધા નથી એ જગતનું કે પોતાનું શું ભલું કરી શકવાનો?'

'દુર્યોધને પાંડવોને રાજ્ય દેવાની બાબતમાં ઉગ્ર વિરોધ દર્શાવ્યો. આ રાજ્ય કેવળ કૌરવોનું જ છે. પાંડવોનું નથી એવી એની દઢ શ્રદ્ધા હતી એટલે જ ને?'

'ના. સ્વાર્થ એટલે પોતાના પર શ્રદ્ધા એમ ન કહેવાય. અહીં જ એની ભૂલ થાય છે!'

'સ્વાર્થ હોય તોપણ ભૂલ કેવી? પ્રકૃતિએ જ માનવને વિચારશક્તિ દીધી છે!'

'સ્વાર્થનો વિચાર કરવો એ ભૂલ નથી પણ આ વિચારને પણ એક મર્યાદા છે. જીભની ઇન્દ્રિયની જ વાત લઈએ. કોઈ એમ નક્કી કરે કે જગતના તમામ રસોનો આસ્વાદ મારે મન ભરીને માણવો છે અને એ ઇચ્છા પૂરી કરવામાં એ રાક્ષસની જેમ રચ્યોપચ્યો

રહે તોપણ એની ઇચ્છા કદી પૂરેપૂરી સંતોષાવાની છે? દરેક સ્વાર્થી વિચારનું પણ આમ જ છે. ચારે દિશામાં પથરાયેલા વિધાતાના આ વિશાળ જગતને કદી કોઈ એકલો પોતાના બાહુમાં સમાવવા જાય તો એ એને માટે અશક્ય છે! કારણ આદિશક્તિએ માણસને તમામ ક્ષેત્રમાં સીમિત કરી દીધો છે! રાજમહેલના ચોકમાં ઊગેલાં તૃણાંકુરને રાજમહેલનું જ્ઞાન કેટલું? તેમ માનવને પણ જગતનું જ્ઞાન કેટલું? શ્રીફળ જેવડી માનવની બુદ્ધિ વિશ્વના સીમાડાને શું સમાવી શકે તેમ છે!'

'જીવન એટલે શું? કેવળ એક દુર્ઘટના!' મેં વિષયાંતર કર્યું.

'ના. જીવન એ જીવનમરણના પ્રવાહમાં અવિરત વહેતી સરિતા! પરમાત્મા રૂપી સાગરને મળવા તત્પર! મુક્તિને ઝંખનારી!'

'મુક્તિ એટલે વેદનાહીન મૃત્યુ' – એવું તારું મંતવ્ય છે?'

'ના. મુક્તિ એટલે અખંડ પ્રકાશ! ચૈતન્યમય, પ્રકાશમય, નિરાકાર, ભાવહીન અસ્તિત્વ! આત્માનો એકમેવ ભાવ પ્રકાશ! જરા આંખ ખોલીને જોઈશ તો આખી સજીવ સૃષ્ટિ પ્રકાશના એક એક કણ માટે કેવી તલસી રહી છે એ જાણીને તું દિગ્મૂઢ થઈ જઈશ. પતંગિયા દીપક પર કેમ બળી મરે છે? વનસ્પતિ, લતાવેલી, તૃણાંકુર સૌ પોતપોતાનાં મુખ આકાશ તરફ ઊંચા કરી પ્રકાશ મેળવવા શા માટે તલસી રહ્યાં છે?

'આ પ્રકાશ માનવને સહજ સુલભ કેમ નથી? જીવનનો આ જ એક મુખ્ય ઉદ્દેશ હોય તો એ આટલું દુષ્પ્રાપ્ય કેમ?'

'જીવનનો ઉદ્દેશ પ્રકાશ છે, પરંતુ એ કેવળ અંતિમ ઉદ્દેશ્ય છે? એ સાધ્ય કરવા અનુભૂતિની જરૂર છે. અનેકવિધ ભાવવિભાવની અનુભૂતિ! અનેક અનુભવ પછી જ, 'મારી શોધ આને માટે નથી!' એમ સમજાયા પછી જ એ પોતાના અંતરાત્મા તરફ વળે છે! એને એ તરફ વળ્યા સિવાય છૂટકો જ નથી. અધ્યાત્મમાર્ગ એ જ માનવજાતિનો એક માત્ર અટળ અને સ્વીકાર્ય માર્ગ રહેશે!'

'ના. અશ્વત્થામા, કાળનાં કેટલાં ચીર ફાડીને મેં ભાવિને ઉજ્જ્વળ બનાવવા બુદ્ધિને કસી છે, પણ તું કહે છે એવો શુભ અવસર ક્યારે આવશે એને વિશે હું તો શું પણ કોઈ વિશ્વાસપૂર્વક કહી શકે તેમ નથી. આ મારી માન્યતા છે. આશાઆકાંક્ષાઓને કેવળ હૃદયમાં પૂરી રાખી નાહકની દોડાદોડી કરવાનો શો અર્થ?

'હજી તું ભ્રમમાં છો. જોકે એમાં તારો દોષ નથી. મૂળમાં માનવીનું મન જ વિચિત્ર છે. રથના ચક્ર જેવું! અનેક આરા હોય છે એ ચક્રને! પરંતુ સાચો પારખું આ આરા જે એક વિશિષ્ટ ધરીની આસપાસ ફરે છે એના પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે! તું કહે છે કે તે ભાવિને ઉજ્જ્વળ બનાવવા કાળનાં અસંખ્ય ચીર ફાડીને જોયા છે! પરંતુ પ્રશ્ન એ છે કે કાળને ખરેખર આવાં અસંખ્ય ચીર છે ખરાં? કે પછી આપણે આપણી સગવડતા ખાતર દિવસ, માસ, ઋતુ અને વર્ષના કારાવાસમાં કાળને નિષ્ફળ રીતે પૂરી રાખીએ છીએ. મને લાગે છે કે ભવિષ્ય એ માનવીએ સર્જેલી ભયાનક ભૂલ છે! જરા ઊંડો વિચાર કરી જો! કાળને કદી ભૂત અને ભવિષ્ય છે ખરાં? કાળ અખંડ છે અને એ અખંડતાનું જ્ઞાન માનવને સાચા અર્થમાં નિર્ભય કરી શકે!' એની દિવ્યપ્રજ્ઞા ઊછળી ઊછળીને બહાર આવવા લાગી. વાતો કરતાં કરતાં અમે નગરથી દૂર એક જોજન સુધી ક્યારે પહોંચી ગયા એની અમને બંનેને

ખબર જ રહી નહિ. નગર બહારનું વિષ્ણુમંદિર આવ્યું. આવ્યા છીએ તો દર્શન કરતાં જઈએ એમ વિચારી અમે મંદિરમાં પ્રવેશ્યા. સાંજ ઢળતી હતી. ગુલાબી રંગની પશ્ચિમ ક્ષિતિજે પાર્શ્વભૂમિ પર કેટલાય સારંગ પક્ષી કિલકિલાટ કરતાં માળામાં પાછાં ફરી રહ્યાં હતાં.

દર્શન કરીને અમે મંદિરની બહાર આવ્યા. અશ્વત્થામાએ ગર્ભદ્વારના ઘંટને વગાડ્યો. એ ઘંટારવના કેટલાક ગૂઢ રહસ્યમય ધ્વનિ કાનમાં ગુંજવા લાગ્યા!

મંદિર બહાર આવતાં જ ઊંચે જોઈને એણે શિખરના કળશ તરફ આંગળી કરી, 'આ જોયું કે?' અચલપણે ઊભા રહીને એણે પૂછ્યું.

'હા. અસ્ત થતાં સૂર્યનાં કિરણો શિખર પરના સુવર્ણકળશ પર કેવાં સરસ ચળકી રહ્યાં છે!'

'નહિ. શિખર પરના સુવર્ણકળશને લીધે નહિ! એની નીચે મંદિરના મસ્તક પર પાષાણની બખોલમાં ઊગેલા પીપળાના છોડને જો!'

'એને જોઈને શો ફાયદો?'

'ફાયદો? તારી દૃષ્ટિએ કોઈ જ ફાયદો નથી પણ મારી દૃષ્ટિએ ખૂબ છે. પોતાના સુકોમલ પાન હલાવીને એ કહે છે કે આ પાષાણના મસ્તક પર પગ મૂકીને મારે જીવવાનું છે! વાયુની સામે મારે ઝૂકવું નથી! પ્રતિકૂળતાના પાષાણને શરણે જવાનું આ સાદાસીધા છોડના સ્વભાવમાં નથી! અને માનવ માત્ર...'

વાત કરતાં કરતાં એ અટકી ગયો. અમે નગરમાં પાછા ફર્યા. માર્ગમાં એની પર્ણકુટીવાળી યુદ્ધશાળા આવી. મારો હાથ પોતાના હાથમાં લઈ સહેજ થપથપાવતાં તેણે કહ્યું, 'રાધેય, ભૂલી જા. મેં તને જે કહ્યું તે બધું જ! હું કંઈ બ્રહ્મજ્ઞ નથી અને તારો જન્મ જીવનના ગૂઢ વિચારો જાણવા માટે નથી. તારો જન્મ કેવળ કર્તવ્યપાલન માટે છે! કારણ તેં સ્વીકારેલા જીવનના માર્ગને દિપાવવામાં જ તારું કર્તવ્ય સમાયેલું છે.' મારો હાથ છોડી યુદ્ધશાળાના નીચા ઉપદ્વારમાંથી અંદર ચાલ્યો ગયો. એ નીચા ઉપદ્વારને ઓળંગવા જતાં એના મસ્તકનું વસ્ત્ર ઉપરના બારસાખને અડ્યું. ઘડીક વારમાં તે અદૃશ્ય થઈ ગયો. કેટલો ઊંડો અભ્યાસ હતો એનો! કેટલી સાહજિકતાથી જીવનના અનેક પ્રશ્નો અવારનવાર મને ઉકેલી આપતો હતો. એણે જતાં જતાં મને કહ્યું, 'તારો જન્મ કેવળ કર્તવ્ય પાલન માટે જ છે.'

આમ જુઓ તો પ્રત્યેકનો જન્મ કર્તવ્યપાલન માટે જ હોય છે! છતાં પ્રત્યેક વ્યક્તિ પોતપોતાની રીતે જીવનના અર્થો ઘટાવે છે.

હું પાછો ફર્યો. રાજમહેલના ચોકમાં દાખલ થતાં જ અશ્વશાળામાં પિતાને જોયા. તેઓ ઘોડાને ખાવાનું આપનાર સેવકને કંઈક સૂચના આપતા હતા. વૃદ્ધાવસ્થાને કારણે એમનું શરીર જીર્ણ થઈ ગયું હતું. કમર વાંકી વળી ગઈ હતી, પણ મનનો ઉત્સાહ એટલો જ હતો. મેં એમને કેટલી વાર વિનવણી કરી હતી કે, હવે તમે આરામ કરો.' પણ એમનો એક જ ઉત્તર હતો, 'વસૂ, શરીર થાકે છે પણ માણસનું મન થાકતું નથી. એને કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં જોડી રાખવું જોઈએ.'

એમના આવા મૌલિક વિચારોથી મારા જીવનનું ઘડતર થયું હતું. એમણે વેઠેલાં

અનેક કષ્ટોએ મારા જીવનની પર્ણકુટીને ભવ્ય રાજમહેલમાં ફેરવી દીધી હતી. મારા ખ્યાલ પ્રમાણે સમસ્ત આર્યાવર્તનો હું પહેલો સૂતપુત્ર હતો જેને માથે સુવર્ણકિરીટ ચડાવવામાં આવ્યો હતો. એનો સંપૂર્ણ યશ મારાં માતાપિતાને જાય છે. સંપત્તિ, કીર્તિ, કુટુંબસુખ, પુત્રસુખ – બધાં જ સુખો મારાં ચરણોમાં આળોટતાં હતાં. એથીય આગળ વધીને કહું તો આટલા લાંબા કાળ સુધી માતાપિતા તરફથી મળેલી વાત્સલ્યછાયાએ મને અધિક સુખી બનાવ્યો હતો. રાજમહેલમાં સૌ રાધામાતાને રાજમાતા કહેતા હતા. આ સાંભળી વૃષાલી મારા પ્રત્યે પ્રેમવિભોર બનીને કહેતી કે, ‘તમારે લીધે જ સૌ એમને રાજમાતા કહે છે.’ પણ એ ગાંડીને શું ખબર કે મારી માતાને લીધે સૌ મને ‘કર્ણ’ કહેતા હતા, અંગરાજ કહેતા હતા, મહારાજ કહેતા હતા.

આ વિચાર આવતાં જ હું અશ્વશાળામાં ગયો. મસ્તક નમાવી મૃદુ સ્વરે કહ્યું, ‘પિતાશ્રી, આપે અહીં આવવાનું કષ્ટ શા માટે લીધું? સેવક આ કામ અત્યંત પ્રામાણિકપણે કરે છે. ઉપરાંત સંજયકાકા એમના પર દેખરેખ રાખનારા છે.

થરથર કાંપતી ડોકને સંભાળતાં તેમણે કહ્યું, ‘કોણ વસુ? બેટા, જન્મથી પડેલી આદત એમ જલદીથી થોડી છૂટે? તું હાથમાંથી ધનુષ્યબાણ છોડી શકવાનો? ભવનમાં ગોઠતું નહોતું. અશ્વો વચ્ચે ઊછર્યો અને અશ્વો વચ્ચે રહ્યો છું. એને માલિસ કરવું એ જ મારું સંગીત! અહીં જો! કેટકેટલી જાતના અશ્વો છે! એમને જોઈને જ મારું મન શાંત થઈ જાય છે.’

‘પણ... જુઓ સાંજ પડવા આવી. હવે તો મહેલમાં ચાલો. હું પણ ત્યાં જ જાઉં છું.’

‘ચાલ–’ એમણે મારો હાથ પકડ્યો. મારા હાથના ટેકે તેઓ ચાલવા લાગ્યા. એમની થાય એટલી સેવા કરવી એ મોટા પુત્ર તરીકે મારી પહેલી ફરજ હતી. મારે ખભે ભાર દઈ તેઓ રાજમહેલનાં પગથિયાં એક પછી એક ધીરે ધીરે ચડવા લાગ્યા. હસ્તિનાપુરમાં હું આવ્યો ત્યારે પહેલે જ દિવસે એમની આંગળી પકડીને હું આ પગથિયાં ચડ્યો હતો. આજ તેઓ મારા ખભાના આધારે ચડી રહ્યા હતા.

ઓગણીસ

પિતાશ્રીને એમના અંતઃપુરમાં પહોંચાડવા હું સાથે ગયો. ત્યાં રાધામાતાને વીંટળાઈને વાર્તા સાંભળતાં સુષેણ, વૃષકેતુ, સુશર્મા, મીનાક્ષી વગેરે મને જોઈને આનંદમાં આવી જઈને તાળીઓ પાડવાં લાગ્યાં. સૌથી નાનો વૃષકેતુ દોડીને મને વળગી પડ્યો. બીજા સૌ સમજદાર થઈ ગયા હતા. મારા પુત્રો ઉંમરમાં નાના હતા છતાં શરીરે હૃષ્ટપુષ્ટ હોવાથી મોટા દેખાતા હતા. તેઓ મારાથી ડરતા, મારો આદર જાળવતા છતાં મને જોઈ તેઓ પ્રેમથી વળગી પણ પડતા.

વૃષકેતુને માથે હાથ ફેરવતાં મેં કહ્યું, ‘બેટા, તું તારા ભાઈના જેવો મોટો ક્યારે થઈશ?’

‘હું તો નાનો જ લહેવાનો!’ એની તોતડી ભાષામાં એણે કહ્યું.

'કેમ?'

'મોતાએ દાદીમાને પદે લાદવું પડે પન હું એમની ગોદમાં બેછું છું!' એને પોતાનો નાનપણનો લાભ છોડવો નહોતો. એને તેડી લઈ મેં એના માથા પર હેતથી હાથ ફેરવ્યો. એ તોફાનીએ રોજની જેમ મારાં કુંડળને બે હાથેથી હલાવ્યાં. રાધામાતાને પગે લાગી હું ત્યાંથી બહાર નીકળી ગયો. બાળબચ્ચાંની સાથે વીંટળાયેલી માને જોઈ મેં ધન્યતાની લાગણી અનુભવી.

હું મારા ભવનમાં આવ્યો. પાકશાળામાં ભોજનની તૈયારીમાં પરોવાયેલી વૃષાલીને મારા આગમનની જાણ મૃણાલે કરી હશે. આમ તો રસોઈ બનાવવા અનેક સેવિકાઓ હતી તો પણ મને ભાવતી વાનગીઓ વૃષાલી જાતે પાકશાળામાં જઈ તૈયાર કરાવતી. મૃણાલે જણાવતાં જ તે તરત ભવનમાં આવી. માથા પરથી મુગટ ઉતારી હું હાથમાં પકડીને ઊભો હતો ત્યાં પાસે આવી મારા હાથમાંથી લઈ લેતાં એ બોલી, 'આજે રાજસભા બહુ લાંબી ચાલી?'

'ના. વૃષાલી... ગુરુપુત્રની સાથે આજે નગર બહાર ફરવા ગયો હતો. હમણાં જ પાછો આવ્યો.' અશ્વત્થામાનું નામ સાંભળી એના સઘળા પ્રશ્નો શમી ગયા. હાથમાંનો મુગટ એણે હળવેકથી લાકડાના આસન પર મૂક્યો.

ભોજનના થાળ પીરસાઈ ગયાની સૂચના અમને આપીને મૃણાલ પિતાશ્રીને બોલાવવા ચાલી ગઈ. એમનો હાથ પકડીને હળવેકથી એમને લઈ આવી. એમની પાછળ વૃષસેન, પ્રસેન, ભાનુસેન, સુશર્મા, સુષેણ, ચિત્રસેન સૌ આવ્યા. છેલ્લાં ચૌદ વર્ષથી આ ક્રમ ચાલ્યો આવતો હતો. અમે પુરુષો સહુ સાથે જમવા બેસતા. પિતાશ્રી પહેલો પહેલો કોળિયો લે પછી જ અન્ય સૌ જમવાની શરૂઆત કરતા. અમે જમી લીધા પછી સ્ત્રીઓની પંગત પડતી. એમાં પણ રાધામાતા કોળિયો લે નહિ ત્યાં સુધી કોઈ અન્નને અડતું નહિ.

વૃષાલી રોજ ભાતભાતની વાનગીઓ તૈયાર કરાવતી. જમતી વખતે સૌ એની મુક્તકંઠે પ્રશંસા કરતા. ક્યારેક તે બુંદીના લાડવા, જલેબી, મગદળ જેવા મિષ્ટાન્ન બનાવરાવતી તો ક્યારેક દૂધપાક, બાસુંદી, ખીર જેવી દૂધની વાનગી. આ ઉપરાંત, દૂધ, દહીં, માખણ, પિયુષ જેવી ગાયના દૂધની ચીજો પણ હોય. મને બુંદીના લાડુ અને માખણ બહુ જ ભાવે. આથી તે અવારનવાર મને ભાવતી મીઠાઈ બનાવરાવતી ત્યારે શોણ મારા તરફ તીરછી નજરે જોઈ વૃષાલીને કહેતો, 'ભાભી, આ બુંદીના લાડુ વારંવાર ખાઈને હવે અમને પણ ભાવવા લાગ્યા છે! ભાઈને હવે ઓછા પડવાના જ! પછી બીજે દિવસે ભોજનમાં શોણને ભાવતી વાનગી ખીર અચૂક પીરસાતી જ. ક્યારેક મરઘાંના સ્વાદિષ્ટ માંસની રસદાર વાનગી પણ ખાવા મળતી.

'સત્યસેન ક્યાં છે?' એને જમવામાં ન જોતાં મેં પૂછ્યું. એની પત્ની પુષ્પાવતીએ નીચું જોઈને કહ્યું. 'કુરુઓનો એક મહત્ત્વનો સંદેશો લઈ મદ્ર દેશની રાજધાની શાકલનગર ગયા છે.' મદ્રરાજ શલ્યને મળીને પાછાં આવતાં આઠ દિવસ થઈ જશે. હવે આઠ દિવસ સુધી જમવાની પંક્તિમાં એની થાળી પીરસાશે અને પછી એ ભોજન ગાયને આપી દેવામાં આવશે!

આજે મારું મન જમવામાં નહોતું. અન્ય સૌ પ્રેમથી જમતા હતા. એક શોણ જાણી ગયો કે ભાઈ આજે રોજની જેમ જમતો નથી. એણે વૃષાલીને કહ્યું, 'ભાભી, પુત્ર પ્રાપ્તિ પછી સ્ત્રીઓના પતિ પ્રત્યેના પ્રેમમાં ઓટ આવે છે, એમ સૌ કહે છે તે ખોટું નથી. નહિતર મોટાભાઈ આજ શું જમ્યા તે તમે જાણી ગયાં હોત!'

'શોણ, એમાં એનો દોષ નથી.' મેં એને વાર્યો.

'વસૂ, આજે તારી ભાવતી વસ્તુ છે છતાં તું પ્રેમથી કેમ ખાતો નથી?' પિતાશ્રીએ પણ પૂછ્યું.

'નહિ, પિતાશ્રી, એક મહત્ત્વના વિચારમાં હતો. તમને પણ સાંભળીને નવાઈ લાગશે.'

'કયો વિચાર?'

'છઠ્ઠા પાંડવનો! તમે જાણો છો કે પાંડવો પાંચ નથી, છ છે!' સાગના પાંદડા પરની રેખા જેવી ઊંડી રેખા એમના કપાળ પર જોતાં મેં એમને પૂછ્યું. મોંમાંનો કોળિયો ગળે ઉતારીને પછી જવાબ દેવા એમણે મોં ઉઘાડ્યું. ત્યાં એમને અંતરાસ આવી! એમની આંખમાં પાણી આવી ગયાં. વૃષાલીએ દોડીને પાણીનો પ્યાલો એમના મોં પાસે ધર્યો. પાણીનો એક ઘૂંટડો જતાં ગળું સાફ થઈ ગયું.

'તને કોણે કહ્યું આ?' કંપતા અવાજે તેમણે પૂછ્યું.

'મને એકને જ નહિ. સૌ સભાસદોને આજે પિતામહે જણાવ્યું.'

'પિતામહે! તો પછી એ સત્ય હશે. પાંડવ પાંચ નહિ હોય!'

'એટલું જ નહિ પણ કૌરવ કે પાંડવ બેમાંથી એકેય કુરુકુળના નથી, એવું પણ આજે એમણે કહ્યું. એમના કહેવા પ્રમાણે હવે રાજસિંહાસન ખરેખર બાહુબળ પર છોડવાનો પ્રશ્ન ઊભો થયો છે.'

'વસૂ, પિતામહે જે કહ્યું તે સાચું જ હોવું જોઈએ. હજી એક વધુ સત્ય આજે હું તને કહી દઉં. કેમકે અખાડામાં તને સૌએ અપમાનિત કરેલો એ મેં મૂંગે મોઢે સહી લીધું હતું!' તેઓ સહેજ અટક્યા. એમના શબ્દો સાંભળી મેં કાન વધુ સરવા કર્યા.

'વસૂ, સૂતપુત્ર તરીકે તારી સૌએ ઠેકડી ઉડાડી અને તેં સૌનો ધીરજથી સામનો કર્યો. આજે રાજમહેલમાં મહામંત્રી વિદુરજીનું કેટલું બધું માન છે! એમનો એક પણ શબ્દ નકામો ગણાતો નથી.'

એમનાં પેલાં દીન વાક્ય મને અસંબદ્ધ લાગ્યાં. છતાં મેં કહ્યું, 'હા, પિતાશ્રી... પણ તેઓ કુરુકુળના નથી એવું સ્પષ્ટપણે પિતામહે કહ્યું. તેમણે કહ્યું હતું, 'આજ હસ્તિનાપુરમાં કુરુકુળના વંશમાં હું જ એક માત્ર છેવટનો વંશજ છું.'

'વસૂ, મહામંત્રી વિદુર એ દાસીપુત્ર છે એ વાત સાચી પણ પિતામહ એક જ છેલ્લા કુરુ છે એ સંપૂર્ણ સત્ય નથી! હજી પણ એક કુરુનું લોહી જેની નસમાં વહે છે એ કુરુ આ હસ્તિનાપુરમાં છે પણ સામાજિક રીતરિવાજને કારણે એ સાવ સામાન્ય રહ્યો છે!'

'કોણ એ? હજી કોણ છેલ્લો કુરુ છે?' મેં આશ્ચર્યથી ભવાં ચડાવીને પૂછ્યું.

બાજુમાં પડેલો પ્યાલો ઊંચકી એમાંથી પાણીનો એક ઘૂંટડો પીતાં કહ્યું, 'હું!'

'તમે?'

'હા! મારા પિતાશ્રી સત્કર્મા આ દિગ્વિજય કુરુ યયાતિના વંશ જ હતા. પણ... પણ માતા સારથિકન્યા હતી. આ નગરમાં દાસીપુત્ર વિદુરને મહામંત્રીપદ મળી શક્યું... પણ... યયાતિ વંશજ અધિરથને માત્ર અશ્વશાળા જ મળી. વસૂ! આ સત્ય છે! હું મારી જાતને ધન્ય ગણું છું તે કેવળ તને અંગરાજ થયેલો જોઈને–' સહેજ અટકીને તેમણે ફરીથી એક ઘૂંટડો પાણી પીધું. જિંદગી આખી જાળવી રાખેલું પોતાના જન્મનું રહસ્ય એમણે મારા મનનું સમાધાન કરવા ખોલ્યું. હું ભાણા પરથી ઊઠી ગયો. આપણે યયાતિ મહારાજના વંશજ છીએ એ સત્ય મને શાતા આપતું હતું, 'પરંતુ હૃદય આનંદથી હિલોળા કેમ લેતું નહોતું? હવે હું એટલો ભલોભોળો રહ્યો નહોતો કે પ્રત્યેક વિસ્મયકારી ઘટના પર હું ખુશ થઈ જાઉં.

હાથ ધોઈ શયનગૃહમાં જઈ પલંગમાં આડો પડ્યો. અશ્વત્થામાએ સહજપણે વ્યક્ત કરેલા વિચાર પર મારું મન ફરીફરીને ત્યાં જ સ્થિર થતું હતું. પથ્થરના ઓટલા પર પીપળાના ઝાડને વધતાં જોઈને તેણે કહ્યું હતું કે, 'પથ્થરના ખરબચડા મસ્તક પર પગ મૂકી આ ઝાડ જાણે કહી રહ્યું હતું કે, 'મારે જીવવું છે, પવનની લહેરે લહેરે ડોલવું છે.'

મેં પણ પેલા ઝાડનો આદર્શ સ્વીકારી લીધો. પરિસ્થિતિનાં રોદણાં રડવાનો કોઈ અર્થ નહોતો.

વીસ

અશ્વત્થામાના જીવન સંબંધી તત્ત્વજ્ઞાન વિશે મેં આખી રાત ખૂબ વિચાર કર્યો. એને મુખે તત્ત્વજ્ઞાન સાંભળવું એક લહાવો હતો, પણ સંસારમાં કેટલા લોકો તત્ત્વજ્ઞાનને આધારે જીવે છે? સંસારમાં સૌને સહયોગની જરૂર પડે છે, પરંતુ સંસાર કોઈને સહયોગ દેવા કદી તૈયાર હોતો નથી! આ મારો જાત અનુભવ હતો. પાંડવો વનવાસ જવા નીકળી ગયા હતા. એ ધાર્મિકયાત્રા નહોતી. તેઓ ગાંઠે પુણ્ય બાંધવા નીકળ્યા નહોતા. તેર વર્ષ પછી તેઓ અવશ્ય પાછા આવવાના જ હતા. તેઓ ફૂંફાડા મારતાં પાંચ નાગ હતા. તેર વર્ષ સુધી વનમાં રહી ગમે ત્યારે પ્રકટ થઈ દુર્યોધનની સાથે કર્ણના પગમાં પણ દંશ મારવાના હતા. તેઓ વનમાં ગયા છે એમ સમજી બેફિકર બેઠો રહીશ તો કાલ સવારે નક્કી મહામૂર્ખ ગણાવાનો. પહેલી વાત એ કે જીવનસંઘર્ષમાં કોઈ સાથે વેર બાંધવું નહિ અને વેર બંધાયું તો એને ઝાઝું વકરવા દેવું નહિ. ગમે ત્યારે એમાંથી પરુ નીકળવા માંડે. કર્ણ અથવા પાંડવ – આ એક જ પર્યાય મને કબૂલ હતો. પાંડવો તરફથી સતત ભયની લટકતી તલવાર મારે દુર્યોધનને માથે રાખવી નથી. પિતામહ ગરજીગરજીને કહેતા હતા કે, 'રાજ્યનો અડધો હિસ્સો પાંડવોને આપી દો. મને એમનો આ પ્રસ્તાવ બિલકુલ પસંદ નહોતો. રાજ્ય અખંડ રહેવું જોઈએ! પછી ભલે તે કૌરવોનું હોય કે પાંડવોનું! જે વખતે નિર્ણય લેવાનો હતો તે વખતે પિતામહ ચૂપચાપ બેઠા હતા અને આજે જ્યારે જાણ્યું કે પાંડવોને ગળે ફાંસો આવ્યો છે ત્યારે એમના પ્રત્યેના પ્રેમથી વિહ્વળ બની જઈ બોલવા લાગ્યા! રાજદરબારમાં ઉપસ્થિત સૌ સભાસદોના ઉત્સાહ પર તેમણે પાણી ફેરવી નાખ્યું હતું! પરંતુ આ કર્ણ એમના વાક્બાણમાં ફસાય તેવો નથી. રાજદરબારમાં એક પણ યોદ્ધો મને સાથ ન આપત તો એનીય પરવા કર્યા વિના હું પાંડવોની વિરુદ્ધ ચાલબાજી ગોઠવવાનો

હતો. આ પાંચ કેવા શૂરવીર છે એ મારે જોવું હતું. મારો નિર્ણય દુર્યોધનને જણાવવાની તક હું શોધતો હતો પણ એને રાજમહેલમાં ક્યારેય એકલા મળવાનું બનતું જ નહોતું. મામા શકુનિ, દુઃશાસન, પ્રભંજન, અમાત્ય, મહારાણી ભાનુમતિ, યુવરાજ્ઞી દુઃશલાદેવી કે રાજદરબારના અન્ય કોઈ કુરુયોદ્ધાથી એ હંમેશાં ઘેરાયેલો રહેતો. મારે જે કંઈ કહેવું હતું તે એકાંતમાં કહેવાની તક મળતી નહોતી.

જો મૃગયાની યોજના ઘડાય તો જ એને એકાંતમાં મળવાનું શક્ય બને તેમ હતું. આથી શોણ દ્વારા મેં એને વારણાવતના વનમાં મૃગયા માટે જવાનો પ્રસ્તાવ મુકાવ્યો. એને એ વિચાર ગમ્યો.

બે-ત્રણ દિવસમાં જ અમે મૃગયા માટે રાજમહેલમાંથી પ્રસ્થાન કરવાના હતા. ગંગા અને ઇક્ષુમતી એ બે નદીઓ પાર કરી ઇન્દ્રપ્રસ્થની સીમા પાસે આવેલા વારણાવતના ગીચ વનમાં અમે જવાના હતા. જે રાજમહેલમાંથી મૃગયા માટે બહાર નીકળે તેણે કોઈ ને કોઈ શિકાર લાવ્યા સિવાય રાજમહેલમાં પાછા ફરવું નહિ એવો આ રાજપરિવારનો પરંપરાગત શિરસ્તો હતો. કેટલાક યોદ્ધાઓને આ શિરસ્તાનું પાલન કરવા મૃગયાની શોધમાં એક એક મહિના સુધી વનવન ભટકવું પડતું હતું!

એકવીસ

અમે કેવળ મૃગયા માટે જ બહાર નીકળ્યા નહોતા. મારે દુર્યોધન સાથે એકાંતમાં વાત કરવી હતી. અમે ફક્ત પચાસેક કુશળ ઘોડેસવારો જ સાથે લીધા હતા. શોણને પણ મેં ટાળ્યો હતો!

બળબળતો તાપ માથે લઈને ભરબપોરે બે વાગ્યે અમે નીકળ્યા. સાથે હાથીદાંતના રંગની શ્વેત ઘોડીઓ હણહણતી નગરના માર્ગ પર દોડતી હતી. વૈશાખી તાપથી વ્યાકુળ નગરજનો અડધો દરવાજો બંધ કરી પોતાના ઘરમાં આરામ કરી રહ્યા હતા. આથી વિશાળ રાજમાર્ગ પર એક પણ નગરજન ક્યાંય હરતુંફરતું દેખાતું નહોતું. અમે ક્યાં અને શા માટે જઈ રહ્યા હતા એ રાજમહેલમાં એક માત્ર સેનાપતિ સિવાય અન્ય કોઈ જાણતું નહોતું. અમારી સાથે આવેલા ઘોડેસવારોને પણ એની કલ્પના સુધ્ધાં નહોતી. એક ભોમિયો ઘોડેસવાર અમારી આગળ દોડી રહ્યો હતો. અન્ય સૌ લગામ ખેંચીને અમારી પાછળ અંતર રાખીને દોડતા હતા.

વર્ષાઋતુમાં બંને કાંઠે ઊભરાતી ગંગાનદીનો વિશાળ પટ આજે ગ્રીષ્મના તાપથી સુકાઈ જઈને ઠેકઠેકાણેથી વહેતો હતો. અમે તે પાર કર્યો. એના ક્ષીણકાય પ્રવાહમાં પોતાના શ્વેત શરીરના પ્રતિબિંબની એક લહેરાતી રેખા દોરતી, પાણી ઉછાળતી ઘોડીઓએ નદી ઓળંગી. ઇક્ષુમતી નદી વટાવી. ઇન્દ્રપ્રસ્થ તથા હસ્તિનાપુરની સીમા જ્યાં મળે છે ત્યાંથી વારણાવતનું ગીચ વન શરૂ થયું.

વારણાવતની સીમામાં પ્રવેશતાં જ ઘોડેસવારો અગાઉ નક્કી કર્યા પ્રમાણે ચારે દિશામાં વહેંચાઈ ગયા. હવે તેઓ હાથમાંના ભાલા તેજીથી ચલાવતા, હોકારા પડકારા કરતા આખાય વનને ઘેરી લઈ દેકારો મચાવી દેશે. એમના કોલાહલથી ગભરાઈને હમણાં ઊંચી છલાંગો મારતાં નાસભાગ કરશે. અમે એક ટેકરી પર બેસી સામેના મેદાનમાં

નાસભાગ કરતાં હરણાંને બાણથી અચૂક વીંધશું. અમે નક્કી કર્યું હતું કે અમારે ટેકરી પર નિશાન લેવા બેસવું અને તરત ચારે બાજુથી હોકારા પડકારા કરતાં ઘોડેસવારોને સંકેત કરવા માટે ઘૂઘરી બાંધેલા ચાર જિહ્‌મ બાણ ચારે દિશામાં છોડવાં, જેથી એકસામટો શોરબકોર મચી જાય.

નિશાન લેવા માટે અમે ઘાસ આચ્છાદિત એક ટેકરી પરની જગ્યા પસંદ કરી. સામે સુંદર હરિયાળું મેદાન હતું. બધું ઠીકઠાક થતાં જ એક એક બાણ ધનુષ્ય પર ચડાવી વીરાસન વાળી મેં ચાર દિશામાં બાણ છોડ્યાં. 'સૂઉઉઉ...' અવાજ સાથે તેઓ ચારે દિશામાં આમતેમ સરકવાં લાગ્યાં. ઘોડેસવારોને સંકેત મળ્યો. શોરબકોર કરતા, હોકારા પડકારા કરતા તેઓએ વનમાંનાં તમામ પ્રાણીઓને તેમનાં શાંત શીતળ નિવાસસ્થાન છોડવા માટે એમનો પીછો પકડ્યો. આખું વન રુગ્ણ માણસની જેમ દર્દભરી ચીસો પાડવા લાગ્યું. ચિત્રવિચિત્ર અવાજ એકમેકમાં ભળી ગયા. સારંગ, ચિત્રરથ, ક્રૌંચ, કપોત, સ્યેન, કોકીલ, પત્રરથ વગેરે પક્ષીઓનાં ઝુંડ ચિચિયારી કરતાં વનમાંથી ઊડી જતાં અમે ટેકરી પરથી જોયા. થોડી વારમાં જ ચીં ચીં... અવાજ કરતું ભારેખમ કાયાવાળા મોટા હાથીઓનું ટોળું એકાએક મેદાન પર આવી ચડ્યું.

અમે બંને વીરાસન વાળી, ધનુષ્યની પ્રત્યંચા તાણીને સાવધાન થઈને બેઠા હતા. આ ટોળામાંથી એક વિશાળ કાય હાથીનો લક્ષ્યવેધ લઈ એનો શિકાર કરવા દુર્યોધને હાથમાંનું ધનુષ્ય હાથીની ગતિ સાથે ફેરવ્યું પણ મેં એને હાથના ઇશારાથી રોક્યો. હાથીને મારવાનો કોઈ ફાયદો નહોતો! એને ઉઠાવીને લઈ જવા માટે અમારી પાસે પૂરતા સેવકો પણ નહોતા. પર્વતીય પ્રદેશમાંથી નદીની જેમ વણાંક લેતું હાથીનું ટોળું ચિત્કાર કરતું સૂંઢને ડોલાવતું મેદાન પાર કરીને ચાલ્યું ગયું.

થોડી વારમાં ગીચ ઝાડીમાંથી ચાલીસ-પચાસ હરણાંનું ટોળું ઊંચેથી વહેતાં ઝરણાંનાં પાણીનાં ફોરાંની જેમ લયબદ્ધ છલાંગ મારતું મેદાનમાં દોડી રહ્યું હતું! ધનુષ્ય ચડાવેલા અમારા હાથ એમના મર્મસ્થાનનું લક્ષ્ય લેવા એની દોડ સાથે ગતિ કરવા લાગ્યા. ટોળું અને અમારું આસન – બે વચ્ચે વ્યવસ્થિત અંતર રાખી લક્ષ્યભૂત હરણોની ગતિ સાથે અચૂકપણે ગતિ જાળવીને હરણનાં મુખ સામે બાણ છોડવાં જરૂરી હતાં.

'સૂ...! સૂ...! બંનેનાં ધનુષ્યમાંથી સતત બાણવર્ષા શરૂ થઈ. પવનની થાપટથી ઉદુંબર વૃક્ષ પરથી પાકાં ફળ ટપોટપ પડવાં લાગે તેમ હરણાનાં હૃદયમાં બાણ વાગતાં એક પછી એક હરણાં મેદાનમાં ટપોટપ ઢળવાં લાગ્યાં. અન્ય હરણાંઓ બીકના માર્યાં પોતાના સાથીઓની સામે જોવા ન રહેતાં છલાંગ મારતાં મેદાન વટાવીને ભાગી છૂટ્યાં. શિકાર પૂરો થયો. અમે સંતોષનો શ્વાસ લીધો.'

'તેં કેટલાં બાણ છોડ્યાં?' દુર્યોધને મને પૂછ્યું.

'છ! તેં કેટલાં?' મેદાન તરફ નજર કરતાં મેં પૂછ્યું.

'પાંચ!' એણે પણ મેદાન સામે જોતાં જવાબ આપ્યો.

એટલે મેદાનમાંથી અગિયાર હરણાં મળવાં જોઈએ. નહિતર પાંચ હરણાંનાં અંગમાં બે બે અને એક હરણના અંગમાં એક બાણ હોવું જોઈએ.' મેં વીરાસન છોડી ઊભા થતાં કહ્યું.

'હા. ચાલ જોઈએ. એ વીરાસન છોડી ઊભો થવા ગયો પણ ઊઠી શક્યો નહિ. એકાએક 'કર્ણ...!' એવી હૃદયભેદક ચીસ પાડી એ જોરથી હરિયાળા મેદાન પર પછડાયો. જાણે પર્વત પરથી મોટી શીલા ધસી પડી! હમણાં શિકાર અંગે રસપ્રદ વાતો કરતાં આ ગદાવીરને ઘડીકમાં શું થઈ ગયું? એણે હૃદયદ્રાવક ચીસ કેમ પાડી? હું ગભરાઈ ગયો. નીચા વળીને મેં એને ઊભો કરવા એની કમરમાં મારો હાથ ટેકવ્યો. પણ સામેનું દશ્ય જોઈ મારું હૃદય ધબકવા લાગ્યું! શિકારમાં મગ્ન દુર્યોધન વીરાસન વાળીને બેઠો હતો ત્યારે ઘૂંટણ પાસેના ડાબા પગના પાછળના ભાગમાં ઘાસમાં છુપાઈને બેઠેલો એક લાંબોલચક વિશાળ અજગર એને ઘૂંટણ સુધી વળગી ગયો હતો! પગમાં ચામડાના બૂટને કારણે એના જડબાના સ્પર્શની જાણ એને થઈ નહોતી. વીરાસન છોડીને ઊભા થવા જતાં જ એનો પગ હલ્યો. શિકાર હાથમાંથી છટકી ન જાય એ વિચારે અજગરે પોતાની પૂંછડીના છેડાને તત્ક્ષણ ઉપર લઈ દુર્યોધનને પોતાની ચૂડમાં ભીડી લીધો. હસ્તિનાપુરના ભાવિ સમ્રાટને એક અજગરે સસલાના બચ્ચાની જેમ પોતાના અંકમાં દબાવી દીધો હતો! માથા પરથી મુગટ સરીને મેદાનની ધૂળમાં ગબડી પડ્યો હતો. જળ વિના માછલી તરફડે તેમ દુર્યોધન એની પકડમાંથી છૂટવા તરફડતો હતો, પરંતુ જેમ જેમ એ છૂટવાના પ્રયત્ન કરતો હતો તેમ તેમ અજગર પોતાની ભીંસ વધારતો જતો હતો. બંને ઘાસમાં ગડથોલિયાં ખાતા હતા. ઘૃણાસ્પદ મૃત્યુના ભયથી દુર્યોધન 'કર્ણ... કર્ણ' એમ મારા નામની ચીસો પાડતો, દાંત કરડતો, પોતાના હાથમાંના બાણની ધારદાર અણી અજગરના દેહમાં સપસપ ઘોંચવા લાગ્યો! ભૂલમાં આ અણી પોતાના પગમાં ખૂંચી જશે એની પણ એ પરવા કરતો નહોતો. ઘડીકમાં દુર્યોધન તો ઘડીકમાં પેલો પ્રચંડ અજગર દેખાતા હતા. વિચિત્ર! રોમાંચક! પગ પછાડતો એ મૃત્યુના પાશમાંથી છૂટવા દુર્યોધન બરાડા પાડતો હતો. એના તરફડાટથી પગ નીચેનું ઘાસ ચગદાઈ ગયું હતું. આટલા મહાન શક્તિશાળી ગદાવીરને આ અજગરે મારી નજર દેખતાં જોતજોતામાં લાકડીની ભારીની જેમ પોતાના પાશમાં જકડી લીધો હતો. 'કર્ણ...!' જીવવાની આશા છોડી દઈ દુર્યોધન ગગનભેદી, હૃદયવિદારક આખરી ચીસો પાડી ઊઠ્યો. અંતે થાકીને પોતાની તમામ શક્તિથી દેહને ઝટકો દઈ મૂર્ચ્છા ખાઈને ઢળી પડ્યો!

હવે મારાથી ઊભા રહી શકાય તેમ નહોતું પણ હું શું કરી શકું તેમ હતો? જલદીથી ઉપાય શોધી શકાય તેવો આ સીધો સરળ પ્રસંગ નહોતો! દિગ્મૂઢ બની મેં અજગર તરફ જોયું. ત્યાં કેવળ ચંચળતા હતી! ભક્ષ્ય માટે તડપતી! મારા હાથમાં બાકી રહેલાં બાણ સિવાય અન્ય એક શસ્ત્ર પણ નહોતું અને હોય તોપણ એનો કોઈ ઉપયોગ નહોતો. અજગરની ભીંસમાં સપડાયેલા દુર્યોધનને સુરક્ષિત રાખી એક પણ શસ્ત્ર ચલાવી શકાય તેમ નહોતું. રૂક્ષકાય ભયંકર અજગર પાસે બાણની શું મજાલ હતી? હું બેબાકળો બની ગયો. હાથમાં માથું પકડી વિચાર કરતો એક શીલા પર બેસી પડ્યો. સંધ્યા નમતી હતી. એક એક પળ અત્યંત મહત્ત્વની હતી. મને વૈભવના શિખર પર બેસાડનાર મારો પ્રાણપ્રિય મિત્ર આજે જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતો હતો! મેં આકાશની પશ્ચિમ દિશા તરફ દૃષ્ટિ કરી. બે પર્વત શિખર વચ્ચે સૂર્યનારાયણ પોતાનાં અક્ષત, અખંડ કિરણો પૃથ્વીના મસ્તક પર પાથરીને ઊભા હતા! મારા અંગેઅંગમાંથી એક અજ્ઞાત કંપારી વછૂટી. અનનુભૂત! અવર્ણનીય! અગમ્ય! અકલ્પનીય!

હું સફાળો ઊભો થયો. હાથમાંનું ધનુષ્ય ફેંકી દઈ મેં અજગર સહિત દુર્યોધનને ઊંચકીને મારે ખભે મૂક્યો! આ પાણીદાર અજગરનો સ્પર્શ એટલે સાક્ષાત્ મૃત્યુ! મૃત્યુ કેવાં અવનવાં રૂપો ધારણ કરી જીવન પાછળ આદુ ખાઈને પડે છે! એ જન્મમરણનું દ્વન્દ્વ ખભે ઊંચકીને અસ્ત પામતાં કિરણોમાં ટેકરી પરથી જાતને જાળવતો નીચે ઊતરવા લાગ્યો. મગજમાં જાતજાતના વિચારો ઘૂમતા હતા. આ વિકટ પરિસ્થિતિમાંથી દુર્યોધન ન ઊગર્યો તો? મારું અને હસ્તિનાપુરનું ભાવિ શું? છતાં અડગપણે મેદાનમાં ચાલતો ચાલતો હું આગળ જઈ રહ્યો હતો. મેદાનના ઘાસ પર શિકાર કરેલાં હરણાંને એકઠાં કરતાં ઘોડેસવારો દૂરથી દેખાતા હતા... ગમે તેમ કરીને એમના સુધી પહોંચવું જરૂરી હતું. આથી બે ભારેખમ શીલા જેવા જડ અને વિચિત્ર દેખાતા આ બે વજનદાર જીવોને ખભે લઈ હું ફટાફટ ચાલતો હતો. મારું સમસ્ત જીવન આવા કઠોર, કસોટીમય અનેક વિકટ પ્રસંગોમાંથી જ પસાર થયું હતું. એ સૌ પ્રસંગોમાં આ પ્રસંગે મને વિશેષ રોમાંચિત કરી દીધો.

હું ખભે કંઈક ઊંચકીને આવું છું એ જોઈ કોઈ મોટો શિકાર હશે એમ સમજી મેદાનમાં એકત્રિય થયેલા સૌ ઘોડેસવારો હાથ ઊંચા કરી આનંદથી કિકિયારી કરતાં નાચી ઊઠ્યા, પરંતુ હું એમની નજીક પહોંચ્યો ત્યારે આંખ ફાડીને મને જોઈ જ રહ્યા. ઘણાખરા ઘોડેસવારોએ મને મનોમન મૂર્ખ ગણ્યો હશે. મારા હૃદયમાં વિચારોનું તુમુલ યુદ્ધ ચાલતું હતું. દુર્યોધનને કેમ બચાવવો?'

સૌની નજીક પહોંચી ઘૂંટણ ટેકવી હળવેકથી મેં અજગરને નીચે મેદાનમાં ઉતાર્યો. અધરીયના છેડાથી કપાળ પરનો પરસેવો લૂછતાં એની સામે જોયું. ભીંસની મરણતોલ યાતનાથી મૂર્છિત થયેલાં દુર્યોધનનું ફક્ત માથું જ એની ભીંસમાંથી છૂટું પડ્યું હતું! કાષ્ટની જેમ એ નિશ્ચેત પડ્યો હતો. અજગરની ચૂડ મજબૂત થતી જતી હતી! પ્રત્યેક ક્ષણે એ દુર્યોધનને વધુ ને વધુ ભીંસમાં લેતો હતો. આંખો કાઢીને મેં સૌ ઘોડેસવારોને મોટેથી કહ્યું, 'કાયરની જેમ આમ શું જોઈ રહ્યા છો? હસ્તિનાપુરના રાજાને અજગર ગળી ગયો છે એ સાંભળીને રાજમહેલના સૌ જનો તમારા મોં પર થૂંકશે. માથે મુંડન કરી ગદેડે બેસાડી ઢોલ પીટીને તમારી આખા નગરમાં સવારી કાઢશે! પકડો આ હિંસક પ્રાણીને અને ચારેબાજુથી ભરડામાં લીધેલા રાજાને મુક્ત કરો!'

બધા ઘોડેસવારો મારા આદેશથી સાવધ થઈ ગયા. નજીક આવી દસ દસ જણાએ ભેગા મળી મહાપ્રયત્ને આ વિશાળકાય અજગરની એક એક ચૂડ ખોલી. પણ... પણ પોતાના જડબામાં સપડાયેલા દુર્યોધનના પગને તો એ કેમે કરીને છોડવા તૈયાર જ નહોતો! સતત અમળાતો આ શક્તિશાળી અજગર પોતાના એક એક પ્રહારથી દસ દસ જણાને દૂર ફેંકી દેવા ફુત્કારતો હતો, પરંતુ દરેકે એને જ્યાંત્યાંથી એને રસ્સીની જેમ મજબૂત પકડી રાખ્યો હતો. અધરીયને કચકચાવીને બાંધીને હું એની નજીક ગયો!

એ અજગરે પણ આંખ મીંચીને પ્રતિકાર કરવા તમામ શક્તિ કામે લગાડી. મેં નજીક જઈ એના જડબાની દૃઢ પકડમાં મારી આંગળી ઘુસાડી દીધી. થોડોક આધાર મળતાં જ મેં પણ તમામ શક્તિ ભેગી કરી. એક ઝાટકે એના બંને જડબા ઉપર નીચે કરી નાખ્યા. મારી ભુજાઓના સ્નાયુ ફૂલી ગયા હતા. હોઠ દાંત નીચે દબાયેલા હતા. એમાંથી ટપકતું લોહી અધરીય પર ફેલાઈ ગયું હતું.

'અરિષ્ટસેન...! પગ બહાર ખેંચી લે.' એક ઘોડેસવારને મેં બૂમ મારીને આદેશ આપ્યો. એણે પાસે આવી અડધા કલાક સુધી અજગરના જડબામાં ફસાયેલો દુર્યોધનનો પગ તરત જ ખેંચી લીધો અને રાજાનો મૂર્ચ્છિત દેહ દસ હાથ દૂર લઈ ગયા.

'પેલા હરણામાંથી એક હરણું લે અને એનો પગ આના જડબામાં ભરાવી દે!' મારી ભુજાઓ પરની તાણ અસહ્ય થવા લાગી હતી. હરણાંની દિશા તરફ નજર કરતાં મેં એને આદેશ આપ્યો.

અરિષ્ટસેન દોડીને એક હરણું લઈ આવ્યો અને એકને બદલે બે પગ અજગરના જડબામાં ભરાવી દીધા. મેં પકડ ઢીલી કરી. અજગરે હરણને ભીંસમાં લીધો. હું પરસેવે રેબઝેબ થઈ ગયો. મારી નસો કાંપતી હતી. હાથમાંથી જડબું છોડી દઈ ઊભા થતાં મેં કપાળ પરનો પરસેવો લૂછ્યો. સહેજ વાર ઊભો રહ્યો. મેદાનમાં મૂર્ચ્છિત અવસ્થામાં પડેલા દુર્યોધનને જોઈ હૃદય ખિન્ન થઈ ગયું. કોણ રાજા? કેવો રાજા? આ બધી મનની ખોટી ભ્રમણાઓ છે! સઘળા વિચારોનો જૂઠો પરિવાર! એ હસ્તિનાપુરના ભાવિ સમ્રાટ એક મેદાનમાં નિશ્ચેત કાષ્ટવત્ પડ્યા હતા. અસહાય! એક સાધારણ અજગર આજે આ સમ્રાટના પ્રાણનો ભોગ લેવા આવ્યો હતો!

હું દોડીને એની નજીક ગયો. અડધો કલાક સુધી જડબામાં ફસાયેલા એના પગ પર મેં મમતાથી હાથ ફેરવ્યો. એના પગમાં ભરાયેલા અજગરના બે તૂટેલા દાંત મારા હાથમાં આવ્યા. એ મંદબુદ્ધિ ઘૃણાજનક પ્રાણીના દાંત વાંકા વળી ગયા હતા, પણ એક વાર ઘૂસી ગયેલા દાંત એણે ભક્ષ્યના દેહમાંથી બહાર કાઢ્યા નહોતા! મેં એ દાંત દૂર કર્યા. આ બનાવથી ગુસ્સે થયેલા સૌ ઘોડેસવારો જ્યાંત્યાંથી પથ્થર લાવી પેલા મૃતપ્રાય અજગર પર ફેંકવા લાગ્યા. એમને રોકવા મેં હાથ ઊંચા કરી બૂમ મારી, 'બસ કરો!' તરત જ તેઓએ હાથમાંથી પથ્થર નીચે ફેંકી દીધા. તેઓને પોતાનો રાજા યાદ આવ્યો. અજગરને ત્યાં જ છોડી તેઓ દુર્યોધનના મૂર્ચ્છિત દેહ પાસે દોડી ગયા. મેં નિશ્ચેત પડેલા અજગર તરફ તીરછી નજરે જોયું. એક મૌલિક વિચાર મારા મનમાં આવ્યો, 'મારી ચામડી પર દાંત ગમે ત્યાં ઘૂસી શકતા નથી અને એક વાર ઘુસાડ્યા પછી વળી જાય તોપણ એને બહાર ખેંચી લેવા નહિ!'

'રાજાને ઘોડા પર મૂકો.' મેં સૌને ઉદ્દેશીને આજ્ઞા કરી. સૌએ દુર્યોધનને હળવેકથી ઊંચકી એક સશક્ત ઘોડા પર ઊંધો સુવાડ્યો. મેં છુટકારાનો શ્વાસ લીધો.

'કેટલાં હરણાંનો શિકાર થયો, અરિષ્ટસેન?' મેં પૂછ્યું. આજનો શિકાર યાદગાર હતો. મારા બાણને પણ કદાચ નિશાન ચૂકી જવાની શક્યતા હતી!

'છ!' શિર ઝુકાવીને એણે આદરથી કહ્યું.

'પ્રત્યેકના અંગમાં કેટલાં બાણ છે?'

'એક એક જ, મહારાજ!' એણે ફરી શિર ઝુકાવીને કહ્યું. આ સાંભળી મને સહેજ હસવું આવી ગયું. ઘોડેસવારો મૂઢ ભાવે મને જોઈ રહ્યા. મારું હસવું તેઓને સમજાય તેવું નહોતું. શુદ્ધિમાં હોત તો એકલા દુર્યોધનને સમજાત!

એક હરણને અજગરનો ભક્ષ્ય ગણી અમે પાંચ હરણાંને સાથે લઈ મેદાન બહાર નીકળી ગયા. જે કામ માટે શિકારનું નિમિત્ત લઈ હું દુર્યોધનને લઈ રાજમહેલની બહાર

નીકળ્યો હતો તે કામ તો રહી જ ગયું! અનપેક્ષિત બનાવને લીધે દુર્યોધન સાથે કંઈ જ વાત થઈ શકી નહિ.

વન છોડતાં પહેલાં એક ઝરણા પાસે અમે સહેજ વાર થોભ્યા. મોં પર શીતળ પાણીનો છંટકાર કરતાં જ દુર્યોધન શુદ્ધિમાં આવ્યો. આંખો ખોલીને મારી સામે જોતાં એણે મને પૂછ્યું, 'આપણે ક્યાં છીએ?' એના કપાળ પર રેખા વંકાઈ હતી.

'આ વારણાવતનું વન છે. આપણે અહીં શિકાર માટે આવ્યા હતા. શિકાર થઈ ગયો છે.' મેં એને ફક્ત શિકારની જ યાદ દેવડાવી.

'શિકાર! આપણી સાથે કેટલાં હરણાં છે, કર્ણ?' શુદ્ધિમાં આવતાં જ એણે આ પ્રશ્ન પૂછ્યો.

'પાંચ!' મેં હસતાં હસતાં જવાબ આપ્યો.

એક હરણ આપણે ત્યાં જ છોડી દેવો પડ્યો હતો એટલે એને શા માટે ગણવાનો? એ વિચાર મારા મનમાં ઊગ્યો.

'પાંચ! પ્રત્યેકના અંગમાં કેટલાં બાણ હતાં?'

'એક એક જ!' મેં સાચું હતું તે કહ્યું.

'એક એક! સરસ!'

કલાક પહેલાંના હૃદય ધ્રુજાવનારા પ્રસંગને એ ભૂલી ગયો હતો કે પછી એ ભૂલવાનો ડોળ કરતો હતો? એ વિશે એણે કેમ પૂછ્યું નહિ? આપણાં પાંચ બાણથી જ પાંચ હરણ મર્યાં છે એ જાણી પોતાની આવી પીડાજનક સ્થિતિમાં પણ એ છલાંગ મારીને ઘોડીની પીઠ પર ચડ્યો! વન છોડીને નગર તરફ સ્વચ્છ ચાંદનીમાં અમારી ઘોડીઓ તેજ ગતિએ દોડવા લાગી. લગભગ મધરાતે અમે ફરી બે નદી ઓળંગી હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

સીમા પાર કરતી વખતે મેં તમામ ઘોડેસવારોને ઊભા રાખી કડક શબ્દોમાં સૂચના આપી કે 'યાદ રાખો, વનમાં બનેલી એક પણ વાતની મહેલમાં કોઈને જાણ થવી જોઈએ નહિ. જાઓ!'

બાવીસ

'મહારાજે આપને યાદ કર્યા છે.' અમાત્ય વૃષવર્માએ વહેલી સવારે આવી મને સંદેશો આપ્યો.

'આ સંદેશો લઈને કુરુઓના અમાત્યને અહીં સ્વયં આવવાનું કંઈ કારણ? શું મહેલમાંના સેવકો પાકશાળામાં કેવળ ભોજન પર મારો ચલાવી રહ્યા છે?'

'ના. હું આવ્યો છું આપને અભિનંદન આપવાં! આપ હતા તેથી જ કાલે યુવરાજ દુર્યોધનને જીવતદાન મળ્યું! ધન્ય છે આપની ધીરજને!' હાથ હલાવતાં એણે કહ્યું.

'અમાત્ય! તમને આ વાત કોણે કરી!' અતિ કઠોર શબ્દોમાં મેં પૂછ્યું.

'સાક્ષાત્ યુવરાજે જ!' તેમણે ધીમેથી કહ્યું.

'ઠીક છે! હું આવું છું મહારાજને મળવા! તમે દુગ્ધપાન કરીને જ જજો.' શક્ય એટલા મૃદુ અવાજે મેં એમને જણાવ્યું. મૃણાલે લાવેલી સુવર્ણથાળીમાંથી દૂધની રૂપેરી

કટોરીઓ અને ફળની તાસક અમાત્ય સામે મૂક્યાં. રાજવસ્ત્રો પહેરવા હું વસ્ત્રાગારમાં ગયો. મહારાજે આટલી જલદીથી કેમ બોલાવ્યો હશે એનું કારણ મને સમજાયું નહિ.

વસ્ત્રો પરિધાન કરીને અમાત્યની સાથે મહારાજના મહેલ ભણી વળ્યો. એના ભવનની બાજુમાં જ યુવરાજ્ઞી દુઃશલાદેવીનો ભવન હતો. સામેની અટારીમાં પ્રાતઃસ્નાન કરીને એ પોતાના ભીના કેશ સૂર્યનાં કોમલ કિરણોમાં સૂકવતી ઊભી હતી. એના કેશમાં કાંસકો ફેરવતી એની દાસીએ એને અમારા આગમનની જાણ કરી હશે એટલે તરત જ એ બંને ઊઠીને ભવનમાં ચાલી ગઈ. સિંધ દેશમાંથી – પોતાને સાસરેથી યુવરાજ્ઞી વસંતોત્સવ નિમિત્તે હમણાં જ પિયર આવી હતી.

એના ભવનના દ્વાર પાસેથી પસાર થતાં જ કોઈ વસ્તુને મારા પગની ઠોકર લાગી. દોડીને અંદર જતાં દાસી પેલી કાંસકી લેવી ભૂલી ગઈ હતી! મેં વાંકા વળીને એને હાથમાં લીધી. એના દાંતા એકદમ ધારદાર હતા! તે કઠણ સીસમના લાકડાની બનાવેલી હતી! દાંતાની ધાર જોવા માટે મેં એના પર આંગળી ફેરવી. કાંસકીને ફરી વ્યવસ્થિત જગ્યાએ મૂકી દઈ હું અમાત્યની સાથે થઈ જવા ઝડપથી ચાલવા લાગ્યો.

મહારાજના મહેલમાં દાખલ થતાં જ અમાત્યે ખોંખારો ખાઈને આગમનની જાણ કરી! એના અવાજને મહારાજે તરત પારખ્યો! જન્માંધ આંખોમાંની કીકીને ફેરવતાં તેઓએ પૂછ્યું, 'કોણ? અમાત્ય? શું થયું?'

'અંગરાજ આવ્યા છે, મહારાજ! યુવરાજ દુર્યોધનના પગે ચોપડવાનો લેપ લેવા હું રાજવૈદ્ય પાસે જાઉં છું.'

'જાઓ!'

અમાત્ય ગયા. મહેલમાં પળવાર નીરવ શાંતિ છવાઈ ગઈ.

'બેસો, અંગરાજ!' આસન તરફ હાથ કરતાં તેમણે કહ્યું.

'પ્રણામ, મહારાજ!' નીચે નમી પ્રણામ કરી હું આસને બેઠો. આ જ રાજાએ હું પહેલી વાર હસ્તિનાપુર આવ્યો ત્યારે પ્રેમથી મને પાસે બોલાવી મારાં કુંડળને બંને હાથે પસવાર્યાં હતાં. અનેક પ્રસંગે મારી અને મારી ધનુષ્યવિદ્યાની સન્માન્ય યોદ્ધાઓ સમક્ષ મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. રાજદંડ ઊંચો કરીને અખાડામાંની શસ્ત્રસ્પર્ધામાં ભાગ લેવાની તક મને આપી હતી. વૃષાલીનાં અને મારાં લગ્નમાં દાન દેવા કુરુઓનો ભંડાર ખુલ્લો મૂકી દીધો હતો. તે જ આ મહારાજ હતા. મારા જેવી નગણ્ય વ્યક્તિને એમણે કેવળ પ્રેમ જ આપ્યો હતો.

'મહારાજ, મને કેમ યાદ કર્યો?' મેં એમની શ્વેત દાઢી તરફ જોતાં સવિનય પૂછ્યું.

'અંગરાજ...'

'ના. મહારાજ, અંગરાજ નહિ, કર્ણ!' મેં એમને વચમાં જ રોકી કહ્યું.

'કર્ણ, તારા આ અદ્વિતીય ગુણોને કારણે મારા હૃદયમાં આશાનું કિરણ જાગે છે. તારો વિનય, તારાં પરાક્રમ, તારી સહનશીલતા આ ગુણો તારાં કુંડળ જેવાં જ અદ્ભુત છે. કાલના શિકાર પ્રસંગે તો તારો અમારા પરનો અગણિત ઉપકાર...'

'મહારાજ, એમાં ઉપકાર કેવો? મારે મન દુર્યોધન મારા શોણ જેવો છે.'

'તમારા સંબંધો આથી ગાઢ થશે. કાલે શિકારમાં જેવો સાથ દીધો એવો જ સાથ એને જીવનભર દેજે. તારું પીઠબળ હશે તો જ કંઈક આશા છે નહિતર–'

'નહિતર શું મહારાજ?'

'પાંડવો વનવાસથી પાછા ફર્યા તો એને જીવતો નહિ છોડે! આથી મારું મન ભયથી કંપી રહ્યું છે. તેઓને અડધું રાજ્ય આપીને મુક્ત થઈ જાઉં એમ મને થયા કરે છે!'

'પાંડવ! પાંડવ! તેઓએ દુર્યોધનવધની પ્રતિજ્ઞા કરી છે, એટલે આપ પણ સૌની જેમ તેઓને અજેય માનો છો? સમય આવે હું એમને ખુલ્લેખુલ્લું જણાવી દઈશ કે, 'દુર્યોધન એ કર્ણની મજબૂત મ્યાનમાંની ધારદાર તલવાર છે!' ક્યારેક મને પણ દૃઢ વિચાર આવે છે કે રાજ્યનો અડધો ભાગ એમને દઈ દેવો જોઈએ પણ જે રાજ્યના તેઓ કે કૌરવો કોઈ જ વારસ નથી ત્યારે રાજ્યનો રાજદંડ કોણ પોતાના હાથમાં ધારણ કરે એનો નિર્ણય હવે પૌરુષ જ કરે! યુદ્ધભૂમિ જ એ નક્કી કરશે!'

'ના. કર્ણ! પાંડવો પ્રત્યે વેરનો દાવાગ્નિ એવો સળગ્યો છે કે એકલો દુર્યોધન એને નહિ સહી શકે. તું હંમેશ એની પીઠ પાછળ રહી એને પૂરેપૂરો ટેકો આપીશ ને?'

'મહારાજ, મેં દુર્યોધનને આ વચન ક્યારનું આપ્યું છે. આજ આપના સંતોષ ખાતર ફરી હું આપને જણાવું છું કે પાંડવોની શક્તિ વધે એ પહેલાં જ હું એમનો દ્વૈતવનમાં નાશ કરીને જ પાછો ફરીશ.'

'રાધેય, તારે મુખેથી આવો મક્કમ નિર્ણય સાંભળીને તું અધિરથનો પુત્ર હોય એ વાત મારા માન્યામાં આવતી નથી. રાધા તારી માતા હોય એ સ્વીકારવા મારું મન કબૂલ થતું નથી.'

'ના, મહારાજ! હું એમનો જ પુત્ર છું અને આજે મને એ બાબતનો ગર્વ છે. કેમ કે મારા પિતા તમે માનો છો એ મુજબ સૂત નથી. તેઓ સાક્ષાત્ મહારાજ યયાતિના વંશજ છે!'

'શું કહે છે, કર્ણ? તારા પિતા અધિરથ મહારાજ યયાતિના વંશજ છે?' સહેજ વાર અટકી મહારાજ ફરી ગંભીરતાથી બોલ્યા, 'તો પછી તું જ એક ભીષ્મ પિતામહ પછીનો કુરુ છે! કર્ણ, એમ જ હોય તો તું જે કહીશ તે બધું હું માન્ય રાખીશ.' તેઓ આસન પરથી એકદમ ઊભા થઈ ગયા.

'હા મહારાજ, હું કહું છું તે સત્ય છે. આથી જ પાંડવો સાથે હવે સમાધાન અશક્ય છે! હું જાઉં છું. હજી પ્રાતઃકાળની મારી દૈનિક વિધિ આટોપવાની છે.' આસન પરથી ઊભા થઈ મેં એમને પ્રણામ કર્યાં.

'જા!' એમણે હાથ ઊંચો કરી મને સંમતિ આપી. હું એમના મહેલમાંથી બહાર નીકળ્યો. પાછા ફરતાં સહજ દુઃશલાના ભવનની અટારીમાં પડેલી કાંસકીને જોવા મેં એ તરફ સહેજ નજર કરી પણ ત્યાં કંઈ જ નહોતું!

દ્વૈતવનમાં પાંડવો યુદ્ધ કેવી રીતે કરશે એ વિશે વિચારતો હું મારા મહેલમાં આવ્યો. શિકારને લીધે ધૂળથી ખરડાયેલાં મારાં વસ્ત્રો ભેગાં કરી સુપ્રિયા એને ધોવાં માટે એક દાસીને આપતી હતી. એમાંનું એક અધરીય હાથમાં લઈ તે મજાકમાં બોલી, 'આ અધરીય પર લોહીના ડાઘ છે. શિકાર કરેલું હરણું આપ જ ઊંચકીને લઈ આવ્યા કે શું?'

'ના. આ હરણાનાં લોહીના ડાઘ નથી.'

'તો પછી શેના છે?'

'એ મારે તને જણાવવું જરૂરી ખરું?'

'સહેજે જરૂર નથી. આ અજગરના લોહીના ડાઘ છે એની મને ખબર છે!'

'તને કોણે કહ્યું?' સ્ત્રીઓના પેટમાં એક પણ વાત ટકતી નથી એવું મેં સાંભળ્યું છે, પરંતુ બીજાની પાસેથી ખાનગી વાત સ્ત્રી આટલી સરળતાથી કઢાવી શકે છે એ મેં પહેલી વાર જાણ્યું!'

'મહારાણી ભાનુમતિએ!' એણે હસતાં હસતાં ઉત્તર આપ્યો. અંતે સ્ત્રી સ્ત્રીનું જ તાણે એ કહેવત ખોટી નથી. મારા મગજમાં એક ઝબકાર થયો. આ અજગર દુર્યોધન-ભાનુમતિ પાસેથી થઈ હવે સુપ્રિયા સુધી પહોંચ્યો હતો! અને એક દિવસ આખા રાજમહેલમાં ફેલાઈ જવાનો! મેં જાણે હિમાલય ઊંધોચત્તો કરી નાખ્યો હોય તેમ લોકો હવે મારી ખુલ્લે દિલે અનહદ પ્રશંસા કરવાના! જે વાત મને નથી ગમતી, જેની મને સખત નફરત છે એ જ હવે મારે વાટે ને ઘાટે, ચોરે ને ચૌટે, હાલતાં ને ચાલતાં સાંભળવી પડશે.

દાસી વસ્ત્રો લઈને ચાલી ગઈ. મેં સુપ્રિયા પાસે જઈ એની વિશાળ શ્યામ આંખોમાં આંખો પરોવતાં કહ્યું, 'સુપ્રિયે, મહારાણીની તું સખી છો એટલે એણે તને બધું જણાવ્યું. અત્યારે તું એની સખી નથી, મારી પત્ની છો એટલે હું તને જે કહું તે તારે સાંભળવું પડશે.'

'એટલે? શું હું તમારું કદી સાંભળતી નથી એમ તમારું કહેવું છે?'

'ના. મારે ફક્ત એટલું જ કહેવાનું છે કે તને ભાનુમતિએ જે કહ્યું એ તારે કોઈને જણાવવાનું નથી સમજી? ખા મારા કુંડળનાં સોગંદ! આમાંનો એક શબ્દ વૃષાલીને કાને પણ ન પડવો જોઈએ, સમજી!'

'આપની આજ્ઞા મને શિરસાવંદ્ય છે!' મેં નીચે નમી કુંડળ આગળ ધર્યાં અને એણે એના પર હાથ રાખી મને ખાતરી આપી.

'કાકા...!' બૂમ મારતી મીનાક્ષી એટલામાં એની માતા સાથે મહેલમાં દાખલ થઈ. અમારા એકાંતમાં ખલેલ પડી હશે એમ સમજી એની માતા – શોણની પત્ની મેઘમાલાએ આંખ કાઢી એને ચૂપ કરી દીધી! એનો હાથ પકડી જેવી આવી તેવી મહેલની બહાર નીકળી જવા પાછી વળી! મેઘમાલા ખરેખર શોણની પત્ની તરીકે લાયક હતી! પોતાને ખાતર બીજાને તકલીફ પડે એ તેને જરાય ગમતું નહિ! એને બોલાવવા મેં મીનાક્ષીને બૂમ મારી, 'મીનુ!'

એ બંને ઊભાં રહ્યાં! મારી ગોદમાં રમેલી મીનાક્ષી 'કાકા...' કહેતી દોડતી મારી પાસે આવી. આઠ-દસ વર્ષની આ બાળકીનો સ્વભાવ ઝરણાં જેવો નિર્મળ હતો. મારા હાથની આંગળી પોતાના નાનકડા હાથે પકડીને કહે, 'કાકા, તમે અમારી સાથે મંદિર આવશો?'

'મંદિરે, મીનુ? રોજ આ સમયે મારું મંદિર ગંગાકિનારે હોય છે એ તું જાણે છે ને?' તે શા માટે મને મંદિર લઈ જવા માગતી હતી તે મને ન સમજાતાં મેં સુપ્રિયા સામે જોયું.

'અમે બંને અત્યારે મંદિરે જઈએ છીએ.' મીનાક્ષીની આંગળી પકડવા જતી મેઘમાલા તરફ જોઈ સુપ્રિયાએ સ્પષ્ટતા કરી.

'કેમ?' મેં મીનુના હાથમાંથી આંગળી છોડતાં પૂછ્યું.

'આપના પ્રિય ભાઈ માટે મેઘમાલાએ એક વ્રત શરૂ કર્યું છે. આજે નગરના પાર્વતી મંદિરમાં એનું ઉજવણું છે. દિયર શોણ ખરેખર ભાગ્યશાળી છે!' તે હસીને મેઘમાલા તરફ જોઈ બોલી.

'વાહ! મેઘમાલા, શોણની તું એક જ પત્ની છો પણ પોતાના પતિના કલ્યાણ માટે કેટલી સભાન છો! ખરેખર શોણ ભાગ્યશાળી છે! નહિતર જોને હું – મારે બે પત્નીઓ છે–' મેં મજાકમાં સુપ્રિયાને ચૂપ કરી દેવા જ કહ્યું. વસ્ત્રો લઈ હું પણ બહાર નીકળી ગયો.

ત્રેવીસ

શિકાર પ્રસંગે હું દુર્યોધનને જે કહી શક્યો નહોતો તે આજે મારે એને કહેવું પડે તેમ હતું. મહારાજના હૃદયમાં પાંડવોનું શલ્ય કઠતું હતું અને મારું હૃદય? ચારેબાજુ ભડકેલા વડવાનળ અગ્નિમાં ફસાયેલા ચક્રવાક પક્ષીની જેમ દાઝી રહ્યું હતું. એને લીધે જ, કેવળ પાંડવોને લીધે જ અપમાનનાં કાળાં ધબ્બ વાદળો મારા સમગ્ર જીવનાકાશને ઘેરી વળ્યાં હતાં. અશ્વત્થામાનું કહેવું સત્ય હતું. બાળપણમાં જમા થયેલું લોહી હવે ગઠ્ઠો થઈ ગયું હતું! હવે મારા જીવનની સરળ ચાલ પણ લોકોને વાંકી જ દેખાવાની હતી! તો પછી વક્રચાલ ચાલવામાં જ શાણપણ છે! પાંડવો પ્રત્યે મને સહેજે લાગણી થતી નથી. ગમે તે રીતે એનો ઘડો લાડવો કરવો એ શકુનિમામાની કુટીલ રાજનીતિ મને સ્પર્શી ગઈ હતી. સતત માથે લટકતી એમના ભયની ધારદાર તલવાર સાથે દુર્યોધન માટે રાજ્ય ચલાવવું શક્ય નહોતું. તેઓ યજ્ઞમાં સમિધ હોમનારા ઋષિઓ તો નહોતા જ!

સૂર્યને અર્ઘ્ય આપી પાછા ફરતાં જ મેં પ્રભંજન સાથે એને સંદેશો મોકલ્યો! મહત્ત્વની વાત કરવી છે! એ સાંભળીને પોતાના જખમી પગ પર પાટો બાંધવા આવેલા રાજવૈદ્યને ત્યાં જ ઊભા રાખીને તે સ્યેન પક્ષીની જેમ ઝટપટ ચાલતો મારી પાસે આવીને ઊભો રહ્યો. એની આ તેજીલી ચાલ પર હું પહેલેથી જ વારી ગયો હતો. એને હાથે ઘણી વાર ખોટા નિર્ણયો લેવાતા, ભૂલભરેલા નિર્ણયો લેવાતા પણ જે મક્કમતાથી એ પોતાના વિચારોને વળગી રહેતો એ મક્કમતા કૌરવ-પાંડવોમાં કેવળ એક દુર્યોધનમાં જ હતી. મારી દૃષ્ટિએ રાજા તરીકે બે જ યોદ્ધા યોગ્ય હતા – એક દુર્યોધન અને બીજા શ્રીકૃષ્ણ!

'બોલ, અંગરાજ–' હાથમાંની ગદા એણે હળવેકથી અશ્વની પાષાણ પ્રતિમા પાસે ટેકવીને મૂકી. વૈશાખના તાપને લીધે કપાળ પર જામેલાં પરસેવાનાં બિંદુ એના ઉત્તરીય પર ટપક્યાં.

'દુર્યોધન–' કંઈક બોલવા માટે મોં ખોલ્યું પણ પ્રભંજન રોજની જેમ પથ્થરના પૂતળાની જેમ ત્યાં જ ઊભો હતો. એને જોઈને હું ખચકાયો. મારી વાત યુવરાજ સિવાય કોઈ ન જાણે એવી મારી ઇચ્છા હતી.

'પ્રભંજન!' દુર્યોધને વીજળી જેવો કડાકો કર્યો. વીજળી પથ્થરના પૂતળા પર પડતાં જ જાણે તે નષ્ટ થઈ ગયું. પળવાર શાંતિ ફેલાઈ ગઈ.

'દુર્યોધન, પિતામહના કથનથી તું પણ ગભરાઈ ગયો છે?' મેં પૂછ્યું.

'કર્ણ, પિતામહનો પાંડવો પ્રત્યેનો પ્રેમ આજકાલનો નથી. તે જુગજુગનો છે એ શું હું જાણતો નથી? એમના એક પણ સત્ય કથનનું મૂલ્ય મારે મન હવે કોડી જેટલુંય નથી.

એમણે કહેલા સત્યને આજે એટલો બધો સમય પસાર થઈ ગયો છે કે હસ્તિનાપુરનું રાજ્ય જ આજે પુરુષાર્થની સીધી કસોટી બની ગયું છે!'

'તો પછી જીતવા માટે કુરુઓના અન્ય યોદ્ધાઓની વાટ જોતો તું બેસી રહીશ?'

'ના! પણ બીજો કોઈ વિકલ્પ દેખાતો નથી. ભીમના શક્તિશાળી મેરુ પર્વતને બાંધવા કઈ રસ્સી લાવું?'

'આ તે કેવો વિચાર? કાલે જ મેં સૈન્ય સહિત પાંડવો પર દ્વૈતવનમાં ચડાઈ કરવા જવાનો મક્કમ નિરધાર કર્યો છે. તું નહિ આવે તો ચાલશે પણ તારું સૈન્ય મને સાથે આપ. એક ભીમ જ નહિ – એ પાંચેયને એકલો કર્ણ ધરાશાયી કરી દેશે. તને વિશ્વાસ ન હોય તો–'

'વિશ્વાસ કેમ ન હોય? કર્ણ અને દુર્યોધન એ એક રાજમુદ્રાની બે બાજુ છે એમ મેં જગતને મોટેમોટેથી ગાજીગાજીને કહ્યું છે શું એ ખોટું છે? તારી જેમ મારી પણ ઇચ્છા છે – પણ આ આક્રમણમાં પાંડવો આપણી સાથે લડવા નહિ આવે!'

'કેમ નહિ આવે? તેઓ વીર હશે તો પોતાની તમામ શક્તિ સાથે એ આહ્‌વાન સ્વીકારશે જ.'

'ના. તેઓ આપણા સૈન્યને આવતું જાણીને તરત દ્વૈતવન છોડી બીજા વનમાં ચાલ્યા જશે. એમને મહાત કરવાનો એક જ માર્ગ છે.'

'કયો? દ્વન્દ્વયુદ્ધનો તો નહિ ને?'

'ના! રાધેય, તું દ્વન્દ્વયુદ્ધનું આહ્‌વાન કદી સ્વીકારવાનો નથી! એમને ઉશ્કેરવાનો એક જ ઉપાય છે – માણસના જીવનમાં દરિદ્રતા આવે ત્યારે એ ચીડિયો બની જાય એ અવસ્થામાં એની સામે વૈભવનું પ્રદર્શન કરીએ તો એનો ક્રોધાગ્નિ પગથી માથા સુધી ભભૂકી ઊઠે.

'એટલે? એને ઉશ્કેરવા માટે તું તારી સંપત્તિના પ્રદર્શનનું આ વન્ય પશુઓથી ભરેલાં વનમાં હાટ માંડીશ?'

'હા! પ્રદર્શનનું જ! પણ સુવર્ણાલંકારથી સજધજ અનેક સુંદર દાસીઓની સાથે મારા ભાઈઓ પાંડવોની નજર સામે સરોવરમાં જલક્રીડા કરશે અને કોઈ નહિ તોય દ્રૌપદી ભીમને ક્રોધથી ઉશ્કેરાઈને કહેશે કે, 'ગઈ કાલ સુધી મારા પગ ચાંપતી આ દાસીઓ અલંકાર સજી જલક્રીડા કરી રહી છે એ જોવા કરતાં તમે મને આ પર્ણકુટીમાં પૂરીને સળગાવી કેમ દેતા નથી?'

'ઈર્ષ્યાનો અગ્નિ પેટશે એક ભીમમાં જ! અને પછી એ મૂરખો તરત જ દાસીઓ પર તૂટી પડશે.'

'દુર્યોધન... સા...રું! ભીમ જેવો દોડતો આવશે કે તરત જ સરોવર કાંઠે લીલા ઘાસના મેદાનમાં હું એને એના જ ગરમ ઉન્માદી લોહીથી લથબથ કરી દઈશ. સત્યસેનના હાથમાંની લગામથી એની પીઠ પર સબોસબ ફટકારતા હું એને કહીશ, 'આજે મેં સાચે જ હાથમાં લગામ ઉપાડી છે અને તારા જેવા જિદ્દી ઘોડાની પીઠ પર ફટકારવા માટે જ છે!'

'અંગરાજ, તારા માટે એ સહજ છે. આથી આ ઘોષયાત્રામાં[૧] તારા સિવાય અન્ય

---

૧. ગાયોના નેસડાઓનો પ્રવાસ.

કોઈને હું લઈ જવા માગતો નથી. વેળાકવેળાએ થોડીઘણી સહાય પૂરતાં કામ લાગે એટલા માટે પદાતી અને સહસ્ર ઘોડેસવારો સાથે લઈ જશું. દાસીઓ તો ઇન્દ્રપ્રસ્થની જ! એ સિવાય દ્રૌપદીના ક્રોધનો અગ્નિ ભડકશે નહિ!'

'રાજા, તું કેવળ મામાના ઇશારે ચાલી રહ્યો છે એવું મને લાગ્યા કરતું હતું, પરંતુ આજ સમજાયું કે ક્યારેક તું પણ યોજના ઘડી શકે છે. ખાસ કરીને તું જ! અને તારી બુદ્ધિ જ!'

'જીવન એ યોજના-પ્રતિયોજનાનો અખાડો છે. મામાએ કપટથી યુધિષ્ઠિરનું રાજ્ય જીતી લીધું એમ હસ્તિનાપુરમાં સૌ કહે છે, પણ લોકોને એટલી ખબર પડતી નથી કે યુધિષ્ઠિર કંઈ દાન દેવા નહોતો બેઠો. અમે હાર્યા હોત તો શું પાંડવોએ અમારી આરતી ઉતારી હોત?'

'નહિ. રાજા, એ જુગારની યાદ ફરી દેવરાવીશ નહિ. એ પાસાની ચર્ચા મારે નથી કરવી.'

મને અકારણ છાતીમાં શૂળ ઊપડ્યું હોવાનો ભાસ થયો. ક્યાંક પીડા થઈ રહી છે, કોઈક મને અસ્વસ્થ કરી રહ્યું છે. મને થતું હતું કે હું પ્રકાશથી દૂર જઈ રહ્યો છું. દ્રૌપદી! છટ્, આ ત્રણ અક્ષરી શબ્દ ત્રિમુખી બાણની જેમ મને પીડા આપી રહ્યા હતા. મને આ નામ નહિ જોઈએ! નહિ જોઈએ મને પેલાં વસ્ત્રોનો ઢગ!

'હું જાઉં છું! રાજવૈદ્ય મારી રાહ જોઈ રહ્યો હશે!' આસન પરથી ઊઠી પોતાના પગ તરફ જોઈને એ બોલ્યો.

મહેલના દરવાજામાંથી બહાર જતાં એની પીઠ તરફની આકૃતિને જોતાં મને અખાડાની સ્પર્ધાનો દિવસ યાદ આવ્યો. તે દિવસનો ક્રોધ હજી આજે પણ એવો ને એવો જ મારી નસેનસમાં હતો. વર્ષો વીતતાં જાય છે. આર્થિક, વૈવાહિક, સામાજિક તમામ ક્ષેત્રે માણસ સ્થિર થતો જાય છે પણ સ્વભાવ! એનો એ જ રહે છે! તલમાત્રનો એમાં ફરક પડતો નથી.

એ ગયો અને મારું મન એની ગદાની જેમ ગોળગોળ ચકરાવા લાગ્યું! હું જે કરું છું તે યોગ્ય છે? ઘોષયાત્રા નિમિત્તે જઈ પાંડવો સાથે દ્વન્દ્વયુદ્ધ ખેલવું એ શું યોગ્ય છે? શું અમે અધઃપતનને માર્ગે એક એક ડગલું નીચે તો નથી ઊતરી રહ્યા ને?

અને એમ હોય તો ખોટું શું છે? ભિક્ષા નિમિત્તે જઈ સાક્ષાત્ શ્રીકૃષ્ણે જરાસંધને ભીમ દ્વારા નહોતો મસળી નાખ્યો? પાંડવ અને કર્ણ વચ્ચેનો સંઘર્ષ ક્યાં સુધી લટકતો રાખવો? એને પણ હદ હોય ને! જે કાંઈ બની રહ્યું છે તેને ચૂપચાપ જોતો બેસી રહું એવો હું પિતામહ કે મહામંત્રી વિદુર નહોતો!' દ્વૈતવન એ જ એક માત્ર મેં નક્કી કરેલો માર્ગ હતો.

ચોવીસ

વિવિધ અલંકારોથી શોભતી સેંકડો દાસીઓ કલકલ કરતી દ્વૈતવન જવા નીકળી પડી. એમની સાથે ફક્ત પ્રભંજન જ હતો. આટલી મોટી સંખ્યામાં બનીઠનીને રાજમહેલની

દાસીઓ ક્યાં જઈ રહી હતી એ જાણવા કેટલાય ઉત્સુક જનોએ પ્રભંજનને પૂછ્યું ખરું, પણ એણે ગોળગોળ જવાબ દઈને સૌનાં મોઢાં દાબી દીધાં. એવામાં મહાદ્વાર પાસે જ સવારની દૈનિક ક્રિયા પતાવીને પાછા ફરી રહેલા પિતામહ મળ્યા! એમણે પૂછતાં જ સત્ય હકીકત કહેવી પડી પણ કહેવામાં એણે ચાલાકી વાપરી,

'દ્વૈતવનમાં જલક્રીડા માટે જઈ રહી છે! ગ્રીષ્મના તાપથી અકળાયેલી હોવાથી યુવરાજે જ તેઓને જવાની આજ્ઞા કરી છે!'

'એ માટે દ્વૈતવનમાં જવાની શી જરૂર? જા. દુર્યોધનને કહે મને આવીને સત્વરે મળી જાય!' પિતામહ વૃદ્ધ થયા હતા. એમનો દેહ કૃશ થયો હતો પણ એમનું સત્તાધારી વ્યક્તિત્વ કૃષ નહોતું થયું! એમણે દુર્યોધનને બોલાવ્યો.

'દુર્યોધન, મહેલમાંની દાસીઓ ક્યાં જઈ રહી છે?' દુર્યોધન એમની નજીક આવ્યો કે તરત જ એમણે શ્વેત ભ્રમરો ચડાવીને પૂછ્યું.

'દ્વૈતવનમાં જલવિહાર કરવા!'

'એ માટે દ્વૈતવન પસંદ કરવાની શી જરૂર? ખાંડવવનમાં કે વારણાવતમાં ન જવાય?'

'એવું કંઈ નથી! ત્યાં એક વાર જલવિહાર કર્યો છે. સૌમાં દ્વૈતવન અધિક રમણીય છે. આથી આ વખતે એ પસંદ કર્યું!'

'સમજી લે. એ વનમાં પાંડવો રહે છે. એમને ઉશ્કેરવાનો દુર્બળ પ્રયત્ન કરીશ નહિ. નહિતર જુગારની ઘટનાથી રોષે ભરાયેલો ભીમ એ સરોવરમાં તને જળસમાધી લેવરાશે! જા! સંભાળીને રહેજે!'

ખભા હલાવતો દુર્યોધન એમના નિવાસસ્થાનમાંથી બહાર આવ્યો ચગદાયેલા સાપની જેમ! કમળનાં ફૂલોથી સરોવર ઢંકાઈ જાય તેમ એનું લાલચોળ મોં શંકાની અગણિત જ્વાળાઓથી ઢંકાઈ ગયું.

'કેમ... શું થયું?' એને અસ્વસ્થ જોઈ મેં એને સાશંક પૂછ્યું.

'હવે આ વૃદ્ધાવસ્થામાં જપતપ, દાનધરમ, પૂજાપાઠ કરવાનું છોડી આ પિતામહનો જીવ પેલા પાંડવોમાં કેમ ભરાયો છે તે જ સમજાતું નથી. ભીમનો ડર બતાવી એને છંછેડતો નહિ એવું મને એમણે કઠોર શબ્દોમાં સંભળાવી દીધું.'

'એમનું હૃદય હંમેશાં પાંડવો તરફ ઝૂકેલું હતું અને રહેશે! રાજા તરીકે તને કોઈ નિર્ણય લેવાનો અધિકાર ખરો?'

'કર્ણ, દુર્યોધન એક વાર નક્કી કરે છે તે કરીને જ જંપે છે. પછી એ માર્ગે મૃત્યુ આવે તો એની પણ એ પરવા કરતો નથી! અરિષ્ટસેન, ઘોડેસવારોને ગુપ્ત માર્ગે રાજમહેલ છોડી દ્વૈતવનની દિશા તરફ જવાની આજ્ઞા દે!' એની બાજુમાં ઊભેલા અરિષ્ટસેનને દ્વૈતવનની દિશા તરફ જવા હાથના ઇશારાથી આજ્ઞા કરી. શિર ઝુકાવી અરિષ્ટસેન દોડતો અશ્વશાળા તરફ નીકળી ગયો.

રાજમહેલના ગુપ્ત માર્ગેથી નીકળી પડેલા ચારસોપાંચસો જેટલા ઘોડેસવારો ધનછડી પક્ષીઓની જેમ હારબંધ દોડતા અમે જોયા. ઘોડાની તેજીલી ગતિને લીધે એમના પગની ખરીમાંથી ઊડતા ધૂળના ગોટેગોટા બળબળતા તાપમાં ગંગાનદી તરફ એક મોટું વાદળ

બનીને આકાશમાં અદૃશ્ય થઈ ગયાં. અમે રાજમહેલનાં પગથિયાં ઊતરી નીચે આવ્યા.

દુર્યોધન પોતાના ઘોડા પર અને હું મારા વાયુજિતની લગામ હાથમાં લઈ એના પર છલાંગ મારી બેસી ગયો. મહેલમાંથી નીકળીને તરત જ અમે એમને વાયુવેગે દોડાવવાના હતા.

વાયુજિત પોતાની ગરદનને રાજહંસની ગરદનની જેમ સુંદર મરોડ આપી વહેલી પરોઢનાં કોમળ કિરણોને સવિનય પ્રણામ કરી પોતાના સ્વામીની જાણે પ્રતીક્ષા કરી રહ્યો હતો. સુંદરીના સુકોમળ કેશપાશને શરમાવતી એની શ્વેત ઝગમગતી કેશવાળી એની પ્રત્યેક ચાલ સાથે મનોહર રીતે ઝૂલતી હતી. એના કાન ધ્વનિના ધીમા સ્પંદનને પણ ઝીલી શકે તેવા સરવા હતા. એના કાન ચારે તરફ ડોલતા હતા. રાજમહેલનાં સૌ પ્રાણીઓમાં આ પ્રાણી સૌથી ઉમદા હતું. શકુનિમામા ખાસ ગાંધાર દેશથી લઈ આવ્યા હતા. ઉમદા હતું એટલે જ મેં મારે માટે એને પસંદ કર્યું હતું. અનેક વાર એની સશક્ત પીઠ પર આરૂઢ થઈને મેં પ્રવાસ કર્યો હતો. મારા જીવનની મોટાભાગની ખટમધુર સ્મૃતિઓનું એ સાક્ષી હતું. માણસ કરતાં પ્રાણી વધારે પ્રામાણિક અને વફાદાર હોય છે એ એણે મને અનેક વાર પુરવાર કરી આપ્યું હતું.

લયબદ્ધ, મંદમંદ ડગ માંડતો, ડોલતો ડોલતો આ વાયુજિત મને મહેલની બહાર લઈ જતો હતો. મારા મહેલના ગોખમાંથી, મારું પ્રયાણ કઈ તરફ હશે એ વિચાર કરતી મારી તરફ જોઈ રહેલી સુપ્રિયાની મેં મૂક આંખોથી વિદાય લીધી. મહાદ્વારના ઉંબરાને ઓળંગવા જતાં વાયુજિતના આગલા બે પગમાં એકાએક મરોડ આવી અને તે એવી રીતે નીચે ફસડાઈ પડ્યો કે એની છાતી ધરતી પર ઢળી પડી! આવું પહેલાં કોઈ દિવસ બન્યું નહોતું. એક હાથે લગામ ખેંચી બીજે હાથે મેં મારા મસ્તક પરનો મુગટ મહાપ્રયત્ને સાચવ્યો! શંકાનો કીડો મારા મનના નદીકાંઠે સળવળી ઊઠ્યો. 'આ કેવાં અપશુકન?' ના. ના. મેં ધીરજના પાષાણને ફેંકી દૂર કર્યો. હાથથી ખેંચીને વાંકી વળેલી વડની ડાળી હાથની પકડમાંથી છૂટી પડતાં જ પાછી પોતાના સ્થાને આવી મંદમંદ ઝૂલતી સ્થિર થઈ જાય તેવી જ રીતે ક્ષણ વારમાં જ વાયુજિત ટટ્ટાર ઊભો થઈ ગયો! એનો દેહ સહેજ થરથર્યો. પૂંછડી આમતેમ ઊછળી એક વાર હણહણ્યો. મેં એના પેટને હાથથી પસવાર્યું. મારે દુર્યોધન સાથે થઈ જવાનું હતું! વાયુજિત એના નામ પ્રમાણે વાયુના સામ્રાજ્યને જીતતો, વા સાથે વાતો કરવા લાગ્યો.

પચ્ચીસ

દ્વૈતવનની ગીચ ઝાડી દેખાવા લાગી. દૂરથી શાંત દેખાતું આ ગીચવન પોતાના ઉદરમાં અનેક હિંસક પ્રાણીઓને પોષતું ઊભું હતું. ઘોડા પરથી ઊતરી અમે હાથમાં લગામ પકડી પગે ચાલવા લાગ્યા. પ્રવાસથી અને ઉનાળાની ગરમીથી થાકી ગયેલાં અમારાં શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયાં હતાં. થોડો આરામ લેવા ઝરણાં પાસે અમે એક વડના ઝાડ પાસે બેઠા. વૃક્ષના થડ સાથે લગામ બાંધતાં દુર્યોધન કહે, 'રાધેય, આપણી સાથે લીધેલા આ ચારસો-પાંચસો ઘોડેસવારો ઓછા તો નહિ પડે ને?'

'આપણે યુદ્ધ કરવા નથી આવ્યા. આજે સીધો મુકાબલો દ્વન્દ્વયુદ્ધથી થશે. એક સાથે નહિ પાંચ સાથે!' ઝરણામાં ઊતરી હાથમાં થોડું પાણી લઈ મોં પર છંટકાવ કરતાં મેં એને ઉત્તર આપ્યો. એટલામાં સામે કાંઠેથી ઝરણાનાં ખળખળ વહેતાં પાણી ખૂંદતો ઘોડા પર બેઠેલો પ્રભંજન અમારી તરફ આવતો દેખાયો. ઘોડાને દોડાવતી વખતે એના ચહેરા પર ભયના ભયંકર ભાવો દેખાતા હતા. એની ચંચલ ગતિમાં પણ એ ભાવો સ્પષ્ટપણે વર્તાતા હતા. પાસે આવી નીચે ઊતર્યા વગર જ પોતાના વેગ અને શ્વાસોચ્છ્‌વાસ બંને રોકી ઝરણાની મધ્યમાં ઊભા રહી એણે અત્યંત ભયભીત સ્વરે કહ્યું, 'મહારાજ, વનના સરોવરમાં ગાંધર્વ સ્ત્રીઓ જલક્રીડા કરી રહી હતી! એમાં આપણી દાસીઓ ઊતરતાં બંને વચ્ચે સરોવર કાંઠે ભારે ઝપાઝપી ચાલી રહી છે! કોઈ કોઈને વારતું નથી!'

'ચાલ, પ્રભંજન. તું આગળ થા. અમે બંને આવીએ છીએ.' હાથ ઊંચો કરી દુર્યોધને એને પાછો ભગાડી દીધો.

અમારી ઘોડીઓ ઝરણાનાં પાણી ખૂંદતી દ્વૈતવન તરફ દોડવા લાગી. માર્ગમાં આવતી લતાવેલીઓ અમારા ખુલ્લા શરીરની ભુજાઓ સાથે એક પછી એક અથડાતી હતી. પ્રભંજનના ઘોડાને પગલે પગલે અનેક કાંટાળા વળાંક પસાર કરી અમે વનના મધ્ય ભાગના સપાટ મેદાન પાસેના સરોવર કાંઠે આવ્યા. અમે જે દૃશ્ય જોયું તે કળવું મુશ્કેલ હતું. દાસીઓ અને ગાંધર્વ સ્ત્રીઓ જીવ પડીકે બાંધી સરોવર કાંઠે સામસામી હારબંધ ઊભી હતી! અવાક્ અને અડગ! મેદાનના વિશાળ પટમાં હજારો ગાંધર્વ સૈનિકો સાથે અમારા ઘોડેસવારોએ ઘનઘોર યુદ્ધ આદર્યું હતું! પોતાની સંખ્યા અને શક્તિનો વિચાર કર્યા વગર! વિચાર કરવાનો સમય પણ એમને નહિ મળ્યો હોય. ગાંધર્વસેનાની વચમાં એક ઊંચો અને દેખાવડો સેનાનાયક હાથમાંની તલવાર વીજળીની જેમ ચારેબાજુ ફેરવતા પોતાના સૈન્યને હોકારા-પડકારા કરી પ્રોત્સાહન આપતો હતો.

'ચિત્રસેન!' દુર્યોધન બબડ્યો. એ ગાંધર્વ નાયક ચિત્રસેન હતો! માત્ર દ્વૈતવનમાં જ નહિ એની આજુબાજુના તમામ પ્રદેશમાં એના નામનો ડંકો વાગતો હતો. હિંસક જંગલમાં રહેતા રાક્ષસોમાં એની નજીક ફરવાની હિંમત જ નહોતી. અમારી દાસીઓએ એની પ્રિય સ્ત્રીઓને છંછેડીને નાહકની આપત્તિ વહોરી લીધી હતી.

શૂરવીરતાથી લડનારા અમારા ઘોડેસવારોને ચારેબાજુથી ગાંધર્વસેના ઘેરી લેતી હતી.

'દુર્યોધન! તું જ આ સૈન્યને વીખેર!' જમણી બાજુથી ગાંધર્વસેના પર તલવાર ઉગામી દોડતાં મેં એને ડાબી તરફ ઇશારો કર્યો. વિચાર કરવાનો સમય નહોતો.

તલવારના એક પછી એક ઘા મારતો હું સૈન્યમાં ઘૂસ્યો. અમારા ઘેરાયેલા સૈનિકોને મુક્ત કરવા બળપૂર્વક હલ્લો કરી એની નજીક પહોંચી એક વાર તો એના સૈન્યને વીખેરી નાખ્યું પણ ક્ષણાર્ધમાં ઉત્સાહથી થનગનતા એના નવા ગાંધર્વસૈનિકોએ ફરી ઘેરો ઘાલ્યો. ક્યાંકથી ગર્જના કરતો ચિત્રસેન પ્રત્યક્ષ આવીને ઊભો રહ્યો! ક્રોધથી રાતોચોળ ચિત્રસેન ફૂલ્યાફાલ્યા પલાશ વૃક્ષ જેવો લાલચોળ દેખાતો હતો!

'કર્ણ! આપણા સૈનિકોને લઈ આ વનમાંથી ચાલતી પકડો નહિતર મરવા માટે તૈયાર થઈ જાઓ!' ગળાની નસો તાણીને એણે જોરથી પડકાર ફેંક્યો.

'ચિત્રસેન! હું કર્ણ છું. પવનની ઝાટપથી પર્વતશિખર ડગતા નથી! તૈયાર થઈ જા!' એનો અહંકારી પડકાર સાંભળી મને પણ રોષ ચડ્યો હતો.

ક્રોધથી રાતોચોળ એ મારી પર ધસ્યો. એની અને મારી ઝપાઝપી જોઈ બંને પક્ષના સૈનિકો પાછા હટી ગયા. અડધા કલાક સુધી વીજળીની જેમ એકમેકની તલવાર ખણખણતી રહી. એણે ભીડેલી તલવારમાંથી તણખા ઝરતા હતા. એની તલવાર મારા અંગેઅંગને સ્પર્શતી હતી પણ લોહીનું એક પણ ટીપું એની જીભને ચાટવા મળતું નહોતું! પગ નીચેનું ઘાસ ઊખડી ગયું હતું. વચમાં સહેજ થંભી જઈ, 'આ તો અભેદ્ય કવચધારી હસ્તિનાપુરનો કર્ણ છે! આ તલવાર યુદ્ધથી, ધનુર્યુદ્ધથી, ગદાયુદ્ધથી – શેનાથીય મરશે નહિ! એને ચારેબાજુથી ઘેરી લઈ જીવતો પકડી લો!' ઊભા રહીને અમારું યુદ્ધ જોતી ગાંધર્વસેનાને ચિત્રસેને આજ્ઞા કરી! એના યુદ્ધમાં મને કપટની દુર્ગંધ આવી. હવે અહીં વધુ વખત રોકાવું વ્યર્થ હતું.

'ઘોડેસવારો, દાસીઓને લઈને પાછા ફરો!' એના સૈનિકો મને ઘેરી લે એ પહેલાં જ પૂંછડી હલાવીને ઘાસ ખાતાં વાયુજિત પર આરૂઢ થઈ મેં મોટેથી કહ્યું. દરેક ઘોડેસવારે એક એક દાસીને ઘોડા પર બેસાડી મારી પાછળ દોડવાની શરૂઆત કરી. છેલ્લો પ્રહાર કરવા હજારો ગંધર્વોએ અમારી પર શસ્ત્રોનો વરસાદ વરસાવ્યો. આ પ્રહારથી કેટલાક ઘોડેસવારો ઘોડા સહિત ધડાધડ નીચે પડી ગયા. જેઓ સુરક્ષિત હતા તેમણે દોટ મૂકી. માર્ગમાં પથરાયેલી લતાવેલી સાથે અથડાતા અમે એક પછી એક વળાંક લેતા ગયા. ઘોડાઓ દોડતા હતા, ધૂળ ઊડતી હતી પણ મારું હૃદય થીજી ગયું હતું. આ રણાંગણમાંથી હારીને અમે પલાયન થઈ ગયા હતા કે જીવ બચાવવા અમારી આ સાવધાનીપૂર્વકની પીછેહઠ હતી? કયા ઉત્સાહથી હું રાજમહેલમાંથી નીકળ્યો હતો અને શું સાથે લઈને પાછો વળતો હતો? મહાદ્વારને ઉંબરે વાંકો વળી ગયેલો વાયુજિત એ મારી કારકિર્દીના પ્રથમ પરાજયની નાંદી તો નહોતી ને? શું માનું? પરાજય! પલાયન! પીછેહઠ! અપૂરતા સામર્થ્યથી અર્થાત્ અપૂરતા સૈન્યથી લડવું એના કરતાં પીછેહઠ કરવી એ યોગ્ય નથી? ચિત્રસેને મને પકડી લીધો હોત તો? સુદામનની ક્રૂર હત્યાનું પાપ પછી અર્જુનને શિરે કોણ ચડાવત? મારો શત્રુ કોણ? અર્જુન કે ચિત્રસેન? મારું હૃદય મારા જ નિર્ણયમાંથી શાણપણ શોધતું હતું. અર્જુનનો શિરચ્છેદ કરવા મારે જીવ લઈને નાસવું જરૂરી હતું. વાયુજિતનાં પગલાંની સાથે વિચારોનાં પગલાં પણ એક પછી એક દૂર સરતાં હતાં. કર્ણની દૃષ્ટિએ આ ઘોષયાત્રા દોષયાત્રામાં પરિણમી હતી! જીવનનો અશ્વ કીર્તિના મહાદ્વારે ક્યાંક વાંકો વળી ગયો હતો! પરાજય! પહેલો પરાજય! પરિસ્થિતિ દ્વારા સર્જાયેલો! ગમે તો હો પણ પીછેહઠ એ પરાજય જ ગણાય! કર્ણ-પરાજય! પરાજય-કર્ણ! કોઈ સુઝાવ દેખાતો નહોતો. જ્યારે દેખાતો ત્યારે સ્વીકારવાનું મન નહોતું થતું! હવે દુર્યોધન મારે વિશે શું ધારશે? કયા શબ્દોથી એ મારું સ્વાગત કરશે? દુર્યોધન! એની યાદ આવતાં જ મેં વાયુજિતની ગતિ વધારી. અમારું વિશ્રાંતિ સ્થાન આવ્યું. ઝરણાં પાસે ઊભા રહી મેં પાછળ દૃષ્ટિ કરી. ભાગી છૂટેલામાં દુર્યોધન ક્યાંય દેખાતો જ નહોતો! હૃદયમાં ભયની શૂળ ઊપડી! હજારો ગાંધર્વોની વચ્ચે યુદ્ધના ઘેરામાં એ એકલો ફસાઈ ગયો હશે! એને કંઈક થઈ ગયું તો! હસ્તિનાપુરમાં કયા મોઢે પાછો ફરીશ?

'અરિષ્ટસેન, રાજા પાછળ રહી ગયા! ઘોડા પાછા વાળો!' આગળ જતાં સૌને રોકી ફરી દ્વૈતવનમાં પાછા ફરવા મેં હાથ ઊંચા કર્યા.

'મહારાજ, ગાંધર્વસેના વિશાળ છે. રાજનગરીમાં જઈ ફરી મોટા સૈન્ય સાથે પાછા આવીએ! નહિતર...!'

'નહિતર શું?'

'નહિતર આપણા સમાચાર પણ હસ્તિનાપુર સુધી કોઈને કાને નહિ પહોંચે!'

એનું કહેવું યોગ્ય હતું. હવે શું કરવું? જો દ્વૈતવનમાં પાછા જઈએ તો હસ્તિનાપુર પાછા ફરવાની શક્યતા નહોતી અને રાજનગર જવું હોય તો એ પણ અહીંથી કેટલાય જોજન દૂર હતું! ઝરણાં કાંઠે વડના ઝાડ તળે કાળા પથ્થર પર હું બેઠો. અરિષ્ટસેનને હસ્તિનાપુર મોકલી સૈન્ય મગાવ્યા સિવાય છૂટકો નહોતો. એની સાથે નગરમાં જઈ લોકોની હાંસીના પાત્ર બનવું પાલવે તેવું નહોતું. આથી એકલા અરિષ્ટસેનને જ રાજનગર મોકલ્યો. મારી દશા ત્રિશંકુ જેવી હતી. ન દ્વૈતવનનો ન હસ્તિનાપુરનો! એક એક ક્ષણ મહત્ત્વની હતી. મસ્તકમાંથી ભૃશુંડી વિચારોના પથ્થરોનો વરસાદ વરસાવતી હતી. માથું હાથમાં ઝાલીને હું બેસી રહ્યો! વિવશ! વિવશતા એ હિંસક બિલાડા જેવી છે. માણસને ઉંદર બનાવી દે. ન એને મારી નાખે કે ન એને સુખે જીવવા દે. આજે ચિત્રસેનના રૂપે તે અનપેક્ષિતપણે મારી સામે ઊભી હતી!

અરિષ્ટસેનને ગયાને અડધો કલાક વીતી ગયો હતો. દુર્યોધનના કોઈ સમાચાર નહોતા. હવે અહીં બેસી રહેવાનો કોઈ અર્થ નહોતો. આથી ઊભા થઈ વાયુજિતની લગામ પકડી એકલો દ્વૈતવનમાં જવા નીકળી પડ્યો! એક પણ ઘોડેસવારને મારી સાથે મૃત્યુને આંગણે લઈ જવાનું મને ગમ્યું નહિ! દુર્યોધનનું મૃત્યુ ગાંધર્વસેનાને હાથે લખાયું હશે. કર્ણને પણ એ જ મૃત્યુ માન્ય છે! પાછળ જોયા વગર ફરી દ્વૈતવનમાં દાખલ થવા હું છલાંગ મારી ઘોડા પર બેસી ગયો! મન હવે શાંત અને ગંભીર હતું. મનમાં કોઈ જ અવઢવ નહોતી. વાયુજિત ધીરે ધીરે નિષ્ક્રિયભાવે ચાલતો હતો. એ ગીચ ઝાડીમાં પ્રવેશ્યો ત્યાં જ દુર્યોધનને બહાર આવતાં જોયો! એના બંને હાથ ટામેટાનાં ફૂલોની રૂક્ષ વેલીથી કચકચાવીને બાંધ્યા હતા. જીવનમાં પહેલી વાર મેં એને નત મસ્તકે આવતો જોયો! ખરેખર સત્ય ક્યારેક કલ્પનાથીય વધુ ભયાનક હોય છે! એનાં અંગ પરનાં રાજવસ્ત્રો ઠેકઠેકાણેથી ફાટી ગયાં હતાં. ઘસડાતો, લથડિયા લેતો એ ચાલતો આવતો હતો. યાળ વગરના સિંહ જેવો નિસ્તેજ!

'રાજા!' એને સહીસલામત જોઈ આનંદમાં આવી, ઘોડા પરથી છલાંગ મારી નીચે ઊતરી હું એને ભેટી પડ્યો પણ એણે ઊંચું જોયું નહિ. એના હાથની આસપાસ વીંટળાયેલી વેલીની ગાંઠ ઝટપટ છોડતાં છોડતાં એને ખુશ કરવા મેં કહ્યું, 'તને ચિત્રસેનથી મુક્ત કરવાના નિશ્ચય સાથે હું પાછો વળ્યો હતો અને તને જ શોધી રહ્યો હતો છતાં એના મુખ પર આનંદની લકીર ફરકી નહિ. પાણીમાં ચીમળાઈ ગયેલી ડાળી જેવું એનું નમી પડેલું શિર ઊંચું થયું જ નહિ. પૂતળાની જેમ એ ચૂપચાપ મારી સામે ઊભો હતો. દુર્યોધન! યોદ્ધાઓના સામ્રાજ્યમાં ગદાદંડ જેવો સશક્ત વીર આજે દાંડી તૂટેલા કમળફૂલની જેમ શિર નમાવીને ઊભો હતો. એને મારી મિત્રતાની વફાદારી પ્રત્યે સંદેહ જાગ્યો કે પછી કર્ણને કાયર ગણ્યો?

'અંગરાજ, મારે હવે હસ્તિનાપુર આવવું નથી. આ વૃક્ષ નીચે જ આસન વાળી હું સમાધી લઈશ!' એનો પ્રત્યેક શબ્દ પગે બાંધેલી સાંકળ જેવો ભારેખમ હતો.

'કેમ? રાજાના પ્રાણ એ મન ફાવે ત્યારે મૃત્યુ રૂપી મહાનદીમાં છોડી મૂકેલી નૌકા નથી. આ રાજધર્મ તું ભૂલી ગયો?'

'કયો રાજધર્મ? કોણ રાજા? જેને જગતમાં માનપૂર્વક જીવતા આવડતું નથી એ વળી રાજા કેવો?'

'કેમ? શું થયું? ચિત્રસેને તને એકલો જાણી તારું અપમાન કર્યું હશે તો હું એને...'

'ના. કર્ણ, ચિત્રસેને મારું મસ્તક ધડથી જુદું કરી નાખ્યું હોત. અરે, એને પગ નીચે રગદોળી નાખ્યું હોત તો રણાંગણમાં વીર મૃત્યુને મેં હસ્તે મુખે સ્વીકાર્યું હોત! પણ... પણ... સાક્ષાત્ શત્રુના હાથે જીવનની ભીખ લઈ હું આ બંધાયેલા હાથે પાછો ફર્યો છું. વીરત્વભર્યું મૃત્યુ કરતાં વીરત્વનું મૃત્યુ ભયાનક હોય છે. હું રાજા નથી! ગદાવીર નથી! સ્વમાની જીવન જીવનાર સામાન્ય સૈનિક પણ હવે હું રહ્યો નથી! તેં આ છોડી નાખેલી વેલીનાં પાન જેટલુંય મારા જીવનનું મહત્ત્વ રહ્યું નથી!'

'કેમ? તું આવું કેમ બોલે છે? કોણે તને જીવનની ભીખ દીધી? અને તેં સ્વીકારી કેમ?'

'તમે બધા જતા રહ્યા પછી હું એકલો પડી ગયો. ગાંધર્વસેનાએ મને ઘેરી લીધો. હજારો ગાંધર્વો મારી પર એકસાથે તૂટી પડ્યા. એમણે મારાં શસ્ત્રો હરી લીધાં અને બંને હાથ લતાથી બાંધી મને બંદીવાન બનાવી દીધો. લગભગ બધા જ ગંધર્વો સરોવર પાસેથી વિજયઘોષણા કરતાં ચાલી નીકળ્યા. ચિત્રસેન અને પચાસ-સો જેટલા પદાતી મને લઈને ક્યાંક ચાલી નીકળ્યા. એટલામાં...'

'એટલામાં શું થયું? કોણ આવ્યું?'

'અર્જુન! એણે એક પળ વિચાર કર્યા વગર ચિત્રસેનને પડકાર ફેંક્યો અને... અને એના ગાંડીવ ધનુષ્યમાંથી છૂટતાં અસંખ્ય બાણોની વર્ષાથી સરોવર છાવરી દેવાનો સમય પાકી ગયો! ચિત્રસેન મને પડતો મૂકીને ભાગી છૂટ્યો! હાથ બાંધેલા હતા. નહિતર ચિત્રસેનને બાજુએ મૂકી અર્જુન પર ધસ્યો હોત! ચિત્રસેન જતાં જ તે મારી પાસે આવ્યો. 'મોટાભાઈની આજ્ઞાથી તને મેં મુક્ત કર્યો છે. ફરી દ્વૈતવનમાં આવવાનું સાહસ કરીશ નહિ.' એણે મિથ્યા વિજયના અહંકારમાં આવી જઈ એવા લહેકાથી કહ્યું કેમ જાણે દ્વૈતવન એના બાપનું રાજ ન હોય! એની સાથે આવેલો કોઈ રાક્ષસપુત્ર મને અહીં સુધી મૂકી ગયો! કહે, કર્ણ, રાજા તરીકે હવે કયા મોઢે નગરમાં પાછો ફરું? પાંખ તૂટેલા ગરુડે પર્વતશિખરની ઇચ્છા કરાય? હું અહીં જ આમરણ ઉપવાસ કરીશ! તું જા!' એના હૃદયની આઘાતજનક વેદના શબ્દોમાં ટપકતી હતી! આટલી ઘેરી નિરાશા એના જીવનમાં ક્યારેય એને ઘેરી વળી નહોતી. એનું કાંડું કચકચાવીને બાંધેલી લતાની સળથી અને હૃદય અર્જુનના શબ્દોથી કાળાં પડી ગયાં હતાં! સાક્ષાત્ શત્રુ પાસેથી જીવતદાન લેતાં થતી મરણતોલ વેદનાને સમજવા એના જેવા હસ્તિનાપુરના સમ્રાટનું હૃદય જ જોઈએ! એને સાંત્વન દેવા મારી પાસે શબ્દો નહોતા.

'તારે હસ્તિનાપુર આવવું જ પડશે. તેજની અખંડ આગ વરસાવનાર સૂર્યનારાયણને

પણ ક્યારેક ગ્રહણ લાગે છે. મહાસાગરનાં પાણીમાંથી સર્જાતાં વાદળો પણ કેવા ગુમાની બનીને મહાસાગર પર જલવૃષ્ટિ કરે છે! તારાથી શું એ અજાણ્યું છે? કોણ કોને જીવતદાન આપે છે? જરાસંધનાં સત્તર આક્રમણોથી કંટાળી મથુરા છોડી દ્વારિકા જતાં રહેલા શ્રીકૃષ્ણને જગત શું કાયર ગણે છે? ભીષ્મ પિતામહે જીતેલા જામદગ્નિપુત્ર પરશુરામ શું પરાભૂત યોદ્ધા ગણાયા છે? જેઓ પરાભવના ચક્રથી બચ્યા નથી અને જેને નહુષ મહારાજે જીતી, પાલખીએ જોતરેલા એ દેવરાજ ઇન્દ્રને તું ભૂલી ગયો? ક્ષત્રિયો આમરણ ઉપવાસ કરી મરતા નથી. સૂર્યકિરણોથી તપી ઊઠેલા સમરાંગણ ભૂમિમાં પોતાનાં શરીરનાં ચૈતન્ય કિરણને વિલીન કરવા માટે તેમનો જન્મ હોય છે. લે.' એમ કહીને મેં અરિષ્ટસેને આણેલા ઘોડાની લગામ એના હાથમાં ધરી.

થોડી વારે એ સ્વસ્થ થયો.

'કર્ણ, નગરજનો તને સૂતપુત્ર કહે છે, પરંતુ તારી વાણી સાંભળીને મને લોકોની વાત પર વિશ્વાસ બેસતો નથી. મારે અહીં જીવડાની જેમ મરવું નથી! ચાલ!' એ છલાંગ મારી ઘોડા પર આરૂઢ થયો. મેં નિરાંતનો શ્વાસ લીધો. હું પણ વાયુજિત પર સવાર થયો. અમે નગર તરફ પ્રયાણ આદર્યું. ઘોડાના પગ નીચેથી ધૂળ ઊડતી હતી! પણ પવનના વાયરાને લીધે તે આજુબાજુના ઝાડ પર ઊડીને વળગી જતી હતી! મારું મન શાંત હતું! હૃદયમાં પરાજયનું દુઃખ નહોતું, પલાયનની પીડા નહોતી, સફળતાપૂર્વક લીધેલી પીછેહઠનો મિથ્યા સંતોષ નહોતો! અગાઉ શિકારેથી પાછા ફરતી વખતે મારું ચિત્ત જેટલું સ્થિર હતું એટલું જ આજે પણ હતું. ઊલટું ઘોષયાત્રાનો પ્રસંગ ટળ્યો એનો અકલ્પનીય આનંદ હતો!

નગરમાં પહોંચ્યા પછી ખાનગી વાત પચાવી ન શકે તેવી દાસીઓમાંથી કોઈ, 'અંગરાજ કર્ણ યુદ્ધમાંથી પલાયન થઈ ગયો' એવી કાનાફૂસી કરવાની હતી પણ હવે મને એની પરવા નહોતી. મારું મન મને કહેતું હતું કે, કસોટી કરનારા અનેક પ્રસંગોમાંનો આ પણ એક અવિસ્મરણીય પ્રસંગ હતો. અનપેક્ષિત રૂપે સર્જાયેલો!

છવ્વીસ

'મહારાજ, સભામાં ઉપસ્થિત રહેવા આપ સભાગૃહમાં પધારો એવી પિતામહની આજ્ઞા છે!' મહામંત્રી વિદુરનો એક સેવક ભૂર્જપત્ર પર લખાયેલો આજ્ઞાપત્ર મારી સામે ધરી શિર ઝુકાવી ઊભો હતો! દ્વૈતવનમાંથી રાજનગરમાં પાછા ફર્યાને એક દિવસ પણ નહોતો થયો ત્યાં જ પિતામહે જાતે બોલાવેલી આ પહેલી સભા આમંત્રણનું એક અનોખું રૂપ લઈ મારી સમક્ષ ઊભી હતી. તે આમંત્રણ નહોતું – આજ્ઞાપત્ર હતો! સભા મહારાજે બોલાવી નહોતી – પિતામહે બોલાવી હતી! અને એ ભૂર્જપત્ર પર સભા બોલાવવાનું પ્રયોજન પણ જણાવ્યું નહોતું! પળવારમાં મનમાં રોષથી ઊભરાતી ભાવનાઓએ ઘમસાણ મચાવ્યું. આ ભૂર્જપત્ર ફાડીને ફેંકી દેવા મેં એને આડો કર્યો – પણ એવામાં એના પર બાંધેલા રેશમી વસ્ત્ર પર સુવર્ણતારથી વણેલું નાનું એવું સૂર્યબિંબનું રાજચિહ્ન ઝળકી ઊઠ્યું! તે કુરુઓની સન્માન્ય રાજમુદ્રા હતી. એને જોઈને સૌનાં મસ્તક નમી જાય એવી આ રાજમુદ્રાની પરંપરાગત ખ્યાતિ હતી. વ્યક્તિ ગમે તેટલી મહાન હોય પણ રાજ્યમાન્ય પ્રતીક પાસે સૌને નમવું પડતું. મેં મારો વિચાર બદલ્યો.

'તું જા.' ભૂર્જપત્ર મૂકેલ તાસકમાં કાષ્ટના આસન પર મીણનો ગોળો ગોઠવ્યો હતો. એના પર આજ્ઞાપત્ર મળ્યાનો સંકેત દર્શાવવા મેં એના પર આંગળીમાં પહેરેલી વીંટીની છાપ મારી દીધી. ગોળો ફરી તાસકમાં મૂકી, પ્રણામ કરી એને સાચવીને તે લઈ ગયો.

પિતામહે બોલાવેલી આ પ્રથમ રાજસભા! એ માટે મને આજ્ઞાપત્ર! પિતાના મનમાં શું હશે? રાજવસ્ત્ર અંગ પર ચડાવતાં પર્વતશિખર પરથી ધસમસતું વરસાદનું પાણી અનેક પ્રવાહ રૂપે માર્ગ મળે ત્યાં દોડતું વહે તેમ મારું મન અનેક માર્ગે દોડતું હતું. સભા બોલાવવાનું કારણ સહેજે સમજાતું નહોતું.

નિત્યનિયમ પ્રમાણે આજે પણ સભાગૃહમાં જતાં પહેલાં રાધામાતાની ચરણરજ માથે ચડાવી. દુર્યોધન સાથે સભાસદોથી ભરેલા સભાગૃહમાં પ્રવેશ કર્યો. તમામ કુરુયોદ્ધાઓ ઉપસ્થિત હતા પણ સભા બોલાવવાનું કારણ કોઈ જ જાણતું નહોતું. સભાગૃહ ભરાઈ જતાં કામકાજના નિયમ પ્રમાણે પ્રસ્તાવના રૂપે અમાત્ય વૃષવર્મા ઊભા થયા.

'આજની રાજસભા પિતામહે બોલાવી છે. તેઓ કેટલાક કુરુયોદ્ધાઓને ભાવિ સંકટગ્રસ્ત સ્થિતિ વિશે ગંભીર ચેતવણી દેવા ઇચ્છે છે. એમનો પ્રત્યેક શબ્દ સૌને શિરસાવંદ્ય રહેશે. તેઓ શું કહેવા માગે છે તે આપ સૌ યોદ્ધાઓ ધ્યાનપૂર્વક સાંભળો! કોઈનું અપમાન કરવાનો તેમનો આશય નથી. પિતામહનાં ગગનભેદી પરાક્રમો અને હસ્તિનાપુરના રાજ્ય અર્થે એમણે કરેલા અપૂર્વ ત્યાગની કથા કહેવાનો આ અવસર નથી તોપણ આપણા રાજ્યનો પ્રભાવ એમના ધ્વજદંડ સમાન જીવનને લીધે સમસ્ત આર્યાવર્તમાં પ્રસરી રહ્યો છે એ કોઈએ ભૂલવું ન જોઈએ! આ સભાગૃહમાં તેઓ સૌથી જ્યેષ્ઠ વૃદ્ધ છે. વૃદ્ધોની અનુભવ વાણી ઔષધ સમી હોય છે! મનના વિકૃતવિચારોના વ્યાધિને તે જડમૂળથી ઉખેડીને ફેંકી દે છે. દ્વેષ પણ એવો જ એક વ્યાધિ છે! આ વ્યાધિના મૃગજળની પાછળ દોડતા દેવો આદિના વૈભવી રાજ્યો સુધ્ધાં ધૂળમાં મળી ગયાં છે! આપસમાં કલહ એટલે આપણાં જ દાંત વચ્ચે ફસાયેલી આપણી જ જિહ્વા! સુજ્ઞ અને દીર્ઘદ્રષ્ટા જ દાંત વચ્ચે ફસાયેલી જીભને કળથી બહાર કાઢી લે છે. એ માટે પ્રેમ અને સંયમ અતિ આવશ્યક છે, કેમકે દ્વેષમાંથી કપટ, કપટમાંથી ક્રોધ અને ક્રોધમાંથી યુદ્ધ જન્મે છે! યુદ્ધથી પ્રશ્નો ક્યારેય ઊકલતા નથી. ઊલટા એમાંથી અનેક જટિલ પ્રશ્નો ઊભા થાય છે. આથી જ પ્રેમ અને સંયમ એ જ સાચો ધર્મ છે. આજે આપણે સૌએ ઉઘાડી આંખે એનું પાલન કરવું જોઈએ. નહિતર – નહિતર કાળ-દ્વેષની સળગતી મશાલ ચારેબાજુથી આપણને સૌને દઝાડી મૂકશે! એ માટે પિતામહની આજની સૂચના અત્યંત મહત્ત્વની અને સાવધાની ભરી છે તો સૌ શાંતિથી સાંભળો.' સુકાયેલા હોઠ પર જીભ ફેરવતાં તેઓ નીચે બેઠા. એનો પ્રત્યેક શબ્દ ધારદાર હતો. આટલી હૃદયભેદક વાણી તેમના મુખેથી આજ પહેલાં ક્યારેય સાંભળી નહોતી.

પિતામહ આસન પરથી ઊભા થયા! આજે કુરુઓનો રાજદંડ મહારાજના હાથમાં દેવાને બદલે પોતાના હાથમાં લીધો! વૃદ્ધાવસ્થાને કારણે બોલતી વખતે તેમનું શરીર કાંપતું, પરંતુ આજે કંપ ચાલ્યો ગયો હતો! હિમાલયના ઉન્નત શિખર સમા તેઓ અચળ ઊભા હતા. થોડી વારમાં જ એ શિખરના મુખમાંથી વાણીની ગંગાયમુના સૌ યોદ્ધાઓ પર વહેવા લાગી.

'વીરો, મારા જીવનમાં સભા બોલાવવાનો આ પહેલો જ પ્રસંગ છે. કદાચ તે છેવટનો પણ હોય! હું તમારી સમક્ષ ઊભો થયો છું તે કુરુઓના યોદ્ધા તરીકે નહિ, પિતામહ તરીકે નહિ, પરશુરામશિષ્ય ભીષ્મ તરીકે પણ નહિ, જે રાજ્યનો મેં કદી ઉપભોગ કર્યો નથી એ રાજ્યના સેવક તરીકે પણ નહિ, પરંતુ તમારા જેવો જ, જીવનના સંઘર્ષો વેઠતો એક આંખમાં વિજયનાં હર્ષાશ્રુને અને બીજી આંખમાં પરાભવનાં શોકાશ્રુને એકસાથે સારેલાં એક સામાન્ય નાગરિક તરીકે ઉપસ્થિત થયો છું! જીવનમાં કસોટી વેળાએ આવતા સંઘર્ષો મેં તમારા કરતાં દીર્ઘકાળ સુધી વેઠ્યા છે. મારા જીવનના નિકટના સૌ સાક્ષીઓ અનંતની યાત્રાએ ઊપડી ગયા છે, હું એક જ પાછળ રહી ગયો છું, કારણ? નિયતિએ માનવીનું મન કેવું વિચિત્ર ઘડ્યું છે એ તમને સૌને તમારી ભાષામાં સ્પષ્ટપણે કહેવાનો આજે સમય પાકી ગયો છે.

'સમજી રાખો, માણસને ઘાતકી બનાવે છે એનો સ્વાર્થ! ભૂખથી વ્યાકુળ બનેલો સિંહ એકાદ પ્રાણીનો શિકાર કરીને પોતાની ભૂખ શમાવે છે, પણ તે કદી અન્ય સિંહને મારીને તેને ખાતો નથી! જ્યારે સ્વાર્થમાં અંધ બનેલો માણસ એક, બે નહિ પણ લાખો માણસ મારી નાખવા આગળપાછળ કંઈ જ જોતો નથી! સિંહને હિંસક કહેવાનો કોઈ માનવીને નૈતિક અધિકાર નથી! વિધાતાએ ઘડેલી આ જીવનસૃષ્ટિમાં મનુષ્ય જ સૌથી ક્રૂર પ્રાણી છે! તોપણ વિદ્વદ્જનો માણસને સુસંસ્કૃત ગણે છે. માણસ શ્રેષ્ઠ પ્રાણી છે, પણ ક્યારે? જ્યારે તે પોતાનો સ્વાર્થ છોડી અન્યને ખાતર પોતાના લોહીનું એક એક બુંદ વહાવી દે! માણસ અન્યના ધર્મ, ભાગ્ય, રાજ્યકારભાર આદિનાં ગમે તેટલાં નગારાં વગાડે તોપણ એનું મૂલ્ય કેવળ કોડી જેટલું જ છે! માણસને સૌથી મોટો શાપ લાગ્યો હોય તો તે સ્વાર્થનો!

ભયંકર સ્વાર્થમાં અંધ બનેલો માણસ પરિશ્રમનો ત્યાગ કરી કપટનો આશ્રય લે છે! તમારી નજર સામે જ જુઓ છો કે જગતમાં સૌ પરિશ્રમ કરવાને બદલે કપટબુદ્ધિથી સ્વાર્થને કુશળતાનું રૂપાળું નામ આપી જીવે છે! પરિણામે તેઓને શું જોવા મળશે? પોતે જ પૃથ્વી પર ઊભું કરેલું નરક! આવા સ્વાર્થને વેળાસર હાંકી કાઢવો જોઈએ. આથી જ મેં આ રાજસભા બોલાવી છે.'

'પ્રજાનું ભાવિ એના રાજા પર અવલંબે છે. તમારા અને મારા – સૌના કમનસીબે આપણા રાજ્યને કપટી સ્વાર્થનો વળગાડ વળગ્યો છે! કોણ કોને દોષ દે? સૌ રસ્તો ભૂલ્યા હોય ત્યાં! એમાં પહેલો અને અક્ષમ્ય દોષ હોય તો તે તમારા રાજાનો – આ ધૃતરાષ્ટ્રનો! પોતાના પ્રિય ભાઈ – પાંડુએ દિગ્વિજય કરીને આ રાજ્યને વૈભવશાળી બનાવ્યું છે તે તેઓ આજે બહુ સરળતાથી ભૂલી ગયા છે! એમણે કદી પોતાના પુત્રોને વાર્યા નથી. સત્તાની લાલસામાં માણસ અંધ બની જાય છે એમ મેં સાંભળ્યું હતું પણ એ સત્ય તમારા રાજાના સ્વરૂપે ખોટું બનીને આજે આપણી સમક્ષ ઊભું છે! દુર્ભાગ્યે આ અંધ રાજા સત્તાની લાલસામાં સ્વાર્થ દેખતા થયા છે! પોતાના પુત્રોને આગળ કરી એના રાજ્યાભિષેકનું અશક્ય સ્વપ્નું સાકાર થતું ધોળે દિવસે જોતાં થયા છે! ધન્ય છે એમની રાજભક્તિને!'

'અમાત્ય વૃષવર્માએ કહ્યું કે વૃદ્ધોની વાણી વનસ્પતિની ઔષધિ સમી છે. હું કહું છું કે વનસ્પતિ ગમે તેટલી ગુણકારી હોય તોપણ તેનો ફાયદો શો? દર્દી કડકપણે ચરી ન પાળે તો! સીધાસાદા સ્પષ્ટ શબ્દોમાં હું પૂછું છું કે ધૃતરાષ્ટ્ર હજી પણ એમનાં આંતરચક્ષુ

ખોલશે ખરા? એનો પુત્ર દુર્યોધન હજી પણ કોઈ રાજકીય ચરી પાળશે? તમે સૌ ક્યારેય સત્યાસત્યને શાંત ચિત્તે વિચારશો? આ બધું ક્યાં જઈને અટકશે?'

'આપણે જે સભાગૃહમાં બેઠા છીએ એ સભાગૃહે કેટલા ગૌરવશાળી પ્રસંગો જોયા છે! એમાંનો એકેય યાદ આવે છે? મહારાજ હસ્તિના આ હસ્તિનાપુરે સેંકડો વર્ષોથી પોતાના ઉન્નત મસ્તકે આર્યાવર્તનું નેતૃત્વ કર્યું છે. આ રાજસિંહાસનને તપતીપુત્ર કુરુ, શુભાંગીપુત્ર વિદુરથ, સંપ્રિયાપુત્ર અનશ્વન, અમૃતાપુત્ર પરીક્ષિત, સુકેષાપુત્ર ભીમસેન, સુકુમારીપુત્ર પ્રતીપ અને મારી મહામાતા સુનંદાના પુત્ર મહારાજ શાંતનુ જેવા શક્તિશાળી અને વિશાળ હૃદયા વીરોએ શોભાવ્યું છે. એમની કીર્તિના ડંકા દિગ્વિજય કરી પાંડુએ ચારેબાજુ વગાડ્યાં છે... અને આજ! આજ પ્રત્યેક પ્રસંગે અમારું માથું શરમથી નીચે ઢળી પડે છે. આ સભાગૃહમાં દ્રૌપદીની થયેલી ઘોર વિડંબનાને કયો પુરુષાર્થ ગણશો? જુગારના દાવ પર પાંડવોએ જ વસાવેલી સંપન્ન નગરીને હડપ કરી જઈ એમને વનમાં ધકેલી દેવામાં કયો રાજધર્મ છે? આટલાથી પણ દુર્યોધનને ક્યાં શાંતિ મળી છે? આ વિશે ક્યારેય ધૃતરાષ્ટ્રે મોં ખોલ્યું છે ખરું? નહિ ને! એટલે જ મારે નિરુપાય બનીને બોલવું પડે છે.'

'દુર્યોધન, દુઃશાસન, વિકર્ણ, ચિત્રસેન, દુઃસહ, સત્યવ્રત, દુર્મુર્ષણ, પુરુમિત્ર અને વિવંશતી – આ મહારથી ધૃતરાષ્ટ્રપુત્રો, શકુનિ, અશ્વત્થામા, જયદ્રથ આદિ અતિરથિઓ! આપણે ક્યાંક અટકશું કે નહિ?'

'દુર્યોધન, દ્વેષના વટવૃક્ષ સમી તારી અપકીર્તિ કરવાને બદલે શક્તિશાળી ગદાવીરની કીર્તિ મેળવ! પાંડવને મગજમાંથી કાઢી નાખ. કારણ કાલે જ તું દ્વૈતવનમાંથી જીવતો પાછો ફર્યો છે તે કેવળ અર્જુનને લીધે જ – કર્ણને લીધે નહિ! જે હેતુથી તું દ્વૈતવનમાં ગયો હતો તે હેતુ ચિત્રસેન ગંધર્વે છિન્નભિન્ન કરી નાખ્યો! કર્ણ સમરાંગણમાંથી ભાગી છૂટ્યો! જેની શક્તિ પર ખોટો મદાર રાખીને બેઠો છે તે કર્ણે એવું કયું નેત્ર-દીપક પરાક્રમ આજ સુધીમાં કરી બતાવ્યું છે? અર્જુન અજેય ધનુર્ધર છે. કિરાત રૂપે આવેલા સાક્ષાત્ શંકરનો એણે પરાભવ કર્યો હતો. ખાંડવવનમાં ઇન્દ્રપ્રસ્થ રાજ્ય સ્થાપતી વખતે રોષે ભરાયેલા વરુણને એણે જીતી લીધા હતા. એમની પાસેથી અક્ષય બાણોના ભાથા સહિત ગાંડીવ ધનુષ્ય એણે મેળવ્યું હતું. સ્વયંવરમાં મત્સ્યવેધ અર્જુને જ કર્યો હતો અને કાલે તો પોતાના જીવ પર આવી ગંધર્વના હાથમાંથી છોડાવી તને જીવતદાન આપ્યું હતું. કર્ણ અર્જુનની પાસે બેસવા પણ સમર્થ નથી! આથી જ યુવરાજ, સારા-ખોટા સૌ વિચારોનું ઉદ્ભવસ્થાન મન છે. જગત આખું જીતવું સહેલું છે પણ મન જીતવું અત્યંત કઠિન છે. આથી જ જો તું સાચો વીર હો તો તારા મનના અર્જુનને પહેલાં જીત! રાજ્યલોભની લાલસા તારા મનમાંથી ખંખેરી નાખ! પાંડવો અને કૌરવો પરસ્પર એકબીજાને મદદ કરશો તો આ રાજ્ય ટકશે. હજીય બહુ મોડું થઈ ગયું નથી. સેનાપતિને મોકલી પાંડવોને સમજાવીને વનમાંથી પાછા વાળ!'

'એમ ન થાય તો કેવળ આ રાજદંડ તારા હાથમાં રાખવાની આંધળી લાલસામાં ઉત્તેજિત થઈને પાંડવ વિનાશની એક પછી એક ભયંકર ક્રૂર યોજના તું યોજી રહ્યો છે એનાં પરિણામ આ સભાગૃહમાંના સિંહ સમા સો સો યોદ્ધાઓને સહેવાં પડશે! ધેનુ, ધામ અને

ધરતી એ કરતાં પણ વીરોનું જીવન અમૂલ્ય હોય છે! કારણ રાજ્યની કીર્તિ વધારનારી તેમની કાર્યનિષ્ઠા જ તેમના જીવનમાં કેન્દ્રસ્થાને હોય છે.'

'દુર્યોધન, તું આ સૌ વીરોને મૃત્યુની મહાનદીમાં ઘસડી જઈશ. ભીમને ઝેર દેવાનું કાવતરું તારું જ હતું! વારણાવતમાં લાક્ષાગૃહને સળગાવી મૂકી કુંતી સહિત પાંડવોને બાળી નાખવાનું કપટ તને જ સૂઝ્યું હતું! રાજ્યમાં હિસ્સો માગનાર પાંડવોને ખાંડવવનનું દાન દેવાની લોકવિલક્ષણ ઉદારતા તારી જ! હાડકાંના પાસા ફેંકી ઊંચે સુધી ઊછળતા શકુનિના હાથમાં તાળી દેનાર સૌ પ્રથમ તું જ હતો! જે સ્ત્રીનાં ચરણોની ધૂળ માથે ચડે એવી સતી દ્રૌપદીને ઉઘાડી જાંઘ બતાવનાર ગદાવીર તું જ! જે જીભે વેદમંત્ર ઉચ્ચારાય, અનાથોને દાન દેવાય એ જ જીભે સૂર્યપ્રકાશ જેવી પવિત્ર રાજમાતા કુંતીને કલંકિની કહી ભરી સભામાં હાંસી ઉડાડનાર પણ તું જ! અને – અને કાલે આ પરાક્રમહીન સૂતપુત્ર કર્ણના હાથમાં હાથ લઈ ઇન્દ્રપ્રસ્થની દાસીઓને લઈ પાંડવોને ઉશ્કેરવા માટે ત્યાં જનાર અને ત્યાંથી રૂક્ષ લતાવેલીથી બંધાયેલા હાથે બંદીવાન બનીને પાછો ફરનાર, પુરુષાર્થહીન, જલક્રીડા કરનારો પણ તું જ!!'

'દુર્યોધન, કર્ણ, આ રાજદંડ – આ રાજદંડ જ તમને સૌને મદાંધ બનાવી, કુરુઓના ભાવિ વૈભવ રૂપ એવા આ સો સો વીર યોદ્ધાઓના જીવન સાથે નિષ્ઠુર જુગાર ખેલવા ફરી આટલો પ્રવૃત્ત કરી શકતો હોય તો આ રાજદંડ સૌ વીરો કરતાં કેટલો બધો ક્ષુદ્ર છે એ આ સભાગૃહમાં ઉપસ્થિત સૌ યોદ્ધાઓને આજે સ્પષ્ટપણે બતાવી દેવા હું શાંતનુપુત્ર ભીષ્મ એને આમ ફેંકી દઉં છું!!'

હાથ ઊંચા કરીને એમણે સુવર્ણ રાજદંડ સભાગૃહની મધ્યમાં ફેંકી દીધો! જમીન પર પડતાં જ ખણણણ અવાજ સાથે ગબડતો એ દુર્યોધનના પગ પાસે જઈને અટક્યો! અંગ પર વીજળી ત્રાટકી હોય તેમ દુર્યોધન સહિત સૌ યોદ્ધાઓ સફાળા ઊભા થઈ ગયા! હું એક જ થીજી ગયેલા હૃદય સાથે બેસી રહ્યો! રાજદંડ ફેંકનાર આ વૃદ્ધ યોદ્ધા ઊંચા દેવદાર વૃક્ષની જેમ કંપી રહ્યા હતા. એના કપાળ પર પરસેવાનાં બિંદુ જામી ગયાં હતાં!

અખાડામાં લક્ષ્યવેધ, કાંપિલ્યનગરીમાં મત્સ્યવેધ, ઇન્દ્રપ્રસ્થમાં શિશુપાલવધ અને... અને આજ સભાગૃહમાં દ્રૌપદી વસ્ત્રાહરણ – આમાંનો એક પણ પ્રસંગ આજના જેટલો રોમાંચક મને લાગ્યો નહોતો.

મંદ મંદ ગબડતા એ રાજદંડને જોઈ એક વિચારનું સ્પંદન ક્યાંકથી મારા મનમાં જાગ્યું. તરત ઊભા થઈને નજીક જઈ એ રાજદંડ ઊંચકી મેં હાથ ઊંચો કર્યો! સભાસદોની – યોદ્ધાઓની આંખોમાં લાગણીઓની વિવિધ છાયા ડોકાવા લાગી. હું હવે શું કરીશ? જાણે એ પ્રશ્ન તેઓ મને મૌનની ભાષામાં પૂછતા હતા.

'બેસી જાઓ!' મેં શબ્દની ગદા ફેરવી. સમુદ્રની ઓટ ઊતરી જાય તેમ સૌ નીચે બેસી ગયા! મારી નસેનસમાં લોહી ધસમસવા લાગ્યું. આંખના ખૂણા યજ્ઞકુંડની જેમ સળગી ઊઠ્યા. કાનની રણભૂમિ પર શબ્દોના શંખ ક્યાંકથી કંઠની નસ તાણીતાણીને ફૂંકાતા હતા! 'કર્ણ અર્જુનની પાસે બેસવાને લાયક નથી! પરાક્રમહીન, પરાભૂત, પલાયન થઈ જનાર કર્ણ! એવું કયું નેત્રદીપક પરાક્રમ કર્ણે કર્યું છે? અર્જુન અજેય ધનુર્ધર છે!!'

કાન પર હાથ દાબી દઈ ઊંચે રાખેલા હાથને હલાવતાં મેં શક્ય એટલા ભેદક અવાજે કહ્યું, 'હું પરાક્રમહીન નથી! હું પલાયનવાદી નથી! કર્ણ અર્જુનની પાસે બેસવાને લાયક નથી એમ કહેનાર ભીષ્મ પિતામહને હું પુરવાર કરી આપીશ કે એ અર્જુન કર્ણ સમક્ષ ઊભો રહેવા સમર્થ નથી! પરાક્રમનાં પારખાં યુદ્ધમાં મેળવેલા વિજયની સંખ્યા પર જ થતાં હોય તો અંગરાજ તરીકે નહિ, રાજા દુર્યોધનના મિત્ર તરીકે નહિ, તમારી કુરુઓની સભાગૃહમાંના એક યોદ્ધા તરીકે નહિ, પણ સૂતપુત્ર રાધેય-કર્ણ તરીકે સમસ્ત આર્યવર્તને જીતીને આ રાજદંડને હું ચારેબાજુ ઘુમાવીશ! જેટલા દેશને અને રાજ્યને અમાત્ય વૃષવર્મા જાણતા હોય એ સૌને આ પવિત્ર રાજદંડ સમક્ષ નમાવીશ! વર્ષાઋતુ પૂરી થતાં જ અભૂતપૂર્વ દિગ્વિજય માટે હું આ રાજદંડ સમક્ષ નમાવીશ! વર્ષાઋતુ પૂરી થતાં જ અભૂતપૂર્વ દિગ્વિજય માટે હું આ રાજદંડ લઈ નગરની સીમા બહાર પ્રયાણ કરીશ! યયાતિ મહારાજના આ હસ્તિનાપુરમાં યશસ્વી બનીને જ અહીં પગ મૂકીશ... નહિતર... નહિતર સમરાંગણમાં બલિદાન દઈશ! પણ... પણ કોઈ ગેરસમજ ન કરે એ માટે આ ભરસભામાં હું ફરી એક વાર દઢપણે કહું છું કે વિજયના મદમાં ઉન્મત્ત થઈને હું શ્રીકૃષ્ણની મથુરા કે દ્વારિકા પર ચડાઈ કરીશ નહિ! મૃત્યુના અને પરાભવના ભયથી હું આ ઘોષણા કરતો નથી! પણ આ ઘોષણા કરવાનું કારણ જણાવવાની જરૂર મને લાગતી નથી! આ ઘોષણા કેવળ શ્રીકૃષ્ણ પૂરતી જ વિશેષ છે! ફરી કોઈ કર્ણની અને અર્જુનની તુલના કરવાનો વ્યર્થ પ્રયત્ન ન કરે. મેં અખાડામાં દ્વન્દ્વ માટે જે આહ્‌વાન દીધું હતું તે આજે પણ એટલું જ તાજું છે! શ્રીકૃષ્ણ વિનાનો અર્જુન તૂટી ગયેલી નાદશૂન્ય તલવાર જેવો છે! એવી જ રીતે પિતામહે રાજા દુર્યોધન પર મૂકેલો આરોપ પણ એકપક્ષી છે!'

'નાનપણથી જ દુર્યોધનના ચાર ચાર ભાઈઓને જલક્રીડાને નામે એમનો જીવ જાય ત્યાં સુધી પાણીમાં ડુબાડી રાખનાર ભીમ પિતામહને દેખાતો નથી? અખાડામાં મને 'હાથમાં લગામ લે.' કહીને મારી હાંસી ઉડાડનાર ભીમના અટ્ટહાસ્યને તેઓ ભૂલી ગયા? રાજસૂય યજ્ઞમાં યુવરાજ દુર્યોધનને પાંડવોના પશુઓની ગણતરી કરવાનું કાર્ય સોંપતી વખતે એમની ન્યાયપ્રિયતા ક્યાં ગઈ હતી? 'અંધપિતાના પુત્ર અંધ જ હોય ને.' એમ કહેનારી પાંચાલીને તેઓ નથી જાણતા? અને કાલે – કાલે અર્જુને જાતે આવીને રાજા દુર્યોધનને ગાંધર્વો પાસેથી મુક્ત કર્યો નથી પણ એણે તો કેવળ યુધિષ્ઠિરની આજ્ઞાનું પાલન જ કર્યું છે! નહિતર... શું એણે દુર્યોધનના હાથે બાંધેલી લતાવેલ જાતે છોડી હોત? મને લાગે છે કે કૌરવો અને પાંડવોનું એક થવું એ રાતદિવસના એક થવા જેવું અશક્ય છે.'

'પિતામહ કહે છે કે આ રાજદંડ ક્ષુદ્ર છે! મારા મને આ રાજદંડ સ્વર્ગના રાજ્ય કરતાં પણ મહાન છે! આ સભાગૃહના સો સો યોદ્ધાઓના સો સો જન્મ કરતાંય અધિક! પોતે જ આ રાજદંડની નિષ્કલંક પ્રતિષ્ઠા માટે પોતાના ગુરુ સાથે જામદગ્નપુત્ર પરશુરામ સાથે ઘનઘોર યુદ્ધ કર્યું હતું એ તેઓ ભૂલી ગયા લાગે છે પણ અમે નથી ભૂલ્યા! અને ગુરુજનોના જ્યેષ્ઠ નાતે ભવિષ્યમાં એમને જ સૌ પ્રથમ આ રાજદંડ સમક્ષ નમ્રપણે ઝૂકવું નહિ પડે એ પણ કોણ કહી શકે તેમ છે?'

'જંગલમાં પણ ઘાસની ગીચ જાળ બિછાવેલી હોય છે પણ દેવમૂર્તિ પર ચડે છે ફક્ત દુર્વા જ! એમ જગતમાં અનેક પર્વત છે પણ હિમાલય તે હિમાલય જ! સ્ત્રીઓ અનેક

છે પણ ચરણરજ મસ્તક પર ચડે છે કેવળ માતાનાં ચરણોની જ! એવી જ રીતે આ હસ્તિનાપુરમાં અનેક વીર છે... પણ... પણ એક પિતામહ જ આ રાજદંડને ફેંકવાનું સાહસ કરી શકે છે! આકાશમાં અનેક તેજગોળા છે પણ સૂર્યદેવ જેવો એક પણ નહિ! એમ આ રાજદંડ એકમેવ શ્રેષ્ઠ છે! અને એટલે જ પ્રાણને હોડમાં મૂકી મેં આગળ આવી એને હાથમાં ધર્યો છે! એ કદી નીચે નહિ પડે. પ્રસંગ આવે તલવાર તલવાર સાથે ટકરાશે, ગદાથી ચિનગારીઓ ઊડશે, બાણોની વર્ષા થશે, ચક્રના આરા ફરશે, લોહીની નદીઓ વહેશે પણ આ રાજદંડ એના પર તરતો રહેશે! કારણ એ કુરુઓનો છે, હસ્તિનાપુરનો છે, પરંપરાનો છે! કેવળ આ જ કારણે મેં એને હાથમાં ઉઠાવ્યો છે. જેટલી ભારે નિરાશાથી પિતામહે એને નીચે ફેંકી દીધો એટલા દઢ નિશ્ચયથી, એમનાં ચરણે હાથ મૂકીને હું એને આભ જેટલો ઊંચો રાખીશ! વર્ષાઋતુ પછી!' મારું અંગેઅંગ કાંપતું હતું! હું શું બોલ્યો, કેમ બોલ્યો, કેટલું બોલ્યો એનું મને કંઈ જ ભાન નહોતું. શરીર તપીને લાલઘૂમ થઈ ગયું હતું!


'અંગરાજ કર્ણનો...!'

'વિજય હો!'

સભાગૃહની છત યોદ્ધાઓની ઘોષણાથી થથરી ઊઠી. મારો હાથ અનેક સ્પંદનોથી ધ્રૂજતો હતો!

'શાંત થાઓ!' રાજદંડ ઊંચા કરેલા મારા હાથ સાથે કોઈનો હાથ અથડાયો હતો. એ દુર્યોધનનો હતો! બીજે હાથે તે સૌને શાંત થવાનો સંકેત આપતો હતો. સૌ શાંત થતાં એણે થોડા શબ્દોમાં મહત્ત્વની વાત કહી.

'દિગ્વિજય માટે સીમા બહાર પ્રસ્થાન કરનારા મારા પરમ મિત્ર વીર કર્ણ પાસે હું કુરુઓની ચાર અક્ષૌહિણી સશસ્ત્ર સેના ધરીશ! આ સેનામાં સત્યાશી હજાર ચારસો એંસી રથ અને એટલા જ હાથી, બે લાખ છ હજાર ચારસો ચાલીસ ઉમદા ઘોડેસવારો અને ચાર લાખ સાડત્રીસ હજાર ચારસો લડાયક પાયદળ એમ અઠ્ઠાણું લાખ, ચુમોત્તેર હજાર આઠસો જેટલા બળવાન સૈનિકોનું સામર્થ્ય એની સાથે હશે! આ વર્ષાઋતુ પછી નદીમાં પાણી ઓસરશે અને કુરુનો કીર્તિસમુદ્ર ઘુઘવાટા કરશે! હવે પિતામહે બોલાવેલી આ પહેલી જ રાજસભા, હું જ આજ પહેલી વાર બરખાસ્ત કરું છું! સૌ આમંત્રિતો જઈ શકે છે.' એણે મારા હાથમાંનો રાજદંડ સન્માનપૂર્વક પોતાના હાથમાં લીધો! હવે એના જ હાથમાં રહેવાનો હતો.



શોણ

શોણ

એક

મુસળધાર વરસાદની ભીનાશનો અનુભવ રાજનગરીના કોટ, બુરજ અને કળશને થવા લાગ્યો. વર્ષાઋતુના આગમનને કારણે સૈનિકોના ખુલ્લા પટાંગણમાં શૂલ, તોમર, ગદા અને તલવારના વ્યાયામ વર્ગો આપોઆપ બંધ થઈ ગયા. સૌના દૈનિક ક્રમમાં શિથિલતા આવી ગઈ. કેટલાક ખેડૂતો ખેતર ખેડવા અને દાણા વાવવા માટે પલાશ વૃક્ષનાં પાંદડાંની નાની નાની છત્રી ધારણ કરીને સવારસાંજ જતાંઆવતાં દેખાવા લાગ્યા. અષાઢ, શ્રાવણ માસ વીતી ગયા. મહાપૂરનું ગંદું મેલું પાણી ગંગાનદીના બંને કાંઠે ઊભરાઈને ઘોડાપૂરની જેમ વહેવા લાગ્યું. એનાં ઘૂઘવતાં મોજાં પરથી ઊડતાં શિકરોથી કિનારા પરની ડાંગરનાં લીલાં પાન ધોવાઈને સ્વચ્છ થઈ ગયાં. હું લાગણીવિવશ બની ગયો. રાજમહેલમાં ચર્ચાનો એક જ વિષય હતો. અંગરાજ કર્ણનો દિગ્વિજય! સૌ પ્રતીક્ષા કરતા હતા કે ક્યારે ગંગાનું પાણી ઓસરે અને ક્યારે એ ગંગામાં સમાઈ જાય! મોટાભાઈ ગવાક્ષ પાસે ઊભા રહીને કલાકો સુધી દિવસે દિવસે ગંગાનાં ઊભરાતાં વહેણને ઓસરી જતાં નીરખતા હતા. લોહાગારમાં સેંકડો લુહાર બાણ, પરશુ, ભાલા, તલવારના ફલકને ધારદાર ઘડવા ભઠ્ઠી પેટાવીને રાતદિવસ ઘણ પર ઘા મારતા હતા. વરસાદને લીધે અકલા[1] અને અકૂર[2] રોગથી ઘોડાઓની ખરીને બચાવવા અશ્વપાલ એના પર વનસ્પતિ ઔષધિનો લેપ લગાડી એની રક્ષા કરતા હતા. સાગરવૃક્ષના ટકાઉ લાકડાના થડ કાપીને સુથારો નૌકા તૈયાર કરતા હતા. હું જાતે મોટાભાઈના વાયુજિત ઘોડાની દેખભાળ કરતો હતો.

ભાદરવો અને આસો પણ પૂરા થયા. વરસાદનું જોર ઓછું થઈ ગયું. ગંગાનદીનું ઊછળતું પાણી સાગરને પોતાના પ્રેમનું સ્વૈચ્છિક દાન દઈ પાછું પોતાને ઘેર આવી ગયું. ખેતરમાં ધાન્યનાં ડૂંડાં ડોલવાં લાગ્યાં. ઝાડનાં પાંદડાં પરથી અવિરત ટપકતાં જલબિંદુ શમી ગયાં, શીળો પવન સૂસવાટા ભર્યો અવાજ કરતો ક્યાંય દૂર ચાલ્યો ગયો. સમગ્ર ધરતી લીલી હરિયાળી સુંદર ચૂંદડીથી શોભી ઊઠી. કાર્તિક માસ પૂરો થયો અને પંખીઓએ પાંખ ફફડાવી. પાંચ માસના લાંબા વિરહ પછી પહેલી વાર સૂર્યકિરણો રાજમહેલનાં શ્વેત શુભ્ર શિખરો પર ઝળકી ઊઠ્યાં! વર્ષાઋતુ પૂરી થઈ! લીલાંછમ ખેતરોની આસપાસ ભારદ્વાજ ઊડવા લાગ્યાં.

એક દિવસ મેં અને મોટાભાઈએ જઈને નદીના પટનું નિરીક્ષણ કર્યું. હવે નૌકા દ્વારા નદી પાર કરવી શક્ય હતી. રાજમહેલની અશ્વશાળામાં હણહણતા અશ્વો ખરી વડે જમીન ખોતરી ખાડા કરવા લાગ્યા! દિગ્વિજય માટે રાજનગરીથી પ્રસ્થાન કરવાનો શુભ અવસર આવી ગયો! રાજજ્યોતિષીને પૂછીને પ્રસ્થાનનું મુહૂર્ત નક્કી કરવામાં આવ્યું. માગસર

૧-૨. ઘોડાના પગની ખરીને થતાં રોગો.

મહિનાની સુદ પાંચમ નક્કી થઈ. કારતક મહિનાની ગાત્રો થિજાવી દેતી ઠંડી પણ ઓછી થઈ ગઈ હતી. માગસર ઊગ્યો.

સુદ ચોથની રાતે તમામ યોદ્ધા, સૈનિક, સારથિ, ભારવાહકો, સેવકો વગેરેને તૈયાર રહેવાની આજ્ઞા કરવામાં આવી. ઉત્સાહની છોળમાં મારું હૃદય નિર્મળ થઈ ગયું. મોટાભાઈ દિગ્વિજય માટે પ્રસ્થાન કરવાના હતા! નાનપણમાં બધાએ એમને પાષાણના સિંહાસન પર બેસાડ્યા હતા! પાષાણની જેમ ગંભીર રહીને એમણે આજ સુધી અંગદેશના સુવર્ણસિંહાસનને શોભાવ્યું હતું અને હવે... હવે તેઓ સમસ્ત આર્યાવર્તમાં દિગ્વિજય કરી સૌ યોદ્ધાઓનાં હૃદયનું પ્રેમસિંહાસન જીતવાના હતા. અંગરાજ! કર્ણ! નહિ, મારા વસૂભાઈ! વસૂભાઈ હવે દેશોદેશના રાજાઓને દાંતે તરણું પકડાવીને પોતાને શરણે લાવવાના હતા. એમના આ સર્વ દિગ્વિજયમાં હું જ એમનું સારથિપણું કરવાનો હતો. સો યુવરાજ, શકુનિમામા, અશ્વત્થામા, જયદ્રથ, સેનાપતિ વગેરેમાંથી કોઈનેય સાથે ન લેતાં તે એકલો જ પ્રસ્થાન કરવાનો હતો. ફક્ત મને જ સાથે લઈને! એમ તો મારો અને એમનો સાથ જન્મજન્માંતરનો હતો. એના કાનમાં કુંડળ હતાં, શરીરનો વર્ણ સોનેરી હતો, ગાલ જસવંતીનાં ફૂલ સમા હતા, આંખો ઘેરી, નીલવર્ણી અને દાંત સોનેરી હતા અને હું તો શ્યામ હતો છતાં મને એ વાતનો સહેજે રંજ નહોતો. ઊલટું નાનપણથી એમણે આપેલું એક સાંત્વન હું કદી ભૂલ્યો નથી.

તેણે કહ્યું હતું, 'હું પણ ગરુડ પક્ષીની જેમ ખૂબ ઊંચે જઈશ! એટલો ઊંચે કે તું જોઈ પણ નહિ શકે!!'

એના કહેવા પ્રમાણે એના જીવનમાં આ દિગ્વિજયનું ઉડ્ડયન સૌથી ઊંચું કરવાનું હતું. કેમકે આત્મવિશ્વાસમાં હવે મને પૂર્ણ શ્રદ્ધા હતી. ફક્ત એના આત્મવિશ્વાસને ઉત્તેજિત કરે એવું કોઈ સબળ કારણ હોવું જોઈએ. રાજસભાના નિમિત્તે ભીષ્મ પિતામહે તે ઊભું કરી દીધું હતું. હવે એના આત્મવિશ્વાસને કોઈ રોકી શકે તેમ નહોતું. ભલે ગમે તે થાય પણ કહ્યા પ્રમાણે કુરુના રાજદંડને સમસ્ત આર્યાવર્તમાં અજેય રૂપે ફેરવીને તેઓ પાછા ફરવાના હતા. સુદ ચોથની રાત હવે અમને યુગ જેવી લાગતી હતી. પુત્રને મળવા તડપતી માતા, પતિમિલન કાજે વ્યાકુળ થતી સ્ત્રી કરતાં પણ યુદ્ધ માટે સમરાંગણમાં જવા વીર યોદ્ધાઓ અધિક થનગની રહ્યા હતા!

બે

અને માગસર માસની એ સુદ પાંચમનો ક્રાંતિકારી દિવસ ઊગ્યો! ભારદ્વાજ પક્ષીના શુભ શુકન થતાં સૌ આનંદમાં આવી ગયા. હસ્તિદળ, હયદળ, પાયદળ, રથી અને મહારથીઓ રાજમહેલની બહાર પટાંગણમાં શિસ્તબદ્ધ ઊભા રહી ગયા. સૌનાં પરાક્રમનાં પારખાં હવે થવાનાં હતાં. તે દેશોદેશ ભ્રમણ કરવાનો હતો! બાળપણમાં છીપલાં ભેગાં કરી એને સંપત્તિ રૂપે રાધામાતાને અભિમાનપૂર્વક દેખાડનારા અમે કર્ણ-શોણ હવે હીરા, માણેક, મોતી, પ્રવાલ, મણિ અને વૈદૂર્યનાં ગાડાંનાં ગાડાં ભરી લાવેલી સંપત્તિ એનાં ચરણોમાં સવિનય અર્પણ કરવાના હતા. આથી જ તે મોટાભાઈને કહેવાની હતી, 'વસૂ, આ દિગ્વિજયમાં કદી તું ગંગાનાં પાણીમાં નહોતો ઊતર્યો ને?' અમે સીધા સરળ માણસો હતા. ગરીબાઈમાં અને વૈભવમાં પરસ્પરને એકસરખો પ્રેમ કરનારા.

નગારાંના ધીમા અવાજો વહેલી સવારથી રાજમહેલના વિશાળ પ્રાંગણમાં પડઘાતા હતા. વર્ષાઋતુમાં પેટીમાં સાચવી રાખેલો, નહુષ મહારાજના સમયથી જાળવી રાખેલો રેશમી ત્રિકોણી રાજધ્વજ મહામંત્રી વિદુરના હસ્તે રાજમહેલના કળશ પર પુષ્પમાલા સહિત ચડાવવામાં આવ્યો હતો. સૂર્યે પૂર્વ દિશા ઉજાળી અને એનાં સોનેરી કિરણોમાં એ ભગવો ધ્વજ ઝળહળવા લાગ્યો. પવનના વાયરે એ ફરકવા લાગ્યો. આ ઊંચા રાજમહેલના કળશ પરથી ઉન્નત મસ્તકે ફરકતો ધ્વજ પોતાની નજરે ચડતાં તમામ રાજાને કહેતો હતો, 'સાવધાન! અભેદ્ય કવચ અને કુંડળધારી હસ્તિનાપુરનો વીર કર્ણ આજે પ્રસ્થાન કરવાનો છે. શરણાગતિ કે રણભૂમિ પર આત્મબલિદાન એ બે સિવાય તમારું બીજું કોઈ ભાવિ નથી. સાવધાન!'

વહેલી સવારે ઊઠી મોટાભાઈએ જાતે સેનાનું નિરીક્ષણ કર્યું. હસ્તિદળને અને હયદળને નદી કેવી રીતે ઓળંગાવવી એ વિશે વિશેષ સૂચના એમણે આપી. હસ્તિદળના હાથીઓને એમને ભેદનાર શત્રુ પર કેવી રીતે છોડી મૂકવા એનું માર્ગદર્શન પદાતીઓને આપ્યું. પાકશાસ્ત્રીઓને અન્ન ઓછા પ્રમાણમાં રાંધવાની અને માંસાહાર પર વધુ જોર દેવાની સૂચના આપી. એ આહાર પછી સ્ફૂર્તિ લાવવા તમામ સૈનિકોને માપસર સોમરસનો પુરવઠો મળી રહે એના પર ખાસ લક્ષ આપવાનું પણ કહ્યું.

એનાં દર્શન માત્રથી વીર યોદ્ધાઓના બાહુમાં જોમ આવ્યું. જ્યાં જ્યાં તેઓ ફર્યા ત્યાં ઊભેલા કેટલાય સૈનિકો આગળ આવીને એનાં સોનેરી ચરણોનો સ્પર્શ કરી શ્રદ્ધાથી વંદન કરતા હતા. એનો આછો સ્પર્શ કે એક શબ્દ અને એનું સાન્નિધ્ય સુધ્ધાં સૌને પ્રોત્સાહિત કરી દેતા હતા. સેનાપતિનું આકર્ષક વ્યક્તિત્વ સૈનિકોને પ્રેરણા રૂપ બની જતું હતું.

સંપૂર્ણ નિરીક્ષણ કર્યા પછી તે અર્ઘ્યદાન દેવા એકલો જ ગંગાનદી પર ગયો. એનું એ આજીવન વ્રત હતું. ઊગતા સૂર્યને અંજલિ દ્વારા અર્ઘ્યદાન આપી અને આંખો દ્વારા ભક્તિભાવ દર્શાવી તે થોડી વારમાં રાજમહેલમાં પાછો ફર્યો. એનો ચહેરો સુંદર સુવર્ણમુખીના ફૂલ સમો સોનેરી દેખાતો હતો. ગાલની ગુલાબી પલાશ વૃક્ષનાં લાલ ફૂલોને લજવતી હતી. અર્ઘ્યદાન વખતે અત્યંત ઝળહળતાં પ્રકાશનાં કિરણો આંખની કાળી કીકીમાંથી બહાર ફેંકાતાં હતાં. કુંડળ પાકાં કોકમફળ જેવાં લાગતાં હતાં.

પુરોહિતોએ વિધિપૂર્વક એમને સેનાપતિપદે બેસાડ્યા. મંત્રોચ્ચાર સાથે એના મસ્તક પર પવિત્ર નદીનાં જળનો અભિષેક કર્યો. રાજા દુર્યોધને રજનીગંધાનાં તાજાં ફૂલોની માળા હસતાં હસતાં એના ગળામાં પહેરાવી. ગુરુપુત્ર અશ્વત્થામાએ ખાસ તૈયાર કરાવેલો લોખંડી શિરટોપ એના માથા પર પહેરાવ્યો. સૌ યોદ્ધાઓએ અનંત, પારિજાત, ચંપા જેવાં વિવિધ ફૂલોની વર્ષા પોતાના પ્રિય સેનાપતિ પર કરી. શરીર પર લોહકવચ ચડાવી તે વડીલોના આશીર્વાદ લેવા રાજમહેલના પ્રત્યેક ભવનમાં ફર્યો. ભીષ્મ પિતામહ, મહારાજ ધૃતરાષ્ટ્ર, રાજમાતા ગાંધારીદેવી, મહામંત્રી વિદુર, ગુરુ દ્રોણાચાર્ય સૌ પાસેથી આશીર્વાદ લેવા એણે શ્રદ્ધાથી મસ્તક નમાવ્યું. સૌથી છેલ્લે તે રાધામાતા અને પિતાશ્રી પાસે આવીને ઊભો રહ્યો. વૃષાલીભાભીએ તરત નજીક આવીને નિરાજનાની પ્રસન્ન જ્યોતથી અમારી આરતી ઉતારી. ધ્રૂજતા હાથે એમણે ભાઈના અને મારા કપાળ પર કુમકુમતિલક કર્યાં. મસ્તક પર અક્ષત

છાંટતાં એમની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. ડાબે હાથે સાડીના પાલવથી આંખો લૂછતાં એ બોલ્યા, 'દર અઠવાડિયે તમારાં સમાચાર અહીં આવવાં જોઈએ. દિયરજી, ખ્યાલ રાખજો હોં!'

'વૃષાલી, સુપ્રિયાનું ધ્યાન રાખજે. પુત્રોને વ્યાયામશાળામાં નિયમિત મોકલતી રહેજે.' મોટાભાઈએ ધીરગંભીર અવાજે સૂચના આપી. સુપ્રિયાભાભી તરત એક દૃષ્ટિ નાખી એને સ્વસ્થ રહેવાની મૂક સૂચના દીધી.

અમે બંનેએ માતાપિતાને ભક્તિભાવથી પ્રણામ કર્યાં. મોટાભાઈને બથમાં લેતાં રાધામાતા બોલ્યાં, 'વસુ, શરીર પરનું લોહકવચ ઉતારતો નહિ!' શત્રુંતપને એકલો છોડીશ નહિ.' મને તે ક્યારેય શોણ કહીને બોલાવતી નહોતી.

'માતે, તારી કૃપાથી મળેલ આ કવચ અને અભેદ્ય શરીરને ભય કેવો? અમને આશીર્વાદ દે!' મોટાભાઈએ કહ્યું. એમના અવાજમાં કંપ હતો. એણે અમારાં મસ્તક પર મમતાથી હાથ ફેરવ્યો. મોટભાઈએ વૃષસેન, પ્રસેન, ભાનુસેન, ચિત્રસેન, સુષેણ, વૃષકેત વગેરેના વાંકડિયા વાળમાં પ્રેમથી આંગળીઓ ફેરવી. મારી દીકરી – મીનાક્ષીને એકદમ તેડી લઈ તેણે કહ્યું, 'મીનુ, તારા પિતાને મારો રથ સારી રીતે ચલાવવાનું કહે. અમે પાછા આવશું ત્યારે તારા માટે સરસ મજાનો સોહામણો પતિ લાવવાના છીએ!'

'પતિ એટલે શું, કાકા?' તેણે એમનાં કુંડળ હલાવતાં પૂછ્યું. અમે સૌ હસી પડ્યા.

આંખમાંથી વરસતી અશ્રુધારાને રોકતાં, ભારે હૃદયે અમે અમારા પ્રેમાળ કુટુંબની વિદાય લીધી.

આંખના ઇશારે મેં મેઘમાલાને 'જાઉં છું' કહ્યું. સૌની હાજરીમાં આંખનાં આંસુ લૂછવાનું ન ગમતાં તે હળવેકથી દરવાજાની આડે છુપાઈ ગઈ. અમે તરત સેનાની દિશા તરફ વળ્યા. હવે પાછળ વળીને જોવાનો કોઈ અર્થ નહોતો!' કેમ કે મોહના પાશ વીરપુરુષને પણ બંધનમાં બાંધી દે છે. નિશ્ચય રૂપી બળવાન ભૂજાઓ વડે એને એક વાર તોડે જ છૂટકો, રાજમહેલનાં કળશ પર ફરકતી ધજા પણ જાણે એમ જ કહી રહી હોય એમ મને લાગ્યું! તત્ક્ષણ છલાંગ મારી મોટાભાઈ જરિયાન વસ્ત્રનું પલાણ પાથરેલું શ્વેત અને ચપળ વાયુજિત પર આરૂઢ થયા. શિખર પર બેઠેલા ગરુડની જેમ રાજા દુર્યોધન અને અશ્વત્થામા ફક્ત બે જ ગંગાનદી સુધી સંગાથ દેવા આવવાના હતા. તેઓ પણ પોતાના ઘોડા પર સવાર થયા. કુરુનો યુદ્ધધ્વજ મારા હાથમાં દેતા મોટાભાઈએ પોતાની પાછળ ઊભા રહેલા હયદળ, હસ્તિદળ અને પાયદળ વગેરેની લાંબી, સશસ્ત્ર સૈનિકોની હાર પર એક નજર કરી. બધું વ્યવસ્થિત છે એની ખાતરી થતાં જ તમામ સૈનિકોને ઉદ્દેશીને એમને દિશા બતાવવા માટે હાથમાંનો રાજદંડ ઊંચો કરી સિંહગર્જના કરી આદેશ આપ્યો, 'પાંચાલ રાજ્ય!'

મોટાભાઈ મને પૂર્વ દિશામાં ઊગેલા સાક્ષાત્ સૂર્ય સમો લાગ્યો! પોતાની ભરાવદાર જંઘામાં વાયુજિતને ટટ્ટાર પકડીને પગના પંજાથી સંકેત કરતાં જ પોતાનું ગુચ્છાદાર લટકતું પૂછડું હલાવીને વાયુજિત ચાલી નીકળ્યો. તેવામાં જ શંખ, નગારાં વગેરેના ધ્વનિ એકમેકમાં ભળી ગયા.

પાછળ ચાર અક્ષૌહિણી સૈન્યના અસંખ્ય મુખેથી જયજયકારના ઉદ્‌ગારોથી રાજમહેલની દીવાલ ધ્રૂજી ઊઠી.

'અંગરાજ કર્ણ...નો!'

'જય હો!'

કુરુનો રાજદંડ સૂર્યકિરણોમાં ચમકવા લાગ્યો! સંપૂર્ણ ખૂલેલા મહાદ્વારમાંથી વાયુજિતે પ્રસ્થાન કર્યું. યોગાનુયોગ એ જ વખતે એક શ્વેત ગાય સામે મળી. ભાઈએ ફરી લગામ ખેંચી. એકદમ કૂદકો મારી નીચે નમીને ગાયનાં ચરણોનો સ્પર્શ કરી એને વંદન કર્યાં. ગળામાંની રજનીગંધાના હારને એક ઝાટકે તોડી એનાં શ્યામ ચરણોમાં ભક્તિભાવે અર્પણ કર્યો! કુરુનો રાજદંડ એના શ્વેત મસ્તક પર સહેજ વાર ટેકવ્યો! આ દૃશ્ય જોઈ શૌર્યથી થનગનતા સૈનિકોએ ફરી ઘોષણા કરી,

'સેનાપતિ કર્ણ મહારાજ...નો!'

'જય હો!'

મારી છાતી ગજ ગજ ફૂલતી હતી. આટલો રોમાંચક પ્રસંગ મેં મારી જિંદગીમાં ક્યારેય અનુભવ્યો નહોતો. અમે સારથિપુત્ર હોવા છતાં વીર ક્ષત્રિયોનું આજે ગર્વથી નેતૃત્વ કરતા હતા! તેઓ આનંદના આવેશમાં આવી જઈ અમારો ગગનભેદી જયજયકાર કરતા હતા! તેઓ અમને અનુસરતા હતા. વાતવાતમાં અમે ગંગાકિનારે પહોંચી ગયા. આગળથી ગયેલા નાવિકોએ સેંકડો મજબૂત નૌકાઓ હાથીની પીઠ પરથી ઉતારી લીધી. નદીના પ્રવાહમાં ઝટપટ નૌકાને મૂકી એનાં હલેસાં હાથમાં લીધાં. થનગનતા પદાતીઓ આ નૌકામાં બેસી સામે કાંઠે પહોંચવા લાગ્યા. હાથી અને ઘોડા તરતાં તરતાં નદી પાર કરવા લાગ્યા. કલાકમાં સૌ સામે પાર પહોંચી ગયા. અમે ચાર જ બાકી રહ્યા. વાયુજિત પરથી ઊતરી મોટાભાઈ યુવરાજ દુર્યોધનને ભેટ્યા. અશ્વત્થામાને ભેટતાં તેમણે કહ્યું, 'ગુરુપુત્ર, તું કહે છે તે સાચું છે! મનુષ્યનું જીવન ઝાકળબિંદુ સમું હોય છે! પ્રત્યેક મનુષ્ય યથાશક્તિ પરાક્રમનાં કિરણો જગત પર પરાવર્તિત કરવાનો જીવનભર પ્રયત્ન કરતો જ રહે છે. તારી શુભેચ્છાના પીઠબળે જ દિગ્વિજય કરી દિગ્વિજયી કર્ણ રૂપે જ હું પાછો...'

'કર્ણ, મને વિશ્વાસ છે, તું યશસ્વી થઈશ! જા! મારી શુભકામના સદૈવ તારી સાથે છે.' ગુરુપુત્રે હાથ હલાવ્યો. એના મસ્તક પરનું વસ્ત્ર વાયુની લહેર સાથે ફરફરતું હતું. એણે સજળ નેત્રે અમને વિદાય આપી.

'જાઉં છું!'

'વાયુજિતને પાણીમાં છુટ્ટો મૂકી દઈ નૌકામાં ચડતાં અમે હાથ હલાવ્યા. તે બંને પણ કિનારા પરની ભીની રેતીમાં મૂકપણે ઊભા રહીને પોતાના હાથ હલાવતા હતા. અમે હસ્તિનાપુર છોડ્યું. ગંગાનાં અસંખ્ય મોજાં અમારી નૌકા સાથે અથડાઈ, 'કર્ણ-શોણ' કહીને અમને વિદાય દેતાં હતાં! દૂર રાજમહેલના ઊંચા કળશ પર ભગવી ધજા ફરફરતી હતી!

ત્રણ

ગંગા છોડતાં જ દિગ્વિજયના રોમાંચકારી પ્રવાસની શરૂઆત થઈ. પૂર્વદિશા તરફ પ્રથમ વીસ જોજન પર ભદ્રાવતી નગર આવ્યું. એ નગરના રાજા હતા શ્વેતપર્ણ. ગુપ્તચર

દ્વારા અમારા દિગ્વિજય અંગેની માહિતી એમને પહેલેથી મળી ચૂકી હતી. યુદ્ધ ટાળવા માટે આંબાની ડાળીઓથી સ્વાગત-દ્વાર સજાવીને સુવર્ણ થાળમાં હીરા, માણેક મૂકી પોતાના મંત્રીઓ સહિત અમારું સ્વાગત કરવા તેઓ જાતે આવ્યા હતા! દિગ્વિજયનો આરંભ જ એક શુભ શરણાગતિથી થયો. એમણે અર્પણ કરેલી સંપત્તિ ગાડામાં ભરી અમારું સૈન્ય પૂર્વ દિશામાં આગળ ધપવા લાગ્યું. એ પછી આવનાર પહેલું પ્રબળ રાજ્ય હતું પાંચાલનું! શ્વેતપર્ણનું રાજ્ય છોડી પાંચાલ દેશ પહોંચવા માટે અમારે ફરી ગંગાનદી ઓળંગવાની હતી. આ પ્રવાસમાં સૌથી મોટું નડતર નદીનું હતું. એ માટે અમે અમારું શક્તિશાળી નૌકાસૈન્ય તૈયાર કર્યું હતું. આ માર્ગમાં કુશળ તરવૈયા અને સશક્ત માછીમારોની ભરતી પણ મુખ્ય હતી. જોકે પ્રત્યક્ષ યુદ્ધમાં તેઓ ક્યારેય ભાગ લેવાના નહોતા. ઊલટું એવે વખતે શિબિરોની છાવણીમાં તેઓ આરામ કરવાના હતા. દેશોદેશના નગરમાં ફરી નદીના પ્રવાહો ક્યાં ક્યાં પાર કરી શકાય તેમ છે એની માહિતી તેઓ કુશળતાથી મેળવનાર હતા તેમ જ તૂટીફૂટી નૌકાઓને સમારવાના હતા.

ભોજન તૈયાર કરનાર પાકશાસ્ત્રીઓના માર્ગ પણ જુદા હતા. તેઓ અને ડાઘુઓ પણ યુદ્ધમાં ભાગ લેનારા નહોતા. ભોમિયાઓ સૈનિકોને અને યોદ્ધાઓને ઢાલની જેમ કામ લાગવાના હતા. અમારું દિગ્વિજયી સૈન્ય એ એક બોલતુંચાલતું નગર જ હતું! એમાં જાતજાતના લોકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને એ સૌને પોતાના સેનાપતિ પર દૃઢ નિષ્ઠા હતી. આખી સેના શિસ્તબદ્ધ અને શ્રદ્ધાવાન હતી.

અમે પાંચાલ તરફ વાયુવેગે જઈ રહ્યા હતા. એ દેશના રાજા દ્રુપદ પાંડવપત્ની દ્રૌપદીના પિતા! રાજપુત્ર ધૃષ્ટદ્યુમ્ન સરળતાથી અમને વશ થાય તેવો નહોતો. યુદ્ધ કરીને એને હરાવવો જરૂરી હતો. વચ્ચે સાત દિવસનો પ્રવાસ હતો. ઠેકઠેકાણે અમારા પડાવ પડતા હતા. માર્ગમાં અમે સૃષ્ટિનાં અવનવાં સૌંદર્યનો આનંદ માણતા હતા. કળશ, કમરખ, કુમકુમ, સાતવણ, હલવણ, પલાશ, પાટલ જેવાં વિવિધ વૃક્ષો લીલાં ચામર ડોળી અમારા સૈન્યને તાજગી આપતાં હતાં. ગમે તેટલો પ્રવાસ થાય તોપણ કોઈ થાકતું નહોતું. હસ્તિનાપુર છોડ્યા પછી દસમા દિવસે અમે ફરી ગંગાકિનારે આવ્યા. પોતાના હાથમાંનો રાજદંડ મારા હાથમાં દેતાં પગે ચાલીને મોટાભાઈએ ગંગાના વિશાળ પટને ઘૂંટણે પડીને પ્રણામ કર્યાં.

'શોણ, આ નદી નથી, માતા છે એમ મને હંમેશ લાગ્યું છે! કેમ તે હું જાણતો નથી! તને યાદ છે, ચંપાનગરીમાં નાનો હતો ત્યારે હું એનાં મોજાંને કેવો એકીટશે જોઈ રહેતો'તો? તે વખતે તું છીપલાં ભેગાં કરતો'તો!' મોટાભાઈએ મને યાદ કરાવ્યું.

'હા!' ચંપાનગરીમાં આપણે હતા ત્યારે એક વાર તું આખી રાત એનાં પાણીમાં ઊભો રહ્યો હતો! સવારે પાછા ફરતાં રાધામાતાએ એ માટે તને વારંવાર પૂછ્યું હતું, 'મોટાભાઈ, ખરેખર તને ગંગા પ્રત્યે આટલું બધું આકર્ષણ કેમ છે?'

'રાજહંસને માનસરોવરનું, ગરુડને પર્વતશિખરનું, વીજને આકાશનું આકર્ષણ કેમ હોય છે એ કહી શકાય છે? નહિ શોણ, આ નદીનું મને કેમ આકર્ષણ છે તે હું ક્યારેય કહી શકું તેમ નથી! આમ જો.' એમણે પોતાના હાથ પર બાંધેલી ચાંદીની ડબી કાઢી મારી સામે ધરી! આ ડબી રાધામાતાએ ચંપાનગરી છોડતી વખતે મને આપી હતી. શા માટે?

આવડી નાની ડબી એણે મને કેમ આપી હતી એ તું જાણે છે?' આ ડબીને ગંગાનાં પાણીમાં ધોઈને સ્વચ્છ કરતાં એમણે મને પૂછ્યું. જવાબ મેળવવા મારી તરફ જોયું. એટલામાં એ ડબી પાણીમાં સરી પડી. છીછરો પટ હોવાથી તે પાણીમાં તરવા લાગી! હિલોળા લેવા લાગી!

'સંભાળ એને! નહિતર રાધામાતાની આ ભેટનું તેં પ્રેમથી આજ સુધી જતન કર્યું છે તે ભળતાના હાથમાં જતી રહેશે!' મેં એ તરતી ડબી તરફ આંગળી ચીંધીને કહ્યું. એણે પાસે જઈ ઝપટ મારીને એ ડબી પકડી લીધી. મેં એના હાથ પર ફરી બાંધી દીધી.

'શોણ, આ નદીકાંઠા સાથે મારી અનેક સ્મૃતિઓ સંકળાયેલી છે. આ જ નદીને સામે કાંઠે મારો પહેલો પુત્ર – સુદામન ચિરનિદ્રામાં પોઢી ગયો હતો.

સુદામનની યાદે મારું હૃદય સહેજ વાર દ્રવી ઊઠ્યું. તેઓ કહેતા હતા તે યોગ્ય જ હતું. સુદામનને આશ્રય દેનારી ઉદાર આશ્રયદાત્રી તરીકે મેં આ નદીને પ્રણામ કર્યાં. મોટાભાઈની લાગણીઓમાં હું સમરસ થઈ ગયો.

હવે અમારો પ્રવેશ પાંચાલીના પ્રબળ રાજ્યમાં થયો હતો.

ચાર

કાંપિલ્યનગર! રાજનગરી અમારી સામે સ્પષ્ટ દેખાવા લાગી. હવે મહાન સંઘર્ષ શરૂ થવાનો હતો. આ જ નગરમાં સ્વયંવરના મત્સ્યયંત્રે ઘરઘરાટ કર્યો હતો. સુદામનનો દેહ અહીં પડ્યો હતો. ન બનવાનું બન્યું હતું. આ જ પાંચાલના રાજનગરમાં!

દ્રુપદરાજા પાસે મોકલેલા દૂતને ધૃષ્ટદ્યુમ્ને આપેલો ઉત્તર સાંભળી સૌ ખિન્ન થઈ ગયા. અમારા દૂતને એણે કહ્યું હતું, 'તારા સેનાપતિને કહી દે, તારા અભેદ્ય કવચને સળગાવી દેવા અગ્નિપુત્ર ધૃષ્ટદ્યુમ્ન તૈયાર છે!' એ સંદેશ સાંભળતાં જ તમામ સેનાપ્રમુખોના દેહમાં આગ ફરી વળી.

'કાંપિલ્યનગર!' નગરની દિશા તરફ આંગળી ઊંચી કરીને મોટાભાઈએ સૈન્યોને હુમલો કરવાનો આદેશ દીધો! નગર બહારના વિશાળ પટાંગણમાં પાંચાલના અને અમારા સૈન્ય વચ્ચે અથડામણ થઈ. ધૃષ્ટદ્યુમ્ન પોતાના ભાઈઓ – યુધામન્યુ, સુરથ અને શત્રુંજય સહિત પાંચાલ સૈન્યમાં આગલી હરોળમાં ઊભા હતા.

એના અંગ પર બાણોની વર્ષા વરસાવતાં સંતપ્ત મોટાભાઈ ગર્જ્યા, 'ધૃષ્ટદ્યુમ્ન, આ કવચ સળગવાનું નથી, કોઈકને સળગાવવાનું છે!' બંને વચ્ચે ઘનઘોર યુદ્ધનો આરંભ થયો. બાણ ફેંકી ફેંકીને ધૃષ્ટદ્યુમ્ન થાક્યો! તલવાર લઈને તે ક્રોધથી મોટાભાઈ પર તૂટી પડ્યો પણ એમની પાસે એની કંઈ જ કારી ફાવી નહિ. સૂર્યાસ્ત થવાથી એ દિવસનું યુદ્ધ વિરામ પામ્યું. સૈનિકો શિબિરમાં પાછા ફર્યા.

બીજે દિવસે સૌ પ્રથમ યુધામન્યુ આગળ આવ્યો પણ વિજયના આવેશમાં ખળભળી ઊઠેલા મોટાભાઈએ એને એક ક્ષણમાં ધૂળ ચાટતો કરી દીધો. પછી ધૃષ્ટદ્યુમ્ન સાથે અથડામણ થઈ. સૂર્ય માથે આવતો ગયો તેમ ધૃષ્ટદ્યુમ્નને મોટાભાઈ સમક્ષ ઊભા રહેવાનું અશક્ય બનતું ગયું. બંને સૈન્યના હયદળ, પાયદળ, હસ્તિદળ એકમેકને ભીડતા હતા. મારી સામે પાંચાલપુત્ર સુરથ ઊભો હતો. મોટાભાઈએ ધૃષ્ટદ્યુમ્નને નિઃશસ્ત્ર બનાવી દીધો!

નીચું મોં કરી તે સૂતપુત્ર સમક્ષ દીનપણે ઊભો રહ્યો! કાંપિલ્યનગરના સેનાપતિ વિનાના સૈનિકો પલાયન થવા લાગ્યા. પાંચાલદેશ પડ્યો! અરિષ્ટસેને વૃદ્ધ દ્રુપદરાજાને મોટાભાઈ સમક્ષ હાથ બાંધીને ઊભા કર્યા. અમારી વિજયસેનાએ કુરુરાજ્યનો મોટેથી જયઘોષ કર્યો.

'છોડો! રાજાના હાથ છોડો!' તીવ્ર અણગમા સાથે અરિષ્ટસેનને એમણે આજ્ઞા કરી. દ્રુપદરાજાએ વિસ્મયથી ડોક ઊંચી કરી પૂછ્યું,

'શી અપેક્ષા છે, અંગરાજ?'

'ખંડણી!' દ્રુપદના સુવર્ણમુગટ પર દૃષ્ટિ સ્થિર કરીને અમારા સેનાપતિએ કહ્યું.

'શું આપું? ગોધન, સુવર્ણ, રત્ન, હીરા કે દાસદાસી?' દ્રુપદે નત મસ્તકે પૂછ્યું.

'રાજા, તેં જણાવેલી તમામ સંપત્તિ કુરુના ભંડારમાં પડી પડી સડી રહી છે! હું માગું છું તે ખંડણી જુદી જ છે!' મોટાભાઈએ ભવાં ઊંચાં કરી તેને કહ્યું.

'કઈ?' આશ્ચર્યથી એ વૃદ્ધના લલાટ પર વધુ રેખાઓ તણાઈ. એમની આંખો ભયથી કંપતી હતી.

'મારા પુત્રની સમાધિની! રાજા, તારે જ હાથે મારા સુદામનની સમાધિ ઊભી થવી જોઈએ! આ કાંપિલ્યનગરીમાં જ! ગંગાકિનારે! બોલ છે કબૂલ? આજ ને આજ એક જ રાતમાં!' એના ધરખમ અવાજથી શિબિરના પડદા ધ્રૂજી ઊઠ્યા.

એ વૃદ્ધ રાજાની શાંત મુદ્રા ભૂતકાળની કટુ સ્મૃતિથી અસ્વસ્થ થઈ ગઈ. એણે માથું હલાવી સંમતિ દર્શાવી: કુરુનો રાજદંડ પાંડવના સસરાએ માન્ય કર્યો! એક જ રાતમાં સુદામનની સમાધિ ગંગાકિનારે ઊભી થઈ ગઈ! અમે કાંપિલ્યનગર છોડવાની તૈયારીમાં પડ્યા. પ્રાતઃકાળે પાંચાલનો મંત્રી ખંડણીની તાસક લઈ અમારી સમક્ષ ઊભો રહ્યો! એ તાસક જોઈ મને નવાઈ લાગી. મોટાભાઈએ તો એક પણ પ્રકારની ખંડણીની માગણી કરી નહોતી તોપણ એણે મોકલી હતી. આટલા લાંબા સમય પછી દ્રુપદે કર્ણને પારખી લીધો હતો.

પાંચ

સુદામનના મૃત્યુ પછી પંદરેક વર્ષે બાંધેલી શ્વેત સમાધિ પર પાંચાલ રાજ્યના વિખ્યાત મધુમાલતી ફૂલ ચડાવી અમે કાંપિલ્યની વિદાય લીધી. પાંચાલ દેશનાં પતનનાં સમાચાર લઈ દૂત હસ્તિનાપુર તરફ ગયો. એ વૃષાલીભાભીને સુદામનની સમાધિનાં સમાચાર આપશે. મેં જ એને આ સૂચના આપી હતી. એ વ્યાકુળ માતાને એથી થોડીઘણી માનસિક શાંતિ તો મળશે.

પાંચાલ દેશ છોડતાં જ અમારું સૈન્ય કોસલ રાજ્ય તરફ સરકવા લાગ્યું. વિજયના ઉન્મેષથી સૈનિકોનો ઉત્સાહ વધ્યો હતો. તેઓ ધનુષ્યમાંથી બાણ છૂટે તેમ દોડતા હતા. હસ્તિનાપુર છોડ્યાને અમને પંદર દિવસ થયા હતા. વિજયાનંદમાં ઉન્માદ બનેલા યોદ્ધાઓ નદીના પૂર વેગે દોડતા હતા. કાલકૂટ રાજ્યની સીમા આવી. હવે અમારી સામે સૌથી કઠિન પ્રશ્ન હતો નૈમિષારણ્યનો! આટલું ગીચ, ઘનઘોર જંગલ આટલા અફાટ સૈન્ય સાથે કેમ પાર કરવું? પાર કર્યા સિવાય કોસલ દેશમાં પ્રવેશ કરવો અસંભવ હતો. નહિતર માર્ગ બદલી કાશી રાજ્યને લક્ષ્ય બનાવી આગળ ચાલવું પડે તેમ હતું. ઘોડેસવારી કરીને ગંગાને કિનારે કિનારે દોડીએ તો જ કાશી રાજ્ય પહોંચાય તેમ હતું. એ દિશાએ અમે આગળ જઈએ તો

કાલકૂટ, કોસલ અને કિરાત આ ત્રણે રાજ્ય અમારા દિગ્વિજયના માર્ગથી એકદમ અલગ પડી જતા હતા. આથી જ પહેલાં કૌશલને નજર સામે રાખી અમારો ધ્વજ આગળ ધપતો હતો. નૈમિષારણ્યનું આહ્વાન સ્વીકારીને!

માગસર વદ શરૂ થયો હતો. ચાંદની ન હોવાથી રાત્રે પ્રયાણ મુલતવી રાખવું પડતું હતું. ઠેરઠેર છાવણીઓ પડતી હતી. વદ ચોથે અમે નદી ઓળંગી હતી. હવે સામનો કરવાનો હતો તે નૈમિષારણ્યનો! ત્રણ દિવસના કષ્ટમય પ્રવાસ કરી વદ સાતમે ઠંડીમાં સૌને થિજાવી દેતી વહેલી સવારે અમે નૈમિષારણ્ય નજીક આવી પહોંચ્યા. એ અરણ્ય જોતાં જ સૌ અવાક્ થઈ ગયા! ધુમ્મસ આચ્છાદિત અનેક વૃક્ષો-મહાવૃક્ષોના પર્વત જાણે બે બાજુ હાથ ફેલાવીને ઊભા હતા! મેદાન સપાટ હોવા છતાં અરણ્ય ઘનઘોર હતું. અમારી છાવણી એની પાસે સાવ ક્ષુદ્ર લાગતી હતી!

અરુણોદય થયું. ગોફણ નાંખતાં જ પક્ષીઓનાં ઝુંડનાં ઝુંડ આકાશમાં ઊડવા લાગે તેમ સૂર્યકિરણનાં તેજે વાદળોના ઢગને ઉડાવી દીધા. ધુમ્મસ ચાલી જતાં સ્પષ્ટ દેખાતું હરિયાળું અરણ્ય વધુ ભયાનક દેખાવા લાગ્યું. સ્યેન, સારંગ, ધનછડી, ચિત્રરથ, ચંડોળ, ભારદ્વાજ, પત્રરથ, કોકિલ જેવાં અનેક પક્ષીઓ એકાએક કિલબિલ કરવાં લાગ્યાં. રાત્રિકીટ તમરાં પણ પોતાનું નામ ખોટું સાબિત કરતાં હોય તેમ દિવસે ત્રમ્ ત્રમ્ કરવા લાગ્યા! આટલું ઓછું હોય તેમ વાઘ જેવા હિંસક પ્રાણીઓએ ગર્જના કરી સૌને થથરાવી નાખ્યા.

અમારી સામે ભયંકર પ્રાકૃતિક પડકાર હતો! શું કરવું? હવે આ ગીચ જંગલને કેમ પાર કરવું? કોઈ ઉપાય શોધવા મારી છાવણીમાં તમામ સેનાપ્રમુખો હાજર થયા. તેઓ યુદ્ધનીતિમાં નિપુણ હતા તોપણ તેઓની આજે બુદ્ધિ ચાલતી નહોતી! અરિષ્ટસેન, સંઘમિત્ર, હિરણ્યવર્મા, વ્યાઘ્રશર્મા, વીરદત્ત જેવા કોઈનેય ઉપાય સૂઝતા નહોતા! હવે આટલા વિશાળ સૈન્ય સાથે પીછેહઠ કરવી શક્ય નહોતી. સૌ વિચારમગ્ન હતા. એટલામાં પ્રાતઃકાળના નિત્યકર્મથી પરવારી મોટાભાઈ હસતો હસતો છાવણીમાં દાખલ થયો. સૌ શિર ઝુકાવીને ઊભા હતા.

'કેમ શોણ, તમે સૌ અવાક્ કેમ છો?' એણે સોનેરી ભવાં ચડાવતાં ઉમેર્યું.

'આ જંગલ કેમ પાર કરવું? સૈન્યનો માર્ગ હવે બદલવો પડશે!' મેં નૈમિષારણ્ય તરફ આંગળી ચીંધી સૌની મૂંઝવણ વ્યક્ત કરી.

'જંગલ!' ડાબા હાથની ગુલાબી હથેળી પર જમણા હાથની મજબૂત મુઠ્ઠીને જોરદાર વાળીને પોતાના પગ તરફ જોતાં તે બેઘડી વિચારમાં ખોવાઈ ગયો. એના પગની લાંબી, પુષ્ટ, તેજસ્વી આંગળીઓ સળવળી. તરત ડોક ઊંચી કરીને તેણે દૃઢ નિશ્ચયથી હિરણ્યવર્માને કહ્યું, 'હિરણ્યવર્મા, એક સરસ હૃષ્ટપુષ્ટ તેજગતિવાળો અશ્વ લે અને આ જંગલમાં કોઈ ઋષિનો એકાદ આશ્રમ અને એકાદ નદી છે કે નહિ તેની ખાતરી કરીને પાછો આવ. જા જલદી.'

'જેવી આજ્ઞા–' હિરણ્યવર્મા તલવાર લઈને છાવણી બહાર સડસડાટ નીકળી ગયો. જંગલ તરફ દોડતા ઘોડાના દાબડાનો ટપટપ અવાજ સ્પષ્ટપણે સંભળાતો હતો.

'શોણ, આપણા સૈન્યને મદ્યનો પુરવઠો પૂરો પાડનાર નાયકનું નામ શું છે?' એમણે અસંબદ્ધ પ્રશ્ન પૂછ્યો.

'સોમપર્ણ.' મેં વિસ્મય છુપાવી જવાબ આપ્યો.

'એને બોલાવી લે!'

એક સૈનિકને મોકલી મેં સોમપર્ણને તત્ક્ષણ હાજર કર્યો. એ આવ્યો કે તરત જ એની નજીક જઈ મોટભાઈએ એને પૂછ્યું, 'સોમર્પણ, સોમરસને વધુ માદક બનાવવા એમાં તું શું નાખે છે?'

'મહુડાનાં માદક ફૂલ!'

'જા. તારા સેવકોને હમણાં જ આ જંગલમાં મોકલી જેટલા બની શકે તેટલાં મહુડાનાં ફૂલ અને સોમવલ્લી લાવવાનું કહી દે!'

'જેવી આજ્ઞા–' સોમર્પણ ચાલ્યો ગયો. છાવણીની તડમાંથી એના કાર્યક્ષેત્રના સેવકો જંગલ તરફ જતા દેખાવા લાગ્યા.

મોટાભાઈની અસંગત યોજનાનો આશય મને સમજાતો નહોતો! અમે દિગ્વિજય માટે નીકળ્યા છીએ કે મદ્યપાન માટે! આ શંકા દૂર કરવા મેં પૂછ્યું, 'આ તેં શું માંડ્યું છે?'

'શોણ, આપણા સૈન્યમાં સત્યાશી હજાર હાથી છે. એમાંથી ચાલીસ હજાર હાથીને સોમપર્ણ હમણાં જ ઘડાના ઘડા ભરીને તૈયાર કરેલો દારૂ પાશે! દારૂ પીને મત્ત બનેલા હસ્તિદળના હાથીઓને ભાલાધારી સૈનિકો પાછળથી સતત ભાલાની અણી ખોંચતા રહેશે! વેદનાથી પીડાતા હાથીઓ આ જ જંગલમાં ચિત્કાર કરતાં ઘૂસશે! એમની પ્રચંડ શક્તિ પાસે આ ઊંચાં ઊંચાં વૃક્ષો કડડભૂસ કરતાં તૂટી પડશે! આપણા વિરાટ હસ્તિદળના મત્ત હાથી આગળ દોડવા માટે આ તૂટી પડેલાં વૃક્ષોના ઢગલાને એમની સૂંઢથી દૂર કરશે! એમને પ્રેરણા મળતી રહે એ માટે એમાં અડધાથીય વધુ હાથણીઓ હશે!' છાતી પર હાથ રાખી એ સૌની તરફ નજર કરતાં એકદમ સહજપણે બોલતા હતા. શાંતિથી બોલતા હતા! સેનાપતિની દઢતા એના પુષ્ટ અને તેજસ્વી ગોળમટોળ ચહેરા પર વર્તાતી હતી. નીલી આંખો ચમકતી હતી.

'તો પછી હિરણ્યવર્માને શા માટે આગળ મોકલ્યો? ઋષિનો આશ્રમ અને નદીને શું લેવાદેવા?'

'આ જંગલમાં ઋષિનો આશ્રમ હોય તો આ મદોન્મત્ત હાથીના પગ તળે તેઓ કચડાઈ ન જાય એનું ધ્યાન રાખવું જોઈએ! ઋષિ આપણા સૈન્યને શાપ ન દઈ દે એ માટે!' એમણે મને આશ્ચર્યવિમૂઢ કરી દીધો.

'અને નદીનું શું?' મને એની યોજના સંરક્ષણાત્મક લાગી. એના વિશાળ લલાટ તરફ જોતાં મેં પ્રશ્ન કર્યો. એના બુદ્ધિમાન નેતૃત્વનું મને અભિમાન હતું! 'આગળ જઈ આ મદોન્મત્ત હાથી એ નદીમાં મનભરીને ડૂબકીઓ મારશે! જળવિહારથી તૃપ્ત થશે, એમની મસ્તી ધીરેધીરે ઊતરવા લાગશે! આ જ માર્ગે આપણો આપગળનો પ્રવાસ ચાલુ રહેશે!' એની નીલી આંખો કોઈ અનોખા તેજથી ચમકતી હતી. એનાં અસીમ સામર્થ્યની પ્રતીતિ મને ઘણી વાર થઈ હતી, પરંતુ સેનાપતિમાં કેવી યોજના-કુશળતા હોવી જોઈએ એનો મને પહેલી વાર અનુભવ થયો. એની પ્રગલ્ભ બુદ્ધિનો આટલો પ્રભાવ મેં ક્યારેય કોઈનામાં જોયો નહોતો. બુદ્ધિમાન સેનાપતિની આવી એકાદ યોજના જ સૈનિકોને અનેક કષ્ટોમાંથી બચાવી લે છે.

અડધા કલાકમાં હિરણ્યવર્મા જંગલમાંથી પાછો આવ્યો. એનાં અંગ પરનાં વસ્ત્રો ચારેબાજુથી ફાટી ગયાં હતાં, છાતી હાંફતી હતી.

'મહારાજ, જંગલમાં ક્યાંય આશ્રમ નથી પણ ખૂબ દૂર એક મોટી નદી છે. મને લાગે છે કે એ સૂર્ય નદી હોવી જોઈએ!' એણે શ્વાસ રૂંધીને પ્રણામ કરતાં જણાવ્યું. એને એનાં ફાટેલાં વસ્ત્રોનું પણ ભાન નહોતું.

અમારા સેનાપતિના ચહેરા પર તરત હાસ્યની લહર ફરકી ગઈ. ડોળા ચમકવા લાગ્યા.

'બસ આ જ જોઈએ! આશ્રમ નહિ, નદી જ જોઈએ!' આસન પરથી ઊઠીને હિરણ્યવર્મા તરફ પોતાની આંગળીમાંની વીંટી ફેંકતાં મોટાભાઈ આનંદમાં આવી જઈ બોલ્યા.

અમે સૌ છાવણીમાંથી બહાર નીકળ્યા. જંગલ પાર કરવાના દૃઢ નિર્ણય સાથે!

૭

ચાલીસ હજાર હાથી અને હાથણીઓની પીઠ પરથી અંબાડી અને નૌકા ઉતારી લેવામાં આવ્યાં. મહાવતે એમના અંકુશ પણ દૂર કર્યા! સોમપર્ણ મહુડાનાં ફૂલ સોમરસમાં કાલવી માદક દારૂ તૈયાર કરવામાં વ્યસ્ત હતો. સૈન્ય રચના એકદમ બદલી નાખી. નિરંકુશ હાથીઓના દળને આગળ કરવામાં આવ્યું.

'આ હાથીઓની પાછળ ઘોડેસવાર રાખીએ તો?' સૂંઢને સતત હલાવતા એ વિશાળ નિરંકુશ હસ્તિસૈન્ય તરફ આંગળી ચીંધીને મેં અંગરાજને પૂછ્યું.

'ના! આ હાથીઓની પાછળ માલસામાન લઈ જનાર પાયદળ રહેશે. એમની પાછળ હયદળ રહેશે.'

'કેમ?' મને એની યોજનામાં સલામતી દેખાતી નહોતી.

'આગળ હાથીઓ ગમે તેટલા વિધ્વંશક હોય તોપણ જંગલી કાંટાળી વાડને તેઓ ઉખેડી શકશે નહિ! આ કાંટાળી વાડથી ભારવાહકો જખમી થશે. એમની પાછળ આવતા ઘોડેસવારો જખમીઓને ઊંચકીને ઘોડા પર બેસાડશે! આથી એક પણ સૈનિક પાછળ નહિ રહી જાય!' હંમેશની જેમ એમણે શાંતિથી જવાબ આપ્યો. પોતાના પ્રત્યેક સૈનિકનું કેટલી દક્ષતાથી ધ્યાન રાખે છે એ જોઈ હું નવાઈ પામી ગયો.

એની સૂચના પ્રમાણે આગળ નિરંકુશ હસ્તિસૈન્ય એની પાછળ ભાલાધારી ભોમિયાઓ, ભારવાહકો, પાયદળ, એની પાછળ ઘોડેસવારો અને સૌથી છેલ્લે બાકી રહેલા તમામ હાથીના નાયકો – આવી વિચિત્ર વ્યૂહરચના આ જંગલને લીધે કરવી પડી!

આ સૈન્યરચના તૈયાર થતાં જ આગળ ગોઠવેલા હાથીઓને માદક દારૂ ઘડાના ઘડા ભરીને પાવામાં આવ્યો. એમની અસંખ્ય સૂંઢ તેજગતિએ ઉપરનીચે થવા લાગી. એમનો સતત ચીં...ચીં ચિત્કારે જંગલનાં પક્ષીઓનાં અને અમારી સેનાનાં વાદ્યોના અવાજને ઓગાળી દીધો. દેહમાં દારૂની અસર થતાંવેંત ભાલાધારીઓએ એમને ભાલાની અણી સતત ભોંકવાની શરૂઆત કરી! મદોન્મત્ત બનેલા હજારો હાથીઓ પોતાના ભારેખમ શરીરને જાળવીને પર્વતીય ઝરણાંની જેમ જંગલમાં ઘૂસ્યા! 'કાડ... કાડ... ધમ ધમ અવાજ ચારેબાજુ ફેલાઈ ગયો.

કાંચન, કિંશુક, કણ્હેર, હેળા, હિરડ, અશોક, પુન્નાગ, તાલ, તમાલ, ખદીર, ઔદુંબર, શિવણ, સાંતવણ, ડંડણી, પાટલ, મોહ, મધુક, પલાશ, શિરસ, પિપ્પલ, કિજલ જેવાં અનેક વૃક્ષો કડડભૂસ કરતાં ભોંય પર તૂટી પડ્યાં! હાથીઓના ચિત્કારથી ભયભીત બનેલાં પક્ષીઓ માળા છોડીને કલબલાટ કરતાં દૂર દૂર ઊડી ગયાં. સૂર્યકિરણ માટે તલસતી અરણ્ય વૃક્ષોથી આચ્છાદિત ધરતી પાવન થઈ ગઈ. આજ એમને પહેલી વાર સૂર્યદર્શન થતાં હતાં! ઘડી પહેલાં અમને મૂઢ બનાવી દેનાર આ જંગલે જ અમને માર્ગ કરી આપ્યો. એ જોઈ મારાથી રહેવાયું નહિ. મેં હાથ ઊંચા કરી ઘોષણા કરી, 'સેનાપતિ અંગરાજ કર્ણનો...'

'જય હો!' ચારેબાજુથી મને પ્રતિસાદ મળ્યો. હાથીની પાછળ જંગલમાં પ્રવેશતાં જ લાખ લાખ મુખેથી આ આનંદના ઉદ્‌ગારો સર્યા હતા. એ અવાજ હાથીઓના ચિત્કારને ભેદી શકે એટલો મોટેથી નીકળ્યો હતો! નૈમિષારણ્યના આ વિશાળ રાજ્યને અમે વટાવ્યું.

અમે સૂર્યકાંઠે આવ્યા. જંગલનો પરાભવ કરી મત્તપણે ચિત્કાર કરતાં વિજયી હાથીઓએ સૂર્યનદીના જળમાં એકસાથે ડૂબકી મારી. એમની જલક્રીડાથી સૂર્યનું નિર્મળ પાણી મલીન થઈ ગયું! હવે બે દિવસ સુધી ભલે પાણીમાં ડૂબકી માર્યા કરે. સૂર્યનદીનો પટ જોતાં મને અચાનક હસ્તિનાપુરની સ્મૃતિ થઈ આવી.

અમે કાલકૂટ રાજ્યમાં આવ્યા હતા. આ રાજ્યમાં જીતવા જેવું કંઈ નહોતું અને જૂજ માણસોની વસ્તીવાળા રાજ્યમાંથી ખંડણી પણ મળવાની નહોતી છતાં અમારા પ્રવેશની જાણ થતાં જ એમણે અમારા સૈનિકોને અરણ્યફળ અને મધુર મદ્યની ભેટ આપી. હવે કૂચ કરવાની હતી અયોધ્યા તરફ! કોસલદેશની રાજધાની! કોસલ નક્કી વિરોધ કરશે જ. માગસર માસ પૂરો થવા આવ્યો હતો. હસ્તિનાપુર છોડ્યાને એક મહિનો થયો. અમે નૈમિષારણ્ય પસાર કર્યાના સમાચાર લઈ દૂત કુરુ રાજ્ય જવા નીકળી ગયો.

સાત

સૂર્યને કિનારે ફરી પૂર્વવત્ સૈન્યની રચના કરવામાં આવી. આરામ મળવાથી પ્રફુલ્લિત થયેલા સૈનિકો ફરી બમણા ઉત્સાહથી આગળ પ્રયાણ કરવા તૈયાર થઈ ગયા. રણભેરી, શંખ, ગોમુખ અને દુંદુભિના અવાજોથી સૂર્યની એક એક લહર કંપી ઊઠી. સેનાપતિનો જયઘોષ થયો. સૂર્યને કાંઠે જ અયોધ્યા છે એ માહિતી ગુપ્તચરે અમને ક્યારની આપી દીધી હતી. આથી નદીને કિનારે કિનારે અમારું સૈન્ય પહેલાંની જેમ દોડવા લાગ્યું. ધ્વજ ફરકવા લાગ્યો. રાજદંડ ચમકી ઊઠ્યો.

બે દિવસની દોડ પછી અયોધ્યા દેખાયું. આ નગરમાં દશરથપુત્ર રામના વંશજ શિઘ્રનું રાજ્ય હતું! એમનો મરુ નામે પુત્ર વિખ્યાત યોદ્ધો હતો. અમારા હસ્તિસૈન્યે ગંદું કરેલું પાણી સૂર્યનદીમાં વહેતું જોઈ તે એકદમ સાવધ થઈ ગયો હતો! નગરની આજુબાજુની ખાઈઓ પાણીથી ઊભરાતી હતી પણ ગંગા, યમુના અને ગોમતી જેવી વિશાળ નદી ઓળંગનારાં અમારાં સૈન્યને આ નાની નાની ખાઈઓ શી વિસાતમાં?

સૌએ એકીસાથે જોરથી ઘોષણા કરી ખાઈ ઓળંગી. રાજા શિઘ્ર પોતાના પુત્ર મરુ સહિત ખાઈઓને ઘેરીને યુદ્ધ કરવા માટે અડગતાથી ઊભા હતા. એણે ધનુષ્ય હાથમાં લઈ મોટેથી ઘોષણા કરી, 'પ્રભુ શ્રીરામનો...'

'વિજયી હો!' એની ઘોષણાને એના સૈન્યે પ્રતિસાદ દીધો. સામસામી તલવારો ટકરાઈ. કુરુવંશનાં બાણ રઘુવંશનાં બાણ સાથે ટકરાયાં! મોટાભાઈની સામે રાજા શિઘ્ર ઊભા હતા. મારી સામે એનો પુત્ર મરુ. ભીષણ સંગ્રામ શરૂ થયો. ખાઈઓ બાણથી ઊભરાવા લાગી. હજી પણ દારૂની અસર હાથીઓમાં વર્તાતી હતી. હાથીઓ કોસલના પાયદળને પગ નીચે કચડી રાજમહેલના બંધ મહાદ્વાર સાથે ટકરાયા! ધક્કો મારીને એમણે મહાદ્વાર ખોલી નાખ્યો. કળશ પરના કોસલનો રાજધ્વજ અર્થે ઇક્ષ્વાકુ, દિલીપ, રઘુ, અજ, દશરથ, રામ, કુશ, અતિથી, નિષધ, નલ, નભ, પુંડરિક, ક્ષેમધન્વા, દેવાનિક, પારિયાત્ર, સહસ્રાશ્વ, બલ, સ્થલ, વજનામ, ખગણ, વિધૃતી, હિરણ્યનભ, પુષ્ય, ધ્રુવસંધી, સુદર્શન અને અગ્નિવર્ણ જેવા વિખ્યાત નરવીરોએ લોહીની નદીઓ વહેવડાવી હતી એ રાજમહેલના શિખર પરનો માનધ્વજ કોઈએ નીચે ઉતાર્યો! મોટાભાઈના અમોઘ અને અચૂક બાણોથી ઘાયલ થયેલો રાજા શિઘ્ર રથમાં ઢળી પડ્યો હતો. મરુને અમારા સૈનિકોએ બંદીવાન કર્યો હતો. માત્ર થોડા જ કલાકોમાં કોસલ દેશનો પરાભવ થયો. ખાઈમાંનું પાણી લોહીના રંગે રંગાઈ ગયું. અયોધ્યા! રામચંદ્રની વિખ્યાત નગરી!

વાયુજિત અશ્વ પરથી ઊતરી, પગે ચાલી મહેલના એ પ્રાચીન ભવનમાં પ્રવેશતાં જ મોટાભાઈ મહાદ્વાર પાસે ઘડીભર થંભી ગયા. એમના ચહેરા પર વિજયી સેનાપતિનો ભાવ નહોતો.

'કેમ ઊભો રહી ગયો?' મેં કુતૂહલવશ પૂછ્યું.

'શોણ, પાંડવો વનવાસ ગયા પણ જુગારને કારણે! આ મહાદ્વારેથી સદીઓ પહેલાં એક એવા વચનપ્રિય રાજાએ વનવાસ માટે પ્રસ્થાન કર્યું હતું, કે એમની પિતૃભક્તિથી ભલભલાનાં હૃદય દ્રવી જાય. કેવળ પિતાના વચનપાલનને ખાતર આ મહાદ્વારેથી દશરથ પુત્ર રાજા રામચંદ્ર પોતાના ભાઈ લક્ષ્મણ અને પત્ની સીતા સહિત ચૌદ વર્ષના વનવાસ માટે હસતાં હસતાં બહાર પડ્યાં હતાં! એ જ આ અયોધ્યા, એ જ આ મહાદ્વાર!' આ દિવ્ય મહાપુરુષની સ્મૃતિમાં અમે થોડી વાર માટે યુદ્ધની ભયંકરતા પણ વીસરી ગયા.

રાજમહેલમાં પ્રવેશતાં જ રઘુવંશ રામે વિભૂષિત કરેલા રાજસિંહાસનને મોટાભાઈએ નીચે નમીને પ્રણામ કર્યાં! એમના આ વર્તનથી હું વિમાસણમાં પડી ગયો. વિજયી સેનાપતિ જીતેલા સિંહાસનને નીચે નમી પ્રણામ કરે એ વિચિત્ર લાગતું હતું, પરંતુ મોટાભાઈની બાબતમાં ગમે તે ઘટના બને એ મને સદાય માન્ય જ રહેતી. તે રાજસિંહાસનને પ્રણામ કરીને અટક્યો નહિ. ઝટપટ તમામ પગથિયાં ચડી સીધો તે રાજમહેલના મસ્તક પર રહેલા ઈષાદંડ પાસે પહોંચ્યો. કોઈએ ઉતારી નાખેલો કોસલનો ધ્વજ એણે સ્વહસ્તે ઊંચે ચડાવ્યો! ધ્વજની દોરી હાથમાં લઈ તેણે ત્યાંથી ઘોષણા કરી, 'રાજા શ્રીરામચંદ્રનો...'

'વિજય હો!' અમારા અને કોસલના – બંને સૈન્યમાંથી જયજયકારનો ધ્વનિ ઘૂમી વળ્યો! સૂર્યનદી પણ રોમાંચિત થઈ ગઈ! રાજા શિઘ્રની આંખમાં ઝળઝળિયાં બાઝ્યાં! શેનાં હતાં એ? પરાભવના? ખેદના? પોતાના પૂર્વજોની સ્મૃતિનાં? કે... કે એક અદ્વિતીય વીરપુરુષનાં દર્શનથી ધન્ય બનેલા ક્ષત્રિયનાં હૃદયનાં? એ રહસ્ય અકળ હતું!

નીચે ઊતરી શિઘ્ર મોટાભાઈ પાસે આવ્યા. તેઓ આવેશમાં આવી જઈ અમારા

સેનાપતિને ભેટી પડ્યા. મેં મરુને બંધનમુક્ત કર્યો. એ પણ મને ભેટી પડ્યો. રામરાજ્યની આ પવિત્ર નગરીમાં અમે બે દિવસ સુધી આતિથ્ય માણ્યું. અમારી નસમાં વિજય ધબકતો નહોતો. જયપરાજયની ભાવનાથી અમે અસ્પૃષ્ટ હતા. આ જગતમાં નથી કોઈ વિજેતા કે નથી કોઈ જીત – એ સત્ય હકીકત છે.

ત્રીજે દિવસે જે સિંહાસન પર પાદુકા મૂકી ભરત રાજાએ ચૌદ વરસ રાજ્ય કર્યું હતું એ સિંહાસન પર સુગંધી પુષ્પ ચડાવી અમે અયોધ્યામાંથી પ્રયાણ કર્યું. હવે પોષ મહિનો શરૂ થયો. કડકડતી ઠંડી થોડી ઓછી થઈ હતી. ખેતરે ખેતરે ઘઉંના ઊભા મોલ હતા. પવનના ઝોંકાથી એ ડૂંડાં ડોલતાં હતાં. અમારું સૈન્ય કિરાત રાજ્ય તરફ કૂચ કરી રહ્યું હતું.

આઠ

ઈરાવતી નદી ઓળંગીને કુશીનગર, શ્રાવસ્તી, કપિલવસ્તુ જેવા કોસલદેશના વિખ્યાત નગરો અમે વટાવ્યા. હવે અમારું નિશાન હિમાલય ભણી હતું. કિરાત રાજ્યના કાષ્ટમંડપ પર અમારે ચડાઈ કરવી હતી. એ માટે ગંડકી નદી પાર કરવી જરૂરી હતી. એક પછી એક રોમાંચક વિજય મળવાથી સૈનિકોમાં ચંડોલ પક્ષી જેવા ઉત્સાહની ભરતી ચડી હતી. તલવાર ધારદાર હતી.

અમે ગંડકી નદી પાસે આવ્યા. આ નદી ઓળંગીએ એટલે તરત જ કિરાત રાજ્યમાં પ્રવેશ થાય. કિરાતનું નેતૃત્વ સાત શક્તિશાળી રાજાના હાથમાં હતું. ઠંડા પ્રદેશથી તેઓ ટેવાયેલા હતા. અમારા નાવિકોને તેજ ગતિએ નદી ઓળંગવાની ફાવટ આવી ગઈ હતી. જ્યાં જઈએ ત્યાં તે પ્રદેશનું અનાજ રાંધીને સૈનિકોને નિત્યનિયમ પ્રમાણે પીરસવામાં આવતું હતું. કિરાત દેશમાં સૈનિકોને દારૂ વધારે પ્રમાણમાં પાવાનો હતો. કેમકે એ સિવાય લોહી થિજાવી દેતી ઠંડીમાં સૈનિકોને ટકાવી રાખવા મુશ્કેલ હતા. સોમપર્ણ એ કામમાં પાવરધો હતો.

અમે ગંડકી નદી પાર કરી. દિગ્વિજયની ચહલપહલનો ખ્યાલ કિરાતને ન હોવાથી એમને જીતવાનું અમારે માટે આસાન થઈ ગયું! એક જ પ્રયત્ને અમે કાષ્ટમંડપ સર કરી લીધો.

વિશાળ સૈન્યને જોઈ ગભરાયેલો કિરાત રાજા અમારે શરણે આવ્યો. હિમાલય કાષ્ટમંડપથી કેવળ પાંચ જોજન જ દૂર હતું. ત્યાંથી ફૂંકાતા ઠંડા કાતિલ પવનનો અનુભવ અમને થતો હતો, પરંતુ હિમાલયનું એક પણ શિખર દેખાતું નહોતું! ઇચ્છા હોવા છતાં હિમાલય પર્વતનાં દર્શન અમારે માટે દુર્લભ હતાં. કેમકે રાજા સાવધ થઈ જાય એ પહેલાં અમારે આગળના વિદેહ રાજ્યને જીતવાનું હતું.

નવ

કાષ્ટમંડપ પછી સૈન્યે વિદેહને પડકારવાનું નક્કી કર્યું. આ દેશની રાજધાની હતી મિથિલા! નિમીવંશના મિથિ રાજાની ઐશ્વર્યનગરી. આ નિમીવંશમાં મિથિ નામના રાજા થઈ ગયા હતા. એમના નામ પરથી વિદેહોની રાજનગરીનું નામ મિથિલા પાડવામાં આવ્યું હતું.

એ પહેલાં આ નગરીનું નામ વૈજ્યંત હતું. આ નિમીવંશમાં રાજાને સૌ જનક કહીને બોલાવતા હતા. એમાંના સિરધ્વજ રાજા રામપત્ની સીતાના પિતા હતા. આ મિથિલાના સિંહાસન પર નિમીથી માંડી ધૃતિ સુધીના સો રાજાઓએ નિર્વિઘ્ને રાજ્ય કર્યું હતું. અત્યારે ત્યાં બહુલાશ્વ રાજા હતા. એમના પુત્ર કૃતિ અતિરથી હતા. એ બંને સાથે અમારે કામ પાર પાડવાનું હતું. બહુલાશ્વ અને કૃતિ!

કાષ્ટમંડપથી મિથિલા સુધીના લાંબા પટ પર એક પણ નદી નહોતી. આખો પ્રદેશ મેદાનમય હતો. ચારેબાજુ પથરાયેલું હરિયાળું મેદાન ક્ષિતિજને આંબતું હતું. અમારા વિશાળ હસ્તિસૈન્યે એને સાફ કરી નાખ્યું. એક-બે પડાવ પછી ત્રીજે દિવસે મિથિલા નગરી આવી. સીતાની નગરી! આ નગરીની આજુબાજુ ખાઈઓ નહોતી, કેમકે એને પૂરવા માટે એની નજીક એક પણ નદી નહોતી. નગરની ચારેબાજુ કાળા પથ્થરનો મજબૂત કિલ્લો હતો. એ કિલ્લા પરથી બહુલાશ્વના સૈનિકો ભૃશુંડી અને શતઘ્નીમાંથી પથ્થરો ફેંકતા હતા. મહાદ્વારના રક્ષણ માટે બહુલાશ્વ અને એમનો પુત્ર કૃતિ સ્વયં રથમાં સજ્જ થઈ ચૂંટેલી સેના સહિત ઊભા હતા. મહાદ્વારના આગળા અંદરથી ભીડી દેવામાં આવ્યા હતા. એ બંને – પિતાપુત્ર મોટાભાઈ પર ધસ્યા. અમે સૌ કિલ્લાને ઘેરી વળીને ભૃશુંડી ચલાવનાર સૈનિકોને બાણથી વીંધવા લાગ્યા. ઉદુંબરનાં પાકાં ફળ ડાળી પરથી તૂટીને નીચે ટપટપ પડે તેમ કિલ્લા પરથી સૈનિકો ટપટપ નીચે પડવા લાગ્યા. અમારી સેનાનાં દુંદુભિ, નગારાં જેવાં ભેદક વાદ્યો જ વાગતાં હતાં. મહાદ્વાર પર એકલો મોટોભાઈ આ બંને અતિરથીને ભીડી રહ્યો હતો. કિલ્લા પરથી થતી પથ્થરોની વર્ષાથી અમારા અનેક સૈનિકો જખમી થયા. કેટલાયના પ્રાણ ચાલ્યા ગયા. આજ સુધીના પ્રવાસમાં મિથિલા નગરી અમને ભારે પડી ગઈ હતી.

એટલામાં મહાદ્વાર પર કૃતિને નિઃશસ્ત્ર કરી મોટાભાઈએ પોતાના ધનુષ્યથી એના ગળામાં ફાંસો દઈ દીધો! એ પોતાના રથમાંથી ધડામ કરતો નીચે પટકાયો. પોતાનો પુત્ર મરાયો એવા ભ્રામક ખ્યાલથી બહુલાશ્વ ગભરાઈ ગયો! હાથમાંનું ધનુષ્ય ફેંકી એ કૃતિના મૂર્છિત દેહને જોઈ તટસ્થપણે ઊભો રહી ગયો. હિરણ્યવર્માએ એને રથ સહિત ઊંચકીને બાજુએ લઈ લીધો. સો પેઢીથી નિમીવંશીય જનક રાજા સુધી સૌને અખંડ આશ્રય દેનારો મિથિલાનો આ ભવ્ય મહાદ્વાર અમારા હાથીઓએ એક ધક્કે તોડી નાખ્યો! કિલ્લા નજીક લડતી કુરુસેનાએ દોડીને મહાદ્વાર પાસે ભીડ મચાવી અને જોરથી ઘોષણાનો વરસાદ વરસાવ્યો.

'સેનાપતિ કર્ણ મહારાજનો...!'

'જય હો!'

વિદેહની મિથિલા નગરી હસ્તગત કર્યાનાં શુભ સમાચાર લઈ દૂતે હસ્તિનાપુર તરફ દોટ મૂકી ત્યારે પોષ મહિનાનો સુદ પક્ષ પૂરો થવા આવ્યો હતો.

જે ધરતીમાંથી સિરધ્વજ જનકને સીતા મળી હતી તે ધરતી જોઈ અને બહુલાશ્વ પાસેથી રત્ન, હીરા, માણેક, સુવર્ણની વિપુલ ખંડણી લઈ મિથિલાની વિદાય લીધી. આ જ વિદેહી રાજ્યમાં બીજું ખ્યાતનામ નગર હતું કુસુમપુર. હિરણ્યવતી નદીને કાંઠે વસેલા આ નગરમાં અમે અમારા રાજદંડની ઉત્સવ-યાત્રા કાઢી. એ દિવસ હતો પોષી પૂનમનો.

રાતની ધવલ ચાંદનીમાં હું અને મોટાભાઈ હિરણ્યવતી નદીના ઘાટ પરના એક બુરજ પર બેઠા હતા. સામે નદીમાં ઊછળતાં મોજાં ચંદ્રકિરણો સાથે સતત સંતાકૂકડી રમતાં હતાં. નદીકાંઠે કદંબ અને કેળનાં વૃક્ષો હતાં. મોટાભાઈના કાનનાં કુંડળ હળવે હળવે ઝૂલતાં હતાં. એમાંથી તેજવલયો ધવલ ચાંદનીમાં ચમકતાં હતાં.

'હસ્તિનાપુર છોડ્યાને આપણને એક-દોઢ મહિનો થઈ ગયો હશે. આ સમય દરમિયાન તને એક વાર પણ રાજનગરી યાદ નથી આવી?' મેં હિરણ્યવતીનાં મોજાં તરફ જોઈને એને પૂછ્યું.

'આ તારણ તેં શેના પરથી કાઢ્યું? અરે! હું પણ માણસ છું!'

'એવું નથી. તને હંમેશાં સૈન્યમાં શિસ્ત, વ્યૂહરચના, ખોરાક, શસ્ત્ર વગેરેના વિચારોમાં ડૂબેલો જોઉં છું તેથી પૂછ્યું.'

'એમાં હું ડૂબેલો રહું તોપણ હસ્તિનાપુરના બધા મને યાદ આવે છે. હા લડાઈ ચાલતી હોય ત્યારે મને બીજું કાંઈ જ દેખાતું નથી.'

'મને લાગે છે કે હવે આ નગરમાંથી દૂતને મોકલ ત્યારે તું દુર્યોધનને પત્ર પાઠવજે. તે ખુશ થઈ જશે.'

'ના. એક પણ પત્ર ન પાઠવતાં. હું જ એક દિવસ એની સામે એકાએક ઊભો રહી જઈ એને ચકિત કરી દઈશ! અંગદેશનો અભિષેક કરીને એણે મારા પર જેટલો ઉપકાર કર્યો છે એથી દસગણી આ દિગ્વિજયની સંપત્તિ એનાં ચરણોમાં મૂકી દઈ હું એને ઉપકૃત કરી દેવાનો છું.' બોલતાં બોલતાં તે બુરજ પરથી ઊભો થયો.

'આપણા આ દિગ્વિજય માટે ત્યાં હસ્તિનાપુરમાં વૃષાલીભાભી દેવના ગર્ભદ્વાર પાસે રોજ નંદાદીપ પ્રગટાવતાં હશે. આપણા દૂતની એ કાગડોળે રાહ જોતાં હશે.' હું પણ ઊભો થયો. અમે છાવણી તરફ ચાલવા લાગ્યા.

'બસ! આટલો જ વિચાર કર્યો તેં? હવે સાંભળ! મારો પત્ર લઈને દૂત રોજ હસ્તિનાપુર જાય છે!'

'ઓહો! થોડી વાર પહેલાં તો તમે...'

'એ પત્ર રાજમહેલની એકેય વ્યક્તિ પર નથી!' ધીરે ધીરે ડગ ભરતા અને ચાંદનીમાં ચમકતી રૂપેરી કુસુમપુર નગરી તરફ જોતાં તેઓ શાંતિથી બોલ્યા.

'તો પછી એ પત્ર કોના પર હોય છે? અશ્વત્થામા પર?' મને એ બંનેની આત્મીયતા સાંભરી આવી. એ સિવાય બીજા કોઈના પર પત્ર મોકલવાની શક્યતા દેખાતી નહોતી.

'ના! એ પત્રો યુદ્ધમાં મરાયેલા સૈનિકોનાં માતાપિતા પર હતા! એ દૂત રાજમહેલની એકપણ વ્યક્તિને મળતો નથી.' નીચે સરી પડેલા ઉત્તરીયને ખભા પર ગોઠવતાં તેણે કહ્યું. હું એની સાથે હંમેશ રહું છું છતાં એના હૃદયને જાણી શક્યો નથી એ સાચું હતું.

દસ

કુસુમપુરથી વિદાય લઈ અમે વિદેહની સીમા ઓળંગી લીધી. હવે પ્રયાણ હતું કૌશિક કચ્છ તરફ! એ દેશની રાજનગરી તે વિક્રમશીલા – ગંગાકિનારે વસેલી.

જન્હૂ ઋષિના આશ્રમની પ્રદક્ષિણા કરીને અમે કૌશિકી નદી ઓળંગી. વિક્રમશીલા નગરી આવી. એ દેશના રાજા શરણે આવવાથી યુદ્ધનો પ્રશ્ન જ ઉદ્‌ભવ્યો નહિ. વિજયી સૈન્ય આગળ વધ્યું. આ આર્યાવર્તને કોઈ છેડો જ નથી કે શું? એ શંકા સહજ થાય એટલો લાંબો પ્રવાસ અમે પૂર્વ દિશામાં કર્યો હતો. પુંડ્રવર્ધન નગર પણ અમે પસાર કર્યું. કૌશિક રાજ્યની સીમા પૂરી થઈ. હવે માર્ગમાં દેવદ્વાર, સીસમ, સુરુપર્ણ, અશોક, શાલ જેવાં ઠંડા પ્રદેશનાં વૃક્ષો દેખાવા લાગ્યાં. લાંબી પૂંછડીવાળાં શ્વેત પક્ષીઓ નજરે ચડ્યાં. હવેનો દેશ હતો કામરૂપ! કરતોયા નદી ઓળંગીને વિશ્રામ કરવા માટે અમે પડાવ નાખ્યો, કેમકે હવે લોહિતા અને બ્રહ્મપુત્રા નદીઓ અમારે ઓળંગવાની હતી! આજ સુધી ઓળંગેલી તમામ નદીઓમાં એ સૌથી મોટી નદીઓ હતી. એ નદી નહિ પણ એક વિશાળ પટ ધરાવતો નદ હતો! બ્રહ્મપુત્રા!

હાથીઓ પણ એ નદમાં ઊતરવા તૈયાર નહોતા ત્યાં ઘોડાઓનું તો પૂછવું જ શું? એમને કરતોયા નદીકિનારે મૂકી કેટલાક સૈન્ય સાથે અમે નૌકા દ્વાર બ્રહ્મપુત્રા નદ મહાપ્રયત્ને ઓળંગ્યો. કામરૂપ રાજ્યમાં અમે પ્રવેશ્યા. આ રાજ્યમાં એક જ મોટું નગર હતું – પ્રાગ્જ્યોતિષપુર! એનો રાજા હતો ભગદત્ત.

જે મુશ્કેલીઓનો સામનો કરીને અમે બ્રહ્મપુત્રા ઓળંગી હતી એને સાર્થક કરવા હવે અમે સાક્ષાત્ ઇન્દ્ર સાથે પણ જીવ સાટે લડવા તૈયાર હતા! તો પછી ભગદત્તનો ભય શાનો? આ કામરૂપ દેશનું વાતાવરણ અતિશય ઠંડું હતું છતાં બ્રહ્મપુત્રા ઓળંગીને અમે બે જ દિવસમાં પ્રાગ્જ્યોતિષપુરને ઘેરી લીધું. ભગદત્તને જોરદાર લડત આપી. એ લાંબો સમય સુધી ટક્કર ઝીલી શક્યો નહિ. એની ખંડણી સ્વીકારી અમે પાછા ફર્યા. પૂર્વદિશા તરફનું આ છેલ્લું નગર હતું. બ્રહ્મપુત્રાને કાંઠે વસેલું!

ત્રિપુરા, કામલક, સુવર્ણગ્રામ જેવાં નગરો વટાવીને અમે ફરી બ્રહ્મપુત્રા ઓળંગીને પાછા આવ્યા. કરતોયાના કિનારે મૂકેલા હસ્તિસૈન્ય અને હયદળ સાથે અમે ફરી ભેગા થઈ ગયા. હવે દક્ષિણ તરફની મજલ હતી.

ફરી કરતોયા નદી પાર કરી અમારે ગંગાનદી ઓળંગવાની હતી. અમારા પ્રવાસમાં ગંગાનું આ બીજી વાર દર્શન હતું! આ ગંગા સાગર સમી વિશાળ પથરાયેલી હતી. અનેક મુખે શાંતપણે વહેતી ગંગા જ્યાં પૂર્વ સાગરને મળે છે એ બંગદેશ અમારે જીતવાનો હતો!

બંગદેશમાં દાખલ થવાના ઇરાદાથી જ અમે ગંગાનો વિશાળ પટ ઓળંગ્યો. હિમાલયના ખભેથી ખેલતી-કૂદતી ઉદ્‌ગમ પાસે ગંગા અલ્લડ બાળા સમી દેખાય છે. પ્રયાગ પાસે યમુનાને અને સરસ્વતીને પોતાની ખાનગી વાતો કહેનારી એ જ ગંગા નટખટ કિશોરી લાગે છે, પરંતુ આગળ સમથળ પ્રદેશ પર પટ વિસ્તારતી મંદ મંદ વહેતી ગંગા પતિદર્શનની આશામાં શરમથી ઝૂકી ગયેલી, ધીમે ધીમે ડગલાં માંડતી મુગ્ધા જેવી લાગે છે!

આવી ગંગાનદીના તટ પર કાલિકાદેવીનું કાલિકાનગર આવેલું છે. બંગદેશના આ રાજનગરમાં સમુદ્રસેન અને ચંદ્રસેન – બંને ભાઈઓ રાજ્ય કરતા હતા. માનવવસ્તી થોડી અને અન્ય રાજ્યોથી છૂટો પડી ગયો હોવાથી બંગદેશ યુદ્ધશાસ્ત્રમાં ઘણો પાછળ હતો છતાં એમના શૂરવીર સૈનિકોએ અમને ભારે લડત આપી. સમુદ્રસેન અને ચંદ્રસેન વીરતાથી લડ્યા પણ અમારી સમુદ્ર સમી સેનાને જીતવી એમને માટે અશક્ય હતું. આ યુદ્ધમાં

ચંદ્રસેન મરાયો. સમુદ્રસેન મૂર્છિત થતાં જ બંગદેશની સેના શસ્ત્રો હેઠાં મૂકી દઈ અમારી શરણે આવી. બંગદેશ પડ્યો! અમારું નગર છોડ્યાને બે માસ પૂરા થયા હતા. પહેલી વાર પૂર્વ સમુદ્રનાં રોમાંચકારી દર્શન થયાં! ઊછળતાં, ગર્જતાં પ્રચંડ મોજાંઓના તાંડવ નૃત્ય પાસે અમને અમારો દિગ્વિજય સાવ ક્ષુદ્ર લાગ્યો! માનવ પરાક્રમનાં ગમે તેટલા પર્વત ખડા કરો, પ્રકૃતિ સામે એ તુચ્છ છે! પૂર્વ સમુદ્રનાં મોજાંની થપાટ ખાતાં આમતેમ ડોલતાં જલબિંદુ સમાં!

કાલિકાનગરમાં એક દિવસ રહેવાની મોટાભાઈની તીવ્ર ઇચ્છાને કારણે સમુદ્રનું ગૂઢ, રમ્ય અને ઘરઘરાટ સંગીત સાંભળવા અમે ત્યાં જ પડાવ નાખ્યો.

બીજે દિવસે સવારે ઊઠીને જોયું તો ભાઈ છાવણીમાં ન મળે! સૈનિકોની ખબર-અંતર પૂછવા ગયા હશે એમ ધારી હું તમામ સેના જોઈ વળ્યો પણ એ ક્યાંય દેખાયો નહિ. ભયની અશુભ લહેર મનમાં પ્રસરી ગઈ. અનેક રાજાને અમારી સાથે વેર બંધાયું હતું. કોઈએ દગો તો નહિ દીધો હોય? પ્રત્યેક ક્ષણે મારી અસ્વસ્થતા વધવા લાગી. સેનાપતિ વિના સૈન્ય આગળ કેમ વધે? આજે અન્ય સૌને માટે એ સેનાપતિ હતો પણ મારો એ વહાલો ભાઈ હતો. એની શોધ કરવા તમામ ગુપ્તચરોને મેં ચારે દિશામાં મોકલી દીધા. સેનાને આ વાતની સહેજે જાણ થવા દીધી નહોતી. તેઓ આગામી પ્રયાણની તૈયારીમાં પરોવાયેલા હતા.

એક કલાક પછી કીર્તિધ્વજ નામનો ગુપ્તચર પાછો આવ્યો. એના ચહેરા પર ખુશીના ભાવ જોતાં એની પાસેથી સમાચાર જાણવા હું ઉત્સુક બન્યો.

'મહારાજ સુખરૂપ છે! પૂર્વ સમુદ્રની લહેરોમાં કમરબૂડ પાણીમાં ઊભા રહી અર્ઘ્યદાન આપી રહ્યા છે! એમની સાધનામાં ભંગ ન પડે એટલે તરત પાછો વળ્યો.' એણે ઘોડાની પીઠ થાબડતાં કહ્યું.

મેં નિરાંતનો શ્વાસ દીધો!

અગિયાર

કાલિકાનગર પછી અમારે જવાનું હતું તામ્રલિપ્ત દેશ. આ દેશની રાજધાની હતી તામ્રલિપ્તનગર! અને રાજા તામ્રલિપ્ત. તામ્રલિપ્ત, મલ્લ વગેરે દેશો એટલા નાના હતા કે એ રાજ્યનો ઘેરાવો હસ્તિનાપુરના નગર જેટલો પણ નહોતો! એટલે વિરોધનો ભય પણ નહોતો. આગળ પ્રબળ વિરોધ કરવાનું સામર્થ્ય ફક્ત એક જ રાજ્યમાં હતું અને તે મગધમાં!

કાલિકાનગરનું પતન થયાનાં સમાચાર સાંભળી ગભરાઈ ગયેલા તામ્રલિપ્ત રાજા અમારી સાથે સંધિ કરવા તરત તૈયાર થઈ ગયા અને અમારા સ્વાગત માટે રાજનગરીના દ્વારે ઊભા રહ્યા. એમણે આપેલી ભેટમાં અસંખ્ય મોતી હતાં. એનું રાજ્ય પૂર્વ સમુદ્રના કિનારા પર હતું. આ સમુદ્રકિનારો મોતી માટે જાણીતો હતો. અહીંના પ્રજાજનો મોતીનો વ્યવસાય કરતા હતા અને સારાય આર્યાવર્તને મોતી પૂરાં પાડતા હતા.

તામ્રલિપ્ત પછી ઓડ્ર રાજ્ય તરફ વળશું? આ પ્રશ્ન અમારી સામે ઉપસ્થિત થયો. પછી એ વિચાર છોડી દીધો અને મલ્લના નાના રાજ્ય તરફ વળવું જરૂરી લાગ્યું. કેમકે

ઓડ્ર અને તામ્રલિપ્તની મધ્યમાં ઋક્ષપર્વતની હારમાળા હતી! મલ્લદેશમાંથી પસાર થયા સિવાય અન્ય કોઈ માર્ગ અમારી પાસે નહોતો. અમે તે માર્ગે જવા ઉત્સુક હતા, કારણ મલ્લદેશની બાજુમાં જ હતો અંગદેશ! રાજા દુર્યોધને રાજા તરીકે વસૂદાદાને ઘોષિત કર્યા હતા તે દેશ! મોટાભાઈએ એ દેશની રાજનગરી બદલીને ચંપાનગરીને પસંદ કરી હતી. કેટલાં બધાં વર્ષો પછી જ્યાં અમે બાળપણમાં રમ્યા હતા, લડ્યા હતા અને મોટા થયા હતા એ ચંપાનગરીનાં અમને દર્શન થવાનાં હતાં!

મલ્લ પર્વત પાસેથી પસાર થઈ અમે મલ્લદેશ પહોંચ્યા. મોટાભાઈ હસ્તિનાપુરમાં જ રહેતા હતા. આથી એમણે અંગદેશનો કારભાર સંભાળવા માટે એક માંડલિકની નિમણૂક કરી હતી. એ અમારું સ્વાગત કરવા મલ્લદેશમાં આવ્યા હતા. એમણે ભાઈને સાદર પ્રણામ કર્યાં. અમારા સૈનિકો અંગદેશની સીમામાં પ્રવેશવા થનગની રહ્યા હતા. તેઓ જાણતા હતા કે અંગરાજ એ દેશમાં ચાર દિવસ તો રહેશે જ! તેઓને સારો આરામ મળવાનો હતો.

માંડલિક સહિત અમે અંગદેશની સીમા પાસે આવ્યા. અંગરાજ કર્ણ, દિગ્વિજયી અંગરાજ કર્ણ અંગદેશની સીમા પર ઊભા હતા! અંગદેશના હજારો નગરજનો સ્વાગત માટે હાથમાં વિવિધ પ્રકારનાં ફૂલો સાથે એકઠાં થયાં હતાં. સૌભાગ્યવતી સ્ત્રીઓ જળના કળશ લઈ સામે આવી હતી. પોતાના દેશના રાજાનાં દર્શનથી ઘેલી બનેલી હજારોની મેદનીએ ગગનભેદી જયઘોષણા કરી.

'અંગરાજ કર્ણ મહારાજનો વિજય હો! ચંપાનગરાધિપતિ વસુસેન મહારાજનો...'

'વિજય હો!'

બાળપણમાં પાષાણના સિંહાસન પર બેસાડીને કરેલી ઘોષણા સાચી પડી! તેમને ફૂલોથી વધાવવામાં આવ્યા. હસ્તિનાપુર છોડ્યા પછી કદી ન થયેલાં કુંકુમના પવિત્ર કેસરી તિલક કરી અમારા ભાલમાં થયાં. આરતી ઉતારવામાં આવી. કુરુના સૈન્યે વાદ્યોના અવાજ અને ઘોષણાના શોરબકોર સાથે અંગદેશમાં પ્રવેશ કર્યો. મેં હળવાશ અનુભવી. સુખના અતિરેકને પચાવવાની પણ ખાસ શક્તિ હોય છે! ભાઈ હંમેશની જેમ શાંતપણે રથમાં ઊભો હતો. બે હાથ જોડી નમ્રપણે તે પોતાના નગરજનોના નિર્મળ પ્રેમને આવકારતો હતો. એનામાં ક્યાંય કશી ઉત્તેજના નહોતી. એનું મુખમંડળ સૂર્યબિંબની જેમ ચમકતું હતું. અમારા રથની ટોચ પર એ જગતપિતા આદિત્ય પણ તેજરસ ઢોળી રહ્યા હતા. તેઓ પણ આ દૃશ્યનું પોતાનાં તમામ નેત્રોથી પાન કરી રહ્યા હશે! અને 'જયતુ, જયતુ કર્ણ' એમ જાણે કહી રહ્યા હોય એવો મને ભાસ થયો.

સંધ્યા સમયે અમે ચંપાનગરી પાસે આવી પહોંચ્યા! ત્રીસ વર્ષ પછી આ નગરીનાં અમને પહેલી વાર દર્શન થતાં હતાં! આ નગરીમાં જ અમે સારથિની પર્ણકુટીમાં રહેતા હતા! અમારી બાળપણની સ્મૃતિને આ નગરીએ જ પ્રેમથી સાચવી હતી! અહીંની પર્ણકુટીએ અમારા પર આશ્રયનું છત્ર ઢાળ્યું હતું. એણે જ અમને હસતાં-રમતાં અહીં ઉછેર્યા હતા. અમને કેટલું બધું શીખવ્યું હતું!

પક્ષીઓનાં ઝુંડ જોતાં ગંગાકિનારે છીપલાં ભેગાં કરવા રથમાં જનારા કર્ણ-શોણ,

ધનુષ્યથી વૃક્ષ પર લક્ષ્યવેધ લેનારા કર્ણ-શોણ, અરણ્યમાંથી રથનાં લાકડાં વીણી લાવનારા કર્ણ-શોણ, રાધામાતાને એકમેકની ફરિયાદ કરનાર કર્ણ-શોણ, રાજસભાના મેદાનમાં રમતના દોરમાં બળદનો સામનો કરવા એક જ પથ્થર પર ઊભા રહેલા કર્ણ-શોણ અને રથમાં બેસી હસ્તિનાપુર જતી વખતે પાછળ વળીવળીને પોતાના ભાઈને જોઈ રહેલો કર્ણ અને રથ પાછળ રડતો રડતો હાથ ઊંચા કરી સીમા સુધી દોડી રહેલો શોણ! એક એક પ્રસંગના અહીંનાં લતાવેલીઓ અને પશુપક્ષીઓ સાક્ષી હતાં! અને આજ –!

આજે દિગ્વિજયી અંગરાજ કર્ણ અને એના જમણા હાથ સમો શોણ ભાવવિભોર હૃદયે આ જ નગરીમાં પ્રવેશ કરતા હતા. પ્રેમથી અભિભૂત નગરજનો એમનો સતત જયજયકાર કરતા હતા, સુવર્ણપુષ્પોથી વધાવતાં હતાં! ઓહ! જીવન એ કેટલી મોટી ઊથલપાથલ! અહીં કર્ણ જેવા બીજમાંથી મહાન વટવૃક્ષ ફૂલીફાલી રહ્યો છે! આંગળી જેવડી ધારમાંથી ગંગાયમુના વહી રહી છે! હું આ સત્ય જોઈ રહ્યો છું કે સ્વપ્ન એ જ મને સમજાતું નહોતું.

મનના એક ખૂણે બાળપણની સ્મૃતિ અને બીજે ખૂણે દિગ્વિજયી પ્રવાસની સ્મૃતિને વારંવાર દોહવરાવતાં અમે રથમાં બેસી ચંપાનગરીના માર્ગે આગળ ધપી રહ્યા હતા. ત્રીસ વર્ષમાં આ નગરીનું સ્વરૂપ કેટલું બદલાઈ ગયું હતું! રાજનગરીની પ્રતિષ્ઠા મળવાથી અહીં ભવ્ય મહેલ ઊભો કરવામાં આવ્યો હતો છતાં ભાઈની ચકળવકળ આંખો કંઈક શોધી રહી હતી! એના હાથ સૌના પ્રેમનો સ્વીકાર કરતા હતા, પરંતુ આંખોમાં કંઈક ખોજ વર્તાતી હતી. વાદ્યોના અવાજથી ચંપાનગરી પુલકિત થઈ ઊઠી હતી. એમના નામની ઘોષણાનો વરસાદ વરસતો હતો.

એકાએક હાથ ઊંચા કરીને ભાઈએ મને રથ થંભાવવાની આજ્ઞા કરી. મેં લગામ ખેંચી. નીચે ઊતરી તે તરત જ ભીડ ભેદીને અંદર ગયો! હું પણ એમની પાછળ ગયો. રસ્તા પરનાં આસપાસનાં ઘરોને જલદીથી વટાવીને તે વિશાળ મેદાનમાં આવ્યો! આ એ જ મેદાન હતું જ્યાં બાળપણમાં અમે રાજસભાની રમત માંડી હતી! જ્યાં એને માટે પથ્થરનું સિંહાસન બનાવ્યું હતું એ પથ્થર એક ખૂણામાં એમ જ પડ્યો હતો! નવો મહેલ બાંધતી વખતે કોઈએ એને ખસેડીને એના બેઠક જેવા ભાગને જમીનમાં ઊંધો વાળી દીધો હતો! એની આસપાસ ઘાસ ઊગ્યું હતું. પથ્થર પર શેવાળ જામી ગઈ હતી.

'શોણ, આ જો. તારા વસૂભાઈનું પહેલવહેલું સિંહાસન!' ઝડપથી એ પથ્થર પાસે જઈ પોતાના હાથમાંનો રાજદંડ મારા હાથમાં સોંપી એણે એકલે હાથે એ પથ્થરને સૂલટો કર્યો! મારા હાથમાંથી રાજદંડ લઈ એમણે દેશોદેશના રાજાઓનું ગર્વખંડન કરનારા રાજદંડને સીધો આ પથ્થર પર ટેકવ્યો! ખરેખર એમનું મન કળવું મુશ્કેલ હતું.

'ચંપાનગરાધિપતિ વસૂસેન મહારાજનો' એમ ઘોષણા કરનારો એમના બાળપણનો એક મિત્ર ત્યાં નહોતો! એ અવાજથી ખળભળી ઊઠેલો, ગભરાયેલો બળદ પણ નહોતો! હતી માત્ર સ્મૃતિ! સત્ય નીવડેલી! સાકાર થયેલી!

બીજી જ ક્ષણે એણે રાજદંડ ઊંચો કર્યો. એક વાર ફરી એ સિંહાસન તરફ વેધક

દૃષ્ટિ નાખી અને અમે પાછા વળ્યા. ફરી રથારૂઢ થયા... જનસમુદાય ફરી રાજમાર્ગ પર આગળ વધ્યો. અમે બાળપણમાં જ્યાં રહેતા હતા તે પર્ણકુટી આવી! ભાઈની સૂચના પ્રમાણે માંડલિકે એને વ્યવસ્થિતપણે જાળવી રાખી હતી. આ પર્ણકુટીમાં માંડલિકનો સારથિ રહેતો હતો! પર્ણકુટીના દરવાજે ઊભો રહી તે અમારી દિગ્વિજયની સેનાને ગર્વથી નીરખી રહ્યો હતો. સેનાપતિનાં દર્શન કરી રહ્યો હતો. ત્યાં એક અતિ વૃદ્ધ સારથિ ઊભા હતા. મેં એ સ્મૃતિના માનમાં પર્ણકુટીને વંદન કર્યાં અને ગંગાકિનારે સ્થિત માંડલિકના મહેલ પર જવા ઘોડાની પીઠ પર ચાબુક મારવા ઉગામી.

ભાઈએ પાછળથી એને રોકી લીધી!

'શોણ, નીચે ઊતર!' સ્વયં નીચે ઊતરતાં એમણે મને આજ્ઞા કરી. કોઈની સામે જોયા વગર તે અમારી પર્ણકુટી પાસે ગયો! એને આવતાં જોઈ પેલો વૃદ્ધ સારથિ ગભરાઈ ગયો. તે અંદર ચાલ્યો ગયો. એમની પાછળ અંદર દાખલ થવા જતાં ભાઈનું માથું બારસાખ સાથે અથડાયું! ભાઈ કેટલો ઊંચો થઈ ગયો હતો પણ આ દરવાજો કેમ આટલો નીચો જ રહ્યો? ભાઈએ પોતાની ઊંચાઈ બારસાખ સાથે માપી લીધી! વાંકો વળીને તે અંદર ગયો! હું પણ ગયો.

ગભરાયેલા માંડલિક પહેલી વાર આ પર્ણકુટીમાં આવ્યા. વૃદ્ધે પાથરેલા બિછાના પર કુરુની આઠ લાખ સેનાના દિગ્વિજયી, કવચકુંડળધારી, સ્વરૂપવાન સેનાપતિ, અંગદેશના રાજાને સાક્ષાત્ પલાંઠી વાળી બેઠેલા જોઈ માંડલિક સ્તબ્ધ થઈ ગયા!

'મહારાજ, આપ રાજમહેલમાં પધારો.' એમણે કર્તવ્યનિષ્ઠાથી વિનંતી કરી.

'ના! હું આ પર્ણકુટીમાં પૂરા ચાર દિવસ રહીશ! આ સારથિ જે ખાશે તે જ હું ખાઈશ! ગંગાનદીએ જઈ અર્ધ્યદાન આપીશ! તમે મારે માટે અહીં ફરી આવવાની તકલીફ ન લેશો. સૈનિકો માટે યોગ્ય વ્યવસ્થા કરો. જાઓ!' ભાઈએ પર્ણકુટીની ઘાસવાળી છત સામે જોતાં કહ્યું.

'જેવી આજ્ઞા' પર્ણકુટીમાંથી બહાર નીકળતા માંડલિક શિર ઝુકાવીને બોલ્યા.

મારું માથું શરમથી ઝૂકી ગયું! હું આ પર્ણકુટીને ટાળવા માગતો હતો, જ્યારે ભાઈએ એને પોતાની ગણી લીધી હતી.

'શોણ, અહીં બેસ. આ બિછાના પર!' એણે મને નજીક બેસાડ્યો. એટલામાં માંડલિક ફરી અંદર આવ્યા. એ વૃદ્ધને આજ્ઞા કરી, 'એય, તું જરા બહાર જા. મહારાજને આરામ કરવા દે.'

'નહિ. આ વડીલ પણ અહીં જ રહેશે. તમે જાઓ!' માંડલિકને કરડાકીભર્યા અવાજે આજ્ઞા કરી.

હું ભાઈના પગની આંગળીઓને જોતો વિચારમાં ખોવાયેલો હતો. બાળપણથી માંડીને આજ સુધીનું જીવન ધીરેધીરે મારી આંખ સામે તરવરવા લાગ્યું. મારા જીવનમાં મેં એક કામ સારું કર્યું હતું અને તે એ કે મેં અસાધારણ યોદ્ધાનું સારથિપણું સ્વીકાર્યું હતું!

બાર

ચંપાનગરીમાં ચાર દિવસ ક્યાં પસાર થઈ ગયા તેની ખબર જ ન રહી. પર્ણકુટીમાંથી વિદાય લેતી વખતે ભાઈએ ગળામાંની મોતીની માળા એ વૃદ્ધને ભેટ આપતાં કહ્યું, 'દૂર

વસેલાં તમારાં સગાંવહાલાંને બોલાવી લઈ આ પર્ણકુટીને સદાય માણસોથી જીવતીજાગતી રાખજો.' વળી માંડલિકની સુવર્ણખંડણીનો અસ્વીકાર કર્યો, એટલું જ નહિ એમણે દિગ્વિજયની સંપત્તિમાંથી ભરપૂર હીરા, માણેક વગેરે આપી ચંપાનગરીની શોભા વધારવાની સૂચના આપી!

હવે ફરી આ દર્શન ક્યારે થશે? એ વિચાર સાથે અશ્રુભરી આંખે અમે ચંપાનગરીની વિદાય લીધી!

હવે સામ્રાજ્ય હતું રણકુશલ મગધનું! આર્યાવર્તમાં કુરુના હસ્તિનાપુર રાજ્ય પછી સામર્થ્યની દૃષ્ટિએ મગધનું સ્થાન આગળ પડતું ગણાતું હતું. જરાસંધના નેતૃત્વ હેઠળ એક સમયે એમણે મથુરા પર સત્તરવાર આક્રમણ કર્યું હતું! આજુબાજુનાં તમામ રાજ્યોએ મગધનું પ્રભુત્વ સ્વીકારી લીધું હતું! જરાસંધે ભોજરાજનો પરાભવ કરીને સેંકડો રાજાઓને નરયજ્ઞમાં બલિ દેવા માટે કારાવાસમાં બંદીવાન કર્યા હતા! મગધનું સશસ્ત્ર સૈન્ય એ ભીમકાય યોદ્ધાઓથી ગાજતો મહાસમુદ્ર જ જોઈ લો! ગદા, શૂલ, તોમર, શતઘ્ની, ખડ્ગ, ચાપ, બાણ, ભાલા, ત્રિશૂલ, ગજ, અશ્વ, ભૃશુંડી જેવાં તમામ પ્રકારનાં શસ્ત્રોમાં કુશળ લડવૈયાઓથી ખીચોખીચ ભરેલું તેનું સૈન્ય હતું. એની સૈન્યસંખ્યા પાંચ અક્ષોહિણી હતી. આશરે દસ લાખ યોદ્ધાઓ સાથે અમારે કામ પાર પાડવાનું હતું! આ મગધ પુરુવંશજ હતું! એમનું રાજનગર હતું ગિરિવ્રજ! આ ગિરિવ્રજ નગર વસુ રાજાએ ગંગાકાંઠે વસાવ્યું હતું. એમના પછી એમનો પુત્ર બૃહદ્રથ સિંહાસન પર આવ્યો. આ બૃહદ્રથના પુત્ર જરાસંધે પોતાની વિરાટ શક્તિથી મગધનાં તમામ રાજ્યો પર પોતાનો સિક્કો સ્થાપી પોતાના રાજ્યને વિશાળ સામ્રાજ્યમાં પલટાવી દીધું હતું. જરાસંધનો વધ ભીમે કર્યા પછી ગિરિવ્રજનગર પર જરાસંધનો પુત્ર સહદેવ રાજ્ય કરતો હતો. અમારા સૈન્ય સાથે એણે ટક્કર ઝીલવાની હતી. ચંપાનગરી છોડતી વખતે અમે ત્યાંના જાણકાર સૈનિકોના કેટલાક માર્ગદર્શકો અમારી સાથે લઈ અમે અમારું સામર્થ્ય વધાર્યું હતું. અમારી સૈન્યસંખ્યા હવે દસ લાખ જેટલી વિસ્તરી હતી. એમાં પરાજિત રાજાઓએ ભેટમાં લીધેલા સૈનિકો પણ હતા. જોજનના જોજન વટાવી અમે દુર્વાસા ઋષિના આશ્રમ પાસે ગિરિવ્રજ નગરની સીમા પર આવી પહોંચ્યા! ત્યાં અમને મગધની રણકુશલતાનો પ્રભાવ જોવા મળ્યો! નગરની ચારેબાજુની ખાઈઓને લાકડાંથી ભરી દઈને તાપણું સળગાવ્યું હતું! અગ્નિની જ્વાળામાં ગિરિવ્રજનો પ્રાચીન અભેદ્ય કિલ્લો ઉન્નત મસ્તકે અડગ ઊભો હતો. એ ભયાનક દેખાતો હતો. અમારે ચૂપચાપ બેસી રહ્યા સિવાય છૂટકો જ નહોતો. બેએક દિવસમાં ખાઈમાં તડતડ સળગતી લાકડીઓ ધગધગતા અંગારામાં તણખા વેરીને રાખ થઈ ગઈ હતી! એ અંગારાની આગ બુઝાવાની રાહ જોતાં ખાઈની બહાર અમે બે દિવસ પડાવ નાખીને બેસી રહ્યા, પરંતુ ત્રીજે દિવસે સવારે જોયું તો નવા અંગારા તૈયાર કરવા માટે લાકડાંની નવી ભારીથી ખાઈને એક જ રાતમાં ભરી દીધી હતી! ફરી કિલ્લાને આંબતી પ્રચંડ જ્વાળાઓ સળગી ઊઠી!' ક્યાં સુધી આ ચાલશે! મગધનું પતન થઈ શકશે કે નહિ?' આવી ચણભણ અમારા સૈનિકોમાં શરૂ થઈ.

આઠ દિવસ ખાઈની બહાર પડ્યા રહીને સૈનિકો પણ કંટાળ્યા! કંઈક કરવું અનિવાર્ય હતું. નવમો દિવસ ઊગ્યો. ખાઈમાંથી ઊડતા અંગારાની રાખ અમારા સૈનિકોની આંખોમાં

ઊડવા માંડી. ખાઈની પેલે પાર કિલ્લાના છિદ્રોમાંથી મગધ સૈનિકો અમારી દુર્દશાને એકીટશે જોઈ રહ્યા હતા. અમને એકેય દિશા સૂઝતી નહોતી.

અંતે કંટાળીને બધા દળના નાયકોની ઉપસેનાપતિની રુએ મેં તાત્કાલિક બેઠક બોલાવી. પોતાની શિબિરમાં ભાઈ વિચારમાં મગ્ન છતાં સ્વસ્થ ચિત્તે બેઠા હતા. એની પાસે જવાની કોઈનામાં હિંમત નહોતી. આથી એની અનુપસ્થિતિમાં મારી શિબિરમાં સભા માટે સૈનાનાયકો એકઠા થયા હતા. અમારી પ્રતિષ્ઠા હોડમાં મુકાણી હતી. એક નિર્ણય લેવો જરૂરી હતો. લડાઈ કે પીછેહઠ!

સેનાનાયકોને અંગારા ભરેલી ખાઈઓ કેવી રીતે ઓળંગવી એ વિશે મેં એમના અભિપ્રાયો પૂછ્યા. સૌ વિચારવા લાગ્યા. કોઈ કહે કે હાથી પર ગંગાનું પાણી લાવી ખાઈઓને ઠારવી! કોઈ કહે કે સૈનિકોના પગ ભીનાં કપડાંથી લપેટી દેવા! એકે ત્યાં સુધી કહ્યું કે આ રાજ્યને પડતું મૂકીને આગળ વધીએ એમાં શું બગડી જવાનું છે?' સૌ કિંકર્તવ્યમૂઢ બનીને બેઠા હતા.

સૌની સામે એક વિચાર મૂકવામાં આવ્યો. અહીં હાથ જોડીને ઊભા રહેવું એના કરતાં કેટલાકે પોતાના દેહ અંગારા પર પાથરી દેવા! અને એમના પર ચડી બાકીના હજારો સૈનિકો ખાઈ ઓળંગી જાય!'

કેટલાકે આ વિચારને સમર્થન આપ્યું. આ રીતે આપણે સો-પાંચસો સૈનિકો કામમાં આવી જઈએ તો બાકીના સૌ એમના બલિદાનને વ્યર્થ નહિ જવા દે! પોતાના સાથીદાર સૈનિકોના અંગારથી બળબળતા શરીર પર ચાલીને જનારા સૈનિકો મગધ પર અવશ્ય તૂટી પડશે. એમની ધજાના લીરેલીરા ઉડાડી દેશે!

સૌ સેનાનાયકોને પોતાની સેના પાસે મોકલી આવું બલિદાન દેવા તત્પર હોય એવા સૈનિકોની નામાવલિ તૈયાર કરવાની મેં આજ્ઞા કરી. એક-બે નહિ નવ હજાર સૈનિકોએ પોતાનાં નામ આપી કીર્તિનો રોમાંચક માર્ગ સ્વીકાર્યો! એમાંથી પસંદગીનો પ્રશ્ન ઊભો થયો! ખૂબ તાકાતવાનને પસંદ કરવામાં આવ્યા. કોઈપણ યુદ્ધમાં કોઈએ આવો ભાવનાત્મક નિર્ણય લીધો નહોતો. પસંદ કરેલા સૈનિકોને શિસ્તબદ્ધ ઊભા રાખી મારી યોજના પર ખુશ થતો આ સમાચાર દેવા ભાઈની છાવણીમાં મેં પ્રવેશ કર્યો!

મુગટ ઉતારી લેવાથી ભાઈના વાંકડિયા સોનેરી કેશ વિખરાયેલા હતા. એની આંખો મીંચેલી હતી. હથેળીમાં ચિબુક રાખી તે કંઈક વિચારી રહ્યો હતો.

'અંગરાજ, હવે ચિંતા કરવાનું કંઈ કારણ નથી. ખાઈઓ ઓળંગવાની યોજના નક્કી થઈ ગઈ છે.' મેં એની બાજુમાં બેસી એને મારી આખી યોજના સમજાવી.

'ના, શોણ, ના. આવું નથી કરવું.' તેઓ તરત જ આસન પરથી ઊઠી છાવણીની નાની જગ્યામાં પણ અહીંતહીં આંટા મારતાં વ્યાકુળ સ્વરે કહ્યું.

થોડી વાર માટે શાંતિ પ્રસરી ગઈ. એનો વિરોધ કરવાની મારામાં હિંમત નહોતી! તે જેમ કહે તેમ જ થવાનું હતું.

'મગધની મેલી યોજના પર હું મારા એક પણ યોદ્ધાનો બલિ નહિ દઉં! મારો પ્રત્યેક યોદ્ધો મરશે તો સમરાંગણમાં લડતાં લડતાં જ મરશે.' એ દૃઢતાથી બોલ્યો.

'તો પછી ખાઈ ઓળંગવાનો બીજો કયો રસ્તો કાઢશું?' મેં પૂછ્યું.

થોડી વાર સ્તબ્ધતા છવાઈ ગઈ. પોતાનું માથું બે હાથે જોરથી પકડી આંટા મારતાં તે એકદમ વિચારમાં પડી ગયો... માત્ર એક ક્ષણ માટે જ! એકાએક આંખો ખોલી તેણે હસતાં હસતાં શાંતિથી કહ્યું, 'અરે, એનો પણ રસ્તો છે!'

'કયો?' મેં તરત જ પૂછ્યું.

'જા. શોણ આપણી નૌકામાર્ગ માટેની હજારો નૌકાઓમાંથી અડધી નૌકાઓને તોડી એમની લાકડીઓને છૂટી પાડવાનું કહી દે! એને અંગારા પર બિછાવી આજે આપણું સૈન્ય એક પણ યોદ્ધો જાન ગુમાવ્યા વગર ખાઈ ઓળંગશે!' એણે મુગટ માથે ચડાવ્યો! એની નીલી આંખો ચમકવા લાગી! કુંડળ ડોલવાં લાગ્યાં!

આદરભાવથી એમનો ચરણસ્પર્શ કરી હું છાવણીમાંથી બહાર નીકળ્યો. નિમણૂક થયેલા સૈનિકો પાસે જઈ મેં એમને કહ્યું, 'તમારી નિમણૂક અંગારા પર તમારાં શરીર બિછાવી દેવા માટે નથી થઈ! એ કામ નૌકા કરશે. જાઓ, નૌકાઓ તોડી એમનાં લાકડાં છૂટાં કરી નાખો!'

ખાટ્... ખાટ્.... ખાટ્... એક પછી એક પ્રહાર નૌકા પર થવા લાગ્યા. જે નૌકાઓની સહાયથી અમે અનેક નદીઓ ઓળંગી હતી એ આજે તૂટવા લાગી હતી. લાકડાંનો ઢગ જોતાં સૌ સેનાનાયકોની આંખો આનંદથી નાચી ઊઠી. કેટલો સાદો તોડ હતો, પરંતુ કોઈના મનમાં આવ્યો નહોતો!

મુગટધારી અમારા સેનાપતિએ આગળ આવી એકએક લાકડાનો ટુકડો સૈનિકોના હાથમાં એ દેવા લાગ્યો. એના હાથમાંથી લેતાં જાણે અમૃતલાભ થયો હોય તેમ આનંદવિભોર બની કુરુ સૈનિકો જયઘોષણા કરવા લાગ્યા, 'સેનાપતિ અંગરાજ કર્ણનો...!'

'જય હો! જય હો!'

અમારા સૈન્યને ખાઈઓ ઓળંગેલા જોઈ કિલ્લા પરનું મગધ સાવધ થઈ ગયું! કિલ્લાના છિદ્રોમાંથી તેઓ બાણની વર્ષા કરવા લાગ્યા. હાથીઘોડા સહિત અમારી સેનાએ ખાઈ પાર કરી... નગરના કિલ્લાને ઘેરી લીધો. મગધની એક એક અદ્ભુત યુદ્ધનીતિએ અમને અવાક્ કરી દીધા. બાણની પૂંછડી પર પલાશનાં પાંદડાંની થેલી બાંધી એમાંથી લાલ કીડીઓનો મારો અમારા હસ્તિસૈન્ય પર શરૂ કર્યો. નૈમિષારણ્યને દાદ ન દેનારા અમારા બળવાન હાથીઓના કાનના નાજુક પડદાને આ કીડીઓ ચટકા ભરવા લાગી. એની બળતરાથી પીડાઈને હાથીઓ ધડાધડ ધરતી પર ઢળી પડ્યા! કેટલી કુટિલ હતી એ યુદ્ધનીતિ!

'શોણ, બધા હાથીના કાનમાં લૂગડાંના ડૂચા ભરાવી દો!' ભાઈએ હાથ ઊંચા કરી મોટેથી કહ્યું. મહાવતોએ અંગ પરના ઉત્તરીય ફાડીને એના ડૂચા કરી હાથીઓના કાનમાં ભરાવ્યા! એક સમસ્યા ઊકલી ગઈ. સેના આગળ વધી.

કિલ્લા પરથી મગધોએ પથ્થરો ફેંકવા શરૂ કર્યા. સળગતી પૂંછડીવાળાં બાણ પણ છોડવા લાગ્યા તોપણ એને સહેજે ન ગણકારતાં ભાઈ એક પ્રચંડ હાથી તથા મહાવતની સાથે નગરના મહાદ્વાર સુધી પહોંચ્યો. અરિષ્ટસેન, વ્યાઘ્રશર્મા, હિરણ્યવર્મા વગેરેએ કિલ્લો ઘેરી લીધો! હવે ગમે તે થાય પણ વિજય મેળવીને જ જંપશું. વિજય જ!

અમે મહાદ્વાર પાસે પહોંચ્યા તો ખરા પણ કોઈએ ક્યાંય ન જોયો હોય તેવો મજબૂત મહાદ્વાર જોઈને જ અમારી આશા પર પાણી ફરી વળ્યું! એ બંધ મહાદ્વારની બહારની બાજુએ અણીદાર લોખંડી ખીલા ઠોક્યા હતા! એકાદ મદોન્મત્ત હાથી એના પર તૂટી પડવા જતો ત્યાં એના ગંડસ્થળ ખીલા પાસે અટકી જતા! પોતાના જખમી બાંધવને ધક્કો મારવા માટે કોઈ હાથી તૈયાર થાય નહિ! ખીલામાં ભરાઈ ગયેલા હાથીને બહાર કાઢવા જતા સૈનિકો થાકી જતા. બીજી ઉપાધી! ફરી પડકાર! મગધનું મહાદ્વાર! અજેય મહાદ્વાર!

ભાઈ ઘડીક ઊભો રહ્યો. એક હાથીની પીઠને થાબડતા તેઓ વિચારમાં ખોવાઈ ગયા. અને... અને તરત જ પોતાના અંગ પરથી ઢાલ ઉતારી એક ખીલા પર ટીંગાડી દીધી! એમને અનુસરીને બધાએ પોતપોતાની ઢાલ ખીલા પર ટીંગાડી દીધી. થોડી વારમાં ખીલાઓ ઢાલથી ઢંકાઈ ગયા! એકસાથે દસ હાથીઓને ભાલાની અણીઓ ખોંચતાં જ તેઓએ જોરથી દરવાજાને ધક્કો માર્યો! મગધનું અજેય મહાદ્વાર ઊખડીને ધૂળ ભેગું થઈ ગયું! સહનશક્તિની હદ આવી ગઈ હતી, પરંતુ હવે ઉશ્કેરાયેલા અમારા કુરુ સૈનિકો પોતાના સેનાપતિનો જયજયકાર કરતા, ધૂંધવાયેલો સાપ દરમાં ઘૂસે તેમ લાખોની સંખ્યામાં ગિરિવ્રજમાં ઘૂસ્યા! પછી મગધ રાજ્ય એમને માટે મચ્છરિયું બની ગયું!

ભારે યુદ્ધ થયું. જરાસંધનો પુત્ર સહદેવ ભાઈ સાથે દ્વૈરથ, ગદા, તલવાર, શૂલ, તોમર વગેરે શસ્ત્રોથી યુદ્ધ કરીને થાક્યો. મારી સામે મગધ સેનાપતિ ઊભો હતો. સાંજ સુધીમાં મગધને ધમરોળી નાખ્યું. શબના ઢગલે ઢગલા પડ્યા હતા, તૂટેલાં બાણના, ત્રિશૂળના, તલવારના ટુકડે ટુકડા જ્યાંત્યાં વિખરાયેલા પડ્યા હતા.

વ્યાઘ્રદત્તે નિઃશસ્ત્ર સહદેવને બંદીવાન સ્થિતિમાં અંગરાજ સમક્ષ સાદર કર્યો! જેના પિતાએ અનેક રાજાને બંદીવાન કરી કારાગ્રહમાં પૂરી દીધા હતા એનો જ પુત્ર બંદીવાન સ્થિતિમાં સચિવ સહિત કુરુના સેનાપતિ સમક્ષ ઊભો હતો! એના સેનાપતિ લડાઈમાં મૃતઃપ્રાય પામ્યા હતા! આટલો આઘાતજનક પરાભવ મગધે ક્યારેય જોયો નહોતો. એનો રાજધ્વજ નીચે ઊતરી ગયો હતો.

'બોલ, સહદેવ, શું ખંડણી આપીશ?' અમારા શૂરવીર સેનાપતિએ પરાજિત રાજાને પૂછ્યું.

'આપ કહેશો તે!' ધૂર્ત સચિવે ઉત્તર આપ્યો.

'રાજા, બોલ! હીરા, મોતી, સુવર્ણ, મણિ, પ્રવાલ, ધાન્ય, ગાય વગેરે ખંડણીમાં તારે દેવું જ પડશે! પરંતુ કેવી રીતે આપીશ, તું જાણે છે?'

'જેવી આજ્ઞા અંગરાજ!' સહદેવ ધીમેથી બોલ્યો. એનું શરીર ઝૂકેલું હતું. કારાગૃહમાં બંદીવાન રાજાની યાતના આજ તેને કળાતી હતી.

'તારી ધગધગતી ખાઈઓને ઓળંગવા અમારે જેટલી નૌકાઓ તોડવી પડી હતી એટલી નૌકાઓ બનાવીને એ નૌકાઓમાં ખંડણી ભરીને અમારા ઉપસેનાપતિને સ્વાધીન કર!' મારી તરફ આંગળી ચીંધીને એને આજ્ઞા કરી. માથું ધુણાવી હા કહી એટલે સહદેવને મુક્ત કર્યો. વીર યોદ્ધાઓના મગધ દેશનું પતન થયું. મહા મહિનો શરૂ થયો. હસ્તિનાપુર

છોડ્યાને બે મહિના પસાર થઈ ગયા હતા! અમારી મદદે આવેલા અંગદેશીય સૈનિકોને ચંપાનગરી પાછા મોકલવામાં આવ્યા. મગધનાં પતન થયાના શુભ સમાચાર લઈ ગુપ્તચર હસ્તિનાપુર તરફ જવા નીકળી ગયો.

તે રાતથી જ મગધના અને અમારા કારીગરો રાતદિવસ નૌકાઓ ઘડવા માંડ્યા. એના ઠક ઠક અવાજથી ઊંઘ ન આવતાં સૈનિકો મગધની રાજનર્તિકાનાં મોહક નૃત્ય મશાલના પ્રકાશમાં જોવામાં તલ્લીન થઈ ગયા.

તેર

રાજાઓને બંદીવાન કરેલ કારાગૃહની મુલાકાત લઈ નૌકાઓ સહિત ખંડણી વસૂલ કરી અમે ગિરિવ્રજ છોડ્યું. તિરંજના નદીને કિનારે કિનારે આગળ વધતાં કીકટ, મંદ, પૂર્ણદશાર્ણ, ઉત્કલ જેવાં રાજ્યો જીતીને ઋક્ષપર્વત પાસે અમે ફરી પૂર્વ સમુદ્રની દિશામાં વળ્યા. મહા મહિનાનો શુક્લ પક્ષ પૂરો થઈ ગયો હતો.

અમને પૂર્વ સમુદ્ર પરનો પવન ઋક્ષપર્વત પરના કળંબ, ગેળણ, પાંઢર, ઉદ, ખેર, ઐન, કટક, નાના, શમી, પાંગેર, ઊંડી વગેરે અનેક વૃક્ષનાં પાંદડાંનું સંગીત સંભળાવી રહ્યો હતો. વૈતરણી નદી ઓળંગીને અમે પુંડ્ર દેશમાં પ્રવેશ કર્યો. આર્યાવર્તમાં ડગલે ને પગલે નિસર્ગસૌંદર્યના વિવિધ રૂપ નિહાળી હૈયાં નાચી ઊઠતાં હતાં. કેટલાય પ્રકારનાં પક્ષી, લતાવેલી, વૃક્ષ, નદી, સરોવર, ફૂલ, પિંક, પર્વતથી સભર આ દેશ અવર્ણનીય હતો! માનવરાજ્યનો પરાભવ કરીને અમે આગળ વધ્યા પણ નિસર્ગના રાજ્યને અમે માત્ર શ્રદ્ધાથી વંદન કરીને એની રજા લીધી!

પુંડ્ર દેશમાં પ્રવેશતાં જ પોતાની મુઠ્ઠીભર સેના લઈ તે દેશના રાજા પૌંડ્રક વાસુદેવ અમારી સામે બાથ ભીડવા આવ્યો. હિરણ્યવર્માએ જ તેને હરાવ્યો તેથી અમારે હાથમાં શસ્ત્ર લેવાની જરૂર જ પડી નહિ.

એ પછીની ચડાઈ હતી કલિંગ પર! રાજા દુર્યોધનના સાસરીનો – ચિત્રાંગદનો દેશ! આ દેશ પર સૈન્ય લઈને કેમ જવાય? દુર્યોધનનાં હૃદયને દુઃખ થાય એ વિચારથી મેં અમારા સેનાપતિને કહ્યું, 'આ કલિંગ દેશ મહારાણી ભાનુમતિનો... અને... અને સુપ્રિયા ભાભીનો દેશ છે. એને બાજુએ રાખીએ તો?'

'ના! મારે દ્વારિકા અને મથુરા સિવાય એકપણ રાજ્ય બાકાત રાખવું નથી! આ રાજદંડ સમસ્ત કુરુનો છે! તારી-મારી, રાજા દુર્યોધનની લાગણી કરતાં એની પ્રતિષ્ઠા વધુ મહત્ત્વની છે! ત્યાં કોણ રાજા છે? ભાનુમંત કે એના પિતા?'

'ભાનુમંત! મહારાણી ભાનુમતિના ભાઈ!'

'એને "શરણે આવ" એવો સંદેશો મોકલ! એ રીતે જો શરણે ન આવે તો...'

'તો શું?'

'તારી સ્થિતિ મગધના સહદેવ જેવી થશે!' એમ જણાવી દે એને.

એની આજ્ઞા પ્રમાણે સંદેશો લઈ દૂત કલિંગની રાજનગરી જવા નીકળ્યો. વાસ્તવમાં આ રાજનગરી પ્રત્યે સુપ્રિયાભાભીને લીધે ભાઈને આત્મીયતા થવી જોઈતી હતી, પરંતુ અત્યારે તો સેનાપતિ સિવાય એકપણ સંબંધ સાથે તેને નિસ્બત નહોતી. સંદેશ લઈને

ગયેલો દૂત શું જવાબ લાવે છે એ જાણવા સાશંક હૃદયે અમે એની રાહ જોઈને બેસી રહ્યા હતા.

ચૌદ

દૂત પાછો આવ્યો. કલિંગરાજ ભાનુમંતે અમારી વાત સ્વીકારી લીધી હતી. પોતાની નગરી સજાવીને તેઓ જાતે અમારું સ્વાગત કરવા મહાનદીને કિનારે આવવાના હતા. સદ્‌નસીબે એને સંધિ કરવાની સુબુદ્ધિ જાગી હતી.

આ જ નગરીમાં રાજા દુર્યોધનની મહારાણી ભાનુમતિનું હરણ કરવામાં આવ્યું હતું તે જ નગરીમાં ઢોલનગારાં સાથે અમારી અજેય સેના સહિત અમે ગર્વપૂર્વક પ્રવેશ કર્યો. આ જ નગરીમાં અંગરાજે જરાસંધને દ્વન્દ્વયુદ્ધમાં જીવતદાન આપ્યું હતું. મહાનદીને કાંઠે વસેલું આ નગર શાંત અને રમણીય હતું. રાજા ભાનુમંતે સામે આવીને સ્મિત વદને અમારા ઝંઝાવાતી સેનાપતિનો હાથ પોતાના હાથમાં લઈ પોતાના રથમાં એમને લીધા. કુરુના યોદ્ધા તરીકે નહિ, દુર્યોધનના સખા તરીકે નહિ, સુપ્રિયાભાભીના પતિ તરીકે પણ નહિ, પરંતુ દિગ્વિજયી કર્ણ તરીકે! અમારો અડધાથીય વધુ પ્રવાસ પૂરો થયો હતો. હૃદય વિજયોલ્લાસથી હિલોળા લેતું હતું.

નગરમાં પ્રવેશતાં જ ભાઈએ સુપ્રિયાભાભીનાં વૃદ્ધ માતાપિતાને મળી એમને સવિનય પ્રણામ કર્યાં. ભાનુમંતના આગ્રહને વશ થઈ એક દિવસ રહેવાનું નક્કી કર્યું. મહાવદ પાંચમનો દિવસ હતો. સાંજને સમયે અમારા દૂતોના નેતા હસ્તિનાપુરથી આવેલા એક ઘોડેસવારને લઈ મારી પાસે આવ્યા. એ ઘોડેસવાર ગુરુપુત્ર અશ્વત્થામાનો પત્ર લઈને આવ્યો હતો. છેક મગધ રાજ્યથી વાયુવેગે દોડતો અમને પહોંચી વળવા એ સતત પ્રયત્ન કરતો હતો. રેશમી વસ્ત્રમાં વીંટળાયેલો પત્ર એના હાથમાંથી લેતાં મેં હસ્તિનાપુરના કુશળ સમાચાર એને પૂછ્યા. હસ્તિનાપુરથી ખૂબ સંદેશાઓ આવ્યા હતા, પણ આ પત્ર પહેલો જ હતો! દોડીને ભાઈ પાસે જઈ મેં એ પત્ર એમના હાથમાં દીધો.

એ પત્ર ખોલ્યા વગર એણે પૂછ્યું, 'ક્યાંથી આવ્યો છે?'

'હસ્તિનાપુરથી અશ્વત્થામાનો!'

'વાંચ! શું લખે છે એ?' એણે પત્ર પાછો મારા હાથમાં દીધો. ઉપરનું રેશમી વસ્ત્ર દૂર કરી ભૂર્જપત્ર પર લખેલો પત્ર હું ઉત્સુકતાથી વાંચવા લાગ્યો.

'મિત્ર,

તારા ગગનભેદી વિજયના સમાચાર દર અઠવાડિયે રાજમહેલમાં આવી પહોંચે છે. ચોરે ચૌટે વાતો ચાલી રહી છે કે આ દિગ્વિજયથી તું કીર્તિના શિખર પર પહોંચી ગયો છે. તારા જેવા દિગ્વિજયી વીરને હું ઋષિકુમાર શું લખું? તોપણ આ પત્ર દિગ્વિજયી કર્મ તરીકે વાંચતો નહિ, એક મિત્ર તરીકે વાંચજે. મને વિશ્વાસ છે કે આ પત્રને તું આવકારીશ! હું તને સારી રીતે ઓળખું છું. મિત્રના પત્રમાં ત્રુટી હોય તો તું દરગુજર કરજે.

પાંચાલ, કોસલ, વિદેહ, કૌશિકી, કચ્છ, કામરૂપ, વંગ, મગધ જેવા દેશો જીતી તું અશ્વગતિએ આગળ વધી રહ્યો છે. થોડા સમય પૂરતો તું એના રાજ્યમાં

હોય એથી એટલા પૂરતો એ તારો અધિકાર સ્વીકારે છે, પરંતુ તું આગળ જાય કે ફરી તેઓ પોતાની સંસ્કૃતિનું રક્ષણ કરવા પ્રયત્નશીલ બની જાય છે. સમજી રાખ, સૌને પોતાની સંસ્કૃતિ પ્રાણપ્યારી હોય છે! અને હોવી જોઈએ, કેમકે એ જ જીવનનું લક્ષણ છે. સ્વમાનને ઠોકરે મારીને જીવવા તો કાળો કાગડોય તૈયાર ન થાય! એ સૌને કેવળ પ્રેમથી જીતી શકાય. મને વિશ્વાસ છે કે તેં પણ સૌને તારા સદ્‌વર્તનથી જીતી લીધા હશે. અંતે તો ધન, સંપત્તિ, કીર્તિ, પ્રતિષ્ઠા ગમે તેટલાં મળે તોપણ મૃત્યુના મહાદિગ્વિજયી સમ્રાટ પાસે માનવનું રક્ષણ કરવા એ સમર્થ નથી. એ માટે એક જ કિલ્લો સમર્થ છે અને તે મનનો!

મારા સ્વભાવ પ્રમાણે આ નાનકડા પત્રમાં પણ હું તને તત્ત્વજ્ઞાન સંભળાવવા લાગ્યો! વાંચતાં તને કદાચ કંટાળો પણ આવશે! માટે અહીં જ વિરમું છું.

સઘળી સેના સહિત પ્રયાણ કરતાં આ રમણીય દેશનાં વિવિધ સ્વરૂપોનાં દર્શન તને થતાં હશે. તારું પ્રકૃતિપ્રેમી હૃદય એથી આનંદના હિલોળા લેતું હશે. ખળખળ વહેતી નદીનાં દર્શનથી થતો આનંદ, વિવિધરંગી પૂર્ણવિકસિત કમળોથી આચ્છાદિત સરોવર પર ઘૂમતા ભમરોના ગુંજારવ સાંભળવાથી થતો આનંદ, પાંખો ફેલાવી પ્રફુલ્લિત પ્રકૃતિને પ્રતિસાદ દેતાં મયૂરોને નૃત્યમગ્ન જોઈને થતો આનંદ, આકાશનાં નીલવસ્ત્રોને પોતાના સપ્તરંગની કોરથી સજાવતાં ઇન્દ્રધનુષ્યને જોઈને થતો આનંદ – આ સર્વ આનંદ મારે મતે દસ યુદ્ધના વિજયાનંદ કરતાં શ્રેષ્ઠ છે! એ દૃષ્ટિએ આ તારો દિગ્વિજય એ બીજી સફળતા છે! અસ્તુ!

હવે થોડી હસ્તિનાપુર સંબંધી વાત!

હું રોજ નગર બહાર વિષ્ણુમંદિરમાં દેવદર્શને જાઉં છું. ત્યાં તને દેખાડેલ પથ્થરના ચોતરા પરના પીપળાના વૃક્ષનું પણ દર્શન કરું છું! આ બે મહિનામાં વધીને તે કેટલો મોટો થઈ ગયો છે! અહીં આવ્યા પછી તું જોઈશ તો તુંય એની પ્રશંસા કરવા માંડીશ. એ મને રોજ તારી સ્મૃતિ કરાવે છે. અસ્તુ.

તારા આગમનની અમે સૌ આતુરતાથી રાહ જોઈએ છીએ. એ સૌમાં વૃષાલીભાભી અને તારાં કુટુંબીજનો પણ છે! શોણને સ્નેહપૂર્ણ વંદન. અને હાં! આ આખા પત્રમાં મહત્ત્વની વાત તો રહી જ ગઈ! તું દિગ્વિજય માટે નીકળ્યો અને બીજે જ દિવસે દ્વારિકામાંથી રાજમાતા કુંતીદેવી નગરમાં પધાર્યાં! મહામંત્રી વિદુરની પર્ણકુટીમાં ઊતર્યાં છે! મને લાગે છે કે મહામંત્રીએ જ એમને બોલાવી લીધાં છે. એમનાં દર્શન ક્યારેક થઈ જાય છે. પ્રસંગવશાત્ વિદુરની પર્ણકુટીમાં જવાનો મને અવસર મળ્યો. એ વખતે રાજમાતાને વંદન કરતાં એમનાં ચરણ જોઈ મને તું એકાએક યાદ આવી ગયો! કેટલું સામ્ય હતું તારાં અને એમનાં નાજુક ચરણોમાં!

બસ – અહીં પત્ર પૂરો કરું છું, કારણ તને કહેવા યોગ્ય બધું જ જો કહેવા બેસું તો આ ભૂર્જપત્રનાં ઘણાં પાન જોઈએ! બાકી કુશળ.

તારો સસ્નેહી,
અશ્વત્થામા'

પત્રને અંતે એણે 'સ્નેહાળ' શબ્દને સ્થાને 'સસ્નેહી' શબ્દ પસંદ કર્યો હતો. આસક્તિનો એક પણ તંતુ હૃદયને વળગાડવાનું એના આધ્યાત્મિક હૃદયને રુચ્યું નહિ હોય! એ પત્ર વાંચી હું ખુશ થઈ ગયો પણ ભાઈ વિચારમગ્ન અને અસ્વસ્થ થઈ ગયો.

'પ્રત્યુત્તર શું આપશું?' મેં પૂછ્યું.

'કંઈ નહિ. એને એક પણ ઉત્તર મોકલવો નથી!'

પંદર

રાજા ભાનુમંતના સચિવે કલિંગ રાજ્યમાં જોવાલાયક સ્થળોની યાદી રજૂ કરી તેમાં મહેન્દ્ર પર્વતનો પણ ઉલ્લેખ કર્યો હતો. પર્વત અને તે પણ જોવાલાયક! મને નવાઈ લાગી. પર્વત રળિયામણાં ખરા પણ દૂરથી! કેમ કે પર્વતને ઓળંગવામાં કેટલું કષ્ટ છે તેનો અમને અનુભવ હતો જ. મેં સચિવને પૂછ્યું,

'તમારો આ મહેન્દ્ર પર્વત હિમાલયથી પણ અધિક રમણીય છે?'

'બેશક! હિમાલયનાં શિખર સૂર્યકિરણોમાં ચમકે છે તેમ આ મહેન્દ્રનાં શિખર પર એક પરશુ ચમકે છે!'

'પરશુ? કેવો?'

'હા. પરશુ જ! જામદગ્નિપુત્ર પરશુરામે આશ્રમ સ્થાપી આ પર્વત પર નિવાસ કર્યો છે! દર અમાસે અને પૂનમે મહેન્દ્ર પર્વતનાં ચડાણ ધીરે ધીરે ઊતરીને પોતાનું વરુણવ્રત પૂરું કરવા તેઓ પૂર્વ સમુદ્રનાં ઊછળતાં છાતી સમાં પાણીમાં ઊભા રહીને સૂર્યને અર્ઘ્યદાન આપે છે! એમનાં દર્શન માટે અમાસના અને પૂનમના સમુદ્રકિનારે ભીડ મચે છે! મોતી જેવી ચમકતી, પાણીનાં બિંદુથી શોભતી એમની કાળી ભમ્મર દાઢીમાં ભગવાન પરશુરામ અત્યંત મોહક લાગે છે!'

'ભગવાન પરશુરામ!' મહેન્દ્ર પર્વત પર જવાની ઇચ્છા થઈ આવી પણ સૈન્યને છોડીને એકલા કેમ જવાય એમ ભાઈ જરૂર કહેવાના. આથી રાજનગર છોડતાં પહેલાં મહેન્દ્ર પર્વતની અમે પ્રદક્ષિણા કરી. એ પર્વતનાં નીલરંગી શિખરો હવે અદશ્ય થવાં લાગ્યાં. કણેર, કરંજ, નંદી, ધાવડા, ધામણી, જાંબુ વગેરે જાતજાતનાં વૃક્ષોનો આશ્રયદાતા, ઉદારહૃદયા એ શિખર મસ્તક પર ઝાકળનો શ્વેત મુગટ ધારણ કરી પરશુરામના આશ્રમની પવિત્રતાને દર્શાવતો હતો.

મહાનદીને કિનારે વસેલા દક્ષિણ કોસલ રાજ્યને ઓળંગીને અમે વિદર્ભની સીમા પર આવી પહોંચ્યા! વિદર્ભ! શ્રીકૃષ્ણપત્ની રુક્મિણીનો દેશ! હસ્તિનાપુરની પૂર્વ દિશાના તમામ પ્રદેશ અમે ફરી વળ્યા હતા. હવે દક્ષિણ દિશાના દિગ્વિજયનો આરંભ થતો હતો. મહા પૂરો થયો. ફાગણનું આગમન થતાં જ નદીના બંને કાંઠે લીમડો, પીપળો, આંબલી જેવાં વૃક્ષોનાં સુકોમળ પાંદડાંઓ નાજુક સળવળાટ કરીને જાણે આવનારી વસંતઋતુનાં વધામણાં દેતાં હતાં! વસંતનાં સ્વાગત પૂર્વે વિદર્ભરાજ રુક્મિને અંગરાજ કર્ણનાં સ્વાગતની તૈયારી કરવી પડી હતી! રુક્મિ એ શ્રીકૃષ્ણના સાળા હતા, તેથી એમની સાથે સંધિ કરવાની અમારી સેનાપતિની તીવ્ર ઇચ્છા હતી. આથી વિદર્ભની રાજનગરી – કુંડિનપુરમાં એ પ્રકારનો સંદેશો લઈ દૂતને મોકલવામાં આવ્યો હતો, પરંતુ એણે સંધિ કરવાની ના પાડી દીધી! વીણા અને ભદ્રા નદી પાર કરી તમારું સૈન્ય વિદર્ભની સીમમાં પ્રવેશ્યું.

પયોષ્ણી નદીને તીરે વસેલું કુંડિનપુર મેળવવા અમે વાયુવેગે આક્રમણ કરવા જઈ રહ્યા હતા, પણ માર્ગમાં જ ભોજકોટ નગરમાં રુક્મિનું પથરાયેલું વિશાળ સૈન્ય જોઈ અમે સૌ અવાક્ થઈ ગયા. આ રાજા રાજનગરી છોડી અહીં ક્યાંથી? એ જાણવા જતાં જે કંઈ

સમાચાર મળ્યા એથી અમે વધુ ચકિત થઈ ગયા.

પોતાની બહેન રુક્મિણીને શ્રીકૃષ્ણ જેવા ગોવાળિયા સાથે નહિ પણ શિશુપાલ સાથે પરણાવવી જોઈએ. એથી આ હઠીલા રાજાએ પોતાના પિતા ભીષ્મક રાજા સામે ખુલ્લો વિરોધ કર્યો હતો! એ વખતે શ્રીકૃષ્ણ રુક્મિણીનું કુંડિનપુરમાંથી હરણ કર્યું ત્યારે 'રુક્મિણીને છોડાવીને પાછી લાવીને એને શિશુપાલ સાથે પરણાવીશ નહિતર કુંડિનપુરમાં ફરી પગ નહિ મૂકું.' એવી કઠોર પ્રતિજ્ઞા સાથે તે નગર બહાર ચાલી નીકળ્યો હતો. રુક્મિણીને રથમાં બેસાડી રથને દોડાવનાર શ્રીકૃષ્ણ નગર બહાર નીકળી જાય તે પહેલાં આડા ફંટાઈને એના પર એણે જોરદાર આક્રમણ કર્યું હતું, પરંતુ શ્રીકૃષ્ણે એનો પરાભવ કરી એનો શિરચ્છેદ કરવા પોતાની તલવાર ઉગામી! રુક્મિણીએ વચમાં પડીને પોતાના ભાઈનો જાન બચાવ્યો. ત્યારથી આજ સુધીમાં કેટલાંય વર્ષો વીતી ગયાં છતાં તેણે કુંડિનપુરમાં પગ મૂક્યો નહોતો! ભોજકોટ વસાવીને ત્યાં તે એકલો રહેતો હતો. એના આ નિગ્રહી વિરોધનો અમારે પણ અનુભવ કરવાનો હતો.

શ્રીકૃષ્ણ જેવાની સામે જઈ યુદ્ધ કરનારા રુક્મિ એમ જલદીથી અમારે શરણે આવી જાય એ શક્ય નહોતું. ઊલટું કુંડિનપુરથી વિદર્ભની જીવ સટોસટ લડનારી વિશાળ સેનાને લઈ એના નાના ચાર અતિરથી ભાઈઓ રુક્મરથ, રુક્મબાહુ, રુક્મમેશ અને રુક્માલી ભોજકોટ પાસે ભાઈને સહાય કરવા આવ્યા હતા. આથી દૃઢ નિશ્ચય સાથે તેઓ યુદ્ધ ખેલવા પોતાની વિશાળ સેનાને સાવધ કરી રહ્યા હતા. અમને ખાતરી હતી કે મગધ જેટલો વિરોધ કરવાની અન્ય કોઈનામાં સામર્થ્ય નહોતી પણ રુક્મિએ ધારણા ખોટી પાડવા અમારી સામે પગદંડો જમાવ્યો હતો. મગધની જેમ આક્રમણ-પ્રતિઆક્રમણ કર્યા વગર સીધા સમરાંગણમાં ધસી આવેલા રુક્મિને જોઈ હું પ્રભાવિત થઈ ગયો. ભોજકોટ પાસેની વિશાળ યુદ્ધભૂમિ પર અમારા બંનેનાં સૈન્ય એકમેક સાથે ટકરાયાં જાણે સેનાસમુદ્રે એકમેકને ભીંસમાં લીધા! વિદર્ભનું આ યુદ્ધ અભૂતપૂર્વ હતું.

ભાઈએ સિંહગર્જના કરી રુક્મિ રાજાને ભીંસમાં લીધો! ટકરાતાં બાણોમાંથી તણખા ઝરતા હતા! જાણે કહી રહ્યા હતા કે, 'અમે વિદર્ભ છીએ! ભીષ્મક રાજાના પુત્રો! રુક્મિણીના ભાઈઓ!' પહેલા દિવસ દરમિયાન બંને વચ્ચે તુમુલ યુદ્ધ થયું. કોણ કોને નમે?

બીજે દિવસે પોતાના સૈન્યને સાવધ કરતો હાથમાં ગદા લઈ રુક્મિ કુરુસેના પર ત્રાટક્યો. ગદા લઈ, રથમાંથી ઊતરી, પગે ચાલીને અંગરાજા એની સામે ગયા. શંખના ધ્વનિ કાનમાં ધણધણતા હતા. મૃદંગના તાલે એ બંને ગર્વથી ગોળાકાર ઘૂમતા હતા. રાધામાતાની સૂચના પ્રમાણે હું ગમે તેમ કરીને પણ યુદ્ધ સમયે ભાઈની બાજુમાં રહેવાનો યથાશક્તિ પ્રયત્ન કરતો હતો. એ વખતે એને સમરાંગણમાં ચપળતાથી લડતાં જોઈને, મીનાક્ષીને ખભા પર બેસાડી રમાડતાં આ જ વસૂભાઈ? એવી શંકા મારા મનમાં ઊઠતી. જેટલી સહજતાથી હું ઘોડાની પીઠ પર ચાબુક ફેરવતો હતો એટલી જ સહજતાથી તે હાથમાંની વજનદાર ગદા ફેરવતા હતા. એ બંને ક્રોધથી રાતીચોળ આંખે એકબીજા પર હલ્લા કરતાં જોઈ બે મદોન્મત્ત હાથી જાણે એકબીજાને ભીંસમાં લેતા હોય એવો આભાસ થતો હતો. થાક્યા વગર તેઓ સતત એકબીજા પર પ્રહાર કરતા હતા. નિયમાનુસાર પ્રભાવશાળી ઢંગથી ગોળાકાર ઘૂમતા હતા. વચમાં વળી પરસેવાને લીધે હાથમાંથી ગદા

છૂટીને નીચે પડી જાય તો તે હાથમાં ફરી ન લે ત્યાં સુધી સામો પ્રહાર ન કરતાં માત્ર ગોળાકાર ચક્કર લગાવતા. એની ભૂજાના સ્નાયુઓ તણાવાથી ફૂલી ગયા હતા. કપાળ પરથી પરસેવાનાં બુંદ ટપકતાં હતાં. બીજો દિવસ પણ આથમી ગયો! કોઈએ હાર સ્વીકારી નહોતી.

ત્રીજે દિવસે ખડ્ગયુદ્ધ અને ચોથે દિવસે તોમરયુદ્ધ થયું છતાં રુક્મિએ પીછેહઠ કરી નહોતી. ભાઈ પણ થાક્યો નહોતો. આ ચાર દિવસમાં બંને સેનાના સેંકડો વીર સૈનિકો ધરાશાયી થઈ ગયા હતા. શું થાય? યુદ્ધનો અંત દેખાતો જ નહોતો.

પાંચમે દિવસે કિરણોની સેના લઈને આવ્યા. બંને સેના એકબીજાની સામે ઊભી રહી કે તરત જ હાથ ઊંચા કરીને અંગરાજે વાદ્યો વગાડવાના બંધ કરાવ્યા. અમારાં વાદ્યો બંધ થતાં જ વિદર્ભે પણ વાદ્યો બંધ કરાવ્યાં.

'રુક્મિ, હું વિદર્ભ જીત્યા સિવાય અહીંથી જવાનો નથી! બંને સૈન્યનો વિનાશ રોકવો હોય તો નીચે ઊતર અને આ કર્ણ સાથે સીધો દ્વન્દ્વયુદ્ધમાં ઊતર! પડકાર ફેંક્યા પછી 'ખાડ... ખાડ...' ભાઈના રથ પરથી તાલ ઠોકવાનો જોરદાર અવાજ ઘૂમી વળ્યો!

'કર્ણ, તું વિદર્ભને નહિ જીતી શકે! આવ, યુદ્ધ માટે રથમાંથી નીચે ઊતર. મારી તૈયારી છે!'

'ખાડ... ખાડ...! પડકારનો રુક્મિ તરફથી જવાબ મળ્યો. અંતે તો રુક્મિણીનો ભાઈ ને!

પળવારમાં લાલ માટી પાથરીને દ્વન્દ્વયુદ્ધ માટેનો અખાડો તૈયાર થઈ ગયો! પોતપોતાના સેનાપતિ પર મીટ માંડીને બંને સેના એમ જ ઊભી રહી ગઈ; તટસ્થ! બે પર્વતની વચ્ચે કોપાયમાન સિંહ અથડાય તેમ આ બે તટસ્થ સૈન્યની વચ્ચે એકમેકના મસ્તક ભિડાવીને તેઓ દ્વન્દ્વયુદ્ધ કરવા લાગ્યા. વિદર્ભની રાજનગરી પયોષ્ણી નદીથી કેટલાંય જોજન દૂર હતી. માત્ર એની પ્રતિષ્ઠા આ અખાડાની માટી પર ઝોલાં ખાતી હતી. બે અજગર એકબીજાને ભીડે તેમ તેઓ એકબીજાને મારી નાખવા ભીંસમાં લેતા હતા! પહેલો પ્રહર પૂરો થયો. સૂર્ય માથે આવ્યો! બંનેના અંગ પરથી પરસેવો લૂછવા માટે વારંવાર રાખ મસળવામાં આવતી હતી. રાખના લેપથી તેઓ બંને ભયાનક દેખાતા હતા! બીજો પ્રહર પૂરો થયો... હવે રુક્મિ ભાઈના અંગનો સ્પર્શ કરવાનું ટાળવા લાગ્યો! અગ્નિનો સ્પર્શ થતો હોય એવો અનુભવ એને થવા લાગ્યો! એટલામાં ભાઈએ અતિશય ચપળતાથી ચાલ બદલી. એ ચાલ બાહુકંટક દાવ પહેલાંની હતી! બાહુકંટક! પ્રાણઘાતક દાવ! એ વિચાર કરતો હતો ત્યાં જ એને પોટલાની જેમ બાંધી અમારા વીર સેનાપતિએ રુક્મિને જાંઘ નીચે દબાવી દીધો! એના કંઠને જોરથી કચકચાવીને હાથનો ફાંસો દીધો! પગ છટપટાવતો એ ડચકાં ભરતાં ભુજંગની જેમ લળવળિયાં લેવા લાગ્યો! અસહાય! દયનીય! જીવલેણ!

'રુક્મિ, શરણે આવ!' ભાઈએ ત્રાડ પાડી. જમણા હાથનો અંગૂઠો ઊંચો કરી રુક્મિ શરણે આવ્યો! ફાંસો ઢીલો થયો. જીવતદાન મળ્યું!

'અંગરાજ કર્ણનો...'

'જય હો!' અમારી સેનાનો રૂંધાયેલો શ્વાસ ઘોષણાથી હેઠો બેઠો. તટસ્થ સૈનિકો કુંડિનપુર તરફ જવા હરણાંની જેમ છૂટ્યા!

પરાભૂત રુક્મિ નત મસ્તકે પાછો ચાલ્યો જશે એવી અમારી ધારણા હતી પણ અંગરાજનો જમણો હાથ હાથમાં લઈ એણે બંને સેનાને કહ્યું, 'અંગરાજ કર્ણ જેવો શૂરવીર સમસ્ત આર્યાવર્તમાં કોઈ નથી! હું વિદર્ભરાજ રુક્મિ એનું સ્વાગત કરું છું!' આગળ આવીને અમારા સેનાપતિને એ ભેટી પડ્યો.

આ અપૂર્વ દૃશ્ય જોઈ મેં આવેશમાં આવી જઈ ઘોષણા કરી, 'વિદર્ભરાજ રુક્મિનો...!' 'જય હો!' બંને સેનાએ સાથ દીધો.

મારા હૃદયમાં અશ્વત્થામાના પત્રમાંના કેટલાક વિચારો ઘુમરાવા લાગ્યા, 'દરેકને પોતાની સંસ્કૃતિ પ્રિય હોય છે અને હોવી પણ જોઈએ. એ જ જીવનનું લક્ષણ છે! સૌને પ્રેમથી જીતી શકાય છે. તારો દિગ્વિજય બમણો યશસ્વી છે!...'

સોળ

રુક્મિને સાથે લઈને અમે કુંડિનપુરમાં પ્રવેશ કર્યો! પોતાની હાર થઈ એનાં દુઃખ કરતાંય પોતાનો પુત્ર છત્રીસ વર્ષે નગરમાં પાછો આવ્યાનો સંતોષ ભીષ્મક રાજાને વધુ થયો! વિદર્ભના પ્રાચીન રાજમહેલનાં પગથિયાં ચડતાં એક વિશેષ પગથિયા પાસે તે ઊભો રહી ગયો. મિથિલા નગરીમાં ઊભો રહી ગયો હતો તેમ! એ જ ભાવ! એ જ વિચારમગ્ન શાંતતા! એ જ ભાવપૂર્ણ તેજસ્વી નીલી આંખો!

'કેમ ઊભો રહી ગયો?' મેં પૂછ્યું.

'શોણ, સૌ એમ માને છે કે શ્રીકૃષ્ણે રુક્મિણીનું બળજબરીપૂર્વક હરણ કરેલું પણ તે ખોટું છે! ઊલટું એમણે એની રક્ષા કરી હતી! રુક્મિણીનાં વિવાહ શિશુપાલ સાથે થયાં હોત તો? એ પિયરમાંથી બહાર પગ મૂકતાં જ પયોષ્ણી નદીમાં અવશ્ય કૂદી પડી હોત! આ જ પગથિયે શ્રીકૃષ્ણ સાથે બહાર નીકળતી વેળા હરખનાં આંસુ અને ભાઈનું હૃદય દુભાવ્યાનાં દુઃખનાં આંસુ આ વીર સ્ત્રીની આંખમાંથી ઢળ્યાં હશે! તે ભાવામુગ્ધ થઈ ગયો. એકીટશે પગથિયાને જોઈ રહ્યો. મનોમન વંદન કરી અમે પગથિયાં ચડવાં લાગ્યાં. ભીષ્મક રાજાએ લટવાક પક્ષીનાં મીઠાં માંસનું ભોજન સૌને આગ્રહ કરીને પીરસ્યું. ફાગણ સુદ પૂનમની સાંજે અમે કુંડિનપુરની વિદાય લઈ પુલિંદના રાજ્ય તરફ પ્રસ્થાન કર્યું. રુક્મિ સીમા સુધી વળાવવા આવ્યો. જય-પરાજયની સીમારેખા સ્નેહમાં વિલીન પામી.

તાપી નદી ઓળંગી વિન્ધ્ય પર્વતની દિશામાં અમારી યાત્રા શરૂ થઈ. એને દક્ષિણમાર્ગ કહે છે. આ માર્ગે દક્ષિણ તરફ ખૂબ નીચે જાઓ તો અશ્મક, ગોપ અને મલ્લ એ ત્રણ રાષ્ટ્ર મળીને મહારટ્ઠ દેશ આવે. એનો માર્ગ એટલો સાંકડો હતો કે ત્યાંથી વિશાળ હાથીઓ પસાર થઈ શકે નહિ. ઉપરાંત માર્ગમાં દંડકારણ્યનું ગીચ વન પણ હતું. આટલું ગીચ વન અમે હજી સુધી ક્યાંય જોયું નહોતું. આથી મહારટ્ઠ દેશ બાજુમાં રાખી અમે પુલિંદ દેશ જવા ઉત્તર તરફ વળ્યા અને મહારટ્ઠની ગણના આર્યાવર્તમાં થતી પણ નહોતી!

વિન્ધ્યના કિનારે કિનારે અમારી સેના નર્મદા નદી પાર કરી નિષાધ-પર્વત પાસે આવી. આ નિષાધ પર્વત પર જ નિષધરાજા હિરણ્યધેનુકનો પુત્ર એકલવ્ય રહેતો હતો. ગુરુ દ્રોણને દક્ષિણામાં હાથનો અંગૂઠો દઈને સૌ શિષ્યોમાં એણે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. એ જ એકલવ્ય સિંહની જેમ નિર્ભયપણે પર્વત પર ફરતો હતો. અંગૂઠા વગર વચલી બે આંગળીઓને આધારે પ્રત્યંચા તાણી હિંસક પશુ અને શત્રુઓ પર તે ત્રાટકતો હતો.

અમારો કુશળ દૂત રોજેરોજના સમાચાર મેળવી અમારી પાસે રજૂ કરતો હતો. એણે એકલવ્યને જોયો હતો. ઇચ્છા હતી છતાં અમને એને જોવાનો અવસર મળ્યો જ નહિ.

નિષાધ અને શક્તિમંત – આ બે પર્વતની વચ્ચે એક ખીણ હતી. એમાં થઈને અમારી સેનાને પુલિંદ લઈ જવા અમે વિવશ હતા. છતાં આ ખીણમાંથી પહેલાં પાયદળને પસાર કરવા જતાં જ એમના પગરવથી પુલિંદ રાજ્ય સચેત થઈ ગયું નથીને તે માટે અમે કાન સરવા કર્યા, પરંતુ તે નચિંત હતો. બહુધા અમારી સેના વિન્ધ્ય, નિષાધ અને શક્તિમંત પર્વતોની લાંબીપહોળી હારમાળા ઓળંગીને આવી શકશે નહિ એમ કદાચ એ લોકોએ ધાર્યું હશે, પરંતુ દરમાંથી કીડીઓ સતત બહાર ભાગતી રહે છે તેમ ખીણમાંથી બહાર પડતું અમારું લાખોનું સૈન્યદળ જોતાં જ પુલિંદ દેશનો અધિપતિ સુકુમાર અને સુમિત્ર – એ બે ભાઈઓ સાવધાન થઈ ગયા. ફરી યુદ્ધ, ફરી રક્તપાન, ફરી બાણવર્ષા! આ જ અમારું જીવન થઈ ગયું હતું. માર્ગમાં જે મળે એનો અમારે સામનો કરવાનો હતો. એક દિવસમાં જ પુલિંદનું પતન થયું. અમારો પ્રતિકાર કરવા માટે ધીરજપૂર્વક સંગઠિત થવાનો એમને અવસર જ મળ્યો નહોતો. સુકુમાર અને સુમિત્ર બંને યુદ્ધમાં બેશુદ્ધ થઈ ગયા હતા. અમારા વૈદે એમની સારવાર કરી. અમારે કોઈ સાથે વેર નહોતું. વિરોધ હતો કેવળ ચૈતન્ય શરીરમાં અજેય, અજેય પોકારનારા અહંકાર મન સામે! અચેતન શરીર સામે નહિ! અમારા સેનાપતિએ અમને આ શિક્ષણ આપ્યું હતું. નિઃશસ્ત્ર, મૂર્ચ્છિત, શરણાગત, સેવક અને સ્ત્રીઓ પર શસ્ત્ર ઉગામનારને એક જ શિક્ષા થતી હતી અને તે એ કે એ શસ્ત્ર એણે પોતાને હાથે જ પોતાના પર સમગ્ર સેનાની હાજરીમાં ચલાવવાનું! મૂકપણે! પ્રાણ ન જાય ત્યાં સુધી! જોકે આવો પ્રસંગ ક્યારેય અમારા એક પણ સૈનિકના જીવનમાં આવ્યો નહોતો. એનું શ્રેય સેનાપતિના અનિંદ્ય, નિષ્કલંક ચારિત્ર્યને ફાળે જાય છે. હિમાલય સમો ધવલ એમનો આદર્શ સૌની સમક્ષ હતો. તેઓ જેને અર્ઘ્યદાન દેતા હતા તે અલાંછન, દીપ્તિમાન સૂર્યની જેમ!

પુલિંદ રાજા પાસેથી સંપત્તિની ખંડણી વસૂલ કરી અમે શુક્તિમતી-શિશુપાલના નગર પ્રતિ પ્રયાણ કર્યું. રાતદિવસના શ્યામશ્વેત પુષ્પ ગૂંથતો કાળનો માળી હારમાળા તૈયાર કરવા પલાંઠી વાળીને બેઠો હતો! આ ચાર મહિનામાં એણે કેટલાં પુષ્પ પોતાના હારમાં ગૂંથ્યાં હતાં એની એમને પણ ખબર નહોતી.

સત્તર

દશાર્ણા નદીની આસપાસ ઊગેલા નાગરમોથ છોડીને ખૂંદતાં અમે ચેદિરાજ શિશુપાલના શક્તિમતી રાજનગરમાં દાખલ થતાંવેંત જ એને ચારેબાજુથી ઘેરી લીધો. ઇન્દ્રપ્રસ્થમાં શિશુપાલ મરાયા પછી એનો પુત્ર ધૃષ્ટકેતુ ચેદિનું નેતૃત્વ સંભાળતો હતો! જીવનભર શ્રીકૃષ્ણ સાથે વૈરવૃત્તિ ધરાવનાર રાજાનો એ પુત્ર હતો!

પોતાની બહેન કરેણુમતિને નકુલ સાથે પરણાવી હોવાથી પાંડવો સાથે એમના સંબંધો ઘનિષ્ઠ થયા હતા. અમારો એમની સાથેનો વિરોધ નિશ્ચિત હતો, પણ એક માત્ર વિજયને જ વરેલા કુરુ સૈનિકો હવે કોઈને નમે એમ નહોતા.

શુક્તિમતીનું રક્ષણ કરવા ધૃષ્ટકેતુ પોતાના ભાઈઓ સુકેતુ, કરકર્ષ અને શરભ સાથે એક એક દિશામાંથી લડવા અમારી સેનાને ભીંસમાં લીધી.

વેત્રાવતીને કિનારે ફરી શસ્ત્રોના તણખા આકાશમાં ઊડવા લાગ્યા. વીર યોદ્ધાઓની ગર્જનાથી વેત્રાવતીના કંપતાં મોજાં અધિક સ્પંદિત થઈ ઊઠ્યાં. પાણીનો પ્રવાહ બાણોથી ભરાઈ ગયો! ધૃષ્ટકેતુ મહાન યોદ્ધો હતો. એટલી ચપળતાથી એ ચારે દિશામાં ફરી વળી પોતાની સેનાને પ્રોત્સાહન દેતો હતો કે સૌ સૈનિકોને એનાં વારંવાર દર્શન થવાં લાગ્યાં. અમારા સૈનિકોને ધૃષ્ટકેતુ ચાર સ્વરૂપે જાણે દેખાવા લાગ્યો! એના પિતાની સાહસિક દૃઢતા એની નસેનસમાં ભરેલી હતી, પરંતુ અમારા સેનાપતિ ચારેબાજુથી એને ભીડી લઈને નિઃશસ્ત્ર કરતા હતા. બે પ્રહર સુધી ચેદિ સતત ઝઝૂમતો રહ્યો પણ ધૃષ્ટકેતુ ભાઈના એક મર્મભેદક બાણથી ઘાયલ થઈને પડી જતાં એનો આત્મવિશ્વાસ ભાંગી પડ્યો. વેત્રાવતીનું પાણી વરસાદના પુરમાં ચારેબાજુથી સ્વચ્છંદપણે વહેવા માંડે તેમ વહેવા લાગ્યું! ઘાયલ અવસ્થામાં પણ વીર ધૃષ્ટકેતુ જખમ પર હાથ દાબીને પોતાની સેનાને રોકવાનો વ્યર્થ પ્રયત્ન કરતો હતો. ચેદિ દેશ પડ્યો! અમારી વિજયી સેનાએ શુક્તિમતી નગરમાં દાખલ થઈ વેત્રાવતી નદીનાં પાણીને ગંદું કરી નાખ્યું!

આ નગરની ઉત્તરે મથુરા રાજ્ય હતું. અહીંથી સમાચાર લઈને દૂત હસ્તિનાપુર જવા નીકળ્યો. માર્ગમાં મથુરા રોકાઈ એણે શ્રીકૃષ્ણે અભિષિક્ત કરેલા ઉગ્રસેન રાજાને અમારા તરફથી રેશમી રાજવસ્ત્રોની તેમજ સુવર્ણમુદ્રાની ભેટ આપવાની હતી! ભાઈની પ્રતિજ્ઞા પ્રમાણે અમે મથુરા પર ચડાઈ કરવાના નહોતા, એટલે જ આ સૂચક ભેટ હતી.

ચેદિરાજ પછી અમારી ચડાઈ ભોજરાજ પર હતી. ત્યાંના રાજા હતા પિતાપુત્ર – કુંતીભોજ અને પુરુજિત! ભોજપુર અશ્વનદીને કિનારે વસેલું હતું. ફાગણ મહિનો પૂરો થયો. હવે વસંતઋતુનું રાજ્ય ધરતી પર અવતર્યું હતું. વસંતને લીધે ફાલીફૂલી ધરતીનું સર્વાંગી સૌન્દર્ય આંખભરીને પીતાં પીતાં પારા, પાતાલવતી વગેરે નદીઓ ઓળંગી અમે ભોજરાજ્યમાં ચર્મણ્વતીને કાંઠે આવ્યા! ચર્મણ્વતી! નિષધ પર્વતની ઘાટીઓને ચીરતી આગળ ધપતી જલદાયિની! વાંકાંચૂકાં વળાંક લેતી એ આગળ યમુનાને મળે છે અને આગળ યમુનાના પટમાંથી ગંગાને!

ચર્મણ્વતીનું સંગમ સ્થાન અશ્વનદી! અમે અમારા પ્રવાસમાં અનેક નદીઓને ઓળંગી હતી. એ બધાનાં નામ પણ અમે ભૂલી ગયાં હતાં! પણ અશ્વનદી ક્યારેય ભૂલી શકું તેમ નથી! સારથિપુત્ર હોવાને લીધે, કદાચ એના નામમાં આવતા 'અશ્વ' શબ્દને લીધે વધુ ગમી હશે! ગમે તે હો પણ એ નામનું મને ચોક્કસ આકર્ષણ હતું! સંગમતીરે આવીને મેં ભાઈનું મન કળવા એને પૂછ્યું, 'આ અશ્વનદી નામ તમને કેવું લાગે છે?'

'એ અશ્વની જેમ દોડે છે તેથી એ યોગ્ય લાગે છે! એનું પાણી પીને જીવનારા ભાગ્યવાન જ આખી જિંદગી અશ્વની જેમ જ દોડતા રહેશે!' અશ્વનદી તરફ જોતાં એમણે ઉત્તર આપ્યો! એટલામાં એક ગોપ કન્યા શ્વેત ગાયને પાણી પાવા આવી! એક સુંદર વાછડો પણ તેની સાથે હતો! એનાં સ્તનને ધાવવા એ મથતો હતો પણ ગાય દોડીને પાણીમાં ઊતરી ગઈ. આથી પોતાની પૂંછડીનો ગુચ્છ ઉછાળી ઉછાળીને એની બહાર આવવાની રાહ જોતો ઊભો રહ્યો! અશ્વનદીનાં પાણીના પ્રવાહમાં એક સૂકી લાકડીનો ભારો ડોલતો ડોલતો વહી રહ્યો હતો! ગોપ-કન્યાનો પાલવ પવનમાં ફરફરતો હતો! મને આ દૃશ્ય અત્યંત મોહક લાગ્યું! કેવું રમણીય હતું એ દૃશ્ય! શ્વેત! સૌને વંદનીય ગાય!

પવિત્ર વાછરડો! ખળખળ વહેતું પાણી! હું તો દંગ થઈ ગયો.

અમારા સેનાપતિને શું થઈ ગયું કોને ખબર? એણે વાયુંજિત પરથી સીધી છલાંગ મારી! નજીક આવી સંગમનાં પાણીમાં દાખલ થઈ એણે એ ગાયને ગળેથી પકડી એને ખેંચીને એકદમ પાણીમાંથી બહાર કાઢી. કદાચ વાછરડાની લાચારી એ જોઈ શક્યો નહિ હોય! એણે ગાયને પાણીમાંથી બહાર તો કાઢી, પરંતુ એના યોદ્ધાના વેશને લીધે ગભરાયેલો વાછડો કૂદતો કૂદતો દૂર ક્યાંક ચાલ્યો ગયો! કોણ જાણે ક્યાં? નદીમાં લાકડીનો ભારો હાલકડોલક થતો દૂર જવા લાગ્યો! ગાયને ગળેથી પકડીને પાણીમાં ઊભા રહેલા આ દિગ્વિજયી સેનાપતિ નદીનાં વહેણમાં ડૂબકા ખાતા લાકડીના ભારાને અપલક નેત્રે જોવા લાગ્યા! એમના એક હાથમાં કુરુનો રાજદંડ હતો, બીજા હાથમાં ગાયનો કંઠ!

'જવા દે. કોઈનું ભાગ્ય જ આવું હોય છે! તું જેને માટે મથી રહ્યો છે તે વાછડો તો ભાગી ગયો!' મેં એના ખભા પર હાથ મૂકતાં કહ્યું.

'ભાગ્ય? દિગ્વિજયી સેના લઈ યુદ્ધ કરતો ફરું છું અને હજી તું ભાગ્યનાં ગાણાં ગાય છે?' એક તુચ્છ વાતમાં તે મારી પર કરડાકી વાણીમાં ગુસ્સે થઈ ગયો!

'નહિતર બીજું શું?' મેં નીચું જોઈને કહ્યું. હું શું બોલી ગયો તેનું મને ભાન જ રહ્યું નહિ!

'શોણ, ભાગ્ય એ માનવે સર્જેલી સૌથી મોટી ભૂલ છે! એને માનવજીવન સાથે જોડી દરેક વ્યક્તિ હંમેશાં સત્યથી દૂર ભાગવા મથે છે. પાણીમાં વહેતાં પેલા લાકડીના ભારા સામે જો. દરેકનું જીવન આવું છે! મોજાંઓનો સામનો કરતાં જીવવું એ જ સાચું જીવન છે!' એણે પાણી તરફ આંગળી કરીને કહ્યું.

હાથમાંની પકડ છૂટતાં જ ગાય ત્યાંથી ચાલી નીકળી.

અઢાર

કુંતીભોજ અને પુરુજિતને ધૂળ ચાટતાં કરી દેવા માટે અમે ચર્મણ્વતી ઓળંગી. અશ્વનદીનો સંગમ પણ પાર કર્યો! ભોજરાજાનું રાજનગર ભોજપુર દેખાયું! આ જ નગરમાં રાજમાતા કુંતીદેવીનું શૈશવ વીત્યું હતું. એ વાત મહામંત્રી વિદુરજી પાસેથી ઘણી વાર સાંભળી હતી!

કુંતીભોજ અને પુરુજિત એ શ્રીકૃષ્ણની ફોઈ કુંતીદેવીનાં સગાં હોઈ વિદર્ભના ભીષ્મક રાજાએ દૂતને અગાઉથી મોકલી પોતાના સંબંધીને સંધિ કરી લેવા સલાહ આપી હતી. અમને હતું કે તેઓ અમને જોરદાર લડત આપશે, કેમકે ભોજરાજ્ય એ દક્ષિણ આર્યાવર્તમાં મગધના જેટલું જ સંપન્ન રાજ્ય હતું. શક્તિશાળી સૈન્યદળ અને શ્રીકૃષ્ણના પીઠબળને લીધે ભોજરાજ્યમાં અમારે ભારે કિંમત ચૂકવવી પડશે એ વિચાર સાથે જ અમે ચર્મણ્વતી પાર કરી હતી, પરંતુ અનપેક્ષિત જ બન્યું. આ વિશ્વ, માનવજીવન અને દિગ્વિજયી યુદ્ધ એ ત્રણ અનપેક્ષિત આઘાતજનક ઘટના છે!

પુરુજિતે અને કુંતીભોજે અમારા ગળામાં પહેરાવેલી પારિજાતનાં ફૂલોની સુગંધી હારમાળા સાથે અમે ભોજપુરમાં પ્રવેશ કર્યો. ભોજપુર! ચર્મણ્વતીના સંગમ માટે ઉત્સુક એવી અશ્વનદીને કાંઠે વસેલી રમણીય નગરી! અમારા પ્રવાસ દરમિયાન ભોજપુર જેવું

આકર્ષક નગર આજ સુધી અમે બીજું જોયું નહોતું! દરેક ભવન યોજના પ્રમાણે વ્યવસ્થિત બાંધવામાં આવ્યાં હતાં. રસ્તા વિશાળ હતા. બંને બાજુ અશોક અને આમ્રનાં ઘટાદાર વૃક્ષોની શીળી છાયા પથરાયેલી હતી. વસંતનાં આગમન સાથે તેઓ પણ મહોરી ઊઠ્યાં હતાં. એની ખટમધુરી સુગંધ ચારેબાજુ મહેંકતી હતી. એથી પુલકિત બનેલી કોયલ સપ્તસ્વરે ગાન કરી રહી હતી! અત્યારે એના જ દિવસો હતા! નાચવાકૂદવાના! ઊડવાના! ગાવાના!

એક કોયલનો ટહુકાર સાંભળી નિસર્ગપ્રેમી સેનાપતિએ રાજમાર્ગ પરથી પસાર થતાં રાજરથમાંથી જ મને કહ્યું, 'શોણ, આ કોયલ સપ્તસ્વરમાં સુમધુર ગાન છેડે છે એના અવાજથી તું ભાવવિભોર ન થતો! અરે, તે કાગડાના માળામાં ઉછરેલી છે!'

'ભલેને! એના વસવાટથી તો ઊલટો કાગડાનો માળો પાવન થયો હશે.' મેં કહ્યું.

અનુપમ સૌંદર્યવાન અને શૌર્યમાં અજોડ અને અદ્વિતીય આ સેનાપતિનાં દર્શન માટે નગરનાં ભવનોનાં ચોરેચૌટે ઉત્સુક આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષોની ભીડ મચી હતી. હંમેશ બે હાથ જોડી સૌના પ્રેમનો સ્વીકાર કરતો મોટોભાઈ ભોજપુરના રાજમાર્ગ પર પોતાની આ રાજયાત્રામાં હંમેશ ખભે ધારણ કરતાં સુવર્ણમંડિત 'વિજય' ધનુષ્યને એક હાથમાં ઊંચકી પ્રજાજનોના પ્રેમનો સ્વીકાર કરતો હતો. દૂર અશ્વનદીનો એક વળાંક સૂર્યકિરણોમાં ચમકતો હતો. આખું નગર લતા, વેલી, આમ્રશાખા અને કમલપુષ્પોનાં તોરણથી સજાવેલું હતું. ઝીણા ઝીણા બકુલ ફૂલોની ઝૂલતી પાંદડીઓ વાયુજિતને સ્પર્શતી હતી.

ભોજનું નેતૃત્વ કરતાં પિતાપુત્ર સાથે અમારી રાજયાત્રા રાજમહેલ પાસે આવી. ભોજપુરનો રાજમહેલ! પ્રાચીન હોવા છતાં ખૂબ મજબૂત હતો. અમે મહેલમાં પ્રવેશ કર્યો એ સમય હતો સાંજનો. અસ્ત પામતાં લાંબાં સોનેરી કિરણો એ પ્રાચીન મહેલના કળશને સ્પર્શતાં હતાં. મહાદ્વારમાં પગ મૂકતાં જ ભાઈ સહેજ વાર ઊભો રહી ગયો. પોતાનો નિયમ તે કદી ચૂકતો નહિ. એ રાજમહેલના મહાદ્વારેથી જ એણે સૂર્યદેવને સંધ્યાવંદન કર્યાં.

રાત્રિભોજન પછી પિતાપુત્ર સાથે થોડી ચર્ચા કરી છેવટે કોઈએ સૂવાની સૂચના કરી. ઘણા દિવસો પછી અમને મૃદુ શય્યા પર સૂવા મળ્યું હતું. પલંગમાં સૂતાંવેંત ગાઢ નિદ્રા આવવી જોઈએ પણ આખી રાત નિદ્રાદેવી મારી પર પ્રસન્ન થયાં નહિ! રાજમહેલમાં ક્યાંક એક દાસીનું નવજાત શિશુ રાત આખી રડતું હતું! એને શાંત રાખવા એ મથી રહી હતી. વળી પવનથી મહેલના ગવાક્ષના દરવાજા જોરજોરથી અફળાતા હતા! અમારા શયનગૃહમાં રાખેલી પથ્થરની મશાલની જ્યોત પવનની લહેરથી ફડફડતી હતી!

ભાઈ ગાઢ નિદ્રામાં હતા.

સવારે નગરની વિદાય લેતાં પહેલાં ભોજરાજાએ પોતાનો મહેલ સાથે ફરીને બતાવ્યો. ત્યાં એક દીવાલ પર કુંતીભોજ રાજાનું મોટું ચિત્ર હતું. એ ચિત્રમાં એક વૃદ્ધ દાસી એમનાં ચરણ પખાળી રહી હતી. કુંતીભોજનું આ પ્રકારનું ચિત્ર ફક્ત એક જ હતું. એ દાસી ક્યાંક જોઈ હોય એવો મને ભાસ થતો હતો પણ ચોક્કસપણે યાદ આવતું નહોતું.

'આ વૃદ્ધા કોણ?' ભાઈએ ચિત્ર જોતાં પૂછ્યું. એના વિશાળ લલાટ પર રેખા વંકાઈ.

'અહીં ધાત્રી નામે એક પ્રામાણિક દાસી હતી! કુંતીદેવી સાથે તે મહેલમાં રહેતી હતી. પાંડવમાતા કુંતીદેવીને અહીંથી સાસરે વળાવ્યાં ત્યારે એમની એ વિશ્વાસુ સેવિકા

હોઈ એને સાથે મોકલી હતી. મહેલમાં રહેતાં વડીલો આ વાત અમને કહે છે!' પુરુજિતે જવાબ આપ્યો.

એ કક્ષના એક ખૂણામાં પથ્થરની એક ખૂંટી હતી. પુરુજિતે એ ખૂંટી સરકાવી કે તરત દીવાલનો પુરુષ જેવડા કદનો એક ભાગ તરત જ ખસી ગયો! અંદરનો ભૂગર્ભ માર્ગ સ્પષ્ટ દેખાવા લાગ્યો.

'આ ભૂગર્ભ માર્ગ ક્યાં જાય છે?' ભાઈએ અંદર ડોકાઈને પૂછ્યું. એટલામાં અંદરથી એક ચામાચીડિયું પાંખો ફફડાવતું બહાર આવ્યું અને કક્ષના ગવાક્ષમાંથી અમારી સાથે અથડાઈને સીધું બહાર ચાલ્યું ગયું! એકદમ સહજતાથી! એના અથડાવાથી ભાઈનો મુગટ માથા પરથી ખસીને સહેજ વાંકો વળી ગયો.

'આ માર્ગ સીધો અશ્વનદીને કિનારે જાય છે!' પુરુજિતે માહિતી આપી. ભાઈના મોહક વ્યક્તિત્વથી તે અંજાઈ ગયો હતો. બધી માહિતી એ જ આપતો હતો.

'આ નદી અશ્વનદી કેમ કહેવાય છે?'

'અહીંના અશ્વો આ નદી સિવાય એકેય નદીનું પાણી પીતાં નથી માટે!' પિતાપુત્ર એકદમ બોલી ઊઠ્યા.

આખો રાજમહેલ જોઈ અમે સામેના મેદાનમાં આવ્યા. ત્યાં અનેક કુંજો હતી. એમાંથી બહાર નીકળતાં એક પથ્થર સાથે ભાઈનો પગ જોરથી અથડાયો! અભેદ્ય કવચને લીધે કંઈ થયું નહિ! એના સોનેરી કેશ વિખરાઈ ગયા. ભવાં ચડાવી એણે જોયું.

'આ પથ્થર કેમ અહીં વચમાં રાખ્યો છે?' પથ્થર સામે જોઈને એણે રાજાને પૂછ્યું. રાજા અમને વિદાય દેવા રાજમહેલની બહાર અમારી સાથે નીકળ્યા હતા.

'આ પથ્થર જાણીબૂઝીને રાખવામાં આવ્યો છે! કુંતીદેવી અહીં રહેતાં હતાં ત્યારે એક વાર મહર્ષિ દુર્વાસા અહીં આવ્યા હતા! એમણે એક મહાન યજ્ઞ અહીં કર્યો હતો! એ યજ્ઞકુંડનો આ પથ્થર છે! અહીં જ ક્યાંક ક્રોધી દુર્વાસા ઋષિ માટે એક પર્ણકુટી બનાવવામાં આવી હતી. સચિવ કહેતા હતા કે એ મહાન યજ્ઞ હતો! એમાંથી અવશ્ય કંઈક મહાન નિષ્પન્ન થયું હોવું જોઈએ!' કુંતીભોજે જણાવ્યું. એમની શ્વેત દાઢીના કેશ કુંજની મંદ મંદ વાયુલહરીમાં ફરફરતા હતા.

'દુર્વાસા! શોણ, હું સાવ ભૂલી ગયો! આ – આ જ દુર્વાસાએ મને સુવર્ણપત્તીની ભસ્મ કમળજળમાં દરરોજ ભૂલ્યા વગર પ્રાશન કરવાનું કહ્યું હતું! પ્રવાસમાં હું ભૂલી ગયો. આગળના મુકામથી તું મને યાદ કરાવતો રહેજે.' ભાઈએ મને યાદ દેવડાવ્યું.

કુંતીભોજ અને પુરુજિતની પ્રેમભરી વિદાય લઈ ચૈત્ર મહિનામાં સજાવેલી ભોજપુર નગરીની અમે વિદાય લીધી. અવંતીના વિંદાનુવિંદને જીતવા માટે અને સુરાષ્ટ્ર રાજ્ય પર તૂટી પડવા માટે.

થોડા દિવસોમાં જ નિષાધ પર્વતની તળેટીમાં ચર્મણ્વતી નદીના ઉગમ સ્થાન પર વસેલી વિંદ અને અનુવિંદ – એ બંને શૂરવીર ભાઈઓની વિખ્યાત અવંતી નગરી આવી. હિમાલયના અખંડ, એકસરખા શિખર જેવા ઉન્નત બંને ભાઈઓએ અમારો સખત વિરોધ કર્યો, પરંતુ ત્રણ દિવસ બાદ શ્રીકૃષ્ણના ફુઈયારા ભાઈ – રાજશ્રીદેવીના પુત્ર પણ અમારે શરણે થયા. અવંતીનું પતન થયું.

ઓગણીસ

અવંતી પછી મહાનદી ઓળંગીને માલવ દેશ તરફ અમે પ્રસ્થાન કરવાના હતા. અસાણા, લોધ્ર, અંકોળ, પાન, આવળી જેવાં વૃક્ષો વસંતઋતુનાં સાજ સજી ડોલી રહ્યાં હતાં. પશ્ચિમ સમુદ્ર પરથી વહેતો શીતળ પવન સેનાને સતાવતો હતો. માલવોને હરાવીને સ્તંબતીર્થ પાર કરી અમે સુભ્રમતી નદીને કિનારે આવી પહોંચ્યા. અહીં માલવી રાજ્યની સીમા પૂરી થતી હતી. અહીંથી આગળ જતાં બે નાના દેશ શરૂ થતા હતા – આનર્ત અને સુરાષ્ટ્ર.

આનર્તમાં પશ્ચિમ સાગરને કિનારે હતી શ્રીકૃષ્ણની દ્વારિકાનગરી! દ્વારિકા જવું જ નહોતું તેથી આનર્તનો પ્રશ્ન જ ઊઠતો નહોતો! સુભ્રમતિના તટ પર પડાવ નાખવાથી છાવણીમાં સૈનિકોની હાલચાલ અંગે વાટાઘાટ કરી. સુરાષ્ટ્ર (સૌરાષ્ટ્ર) પર ચડાઈ કરતાં પહેલાં દ્વારિકા દૂત મોકલીને શ્રીકૃષ્ણ દ્વારિકાનગરીમાં છે કે નહિ તે જાણવું હતું. એ દૂત સાથે રત્ન, હીરા, સુવર્ણ, રાજવસ્ત્ર વગેરેથી ભરેલા થાળ ભેટ રૂપે દ્વારિકાનગરી મોકલવા એવી સેનાપતિની ઇચ્છા હતી. એમની ઇચ્છા એટલે આજ્ઞા! આજ્ઞા મુજબ ભેટ લઈ પાંચ દૂત દ્વારિકા જવા રવાના થયા! સેનાપતિ કર્ણે દ્વારિકાધીશને એ ભેટ શા માટે મોકલી એ કોઈ સમજી શક્યું નહિ. ક્યારેય સમજાય તેમ નહોતું.

દૂતના સમાચારની અમે આતુરતાથી રાહ જોતાં સુભ્રમતિને તીરે પડાવ નાખીને પડી રહ્યા. આગળ સુરાષ્ટ્રમાં પ્રવેશતી વખતે અમારે મરુભૂમિમાંથી પસાર થવું પડે તેમ હતું. આથી ઘોડેસવારો સુભ્રમતિમાં પોતાના અશ્વોને નવરાવવા લાગ્યા. આ પ્રદેશમાં હાથીની જરૂર નહોતી, કારણ ધૂળ આંખમાં જતાં એ અમને ત્રાસદાયક નીવડવાના હતા. આથી સુરાષ્ટ્ર પર હસ્તિદળનો ઉપયોગ ન કરતાં પાયદળ લઈને જવું એ જ ઉચિત હતું, એ નિર્ણય અમે લીધો. સુરાષ્ટ્રથી પાછા ફરતાં આ સૈન્ય વચ્ચેના માર્ગે થઈ અમને આગળ મળવાનું હતું. વળી સુરાષ્ટ્રના રૈવતક પર્વત પર સિંહની વસ્તી વધુ હતી. એનાથી હાથીઓને કોઈ ઉપદ્રવ ન થાય એ પણ એક હેતુ હાથીઓને ન લઈ જવા પાછળનો હતો!

દ્વારિકા ગયેલા દૂત ચાર દિવસે પાછા આવ્યા. એમણે આણેલાં સમાચાર પ્રમાણે દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ દ્વારિકામાં નહોતા! બલરામ સાથે તેઓ પાંડવોને મળવા દ્વૈતવનમાં ગયા હતા. એથી અમારી મોકલેલી ભેટ એમના પુરોહિત બ્રહ્મગાર્ગ્ય ઋષિએ સ્વીકારી હતી. નગરમાં શ્રીકૃષ્ણની પત્ની રુક્મિણી, સત્યસભા, મિત્રવિંદા, કાલિંદી, લક્ષ્મણા, ભદ્રા અને સત્યા ઉપસ્થિત હતાં. એમના પુત્રો પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ, ભાનુ, ભૌમરિક, ચિત્રગૂ, વેગવત, અશ્વસેન, પ્રહરણ, જય, આયુ, અનિલ, ઉન્નાદ, હર્ષ, ઓજ, પ્રઘોષ, મહાશક્તિ, સુબાહુ, ભદ્ર અને શાંતિ – આ સૌએ તરત રાજસભા ભરી અમારી ભેટનું સ્વાગત કર્યું. શ્રીકૃષ્ણના પિતરાઈ ભાઈ ઉદ્ધવે આ સભામાં અમારા દિગ્વિજયી સેનાપતિનું ગૌરવગાન કર્યું.

હવે આનર્ત દેશ બાજુએ રાખી સુરાષ્ટ્ર પર ચડાઈ કરવા અમે મુક્ત થયા હતા! પ્રભાસક્ષેત્ર જીતી, રૈવતક પર્વતની પરકમ્મા કરી અમે ગિરિનગરને પરાજીત કર્યું. ત્યાંનો સુરથ રાજા અમારે શરણે આવ્યો.

અમે અમારી દિગ્વિજયી માળામાં વિજયનાં ફૂલો એટલાં બધાં ગૂંથ્યાં હતાં કે માળા લગભગ પોણી ગૂંથાઈ ગઈ હતી. સુરાષ્ટ્રથી પ્રવાલોની ખંડણી લઈ સુભ્રમતિને કિનારે કિનારે અમે આગળ સરકવા લાગ્યા. ત્યાં અમે મૂકેલ અમારું હસ્તિદળ અમને સૌભીરોના રાજ્યમાં આવી ફરી મળ્યું! ફરી ભ્રમણયાત્રા શરૂ થઈ. ફરી ધૂળના ગોટા ઊડવા લાગ્યા.

સિદ્ધપુર નગર પાછળ મૂકી અમે પારિયાત્ર પર્વતની તળેટીમાં રહેલા વશિષ્ટ ઋષિના આશ્રમ પાસે આવ્યા. અમે સાંભળ્યું હતું કે પારિયાત્ર પર્વત એટલે ગુફાઓનો ખજાનો! આ પર્વત દક્ષિણોત્તર દિશામાં કેટલાંય જોજનો સુધી પ્રસરેલો હતો. જેટલો વિશાળ રણપ્રદેશ આ પર્વતને ઘેરાયેલો હતો એટલો સુરાષ્ટ્રમાં ઘેરાયેલો નહોતો. પર્વતની લંબાઈ ખૂબ હતી! પણ શિખરમાં ધૂંધલી નીક હતી! અન્ય પર્વતોની જેમ અહીં ગીચ હરિયાળી ઝાડી નહોતી.

અહીં શ્યામ-શ્વેત પાષાણો કેવળ અખરોટ, નીમવૃક્ષો, થોર અને ડાંગરનાં ઊંચાં ઊંચાં ઝુંડથી ઢંકાયેલાં હતાં. આ દેશનું નામ જ મરુસ્થળ હતું! પાણીના અભાવે પાંચપચાસેક જોજન પછી ક્યાંક નાનું શું ગામડું જોવા મળતું હતું! એટલે ત્યાં યુદ્ધનો પ્રશ્ન જ નહોતો. પડોશમાં સિંધુદેશના રાજા જયદ્રથે કુરુસેનાનું સામર્થ્ય જોઈને પહેલેથી ખંડણી મોકલી દીધી હતી.

હવે જવાનું હતું વિરાટના મત્સ્ય ભણી! આ દેશના રાજનગર પર વિરાટ રાજાનું રાજ્ય હતું. એનો પુત્ર ઉત્તર યુદ્ધમાં કુશળ નહોતો. આથી મત્સ્ય દેશનો વહીવટ વિરાટના વૃદ્ધ સંભાળતા હતા. સિંધુદેશના શિબિનગરમાં થઈને અમે ફરી પાછા મરુભૂમિમાંથી પસાર થયા. વિરાટ તરફ પ્રયાણ કરવા!

પુષ્કર, ઉપપ્લાવ્ય જેવા પારિયાત્ર પર્વતની તળેટીમાં વસેલાં નગરોને પાછળ મૂકીને મરુભૂમિ પૂરી થતાં જ હરિયાળા ઘાસનું વિશાળ મેદાન દેખાવા લાગ્યું. આ વિશાળ મેદાનને લીધે વિરાટનગરનું ગોધન આર્યાવર્તમાં સૌથી વધુ સંપન્ન હતું. ઠેકઠેકાણે હૃષ્ટપુષ્ટ ગાયોનાં ધણ મેદાનમાં ઘાસ ચરતાં દેખાવાં લાગ્યાં.

મત્સ્યદેશની સીમા આવી. વિરાટનગર એ મુખ્ય કેન્દ્ર પાંચેક જોજનમાં પથરાયેલું છે! વિરાટનું સામર્થ્ય ગમે તેટલું વિરાટ હોય તોપણ અમને વિજયની પૂરેપૂરી આશા હતી. કેમકે હવે અમે હસ્તિનાપુરની એટલા નજીક આવી પહોંચ્યા હતા કે કેવળ યમુના નદી પાર કરીએ એટલે અમે કુરુ રાજ્યની હદમાં પ્રવેશ્યા જ જાણો! ત્યાંથી ગમે તે પ્રકારની મદદ અમને હસ્તિનાપુરમાંથી તરત જ મળી શકે તેમ હતી. મત્સ્યનો પરાજય હાથવેંતમાં હતો.

વિરાટનગરના એક મધ્ય મેદાન પર જ વિરાટ રાજા સાથે ગાંઠ પડી! સમથળ પ્રદેશ પર આ ઘનઘોર યુદ્ધમાં અમારા પ્રચંડ હસ્તિદળે આતંક મચાવ્યો. વિરાટના સેનાપતિ કીચકે એને ભીડવા પોતાનું હસ્તિદળ વચમાં નાખ્યું પણ અમારા પ્રચંડ હસ્તિદળની સંખ્યા પાસે એ ટકી શક્યું નહિ! એ વિશાળકાય મત્ત હાથીઓના પગ તળે સેંકડો સૈનિકો ચગદાઈને મૃત્યુ પામ્યા. ભડકેલી ગાયો અહીંતહીં ભાગવા લાગી. હરિયાળી ભૂમિ ખેદાનમેદાન થઈ ગઈ. હંમેશની જેમ અમારા સેનાપતિએ વિરાટ રાજાને નિઃશસ્ત્ર કરીને એના ગળામાં ધનુષ્યનો ફાંસો નાખી એને જોરથી હલાવતાં પૂછ્યું, 'રાજા, તું એકલો આટલી બધી ગાયોને શું કરીશ? બને એટલી ગાયો આજે આ વચલા માર્ગેથી હસ્તિનાપુર મોકલી દે!'

પરાભૂત વિરાટે માથું ધુણાવી સંમતિ દર્શાવી! કુરુના કીર્તિધ્વજ પાસે મત્સ્યરાજ વિરાટ નત મસ્તકે ઊભો રહ્યો! અમારા હસ્તિનાપુરનો દક્ષિણ દિશાનો દિગ્વિજય પૂર્ણ થયો! હવે યાત્રા હતી પશ્ચિમ દિશા પ્રતિ! ચૈત્ર મહિનો પૂરો થયો. ગ્રીષ્મઋતુમાં પીગળતા હિમાલયમાંથી નદીમાં પૂર આવે તે પહેલાં કુલિંદ, ત્રિગર્ત, બાલ્હિક, મદ્ર, રોહતક, કેકય અને કંબોજ વગેરે દેશો સર કરવાની અમારી યોજના હતી. દિવસે દિવસે ખંડણીમાં સૈનિકો મળવાથી અમારી સેના ફલીફૂલી વધતી જતી હતી.

વિરાટનગર છોડવા માટે અમે રાજમહેલના મહાદ્વાર પાસે આવ્યા. અશ્વ પર આરૂઢ થઈને અંગરાજની પાછળ પાછળ હું લગામ પકડીને મંદગતિએ ચાલતો હતો. પાછળ હસ્તિદળ આવી રહ્યું હતું. મહાદ્વારનો ઉંબરો ઓળંગતા હું સહેજ વાર ઊભો રહ્યો જેથી અંગરાજ સહેલાઈથી આગળ જઈ શકે. એટલામાં પાછળથી એકસરખી સૂંઢ ફેરવતાં એક હાથીએ પોતાની સૂંઢથી મારો શિરસ્રાણ ઉડાવી દીધું! નીચેના પથ્થરનાં પગથિયાં પર ખણણણ કરતું પડી ગયું! આ અવાજ સાંભળતાં જ અંગરાજે તરત પાછળ જોઈને પૂછ્યું :

'શું થયું, શોણ?'

'શિરસ્રાણ પડી ગયું!' નીચે ઊતરી હું એને લઈ લેવા નીચે નમ્યો.

'આ તો અપશુકન?' એમ કહે છે ત્યાં તો પેલા મત્ત હાથીએ આગળ જવા ઉપડેલો પગ સીધો શિરસ્રાણ પર મૂક્યો! હું હાથથી ઉપાડું એ પહેલાં જ એના ભારથી એ ચગદાઈ ગયું! તૂટી ગયું!

વીસ

વિરાટનગર પછી કુરુક્ષેત્ર પાસેની દૃષદ્વતી નદીને્ ઝડપથી પસાર કરી સૈન્યે કુલિંદના ચંદનાવતી રાજનગરને ઘેરી લીધું. રાજા કુલિંદ વૃદ્ધ હતા! પરંતુ એમણે વનમાંથી મળેલા બાળકને દત્તક લીધો હતો. એ દત્તક પુત્ર ચંદ્રહાસ રથમાં આરૂઢ થઈ કુલિંદનું નેતૃત્વ કરવા આવીને ઊભો હતો. પોતાના પિતાનું ઋણ ચૂકવવાનો એને અવસર મળ્યો હતો, પરંતુ એને કલ્પના નહોતી કે એનું નામ ચન્દ્રહાસ હતું અને અમારા સેનાપતિ સૂર્યશિષ્ય હતા!

સરસ્વતીને કાંઠે યુદ્ધ શરૂ થયું. ચન્દ્રહાસ એક કુશળ ઘોડેસવાર હતો. એની સેનામાં એ વીજ જેવો ચમકતો હતો. એ ગર્જના કરતો કુલિંદોને પ્રોત્સાહન આપતો હતો. આ રીતે દોડતા પરાક્રમી વીર યોદ્ધા તરફ હિરણ્યવર્માએ એક લક્ષ્યવેધી બાણ છોડ્યું. એના અશ્વની ગરદનમાં એ ઘૂસી ગયું. આથી શૂરવીર સેનાપતિ અશ્વ સાથે સીધો સરસ્વતીનાં પાણીમાં કિંશુક વૃક્ષની જેમ ઊછળીને પડ્યો! પોતાનો યુવાન નેતા ક્યાંય ન દેખાતાં કુલિંદ સૈન્ય આમતેમ ભાગવા લાગ્યું!

પોતાનો સેનાપતિ પડી જાય તોપણ દૃઢતાથી લડી શક્યો હોય એવો યોદ્ધો અમે જીતેલા રાજ્યમાંથી એક પણ રાજ્યમાં નહોતો! આવી અનિષ્ટકારી આદત પોતાની સેનામાં કોઈને ન પડી જાય એ માટે ક્યારેક અમારા સેનાપતિ અશ્વ પરથી નીચે ઊતરી, 'સેનાપતિ અંગરાજ ઘાયલ થયા!' એવી ખોટી અફવા સૈન્યમાં ફેલાવવાનું મને કહેતા! પાછા ફરવાના માર્ગ પર પોતે પગે ચાલીને ચપળતાથી આડા થઈને ઊભા રહી જતા! જે સૈન્ય પીછેહઠ

કરી ભાગવા જાય એને કઠોર શિક્ષા થતી! પીછેહઠ કરીને ભાગતા સૈનિકોએ એ દિવસે તમામ સેનાને માટે ભોજન બનાવવું પડતું! આથી અંતિમ શ્વાસ સુધી લડવાની ટેવ એમને પડી ગઈ હતી. આ શિસ્ત મને એવી કોઠે પડી ગઈ હતી કે હું એ પણ ભૂલી ગયો કે આ કુલિંદ દેશ મેઘમાલાનો છે.

ચંદનાવતીને પરાજિત કરી, વાલ્હિક અને ત્રિગર્ત રાજ્યો જીતી અમે શતદ્રુ નદી પાસે આવ્યા. હવે આગળ જતાં રોહતક, કેકય, યદુ જેવાં નાનાં નાનાં રાજ્યો હતાં. સામર્થ્યસંપન્ન રાજ્ય એક જ હતું – શલ્યનું મદ્ર રાષ્ટ્ર! આ બધા દેશ મળીને પંચનદ કહેવાતા. એ નામ ખરેખર સાર્થક હતું! કેમકે હિમાલયથી નીકળીને પશ્ચિમ સાગરને મળવા શતદ્રુ, પુરુષ્ણી, ચંદ્રભાગા, વિતસ્તા અને સિંધુ આ પાંચ નદીનાં વિપુલ જળરાશીથી આ પ્રદેશ વૈભવશાળી બન્યો હતો. એમાંથી મદ્રનો પરાભવ થાય તો નાનાં નાનાં રાજ્યો તરત જ શરણે આવવાનાં હતાં. આથી અમારી સમક્ષ હતું મદ્રરાજ શલ્ય! સહદેવ-નકુલના સગા મામા! ઋતાયનના પુત્ર! આથી શાકલનગરને ભીડવા અમે શતદ્રુ જલદીથી પાર કરી.

ચંદ્રભાગા અને વિતસ્તાના રમણીય સંગમ પર મદ્રની શાકલ રાજનગરી વસેલી હતી. શલ્ય સાથેનો સામનો નિશ્ચિત હતો. પોતાના રાજ્ય પર કુરુનું સૈન્ય આવી રહ્યું છે એ જાણતાં નગરમાંથી નીકળી પોતાના પુત્ર રુકમાંગ અને રુક્મરથને સાથે લઈ તે અમને અધવચ્ચે જ પુરુષ્ણી નદી ઓળંગવા ન દેવાના નિર્ણય સાથે ઉપરવાસ અડ્ડો જમાવીને બેઠા હતા! અત્યાર સુધી અમને મળેલા તમામ પ્રતિસ્પર્ધીઓમાં એક શલ્ય જ દાવપેચમાં અત્યંત કુશળ હતો! બુદ્ધિમાન હતો. એનો સામનો કરવા માટે અમે હજારો સૈનિકો સહિત સેંકડો નૌકાને પુરુષ્ણી તરફ વહેતી મૂકી દીધી. નદીના મધ્યભાગે પણ પહોંચી નહોતી ત્યાં વહેતી નૌકાઓ એકાએક ઉપરથી પડતાં પ્રચંડ વૃક્ષો સાથે જોરજોરથી અથડાવા લાગી! નૌકાએ સમતુલા ગુમાવી અને ઊંધી વળવા લાગી. ઘાસનાં પત્તાંની જેમ પુરુષ્ણીના વહેણમાં તણાવા લાગી. વહેણમાં તણાતા સૈનિકો પર શલ્યની બાણધારી સેનાએ બાણવર્ષા આરંભી. થોડાક સૈનિકો સિવાય બાકીનું તમામ નૌકાદળ બાણયુદ્ધમાં મરાયું. શલ્યની ચાલ સફળ થઈ.

વૃક્ષોના મારાને પહોંચી વળવા હસ્તિદળ જ સમર્થ નીવડશે એમ સમજીને પાંચસો હાથીનું શક્તિશાળી ટોળું નદીમાં વહેતું મૂક્યું, પરંતુ શલ્યે ચાલ બદલી અને એને પણ ખેદાનમેદાન કરી નાખ્યું! પાણીમાં ફેંકેલાં વૃક્ષોમાં એણે ધારદાર તલવાર ઊંધી ભરાવી હતી! તલવારની ધારદાર અણી ચામડીમાં ઘૂસતાં જ ઉશ્કેરાયેલા હાથીઓ અવળી દિશામાં ખેંચાવા લાગ્યા! એમનાં લોહીથી પુરુષ્ણી નદીનું પાણી લાલલાલ થઈ ગયું. એ હાથીઓ ક્યાં ગયા એ તો પુરુષ્ણી જ જાણે! સામે કાંઠે શલ્ય હાથમાં ચમકતા સુવર્ણ રાજદંડને લીધે ભાઈને ચોક્કસ ઓળખી ગયો હતો!

એ નદી ઓળંગવામાં અમે ત્રણ દિવસ સુધી ખૂબ જહેમત ઉઠાવી છતાં કારી ફાવતી નહોતી. અમારા ઉત્સાહ પર નિરાશાનું મોજું ફરી વળ્યું. રોજ સેંકડો સૈનિકો નદી પાર કરવા જતાં અકારણ મૃત્યુ પામતા હતા. અમારે ખાતર પુરુષ્ણીમાં એમણે જળસમાધિ લીધી હતી. એનો અંત લાવવો જરૂરી હતો. યુદ્ધ વગરની નાહકની થતી જાનહાનિ અમને અકળાવતી હતી.

ચોથે દિવસે સામે કાંઠેથી નૌકામાં એક શ્વેતવસ્ત્રધારી વ્યક્તિ આવતી દેખાઈ. સૌએ શસ્ત્રો સાબદાં કર્યાં. મનમાં સંઘરેલા ઉછાળાને આવિષ્કાર દેવા માટે!

'ઊભા રહો!' અમારા સેનાપતિની નિગ્રહી આજ્ઞા સાંભળીને સૌ ચકિત થઈ ગયા. નૌકાની નજીક આવતાં જ સૌને પોતાની ભૂલ સમજાઈ! એ શલ્યનો સંદેશ લઈને આવતો રાજદૂત હતો!

નૌકામાંથી ઊતરી મદ્રનો એ સાહસિક રાજદૂત સીધો અમારા સેનાપતિ સામે આવીને ઊભો રહ્યો. એણે સામાન્ય વંદન પણ કર્યાં નહિ! કાનનાં કુંડળ જોઈ એણે સેનાપતિને ઓળખી લીધા હતા!

'સંદેશ! મદ્રરાજ શલ્ય મહારાજનો!' ત્રુટકપણે બોલતાં એણે એક ગોળ ભૂર્જપત્ર અંગરાજના હાથમાં દીધો. એણે મારા હાથમાં દેતાં કહ્યું :

'ઉપસેનાપતિ, વાંચો આ સંદેશ!'

ઉપરનું રેશમી વસ્ત્ર અધીરાઈથી દૂર કરીને એ સંદેશો મેં વાંચ્યો :

'યુદ્ધકર્મ એ બુદ્ધિમાન ક્ષત્રિયોનું કર્મ છે! સૂતપુત્રનું નહિ! જેવો આવ્યો છે એવો પાછો જા!'

મારું મગજ ક્રોધથી ફાટફાટ થવા લાગ્યું. કેટલું ઘોર આહ્‌વાન અને અપમાન! અને તે પણ કોનું? દિગ્વિજયમાં અસંખ્ય રાજાને ધૂળ ચાટતી કરી દેનારા મારા પ્રિય ભાઈનું! શલ્ય જેવા તુચ્છ દ્વારા!

એ સંદેશાવાળો ભૂર્જપત્ર ફાડીને પગ નીચે કચરી નાખવા મેં એને આડો કર્યો.

'ઊભો રહે, શૌણ, લાવ મારી પાસે!' અંગરાજે વસ્ત્ર સહિત એ ભૂર્જપત્ર પોતાના હાથમાં લીધો. કેવળ રેશમી વસ્ત્ર મદ્રના દૂતના હાથમાં દઈ ચૂપચાપ પુરુષ્ણી તરફ આંગળીથી ઇશારો કરી એણે પાછા ચાલ્યા જવાની મૂક સૂચના આપી. જેવો આવ્યો એવો એ નૌકામાં પાછો ચાલ્યો ગયો. અંગરાજાએ ભૂર્જપત્રને કટિવસ્ત્રની ઓટીએ બાંધી દીધો.

'કાલે સૌને આદેશ દેવામાં આવશે. અત્યારે તમે સૌ જાઓ!' અમે સંતપ્ત હૃદયે ભાવ ગોપવી એમની આજ્ઞા પાળી.

અમારા રણસંગ્રામમાં ગર્જના કરતા વીર સેનાપતિ તે દિવસે એક યોગીની જેમ પુરુષ્ણી નદીના પટમાં ઊભો રહી અંજલિ ભરીભરીને અર્ઘ્યદાન દેતો રહ્યો! હવે દિગ્વિજય પર કાળી ટીલી લાગશે કે શું એવી ખેદની લાગણી આખી સેનાનાં હૃદયમાં જન્મી! આખી રાત પુરુષ્ણીના પટમાં ઊભો રહી ભાઈ અંજલિ ભરીને જલદાન દઈ રહ્યો હતો. અમે છાવણીમાં સતત પડખાં ફરતાં રહ્યાં.

પાંચમો દિવસ ઊગ્યો અને સૌને નવાઈ લાગી!

આખી રાત અંગરાજ પાણીમાં જ ઊભો હતો! આહ્‌વાનનો વિચાર કરતો કે પોતાના આરાધ્યદેવને શ્રદ્ધાથી અંજલિ અર્પતો ઊભો હતો તે કળવું દુષ્કર હતું!

નદીમાંથી બહાર નીકળીને એણે મક્કમ સ્વરે કહ્યું, 'વીરો, આપણે હવે મદ્રનું શાકલનગર જીતવું જ છે!'

'કઈ રીતે?' મેં હર્ષાવેશમાં આવી જઈ પૂછ્યું. તમામ સેનાનાયકના ચહેરા પર આશ્ચર્યાનંદની લાગણી છવાઈ ગઈ.

'શોણ, તું આપણો ચમકતો રાજદંડ લઈ સૈન્યમાં સતત ફરતો રહેજે! એ રાજદંડ સાથે હું જ છું એમ સામે કાંઠે શલ્યને લાગશે! પાછળથી બે અક્ષૌહિણી સેના લઈ હું પાછલા માર્ગેથી ફરી શતદ્રુ પાર કરીશ! એને કિનારે કિનારે થઈ ઉગમણી બાજુએ જઈ કુલુત, દ્રુહ્યુ રાજ્યમાં જઈ ઉગમણી તરફ પુરુષ્ણી અને ચંદ્રભાગા ઓળંગી રોહતક રાજ્યમાં પ્રવેશીશ! શાકલનગર વચમાં રહી જશે. એકબાજુ તારી સેના અને બીજી બાજુ પાછળથી મારી સેનાની વચ્ચે શલ્ય અચૂક ફસાવાનો!'

'પણ એ માટે તને સાત દિવસ થઈ જશે ત્યાં સુધી અમારે શું કરવું?'

'તમારે! તમારે સો સો હાથીના દળ રોજ પુરુષ્ણીમાં છોડી શલ્યને મૂંઝવવો! જ્યારે શલ્ય જલદીથી સામેનો કાંઠો છોડશે ત્યારે તમને ખ્યાલ આવી જશે કે મેં એને શાકલનગરની પેલી બાજુથી ઘેરી લીધો છે!'

'પણ... પણ આ પ્રકારે અસાવધ રાજા પર કરેલું આક્રમણ નહિ ગણાય?'

'ના! શાકલનગરમાં દાખલ થતાં જ એણે મોકલેલ દૂતની જેમ હું પણ શલ્યને દૂત સાથે સંદેશો મોકલી સ્પષ્ટ કહેવરાવીશ કે, 'તારામાં તાકાત હોય તો તારી રાજનગરીનું રક્ષણ કરવા હમણાં ને હમણાં જ પુરુષ્ણી છોડી ચૂપચાપ પાછો ચાલ્યો જા!' ચાલ્યો જશે તો યુદ્ધનો પ્રશ્ન નહિ રહે, કેમકે શાકલનગરમાં શલ્યનું મોટાભાગનું સૈન્ય ખપી જવાનું! પછી સીધો જઈ એના રાજમહેલ પરથી ધ્વજ ઉતારી એના પર કુરુનો ધ્વજ ચડાવી હું પાછો ફરીશ!'

'જેવી આજ્ઞા!' કુરુનો રાજદંડ એના હાથમાંથી લઈ હું વાયુજિત પર આરૂઢ થયો. સૈન્યના અગ્રભાગમાં હું ફરવા લાગ્યો! હાથમાંનો રાજદંડ ચમકી ઊઠે એટલો મેં ઊંચો કર્યો! સાચું કહું તો વાયુજિત પર આરૂઢ થતાં મને ઘણો સંકોચ થતો હતો.

અમારી સેનામાંથી પાછળના ભાગનું સૈન્ય હળવેકથી પાછળ વળી ગયું. યુદ્ધ પ્રસંગે એનો ઝાઝો ઉપયોગ કર્યો ન હોવાથી એ અધિક તાકાતવાન રહ્યું હતું. ભાઈનું નેતૃત્વ મળતાં જ એ ઉત્સાહથી થનગનવા લાગ્યું. શતદ્રુ પાર કરીને તે પંચનદની પાંચે નદીઓની ઉગમણી બાજુએ ચાલી નીકળ્યું. મારા ઘૂમવાથી સામે કાંઠે શલ્યનો ધ્વજધારી રથ પણ કુશળતાથી ફરતો હતો. એ એમ જ સમજતો હતો કે હાથમાં રાજદંડ ધારણ કરી શ્વેત વાયુજિત અશ્વ પર બેસી નિરીક્ષણ કરનાર અંગરાજ જ છે! રોજ સો સો હાથીનું દળ અમે પાણીમાં છોડતા હતા. શલ્ય એનો નાશ કરતો હતો. પોતાના સૈન્યમાં એ આનંદપૂર્વક ચારેબાજુ ફરી રહ્યો હતો.

પાંચ દિવસ પછી સામે કાંઠે શલ્ય સૈન્ય એકાએક વિચિત્ર રીતે હલચલ કરી રહ્યું હતું. ઘડી બે ઘડીમાં સામી બાજુનો આખો કાંઠો નિર્જન થઈ ગયો! અંગરાજે ઝંઝાવાતી આક્રમણ કરીને ચારેતરફથી શાકલનગરને ઘેરી લીધું હતું એનો એ સ્પષ્ટ સંકેત હતો! યક્ષિણીની છડી ફરે તેમ શલ્યે પુરુષ્ણીનો કિનારો છોડ્યો!

આનંદવિભોર બની અમે નૌકાનું અસંખ્યદળ પાણીમાં વહેતું મૂકી ઘોષણા કરી,

'સેનાપતિ, અંગરાજ કર્ણ મહારાજનો...'

'જય હો!'

'એ ઘોષણાથી આજ સુધી અમારા અસંખ્ય હાથીને જળસમાધિ લેવરાવનાર ઉન્મત્ત પુરુષ્ણી સુધ્ધાં થરથરી ઊઠી હશે!

એકવીસ

શાકલનગર પાસેના રણાંગણમાં શલ્યસેનાને ધરાશાયી કરી દીધી. મેં જ શલ્યના હાથ બાંધી બંદીવાન રૂપે એને અમારા સેનાપતિ સમક્ષ સાદર કર્યો. એનું ઉન્નત મસ્તક ઝૂકી પડ્યું હતું, પરંતુ એને નમાવવા માટે અમારે હિરણ્યવર્માનો અને વાઘ્રદત્તનો ભોગ આપવો પડ્યો હતો.

'મુક્ત કરો એને!' આજ્ઞા થઈ. શલ્યના બદ્ધ હાથ મુક્ત કરવામાં આવ્યા.

'શલ્ય, આખરે તું શશક, યવન અને બર્બર જેવાં અસભ્ય રાજ્યોથી ઘેરાયેલા મદ્રદેશનો રાજા છો! તારી પાસેથી એક પણ પ્રકારની ઉદારતાની અપેક્ષા અમે કદી રાખી નથી અને રાખવાના પણ નથી. તારા જેવા તળેટી પાસે ખળખળ વહેતાં ઝરણાંનાં પાણીથી પર્વતશિખરને ક્યારેય અભિષેક કરાવાય જ નહિ. એ કદી ભૂલતો નહિ!' હંમેશના શાંતિપ્રિય સેનાપતિની નીલી આંખો આજે આગ વર્ષાવતી હતી. ગાલ કાંટાળી કળી જેવા લાલચોળ થઈ ગયા હતા. નાકની દાંડી ક્રોધથી રાતીચોળ દેખાતી હતી! કેવળ શલ્યને કારણે જ અમને એનો આવો સાત્ત્વિક સંતાપ જોવાનો લાભ મળ્યો હતો!'

'શોણ, પુરુષ્ણી નદીના પ્રવાહમાં આપણાં કેટલાં હાથી અને નૌકા ખપી ગયાં?'

'આશરે સાતસો!' મેં જવાબ આપ્યો.

'એ તમામ આ મદ્રરાજા પાસેથી ભરપાઈ કરી લે.' અને એમણે કટિવસ્ત્રમાંથી શલ્યનો ભૂર્જપત્ર કાઢ્યો! મારા હાથમાં તે દેતાં શલ્યના કંઠમાં પોતાના વિજયી ધનુષ્યની માળા પહેરાવી એને જોરથી હચમચાવી. એમણે મને કહ્યું, 'આ ક્ષત્રિયત્વના અહંકારમાં અંધ બનેલા અસભ્ય રાજા પાસે આ જ ભૂર્જપત્રના પાછળના ભાગમાં એક વાર નહિ, પાંચ વાર લખાવી લે કે, 'સૂતપુત્ર પણ બુદ્ધિમાન હોય છે અને યુદ્ધકર્મ સારી રીતે કરી જાણે છે!! ક્યારેક નામધારી ક્ષત્રિય કરતાંય વધારે!' એમના કપાળ પરની નસો ફૂલી ગઈ હતી. દાઢી ધ્રૂજતી હતી!

બાવીસ

શલ્યના પરાભવના સમાચાર આપોઆપ પંચનદમાં સર્વત્ર પ્રસરી ગયા. આજુબાજુથી બર્બર, યવન, શશક, કંબોજ વગેરે રાજાઓ આપોઆપ શરણે આવ્યા. બધા પાસેથી ખંડણી લઈ અને શલ્ય પાસેથી તમામ નુકસાની ભરપાઈ કરી અમે પંચનદ છોડ્યું. પશ્ચિમ દિશા પૂરી થઈ! શલ્ય જ જાણે આ દિશાનો મુખ્ય રક્ષક હતો..

વૈશાખ મહિનો બેઠો. અમને હસ્તિનાપુરમાંથી બહાર નીકળ્યાને પાંચ માસ પૂરા થવા આવ્યા હતા. સુખના અને યુદ્ધના દિવસો ક્યાં પસાર થઈ જતા હતા તેની ખબર જ રહેતી નહોતી. યોદ્ધાઓને તો જરાય ખબર રહેતી નહોતી.

હવે એક જ દિશા બાકી હતી. ઉત્તર! આ દિશામાં ફક્ત પાંચ રાજ્ય હતાં. વૈશાખ મહિનામાં જ એમને હસ્તગત કરી અમારે વર્ષાઋતુ પહેલાં હસ્તિનાપુર પાછા ફરવું હતું. અમારી સેના વર્ષાઋતુના મુસળધાર વરસાદમાં ક્યાંક ફસાઈ ન જાય એ પ્રકારની અમારી યોજના હતી.

ઉત્તરમાં વહેલી તકે કાશ્મીર પહોંચવા અમે ત્વરિત વેગે આગળ ધપતા હતા! કાશ્મીર, અહાહા! સમસ્ત આર્યાવર્તમાં આટલું નૈસર્ગિક સૌંદર્ય અન્ય એક પણ દેશમાં નહોતું. અહીં જ નગાધિરાજ હિમાલયનાં પ્રથમ દર્શન થવાનાં હતાં! ધુમ્મસ આચ્છાદિત ઘાટીઓમાં અમારા સેનાપતિના જયજયકારના ધ્વનિ ગુંજવાના હતા! કાશ્મીર એટલે આર્યવર્ત રૂપે ઊભેલા યૌવનસંપન્ન નિસર્ગદેવતાના મસ્તક પરનું સૌભાગ્યતિલક! કેટલાક કવિઓને, પંડિતોને હસ્તિનાપુરની રાજસભામાં, 'કાશ્મીર એ સ્વર્ગનું પૃથ્વીના તળ પર પડેલું પ્રતિબિંબ છે' એવું વર્ણન કરતાં સાંભળ્યા હતા, પરંતુ પ્રત્યક્ષ જોતાં કંઈક જુદો જ અનુભવ થયો! સ્વર્ગના નિદર્શક સમા આકાશનો રંગ કેવળ એક જ હતો. નીલો! પણ કાશ્મીરની ભૂમિ પર કેટલા બધા રંગ એકરૂપ થઈ ગયા હતા! સ્વર્ગના રહેવાસી દેવો ક્યારેક પોતાના નીલરંગી રાજમહેલના ગવાક્ષ ઉઘાડી નીચે જુએ તો તેમને સ્વર્ગ છોડી પૃથ્વી પર આવવાનું મન થાય! કાશ્મીર એ દિવ્ય, મનોહારી વિવિધરંગી મુક્ત સૌંદર્યથી સુશોભિત જાણે પ્રતિસ્વર્ગ જ જોઈ લો!

અમે કાશ્મીરમાં દાખલ થયા અને વસંતઋતુનો પણ આરંભ થયો! વસંતઋતુમાં કાશ્મીરનું દર્શન કરતાં પાષાણ હૃદયી માનવી પણ પ્રકૃતિનાં ઉન્મત્ત રૂપને જોઈ મંત્રમુગ્ધ થઈ નમી પડે! અમારી સાથે અશ્વત્થામા હોત તો પ્રકૃતિસૌન્દર્યથી ભાવવિભોર બનીને મસ્તક પરનું વસ્ત્ર ઉતારી એણે સીધી આકાશમાં ઉડાન મારી હોત! હરિયાળી ભૂમિ પર રેશમી લીલી ચૂંદડી ઓઢેલી ધરતી પર એ પોતાનું શરીર લંબાવી ગગનની ગહન ગંભીર નીલિમાને કલાકો સુધી એકીટશે જોતો પડી રહ્યો હોત! ચારેબાજુ ખીલેલી પ્રકૃતિને જોઈ કલરવ કરતાં અનેકવિધ પક્ષીઓ મીઠા સ્વરે શું ગાઈ રહ્યાં છે તે જાણવા તેણે કાન માંડ્યા હોત! ગીચ ઘાટીઓમાં ફરતાં નાનાં નાનાં ઊગેલાં ફૂલોનાં અસંખ્ય વનને જોઈ એણે વારંવાર અંગરાજાને પૂછ્યું હોત, 'ક્યાં શસ્ત્રાસ્ત્રથી તું આ ફૂલોના સામ્રાજ્યને જીતી શકીશ? આ ખીણનું ઊંડાણ માપી શકીશ? શિખરોને આંબી શકીશ? ના. અંગરાજ, મનુષ્ય બધા પર જીત મેળવી શકે છે, પરંતુ નિસર્ગના અખૂટ ભંડારને જીતવા ક્યારેય કોઈ સમર્થ થતું નથી!' નિસર્ગપ્રેમ એ એનો અંગભૂત સ્વભાવ હતો. એમણે જ મોટાભાઈને એનો આસ્વાદ ચખાડ્યો હતો. અહીંનું સૌંદર્ય નાશ ન પામવું જોઈએ એ જ હેતુથી કદાચ ભાઈએ હાથીઓને સાથે લીધા નહોતા! અમારું ફક્ત પાયદળ જ કાશ્મીરના વૈભવસંપન્ન રાજનગર સૂર્યનગર પ્રતિ પ્રયાણ કરતું હતું.

માર્ગમાં ઠેરઠેર સરોવર છલકાતાં હતાં. એ નીલ, પીત, હેમ, ધવલ, રક્ત, કાષાય જેવા વિવિધરંગી કમલપુષ્પોથી શોભતાં હતાં. પુષ્પના મકરંદનું સેવન કરી પુષ્ટ થયેલા ભમરો ગુંજારવ કરી રહ્યા હતા તથા કમળોની પરાગરજનો આસ્વાદ લેતાં તેઓ જળક્રીડા કરતા હંસોની આસપાસ ફરી રહ્યાં હતાં! રાજહંસોને એમની પરવા પણ નહોતી! સરોવરનાં પાણીમાં તરતાં કમલપત્રોથી આચ્છાદિત હતાં. કાશ્મીર એટલે સરોવર, ફૂલ, પક્ષી, લતાવેલી, મેદાન વગેરેનું એક સુશોભિત સંમેલન!

સૂર્યનગર જીતીને અમે હિમાલયનાં દર્શન માટે આગળ વધ્યા! દેવદાર, સુરુપર્ણ, ચીડ આદિ ગગનચુંબી વૃક્ષો પસાર થતાં ગયાં! ચંડોળ, ચકવાક, ચાતક, કપોલ, મયૂર, ભારદ્વાજ, સારંગ જેવાં અનેક પક્ષી, હિમાલય ભણી જાઓ છો તો નમ્ર બનીને જાઓ!'

એવો અમને સંદેશ આપતા હતા! કદલી, નિશિગંધા, મદનબાણ આદિ ફૂલવાડીઓમાંથી અમે પસાર થતા હતા. અંતે ભૂભાગ પૂરો થતાં જ હિમમય પ્રદેશ અમને દેખાયો! હિમાલય! માનવોને ડરાવવા માટે જ જાણે વિશ્વવિધાતાએ પોતાની ધારદાર તલવાર મ્યાનમાંથી કાઢી અમારી સામે એક શિખર સ્વરૂપે ધરી હતી! હિમ ઓગળીને જળ રૂપે ઝરી રહ્યો હતો. એનાથી ચમકતાં શિખરોનાં સૌંદર્યને કોઈની નજર ન લાગે માટે ધવલશુભ્ર વાદળોએ એને એવી રીતે ઘેરી લીધો હતો કે જાણે દૂર દેખાતા કૈલાસ પર્વત રૂપી શંકરથી શરમાઈને ઉમા જ શ્વેત વાદળોનાં વસ્ત્રો એને ઓઢાડતી હતી!

જુદી જુદી જગ્યાએથી જોતાં એ શિખરનાં વિવિધ રૂપોનું દર્શન થતું હતું. ક્યારેક એ શ્વેતવસ્ત્રમાં ધ્યાનમગ્ન ઋષિ સમા! ક્યારેક ધ્વજદંડ સમા ઉન્નત! ક્યારેક અધીર ધરિત્રી દ્વારા આકાશને આલિંગતા ઊંચા ઉઠાવેલા કદલી જેવા હેમવર્ણા તેજસ્વી હાથ સમા ભાવપૂર્ણ અંગરાજે ઘૂંટણ પડીને એ પર્વત શિખરને ભક્તિભાવે વંદન કર્યાં. થોડી વાર સુધી આંખો પટપટાવતો તે ઘૂંટણ ટેકવીને બેસી રહ્યો. હાથ જોડેલા હતા. મુદ્રા ધીરગંભીર અને શાંત હતી. કાનનાં કુંડળનું પ્રતિબિંબ બરફનાં ઓગળતાં પાણી પર પડતું હતું! બીજી પળે તે ઊભા થયા.

અમે આગળ દાદર દેશ તરફ યાત્રા શરૂ કરી. દાદર રાજ્ય જીતીને હિમાલયની તળેટીએથી અમારી ખેપ આગળ વધી. અમારું હસ્તિદળ અમને તંગણ રાજ્ય પાસે મળવાનું હતું. હિમાલયનાં વિવિધ રૂપ જોતાં હૃદય મંત્રમુગ્ધ થઈ ગયું હતું. હિમાલય પર્વતપક્ષીઓમાં સમ્રાટ ગરુડ જ જાણે! કેટલાય જોજનો સુધી એનું સામ્રાજ્ય પથરાયેલું હતું! દૂધ જેવું શ્વેત! નર્યું નીતર્યું પાણી! અસીકી નદીનું સ્વચ્છ પાત્ર ઓળંગીને તંગણ રાજ્યમાં પ્રવેશ કરતાં ઠંડીનો ચમકારો અનુભવ્યો. વૈશાખમાં આટલી બધી ઠંડી હતી તો શરદઋતુમાં કેટલી હશે? એ વિચારથી ધીરજથી ઠંડીને સહેતી તંગણ રાજ્યની પ્રજા પ્રત્યે અદ્ભુત આશ્ચર્ય થયું.

સેનાશક્તિ ઓછી હોવાને કારણે તંગણના રાજાએ ડહાપણ વાપરી ખંડણી ભરીને અમારું સ્વાગત કર્યું. બોર જેવા સ્વાદિષ્ટ ફળો ખાવાં આપ્યાં. હિમવાન પ્રદેશમાં જવા માટે મનમાં રોમાંચક ભાવની ભરતી ચડી. હિમવાન પ્રદેશમાં પ્રવેશતાં જ અમને હવે ગંગાનાં ઉગમસ્થાનનાં દર્શન થવાનાં હતાં! જગતપાલિકા ગંગાનું જન્મસ્થાન! પુણ્યદાયિની ગંગાનું ઉગમસ્થાન! ગંગોત્રી!

ચૂંટેલા સૈન્ય સાથે અમે હિમવાન રાજ્યમાં પ્રવેશ કર્યો. બાકીના સૈન્યને હસ્તિનાપુર તરફ પ્રયાણ કરવાની આજ્ઞા આપીને કહ્યું કે અમે જ્યાં સુધી પાછા ન ફરીએ ત્યાં સુધી હસ્તિનાપુરની સીમા બહાર થોભી જવું. હિમવાન પ્રદેશમાં નાનાંમોટાં અનેક તીર્થસ્થાનો હતાં. કોઈનુંય એકચક્રી રાજ્ય અહીં હિમસમ્રાટ હિમાલયની છાયામાં નિર્માણ થઈ શક્યું નહોતું! અમે શું પણ આર્યાવર્તના તમામ રાજા એકત્રિત થઈને આવે તોપણ તે શક્ય નહોતું!

અને સાચી વાત એ હતી કે હવે આક્રમણ પૂરું થવા આવ્યું હતું અને યાત્રાનો આરંભ થયો હતો.

કેદારલિંગ વટાવીને અમે પગપાળા યમનોત્રી પહોંચ્યા! યમનોત્રી! યમુનાના ગતિશીલ ધસમસતા યૌવનને જીવનરસ પાનારી જીવનદાયિની! અનંતકાળ સુધી હિમમય શિખરેથી

ખળખળ વહેતી! હિમના ધવલ પટાંગણ પર કલબલ કરતી નાચતી-કૂદતી!

યમુના જળ હાથમાં લઈ અંજલિભરી અર્ઘ્ય દેવા મોટાભાઈએ યોદ્ધાનો વેશ ઉતાર્યો! એક સાદું ઉત્તરીય ધારણ કર્યું. દિગ્વિજયના યુદ્ધમાં સતત શસ્ત્ર ચલાવવાને કારણે એના બાહુ શક્તિશાળી બન્યા હતા. એ જ તેજસ્વી બાહુ આજે અનાવૃત્ત હતા.

એના નિર્મળ હાથની અંજલિમાંથી યમુનાનાં સ્વચ્છ જળની ધારા સ્વચ્છ પાત્રમાં વહેવા લાગી! 'ૐ ભૂર્ભુવઃ સ્વઃ ...' એની આંખો બંધ થઈ ગઈ. ગહન ગંભીર ગાયત્રીનો ધ્વનિ ગિરિકંદરોમાં પડઘાવા લાગ્યો! હિમાલયનો ધવલ વર્ણ વધુ ચમકતો હતો કે એના ખુલ્લા બાહુઓના અભેદ્ય કવચનો સુવર્ણરંગ? હું વિમાસણમાં પડી ગયો! આ દિગ્વિજયી સેનાપતિ છે કે સંસારનો ત્યાગ કરેલ આત્મનિગ્રહી સંન્યાસી?

એક દિવસ યમનોત્રીમાં રહી અમે ગંગોત્રી તરફ વળ્યા. અહીં માનવ કોલાહલ નહોતો. ફક્ત હિમાલય પરથી પડતા પ્રપાતનો ધ્વનિ જ સંભળાઈ રહ્યો હતો! હિમાલયનાં ચરણોમાં ભલા કોણ કેવો દિગ્વિજય કરે? અહીં યાત્રા જ કરાય!

ગંગોત્રીની પ્રખ્યાત 'ભાગીરથીશીલા' આવી. નદીમાં સ્નાન કરી અમારા દિગ્વિજયી નાયક એ શીલા પર બેઠો! થોડી વારે ઊભો થઈ ગંગાના ખળખળ વહેતાં જળમાં ઊભો રહ્યો. એમની પીઠ પાછળ રહેલી સુવર્ણ ઢાલ સૂર્યકિરણમાં તપવા લાગી! મોં ઊંચું કરીને તે અનિમેષ સૂર્યબિંબને જોઈ જ રહ્યો! ચોમેર શાંતિ હતી. મને બે ઘડી વિચાર આવ્યો કે માનવ રમકડાંને ગોળગોળ ફેરવનાર કાળચક્ર અહીં જ થંભી જાય! ગગનભેદી પરાક્રમનાં અનિંદ્ય ચારિત્ર્યના, નિષ્કલંક સૌંદર્યના સાક્ષાત્ સ્વરૂપ સમા મારા અશરણ, અડગ વસુભાઈ આમ જ ઊભા રહો! એમના મસ્તક પર સૂર્યનાં સહસ્ર કિરણો આમ જ ચમકતાં રહો! એમનાં ચરણોને પખાળનારી ગંગાના કલકલ ધ્વનિ 'જયતુ, જયતુ કર્ણ' એમ જયકાર કરતી રહો! પર્વતોના પર્વત હિમાલય પાસે માનવ-હિમાલય આમ જ હાથ જોડીને ઊભો રહે! અને કાલચક્ર થંભી જાય!!

ત્રણ દિવસ ગંગોત્રીમાં રહી અમે બદરીધામ આવ્યા. માર્ગમાં અનેક શિવલિંગ જોવાં મળ્યાં. એમનાં પર ફૂલ ચડાવી શોણિતપુર થઈને અમે હરદ્વાર આવ્યા. હરદ્વાર એ સૂર્યનું ઉગમસ્થાન! પરંતુ અમારા દિગ્વિજય પ્રવાસનું આ અંતિમસ્થાન હતું! ઉત્તર દિશા સમાપ્ત થઈ! હવે હસ્તિનાપુર પ્રતિ પ્રયાણ! સંગ્રામ, યુદ્ધ અને પ્રવાસથી થાકેલાં શરીર અને મનનું વિશ્રામ! સૂર્યને વંદન કરી અમે હસ્તિનાપુર તરફ પ્રયાણ આદર્યું.

વૈશાખ પૂરો થવા આવ્યો હતો. હસ્તિનાપુર છોડ્યાને છ-સાત મહિના થઈ ગયા હતા! આ સમય દરમિયાન હસ્તિનાપુરમાં શું શું બન્યું હશે એની અમને કંઈ જ કલ્પના નહોતી. મારું મન નગર ભણી ખેંચાતું હતું. યુદ્ધના કોલાહલમાં મનને ખૂણે ક્યાંક ઢબૂરાઈ ગયેલી સ્વજનોની સ્મૃતિ હવે એકાએક સળવળવા લાગી. મનને ચારેબાજુથી ઘેરી વળી.

ત્રેવીસ

હરદ્વારથી ગંગા પાર કરી અમે હસ્તિનાપુરની સીમા પાસે આવ્યા! છ મહિના પછી રાજનગરનાં પહેલી વાર દર્શન થતાં અમે લાગણીવિવશ બની ગયા. આગળ પદાતી, વચમાં હયદળ અને છેલ્લે હસ્તિદળ – આવી આકર્ષક અને શિસ્તબદ્ધ રચના કરીને

શૂરવીર સૈનિકો અમારાં આગમનની રાહ જોતા હતા. નગરમાં દિગ્વિજયી સેનાની નગરયાત્રા નીકળવાની હતી. ચિત્રકારોએ દરેક હાથીની સૂંઢ, ગંડસ્થળ, કાન વગેરે અવયવ પર અને વચમાં આકર્ષક રંગથી ચિત્રકામ કર્યું હતું. એમની પીઠ પર સુંદર અંબાડીઓ મૂકવામાં આવી હતી. મહાવતોએ યુદ્ધનો વેશ ઉતારીને સુંદર રાજવેશ ધારણ કર્યો હતો. એમના હાથમાં રહેલા અંકુશ પર સોનાના વરખ ચોંટાડવામાં આવ્યા હતા. અશ્વોની પીઠ પર જરીતાર જડિત પલાણ ચડાવવામાં આવ્યું હતું. ચામડાની લગામ ઉતારી લઈને રેશમી દોરાની સુંદર લગામ પહેરાવવામાં આવી હતી. હાથી, ઘોડા વગેરેના પ્રયાણ માર્ગને ફૂલોથી સજાવવામાં આવ્યા હતા. એમના મસ્તક પર કંકુ છાંટવામાં આવ્યું હતું. આથી લોકોનું ધ્યાન એમના તરફ સહેજે ખેંચાતું હતું. યોદ્ધાઓએ ઢાલ ઉતારી રાજવસ્ત્રો પહેરી લીધાં હતાં. એમના હાથમાં તલવાર, ભાલા, ત્રિશૂળ વગેરે હતાં. સૂર્યોદયનાં કિરણોથી શસ્ત્રોની ધાર ચમકતી હતી. હસ્તિનાપુરવાસીઓને જાણે કહેતી હતી કે, 'ઊઠો, આ દિગ્વિજયી સેનાપતિનું સ્વાગત કરો!'

દિગ્વિજયમાં અમને આ સઘળાં શસ્ત્રો ખૂબ ઉપયોગી નીવડ્યાં હતાં. સૈન્યની રચના તમામ સેનાનાયકોએ કુશળતાપૂર્વક બાણાકારે કરી હતી! આ બાણના અગ્રભાગથી હસ્તિનાપુરના ઉદરમાં અમારે પેસવાનું હતું!

અમારું સ્વાગત કરવા નદીકિનારે સીમા પર ફક્ત ત્રણ વ્યક્તિઓ જ હાજર હતી! રાજા દુર્યોધન, અશ્વત્થામા અને સત્યસેન!

હાથ ઊંચા કરી, ઝડપથી ચાલતા, હસતા હસતા, પગ નીચેની ધૂળ ખૂંદતા આવી રહેલા કૌરવરાજ 'પોતે કૌરવરાજ છે' એનું ભાન ભૂલી જઈ અંગરાજને ગાઢ આશ્લેષમાં લીધા! હાથમાંની ફૂલમાળ પણ તેમના ગળામાં આરોપવાનું વીસરી ગયા! પછી યાદ આવતાં તરત જ એમણે મોટાભાઈના કંઠમાં આરોપી દીધી! નિશિગંધાની નાની માળા કંઠમાં પહેરાવતાં તેઓ કાંપતા અવાજે બોલ્યા, 'અંગરાજ, આજે મારું સ્વપ્નું સાકાર થયું! પ્રત્યેક દિશામાં દિગ્વિજય કરનાર પાંડવો હવે સમજી જશે કે ચારે દિશામાં એકી સાથે દિગ્વિજય કરનાર આર્યાવર્તમાં હજી કોઈ જીવંત છે! અને તે કૌરવરાજ દુર્યોધનના સખા કર્ણ જ છે!' એનું અધરીય વસ્ત્ર ગંગાની વાયુલહરીમાં ઊડતું હતું.

દિગ્વિજયી સેનાના સેનાપતિ માત્ર મંદ મંદ હસ્યા.

અશ્વત્થામાના મસ્તક પર હંમેશની જેમ સફેદ વસ્ત્ર ન જોતાં ભ્રમર ઊંચી કરીને ગુરુપુત્રને આલિંગન દેતાં પૂછ્યું :

'અશ્વત્થામા, આજે તારું વસ્ત્ર ગુલાબી રંગનું કેમ?'

'કર્ણ, તારા જેવા દિગ્વિજય યોદ્ધાનું સ્વાગત કરવા વૈરાગ્યસૂચક શ્વેત વસ્ત્ર પહેરાય? એ માટે વૈભવસૂચક આ ગુલાબી વસ્ત્ર જ મેં પસંદ કર્યું છે! આજે પહેલી જ વાર મેં મારા મસ્તક પરનું વસ્ત્ર બદલ્યું છે! તને ન ગમ્યું?'

'ના. મને ગમ્યું જ છે!'

સત્યસેને પાસે આવી મોટાભાઈનો ચરણસ્પર્શ કર્યો.

'કેમ, સત્યસેન? ઘેર સૌ કુશળ છે ને?' આ છ મહિનામાં કુટુંબના ક્ષેમકુશળ પુછાતો આ પહેલો જ પ્રશ્ન હતો! અને તે પણ સત્યસેનને!

'સૌ ક્ષેમકુશળ છે, મહારાજ!' સત્યસેને સવિનય જવાબ આપ્યો.

દુર્યોધનના હાથમાં હાથ નાખી, બાણાકાર સૈન્યરચનાના મુખાગ્ર તરફ અંગરાજ ધીમેધીમે જઈ રહ્યા હતા. એના બીજા હાથમાં કુરુના માનબિંદુ સમો, તમામ રાજાઓને ધૂળ ચાટતા કરી દેનારો પુરાતન રાજદંડ હતો: એ માનબિંદુ સૂર્યોદયનાં કોમળ કિરણોમાં ચમકતો હતો.

રાજયાત્રાની તમામ તૈયારી ગંગાકિનારે કરવામાં આવી હતી. વર્ષાઋતુમાં આગમનનો સંકેત જાણી ચાતક પક્ષી ઉત્સુકતાપૂર્વક કદંબવૃક્ષની ગીચ ઝાડીમાંથી આકાશ તરફ જોઈને ભેદક કર્કશ સ્વર કાઢી રહ્યા હતા. વર્ષાઋતુ આવી રહી હતી. પોતાની જલસંપત્તિનું દાન મુક્ત હાથે સંસારને કરનારી આ વસંતઋતુ મને સર્વ ઋતુઓમાં દાનવીર લાગતી હતી!

રંગોળીનું શુભસૂચક સ્વસ્તિક ચિહ્ન દોરી, બાણાકાર સૈન્યરચનાના મુખાગ્ર પાસે સેનાપતિનો રથ ઊભો રહે એવી ચોક્કસ સૂચના આયોજકોએ આપી હતી. આ સ્વસ્તિક ચિહ્નની મધ્યમાં મોટાભાઈ ઊભા રહ્યા! એની પાછળ અગાધ સેસાગર બાણના દંડ અને પૂંછડીનો આકાર ધારણ કરીને ઊભો હતો.

સજાવેલો રથ લઈ સારથિ પ્રાતિકામન આવ્યો. એ રથમાં છ ઘોડા જોડવાની વ્યવસ્થા હોવા છતાં એને પાંચ ઘોડા જોડવામાં આવ્યા હતા! એ બધા શ્વેતરંગી હતા. એથીય વિશેષ આ વિશાળ જગ્યા ધ્યાનાકર્ષક લાગતી હતી.

'અરે, પ્રાતિકામન! રથને પાંચ ઘોડા કેમ?' સ્વસ્તિકની મધ્યમાં ઊભા રહેલા સેનાપતિએ ભવાં ઊંચાં કરીને પૂછ્યું.

'આ રથની આ જ પ્રથા છે! પહેલાં આ રથ રાજમાતા કુંતીદેવી માટે ઉપયોગમાં લેવાતો હતો! ત્યારથી તમામ સારથિ આને પાંચ જ રથ જોડતાં રહ્યા છે! આથી મેં પણ એટલા જ જોડ્યા છે, મહારાજ!' પ્રાતિકામન કાંપતો હતો. એમાં પોતાનો કોઈ જ વાંક નથી એમ જાણે એ કહેવા માગતો હતો.

'તો પછી અહીં લાવવા માટે રાજમહેલમાંથી તને બીજો કોઈ રથ ન મળ્યો?'

'અંગરાજ, એમ નથી! રાજભવનમાં એમ તો સેંકડો રથ પડ્યા છે. પણ મેં જ પ્રાતિકામનને આ રથ લાવવાની આજ્ઞા કરી હતી! સૌ નગરજનોને તારાં દર્શન થાય એવી મારી ઇચ્છા છે. એ માટે કોઈ એક રથની છત્રી ઉતારવી પડે તેમ જ હતી તો પછી રાજમાતા કુંતીના રથની જ ઉતારવામાં શું બગડી જવાનું હતું?' રાજા દુર્યોધને હસીને કહ્યું. એની માંજરી આંખો ચમકતી હતી.

'સરસ! રાજા, જેટલી ચાલાકીપૂર્વક મેં મારા સૈનિકોને મરતાં બચાવ્યા છે તેટલી જ ચાલાકીથી તેં આ રાજભવનમાંથી આ રથની પસંદગી કરીને કુરુના એક રથને બચાવી લીધો છે! પરંતુ પાંચ ઘોડાથી આ રથ કેટલો વિરૂપ દેખાય છે એ તારા ધ્યાનમાં ન આવ્યું? મારા વાયુજિત અશ્વને આ રથ સાથે જોડીને એ એક અપૂર્ણતાને હું જાતે જ દૂર કરી નાખું છું. સ્વસ્તિકના મધ્યબિંદુમાંથી બહાર નીકળીને અંગરાજે મારા હાથમાંથી વાયુજિતની લગામ પોતાના હાથમાં લઈ લીધી. વાયુજિતને દોરીને લઈ ગયા અને જાતે જ એ રથની ખાલી જગ્યામાં એને બાંધી દીધો! અન્ય પાંચ અશ્વોની સરખામણીમાં આ વાયુજિત અશ્વ

સમસ્ત આર્યાવર્તમાં જાતવાન, મૂઠી ઊંચેરો દેખાતો હતો! દેશોદેશના પરાજિત રાજાઓએ ચડાવેલાં વિવિધ આભૂષણો, જરીતારનાં પલાણો, વિવિધરંગી પીંછાંઓના શિરપેચ અને હિમાલયના સ્વચ્છ સ્ફટિક શા હિમશ્વેત વર્ણને લીધે સૌની દૃષ્ટિ તરત જ એના પર મંડાતી હતી. સૌ કોઈની નજર લાગી જાય એટલો એ સુંદર હતો.

રથ સ્વસ્તિક ચિહ્ન પર ઊભો રહ્યો! હંમેશની જેમ આ રાજ્યાત્રામાં પણ પોતાના વહાલા બંધુનું સારથિપણું મારે જ કરવાનું હતું એ વિચાર સાથે મેં મારી બેઠક લીધી. મારી પીઠ થાબડતાં વસૂભાઈએ કહ્યું, 'શોણ, હવે તું સારથિ નથી! આ દિગ્વિજયી સેનાનો તું ઉપસેનાપતિ છે! ઉપર આવ અને આ રાજધ્વજ હાથમાં લે! સત્યસેન સારથિપણું કરશે!'

રથનીડ છોડી પાછળથી બેઠકના ભાગ તરફ હું ગયો. હાથમાં રાજધ્વજ લઈ અંગરાજની જમણી બાજુએ ઊભો રહ્યો! રાજા દુર્યોધન ડાબી બાજુએ ઊભા રહ્યા! એમના ડાબા હાથ તરફ અશ્વત્થામા ઊભા હતા. એનું ગુલાબી વસ્ત્ર ફરફરતું હતું. સૌની વચ્ચે અંગરાજ બે હાથ જોડી ઊભો હતો. એણે સેનાપતિનો વેશ ઉતારવાનો ઇન્કાર કરી દીધો હતો. એના દેહ પરના એ વેશ પર થોડાંઘણાં મેલના થર બાઝ્યા હતા! છતાં આવા વેશમાં પણ તે જુદા તરી આવતા હતા. એક તો એના હાથમાં રાજદંડ હતો, ઉપરાંત અમારામાં તે સૌથી ઊંચો હતો!

આસપાસ ઊભેલા યોદ્ધાઓએ ચંપક, નિશિગંધ, પારિજાત, અનંત અને સુરંગ જેવાં સુગંધી પુષ્પોથી રથને શણગાર્યો હતો. મુઠ્ઠી ભરીને સૌ કંકુ ઉડાડતા હતા. આકાશ કંકુથી છવાઈ ગયું હતું. કોઈએ ગગનભેદી ઘોષણા કરી, 'દિગ્વિજયી સેનાપતિ કર્ણ મહારાજનો...'

'વિજય હો!'

બાણાકાર સૈન્યરચનામાંથી લાખલાખ મુખેથી પ્રતિસાદ મળ્યો! ભવ્ય નીલરંગી ગગન કાંપી ઊઠ્યું! વૃક્ષોનાં પાન અને તૃણ ધ્રૂજવાં લાગ્યાં! તેઓએ પણ જયઘોષણામાં સાદ પુરાવ્યો. મૃદંગ, શંખ, રણભેરી, ડિંડિમ, ચાનક, તંતુવીણા, ગોમુખ, નગારાં વગેરે વાદ્યો જોરજોરથી વાગવાં લાગ્યાં. ઘોષણા અને વાદ્યો વચ્ચે જાણે સ્પર્ધા મંડાણી! સત્યસેને લગામ ખેંચતાં જ રથના અશ્વો ગતિમાન થયા. બાણસેના સરકવા લાગી. રાજ્યાત્રાનો આરંભ થયો. આનંદ, પ્રેમ, વીરત્વ, ગર્વ આદિ અનેક લાગણીઓના પૂરમાં હું તણાઈ ગયો! સમસ્ત આર્યાવર્તમાં સૌથી શ્રેષ્ઠ આ હસ્તિનાપુર જ હતું. અહીં જ મેં અને વસૂભાઈએ અત્યંત સંકોચશીલતાથી પ્રથમ પગલાં માંડ્યાં હતાં! અને આજ – આજ નગરના માર્ગ પર, ચોરેચૌટે, ગલીએ ગલીએ અનેક નગરજનો પોતાની આંખોથી મારા જ્યેષ્ઠ બંધુની આરતી ઉતારશે અને એની બાજુમાં ઊભા રહી જોવાનું મને સદ્ભાગ્ય સાંપડ્યું હતું! બસ થયું કે હવે મારી જીવનયાત્રા અહીં જ પૂરી થઈ જાય! સૌથી શ્રેષ્ઠ મૃત્યુ કયું? મનના સમાધાનના ઉચ્ચતમ શિખર પર પહોંચી માનવ ત્યાં જ ગૂંથાઈ જાય એ જ! એ વિચારે મારી આંખમાં બે આંસુ તગતગી રહ્યાં. આ તમામ પ્રસંગોની મોટાભાઈના મન પર કેવી ગંભીર અસર પડી હશે એ જાણવા મેં એના તરફ જોયું. તે એકદમ શાંત હતો! નદીના પ્રવાહ સમો! નિસ્પંદ! આત્માભિમાન, અહંકાર કે અન્યોનો પોતાના પ્રત્યેનો અખૂટ પ્રેમ જોઈ હૃદયમાં છલકાતી ભાવના કે સ્વસુખની અજબ ઉત્તેજના જેવી એક પણ રેખા એના ચહેરા પર વંકાઈ નહોતી! કુરુની રાજસભામાંની સૂર્યની સુવર્ણપ્રતિમા સમું એનું મુખ કેવળ તેજનાં વલયો ફેંકતું હતું!

બાણરચના ધીરે ધીરે નગર ભણી સરકતી હતી. અમને પરાક્રમની પ્રેરણા આપી બે સૂતપુત્રોનું બે પરાક્રમી સેનાપતિમાં રૂપાંતર કરી છ મહિનાના લાંબા ગાળા પછી અમારા સ્વાગત માટે સજ્જ હસ્તિનાપુર આજે અમારી સમક્ષ ઉપસ્થિત થયું હતું! ઘોષણાનો વરસાદ વરસતો હતો! સૌનાં હૈયાંમાં આનંદોર્મિની હેલી ચડી હતી. કણકણમાં ચેતનાનાં સ્પંદન ઊઠ્યાં હતાં! આવો શુભ અવસર આ નગરે આજ પર્યંત ક્યારેય જોયો હશે? હજારો ક્ષત્રિયોએ આટલાં નિર્મળ, નિરામય સ્નેહથી અને ભક્તિથી જયજયકાર ક્યારેય કોઈ રાજ્યમાં કર્યો હશે? આ વિચારથી મારી આંખમાં હરખનાં આંસુ હિલોળા લેવાં લાગ્યાં. જીવન કૃતકૃત્ય થઈ ગયું. એમાં મોટું સમાધાન સમાયું હતું. આંસુ લૂછવાનું મન થયું નહિ! ભલે વહેતાં રહે! અખંડ અને અનંતકાળ સુધી અવિરતપણે વહેતાં જ રહે!

આંખમાંનાં આંસુને લીધે નગર ધૂંધળું દેખાતું હતું. વૃક્ષ, ભવન, ગોપુર વગેરે પણ ધૂંધળાં દેખાવાં લાગ્યાં. પણ... પણ એકાદ પર્ણકુટીની અસ્પષ્ટ આકૃતિ દેખાતાં જ મેં મારી આંખ ઉત્તરીયથી લૂછી! પર્ણકુટીનું મહત્ત્વ મને મોટાભાઈએ ચંપાનગરીમાં સમજાવ્યું હતું, તેથી એ પર્ણકુટીને હું એકીટશે જોઈ રહ્યો! એ વિદુરની પર્ણકુટી હતી! દ્વાર પાસે શ્વેતવસ્ત્ર ધારિણી એક સ્ત્રી મૂર્તિમાન ઊભી હતી! દૂરથી તે સ્પષ્ટ દેખાતી નહોતી! પણ રાજયાત્રા જોવા માટે સૂતપુત્રને કર્તવ્યનિષ્ઠ સેનાપતિ રૂપે જોવા માટે આ સ્ત્રી પગ ઊંચા કરી રહી હતી. અમારો રથ વિદુરની પર્ણકુટી પાસે આવી પહોંચ્યો! તે સ્ત્રીને નજીકથી જોવા મળી! નગરમાં કોઈ સ્ત્રી આ રીતે દરવાજા પાસે આમ ઊભા રહેવાનું સાહસ કરે નહિ. આથી મેં એની સામે વિસ્મયથી જોયું! એ રાજમાતા કુંતીદેવી હતાં! પર્ણકુટીમાંથી એક આશ્રમકન્યા જળનો કળશ લઈને એકદમ બહાર આવી. એને ઊભી રાખી રાજમાતાએ એના હાથમાં એક કંકાવટી આપતાં એના કાનમાં કંઈક સૂચના આપતાં મેં જોયું.

આશ્રમકન્યાએ નજીક આવી ઘોડાની ખરી પર જળકળશ રેડ્યો. તેણે સત્યસેનને પૂછ્યું, 'સેનાપતિ નીચે ઊતરવાની તસ્દી લેશે? મારે એમના ભાલ પર કુંકુમતિલક કરવું છે!'

'ના!' સત્યસેને જવાબ આપ્યો. કદાચ દુર્યોધને જ સત્યસેનને ના કહેવાનો આદેશ આપ્યો હશે.

'સત્યસેન, લગામ ખેંચ! મારે નીચે ઊતરવું છે!' અંગરાજનો ધીર ગંભીર અવાજ ગુંજી ઊઠ્યો!

રથ ઊભો રહેતાં મોટોભાઈ કૂદકો મારીને નીચે ઊતર્યો. પેલી હિંમતબાજ આશ્રમકન્યાએ એના વિશાળ ભાલ પર કુંકુમતિલક કર્યું! મને ખ્યાલ પણ નહોતો રહ્યો કે રાજયાત્રાની તમામ તૈયારી થઈ ચૂકી હતી છતાં કોઈએ અમારા સેનાપતિને ભાલે મંગળતિલક પણ નહોતું કર્યું! આ ઊણપ પેલી આશ્રમકન્યાએ દૂર કરી! અંગરાજે કરાંગુલીમાંથી પોખરાજથી મઢેલી વીંટી કાઢીને એની કંકાવટીમાં મૂકી દીધી! રાજયાત્રા આગળ ચાલી! સૂર્ય માથે ચડવા લાગ્યો!

પોતાના રાજ્યના રાજદંડને અજેય બનાવીને પાછા ફરેલા અંગરાજનું સ્વાગત કુરુઓ કરવાના હતા. આખા નગરમાં ઠેરઠેર સુશોભિત કમાનોને ઊભી કરવામાં આવી હતી. કમાનોને અશોક અને આમ્રશાખાઓથી સજાવવામાં આવી હતી. સોહાગણોએ આંગણાંમાં રંગોળી પૂરી હતી. રસ્તા પર કસ્તુરકેસર મિશ્રિત જળનો છંટકાવ કર્યો હતો.

ફૂલોથી તૈયાર કરેલી ધજાપતાકાઓ આકાશ સાથે ગુફતેગો કરી રહી હતી. આખો રાજમાર્ગ આકાશના તારાઓની જેમ ફૂલોથી પથરાઈ ગયો હતો. જળકળશ વાયુજિતની ખરી પર ઢોળાતા જતા હતા. અમારા મનના કળશ કૃતાર્થતાથી ઢળતા હતા. ઘોષણાઓની દાંડી આકાશનાં નગારાં પર જોરજોરથી પીટાતી હતી! 'સેનાપતિ અંગરાજ કર્ણનો જય હો! સેનાપતિ કર્ણ...નો જય હો વીર કર્ણ...નો જય હો!'

મારું હૃદય ઉત્તરીયના રેશમના ધાગા જેવી હળવાશ અનુભવતું હતું! આ જયઘોષણાના સાગરમાં હું હિલોળા લેતો હતો, ડોલતો હતો! અમારું સૈન્યબાણ ધીરે ધીરે આગળ સરકી રહ્યું હતું! સત્યસેન કંકુની ઝાંટથી લાલમલાલ થઈ ગયો હતો! શ્વેતરંગી અશ્વો પણ કંકુવર્ણા દેખાતા હતા! વાતાવરણને ધૂંધળું બનાવી દે, સાનભાન ભુલાવી દે, વિશુદ્ધ ગર્વની ભાવનાને જાગ્રત કરી મૂકે એવો એકેય દિવસ અમારા બંનેના જીવનમાં આજ સુધી ક્યારેય આવ્યો નહોતો! ભવિષ્યમાં જોવા મળે તેમ પણ નહોતો! ખરેખર આ અભૂતપૂર્વ હતો! આટલો અગાધ પ્રેમ! આટલો ગગનચુંબી ઉત્સાહ!

સામાન્ય પથ્થરમાંથી દેવમૂર્તિ ઘડી શકાય એવું ભવ્ય સ્થિત્યંતર બીજું કયું હોઈ શકે?

મહામંત્રી દ્વારા ચડાવેલી ભગવી રાજ્યધજાથી શોભતો રાજમહેલ આવ્યો! અહીં શું શું નહોતું બન્યું? રાજમહેલના પાષાણના રાજપુરુષે શું શું નહોતું જોયું? 'સૂતપુત્ર હોવાને લીધે ધુત્કારાયેલા વસૂભાઈ! ગુરુ દ્રોણ ઉપેક્ષિત આ ધનુર્વિદ્યાની શિષ્ય! રાજસ્ત્રીઓને વરવા યોગ્ય એવા સૌંદર્યસંપન્ન હોવા છતાં સારથિકન્યાની સામે વેદિ પર ઊભા રહેલા વીરનર! ખભે ઉત્તરીય મૂકી નદીકિનારે ડગ માંડતા શ્રદ્ધાળુ ભક્ત!' સઘળું આ રાજમહેલના પાષાણોએ જોયું હતું! આ રાજમહેલના પાષાણો આ સઘળા બનાવના સાક્ષી હતા. એ જ પાષાણો આજે કોઈ અપૂર્વ દશ્ય જોઈ રહ્યા હતા! આજે દિગ્વિજયી કર્ણને જોઈ રહ્યા હતા!

મહાદ્વાર પાસે પિતામહ ઊભા હતા! રાજયાત્રા ત્યાં અટકી. વાદ્યોના ધ્વનિ શમી ગયા. પિતામહને જોતાં જ એમણે રાજસભામાં ફેંકી દીધેલો રાજદંડનો પ્રસંગ આબેહૂબ મારી આંખ સામે તરવરવા લાગ્યો.

ભૂતકાળને ભૂલી જનારા આ ઉદાર મનના કુરુ? ના! આ તો એક ઉચ્ચ કુળના ધનુર્યોદ્ધા બીજા ધનુર્યોદ્ધાના સ્વાગત માટે મહાદ્વાર પાસે ઊભા હતા!

અંગરાજે રથમાંથી ઊતરી સામે ચાલીને પોતાના હાથમાંનો રાજદંડ પિતામહના હાથમાં સોંપ્યો! અને પળભર એમના દાઢીધારી વિશાળ ચહેરા તરફ જોઈ રહ્યો. અને... અને એટલી જ વારમાં ઊછળતા, થનગનતા, ઉત્સાહથી નાચતો નગરજનોનાં સ્વાગતથી મનને છાને ખૂણે પણ દ્રવી ઊઠેલો નહિ તે ભાઈ અત્યારે પીગળી ગયો! એની નીલી આંખોમાંથી અશ્રુબિંદુ સરવા માંડ્યાં! પ્રાચીન મહાદ્વારના ઉંબરે તે ઝૂકી પડ્યો! પિતામહનાં ચરણોનો સ્પર્શ કરતાં તે ગદ્ગદ કંઠે બોલ્યો, 'આશીર્વાદ આપો, પિતામહ!'

'જય હો, કર્ણ! જય હો!' પિતામહે એમના ખભે હાથ મૂકી એને ઊભો કર્યો. એમના વૃદ્ધ હાથમાં રાજદંડ થરથરતો હતો! દાઢીના લાંબા શુભ્ર કેશ પણ થથરી રહ્યા હતા! અમે છ માસ પછી આ રાજમહેલનો ઉંબરો ઓળંગી અંદર પ્રવેશ કર્યો!

ભીતરને પગથિયે રાધામાતા, પિતાશ્રી અને વૃષાલીભાભી સપરિવાર અમારી પ્રતીક્ષા કરતાં ઊભાં હતાં. એમણે અશ્રુબિંદુઓથી અમને ગાઢ આશ્લેષમાં જડી દીધાં! એમની

બીજા ખૂણામાં દુઃશાસન એક પથ્થરના થાંભલાને સ્ત્રી સમજી એનાં વસ્ત્ર ઉતારવાં એ થાંભલાની આસપાસ ગોળ ફરતો હતો. 'દા...સી, દા...સી!' એમ બબડતો હતો! ખિલખિલાટ હસતો હતો.

થોડી વારમાં સૌ યુવરાજોને ગાંડપણ ઊપડ્યું હતું! અમે મર્યાદિત માત્રામાં મદ્યપાન કર્યું હતું તોપણ અમને ચક્કર આવતાં હતાં! કેટલાક નાના બાળકની જેમ હાથપગ પછાડતા ધાંધલ મચાવતા હતા, કેટલાક જમીન પર ગડથોલાં ખાતાં હતાં! દિગ્વિજયમાં એકાદ રાજાએ અમારો પરાભવ કર્યો હોતને તો આટલો આઘાત ન લાગત, પરંતુ આ બધાનો બકવાસ સાંભળીને મને જબરદસ્ત આઘાત લાગ્યો!

છેવટે સ્વયં રાજા દુર્યોધન જ બબડતા બબડતા ઊઠ્યા! 'અંગરાજ, તારો દિગ્વિજય વ્યર્થ છે!! જે અર્જુ...ને કિરાત... રૂપે... શંકરનો... પરાભવ કર્યો... તે અર્જુન... અજેય... છે! અ...ર્જુન!' એની સમતુલા જળવાતી નહોતી. આંધીમાં ઝૂલતાં વાંસના ઝુંડની જેમ એ ડોલી રહ્યો હતો! એના શબ્દો લથડતા હતા!

'દુર્યોધન!' મોટાભાઈએ એટલી જોરથી બૂમ મારી કે પ્રભંજનના હાથમાંથી સુરાઈ છૂટીને નીચે પડી ગઈ! શલ્ય પાસે ભૂર્જપત્ર પર લખાવતી વખતે જે સાત્ત્વિક સંતાપ આંખમાં ઊભરાતો હતો એથી અનેકગણો સંતાપ આજે એમને થયો! નાકની દાંડી રાતીચોળ થઈ ગઈ! આગ વરસાવતી આંખો ચકળવકળ થતી હતી કે હૃદયના ધબકારા તીવ્ર વેગથી ધબકતા હતા એ જ સમજાતું નહોતું! એમના શબ્દો તીરના વેગથી પણ અધિક વેગવાન જણાતા હતા! હાથમાંની પ્યાલી થરથર ધ્રૂજતી હતી. તરત પોતાના આસન પરથી ઊઠી વર્ષાઋતુના મૃગનક્ષત્રમાં વરસાદ જોરદાર વરસે એમ તેઓ ક્રોધથી વરસવા લાગ્યો, 'યુવરાજ કહેવરાવનારા મદાંધ દારૂડિયાઓ, દારૂએ તમારા જેવા ક્ષત્રિયોની આવી ગર્દભ જેવી દશા કરી નાખી છે. ધિક્કાર છે તમારા આ દારૂને અને તમારા જેવા દારૂડિયાઓને! પાંડવ જેવા શક્તિશાળી શત્રુ જીવિત છે એનું ભાન ભુલાવી દેનાર આ દારૂને ધિક્કાર છે! હું, અંગરાજ કર્ણ, આજ પ્રતિજ્ઞા લઉં છું કે જ્યાં સુધી હું અર્જુનનો વધ નહિ કરું ત્યાં સુધી ભૂલેચૂકેય દારૂ નહિ પીઉં! માંસ નહિ ખાઉં! એટલું જ નહિ પણ એના લોહીથી મારે મારા પગ ધોવા છે, આથી હું ત્યાં સુધી મારા પગ પણ નહિ ધોઉં!!'

'અર્જુનને અજેય કહેનારા દુર્યોધન, તને મારો દિગ્વિજય અધૂરો લાગે છે. એ માટે મારી સૂર્યઆરાધના તને ઓછી પડી, મારી પુણ્યાઈ તને ઓછી લાગી હોય તો આજથી હું મારી પુણ્યાઈ દાનધર્મથી ભરી દઈશ! પણ અર્જુનના ભયથી ગભરાયેલા હે દુર્બળ, હું એને અવશ્ય જાનથી મારી નાખીશ!' મોટાભાઈ સહેજ વાર અટક્યા અને ફરી મક્કમ સ્વરે ગર્જના કરી, 'આજથી એક પણ યાચક અંગરાજ કર્ણના દ્વારેથી ખાલી હાથે પાછો નહિ ફરે! જ્યાં સુધી દેહમાં પ્રાણ છે ત્યાં સુધી!' હાથમાંની પ્યાલી ફેંકી દઈને એ ઝડપથી ચાલતાં કક્ષની બહાર નીકળી ગયો. પ્રજ્વળતા બાણની જેમ!

એની આ કઠોર પ્રતિજ્ઞા સાંભળી મારો દિગ્વિજયનો આનંદ ઊડી ગયો! હવે શું થશે? એ શંકાથી ખિન્ન હૃદયે હું પણ એની પાછળ પાછળ ચાલી નીકળ્યો. પવનની આંધી પછી આમ્રવૃક્ષ નીચે ફળો અહીંતહીં વેરવિખેર પડ્યાં હોય તેમ કુરુના સો યુવરાજો જ્યાં ત્યાં નિશ્ચેટ અવસ્થામાં પડ્યા હતા. એમનો બડબડાટ શમી ગયો હતો.

પચ્ચીસ

વૈશાખ પૂરો થયો અને વર્ષાઋતુની માંડણી થઈ! મુસળધાર વરસાદથી નગરમાંના કોટ, બુરજ, ગોપુર અને કળશ પર જળની ધારા થતી હતી! મોટાભાઈના દાનની પ્રતિજ્ઞાની વાત આખા નગરમાં ફેલાઈ ગઈ! વહેલી સવારથી જ રાજમહેલ પર યાચકોની ભીડ જામવા લાગી! કોઈ વરસાદથી ઘરને બચાવવા જોઈતી સામગ્રી, કોઈ પાણીને લીધે થતાં રોગથી પીડાતા ઘોડાને સ્થાને બીજા ઘોડા, કોઈ ધન, કોઈ ધાન્ય, કોઈ ધેનુ જેવી જાતજાતની માગણીઓ સાથે યાચકો રાજમહેલમાં આવવા લાગ્યા. પ્રાતઃકાળે નિત્યકર્મ પતાવી સૌ યાચકોને દાન આપી પછી જ વસૂભાઈ ભોજન લેતો. યાચકોની સતત આવનજાવનને લીધે રાજમહેલ વ્યાપારનું કેન્દ્ર બની ગયું હતું! દિગ્વિજયમાં પ્રાપ્ત થયેલી સંપત્તિ દુર્યોધનને ચરણે પૂરતાં પ્રમાણમાં ધરી દીધા પછી પણ ગાડાંનાં ગાડાં ભરાય તેટલી બચી હતી. આર્યાવર્તનાં સઘળાં રાજ્યોમાંથી યાચકો આવત તોપણ સંપત્તિ ખૂટત નહિ! આ સંપત્તિનું દાન કરીને હવે તે પ્રજાનાં હૃદય જીતવા લાગ્યો! દીન, દુર્બળ, અપંગ, દુઃખી, પીડિત, બ્રાહ્મણ, અનાથ, વ્યાધિગ્રસ્ત સૌનો એક જ આધાર – દાનવીર કર્ણ!

દાનવીર કર્ણ!

રાજમહેલની સામેના ચોકમાં પથ્થરના ઓટલા પર બેસી યાચકને જોઈતી વસ્તુ આપતાં વસૂભાઈને જોઈને મને અત્યંત નવાઈ લાગી. પ્રત્યેક યાચકને તે હસીને મીઠો આવકાર આપતો. આ હાસ્ય દિગ્વિજયમાં દરેક સૈનિકને જોવા મળ્યું હોત તો તેઓ દંડકારણ્ય વટાવી આર્યાવર્તની બહાર છેક મહારણ્ય સુધી પહોંચી ગયા હોત! સૈનિકોને દુર્લભ હતું તે યાચકોને સુલભ બન્યું હતું! વનવન ભટકીને મેળવેલી સંપત્તિ તે હસતે મુખે સહજપણે હજારો યાચકોમાં વહેંચી દેતો હતો.

અશ્વત્થામાએ પત્રમાં નિસર્ગના મનોરમ દશ્ય જોઈને થતાં આનંદને દસ દિગ્વિજયના વિજયાનંદ કરતાં શ્રેષ્ઠ કહ્યો હતો તે વાત મને બરોબર યાદ હતી. એક વૃદ્ધને જરિયાન વસ્ત્ર દેતાં અંગરાજે પોતાની બાજુમાં બેઠેલા અશ્વત્થામાને પૂછ્યું, 'ગુરુપુત્ર, દસ દિગ્વિજયનો વિજયાનંદ, અનેક નિસર્ગમાં રમણીય દશ્યોને જોઈને થતો આનંદ અને – અને આવા અનાથ, નિરાશ્રિત, ત્રસ્ત, દુર્બળનાં આંસુ લૂછવામાં મળતો આનંદ – આ સર્વમાં શ્રેષ્ઠ આનંદ કયો?' અશ્વત્થામા પાસે આનો કોઈ જવાબ નહોતો! એ કેવળ હસ્યો.

આર્દ્રા નક્ષત્રમાં વાદળોથી ઘેરાયેલા આકાશમાંથી એકાએક વર્ષા શરૂ થઈ. પેલાં વાદળાં પણ જાણે કહી રહ્યાં હતાં કે, 'દુર્બળોને દાન દઈને એને સબળ બનાવવાનો આનંદ સર્વ શ્રેષ્ઠ છે!'

વરસાદથી ભીંજાઈ રહેલા યાચકો આઘાપાછા થવા લાગ્યા. અંગરાજે મસ્તક પર છત્ર ધરી રહેલા સેવકને દૂર કરી ભીંજાતા ભીંજાતા દાન દેવાનું ચાલુ રાખ્યું. મને થયું કે મુસળધાર વરસાદ અને દાનના વરસાદ વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે!

મુઠ્ઠી ભરીભરીને સુવર્ણ, મોતી, પ્રવાલ, હીરા, વૈદૂર્ય વગેરે યાચકોની ઝોળીમાં મુક્તપણે તે ઠાલવવા લાગ્યો. રાજમહેલની અટારીએથી પિતામહ અને મહામંત્રી આ દશ્ય જોઈ રહ્યા છે એની એમને જાણ પણ નહોતી! એમનું દાન યાચકોની ઝોળીમાં બરોબર

ઠલવાય એ માટે અશ્વત્થામા પ્રત્યેક યાચકને ઝોળી પકડવામાં મદદ કરતો હતો! અમે વરસાદમાં ભીંજાતા હતા એનું ભાન અમારા ત્રણમાંથી કોઈનેય નહોતું.

સૌ યાચક દાન લઈ, 'દાનવીર કર્ણ આયુષ્યમાન હો!' એમ આશીર્વાદ આપતાં મહાદ્વારેથી બહાર થઈ રહ્યા હતા. ફક્ત બે જ યાચક બાકી રહ્યા હતા! એ બંને એટલા વૃદ્ધ હતા કે વરસાદમાં ભીંજાવાથી તેઓ થરથર ધ્રૂજતા હતા! એમાંથી એકનો વાન નીલા રંગનો હતો! યુવરાજ અર્જુન અને યાદવરાજ કૃષ્ણ સિવાય કોઈનો નીલો દેહ હજી સુધી જોવામાં આવ્યો નહોતો. યાચકને કેમ પુછાય? બીજા વૃદ્ધનો ચહેરો ગોળ હતો અને તે અંગરાજના પગ સામે સતત જોઈ રહ્યો હતો!

'દાનવીર કર્ણ, દાન આપો!' હાથમાંની લાકડી ડગમગાવતા નીલદેહી વૃદ્ધે કહ્યું.

'શું આપું, વડીલ? ધન, ધાન્ય, ધરતી, ધેનુ, ધામ?'

'આ બધી વસ્તુનું મૂલ્ય મનુષ્યનું અસ્તિત્વ સુરક્ષિત હોય ત્યાં સુધી જ! અમે વરસાદમાં ભીંજાઈ જવાથી ઠંડીમાં ઠૂંઠવાઈને થીજી ગયા છીએ! અમને સૂકી લાકડીની એક ભારી આપો!' દાંત કડકડાવતાં વૃદ્ધે પોતાની વ્યથા જણાવી!

'સૂકી લાકડી?' અંગરાજાએ ચમકીને અશ્વત્થામા અને મારી સામે જોયું. વૃદ્ધની લાકડી ડગમગતી હતી. સફેદ દાઢીમાંથી પાણી ટપકતું હતું. એની માગણી પૂરી ન થાય તો એ ટાઢે મરી જાય!

'શોણ, આને અસૂરી વેળાએ લાકડી ક્યાંથી લાવી આપીશું? આર્દ્રા નક્ષત્રમાં વરસતા વરસાદમાં સૂકી લાકડી ક્યાં મળે?' અંગરાજ ચિંતિત બનીને મારી સામે જોઈ રહ્યો. દિગ્વિજય વેળા બનેલી અનેક વિસ્મયકારી ઘટનાથી હું અજાણ નહોતો! હું શું જવાબ આપું? એના સિવાય બીજું કોણ ઉકેલ શોધી શકે તેમ હતું?

'ઊભો રહે, શોણ! તેમને અહીં જ ઊભા રાખ! એમને જોઈતું દાન મળશે જ!' મોતી ભરેલી મુઠ્ઠી તાસકમાં ખાલી કરી તે અટારી છોડી ઝડપથી પગથિયાં ચડી પોતાના ભવનમાં ચાલી ગયો.

'ધા...ડ, ધા...ડ' જેવો જોરજોરથી કંઈક ઠોકવાનો અવાજ એના રાજભવનમાંથી ચારેબાજુ પ્રસરી વળ્યો.

થોડી વારમાં પગથિયાં ઊતરી ફરી અટારી પાસે આવ્યો. એને ખભે લાકડાંની ભારી હતી! રણાંગણમાં વાયુજિત પર આરૂઢ થઈ હાથમાં વીજળી જેવી તલવારને ઘુમાવતાં સેનાપતિ કર્ણ અને ખભે લાકડાંની ભારી લઈ નિષધ પર્વત પરનો ભીલ પર્વતની કેડી ઊતરે તેમ પગથિયાં ઊતરતો આ દાનવીર કર્ણ બંને એક જ છે. એની ફક્ત મને જ ખબર હતી. પોતાના ભવનની છતને આધાર માટે ટેકવી રાખેલા ચંદનના બે થાંભલાને તેણે જાતે ઉખેડી નાખ્યા હતા. અને ફરસીથી તોડી વાયુજિતના વેગ જેટલી ઝડપથી બાંધી આ ભારીનું અનોખું દાન ખભે મૂકી તે ધીરે ધીરે પગથિયાં ઊતરી રહ્યો હતો. હૃદયમાં જાતજાતની લાગણીઓ જાગતી હતી. મને થતું હતું કે એમના સગાભાઈ કહેવરાવવાની મારામાં એક પણ લાયકાત નથી.

'લો! આ તમારું દાન! મારે ખાતર તમારે બહુ રાહ જોવી પડી નહિ?' ખભા પરની ભારી નીલદેહી વૃદ્ધનાં ચરણોમાં મૂકી હાથ જોડી મોટાભાઈએ ક્ષમાભાવે કહ્યું.

'દાનવીર કર્ણનો જય હો!' એ વૃદ્ધે એમના મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ દીધા.

ભારી ઊંચકતી વેળાએ તે વૃદ્ધ અટારીમાં ઊભેલા પિતામહ અને મહામંત્રી વિદુર સામે જોઈને હસ્યા. એ રહસ્ય અકળ રહ્યું. એમના સાથી પેલા ગોળ ચહેરાવાળા વૃદ્ધે જતાં જતાં ફરી એક વાર ભાઈના પગ સામે ટીકીટીકીને જોયું! કમરથી વાંકા વળી ગયેલા એ બંને વૃદ્ધ ભારી લઈ મહાદ્વારેથી બહાર નીકળી ગયા. નીલદેહી વૃદ્ધને મહાદ્વારના ઉપદ્વારને ઓળંગતી વખતે એકદમ ટટ્ટાર ઊભેલા જોઈને તત્ક્ષણ મારા મનમાં શંકા જાગી કે ગુપ્તવેશે આ શ્રીકૃષ્ણ તો નથી ને? અને એમની સાથે પેલા બીજા વૃદ્ધ યુધિષ્ઠિર તો નહિ હોય?

દાનવિધિ સપ્તાહ થઈ. વરસાદ પણ ધીમો પડ્યો હતો, પરંતુ મારા મનમાં વિચારની ધારા અવિરત ચાલતી હતી! ભાઈનું સારથિપણું સ્વીકારવામાં મેં બહુ મોટી ભૂલ કરી હતી! એથી એનો રથ હાંકતાં આવડ્યું પણ એના સેવક બનતાં ન આવડ્યું. સેવક બની શક્યો હોત તો આખો દિવસ ઊભા પગે દાન આપીને થાકેલા ભાઈના પગના તળિયાને ચંદનતેલનું માલિસ કરવાનો મને અવસર મળ્યો હોત! મેં એને કહ્યું હોત તોપણ નાનો ભાઈ હોવાને લીધે મને ભાઈ તેમ ન કરવા દેત.

છવ્વીસ

દોડતા રથચક્રના આરા એક પછી એક ગોળગોળ ફરતાં આગળ વધે તેમ વરસો પણ એ જ રીતે એક પછી એક પસાર થતા હતા! ચારેબાજુ દિગ્વિજય કર્ણની કીર્તિનું સ્થાન હવે દાનવીર કર્ણે લીધું હતું. એના દરેક પુત્રને સૌ દાનવીરના સુપુત્ર તરીકે આદરમાન આપતા હતા. હિમાલયના પર્વતશિખરોની જેમ તેઓ વિશાળકાય બન્યા હતા. પિતાની જેમ યુદ્ધશાસ્ત્રમાં નિષ્ણાત થયા હતા. સૌથી મોટા પુત્ર વૃષસેને બાહુકંટક સુધીની શસ્ત્રવિદ્યા હસ્તગત કરી લીધી હતી! વૃષસેન, સુષેણ અને વૃષકેત એ વૃષાલીભાભીના ત્રણ પુત્રો માતાપિતાના ગુણસંસ્કાર લઈને જ જાણે જન્મ્યા હતા. ચિત્રસેન, સુશર્મા, પ્રસેન અને ભાનુસેન એ સુપ્રિયાભાભીના ચાર પુત્રો પણ ગુણસંસ્કારમાં સહેજે ઊણા ઊતરે તેવા નહોતા! આ સાતે પુત્રોને દાન દેવા ઊભેલા પિતાનો ચરણ સ્પર્શ કરી વ્યાયામશાળાએ જતા જોઈને મને સંતોષ થતો કે ભાઈનું જીવન કૃતાર્થ થયું! અશ્વત્થામાની જેમ મેં જીવનનો ઊંડો અભ્યાસ કર્યો નહોતો અને ભાઈની જેમ સુખદુઃખોને પચાવી પણ શક્યો નહોતો! મારું જીવન લચી પડેલાં ધાન્યનાં ડૂંડાંથી સુશોભિત ખેતરો પરની વાડ પર ઊગેલા ઘાસની જેમ વૃદ્ધિ પામ્યું હતું! દૂરથી જોનારને ઘાસ પણ ધાન્ય જેવું જ દેખાય! અંગરાજનો ભાઈ ન હોત તો મારામાં પોતાની શું લાયકાત હતી? કેવળ એને લીધે જ હું ઊજળો હતો! પ્રસિદ્ધિને પામ્યો હતો! આથી જ જીવન એક મહાન યોગાનુયોગ છે એમ મને સતત લાગ્યા કરતું હતું.

પૂર્વજન્મનાં પુણ્યના ઋણાનુબંધે અમે બંનેએ રાધામાતાની કૂખે જન્મ લીધો હતો. જન્મથી જ હાથમાં હાથ લઈ સાચા હૃદયથી સાથ નિભાવ્યો હતો. માટીના ઘડાના ટુકડાએ જ પ્રયાગમાં વૃષાલીભાભીનો અંગરાજ સાથે નાતો જોડી દીધો હતો! ત્યારથી જ તેમણે જીવનનો ઘટ પ્રેમરસથી ભરી દીધો હતો! હવે તે આકંઠ ભરાઈ ગયો હતો!

ગુરુ દ્રોણ સામાજિક રૂઢિઓને વશ થઈ તરછોડી દીધેલા ધનુર્ધર કર્ણને એમના જ પુત્ર અશ્વત્થામાએ પોતાનો પ્રાણપ્રિય સ્નેહીજન ગણ્યો હતો! પિતામહ ભીષ્મ દ્વારા એક વાર ધિક્કારાયેલા કર્ણનું એમણે જ દિગ્વિજયી યોદ્ધા રૂપે સ્વાગત કર્યું હતું. આ પરસ્પર વિરોધી બનાવોનું દ્વન્દ્વ જોતાં મને એક વિચાર આવતો કે, 'જીવન એક મહાન યોગાનુયોગ છે!'

આ વિચાર મેં ભાઈને જણાવ્યો ત્યારે તેણે કહ્યું, 'નહિ, શોણ, જીવન એ યોગાનુયોગ નથી! જન્મ એ યોગાનુયોગ છે! જીવન યોગાનુયોગ કરતાં પણ કર્મ પર વધુ અવલંબે છે.'

એના પ્રત્યેક વિચાર, પ્રત્યેક કલ્પના એટલાં સચોટ હતાં કે એમાં વિરોધ કે શંકાને સ્થાન જ ન રહે! છતાં તે ઘણી વાર મારી સલાહ કેમ લેતો એ મને સમજાતું નહિ.

'શોણ, હું દાન દઉં છું. સૌ મને દાનવીર કહે છે પણ મારું આ દાનવીરપણું તને સંકુચિત નથી લાગતું? હસ્તિનાપુર અને આસપાસનાં ચાર રાજ્યો સિવાય કેટલાય જરૂરતમંદોને હું કાંઈ આપી શક્યો નથી. દિગ્વિજય મેળવવા આપણે સમગ્ર આર્યાવર્ત ફર્યા પણ દાન દેવા ફર્યા? કહે, આનો શો ઉપાય કરશું?' એણે મને એક વાર પૂછ્યું.

'એમ જ તારી ઇચ્છા હોય તો એનો એક જ માર્ગ છે. તારા સાતે પુત્રોના વિવાહ! અને તે પણ દૂર દૂર દેશની સારથિકન્યા સાથે! એ નિમિત્તે તમામ રાજ્યોના યાચકોને અહીં બોલાવી શકાશે. જેઓ નહિ આવી શકે તેમને વેવાઈઓ દ્વારા ધન, ધાન્ય, વસ્ત્ર વગેરે પહોંચતાં કરીશું.' એના પુત્રોના વિવાહ જલદીથી કરાવવાની મારી ઇચ્છા હતી! કારણ તેઓ વિવાહયોગ્ય થઈ ગયા હતા!

'ઠીક છે, તારો વિચાર સારો છે. તું અને સત્યસેન જાઓ અને વધૂ-કન્યા પસંદ કરી આવો. અવંતી, કંબોજ, કાશ્મીર વગેરે દૂર દેશની લાવજો. સત્યસેન પશ્ચિમ અને ઉત્તર તરફ જાય અને તું પૂર્વ અને દક્ષિણ તરફ. હા, એક વાતનું ધ્યાન રાખજો. મીનાક્ષી માટે આપણા પુત્ર કરતાંય વધુ સોહામણો વર તારે શોધી લાવવાનો છે! હવે તે મોટી થઈ ગઈ છે!'

'આટલો સોહામણો વર ક્યાં મળશે?'

'કેમ નહિ મળે? તારાથી શક્ય ન હોય તો એ કામ હું કરીશ! એ નિમિત્તે મથુરા જવાનું બનશે. હું જ એને માટે યોગ્ય વર શોધી લાવીશ!'

એણે મારી દીકરી માટે વર શોધવાનું કામ પોતાને શિરે લઈ લીધું!

સત્યાવીસ

દેશોદેશ ફરીને મેં અને સત્યસેને વધૂ-કન્યાઓ પસંદ કરી. ભાઈએ મીનાક્ષી માટે મથુરામાંથી વરની શોધ કરી. ચારેબાજુ આમંત્રણો મોકલાયાં. એ આમંત્રણમાં નવાં સગાંઓએ બને એટલા વધુમાં વધુ અનાથ અને અપંગોને સાથે લાવવાની આગ્રહભરી વિનંતી કરવામાં આવી હતી. રાજ્યજ્યોતિષીઓએ અને પુરોહિતોએ સૂચવેલો શુભ દિવસ આવ્યો!

રાજનગરમાં ચારેબાજુ ફરી વૃષાલી અને સુપ્રિયાભાભીએ કુમકુમઅક્ષત લગાવીને સૌને કુમકુમપત્રિકાઓ વહેંચી. નગર બહાર વિદુરની પર્ણકુટીએ જઈ ત્યાં આમંત્રણ આપવાનું પણ ચૂકી નહોતી.

બ્રાહ્મમુહૂર્તે રાજમહેલમાં શરણાઈ-નગારાં વાગી રહ્યાં હતાં. પોતાના દિગ્વિજયી

સેનાપતિના અને દાનવીર મહામાનવના પુત્રોમાં વિવાહનો આનંદ માણવા સમગ્ર પ્રજાએ પોતાનાં આંગણાં શણગાર્યાં હતાં. આ સૂતપુત્રનાં લગ્ન છે એમ કહેવાની હવે કોઈનામાં હિંમત નહોતી! રાજભવનને નવવધૂની જેમ શણગારવામાં આવ્યો હતો! અમારાં વૃદ્ધ માતાપિતા દેહના થાકને ભૂલી જઈ પૌત્રો-પૌત્રીનાં વિવાહ માટે તૈયાર કરેલા વિશાળ મંડપમાંની વેદિની આસપાસના મંગળકળશને શ્રીફળથી શણગારતા હતા. સૌ ગાંડાઘેલા થઈને ફરતા હતા. અમારા પર સુખનું મુક્ત હાથે દાન દેવાઈ રહ્યું હતું. દિગ્વિજયના સૌ રાજાઓ હસ્તિનાપુરમાં આવ્યા હતા. નહોતા આવી શક્યા એમણે પ્રતિનિધિ રૂપે અમાત્ય, સચિવ, સેનાપતિમાંથી કોઈને મોકલ્યા હતા. આ સૌએ વરવધૂને જોવાને બદલે મંડપની બહાર બ્રાહ્મણ, ઋષિમુનિ, અનાથ, આપદ્ગ્રસ્ત વગેરેને દાન દઈ રહેલા અંગરાજને જોવા ભારે ભીડ જમાવી હતી.

'મહારાજ ધૃતરાષ્ટ્રની જેમ હું આ નગરનો રાજા હોત તો મેં આ નગરનું નામ હસ્તિનાપુર બદલીને કર્ણપુર જ રાખ્યું હોત!' ઉત્સવના ઠાઠથી પ્રભાવિત થયેલા વિદર્ભરાજ રુક્મે મને જણાવ્યું.

વિવાહનો પ્રસંગ ઊકલી ગયો. દેશોદેશના તૃપ્ત યાચકો 'કર્ણનો જય હો! જય હો!' એમ આશીર્વાદ દઈને ચાલતા થયા. એ રાત્રે આખા નગરને ફાનસની હાંડીઓથી શણગારવામાં આવ્યું હતું. એ દૃશ્ય જોતાં મને ભ્રમ થયો કે સ્વર્ગ આકાશમાં છે કે ધરતી પર!

પુત્રવધૂઓને આશીર્વાદ દેતાં ભાઈના મુખેથી નીકળેલા ઉદ્ગારો મારા કાનમાં પડઘાતા હતા.

'રાજભવનમાં દાખલ થયા પછી પણ કદી એ ન ભૂલતા કે તમે સારથિકન્યા છો!' આ એમના ઉદ્ગારો હતા. એને યાદ કરતાં હું જગતનું ભાન ભૂલી ગયો. માત્ર મનને એકાદ ખૂણે ક્યાંક દૂર દૂર પાંડવોની સ્મૃતિ સતાવતી હતી. એમને વનવાસ ગયે દસ વર્ષ પૂરાં થયાં હતાં! એકાદ વનમાં તેઓ ક્યાંક જીર્ણ પર્ણકુટીમાં અંધકારનાં શ્યામ વસ્ત્રો પહેરીને સૂતાં હશે! મન બેચેન બની ગયું.

મીનાક્ષીને સાસરે વળાવ્યાનું દુઃખ હતું, પરંતુ એના જેવી સાત મીનાક્ષી વધૂ રૂપે રાજમહેલમાં ઘૂમી રહી હતી. એમને જોઈને મારું એ દુઃખ હું વીસરી ગયો! યાચકોને દાન આપ્યા પછી ખાલી થઈ ગયેલા કોઠાર વિવાહ નિમિત્તે આવેલી ભેટસોગાદોથી ફરી ભરાઈ ગયા હતા! ગંગાના પાત્રની જેમ ભાઈની દાનવિધિ અખંડ ચાલુ હતી. એક પણ યાચક ખાલી હાથે પાછો ફરતો નહોતો. ભવિષ્યમાં જાય તેમ પણ નહોતો!

પતિગૃહે જતી મીનાક્ષીએ અંગરાજ માટે પોતાના વંદનીય કાકા માટે એક સંદેશ પાઠવ્યો હતો. વિવાહની ધમાલમાં હું એમને આપી શક્યો નહોતો. 'આપનાં કુંડળ સાથે રમતાં પૌત્રોને જોવા હું વહેલી વહેલી પાછી આવીશ!' આ એનો સંદેશ હતો. એ સાંભળીને એના ચહેરા પર હાસ્ય ખીલી ઊઠશે. આથી હું એ સંદેશો દેવા એના ભવનના દ્વાર પાસે ઊભો રહ્યો. પણ... પણ સૂર્યોદય થયો છતાં તેના ભવનના દ્વાર બંધ જ હતા! આઠદસ વાર ઠોકવા છતાં અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો નહિ! શંકાથી મન વિહ્વળ બની ગયું. આવું કદી બન્યું નથી!

'ભાઈ... દરવાજો ખોલ!' મેં થોથવાતે અવાજે કહ્યું.

'કોણ શોણ?' આગળિયો દૂર થયો. દરવાજો ખૂલ્યો. સોનેરી વાળોની વીખરાયેલી લટોમાં હંમેશ આકર્ષક લાગતો ચહેરો આજે ચિંતાગ્રસ્ત દેખાતો હતો! પાછળ હાથમાં હાથ ભીડી અસ્વસ્થતાથી ભવનમાં સતત આંટા મારી રહ્યો હતો.

'શું થયું? તારું મોં કેમ પડી ગયું છે?' મેં અધીરપણે પૂછ્યું.

'કંઈ... કંઈ... જ સૂઝતું નથી, શોણ!'

'શી બાબતમાં?'

'સ્વપ્નને લીધે! આજે રાત્રે મેં અદ્‌ભુત સ્વપ્ન જોયું!'

'કેવું સ્વપ્નું? અરે, સ્વપ્નાં તે સાચાં ઠરતાં હશે?'

'ના શોણ.' આ સ્વપ્નું સત્ય ઠરશે એમ મારું ભીતરી મન મને કહી રહ્યું છે. આ સ્વપ્નમાં મારે સૂર્યદેવ સાથે પ્રત્યક્ષપણે વાતો થઈ છે!'

'શી શી વાત થઈ?'

'તેમણે કહ્યું કે કાલે પ્રત્યક્ષ ઇન્દ્ર યાચક બનીને તારે દ્વારે આવશે! ધન, સંપત્તિ, વસ્ત્ર, ગાય વગેરેમાંથી કાંઈ જ નહિ માગે. તેઓ માગશે...'

'તેઓ શું માગશે?'

'કવચ અને કુંડળ, શોણ! કવચ અને કુંડળ! અને તે પણ અર્જુનને માટે!!' તેઓ ઝડપથી આમતેમ આંટા મારવા લાગ્યા.

'નહિ, ભાઈ, ગમે તે થાય પણ તું આ દાન દેતો જ નહિ! આ દાન નથી. આ તો દાસપણું છે!' મેં એકાએક ચીસ પાડી. મારું શરીર ધ્રૂજવા લાગ્યું!

એ જ વાત સૂર્યદેવે પણ મને ભારપૂર્વક કહી છે. કવચ-કુંડળ દઈશ તો તારો સર્વનાશ થશે એમ તેમણે વારંવાર સ્પષ્ટપણે કહ્યું.

'તેં એમને શો જવાબ આપ્યો!'

'શોણ, તને નહિ ગમે મારો જવાબ!'

'બોલ, જલદી કહે નહિતર મારો શ્વાસ રૂંધાઈ જશે!'

'સૂર્યદેવને વંદન કરી મેં કહ્યું કે પ્રત્યક્ષ દેવરાજ ઇન્દ્ર યાચક બનીને મારે દ્વારે આવીને ઊભા રહેશે તો એવા યાચકને શોભે એવું કવચ-કુંડળનું દાન હું અવશ્ય આપીશ!' બળબળતા લોહરસની જેમ એના શબ્દો મારા કાનમાં રેડાયા.

'શા માટે?' શા માટે તું જીવ સાથે આવું મહાભયાનક જુગાર રમવા માગે છે?'

'શોણ, એ તું કદી નહિ સમજી શકે! આ દાન હું કેવળ કીર્તિ મેળવવા માટે આપીશ!'

'કીર્તિ-કીર્તિ! આજ સુધી તને ઓછી કીર્તિ મળી છે? કીર્તિ એટલે શું? હજી તને કઈ કીર્તિ જોઈએ છે?'

'બલ અને વૃત્રાસુરને જાનથી મારી નાખનાર, સ્વર્ગના અધિપતિ, દેવોના દેવ ઇન્દ્રના વરદાતા કર્ણની મારે કીર્તિ મેળવવી છે! શોણ, કાલે સાક્ષાત્ સ્વર્ગ આ પુરાતન ધરતી પાસે ભિક્ષા માગવા આવનાર છે! આ વૈભવને માટે કવચ-કુંડળ શું પ્રાણની પણ આહુતિ દઈશ! જન્મ-મૃત્યુ અંગે વીરોના વિચાર અલગ હોય છે! કીર્તિહીન મનુષ્ય જીવંત હોય તોપણ તે મૃતઃપ્રાય જ છે! કીર્તિવંતને માટે જ સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં હોય છે! કીર્તિ એ મનુષ્યને સ્મૃતિ રૂપે અમર નવજીવન દેનારી બીજી માતા છે! કીર્તિહીન જીવન એ મૃતજીવન

છે! દિવસરાત ભોજન, નિદ્રા, ધન, પ્રેમ વગેરેની પાછળ દોટ મૂકવા માટે આપણું આયુષ્ય નથી! આયુષ્યનું મૂલ્ય કીર્તિના માનદંડથી અંકાય છે! આમ તો મહાસાગરમાં સેંકડો વર્ષો સુધી જીવતાં દેવમાછલાં નથી? એમને કોણ અમર ગણે છે? કેવળ જીવતાં રહેવું એ જિંદગી નથી. કેવું જીવો છો એના પર કીર્તિનો આધાર છે. એમ તો ધરતીના વિશાળ પટ પર હજારો જીવો જન્મે છે અને મૃત્યુ પામે છે! એમની પાછળ કોઈ અશ્રુ સારતું નથી! પરંતુ જેના જવાથી પ્રત્યેકનું અંતઃકરણ એના વિયોગમાં કકળી ઊઠે એ જ કીર્તિમાન! એ જ સાચા અર્થમાં જીવ્યો ગણાય અને સાચા અર્થમાં મર્યો ગણાય! આથી જ જીવન અને કીર્તિ એ બેમાં તું કોને પસંદ કરે છે એમ પૂછનાર સૂર્યદેવને મેં 'કીર્તિ' એવો ઉત્તર આપ્યો! કીર્તિને કલંક લગાડનારું જીવન મને કદી ખપે નહિ!

'તો પછી કીર્તિ અપાવનારું દાન દેવામાં તું આટલો અસ્વસ્થ કેમ થઈ ગયો? ભાઈ, જીવનની આશા એ સર્વ આકાંક્ષાઓ કરતાં શ્રેષ્ઠ છે એને તું સ્વીકારી લે! જીવન જીવતાં કીર્તિ મળી તો આત્મસન્માનનું સુખ મળશે પણ મૃત્યુ પછી કીર્તિનો શો ઉપયોગ? સુગંધી ફૂલોની માળા શબને ચઢાવવાથી એ સુવાસનો આસ્વાદ શું એ માણી શકવાનું? જગતમાં આપણું અસ્તિત્વ જાળવી રાખવું – કોઈપણ માર્ગમાં અસ્તિત્વ જાળવી રાખવું એ જ સાચી વીરતા છે! એ જ સાચું જીવન છે! તારે દ્વારે જે વ્યક્તિ ઇન્દ્રને મોકલવા ઇચ્છે છે એનો બીજો કયો ઉદાત્ત હેતુ હોઈ શકે? શું તે ફક્ત જીવિત રહેવા માગે છે? જીવવું એ પ્રાણી માત્રનો સ્થાયીભાવ છે અને એથી જ તારું હૃદય આજે અસ્વસ્થ થઈ ગયું છે? જીવવા માટે! કારણ તું જાણે છે કે કવચ-કુંડળને લીધે જ તું યુદ્ધમાં અજેય રહી શકીશ! અર્જુન જેવો ધનુર્ધર યોદ્ધા પણ તારો પરાભવ કરી શકે તેમ નથી. ભાઈ, અંતઃકરણના સત્ય રૂપને તું સાથ દે! કવચ-કુંડળ ન દે! અર્જુનવધની તારી પ્રતિજ્ઞાને સંભાર!'

'શોણ, તું બહુ બોલ્યો! મારી સાથે રહીને તેં ક્યારેય નહોતું કહ્યું તેટલું આજે મને કહી દીધું! સરોવરમાં ખીલેલાં કમળપુષ્પોનાં મકરંદની મીઠાશ સરોવરનાં પાણી શું જાણે? એ તો જાણે દૂર રહેનારા ભ્રમરો! એવી સ્થિતિ આજે તારી છે! આજ સુધી હું કેવું જીવન જીવ્યો છું એ તું જાણતો નથી એનું મને આશ્ચર્ય થાય છે! મારી સાથે રહીને ખભેખભા મિલાવી જીવન વિતાવ્યું છતાં તું આવી વાતો કરી રહ્યો છે? મૃત્યુના ભયથી હું ધ્રૂજી ગયો છું, અસ્વસ્થ થઈ ગયો છું અને તેથી જ મને કંઈ સૂઝતું નથી એવું તને લાગે છે? શોણ, હું ધ્રૂજું છું, અસ્વસ્થ થઈ ગયો છું, મને કંઈ સૂઝતું નથી એ ખરું છે પણ શા માટે?'

'શા માટે?'

તે રહસ્યની જાળ વધુ ગૂંચવતો હતો.

'શોણ, અંગ પરનાં અભેદ્ય કવચ અને આ ઝગમગતાં કુંડળ ઇન્દ્ર માગશે તો હું એને ક્યાંથી અને કેવી રીતે કાપીને આપીશ? આથી હું અસ્વસ્થ થઈ ગયો છું! આ અભેદ્ય શરીર પર શસ્ત્ર કેવી રીતે ચલાવું? આંખ સામે દેખાતો કીર્તિ-કળશ કવચ-કુંડળના અભેદ્યપણાને લીધે ભાંગી નહિ જાય ને? હું અસ્વસ્થ છું આને કારણે! આખી રાત વિચાર કરતો રહ્યો પણ એક માર્ગ મને જડ્યો નથી! કહે શોણ, કેવી રીતે, ક્યાંથી હું આ કવચ કાપી શકીશ?' એ ફરી પાછો પાછળ હાથમાં હાથ પરોવી આંટા મારવા લાગ્યો.

હું નત મસ્તકે ઊભો રહ્યો. ક્યાં એના ગગનચુંબી વિચારો અને ક્યાં મારા અતિશય

ક્ષુલ્લક વિચારો! ક્યાંય સુધી અમે બંને ચુપચાપ ઊભા રહ્યા. છેવટે તે મને મૂકી અર્ઘ્યદાન દેવા ઉત્તરીય પહેરીને ત્યાંથી ચાલી નીકળ્યો.

વૃષાલીભાભી સહિત દરેકને આ વાતથી વાકેફ કરવા હું પ્રત્યેક ભવન ફરી વળ્યો, પણ એ સૌ એના દઢ નિર્ણયથી સંપૂર્ણપણે વાકેફ હતા. કવચ-કુંડળનું દાન દેવાના નિર્ણયમાંથી એને કોઈ ચળાવી શકે તેમ નહોતું!

અઠ્યાવીસ

રોજની જેમ સ્નાનાદિક દૈનિકકર્મ અને અર્ઘ્યદાન વગેરે પતાવી દાન દેવા તે અટારી પાસે આવીને ઊભો રહ્યો! યાચકોની હાર લાંબે સુધી ફેલાયેલી હતી. એમાં દેવેન્દ્ર દેખાય છે કે નહિ તે જોવા મેં દષ્ટિ માંડી! તેઓ ક્યાંય દેખાતા નહોતા. મેં નિરાંતનો શ્વાસ લીધો અને જે જે વસ્તુ અંગરાજ માગતા ગયા તે તે એના હાથમાં હું આપતો ગયો. સુવર્ણ, વસ્ત્ર, મોતી, ધાન્ય, તેલ વગેરે મુક્ત હાથે તેઓ દેતા હતા. યાચકોની હાર પૂરી થઈ. અટારીએ ચિંતાતુર વદને ઊભેલાં માતાપિતા, વૃષાલીભાભી અને સાત પુત્રો પણ છૂટકારાનો દમ લઈ અંદર પાછાં વળ્યાં! 'સ્વપ્ન એ કેવળ સ્વપ્ન જ પુરવાર થયું!' એમ બબડતા મેં નીચે પડી ગયેલાં ચાર મોતી તાસકમાં નાખ્યાં. એટલામાં એક કૃશ શરીરના બ્રાહ્મણે મહાદ્વારના ગર્ભદ્વારમાંથી અંદર પ્રવેશ કર્યો અને એક ક્ષણ ત્યાં જ ઊભો રહ્યો! મારું મન શંકાથી ધ્રૂજી ઊઠ્યું.

'કોણ છે એ?' અંગરાજે પૂછ્યું.

'એક દરિદ્રી બ્રાહ્મણ! એક યાચક!'

'આવો ભાઈ, જલદી કરો! દાન દેવાનો સમય પૂરો થવા આવ્યો છે. જલદી આવો!'

કમર પર બંને હાથ ટેકવી વાંકો વળીને તે બ્રાહ્મણ ઓટલા પાસે આવ્યો. આંખો ઝીણી કરીને બોખું મોં મમળાવતો ઊભો રહ્યો!

'બ્રહ્મજ્ઞ, શું આપું? ધન, ધેનુ, ધરતી, ધામ, અશ્વ, અન્ન, વસ્ત્ર, ફળ, પુષ્પ, મધુર રસ? સેવક-સેવિકા કે ગ્રંથલેખન માટે ભૂર્જપત્ર? શું આપું? બોલો!'

'કર્ણ, તારી દાનવીરની કીર્તિ સાંભળી હું દૂર દેશથી આવ્યો છું! મારે ધન નહિ જોઈએ, હું ધનલોભી નથી! ધેનુ નહિ જોઈએ, હું ગોવાળ નથી! ધરતી નહિ જોઈએ, હું રાજા નથી! જ્યાં જાઉં એ જ મારું ધામ! માટે મારે ધામ પણ ન જોઈએ! અશ્વ, અન્ન, ફળ, ફૂલ કંઈ નહિ જોઈએ! હું ગ્રંથલેખન કરનાર ઋષિ નથી. એથી મારે ભૂર્જપત્ર પણ શા કામનું?'

'ત્યારે શું જોઈએ? હું જાતે આપનો સેવક થાઉં? આપની પાછળ આપ જ્યાં કહેશો ત્યાં હું આવું? બ્રહ્મવર્ય, કહો, સંકોચ ન રાખશો? મેઘસાગરના દ્વારેથી ક્યારેક કોઈ ખાલી હાથે પાછો ફરશે પણ કર્ણના દ્વારેથી એક પણ યાચક ખાલી હાથે પાછો નહિ ફરે!'

'આ તારો મિથ્યા દંભ છે! તારી કીર્તિને કલંક ન લાગે તે માટે હું પાછો જાઉં છું, કારણ કે હું જે માગીશ તે તું કદી નહિ આપી શકે!' બ્રાહ્મણ પાછો વળીને મહાદ્વાર તરફ ચાલવા લાગ્યો. અંગરાજે દોડીને એમનાં ચરણ પકડી લીધા.

'મારી ધવલ કીર્તિને આવી કાલિમા ન લગાડશો. આ મસ્તક ઉતારીને હું આપનાં ચરણોમાં ધરી દઈશ પણ આપ ખાલી હાથે પાછા ન જશો! કહો, આપની શું ઇચ્છા છે?'

'દાનવીર કહેવરાવનાર કર્ણ, તને તારા દાનવીરપણાનો આટલો અહંકાર હોય તો દે મને તારાં કવચ-કુંડળનું દાન!' બ્રાહ્મણે હાથ ફેલાવ્યા! વીજળીનો ઝાટકો લાગે તેમ ભાઈ તત્ક્ષણ ઊભા થયા. એની માંજરી આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. હોઠ ધ્રૂજવા લાગ્યા.

દેવરાજ ઇન્દ્ર, આ કર્ણ જેવા સામાન્ય સૂતપુત્રને આંગણે... આપ! એક વૃદ્ધ બ્રાહ્મણના વેશમાં! હું ક્યાં છું? આ ધરતી છે કે સ્વર્ગ? સ્વર્ગમાં અમૃતનું પાન કરી અપ્સરાઓ સાથે રમણ કરનારા દેવોના રાજા આજે મૃત્યુલોકમાં એક સૂતપુત્રને આંગણે હાથ ફેલાવીને ઊભા છે! શું આ સત્ય છે કે સ્વપ્ન? શોણ, આજ... આજ... આપણો દિગ્વિજય સાચા અર્થમાં પૂર્ણ થયો છે! ચાર દિશાઓ ઉપર એક પાંચમી દિશા પણ છે! આજે તેને પણ જીતી લીધી! દેવરાજ અંગરાજને આંગણે સાક્ષાત્ યાચક રૂપે ઊભા છે! આવો, દેવાધિદેવ, હું આપનું સ્વાગત કરું છું અને કવચ-કુંડળનું દાન આપની ઝોળીમાં નાખું છું! પણ... પણ એ માટે મોટી ઝોળી લઈ આવો, દેવરાજ! મારું આખું અંગ અભેદ્ય છે. એના પર શસ્ત્ર ચાલી શકે તેમ નથી! આથી... આથી પ્રાણ જાય ત્યાં સુધી શ્વાસ રોકી હું મારું મૃત શરીર આપની ઝોળીમાં ઠાલવીશ. સ્વર્ગમાં ગયા પછી આપના રાજ્યની ચારેબાજુ સોનેરી વાડ ઊભી કરી એને ત્યાં સૂકવી દેજો! મારું શીત લોહી વરાળ બનીને ઊડી જશે! આ સુવર્ણ કવચ અખંડ સ્વરૂપે તમને મળશે! જેવું આપને જોઈએ તેવું જ!'

અંગરાજ થોડી વાર અટક્યા અને પૂછ્યું, 'પરંતુ આપને આ શેને માટે જોઈએ છે? સ્વર્ગના ભંડાર શું ખાલી થઈ ગયા તેથી? કે આપના સિંહાસન પરનું વ્યાઘ્રજીન જીર્ણ થઈ ગયું તેથી? જીર્ણ થઈ ગયેલા વાઘના જીનને સ્થાને નવું ચડાવવા માટે? કે આપના હાથમાંના વજ્રને શોભાવનારું આ એક જ કવચ શું વિશ્વમાં યોગ્ય છે? કહો, દેવરાજ, સ્વર્ગની સીડી ઊતરીને આપ આજ ધરતી પર આવ્યા છો ત્યારે ધરતી પર મોજડી રૂપે પહેરવા માટે શું આપને આ મારું સુવર્ણકવચ જોઈએ છે? આપ બોલતા કેમ નથી? નહુષ મહારાજ પછી આપની આ પૃથ્વી પરની પહેલી યાત્રા છે ને? બોલો, મહેન્દ્ર! ચૂપ કેમ છો? આ કવચ આપનાં ચરણોમાં ધરી શકું એનો ઉપાય જણાવશો? કારણ... કારણ મારા જેવા સૂતપુત્રનું સ્વર્ગમાં સ્થાન હોઈ શકે? કેવળ કવચ અને કુંડળ લઈને જ આપ જશો ને? એ માટે જન્મ સાથે, શરીર સાથે જડાયેલા આ કવચને કઈ રીતે અલગ કરું? ક્યાંથી કરું? મગજની બધી તંત્રીઓને કામે લગાડીને એનો ઉપાય શોધું છું, પરંતુ ન મળવાથી મારી નિર્મળ કીર્તિ કલંકિત થશે. આથી લજ્જિત મુખે હું આપની સમક્ષ ઊભો છું!'

'ના... કર્ણ, ના. તારી કીર્તિ કદી કલંકિત નહિ થાય! કમર પાસેની તલવાર ખેંચ અને કમલદલ જેવા તારા સુકોમલ મુખ પર એનું ધારદાર ફલક ચલાવ! કવચની એક પોપડી તારા હાથમાં આવી જશે! વૃક્ષની છાલ જેમ ઉતરડી લેવાય તેમ એ પોપડીને પકડીને તારે હાથે જ કવચ ઉતરડી લે! કર્ણ, પાંચે દિશામાં દિગ્વિજય કેવળ તું અને તું જ કરી શકે!'

'દેવરાજ, આપના ઋણમાંથી હું ક્યારે મુક્ત થઈશ? મને આવું સૂઝ્યું જ નહિ. આપ ધન્ય છો!' એની આંખો કોઈ અદ્ભુત આનંદથી ચમકી ઊઠી.

ઝડપથી ચાલીને તે પોતાના સ્થાને ગયો. એણે સરરર કરતી તલવાર મ્યાનમાંથી ખેંચી. એના અવાજથી ભયની કંપારી મારા શરીરમાંથી છૂટી. એના હાથમાંની તલવાર

રોકતાં મેં આર્દ્ર સ્વરે કહ્યું, 'ભાઈ, નહિ નહિ! તારા કાનનાં કુંડળ આજ ફરી નિસ્તેજ થઈ ગયાં છે!'

'શોણ, કુંડળ આજ સદાયને માટે નિસ્તેજ થઈ જશે, પરંતુ આજ મને એની સહેજે ચિંતા નથી. તેની પાસે આજે સ્વર્ગ પણ નિસ્તેજ થઈ જશે! દૂર હટ! તેણે તલવાર ખેંચી. મેં તેનાં ચરણો પર શિર મૂકી દીધું અને ધડાધડ શિર પટકતાં હું ચીસ પાડવા લાગ્યો. ભાઈ, આટલી ભિક્ષા મને પણ દો! કવચ પર શસ્ત્ર ન ચલાવો. મારું શિર ભીનું થઈ રહ્યું હતું. એનું ધ્યાન ક્યાંય નહોતું. પાસા ફેંકતી વખતે શકુનિ પણ આટલા ઉન્મત્ત થયા નહોતા! આજ ભાઈ કેટલો ઉન્મત્ત થઈ ગયો હતો! સહભોજન વખતે મદિરા પીને દુર્યોધન પણ આજ કર્ણરાજ જેટલા ઉન્મત્ત થયા નહોતા! આંખો મીંચી, સૂર્યસ્તોત્ર બોલતાં પોતાના ખુલ્લા મુખમાં તલવારની તીક્ષ્ણ ધાર ચપ કરતી ભોંકી દીધી. લોહીના એક-બે છાંટા દેવેન્દ્રના કટિવસ્ત્ર પર ઊડ્યા! ભાઈઈ... ભાઈઈ... હું જોરથી ચીસ પાડી ઊઠ્યો. બાળપણમાં તેમના રથની પાછળ દોડતી વખતે પણ મેં આટલે મોટેથી ચીસ પાડી નહોતી. જોકે મારું આક્રંદ તેને તે વખતે અસર કરી ગયું હતું, આજે નહિ! વૃક્ષ પરથી છાલ ઉતરડે તેમ તે પોતાના જ હાથે કવચ ઉતરડવા લાગ્યો. અંજીરનું ફળ કાપતાં જ અંદરનો લાલ ગર્ભ અનાવૃત્ત થઈ જાય તેમ તેનું માંસલ શરીર પ્રત્યેક ક્ષણે અનાવૃત્ત થવા લાગ્યું. ગંગાના તટ પરનું પાણી બુરજ પરથી વહેવા માંડે તેમ એના શરીર પરથી ગરમ લોહી નીચે વહેવા લાગ્યું!

મારા શરીરમાં અસંખ્ય બાણોની અણી ભોંકાતી હોય તેવી વેદના મને થવા લાગી! જાણે ઓટલો ગોળગોળ ફરી રહ્યો હતો. ચક્કર આવતાં હતાં. માથું દબાવી, ઘૂંટણમાં છુપાવી હું તરત નીચે બેસી પડ્યો! હવે સૌને નીચે બેસી જવાનો વારો જ આવવાનો હતો!

હસતાં હસતાં વસ્ત્ર ઉતારીએ તેમ કવચ ઉતારીને તેણે દેવરાજના હાથમાં ધરી દીધું. ઘડીક વારમાં તેણે કુંડળ પણ કાપીને એના પર મૂકી દીધાં. તે મંદ મંદ હસી રહ્યો હતો. એવો કયો આનંદ એને મળ્યો હતો? અમારા સૌની આશાઆકાંક્ષા પર અંગારા નાખી તેણે ઇન્દ્રદેવનાં ચરણોમાં પુષ્પો વેર્યાં હતાં. તેને કયું સુખ મળ્યું તે જોવા મેં ઊંચી નજર કરી એની મુદ્રા જોઈ. મૃત્યુ પણ આટલું નિરામય નહિ હોય! આખા શરીર પરથી કવચ ઉતારી નાખવાથી તેનું લોહીભીનું માંસલ શરીર અને કપાયેલા કાનને કારણે તે એટલો વિરૂપ દેખાતો હતો કે હું એને જોઈને આઘાતવિમૂઢ થઈ ગયો. તે એવી રીતે ઊભો હતો જાણે દાવાનળમાં અરધું બળીને ખાખ થઈ ગયેલું વૃક્ષ ઊભું હોય! હું માંડમાંડ ઊભો થયો. હું જીવિત છું કે મૃત છું એ જ મને સમજાતું નહોતું. એ વીર ધનુર્ધારી, દિગ્વિજયી સેનાપતિ, દાનવીર કર્ણ, ઓહ, એમાંનો કંઈ જ નહોતો! એ વિરૂપતાનું એક વરવું પૂતળું હતો! હંમેશની જેમ એ મારી સામે જોઈ હસ્યો, પરંતુ એ હાસ્ય રોજના જેવું મને ન લાગ્યું. એનાં ચમકતાં સોનેરી દાંત ભયાનક દેખાતા હતા! કવચ વગર મસ્તકના સોનેરી કેશ ગદા જેવા કેવળ ગોળ દેખાતા હતા! કાનની નીચેના કપાઈ ગયેલા ભાગ પાસે પહેલાંની જેમ જાંબુડી સોનેરી કિરણો નહોતાં! ત્યાં હતાં માત્ર થીજી ગયેલાં લોહીનાં બિંદુ! ફક્ત લોહીનાં બિંદુ!

'વસુ...!' એનું આ વિરૂપ રૂપ જોઈ રાજભવનના પગથિયે જ મૂર્ચ્છિત થઈ ઢળી પડેલી રાધામાતા ગબડતી, ચીસો પાડતી ચોકમાં જોરથી ફસડાઈ પડી! ભાઈએ જ

પોતાની વિરૂપ અવસ્થામાં જ નજીક જઈ માને આશ્વાસન દેવાનો પ્રયત્ન કર્યો! પરંતુ એ ઉષ્ણ લોહીના સ્પર્શથી એના અંગ પર ફોડલા ઊઠતા જોઈ ભાઈ સહેજ દૂર ખસી ગયો! એ લોહી રંગ્યા વિરૂપ અંગની ભીતરમાં રહેલું વિશાળ હૃદય જોઈ હસવું કે દૈવની ગતિ પર રડવું તેની વિમાસણમાં હું પડી ગયો! કવચ-કુંડળ હાથમાં લેવાં જતાં ઇન્દ્રના હાથ પણ દાઝી ગયા હતા! પરંતુ એમના હૃદયની જલન શાંત હતી! એમનો અર્જુન સુરક્ષિત થઈ ગયો તેથી જ ને! કે એક અદ્વિતીય દાનવીરનાં દર્શન થયાં તેથી? એ સમજવું બહુ મુશ્કેલ હતું! રાજભવનનાં પગથિયાં ઊતરી વૃષાલીભાભી અને સુપ્રિયાભાભી દાનવીર પાસે દોડી આવી, પરંતુ ભાઈની નજીક જઈ શકી નહિ! દૂરથી જ 'નાથ... મહારાજ...' કહેતી તેઓ હૃદયદ્રાવક રુદન કરવા લાગી! હું સૂનમૂન થઈ ગયો હતો! રાજભવનની તમામ અટારીઓ ભરચક હતી! દિગ્વિજયથી સૌંદર્યવાન વીરની વિરૂપ અવસ્થાને સૌ આંખોમાંથી વહેતાં અશ્રુ સાથે નિહાળતા હતા! સૌ આ સ્થિતિથી હલબલી ગયા હતા! માત્ર ભાઈ નિશ્ચલ સ્થિતિમાં ઊભો હતો! જ્યાં એના હાથે દાન લઈને યાચકોએ કૃતજ્ઞતાનાં આંસુ સાર્યાં હતાં ત્યાં જ એનાં લોહીનું ખાબોચિયું ભરાઈ ગયું હતું! સૌ 'હાય-હાય!' કહીને ચિત્કાર કરતા હતા! મેં કાનમાં આંગળી ભરાવી દીધી! મારા કાન એના જયજયકાર સિવાય અન્ય કંઈ જ સાંભળવા તૈયાર નહોતા. એની વિરૂપતા કરતાં પણ સૌની સહાનુભૂતિ મને કઠતી હતી!

ઓટલા પરથી નીચે ઊતરી તેઓ દેવેન્દ્ર પાસે ગયા! હળવેકથી! નીચે નમીને એમનો ચરણસ્પર્શ કરતાં કહ્યું, 'દેવરાજ, કોઈનાય હૃદયને આઘાત પહોંચાડીને જીવવાની મારી ઇચ્છા નથી! મારે ખાતર આ સૌનાં હૃદય ભાંગી પડ્યાં છે! શક્ય હોય તો મારું શરીર સ્વરૂપવાન બનાવી દો!... નહિતર... નહિતર આ લો તલવાર અને ફેરવી દો મારા ગળા પર! તરત જ મારું મસ્તક ધડથી અલગ થઈ જશે!' હાથમાંની તલવાર તેણે દેવરાજનાં ચરણોમાં ધરી દીધી! મસ્તક નમાવી દીધું! સુવર્ણની જેમ હંમેશ ચમકતી એની ભરાવદાર પીઠ લોહરસ જેવી દેખાતી હતી.

'ઊઠ! અંગરાજ કર્ણ, તું ધન્ય છો! હું પ્રસન્ન થઈને તને એક અમોઘ શસ્ત્ર આપું છું! વૈજયંતી શસ્ત્ર!' દેવેન્દ્રે એને ઊભો કર્યો અને એના આખાય શરીર પર હાથ ફેરવ્યો. એનું શરીર ધીરે ધીરે સ્વરૂપવાન થતું ગયું. ધુમ્મસ અદશ્ય થઈ જાય તેમ લોહી અદશ્ય થઈ ગયું! કવચને સ્થાને ત્વચા આવી ગઈ!

'દાનવીર કર્ણનો જય હો!' એમ આશીર્વાદ દઈ બ્રાહ્મણવેશે આવેલા દેવેન્દ્ર મહાદ્વારેથી બહાર નીકળી ગયા! લોહી ટપકતાં કવચ-કુંડળ સાથે! અને પોતાનો પરાજય પાછળ છોડતા ગયા!

અંગરાજનું કવચ જાણે ગયું જ નથી એવું એમનું સ્વરૂપ જોઈ સૌ દોડીને એને ભેટી પડ્યા! કોઈએ ઘોષણા પણ કરી, 'દાનવીર કર્ણ! શતાયુ જીવો!' મને એ ઘોષણા સંભળાતી નહોતી. કવચમાંથી ટપકતાં લોહીનાં ટીપાંને હું એકીટશે જોઈ રહ્યો! બધિર બનીને! રાજભવનના ઓટલા પર ફૂલ વરસતાં હતાં. એ સ્વર્ગમાંથી વરસતાં હતાં કે બીજે ક્યાંકથી એ જોવાની ક્યાં કોઈને ફૂરસદ હતી? સૌએ ભાઈને સ્નેહથી ઘેરી લીધો હતો. એની મનઃસ્થિતિ અકળ હતી! આગળ આવીને એણે રાધામાતાને પ્રણામ કર્યાં!

'વસુ...' એનો કંઠ તરડાઈ ગયો.

'વસુ નહિ... વૈકર્તન, માતા!' એણે શાંતભાવે કહ્યું.

માએ એના તૂટેલા કાનને તપાસી જોયા! ગાંડો હતો એનો માતૃપ્રેમ! માને સંભાળીને ભાઈ રાજભવનનાં પગથિયાં શાંતિથી ચડવા લાગ્યો. એનાં પુત્રો, પુત્રવધૂઓ, સ્વજનો કે અન્ય કોઈ તરફ એનું લક્ષ્ય નહોતું. બંને બાજુ ઊભેલા મુગ્ધ પ્રેક્ષકો ભાવવિભોર બની માતા-પુત્ર પર પુષ્પવૃષ્ટિ કરી રહ્યા હતા! એનું કવચ-કુંડળહીન રૂપ ન જોવા માટે એક માત્ર સૂર્ય આજે પશ્ચિમ દિશામાં વહેલો ઢળી ગયો હતો! ચારેબાજુ સંધ્યા પ્રસરી ગઈ હતી!!

કવચ-કુંડળનું દાન દઈને ભાઈએ શું મેળવ્યું હતું! એકાદ શૂરવીર યોદ્ધાનો પ્રાણ લેનારું ઇન્દ્રનું એક અમોઘ વૈજયંતી શસ્ત્ર! અને દિગ્દિગંતવ્યાપી દિવ્ય કીર્તિ!



કર્ણ

કર્ણ

એક

મારી તમામ આશાઆકાંક્ષા પર તેં પાણી ફેરવી દીધું! શા માટે તેં કવચ-કુંડળ આપી દીધાં? એ દાનથી દાનવીર તરીકે ત્રિલોકમાં તારી કીર્તિના ડંકા વાગ્યા હશે પણ અંગરાજ, આ જ દાનને લીધે શૂરવીર તરીકે શક્તિશાળી રાજ્યોમાં તારું દાન તારી સામું પડ્યું છે! કવચ-કુંડળ વગરનો કર્ણ એટલે ફેણ વિનાનો ભુજંગ! યાળ વિનાનો સિંહ! શિખર વિનાનો હિમાલય! હવે અર્જુનની સામે તું યુદ્ધમાં કઈ રીતે ઝઝૂમીશ?

મારા કપાયેલા કાનનો ભાગ જોઈને રાજા દુર્યોધનનું કાળજું ચિરાઈ ગયું હતું! મારી સામે તે જખમી વાઘની જેમ આંટા મારતો હતો.

'તું શું એમ માને છે કે મારાં પરાક્રમો કેવળ કવચ અને કુંડળ પર અવલંબિત હતાં? રાજા, કવચ-કુંડળ સિવાય પણ હું અર્જુનને પૂરો કરીશ!' હું એને સાંત્વન આપવા આવું કંઈક બોલ્યો પણ મારા મનને ખૂણે લઘુતાગ્રંથિની ટીટોડી મને સતાવી રહી હતી! શક્તિ વગરનો યોદ્ધો એટલે સૂંઢ વગરનો હાથી! મારાં કવચ-કુંડળ એ મારું સામર્થ્ય હતાં! કીર્તિના કઠિન શિખરે પહોંચવા મેં એને ત્યજી દીધાં હતાં.

'કવચ-કુંડળને સાચવજે!' એમ કહેનારા ભીષ્મ પિતામહને હું શું જવાબ આપીશ? જે થવું હોય તે થાય. હું સહેજે ડરતો નથી. ઊલટું મારા કૃત્ય અંગે મારું હૃદય ગર્વ અનુભવતું હતું, પરંતુ દુર્યોધનને હું કયા શબ્દોમાં સમજાવું? મનના ભાવોને વ્યક્ત કરવા માટે ક્યારેક ભાષા પણ વામણી લાગે છે! દુર્યોધનની રાજનીતિ મારા મનોભાવને શી રીતે સમજી શકે? એ અસ્વસ્થ ચિત્તે આંટા જ મારે ને!

'કર્ણ, એક રસ્તો! તારા જેવા સામર્થ્યવાનને માટે હજી એક રસ્તો છે!' એકાએક ઊભા રહી જઈ એણે પોતાની ઘટ્ટ ભ્રમરોને ઊંચી ચડાવતાં કહ્યું.

'કયો?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'બ્રહ્માસ્ત્રપ્રાપ્તિનો!'

'કોની પાસે છે? કહે રાજા, હું એને મેળવવા આકાશપાતાળ એક કરીશ.'

'કર્ણ, મારી ઇચ્છા છે કે તું આ બ્રહ્માસ્ત્ર આપણી ખાતર મેળવી લે! એ તને મળે કે મને એક જ છે. મારી દૃષ્ટિએ તું જ એક એવો સમર્થ ધનુર્ધર છે કે જે બ્રહ્માસ્ત્ર મેળવવા સર્વથા લાયક છો. શ્વેતશુભ્ર સૂંઢ ગમે ત્યારે કેવળ બળવાન હાથીને જ શોભા આપે છે!'

'મારી પાસે બ્રહ્માસ્ત્ર નથી એ વાતનો તને આટલો બધો રંજ હોય તો હું એને મેળવીને જ જંપીશ. ગમે તે ભોગે હું એને હસ્તગત કરીશ. એ વિશે તારી શી યોજના છે એ મને તું જણાવ.'

'એ માટે તારે ગુરુ દ્રોણ પાસે જવું પડશે! હસ્તિનાપુરમાં ફક્ત એક ગુરુ દ્રોણ જ બ્રહ્માસ્ત્રવિદ્યા જાણે છે. સર્વશ્રેષ્ઠ બ્રહ્મપુત્ર ભગવાન પરશુરામે એમને વિદ્યા દીધી છે. આથી તારે ગુરુ દ્રોણ પાસે જ જવું જોઈએ!'

'રાજા, આ તું શું બોલે છે? જેમણે લાખો નગરજનોની હાજરીમાં મારા હૃદય પર બળબળતા અપમાનના અંગારા મૂક્યા હતા એની પાસે હું લાચાર બનીને જાઉં? જેના અંતરમાં કર્ણને માટે સહેજ પણ મમતા નથી એની પાસે શું હું નત મસ્તક બનીને ઊભો રહું? મારે આંગણે ઇન્દ્રને યાચક રૂપે ઊભા રાખનાર હું, દ્રોણને આંગણે ભિક્ષુક બનીને ઊભો રહું? તું શું બોલે છે?'

'હા કર્ણ, જીવન એ કુંભારના ચાક સમાન છે! કાળ કુંભારનું રૂપ લઈ મન ફાવે એ રીતે ચાકને ફેરવી રહ્યો છે. અહીં કોઈનું પોતાની ઇચ્છા પ્રમાણે ચાલતું નથી. કાળ રૂપી કુંભાર પોતાની ઇચ્છા મુજબનો ઘાટ તૈયાર કરી રહ્યો છે. જીવનમાં કેટલીક ક્ષણો એવી આવે છે કે જ્યારે અપમાનને ગળી જઈ કર્તવ્યને નિભાવવું પડે છે. જો તું આ પ્રસ્તાવને નહિ સ્વીકારે તો–'

'તો શું થશે?'

'દુર્યોધનના જીવનનો આ એક પરાભવ ગણાશે! હું શકુનિમામાને તારા વતી વચન આપીને આવ્યો છું, તને પૂછ્યા વગર જ!'

'શું વચન આપ્યું છે તેં એને?'

'મારે ખાતર કર્ણ ગુરુ દ્રોણ પાસે જઈ બ્રહ્માસ્ત્રવિદ્યા શીખશે જ! અને ન ગયો તો – તો હું જાતે જઈશ! માત્ર એ વખતે કર્ણ અને દુર્યોધનના સંબંધો તૂટી ગયા હશે!'

'રાજા, આ કેવી પરીક્ષા કરી તેં મારી? તારા પ્રેમને ખાતર સમય આવે ત્રિલોકીના રાજ્યને સુધ્ધાં લાત મારીશ પણ આ દ્રોણને આંગણે હાથ જોડી હું શી રીતે ઊભો રહું? કર્ણ મૃત્યુ સ્વીકારશે પણ પોતાના સ્વાભિમાનને, કર્ણપણાને તે કદી મરવા નહિ દે! કેવી વિચિત્ર જાળમાં તેં મને ફસાવી દીધો! હું શું કરું?'

'નહિ! તને આટલું બધું દુઃખ થતું હોય તો તને દ્રોણ પાસે મોકલવાની મારી સહેજે ઇચ્છા નથી પણ ધ્યાન રાખજે, અંગરાજ કર્ણ, દુર્યોધન પ્રેમ કરી જાણે છે એટલી કઠોરતા પણ આચરી જાણે છે. હવે પછી દુર્યોધન અંગરાજ કર્ણને આર્યાવર્તના એક સામાન્ય રાજા જેવો જ ગણશે! મિત્ર તરીકે નહિ! હું જાઉં છું.'

'ઊભો રહે રાજા, હું જવા તૈયાર છું! મારે ખાતર હું ત્રણે કાળમાં કદીય ન કરું તે આજ કેવળ તારે ખાતર કરીશ! જેણે મને સદૈવ ઉપેક્ષાના ખારા સમુદ્રમાં ગૂંગળાઈ મરું ત્યાં સુધી ડુબાડી રાખ્યો છે એ દ્રોણને આંગણે એક શિષ્ય રૂપે ઊભો રહીશ! કેવળ તારે ખાતર! તારી-મારી મૈત્રીને ખાતર! આજે જ રાજ્યજ્યોતિષીને બોલાવ અને પ્રસ્થાન માટે શુભ મુહૂર્ત કઢાવ. એ બ્રહ્માસ્ત્ર છે, મંગળ ઘડી જોઈને નીકળવું સારું!'

'શાબાશ! કર્ણ!' એણે મારા હાથને અતિશય રાજી થઈને દાબ્યો! એ પકડમાં એની મારા પ્રત્યેની ભાવના તીવ્રપણે પ્રગટ થતી હતી. એની આંખોમાં ખુશીની ચમક હતી. મારા પ્રત્યે એ ભાવવિભોર બની એકીટશે જોઈ રહ્યો. એની માંજરી આંખોમાંથી કૃતજ્ઞતાની લાગણી ટપકતી હતી. મારે માટે એ અપૂર્વ હતી!

ભીતરમાં ફક્ત 'બ્રહ્માસ્ત્ર! બ્રહ્માસ્ત્ર!' એ જ શબ્દો ગુંજવા લાગ્યા. એ શસ્ત્ર ભયંકર માનવસંહારક છે એવું મેં અશ્વત્થામા પાસેથી જાણ્યું હતું. મારું મન જાતજાતના વિચારોમાં અટવાઈ ગયું. આ બ્રહ્માસ્ત્રનું નિર્માણ શાને કાજે થયું હશે? એ કેવળ માનવસંહારક નહોતું પણ એ શસ્ત્ર તમામ દશ્યમાન વસ્તુને અક્ષરશઃ ખાખ કરી દેવા સમર્થ હતું! નિઃશબ્દ પવનની જેમ સનન કરતી તે રાખ માનવની મૂર્ખતાની હાંસી ઉડાડનારી હતી! વિધાતાને આ રમણીય સૃષ્ટિનું નિર્માણ કરવામાં લાખો વર્ષ લાગી ગયાં હશે! પરંતુ આ બ્રહ્માસ્ત્ર એક ક્ષણમાં જગતનો વિનાશ કરી નાખવા સમર્થ હતું! સુખેથી જીવી શકે એ માટે કુદરતે માનવને અન્ય પ્રાણી કરતાં શ્રેષ્ઠ બુદ્ધિ આપી છે કે... કે પછી પોતાના જ વિનાશ માટે? બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરનાર માનવ એનો પ્રયોગ કરી શકવા સમર્થ છે એ સિવાય એને એમાંથી બીજું કયું સુખ મળવાનું હતું કે એનું કયું અહં પોષાવાનું હતું? આવું બ્રહ્માસ્ત્ર મેળવીને શો ફાયદો એવો પ્રશ્ન મને પૂછવામાં આવે તો હું ના જ પાડું! કેમકે મૂળે મારો સ્વભાવ શાંતિપ્રિય હતો! આપણે સ્વમાનપૂર્વક જીવવું અને બીજાને જીવવા દેવા એ મારો સિદ્ધાંત! બીજાને પગ તળે કચડીને પોતાનો સ્વાર્થ સાધવો એના કરતાં મૃત્યુ ભલું! શાંતિથી સાથે મળીને જીવવું એ મારી પ્રકૃતિ હતી! પણ...

પણ મારી ઇચ્છાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો હતો! તે શસ્ત્ર અર્જુન પાસે હતું! મને સતત ઉત્તેજનાર મારા પ્રતિસ્પર્ધી પાસે હતું! હું એને ન મેળવું તો? મારા પ્રતિસ્પર્ધીને હું કઈ રીતે મહાત કરી શકવાનો હતો? જીવનની બધી સમસ્યાઓનો નિર્ણય કેવળ તત્ત્વજ્ઞાનની લપસણી ભૂમિ પર ઊભા રહીને લેવાતો નથી! એ માટે અનેક વાર વાસ્તવિકતાના કઠીન કાળમીંઢ પથ્થર પર ઊભા રહીને લેવો પડે છે! મારા માટે કેવળ એક જ અટળ માર્ગ બચ્યો હતો અને તે બ્રહ્માસ્ત્ર મેળવવું જ! મારી ઇચ્છા હોય કે ન હોય – આસપાસની પરિસ્થિતિએ મને મજબૂર કર્યો હતો! સમયે જ મને તૈયાર કર્યો હતો! કાળ એ સદૈવ એક હિંસક વાઘ સમાન છે. તે હંમેશ માનવજાતિનાં અનેક રમણીય સ્વપ્નોને આસાનીથી પોતાની પીઠ પર શિકારની જેમ મૂકી તીર ગતિએ દોડતો રહે છે! આ બ્રહ્માસ્ત્રથી શું વળવાનું છે? ખરેખર આ વિનાશક શસ્ત્રનો શો ઉપયોગ? કોની પાસે આનો ઉત્તર હશે? સૌ કાળના ગુલામ! આ શસ્ત્રથી કોનું કલ્યાણ થવાનું છે? જ્યાં બધું બળીને ખાખ થઈ જાય ત્યાં સુખ શેનું? અને શાંતિ પણ કેવી?

મારું મન આવા અનેક પ્રશ્નોનાં વમળમાં અટવાયું હતું. દુર્યોધનને હા કહીને મેં ભૂલ તો નથી કરી ને? હજાર વખત આ પ્રશ્ન મેં મારી જાતને પૂછ્યો પણ એકેય વાર મને સંતોષકારક ઉત્તર જડ્યો નથી! મને અશ્વત્થામાની ખોટ સાલી! એના મુખેથી નીકળેલા અમૃતમય ચાર શબ્દો પણ સાંભળવા મળે તો મને એમાંથી સમાધાન મળી જાય! મારા મનમાં દ્વિધા હોય ત્યારે એનું સહજ સ્ફુર્ત તત્ત્વજ્ઞાન જ મને હંમેશ ધીરજ આપતું હતું! મનુષ્ય લાગણીની હૂંફ પર જીવે છે એ સત્ય હશે પણ અશ્વત્થામા લાગણીની હૂંફ પર

જીવતો નથી. અમુક પ્રસંગે તત્ત્વજ્ઞાન જ માણસે સ્વીકારવું પડે છે! મેં બ્રહ્માસ્ત્ર મેળવવાનો લીધેલો નિર્ણય એ તત્ત્વજ્ઞાનનો જ એક ભાગ નથી? વાસ્તવિકતા કે તત્ત્વજ્ઞાન? કંઈ જ સમજ પડતી નથી! મેં શિરેથી મુગટ ઉતાર્યો. અંગ પરથી રાજવસ્ત્રો દૂર કર્યાં, એક સાદું વસ્ત્ર પહેરી, ખભે ઉત્તરીય ચડાવી અશ્વત્થામાને મળવા યુદ્ધશાળા તરફ કદમ ઉપાડ્યા. હું રાજવેશમાં નહોતો અને રથ જોડવાનું પણ કહ્યું નહોતું. એ જોઈ દાસદાસીઓ મને જોઈને ચકિત થઈ ગયાં.

વિચારની ધૂનમાં ક્યારે યુદ્ધશાળા નજીક પહોંચી ગયો તેની ખબર જ ન રહી. અંદરના ચોકમાં ત્રણચાર પર્ણકુટી હતી. એમાં અશ્વત્થામા, ગુરુ દ્રોણ અને કેટલાક ઋષિકુમારો રહેતા હતા. અશ્વત્થામાની પર્ણકુટીમાં મારી આવન-જાવન રહેતી પણ પ્રસંગવશાત્! તે હંમેશ હસતે મુખે મને આવકારતો! ભોંયચંપાના ફૂલ જેવો તેનો સ્વભાવ આનંદી હતો. ગુરુ દ્રોણ હંમેશાં એકલા એમની પર્ણકુટીમાં રહેતા. એમની પર્ણકુટી વચ્ચે હતી. એમની બાજુની પર્ણકુટી અશ્વત્થામાની હતી.

હંમેશની જેમ હું એની પર્ણકુટી પાસે ઊભો રહ્યો. ત્યાંની રહેણીકરણી જોઈ મારા બ્રહ્માસ્ત્ર સંબંધી વિચારો વિખરાઈ ગયા. પવનથી વાદળો વિખરાય તેમ!

જીવન, મુક્તિ, આત્મા, સંયમ વગેરે કઠીન વિષયો પર હંમેશ બોલનાર, સદાય આકાશ સમો વિશાળ દેખાતો અશ્વત્થામા એક નાના બાળકની જેમ આઠ દિવસ પહેલાં જન્મેલા એક સુંદર નવજાત વાછરડા સાથે તોતડી ભાષામાં વાતો કરવામાં મગ્ન હતો! વાતો કરતાં કરતાં એ વાછરડાનું ભરાવદાર પૂંછડું પોતાના સ્વચ્છ ગાલ ઉપર ફેરવી લેતો હતો! મને જોઈને એણે ગંભીરપણે પેલા વાછરડાને કહ્યું, 'વૃષભપુત્ર, આપણે ત્યાં કોણ આવ્યું છે એ તું જાણે છે? વચનપાલન માટે દેવરાજ ઇન્દ્રને કવચ-કુંડળનું દાન દેનાર આ હસ્તિનાપુરનો સર્વશ્રેષ્ઠ ધનુર્ધર છે! સૂર્યદેવનો માનીતો શિષ્ય છે! આંગણે આવનાર દરેક અતિથિનું તું સ્વાગત કરે છે! આજે તું એનું સ્વાગત કર! કેવળ લુખ્ખા સ્વાગતથી નહિ ચાલે, ભાઈ! તારા ભાગમાંથી અરધું ગરમ ગરમ દૂધ આજ તારે એને આપવું પડશે! આપીશ ને?' એણે વાછરડાના કાન પાસે મોં રાખીને એને પૂછ્યું.

વાછરડાએ પણ એની બોર જેવડી મોટી મોટી આંખો મારી સામે ટગટગાવીને કાન ઊંચા કર્યા. પૂંછડાના કોમળ કેશ ઊંચા કરી એને લાડથી ઝટકો માર્યો અને તેણે મોટેથી 'હં...' કહીને હોંકારો દીધો. અશ્વત્થામાની ભાષા સમજતો હોય તેમ! એણે જાણે સંમતિ આપી! અશ્વત્થામા એના ભાંભરડાથી ખુશ થઈ ગયો. એણે એના કપાળ પરની નાજુક રુવાંટી પર પોતાની લાંબી આંગળી પસવારી. હું એ બંનેને મુગ્ધપણે જોતો જ રહ્યો! મને એ બંને ચૈતન્ય તત્ત્વનાં આકર્ષક રૂપ સમાં લાગ્યાં! બે ઘડી થયું કે હું પણ જો ઋષિકુમાર હોત તો મારું જીવન પણ આવું જ હોત ને! અશ્વત્થામા જેવું!'

એની પર્ણકુટીમાં મૃગચર્મ પર બેસી અમે બંનેએ અનેક વિષયો પર ચર્ચા કરી. વાતમાં ને વાતમાં મેં સહજભાવે બ્રહ્માસ્ત્રનો ઉલ્લેખ કર્યો તો એ એકદમ ગંભીર થઈને બોલ્યો, 'કર્ણ, જીવન એ કંઈ કાળાધોળા રંગથી ચીતરેલું વસ્ત્ર નથી. એમાં મટોડી રંગનાં છાંટણાં પણ છે!' એના કહેવાનો આશય મને સમજાયો નહિ પણ મેં મારી ઉત્સુકતાને

દાબી દીધી. એણે આપેલું દૂધ પી એની રજા લઈ હું પર્ણકુટીમાંથી બહાર નીકળી ગયો. બહાર સ્વચ્છ ચમકતી ચાંદની હતી. રાજમહેલ તરફ જતાં જતાં મને થયું, 'જીવન એ કાળાધોળા રંગથી ચીતરેલું વસ્ત્ર નથી. ક્યારેક એના પર મટોડી રંગનાં છાંટણાં પણ હોય છે, પરંતુ આ વસ્ત્રની કોર અવશ્ય રૂપેરી ચાંદની જેવી હોવી જોઈએ! કારણ કે એ નિર્મળ, શીતળ ચાંદનીમાં સમગ્ર ચરાચર સૃષ્ટિ પર જાણે રૂપેરી ઝાલર મઢી હતી! ધરતીનાં સંતાનો ચાંદનીના સરોવરમાં મનભરીને ડૂબકીઓ મારતાં હતાં.

ધીમે ધીમે ચાલતો, ચાંદનીનો મનભરીને આનંદ લૂંટતો હું બહુવારે રાજમહેલના મહાદ્વાર પાસે આવ્યો. દ્વારપાળ મને ન ઓળખી શક્યો. તેથી તેણે મને પૂછ્યું, 'કોણ?'

ઊંચું મોં કરી મેં એની સામે જોયું. મારા કાનની કાપેલી બૂટ હલી ઊઠી. એ તરત મને ઓળખી ગયો. મને કંઈ સમજાય એ પહેલાં મારે પગે નમી પડ્યો! ને ગભરાતા સ્વરે બોલ્યો, 'મહારાજ, ક્ષમા કરો. આજના આપના આ વેશને લીધે હું આપને ન ઓળખી શક્યો!'

ચૂપચાપ એનો હાથ પકડી મેં એને ઊભો કર્યો. બાજુમાં પડેલો એનો ભાલો એના હાથમાં સોંપી દીધો. એની પીઠ થાબડતાં મેં અંદર પ્રવેશ કર્યો. મને સહજ યાદ આવ્યું, 'જીવન એ કેવળ કાળાધોળા રંગથી ચીતરેલું વસ્ત્ર નથી, ક્યારેક એના પર મટોડી રંગનાં છાંટણાં પણ હોય છે. એને રૂપેરી કોર પણ છે અને એ કિનારીમાંથી એકાદ ઊખડી ગયેલો દોરો એમ જ બહાર લટકી રહ્યો છે! પેલા અબુધ દ્વારપાળની જેમ!'

સવારે મને શોણ પાસેથી જાણવા મળ્યું કે બ્રહ્માસ્ત્ર મેળવવા માટે ગુરુ દ્રોણ પાસે જવાનું શુભ મુહૂર્ત રાજા દુર્યોધને રાજ્યજ્યોતિષી પાસે કઢાવી રાખ્યું છે. સદ્નસીબે તે રવિવાર હતો. સંધ્યાકાળના ગોરજ મુહૂર્તે મારે જવાનું હતું. હવે કદાચ મારે ગુરુ દ્રોણ પાસે યુદ્ધશાળામાં રહેવાનું થશે. અંગદેશની જવાબદારી ત્યાં સુધી દુર્યોધને સંભાળવી એવું નક્કી થયું હતું. અમારી આ યોજના હું, દુર્યોધન અને શોણ સિવાય અન્ય કોઈ જાણતું નહોતું.

બે

રવિવારનો દિવસ ઊગ્યો. સુંદર સવારે હું ગંગાનાં પાણીમાં ઊભો હતો. સવારથી બપોર સુધી હું પૂર્વમુખે જ ઊભો રહ્યો. બપોર પછી સૂર્યદેવ ઢળતાં શાંતભાવે મેં આંખો મીંચી દીધી! બિડાયેલી આંખો સામે તેજસ્વી કિરણોનો અફાટ સાગર પથરાયેલો હતો. સર્વત્ર પ્રકાશ હતો. તેજસ્વી પ્રકાશ અને નિઃશબ્દ નીરવતા! આ અખિલ વિશ્વમાં બે જ વસ્તુ મને સત્ય લાગી હતી. એક, અનંતકાળથી પોતાના દિવ્ય પ્રકાશથી ચરાચર સૃષ્ટિને અજવાળતા સૂર્યદેવ અને તેનાં પ્રકાશમય કિરણોથી જેના અણુએ અણુ આજ સુધી પ્રફુલ્લિત થતા રહ્યા છે તે ધરતી! અનેક સ્વરૂપે શોભતી પુરાતન ધરતી! સૂર્યદેવ અને ધરતી... ધરતી અને સૂર્યદેવ! આ બંને પાસે હું કોણ માત્ર? બંનેને જોડનાર એક પ્રકાશકિરણ કે ધરતી પરનું માટીનું કેવળ એક કણ! વિચારનું ચક્ર ફરતું હતું. આ જિંદગી શા માટે મળી છે તે વિચારતો જ રહ્યો!

આંખ સામેનો પેલો તેજસ્વી પ્રકાશ ઝાંખો થતો લાગતાં મેં આંખો ખોલી. પશ્ચિમ દિશામાં ડુંગરની પેલે પાર પરશુ આકારની એક કળા આકાશમાં દેખાતી હતી. કિનારે

ભીની રેતીમાં દુર્યોધન મારી રાહ જોઈને ઊભો હતો. કોણ જાણે ક્યારે આવ્યો હશે અને ક્યારનો ઊભો હશે? એના હાથમાં જાતજાતનાં ફળોથી ભરપૂર થાળ હતો. એમાં દૂધનો એક કટોરો પણ હતો. એને જોઈ મારું હૃદય મિત્રપ્રેમથી છલકાઈ ગયું. મારે માટે હાથમાં ફળોનો થાળ લઈ ઊભો રહેનાર આ હસ્તિનાપુરનો યુવરાજ છે એ કોઈ માને ખરું? કેવો સચેત અને સજાગ હતો! અમારા બંનેની બ્રહ્માસ્ત્ર પ્રાપ્તિની આ યોજનાની કોઈને જાણ ન થાય તે માટે તે જાતે ફળોનો થાળ લઈને આવ્યો હતો. એક પણ સેવકને સાથે લીધા વગર! તેના આ નિર્મળપ્રેમનો સાક્ષી કોણ હતું? ફક્ત ગંગા જ!

જળ બહાર મેં પગ મૂક્યો. કિનારે મૂકેલું કોરું વસ્ત્ર પવનથી ઊડી ગયું હતું! નજીક જતાં જ દુર્યોધન મારા હાથમાં થાળ દેતાં બોલ્યો, 'કર્ણ, પહેલાં ફળાહાર કરી દૂધ પી લે! સવારથી તેં કંઈ જ ખાધું નથી!'

મેં એના હાથમાંથી થાળ લીધો. એક મિત્ર તરીકે એ કેવો વટવૃક્ષ જેવો વિશાળ હતો! એક કુરુશ્રેષ્ઠ વીર એક તુચ્છ સૂતપુત્ર માટે હાથમાં ફળોનો થાળ લઈ કલાકો સુધી ગંગાના નિર્જન તટ પર ઊભો રહ્યો હતો! દુર્યોધન વિશે ખરાબ બોલનાર લોકો ખરેખર મૂર્ખ શિરોમણિ છે! સાચા અર્થમાં એ વીર છે અને મિત્ર તો છે જ! થોડાં ફળ ખાધાં અને દૂધ પીધું. એટલામાં દૂર ઊડી ગયેલું મારું વસ્ત્ર દુર્યોધન લઈ આવ્યો! મને તરત જ શોણ યાદ આવ્યો.

અંગ પરનું ભીનું વસ્ત્ર બદલ્યું. દુર્યોધને પોતાના ખભા પરનું ઉત્તરીય મારા ખભા પર નાખ્યું. હું કૃતજ્ઞ થઈ ગયો. મેં એને કહ્યું, 'હે રાજન્, તું હવે જા. હું બ્રહ્માસ્ત્ર મેળવીને જ રહીશ. વિશ્વાસ રાખ, આ કર્ણનું વચન છે.'

એણે એક વાર મારી સામે જોયું. એની ભરાવદાર ભમર સહેજ કાંપી ઊઠી. આથમતા સૂર્યદેવનું એક ભૂલું પડેલું કિરણ એના મુખ પર પથરાઈ ગયું. એમાં એની રક્તવર્ણી મુદ્રા કોઈ અનોખા આનંદથી ખીલી ઊઠી. એણે પોતાના ભરાવદાર પંજાથી મારો ખભો પકડ્યો. થોડી વાર જોરથી હલબલાવીને તે ચૂપચાપ ચાલ્યો ગયો પણ એની પાણીદાર આંખો સ્પષ્ટપણે મને કહેતી હતી, 'જા. મારી શુભકામના તારી સાથે છે.' એ મોં ફેરવી રાજમહેલ તરફ ચાલી નીકળ્યો. પગ તળેની રેતીમાં પોતાના ભરાવદાર પગ રોપતો ધીરગંભીરભાવે!

રાજમહેલની દિશામાં એની ઊંચી વિશાળ કાયા પશ્ચિમ તરફ ધીરે ધીરે નાની થતી ગઈ. ભરાવદાર પગની સ્પષ્ટ રેખા દૂર સુધી ભીની રેતીમાં અંકાઈ ગઈ. મનમાં ને મનમાં મેં ધીરેથી કહ્યું, 'દુર્યોધન, કર્ણ જે દિશામાં જાય છે એને એ પોતાની જ કરી લે છે! નિશ્ચિંત રહેજે!' ગુરુ દ્રોણની પર્ણકુટી તરફ મેં ડગ માંડ્યાં. મન શાંત અને ગંભીર હતું. આકાશમાં કારંડવ પક્ષીની ભૂલી પડેલી એકાદ-બે જોડ કલરવ કરતાં કિનારા પરનાં વૃક્ષોમાં રહેલાં માળા ભણી પાછાં ફરી રહ્યાં હતાં. ચારેબાજુ સંધ્યા પ્રસરેલી હતી. હું યુદ્ધશાળાની દિશામાં દ્રોણની પર્ણકુટી તરફ જઈ રહ્યો હતો. એ માર્ગે અનેક વળાંકો આવતા હતા. મને થયું કે જીવન પણ આમ જ વળાંક લેતી પગદંડી છે! મારા જીવનનો આજનો વળાંક સૌથી મહત્ત્વનો હતો. દુર્યોધનને ખાતર હું શિષ્ય બનીને દ્રોણાચાર્યના આંગણે ઊભો રહેવાનો હતો! ખરેખર જીવનના માર્ગમાં કયા વળાંક પર કોનો ભેટો થઈ જશે એ વિશે કંઈ કહી

શકાય તેવું નથી! એમાંથી શું નીપજશે એ પણ ક્યાં કહી શકાય તેમ છે? ચાર દિવસ પહેલાં ઇન્દ્રનો ભેટો થશે અને કવચ-કુંડળ દાનમાં માગી લેશે એની કલ્પના કોઈને હતી ખરી? પણ એ જ નિર્માયું હતું. આ બનાવને લીધે જ આજ મારે ગુરુ દ્રોણના આંગણે જવું પડે છે!

વિચારોની ધૂનમાં જ હું ગુરુ દ્રોણની પર્ણકુટી પાસે આવીને ઊભો રહ્યો! સંધ્યા સમયની નીરવ અને નિઃશબ્દ શાંતિ ચારેબાજુ પ્રસરેલી હતી. યુદ્ધશાળાની આજુબાજુ પથ્થરની પ્રાચીન ગુફામાં તમરાં ગુંજી રહ્યાં હતાં. કેટલાંક પક્ષી હજી પણ માળા ભણી વળી રહ્યાં હતાં. પર્ણકુટી શાંત હતી. એક ખૂણામાં અગ્નિકુંડ હતો. એમાંથી ઊડતા તપ્ત તણખા પર્ણકુટીની પારદર્શક દીવાલને કારણે બહારથી સ્પષ્ટ દેખાતા હતા. થોડી વાર બહાર જ ઊભો રહ્યો. મને અખાડાના એ દિવસની યાદ આવી ગઈ! એ જીવલેણ અપમાન આજ સુધી હું ભૂલ્યો નહોતો! એક સમયે માણસ સુખની અને આનંદની ક્ષણને ભૂલી શકે છે પણ દુઃખની અને વિશેષતઃ અપમાનની ક્ષણને પ્રયત્ન કરવાં છતાં ભૂલી શકાતી નથી. અપમાનિત મન એટલે અવિરત તરફડાટ! આ ગુરુ દ્રોણે ભલે અજાણતાં પણ મને હજારો નગરજનોની હાજરીમાં પાઈનો કરી નાખ્યો હતો એની જ પાસે મારે ફરી લાચાર બનીને જવાનું? સ્વાભિમાનના ભોગે મારે બનાવટી હાસ્યનું મહોરું પહેરવાનું? હસવાનો દંભ કરવાનો? અરે, જીવન એક મનમોજી બાળક જેવું છે. બાળકને મન થાય તો રમકડાં સાથે રમે અને મન છટકે તો એને ફેંકી પણ દે! જીવન પણ માણસને મન ફાવે તેમ રમાડે છે! અને ઇચ્છા થાય ત્યારે ફેંકી દે છે એને! જગતમાં એવો કોઈ મનુષ્ય છે જેના હાથમાં એના જીવનની આખી દોર હોય? શક્ય જ નથી! માણસ પરાધીન છે. ખરેખર એ કોને આધીન છે એ પણ કહેવું મુશ્કેલ છે, પરંતુ એ કોઈકનો ગુલામ છે જ. મનુષ્ય રૂપી ઢીંગલીને કોણ રમાડી રહ્યું હશે એ કોણ જાણે? આ અખંડ અને અવિરત દોડાદોડ શા માટે ચાલી રહી છે એ પણ કોણ કહી શકે તેમ છે! શું એ કેવળ જીવવા માટે છે? હશે કદાચ! પરંતુ મનુષ્યને આટલી જિજીવિષા કેમ? હું પણ આ જ કારણે અહીં દોડી આવ્યો નથી ને? કે પછી મારા પરમ પ્રિય મિત્રના મનોરથ પૂર્ણ કરવા ગુરુ દ્રોણને આંગણે આવીને ઊભો તો નથી ને? નહિ રે! હું મારે ખાતર આવું જ નહિ! ક્યારેય આવું જ નહિ! પોતાના સ્વાર્થ માટે જીવે એ મનુષ્ય કહેવાય? અન્યના સુખને માટે મારે મારા સ્વાભિમાનને સંયતભાવે હોમવાનું હતું! અપમાનને ગળી જઈને! જોકે સંપૂર્ણપણે ગળી જવું અશક્ય છે! છતાં થોડી વાર માટે ગળી જવું પડશે જ!

દૃઢ નિશ્ચય સાથે મેં પર્ણકુટીનો દરવાજો ખોલી અંદર પગ મૂક્યો! આ પર્ણકુટીમાં પ્રવેશવાનો મારે માટે આ પ્રથમ જ પ્રસંગ હતો.

ગુરુ દ્રોણ એક વ્યાઘ્રચર્મ પર આંખો બંધ કરી પદ્માસન વાળી શાંતચિત્તે બેઠા હતા. મારો પગરવ અને દરવાજો ખૂલવાનો અવાજ સાંભળી એમણે હળવેકથી આંખ ઉઘાડી. મેં તરત જ પાસે જઈ એમને વંદન કર્યાં. ગમે તે હોય પણ આજ તેઓ મારા ગુરુ થવાના હતા!

'કોણ?' પર્ણકુટીમાં પેટાવેલા માટીના દીવાની ઝાંખી જ્યોતમાં મારો ચહેરો સ્પષ્ટ ન દેખાતાં એમણે ઊંચું જોઈને પૂછ્યું.

'હું કર્ણ છું!' મેં નીચું જોઈ જવાબ આપ્યો. મારા હાથ જોડેલા હતા. અંતરમાં અસહ્ય વેદના હતી! પરિસ્થિતિઓથી ઘેરાયેલી અને જીવન સામે પડેલી લાચારીની!

'કર્ણ, આવી અસૂરી વેળાએ?'

'મને બ્રહ્માસ્ત્રવિદ્યા શીખવાની તીવ્ર ઇચ્છા છે. આપનાં ચરણોમાં રહી હું એ શીખવા માગું છું.'

'બ્રહ્માસ્ત્રવિદ્યા? એ વિદ્યા ફક્ત ક્ષત્રિય માટે છે એ તું જાણતો નથી?' એમની સામેના યજ્ઞકુંડમાંથી એક તણખો તતડ્યો!

'હું પણ હવે ક્ષત્રિય છું. હું અંગદેશનો અભિષિક્ત રાજા છું. દિગ્વિજયી વીર છું! મારા કવચ-કુંડળનું દાન મેં દેવરાજ ઇન્દ્રને કર્યું છે, ગુરુદેવ!'

'તું ક્ષત્રિય નથી! અંગદેશનો રાજા થયો તેથી તું તારી જાતને ક્ષત્રિય સમજી બેઠો? વાઘનું ચામડું પહેરનાર ગર્દભને કોઈ વાઘ કહેતું નથી!'

'સૌ નગરજન મને હવે ક્ષત્રિય ગણે છે. દિગ્વિજયી ગણી મને નમન કરે છે. દાનવીર સમજી મને આદરમાન આપે છે!'

તેઓ તને માન આપતા નથી! દુર્યોધનના રાજદંડને માન આપે છે! તું દુર્યોધનની દૃષ્ટિએ ક્ષત્રિય હોઈશ પણ જગતની દૃષ્ટિએ તું એક સૂતપુત્ર છો! હીન છો! ક્ષુદ્ર છો! ગામના ચોકમાં ઊભા રહી ભૂંકતા સારમેયે (કૂતરાએ) પોતાને વનરાજ માનવાનો ડોળ ક્યારેય ન કરવો જોઈએ! જા.'

એમના એક એક શબ્દ શૂળની જેમ મારા અંતરને વીંધતા હતા. મારું મન આક્રંદ કરવા લાગ્યું જાણે મને કોઈએ કાંટાળા ઝાડુથી માર્યો ન હોય! કોણ સિંહ અને કોણ સારમેય (કૂતરો)? એની પરખ શું? કેવળ કુળ! કુળની શ્રેષ્ઠતાનો એ જ પુરાણ ધ્વજ હાથમાં ફરકાવતાં આ લોકો કોણ જાણે કેટકેટલાયને પોતાના પગ તળે કચડી નાખશે? મારે રૂંવાડે રૂંવાડે આગ લાગી છતાં સંયમ જાળવીને મેં કહ્યું, 'હું સૂતપુત્ર છું એમાં મારો શો દોષ? કયા કુળમાં જન્મ લેવો એ શું મનુષ્યના હાથમાં છે? કેવળ શિષ્ય રૂપે હું આપનાં ચરણોમાં સદાય રહીશ. બ્રહ્માસ્ત્ર કાજે આપ જે કહેશો તે મહાન પરાક્રમ કરીશ! શિષ્ય બનીને આપની સેવા કરીશ!'

'તું સૂતપુત્ર છો. તારા હાથમાં બ્રહ્માસ્ત્ર એટલે માંકડાના હાથમાં મશાલ!' એમણે આંખો બંધ કરી દીધી.

એમના આ અહંભર્યા શબ્દાઘાતે મારા આશાવાદી મનના ચીંથરા ઉડાડ્યા. કોઈએ તલવારના એક ઝાટકે મારું મસ્તક ધડથી જુદું કરી દીધું હોત તો મને એનું આટલું દુ:ખ ન થાત; આટલી અસહ્ય વેદના મને ન થાત. સહનશીલતા એ સદ્‌ગુણ હશે પણ વિવિશ સ્તબ્ધતા એ દુર્ગુણ નથી? મારા તપ્ત મસ્તકની નસો તણાવા લાગી. આંખોમાં યજ્ઞકુંડ પ્રજ્વળી ઊઠ્યો. તમામ શક્તિ જેમતેમ એકઠી કરીને હું જોરથી બરાડ્યો, 'ગુરુ દ્રોણ, તમે આમ કોને કહો છો? હું સૂતપુત્ર છું, એ જ તમને શું મારે વારંવાર બૂમો મારીને કહેવાનું છે? તો પછી હું જ આજથી ગરજી ગરજીને જગતને કહી દઈશ કે, 'હું સૂતપુત્ર છું! હું સૂતપુત્ર છું!' જન્મ દેવો એ દૈવના હાથમાં છે પણ પુરુષાર્થ મારા હાથમાં છે, મારા હાથમાં! મને તમારા બ્રહ્માસ્ત્રની સહેજે જરૂર નથી અને જરૂર લાગશે તો હું તે એક સૂતપુત્ર રૂપે

જ મેળવીશ! સ્વતંત્રપણે! આપની સહાય વગર!'

પર્ણકુટીના દરવાજે લાત મારી હું ભગ્ન હૃદયે બહાર નીકળી ગયો. અશ્વત્થામા પર્ણકુટીની બહાર ક્યારનો આવીને ઊભો હતો. અમારો હૃદયભેદક વાર્તાલાપ એને કાને પડ્યો હશે. પોતાના બંને હાથ પસારી એણે મને જતાં રોક્યો. મેં એના હાથને છટકારી નાખ્યો. હવે – હવે મને કોઈનો ઉપદેશ જોઈતો નહોતો!

'કર્ણ, ઊભો રહે! કર્ણ, ઊભો રહે!' એમ કહીને તે આર્તસ્વરે બૂમો પાડતો હતો. એના શબ્દો મારા કાનમાં ફક્ત અથડાતા હતા. એનો અર્થ મને સમજાતો નહોતો. અપમાન! અપમાન! અપમાન! મન આક્રોષથી ભરાઈ ગયું હતું. મારું જીવન એ કેવળ અપમાન જ છે? કર્ણ, 'સૂતપુત્ર, સૂતપુત્ર' કહીને તારું ઘોર અપમાન કરી જગત તને ઘૂંટી ઘૂંટીને મારી નાખશે? જગત પાસેથી સૂતપુત્ર, સૂતપુત્ર કહેવરાવવા માટે જ તારો આ જન્મ છે? અરેરે, હું સૂતપુત્ર છું તો પછી આ શબ્દો મારા કાળજાને શા માટે વીંધે છે? મેં એક વાર અપમાન સહન કર્યું એટલે લોકો માથે ચડી બેઠા! મનફાવે ત્યારે મને ચીડવે, ગમે તેમ કહી જાય? લોકો કર્ણને શું ધારી બેઠા છે? તે હીન છે, ક્ષુદ્ર છે, એને સ્વાભિમાન નથી, એનું કોઈ સ્થાન નથી, શું એમ જ સૌ માને છે? મારા મનમાં પ્રશ્નોના અનેક રથ દોડવા લાગ્યા. શરીરમાં લોહી તપી ગયું. કાળજે વીંધાયેલાં બાણવાળા કાળિયારની જેમ હું રાજમહેલ તરફ જલદીથી સૂનમૂન ચાલવા લાગ્યો. ચારેબાજુ અંધકાર હતો! જીવન પરથી વિશ્વાસ ઉડાડી દેતો અંધકાર! પોતાના હાથે કાળોમશ સૂયો લઈને કાળા વસ્ત્રને કાળા દોરાથી અખંડ કાલિમા સીવતો કાળોમશ અંધકાર! મારું હૃદય અપમાનથી ભર્યું હતું. સામે કાળોમશ અંધકાર હતો! અંધકાર અને અપમાન! અપમાન અને અંધકાર! મારો જીવ ક્ષણે ક્ષણે ઘૂંટાવા લાગ્યો. ચારેબાજુ અંધકાર રૂપી સમ્રાટના સહાયક બનીને તમરાં, જોરજોરથી ત્રમત્રમ કરી રહ્યાં હતાં! એ કાળું! ગંદું જંતુ! તુચ્છ જંતુ! તે પણ જાણે આજે મને 'સૂતપુત્ર! સૂતપુત્ર!' કહીને ચીડવતું હતું! આજે જગત શું અવળી દિશામાં ચાલી રહ્યું છે? દરેકે કર્ણને ચીડવવાનું પણ લીધું લાગે છે! અપમાનની પણ હદ હોય! પહેલી વાર સહન કરો પછી એની હદ જ ન રહે! એણે પોતાના વ્યક્તિત્વની ઈંટ જીવતાં જીવ જ મૃત્યુની ચિતા પર જડી દેવાની! પછી ભવિષ્યમાં ભલેને એ ગમે તેટલાં પરાક્રમના પર્વત ખડા કરી દે, લોકની દૃષ્ટિએ એની કિંમત શૂન્ય! લોકો એની તરફ અપમાનિત, ક્ષુદ્ર અને ત્યાજ્ય ગણીને જ જોવાના! અરે, ક્યાં જઉં? શું કરું? આ હૃદયને બાળનારી વ્યથા કોને કહું? અપમાન! અપમાન! ડગલે ને પગલે અપમાન! હું એને કેમ સહન કરી શક્યો? હું ખરેખર જીવંત છું કે આ મારું પ્રેત છે? શબ્દના અને વિચારોના ઘાવ ચારેબાજુથી મારા મસ્તક પર પડવા લાગ્યા. હૃદય વ્યાકુળ બની ગયું. હૃદયમાં સૂનકાર વ્યાપી ગયો. એકે દિશા જડતી નહોતી. પાછળ ફરીને જોવાનું મન થતું નહોતું! અંગ પરનાં વસ્ત્રોને આગ લાગતાં માણસ ગભરાઈને સીધો દોટ મૂકે તેમ હું પણ સીધો નાકની દાંડીએ જલદીથી ચાલતો હતો. મારું હૃદય સળગતું હતું. મારા કુળે મને અસહાય બનાવી દીધો હતો. હું સૂતપુત્ર છું! શા માટે હું સૂતપુત્ર થયો? એના કરતાં... એના કરતાં જન્મ્યો જ ન હોત તો શું બગડી જવાનું હતું? અરે, આ તે કેવું જીવન જે ઘોર કલંક લઈને આવે? વિધિએ પાસા ફેંક્યા ન હોત તો આ

જીવનનો ઇતિહાસ શું કોરો રહી જવાનો હતો? શા માટે મેં સૂતના ઘરે જન્મ લીધો? જન્મ લીધો તો ઠીક – મને ઘોડા અને લગામનું આકર્ષણ થવાને બદલે શસ્ત્રોનું આકર્ષણ શા માટે થયું? હું અંગરાજ શા માટે થયો? આ હસ્તિનાપુરમાં શા માટે આવ્યો? અરે! આ તે વીરોનું નગર છે! ન્યાયાન્યાય પ્રત્યે રુચિ ધરાવતી આ નગરી છે? ગુરુ દ્રોણ જેવા વૃદ્ધ વૃષભ પાસે મનની કયા પ્રકારની ઉદાત્તતાની અપેક્ષા રાખવી? કાળ રૂપી વિશાળ પુરુષના અસંખ્ય ફટકા ખાઈ ખાઈને જેમનું વૃદ્ધ મન જડ થઈ ગયું છે એ જગતને શું જ્ઞાન દેવાના? મારા બળતા હૃદયમાંથી અનેક ઉત્તેજિત વિચારોની જ્વાળા ઊડતી હતી. પગ તળે માટીના ઢેફાને કચડતો હું રાજમહેલ તરફ ચાલતો હતો. હું દિગ્વિજયી નહોતો, એક સર્વમાન્ય યોદ્ધો નહોતો. હતો એક સૂતપુત્ર! ફક્ત સૂતપુત્ર! રથની ધૂળ અને સૂતપુત્ર બંને એક જ!

જીવનને શ્રીફળની મધુર ઉપમા દેનાર અશ્વત્થામા આજ મને મહામૂર્ખ લાગ્યો! જીવન ક્યારેય શ્રીફળ જેવું હોઈ શકે ખરું? હું એને હંમેશાં કહ્યા કરતો કે જીવન એ સમરાંગણ પણ નથી જ. કેમકે સમરાંગણમાં વીરતાનું મૂલ્ય અંકાય. પાગલ અશ્વત્થામા, તું કહે છે તેમ જીવન ઝાકળનાં બિંદુ જેવું નથી જ! જીવન એક દાવાનળ છે! કોઈએ પેટાવેલો! ગમે તે રીતે પેટાવેલો! કોઈને પણ દઝાડનારો! અને ગમે ત્યારે આપોઆપ ઓલવાઈ જનારો! એ દાવાનળ આજે સળગી રહ્યો છે! કવચ-કુંડળ વિનાનો મારો આ વિશાળ દેહ માત્ર મુઠ્ઠીભર રાખ બની જશે! નહિ, એવું કદી નહિ બનવા દઉં! હું બળી નહિ જાઉં! નાશ નહિ પામું! હું બ્રહ્માસ્ત્ર મેળવીને જ જંપીશ! વીફરેલી મેના સાપનો પીછો પકડે તેમ ઝંઝાવાતી વિચારોએ મારો પીછો પકડ્યો હતો. આ મનઃસ્થિતિમાં હું રાજમહેલના મુખ્ય દરવાજે પહોંચ્યો. દુર્યોધન હજી પણ મારી રાહ જોઈને મુખ્ય દરવાજા પાસે ઊભો હતો. એને જોઈને હું સૂનમૂન થઈ ગયો. એને હું શું જવાબ આપીશ? મને ઊભો રાખીને એણે આતુરતાથી પૂછ્યું, 'કર્ણ, શું થયું? આટલો જલદી કેમ પાછો આવ્યો?'

'રાજન્, આર્ય સ્ત્રી પોતાના વૈધવ્યની વાત પોતાના મુખે કહેતી નથી. સૈનિક યોદ્ધો પોતાનું અપમાન પોતાને મુખે કહેતો નથી. જવા દે મને.' મેં એનો હાથ છટકાવી નાખ્યો! મારે કંઈ બોલવું નથી! પાણીની ભમરીમાં ફસાયેલા સૂકા તણખલાની જેમ મારું મન એક જ વિચારની આસપાસ ઘૂમરાતું હતું! સૂતપુત્ર! અપમાન! પુરુષાર્થની કસોટી બ્રહ્માસ્ત્ર!

'અપમાન? કર્ણ, તારા જેવા બળવાન અને દિગ્વિજયી વીરનું અપમાન કોણે અને કેમ કર્યું?' મારા હાથને જોરથી હલબલાવી ભમર ચડાવી એણે પૂછ્યું.

'તમારા કૌરવોનાં વંદનીય ગુરુદેવે! દ્રોણે! શા માટે કર્યું, કેમ કર્યું? કેવી રીતે કર્યું? એ વિશે મને કંઈ જ પૂછતો નહિ. જગતના કટુ સત્યોથી મારો જીવ હવે ઘૂંટાવા લાગ્યો છે. અત્યારે તું મને એકલો પડી રહેવા દે.' એના હાથની પકડ મેં આંગળીથી છોડાવી.

'તારી વેદના હું સમજી શકું છું પણ એ માટે તને દુઃખી થવું પાલવે તેમ નથી. જે બ્રહ્માસ્ત્ર માટે દ્રોણે તારું અપમાન કર્યું છે એનું નાક કાપીને તારે એ બ્રહ્માસ્ત્ર મેળવવું જ પડશે. કર્ણનું 'કર્ણપણું' એમાં જ છે એ સમજી લે...' મારો હાથ હાથમાં લઈ તે બોલ્યો.

'તે હું મેળવીશ. એ માટે સાક્ષાત્ ભગવાન પરશુરામ પાસે હું મહેન્દ્ર પર્વત પર પણ જઈશ!'

'મને એમાં શ્રદ્ધા છે.'

'હાલમાં ભગવાન પરશુરામનો નિવાસ મહેન્દ્ર પર્વત પર જ છે. કાલે જ હું મહેન્દ્ર પર્વત પર જવા નીકળીશ. હવે હું એક ક્ષણ પણ અહીં રોકાઈશ નહિ. મારા ક્ષુબ્ધ મનની સ્થિતિ અવર્ણનીય છે. મને જવા દે.' મેં મારો હાથ છોડાવી નાખ્યો અને રાજમહેલનાં પગથિયાં ઝડપથી ચડવા માંડ્યો. ચડતી વખતે ખભા પરનું ઉત્તરીય સરકીને નીચે પડી ગયું પણ એને ઊંચકવાની ઇચ્છા થઈ નહિ! પગનાં તળિયાં ગરમ થઈ ગયાં હતાં. પગથિયાંના શીતળ સ્પર્શથી એને શાતા મળતી હતી પણ મનને? એ તો સળગી રહ્યું હતું! ના, ધગધગી રહ્યું હતું! એ કેમ શાંત થાય? એને કોણ સાંત્વન આપે?

હું મહેલમાં આવ્યો.. દરવાજો બંધ કર્યો. મને સંપૂર્ણ એકાંત જોઈતું હતું. એથી જ મને શાંતિ મળે તેમ હતી, પરંતુ ખરેખર મન એનાથી શાંત થવાનું હતું? અપમાનિત મનની અસ્વસ્થતા એકાંતમાં વધી જાય છે. અસ્વસ્થ મનના નગારા પર તડાતડ અવાજ કરનારી વિચારોની દાંડી ક્ષણે ક્ષણે મને વિક્ષુબ્ધ કરતી હતી. વિચારોના અવિરત મંથનમાંથી કેવળ એક જ નિર્ણય દૃઢ થયો હતો. બ્રહ્માસ્ત્ર! મહેન્દ્ર પર્વત! ભગવાન પરશુરામ! બ્રહ્માસ્ત્ર! બ્રહ્માસ્ત્ર પ્રાપ્ત કરનાર સમર્થ કર્ણ! શક્તિશાળી કર્ણ! સૂતપુત્ર જ! કેવળ સમર્થ સૂતપુત્ર કર્ણ! પરશુરામનો શિષ્ય કર્ણ!

ત્રણ

બીજે દિવસે કોઈને મળ્યા વગર ફક્ત શોણને કહીને વાયુજિત અશ્વ પર હસ્તિનાપુરથી નીકળતાં મારું મન કેવળ પરશુરામ સંબંધી વિચારોમાં અટવાયેલું હતું. કેવા હશે એ? પરશુરામ વિશે મેં ઘણા પાસેથી ધ્રુજાવી મૂકે તેવું સાંભળ્યું હતું. ક્ષત્રિયદ્વેષી, શીઘ્રકોપી અને તરંગી એવું સૌએ એમના સ્વભાવનું વર્ણન કર્યું હતું. શ્રીકૃષ્ણે મામાનો વધ કર્યો હતો, કેમ કે તેઓ અન્યાયી હતા! પણ પરશુરામે પોતાની માતા રેણુકાનો વધ કર્યો હતો! પિતાની આજ્ઞાથી! તેઓ ભીષ્મ પિતામહના અને ધનુર્વેદના ગુરુ હતા! અને એકવીસ વાર કાર્તવીર્યના સો પુત્રોનો નાશ કરવા તેમણે હૈહય રાજાને ધૂળ ચાટતા કરી દીધા હતા! આટલાં પરાક્રમ કરી પ્રાપ્ત કરેલું રાજ્ય અંતે પોતાના ગુરુ કશ્યપ ઋષિને ચરણે દુંદુભિની દાંડીની જેમ ફેંકી મહેન્દ્ર પર્વત પર તેઓ આશ્રમ સ્થાપી ત્યાં જ સ્થાયી થઈ ગયા હતા! આવું સાંભળીને તમે થથરી ઊઠો, ડર લાગે તેવા મહાપુરુષ પાસે હું જઈ રહ્યો હતો. મનમાં એમની કાલ્પનિક મૂર્તિ અંકાતી હતી પણ તે બરાબર જામતી નહોતી! અશ્વ મહેન્દ્ર પર્વત તરફ પ્રયાણ કરતો હતો.

અગાઉ દિગ્વિજય પ્રાપ્ત કરવા માટે આ માર્ગ હું ખૂંદી વળ્યો હતો. આથી કોઈના સાથ વગર હું એકલો નીકળી પડ્યો હતો. માર્ગમાં આવતાં પાંચાલ, કાશી, પૂર્વ દશાર્ણ જેવાં અનેક રાજ્યોમાં ન રોકાતાં એકાદ મંદિરમાં ઊતરી, આરામ કરી અને ફરી પ્રયાણ શક્ય એટલું જલદીથી મારે મહેન્દ્ર પર્વત પર પહોંચવું હતું! મહેન્દ્ર પર્વત કલિંગ રાજ્યમાં આવેલો હોવાથી મનમાં ભારે ગૂંચ ઊભી થઈ હતી! રાજા ભાનુમંત સહિત સૌ નગરજનો મને તરત ઓળખી જાય તેમ હતા! આથી સંધ્યા કાળે ધૂંધળા પ્રકાશમાં મારે રાજ્યમાં

દાખલ થવું હતું. મહેન્દ્ર પર્વત ચડવા માટે એકાદ વિશ્વાસુ નગરજનને મળી એને વાયુજિત સોંપ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો.

આ પ્રકારની પ્રવાસયોજના વિચારતો હું પાંચાલ રાજ્યમાં પ્રવેશ્યો. કાંપિલ્યનગરમાં ગંગાકાંઠે સુદામનની સમાધિ પાસે જવા મારું મન લલચાયું પણ ત્યાં જો કોઈ મને ઓળખી ગયું તો એ પાંચાલરાજા દ્રુપદને સમાચાર પહોંચાડી મારો આગળનો પ્રવાસ ત્યાં જ થંભાવી દે! એમનાં આતિથ્ય અને સ્વાગત-સત્કાર સ્વીકારવાનો આ અવસર નહોતો! મન ફક્ત મહેન્દ્ર પર્વતનાં દર્શન માટે તડપતું હતું! બ્રહ્માસ્ત્ર મેળવવા તલસતું હતું. આથી કોઈને જાણ થાય તે પહેલાં મારે પાંચાલ દેશમાંથી પલાયન થઈ જવું હતું. જોકે કોઈ ચબરાક પાંચાલજન શંકાથી મારી તરફ એકીટશે જોઈ રહેતું ખરું પણ કપાયેલા કાનની બૂટ જોઈ નકારમાં માથું ધુણાવી દેતું! અંગ પરનાં રાજવસ્ત્રો કોઈનું ધ્યાન ખેંચે, તેથી એ તમામ વસ્ત્રો એક સંન્યાસીને સોંપી દઈ મેં એનાં વસ્ત્રો માગી લીધાં હતાં! પોતાનાં ભગવાં વસ્ત્રો મારા હાથમાં દેતાં તેણે કહ્યું હતું, 'આ વસ્ત્રો પ્રત્યે મને હજીયે આસક્તિ રહી છે કેમકે એની કસોટી કરવા જ પરમેશ્વરે તને મારી પાસે મોકલ્યો લાગે છે. લે! આ મારાં વસ્ત્રો અને તારાં આ કિંમતી વસ્ત્રો ગંગાને સોંપી દે! જા!' એણે ભિક્ષાની ઝોળીમાંથી લાજ ઢાંકવા એક વસ્ત્ર લઈ કેડે વીંટાળી દીધું અને મારા હાથમાં પોતાનાં ભગવાં વસ્ત્રો આપ્યાં! એને અંગ પર ધારણ કર્યાં. એની ઉદાત્ત ભાવનાથી હું કૃતકૃત્ય થઈ ગયો. એમનું માન રાખવા મેં કાંપિલ્ય દેશ છોડતી વખતે મારાં રાજવસ્ત્રો ગંગાને અર્પણ કર્યાં! મનમાં કશી અવઢવ નહોતી! સહેજે ઉદ્રેક નહોતો! અંગ પર ભગવાં વસ્ત્રો હતાં! ઉપર નીલરંગી આકાશ હતું! સામે મહેન્દ્ર પર્વતનો માર્ગ હતો!

કાંપિલ્ય દેશમાંથી નીકળી કાશી દેશની દિશા પકડી. આજે હું દિગ્વિજય સેનાપતિ નહોતો. મારી પાછળ લાખ લાખ યોદ્ધાઓ નહોતા! હાથી-ઘોડાને ડચકારનારા, હલબલાવનારા નાયકો નહોતા! એટલું જ નહિ પણ ભારેખમ કવચ-કુંડળ નહોતાં! હતું ફક્ત ભગવું વસ્ત્ર! શાંત મન! માથે નીલરંગી આકાશ!

કાશી દેશની સીમામાં પ્રયાગ આવ્યું! વૃષાલીનું પિયર! પણ મારે નગરમાં જવું નહોતું. વાયુજિતને પાણી પાવા ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમ પર એને લઈ આવ્યો! પાછાં ફરતાં બરાબર આ જ સ્થળે વાયુજિત ઊભો રહી ગયો હતો જ્યાં વૃષાલીનું અને મારું પ્રથમ મિલન થયું હતું! આજે ત્યાં વૃષાલી નહોતી, શોણ નહોતો, ફૂટેલો ઘડો પણ નહોતો! પહેલી વાર એને જોઈને હૃદયમાં ઊઠેલી મૂક લાગણીની અદ્‌ભુત ઉત્તેજના પણ નહોતી! બધું જ નિતાંત શાંત હતું! એક વિચાર માત્ર ઝબકી ગયો! વૃષાલીના ફૂટેલા ઘડાનો તે ટુકડો આજે મારી પાસે હોત તો મેં જ્યાંથી ઉપાડ્યો હતો એ જ જગ્યાએ ત્રિવેણી સંગમને વંદન કરી હળવેકથી મારા હાથે મૂકી દીધો હોત!

સ્મૃતિનાં સૌ દ્વાર બંધ કરી દેવાના પ્રયત્નોમાં ફાવ્યો નહિ. એ શક્ય હતું? એને ભૂલવાની મથામણ કરતાં મેં કાશી દેશ છોડ્યો.

પૂર્વ દશાર્ણ દેશ પસાર કરી મહાનદીની સામે પાર પૂર્વ સમુદ્રની નજીક વસેલા કલિંગ દેશમાં આવ્યો. સુપ્રિયાનું પિયર હોઈ એ દેશ પ્રત્યે મને આકર્ષણ થવું જોઈએ પણ થયું નહિ. તમામ નગરોને બાજુએ મૂકી ટૂંકે રસ્તેથી એક દિવસ સૂર્યાસ્તનાં નીરવ વાતાવરણમાં

મહેન્દ્ર પર્વતની તળેટી પાસે આવી પહોંચ્યો. એનાં નીલવર્ણી શિખરોનાં દર્શનથી મન પુલકિત થઈ ગયું. મનમાં ચાલતું વિચારોનું બંડ શમી ગયું! હવે બધું ભૂલી જવાનું! એ અખાડો, એ સ્વયંવર, એ દૂત, એ દિગ્વિજય, એ દાનયજ્ઞ, એ કવચ-કુંડળ બધું જ ભૂલી જવાનો મક્કમ નિશ્ચય કર્યો! શિષ્ય રૂપે પરશુરામના આશ્રમ પાસે ઊભા રહેવા માટે! એ નિશ્ચય સાથે છતાં વિનમ્રપણે પર્વત પર ચડવાનું હતું!

ખભા પર હળ ચડાવી પાછા ફરતા એક ખેડૂતને જોઈ વાયુજિતને સોંપવાનો પ્રશ્ન હલ થઈ જશે, એ વિચારથી હું નિશ્ચિંત બની ગયો. તળેટીમાં ખેતી કરીને રહેતો આ શ્રમજીવી ખેડૂત વાયુજિતની સારી દેખભાળ કરશે. આસપાસ તાજાં ઊગેલાં ઘાસને ચરવા ગાયોને છોડી એનું ધ્યાન પણ રાખી શકશે. એનો ખરેરો પણ કરી શકશે.

'હે કૃષિવર, હું આવું ત્યાં સુધી મારા અશ્વને તું સાચવીશ?' મેં એને ઊભો રાખી વાયુજિતની પીઠ થાબડતાં પૂછ્યું. વાયુજિતની શ્વેત પીઠ સહેજ થથરી. ધનકેશવાળું પૂંછડું સળવળ્યું.

'તું કોણ છે?' ખેડૂતે મારાં ભગવાં વસ્ત્ર અને તૂટેલા કાન તરફ જોઈને પૂછ્યું.

'હું વૈકર્તન! મારા આ તૂટેલા કાનથી તું મને તરત ઓળખી જઈશ!'

'સંન્યાસી છો! લાવ તારો ઘોડો! હું સાચવીશ!' એણે વાયુજિતની લગામ પોતાના હાથમાં લીધી. પ્રામાણિકપણે સાથ દેનાર આ એકનિષ્ઠ પશુની પીઠ મેં બે વાર થાબડી. એની યાળના શ્વેત કેશમાં આંગળીઓ ફેરવતાં મારું મક્કમ મન સહેજ પીગળી ગયું. આંખમાં ઝળઝળિયાં બાઝ્યાં.

'જા. સુખેથી રહેજે!' કહી મેં એની વિદાય લીધી.

સૂર્યાસ્તનાં દીર્ઘ સોનેરી કિરણોમાં હું મહેન્દ્ર પર્વતના ઊંચા ચડાણ ચડવા લાગ્યો. શાલ, કિંશુક, પુન્નાગ, તમાલ, સાંતવણ, ડંડણી વગેરે વૃક્ષો પર બાંધેલા માળામાં પહોંચવા માટે ચિત્તર, સારંગ, લટવાક, ચંડોળ, ચક્રવાક આદિ પક્ષીનાં ઝુંડો પાંખો ફફડાવતાં, કિકિયારી કરતાં પાછાં ફરી રહ્યાં હતાં! ઢોળાવ પર પશુઓને ચરાવીને ગોવાળો ગાયોની ઘંટડીના નાદના તાલે વાંસળીના સૂર છેડતા હતા! સમસ્ત સૃષ્ટિ વિશ્રામ લેવા આતુર હતી!

'સંન્યાસી, ઊભો રહે!' પાછળથી કોઈએ મને બૂમ મારી. હું ઊભો રહ્યો. મારી જેમ ભગવાધારી એક માનવઆકૃતિ ધીમે ધીમે આવી રહી હતી.

'ક્યાં જાય છે તું?' પાસે આવતાં એ વ્યક્તિએ મને પૂછ્યું. તે એક આશ્રમશિષ્ય હશે. મારા કરતાં વયમાં એ મોટો દેખાયો!

'આશ્રમમાં! ભગવાન પરશુરામના!' ઓળખાણ ન હોવા છતાં એ આશ્રમશિષ્ય તરફ આશ્ચર્યથી જોતાં મેં જવાબ આપ્યો.

'હું પણ ત્યાં જ જાઉં છું. એમનો જ શિષ્ય છું! અકૃતવ્રણ મારું નામ! ચાલો, આપણે સાથે જઈએ!' એણે મારા કાન તરફ નજર કરી.

અમે બંને ચડાણ ચડવા લાગ્યા.

'અમારા આશ્રમમાં આવવાનું કેમ થયું? ભગવાનનાં દર્શન કરવાં?' એણે ચડતાં ચડતાં પૂછ્યું.

'નહિ! કેવળ દર્શન માટે જ નહિ! વિદ્યાપ્રાપ્તિ માટે! શિષ્ય રૂપે!'

'શિષ્ય રૂપે? તું બ્રાહ્મણકુમાર છે ને! ભગવાનની પ્રતિજ્ઞા છે કે બ્રાહ્મણકુમાર સિવાય કોઈને તેઓ શિષ્ય તરીકે સ્વીકારતા નથી! પણ તું કઈ વિદ્યા શીખવા આવ્યો છે?'

'બ્રહ્માસ્ત્ર!' મેં જવાબ આપ્યો પણ મારી ઇચ્છા પર પાણી ફરી જશે તો? મનમાં શંકા ઊઠી, કેમકે હું બ્રાહ્મણકુમાર નહોતો.

'બ્રહ્માસ્ત્ર! તો તો તું અવશ્ય બ્રાહ્મણકુમાર જ હોવો જોઈએ! મેં તને નકામો પ્રશ્ન પૂછ્યો! અરે, તારા કાનની બૂટ કેવી રીતે કપાઈ ગઈ?' એણે મને ફરી પ્રશ્ન કર્યો.

મને થયું કે એનાથી છૂટો પડી ઝડપથી ચડાણ ઊતરી ફરી વાયુજિત પર આરૂઢ થઈ સીધો હસ્તિનાપુર ચાલ્યો જાઉં પણ... પણ મારે બ્રહ્માસ્ત્ર મેળવ્યા સિવાય હસ્તિનાપુર પાછું જવું નહોતું!

'સ્વર્ગના મહાન સેતુને સહેલાઈથી પાર કરવા કાનના લોહીમાંસ એક ભિક્ષુકને મેં દાનમાં દીધાં છે!' એને જવાબ દેવાનો જ હતો તેથી મેં કહ્યું,

'મને સમજાયું નહિ!' તે આશ્ચર્યથી બોલ્યો.

'તને નહિ સમજાય.' એના મનમાં સમાધાન કરવું અશક્ય હતું પણ ભગવાન પરશુરામ પ્રશ્ન પૂછશે તો એમને કોનો, કયા કુળનો બ્રાહ્મણકુમાર છું એ કેવી રેતી જણાવીશ? મન માર્ગ શોધતું હતું પણ જડતો નહોતો.

પરિસ્થિતિએ મારી પાસે એક અસહાય અબળાની લાજ રાખવા સાચુંખોટું બોલવાનું પાપ કરાવ્યું હતું. આજે એ પરિસ્થિતિ મારી પાસે અસત્ય બોલવાનું પાપ કરાવવા તૈયાર થઈ હતી! સાક્ષાત્ પરશુરામ સમક્ષ ઊભા રહીને જૂઠું બોલવું કે બ્રહ્માસ્ત્ર મેળવ્યા વગર ખાલી હાથે પાછો ચાલ્યા જવું? ફરી સમસ્યા! ફરી મૂંઝવણ! ફરી જીવન રૂંધનારી ઉલઝન!

ઇન્દ્રને કવચ-કુંડળનું દાન દઈને મેળવેલું પુણ્ય પરશુરામ પાસે જૂઠું બોલીને બળી જવાનું હતું! ફરી પાછો હું સૂતપુત્ર જ રહેવાનો હતો! હતો એનો એ જ! મહેન્દ્ર પર્વત પરથી ધસમસતાં પાણીના ધોધની જેમ વિચાર મારા અંતરમાં ધસમસવા લાગ્યા! શું કરું? પાછો જાઉં? હા! મારે પાછા જ જવું જોઈએ!

'તો હું જાઉં છું!' એને બોલતો અટકાવીને મેં અકૃતવ્રણને અચંબામાં મૂકી દીધો.

'કેમ? ગભરાઈ ગયો? ભગવાન પરશુરામના આશ્રમમાં પ્રવેશવા સિંહછાતી જોઈએ! કેવળ ભૃગુકુળના રાજકુમાર જેવા ગોળમટોળ ચહેરાથી શું વળે?' એ આશ્રમશિષ્ય હોઈ નિર્ભયતાથી બોલી ગયો!

'ભૃગુકુળ! સિંહછાતી! ના-ના! બ્રહ્માસ્ત્ર મેળવ્યા સિવાય પાછા જવું જ નથી! પરશુરામની પ્રતિજ્ઞાભંગ કરવાની શક્તિ એક સૂતપુત્રમાં છે એ જ મારે જગતને બતાવી દેવું છે! ક્રોધી પરશુરામ જૂઠું બોલનાર કર્ણનું શું બગાડી નાખવાના છે? બાળીને ભસ્મ! ભલે કરે! પણ એ ભસ્મ જ કહેશે કે બ્રહ્માસ્ત્ર માટે તડપનારા એક સૂતપુત્રે ભગવાન પરશુરામ દ્વારા જ એમની પ્રતિજ્ઞાનો ભંગ કરાવ્યો!

મનનો એક ખૂણો 'ના' કહેતો હતો. આથી કાળજે ક્રોધ વ્યાપ્યો હોવા છતાં મન સંયમમાં રાખી હું ફરી ચડાણ કરવા લાગ્યો! તારું કુળ કયું?' એમ પૂછે તો 'ભૃગુ' કુળ કહેવાનું! નામ પૂછે તો 'ભાર્ગવ' કહી દેવાનું. બસ મનથી નક્કી કરી નાખ્યું.

ચાંદનીમાં મહેન્દ્ર પર્વત ભયાનક દેખાતો હતો, કેમકે શિકારની શોધમાં નીકળેલા વન્યપશુઓના અવાજ ચાંદનીને પણ થથરાવતા હતા.

મહેન્દ્ર પર્વત પર અકૃતવ્રણની પર્ણકુટી પાસે અમે બંને આવીને ઊભા રહ્યા ત્યારે રાત્રિનો પૂર્વાર્ધ પૂરો થવા આવ્યો હતો. આખો આશ્રમ અનેક નાની-મોટી પર્ણકુટીઓથી ઊભરાતો હતો. પ્રાંગણની ચારે બાજુ સંરક્ષણ માટે ગોળાકાર કાંટાળી વાડ બાંધી હતી. ચારે દિશાએથી આશ્રમના મધ્યભાગમાં રહે એવો એક વિશાળ યજ્ઞકુંડ હતો. આટલો વિશાળ યજ્ઞકુંડ આજ સુધીમાં મેં ક્યાંય જોયો નહોતો! એક ખૂણામાં ગાયો માટેની એક મોટી ગમાણ હતી. મહેન્દ્ર પર્વત પરથી ચરીને થાકેલી ગાયો આ ગમાણમાં બેસી નિરાંતે વાગોળતી હશે! કેમકે થોડી થોડી વારે એમનાં ગળામાંની ઘંટડીના મધુર અવાજ ભેંકાર શાંતિનો ભંગ કરતા હતા! તમામ પર્ણકુટીઓ પગ વાળીને આરામ કરતા હાથીઓનાં ટોળાં સમી દેખાતી હતી. શિષ્યગણ ગાઢ નિદ્રામાં હોવાથી ક્યાંય મશાલ પણ જલતી નહોતી. આકાશ રૂપી મહાપુરુષ ચંદ્રની ચાંદનીનો રસ પૃથ્વી પરના સૌ જીવો પર વરસાવી રહ્યો હતો! આશ્રમની આસપાસની વાડની કૂંપળોમાં તમરાં લયબદ્ધ ગુંજી રહ્યાં હતાં!

ફક્ત એક જ પર્ણકુટીના યજ્ઞકુંડમાંથી ઊડેલો તણખો બહારથી સ્પષ્ટ દેખાતો હતો! મંત્રોનો ગણગણાટ અસ્પષ્ટ સંભળાતો હતો. મધ્યરાત્રિ થઈ છતાં હજી કોઈ જાગતું હતું! ધ્યાનપૂર્વેની તૈયારી કરતું હતું.

'કોણ હશે એ પર્ણકુટીમાં?' મેં અકૃતવ્રણને એની પર્ણકુટીમાં દાખલ થતાં પૂછ્યું.

'ભગવાન! કાલે પૂર્ણિમા છે. એમનું વરુણવ્રત પૂરું કરવા એમણે દર પૂર્ણિમાની અને અમાસની આગલી રાતે આમ જ યજ્ઞકુંડની સામે બેસી સૂર્યમંત્રનું અખંડ પુરશ્ચરણ ગાયત્રી છંદમાં કરવું પડે છે! પછી બીજે દિવસે તેઓ મહેન્દ્ર પર્વત ઊતરી નીચે કલિંગ દેશમાં જાય છે. પૂર્વ સમુદ્રમાં કેડ સમાણાં ફેનિલ પાણીમાં ઊભા રહી સૂર્યને આખો દિવસ અર્ઘ્ય આપતાં રહે છે! એમનાં દર્શન કરવાં દર પૂનમે અને અમાસે કલિંગનાં પ્રજાજનોની ભીડ સમુદ્રકાંઠે મચી રહે છે! અનેક વાર હું એમની સાથે સમુદ્રકિનારે ગયો છું! તને પણ એકાદ વાર લ્હાવો મળશે!' દર્ભની બે પથારી પાથરીને તેના પર બે ચાદર મૂકતાં અકૃતવ્રણે કહ્યું.

સત્યસેન, શોણ, અશ્વત્થામા, દુર્યોધન જેવી અનેક વ્યક્તિઓ મારા જીવનમાં આવી. એમાં અકૃતવ્રણ – એકનો વધારો થયો. ફળાહાર કરી દર્ભની શીતળ પથારી પર શરીર લંબાવતાં મારા મનમાં એક પ્રશ્ન અટવાતો હતો. કાલે જ કલિંગદેશમાં સાથે આવવા મને પરશુરામ કહેશે તો? તો હું શું જવાબ આપીશ? વિચાર કરતાં કરતાં મને નિદ્રા આવી ગઈ! મહેલની મૃદુ શય્યા પર પણ આવી ગાઢ નિદ્રા આવી નહોતી. એ નિદ્રા પરશુરામના આશ્રમની પર્ણકુટીની પહેલી રાત્રિની!

ચાર

સવાર થયું. 'ૐ ઇશાવાસ્યમિદં સર્વં...' શિષ્યગણના મુખેથી ગવાતી પ્રાર્થનાના મધુર આલાપોથી હું જાગી ગયો. દૈનિક ક્રિયા પતાવી સૌની સાથે પરશુરામની પર્ણકુટી

પાસે હારમાં ઊભો રહ્યો. સૂર્યોદય થયો અને ગુફામાંથી યાળ ફેલાવતો સિંહ બહાર પડે તેમ દાઢીધારી પરશુરામ પર્ણકુટીની બહાર આવ્યા! એમને ખભે મૂકેલું પરશુનું ધારદાર વિશાળ પાનું ચળકી ઊઠ્યું! દાનયજ્ઞના અને દિગ્વિજયના સમયે પણ મેં આવા અનેક ઋષિઓ જોયા હતા. પાંડવોના રાજસૂય યજ્ઞમાં પણ ધૌમ્ય, ધનંજય, સાંદીપનિ, કણ્વ, બ્રહ્મગાર્ગ્ય જેવા મહાન તપસ્વી જોવા મળ્યા હતા. ક્રોધી છતાં વિખ્યાત દુર્વાસા ઋષિને પણ હું મળ્યો હતો. પણ ખભે ચમકતી પરશુ (કુહાડી) લઈ કાળી ઘટાદાર દાઢીધારી ભવ્ય ઋષિને મેં પહેલી વાર જોયા! કૈલાસ છોડી જાણે દાઢીધારી મહેશ્વર જ આ પર્ણકુટીમાંથી બહાર આવ્યા હોય એવો મને ભાસ થયો! આ મહેશ્વરના મસ્તક પરની ચન્દ્રકળાને કાઢી લઈ ત્રિશૂળમાં છુપાવી દઈ એને પરશુ રૂપે પોતાના ભરાવદાર અને હૃષ્ટપુષ્ટ ખભા પર મૂકી દીધી હતી! વિશ્વને વીંધી નાખવા માગતી હોય એવી એમની આંખો તેજસ્વી હતી! શ્રીકૃષ્ણની આંખો જેવી એ સુંદર દેખાતી હતી!

પૂર્વ સમુદ્ર તરફ જવા તેઓ ધીરે ધીરે ચાલતા હતા. એમના શ્રદ્ધાળુ શિષ્યો એમનાં ચરણે ફૂલો ધરી એમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હતા! સૌથી છેલ્લે હું ઊભો હતો.

પાસે જઈને મેં એમનો ચરણસ્પર્શ કર્યો અને ચરણરજ માથે ચડાવી. હું સદ્‌ભાગી બન્યો.

'કોણ?' ટકરાતી ગદાના અવાજ જેવો એમનો અવાજ!

'હું... હું ભાર્ગવ! ભૃગુકુળનો!' મારું અંતર રથચક્ર નીચે ફસાઈ ગયેલા લોહી નીતરતા હાથની જેમ શરમથી શ્યામ થઈ ગયું. અંતરના એક ખૂણે સત્યપ્રિય કર્ણ તરફડી રહ્યો હતો!

'અહીં શા માટે આવ્યો છે?'

'બ્રહ્માસ્ત્ર શીખવા માટે.'

કેટલીય વાર સુધી વિસ્મયથી મારી સામે જોઈ રહ્યા. પછી ગુરુદેવે પોતાની આંખો બીડી દીધી. પળ બે પળ પછી ફરી વેધક નજરે જોતાં કહ્યું, 'આશ્રમના નિયમોનું કડકપણે પાલન કરવું પડશે! કરીશ?'

'જેવી આજ્ઞા ગુરુદેવ!'

'ઠીક છે! જા. પ્રવાસથી મેલાં થયેલાં વસ્ત્રો બદલી નહાઈધોઈને તૈયાર થઈ જા. પાછા ફરતાં આજે જ શુભ મુહૂર્તે તને બ્રહ્માસ્ત્રવિદ્યા આપતા પહેલાં પ્રાર્થનામંત્ર શીખવીશ!'

ધીરગંભીર પગલે ચાલતાં એ વિશાળ દેહી જામદગ્નિ પુત્ર આશ્રમ બહાર ચાલી નીકળ્યા. ચકમકતું પરશુ પરાવર્તિત કિરણોનાં વલયો ફેંકી સૌની આંખ આંજી દેતાં હતાં. અકૃતવ્રણની સાથે હું ચાલવા લાગ્યો! એમને પાછળથી જોતાં મનને ખૂણે પરાભવનો ડંખ મને ખૂંચી રહ્યો હોય એમ લાગ્યું! જીવનમાં પહેલી જ વાર! ક્યાંક ભયાનક ભૂલ થતી હતી! જીવન જાણે જિહ્મબાણની જેમ આડુંતેડું ચાલી રહ્યું હતું!

પાંચ

દિવસો એક પછી એક પસાર થવા લાગ્યા. આશ્રમના શિષ્યજીવનથી હું સારી રીતે ટેવાઈ ગયો. આટલો સારી રીતે હું રાજમહેલમાં યોદ્ધાના જીવનથી પણ ટેવાયો નહોતો.

કોઈની યાદ મને આવતી નહોતી. બ્રહ્માસ્ત્રના મોટાભાગના મંત્રો કંઠસ્થ થઈ ગયા હતા. આથી જ કદાચ મન શાંત થઈ ગયું હશે. રાજમહેલમાં પાછા જવાનું મન થતું નહોતું. જીવનમુક્તિ માટે સતત રાતદિવસ મથ્યા રહેતા અસંખ્ય સહાધ્યાયીઓના સહવાસમાં સમય આનંદથી પસાર થતો હતો. અકૃતવ્રણના સહવાસથી મને અચૂક અશ્વત્થામાની યાદ આવતી! જીવનના એક એક રહસ્ય વિશેનું એમનું જ્ઞાન સાંભળવામાં કેટલો સમય વીતી ગયો તેનું મને ભાન રહેતું નહિ.

મહિનાના અંતે એક દિવસ એવો આવતો જ્યારે શિષ્યોને ગુરુદેવને ગમે તે પ્રશ્ન પૂછવાની તક આપવામાં આવતી. જીવનયાત્રાના તમામ તબક્કે મનુષ્યે કેવળ પોતાના બુદ્ધિબળે લીધેલા બધા નિર્ણયો સાચા જ હોય એમ ન કહી શકાય! એ માટે આ દિવસે અનેક વિષયો પર ચર્ચા થતી. શંકાઓ પણ રજૂ થતી.

આજ સુધી હું નહોતો શીખ્યો તે અહીં મને ચર્ચામાંથી શીખવા મળ્યું હતું.

આવા જ એક નિયુક્ત દિવસે મેં ભગવાન પરશુરામને પ્રશ્ન પૂછ્યો, 'ભગવન્, સૌથી શ્રેષ્ઠ આનંદ કયો?'

'તારા મત પ્રમાણે કયો શ્રેષ્ઠ આનંદ? પહેલાં તું કહે!' એમણે મને વળતો પ્રશ્ન પૂછ્યો.

'દાનનો!' મારી સામે કવચ-કુંડળના દાનનો પ્રસંગ તરી આવ્યો.

'ના! દાનમાં પણ "મેં કોઈને દાન આપ્યું" એવી અહમ્‌ની સભાનતા હોય છે! એ માટે પ્રથમ સૌથી શ્રેષ્ઠ શું એ સમજી લેવું જોઈએ!'

'ભાર્ગવ, સૌથી ઊંચો પર્વત કયો?'

'હિમાલય, ગુરુદેવ!' મેં કહ્યું.

'નહિ! સૌથી ઊંચો પર્વત મન! મનની ઊંચાઈ પાસે હિમાલયની ઊંચાઈ વામન જેટલી! આથી જ મન મક્કમ જોઈએ. આવું મક્કમ મન શક્તિશાળી શરીરમાં જ હોઈ શકે. શક્તિશાળીને જ સૌથી શ્રેષ્ઠ આનંદ પ્રાપ્ત થાય છે. શક્તિહીનને આનંદ નહિ, સુખ નહિ, મુક્તિ નહિ! આથી જ આપણા આશ્રમમાં શસ્ત્રાસ્ત્રનું જ શિક્ષણ દેવામાં આવે છે. આ જ્ઞાન માનવસંહાર માટે નથી પણ શસ્ત્રાસ્ત્રનું જ્ઞાન માનવઉદ્ધારમાં વિઘ્નકર્તા ક્રૂરજનોના સંહાર માટે ખાસ છે. તને હું બ્રહ્માસ્ત્ર શીખવું છું એ પણ એ માટે જ છે!'

'ગુરુદેવ, જગતમાં માનવતાનું અસ્તિત્વ અંતે શાને માટે છે? કેવળ કરોડો વર્ષ સુધી જીવવા માટે? ના! આથી જ મને જીવનનો શ્રેષ્ઠતમ આનંદ કયો છે એ જાણવાની તીવ્ર ઇચ્છા છે. આપે કહ્યું તેમ મનનો આનંદ જ શું અંતિમ છે?'

'ના! એથીય વધુ શ્રેષ્ઠ આનંદ છે. માત્ર અંતિમ જ નહિ, અખંડ આનંદ છે! એ આનંદ મનમાં રહેલા આત્માનો છે! આપણે કોણ છીએ? આ જગતમાં શા માટે આવ્યા છીએ? ક્યાં જવાના છીએ? આ ચરાચર જગતમાં કયા તાંતણે બંધાયા છીએ? આપણા આશ્રમની આ ગાયોનાં સુંદર વાછરડાંઓ શા માટે નાચકૂદ કરે છે? એક જ દિવસનું જીવન જીવતાં ફૂલો વેલ પર વાયુલહરીની સાથે હસતાં હસતાં કેમ ડોલે છે? મેઘ શા માટે ગર્જે છે? વાયુ શા માટે વહે છે? વરસાદ શા માટે વરસે છે? સમસ્ત જગતના કણકણ ચેતનાના પ્રણવગીત ગાતાં અવિરતપણે કઈ રીતે ગતિમાન રહી શકે છે? વિશાળ જીવનસૃષ્ટિનો આ

અખંડ અક્ષયદીપ કયા જીવનરસ સાથે સતત પ્રજ્વળી રહ્યી છે? આ બધું જાણવા માટે, આ બધું જોવા માટે એક અદ્‌ભુત, સુષુપ્ત નેત્ર આપણી ભીતરમાં છે! એનું નામ આત્મા છે! ઇચ્છાશક્તિના બળે આ નેત્ર જ્યારે આપણે ખોલીએ ત્યારે જ તમામ સમસ્યા શમી જાય છે! આખું વિશ્વ એકરૂપ દેખાય છે! મહાભયાનક લાગતાં વિનાશનું દુઃખ પણ ત્યારે લાગતું નથી! મહાન સૃષ્ટિનું મૂર્ત રૂપ જોઈ થતો મિથ્યા આનંદ પણ નામશેષ થઈ જાય! પછી દેખાય કેવળ પ્રકાશ! સૂર્યકિરણ સમો તેજસ્વી પ્રકાશ! આથી જ આત્માનંદ એ જ સર્વશ્રેષ્ઠ આનંદ છે.' એમણે પોતાની વિશાળ આંખો તરત મીંચી દીધી! જાણે એમને પ્રકાશના સામ્રાજ્યને જોવાની અદમ્ય ઇચ્છા જાગી હતી. એ આંખો મીંચે એટલે હવે પ્રશ્નો પૂછવાના બંધ – એ એમનો સંકેત હતો. એની અમને સૌને જાણ હતી.

સૌએ હાથ જોડ્યા. 'ૐ... ઇશાવાસ્યોપનિષદ... ઇદમ્...' પ્રાર્થનાનો ધીરગંભીર ધ્વનિ આશ્રમના પ્રાંગણની બહાર મહેન્દ્ર પર્વતના ખૂણે ખૂણે ગુંજી ઊઠ્યો.

૬

એક વર્ષ જોતજોતામાં પસાર થઈ ગયું. ભગવાન પરશુરામના સહવાસમાં રહેવાનું ભાગ્ય એટલું મોટું હતું કે હું દિગ્વિજયી સેનાપતિ છું, એક દાનવીર છું એવા મનને ઉન્મત્ત કરનારા વિચારો અલોપ થઈ ગયા હતઃ. હું એક શિષ્ય બન્યો હતો. એક યાત્રિક બન્યો હતો. ચળકે એટલું સોનું નહિ એ મને સમજાઈ ગયું હતું. કેવળ પરાક્રમ એ જ જીવનનું સારસર્વસ્વ નથી. સભાન ચિંતન પણ હોવું જોઈએ એ મને સમજાયું હતું.

હું ગુરુદેવનો પ્રિય શિષ્ય થઈ ગયો. અન્ય શિષ્યોની ઈર્ષ્યાનો હું ભોગ બન્યો! આશ્રમના એક એક દિવસ મારા પૂર્વજોના પુણ્યે પરશુરામના સહવાસમાં આનંદથી વ્યતીત થતા હતા! અનેક વાર ગુરુદેવ મને કલિંગ દેશ આવવા આગ્રહ કરતા પણ કોઈક નિમિત્ત ઊભું કરી હું એ ટાળતો! જોકે એનું મને દુઃખ થતું અને બીજું કુળ સંબંધી ખોટું બોલ્યાનું શૂળ મને ડંખતું હતું! ક્યારેક એ દુઃખથી પર્ણકુટીઓ જાણે ખાવા ધાતી હોય તેમ લાગતું! હૃદયમાં અત્યંત પીડા થતી! એ શૂળ કોઈએ ખૂણામાં ખોસી દીધી હોય એવી વેદના થતી! ત્યારે મનને શાંત પાડવા એકબે કલાક સુધી મનને કોઈ પ્રવૃત્તિમાં ગૂંથી રાખું એવા વિચારથી ધનુષ્ય-બાણ લઈ હું મૃગયા કરવા મહેન્દ્ર પર્વતના ગીચ વનમાં નીકળી પડતો! શિકાર થાય એ કોઈ ભીલને સોંપી દઈ કપાળે પરસેવો લૂછતો ફરી ચડાણ ચડી આશ્રમમાં પાછો ફરતો. મનભરીને ફરવાથી મારો એ દિવસ આનંદમાં જતો! ફરી નવાં ઉત્સાહથી આશ્રમજીવન શરૂ થતું.

આવી જ રીતે એક વાર મન અત્યંત ઉદ્વિગ્ન થઈ ગયું હતું. આથી ધનુષ્ય લઈ આશ્રમની બહાર અરણ્યમાં જવા નીકળ્યો! બે પહોર વીતી ગયા હતા. એક શાખા બીજી શાખા સાથે ઘસાવાથી ઊઠેલા તણખાને કારણે દૂર ક્યાંક આગ લાગી હતી. એના ધુમાડાના ગોટેગોટા મને મહેન્દ્ર પર્વતને એક છેડેથી સ્પષ્ટ દેખાતા હતા! એની ઝાળથી બચવા પક્ષીવૃંદ માળામાં ભરાઈને ચૂપચાપ શાંત પડી રહ્યાં હતાં. સાંજ સુધી ખૂબ ફર્યો પણ એક પણ પશુ દેખાયું નહિ. આથી મન ઉદાસ થઈ ગયું. ખિન્ન હૃદયે આશ્રમમાં પાછા ફરવા મહેન્દ્ર પર્વતનું ચડાણ ચડવા લાગ્યો. કાનની બૂટમાંથી પરસેવાનાં બિંદુ ટપટપ ટપકી રહ્યાં નહોતાં! પણ બૂટના છેદાયેલા

ભાગેથી બે બાજુ વહેંચાઈ જઈ થોડી થોડી વારે ત્યાં જ અટકી જતાં હતાં! એને હાથથી લૂછવાની મને ટેવ પડી ગઈ હતી! એ જ રીતે મેં એને લૂછ્યાં.

'સરર... ખસ... ખસ!' ક્યાંકથી પશુ પોતાનું આશ્રયસ્થાન છોડી બહાર નીકળ્યું! એની હલચલથી રસ્તા પરની એકાદ ઝાડીમાં ખરરર અવાજ થયો. ઘણા દિવસે અવાજની દિશામાં લક્ષ્યવેધ કરવાનો અવસર મળ્યો હતો! ધનુષ્ય ઊંચકી મેં એક અમોઘ બાણ ચડાવ્યું. પ્રત્યંચા કાન સુધી ખેંચી અવાજની દિશામાં બાણ ઝડપથી છોડ્યું! અંગૂઠાના સ્પર્શથી કાનની છેદાયેલી બૂટ સહેજ હલી! સૂઉઉ... અવાજ કરતું બાણ પર્ણઝાડીમાં ઘૂસી ગયું! એ નિશાન અચુક હતું!

'હં... મ્મા...!'

મર્મવેધક બાણથી વન્યપશુને બદલે એક ગાયની જીવલેણ ચીસ મારે કાને અથડાઈ! બીજી જ ક્ષણે શરીરનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં! હાથમાંનું ધનુષ્ય આપોઆપ સરી પડ્યું! આખું શરીર કાંપવા લાગ્યું! આસપાસની લતા-વેલી ગોળગોળ ફરતી દેખાવા લાગી! આમ કેમ થયું?

'શુ... ભ...દે!' દૂરથી કોઈ મોટે મોટેથી બૂમ પાડતું હતું. ઝાડીમાં એકસરખો ખર્ર્ર્ર્ અવાજ થઈ રહ્યો હતો. ક્ષણે ક્ષણે બૂમ ઊંચા અવાજે પડતી હતી.

દોડીને ઝાડીમાં વેરાયેલાં પાંદડાંને હાથથી દૂર કરતાં જ સામેનું દૃશ્ય જોઈ શરીર આખું થીજી ગયું! એક શ્વેત ગાય પગ પછાડતી તરફડતી હતી! મારું અમોઘ બાણ એના માથામાં ઊંડે સુધી ખૂંપી ગયું હતું! એક વેલીમાં અટવાયેલાં એનાં શીંગડાંને બહાર કાઢવાના તેના પ્રયત્ન થંભી ગયા હતા! એ વેલીમાં એમ ને એમ અટવાયેલાં હતાં. આખી ઝાડી ખેદાનમેદાન થઈ ગઈ હતી. દૃશ્ય વિચિત્ર દેખાતું હતું. ઝાડીમાંથી કૂદકો મારી મેં એના માથામાંથી બાણ કાઢવાનો પ્રયત્ન કર્યો પણ એના માથામાં ઊંડે સુધી એ ખૂંપી ગયું હતું! બાણ કાઢતાં થતી વેદનાને લીધે તે ખૂબ જોરથી હૃદયભેદક ભાંભરવા લાગી. મને થયું કે મારા છેદાયેલા કાનના પડદા ફાટી જશે! લાંબી જીભ કાઢીને તે મૃત્યુ સાથે ઝઝૂમતી હોય એમ એ ભયાનક આંચકા દેતી હતી! ઘૂંટણ ટેકવીને હું તરત નીચે બેસી પડ્યો. શરીર જડ થઈ ગયું! આખું વિશ્વમંડળ ઘૂમરી લઈ રહ્યું છે કે શું? અહંકારી લોકોના શિર છેદી નાખનાર બાણ આજે ગાયના માથામાં ખૂંપી ગયું હતું!

'શુ...ભ...દે! શુભદે!' અત્યંત નજીકથી બૂમો સંભળાતી હતી. થોડી વારમાં એક વૃદ્ધ બ્રાહ્મણ મારી સામે આવીને ઊભો રહ્યો! શરીર પર ધસી પડેલી ભેખડની જેમ!

પોતાની ગાયના માથામાં ખૂંપેલા બાણને જોઈ તેણે જોરથી ચીસ પાડી. એના આક્રોશથી રણાંગણમાં વીરોના અને વાદ્યોના કોલાહલને સહી લેનારું મારું હૃદય થથરી ઊઠ્યું. મેં જોરથી આંખો મીંચી દીધી.

'શુભદે, કયા ચાંડાળે તારા મર્મ પર આ જીવલેણ બાણ છોડ્યું?' પાસે આવી ગાયના માથામાંથી બાણ ખેંચી કાઢવાનો એ વ્યર્થ પ્રયત્ન કરવા લાગ્યો. એ વેદનાથી વધુ તરફડવા લાગી. એના મોંમાંથી ફીણ નીકળવા માંડ્યા. 'મારા કુટુંબનો ભાર હવે કોના શિરે મૂકું? મારા દૂધથી પોષાયેલું આ શરીર કોના માટે જીવતું રાખું?' વૃદ્ધ ગાયના મોં પર હાથ ફેરવતાં એ ડૂસકાં ભરવાં લાગ્યો. કાળજાને વીંધી જતી આટલી કરુણ હૃદયવેદના મેં

ક્યારેય જોઈ નહોતી. મારી મૃગયાને કારણે આ ઘટના બની હતી. એક વાર અખાડામાં અવાજની દિશામાં કરેલા લક્ષ્યવેધની ઘટનાએ મને ગૌરવના શિખરે મૂકી દીધો હતો એ જ ઘટનાએ આજે મને રૌરવ નરકના ઊંડા કૂવામાં ધકેલી દીધો! હું કર્ણ, દિગ્વિજયી સેનાપતિ, દાનવીર, પરશુરામનો પટ્ટશિષ્ય – નહિ – નહિ! હું કેવળ એક ગોહત્યારો! મહાન પાપી! અનિવાર્ય ઘટના દ્વારા ઠુકરાયેલો નિર્માલ્ય પુરુષ!

જીવલેણ વેદનાથી તરફડતી, પગ પછાડતી ગાયે છેલ્લા શ્વાસ ગણ્યા! શ્વેત કમળ જેવું લબડી ગયેલું ગોળ મસ્તક અને લબડતી જીભ સાથે એના પ્રાણ ગયા! એની આંખોની નિસ્તેજ કીકી મામાના દ્યૂતના પાસા કરતાં વધુ ભયાનક લાગતી હતી! થોડી વારમાં એના શબને હાથવગું કરવા વન્યપશુઓ એની આસપાસ ગર્જના કરવા લાગ્યા. મેં મારું મોં શરમથી મર્મવિદારક વેદનાથી હાથમાં છુપાવી દીધું!

'સંન્યાસી, હું તને શું દઉં? હું જ આજ લૂંટાઈ ગયો છું!' પેલા વૃદ્ધે મારા ખભે હાથ મૂકતાં કહ્યું! એના સ્પર્શથી હું પાણી પાણી થઈ ગયો. મેં એની ગાયનો વધ કર્યો હોય એવી શંકા મારાં વસ્ત્રો જોતાં એના મનમાં થઈ નહિ! નીચે નમી એનો ચરણસ્પર્શ કરતાં વ્યાકુળ સ્વરે કહ્યું, 'બ્રહ્મન્, ક્ષમા કરો. આપની શુભદાએ... આપની ગાયે, મારા... મારા જ બાણથી પ્રાણ છોડ્યા છે! મૃગયા કરતાં ભૂલથી વન્યપશુ સમજી મેં એના પર અસાવધતાથી બાણ છોડ્યું! મને ક્ષમા કરો! હું આપને પાંચ ગાયો દઈશ!'

જીવનમાં પહેલી વાર હું યાચક બન્યો! દીન બન્યો! લાચાર બન્યો.

'આઘો હટ!' એણે મને તરત ધક્કો માર્યો. થોડી વાર પહેલાં પોતાની ગાય માટે રડનારો વૃદ્ધ ક્ષણવારમાં યજ્ઞકુંડ જેવો રાતોચોળ થઈ ગયો! એના હોઠ કાંપવા લાગ્યા. આંખોમાંથી આગ ઝરવા લાગી. 'સંન્યાસી થઈને શિકાર કરે છે? તારાં ભગવાં વસ્ત્રો બાળી નાખ! એક ગાય માટે પાંચ ગાય દેનારા ગોહત્યારા, તારી એક માતા મૃત્યુ પામે તો તું જગતની પાંચ સ્ત્રીને માતા કહીશ? તારી સંન્યાસીની તપસ્યા કરતાં મારું બ્રહ્મતેજ કેવું પ્રખર છે તે હું આજ તને બતાવી દઈશ!'

'ના.. હું... હું... સંન્યાસી નથી! હું એક યોદ્ધા છું. પરશુરામનો શિષ્ય છું!' મેં ફરી એના પગ પકડી લીધા.

'આઘો હટ! તારો સ્પર્શ સુધ્ધાં ગોહત્યા જેટલો ભયંકર છે! યોદ્ધા, યોદ્ધા કહીને ઉન્મત્ત બની ગાય પર બાણ છોડનારા અધમ, જા તારા રથનું ચક્ર યુદ્ધમાં ખરે વખતે ધરતીમાં ખૂંપી જશે! આ ગાયના માથામાં ખૂંપી ગયેલા બાણની જેમ! ગમે તેટલો જીવ સાટે પ્રયત્ન કરીશ તોપણ કદી બહાર નહિ નીકળે! ચાલ્યો જા!' એ ધડાધડ પગ પછાડતો ચાલ્યો ગયો. પોતાની મૃત શુભદાને છોડીને! મારું જીવન શાપદગ્ધ કરીને! મારો લક્ષ્યવેધ કરીને! મારો શિકાર કરીને!

એના શાપથી મારું હૃદય સૂનમૂન થઈ ગયું! બધિર થઈ ગયું! અંગ પરનાં ભગવાં વસ્ત્રો મને ચારેબાજુથી ભડભડતી અગ્નિજ્વાળા સમાં લાગ્યાં! સારુંય જીવન સમસ્યાઓની જ્વાળાઓ લઈ મારી ગોળગોળ ફરતું નાચતું હતું! હું ક્યાં છટકી શકવાનો હતો?

શરીરનો બોજ ઉઠાવતો આશ્રમ તરફ ચાલી રહ્યો હતો. મારા શાપિત હૃદયમાં નિરાશા છવાઈ ગઈ હતી. આજ ક્રૂર દૈવે મારામાંના વીર કર્ણનો મર્મભેદી શિકાર કર્યો હતો!

આ શાપથી મારું સમગ્ર જીવન જ ક્યાંક ઊંડી ગુફામાં જાણે ધકેલાઈ ગયું હોય એમ મને થયું! મન પેલી ગાયની જેમ તરફડતું હતું! ચીસ પાડી રહ્યું હતું! મૂકપણે! નિઃશબ્દપણે મનની ભીંતરમાં!

જે ભીલને રોજ શિકાર દેતો હતો તેને ગાયનો મૃતદેહ ધરતીમાં દાટી દેવાનું કહી એના હાથમાં અપશુકનિયાળ ધનુષ્ય આપી દેતાં કહ્યું,

'આજથી શિકાર બંધ!'

'મહેન્દ્ર પર્વતનું ચડાણ ચડતાં પિંડીના સ્નાયુ પહેલી વાર કળવા લાગ્યા! આશ્રમના પ્રાંગણમાં પગ મૂકતાં ગાયના ગળાની ઘંટડીઓના રણકાર આજ મને કર્ણમધુર લાગ્યા નહિ! પણ સ્મશાનવાદ્યની જેમ ભયાનક અને બીભત્સ લાગ્યા! જમ્યા વગર, પ્રાર્થના કર્યા વગર સીધો દર્ભની પથારીમાં ટૂંટિયું વાળીને પડી રહ્યો! નિદ્રાની આરાધના કરવાનું પણ મને મન થયું નહિ! મૃત્યુને લજવતી ઉદાસીનતા મનને ઘેરી વળી હતી! આશ્રમની આસપાસ કૂંપળોમાંથી તમરાં કર્કશપણે અવાજ કરી રહ્યાં હતાં!

સાત

આ એક જ બનાવે કવચ-કુંડળનાં ત્યાગ કરતી વખતે થયેલી વેદનાથી અધિક મને પીડિત કરી મૂક્યો. આશ્રમમાં કોની પાસે મારું દુઃખ વ્યક્ત કરું? કેટલાંક દુઃખો મૂંગે મોઢે જ સહી લેવાનાં હોય છે. સ્મૃતિનાં દુઃખોનાં કાળાં વસ્ત્રોનાં તાંતણાં તોડવાથી કોઈને ક્યારેય સફળતા મળતી નથી તોપણ એની કાળાશને દૂર કરવા મન સતત પ્રયત્નશીલ રહે છે! આનું નામ જ જીવન! સુખ ન મળે તો કાંઈ નહિ પણ દુઃખની માત્રાને ઘટાડી શકીએ એનું નામ જીવન!

આ દ્વિધામાં મને અકૃતવ્રણનો અમૂલ્ય આધાર મળ્યો હતો. થોડા સમયમાં અમારા બંને વચ્ચે સ્નેહની ગાંઠ બંધાઈ હતી. મારું દરેક કામ એ પ્રેમથી કરતો. નવા વિચારો દર્શાવતો. આથી ગોહત્યાની દાહક સ્મૃતિ બુઝાવા લાગી.

દિવસ-રાતના શ્વેતશ્યામ અશ્વોને દોડાવતો કાળનો રથચક્ર બનાવોના આરાને ઘુમાવતો નિરંતર દોડી રહ્યો હતો. માણસ જ્યાં રહે છે ત્યાંની તમામ વસ્તુઓ પ્રત્યે તેને અનોખું આકર્ષણ જાગે છે, મમતા બંધાય છે. મહેન્દ્ર પર્વત પ્રત્યે મને આવી જ મમતા બંધાઈ ગઈ હતી. સમિધ એકઠાં કરવા માટે ત્યાંની ખાઈઓ અને શિખરો પર ફરવું પડતું ત્યારે ક્યારેક મેદાનમાં ઊગેલાં તૃણ પર ચળકતાં ઝાકળબિંદુને જોઉં ને મને, 'જીવન ઝાકળબિંદુ જેવું છે', એમ કહેનાર અશ્વત્થામાની યાદ આવી જતી. અનેક પ્રસંગે એણે કહેલા સુંદર વિચારો મારા મનમાં ઊભરાવા લાગતા. 'કર્ણ, તું કોણ છે એ તું જાતે જ જાણી લે! તારા અંતરંગ સાથે એકતા સાધ! ગંભીર થા!' એના વિચારો મારે માટે ખરેખર અવિસ્મરણીય હતા! એવી જ રીતે ક્યારેક પર્વત પર એકાદ ઝૂલતી વનકદલીને જોઈ વૃષાલીની સ્મૃતિ થઈ આવતી! વનકેવડાના ઊંચા થડને જોતાં નિખાલસ અને પ્રેમાળ શોણ આંખ સામે તરવરવા લાગતો! ઘટાદાર વટવૃક્ષને જોઈને મન પિતામહના જીવન સાથે એની તુલના કરવા મંડી પડતું! મહાનદીનો શાંત પટ માતાપિતાની મીઠી સ્મૃતિને જાગ્રત કરી દેતું, પરંતુ નદીનાં પાણીની ભમરીમાં મને કેવળ દુર્યોધન જ દેખાતો! કોઈ કાંટાળી ભૂમિ જોઉં ને ગુરુ દ્રોણ

અને કીચડ ભૂમિમાં પથરાયેલી લીલી શેવાળને જોઈને શકુનિમામા આંખ સામે ઊભા થઈ જતા! સ્મૃતિ પડછાયા જેવી છે! એ સતત મનનું પ્રતિબિંબ ઝીલ્યાં કરે છે! ભગવાન પરશુરામને જોઉં ને શ્રીકૃષ્ણની યાદ આવે અને આંખ સામે શિશુપાલવધનો પ્રસંગ ખુલ્લો થઈ જાય. એ પછી ક્યારેય હું શ્રીકૃષ્ણને મળી શક્યો નંહોતો! હવે એમને મળવાની એટલી ઉત્કંઠા પણ રહી નહોતી!

આ પ્રકારનું આશ્રમજીવન હાથમાં હાથ પરોવી પસાર થતું હતું! રાત્રે નિદ્રાધીન થતાં બાળપણથી માંડીને આજ સુધીના દરેક પ્રસંગદર્શનથી થાકેલું મન ભાવિના લક્ષ્ય માટે યોજના કરે તોપણ એ લક્ષ્યને સિદ્ધ કરી શકે તેમ છે? અજ્ઞાત ભાવિમાં શું શું છુપાયું છે એ માણસ જાણી શકતો હોય તો જીવનમાં નિરંતર ચાલતાં સંઘર્ષ, કોલાહલ, ખટપટને અવશ્ય અટકાવી શક્યો હોત! પણ એમ કંઈ બનતું નથી. પ્રત્યેક માણસ આશાવાદી બનીને જીવે છે, હું પણ એ જ રીતે હૃદયમાં શ્રદ્ધા રાખીને બ્રહ્માસ્ત્રની સાધના કરતો હતો! હસ્તિનાપુર છોડ્યાને બે વર્ષથી વધુ સમય વીતી ગયો હતો. બ્રહ્માસ્ત્રના દિવ્ય મંત્રો પૂરા થયા હતા. આ શસ્ત્રથી જ સૂર્યકિરણો પર પણ વિજય પ્રાપ્ત કરી શકાય તેમ હતો. દિવ્ય અને દેદીપ્યમાન પ્રકાશપુંજ સિવાય ગમે તે કઠીન વસ્તુ એનાથી પીગળી જાય તેમ હતી! સર્વ શસ્ત્રોમાં શ્રેષ્ઠતમ આ શસ્ત્ર હતું!

આવી સમર્થ વિદ્યા ભગવાન પરશુરામે એક પૂર્ણિમાંએ અભિચાર મંત્રો સહિત સંપૂર્ણપણે મને સ્વાધીન કરી આચમનનું પાણી મારા હાથમાં મૂકી તેઓ ગંભીરભાવે બોલ્યા, 'ભાર્ગવ, આ બ્રહ્માસ્ત્રવિદ્યા છે! દુર્બલ અને નિઃશસ્ત્ર પર એ કદી અજમાવીશ નહિ! જો એના પર અજમાવવાનો પ્રયત્ન કરીશ તો એ સીધું તારા પર આવશે! સામર્થ્યનો અર્થ દુર્બલોના અધિકારની રક્ષા કરવી એ છે!'

'આજ્ઞા, ભગવન્!' મેં પહેલી વાર માતાપિતા સિવાય આ દિવ્ય મહાપુરુષનાં ચરણે શ્રદ્ધાપૂર્વક મસ્તક નમાવ્યું હતું! જીવન ધન્ય થયું! મારી આંખોમાંથી ધન્યતાનાં આંસુ એમનાં પુનિત ચરણો પર સરી પડ્યાં.

'અને તારા સદ્દભાગ્યે આજે મારું વરુણવ્રત પૂરું થાય છે! એની પૂર્તિ માટે હું આજ પૂર્વ સમુદ્ર તરફ આખો દિવસ ઊભો રહીશ! આખી રાત મંત્રનું પુનશ્ચરણ કરીકરીને આંખો સ્થિર થઈ ગઈ છે. છેલ્લા ચાર દિવસના ઉપવાસ છે! એટલે આજે તું મારી સાથે કલિંગ રાજ્ય આવ! શરીર થોડું થાકી ગયું છે!' એમણે વ્યાઘ્રચર્મ પરથી ઊઠતા મને આજ્ઞા કરી!

મારી સામે યક્ષ પ્રશ્ન ઊભો થયો! મનથી નિરધાર કરી મેં હકારમાં માથું હલાવ્યું, આનાકાની કરી નહિ. મહેન્દ્ર પર્વત છોડીને જતાં પહેલાં એમની છેવટની આજ્ઞા શા માટે ઉલંઘું? શિષ્ય સમુદાયની જયઘોષણા સાથે અમે બંને આશ્રમ છોડીને આગળ ચાલ્યા. અકૃતવ્રણથી છૂટા પડતાં મારું હૃદય દ્રવી ઊઠ્યું.

ઊગતા પહોર પહેલાં જ અમે આશ્રમની સીમા પાર કરી! કવચ ન હોવાથી મને ગરમી લાગવા માંડી! છતાં ગુરુદેવની સાથે મહેન્દ્ર પર્વતનો ઢાળ ઊતરતાં મનમાં સંતોષ હતો! કદાચ બ્રહ્માસ્ત્ર મેળવ્યાથી સામર્થ્ય પ્રાપ્ત કર્યાની લાગણી સુખદ લાગતી હશે!

'ભાર્ગવ, તને ક્યારેય મેં પૂછ્યું નથી પણ આજે એક પ્રશ્ન પૂછવાનું મને મન થયું છે!'

'પૂછો, ગુરુદેવ! યથામતિ ઉત્તર આપીશ!' મેં પણ એમને વિનમ્રતાથી જવાબ આપ્યો.

'તારા કાનની બૂટ કેવી રીતે તૂટી ગઈ?' માથા પર કુહાડીનો ઘા પડ્યો હોય એવો ઝાટકો મને લાગ્યો.

'એક વૃદ્ધ બ્રાહ્મણને મારા કાનનાં કુંડળની જરૂર હતી! કાન કાપ્યા સિવાય એ દેવા શક્ય નહોતાં. આથી મેં કાપીને આપી દીધાં!' મેં સત્ય હકીકત જણાવી.

'સરસ! ભૃગુકુળને શોભે એવું તારું આચરણ છે! તારા હાથમાં બ્રહ્માસ્ત્રવિદ્યા સુરક્ષિત છે એમ મને લાગે છે! એમના પરશુનું પાનું ચમકતું હતું. મારા ગળે સોસ પડ્યો હતો! તેઓ મને બ્રાહ્મણનું નામ પૂછશે તો? પણ તેઓ કંઈ જ બોલ્યા નહિ!

ચાલતાં ચાલતાં અમે છેવટે એક વિશાળ વટવૃક્ષ નીચે આવ્યા. ઢાળ ઊતરતાં અમે પરસેવે રેબઝેબ થઈ ગયા. વટવૃક્ષની ઘટાદાર છાયા વિશ્રામ માટે અમને લોભાવતી હતી.

'ભાર્ગવ, બહુ થાકી ગયા! થોડો વિશ્રામ લઈને પછી આગળ જશું!' ગુરુદેવે આજ્ઞા કરી. ચાર દિવસના ઉપવાસથી તેઓ થાકી ગયા હતા, અવાજ ક્ષીણ થઈ ગયો હતો. અંગ પરનું વ્યાઘ્રચર્મ વૃક્ષની છાયામાં પાથરી તેઓ સૂઈ ગયા. ઉપવાસ, જાગરણ અને પર્વત ઊતરતાં લાગેલા શ્રમથી તેઓ અતિશય થાકી ગયા હતા. એમના વરુણવ્રતનો આજે છેલ્લો દિવસ હતો. 'ભાર્ગવ, માથા નીચે એકાદ પાષાણનું ઓશીકું મૂક!' તેઓ આંખ મીંચતા બોલ્યા. હું આજુબાજુ પથ્થર શોધવા લાગ્યો પણ મળ્યો નહિ. જેમણે મને બ્રહ્માસ્ત્રવિદ્યા દીધી એ મહાન તપસ્વીની આટલી ક્ષુલ્લક માગણી પણ હું પૂરી કરી શકું નહિ? મને દુઃખ થયું.

તરત જ પાસે આવી નીચે બેસી એમનું જટાધારી વિશાળ મસ્તક શ્રદ્ધાથી ઊંચકી મેં મારા ખોળામાં મૂક્યું! ભગવાં વસ્ત્રોનો સ્પર્શ થતાં જ એમણે આંખો ઉઘાડી મારી સામે ગર્વથી જોતાં કહ્યું, 'ભાર્ગવ, આને હું તારી ગુરુદક્ષિણા ગણું છું! પણ ઊંઘ પૂરી ન થાય ત્યાં સુધી મને ઉઠાડતો નહિ! ઊંઘ અને વચન કદી અધૂરાં રાખવાં નહિ!'

એ મહાન યોદ્ધા, દિવ્ય તપસ્વી, જામદગ્નિપુત્ર, વીરોના વીર, મારા... સૂતપુત્ર કર્ણના... ખોળામાં શાંતિથી પોઢી ગયા! મારા ભાવુક મનમાં ભાવનાઓનો કોલાહલ મચી ગયો! અનેક લોકોએ મારા પર પુષ્પવૃષ્ટિ કરી હતી, મારી જયઘોષણા કરી હતી! પણ આટલી પરમ ભાગ્યની ઘડી મારી જિંદગીમાં કદી આવી નહોતી! મહાનમાં મહાન ક્ષત્રિયોને સુધ્ધાં ધ્રુજાવનારું ક્ષત્રિયતેજ આજ મારા ખોળામાં આરામ કરી રહ્યું હતું!

એમની દાઢી ચમકતી હતી. શ્વાસ મંદગતિએ ચાલતો હતો પણ મારું વિચારચક્ર વાયુગતિએ દોડતું હતું. જીવનની કૃતાર્થતાનો આ દિવસ હતો. ધન્યતાની આ ક્ષણ હતી!

એક ઘડી વીતી ત્યાં વટવૃક્ષની ડાળીઓમાંથી કેટલાંક પ્રખર કિરણો એમની દાઢીધારી તેજસ્વી મુખમુદ્રા પર પડવા લાગ્યાં! એમની ઊંઘમાં ખલેલ ન પડે એટલા માટે મેં બે હાથનું છત્ર પ્રખર કિરણોને છાવરવા ધરી દીધું! ગુરુદેવના શ્વાસ પૂર્વવત્ મંદમંદ ચાલવા લાગ્યા!

કિરણોનો તાપ હાથ પર ઝીલતાં મેં નિઃશ્વાસ છોડ્યો!... મને થયું કે નિરંતર ફરતું નિયતિનું ચક્ર અહીં જ ક્યાંક થંભી જાય! અન્યાયી અને અત્યાચારી નરાધમોને પોતાના પરશુથી કંઠ સ્નાન કરાવનાર એ વીર યોદ્ધા આજે મારા ખોળામાં શાંતિથી ઊંઘતા રહે! અનંતકાળ સુધી!

એમની બાજુમાં મૂકેલા પરશુના ધારદાર ફલક તરફ મેં શ્રદ્ધાથી જોયું. એના તીક્ષ્ણ દાંતા પર કાળો કીટક પોતાના પગની હલચલ કરતો ફરી રહ્યો હતો. એની શરીર-રચના જોઈને હું સમજી ગયો કે એ કીટક લાકડીને કાપનાર તીક્ષ્ણદાંતાનો અલર્ક[1] હતો. કેવળ મનોરંજનને ખાતર હું એ ક્ષુદ્ર કીટકની હીલચાલ એકીટશે જોઈ રહ્યો. પરશુના ફલક પર સહજપણે એકબે ચક્કર લગાવ્યાં! એ જોતાં મને થયું કે પ્રત્યેક માણસનું જીવન એ આ કીટક જેવું છે! સંસાર રૂપી પરશુ પર આ જ રીતે એ ચક્કર લગાવતો રહે છે!

એકાએક તે અલર્ક પરશુની ધાર પરથી નીચે ફસાઈ ગયો! અને ખોળામાં જે ભાગ પર ભગવાન પરશુરામનું મસ્તક હતું એની નીચેથી ધીરે ધીરે મારી જાંઘ તરફ સરકવા લાગ્યો! હાથથી એને દૂર હડસેલી મૂકવાનો એક વિચાર મનમાં આવ્યો; પણ એમ કરવાથી મારું શરીર હલે અને આકાશમાંથી પ્રખર કિરણો સીધા ગુરુદેવના ચહેરા પર પડે. આથી એમની ઊંઘમાં ખલેલ પડે! 'ઊંઘ અને વચન કદી અધૂરાં રાખવાં નહિ! આને હું તારી ગુરુદક્ષિણા માનું છું!' એમના આ ઉદ્‌ગાર મારા કાનમાં પડઘાતા હતા! એથી હું અડગ બેસી રહ્યો! ગમે તે મુશ્કેલી આવે તોપણ હું એનો મક્કમતાથી સામનો કરીશ એવા નિર્ણય સાથે!

ધીરે ધીરે અલર્ક સીધો સરકીને મારા પગ નીચે આવ્યો! ભગવું વસ્ત્ર ચીરીને એણે પોતાનાં તીક્ષ્ણ દાંત કચકચાવીને મારા પગની ચામડીમાં ભરાવ્યા! અસહ્ય વેદનાનો એક તીવ્ર સણકો પગથી માથા સુધી પહોંચી ગયો! આવે વખતે અંગ પર કવચ હોત તો કેવું સારું થાત! પણ એ વિચાર મેં તરત ખંખેરી નાખ્યો! હવે પછી મારે મારું જીવન ફક્ત કર્ણ રૂપે ધીરજતાથી વિતાવવાનું હતું. પોતાનાં જ પરાકર્મના બળ પર! આ પ્રકારનું જીવન હોય કે ન હોય તોપણ રોદણાં રડવાં જ નથી! અલર્ક જાંઘની નસેનસ પર સતત ડંખવા લાગ્યો. લોહીની ધારથી ભગવાં વસ્ત્રનો રંગ પણ લાલ થઈ ગયો! વેદનાનાં અસંખ્ય બાણ જાંઘ પરથી નીકળી ક્ષણે ક્ષણે મસ્તકને વીંધવા લાગ્યાં! કવચદાન કરતી વખતે આટલી ભયંકર વેદના મને નહોતી થઈ! આંખ મીંચીને હોઠ દાંત નીચે દબાવીને સહન કર્યા સિવાય ગુરુદક્ષિણા પૂરી થવાની નહોતી! ભ્રમર વૃક્ષની ડાળીને ખોખલી કરી નાખે તેમ અલર્ક મારી જાંઘના કણકણને ખોખલી કરી રહ્યો હતો! વારણાવતના ઘટાદાર અરણ્યમાંથી ક્રૂર વાઘ પણ આટલું લોહી પી શક્યો નહોતો એટલું લોહી આ ક્ષુદ્ર કીટક મનભરીને પીતો હતો! એક તસુભાર પણ હલી શકાય તેમ નહોતું. મારા જીવનમાં પહેલી વાર મનનો નિરધાર અને શરીરની વેદના બંને વચ્ચે જોરદાર સ્પર્ધા શરૂ થઈ હતી! આ કસોટીની ક્ષણ હતી! નિર્ણાયક ક્ષણ હતી! સહનશીલતાની ક્ષણ હતી! મનની સમતુલા જાળવવાની ક્ષણ હતી! જાંઘની નસેનસ તોડીને લોહીનો જીવનરસ પીને અલર્ક કણકણ વીંધીને આગળ સરકી રહ્યો હતો.

---

૧. ઝેરીલો સાપ

તીવ્ર વેદનાથી લોહીનું પાણી થઈ પરસેવા રૂપે મારા કપાળ પર બાઝી ગયું! એ દૂર કરવા પણ મેં હાથ હલાવ્યો નહિ! પરસેવો અને લોહી! એ બે સિવાય વધુ કિંમતી ગુરુદક્ષિણા રૂપે ભગવાન પરશુરામને હું શું આપી શકવાનો હતો? તે કદાચ પૂછવા માટે જ લોહીની ધારા વહેતી વહેતી પરશુના ફલકની ધાર સુધી પહોંચી! એક ક્ષણમાં એણે પરશુનું ફલક લોહીલુહાણ કરી નાખ્યું! ધાર અલોપ થઈ ગઈ! અલર્કે મારી જાંઘ પૂરેપૂરી ઠોલીને મારા ભાવિ જીવનમાં એક છિદ્ર પાડી દીધું! છિદ્ર વાટે એ પગ પર ચડી એ ભગવાનની દાઢીના કેશમાં સળવળવા લાગ્યો! હવે એમની ઊંઘમાં ભંગ થશે એ બીકે મારા હોઠ ધ્રૂજવા લાગ્યા! એ અલર્ક એમના શરીર પર આંટા મારશે તો? આ ક્ષુદ્ર કીટક બંને વ્યક્તિનું જીવન ખોખલું કરી નાખશે! એ ગુરુદેવના શરીરને ન સ્પર્શે એ માટે મેં આકાશ તરફ મીટ માંડી અને હું સર્વશક્તિમાન સૂર્યદેવને પ્રાર્થના કરવા લાગ્યો! એકાએક મારી જાંઘમાંથી વહેતાં ઉષ્ણ લોહીના સ્પર્શથી ગુરુદેવ આકળવિકળ થઈ ગયા. તેઓ એકદમ જાગી ગયા.

પોતાની દાઢીમાં સળવળતા પેલા અલર્કને એક ઝાટકે દૂર કર્યો! મારા હૃદયમાં લાગણીઓનું એવું પૂર ઊમટ્યું હતું કે એને વ્યક્ત કરવા માટે મને શબ્દો જડતા નહોતા. હવે ભગવાન કહેશે કે, ‘ભાર્ગવ, સંસારમાં અનેક શિષ્યો થયા અને થશે! પણ તેં આપેલી ગુરુદક્ષિણાને ધન્ય છે!’ પણ... પણ એવું કંઈ જ બન્યું નહિ!

ગુરુદેવ પળવારમાં આખી પરિસ્થિતિ સમજી ગયા હશે! લોહીથી ખરડાયેલું પરશુ ઊંચકતાં એમણે ભવાં ચડાવીને કપાળની રેખા તાણતાં કહ્યું, ‘આટલી બધી સહનશીલતા! આટલો બધો સંયમ! ભાર્ગવ, સાચું કહે, તું કયા કુળનો છો?’

‘ભૃગુ...!’ મેં લોહીના ખાબોચિયામાંથી પગ ઊંચકતાં જવાબ આપ્યો! એ વખતે મારું હૃદય લોહીથી ખરડાયેલા પગ કરતાંય વધુ લોહીલુહાણ હતું!

‘અસત્ય! તું બ્રહ્મકુમાર નથી જ! આટલી હિમગિરિસમી સહનશીલતા બ્રહ્મકુમારમાં હોઈ શકે જ નહિ! કયા ક્ષત્રિયકુળનો તું છે? બોલ, સાચું બોલ!’

‘હું... હું ક્ષત્રિયકુળનો નથી! હું કર્ણ છું! સૂતપુત્ર છું!’ જાંઘ ખોખલી થઈ ગઈ હતી ત્યારે જેટલી મક્કમતા ધારણ કરી હતી એથીય વધુ મક્કમતાથી મેં જવાબ દીધો. જે થવાનું હોય તે થાય! બહુ બહુ તો પરશુથી માથું વાઢી નાખશે! પ્રાણપંખેરું શરીરનું પિંજર છોડી ચાલ્યું જશે! ક્રોધી પરશુરામ પરશુથી માથું વાઢી નાખશે! સૌભાગ્યનું મૃત્યુ પરશુની ધારથી સ્વર્ગની વાટ ચીંધશે.

‘કર્ણ! હસ્તિનાપુરનો કવચ-કુંડળધારી તું જ કર્ણ છો? ઇન્દ્રને કવચ-કુંડળનું દાન દેનાર તું જ કર્ણ?’

‘હા! હવે કવચ પણ નથી ને કુંડળ પણ નથી. ઇન્દ્રને મેં દાનમાં દઈ દીધાં તેથી જ અલર્ક મારી જાંઘ વીંધી શક્યો!’

‘દાનવીર ઠરેલ કર્ણ, આ પરશુરામના આશ્રમમાં પ્રવેશવાની તેં હિંમત કેમ કરી? તું જૂઠું કેમ બોલ્યો? જવાબ દે! નહિતર તને બાળીને અહીં જ ભસ્મ કરી દઈશ અને ફેંકી દઈશ તને પૂર્વસાગરનાં ઘૂઘવતાં મોજાંમાં!’ એમની આંખો રાતીચોળ થઈ ગઈ. તેમાંથી ક્રોધાગ્નિની વર્ષા થતી હતી.

'ભગવન્, મૃત્યુના ભયથી કર્ણ કદી વિહ્વળ થતો નથી! બ્રહ્માસ્ત્રપ્રાપ્તિ માટે હું ગુરુ દ્રોણને દ્વારે ગયો હતો. હું ક્ષત્રિય ન હોવાથી એમણે મને ના કહી! તમારે દ્વારે આવીને ઊભો રહ્યો. તમે બ્રહ્મકુમાર સિવાય કોઈને બ્રહ્માસ્ત્ર દેવા તૈયાર નહોતા! તો પછી... પછી અમે સૂત ક્યાં જઈએ? સત્ય અને અસત્ય એ શું છે? તેઓ શું ઉચ્ચકુળના લોકોની ગમાણમાં બાંધેલ પશુ છે? કહો, હું જુઠ્ઠો કઈ રીતે?'

'કર્ણ, તું જ કેવળ મારી સામે છો. તેથી હું મારા સાત્ત્વિક ક્રોધને સમાવી લઉં છું! પણ યાદ રાખજે, જુઠ્ઠાણું તે જુઠ્ઠાણું છે! બ્રહ્માસ્ત્રવિદ્યા મેળવવા મારી પાસે જૂઠું બોલવાની તને દુર્બુદ્ધિ સૂઝી? આ બ્રહ્માસ્ત્ર તને યુદ્ધની કટોકટીના પ્રસંગે યાદ નહિ આવે! જા. ચાલ્યો જા! મહેન્દ્ર પર્વતની સીમા છોડી પરશુરામના ક્રોધાગ્નિના કક્ષમાંથી ચાલ્યો જા!'

એમણે પગનું ઠેબું મારી મને આજ્ઞા કરી. એમના હાથમાંના પરશુ પરના લોહીના ડાઘને લૂછવાનો પ્રયત્ન કર્યો પણ તે દૂર થયા નહિ! લુછાય તેમ પણ નહોતા!

લોહીલુહાણ પગ અને ઉદ્વિગ્ન મન સાથે જખમી વાઘની જેમ હું મહેન્દ્ર પર્વતનો ઢાળ ઊતરવા લાગ્યો! કઈ આશાએ હસ્તિનાપુર છોડીને હું અહીં આવ્યો હતો અને શું મેળવીને હું પાછો ફરી રહ્યો છું? જીવન એ એક અરાજકતા છે! કીટક રૂપે આજે એણે કર્ણના દિગ્વિજયને, દાનશૂરને ખોખલું કરી નાખ્યું નહોતું? જાંઘમાંથી ટપકતાં લોહીનો પણ મને ખ્યાલ નહોતો! શરીર પરથી મેલાંઘેલાં સરી પડેલાં ભગવાં વસ્ત્રોનું પણ મને ભાન નહોતું.! મહેન્દ્ર પર્વતનાં નીલાં શિખરો દૂરથી પણ સુંદર દેખાતાં હતાં! એ આંખોથી ઓઝલ થતાં હતાં છતાં એનો મનમાં ખેદ પણ નહોતો! હૃદયમાં વિચારોનું ઘોડાપૂર ઊમટ્યું હતું! મહેન્દ્ર પર્વત ક્યારે ઊતરી ગયો તેનો ખ્યાલ પણ ન રહ્યો! જે ખેડૂતને વાયુજિત અશ્વ સોંપ્યો હતો તેની પર્ણકુટી પાસે આવીને ઊભો રહ્યો. વાયુજિતની લગામ હાથમાં લીધી ત્યારે એ મારા કાનની બૂટ તરફ ધ્યાનથી જોવા લાગ્યો. આથી મેં એને જાંઘ પરનો ઘા બતાવતાં કહ્યું, 'હજી આ એક નિશાની પણ જોઈ લે અને મારો ઘોડો મને જલદીથી પાછો આપ!'

'સંન્યાસી, ઊભો રહે! તારા ઘા પર ઔષધિ ચોપડી દઉં!' ભોળા ખેડૂતે હાથ ઊંચા કરી વિનમ્રભાવે કહ્યું, પરંતુ એના શબ્દો પર મેં ધ્યાન દીધું નહિ. હસ્તિનાપુર તરફ દોડતા વાયુજિતના પગની ખરીથી ઊડતી ધૂળ જાંઘના ઘાને રૂઝવતા હતા!

આઠ

શાપિત વિદ્યા અને ભગ્ન હૃદય સાથે હસ્તિનાપુરમાં પ્રવેશવા મનને તૈયાર કર્યું. આપત્તિ અને પ્રતિકૂળતામાં જ પ્રત્યેકનાં પરાક્રમની કસોટી થાય છે. આ સ્થિતિમાં પણ મને વિશ્વાસ હતો કે અર્જુનને પરાજિત કરીને જ જંપીશ. પોતાની આપત્તિનાં રોદણાં રડવાનો શો અર્થ? વીર ક્યારેય પ્રતિકૂળ પરિસ્થિતિથી હતાશ થતો નથી! આપત્તિના મસ્તક પર પગ મૂકીને ઊભા રહેવાની તેનામાં તાકાત છે!

મારી નજીક આવી વાયુજિતની લગામ હાથમાં લેતાં સત્યસેન ફાટી આંખે મારી સામે જોઈ જ રહ્યો. ભગવાં વસ્ત્રમાં મને કોઈ નગરમાં ઓળખી શક્યું નહોતું! બે વર્ષે

હસ્તિનાપુરમાં દાખલ થયો હતો. જતી વખતે અંગ પર રાજવસ્ત્રો હતાં અને આજે માત્ર ભગવાં વસ્ત્ર ધારણ કરીને પાછો ફર્યો હતો!

'સત્યસેન, રાજા દુર્યોધન નગરમાં છે? હોય તો એમને મારા આવ્યાના સમાચાર આપ!' પગથિયાં ચડતાં જ મેં એને આજ્ઞા કરી. રાજમહેલનાં પગથિયાંને પહેલી વાર મારા લોહીનો સ્પર્શ થયો!

હવે મારે બધું ભૂલી જવાનું હતું! પાછળ વળીને જોનારની સામે જીવન સંદાય ખાઈનું નિર્માણ કરે છે! એક પણ પ્રસંગનો ડાઘ મારા હૃદયપટ પર મારે જોઈતો નહોતો! ભૂતકાળમાં હું કોણ હતો, શું હતો – એ સંબંધી મારે વિચારવું જ નહોતું. આજે હું શું છું? મારું ભાવિ કેવું હશે? એ નક્કી કરવાનો સમય હવે પાકી ગયો હતો! સંપૂર્ણ શક્તિથી સામનો કરવાનો!

ભગવાં વસ્ત્રો ઉતારી રાજવસ્ત્રો પરિધાન કર્યાં! વૃષાલીએ કોઈ વનસ્પતિ લાવી એનો રસ કાઢી મારા ઘા પર ચોપડ્યો. વનસ્પતિના છોડા ઘા પર દાબી દીધા. પહેરેલી સાડીની કોર ફાડી એનો પાટો ઘા પર બાંધી દીધો! રોજની જેમ, 'આ શેનો ઘા છે!' એવું એણે પૂછ્યું નહિ! તે સુજ્ઞ પત્ની હતી. પ્રવાસથી થાકેલા પતિને મનભરીને જોઈને મન મનાવી લેવું એ અનુભવથી શીખી હતી! કેટલી પ્રૌઢ દેખાતી હતી તે! એના સહવાસે મારા જીવનના અનેક જખમો પર આમ જ પાટા બાંધ્યા હતા! અમે બંનેએ સાથે હળીમળીને ચાર દાયકાની આ જીવનયાત્રા કરી હતી! આવનાર પ્રત્યેક દુઃખની આગને એના પ્રેમસાગરમાં ડૂબીને મેં બુઝાવી હતી.

'વૃષાલી, માતાપિતા, શોણ, સ્નુષા સૌ કુશળ છો ને?' એ મારા જખમ વિશે મને કંઈ પૂછે તે પહેલાં જ મેં એને પૂછ્યું!

'હા! સૌને કેવળ તમારી કુશળતાની જ ચિંતા હતી! વૃષાસેન, સુષેણ, સુશર્મા – સૌને તમે ઓળખી ન શકો એટલા મોટા બે વર્ષમાં થઈ ગયા છે! અને – અને વજ્રકેત તમારી જેમ રોજ ગંગાકિનારે જાય છે! અર્ઘ્યદાન દેવા! મારા હાથમાં દૂધનો કટોરો દેતાં તે બોલી.

'વૃષાલી, માતા જ પુત્રના જીવનનું ઘડતર કરે છે! આ દૂધની જેમ! સાકર નાખો તો એનું અમૃત થઈ જશે! પણ મીઠું નાખ્યું તો ખારું ધૂધવા જેવું! આપણા પુત્રોનું ઘડતર તારા જેવી પ્રેમાળ માતા કરે તો તેઓ શૂરવીર અને વિજયી ન થાય તો જ નવાઈ! શૂરવીર અને વિજયી થાય જ એમાં શંકા નથી!' મેં દૂધનો કટોરો ખાલી કર્યો. એટલામાં સત્યસેનનો સંદેશો મળતાં દુર્યોધન હાથમાંથી સરકી જતાં ઉત્તરીયને સંકોરતાં ઝડપથી ચાલીને મારા મહેલમાં આવ્યો.

'પ્રણામ, ભાભીશ્રી!' એણે વૃષાલીનું અભિવાદન કર્યું. પ્રણામ સ્વીકારી વૃષાલી અંદર ચાલી ગઈ.

'અંગરાજ, બ્રહ્માસ્ત્ર?' એણે પહેલો જ પ્રશ્ન કર્યો!

'રાજા, બ્રહ્માસ્ત્ર પ્રાપ્ત કર્યા સિવાય પાછો ફરું કે?' એને સધિયારો દેતાં મારું હૃદય સળવળી ઊઠ્યું.

'જય હો! હવે પાંડવોનો મદ ચપટીમાં ઉતારી દેવાશે! આજે જ તેઓ બાર વર્ષનો વનવાસ પૂરો કરી એક વર્ષના અજ્ઞાતવાસમાં ચાલ્યા ગયા છે!'

'તો પછી... તો પછી એમનો પીછો પકડવા તારા ગુપ્તચરોને આજે જ મોકલી દે! આ વર્ષમાં જ એમને ઓળખી કાઢીએ તો ફરીથી એમને બાર વર્ષનો વનવાસ સ્વીકારવો પડશે!' મારી પાસે ઇન્દ્રને મોકલી અર્જુનને સંરક્ષણ દેનારી પાંડવોની કુટિલ રાજનીતિનો મને કડવો અનુભવ હતો! જીવન તત્ત્વજ્ઞાન પર ચાલતું નથી. એને માટે વ્યવહારુ થવું જોઈએ.

'કર્ણ, આપણી સેનામાંથી તમામ કુશળ ગુપ્તચરોને ક્યારના ચારે દિશામાં મોકલી દીધા છે! પ્રત્યેક રાજ્યમાંથી, વનમાંથી, વિજનમાંથી, નગરમાંથી, તીર્થક્ષેત્રમાંથી જ નહિ પણ ગુફાઓમાંથી સુધ્ધાં પાંડવોને શોધી કાઢવા તેઓ જાનના જોખમે પ્રયત્ન કરશે! પાંડવોને શોધી કાઢવા હું તડપી રહ્યો છું, પણ... પણ જાણભેદુઓએ તેમને ક્યાંક છુપાવી રાખ્યા છે! પિતામહ, મહામંત્રી વિદુર, અમાત્ય અને ગુરુ દ્રોણ – એ સૌ દેખાય છે તેવા સીધા સરળ નથી! તેઓએ અહીંની તમામ વાતો દરરોજ પાંડવોને જરૂરથી પહોંચાડી હોવી જોઈએ!'

'રાજા, એથી શું ફેર પડવાનો? પાંડવો પ્રગટ થઈ જશે! યુદ્ધનું આહ્વાન દેશે! એ સ્વીકારવાનું બળ આ ભુજાઓમાં છે ત્યાં સુધી કોઈ તારું અનિષ્ટ કરી શકે તેમ નથી!'

'અંગરાજ, તારા બળ પર જ હું જીવું છું! અને એવો પ્રસંગ આવશે તો તું જ કુરુનો પ્રથમ સેનાપતિ થવા સર્વથા યોગ્ય ઠરીશ!'

'બસ, આ જ નિર્ણયથી આગળ વધો! તને દીધેલું વચન હું જરૂર પૂરું કરીશ! અર્જુનનો વધ કર્યા સિવાય હું કદી મારા પગ ધોઈશ નહિ!'

'હું જાઉં છું. તું આરામ કર. તે ઊભો થયો અને ગજગતિ ચાલે તે મહેલની બહાર નીકળી ગયો. મને અંગરાજ બનાવી જીવનમાં ક્રાંતિકારી કદમ ઉઠાવનાર તે વીર યોદ્ધો હતો.

અજ્ઞાતવાસનું એક વર્ષ! ગવાક્ષમાંથી ગંગાનદીનો પટ નિહાળતાં હું વિચારી રહ્યો... છ કારંડવ પક્ષીઓનું ઝુંડ નદી પરથી આકાશ ભણી ઊઠ્યું! પૂર્વ દિશા તરફ તેજગતિએ આગળ વધવા લાગ્યું! માત્ર એમાંથી એક અધવચ્ચે છૂટું પડી ગયું! પાંખ ફફડાવતું ચાંચ વાળીને તે સીધું રાજમહેલની દિશા તરફ પશ્ચિમ ભણી અવળી દિશામાં તેજગતિએ પાછું ફરવા લાગ્યું! પાંચના ઝુંડમાંથી તે એક જ ક્ષણે ક્ષણે અવળી દિશા તરફ તેમનાથી દૂર દૂર થતું જતું હતું! મેં ગવાક્ષનું દ્વાર બંધ કરી દીધું!

અજ્ઞાતવાસનું એક વર્ષ! આમ જોઈએ તો પ્રત્યેકનું જીવન એક અજ્ઞાતવાસ જ છે! દુઃખમાંથી છૂટવા સ્વીકારેલો! છતાં આઘાતજનક દુઃખોથી ઘેરાયેલો! મારું જીવન પણ આવું જ હતું. પંચોતેર વર્ષનો આ દીર્ઘ પટ ઘટનાઓના, લાગણીઓના, ઉત્કર્ષ-અપકર્ષના કેટલા આડાઅવળા વળાંક સાથે પથરાયેલો હતો! એકમેક સાથે કોઈનો મેળ મળતો નહોતો! ભવિષ્યમાં પણ મેળ બેસશે કે કેમ? ઈશ્વર જાણે!

નવ

એક પછી એક મહિના પસાર થતા હતા. ગુપ્તચરો પાંડવોની શોધ કરી શકતા નહોતા. ભીમનું નામ પડતાં જ દુર્યોધન અસ્વસ્થ થઈ જતો હતો. કંબોજ, કાશ્મીર, ગાંધાર,

પંચનદ, સિંધ, કુલિંદ તૈલંગણ, વિદેહ, પાંચાલ, કોસલ, કિરાત, કામરૂપ, બંગ, મગધ, ચેદિ, દશાર્ણ, કલિંગ, વિદર્ભ, અવંતી, દ્વારકા, સુરાષ્ટ્ર, આનર્ત, મથુરા, વિરાટ વગેરે રાજ્યોમાં મોકલેલા ગુપ્તચરોને મદદ કરવા તેણે બીજા અનેક ગુપ્તચરોને દેશોદેશ મોકલ્યા. ગુપ્તવેશે તેઓ પાંડવોને શોધવા પ્રત્યેક રાજ્ય જોઈ વળ્યા છતાં દર અઠવાડિયે રાજ્યને નકારતું કટુ સમાચાર જ મળતાં રહ્યાં! દુર્યોધનની અસ્વસ્થતા વધતી ચાલી. સંદેહનાં વાદળ ઘેરાઈ ગયાં.

દ્વારિકામાં પણ કેટલાક ગુપ્તચરોએ શ્રીકૃષ્ણના મહેલમાં સેવકોની નોકરી હસ્તગત કરી લીધી હતી! એ ગુપ્તચરોનાં ખાનગી સમાચારને આધારે દુર્યોધન જાતે ગાંધાર સુધી જઈ આવ્યો હતો! એને એટલું પણ ભાન નહોતું પડતું કે શ્રીકૃષ્ણ ધારે તો તને દિશાભાન ભુલાવે તેવા સમર્થ છે!

એક વાર દ્વારિકામાંથી ગુપ્તચર દ્વારા સમાચાર મળ્યાં કે પાંડવો વિરાટ રાજ્યની વિરાટનગરીમાં ક્યાંક છુપાયા છે! આથી દુર્યોધન તેમને શોધવા ત્યાં જવા નીકળ્યો! વિરાટનો મત્સ્યદેશ હસ્તિનાપુરથી તદ્દન નજીક હતો! ત્યાં રહેવાની ભૂલ પાંડવો કરે જ નહિ! ફક્ત યમુના પાર કરો કે વિરાટ રાજ્ય આવે. ત્યાં રહેવાનું સાહસ તેઓ કેમ કરે? મારું માનવું હતું કે પાંડવ હિમાલયમાં જ ક્યાંક છુપાયા હોવા જોઈએ! નિર્જન, ઠંડી ગુફામાં! આથી હિમાલયની ખીણો, ઘાટી, ગુફા વગેરે જોઈ વળ્યા. ધર્મારણ્ય, વૈમિષારણ્ય, વારણાવત વગેરે તમામ અરણ્યોને ખૂણેખાંચરે નજર નાખી જોઈ. સોમ, પારિયાત્ર, વિંધ્ય, નિષાધ, ગોવર્ધન, શુક્તિમત, મેકલ, ઋક્ષ, મલ્લ, ગંધમાદન વગેરે પર્વતો પર ભટકી ભટકીને દૂતો થાકી ગયા. ગૌતમ, જન્હુ, દુર્વાસા, વાલ્મીકિ, વશિષ્ઠ, કશ્યપ, ભૃગુ, ચ્યવન, હરિણ અને ઋષ્યશૃંગ વગેરે ઋષિઓનાં નામે ચાલતા આશ્રમોમાં, શિષ્યગણોમાં પાંડવો છુપાયા નથી ને? એ વિચારથી તે તે આશ્રમો પણ ખૂંદી વળ્યા. ક્યાંય પાંડવોનો પત્તો લાગતો જ નહોતો! અર્જુન માટે કવચ-કુંડળનું દાન માગનાર ઇન્દ્રે એમને સ્વર્ગમાં સંતાડી દીધા હશે? એવી શંકા મનમાં સળવળી ઊઠી!

હસ્તિનાપુરમાં પ્રભંજન તો વિદુરની પર્ણકુટિ પાસે અડ્ડો જમાવીને બેઠો હતો! પાંડવો પોતાની રાજમાતાને મળવા માટે ક્યારેક આવશે જ! એકાદ સંદેશો અવશ્ય મોકલશે જ! એમ પણ બન્યું નહિ! મનમાં શંકા પડી ગઈ કે તેઓ નાશ પામ્યા હશે? અજ્ઞાતવાસનું વર્ષ પણ પૂરું થવામાં હતું! એકબે દિવસ બાકી હતા અને સૌને આઘાત પમાડનારાં સમાચાર વિરાટનગરના એક ગુપ્તચરે હસ્તિનાપુર પાઠવ્યા કે મુષ્ટિયુદ્ધમાં વિરાટના સેનાપતિ કીચકનો કોઈએ કેવળ મુક્કાઓના પ્રહારથી વધ કર્યો! અવિશ્વાસ જન્માવે તેવા સમાચાર સાંભળીને દિગ્વિજય વખતે મારી સાથે લડતો મત્સ્યદેશી બળવાન કીચક મને યાદ આવ્યો! એને મારી નાખવાની શક્તિ એક ભીમમાં જ હતી! ભીમ વિરાટનગરમાં જ હોવો જોઈએ! અને અર્જુન પણ...! વિચારનું ચક્કર શરૂ થયું. દુર્યોધને તાકીદની રાજસભા બોલાવી. અશ્વત્થામા સહિત સૌને કુરુઓનું ઋણ અદા કરવાનું આહ્વાન આપ્યું. સર્વાનુમતે વિરાટની ગૌશાળામાંથી સેંકડો ગાયોનું હરણ કરવાના નિમિત્તે વિરાટનગર પર ચડાઈ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ગાય માટે પાંડવો અજ્ઞાતવાસ ભૂલી જઈને પણ પ્રગટ થશે જ અને વચનભંગની પકડમાં આવી જશે! ફરી વનવાસ ભોગવવો પડશે!

એકાએક રણશિંગાં ફૂંકાયાં. કુરુઓનું લાખોનું સૈન્ય રાજમહેલની સામેના પટાંગણમાં એકઠું થયું. પૂર્વે મારી સાથે દિગ્વિજય માટે તૈયાર થયેલું સૈન્ય આજે ગોહરણ માટે તૈયાર થયું હતું! પણ આજે મારા મનમાં કંઈક ખટકતું હતું! મનને ઊંડે ખૂણે ભ્રમણા જાગી હતી! જીવનનૌકા ક્યાંક ડગમગી રહી હતી! અમે ક્યાં જઈ રહ્યા છીએ, એ મારા અને દુર્યોધન સિવાય કોઈ જ જાણતું નહોતું.

'વિરાટનગર!' સેનાપતિ દુર્યોધને પોતાનો હાથ ઊંચો કરી સૈન્યને ચડાઈની દિશા તરફ સંકેત કર્યો. લાખો ઘોડા હણહણી ઊઠ્યા! શંખના ધ્વનિ ફૂંકાયા!

'મહારાજ દુર્યોધનનો...!'

'વિજય હો!' ગગનભેદી જય ઘોષણા થઈ. એ અવાજ કેટલે સુધી પહોંચ્યો છે તે જાણવા મેં વાયુજિત પરથી શિર ઊંચું કર્યું! રાજમહેલના શ્વેત ઓટલા પર મેં શ્વેત કેશમાં શોભતા એક વૃદ્ધજનને ઊભેલા જોયા! પિતામહ ભીષ્મ ચિબુક પર હાથ ટેકવીને ઊભા હતા! આકાશની શૂન્યતાને જોતાં વિચારી રહ્યા હતા કે હવે આ કુરુની રાજસભામાં પોતાના શબ્દોની કિંમત બે કોડી જેટલી પણ નહોતી રહી.

અશ્વત્થામા, મામા, દુઃશાસન, શોણ અને હું – અમે સૌ એક એક સૈન્યની આગળ રહી વિરાટનગરની દિશા તરફ દોડવા લાગ્યા. સૌથી આગળ હાથમાં તલવાર સાથે દુર્યોધન હતો! પિતામહનું વૃદ્ધ નેતૃત્વ હવે કોઈને ખપતું નહોતું! શાલવૃક્ષ સમો દુર્યોધન જ એ માટે યોગ્ય હતો!

પોતાના દેશ પર ચડાઈ કરશે એવી કલ્પના જ વિરાટ રાજાને નહોતી! તેથી તેઓ સજાગ નહોતા. તેઓ તેમનાં નિત્યકર્મોમાં જ ગૂંથાયેલાં હતાં. દુઃશાસનની અશ્વસાદ સેના લાગ જોઈને બાણની જેમ સીધી વિરાટની ગૌશાળામાં ઘૂસી! હજારો ગાયોના ગળાના પટ્ટા ખચાખચ તોડી નાખ્યા! ઘોડાઓના પગના દડબડાટથી ગભરાયેલી હજારો ગાયો ભાંભરતી એકબીજા સાથે શિંગડાં ભરાવતી દુઃશાસનના સૈનિકો હાંકે એ દિશામાં ગૌશાળા તોડીને ભાગવા માંડી! સફેદ, કાળી, મટોડી, લાલ જેવા અનેક રંગોની ભરાવદાર પુષ્ટ આંચળવાળી હજારો ગાયોને ચારેબાજુથી ઘેરી લઈ દુઃશાસનની સેના વિરાટનગરની સીમા બહાર નીકળી ગઈ! ઘોડાઓના દડબડાટથી મેદાનોનું ઘાસ ચગદાઈ ગયું!

પોતાના ગોધનનું હરણ કરવામાં આવ્યું છે એ જાણતાં જ વિરાટે ગભરાઈને પોતાની સેના એકઠી કરી લીધી! શંખ, ચાનક, નગારાંના ધ્વનિ ગાજવા લાગ્યા. વિરાટે અમારો પીછો પકડ્યો!

મેદાનના એક વિશાળ શમી વૃક્ષ પાસેથી પસાર થઈ અમે વિરાટ અને હસ્તિનાપુરની સીમા પાસે યમુના નદીને તીરે આવ્યા. યમુના ઓળંગીએ એટલે હસ્તિનાપુર! વચ્ચે એક માત્ર નદી!

એકાએક મુસળધાર વરસાદથી આકાશ ઘનઘોર થઈ જાય તેમ સેંકડો બાણ અમારા સૈન્યનો પીછો કરતાં ચિત્રરથ પક્ષીની જેમ યમુના કાંઠે ઊતરી પડ્યાં! બે ઘડીમાં બાણના મુસળધાર વરસાદે સમસ્ત કાંઠાને ઘેરી લીધો! એ હુમલો જોઈ દોડતી ગાયો થંભી થઈ અને મોં ફેરવીને અવળી દિશામાં વિરાટનગરી તરફ દોડવા લાગી! અમારા સૌ

સેનાનાયકોએ એમને પાછી વાળવા ગાયો પાછળ દોટ મૂકી પણ સામે ઊભું હતું વિરાટનું સૈન્ય! સૌથી આગળ નીલવર્ણો એક સારથિ હતો! એ સારથિ હતો કે સેનાપતિ – એ કળાતું નહોતું! તે સતત બાણ ફેંકતો હતો! મેં એની સામે ધ્યાનથી જોયું. તે અર્જુન જ હતો! તેર વર્ષો પછી મારી સામે આવીને ઊભો રહેલો શત્રુ!

અર્જુન! મારી જીવનસરિતાની આસપાસ બંધ બાંધનારો! મારા સુદામનના કુમળા દેહને કચડી નાખનારો! નીલકમળની માળા પોતાના ગળામાં પહેરી અહંકારના મદમાં ફરનારો!

'અર્જુન, ઊભો રહે!'

ધનુષ્ય લઈને હું એની પાછળ દોડ્યો! ડાબી બાજુ શોણ અને જમણી બાજુ અશ્વત્થામા મારું સંરક્ષણ કરવા સાથે રહ્યા! બાણથી બાણ ટકરાયાં! ધોળે દિવસે તારાના તણખા ચમક્યા! એક ઘડી વીતી ગઈ. બંને સૈન્ય વચ્ચે થતાં યુદ્ધના કોલાહલને લીધે ગાયો અહીંતહીં વિખરાઈને અરણ્યમાં આશ્રય લેવા દોડી ગઈ. યુદ્ધનો અંત દેખાતો નહોતો! સૂર્યદેવ તપી રહ્યા હતા.

એકાએક અમારી સઘળી સેનાને બેશુદ્ધ કરી દેનારો માદક પવન ફૂંકાયો. સૈનિકોના નાકમાં પેસતાં જ તેઓ જમીન પર ઢળી પડ્યા. અર્જુને છોડેલા સંમોહાસ્ત્રનું આ પરિણામ હતું! સંમોહાસ્ત્ર! બેશુદ્ધ કરી મૂકનાર માદક વાયુ ફેલાવનાર શસ્ત્ર! લાકડીની ભૂંગળીઓમાં મહુડાનાં ફૂલોનું ચૂરણ ઠાંસીઠાંસીને ભરીને અર્જુન એનો વરસાદ વરસાવી રહ્યો હતો! હવે એના પર કયું શસ્ત્ર અજમાવું? મગજ બહેર મારી ગયું! હાથમાંથી ધનુષ્ય સરી પડ્યું! રથનીડ[1] પર માથું અફાળી હું જોરથી બેસી પડ્યો! જાણે ચેતના હણાઈ ગઈ!

જ્યારે શુદ્ધિમાં આવ્યો ત્યારે મારા મોં પર પાણીનો છંટકાવ કરતાં અશ્વત્થામાને મેં જોયો. હું સફાળો ઊઠ્યો અને ચારેબાજુ નજર કરી! વનભૂમિમાં જ્યાંત્યાં પથરા પડ્યા હોય તેમ રણભૂમિ પર હજારો કુરુ સૈનિકો નિશ્ચેત પડ્યા હતા! સૌનાં અંગ પરનાં અનેક રંગના ઉત્તરીય ચોરાઈ ગયાં હતાં! મારા અંગ પર પણ નીલા રંગનું ઉત્તરીય નહોતું! કાદવમાં ખૂંપી ગયેલા હાથીની જેમ વીર દુર્યોધન વિરાટની સીમા પાસેના મેદાનમાં અધમૂઓ પડ્યો હતો! અશ્વત્થામા સૌનાં મોં પર પાણીનો છંટકાવ કરી તેમને શુદ્ધિમાં લાવવાનો પ્રયત્ન કરતો હતો! અપમાનની, અપયશની, માર્ગચ્યૂત જીવનની પ્રતીતિ થતાં મારું હૃદય ભાંગી પડ્યું. અશ્વત્થામાએ મને શુદ્ધિમાં આણ્યો ન હોત તો! બેશુદ્ધિની નીરવતામાં હું એમ જ નિશ્ચેત પડ્યો રહ્યો હોત! અપયશ કરતાં બેશુદ્ધિ સારી! ત્યાં ચેતનાનો કટુ સંયમ નથી હોતો!

એકાએક યમુનાજળ ભરેલું લોખંડી પાત્ર હાથમાંથી ફેંકી દઈ અશ્વત્થામાએ હૃદયભેદક ચીસ પાડી! કપાઈ ગયેલી પૂંછડીવાળા સિંહની જેવી હૃદયવિદારક ચીસ હતી!

'કર્ણ... દોડ!'

શું થયું? ભયની તલવાર મારા ગળે ફરતી હોય એવો મને ભાસ થયો! આત્માના અમરત્વનું તત્ત્વજ્ઞાન આપનાર એ પ્રજ્ઞાવાન ગુરુપુત્ર અશ્વત્થામાએ ભયાનક ચીસ કેમ પાડી? શરીરના નાશવંતપણાને સમજાવનાર એ બુદ્ધિમાન શાથી વ્યાકુળ થઈ ગયો?

રણભૂમિ પર મૂર્ચ્છિત પડેલા સૈનિકોના દેહને ઝડપથી ઓળંગતો હું તેની પાસે

---

૧. રથમાં સારથિને બેસવાની જગ્યા. (ડ્રાઇવરની બેઠક)

પહોંચ્યો. ત્યાંનું દૃશ્ય જોઈ મારા શરીરનું લોહી થીજી ગયું હોય એમ મને લાગ્યું! વગર સંમોહાસ્ત્રે મને મૂર્ચ્છા આવી ગઈ! ધરતીનો વિશાળ પટ બાણની ધાર જેવો ક્ષુદ્ર દેખાતો હતો! મારા વહાલા ભાઈનું 'વસૂભાઈ, વસૂભાઈ' કહીને બોલાવતાં મુખકમલને અર્જુને ધડથી જુદું કરીને ધૂળમાં ફેંકી દીધું હતું! જીવનનાં સુખદુ:ખનો એક માત્ર મારો સાથીદાર અચેતન પડ્યો હતો! પોતાના ભાઈને છેતરીને તેની પાસેથી પડાવી ગયેલા કવચકુંડળનું ધન પાછું મેળવવા એ સ્વર્ગના દ્વાર ખટખટાવતો હતો! હવે વસૂભાઈનો રથ કોણ હાંકશે? 'મને છોડીને તું ક્યાં જાય છે?' એમ કહીને રથ પાછળ હાથ ઊંચા કરી હવે કોણ દોડશે? 'ભાભી, ભાભી' કહીને વૃષાલીની પાછળ અબુધ બાળકની જેમ હવે કોણ રોજ ફરશે? ગંગાતટે ભુલાઈ ગયેલું મારું ઉત્તરીય બળબળતા તાપમાં જઈ હવે કોણ લઈ આવશે? દાનની વસ્તુ હસતે મુખે મારા હાથમાં કોણ દેશે? 'કવચ-કુંડળનું દાન ન આપતો' કહીને મારા પગ પાસે કોણ માથું અફાળશે? રાધામાતાને ડાબે પડખે હવે કોણ ભરાશે? ઘારવડા ખાવાનો આગ્રહ કરી મારી સાથે હવે કોણ જમશે? મેઘમાલા અને મીનાક્ષી – બંનેને વસૂભાઈના પ્રેમની પ્રતીતિ કોણ કરાવશે? વ્યાકુળ બનીને 'મોટાભાઈ, તારાં કુંડળ નિસ્તેજ થઈ ગયાં છે!' એમ કહીને મને કોણ વારશે? ઘડી પહેલાં ઘોડા પર બેસી તલવાર વીંઝતો મારો શોણ ધરતીની ધૂળમાં રોળાઈ ગયો? પ્રકાશ ટમટમતો હતો છતાં મને અંધકારના ઓળા દેખાતા હતા! આંખ પર વિશ્વાસ બેસતો નહોતો. મુખ મ્લાન થઈ ગયું હતું. મગજ બહેર મારી ગયું હતું.

'અશ્વત્થામન્, શોણ ગયો?' ગુરુપુત્રના ખભે માથું ટેકવી હું વિવશ બનીને રડી પડ્યો! મારા જીવનરથનું એક ચક્ર છૂટું પડી ગયું! હવે ખોડંગાતા, અથડાતા ચાલવાનું! જીવવા ખાતર જીવવાનું!

'ભાઈ, ગરુડપક્ષીની જેમ ઊંચે ઊંચે તું જઈશ ને?' એમ કહેનારો શોણ, આજે તું કેમ આટલો ઊંચે ચાલ્યો ગયો? ક્યારેય ન જોઈ શકું એટલો ઊંચે!

'કર્ણ, શાંત થા!' ગુરુપુત્રે આંખો લૂછતાં મને શાંત પાડવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો!

આ નગરમાં જ દિગ્વિજય પ્રસંગે શોણનું શિરસ્રાણ નીચે પડી ગયું હતું! એક હાથીના પગ તળે કચડાઈને ચપ્પટ થઈ ગયું હતું. એને જોતાં મારા હૃદયના જાણે ટુકડે ટુકડા થઈ રહ્યા હતા! એનું ગોળ, ગૌરવર્ણું મસ્તક પાકીને ખરી પડેલા કોકમના ફૂલની જેમ ધૂળમાં ખરી પડ્યું હતું! નિષ્પ્રાણ ધડ લાકડીના ભારાની જેમ ધૂળમાં રગદોળાઈ ગયું હતું!

નીચે નમીને હળવેકથી મેં એનું મસ્તક હાથમાં લીધું! અશ્રુની ધારા આંખમાંથી વહેવા લાગી! એના વિશાળ કપાળને પ્રેમથી પસવારીને હું વ્યાકુળ બનીને બોલ્યો, 'શોણ, એક વાર... એક વાર મને 'વસૂભાઈ' કહીને બોલાવ! સ્વર્ગના દ્વાર તોડીને હું તને પાછો લાવીશ!' પણ તે બોલ્યો જ નહિ! બોલવાનો પણ નહોતો! એના શરીરમાં થોડી પણ ચેતના હોત તો, ભાઈ, વાયુજિતની ખરીને રોજ દવા ચોપડતો રહેજે! તારો ભવ્ય મુગટ અલંકારગૃહમાં સુરક્ષિત છે! રાધામાતાનું ધ્યાન રાખજે! વૃષાલીભાભીને મારાં છેલ્લાં પ્રેમપૂર્વક પ્રણામ કહેજે! ગંગાને કાંઠે જઈ મેં ભેગાં કરેલાં છીપલાં મીનાક્ષીના પુત્રને દેજે! અને... અને બીજા કોઈને તારા સારથિ તરીકે રાખીશ નહિ! હું તારી સેવામાં હાજર રહીશ. વસૂભાઈ... પ્રણા...મ!' એમ કહેતાં કહેતાં એણે આખરી શ્વાસ છોડ્યા હોત! પણ... પણ

આમાંનું કંઈ જ બન્યું નહિ! બનવાનું પણ નહોતું! જીવનભરનાં સુખદુઃખના સાથી અમે બંને ભાઈઓ એની છેલ્લી ઘડીએ એકબીજાને મળી પણ શક્યા નહિ! વૃષાલીને ક્યાંથી દિયર લાવી આપીશ? રાધામાતાનાં આંસુ કયા સાંત્વનવસ્ત્રથી લૂછીશ? મેઘમાલાના સૌભાગ્યનો ચાંદલો ભૂંસવા ક્યાંથી ધીરજ લાવીશ? કુરુઓનો દિગ્વિજયી રાજધ્વજ હવે કોના હાથમાં સોંપીશ? કોની સાથે જીવનનાં સુખદુઃખની વાતો કરીશ? 'શોણ, નાનાએ આજ્ઞા ન કરાય', એમ હવે તું કોને કહીશ? 'શોણ... શોણ...!' ગ્રીષ્મ ઋતુના ચાતકની જેમ મારું મન તડપતું હતું. આજે હું ખરેખર એકલો પડી ગયો હતો. જીવન નશ્વરતાના મહાસાગર સમું લાગતું હતું! અર્થશૂન્ય કલહના અનંત અર્ણવ સમું ભાસતું હતું! હૃદયમાં આકાશ જેટલો શૂન્યાવકાશ પથરાઈ ગયો હતો! જીવનનું મહાપૂર અશ્રુ રૂપે આંખોના બંધ તોડીને વહેતું હતું! કવચ-કુંડળનું દાન દેતી વખતે કે મહેન્દ્ર પર્વત પર જંઘા ચિરાઈ જતી હતી ત્યારે પણ આટલું લોહી વહ્યું નહોતું!'

એની અધબીડેલી આંખોને મેં આંગળીથી સદાયને માટે બંધ કરી દીધી! આપણું અશુભ, અમંગળ, અસમર્થ અંગ ન જુએ એટલા માટે! બહારથી સુંદર દેખાતું આ ક્રૂર જગત ફરી એની દૃષ્ટિમાં ન પડે તે માટે! મારાં નિસ્તેજ પડી જતાં કુંડળની જેમ હંમેશની જેમ કાળી પડી જતી એની ભાવપૂર્ણ વિશાળ આંખોને મેં બંધ કરી દીધી!

'જા શોણ, બેધડક જા! જગતે કર્ણથી મોં ફેરવી લીધું તેમ તેં પણ મારાથી મોં ફેરવી લીધું! એમ જ હોય તો નિઃસંકોચપણે જા!' મનમાં બબડતાં મેં એનું તૂટેલું મસ્તક એના ધડ સાથે જોડી દીધું! એના મુખને ઢાંકી દેવા મારી પાસે એક પણ વસ્ત્ર નહોતું! જગતને કિંમતી રેશમી વસ્ત્રોનું દાન દેનાર હું! મારા ભાઈના મૃત શરીરને ઢાંકવા આજે મારી પાસે એક પણ વસ્ત્ર નહોતું! હૃદય કકળી ઊઠ્યું!

વચનનો ભંગ કરીને પોતાના મસ્તક પર બાંધેલું વસ્ત્ર એના મુખ પર ઢાંકવા અશ્વત્થામા વસ્ત્રની ગાંઠ છોડવા લાગ્યો! મેં એનો હાથ પકડી લીધો અને વાયુજિતની પીઠ પર મૂકેલું પલાણનું વસ્ત્ર એકઝાટકે ફાડી નાખી એના મૃતદેહ પર ઓઢાડી દીધું! વસ્ત્ર ટૂંકું હોવાથી મારા વહાલા ભાઈનો એક હાથ બહાર ડોકાતો હતો! એ હાથમાં એણે મરતી વેળાએ મજબૂતપણે પકડી રાખેલી તલવાર એમ જ પડી હતી! મેં મહાપ્રયત્ને એની મુઠ્ઠમાંથી તલવારને છોડાવી! ઊભા થઈને તેને હાથથી ઊંચી કરી મેં મોટેથી ઘોષણા કરી, 'શોણ... આ સંસારમાં હવે કાં કર્ણ અને કાં અર્જુન જ જીવિત રહેશે! ફક્ત એક જ!' અર્જુનની સ્મૃતિ માત્રથી મારા અંગેઅંગમાં વિષ વ્યાપી ગયું! હૃદય સંતાપથી થરથરતું હતું! શોક, ક્રોધ જેવા ભાવોથી મારી નસેનસ તૂટતી હતી!

મેં પ્રતિજ્ઞા કરી પણ એથી ફાયદો શો? અર્જુનને મારવાથી શોણ થોડો પાછો આવવાનો હતો? એ આ જગતમાં નથી એ સત્ય કટુ હોય તોપણ સત્ય જ હતું. હાથમાંની તલવાર ફેંકી દઈ શોણના મૃતદેહને ઢાંકેલા વસ્ત્ર પર માથું મૂકીને હું ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો! હું અંગરાજ નહોતો! કર્ણ પણ નહોતો! પોતાના પ્રિય ભાઈના ક્રૂર વધથી વિહ્વળ બની ગયેલો, તડફડી ઊઠેલો, આક્રંદ કરતો હું એક ભાઈ હતો! એક સામાન્ય માણસ હતો! એક માણસ!

દસ

શોણના પાર્થિવ દેહનો યમુના તીરે અગ્નિસંસ્કાર કરી પાછાં ફરતાં મનમાં સૂનકાર વ્યાપી ગયો હતો. જીવનયાત્રામાં વહાલા સાથીને અધવચ્ચેથી છોડીને એ કેમ ચાલ્યો ગયો? આ જીવન શું છે? કેવળ બે ઘડીનો ખેલ? કંઈ જ સમજાતું નહોતું, સૂઝતું નહોતું. શોણના મૃત્યુથી નિરાશાની જાળમાં ગૂંથાયેલા મન સાથે હું હસ્તિનાપુર પાછો ફર્યો. હવે ભીતરમાં એક મજબૂત ગાંઠ બંધાઈ ગઈ હતી. અર્જુનનો પ્રતિશોધ! મારા સગા ભાઈનો વધ કરનાર અઠંગ શત્રુ સાથે વેર!

શોણના મૃત્યુના સમાચાર રાજમહેલમાં ક્યારના પહોંચી ગયા હતા. રાધામાતા, વૃષાલી અને મેઘમાલાનો વિલાપ હૃદયવિદારક હતો. 'મારો શત્રુંતપ ક્યાં છે?' વિલાપ કરતી રાધામાતાને હું શો ઉત્તર આપું? 'જેઠજી, મારું સર્વસ્વ ક્યાં છે?' એમ પૂછતી મેઘમાલાને સાંત્વન દેવા મારી પાસે શબ્દો નહોતા. 'દિયરજી, દિયરજી!' કહીને છાતી પીટતી વૃષાલી સામે જોવાનું નહોતું.

પંદર દિવસ વીતી ગયા છતાં શોણ અમારી પાસે નથી એ સત્ય કોઈનાથી મનાતું નહોતું. કારતક મહિનાની ઠંડીમાં રાજમહેલના પથ્થરો થીજી ગયા હતા. એવી જ રીતે શોણના મૃત્યુથી અમારાં સૌનાં હૃદય થીજી ગયાં હતાં! એનો અંત ક્યાંક આવવો જ જોઈએ પણ મૃત્યુનું હૃદય એકેયનાં ઊનાં ઊનાં આંસુથી પીગળી જાય તેવું કોમળ નહોતું! એ તો પાષાણ સમું જડ હતું! દુઃખને જેટલું વધારે સંભારીએ તેટલું વધારે ઉદ્વિગ્ન થવાય! દુઃખનું ઓસડ દહાડા! વિસ્મૃતિ એ જ દુઃખને ભૂલવાનો ઉપાય! વિસ્મૃતિ એ કુદરતે સૌને દીધેલી સૌથી શ્રેષ્ઠ ભેટ! નહિતર શું થાય? અનેકવિધ સ્મૃતિઓથી માણસ શૂન્યમનસ્ક થઈ જાય!

મન પર સંયમ કેળવી હું સ્વસ્થ થયો. મારે જીવવાનું હતું. શોણની કંઠનાળને કાપનાર અર્જુનને કંઠે મારે ધનુષ્ય અડકાવવાનું હતું! મારું સમસ્ત જીવન લાગણીઓના મંથનમાં અને કટુ અનુભવો સહેવામાં જ પસાર થઈ ગયું હતું. હવે હૃદયમાં એક જ ભાવ શેષ રહ્યો હતો! પ્રતિશોધનો! વેરનો! એ માટે ગમે તે કિંમત ચૂકવવા હું તૈયાર હતો. ગમે ત્યાંથી શોધી કાઢીને મારે એને પૂરો કરવો હતો!

એ માટે જ 'સૈન્ય સજ્જ કરો' એમ સૂચવવા હું દુર્યોધનના મહેલમાં ગયો. 'રાજા, હું કહું તેટલું સૈન્ય મને જોઈએ! શા માટે તે પૂછીશ નહિ!'

'અંગરાજ, મારું સૈન્ય કેવાં પરાક્રમ દાખવી શકે છે તે સમસ્ત આર્યાવર્ત જાણે છે... છતાં હું ચિંતાતુર છું!' એણે ભવાં ચડાવી કહ્યું.

'કેમ? શેની ચિંતા?'

'આજે જ દ્રુપદ રાજા પાસેથી સચિવ આવ્યો હતો. પાંડવોને અરધું રાજ્ય સોંપી દઈ સુલેહ કરી લેવાનો પ્રસ્તાવ લઈને આવ્યો હતો! મને એમનો પ્રસ્તાવ સ્વીકારવા યોગ્ય લાગે છે!'

'ના! સુલેહ નહિ! સંધિ નહિ! તારાથી બને એમ ન હોય તો હું એકલો પાંડવ સાથે લડીશ પણ શરણાગતિ નહિ જોઈએ!' એનો ડગમગાટ જોઈ મને નવાઈ લાગી. કદાચ

વિરાટનગરમાં થયેલા પરાભવને કારણે એ ગભરાઈ ગયો હશે!

'ના, કર્ણ. પાંડવો તરફથી સંધિનો પ્રસ્તાવ લઈ હવે શ્રીકૃષ્ણ આવવાના છે! પાંડવો વિરાટનગરમાંથી ઉપપ્લાવ્ય નગર સુધી આવી ગયા છે. શ્રીકૃષ્ણ પણ ઉપપ્લાવ્ય નગરમાં જ છે. પાંડવોનું સામર્થ્ય વધતું જ જાય છે.'

'રાજા, આખી જિંદગી હું તારું સાંભળતો આવ્યો છું! આજે તું મારું સાંભળ! પાંડવો સાથે સીધું યુદ્ધ કરવા હું હંમેશાં તૈયાર છું! એમને યુદ્ધનું આહ્‌વાન દે!'

'કર્ણ, મને પણ પાંડવોને કંઈ જ દેવાની ઇચ્છા થતી નથી! પણ એકલા અર્જુને વિરાટનગરમાં આપણી કેવી દુર્દશા કરી નાખી તેં જોઈને! આ પાંચનો આપણે કઈ રીતે સામનો કરશું તેની મને ચિંતા છે!'

'મેં દિગ્વિજયમાં હરાવેલા તમામ રાજાઓ આપણી મદદે આવશે. આજે જ તેઓને સંદેશા મોકલી દે. પાંચ શું પચાસ પાંડવો પણ આપણી સામે ટકી શકવાના નથી. હા, જો એ નીતિથી લડશે તો!'

'ઠીક છે. આ પ્રકારની મદદ મળતી હોય તો પાંડવો સાથે લડવામાં વાંધો નહિ આવે! હું સૌને પત્ર પાઠવી દઈશ... પણ એ તારે નામે હશે! એમના તરફથી હાનો જવાબ આવશે તો જ હું શ્રીકૃષ્ણની સંધિનો પ્રસ્તાવ ઠુકરાવી દઈશ.'

'દૂતને મોકલ!' મેં એને મારા નામે દેશોદેશના રાજાને પત્ર મોકલવાની સંમતિ આપી દીધી. ફક્ત એક જ શંકા મનમાં ઘૂંટાતી હતી... શ્રીકૃષ્ણની!

અગિયાર

દુર્યોધને દેશોદેશ મોકલેલ દૂત પાછો આવી ગયો. અવંતી, ચેદિ, મગધ, સંશપ્તક, સિંધ અનેક શક્તિશાળી દેશોના રાજાઓએ અમને સૈન્ય મોકલવાની તૈયારી દર્શાવી હતી.

ઉપપ્લાવ્યથી શ્રીકૃષ્ણ પ્રસ્તાવ લઈને આવવાના છે એની ભણક સૌના કાને પડી જ હતી. એ પ્રમાણે ત્યાંના પુરોહિત બ્રહ્મગાર્ગ્ય ઋષિ એક વાર હસ્તિનાપુર આવી ગયા. વિદુર અને ભીષ્મ પિતામહને મળીને તેઓ પાછા ગયા હતા. એમની સાથે શું વાતચીત થઈ તે જાણવા મળી નહિ. માત્ર એટલું જાણવા મળ્યું કે શ્રીકૃષ્ણ ક્યારે આવશે. કાર્તિક પૂર્ણિમાને દિવસે તેઓ આવવાના હતા. રાજ્યમાંથી પાંડવો માટે અરધો ભાગ માગવાના હતા. કુરુયોદ્ધાઓએ સ્પષ્ટ ના કહી દેવાનો મક્કમ નિરધાર કર્યો હતો. શોણના વધનો કાંટો મને એકને જ નહિ સૌ કુરુયોદ્ધાઓને ચૂભતો હતો. મારા મનનો ગરુડ ક્રોધની ટોચે જઈ બેઠો હતો! એક જ નિરધાર મક્કમ હતો! પાંડવો સાથે યુદ્ધ! નિર્ણાયક અને અંતિમ યુદ્ધ! અર્જુનને મોતને ઘાટ ઉતારવો! આ નિર્ણય અતિશય દૃઢ હતો છતાં પ્રસ્તાવ લઈને આવનાર શ્રીકૃષ્ણ પ્રત્યેના આદરમાં સહેજે ઓટ આવી નહોતી!

કાર્તિકી પૂર્ણિમાને દિવસે આકાશમાં ધુમ્મસનું પડ ચિરાયું અને ઉજાસ પથરાયો. શ્રીકૃષ્ણપ્રેમી નગરજનોએ પોતાનાં ઘરનાં આંગણે અશોક અને આમ્રવૃક્ષના આસોપાલવના મંડપ બાંધ્યા હતા. સુગંધી જલ છાંટીને સુદર્શન આકારની ઠેરઠેર રંગોળીઓ ચીતરી હતી. પુષ્પમાળાથી સુશોભિત તોરણ અને ધ્વજ બાંધ્યાં હતાં! એક શ્રદ્ધાળુ શ્રીકૃષ્ણભક્તે પોતાની

સ્ત્રી પાસે આંગણામાં શિશુપાલવધનું દશ્ય ચીતરાવ્યું હતું! દરેક ઘરના ઉંબરે ગંગાજળનો સુવર્ણકળશ શોભતો હતો! સદ્યસ્નાતા સોહાગણ સ્ત્રીઓ દીવા પ્રગટાવવામાં મગ્ન હતી! મહામંત્રી વિદુરે કુરુનો વિશિષ્ટ રાજધ્વજ કળશ પર ચડાવ્યો. આજે હસ્તિનાપુરવાસીઓને પહેલી વાર શ્રીકૃષ્ણનાં દર્શન થવાનાં હતાં! પાંડવો તરફથી સંધિનો પ્રસ્તાવ લઈને આવવાના હતા તોપણ મારા મનમાં શ્રીકૃષ્ણ પ્રત્યે સહેજે અનાદરની લાગણી જન્મી નહોતી. મને વેર પાંડવો સાથે હતું! એમણે કરેલી ઉપેક્ષા પ્રત્યે હતું! મારા એક પુત્ર અને વહાલા ભાઈનો વધ કરનાર અર્જુન સાથે વેર હતું! એક સૂતપુત્રને એક ક્ષત્રિય સાથે હતું! શ્રીકૃષ્ણ સાથે નહોતું! પ્રત્યેક વસ્તુમાં મને શોણ અને સુદામન જ દેખાતા હતા. આથી અર્જુનનું નામ પડે ને હું ઊકળી ઊઠતો! અર્જુનનું નામ સુધ્ધાં મારાથી સહન થતું નહિ.

ઉપપ્લાવ્યથી નીકળી તેઓએ ગંગાકિનારે વૃકસ્થલ નામની ઉપનગરીમાં પડાવ નાખ્યો. નગરજનોએ ત્યાં સુધીનો માર્ગ શણગાર્યો હતો. સૂર્યોદયનાં સર્વસ્પર્શી કોમળ કિરણો હસ્તિનાપુરમાં પથરાઈ ગયાં અને સીમા પર અસંખ્ય વાદ્યોના અવાજ નગરના રાજમહેલ સુધી સ્પષ્ટપણે સંભળાવા લાગ્યા. શ્રીકૃષ્ણ સીમા પાસે આવી પહોંચ્યાનો આ સ્પષ્ટ સંકેત હતો. અશ્વત્થામાને લઈ હું એમનું સ્વાગત કરવા સીમા સુધી ગયો. વૃકસ્થલમાંથી નીકળી હવે તેઓ હસ્તિનાપુરમાં પ્રવેશ કરી રહ્યા હતા.

સાત શ્વેત અશ્વોના સુવર્ણમંડિત રથમાં ચાર માણસો બેઠા હતા : યુયુધાન, બ્રહ્મગાર્ગ્ય, શ્રીકૃષ્ણ અને સારથિ દારુક! શ્રીકૃષ્ણનો શ્યામવર્ણ તેજમાં ઝળહળી રહ્યો હતો. કેટલાંય વર્ષો પૂર્વે મેં એ ઝળહળતો વર્ણ ઇન્દ્રપ્રસ્થમાં નિહાળ્યો હતો! એ જોઈ કવચ વગરનાં શરીરની યાદ આવતાં મન ખિન્ન થઈ ગયું! એના અભાવની અનુભૂતિ હૃદયને કોરવા લાગી. મારી સામે જોઈને યાદવરાજ શ્રીકૃષ્ણ મંદ મંદ હસ્યા! હાથીદાંત જેવા એમના શ્વેત દાંત સોનેરી સૂર્યકિરણોમાં ચમકવા લાગ્યા! એમના મસ્તક પરનો મુગટ જોઈ મને નવાઈ લાગી, કેમકે એમના મુગટનો ઘાટ અસ્સલ મારા ભુષણાગારમાં પડેલા મુગટના જેવો જ હતો!

'પ્રણામ યાદવરાજ!' ઉત્તરીય સંકોરીને મેં એમને વંદન કર્યાં. અર્જુને મારા પર કરેલા અન્યાયનો એક પણ અણસાર એમના ચહેરા પર કેમ દેખાતો નહોતો? 'જયતુ કર્ણ!' તેઓ હળવેકથી બોલ્યા.

પિતામહ, વિદુર, વૃષવર્મા, દ્રોણ આદિથી ઘેરાયેલો એમનો રથ હસ્તિનાપુરમાં પ્રવેશ્યો! વાદ્યોના અવાજથી રાજમાર્ગમાં બંને બાજુનાં વૃક્ષોનાં પાંદડાં થરથર કાંપવાં લાગ્યાં.

નગરજનો ભક્તિભાવે સુગંધી પુષ્પો અને અબીલગુલાલ વરસાવવાં લાગ્યાં. હાથ જોડી સ્મિત વદને તેઓ સૌને પ્રેમથી આવકારતા હતા. દારુકનાં વસ્ત્રો રંગાઈ ગયાં હતાં. એને માટે રથ હાંકવો મુશ્કેલ થઈ પડ્યો. કારણ અશ્વોની આંખોમાં ગુલાલની ગરદી ભરાઈ હતી અને સેંકડો નગરજનો અશ્વોના પગ પાસે શ્રીકૃષ્ણને દંડવત પ્રણામ કરતા હતા! થોડી વાર માટે રથને થંભાવી દેવો પડ્યો! અશ્વોના પગ પાસે સોહાગણ સ્ત્રીઓએ જળનો અભિષેક કર્યો. તેમણે ભારે જહેમત ઉઠાવીને કરેલી રંગોળીઓ પાણીમાં ધોવાઈ ગઈ! સૂર્યદેવ માથે આવ્યા.

'યાદવરાજ ભગવાન શ્રીકૃષ્ણ...!' શોણના હૃદયવિદારક મૃત્યુને ભૂલી જઈ ઘેલા બનેલા નગરજનોએ ઘોષણા કરી, 'જય હો, જય હો!' આખું હસ્તિનાપુર શ્રીકૃષ્ણના જયજયકારથી ગાજી ઊઠ્યું! આટલો જયજયકાર અગાઉ કદી સાંભળ્યો નહોતો! શ્વેત અશ્વો ગુલાલની ગરદીથી લાલમલાલ થઈ ગયા હતા! એટલી બધી ગુલાલવર્ષા થઈ હતી કે શ્રીકૃષ્ણના પીતાંબરનો પીતરંગ ઢંકાઈ ગયો હતો! આખા રાજમાર્ગ પર ફૂલોના ઢગ પડ્યા હતા! વાયુજિત પર સવાર થઈ શાંતચિત્તે આ રાજ્યયાત્રામાં જોડાતાં મને સ્વર્ગના આનંદની અનુભૂતિ થતી હતી! આટલા ચેતન્યમય હર્ષોન્માદમાં એક દુર્યોધન જ ક્યાંય દેખાતો નહોતો!

બપોરના બળબળતા ધૂપમાં પુષ્પોથી આચ્છાદિત અને ગુલાલથી રંગાયેલો શ્રીકૃષ્ણનો રાજરથ હસ્તિનાપુરના પુરાતન રાજમહેલના મહાદ્વાર પાસે ઊભો રહ્યો! અંગ પરથી ગુલાલ ખંખેરતાં ઉત્તરીય સંકોરીને તેઓ શાંતભાવે રથમાંથી ઊતર્યા. અન્ય સ્ત્રીઓ સાથે વૃષાલીએ પણ આરતી ઉતારી! કુમકુમનું એક તિલક ધ્રૂજતા હાથે એના વિશાળ ભાલ પર કર્યું! એના જીવનમાં શ્રીકૃષ્ણદર્શનનો આ પ્રથમ જ અવસર હતો!

રાજમહેલના શિખર પર ફરફરતા કુરુધ્વજ તરફ એક નજર કરી તેમણે મહાદ્વારનો ઉંબરો ઓળંગ્યો! કોઈ બોલ્યું, 'આજ રાજમહેલ પાવન થયો!'

'રાજા, બીજે ક્યાંય જવું નથી! સીધા સભાગૃહમાં જઈએ'' સ્વાગત માટે ઊભેલા ધૃતરાષ્ટ્રની અંધ આંખોની પાંપણ તરફ જોઈને રણકતા અવાજે શ્રીકૃષ્ણ બોલ્યા.

'ચાલો યાદવરાજ!' અવાજની દિશામાં માથું હલાવી મહારાજે તેમને અનુમતિ આપી!

સૌ કુરુયોદ્ધાઓ સહિત તેમણે સભાગૃહ તરફ જવા પગ ઉપાડ્યા. રાજમહેલનાં પગથિયાં ચડતા બરાબર એકસો ને પાંચ પગથિયાં પાસે તેઓ ઊભા રહ્યા! મારા કાનની તૂટેલી બૂટ તરફ જોઈને હસતાં હસતાં તેમણે એકસો ને છઠ્ઠા અને છેલ્લા પગથિયા પર પગ મૂક્યો! હવે મને પગથિયાં વિશે સહેજે ઉત્સુકતા રહી નહોતી! ધાર્યું હોત તો આ બધાં પગથિયાં તોડીફોડીને મેં ત્યાં જ શોણની સમાધિ બાંધી હોત!

રાજસભાગૃહમાં પ્રવેશતાં જ શ્રીકૃષ્ણે એ પુરાતન રાજસિંહાસનને સાદર પ્રણામ કર્યાં. કુરુના માનચિહ્ન સમા સૂર્યદેવની કંડારેલી સુવર્ણપ્રતિમા તરફ જોઈ અમાત્ય વૃષવર્માએ ચીંધેલ આસન પર તેઓ વિરાજમાન થયા! સૌ યથાસ્થાને બેઠા! મહારાજ ધૃતરાષ્ટ્ર અને મહારાણી ગાંધારીદેવી પણ રાજસિંહાસન પર આસનસ્થ થયાં! આ અત્યંત મહત્ત્વની અને કદાચ અંતિમ રાજસભા હતી! શ્રીકૃષ્ણદર્શન માટે ઘેલા થયેલા યોદ્ધાઓથી સભાગૃહ ખીચોખીચ ભરાઈ ગયો હતો. મારા આસન પર બેસી હું મારા પગ તરફ જોઈ રહ્યો હતો. એ ઉપરથી કેમ સાંકડા છે એનું રહસ્ય જીવનની આ લાંબી દોડમાં હું ક્યારેય ઉકેલી શક્યો નહોતો!

અમાત્ય વૃષવર્માએ સભાનું પ્રયોજન જણાવી શ્રીકૃષ્ણનું કુરુઓ વતી રસભરી વાણીમાં સ્વાગત કર્યું. હવે યાદવરાજ ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ પોતાના આગમનનું પ્રયોજન સૌને જણાવશે. સૌ કુરુજનો તેના પર શાંતિથી વિચાર કરે! આ નિર્ણાયક પળ છે! પરિસ્થિતિ વિકટ છે!' એમ કહીને તેમણે પોતાનું સ્થાન લીધું.

ઉત્તરીય સરખું કરતાં શ્રીકૃષ્ણ આસન પરથી ઊભા થયા! એમના ઉત્તરીયની સળમાં ભરાયેલું ગુલાલ ખરીને એમની મોજડી પર પડ્યું! તીવ્ર ભેદક સ્વરે તેમણે બોલવાની શરૂઆત કરી. એમના દીર્ઘ હોઠ ફફડ્યા. એમની વેધક આંખો સભાગૃહમાં ચકળવકળ ફરવા લાગી!

'કર્ણ, ભીષ્મ, રાજા ધૃતરાષ્ટ્ર, દ્રોણ, કૃપ, વિદુર, અશ્વત્થામા, શકુનિ, જયદ્રથ, દુઃશાસન, દુર્યોધન તથા અહીં ઉપસ્થિત કુરુયોદ્ધાઓ! હું યાદવરાજ તરીકે આજ તમારા નગરમાં આવ્યો નથી! પાંડવોના પિત્રાઈભાઈ તરીકે પણ ઉપસ્થિતિ થયો નથી! શ્રીકૃષ્ણ તરીકે પણ નહિ! એક ન્યાય પક્ષના પક્ષકાર તરીકે આ પુરાતન રાજસિંહાસન પાસે આજે ન્યાય માગવા આવ્યો છું! કારણ આ સિંહાસનની પ્રતિષ્ઠા ન્યાયદાન દેવા માટે સમસ્ત આર્યાવર્તમાં ઝળહળી રહી છે! સૂર્યપ્રતિમાને માનચિહ્ન માનનારા કુરુઓ, પાંડવોને તમે સાચો ન્યાય આપશો? હું સંધિનો પ્રસ્તાવ લઈને પણ આવ્યો નથી. સત્યનું વજ્રપટ લઈને આવ્યો છું! આજ સુધી તમે સૌ પાંડવોની સહનશીલતાની સત્ત્વ પરીક્ષા બેહદ કરી ચૂક્યા છો! રાજમાતા કુંતીદેવી સહિત પાંડવોને લાક્ષાગૃહમાં બાળી નાખનારું અધમ કૃત્ય યુદ્ધશાસ્ત્રમાં આપને કોણે શીખવ્યું હતું? હે યુવરાજ દુર્યોધન, મને કહેશો? પિતૃછાયા ગુમાવેલા પાંડવોને કાંટાળી, ગીચ, ઝાડીઝાંખરાથી ભરપૂર, હિંસક પશુઓની ગર્જનાથી ધ્રૂજતા એવા લોકવિલક્ષણ ખાંડવવનનું સામ્રાજ્ય દેનાર શકુનિમામાને હું એમનું રાજ્ય... ગાંધાર દેશની રાજનગરી છોડી દંડકારણ્યનું રાજ્ય આપું તો શું તેઓ ત્યાં નવી નગરી ઊભી કરી બતાવશે? મારી દ્વારિકાનગરી હોડમાં મૂકી હું આજ જુગાર રમવા બેસું તો સામે ગાંધાર દેશ હોડમાં મૂકી તેઓ મારી સાથે જુગાર રમવા બેસશે? પોતાની પત્ની હોડમાં મૂકી એને હારી જાય અને એને સભાગૃહમાં સૌની સમક્ષ ખેંચી લાવવાની મને સંમતિ દેશે? તેર વર્ષના યાતનામય વનવાસ દરમિયાન તેઓ અડવાણે પગે ફરશે? વિરાટનગરમાંથી ગોહરણ કરવા તમામ કુરુયોદ્ધાઓને આ નગર બહાર કાઢ્યા તેમ મથુરા-દ્વારિકામાંથી તમામ યાદવ યોદ્ધાઓ અને પાંડવો તમને જણાવ્યા વગર આ નગરીમાં આવી હલ્લો કરી ઘૂસી જશે તો તમે સાંખી લેશો? દરેકને અંતરાત્મા છે. એને સાક્ષી રાખી જવાબ આપો, આજ સુધી તમે કયો ન્યાય પાંડવોને દીધો છે? ન્યાય એટલે શું એ તમે જાણો છો?'

'છતાં મારે મન તમે અને પાંડવો એક જ છો! આથી જ ભૂતકાળનાં કડવાં કૃત્યોને અગ્નિમાં ભસ્મ કરી હું તમને કહું છું કે રાજા ધૃતરાષ્ટ્ર પાંડવોને અરધું રાજ્ય સોંપી દઈ ભાવિ વિનાશના વિરાટ વડવાનળને બુઝાવી દે! બોલો, આ ન્યાયદાન દેવા આપ તૈયાર છો?'

ચાબુકના ફટકા જેવા એમના શબ્દાઘાતથી સર્વત્ર ભયાનક શાંતિ છવાઈ ગઈ. એમને ઉત્તર દેવા મહારાજ ઊઠ્યા નહિ! કોઈ હલચલ કરતું નહોતું!

'બોલો, કોઈક તો બોલો. આપનો અંતિમ નિર્ણય શો છે?' તેમણે ફરી સભાગૃહમાં દૃષ્ટિ ફેરવીને સૌને ઉદ્દેશીને પૂછ્યું. અવાજ ગહનગંભીર હતો.

'હું કહું છું! તારી વાણીથી સ્તબ્ધ થઈ ગયેલા કુરુયોદ્ધાઓનો અંતિમ નિર્ણય હું તને આજે સ્પષ્ટ શબ્દોમાં જણાવું છું! પાંડવોને અરધું રાજ્ય મળશે નહિ!' દુર્યોધને સફાળા ઊભા થઈ ભ્રમર તાણતાં પોતાની ટૂંકી પણ જાડી આંગળીઓને હલાવતાં કહ્યું!

'કાંઈ કારણ?'

'એમને આ રાજ્ય સાથે કોઈ સંબંધ નથી! તેઓ મહારાજ પાંડુના પુત્રો નથી જ! આજે રાજ્યનું વિભાજન કાલે સેંકડોમાં અને પછી હજારો ટુકડામાં થઈ જશે! પાંડવોને મન રાજ્ય શું એ શ્રીફળ છે કે એને તોડીને આશ્રમના શિષ્યોમાં વહેંચી નખાય?'

'અરધું રાજ્ય ન આપો તો કંઈ નહિ પણ એમણે વસાવેલી સમૃદ્ધ કરેલી ખાંડવવનની ઇન્દ્રપ્રસ્થ નગરી તો પાછી વાળશો ને? જે ન્યાય છે, જે સત્ય છે એનો દુરાગ્રહ રાખીને અમાન્ય ન કરો.'

'એ પણ નહિ! એ તેઓ જુગારમાં હારી ચૂક્યા છે! એ તેમને કદી પાછું મળવાનું નથી!' દુર્યોધને જાણે ગદાનો પ્રહાર કર્યો! શબ્દોના તણખા ઝરતા હતા! તેણે વડવાનળને આમંત્રણ દીધું હતું!

'આશ્રય માટે જીવનનિર્વાહ માટે આ વિશાળ હસ્તિનાપુરમાંથી પાંચ ગામડાં આ પાંચ ભાઈઓને આપવા તૈયાર છો?' હાથની પાંચ આંગળીઓ ભેગી કરી શ્રીકૃષ્ણે પાંચનો આંકડો દર્શાવ્યો. સર્વ સભાજનોનાં હૃદય હલબલી ઊઠ્યાં. ગણગણાટ શરૂ થઈ ગયો. દુર્યોધને ફરી તડાફડી કરી,

'ના! ના! ના! ત્રિલોકમાંય નહિ! પાંચ ગામડાં તો શું પણ સોયના અગ્રભાગ જેટલી જમીન પણ આ રાજ્યમાંથી પાંડવોને કદાપિ મળવાની નથી! જોઈએ તો યુદ્ધથી લે! એટલું જ નહિ આ નકાર જવાબ લઈને પાછા ફરતાં તારા પગને ચોંટેલી ધૂળ પણ પાંડવોના હાથમાં ન પડે એ માટે મેં એને ઝાટકી નાખી હોત પણ... પણ ભગવાન કહેવરાવતા ધુતારા, ઢોંગી શ્રીકૃષ્ણ, હું ઇચ્છું છું કે આ નિમિત્તે મારા સેવકો તારા અમંગલ પગનો સ્પર્શ પણ નહિ કરે! જા, તારી સંધિના પ્રસ્તાવના ચીંથરાને પીતાંબરમાં લપેટી હસ્તિનાપુરની સીમા બહાર ચાલ્યો જા! નહિતર...'

'દુર્યોધન...!' શ્રીકૃષ્ણના હોઠ કાંપવા લાગ્યા. આંખો રાતીચોળ થઈ ગઈ! સર્વ સભાજનો એમના સ્વાગત સમારોહને ભૂલી જઈ 'હાય! હાય!' કહીને એને ધૃત્કારવા લાગ્યા! કેટલાક વીજળીનો ઝાટકો લાગે તેમ ઊભા થઈ ગયા. મારા કાન સુન્ન થઈ ગયા. આંખો બંધ થઈ ગઈ. મારા કાનમાં પોતાનું મોં લાવી દુર્યોધન ઉન્મતાઈમાં ધીરેથી બોલ્યો, 'કર્ણ, તમામ ઝઘડાનું મૂળ એવા આ ગોવાળિયાની આજે બોલતી બંધ કરી દઈશ! મથુરાના કારાગૃહમાં જન્મેલો આ ગોવાળિયો નગરજનોના સ્વાગતસમારોહને યાદ કરતો કરતો કુરુના કારાગૃહના અંધકારમાં નાશ પામવો જ જોઈએ!' એના શબ્દો ઊકળતા લોહરસની જેમ મારા કાનમાં રેડાયા! અમળાતો ઝેરીલા નાગ સમો તે મારા મસ્તકમાં દંશ દેવા લાગ્યો. જીવનમાં પહેલી વાર વિરોધ દર્શાવતાં મેં મોટેથી કહ્યું, 'દુર્યોધન, તું ભાનમાં છે કે નહિ? કોને બંદીવાન કરવાનું તું સ્વપ્ન જુએ છે?'

'કર્ણ, રાજ્યની સઘળી સાંકળો લાવી, સઘળી શક્તિ ભેગી કરી ભલે એ મને બંદીવાન કરે!' શ્રીકૃષ્ણે પોતાની વિશાળ આંખો મીંચી દીધી. એક પળ હું પણ સાનભાન ભૂલી ગયો. મને થયું કે ઊભરાતા દૂધની જેમ એમના શરીરનો એક એક કણ ઊભરતો જાય છે. અડધી ક્ષણમાં એમના મુગટનું છોગલું સભાગૃહની છતને જઈને અડ્યું. એમણે ધારણ કરેલું વિશાળ રૂપ ફરી એક વાર દિવ્ય તેજકણોથી છવાઈ ગયું! આ તેજકણો આપાદમસ્તક સુધી ઝંઝાવાતી ગતિને લજવે તેવી પ્રચંડ ગતિમાં ફરી રહ્યા હતા! એમના

દિવ્ય શરીરમાંથી બહાર પડતાં પ્રકાશનાં વલયો સભાગૃહના સ્તંભોને પીગળાવી દેશે? સૌ કુરુયોદ્ધાઓ, ઋષિમુનિઓ, સેવક-સેવિકાઓ ભયગ્રસ્ત બની એમના વિરાટ દેહ પાસે આળોટવા લાગ્યાં. અંગ પર કવચ ન હોવાથી એમના તેજસ્વરૂપમાંથી પ્રગટતી જ્વાળા હવે મારા સુધી પહોંચી હતી! ગોળમટોળ તેજસ્વી ચહેરામાંથી શબ્દો પણ તેજ રૂપે બહાર પડવા લાગ્યા. સભાગૃહના છતને ભેદવા લાગ્યા... હું ભાનમાં આવ્યો ત્યારે શ્રીકૃષ્ણના શબ્દો મારા કાને પડ્યા.

'યુદ્ધ! યુદ્ધથી એક પણ પ્રશ્ન હલ થવાનો નથી! યુદ્ધ એ માનવીની ક્રૂરતાનું નિકંદન કાઢી નાખવા માટે યોજેલો એક કઠોર માર્ગ છે! યુદ્ધથી માનવજાતિનું કલ્યાણ ક્યારેય થતું નથી! કારણ તે જીવનનું અંતિમ ધ્યેય નથી! જીવનનું અંતિમ ધ્યેય છે પ્રકાશ! જ્ઞાનનો, વિજ્ઞાનનો, આત્માનો પ્રકાશ! તમને સૌને યુદ્ધના મુખમાંથી પ્રકાશ પ્રાપ્ત થવાનો હોય તો હું જ એક ભયાનક યુદ્ધ પેટાવીશ! જે માટીમાં તમે જન્મ્યા છો, એ રસકસ જમીનમાં પાકેલાં ધનધાન્ય ખાઈને તમે ઊછર્યા છો એ જ માટીમાં તમારાં શરીર ચૈતન્યહીન કરી મસળી નાખીશ! આ યુદ્ધ જગતને તમારાં અહંકાર, માર્ગચ્યુતતા, કપટ, ક્રૂરતા, વેર જેવાં રાક્ષસી વિકારોની કથા પેઢી દર પેઢી સુધી સંભળાવતા રહેશે! આથી સમજી લો, આ યુદ્ધમાં હું શસ્ત્ર ધારણ કરવાનો નથી છતાં ધરતી પર ભારરૂપ થયેલાં તમારાં ગર્વિલાં, ઉન્મત્ત શરીર એ જ માટીમાં એકરૂપ કરી દઈશ!'

સૌ અવાક્ થઈ ગયા! દૃષ્ટિહીનતાને કારણે એક મહારાજ ધૃતરાષ્ટ્રને રાજસભાગૃહમાં શું બની રહ્યું છે તેની કલ્પના નહિ આવી હોય! સિંહાસન પરથી ઊઠી તેઓ ભયભીત અવાજે બોલ્યા, 'યાદવરાજ, આજનું ભોજન રાજમહેલમાં લેવા નિમંત્રણ છે!' આ સાંભળી આ રાજાના અંધત્વ પર હસવું કે રડવું એની વિમાસણમાં સૌ પડી ગયા.

'રાજા, આજે હું હસ્તિનાપુરમાં ભોજન લઈશ નહિ! તમારા આ ન્યાયભ્રષ્ટ રાજમહેલમાં નહિ પણ વિદુરની પર્ણકુટીમાં! રાજમાતા કુંતીદેવીના હાથે!' તેઓ પોતાના આસન પરથી ઊઠી જે રીતે શાંતિથી સભાગૃહમાં આવ્યા હતા એ જ રીતે શાંતિથી ચાલીને બહાર નીકળી ગયા. એમને વિદાય દેવા પિતામહ, દ્રોણ, કૃપ, અશ્વત્થામા સૌ એમની પાછળ પાછળ રાજમહેલના દ્વાર સુધી વળાવવા ગયા! તેઓ ગભરાઈ ગયા હતા! વ્યાકુળ થઈ ગયા હતા!

શ્રીકૃષ્ણ કોણ હશે? એક ગોવાળ? એક યોદ્ધા? યાદવરાજ? પાંડવોના મામાનો દીકરો ભાઈ? કે... કે દુર્યોધને કહ્યું તેમ કપટી? મારા મનમાં પ્રશ્નોના ઘા ઝીંકાવા લાગ્યા!

નહિ! શ્રીકૃષ્ણ અવશ્ય અસાધારણ છે! ઈશ્વરી અંશ એમનામાં છે! વિચારોના અચૂક બાણ શંકાઓનાં મસ્તકને તોડી રહ્યાં હતાં!

હું પણ ઊઠીને સૌની સાથે એમને વિદાય દેવા મહાદ્વાર સુધી આવ્યો. ઉંબરો ઓળંગતા તેઓ એક ક્ષણ ઊભા રહ્યા. પાછળ વળી એમણે સૌને પ્રણામ કર્યા. મેં પણ હાથ જોડ્યા. ન બનવાનું બની ગયું અને હજી પણ બનવાનું હતું!

'કર્ણ, આવ!' એમણે જમણા હાથની આંગળીથી ઇશારો કરી મને એમની નજીક બોલાવ્યો! નજીક પહોંચ્યો કે તરત મારો હાથ પોતાના હાથમાં પરોવી દીધો! એમના દિવ્ય સ્પર્શથી કદી ન અનુભવેલી સંવેદનાની એક લહર મારા અંગેઅંગમાં વ્યાપી વળી. એમણે

મને એકને જ કેમ એમની પાસે બોલાવ્યો હશે! રાજસભામાં પ્રવચનનો આરંભ કરતી વખતે સૌથી પહેલાં મારા નામનો જ નિર્દેશ કેમ કર્યો?

એક હાથ મારા હાથમાં લઈ, દારુકને પાછળ બેસવાનો સંકેત કરી એમણે બીજે હાથે પોતાના ચપળ અશ્વોને ચાબુક મારી! પાછળ જોયા વગર એમના શ્વેત સાત અશ્વોનો રથ દોડવા લાગ્યો. પાછળની બેઠકમાં યુયુધાન, બ્રહ્મગાર્ગ્ય અને દારુક બેઠા હતા. મારું મન અનેકવિધ ભાવોથી મૂંઝાઈ ગયું! એમણે મને એકને જ કેમ પોતાની સાથે સ્વહસ્તે રથમાં બેસાડ્યો? મારા એકલાનો જ હાથ કેમ એમણે પોતાના હાથમાં લીધો? એમના રથચક્રની સાથે મારું વિચારચક્ર પણ દોડતું હતું. એક બાજુ ઘટાદાર આમ્રવૃક્ષની ગીચ પર્ણઝાડીમાંથી એક કોકિલ પક્ષી સપ્તસ્વર ગાતો અમારા રથ પરથી ઊડી પશ્ચિમ તરફ ગયો. એના તરફ 'જોતાં મને અસ્ત પામતાં સૂર્યદેવનાં દર્શન થયાં! 'આજે સંધ્યાકાળનું અર્ઘ્ય દાન દેવાનું રહી ગયું હતું!' હું મનમાં ગણગણ્યો! આજુબાજુનાં કદંબ, અશોક, આમ્ર, પીપળો વગેરે કેટલાંય વૃક્ષો તીર ગતિએ પસાર થતાં હતાં. રથ નગર બહાર જવા દોડી રહ્યો હતો. મારા જીવનનો રાજરથ પણ એમની સાથે કીર્તિના રાજમાર્ગ પરથી સડસડાટ દોડતો હતો! શ્રીકૃષ્ણના ફૂલગુલાબી મૃદુલ હાથમાં હાથ પરોવીને! પવનથી ફરફરતું તેમનું પીતાંબર મારા પગ સાથે સતત અથડાતું હતું! વળાંક લેતી વખતે એમનું નમી પડતું શ્યામ શરીર વારંવાર મારા શરીર પર નિઃશંકભાવે ઝૂકી જતું હતું!

વિદુરની પર્ણકુટી સ્પષ્ટ દેખાય એવી રીતે એક ઘટાદાર વટવૃક્ષ પાસે પહોંચતાં જ એમણે લગામ ખેંચી રથની ગતિ થંભાવી દીધી. નગરની સીમા પાસે અમે ક્યારના આવી ગયા હતા. સામે જ સેંકડો વર્ષોથી જલદાન કરવા વહેતી ગંગાનદીનો પટ દૂરથી અસ્ત થતાં સુદીર્ઘ સોનેરી કિરણોમાં ઝળહળી રહ્યો હતો. ગરુડનું એક ઝુંડ કેટલી બધી ઊંચાઈએથી મૈનાક પર્વત પરના પોતાના નિવાસસ્થાન તરફ પાછું વળી રહ્યું હતું. એ જોતાં જ મને શોણ યાદ આવ્યો. એક વાર એમણે મને પૂછ્યું હતું, 'ભાઈ, તું ગરુડ પક્ષીની જેમ ઊંચે ને ઊંચે જઈશ ને!' આજ શોણ નહોતો. હતી કેવળ હૃદય હલાવી નાખનારી એની સ્મૃતિ! એકદમ લગામ ખેંચી લીધી! રથ થંભ્યો! મારું વિચારચક્ર પણ થંભી ગયું. નગર બહારની સીમા અહીં પૂરી થઈ હતી.

'ચાલ કર્ણ!' એમણે મને એક વટવૃક્ષની ઘટાદાર છાયા તરફ જવાનો સંકેત કર્યો. રથને રસ્તા પર છૂટો મૂકી દઈ મારા હાથમાં હાથ પરોવી અમે પેલા વિશાળ વૃક્ષની એક ઘટાદાર શાખા નીચે આવ્યા. એક કાળા પથ્થરની ધૂળ પોતાના ઉત્તરીયથી ઝાટકી એ યાદવોના તેજસ્વી નાયક એના પર બેઠા! બાજુમાં જગ્યા હોવા છતાં હું એમનાં ચરણોમાં બેઠો. કલિંગ દેશમાં મહેન્દ્ર પર્વત પર આ જ રીતે એક વટવૃક્ષ નીચે ભગવાન પરશુરામનું મસ્તક મેં મારા ખોળામાં લીધું હતું એ દિવસ મને સાંભરી આવ્યો. આજ મારો હાથ શ્રીકૃષ્ણના હાથમાં હતો! એ જ રીતે ઉપર વટવૃક્ષ હતું! સૂર્યાસ્તનાં સોનેરી કિરણોમાં શ્રીકૃષ્ણનું શ્યામ શરીર ઝબકારા મારતું હતું. કંઠમાં પોખરાજ, માણેક, મોતી, હીરા, વૈદૂર્ય વગેરેની માળા એમના શ્વાસોચ્છ્વાસ સાથે લયમાં આરોહ-અવરોહાતી હતી. મસ્તક પરના સોનેરી મુગટમાંથી પ્રકાશ પરાવર્તિત વલયો ફેંકતાં હતાં. હરિયાળી ભૂમિ પર હું બેઠો હતો. ચપટી ધૂળમાં ખદબદતો એક કીડો એમના ગુલાલમય પીતાંબર પર ચડતો મને દેખાયો!

'કર્ણ, જબરદસ્ત આઘાત આપનાર સત્ય કહેવા આજે તને સૌની વચ્ચેથી એકલાને જ નગર બહાર લઈ આવ્યો છું! આ અસ્ત પામતાં તેજને જો અને હું જે કહું તે તું ધ્યાનથી સાંભળ!' બે પર્વતની વચમાંથી સરકતા સૂર્યદેવ તરફ આંગળી ચીંધીને તેઓ ખૂબ હેતથી બોલ્યા. એમનો અવાજ મોરલી જેવો મધુર હતો.

'કહો, યાદવરાજ, ધરતી ઊથલપાથલ થાય તોપણ હવે મને એક પણ વાત આઘાત પહોંચાડી શકે તેમ નથી.' મેં એમના અણિયાળા નાક તરફ જોતાં કહ્યું.

'કર્ણ... કર્ણ, તું સૂતપુત્ર નથી જ! રાધા અને અધિરથનો પુત્ર નથી જ!' મારી આંખોના ઊંડાણમાં પેસી એમણે મારા મનસરોવરમાં ડૂબકી મારી. સફાળા ઊઠીને મેં એટલી જોરથી ચીસ પાડી, 'શું કહો છો? હું સૂતપુત્ર નથી? રાધામાતાનો પુત્ર નથી? યાદવરાજ, આ અસત્ય છે! અસત્ય છે! તમારું સુદર્શન જોઈએ તો ચલાવો પણ આમ વાણીનું આ ખડ્ગ ન ચલાવો.'

'હું જે કહું છું તે સત્ય છે! તું ક્ષત્રિયોમાં શોભા દેનારા એક ઉત્તમ ક્ષત્રિય કુળનો છે! તું... તું રાજમાતા કુંતીદેવીનો પ્રથમ પુત્ર છે! તને તારું કુળ જણાવવામાં મારી સહેજ પણ ભૂલ થતી હોય તો આ પશ્ચિમ દિશા તરફ ધ્યાનથી જો. તું સાક્ષાત્ સૂર્યદેવના હરિણ્યગર્ભનો તેજપુત્ર છો!' એમણે પશ્ચિમ દિશા તરફ આંગળી ઊંચી કરી. એમના શબ્દો સાથે મારા અંગેઅંગમાંથી લોહીકણ ઝડપથી ફરવા લાગ્યા. હરખ, અભિમાન, મહાનતાનું જ્ઞાન થતાં મારા મનનાં બંધન તૂટી ગયાં અને આંખ વાટે અવિરત ધારે વહેવાં લાગ્યાં!

'હું સૂર્યપુત્ર છું! હું સૂર્યપુત્ર છું!' એમ બોલી આનંદથી ઉન્મત્ત બનીને નાચવાનું મને મન થયું. મારા જીવનનું રાજવસ્ત્ર સામાજિક રૂઢિઓની, સ્વાર્થની, અહમ્‌ની ધૂળમાં વર્ષોથી નિર્દયતાથી રગદોળી નાખનારા લોકોને મોટે મોટેથી બૂમો મારીને જણાવવાનું મન થયું કે, 'હું સૂર્યપુત્ર છું! હું સૂર્યપુત્ર છું! તેજનો પુત્ર છું! હીન નથી! ક્ષુદ્ર નથી!'

'શ્રીકૃષ્ણ, સત્ય શું અને અસત્ય શું મને એ જ સમજાતું નથી! હું કૌંતેય છું છતાં કુંતીદેવીથી દૂર કેમ રહ્યો? પાંડવ છું છતાં પાંડવોથી અલગ કેમ પડી ગયો? સૂર્યપુત્ર છું છતાં અંધકારના સામ્રાજ્યમાં કેમ ભટકતો રહ્યો?

'તેની એક મહાન કથા છે! જગતના ભલભલા પાષાણહૃદયી માનવનાં હૈયાંને ભીંજવી જતી એ કરુણ કથા છે! સમાજની ક્રૂર રૂઢિઓની! એક માતાના મૂક ક્રંદનની!

કુંતીદેવીને કૌમાર્ય અવસ્થામાં દુર્વાસા ઋષિના દિવ્ય મંત્રને લીધે તું સૂર્યદેવ દ્વારા પ્રાપ્ત થયો હતો! તું જન્મ્યો ત્યારે તે ભોજપુરમાં રહેતી હતી. કૌમાર્ય અવસ્થામાં પુત્ર પ્રાપ્ત થવો એ સમાજની દૃષ્ટિએ રાજકન્યાને કલંકિત કરનારી ઘટના હતી! તને લઈને એ એકલી ક્યાંય જીવી શકે તેમ નહોતી! જગતે તેને જીવવા પણ દીધી ન હોત! અને તે જીવી હોત તો તારું અસ્તિત્વ રહ્યું ન હોત! આથી હૃદય પર હિમાલય જેવડો પથ્થર મૂકી એ મહાન સ્ત્રીએ તને અશ્વનદીમાં ત્યજી દીધો! જન્મ્યો એ જ દિવસે! અશ્વનદીમાંથી ચર્મણ્વતી, યમુના અને ગંગા એમ પેટીમાં પ્રવાસ કરતો તું એક વહેલી પ્રભાતે અધિરથને ગંગામાંથી સાંપડ્યો! ત્યારથી આજ સુધી તું સારથિ રૂપે ઊછર્યો! તને તારા દિવ્ય કુળની માહિતી ન હોવાથી દુર્દૈવના ચક્કરમાં તું ફસાયો! કર્ણ... કર્ણ, તું સારથિ નથી જ! દુર્યોધનના અન્યાયી પક્ષમાં રહેવાનું છોડી દે!'

'જગતમાં કોઈનેય ન મળે એવા ત્રણ પિતા અને ત્રણ માતાની ભેટ તને મળી છે! સૂર્યદેવ, મહારાજ પાંડુ અને અધિરથ – એમની પિતૃછાયા તારા પર છે! કુંતીદેવી, રાધા અને ગંગા – એમનું માતૃત્વ તારા માટે તલસી રહ્યું છે. કર્ણ, આજનો દિવસ તારા જીવનને ધરમૂળથી વળાંક દેનારો છે! તારું કુળ શ્રેષ્ઠ છે! તારો વારસો દિવ્ય છે! પાંડવ તારા સગા ભાઈઓ છે! તું સૌથી પહેલો પાંડવ છે! જ્યેષ્ઠ કૌંતેય છે!'

એમના એક એક શબ્દે લાગણીનું એક એક પ્રચંડ મોજું ગર્જના કરતું મારા જીવનસરિતાના કિનારે અથડાતું હતું. એક ક્ષણમાં ચંપાનગરથી હસ્તિનાપુર આવ્યો ત્યાં સુધીનું મારું સમગ્ર જીવન વિરાટ રૂપધારી શ્રીકૃષ્ણના હાથમાં ધારણ કરેલા સુદર્શનની જેમ મારી આંખ સામે ઘૂમવા લાગ્યું. ઘટનાના કેટલાંય તીક્ષ્ણ દાંત હૃદયમાં ભરાવા લાગ્યા! સાક્ષાત્ તેજનો પુત્ર હોવા છતાં આ દીર્ઘકાળ દરમિયાન અપમાન, અવહેલના, વંચના, ઉપેક્ષા સિવાય બીજું મેં શું મેળવ્યું હતું? ક્યાંથી ક્યાં હું આવ્યો હતો? જીવનનો અર્થ શો? એકના અપરાધની આટલી આકરી સજા અન્ય નિર્દોષ વ્યક્તિએ ભોગવવાની? શું આ જ જીવન છે? સાક્ષાત્ સૂર્યપુત્ર હોવા છતાં મેં જીવનમાં નિયતિની કેવી ક્રૂર થપ્પડ ખાધી હતી? કે... કે અગ્નિમાંથી જન્મેલો હું અગ્નિને ભૂલી ન જાઉં એ માટે નિયતિએ જીવનની આગ મારા સુવર્ણમસ્તક પર મુક્તપણે પાથરી દીધી હતી?

સૂતપુત્ર! નહિ! સૂર્યપુત્ર! રાધેય! નહિ! કૌંતેય! એકસો એક કૌરવ! નહિ! પહેલો પાંડવ! હું દ્વિધામાં હતો કે હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? ક્યાં જવાનો? શ્રીકૃષ્ણે કહ્યું એટલે એ વાતને મેં સાચી માની લીધી! નહિતર...

'કર્ણ, આજ સુધી તું અજ્ઞાનવશ કૌરવોની પાછળ સતત ઘસડાતો રહ્યો! નાહકનો ઘસડાતો રહ્યો! પાંડવોનો દ્વેષ કરતો રહ્યો! સગા ભાઈઓનો વિરોધ કરતો રહ્યો! હવે સત્ય સમજાયા પછી પણ તું આમ જ કરીશ? સમજી લે, ગતિ અને પ્રગતિ એ જીવનનું લક્ષણ છે! આજ સુધી તું બંદીવાન રહ્યો, કીર્તિ પ્રાપ્ત કરીને કદાચ અસાધારણ કક્ષાએ પહોંચ્યો હોઈશ છતાં મનથી તું કુંઠિત જ રહ્યો છે! હું... હું... તારો ભાઈ મોસાળના નાતે તને આવકારું છું! ચાલ, તારે ઘેર પાછો ચાલ! તારા લોહીનાં સગાંને ઘેર ચાલ! પાંડવો પાસે – તારા ભાઈઓ પાસે ચાલ!' તેઓ ઉપપ્લાવ્ય દિશા તરફ આંગળી ચીંધીને કહેતા હતા.

એમની વાતો સાંભળી મને સમજાતું નહોતું કે ક્રૂર કાળે મારા જીવનના આમ્રવૃક્ષને કાંટાળી ભૂમિમાં શા માટે વાવ્યું હતું? અક્કલ કામ કરતી નહોતી. ખરે વખતે વિશ્વાસઘાત કરી કૌરવોને હાથતાળી દઈ દઉં? સારથિઓના કાદવમાં ખૂંપેલું મારું જીવનકમળ એક જ રાતમાં પોતાના હાથે દુર્યોધને રાજસિંહાસન પર ચઢાવી દીધું હતું. શું હું એની પીઠ પર ખંજર મારી પાંડવો પાસે ચાલ્યો જઉં? મારાં સુખદુઃખને સગા પુત્રના કરતાંય અધિક ગણનારી રાધામાતાને ધક્કો મારી કુંતીદેવીને વળગી પડું? નહિ! નહિ! હું કૌંતેય નથી, હું રાધેય છું! નહિ! હું સૂર્યપુત્ર નથી! હું સૂતપુત્ર છું! કર્મ એ ઘડ્યું એ જ મારું જીવન! નિયતિએ ચીંધેલી એ જ મારી દિશા!

'કર્ણ, લાંબો વિચાર ન કર! ચાલ મારી સાથે રથમાં બેસી જા અને ઉપપ્લાવ્ય ચાલ! ધર્મશાસ્ત્ર પ્રમાણે તું પાંડુ રાજાનો કાનીન[1] પુત્ર છો! વેદવેત્તા બ્રાહ્મણો સાથે રહીને તેં તારું ધર્મજ્ઞાન વધાર્યું છે. બ્રહ્મચર્ય અને અર્ઘ્યદાન, આત્મસંયમ, દાનયજ્ઞ વગેરેથી તું મહાન પદે

પહોંચ્યો છે! પ્રત્યેક પાંડવ એક એક ગુણમાં શ્રેષ્ઠ છે, પરંતુ તું સર્વગુણસંપન્ન છો! પ્રથમ પાંડવ એ નામ ખરેખર તારે માટે શોભાસ્પદ છે! ચાલ, કર્ણ, હજી પણ શાશ્વત માર્ગ તરફ ચાલ! હજી મોડું નથી થયું! મારું માન!'

'ચાલ, ચિરવિરહમાં સોસાતી તારી કુંતીમાતા પાસે ચાલ. બંધુપ્રેમ માટે ઉત્સુક તારા ભાઈઓ પાસે ચાલ. પાંડવો તને વડીલબંધુ ગણી આ સમસ્ત રાજ્યના સિંહાસન પર તને જ બેસાડશે. હાથમાં શ્વેત ચામર લઈ યુધિષ્ઠિર તારા મસ્તક પર એ વિનયપૂર્વક ઢોળતો રહેશે! તું રથમાં ચડીશ પછી તારા સેવક રૂપે તારી પછી જ એ રથમાં ચડશે! શક્તિશાળી ભીમ તારા મસ્તક પર વિનમ્રતાથી છત્ર ધારણ કરશે અને જેને તું અજ્ઞાનવશ આજ સુધી તારો શત્રુ ગણતો આવ્યો છે એ તારો ભાઈ ધનુર્ધર અર્જુન તારા રથનો સારથિ બનશે! નકુલ, સહદેવ, દ્રૌપદીના પાંચ પુત્રો, ધૃષ્ટદ્યુમ્ન આ સૌ તારા નેતૃત્વને સ્વીકારશે અને અનિંદ્ય નેતૃત્વના અનુચરો બનશે! વજ્ર જેવા એકમાર્ગી અને વચનમાં વિનયી દાસ બનીને રહેશે! તારા વાયુજિત અશ્વનો ખરેરો કરશે!'

'એટલું જ નહિ પણ... પણ... વૃષ્ણી અને અંધક કુલના સમસ્ત પરાક્રમી યોદ્ધાઓ સહિત સાક્ષાત્ હું પણ તારો સેવક બનીશ! ઉદ્ધવ, બલરામ, સાત્યકિ, ઉગ્રસેન વગેરે તને પાંડવરાજ ગણીને તારી સામે આદરભાવે નતમસ્તકે ઊભા રહેશે! પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ, સુદેષ્ણ, ચિન્નગૂ, ભાનુસેન – આ મારા પુત્રો તારી આજ્ઞામાં રહેવામાં તેમની જાતને ધન્ય ગણશે. વીર અભિમન્યુ તારો ચરણસ્પર્શ કર્યા સિવાય કદી રથમાં આરૂઢ નહિ થાય! અને સુગંધીકાય શ્યામા આર્યા દ્રૌપદી તને પતિ તરીકે ગણી તારે તળિયે ચંદનનું માલિશ કરશે! ચાલ, છેલ્લાં સિત્તેર વર્ષથી સતત પુત્રવિયોગની તીવ્ર આગમાં બળી રહેલી તારી જન્મદાત્રી માતાનું હૃદય એનાં વૃદ્ધ ચરણોમાં તારાં બે અશ્રુબિંદુ પડતાં કૃતજ્ઞતાની લાગણીથી શાંત થઈ જશે! રાજા વસુસેન રૂપે તારી કીર્તિ કેવળ આર્યાવર્તમાં જ નહિ પણ ત્રિલોકના ખૂણે ખૂણે ગાજી ઊઠશે. સમ્રાટોના સમ્રાટ તરીકે તારું શુભ નામ પેઢી દર પેઢી સુધી સુપ્રભાતે આર્યોના મુખે લેવાતું રહેશે!'

'નહિતર... નહિતર કૌરવોના અન્યાયી પક્ષમાં ભળી જઈ અહંને વશ થઈ સમસ્ત આર્યાવર્તને યુદ્ધની ખાઈમાં ધકેલી દેનાર, ખોટા આદર્શોને વળગી રહી સ્વ સહિત સર્વનો વિનાશ નોતરનાર, તેજનો પુત્ર હોવા છતાં અંધકારમાં ડૂબી જનાર કર્ણ રૂપે તારી સ્મૃતિ કરોડો આર્યોનાં હૃદયને લાખ લાખ વર્ષો સુધી અનુકંપાથી ખોખલાં કરી નાખશે. ચાલ, મારી સાથે રથારૂઢ થા!' મારો હાથ પકડી એમણે મને રથની દિશા તરફ દોર્યો! મક્કમતાથી ધરતી સાથે પગ જડી દઈ મેં કહ્યું, 'નહિ મધુસૂદન, કોઈના હૃદયમાં મારી સ્મૃતિ કેવી રહેશે એ સાથે મારે હવે કશો સંબંધ રહ્યો નથી! ફક્ત આજની આ સ્મૃતિ મારા જીવનમાં અંકાઈ જશે! મેઘશ્યામ, મારા હાથ આપના અતિ મૃદુલ હાથમાં છે! હું સૂર્યપુત્ર છું એ જાણી હું રોમાંચિત થઈ ગયો છું અને જ્યેષ્ઠ કૌંતેય હોઈ આ દિવ્યકુળને અનુરૂપ આચરણ કરું કે પદભ્રષ્ટ થઉં? સૂર્યનાં કિરણ કદી વક્ર થયાં જાણ્યાં છે? એક વાર જે દિશા પકડી તે જ નિશાન! તે જ પક્ષ! રાજ્ય, સંપત્તિ, કીર્તિ, પ્રેમબંધ એકેય પાશ સૂર્યકિરણોને બાંધી શકતા નથી! આપ રાજ્ય દેશો તોપણ હું દુર્યોધનનાં ચરણે ધરી દઈશ! પાંડવ મારા અનુચર

૧. કૌમાર્યાવસ્થામાં જન્મેલો.

બનશે તો હું એમને સેવક તરીકે રાજા દુર્યોધનના સભાગૃહમાં ઊભા રાખીશ! કર્ણ અને પાંડવ આ જન્મે જોડાયેલી જીવનરેખા હશે, પણ... પણ દુર્યોધન અને કર્ણ એ પૂર્વજન્મથી જોડાયેલી જીવનરેખા છે! કહો, ગોવાળોએ એક જ ડાળી પર ઊગેલાં તમામ પુષ્પોને આપનાં ચરણે સમર્પિત કર્યાં છે! જેનાં નિર્મળ સ્નેહ પર મેં વર્ષો સુધી અખંડપણે સમુદ્રવલયાંકિત રાજસુખનો આજ સુધી ઉપભોગ કર્યો એ દુર્યોધનને વિશ્વાસઘાતની ઊંડી ખાઈમાં ધકેલી દઉં? સ્વાર્થ અને પ્રેમને વશ થઈ પાંડવોનો પક્ષ સ્વીકારું? શું એ સૂર્યપુત્રને શોભાસ્પદ છે? વૃષાલી સારથિ કન્યા હોવા છતાં દ્રૌપદીએ કદી ન દીધી હોય તેવો સ્નેહસુગંધિત સાથ મને જીવનભર આપ્યો છે એ પત્નીને હું કેવળ દ્રૌપદીના સુગંધી સૌંદર્યને ખાતર ઠેબે મારી દઉં? એથી શું કૌંતેયની કીર્તિ વધવાની છે? મારા મળમૂત્ર સાફ કરી 'વસુ, વસુ' કહી એ રાધામાતાને કેવળ જન્મ દઈ નાળ સોતો મને અશ્વનદીનાં ઘૂઘવતા પૂરમાં વહેતો મૂકી દેનાર વિભ્રાંત માતા ખાતર – કુંતીદેવી ખાતર દૂર હડસેલી દઉં? નહિ, માધવ, તે શક્ય નથી! સાક્ષાત્ મૃત્યુની વર્ષા થાય તોપણ મને એ કબૂલ છે પણ સત્ત્વનું આવું ઘોર મૃત્યુ મને મંજૂર નથી!'

'આજના અવસરે એક વિચિત્ર યોગાનુયોગ પર મને અત્યંત આશ્ચર્ય થાય છે! તમે એક ક્ષત્રિય કુળમાં જન્મ્યા અને દુર્ભાગ્યવશ ગોવાળને ત્યાં ઊછર્યા! યશોદામાતાએ તમને પાળ્યા-પોષ્યા! હું પણ એક દિવ્ય કુળમાં જન્મ્યો અને દુર્દૈવવશાત્ ચંપાનગરીની પર્ણકુટીમાં સારથિને ત્યાં ઊછર્યો! રાધામાતાએ મને પાળ્યો-પોષો! કર્તવ્ય પણ એક જ – આપના મામા કંસ પર આપે મુષ્ટિપ્રહાર કરવો પડ્યો! કાલે મારે પણ ભાઈ પર પ્રહાર કરવો પડશે! પણ... પણ...'

'પણ... શું કર્ણ? કહે, નિઃસંકોચપણે કહે!' એ મારી આંખોના ઊંડાણમાં ઊતરી બોલ્યા!

'હૃષિકેષ, તમે યશોદામાતાનો ત્યાગ કરી દીધો તેમ હું રાધામાતાનો ત્યાગ કરું નહિ! તમે ગોકુળના ગોવાળોને વીસરી ગયા. હું મારી ચંપાનગરીના સારથિઓને ક્યારેય વીસરી શકું નહિ! આર્યાવર્તને યુદ્ધની ખાઈમાં ધકેલનાર સ્વ સાથે સર્વનો વિનાશ નોતરનાર, તેજનો પુત્ર હોઈ અંધકારમાં ડૂબી જનાર કર્ણની કટુ સ્મૃતિઓથી કરોડો આર્યોનાં હૃદયને લાખો વર્ષો સુધી મારે ખાતર દુભાવું નહિ પડે! માત્ર એ દુભાતું રહેશે તમારે માટે! મારે માટે કયા ન્યાયના પક્ષની સંધિનો પ્રસ્તાવ લઈને તમે આવ્યા છો? બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ પાંડવોએ ભોગવ્યો! આથી વ્યાકુળ થયેલા હે શ્રીકૃષ્ણ, તેઓ જુગાર રમ્યા એ વાતનો તમે ઇન્કાર નહિ કરોને? પણ... પણ કદી જુગાર ન ખેલનાર મેં જીવનભર ઘોર, ઘૃણામય અજ્ઞાતવાસ વેઠ્યો એ માટે આપના ન્યાયપ્રિય હૃદયમાં કોઈક ખૂણે વેદના થાય છે ખરી? એ વેદના થતી હોત તો – તો આપે મને પાંડવો પાસે જવાનો આગ્રહ ક્યારેય કર્યો ન હોત! ઘનશ્યામ, એક રાજકીય મુત્સદ્દી રૂપે આજે આવી આપ મને લાગણીવિવશ બનાવી આહ્વાન આપો છો? કેશવ, આ કડવું સત્ય હું સ્પષ્ટપણે જણાવું તો મને ઉદારહૃદયે ક્ષમા કરજો. આપ મહાન છો, દિવ્ય છો. મારા હૃદયમાં આપના વિશે અવર્ણનીય નિતાંત પ્રેમાદર છે! આપ મહાયજ્ઞ પેટાવવાના છો એમાં મારા દેહનાં આ સુવર્ણસમિધ હું નિઃશંકપણે સહર્ષભાવે અર્પણ કરીશ! જગતમાં 'ન ભૂતો ન ભવિષ્યતિ'

એવો એ દિવ્ય મહાયજ્ઞ હશે! પુરુષોત્તમ, પાંડવોને અને કર્ણને ભેગા કરવાનો સમય ક્યારનો વીતી ચૂક્યો છે!'

'જાઓ, કૃષ્ણ, હું જાણું છું કે આ મહાયજ્ઞના બ્રાહ્મણ તમે જ છો! હોતા કપિધ્વજ અર્જુન છે! સૈનિક યોદ્ધાઓમાં તેજસ્વી પરાક્રમ એ આજ્ય (ઘી) છે. બ્રહ્મા, ઇન્દ્ર, વરુણ, અગ્નિ, પાશુપત વગેરે શસ્ત્રો ચલાવતી વખતે યોદ્ધાઓએ ઉચ્ચારેલ મહામંત્રો એ જ યજ્ઞમંત્ર છે. અર્જુનના અક્ષયબાણ સભર ગાંડીવ એ ઋચા અને એના પુત્ર અભિમન્યુએ વીરોને સાવધાન કરવા કરેલ સિંહનાદ એ જ આ યજ્ઞનું સામગાન હશે! ગગનભેદી અવાજનો ઉદ્ગાતા ભીમ, ધર્મપરાયણ યુધિષ્ઠિર બ્રહ્મા, નકુલ-સહદેવ, શામિત્ર અને આપના યાદવકુળના પરાક્રમી સાત્યકિ એમાં સહાયક બ્રાહ્મણો હશે! રણવાદ્યના ધ્વનિ, ગંગનમંડળને ભેદનારા શંખના અવાજ, વીરોની સિંહગર્જના એ આ મહાયજ્ઞની પવિત્ર ઋચા હશે! ધ્વજદંડ, રથનીડ અને હાથી પર અંબાડી એ પશુબલિ દેનાર મહાન યજ્ઞસ્તંભ હશે! ગદા, તલવાર, બાણ, ત્રિશૂલ, તોમર, ભાલા વગેરે શસ્ત્રો દર્ભ હશે! રાજા દુર્યોધને પોતાની કુરુસેનાને પત્ની માનીને જ આ દિવ્ય મહાયજ્ઞની આજ એમણે દીક્ષા લીધી છે...'

'અને... અને આવા આ મહાયજ્ઞમાં હું મારા આ સુવર્ણશરીરનું હેમસમિધ હસતે મુખે અર્પણ કરવાનો છું! ખરેખર અદ્ભુત આ મહાયજ્ઞ હશે! શ્યામસુંદર, નિયતિએ મને આજ આપને ના કહેવા માટે આવી કપરી પરિસ્થિતિમાં મૂકી દીધો છે. આથી જ મારા – આપના આ મોસાળના આત્મીય સંબંધો આજે અક્ષરશઃ ટુકડેટુકડા થઈ તૂટી પડે છે. જાઓ યાદવરાજ, શક્ય હોય તો આ કમનસીબ કર્ણને ક્ષમા કરી દો! પાંડવોની અને મારી જીવનરેખા સંપૂર્ણપણે ભિન્ન છે! હવે તેઓ અવશ્ય એકમેકને ગ્રસી જશે! કેન્દ્રબિંદુ સમી કુંતીમાતા પણ હવે એને ક્યારેય સાધી શકશે નહિ...'

'મનમોહન, ફળ રસથી ભરપૂર હોય છે. એમાં બીજ હોય છે. રસ જાતે નાશ પામીને પણ બીજને પુષ્ટ કરે છે! હું પણ એ રસ જેવો છું! મારા આત્મસમર્પણથી પાંડવોનું બીજ પાંગરે અને ફૂલેફાલે એવો જ નિયતિનો કોઈ સંકેત લાગે છે.'

'જાઓ! અશ્વનદીના પટ જેવો સમયનો પટ ક્યારનો વહી ચૂક્યો છે! હવે કર્ણ કે પાંડવ એ જ અટળ ભાવિ છે! હું મૃત્યુને થથરાવનારી નિર્દય જવનિકાની પેલે પાર ક્યારનો પહોંચી ગયો છું! સૂતપુત્ર, અંગરાજ, દાનવીર, દિગ્વિજયી, ધનુર્ધર કર્ણ પૈકી એક પણ રૂપે આજે હું લડનાર નથી! હું લડીશ અંધકારના સઘન સામ્રાજ્યને ભેદનારા પ્રખર સૂર્યકિરણની જેમ! પિતા સૂર્ય, માતા કુંતીદેવી, મોસાળ ભાઈ શ્રીકૃષ્ણ, ભાઈ પાંડવો – આ સૌ સંબંધોને શોભે તેવું! વીર કર્ણ રૂપે!'

'જનાર્દન, ઇન્દ્રને કવચ-કુંડળનું દાન દેનાર કર્ણ યુદ્ધમાં યોદ્ધાઓના હાથ-પગ અને કવચનો વધ કરશે! સૂર્યદેવને જીવનભર અર્ઘ્યદાન દેનાર કર્ણ રણાંગણમાં વીરોને મોતને ઘાટ ઉતારશે! જીવનભર રાધામાતાનાં ચરણો ધોનાર કર્ણ યુદ્ધમાં વીરોનાં રક્તથી આજે આ પુણ્યપાવન આર્યભૂમિનાં ચરણો ધોશે. જીવનભર શાપિત ઠરેલો કર્ણ સૌને સ્વર્ગનું વરદાન દેશે! આખી જિંદગી અપમાનિત થયેલો કર્ણ સંગ્રામમાં સૌને ગૌરાન્વિત કરશે! જાઓ યદુકુલોત્પન્ન, શાંતચિત્તે મહાયજ્ઞની તૈયારી કરો! અને એક વિનંતી છે. પાંડવોને હું એમનો ભાઈ છું એ કહેશો નહિ! નહિતર તેઓ મારી સાથે કદી લડશે નહિ!'

'જાઓ બંધુરાજ, કર્ણનું રાજરત્ન પાંડવોના રાજમુગટમાં ક્યારેય કદી બેસી શકશે નહિ. એ તેમને આપની રસાળ વાણીમાં સમજાવી દેજો! અને આ સૂતપુત્રનાં છેવટનાં પ્રણામ ઉદાર હૃદયે સ્વીકારશો! ગુડાકેશ, આપને દેવા માટે આ – આ આટલાં સાદર પ્રણામ આજે મારી પાસે રહ્યાં છે!' એમનો ચરણસ્પર્શ કરવા હું નીચે નમ્યો. મારી આંખમાંથી બે અશ્રુબિંદુ એમનાં નિર્મળ ચરણો પર સરી પડ્યાં! સહેજ કંપ્યાં અને નીચે માટીમાં એકરૂપ થઈ ગયાં! વિલીન થઈ ગયાં!

'જયતુ રાધેય કર્ણ!' એમણે મારા ખભા પકડીને મને ઊભો કર્યો અને મને એકદમ ભેટી પડ્યા! કૃતજ્ઞતાની લાગણીથી મારી આંખમાં આંસુનાં પૂર ઊમટ્યાં અને એમની શ્યામ પીઠ પર વહેવાં લાગ્યાં! એમની આંખમાંથી પણ અશ્રુબિંદુ મારા મસ્તક પર પડતાં જ જાણે જીવનનો દિગ્વિજય પૂર્ણ થયાનો મને સંતોષ થયો! આટલા સૌભાગ્યની, આટલા ગૌરવની, આટલી ધન્યતાની પરાકાષ્ઠાની પળ ક્યારેય આવી નહોતી અને આવશે પણ નહિ!

પોતાના હાથમાંથી મારો હાથ હળવેકથી છોડાવી પશ્ચિમ ક્ષિતિજ તરફ દૃષ્ટિ નાખતાં ધીરે ધીરે ચાલીને તેઓ રથારૂઢ થયા. લગામ હાથમાં લઈ રથનીડ પર ઊભા રહ્યા. શ્વેત અશ્વોને ચાબુક મારવા તેમણે એ ઊંચી કરી. એમનું – મારું આ અંતિમ મિલન હતું. મનની ભીતરમાં સમાયેલું છેલ્લું એક હૃદયદ્રાવક દુઃખ મારે એમને સ્વાધીન કરવું હતું! બધાથી મુક્ત થઈ જવું હતું! વાયુની જેમ! સૂર્યકિરણની જેમ!

'માધવ, ઊભા રહો!' હાથ ઊંચો કરી મેં એમને સાદ દીધો. ચાબુક એમ જ ઊંચી રાખી તેઓ વિસ્મયથી મારી સામે જોવા લાગ્યા. દોડીને એમના રથનીડ પર હાથ મૂકી હળવેકથી મેં એમને કહ્યું, 'મેં કદી આપની પાસે કંઈ માગ્યું નથી! આજે માગું છું! મારું એક કામ કરશો? આપ... કેવળ આપ જ એમને માટે યોગ્ય છો!'

'કહે, કયું કામ રાધેય?' એમણે ભવાં ચડાવ્યાં.

'અચ્યુત, એ વિશાલાક્ષી, શ્યામ, ભાવસુગંધિત દ્રૌપદીને કહેજો કે... કે કર્ણના અંતઃકરણની વીણાનો એક ભગ્ન તાર તારા કરેલા અપમાનના ડંખથી સદૈવ કર્કશતાથી રણઝણતો રહ્યો છે! પાંચ પતિની પત્ની હોવા છતાં પતિવ્રતાની, પવિત્રતાની પરાકાષ્ઠાએ પહોંચેલી એ એકમેવ આર્યાને – પાંચાલીને... કહેજો કે... કે..., 'શક્ય હોય તો કર્ણને ક્ષમા કરી દે!'''

લગામ ઉછાળીને એમણે રથ વિદુરની પર્ણકુટીની દિશા તરફ વાળ્યો. ચક્ર નીચેથી ઊડતી ધૂળ મને કેવળ દેખાતી હતી! થોડી વારમાં તે શાંત પડી ગઈ પણ મારા મનમાં વિચારોનાં મોજાં શાંત પડ્યાં નહોતાં! જે પર્ણકુટીમાં રાજમાતા હતી એ તરફ પીઠ ફેરવી હું રાજમહેલ તરફ પાછો ફર્યો. પર્ણકુટીમાં રાજમાતા હતી, મને કેવલ જન્મ દેનારી! રાજમહેલમાં રાધામાતા હતી! મારું ઘડતર કરનારી! મારું નિર્માણ કરનારી!

બાર

શ્રીકૃષ્ણ ચાલ્યા ગયા. મારા જીવનની રાજપ્યાલીને પોતાનાં ચરણોથી હડસેલી દઈને! મારા ભાવિ દૂધને ચારેબાજુ ઢોળી દઈને! સંતોષ ફક્ત એક જ વાતનો હતો કે આ

રાજપ્યાલી એમનાં પુણ્યપવિત્ર ચરણો દ્વારા ઢોળાઈ ગઈ હતી. મારો જન્મવૃત્તાંત મને એમની પાસેથી જાણવા મળ્યો હતો.

ગોકુળની ગાયો ચરાવવા ગોવાળો સાથે ગોવર્ધન પર્વતની તળેટીમાં જેટલી સહજતાથી ગયા હતા એટલી જ સહજતાથી તેઓ મારા જીવનનું રહસ્ય ખુલ્લું કરીને રથમાં બેસી ચાલ્યા ગયા હતા. મને અસ્વસ્થ કરી દઈને! તેઓ એક રાજમુત્સદ્દી હોઈ એમના પ્રલોભનોમાં મારે ફસાવું નહોતું, તેથી તેમને મેં ના કહી દીધી હતી. પણ... પણ હું એક માણસ હતો! પોતાના જીવનની આટલી બધી ઘોર વંચનાથી કોણ સ્વસ્થ રહી શકે? મારો શો અપરાધ હતો કે ગાયોનાં ટોળામાં માર્ગ ભૂલેલો હિંસક વાઘ ઊછરે તેમ હું ઊછર્યો? હું સૂર્યપુત્ર હોવા છતાં આખી જિંદગી લાખો લોકોના મર્મભેદી તિરસ્કાર મારે મૂંગે મોંએ સહન કરવા પડ્યા? સળગતી મશાલ જેવા મન સાથે આખી જિંદગી ઝંઝાવાતી જીવન જીવવું પડ્યું? હિમાલયમાંથી જન્મેલી ગંગાનું મીઠું જળ સાગરમાં મળતાં જ ખારું થઈ જાય તેવું મારું જીવન નહોતું? હવે ઉગમણી બાજુના ધવલ હિમાલયનો શો ઉપયોગ? હું દિવ્યકુળનો છું, મારી પરંપરા શ્રેષ્ઠ છે, મારા પૂર્વજો પરાક્રમી હતા, સન્માન્ય છે. એ સત્ય જાણવાથી હવે શો ફાયદો? હસ્તિનાપુરના રાજચોકમાં ઊભો રહી હું મોટે સાદે જાહેર કરું કે, 'હું ક્ષત્રિય છું! હું હીન નથી! તુચ્છ નથી! ક્ષુદ્ર નથી!' તો શું લોકો મારાં વચન પર વિશ્વાસ મૂકશે ખરા? મારા જીવનની આ ખેંચતાણ માટે કોણ જવાબદાર હતું? ભીતરમાં ભભૂકી રહેલી આ નિષ્ફળ જીવનની અસહ્ય આગ કોને દેખાડું? કોને માટે મારે યુદ્ધમાં ઊતરવાનું હતું? ભાવિના લોભામણા જૂઠા આદર્શોને વળગીને ક્યાં સુધી દોડું? જૂનું બધું વિખરાઈ ગયું હતું, નષ્ટ પામ્યું હતું. નવું પ્રાપ્ત થવાનું નહોતું! ભળતા માર્ગે દોડી જતી મારા જીવનની અશ્વનદી હવે ભ્રમણાના નિષાધ પર્વત પાસે અવરોધાઈને મધ્યમાં જ અટકી ગઈ નહોતી? કેવળ મૃતઃપ્રાય જીવન જીવવા સિવાય હવે જીવનમાં બાકી પણ શું રહ્યું હતું? પર્વત સમી સમસ્યાઓનો મારે આત્મનિર્ભરપણે, સિંહ સમી ધીરજથી, ચિત્તાની જેમ સાવધ બનીને સામનો કરવાનો હતો! ત્યારે જ આ વિચારોએ મને પાંગળો કરી મૂક્યો હતો! એક પણ માર્ગ દેખાતો નહોતો જેનાથી મારા અંતરના સંઘર્ષને દૂર કરી શકું! ચારેબાજુ કેવળ વિચારોનું કળણ! એ પણ પુરાતન! ઘૃણાજનક! જાતને હરી લેનારું! સામર્થ્યહીન, શક્તિહીન, પરાક્રમહીન, આત્મવિસ્મૃત, આત્મઘાતક પુરવાર કરનારું! દ્રૌપદીની ઘોર અવહેલનાનું! પાંડવોના દ્વેષનું! અર્જુનવધની પ્રતિજ્ઞાનું! શું કરું? ક્યાં જાઉં?

પશ્ચિમ ક્ષિતિજ તરફ નજર કરી. સંસારને કરોડો વર્ષોથી ઉજાળનારા મારા પિતા પાસેથી મને કંઈક સાંત્વન મળશે એ હેતુથી મેં પર્વત સામે જોયું! હસ્તિનાપુરને બાથમાં લેતાં એમનાં તપ્ત કિરણો મને સ્પષ્ટપણે કહી રહ્યાં હતાં કે, 'કર્ણ, તારા શરીરમાં રહેલું મારું સુષુપ્ત તેજ એક દિવસ જગતને ઉજાળશે! સૌનું નેતૃત્વ કરતો તું ગર્વથી ફરીશ. સાક્ષાત્ શ્રીકૃષ્ણ તારી સામે મસ્તક નમાવશે! એ માટે એક જ કામ કર! તારા આત્મસંભ્રમને દૂર કર! મનમાંથી દ્વિધાને ફેંકી દે! તારા જેવા માટે એકાગ્ર થવાનો ફક્ત એક જ માર્ગ છે! કુરુ રૂપે લડવાનો!' ઝડપથી ચાલીને રાજમહેલ પાછા ફરતાં મારા મનના સઘળા ભાવો શાંત થઈ ગયા. હું સૂર્યપુત્ર છું એ એક જ જ્ઞાન મને રોમેરોમ હર્ષનાં રોમાંચ જગવતું હતું.

સંધ્યાકાળ થઈ ગયો હતો. બંને બાજુ ઘટાદાર વૃક્ષોનાં પાનની ઝાડીમાંથી તમરાં ગુંજી રહ્યાં હતાં. એમનો ગુંજારવ મને અસ્વસ્થ કરી શક્યા નહિ. તમરાં શું સમસ્ત જગત મારી સામે થાય તો એનો પણ હવે મને ભય નહોતો.

પ્રત્યેક પગલે ગત જીવનના સ્થૂળ પ્રસંગોનું રહસ્ય મને સમજાતું હતું. મારું અંગ અવારનવાર શા માટે તપ્ત થઈ જતું હતું? મને અર્ઘ્યદાન પ્રત્યે આકર્ષણ કેમ હતું? અંગ પર કવચ-કુંડળ શા માટે હતાં? મારું અંગ સુવર્ણમય કેમ હતું? – આ તમામ રહસ્યોનો ભેદ શ્રીકૃષ્ણના સ્વમુખે ખુલ્લો થયો હતો. યુધિષ્ઠિર મારા પગ સામે શા માટે નીરખી રહેતા હતા? ઇન્દ્રપ્રસ્થના રાજમહેલની દીવાલો પર અર્થપૂર્ણ ચિત્ર કોનું હતું? રાજમાતા કુંતીદેવીએ મારા લગ્નપ્રસંગે ભેટ શા માટે મોકલી હતી? આ તમામ ઘટનાઓનો અર્થપૂર્ણ મેળ હવે બેસતો હતો. અને એટલે જ જીવનની પેલી ઘોર વંચનાથી મનનો કાંઠો હવે થથરી ઊઠતો નહોતો! વ્યાકુળ થતો નહોતો! ઊલટું સૂર્યપુત્ર છું એની પ્રતીતિથી મૃત્યુને પગ તળે કચડી એને જ માથે પગ મૂકી ઊભો રહેવા જેટલો દૃઢ થઈ ગયો હતો! હવે ભ્રમણા નહોતી, કિંકર્તવ્યમૂઢતા નહોતી, ગડભાંજ નહોતી! ફક્ત એક જ માર્ગ! એક જ દિશા! મહાયુદ્ધનો સામનો કરવાની!

રાજમહેલમાં દાખલ થતાં જ આનંદના અતિરેકમાં મેં પાંચ સુવર્ણકળશ ગોદમાં સમાવી દીધા! રોજની ટેવ પ્રમાણે શોણને હાક મારી. એ નહોતો. હોત તો મેં એને કહ્યું હોત, 'તું કવચ-કુંડળ અંગેની તકરાર મેં ક્યારની દૂર કરી દીધી છે અને હવે લોહીના સંબંધ તોડી હું ખરેખર સૂતપુત્ર થયો છું! હું સૂતપુત્ર છું, સૂર્યપુત્ર છું, કુરુ છું પણ... પણ પાંડવ નથી! કર્ણ છું પણ કૌંતેય નથી!'

શોણના નામની બૂમ સાંભળી સેવામાં તત્પર વૃષાલી મહેલમાં આવી, 'શું થયું?' એણે સ્નેહથી પૂછ્યું.

'કંઈ નહિ!' મને હવે કોઈની પાસેથી કંઈ જ જોઈતું નહોતું. હૃદય તૃપ્તિ, કૃતાર્થતા, ધન્યતા વગેરે લાગણીઓથી સભર હતું. એ લાગણીની વર્ષામાં સ્નાન કરી હું નિર્મળ થઈ ગયો હતો. ફક્ત એક જ મુશ્કેલી હતી. બનેલી ઘટના વિશે એક પણ અક્ષર રાધામાતા, વૃષાલી, સુપ્રિયા, મારા પુત્રો કોઈને પણ હું જણાવી શકું તેમ નહોતો. અસીમ આનંદની કેટલીક ક્ષણો કેવી વિચિત્ર હોય છે કે એના સોમા ભાગના આનંદમાં પણ એ પોતાના અત્યંત આત્મીયજનને ભાગીદાર કરી શકતો નથી!

'વૃષાલી, આજ મારે ખૂબ ઘારવડા ખાવાં છે! તારા હાથનાં નહિ! માના હાથનાં! મેં એને મારી ઇચ્છા જણાવી. તે વિસ્મયથી મારી સામે જોઈ રહી, 'કેમ? આજે આટલા ખુશમાં છો?' એણે મને પૂછ્યું.

'તું જ કહે, તારો સુદામન આજે ફરી જીવતો થઈ તારી સામે આવીને ઊભો રહે તો તને ખુશી ન થાય? બસ. આજે એટલી જ ખુશી મને છે. શેને લીધે તે તું મને પૂછીશ નહિ! યુવરાણી દુઃશલાદેવીએ તને મારે વિશે પ્રશ્ન પૂછ્યો હતો તે તું મને કહી શકી'તી? એવી જ રીતે આજ મારી ખુશીનું કારણ હું તને જણાવી શકું તેમ નથી.' મેં ગવાક્ષની બહાર દૃષ્ટિ કરતાં તેને કહ્યું. પૂનમનો ચંદ્ર આકાશમાં શોભી રહ્યો હતો. એની શીતલ ચાંદનીમાં

ગંગાનદીનું પાણી ચમકી રહ્યું હતું. કેટલાં વર્ષોથી ચમકી રહ્યું હતું અને કેટલાં વર્ષો સુધી ચમકતું રહેશે એ પ્રશ્નનો ઉત્તર મેળવવો મુશ્કેલ હતો.

ઘારવડા બનાવવા વૃષાલી ચાલી ગઈ. જતાં પહેલાં ઇંગુદી તેલ પૂરી મહેલમાંની બધી મશાલો એણે જાતે પેટાવી. મારા જીવનમહેલમાં પણ આમ જ જિંદગી આખી એ પ્રેમની પવિત્ર મશાલો પેટાવતી રહી હતી! હું સૂર્યપુત્ર છું એમ મેં એને આશ્લેષમાં લઈ કહ્યું હોત તો તો પતિની સમક્ષ પોતાની હીનતાની પ્રતીતિ થતાં આ ભલીભોળી સ્ત્રીનું હૃદય ભાંગી પડત! તેણે એક સારથિને પ્રેમ કર્યો હતો, સૂર્યપુત્રને નહિ! ક્યારેક મૌન જ પરમ ભૂષણ બની જાય છે!

પેટ ભરીને ભાવતી વાનગી ખાધા પછી સુપ્રિયાએ દીધેલ પાન મોંમાં મૂકતાં મન અને શરીર કેવાં હળવાં બની ગયાં હતાં! જીવનનું રહસ્ય ખૂલી ગયું હતું! મારી અનેક રમણીય સ્મૃતિનું સાક્ષી એવું મારું ઉત્તરીય વૃષાલી પાસે હતું. એની પાસેથી એ લઈ અંગે ઓઢી ચાંદનીમાં ફરવા હું રાજમહેલની બહાર નીકળી પડ્યો! દૂર યુદ્ધશાળાની દિશામાં લોખંડની થાળી પર લાકડાની દાંડીથી રાતના દ્વારપાળે પહેલા પહોરના ડંકા વગાડ્યા. એનો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો! ચાંદનીમાં ચમકતી ચંદેરી જેવું હસ્તિનાપુર શાંત હતું. ગજશાળામાં લાકડાના થાંભલા પર હાથીની સૂંઢ ટકરાવાથી થતો ખટખટ અવાજ, અશ્વોના હણહણાટ અને ઘાસમાંના કીડા ગરદન પર ચડતાં પૂંછડા વડે દૂર કરવા ઝાટકા દેતી ગાયનો અવાજ – આ સિવાય અન્ય અવાજ ઊપડતા નહોતા.

કુંતીના રથ નીચે આવી જતાં બિલાડીના બચ્ચાને શોણે ઊંચકી લીધું હતું. તે સ્થળે આવ્યું! આજે શોણ નહોતો, તે બચ્ચું નહોતું, રાજરથને દુર્યોધને રોળી નાખ્યો હતો! હતા અમે બે! રાજમાતા અને હું! એ વિદુરની પર્ણકુટીમાં શ્રીકૃષ્ણની સાથે પોતાનાં સુખદુઃખની વાતો કરતાં બેઠાં હશે. ગોવાળોની સાથે રહીને એમને પણ ઘેંશ ભાવતું હશે. આથી શ્રીકૃષ્ણે એમની ફઈને આજે ઘેંશ બનાવવાનું કહ્યું હશે! વિદુર આગ્રહ કરીને તેમને જમાડતાં હશે! આખું દશ્ય મારી સામે સ્પષ્ટપણે દેખાતું હતું. થાય છે કે લાવ આ બધું હું શોણને જણાવું પણ એ આજે મારી પાસે નથી. એની ગેરહાજરી મને સાલી રહી હતી!

રાજમાર્ગ પર આગળ વધ્યો. અશોક, આમ્ર, શાલ, પીપળો જેવાં અનેક વૃક્ષોએ ચાંદનીને છુપાવી દઈને ધરતીની ઉત્સુકતા વધારી દીધી હતી! કેટલાક ઝરૂખામાંથી વેરાયેલાં ગોળ ગોળ ચન્દ્રકિરણોએ રાજમાર્ગ પર સુંદર આકર્ષક રંગોળી ચીતરી હતી! એ જોતાં દિગ્વિજય કરીને પાછાં ફરતાં નગરજનોએ કરેલી પ્રેમવર્ષાની સ્મૃતિ તાજી થઈ આવી. જોકે એથી ઉત્સાહ જાગ્યો નહિ! જાગવાનો પણ નહોતો! કીર્તિ, પ્રતિષ્ઠા, ગૌરવનાં ક્ષણિક બુદબુદો હવે મને લોભાવી શકે તેમ નહોતાં! યુદ્ધશાળા આવી. ત્યાં ઊભા રહેતાં જ અંદરનો ઓટલો દેખાયો, જેના પર ચડીને હાથ ઊંચા કરીને મેં સૂર્યદેવને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા! ત્યાં જ અર્જુન અને મારી વચ્ચે એક સાપનું ગૂંચળું પડ્યું હતું! આ જ ઓટલા પરથી વૃક્ષ પર ટીંગાડી રાખેલા ભૂસું ભરેલા પક્ષીની આંખ શોણે પકડેલી મશાલના અજવાળે બાણથી વીંધી હતી!

છેલ્લે નગર બહાર ગયો. સ્પર્ધાના અખાડાનું પટાંગણ આવ્યું! એક ક્ષણ ઊભો રહ્યો કે તરત જ એ દિવસની સ્મૃતિઓનાં જાળાં આંખે બાઝવાં લાગ્યાં! અનેક શસ્ત્રાસ્ત્રોથી

સજ્જ અખાડો! પ્રવેશદ્વારની બહાર તડપતો ઊભો રહેલો કર્ણ! પ્રેક્ષકગણોના હર્ષોદ્ગાર! અર્જુને કરેલો લક્ષ્યવેધ! તાળીઓ! શોણના ઉત્તેજિત ઉદ્ગારો! તમાલ વૃક્ષ પરનું પેલું પત્રરથ પક્ષી! પગ તળે ચગદાઈ ગયેલી નીલકમલની માળા! સૂતપુત્રોને ધિક્કારતા શબ્દોના પડઘાથી ભાવશૂન્ય થઈ ગયેલું ખોખલું આકાશ! સઘળું દેખાવા લાગ્યું પણ મને હવે એની કોઈ જ અસર થતી નહોતી! આવાં ભાવદશ્યોની રંગોળી પૂરવા મનનું આંગણું હવે ખાલી નહોતું! હવે ત્યાં મચી રહ્યું હતું ઘનઘોર યુદ્ધ!

મધ્યરાત્રિએ હું ગંગાકિનારે આવ્યો. આકાશનો ચંદ્ર માથે આવ્યો હતો! ગંગાનાં પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ જોતાં આકાશના ચંદ્રમુખ પરના કાળા ડાઘ ચોખ્ખા દેખાતા હતા! વચમાં ભૂરાં વાદળો એને ઘેરી લેતાં હતાં!

હું એક વિશાળ પથ્થર પર બેઠો! રાધામાતાએ દીધેલી, હાથમાં બાંધેલી ચાંદીની એ ડબી કાઢી હળવેકથી ગંગાનાં પાણીમાં સેરવી દીધી! આ નાની શી ડબી જલલહરી પર ઝોલાં ખાતી દૂર દૂર જવા લાગી! દૃષ્ટિની પેલે પાર! ગંગાનદીને તે કદાચ પૂછવા માગતી હતી, 'કહે, કોની સંખ્યા અધિક? તારી જલલહરીની સંખ્યા કે મારા સ્વામીના જીવનમાં મેં જોયેલા ભાવપ્રસંગોની સંખ્યા?'

હાથ ઊંચો કરી એને વિદાય આપી હું રાજમહેલમાં પાછો ફર્યો. મારા સૂર્યવંશીય પ્રાચીન મહેલમાં નિરાંતે નિદ્રાધીન થઈ ગયો.

તેર

હાથીઓના ચિત્કારથી પ્રભાત ફાટ્યું. ગવાક્ષમાંથી બહાર જોતાં ચારેબાજુ દેશોદેશની વિરાટ સેનાની છાવણીઓ હસ્તિનાપુરમાં પડેલી હતી. દુર્યોધનની તત્પરતા અંગે આશ્ચર્ય થયું. પાંડવોની શોધ માટે મોકલેલા દૂતોને તરત જ મહત્ત્વનો સંદેશો પાઠવીને એણે દેશોદેશના સૈનિકોને પોતાના પક્ષમાં કુશળતાથી વાળી લીધા હતા.

મગધ, મદ્ર, ચેદિ, અવંતી, કુલિંદ, સિંધ, કલિંગ જેવા અનેક દેશોના ધ્વજ હસ્તિનાપુરની આસપાસ ગોળાકાર રૂપે ફરકતા હતા! એમાં દ્વારકાનો ધ્વજ દેખાયો નહિ! દુર્યોધનને યાદવોની તાકાત ધ્યાનમાં આવી નહિ હોય! એનો ભ્રમ દૂર કરવા એને દ્વારકા મોકલવો જોઈએ. આથી હું સીધો મહેલની બહાર નીકળ્યો.

અમાત્ય, પિતામહ, સંજયકાકા, દુઃશાસન, મામા, જયદ્રથ સૌ પોતપોતાનાં કામમાં વ્યસ્ત હતા. દુર્યોધને સૌને કુરુઓ તરફથી ભોજન લેવાનું ભાવભર્યું આમંત્રણ આપ્યું હતું. રાજનિષ્ઠાથી પ્રેરાયેલા આ મહાન યોદ્ધાઓ પોતપોતાના સેનાનાયકોની સંભાળ રાખતા હતા. એનાં આમંત્રણનો કોઈ અસ્વીકાર કરતા નહોતા! તેમજ કોઈની આંખમાં ભયની લકીર પણ નહોતી!

'દુર્યોધન, તેં મહાયુદ્ધની સંપૂર્ણ તૈયારી આદરી છે ત્યારે યાદવોને કેમ ભૂલી ગયો?' દુઃશાસનને દેશોદેશથી આવેલા સૈનિકોને અન્નપુરવઠો પહોંચાડવાની સૂચના દેતાં દુર્યોધનને મેં પૂછ્યું.

'નહિ! કર્ણ, હું પેલા શ્રીકૃષ્ણ પાસે જાઉં? કદાપિ નહિ!' એણે અકડાઈમાં જવાબ આપ્યો.

'આજે તારી ઇચ્છાનો પ્રશ્ન નથી! હસ્તિનાપુરમાં એકઠી થયેલી અફાટ સેનાનો આ પ્રશ્ન છે! તારે દ્વારકા જવું જ પડશે! દુર્યોધન તરીકે નહિ, આ મહાયુદ્ધના આયોજક તરીકે!'

'કર્ણ, આ...'

'આ...જે હું તારું કંઈ જ સાંભળવાનો નથી! આ યુદ્ધ માટે મને તારી જરૂર હોય તો તારે દ્વારકા જઈ શ્રીકૃષ્ણને આપણા પક્ષમાં લેવા જ જોઈએ! સમજી લે, શ્રીકૃષ્ણને – એની સાત અક્ષૌહિણી વિશાળ સેનાને નહિ!'

'કર્ણ, શ્રીકૃષ્ણ આપણા પક્ષે રહેશે એવું તને હજી લાગે છે?' એણે ભવાં ચડાવી પૂછ્યું.

'હા! એની પાસે તું સરળ બનીને નત મસ્તકે ઊભો રહીશ તો! એની ક્ષમા માગીશ તો!' મને શ્રીકૃષ્ણની ઉદારતામાં વિશ્વાસ હતો!

'એ શક્ય નથી! એ નહિ આવે તેમ કહીને હું તને ભુલાવામાં નથી નાખતો! પણ મને ખાતરી છે કે હું એનાં ચરમે માથું ઘસીશ તોય એ નહિ આવે! અને હું કદી ઘસીશ નહિ!'

'તો – તો એક કામ અવશ્ય કર! એને તટસ્થ રહેવાનું કહે! દ્વારકામાં જ! એ જ એક અંતિમ માર્ગ હતો!'

'ઠીક છે! તારી ઇચ્છા છે તો હું દ્વારિકા જઈશ! શ્રીકૃષ્ણને આપણા પક્ષે વાળવાનો પ્રયત્ન કરીશ! તું, પિતામહ, અશ્વત્થામા વગેરે યુદ્ધભૂમિ તૈયાર કરો!' પિતામહને પૂછીને યુદ્ધના નિયમો નક્કી કરી લો! શસ્ત્રાસ્ત્ર, ધજા, રણવાદ્યો વગેરે તૈયાર કરો! અહીં ઉપસ્થિત સૈનિકોને ધનધાન્ય અને સોમરસનો પુરવઠો નિત્યનિયમાનુસાર ધ્યાન રાખીને પહોંચાડો!'

પોતાના સારથિ પ્રાતિકામનને દ્વારકા જવા માટે તત્કાળ રથ તૈયાર કરવાની આજ્ઞા કરી. મેં નિરાંતનો શ્વાસ લીધો. શ્રીકૃષ્ણને તટસ્થ રહેવા સમજાવી શકે તો એ પણ પૂરતું હતું! કેવળ શ્રીકૃષ્ણ એમની પડખે હતા તેથી જ પાંડવો વીર ગણાતા હતા નહિતર હકીકતમાં તેઓ શક્તિશાળી રાજ્યના ભિખારી જ હતા.

ચૌદ

હસ્તિનાપુરમાં મહાયુદ્ધની તૈયારી શરૂ થઈ. દુર્યોધન દ્વારકા જવા નીકળી ગયો હતો. આથી શસ્ત્રાસ્ત્ર, યુદ્ધભૂમિ, ગજદળ, અશ્વસેના વગેરેથી સંભાળ મારે જ લેવી પડતી હતી. હંમેશાં મને મદદ કરનાર શોણ આજે મારી પાસે નહોતો. એની ખોટ દુર્યોધનના આગ્રહથી અશ્વત્થામાએ પૂરી દીધી હતી. તે મારી સાથે જ રહેતો હતો. એક આશ્રમવાસી તરીકે નહિ, તત્ત્વજ્ઞ તરીકે નહિ પણ એક યોદ્ધા તરીકે! રાજનિષ્ઠ યોદ્ધા તરીકે!

મલ્લસેના, અન્ય આમંત્રિત સેનાઓની વ્યવસ્થા, એમનું સંચાલન જેવી બાબતો પર દુઃશાસન જાતે દેખરેખ રાખતો હતો. યુદ્ધમાં ભાગ ન લેનારા રાજાઓને પત્ર લખી અતિશય ચાલાકીપૂર્વક પોતાના પક્ષમાં સામેલ કરવાના કાર્યમાં શકુનિમામા મગ્ન હતા. પૂર ઊમટે ત્યારે તમામ નદીઓનું પાણી વાયુવેગે સાગરને મળવાં દોડે તેમ હસ્તિનાપુરની આસપાસ રાજાઓ ચતુરંગદલ સહિત હસ્તિનાપુર તરફ ઊમટી રહ્યા હતા. ગંગાના વિશાળ પટ પર સૈનિકોની શિબિરોની અસંખ્ય છાવણી પડી હતી! બાણ, ભાલા, ખડ્ગ, ત્રિશૂલ

વગેરે લાખો શસ્ત્રોના ફલક ધારદાર તૈયાર કરવામાં વ્યસ્ત લુહારના ઘણના ઘાથી લોહશાળા ધમધમતી હતી! તણખા ઊડતા હતા. અશ્વોની પીઠ પર પલાણ ચડાવી એમના મોંમાં લગામ ચડાવી ચડાવીને અશ્વપાલો થાકી ગયા હતા. પાકશાળામાં તપેલાઓ ચડાવી રસોઈ બનાવતા પાકશાસ્ત્રીઓને ઊંઘવાનો સમય પણ મળતો નહોતો. રથોનું સમારકામ કરનારા રથકારો ઓજારો ઘસવા મધમાખીની જેમ અવિરત પરિશ્રમ કરી રહ્યા હતા. ખાંડણિયામાં ખાંડેલી સોમવલીના છોડાનો મદ્યશાળાની આસપાસ એટલો મોટો ઢગલો થઈ ગયો હતો કે એનાથી દીવાલ ઢંકાઈ ગઈ હતી! શિબિરો ઊભી કરવા માટેનું કપડું વણતાં વણકરોની આંખે જાળાં બાઝી ગયાં હતાં! કુરુઓનો ભગવો ત્રિકોણી રાજધ્વજ મંગાવી એની ત્રિકોણી કોરની આસપાસ વિવિધ રંગોના રેશમી દોરાની જાળી ગૂંથી વચમાં સોનેરી દોરાથી સુંદર સૂર્યપ્રતિમા ઉપસાવી લીધી હતી! એક મોટી ઢાલના આકારનો આ માનધ્વજ મહામંત્રી વિદુરે સ્વહસ્તે પિતામહ ભીષ્મને સોંપી દીધો!

'યુદ્ધ કોઈની ઇચ્છા પ્રમાણે ચાલતું નથી!' એમ કહેનાર મહામંત્રી વિદુર કોઈની વાત કાને ધર્યા વગર યુદ્ધ પહેલાં હિમાલય ચાલ્યા જશે એવી વાત આરક્ષિત છાવણીઓમાં દૃઢપણે ચર્ચાતી હતી! જતાં પહેલાં રાજમાતા કુંતીદેવીને તેઓ ઉપપ્લાવ્ય મોકલી દેશે એ સમાચાર મને પ્રભંજન પાસેથી જાણવા મળ્યા હતા! આયુધ સજાવતાં થતો ઘસઘસ ધ્વનિ અને અશ્વોની ખરીઓનો ટપટપ ધ્વનિ સંભળાતો હતો. ચોતરફ યુદ્ધની તૈયારી થઈ રહી હતી!

હસ્તિનાપુરમાં સંગ્રામયાત્રીઓની આટલી ભીડ જોતાં થયું કે આટલી ભીડ કોઈ તીર્થસ્થાનમાં પણ ક્યારેય નહિ જામી હોય! એમાં પ્રત્યેક સંગ્રામ યાત્રિકે સ્વર્ગના ભીડેલા મહાદ્વાર પોતાના શક્તિશાળી બાહુઓથી ખટખટાવવાના હતા! શસ્ત્ર પર શસ્ત્ર ચડાવી એ દિવ્ય સોપાન દ્વારા સ્વર્ગલોકના સામ્રાજ્યમાં ગર્વથી પ્રવેશ કરવાનો હતો! ભાવિના ભીષણ કાળની એ ન્યાયનિષ્ઠુર માગણી હતી! એ પૂર્ણ કરવા અહીં એકત્રિત થયેલા આત્મનિર્ભર અને બળવાન એવા લાખો સૈનિકો ઉન્નત છાતીએ ફરતા હતા. રાજમહેલના ચોકમાંથી મને એ સૌ દેખાતા હતા! નવાં નવાં સૈનિકદલોના અસંખ્ય હાથી, ઘોડા ગંગાના હિમ સમા શ્વેત પાણીને રોજ રોજ મેલું કરી નાખતા હતા! શસ્ત્રાગારમાંથી લાખો શસ્ત્રો બહાર કાઢી એમને સજાવવામાં આવ્યાં હતાં. યુદ્ધભૂમિની આસપાસ સમરાંગણની સીમા દર્શાવતી અસંખ્ય નાની-મોટી શ્વેત રેખાઓ દોરવામાં આવી હતી! દેશોદેશના વિવિધ રંગના, વિવિધ આકારના નાનામોટા શંખ શસ્ત્રાગારમાં કાષ્ટની બેઠક પર વ્યવસ્થિત ગોઠવવામાં આવ્યા હતા. નગરમાં ઘેરઘેર શયનગૃહમાં પથ્થરની મશાલ અરધી રાત સુધી સળગતી હતી! મહારાજ હસ્તિએ વસાવેલા રાજનગરના જીવનક્રમમાં સંકટની ઘડી આવીને ઊભી હતી! માગસરના ધુમ્મસછાયાં વાદળોના ઢગ રાજમહેલમાં ચારેબાજુ પથરાઈ ગયા હતા!

મહાયુદ્ધ! મારી જિંદગીનું આ ત્રીજું મહાયુદ્ધ હતું! પહેલાં પાંચાલીના સ્વયંવરમાં અનેક રાજાઓએ ભેગા થઈ કાંપિલ્યનગરમાં માંડેલું! બીજું, મહારાણી ભાનુમતિનું રાજા દુર્યોધને હરણ કર્યું ત્યારે મારે લડવું પડેલું! આ બંને મહાયુદ્ધમાં અનેક દેશના રાજાઓ હતા. આજનું આ ત્રીજું મહાયુદ્ધ હતું! પહેલાંના બે મહાયુદ્ધ અમારા દેશથી ઘણે દૂર –

અન્ય ક્ષેત્રમાં થયાં હતાં! એની પ્રત્યક્ષ જાળ અમારા કુરુઓ સુધી કદી ફેલાઈ નહોતી! પણ – પણ આ ત્રીજું મહાયુદ્ધ હવે અન્ય ક્ષેત્રમાં નહિ, અમારા ક્ષેત્રમાં થવાનું હતું! હસ્તિનાપુરની તદ્દન નજીક! કુરુક્ષેત્રમાં! આ વખતે તમામ અંતર્ગત મતભેદો ભૂલી જઈ જેની સહાય મળે તેની લઈ યુદ્ધમાં સાથે રહેવામાં જ શાણપણ હતું! મારું હૃદય એક જ નિર્ણય પર ઠર્યું હતું! કોઈપણ કારણથી હવે એ વિચલિત થવાનું નહોતું! પરિસ્થિતિનો પડકાર ઝીલવા હું તૈયાર હતો! અન્યને ધીરજ દેતો હતો! સૌ પ્રથમ કુરુના સામ્રાજ્યનું વૃક્ષ અડગપણે ધરતીમાં રોપી દઈ સીધું અક્કડ ઊભું રહેવું જોઈએ! તો જ એના પર કર્ણ, દુર્યોધન, અશ્વત્થામા, મહારાજ ધૃતરાષ્ટ્ર, પિતામહ વગેરેના સ્થાન સુરક્ષિત રહી શકે! પહેલાં દેશ, રાષ્ટ્ર, પછી વ્યક્તિ અને એના વિચાર! સહસ્ર કુરુઓ હાથમાં હાથ લઈ એકમેકના થઈને યુદ્ધ લડશે તો હિમાલય શું પણ એનીય પાર દુર્લભ દેશને પણ આસાનીથી જીતી શકશે.

દૂત દ્વારા પાંડવો સાથે વિચારવિનિમય કરી પિતામહે યુદ્ધના નિયમો નક્કી કરી લીધા. અશ્વત્થામા અને દુઃશાસન બંને પોતાના વિરોધી સ્વભાવને ભૂલી જઈ યુદ્ધના નિયમો હજારો યોદ્ધાઓના સૈનિકોને સમજાવી રહ્યા હતા.

'વપરાયેલાં શસ્ત્રો ફરી હાથમાં લેવાં નહિ. નિઃશસ્ત્ર, શરણાગત, વિરથ, મૃત પર શસ્ત્ર ઉગામવાં નહિ. ડાઘુઓનો, સોમરસ પૂરા પાડનારાઓનો, પાકશાસ્ત્રીઓનો વધ કરવો નહિ. પદાતીને પદાતીથી, અશ્વદળને અશ્વદળથી, હસ્તિદળને હસ્તિદળથી, ગદાધરને ગદાધરથી, તલવારધારીને તલવારધારકોથી, રથીને રથીથી એમ એક સામે એક લડવું. સૂર્યાસ્ત થતાં જ શસ્ત્રો મૂકી દેવાં.' આમ અનેક પ્રકારની સૂચના તેઓ સૈનિકોને દેતા હતા. તેઓથી ભૂલ ન થાય તે માટે પ્રત્યક્ષ પ્રયોગ કરીને સમજાવતા હતા. માગસર મહિનાની કડકડતી ઠંડીમાં પણ હસ્તિનાપુરનું વાતાવરણ ધગધગતું હતું.

પાંડવો પાસેથી પાંચાલીનો ભાઈ ધૃષ્ટદ્યુમ્ન યુદ્ધભૂમિને માપવા કુરુક્ષેત્ર પર આવ્યો. પિતામહ પણ હસ્તિનાપુરથી ત્યાં ગયા.

ગજ, અશ્વ, પાયદળ અને રથદળનાં સ્થાન નક્કી કરી લીધાં પછી એક ઘડીનાય વિલંબ વગર તે વિદુરની પર્ણકુટીમાં જઈ રાજમાતાને મળી સીધો ઉપપ્લાવ્ય ચાલ્યો ગયો. દોરેલી યુદ્ધભૂમિને જોઈ આવ્યા પછી સત્યસેને ચિંતિત સ્વરે કહ્યું કે, 'દક્ષિણ દિશા તરફની સમરાંગણની ભૂમિ નીચે સરી ગઈ છે! એનું પારખુ કરવા હું જાતે જ સમરાંગણમાં ગયો હતો. એનું નિરીક્ષણ સાચું હતું. ગમે તેટલી ભરણી ભરો તોપણ યુદ્ધભૂમિની દક્ષિણ દિશાના ઢાળને સમથળ કરવો મુશ્કેલ હતો, કારણ એ વિશાળ મેદાન હતું.

યુદ્ધભૂમિની વાત બાજુએ મૂકો તોપણ મારા જીવનનો ઢાળ પણ હવે ક્યાં સમથળ થઈ શકવાનો હતો?

માગસર સુદ પાંચમ વીતી ગઈ. ઠંડીનું મોજું ઓસરી ગયું. દ્વારકા જઈ આવી દુર્યોધન નગરમાં પ્રવેશ કરી રહ્યો હતો. એના રથમાં શ્રીકૃષ્ણ છે કે નહિ તે જોવા મેં ઉત્સુકતાથી ઊંચા થઈને જોયું! એની પાછળ યાદવોની સાત અક્ષૌહિણી સેના પ્રવેશી રહી હતી! શ્રીકૃષ્ણ ક્યાંય દેખાતા નહોતા! એમને તટસ્થ રાખવામાં કદાચ એ સફળ થયો હશે. એટલો તો એ ચતુર છે જ એમ માની હું એનું સ્વાગત કરવા સામે ગયો પણ તેને અરધી સફળતા મળી હતી. અરે, આને સફળતા કહેવાય? એ સંપૂર્ણ નિષ્ફળતા સાથે દ્વારકાથી

પાછો ફર્યો હતો! એની રાજકીય ધૂર્તતાને શ્રીકૃષ્ણે ધૂતી લીધી હતી!' એક બાજુ હું નિઃશસ્ત્ર અને બીજી બાજુ સશસ્ત્ર, બળવાન સૈનિક યોદ્ધાઓથી સજ્જ સાત અક્ષૌહિણી યાદવસેના – પૈકી તને શું જોઈએ છે?' એને મોહમાં નાખનારો પ્રસ્તાવ શ્રીકૃષ્ણે એની સામે મૂક્યો હતો! મારી બધી સૂચનાને ફેંકી દઈ દુર્યોધને યાદવસેનાને સ્વીકારી લીધી હતી!

'ભલે આપ નિઃશસ્ત્ર હો, વચનબદ્ધ હો, ચૂપચાપ હો તોપણ આપ જ મારી સાથે રહો! મને યાદવસેના નથી જોઈતી!' આ રીતે શ્રીકૃષ્ણને બાંધી દેનારો એક પણ શબ્દ તેણે કહ્યો નહિ! ઊલટું પંદર લાખ યાદવસેના મારી રાજકીય કુનેહથી હસ્તિનાપુર તરફ વાળી લેવામાં હું કેવો સફળ થયો છું તે કહેવા દોટ મૂકીને તે મારી પાસે આવ્યો અને કહ્યું કે, 'કર્ણ, નિઃશસ્ત્ર શ્રીકૃષ્ણ અને અર્જુનના રથ પરનો ધ્વજદંડ એ બે વચ્ચે કોઈ અંતર નથી. તેઓ અર્જુનના સારથિ થવાના છે! શસ્ત્રની સાથે લગામ અને ચાબુક હાથમાં લેવાના છે! આપણે સારથિની ક્યાં ખોટ છે? એમને લેવા કરતાં પંદર લાખ સેના લાવીને મેં કુરુની સેવાનું બળ વધાર્યું છે એવું તને નથી લાગતું?'

'રાજા, તું નથી જાણતો કે યુદ્ધમાં બુદ્ધિ નામનું શસ્ત્ર સૌથી અધિક પ્રભાવશાળી છે! અર્જુનના રથનું સારથિપણું કરનારા શ્રીકૃષ્ણ અશ્વોની લગામ ખેંચશે પણ જીભની લગામ ઢીલી કરી દેશે. એ વાત તારી બુદ્ધિમાં કેમ બેઠી નહિ? એનું મૂકપણે સારથિપણું કરવાની શરતને તારે સ્વીકારવી જોઈતી હતી!' પોતાને રાજનીતિકુશળ માનનાર નરેશને કહેવાનું મન થયું પણ ટાળ્યું. ભૂલ સ્વીકારી લેવી, સુધારવાનો પ્રયત્ન કરવો, સૌને વિશ્વાસમાં લેવા – આ ગુણ હસ્તિનાપુર જેવા શક્તિશાળી દેશનું નેતૃત્વ કરનાર રાજાના જીવનમાં ક્યાંય દેખાતો નહોતો! સામેથી નોતરેલું મહાયુદ્ધ, ચારેબાજુથી સળગતી કેટલીય સમસ્યાઓ, પિતામહ, ગુરુ દ્રોણ જેવા વૃદ્ધોને કારણે નિસ્તેજ થયેલા કુરુઓના હાથમાં રહેલાં દીર્ઘકાલીન રાજસૂત્રો, સંકટ સમયે આવશ્યક એકાત્મતાનો અભાવ – આ બધી હરકતોને લીધે દૂરંદેશી માર્ગ ક્યાંય જડતો નહોતો! માછીમારની જાળમાં ફસાયેલી માછલીની જેમ રાજા છૂટવા ગડમથલ કરતો હતો એટલો વધુ ગૂંચવાતો જતો હતો. મને એ ચોખ્ખું દેખાતું હતું! એણે પસંદ કરેલો રાજકારભારનો માર્ગ બંને ભારે ઠગારા પુરવાર થવાના હતા! ક્યાંક પણ આશાનું કિરણ દેખાય એ માટે હું ઝૂરતો હતો.

ફક્ત હું જ શક્તિશાળી છું. મારી સામે કોઈ ટકી શકે તેમ નથી. હસ્તિનાપુરનું પ્રાચીન રાજ્ય ચલાવવાનું બુદ્ધિકૌશલ્ય કેવળ મારામાં જ છે એ અહંકારે દુર્યોધનને એવો ઘેરી લીધો હતો કે એ કોઈને વિશ્વાસમાં લેવા તૈયાર નહોતો! મારી સૂચના, મારી સલાહ, નિતાંત પ્રેમ કરનાર પ્રાણપ્રિય મિત્રની સલાહને એ સ્વીકારવા તૈયાર નહોતો!

શ્રીકૃષ્ણને મૂકીને તે યાદવસેના લઈ આવ્યો હતો!

કુલ સૈન્યસંખ્યા અગિયાર અક્ષૌહિણી સુધી પહોંચી હતી! સેનાપતિને પસંદ કરી એમના નેતૃત્વ નીચે સેનાનાયકની યોજના ઘડવાનો સમય આવી પહોંચ્યો હતો! એક એક નાયક હસ્તિનાપુરમાંથી નીકળી યુદ્ધભૂમિ પાસે આવીને ઊભા રહ્યા હતા. કુરુક્ષેત્રની દક્ષિણ બાજુએ સૈન્યની છાવણીઓ હતી. રાજનગર સૂમસામ ભાસતું હતું! સૈનિકોને વિદાય દેતી સ્ત્રીઓએ ઉંબરે પાણીનો છંટકાવ કરી ઘેર ઘેર પોતાના કુળદેવતાની આરતી ઉતારી દીવડા

પ્રગટાવ્યા હતા. સેનાની વ્યવસ્થા જોવા હું પણ હસ્તિનાપુરમાંથી નીકળ્યો.

રાજનગરમાંથી સૌ મુલાકાતીઓની કુરુક્ષેત્રની આસપાસ ભીડ મચી હતી. મધપૂડામાં ચોંટેલી મધમાખીઓ એકમેકની સાથે પાંખ ભિડાવી બેસે તેમ લાખો સૈનિકો કુરુક્ષેત્રના સમરાંગણની પશ્ચિમ દિશામાં ઊભા હતા.

અંગ, અંગારક, અલબ્ધ, અંબષ્ટક, અલાયુધ, અલંબુસ, આર્શ્યશ્રૃંગી વગેરે રાક્ષસ રાજાઓ પોતાની વિશાળ કાયા સાથે હસ્તિદળના સહસ્ર હાથીઓને નક્કી કરેલી જગ્યામાં ગોઠવવામાં મગ્ન હતા.

અનશ્વસ, અનુશાલ્વ, અપરાજિત, અચલ, અરિષ્ટસેન, વિંદ, અનુવિંદ, અંગદ, અચ્યુતાયૂ, અશોક, અશ્વકેતુ, આષાઢ, આર્જવ, ઇન્દ્રવર્મન, ઈશ્વર, ઉગ્રતીર્થ, ઉગ્રમન્યુ, ઉલુક વગેરે અશ્વતજ્જ્ઞોએ અશ્વપાલોને સૂચના આપી. અશ્વદળને એક એક હારમાં ગોઠવવામાં તેઓ ખોવાઈ ગયા હતા.

ક્ષેમ્‌ધૂર્તિ, ક્ષેમશર્મન, ભગદત્ત, કૃતવર્મા, બૃહદ્‌બલ, બાલ્હિક, નીલધ્વજ, ચિરવાસસ, દીર્ઘપ્રજ્ઞ, નિયુતાયુ, પૌંડ્રક, દીર્ઘાયુ જેવા વિખ્યાત રથસમ્રાટો પોતપોતાના રથોને નિયુક્ત સ્થાને મૂકતા હતા.

ગુરુ દ્રોણ, કૃપ, શલ્ય, શકુનિમામા, જયદ્રથ, અશ્વત્થામા, દુર્યોધન, દુઃશાસન વગેરે વિશાળ ગંગાનદીના પુર સમી ચોવીસ લાખ સેનાની શિસ્ત સંભાળી રહ્યા હતા.

મગધ, મદ્ર, બાલ્હિક, ગાંધાર, અવંતી, નિષાધ, સિંધ, કલિંગ, ચેદિ વગેરે દેશોના વિવિધ આકારના, વિવિધ રંગના રાજધ્વજ ફરકી રહ્યા હતા. કુરુક્ષેત્રની પ્રદક્ષિણા કરી વહેતી સરસ્વતીનાં અને મંદ દ્રષદ્વતીનાં જળ દિવસે પણ કંપી રહ્યાં હતાં.

સૈન્યની શિબિરો વ્યવસ્થિતપણે તૈયાર થઈ ગઈ છે એની ખાતરી થતાં હું રાજનગર જવા ઊપડ્યો.

ઉપપ્લાવ્યથી યુદ્ધ માટે માગસર મહિનાની વદ બીજનો દિવસ નક્કી થયો હતો.

પંદર

શ્રીકૃષ્ણ તરફથી યુદ્ધનો દિવસ નક્કી થતાં જ સૈન્યોમાં સેનાપતિની પસંદગી વિશે ચર્ચા શરૂ થઈ. દુર્યોધન સૌને મારું નામ સૂચવતો હતો. અશ્વત્થામા, દુઃશાસન, મામા, જયદ્રથ વગેરેનો એને ટેકો હતો. માત્ર મને જ થતું હતું કે ભીષ્મ પિતામહ જ્યેષ્ઠ હોઈ એમણે સેનાપતિપદ સ્વીકારવું પણ સૌએ મને જ આગ્રહ કર્યો ત્યારે મારે માટે અસ્વીકાર કરવો એ શક્ય નહોતું. એ માટે મારે પિતાને અંજલિભરી અર્ઘ્યદાન અર્પણ કરી એમના આશીર્વાદ લેવા એ મારું કર્તવ્ય હતું. યુદ્ધ પૂર્વનું આ અર્ઘ્યદાન હતું. પિતા, પુત્ર, સગાંસંબંધી કોઈનાય પ્રેમપાશમાં મનનો એક પણ ધાગો આ વેળાએ ગૂંચવાવો ન જોઈએ! શ્રદ્ધા, એકાગ્રતા, આત્મસમર્પણ સિવાય અન્ય એક પણ ભાવ મનમાં ઊઠવો ન જોઈએ.

એક સુપ્રભાતે હું મારી ભાવસમાધિમાં મગ્ન હતો. ચોમેર નીરવ શાંતિ હતી. વચમાં નદીકાંઠે વિષ્ણુમંદિરમાંથી ઘંટારવની નાદલહરી કાન પર લહેરાતી હતી. મારી અંજલિમાંથી પાણીનું એક એક ટીપું ટપ ટપ અવાજ સાથે ગંગાનદીને પૂછતું હતું, 'તને યાદ છે કે આ કર્ણે એની જિંદગીમાં આજ સુધી કેટલું અર્ઘ્યદાન દીધું હતું!'

ગંગા પોતાની અસંખ્ય લહેરો રૂપી નેત્રોને ખોલી મુખ ઊંચું કરી મારા પિતાને એનો જવાબ પૂછતી હતી. એમનો એ મૌન સંવાદ મને સમજાતો હતો. બંને એકબીજાને ઉત્તર દેવા સમર્થ નહોતા. આથી હું જ એમને કહેતો હતો, 'ગંગામાતા, તમારી જલલહરી જેટલાં અને સૂર્યદેવ તમારી પ્રકાશલહરી જેટલાં અસંખ્ય અર્ઘ્યદાન મેં તમને અંજલિ દ્વારા અર્પણ કર્યાં હશે! એમાં આજે થોડો વધારો કરું છું! એમને સમાવી લેજો! બાગને ફૂલવાડીનો, આકાશને તારાઓનો, આમ્રવૃક્ષને ક્યારેક પુષ્કળ ઊગેલાં મહોરનો, માતાને પોતાનાં સંતાનનો ભાર કદી લાગે છે? તો પછી મારી આ શ્રદ્ધા, પ્રેમ અને ભક્તિભાવથી સભર અંજલિ તમને કઈ રીતે ભારરૂપ લાગશે? તમે જ મારાં માતાપિતા! ગંગે, તું જ મને તારીશ. સૂર્યદેવ, તમે મને સંકટવેળાએ ઇશારાથી ચેતવી દેજો! હું તમારો પુત્ર છું! દુર્યોધન, મામા, અશ્વત્થામા, પિતામહ, વિદુર, મહારાજ ધૃતરાષ્ટ્ર કોઈ સાથે એક પણ શબ્દ બોલવાની ઇચ્છા થતી નથી! જીવનપ્રવાસમાં થોડી વાર માટે સાથે થઈ ગયેલા આ અસંખ્ય પ્રવાસીઓ હતા! જેમને માટે હું આ વિકટ પ્રવાસ ખેડીને આવ્યો છું એ તમે જ કેવળ સાક્ષાત્ પરમેશ્વર છો! બોલો, મારી સાથે કંઈક તો બોલો! કહો, આ પ્રવાસમાં મારાથી ક્યાંક પ્રમાદ થયો છે? કર્ણના નામે કોઈ કાર્યને ક્યાંય કાળો ડાઘ લાગ્યો છે? કૌરવ પક્ષે રહેવાનો નિર્ણય મારા સ્વાર્થ માટે લીધો છે? કૌરવ ન હોવા છતાં મેં જે કૌરવો માટે કર્યું છે તે તમે માતાપિતા હોવા છતાં મારે માટે ક્યારેય કર્યું હતું? સમસ્ત હસ્તિનાપુર કહે છે કે કવચ-કુંડળ વિનાનો શાપિત કર્ણ નિસ્તેજ છે! હું તેઓને કઈ રીતે સમજાવું કે વાદળાં ઘેરાઈ જવાથી અંધકારનું સામ્રાજ્ય જગત પર પથરાઈ જતું નથી! કહો, કર્ણ દુર્ભાગી છે, શક્તિહીન છે એમ કહેવાનો કોઈને અધિકાર છે? અંતે ભાગ્ય, બળ, યશ આદિને શેના આધારે મૂલવી શકાય? સંપત્તિથી? રાજ્યથી? કીર્તિથી? કેવળ જીવવા ખાતર જીવતાં સેંકડો વર્ષોનાં દીર્ઘાયુષ્યથી? નહિ! આમાંનો એક પણ વિકલ્પ મેં પસંદ કર્યો નથી! ગંગા, સંતાકૂકડી રમતી તારી અસંખ્ય જલલહરી જેવું મારું જીવન છે! સૂર્યદેવ, ચૈતન્યનું વરદાન લઈને ફેલાતાં તમારાં સહસ્ર કિરણો જેવું મારું જીવન નથી? ક્યારેક વરસાદની ધારા વરસે છે ત્યારે તમારાં કિરણ શલાકામાંથી સફેદ, લીલા, પીળા, જાંબલી જેવા સાત રંગોનું ઇન્દ્રધનુષ્ય તૈયાર થાય છે! અખાડાનો દિવસ, પાંચાલીનો સ્વયંવર, વૃષાલી સાથે લગ્ન, કવચ-કુંડળનું દાન, શ્રીકૃષ્ણના પ્રસ્તાવનો અસ્વીકાર એ મારા જીવનની અનેક લાગણીઓને પ્રકટ કરતું આવું જ કોઈ ઇન્દ્રધનુષ્ય નથી?

'આવી રહેલાં મહાયુદ્ધમાં તમારાં નામ અને કુળને ઉજાળી શકું તેવી લડવાની મને શક્તિ આપો. મારી ભાવશ્રદ્ધાની આ અંજલિ સ્વીકારો.'

એક, બે, પાંચ, દસ, પચાસ, સો – મારા હાથમાંથી પાણીની અંજલિ ગંગાનાં પાણીમાં એકરૂપ થતી હતી! આજુબાજુની દિશાનું મને ભાન નહોતું. ક્ષણે ક્ષણે મન હિમાલય જેવું નિશ્ચલ થતું હતું!

ભરબપોરનો સમય થયો. સૂર્યદેવ માથે આવ્યા. ગંગાકિનારાની રેતી પણ તપીને થાકી ગઈ હશે. કેમકે ગરમ ગરમ લૂ મારા ખુલ્લા હાથને દઝાડતી હતી. અરધા શરીરને ગંગાનાં પાણીનો શીતળ સ્પર્શ થતો હતો તો અરધા શરીરને ગરમ લૂનો દાહક સ્પર્શ! એકબાજુ ગંગાનો શીતળ સ્પર્શ અને બીજી બાજુ તપ્ત મરુભૂમિના દાહક સ્પર્શની જેમ

જીવનમાં સુખદુઃખ પણ એ જ રીતે એકમેકની સાથે સંકળાઈને નથી રહેતા? ઘણો સમય વીતી ગયો હતો. ગંગાનદીમાંથી બહાર નીકળવાનો વિચાર કર્યો, કારણ કે સેનાપતિની નિમણૂક માટેની સભા મારા સિવાય શરૂ થવાની નહોતી.

કદંબના વૃક્ષ નીચે રોજની જેમ મૂકેલું ઉત્તરીય લેવા હું ગયો. મન અવિચલ અને અડગ હતું. પાણીની બહાર પગ મૂકતાં જ તળિયે ગરમ રેતી ચટકાં ભરવા લાગી! દુર્યોધન સેનાપતિનો આગ્રહ મને કરે તો? પિતામહનું મહત્ત્વ સૌ યોદ્ધાઓને ગળે કેવી રીતે ઉતારવું? સેનાપતિ પદે એમની જ પસંદગી યોગ્ય છે એ દુર્યોધનનું મન ન દુભાય એ રીતે કેમ જણાવું? ગમે તે થાય પણ પિતામહ જ્યેષ્ઠ છે! એમણે વર્ષો સુધી કુરુઓનું નેતૃત્વ કર્યું છે! એ જ સેનાપતિ થવાને યોગ્ય છે! હું એમના નેતૃત્વ નીચે લડીશ! વિચારોની ધૂનમાં કદંબ વૃક્ષ પાસે આવી પહોંચ્યો. પવનના વાયરે ઉત્તરીય ઊડી તો નથી ગયું ને એ જોવા મેં વૃક્ષની શાખા તરફ દૃષ્ટિ કરી.

હું શું જોઉં છું? આ સત્ય છે કે સ્વપ્ન? શંકાથી મનની મરુભૂમિ પરની સ્મૃતિનાં અસંખ્ય રજકણો સહસા ઊડવા લાગ્યા! હું પાણીમાં છું, કિનારા પરની રેતીમાં છું, હું કર્ણ છું કે અન્ય કોઈ? મારા જીવનમાં મને પ્રચંડ આઘાત દેનારા અનેક લડાયક પ્રસંગો આવી ચૂક્યા હતા! સદ્‌ભાવને સાક્ષી ગણી એ તમામનો શક્ય એટલા ધીરોદાત્ત ભાવે સામનો કર્યો હતો. પણ મારી આંખ સામે આ જે દૃશ્ય જોયું તે મને સંપૂર્ણપણે ઊંડી ખીણમાં ધકેલી દેનારું હતું!

મારા ઉત્તરીયની છાયામાં સૂર્યદેવથી પોતાનું મોં છુપાવી કદંબ વૃક્ષ નીચેની તપ્ત રેતીમાં, શ્વેત કેશવાળી રાજમાતા કુંતીદેવી પોતાનાં અંગોને વસ્ત્રોમાં ઢાંકીને ઊભાં હતાં!

એમનાં કેવળ દર્શનથી મારા જીવનનો રથચક્ર મારી આસપાસ ગોળ ફરવા લાગ્યો! કેટલા પ્રસંગો! કેટલી ઘટનાઓ! કેટલા આરા! અશ્વનદીનો પટ! હાલકડોલક થતી લાકડાની પેટી! સારથિની જીર્ણ પર્ણકુટીઓમાં આશ્રય લઈ ઝૂંપડીમાં વિતાવેલું મારું અનાથ બાળપણ! 'સૂતપુત્ર! સૂતપુત્ર!' કહીને હુકરાવેલું મારું એકાકી, બંદીવાન, અપમાનિત યૌવન! જીર્ણશીર્ણ ભગ્ન નૌકા જેવું પરિસ્થિતિનાં નિર્દય, ક્રૂર મોજાંઓની અગણિત થપાટો ખાઈને આજ સુધી વીતેલું મારું સંપૂર્ણ જીવન! મનમાં માન શું કહેવાય એની દિશ પણ નહોતી ત્યારે વેઠેલું ઘાતકી અપમાન!!!

આ એ જ સ્ત્રી હતી જેણે એક મજબૂત પાષાણમાંથી સુંદર મૂર્તિ કંડારવાને બદલે સૌના પગ તળે કચડાવા માટે એનાં મેલાંઘેલાં પગથિયાં બનાવ્યાં હતાં! આ એ જ સ્ત્રી હતી જેણે મારાં જીવનનાં રાજવસ્ત્રનાં ચીંથરેચીંથરાં કરી સમાજની કાંટાળી વાડ પર સહેજે હિચકિચાટ વગર ટીંગાડી દીધું હતું! આ એ જ સ્ત્રી હતી જેણે મારી જિંદગીનું રાજકમળ અશ્વનદીનાં મેલાં નીરમાં ફેંકી દઈ એને ચગદી નાખવાનો ક્રૂર પ્રયત્ન કર્યો હતો! આ એ જ સ્ત્રી હતી જેણે રાજમુગટમાં બેસાડેલું રાજરત્ન એક સારથિના કંઠમાંની તૂટેલી મોતીની માળામાં ગૂંથી લીધું હતું! શા માટે તે આજે મારી સામે આવીને ઊભી રહી! સ્ત્રી માતા! માંગલ્યનું મહાન મંદિર! માતૃત્વનો મૃદુ મહિમા! મહાકવિઓએ અને ઋષિમુનિઓએ વર્ણવેલ પવિત્ર પૂજાસ્થાન! સિદ્ધ, સાધક, ગાંધર્વ, ચારણ, દેવ વગેરેએ મસ્તક નમાવેલ મુક્તિસ્થાન!

મારી સામે તે કયા સ્વરૂપે ઊભી હતી? તાજું જન્મેલું બચ્ચું ખાનારી વાઘણ અને સામે ઊભેલી સ્ત્રી – બંનેમાં શો ફરક હતો? એ વાઘણ પોતાના બચ્ચાની અસંખ્ય વેદનાને ખાઈ છેવટે પોતાના ઉદરમાં ફરી સમાવી લઈ માતૃત્વની લાજ તો રાખે છે! પણ આ સ્ત્રીએ પોતાની પ્રતિષ્ઠાના દાંતથી મારી કુમળી ડોક મરડી નાખી મને જન્મતાંવેંત અશ્વનદીના અરણ્યમાં ફેંકી દીધો હતો!

બળબળતી રેતીમાં પગ દાઝી રહ્યા હતા. એથીય અધિક એનાં દર્શનથી મારું મન દાઝી રહ્યું હતું! આખું બ્રહ્માંડ ચકરાવો લઈને મને ગાઈવજાડીને કહી રહ્યું હતું કે, 'કર્ણ, તું સૂતપુત્ર છો, તું સૂતપુત્ર છો!' મને થયું કે આ સ્ત્રી પણ પોતાનો અવાજ એમાં ભેળવી દઈ જાણે સાખ પુરાવી રહી હતી! માથું હથેળીમાં દાબી દઈ મેં આંખ મીંચી દીધી! મને થયું કે આકાશમાં રહેલા સૂર્યદેવના તપ્ત તેજનો ગોળો મારા માથા પર પડી એક ક્ષણમાં પીગળાવી દેશે અને આ નિર્દય સ્ત્રી સહેજે અચકાયા વગર મારા પીગળેલા શરીર પર પગ મૂકી આગળપાછળ જોયા વગર સડસડાટ ચાલી જશે! એ વિચાર મને ગાંડો બનાવી મૂકશે કે શું? એ ભયથી હું વ્યાકુળ બની ગયો! 'ચાલ્યાં જાઓ અહીંથી!' એમ જોરથી ચીસ પાડીને કહેવા માટે મેં આંખો ખોલી! તેઓ ઉત્તરીયની છાયામાં એ જ યથાવત્ સ્થિતિમાં ઊભાં હતાં! મારું એમની સાથેનું આ પ્રથમ મિલન હતું! આ એક જ અવસર હતો કે તેમને 'સૂતપુત્ર' શબ્દથી એમને અસહ્ય આઘાત હું પહોંચાડી શકું! સદ્‌ભાગ્યે જીવનમાં આ એક જ દાવ ફેંકવાની મને તક મળી હતી!

'આ રાધેય સૂતપુત્ર આપને વંદન કરે છે, વંદનીય રાજમાતા!' નજીક જઈ બળબળતી રેતીમાં ઘૂંટણ ટેકવી મેં એમને પ્રણામ કર્યાં. આત્માને આત્માથી જ સચેત કરવો પડે છે!

'કર્ણ...! ઊઠ... ઊઠો!' એમણે હાથ પકડીને મને ઊભો કર્યો.

'મને તમે આદરથી સંબોધો નહિ, રાજમાતા! મહારાજ ધૃતરાષ્ટ્રના રથના અશ્વો હાંકનાર અને ખરેરો કરનાર સારથિ અધિરથનો હું પુત્ર છું! સૌભાગ્યવાન નથી, નહિતર રાજરથની લગામ હાથમાં લઈ મેં આપની સેવા કરી હોત!'

'કર્ણ, મને "આપ" ન કહો! શ્રીકૃષ્ણે બધું જ કહ્યું છે છતાં હૃદયને કાળજાળ કરી મૂકતી વેધક વાણી ન બોલો! પુત્ર, તું જાણે છે કે હું કોણ છું? તું સંપૂર્ણપણે જાણે છે કે તું કોણ છે? મારી આંખમાંનાં આંસુ તને પરિચિત લાગતાં નથી?' એમનું શ્રાંત મોં હથેળીમાં છુપાવી દઈ એ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં.

'આંસુ! દાઝેલા હૃદયની જ્વાળા આંસુથી બુઝાવાની નથી! તમારાં આંસુ તો શું પણ માથું પટકીને લોહી નીગળતું તમારું લલાટ સામે ધરશો તોપણ એ મને પીગળાવી શકે તેમ નથી! આ તપ્ત મરુભૂમિ જેવું મારું જીવન તમારા રાજજીવનની શીતળ ગંગાનદીને ક્યારેય સ્પર્શી શકે તેમ નથી! હું કોણ? હું ક્યાંનો? તમે રાજમાતા! પાંડવોની ભાગ્યશાળી જનની!'

'કર્ણ, તારી માતાને રાજમાતા કહી એમનાં શીર્ણ હૃદય પર બળબળતા અંગારા મૂકવાનું રહેવા દે! આવ, મને ભેટ!' એમણે એમના થરથર ધ્રૂજતા હાથ લંબાવ્યા. અશ્રુભરી આંખોની પાંપણ ફફડતી હતી.

'માતા! માતા કહેવરાવનારી નિર્દય સ્ત્રી, ખરું કહું તો એકાદ ધગધગતો અંગારો તમારા હૃદય પર મૂકું તો એય બળીને રાખ થઈ જાય એવું પાષાણ હૃદય તમારું છે! તમે

પાષાણદેવી છો! માતા કહેવરાવાનો કયો અધિકાર લઈને તમે મારી પાસે આવ્યાં છો? કયા મોંએ? આજે જ તમારું માતૃત્વ ઉભરાયું? સંબંધોની દંભી ઢાલ ધરીને આવેલી નિર્દયા, મારી માતા છે અશ્વનદી, ચર્મણ્વતી અને ગંગા! મને પોતાની પર્ણકુટીની જીર્ણ છાપરામાં આશ્રય દેનારી રાધામાતા! અને અંતે પોતાની ગોદમાં સમાવી ચિરવિશ્રાંતિ દેનારી આ મારી પુણ્યપવિત્ર આર્યભૂમિ! તમારી કલંકિત જીભે 'માતા' જેવા પવિત્ર શબ્દ ઉચ્ચારી એને ભ્રષ્ટ કરવાનું મહાપાપ કર્ણ સામે કરવાનું સાહસ છોડી દો! જાઓ, પાંડવોનાં પરાક્રમી પંચકોણમાં રમમાણ રહો! વિદુરની પર્ણકુટીમાં પુણ્યપ્રાપ્તિ માટે વ્રતપૂજા કર્યાં કરો! શ્રીકૃષ્ણને ભોજન પીરસીને એ પૂરું જમી રહે ત્યાં સુધી એને કહેતા રહો કે, 'અધિરથનો પુત્ર ઉન્મત્ત થઈ ગયો છે! એને ભીમની ગદાથી કચડી નાખવો જોઈએ!' જાઓ, અશ્વનદીમાં વહેતી મૂકી દીધેલી મારી જીવનનૌકાને આજે વિશ્વના મહાસાગરમાં રોકવા તમારી કરચલીવાળા હાથ સુકાન બનવા સમર્થ નથી! નાળ કાપ્યા વગર જ ત્યજી દીધેલો બાળક આજે તમારા પુત્રોનો કાળ બનીને આવ્યો છે. હવે એને જોઈને ચૂપચાપ આંસુ સારો! મેં જીવનભર જે વેઠ્યું એ હવે થોડી ક્ષણ માટે તમે વેઠી લો! જાઓ, કર્ણ તમારો પુત્ર નથી, તમે એની માતા નથી! શત્રુ પણ ન કરે એવી આકરી શિક્ષા તમે એક અજાણ, અબોધ, નવજાત બાળકને કરી છે!'

'કર્ણ, કૌરવોના સહવાસમાં રહીને દુર્યોધન, દુઃશાસનની જેમ બોલતાં તને એ પણ ખ્યાલ ન રહ્યો કે મહાન દુઃખ સહન કરવા માટે દૈવે તને પુરુષ સહજ કઠણ હૃદય આપ્યું છે! પરંતુ મને? – અરે, મેં સોસેલી યાતના આ મૃત્યુથીય અધિક છે! નાનપણથી જ દૈવે મને ક્રૂર થપ્પડ મારી મારી જીવનનૌકાને એની ઇચ્છાનુસાર હંકારી છે! મેં તારો કરેલો ત્યાગ. એ એક માતાએ પોતાના પુત્રનો કરેલો ત્યાગ નથી! પુત્રપ્રાપ્તિ માટે અસંખ્ય સ્ત્રીઓ હૃદયથી કેટલી વ્યથિત હોય છે એ ક્યાં કોઈથી અજાણ્યું છે? કઈ માતા પોતાના પુત્રનો અકારણ ત્યાગ કરી દે? પણ... પણ તારો જન્મ એવે સમયે થયો કે તારા અને મારા બંને માટે જીવનમાં સ્વમાનથી જીવવા માટે બીજો કોઈ માર્ગ નહોતો! પુત્ર, તારા વિયોગમાં છેલ્લાં સિત્તેર વર્ષથી ઝૂરતું મારું માતૃહૃદય મારા પાંચ પુત્રો પણ કદી જોવા નથી પામ્યા. શ્રીકૃષ્ણ, દિયર વિદુરજી અને પિતામહ પણ કળી શક્યા નથી અને આજ તું પણ કળી શક્યો નથી! તારો વિયોગ, વૈધવ્ય, પુત્રોનો વનવાસ, તારું અપમાન, દ્રૌપદીનું અપમાન અને આજ તમને ભાઈઓને સામસામા અજ્ઞાનવશ એકબીજા સામે આંખો લડાવતાં જોઈને ભલભલી સ્ત્રી આકળવિકળ થઈ જાય!'

'સંસારને ઉજાળનારા, અંધકારમાં માર્ગ દેખાડનારા તારા આ વિખ્યાત પિતાએ મને કદી માર્ગ બતાવ્યો છે ખરો? તારું જીવન પણ ઉજાળ્યું છે ખરું? નહિ, કર્ણ, નાના માણસનું દુઃખ નાનું, મોટાનું દુઃખ મોટું હોય છે! તારે આંખો મીંચીને મૂંગે મોઢે સહન કરવું જ જોઈએ! તેં એ સહન કર્યું છે! હવે છેલ્લું પણ સહન કરી લે! ચાલ, બેટા ચાલ મારી સાથે! સૌ તારો રાજ્યાભિષેક કરે એ તારી આ ઘરડી માને મનભરીને જોઈ લેવા દે! ચાલ, મારા નેત્રની નીરાજનાને અશ્રુનું ઇંગુદી તેલ સીંચી મેં છેલ્લાં સિત્તેર વર્ષથી એને પ્રજ્વલિત રાખી છે! પુત્ર, દુષ્ટ દુર્યોધને તારી વખતોવખત પ્રશંસા કરીને મારા પુત્રો વિશે, તારા ભાઈઓ વિશે દ્વેષના અંગારા નાખીનાખીને યજ્ઞકુંડની જેમ તારા હૃદયને સદૈવ ભડભડતું રાખ્યું છે!

ચાલ, તારા ભાઈઓનાં આનંદાશ્રુથી તારા હૃદયને ઠારી દે! મારી આજ્ઞા માનીને એક પત્નીને પોતાની વચ્ચે વિભાજિત કરી લેનારા મારા પુત્રો મારા વેણ પર તારે ચરણે પોતાનું મસ્તક ધરી દેશે અને મુક્તમને રડી તારી ક્ષમા માગશે! તારા પર ઉગામેલી ચાબુક ભીમ પોતાના હાથે જ તારા હાથમાં દઈ એની વિશાળ પીઠ એ ચાબુકના પ્રહાર સહન કરવા તારી સામે ઝુકાવી દેશે! જીવ જશે તોપણ મોંમાંથી એક સીસકારો પણ કરશે નહિ! અર્જુન એનાં અક્ષય બાણોનો ભાથો અને અજેય ગાંડીવ ધનુષ્ય તારા પ્રત્યેના પ્રેમને વશ થઈ તારા રાજ્યાભિષેક સમારંભ પ્રસંગે પેટાવેલા યજ્ઞકુંડમાં પોતાના હાથે હોમી દેશે! આગળથી સાંકડા એવા તારા પગનું વર્ણન મારી પાસે હંમેશ કરનાર યુધિષ્ઠિર સર્વ નદીઓનાં પવિત્ર જળથી તારાં ચરણ પખાળશે. સૌના સહવાસમાં પોતાનું જીવન વિતાવતી મારી વિનયી પુત્રવધૂ દ્રૌપદી શેષ જીવન તારી સેવામાં વિતાવશે! અને – અને તારે માટે – કેવળ તારે માટે જ મનની અંધારી કોટડીમાં તરફડી રહેલો મારો અંતરાત્મા કાયાવસ્ત્રને ઉતારી નાખી સુખેથી સ્વર્ગે સિધાવશે! ચાલ કર્ણ, તારા ભાઈઓ પાસે ચાલ!' એણે મારો હાથ પકડી આર્જવસ્વરે મને વિનંતી કરી.

'ઇન્દ્રને મોકલી મારાં કવચ-કુંડળ લૂંટાવનાર તારો વીર પુત્ર, સુદામન અને શોણનો બલિ લેનાર અર્જુન, 'સૂતપુત્ર' કહીને મને ઠુકરાવી દેનાર તારી પુત્રવધૂ, 'સારથિ' કહીને મારી વિડંબના કરનાર ભીમ અને ભૂખ લાગ્યે ત્યારે રડ્યા સિવાય બીજું એકેય જ્ઞાન નહોતું એવા અબોલ; નિષ્પાપ, નિખાલસ અને કુમળા બાળકને અશ્વનદીના વિશાળ પ્રવાહમાં ધકેલી દેનાર એવાં માતૃપ્રેમની પવિત્ર ગંગા સમાં તમે... તમે સૌ મને આજે ભાઈ, પતિ અને પુત્ર રૂપે સ્વીકારવા તૈયાર થયા છો? ખરેખર મહાન ઢોંગી છો! ઢોંગ સનાતન છે એ પુરવાર કરવા હું તમારી સાથે આવું? અસંભવ! કપટી, દુષ્ટ, કુટિલ અને શૂન્ય હૃદયી મનુષ્ય પણ તમારા જેવા ઢોંગી કરતાં હજારગણા સારા. જાઓ, સંપત્તિ, રાજ્ય, પ્રેમપાશ વગેરેથી માણસનું દિલ જીતી શકાય છે એમ તમે જો માનતા હો તો દિગ્વિજય દ્વારા પ્રાપ્ત કરેલી તમામ સંપત્તિ તમારાં ચરણે ધરી દઉં છું! જૂઠા પુત્રપ્રેમની ઢાલ આ કર્ણ સામે નાહકની ધરશો નહિ! લગામ અને રાજદંડ સમભાવે ધારણ કરનાર હાથ વડે મેં આપને વંદન કર્યાં છે. એને તમારું ભાગ્ય સમજી લો અને અહીંથી ચાલ્યા જાઓ!'

'જૂઠો પુત્રપ્રેમ! બતાવ, મારા રથમાં છ ઘોડાને સ્થાને પાંચ અશ્વો જોડ્યા! એની પર તારું ધ્યાન કદી ગયું'તું ખરું? તારાં લગ્નમાં રેશમી સાડી અને અંગુલિત્રાણ ભેટ રૂપે મોકલી હતી એ તું ભૂલી ગયો? દિગ્વિજય કરીને પાછો આવ્યો ત્યારે ઋષિકન્યા પાસે તારા ભાલ પર કુમકુમતિલક કરાવ્યું હતું એ પણ તને યાદ નથી? રાજસૂય યજ્ઞમાં ઇન્દ્રપ્રસ્થ આવ્યો ત્યારે ઝરૂખેથી મેં મારા હાથે તારાં ચરણોમાં સોનાનાં મંગોઠા પડવાં દીધાં એ તારા પુત્ર વૃષસેન માટે નહોતાં? ઇન્દ્રપ્રસ્થના રાજભવનની ભીંત પર ક્રંદન કરતી રાજસ્ત્રીનું ચિત્ર તેં નથી જોયું? એ રાજસ્ત્રી તે હું જ! એ વાત તને પેલું ભીંત ચિત્ર સમજાવશે! તને એના પર વિશ્વાસ બેસશે? અખાડામાં તારાં પરાક્રમ જોઈ તારા વિયોગમાં મારાં આંચલમાંથી દૂધ ઊભરાયું હતું અને એનાથી મારી કંચુકી ભીંજાઈ ગઈ હતી એ વાત જાણવા છતાં તું હજી અજાણ રહેવા માગે છે? તું કહેતો હો તો હું મોટે મોટેથી હસ્તિનાપુરના પ્રત્યેક ચોરા

પર ઊભા રહીને સાદ પાડીને સૌને કહું કે તું મારો પુત્ર છે તો જ તને મારા માતૃત્વ પર વિશ્વાસ બેસશે? બોલ, જો તારી ઇચ્છા હોય તો એ પણ કરવા હું તૈયાર છું!'

'એથી શું વળવાનું? સંસારીજનોની માન્યતામાં શો ફરક પડવાનો? અને મને પણ હવે એની જરૂર જણાતી નથી! જન્મ થતાંવેંત મારો ત્યાગ કરીને તમે મને અરધો મારી નાખ્યો અને – અને આજે જ કહેવાનું – ન કહેવાનું કહીને મને સંપૂર્ણ રીતે મારી નાખ્યો છે! સિત્તેર વર્ષમાં આજે જ તમને શુભમુહૂર્ત મળ્યું? કહો, આ પ્રસંગે મારા સ્થાને તમારો ભીમ હોત તો? એક પણ વિચાર કર્યા વગર તત્ક્ષણ ઊઠી તમારા માથા પર ગદાનો પ્રહાર કરી તમારા લોહીથી મરુભૂમિને ખરડાવી દેવાનું પરાક્રમ કરી ન બતાવત! મારી જગ્યાએ યુધિષ્ઠિર હોત તો? રાજવસ્ત્ર ફેંકી દઈ ભગવાં વસ્ત્રો પહેરી સંન્યાસી બની તમને છોડીને તે હિમાલય ચાલ્યો ગયો ન હોત? તમારો લાડલો અર્જુન હોત તો? પોતાનું ગાંડીવ તમારે ગળે લગાડી એક ઝાટકે માથું ધડથી જુદું કરી દીધું ન હોત? પણ... પણ મેં તો વંદન કર્યાં છે! વિનમ્રતાનો ડોળ કરવા નહિ! મિથ્યા માન મેળવવા માટે નહિ પણ શ્રીકૃષ્ણે જણાવેલ લોહીનાં સંબંધ હૃદયમાં જાળવી રાખવા! પણ તમે મને શું દીધું? શત્રુ પણ ન દે એવાં દુઃખના ડુંગર! ફાટી આંખે પણ દેખાય નહિ તેવી સ્મૃતિભ્રંશ ભ્રમણા! જાઓ, રાજમાતા, કેવળ પુત્રને જન્મ આપવાથી સ્ત્રી માતા બની જતી નથી. ઊલટું જન્મ દીધા વગર કેવળ સંસ્કારોથી એક માટીના પિંડને પણ મૂર્તિમાં પલટાવી શકાય છે! એ એક રાજસ્ત્રી ન કરી શકી તે એક ક્ષુદ્ર સ્ત્રી રાધામાતાએ કરી બતાવ્યું છે! જાઓ, હે રાજસ્ત્રી! રાજમહેલમાં કે પર્ણકુટીમાં ગમે ત્યાં જાઓ! તમે એક વિભ્રાંત માતા હતાં અને રહેશો! રામના વિયોગમાં ઝૂરી ઝૂરીને પ્રાણ ત્યજી દેનારી કૌશલ્યાને પણ તમે ઓળખી શક્યાં નથી! માતૃત્વ એ સ્ત્રીને મળેલાં સૌથી શ્રેષ્ઠ વરદાનને તમે આજીવન શાપ સમજીને અપનાવ્યો છે! યાચક રૂપે ન આવ્યાં હોત તો સત્વરે અહીંથી ચાલ્યા જાઓ! આ ગંગાના પવિત્ર કિનારે ઊભા રહેવાનો તમને કોઈ અધિકાર નથી!!'

'નહિ! હું પાછી જવા નથી આવી. તને લેવા માટે આવી છું! રામ માટે પ્રાણ ત્યાગનારી કૌશલ્યા રાજમાતા હતી. એનો એક પણ પુત્ર રાવણના પક્ષમાં જોડાયો નહોતો! હું પર્ણકુટીમાં રહું છું! શા માટે? રાજમાતા તરીકે જીવવા માટે? નહિ! પુત્ર, તારા ઉજ્જ્વળ જીવન પરના કલંક ધોવાની ક્યારેક તક મળશે એ વિચારથી જ હું જીવતી રહું છું! અને પ્રાણત્યાગથી મારા માતૃપ્રેમની તને પ્રતીતિ થતી હોય તો એ પણ હું કરીશ. આ ક્ષણે ગંગાની સાક્ષીએ! પણ તું દુર્યોધનને પક્ષે લડ નહિ! તારાં દાહક પરાક્રમોથી તારા ભાઈઓને દઝાડીશ નહિ!' તે તત્કાળ ગંગાનદી તરફ સીધી ચાલવા લાગી! પોતાનો દેહ ગંગાને સમર્પિત કરવાના નિરધાર સાથે!

મારા દેહનો ધ્વજદંડ ભાંગી પડ્યો! હું એકદમ બેસી પડ્યો! અર્ઘ્યદાનથી દૃઢ કરેલું મન ડગમગી ઊઠ્યું!

'ઊભા રહો!' મેં તેમને કડક આદેશ આપ્યો. લગામ ખેંચતા રાજરથ ઊભો રહી જાય તેમ તેઓ ઊભાં રહ્યાં. પાસે જઈ મેં સૌમ્યપણે એમને કહ્યું, 'કહો, તમારી શું ઇચ્છા છે? દુર્યોધનનો પક્ષ છોડ્યા સિવાય હું તમારા માટે શું કરું?'

'મારા પાંચ પુત્રોનું અભયદાન! તેમનો – તારા ભાઈઓનો વધ કરીશ નહિ! માતા

છું તેથી તારી પાસે મારો પાલવ પાથરી ભિક્ષા માગું છું! ઇન્દ્રને કવચ-કુંડળ દીધાં છે, દીન-દલિતોને ધનધાન્ય-વસ્ત્રો દીધાં છે! મને – મને આટલું દાન દે! પાંચ જીવનનું!' અને શ્રાંત મોં હથેળીમાં ઢાંકી દઈ રાજમહેલમાં સૌની માતા તરીકે આદર પામતી આ રાજસ્ત્રી એકદમ રડવા લાગી! હું મનથી ભાંગી પડ્યો. મારા નસીબમાં બનેલા એક એક પ્રસંગ પોતાના જીવનમાં પ્રત્યક્ષપણે જોવાનો અવસર સાક્ષાત્ દૈવના જીવનમાં ક્યારેય આવ્યો હતો? મારી જન્મદાત્રી મારી સામે પોતાની જાતને યાચક ગણતી હતી.

'દીધું! આ અભય કર્ણે તમને આપ્યું, જાઓ! યુદ્ધમાં એક અર્જુન સિવાય હું કોઈનો વધ નહિ કરું! જાઓ, અર્જુન મર્યે મારે લીધે તમારા પાંચ પુત્રો જીવંત રહેશે અને મારે મર્યે પણ તમારા પાંચ પુત્રો સુરક્ષિત રહેશે! સમજી લો, આ દાન છે એ વાત કોઈને કહેવાનો પ્રયત્ન કરશો નહિ! આ અભય વચન છે! આ વિશાળ જગતમાં કોણ કોને શું દાન આપી શકે છે?'

'તમારા પુત્રોને રાજ્ય, સંપત્તિ, સિંહાસન અને કીર્તિ જોઈએ છે અને તમે એમ સમજો છો કે તેઓ અમરત્વની ભેટ મેળવીને એમનો અખંડ ઉપભોગ કરતાં રહેશે! પણ જાણી લો, કર્ણને શું જોઈએ છે એ તમે પણ જાણતા નથી. હસ્તિનાપુરમાં પણ કોઈ સમજી શક્યું નથી! સાંભળો, એને જોઈએ છે આર્યની ભાવિ પેઢીનાં કરોડો હૃદયોનું અભંગ, અતુલ રાજ્ય! પાંડવોનો વડીલ બંધુ હોઈ મેં એમને અભયદાન આપ્યું છે એમ સમજો. આ છેલ્લું કર્તવ્ય બજાવતાં મને જરાય દુ:ખ નહિ થાય. પાંડવોની જિંદગી મારા મૃત્યુની ઈંટ પર હોય તો એ ઈંટનો પથ્થર બનવાનું હું સહર્ષ સ્વીકારું છું! તમારા ચાર પુત્રો પર મારું ''વિજય'' ધનુષ્ય મર્મભેદી બાણની વર્ષા કરશે નહિ! તમારો સર્વશ્રેષ્ઠ પુત્ર કોણ છે એ કાળ જ નક્કી કરશે!'

'પુત્ર, ધન્ય છે તને!' માતા જીવનમાં સર્વશ્રેષ્ઠ પુત્ર કોણ છે એ નક્કી કરવાનું જ હોય તો મારી વેદના કરતાં વધારે સૌથી ઘેરી વેદના આજીવન મૂંગે મોઢે સહન કરનાર તું જ મારો સર્વશ્રેષ્ઠ પુત્ર છો! આવ, તારી વેદના મને દઈ દે! મને ભેટ રૂપે! એક વાર મને ''માતા'' કહીને બોલાવ! મારા વૃદ્ધ કાન આ શબ્દ સાંભળવા તલસી રહ્યા છે! કર્ણ એક વાર મને ''માતા'' કહે! મને આશ્લેષમાં લે!'

કાંપતી વેલ સમી તે ભાવાવેગથી કાંપવા લાગી પણ હવે મને જગતનું એક પણ દૃશ્ય પીગળાવી શકે તેમ નહોતું! કાલે કૌરવોનો સેનાપતિ થનાર હું આજે પાંડવોની માતાને કઈ રીતે આશ્લેષમાં લઈ શકું?

'નહિ! એ અધિકાર કેવળ રાધામાતાનો છે! જાઓ તમે! કદંબ પરનું ઉત્તરીય લઈ અંગ પર ઓઢી મેં એમને આંગળીથી વિદુરની પર્ણકુટી ચીંધી. કિનારાની બળતી રેતીની ઉષ્ણ જ્વાળામાં એના શ્વેત કેશ ફરફરવા લાગ્યા. વિચિત્ર રીતે! વહેતાં આંસુઓનું પૂર ખાળી ન શકવાથી એ રેતી ખૂંદતી ચાલી નીકળી. એમનાં પદચિહ્નથી રેતીમાં એમનાં પગલાંની હાર ઊપસવા લાગી! એ જોતાં જ મને સહસા શોણ યાદ આવ્યો! એનાં પગલાંની આવી જ હાર મેં અનેક વાર આ ગંગાકિનારે જોઈ હતી. શોણ નહોતો પણ એની સ્મૃતિ મારા હૃદયમાં જીવંત હતી. 'વસુભાઈ, વસુભાઈ' કહેનારા આ સારથિપુત્રનો મારી સાથે વળી કયો લોહીનો સંબંધ હતો? તોપણ નિર્મળ પ્રેમનું બકુલ ફૂલ એણે મને આખી

જિંદગી દીધું હતું! એ મૃત્યુ પામ્યો તોપણ બકુલ ફૂલ સુકાઈ ગયા પછી પણ સુગંધ મૂકી જાય તેમ એ સ્મૃતિની સુગંધ મારા હૃદયમાં મહેંકતી મૂકી ગયો હતો. એક સારથિ હોવા છતાં એક ક્ષત્રિય પર એણે નિર્વ્યાજ પ્રેમની વર્ષા કરી હતી અને મેં! મારો ભાર નવ મહિના ઉદરમાં વહન કરનારી મારી સાક્ષાત્ જન્મદાત્રીને આજે મેં હડસેલી દીધી! સિત્તેર વર્ષ સુધી પુત્રવિયોગ સહન કરનારી મારી માતાને ઠોકરે મારી! સાચું-ખોટું જે હોય તે! પણ મને જે કંઈ જીવન પ્રાપ્ત થયું હતું તે એને લીધે જ અસ્તિત્વમાં નહોતું આવ્યું? પણ મારા આ પ્રકારના જીવન માટે શું એ જવાબદાર નહોતી? યોદ્ધાઓના આ વિશ્વમાં સૌએ મારું એક સેનાપતિ તરીકે સન્માન કર્યું હતું. એ મદમાં મારે મારું ભાવિ જીવન વિતાવવાનું છે? એમણે પોતાને માટે મારી પાસે શું માંગ્યું? ફક્ત એક વાર 'માતા' કહીને હું એમને બોલાવું એટલું જ ને? જીવનભર કર્તવ્યોનું એકનિષ્ઠાથી પાલન કરનારો હું પુત્ર કર્તવ્યચ્યૂત થઈને ક્યાં જઈ રહ્યો હતો? કોણ જાણે હવે ફરી એમનો ભેટો ક્યારે થવાનો? સૌને વંદનીય આ રાજમાતા એક પંખિણીની જેમ મારા ઉત્તરીયની છાયામાં કેટલી વાર સુધી ઊભાં રહ્યાં હતાં? આટલી વાત પણ મારા ધ્યાનમાં ન આવી? કીર્તિનો અને મોટાઈનો મદ દારૂના મદ કરતાંય અધિક છે એ ખરેખર સાચું છે! કોણ કોનો સેનાપતિ? કેવો યોદ્ધો? કેવો મહારથી? માતાને ઠુકરાવનારને સ્વર્ગ-પ્રાપ્તિની ઇચ્છા રાખવાનો શો અધિકાર? માતૃશ્રદ્ધા એ જ સ્વર્ગ! એ જ મુક્તિસ્થાન!

'માતા, ઊભાં રહો!' બે હાથ ઊંચા કરી મેં એમને બૂમ પાડી. અરણ્યમાં માર્ગ ભૂલેલા વાછરડાના ભાંભરડાનો અવાજ સાંભળી ગાય પૂંછડી ઊંચી કરી, કાન પહોળા કરી આમતેમ દોડે તેમ એ પોતાનાં વય, સ્થાન, સમય, કાળ બધું વીસરી મારો એક શબ્દ 'માતા' સાંભળતાં જ દોડી! રણભૂમિની બળબળતી જ્વાળા એમનાં વિરહાગ્નિ પાસે મને ઓછી પ્રખર લાગી! નજીક જતાં જ એમને ચરણે પડી મેં કહ્યું, 'માતા, ક્ષમા કરો તમારા આ કર્ણને! તમારા પાંચ પુત્રોને તમારે લીધે પરમ શ્રેષ્ઠ બિંદુની ક્ષણ પ્રાપ્ત થઈ... આનંદની, લોકપ્રિયતાની, વૈભવની, ગૌરવની! એ માટે એમણે તમને સો સો વાર વંદન કર્યાં હશે! માતા, મને તમારો પુત્ર ગણી તમારા આ જ્યેષ્ઠ પુત્રના આજે પહેલી વાર વંદન સ્વીકારો! અને કદાચ આ છેલ્લાં વંદન પણ છે! શા માટે હું વંદન કરું છું? એટલા માટે કે તમારે લીધે, કેવળ તમારે લીધે મને પણ એક પરમ શ્રેષ્ઠ બિંદુની ક્ષણ પ્રાપ્ત થઈ... વેદનાની!' મારી આંખમાંથી અશ્રુની ધાર એમનાં ચરણોમાં પડવા લાગી! એમની આંખમાંથી નીતરતાં એમના પવિત્ર આત્માનાં અશ્રુ મારા માથા પર ટપકવાં લાગ્યાં! અને હવે મુઠ્ઠીભર રેતીમાં પગ નીચેની રણભૂમિમાં વિલીન થઈ જાય તોય એમાં શું બગડી જવાનું હતું!

'ઊઠ!' મારા માથે વહાલથી હાથ ફેરવતાં ધ્રૂજતે હાથે એમણે મને ઊભો કર્યો. કાંપતા સ્વરે, સજળનેત્રે તેઓ બોલ્યાં, 'કેટલો – કેટલો બધો ઊંચો થઈ ગયો છે તું? મારાથીય વધુ!' આવેશથી પાસે ખેંચી લઈ તેઓ મને જોરથી ભેટી પડ્યાં! હિમાલયના ઊંચા શિખરને લજવે તેવા એમના નીચા દેહમાં રહેલું માતૃત્વ નિહાળી હું કૃતાર્થ થઈ ગયો! આંખમાંથી કૃતાર્થતાનાં, ધન્યતાનાં અશ્રુબિંદુ એમના શ્વેત કેશ પર પડી એમને કહેતાં હતાં કે, 'માતા, તમારા ઉજ્જ્વળ કેશ જેવું જ તમારું ઉજ્જ્વળ જીવન છે, પવિત્ર છે! શુચિર્ભૂત

છે! મારો ત્યાગ કર્યો તોપણ! જગતને જે કહેવું હોય તે કહે!'

બે ઘડી એમણે પોતાનું માથું એમણે મારી છાતી પર ટેકવ્યું. એ મારા હૃદયધબકાર પાસેથી 'માતા', 'માતા!' શબ્દ સાંભળવા માગતી હતી?

એમનાં અને મારાં – બંનેનાં આંસુથી પગ નીચેની તપ્ત રેતી શીતળ થઈ ગઈ. આસપાસની મરુભૂમિને કઈ ખુશી મળતી હતી? તેજના પુત્રનું એની તેજસ્વી માતા સાથે થયેલું આ પુનર્મિલન સૂર્યદેવને જણાવવા તપ્ત મરુભૂમિ સિવાય અન્ય કોણ હાજર હતું? એમાંથી ગરમ ગરમ નીકળતી વરાળ ઊંચે, ખૂબ ઊંચે જઈ ગગનમંડળમાં મારા પિતાને જણાવવાની હતી કે, 'તમારા ચિરવિરહી પુત્રનો એની ચિરવિરહિણી માતા સાથે આખરે મેળાપ થયો!!!'

'આ રહી મેં સાચવી રાખેલી તમારી સ્મૃતિ ભેટ!' પાલવને છેડે બાંધી રાખેલી દિગ્વિજયી બની પાછાં આવતાં આશ્રમકન્યાની થાળીમાં મૂકી દીધેલી મારી જ અંગુલિત્રાણ એમણે મારી આંગળીમાં ફરી પહેરાવી દીધી! એમાં રહેલો પોખરાજ ચળકવા લાગ્યો!

'હું જાઉં છું!' કહીને ફરી એક વાર એમનો ચરણસ્પર્શ કરી હું રેતી ખૂંદતો ચાલી નીકળ્યો. તેઓ પણ પર્ણકુટી તરફ વળ્યાં.

સોળ

'દાનવીર, દિગ્વિજયી અંગરાજ મહારાજ... કર્ણ!' ઘોષણા થઈ. તરત જ શિબિરમાં નીલધ્વજ, જલસંધ, ભગદત્ત, સહદેવ, સમિતિજય, મહૌજસ, હેમકંપન, સાયંમની, વિપાટ, રુચિપર્યા, વીરધન્વા, વસુમિત્ર, જયવર્મન, જયદ્રથ, પ્રતાપ, સુતંજય, દરદ, સુનામન – સૌ સેનાપ્રમુખોએ ઊભા થઈ મારું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. અશ્વત્થામાએ સેનાપતિની નિમણૂક કરવાનો પ્રસ્તાવ મૂક્યો. ચર્ચા શરૂ થઈ.

દુર્યોધને તત્કાળ ઊભા થઈ મારું નામ સેનાપતિપદ માટે સૂચવ્યું. અનેક જણાએ હાથ ઊંચા કરી એને ટેકો આપ્યો. તેઓ ભૂલી ગયા હતા કે સાક્ષાત્ પરશુધારી પરશુરામનો પરાભવ કરનાર પિતામહ અહીં ઉપસ્થિત હતા! આથી હું જ ઊભો થયો. સૌને થયું કે હું સેનાપતિ પદ સ્વીકારવા ઊભો થયો છું!

'આપણી કૌરવસેનાનું સેનાપતિપદ પરશુરામનો પરાભવ કરવાની સામર્થી ધરાવનાર પિતામહ સ્વીકારે એવી મારી ઇચ્છા છે!' મેં સૌનો ભ્રમ દૂર કર્યો. એકી અવાજે સૌએ પિતામહનો સેનાપતિ તરીકે જયજયકાર કર્યો. એમાં કેવળ દુર્યોધને જ સંમતિનો સાદ પુરાવ્યો નહોતો. મને સેનાપતિ બનાવવાની તેની આશા પર મેં પાણી ફેરવી દીધું હતું! પણ સૌ યોદ્ધાઓની હાજરીમાં એ કંઈ બોલી શકે તેમ નહોતો!

પિતામહે આસન પરથી ઊઠી સેનાપતિપદ સ્વીકારવાની ઘોષણા કરી. રાજપુરોહિતોએ એમના ગળામાં શ્વેત પુષ્પોનો હાર પહેરાવ્યો અને એમને અભિષેકથી નવાજ્યા. કૌરવોના સેનાપતિ સેનાપ્રમુખોને યુદ્ધની યોજના સમજાવવા લાગ્યા.

'ધ્યાન રાખો, યુદ્ધ નિયમોનો કોઈએ પણ ભંગ કર્યો તો યુદ્ધ અવળી દિશામાં વળાંક લેવા લાગશે! તમે સૌ યોદ્ધાઓ છો! હત્યારા નહિ! તમારા ધૈર્યશાળી સહકારને આધારે હું પ્રતિજ્ઞા કરું છું કે હું શ્રીકૃષ્ણને હાથમાં શસ્ત્ર ઉઠાવરાવીને જ જંપીશ! સેનાપતિ

તરીકે હું જે જે સેનાપ્રમુખોનું નામ બોલું તેમણે પોતાનું સ્થાન એક પણ સૂચના મેળવ્યા સિવાય છોડવાનું નથી. આજ્ઞાપાલન એ જ વિજયનો આત્મા છે!'

'સારથિદલનો પ્રમુખ પ્રાતિકામન રહેશે. તે મદ્રરાજ શલ્યના નેતૃત્વ નીચે સારથિપણું બજાવશે... એણે એ ધ્યાન રાખવાનું છે કે એની રથસંખ્યા બે લાખ ચાલીસ હજાર છે! એક પણ સારથિ ઓછો ન થાય એની સાવધાની શલ્ય અને પ્રાતિકામને રાખવાની છે!'

'હસ્તિદળનું નેતૃત્વ દુઃશાસન કરશે. તેને અલંબુસ, અલાયુધ, અંગારક રાક્ષસરાજાઓ મદદ કરશે. રથસૈન્યના જેટલી જ સંખ્યા હસ્તિદળની રહેશે. તેથી પ્રત્યેક હાથી પર અંબાડી બેસાડવાની તૈયારી આજથી શરૂ કરી દો.'

'અશ્વસેનાનું નેતૃત્વ શકુનિ કરશે. એને સંજય, શ્રેમધૂર્તિ, ચિરવાસસ, અશ્વત્થામા મદદ કરશે. સાત લાખ એકવીસ હાજર જેટલી અશ્વસેના એની આજ્ઞામાં રહેશે.'

'પાયદળનું નેતૃત્વ દુર્યોધન કરશે. એને જયદ્રથ, સમુદ્રસેન, ઇન્દ્રવર્મન સહાય કરશે. પાયદળની સંખ્યા બાર લાખ ત્રણ હજાર છે. આ પાયદળ ક્યારેય હસ્તિદળની સામે ન આવે એની સાવચેતી રાખવાની છે.'

સૈન્યની કુલ સંખ્યા ચોવીસ લાખ પાંચ હજાર સાતસો હશે. આ સૈન્ય ચાર મુખ્ય વિભાગમાં વહેંચાયેલું હશે. રથ, હાથી, ઘોડા અને પાયદળ! ગમે તેવી કટોકટીનો પ્રસંગ આવે તોપણ આમાંનું એક પણ દળ એકમેક સાથે ટકરાઈને અરાજકતા ઊભી ન કરે એ સેનાનાયકોએ ખાસ ધ્યાન રાખવાનું છે!'

'પત્તિ, સેનામુખ, ગુલ્મ, વાહિની, ગણ, પ્રતના, ચમૂ, અનાકિની વગેરે પ્રત્યેક અક્ષૌહિણી સેના શિસ્તબદ્ધ રીતે વિજય પ્રતિ પ્રયાણ કરશે! આ મહાયુદ્ધમાં સૌથી અધિક પરાક્રમ રથદળ પર અવલંબિત છે! આથી જ રથદળ માટે મહારથી, અતિરથી, અર્ધરથી, રથી વગેરેની નિમણૂક હવે હું કરીશ. દ્રોણ અને કૃપ એ મહારથીઓ તમામ સેના પર સદાય દેખરેખ રાખતા રહેશે!

'અશ્વત્થામા, જયદ્રથ, શકુનિ, દુર્યોધન, દુઃશાસન, વિકર્ણ, શલ્ય, ચિત્રસેન, વિવિંશતી, દુઃસહ, જય, સત્યવર્ત, પુરુમિત્ર એ સૌ મહારથી છે! તેઓ ગમે ત્યારે રથદળનું નેતૃત્વ લઈ શકશે!

'ક્ષેમધૂર્ત, લક્ષ્મણ, વિંદ, અનુવિંદ, અપરાજિત, ઉલુક, સહદેવ, ભગદત્ત વગેરે અતિરથીઓ એમની પાછળ રહી એમને ટેકો આપશે.'

'કુહર, કરકાક્ષ, અંબષ્ટક, આર્જવ, ક્રથ, ગવાક્ષ અને કર્ણ એ સૌ અર્ધરથી છે! કર્ણને હું અર્ધરથી કહું છું એની સૌને નવાઈ લાગશે પણ કવચ-કુંડળ હીન અને શાપિત હોવાથી આજના કર્ણની પાત્રતા અર્ધરથીથી વિશેષ રહી નથી!'

સૌથી જ્યેષ્ઠ, નિરપેક્ષ, ન્યાયનિષ્ઠુર અને સત્યપ્રિય ગણાતા કુરુઓના વૃદ્ધ યોદ્ધા સેનાપતિપદની ધૂરા હાથમાં આવતાં જ બુદ્ધિભ્રષ્ટની જેમ એમણે મને અર્ધરથી ગણ્યો! હસ્તિનાપુરની સીમા બહારનું જેમને જ્ઞાન નથી જેનાં પરાક્રમની એમને જાણ નથી એવા કોઈ મદ્યપીની જેમ મારા જેવા પરાક્રમી સેનાપતિને અર્ધરથી કહેવામાં તેઓ જાણે લોકવિલક્ષણ ગૌરવ લેતા હતા. એક સમયે આ સૌ યોદ્ધાઓએ તરત જ મારી શરણાગતિ સ્વીકારી હતી એવા સેંકડો યોદ્ધાઓની સામે મારો આ પ્રકારનો ઉલ્લેખ સાંભળી મને શંકા

પેઠી કે એમના ધોળા વાળ વૃદ્ધાવસ્થાને લીધે થયા છે કે સૂર્યકિરણોથી? શરીરની વૃદ્ધાવસ્થા સાથે શું બુદ્ધિને પણ વૃદ્ધાવસ્થા આવી? સાંઠે બુદ્ધિ નાઠી? અખાડામાં મારો અજેય ધનુર્ધર તરીકે ગૌરવ કરનાર ન્યાયપ્રિય વીર યોદ્ધા આ જ હતા? બે ઘડી પહેલાં સેનાપતિ તરીકે નિયુક્ત કરવા માટે જેણે સૌને પ્રેરણાત્મક સમર્થન આપ્યું હતું એને જ અર્ધરથી ગણવાનું ગાંડપણ શું સૂઝ્યું? મારા માથે મૂકેલા અવહેલનાના અંગારા શું ઓછા હતા કે યુદ્ધ પૂર્વે એમાં એક ઉમેરવાનું પવિત્ર કર્મ કરવાનું એમને સૂઝ્યું? આજ સુધી હું એમ માનતો હતો કે જગતમાં એમના રૂપે સત્ય હજી જીવિત છે, પરંતુ આજે તેઓ જ મને સમજાવવા માગે છે કે તારી માન્યતા ખોટી છે! આજ સુધી મને ઠોકરે મારવામાં એક પણ વૃદ્ધે કચાશ નહોતી રાખી. એમાં કમી હતી કે આજે સૌ યોદ્ધાઓની હાજરીમાં મને અર્ધરથી કહીને એ ખોટ એમણે પૂરી કરી? ભીષ્મ, ગંગાપુત્ર, પરશુરામ શિષ્ય, શ્રીકૃષ્ણભક્ત ભીષ્મ! એક સેનાપતિને યોગ્ય એવા દિગ્વિજયી વીરને ક્ષુદ્ર અર્ધરથી રૂપે નિર્દેશ કરતા હતા! અરેરે! જગતમાં રહ્યુંસહ્યું સત્ય પણ હવે રસાતાળ જવા પામ્યું છે.

કાન લાલચોળ થઈ ગયા. ગળાની નસો ફૂલી ગઈ. આંખના સૂર્યચંદ્ર તપી ગયા. આજે આ દંભી વૃદ્ધનું દાન એની જ ઝોળીમાં નાખવું પડશે! ગંગાનદીમાં ઊભા રહી તપ કરનારા સૂર્યપુત્ર હોવા છતાં તેઓ સાક્ષાત્ સૂર્યપુત્રને ઓળખતા જ નથી! આજે તેમને ઓળખાણ કરાવવી પડશે! ઠીક છે! ફરજ નિભાવવા જતાં શ્રદ્ધા અને સ્નેહ નિર્દયતાથી દૂર કરવા પડે તો એને માટે પણ હું તૈયાર છું! ગુફામાં ભરાયેલું ઘુવડ અને અધિકારપૂર્વક આસન પર ચીટકી રહેલા દંભી વૃદ્ધમાં કોઈ ફરક નથી હોતો! બંને અંધ જ હોય છે! તેમને જગતમાં શું ચાલી રહ્યું છે એ એમને અજ્ઞાનથી કે અંધશ્રદ્ધાથી દેખાતું જ નથી! ઉઘાડી આંખે એમને દેખાડવાનો સમય આવી પહોંચ્યો છે! હું સફાળો ઊઠ્યો!

‘પિતામહ, હું અર્ધરથી તો શું એક સીધોસાદો રથી પણ નથી! હું છું કેવળ સારથિપુત્ર! પણ ધ્યાન રાખો, આપના અહંકારી નેતૃત્વ નીચે એક સ્વાભિમાની સારથિપુત્રની લડવાની જરા પણ ઇચ્છા નથી. એ વાત અહીં ઉપસ્થિત સૌ પરાક્રમી યોદ્ધાની સમક્ષ હું જણાવી દેવા માગું છું! મહારથી ગણાતા આપ સેનાનાયક જ્યાં સુધી અર્જુનનાં અમોઘ બાણોથી ઘાયલ થઈને રથી અને મહારથીની જેમ ધરતી પર ઢળી પડશો નહિ ત્યાં સુધી કર્ણ હાથમાં શસ્ત્ર ધારણ કરશે નહિ! જાઓ, આપના નેતૃત્વમાં હોય એટલી શક્તિ દાવ પર લગાવી કોઈ પણ એક પાંડવને મોતને ઘાટ ઉતારવાનો વિક્રમ કરી દેખાડો પછી જ કર્ણને આપના મહારથીપદનું ગૌરવગાન સંભળાવજો! પાંડવોની હા એ હા કરવામાં વિતાવેલી આખી જિંદગી એવું પરાક્રમ કરવા અસમર્થ છે!’

‘કુરુઓના સેનાનાયકો, મને ક્ષમા કરો! આપને એકલા છોડીને હું જાઉં છું! આજે બધું અવળુંસવળું થઈ ગયું છે! હિમાલયનાં શિખરો પરથી પણ જ્વાળામુખી ફાટી શકે છે! ગળામાંનો ફૂલનો હાર સાપ થઈને આજે કુરુઓના કંઠને ડસી રહ્યો છે! આથી જ હું તમને સાવધાન કરું છું! સાંભળો! આ દંભી અને કપટી વૃદ્ધનું પતન થાય પછી જ મને બોલાવજો. હું સેવામાં તત્પર છું! વચનબદ્ધ છું! વાણીમાં એકનિષ્ઠ છું! પણ આજ મને ક્ષમા કરો! પૃથ્વી રસાતાળ જાય તોપણ હું આ સેનાપતિના નેતૃત્વ નીચે લડવા તૈયાર નથી. રણભૂમિમાંથી ભયને લીધે પીઠ ફેરવી પલાયન થઈ જાઉં છું એવો આરોપ મૂકવાનું કોઈ સાહસ ન કરે.

કારણ હું રણભૂમિ છોડવાનો નથી! યુદ્ધભૂમિની મારી શિબિર છોડીને હું રાજનગરમાં પણ જવાનો નથી!'

લોકોનો પ્રતિભાવ જાણ્યા વગર હું તત્કાળ ત્યાંથી બહાર નીકળી ગયો. ખળભળી ઊઠેલા મહાસાગરમાં મોજાંની સાથે ડોલતાં અનેકવાર અફળાઈને શુષ્ક લાકડીનો ભારો છેવટે મહાસાગરને કિનારે આવી નિશ્ચેત થઈ જાય તેમ મારું હૃદય ભાવશૂન્ય અને નિશ્ચેત થઈ ગયું હતું.

યુદ્ધભૂમિના કિનારે ઊભા રહીને અન્ય યોદ્ધાઓનાં પરાક્રમની ગાથા સાંભળ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો નહોતો.

ભીષ્મ પિતામહ રણભૂમિ પર ઘાયલ ન થયા તો? આ વિચાર માત્રથી હું સાવ સૂનમૂન થઈ ગયો!

સત્તર

મારી શિબિરમાંથી યુદ્ધભૂમિનું વિશાળ મેદાન સ્પષ્ટ દેખાતું હતું. શિબિરમાં સત્યસેન સિવાય અન્ય કોઈ નહોતું. દુર્યોધન અને અશ્વત્થામા સિવાય અન્ય કોઈને પ્રવેશવા ન દેવાનો મેં કડક આદેશ એને આપ્યો હતો. એ સૈન્યનાં મહત્ત્વનાં તમામ પરાક્રમો રોજ સંભળાવતો હતો. વિદર્ભથી આવેલા ધૈર્યશાળી રુક્મિ રાજાને દુર્યોધને પોતાની સેનામાં લીધા નહોતા. તે પાંડવોના પક્ષમાં ગમે ત્યારે ભળી જાય એનો એને ભય હતો. માત્ર નકુળ-સહદેવના સગા મામા મદ્રરાજ શલ્યને જ તેણે આવકાર આપ્યો હતો! એટલું જ નહિ પણ સારથિનું દળ એને હવાલે કરી દઈને પોતાના સૈન્યનું સુકાન પણ પિતામહે પાંડવોના આ સ્વજનના હાથમાં સોંપી દીધું હતું!

રુક્મિ, ભૂરીતેજસ અને ભૂમિપાલ – આ રાજાઓ બંને પક્ષે તટસ્થ રહ્યા હતા. બંને સૈન્યમાં એમનો ધ્વજ ક્યાંય દેખાતો નહોતો. પૂર્વ તરફ કૌરવોની આસપાસ પાંડવોની શિબિર હતી. સામે મત્સ્ય, પાંચાલ અને રાક્ષસના ધ્વજ ફરફરતા દેખાતા હતા. એમની સૈન્યસંખ્યા અત્યંત ઓછી દેખાતી હતી. સત્યસેનનું અનુમાન હતું કે તેમનું પંદર લાખનું સૈન્ય કુરુઓના સૈન્ય સામે ટકી શકે તેમ નહોતું. પાંડવપક્ષે અર્જુનને સેનાપતિ તરીકે નિયુક્ત કર્યાના સમાચાર કુરુસેનામાં ફેલાઈ ગયા.

મારી સામે અર્જુનનો નંદીઘોષ રથ શિર પર કપિધ્વજ ફરકાવતો ઊભો હતો! માત્ર મારો જૈત્રરથ શિર પર હાથીની શૃંખલા અને દંડચિહ્ન અંકિત ધ્વજ લઈ રથદળમાં એમ જ પડ્યો હતો! પિતામહે એનાં ચક્રો ઉખેડી નાખ્યાં હતાં. શા માટે? જિંદગીને આરે બેઠેલા આ વૃદ્ધે આવું મહાન પાતક શા માટે કર્યું હતું? અર્જુન પ્રત્યેના પ્રેમને લીધે? આસન પર બેસીને શિબિરના શ્વેત છત્રને હું અસંખ્ય પ્રશ્નો પૂછી રહ્યો હતો. એકેયનો ઉત્તર સાંપડતો નહોતો! રાત્રે સળગતી મશાલ જેવું મન બળીબળીને રાતને જગવતું હતું. રાધામાતા, અધિરથ બાબા, વૃષાલી, સુપ્રિયા, સત્યસેન, મેઘમાલા, મારા સાત પુત્રો, મીનાક્ષી – આ સૌ મારા આત્મીય નહોતા? પણ પ્રતિમાને કારણે રાજનગરમાં જઈ એમને મળવાનું પણ મારે માટે શક્ય નહોતું.

વૃષસેન, ચિત્રસેન, સુદામા, પ્રસેન, સુશર્મા અને ભાનુસેન – મારા છએ પુત્રો યોદ્ધાના વેશમાં મારી સામે આવીને ઊભા રહ્યા હતા. તેઓ ચૂપચાપ ઊભા હતા. મેં પ્રશ્ન પૂછતાં જ સૌથી જ્યેષ્ઠ વૃષસેને ધીરજ રાખી કહ્યું, 'મહારાજ, આપ રણભૂમિમાં નહિ ઊતરો તો અમે પણ આ વેશ ઉતારી ચૂપચાપ બેસી જઈશું!' એના પ્રસ્તાવથી મને આઘાત લાગ્યો. પિતા પ્રત્યેની એકનિષ્ઠાને કારણે તેઓ રાજનિષ્ઠાને પગ તળે કચડી રહ્યા હતા.

'હે વત્સ, આટલું ધ્યાનમાં રાખો કે તમે મારા પુત્રો છો છતાં કુરુઓના યોદ્ધા પણ છો! તમારા સેનાપતિની આજ્ઞાને તમારે શિરસાવંદ્ય ગણવી જોઈએ! આપની માતાના, મહામાતાના અને પિતાના આશીર્વાદ લઈ સેનાપતિની પાછળ રણભૂમિમાં ઊતરો! જાઓ, તમારા પિતાની તમને આ આજ્ઞા છે!' મેં શિબિરના જાળીવાળા ગવાક્ષમાંથી બહાર ગંગાનદી તરફ દષ્ટિ કરતાં તેમને આદેશ આપ્યો.

'જેવી આજ્ઞા, તાત!' તેઓ મને વંદન કરી બહાર નીકળ્યા. એમાં વૃષકેત મને દેખાયો નહિ!

'વૃષુ મને મળવા કેમ ન આવ્યો?' મેં મારી જાતને જ પ્રશ્ન પૂછ્યો!

'એ તમારા પર રૂઠ્યો છે! તમે રાજનગરમાં આવવા તૈયાર નથી ને એટલે!' સત્યસેનને થયું કે મેં એને કંઈક પૂછ્યું. આથી એણે તરત નજીક આવી મને જવાબ આપ્યો.

'સત્યસેન, જા. એ અલ્લડને ફોસલાવીને શિબિરમાં લઈ આવ! એને સમજાવીએ!'

અઢાર

કુરુક્ષેત્રની આસપાસ છાવણીઓ ચાંદનીમાં સ્નાન કરતી ઊભી હતી! મારા જીવનની છાવણી પર પ્રેમની ચાંદની વર્ષાવતાં મારા માણસો રાજનગરના મહેલમાં હતા. હું કુરુક્ષેત્રના કિનારા પરની છાવણીમાં શય્યામાં પડ્યો પડ્યો નિદ્રાદેવીને પ્રસન્ન કરી રહ્યો હતો!

સાંઠ વર્ષ પહેલાં હસ્તિનાપુરમાં શોણ સહિત આવ્યો ત્યારે કોઈએ મને પૂછ્યું હોત કે તારા ભાવિ જીવનમાં આટલી આટલી ઘટનાઓ બનવાની છે તો તે વખતે મને એ વાત પર કદી વિશ્વાસ બેઠો ન હોત! આજે તે બની ગઈ હતી! અનપેક્ષિત, વિસ્મયકારી, જિહ્મબાણ સમી વક્ર! આજે એમાંના અનેક વળાંકો યાદ પણ નથી! જે ઘટનાઓને ભૂલવા માગતો હતો તે ભુલાતી નહોતી! મારી છાવણીની ચારેબાજુ ઊભી કરેલી અસંખ્ય છાવણીઓ સમી મારી સ્મૃતિઓ પણ અસંખ્ય હતી! આકાશમાં ચંદ્રની સાથે ઝગમગતા તારાઓની જેમ તે અગણિત હતી! સમુદ્રનાં મોજાંની જેમ ગણી શકાય તેમ નહોતી! નિદ્રા વેરણ થઈ ગઈ હતી! આથી પથારીમાંથી ઊઠી માથે ચાંદની લઈ હું યુદ્ધ ભૂમિ પર આવ્યો! યુદ્ધભૂમિ પર દોરેલી રેખાઓ જોઈ મને એકાએક મામાના દ્યુતનો ચોપાટ યાદ આવ્યો! કાલથી આ ધરતીના પટ્ટાપર અસંખ્ય જીવોના જીવનનો જુગાર ખેલાશે! મૃત્યુનો પાશ પ્રત્યેકને સ્વીકારવો પડશે! મૂકપણે! પ્રત્યેક સ્થાનને નિયતિએ કેટલી પુણ્યપાવન કરી હશે! આ ભૂમિ પર જ મહારાજ કુરુએ અસંખ્ય મહાયજ્ઞ કર્યા હતા. કાલથી અહીં જીવનયજ્ઞ શરૂ થશે! નીચે નમીને મેં એક મુઠ્ઠીભર માટી હાથમાં લઈ માથે ચડાવી! માટી! દુર્યોધનની રાજનીતિ, અશ્વત્થામાનું આત્મા સંબંધી ગહન તત્ત્વજ્ઞાન, મામાનું કપટ, દુઃશાસનના કુવિચાર,

પિતામહની વિવશ તટસ્થતા, ગુરુ દ્રોણની સામાજિક આદર્શોની ભ્રામક કલ્પના, મહારાજ ધૃતરાષ્ટ્રની અંધ આંખોમાં છુપાયેલો ચોખ્ખો સ્વાર્થ, વિદુરનો નિષ્ફળ સંન્યાસ, મારી જીવનભરની ભ્રમણા, પાંડવોનું મારા વિશેનું અજ્ઞાન, કુંતીમાતાનું હૃદયદ્રાવક દુઃખ, ગાંધારીદેવીએ સ્વીકારેલો અંધાપો, રાધામાતાની પથ્થરને પીગળાવે તેવી મૂક મમતા, શોણનો નિર્વ્યાજ પ્રેમભાવ, વૃષાલી-સુપ્રિયાનાં શાલીન સ્ત્રીહૃદય, મારા પુત્રોની આજ્ઞાપાલકતા, કૌરવોની અને પાંડવોની સેનામાં શસ્ત્રો હાથમાં લઈ ખડે પગે ઊભે રહેનારા પ્રત્યેક સૈનિકોની અસીમ રાજનિષ્ઠા, મિત્રનિષ્ઠા કે તત્ત્વનિષ્ઠા, શ્રીકૃષ્ણમાંથી ઉત્પન્ન થનારું અસાધારણ ક્ષાત્રતેજ – આ સૌ આ જ માટીમાંથી ઉત્પન્ન થઈને મોટા થયા નથી?

મેં એ માટીને મારા ઉત્તરીયને છેડે શ્રદ્ધાથી બાંધી દીધી. અત્યારે ચાંદનીમાં નીખરી ઊઠેલી ભૂમિ પર દોરેલી શ્વેત રેખા કાલે ભૂંસાઈ જવાની હતી. રોજ વરસતાં વરસાદનાં પાણી સિવાય શેનાથીય ન ભીંજાનારું આ કુરુક્ષેત્ર કાલે લોહી, પરસેવા અને આંસુથી ભીંજાશે! પાણીમાં પાણી ભળી જવાનું! પંચ મહાભૂત માટીમાં ભળી જશે, આત્માની અમર જ્યોતિ પરમાત્માની તેજોનિધિમાં ભળી જશે! આ યુદ્ધભૂમિનો નિનાદ ભવિષ્યમાં યુગોના યુગો સુધી આર્યભૂમિમાં ગુંજતો રહેશે! ચાલીસ લાખ યોદ્ધાઓની એંસી લાખ ભુજાઓનાં પરાક્રમનું વર્ણન કરતાં ભાવિ પેઢીની કોટાનકોટી કલમ પણ અસમર્થ નીવડશે! એમનાં ગુણગાન કરોડો મુખે પણ નહિ થઈ શકે! સરસ્વતીનો શ્વેત પટ આમ જ વહેતો રહેશે! આ યુદ્ધભૂમિ પરના મૂક, નીરવ, નિઃશબ્દ રજકણ! સૂર્યપ્રકાશમાં અનંતકાળ સુધી આમ જ ઝગમગતા રહેશે!

'હે પુણ્યપાવન આર્યભૂમિ, પ્રણામ!'

બે હાથ જોડી એ સંગ્રામભૂમિને મસ્તક નમાવીને મેં પ્રણામ કર્યાં. છાવણીમાં આવી પથારીમાં પડતાંવેંત ગાઢ નિંદ્રા આવી ગઈ!

ઓગણીસ

શ્રીકૃષ્ણે નિયુક્ત કરેલ વદ બીજનો દિવસ સૂર્યકિરણોનાં આભૂષણ પહેરી ઊગ્યો!

છાવણીમાંથી બહાર આવી મેં ચારેબાજુ જોયું. દરમાંથી કીડીઓ બહાર પડે તેમ લોઢાની ઢાલ સાથે સૈનિક યોદ્ધાઓ એક પછી એક ટપોટપ પોતાનાં શસ્ત્રો લઈ શિબિરમાંથી એકધારા બહાર પડવા લાગ્યા. નંદક, નિકુંભ, દ્રુમસેન, પ્રભંકર, રુચિપર્વા, લલિત્થ, વસુચંદ્ર, સેનાજિત, સુધનુ, ભૂરિશ્રવા, જયરાત, રુક્મરથ, સિદ્ધાર્થ, ભાનુદત્ત, ગોવાસન, શાલ્વ, જ્યત્સેન, દમન, શતચંદ્ર, શક્રદેવ, ધૃતાયુધ, વિભૂ, વજ્રહસ્ત, સોમદત્ત, સંયમન સૌ પોતપોતાના માર્ગ રચવા લાગ્યા.

બે લાખ ચાલીસ હજાર રથદળના મહાસાગરમાં નિમણૂક કરેલા રથી, અતિરથી અને મહારથીનો સમાવેશ થતો હતો! સાત લાખ ભૂરા, શ્વેત, શ્યામ અને તામ્રવર્ણા સશક્ત અશ્વો ખભેખભા મિલાવીને પલાણ પહેરી હારબંધ ઊભા રહી કાન ઊંચા કરી પૂંછડા હલાવવા લાગ્યા. અઢી લાખ હાથીઓનો કાળો મહાસમુદ્ર પીઠ પર અંબાડી ધારણ કરી ઊભો હતો. કાળા કાનની ફડફડતી લહર એના પર ઊમટવા લાગી. દેવમાછલીનાં અસંખ્ય ટોળાં પાણીની સપાટી પર તરવાં લાગે તેમ પુષ્ટ કાળી સૂંઢ રાજહંસની તીરછી

ગ્રીવાની જેમ મરોડદાર વળાંક લઈ ડોલવા લાગી! બાર લાખ પાયદળમાંથી અરધાથીય વધુ પદાતી એમને ઘડા ભરીભરીને દારૂ પીવરાવવા લાગ્યા! પત્તી, સેનામુખ, ગુલ્મ, ગણ, વાહિની, પૃતના, ચમૂ, અનાકિની અને અક્ષૌહિણીની સૈન્યરચના રાજદંડના આકારે કરવા લાગ્યા. એમનાં હલનચલનથી થરથરતાં બાણ, ભાલા, ત્રિશૂલ, ખડ્ગ, તોમરના ફલક પરથી પરાવર્તિત થઈને ચમકતાં કિરણો, આકાશના શૂન્યાવકાશમાં સ્વર્ગનું સામ્રાજ્ય ક્યાં છુપાયું છે એની શોધ કરવા લાગ્યા! પિતામહ, ગુરુ દ્રોણ, કૃપાચાર્ય, અશ્વત્થામા, જયદ્રથ, મામા, દુર્યોધન, દુઃશાસન, ભગદત્ત, વિકર્ણ, કૃતવર્મા, સોમદત્ત, સહદેવ, કેતુમત, વિંદ, અનુવિંદ આ મહારથીઓ શિરસ્રાણ ચઢાવી ચતુરંગદલમાં ફરી સૈન્યરચના કરવા લાગ્યા.

જીવનભરમાં જેની પ્રતીક્ષા કરવામાં મેં એક એક ક્ષણ વિતાવી હતી એ દિવસ ઊગ્યો હતો પણ શિબિરના દ્વારમાં ઊભા રહી જીવનનું તાંડવનૃત્ય જોનારા એક તટસ્થ પ્રેક્ષક સિવાય હું તત્કાલ કંઈ કરી શકવાનો નહોતો!

'કર્ણ, અમે જઈએ છીએ!' દુર્યોધન અને અશ્વત્થામા મને ભેટી ધરણી ધ્રુજાવતા ચાલી નીકળ્યા અને અનેક શસ્ત્રાસ્ત્રોથી ખીચોખીચ મહારથ પર આરૂઢ થયા. મારા છ પુત્રોએ મારી ચરણરજ માથે ચડાવી.

'મારી માતાના – રાધામાતાના, પિતાના, સત્યસેનના મેઘમાલાના આશીર્વાદ લીધા? શોણકાકાની સમાધિ પર સુગંધી પુષ્પ ચડાવી આવ્યા? તમારી પત્નીનાં મસ્તક તમારા અંગૂઠાનાં ઉષ્ણ રક્તથી સૌભાગ્યવાન કર્યાં? આવા કેટલાય પ્રશ્નો મેં પૂછી નાખ્યા.

'સૌના આશીર્વાદ લીધા! આપના જોઈએ છે!' કમરની તલવાર મ્યાનમાંથી ખેંચી આડી કરી ઘૂંટણે પડી વૃષસેને નીચે નમીને કહ્યું. એ સૌથી જ્યેષ્ઠ હતો. મારી ખોટ વર્તાવા દે તેવો નહોતો.

'જાઓ, મારા વીર પુત્રો એકનિષ્ઠાથી લડજો!' મારી બંને ભુજાઓને ફેલાવીને હું છને એકસાથે ભેટ્યો. મારા પિતાએ મને આખી જિંદગી ખૂબ લાડ લડાવ્યા હતા. તેથી મારે પણ મારા પુત્રોને પિતૃવાત્સલ્યથી એક ક્ષણ પણ વંચિત રાખવા નહોતા! એના ખભા થપથપાવી આંગળી ઊંચી કરી એને કહ્યું, 'જાઓ, કર્ણ યુદ્ધમાં નથી એની ખોટ એક પણ સૈનિકને નહિ લાગે! અને – અને રણભૂમિ પર પગ મૂકતાં પહેલાં સમુદ્રનાં નિર્મળ પાણીમાંથી પાંચ પાંચ અંજલિનું અર્ઘ્યદાન સૂર્યદેવને દેવાનું ભૂલતાં નહિ! જાઓ.'

તેઓ શાંત ચિત્તે સેનામાં ભળી ગયા. રણભેરી, આનક, ગોમુખ, દુંદુભિ, મૃદંગ, નગારાં અને ડિંડિમ વગેરે રણવાદ્યોના ગગનભેદી અવાજો ઊઠતાં જ અર્ધનિદ્રિત પક્ષીઓ માળા છોડી કિલકિલાટ કરતાં મૈનાક પર્વત પર ઊડવાં લાગ્યાં! હાથીઓના ભેદક ચિત્કાર, અશ્વોની પ્રેરક હણહણાટ, મહારાજ ધૃતરાષ્ટ્રના નામ પર કુરુયોદ્ધાઓએ કરેલી ગર્જનાથી ત્યાંના સમુદ્રની ચંચળ જલલહરી પણ ભયથી કાંપવા લાગી! પથરાયેલાં પારિજાત પુષ્પોની જેમ સૈનિકો ફેલાયા હતા!

કાષાય રંગના, ઊંચા ધ્વજસ્તંભ પર ફરફરતો કૌરવોનો ત્રિકોણી રાજધ્વજ પિતામહે પોતાના રાજરથ પર ધારણ કર્યો. એનો ફરફરાટ આકાશને થાપટ મારવા લાગ્યો! બે હાથની મુઠ્ઠીમાં મરોડદાર શ્વેત શંખ લઈ સેનાપતિ ભીષ્મે ગાલ ફુલાવી દાઢીના કેશ

તાણતાં મોટેથી ફૂંક્યો! એનો નિનાદ આસપાસના વાતાવરણમાં પ્રસરી રહ્યો. વીરોના બળવાન બાહુમાં જોમ ઊમટ્યું.

'આ...રૂ...ઢ!' બંને હાથ ઊંચા કરી એમણે ધનુષ્ય ઉઠાવતાં આજ્ઞા કરી. કૌરવોની પચ્ચીસ લાખ સેના રાજદંડ આકારે આગળ સરકતી શ્વેત રેખાને ઓળંગી કુરુક્ષેત્રના સમરાંગણ પર વર્ષાઋતુ પહેલાં ગરજતાં વાદળ ઘનઘોર આકાશમાં આગળ સરકે તેમ સરકવા લાગી! એક ક્ષણ મેં વિવશ બનીને આંખો મીંચી દીધી. જેને માટે મારા ભાઈઓ અને માતા સાથે નાતો તોડી નાખી હું ફરજ રૂપે કૌરવોને ચીટકી રહ્યો હતો એવા અને મને જીવથીય વહાલા ગણનારા શૂરવીર યોદ્ધાઓ આજે મારા વગર લડવાના હતા! સૈન્યનું સંચાલન કરનાર મારે દૂર બેસીને એમનાં પરાક્રમ અન્ય જનો પાસેથી સાંભળવાનાં હતાં! આખી જિંદગી મારો પીછો કરનાર ક્રૂર નિયતિ અહીં પણ મને છોડે તેમ નહોતી.

પ્રાણને હોડમાં મૂકીને મેં રાજદંડને આર્યાવર્તમાં પ્રભાવક રીતે ફેરવ્યો હતો એ આજે સંકટ સમયે મારા વગર ક્યાંય અટકવાનો નહોતો! એનો અર્થ એ થયો કે વ્યક્તિ ગમે તેટલી શ્રેષ્ઠ હોય, ત્યાગી હોય, યોજનાકુશળ હોય છતાં એને ખાતર સમાજ કદી અટકી જતો નથી! સમાજની અખંડ ગંગા વહેતી રહે છે! અંદરનાં જલબિંદુ બદલાઈ જશે, આજે વિલીન થઈ જશે, કાલે નવા પ્રકટ થશે, પરંતુ ગંગા વહેતી જ રહેશે! તો પછી હું શા માટે મારું જીવન આટલું મૂલ્યવાન ગણું છું? અરે, કોઈપણ વ્યક્તિએ ગણવું જ ન જોઈએ એમ કૌરવોની વિશાળ સેના મને કહી રહી હતી. શાંતભાવે એ સંગ્રામ ઉત્સુક શૂરવીરોને જોવામાં હું જાતને, મારાં સુખદુઃખને, જીવનના વિચારોને, કુટુંબીઓને સૌને વીસરી ગયો હતો. જીવન-મૃત્યુની સ્પર્શરેખા કેટલી સહજપણે કુરુક્ષેત્રની આજુબાજુ આલેખી હતી! એ શૂરવીરોને એકઠા થયેલા જોઈ આકાશના અસંખ્ય તારાઓને અહીં કોણે વેર્યા હશે એમ કોઈને થયું હશે! પર્વતોની સળંગ હારમાળા જેવા બળવાન દેહધારી મહારથીઓને આટલી વિશાળ સંખ્યામાં રથારૂઢ થતા હસ્તિનાપુરના રાજમહેલના કળશે ક્યારેય જોયા હશે? બલ્હિક, સિંધ, કુલિંદ, મદ્ર, કંબોજ, ગાંધાર, મત્સ્ય, અવંતી, દરદ, આનર્ત, દશાર્ણ, ચેદિ, દ્વારકા, કાશી, પાંચાલ, મગધ, વિદેહ, કોસલ, અંગ, કલિંગ, બંગ વગેરેમાંથી એક પણ દેશનો રાજધ્વજ કુરુક્ષેત્રની પરિક્રમા કરી એમને વંદન કરવાનું ચૂક્યો નહોતો! કેટલો ભાગ્યશાળી અને સંસ્મરણીય દિવસ કુરુની રાજનગરી આજે જોઈ રહી હતી.

આકાશને ભેદતો શ્રીકૃષ્ણના પાંચજન્ય શંખનો ધ્વનિ સાંભળતાં જ હું વિચારતન્દ્રામાંથી જાગ્યો. અર્જુનનો કપિધ્વજ ધારણ કરેલો નંદીઘોષ રથ પંદર લાખ સેના સાથે આગળ સરકવા લાગ્યો! ધૂળના ગોટેગોટા ઊડવા લાગ્યા! રથ પર બેઠેલા શ્યામ સારથિ શ્રીકૃષ્ણ હસી રહ્યા હતા. પંદર લાખ સેના પાંડુ મહારાજની જયઘોષણા કરતા હતા. એમાં અમિતૌજસ, વિક્રાંત, દ્રુપદ, કુંતીભોજ, વાર્ધક્ષેમી, દંડધાર, બૃહત્ક્ષેત્ર, ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, અભિમન્યુ, કાશીરાજ, ક્ષત્રંજય, ચેકિતાન, વિરાટ યુધામન્યુ, શ્યેનજિત અને યુયુધાન વગેરે મહારથીઓ હતા. બભ્રુ, અદિન, પ્રતિવિંધ્ય, પુરુજિત, શ્રેણીમાન, ઇરાવાન, શતાનિક અતિરથીઓ હતા, સિંહચંદ્ર, સુક્ષત્ર, શૈલ્ય, રોચમાન, રથસેન, યુગંધર, મણિમાન, મહાઓજસ, મિત્રવર્મન, બ્રહ્મદેવ, તપન, સુપાર્શ્વ, જનમેજય, સુદામા, સુતેજસ, ચિત્રકેતુ, ઉગ્રસેન જેવા

કેટલાય રાજાઓ એમની પાછળ પાછળ સરકી રહ્યા હતા. અર્જુન, યુધિષ્ઠિર, ભીમ, નકુલ, સહદેવ, સાત્યકિ, યુયુધાન, ધૃષ્ટદ્યુમ્ન સૌથી આગળ હતા. સુદર્શન ચક્રના આકારની વ્યૂહરચના કરેલી તેમની સેના ગોળ ગોળ ફરતી આગળ ધપી રહી હતી. રાજદંડ આકારની રચના કરીને ઊભા રહેલા પિતામહે હાથ ઊંચા કરી કૌરવસેનાનો શંખ ફૂંકી ચડાઈ કરવાની આજ્ઞા કરી! પાંડવોએ પણ પોતપોતાના શંખ ફૂંક્યા. રણવાદ્યોના અવાજોથી ભયભીત અશ્વો હણહણવા લાગ્યા. હાથી ચિત્કારવા લાગ્યા. ખડ્ગ, બાણ, ભાલા, શૂલ વગેરેના અસંખ્ય ફલકો ચળકવાં લાગ્યાં. રથનાં ચક્રો ઘરઘરાટ કરવાં લાગ્યાં. દેશોદેશના રાજધ્વજ ફરકવા લાગ્યા. સ્વર્ગમાં સજ્જડ થઈ ગયેલાં મહાદ્વાર કિચૂડડ અવાજ કરવા લાગ્યા. ધૂળના ગોટાથી આકાશ વિશેષ શ્યામ થઈ ગયું. આજુબાજુનાં વૃક્ષોનાં પાંદડાં તથા ડાળીડાખળાં કાંપવાં લાગ્યાં! કેટલાંય વર્ષોથી મનની ભીતરમાં ભરી રાખેલાં ભાવનાનાં બાણનાં દાન, એકમેકને ખુલ્લે હાથે દેવાં બંને સેનાના ચાલીસ લાખ ઉત્સુક યોદ્ધાઓ સામસામા ઊભા રહ્યા! યોદ્ધાઓનાં મોજાં ઉછાળતી બંને મહાન સેનાસાગર ગરજવા લાગી!

શિબિરના દ્વારે ઊભા રહેવું હવે મારે માટે અસહ્ય થઈ પડ્યું. જિંદગી આખી કૌરવોનું નેતૃત્વ કરનાર હું પાષાણવત્ દૂર ઊભો રહી આ રણસંગ્રામને કઈ રીતે જોઈ રહેવાનો? આંખ સામે મહાસંગ્રામને દૂર ઊભા રહીને જોવાનું મને ભારે અસહ્ય થઈ પડ્યું, કેમકે સૂતપુત્ર રૂપે જિંદગીભર અપમાનિત જીવવાનું આટલું અસહ્ય નહોતું લાગ્યું! નસેનસમાં વહેતું લોહી બળીને ભસ્મ થઈ ગયું હતું. લોહીના ટશિયા ફૂટ્યા હતા. ઊભા રહેવાની પગમાં તાકાત ન રહેતાં અંદર જઈને આસન પર બેસી પડ્યો. બે હાથમાં માથું પકડીને બેસી રહ્યો તોપણ લોહી ઠંડું પડ્યું નહિ. વિચારવાયુ શમ્યું નહિ. સુદામન! શોણના શિરશસ્ત્રાણનો વિનાશ! પ્રતિજ્ઞાનું પાલન! અર્જુનના પ્રાણ! પિતામહે એનો વધ કર્યો તો? હું વચનભ્રષ્ટ થઈશ! ઉદાસભાવે પગ તરફ જોયું. કેટલાય દિવસોથી ધોયા વગરના પગ પર મેલના થર જામ્યા હતા! હૃદયમાં, આંખોમાં, મસ્તકમાં શૂળ ઊપડ્યું! બહારનાં વાદ્યોનો કોલાહલ શિબિરના પડદા સાથે અફળાતો હતો. કાન સુન્ન થઈ ગયા. આગ કરતાં ધુમ્મસ ભલું! આવા અસહાય જીવન કરતાં વ્યાકુળ કરનારી મૂર્ચ્છા સારી!

'સત્યસેન!' મેં મોટેથી બૂમ મારી.

'મહારાજ – આજ્ઞા!' બાણની જેમ એ સડસડાટ અંદર આવી મારી સામે ઊભો રહ્યો!

'જા. સોમરસ લઈ આવ!'

'મહારાજ, સોમરસના બધા ઘડા ખાલી થઈ ગયા છે! બે ટીપાં પણ બચ્યાં નથી!' એ શાંત ઊભો રહ્યો.

મેં કંઈક બોલવા મોં ખોલ્યું એટલામાં એકાએક તમામ રણવાદ્યોના અવાજ શમી ગયા! ચારેબાજુ નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ. નીરવતા, નિઃશબ્દતા પ્રસરી ગઈ! ભયાનક શાંતિ!

'શું… શું થયું સત્યસેન? જા. જઈને જો. પાંડવોએ શરણાગતિ સ્વીકારી લીધી?' સોમરસ ભૂલી જઈ મેં યુદ્ધભૂમિ તરફ આંગળી ચીંધી એને આજ્ઞા કરી.

ઘોડો દોડાવી સત્યસેન નીકળી પડ્યો. મારા મનમાં અનેક શંકાઓ સળવળી ઊઠી.

રણવાદ્યો એકાએક કેમ શમી ગયાં? યુદ્ધને કઈ દિશા મળી હશે? શું થયું?

સત્યસેનને ગયાને બે ઘડી વીતી ગઈ છતાં હજી સુધી એ પાછો ફર્યો નહોતો. મારું મન વિચારોની ગદા ફેરવી ફેરવીને અંતે સૂનમૂન થઈ ગયું! તત્કાળ સમરાંગણમાં જઈ ત્યાંની પરિસ્થિતિ જાણવાની પ્રબળ ઇચ્છા થઈ આવી પણ પિતામહના પતન સિવાય યુદ્ધભૂમિ પર યુદ્ધમાં નહિ ઊતરું – મારી જ પ્રતિજ્ઞા મારી આંખ સામે નાચવા લાગી! મારી જ પ્રતિજ્ઞાએ મારે પગે બેડી પહેરાવી દીધી! અસહ્ય અકળામણ થવા લાગી.

ટપ, ટપ, ટપ, ટપ અવાજ કરતા સત્યસેનના ભૂરા ઘોડાને શિબિર તરફ આવતાં મેં જાળીવાળા ગવાક્ષમાંથી જોયો! ઝટપટ ઊઠીને બહાર આવી મેં એની લગામ હાથમાં લઈ એને થાબડ્યો.

'શું થયું, સત્યસેન? રણવાદ્યો કેમ થંભી ગયાં? યુદ્ધનું શું થયું? કોણ શરણે આવ્યું?' મેં અનેક પ્રશ્નોનાં બાણ એની તરફ છોડ્યાં.

'ખાસ કંઈ નથી થયું, મહારાજ! અર્જુને પોતાના ગુરુ, કાકા, મામા, બંધુ, પિતામહ, સ્વજનો વગેરેને સામે પક્ષે ઊભેલા જોઈ પ્રેમવિવશ બની હાથમાંથી 'ગાંડીવ' મૂકી દઈ એ રથમાં બેસી ગયો!' સ્વજનો સાથે યુદ્ધ કરવું એના કરતાં તીર્થસ્થાનોમાં જઈ ભિક્ષા માગી જીવવું શું ખોટું? એવો પ્રશ્ન એણે શ્રીકૃષ્ણને પૂછ્યો. શ્રીકૃષ્ણે એને અસાધારણ ઉપદેશ આપ્યો અને હવે તે ફરી રથારૂઢ થયો છે! પિતામહને અને દ્રોણાચાર્યને વંદન કરી એણે ધનુષ્ય ઉપાડ્યું છે!' એના અંગ પરથી પરસેવાનાં ટીપાં ધરતી પર સરી પડ્યાં.

ફરી રણવાદ્યોનો કોલાહલ ઊઠ્યો. શંખનો ધ્વનિ ગાજી ઊઠ્યો. અરધી ક્ષણમાં કુરુક્ષેત્રનું વિશાળ સમરાંગણ બાણવર્ષાથી છવાઈ ગયું. આકાશની નીલાશ એ સત્ય છે કે અસત્ય એ જોવાં ધૂળનાં વાદળ સ્વૈરપણે ઊમટવાં લાગ્યાં! ઘોષણા, ગર્જના, ચિત્કાર, વાદ્યોના અવાજ, રથનો ઘરઘરાટ વગેરેનું રૌદ્ર સંગીત વિશ્વકર્તાને જગાડી રહ્યું હતું!

'જા, સત્યસેન, તું પણ યુદ્ધભૂમિ પર જા!' શિબિરમાં દાખલ થતાં મેં એને સૂચના આપી. હું એકલો પડી જઈશ એ વિચારે એ આઘોપાછો થતો હતો.

'આ મારી આજ્ઞા છે, સત્યસેન!' મેં આંગળી ઊંચી કરી. એને યુદ્ધભૂમિ તરફ સંકેત કર્યો. શતઘ્નીના દંડની જેમ એક ઝાટકે પોતાના ઘોડા પર આરૂઢ થયો. લગામ ખેંચતો, ટપટપ અવાજ કરતો એ ચાલી નીકળ્યો. હું એકલો પડી રહ્યો! સામે ઊભેલી નિર્વિકાર શિબિર, સામે જમીન પર ટેકવેલો મારો જૈત્રરથ, સુવર્ણમંડિત વિજય ધનુષ્ય દિગ્વિજયમાં સાથ દેનાર ઊંચો વાયુજિત અશ્વ – સિવાય આજે બીજું કોણ મને સાથ દેનાર હતું?

શિબિરમાં બેસી રહેવું અસહ્ય હતું, અશક્ય પણ હતું! ગંગાનો પ્રવાહ ક્યાંય દૂર પડી ગયો હતો. હવે પિતામહના પતન સુધી દૃષદ્વતીનો સહવાસ! સાધનાનું સ્થાન! મસ્તક પરથી શિરસ્રાણ ઉતારી સાદા વેશમાં પ્રકાશનું અંતિમ ગહન ધ્યાન! છેલ્લું અર્ઘ્યદાન હવે દૃષદ્વતીમાંથી!

મારા પગ એ પુણ્યપાવન પ્રવાહ તરફ આપોઆપ વળ્યા. વાદ્યોના અવાજ અસ્પષ્ટ સંભળાતા હતા. પ્રકાશના સામ્રાજ્યમાં પ્રવેશવા આકર્ષાયેલું મારું મન શાંત થઈ ગયું હતું. 'ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્ય ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।' ગાયત્રીના મંત્રબ્રહ્મના અમૃત સાથે અંજલિમાં દૃષદ્વતીનું હિમવત શ્વેતજળ લઈ એનાં પાણીમાં આગળ

વધ્યો! ચારેબાજુ શુભ્ર, ધવલ, પ્રકાશ છવાઈ ગયો. પીઠ તપવા માંડી. જમાવેલા દૂધની જેમ મન ક્ષણે ક્ષણે સંયમી, ગંભીર અને દૃઢ થવા લાગ્યું!

વીસ

નવ દિવસ પૂરા થયા. આ લાંબા ગાળામાં સમરાંગણમાં શું બન્યું અને શું ન બન્યું તેનાં તમામ સમાચાર રોજ સાંજે મને સત્યસેન પાસેથી જાણવા મળતા. પોતાનો ભૂરો ઘોડો ચતુરંગદલમાં મુક્તપણે ફેરવી આંખે દેખ્યો અહેવાલ રોજ સાંજે શિબિરમાં આવી વિનમ્રપણે ઊભો રહી મને આપતો. એ સમાચાર સાંભળતાં જ મારાં રૂંવેરૂંવે આગ લાગતી.

ગુરુ દ્રોણ, કૃપાચાર્ય, જયદ્રથ, અશ્વત્થામા, શલ્ય, શકુનિમામા, જરાસંધનો વીર પુત્ર સહદેવ, કૃતવર્મા, બૃહદ્‌બલ, બાલ્હિક, ભગદત્ત, ભૂરિશ્રવા, ક્ષેમધૂર્ત, દુર્યોધન, દુઃશાસન, પિતામહ – સૌ મહારથીઓ સમરાંગણમાં હતા છતાં તેઓ કેવળ મત્સ્ય અને વિરાટની લક્ષાવિધ સેનાનો જ વિનાશ કરી શક્યા હતા. પાંડવપક્ષનો એક પણ યોદ્ધો તેમના મોતનો શિકાર બની શક્યો નહોતો! અસાધારણ પરાક્રમ તેઓ દાખવી શક્યા નહોતા.

સાક્ષાત્ ગુરુ જામદગ્ન પરશુરામને માથે પરાભવની કાળી ટીલી લગાડનાર ભીષ્મ પિતામહ સેનાપતિ હોવા છતાં પાંડવો સામે કેમ આટલા નિસ્તેજ લાગતા હતા? વૃદ્ધત્વને કારણે? ના! શ્રીકૃષ્ણના રણકુશળ દાવપેચને કારણે? ના! કદાચ એમનો સ્નેહનો મૃદુ તંતુ એમને રોકતો હશે! સ્નેહાસક્તિ જ માણસને બાંધી લે છે. ક્ષત્રિય હોવા છતાં એમનાથી આ સ્નેહાસક્તિ જ રણભૂમિ પર છૂટતી નહોતી! શ્રીકૃષ્ણે એ બંધન તોડ્યાં હતાં પણ એમના ભક્ત કહેવરાવતાં પિતામહના રથની સાથે સ્નેહ સમરાંગણમાં છાયા બનીને એમની પડખે રહ્યો હતો સ્નેહ! સ્નેહ ક્યારેક પ્રેરક શક્તિરૂપ બની રહે છે તો ક્યારેક પિતામહ જેવા શૂરવીર યોદ્ધાને સંકટ સમયે દુર્બળ પણ બનાવી મૂકે છે. પિતામહ વિશે મને રોજ સમાચાર મળતાં હતાં કે એમનું હૃદય પાંડવો તરફ અને શરીર કૌરવો તરફ હતું! આવી દ્વિધાગ્રસ્ત સ્થિતિમાં જ તેઓ લડતા હતા! સગા મામાને મારનાર શ્રીકૃષ્ણનો સિદ્ધાંત તેઓ વીસરી ગયા? પિતાની આજ્ઞા પાળવા પોતાની સગી માતાનું – રેણુકાનું માથું ઉડાવી દેનાર એમના સાક્ષાત્ ગુરુ પરશુરામનો આદર્શ પણ યાદ ન રહ્યો? આખી જિંદગી તેઓ પાંડવોને જ પક્ષે રહ્યા હતા અને આજે પણ લાખો કૌરવ સૈનિકોને ભીમની ગદા તથા અર્જુનનાં બાણોની હોડમાં મૂકી યુદ્ધમાં પણ તેમને પક્ષે રહ્યા હતા! એમ જ કરવું હતું તો મહામંત્રી વિદુરની સાથે હિમાલયની વાટ પકડવી હતી! પિતામહ પોતાનું ઉજ્જ્વળ ચારિત્ર્ય કેવળ સ્નેહવિવશતામાં કલંકિત શા માટે કરી રહ્યા છે? મને સમજાતું નહોતું! કુરુ રૂપે પિતામહ શ્રેષ્ઠ ગણાયા, આજીવન બ્રહ્મચર્ય પાળી ઉચ્ચ પદ મેળવ્યું પણ સેનાપતિ રૂપે! પાંડવો સાથે સૌમ્ય યુદ્ધ કરી કૌરવસેનાને દિગ્ભ્રાંત કરવા કરતાં સીધા પાંડવ પક્ષે જઈને લડ્યા હોત તો એક યોદ્ધા રૂપે એમનું સ્વાગત મેં ચરણ પૂજીને કર્યું હોત! જ્યારે પણ યુદ્ધના હળહળતા ઝેરનાં બી ફૂટ્યાં હતાં ત્યારે એક નિષ્પક્ષ અને હતપ્રભની તટસ્થ ભૂમિકા ભજવનાર પિતામહ આ શોકાંતિકાના છેલ્લા અંકમાં પણ તટસ્થ જ રહેવાના હતા!

અખાડા જેવા અનેક મહત્ત્વના પ્રસંગોએ એમણે દાખવેલી ન્યાયપ્રિયતાનો મને અનુભવ હતો. આથી એમના પ્રત્યે અતિશય આદર ધરાવતું મારું મન વિચારતું હતું કે પિતામહ આમ કેમ વર્તી રહ્યા છે? સત્યસેને વર્ણવેલું ચિત્ર મને અકળાવી મૂકતું હતું.

રાત્રેના ઘનઘોર અંધકારમાં વેરણ બનેલી નિદ્રાને કારણે મારી આંખ શિબિરની છતને તાકી રહેતી! સમરાંગણના એક એક દિવસનાં ચિત્ર એના પર અંકાયેલાં હતાં.

પહેલા દિવસના અતિ ઉત્સાહપૂર્ણ યુદ્ધમાં સાત્યકિ સામે લડનારો કીર્તિવર્મન, વિરાટપુત્ર ઉત્તરને મોતને ઘાટ ઉતારનાર શલ્ય, ઇરાવાન અને શ્રુતાયુનું ઘનઘોર યુદ્ધ, કુંતીભોજને ઘેરી લેનાર વિંદાનુવિંદ, દ્રુપદ પાસે દોડીને ધસી જનાર જયદ્રથ, બૃહદ્બલને ઘાયલ કરનાર અભિમન્યુ, શિખંડીનો ઘડો લાડવો કરનાર અશ્વત્થામા વગેરેનાં દશ્યો દેખાતાં હતાં. પરંતુ એ રાત્રે તો મારું મન માત્ર એક વીરની આસપાસ ભટકતું હતું! પાંચાલરાજ શ્વેતની આસપાસ! પાંડવ પક્ષે લડતાં એ વીરે પહેલે દિવસે જ એકીઅવાજે નેતૃત્વનું માન મેળવી લીધું હતું! પિતામહને હંફાવી એણે હજારો સૈંધવ, ગાંધાર, કલિંગ અને કુલિંદોને એક ઝાટકે કાપી નાખ્યા હતા. ભયગ્રસ્ત સેના ત્રાહિમામ્ પોકારતી પિતામહનું નામ લઈ એમના મહારથને શરણે જવા લાગી ત્યારે પિતામહ શ્વેતની સામે આવ્યા અને એના શ્વેત નામને ઉજાળે એ રીતે વધ કરી એને માટે ઉજ્જ્વળ કીર્તિમાર્ગ સુલભ કરી દીધો. સાંજે યુદ્ધ શમ્યું ત્યારે તમામ સૈનિક યોદ્ધાઓનું ટોળું શ્વેતના ચેતનહીન શરીરનાં દર્શન કરવાં એકઠું થયું હતું! યુદ્ધના પ્રથમ દિવસનો અંત શ્વેતે શ્વેતપૂર્ણ બનાવ્યો હતો!

માગસર વદ તૃતીયાના દિવસે પિતામહે સારંગ પક્ષી જેવી સૈન્યરચના કરી. એને નિષ્પ્રાણ બનાવવા પાંડવોના સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ને પોતાની સેના ક્રૌંચ પક્ષીના આકારે ખડી કરી દીધી! એ સ્વયં આગળ ઊભા રહી પોતાના પિતાને – દ્રુપદને પરાજિત કરનાર ગુરુ દ્રોણને પોતાની લાલચોળ અગ્નિ જેવી આંખોથી શોધતો હતો! સૂર્યોદય થતાં જ હાથ ઊંચા કરી સિંહની જેમ ગર્જના કરતો ધૃષ્ટદ્યુમ્ન અશ્વત્થામા પર તૂટી પડ્યો! શલ્યે શંખને ભીડ્યો. પિતામહે પાંચાલની સેનાને બાણવર્ષાથી છાવરી દીધી. અભિમન્યુએ લક્ષ્મણ પર હુમલો કર્યો. ધૂળના ગોટા ઊડવા લાગ્યા. કોણ પોતાનું અને કોણ પરાયું એનો કોઈ મેળ નહોતો. સાત્યકિના ઝંઝાવાતી ગર્જનામય ભ્રમણથી બીજો દિવસ ગુંજી ઊઠ્યો. પિતામહના સારથિને ઠાર કરી એણે સૌને પોતાના વૃષ્ણી કુળનું પાણી બતાવી દીધું! શબના ઢગ હિમાલયની ઊંચાઈ આંકવા લાગ્યા! નારાચ, બસ્તિક, પદમ, સૂચિ, ગોમુખ, ગવાસ્થી જેવાં અસંખ્ય બાણોના ડુંગર ખડકાયાં હતાં!

વદ ચોથનો ત્રીજો દિવસ ઊગતાં જ પિતામહે ગરુડાકાર સૈન્યરચના તૈયાર કરી! એને ગ્રસી જવા ફરી સેનાપતિ બનેલા અર્જુને અર્ધચંદ્રાકાર સૈન્ય ઊભું કર્યું. જમણી બાજુ ચક્રરક્ષક રૂપે ભીમને ગોઠવ્યો. પક્ષીઓના કિલકિલાટમાં ખડ્ગના ખણખણાટ ભળતાં એણે કૌરવોનો મધ્યાહ્ન સુધી નિર્દયપણે સંહાર કર્યો. કોસલ, કેકય, ગાંધાર, સંશપ્ત, ત્રિગર્ત જેવા સેનાના પથકોમાંથી સેંકડો અશ્વસાદો, રથી, પદાતી કામમાં આવ્યા પરંતુ એમને ખાળવા કોઈ સમર્થ નહોતું! ભયભીત બનીને 'બચાવો, બચાવો!'ની બૂમ મારતી કૌરવસેના દુર્યોધનનું શરણું લેવા દોડી. સૌમ્ય યુદ્ધ કરવા સેનાપતિ ભીષ્મ પિતામહ પર દુર્યોધન રોષે ભરાયો! એના મર્મભેદી વાગ્બાણથી ઘવાયેલા ભીષ્મે પાંડવસેનાને એવી રોળી નાખી કે હવે એ સેના રણભૂમિ છોડીને પલાયન થઈ જશે એમ સ્પષ્ટ જણાતું હતું. એ જોતાં જ હાથમાં શસ્ત્ર ધારણ ન કરવાની પ્રતિજ્ઞા લેનારા શ્રીકૃષ્ણ અર્જુનનો નંદીઘોષ રથ છોડી ધરતી પર કૂદી પડ્યા! એકાદ રથનું છૂટું પડી ગયેલું ચક્ર ઉપાડી તેઓ ભીષ્મ પિતામહ

પર ધસ્યા! હજી દસ ડગલાં પણ નહિ ભર્યાં હોય ત્યાં રથમાંથી ઊતરી અર્જુને દોડીને શ્રીકૃષ્ણને વાર્યા. ત્રીજો દિવસ ધરતી પર અંધારાના શ્યામ બીજ વાવીને શ્રીકૃષ્ણની પ્રતિજ્ઞાનો ભંગ કરાવીને પૂરો થયો! મને પ્રબળ ઇચ્છા થઈ આવી કે દોડીને હું ભીષ્મ પિતામહને ભેટી પડું અને એમને આવો જ ઘોર સંગ્રામ કરતા રહેવાની વિનંતી કરું! પણ તે શક્ય નહોતું. એક અર્ધરથી એક મહારથી – એક સેનાપતિની શિબિરમાં કઈ રીતે જઈ શકે?

ચોથા દિવસથી અંધકાર ગાઢ થવા લાગ્યો! તે દિવસથી એક એક કળાથી ક્ષય થતાં ચંદ્રની જેમ અમારી સેના પણ નિસ્તેજ થવા લાગી! એ દિવસ ભીમ અને ઘટોત્કચના હાથમાં હતો! ખળભળી ઊઠેલા ભીમે મહાસાગરની જેમ પોતાની વિશાળ કાયા ફુલાવી સિંહનાદ કર્યો ત્યાં હાથીનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં . વૃષપર્વ પાસેથી પોતાની ગદા ઉઠાવી એ હસ્તિદળમાં હાહાકાર મચાવતો કુરુઓના હાથી કુરુઓ પર જ ગબડાવતો હતો! વર્ષાઋતુના જળપ્રવાહની જેમ આજુબાજુના સૈન્યના કાંઠા તોડી રહ્યો હતો. ‘અરે, આ ભીમ નથી, આ તો સાક્ષાત્ યમ છે!’ કહેતી કુરુસેના ઊભી પૂંછડીએ નાઠી. છિન્નભિન્ન થઈ ગયેલી સેનાને ઓર ભડકાવવા ઘટોત્કચ મોટાં મોટાં વૃક્ષો ઉખેડીને એમનો માર્ગ રોકતો હતો! ભીમ સામે ઊભા રહેવાની તાકાત એક જ ગદાવીરમાં છે એ જાણી સૌએ દુર્યોધનને એની સામે મોકલ્યો. ભડકેલા બે હાથી જેવા બંનેએ એકબીજાને ભીડ્યા. સામસામા પ્રહારના તણખા ઝરવા લાગ્યા. યુદ્ધ છોડી સૈનિકો એમનું ગદાયુદ્ધ જોવામાં લીન થઈ ગયા! દુર્યોધને ભીમના માથા પર એક મર્મભેદી પ્રહાર કર્યો. હિમાલયમાંથી ભેખડ ધસીને તૂટી પડે તેમ ભીમ ઊછળીને નીચે પડ્યો! ધરતી ધણધણી ઊઠી! કુરુસેનાએ દુર્યોધનનો ગગનભેદી જયજયકાર બોલાવ્યો પણ... પણ બીજી જ ક્ષણે ફરી ઊભા થઈને ભીમે શુક્રદેવ, કેતુમાન, સત્ય, સત્યદેવ, સેનાપતિ, ભાનુમાન, જલસંધ, ઉગ્ર, વીરબાહુ, સુલોચન વગેરે દુર્યોધનના ભાઈઓને એણે ચીરી નાખ્યા. ભૂખ્યા વાઘની જેમ મશાલ જેવી લાલઘૂમ આંખોથી ઘૂરકતો, ઝંઝાવાતી જેવો તે ચતુરંગદળમાં સ્વચ્છંદપણે ઘૂમતો હતો અને અડફટમાં જે આવે તેને પડકાર ફેંકી સીધો મુકાબલો કરતો હતો. એની ભારે ગદાથી અનેક બળવાનોને છિન્નભિન્ન કરી મોતને હાથમાં લઈ ફરતો, સોમરસના ઘડાના ઘડા પેટમાં ઉતારતો ‘દુઃશાસન ક્યાં છે? દુઃશાસન ક્યાં છે?’ના બરાડા પાડતો થૈ થૈ નાચતો હતો.

વદ છઠના એટલે કે યુદ્ધના પાંચમા દિવસે યુદ્ધમાં અમારી સેનાની મકરાકૃતિની સામે અર્જુને પાંડવસેનાને સ્યેન પક્ષીના આકારે ગોઠવી. કુરુક્ષેત્રની આજુબાજુ અંકુશ, દંડ, પલાણ, ખંડિતફલક, ભાંગેલા રથચક્રના ઢગલા થયા હતા. હાથ, પગ, મસ્તક, ધડ વગેરેના ડુંગર ઊભા થયા હતા. મૈનાક પર્વત પરથી ગીધ, કુકર, કુરરી જેવાં માંસભક્ષક પક્ષીઓનાં ટોળેટોળાં યુદ્ધભૂમિ પર ઊતરવાં લાગ્યાં હતાં. પાંચમા દિવસનો નાયક હતો ભૂરિશ્રવા! એણે સાત્યકિના દસ પુત્રોને યમલોક પહોંચાડ્યા પછી સાત્યકિ પર ત્રાટક્યો! અભિમન્યુ અને લક્ષ્મણ બેમાં કોને શ્રેષ્ઠ કહેવો એ મુશ્કેલ હતું!

સારંગ પક્ષીના આકારની કુરુસેના છઠ્ઠા દિવસે રણાંગણ પર ઊતરી ત્યારે એની સામે પાંડવસેનાની મકરસેના જોઈ પિતામહ થથરી ઊઠ્યા હશે, કારણ કે એમની સામે

રથમાંથી નીચે ઊતરી હાથમાં ગદા લઈ ભીમ ક્રોધથી દ્રોણ, અશ્વત્થામા અને શલ્યના રથને એક પછી એક વારાફરતી ઊલટા કરી ઉખેડી નાખીને દૂર દૂર ફેંકવા લાગ્યો હતો! એનું આ સાહસ ખતરારૂપ ન નીવડે એ માટે ધૃષ્ટદ્યુમ્ને એને પકડીને ફરી રથમાં બેસાડ્યો! એનાથી મૂર્ચ્છિત થયેલા દુર્યોધનને સમરાંગણની બહાર લઈ જવા અશ્વત્થામાને માર્ગ દેખાતો નહોતો. ધૃષ્ટદ્યુમ્ન, ભીમ અને અર્જુનના આક્રમક હુમલાથી ગભરાયેલા કુરુસૈનિકો આમતેમ નાસભાગ કરવા લાગ્યા હતા!

યુદ્ધનો નિર્ણય એક બાજુએ રહ્યો પણ સૈન્યને એકત્રિત રાખવાની સાદીસીધી હથરોટી પણ પિતામહ પાસે નહોતી એમ કોઈ કહી શકે તેમ નહોતું છતાં કોઈ યોગ્ય પગલું લેવાતું નહોતું! લઈ શકાય તેમ નહોતું. સાતમો દિવસ પણ પસાર થઈ ગયો. પરાભવની ઘેરી છાયા કેવળ મારા પર જ નહિ પણ સૌ યોદ્ધાઓ પર પડી હતી! પચ્ચીસ લાખની વિશાળ સેના અને એકસો એંસી વર્ષના અનુભવી સેનાપતિ હોવા છતાં યુદ્ધ કુરુની દૃષ્ટિએ એક ડગલું પણ આગળ વધી શક્યું નહોતું. શા માટે? આઠમા દિવસે રાત્રે સંત્રસ્ત અને ચિંતાતુર શકુનિમામા અને દુર્યોધન મારી શિબિરમાં આવ્યા!

'કર્ણ, હાથમાં શસ્ત્ર લે! શ્રીકૃષ્ણ પણ પ્રતિજ્ઞાભંગ થયા છે! ચાલ, તારા નેતૃત્વ નીચે હું પિતામહને અર્ધરથી રૂપે લડવા બાંધી લઈશ!' દુર્યોધનનો પ્રત્યેક શબ્દ એના હૃદયની વિવશ વ્યાકુળતાને પ્રકટ કરતો હતો. મૃત્યુના દ્વાર પાસે માણસની બે જ પ્રતિક્રિયા હોય છે! એક ક્રૂરતાની પરાકાષ્ઠાની અને બીજી બાજુ મૃદુતાની પરાકાષ્ઠાની! એ મૃદુ થઈ ગયો હતો. એને મન કર્ણ એટલે ગમે ત્યારે યુદ્ધમાં રથને જોડી શકાય તેવો અશ્વ!

'રાજા, સૌની પ્રતિજ્ઞાનો ભંગ થશે! ધરતીનું પેટ ફાટશે પણ કર્ણની પ્રતિજ્ઞાનો ભંગ કદી નહિ થાય! તને ખરેખર મારી સેનાપતિ તરીકે જરૂર હોય તો પિતામહને શસ્ત્ર ફેંકી દઈને રણભૂમિ છોડીને ચાલ્યા જવાનું કહે!' મેં દુર્યોધનને ઉકેલ બતાવ્યો.

કુરુની દસ લાખ સેના ઓછી થઈ ગઈ હતી. પિતામહનો ક્રૂર જુગાર અટકે તેમ નહોતો! એમને મોહના – પ્રેમના પાશ તોડતાં આવડે તેમ નહોતા!

મારી શિબિરમાંથી બહાર નીકળીને દુર્યોધન તરત પિતામહની શિબિરમાં ગયો અને મને સમાચાર મળ્યા. શું વાતચીત થઈ તે જાણવા મળી નહિ પણ દુર્યોધને એમને ચોખ્ખેચોખ્ખા શબ્દોમાં સેનાપતિપદનો ત્યાગ કરવા કહ્યું હશે, કારણ કે નવમા દિવસે સર્વતોભદ્ર આકારમાં સૈન્યરચના ગોઠવી પિતામહે પાંડવોની સેનાના હાલહવાલ કરી નાખ્યા હતા. શતાનિક જેવા મહારથીને રોળી નાખી આશાનો નંદાદીપ પ્રગટાવ્યો હતો. હવે કંઈક નિર્ણયાત્મક પરિણામ આવશે એવી આશા સૌને જાગી હતી. વદ દસમીની રાતે ચંદ્ર માથે ચડ્યો ત્યારે નિશ્ચિંત બનીને કુરુની શિબિર આરામ લઈ રહી હતી! દૃષદ્વતીનો જળપ્રવાહ ખળખળ વહેતો હતો! એનો ધવલ રંગ યુદ્ધભૂમિ પરની લાલ નદીના મિલનથી લાલ બન્યો હતો! નિયતિનું ચક્ર ફરી રહ્યું હતું! નવમો દિવસ સારો ગયો!

વદ એકાદશીનો દિવસ આવ્યો! યુદ્ધ શરૂ થયા પછીનો આ દસમો દિવસ હતો. આજે રોજ કરતાં ઠંડીનો ચમકારો વધુ હતો. યુદ્ધભૂમિ ધુમ્મસનું પડળ છોડવા તૈયાર નહોતું! આકાશ પણ ધુમ્મસાચ્છાદિત હતું. સૂર્યોદયની સાથે પ્રલયધ્વનિ સાંભળવા ટેવાયેલી

દૃષદ્વતીને પણ તટ પરની નીરવતા જોઈ કંઈક અધૂરાપણાની પ્રતીતિ થતી હતી. મારો પણ આ જ અનુભવ હતો, કેમકે દુર્યોધનના વચન પર વિશ્વાસ મૂકવો કે નહિ એની અવઢવમાં હું હતો.

'કાલ રાત્રે પિતામહની શિબિરમાં યુધિષ્ઠિર ગયો હતો! એમની વાતચીતમાં વારંવાર શિખંડીનો ઉલ્લેખ આવતો હતો!' દુર્યોધનના આ શબ્દોથી મારું હૃદય શૂન્ય થઈ ગયું હતું. સેનાપતિ હોવા છતાં પિતામહ યુધિષ્ઠિરને એકાંતમાં કેમ મળ્યા? એની સાથે એક ઘડી સુધી વાતો કેમ કરી? અને વળી અધૂરું હોય તેમ સૌને અંધારામાં રાખ્યા! કઈ યોજના બનાવી હતી? એ યોજના સાથે શિખંડીનો શો સંબંધ? એકે વાતનો મેળ બેસતો નહોતો!

'રાજા, હવે મારી સહનશીલતાની હદ આવી ગઈ છે! આજે પાંડવો પૈકી એકેયને વિખ્યાત મહાયોદ્ધા પિતામહ ન પાડે તો પોતાનું પતન સ્વીકારી લે! પછી જ હું હાથમાં શસ્ત્ર લઈશ! જો આજે આમાંથી કંઈ ન બન્યું તો – તો તેં મારે શિરે ચડાવેલ રાજમુગટ તારા પગ પાસે મૂકી હું સીધો ચંપાનગરીની વાટ પકડીશ! દસ દિવસ રણવાદ્યોના અને શસ્ત્રોના ધ્વનિ દૂરથી સાંભળી સાંભળીને હવે હું થાકી ગયો છું! મારો રણાંગણ પ્રિય વાયુજિત પણ દિવસે દિવસે નિરાશ થતો જાય છે! જૈત્રરથની સાથે મારી કીર્તિ પર પણ ધૂળ ચડતી જાય છે! જા, પિતામહને કહે કે કાંતો યુદ્ધનાં બંધન તોડે કાં કર્ણને ધડથી જુદો કરે!' દુર્યોધનને રણાંગણ પર મોકલતી વખતે અંતિમ સંદેશ દેતાં પોકળ વિવશતાને છુપાવવાનું મારે માટે અસંભવ હતું. દુર્યોધન બહાર ગયો કે તરત જ મેં વાયુજિત સહિત બીજા ચાર શ્વેત અશ્વો જૈત્રરથને જોડ્યા. જીવનભર સુખદુઃખમાં સાથ આપનાર મારા ભાઈ શોણની સમાધિ પર પુષ્પમાળા ચડાવવાની મારી તીવ્ર ઇચ્છા હતી! કુરુક્ષેત્ર છોડી, રાજનગર એકબાજુ મૂકી વિરાટની સીમામાં રહેલી શોણની સમાધિ તરફ મારો રથ દોડવા લાગ્યો. રણવાદ્યોના અવાજ દૂર થવા લાગ્યા. સાંજ સુધીમાં પાછું ફરવું હતું. શોણ જેવો દેખાતો આ વાયુજિત બંને બાજુ બે બે સાથીદાર અશ્વોને લઈ પૂછડું ઉછાળતો દોડતો હતો. એના પૂંછડાના ગુચ્છામાં રહેલા અસંખ્ય શ્વેત કેશ જેટલી શોણની સ્મૃતિઓ અસંખ્ય હતી! ઉજ્જ્વળ હતી!

યમુના તીરે ઊભેલી શોણની નિઃસ્તબ્ધ સમાધિ તરફ દૃષ્ટિ કરી. હાથ ઊંચા કરીને શોણ મને બોલાવતો હતો. 'વસૂભાઈ, આવો! ક્રૂર અને અન્યાયી જગત તમને કોઈ ઓળખી શક્યું નથી અને કદી ઓળખી પણ નહિ શકે! કહો, તમારે જે કહેવું હોય તે મારા કાનમાં કહો! આ સારથિ પોતાનાં સુખદુઃખ હૃદયમાં સંઘરી નહિ શકે એવું તમને લાગે છે? હું જીવતો હોત તો હે સૂર્યપુત્ર! તમારા રથના ઘોડાની લગામ મેં સંભાળી હોત! તમારી ઢાલ તમારા દેહ પર ચડાવી હોત! પણ... પણ ઊલટું આજે તમે મારા પર ફૂલ ચડાવવા આવ્યા છો! આ પુષ્પમાળા શા માટે લાવ્યા છો? નાનાને કોઈ ફૂલ ચડાવે ખરા?

યમુનાના શાંત-ગંભીર પ્રવાહ અને એની સમાધિ – બધું જ મારી જેમ શાંત હતું છતાં એ મૌનની વાચાળતાની અનુભૂતિ મને થતી હતી. યમુનાના સ્વચ્છ જળમાં હાથમોં ધોઈ સમાધિ પર પુષ્પમાળા ચડાવતાં હૃદયમાં શાંતિ થઈ ગઈ! નદી તરફ જોતાં અશ્વત્થામાએ કહેલા શબ્દો સાંભળી આવ્યા, 'જીવન એ જન્મ-મૃત્યુના પટમાં વહેતી નદી છે!'

'જાઉં છું, શોણ!' ઘૂંટણે પડીને મેં સમાધિને વંદન કર્યાં! આથમતાં સૂર્યનાં સૌમ્ય કિરણો પીઠ પર ઝીલી વાયુજિત ફરી કુરુક્ષેત્ર તરફ દોડવા લાગ્યો. હવે હું ચિંતામુક્ત થઈ ગયો હતો. હવે કોઈની ઠેસ મને વાગે તેમ નહોતી! પાછા વળવાનું કોઈ કારણ નહોતું! આખો દિવસ પ્રવાસમાં ગયો. યુદ્ધ બંધ કરવાનો સંકેત દેતા વાદ્યોના અવાજો શરૂ થયા અને મારો રથ શિબિર પાસે આવી પહોંચ્યો! ચારેબાજુ વાતાવરણ કેવું શાંત હતું! રોજ એકેકનાં પરાક્રમોની પ્રશંસા કરતાં કરતાં પાછાં શિબિરમાં ફરતાં સૈનિકો કેમ દેખાતા નહોતા? આટલી નીરવ, ભયાનક શાંતિ કેમ? ભયની પીડાને સંકોરતાં મેં વાયુજિતને રથમાંથી છોડ્યો.

એક ટીટવી દૃષદ્વતીને કિનારેથી કર્કશપણે ટીવ ટીવ કરતી ચાલી ગઈ. એનો અવાજ મને વિચિત્ર લાગ્યો! સાંજનો ધુસર પ્રકાશ અને વદ એકાદશીનો ગાઢ અંધકાર બંને સેનાની શિબિરની આસપાસ ફેલાતો હતો! મશાલની જ્વાળાથી પણ એને દૂર કરી શકાય તેમ નહોતો!

સૂર્યાસ્ત થવાને એક ઘડી વીતી ગઈ છતાં હજી સુધી સત્યસેન શિબિરમાં કેમ પાછો ફર્યો નથી? કોઈએ એને આજના યુદ્ધમાં ઘેરી લીધો હશે?

શિબિરનો પડદો હાથના કાંડામાં વીંટાઈ વીંટાઈને ફાટવા આવ્યો હતો! અંધારું ભેદીને કુરુક્ષેત્ર પર માંડેલી આંખ પણ થાકવા આવી! શું થયું હશે? આખરે ટપ... ટપ... ટપ... અવાજ કાને પડ્યો. સત્યસેનનો ઘોડો રોજની જેમ ગૌરવભરી ચાલે ચાલતો નહોતો! એની ચાલ લથડતી હતી.

'મહારાજ, પિતામહ પડ્યા!' એણે મારી નજીક આવી ઘોડા પરથી નીચે ઊતરતાં જણાવ્યું.

હિમાલય તૂટી પડ્યો એવો ભાસ થયો. 'કોણે કર્યું આ વિજય પરાક્રમ!' મેં એને હલબલાવીને ચીસ પાડીને પૂછ્યું.

'અર્જુને, વ્યંઢળ શિખંડીને આગળ રાખીને!'

પિતામહ વ્યાકુળ થઈ ગયા છે. સૌ એમને મળી આવ્યા છતાં તેઓ હજી કોઈની પ્રતીક્ષા કરી રહ્યા છે! અને... અને વચમાં જ એ થોથવાતાં બોલ્યા,

'અને શું, સત્યસેન?'

'આપણો ભાનુસેન મરાયો... આપના હસ્તે એનો અગ્નિસંસ્કાર કરાવવા એનું શબ સૌએ રોકી રાખ્યું છે!' એણે મોં ફેરવી પોતાની આંખ અધરીયના છેડાથી લૂછી.

'ભાનુસેન મરાયો? સત્યસેન, જા એને અગ્નિસંસ્કાર દઈ દે! તું દઈ દે! મારી રાહ જોવાની જરૂર નથી!'

વાયુજિત પર આરૂઢ થઈ હું સીધો યુદ્ધભૂમિ જવા નીકળ્યો! મનમાં વિચારોનું ચક્ર ચાલતું હતું. આજુબાજુ અંધારું હતું. પિતામહ પડ્યા! કુરુનો રાજદંડ પડ્યો! અમારે બે વચ્ચે મનભેદ હતો. તેઓ મને સારથિથી અતિરિક્ત કંઈ માનતા નહોતા! એમના મનમાં મારું મૂલ્ય એક અર્ધરથી જેટલું જ હતું! છતાં મન કેમ એમના તરફ ખેંચાતું હતું? શું એ આત્મવંચના નથી? નહિ! નહિ! યોદ્ધો મૃત્યુના દ્વારે ઘાયલ થઈને પડ્યો હોય એને મળવામાં વળી નાનમ શાની? કેવાં માનઅપમાન! કેવા મતભેદ! હવે આ મહાપુરુષોનો

સાથ ઘડી બે ઘડીનો! એમની સાથે મનમાં આંટી રખાય? બીજા કોઈ ભલે રાખે, કર્ણ નહિ રાખે! એમને મળવા જવું જ જોઈએ! પુત્રનો અગ્નિસંસ્કાર બાજુએ મૂકીને પણ!

મારા મનના ભાવ જાણતો હોય એમ વાયુજિત ભીડને ચીરતો આપોઆપ એક શિબિર પાસે ઊભો રહ્યો! મશાલનો પ્રકાશ અંધકારને દૂર કરવાને બદલે એને વધુ ભયાનક બનાવતો હતો. કુરુના મરણોન્મુખ સેનાપતિનાં દર્શન કરવાં ઉદાસ ચહેરે સૈનિકોની ભીડ મચી હતી! રાજમહેલમાં સુખશય્યા પર નિદ્રા લેનાર આ વીર બાણશય્યા પર પોઢ્યા હતા! દાઢીના શ્વેત કેશમાં બેત્રણ સૂકા ઘાસના તણખા ચોંટ્યા હતા! મસ્તક પર ગૌરવશાળી મુગટ નહોતો! એમનો દેહ ચારે બાજુથી બસ્તિક બાણથી વીંધાયેલો હતો! આંખોની આસપાસ કાળાં કુંડાળાં છવાઈ ગયાં હતાં! એમના દેહ નીચેનું ઘાસ ધન્ય બન્યું હતું! પાવન થયું હતું! શંપાક બ્રાહ્મણને પિતામહ પ્રત્યે અપાર પ્રેમ હતો. તે એમનું મસ્તક પકડીને બેઠાં હતાં.

'મહાબાહો ભીષ્મ!' એકાએક ભાવાવેશમાં મારે હોઠેથી પિતામહને બદલે ભીષ્મ શબ્દ સરી પડ્યો. મને ખ્યાલ આવે એ પહેલાં એમના કાને એ પહોંચી ગયો! હવે પાછો વાળી શકાય તેમ નહોતો!

પાંપણની આડમાં છુપાયેલી એમની તેજસ્વી આંખો ખૂલી. હોઠ ફફડ્યા. પાષાણ પર બાણના ફલકને સજાવતાં જેવો ધારદાર અવાજ થાય એવો અવાજ આ વૃદ્ધ, શ્રાંત અને મૃત્યુશય્યા પર સૂતેલા જર્જરિત શરીરમાંથી આવ્યો. ભાવનાનાં અને આત્મીયતાનાં વલય લઈને!

'કોણ? કર્ણ! આવ... નજીક આવ!' બે હાથ હલાવી આજુબાજુના સેવકોને અને સૈનિકોને દૂર જવાનો સંકેત કર્યો. ઝળહળતી મશાલ સિવાય ત્યાં બીજું કોઈ રહ્યું નહિ. મસ્તક નીચેથી હાથ ખસેડી લઈ શંપા પણ ચાલ્યો ગયો.

'હા, હું કર્ણ જ છું! સૂતપુત્ર કર્ણ! કેવી રીતે નજીક આવું? શા માટે આવું? મારું સ્વાભિમાન મને રોકે છે.'

'કર્ણ? કોણ સૂત? કોણ ક્ષત્રિય? બધી જૂઠી કલ્પના! આવ, મારી નજીક આવ, એકદમ નજીક! એક યોદ્ધા રૂપે અસ્ત પામતાં સેનાપતિની આજ્ઞા પાળ!'

હું નજીક ગયો. હિમાલયનું ઊંચું શિખર આજે આડો વિંધ્યાદ્રી બની ગયું હતું! કેટલો ધીમો અવાજ! આટલી આત્મીયતા મેં ક્યારેય અનુભવી નહોતી! જે રીતે આખી જિંદગી તેઓ સત્યને વળગી રહ્યા હતા એ જ રીતે આત્મીય ભાવે એક હાથ પહોળો કરી એકદમ નજીક ખેંચીને મને વળગી પડ્યા! હું રોમાંચિત થઈ ગયો. આ ત્રીજો દિવ્ય અને અવિસ્મરણીય સ્પર્શ હતો!

'કર્ણ, તું સૂતપુત્ર નથી! તું રાજમાતા કુંતીનો સૌથી પહેલો પુત્ર છો!' નીરવ શાંતિમાં મશાલની જ્યોતનો ફડફડાટ સ્પષ્ટ સંભળાતો હતો. એમને હતું કે તેઓ જ સૌ પ્રથમ મને આ સત્ય જણાવી રહ્યા હતા. હવે મને એનું કુતૂહલ નહોતું. હું સૂતપુત્ર નથી. કુંતીપુત્ર તથા સૂર્યપુત્ર નથી. હું એક જીવંત માણસ છું. જે સામે આવે તેનો દૃઢતાથી સામનો કરવા ઊભો છું! એ જ મારો મત હતો!

'કેમ? તને સાંભળીને કંઈ થતું નથી?' બોલતી વખતે એમના છાતી પર ઘૂસેલાં બાણ મંદ મંદ સ્પંદિત થતાં હતાં!

'ના! આ સત્યની મને જાણ કરવામાં આવી છે!'

'તો પછી – તો પછી મેં તારો અનેક વાર અનાદર કર્યો, અપમાન કર્યું.એથી તને મારા પર તિરસ્કાર, રોષ ચડ્યો હશે! પણ પુત્ર, એમ નથી! તારી અવહેલના કરવાનો મારો હેતુ ક્યારેય નહોતો! તને અર્ધરથી બનાવું જેથી તું દૂર રહે અને તું – તું અજ્ઞાનવશ તારા સગા ભાઈઓ સાથે ન લડે એ મારા હૃદયમાં પવિત્ર આશય હતો! વૃદ્ધોનું હૃદય એરણ જેવું હોય છે! તપ્ત લોઢું માથા પર મૂકવાનું અને ઉપર ઘણના ઘા ઝીલવાના! આટલું કર્યા પછી પણ જગતને સાંભળવા મળે છે લોખંડના અને એના પર ઘણના ટણકાર! એરણ નિઃસ્તબ્ધ હોય છે! એનો જન્મ એના માટે જ છે! તું મળવા આવ્યો એ સારું થયું! મારા વિશે જે કોઈ શંકા હોય તે મનમાંથી ખંખેરી નાખ! તું અર્ધરથી નથી. તું મહારથીઓનોય મહારથી છો!!' બાણની વેદનાથી વિહ્વળ બનેલા તેઓ સહેજ થોભ્યા.

એક લાંબો નિઃશ્વાસ લઈ એમણે આંખો ખોલી.

'પિતામહ!' ગળે ડૂમો ભરાતાં હું આગળ કંઈ બોલી શક્યો નહિ.

'કર્ણ, કાશીરાજમાં ભાનુમતિનું હરણ કરનાર દુર્યોધન પર ત્રાટકેલા દેશોદેશના રાજાઓને તેં એકલા હાથે મહાત કર્યા એ કોણ ભૂલી શકે? તેં જરાસંધને ધમરોળી નાખ્યો એ સમાચારથી માત્ર માગધીઓ જ નહિ, હું પણ ચકિત થઈ ગયો હતો! તારા દિગ્વિજયના ડિંડિમ હજી કાનમાં ગુંજે છે! શસ્ત્રોમાં, બાહુબળમાં તું અર્જુનથીય શ્રેષ્ઠ છો! અને કૌંતેય, છેલ્લાં સિત્તેર વર્ષથી જીવનનું તત્ત્વજ્ઞાન તેં જીવનમાં આચરી બતાવ્યું. એથી યુધિષ્ઠિરનું મસ્તક ઝૂકી જાય તેમ છે! તારો બાહુકંટક દાવ ભીમના પ્રાણ ઘૂંટી નાખે તેટલો પ્રભાવક છે! પુત્ર, તું – તું સાક્ષાત્ શ્રીકૃષ્ણ જેવો દેદીપ્યમાન છો! જા, તારા ભાઈઓ પાસે જા! જેણે જીવનમાં દુઃખ સિવાય બીજું કંઈ જ જોયું નથી. રાજમાતા હોવા છતાં એક યોગિની જેવું તપસ્વી જીવન જેના ભાગ્યમાં હતું, તારાં દર્શન માટે જેની આંખોનું ચાતક પક્ષી જિંદગી આખી તરફડતું રહ્યું છે, જેનું હૃદય મૂક આક્રંદ કરી રહ્યું છે એવી તારી કુંતીમાતાને ચરણે જા! મારા મૃત્યુ સાથે તારા વેરના વિનાશની આગને બુઝાવી દે! તું જઈશ એટલે દુર્યોધન પ્રત્યંચા તૂટેલા ધનુષ્ય જેવો નિષ્પ્રભ થઈ જશે! લાખો યોદ્ધાઓના અકારણ પ્રાણ લેનાર આ મહાયુદ્ધ અહીં જ થંભી જશે! જા, પાંડવો પાસે જા!' એમની આંખોમાં ઝળઝળિયાં હતાં. મારે વાંસે મૂકેલો હાથ ધ્રૂજતો હતો. હૃદય પરનાં બાણ થરથરતાં હતાં. ફરી કર્તવ્યચ્યૂત કરનારો મોહ મને ઘેરી વળ્યો! ફરી મન મજબૂત કરીને કેટલુંય સાંભળવાનું હતું.

'પિતામહ, આ જ પ્રસ્તાવ શ્રીકૃષ્ણે મારી પાસે ભાવપૂર્ણ વાણીમાં મૂક્યો હતો. એક કુશળ રાજકીય દાવ રૂપે! રાજમાતાએ પણ આ જ મોહ મારી સામે ઊભો કર્યો હતો. પોતાના પુત્રોનું અભયદાન મારી પાસેથી મેળવવા માટે! આ જ યોજના તમે કેટલી સરસ રીતે મારી પાસે મૂકો છો! મૃત્યુશય્યા પર સૂતાં સૂતાં તમે મને કહી રહ્યા છો એ તમારો મારી પરનો નિર્મળ પ્રેમ દેખાડે છે. પણ... પણ હું માર્ગભ્રષ્ટ છું! હવે તો એ જ માર્ગે ગયા સિવાય મારા હાથમાં કંઈ જ રહ્યું નથી! જેમ પાંડવોને વાસુદેવનો સાથ છે તેમ કૌરવોને મારો સાથ છે. મારાં ધન, શરીર, આપ્તજન, કીર્તિ મેં દુર્યોધન પર કુરબાન કરી દીધાં છે.

વાયુ અગ્નિ પ્રજાળે તેમ હું અર્જુન સહિત બધા પાંડવોને પ્રજાળીશ. ક્ષમા કરો! પણ મને મોહના ભ્રમમાં હવે ફરીથી નાખશો નહિ! મને કંઈ દેવા યોગ્ય લાગે તો કેવળ આશીર્વાદ આપો!'

'કર્ણ, ધન્ય છે તને! કુંતીના પહેલા પુત્ર થવાની તારામાં યોગ્યતા છે! જા, વૈરભાવ છોડીને કુરુના સેનાપતિ રૂપે હાથમાં ધનુષ્ય લે! એક ક્ષત્રિય રૂપે નિરહંકારી વૃત્તિથી સેનાનું નેતૃત્વ કર! દેવાદિનો વૈભવશાળી લોક તારા ઉચ્ચ અંતરાત્માને પ્રાપ્ત થાઓ! જા, મારા આશીર્વાદ તારી સાથે છે! સદાય છે! તારાં નેત્રોનો હિમાલય, શરની શય્યા સીંચવા માટે પીગળવા લાગ્યો છે. એમનાં બાણ મારા હૃદયને વીંધવાં લાગ્યાં.

ઊભા થઈ એમને અભિવાદન કરી, પ્રદક્ષિણા કરતી વખતે કાબૂમાં રાખેલું મક્કમ મન ભાંગી પડ્યું! મૃત્યુ અખંડ બ્રહ્મચર્યવ્રતધારી, સત્યભાષી પિતામહને પણ છોડતું નથી તો જગતમાં શાશ્વત કોણ છે? જેની ગોદમાં રમેલાં અર્જુને શા માટે પિતા તુલ્ય મહામાનવને કાષ્ઠવત બનાવી બાણશય્યા પર ફેંકી દીધા હતા?

મારી આંખમાંથી આંસુનાં મોતી એમનાં પુણ્યપાવન ચરણો પર ટપકી પડ્યાં! હાથ ઊંચા કરી એમણે આશીર્વાદ આપ્યા, 'જયતુ કર્ણ!' જીવનભર સૂર્યદેવને અર્ઘ્ય દેનાર, વૃદ્ધ દેહમાં દૃઢ મનોબળ ધરાવનાર આ સેનાપતિ સૂર્યદેવ ઉત્તરાયણમાં જશે ત્યાં સુધી મૃત્યુને પણ રોકી રાખશે! એમની અંતિમ સાધનામાં ખલેલ ન પહોંચે એ માટે મેં શિબિરમાં જવા પગ ઉપાડ્યા. આસપાસની મશાલ વધુ તેજથી ઝળહળવા લાગી. ગાઢ અંધકારને સાથ દેતાં તમરાં તાલમાં કર્કશપણે ગુંજી રહ્યાં હતાં!

મનની વીણાનો એક તાર શરીરના ગહન ગંભીર ખૂણામાં દૂર ક્યાંક હજી પણ રણકી રહ્યો હતો! રાધામાતાના આશીર્વાદ લેવાનો અવસર મળ્યો નહોતો! પિતાની ચરણરજ માથે ચડાવવાની તક પણ સાંપડી નહોતી! વૃષાલીને મળી શકાયું નહોતું! સુપ્રિયાનાં સમાચાર જાણવા મળ્યાં નહોતાં! રાજમહેલમાં રહેલો એકલો વૃષકેતુ શું વિચારી રહ્યો હશે એ કહેવું મુશ્કેલ હતું! સેનાપતિના નિમણૂક પ્રસંગે બનેલી આકસ્મિક ઘટનાને લીધે મેં આજ સુધી રાજનગરમાં પગ મૂક્યો નહોતો! સૌને કેવી રીતે મળું? કાલે જો સમરાંગણમાં ઊતરવું પડશે તો?

એકવીસ

ભાનુસેનને અગ્નિસંસ્કાર દેવા ગયેલ સત્યસેન હજી પાછો ફર્યો નહોતો. હું ગયો નહિ એથી મારા મૃત પુત્રનો આત્મા મારા પર રોષે ભરાશે નહિ એનો મને પૂરો વિશ્વાસ હતો! સંગ્રામમાં વીરોચિત મૃત્યુ સ્વીકારનાર એ શૂરવીરને ખબર પણ નહોતી કે જે ભીમે તારો વધ કર્યો એ તારા કાકા છે! અજ્ઞાનને લીધે પણ એણે મારા એક પુત્રનો બલિ લીધો હતો! મારા હૃદયમાં શ્રદ્ધાનાં, માયાનાં, સંબંધનાં રહ્યાંસહ્યાં અંકુર પણ બળીને ભસ્મ થઈ ગયાં હતાં! મગજ બહેર મારી ગયું હતું! શરીર ખોટું પડી ગયું હતું. એ સ્થિતિમાં પણ પિતામહની વિકલાંગ મૂર્તિ શિબિરના પડદે પડદે દેખાતી હતી. 'વેરભાવ ભૂલીને યુદ્ધ કર, નિરહંકારી નેતૃત્વ કર!' એમના અંતિમ શબ્દો આંખ પાસે તરવરવા લાગ્યા. આંખ મીંચીને હું આસન પર બેઠો હતો. આસન પરની મૃદુ શય્યા કાંટાળી લાગતી હતી!

'મહારાજ, બહાર આપને મળવા કોઈ આવ્યું છે, જુઓ!' વાયુની લહર અજાણતાં જ અંદર પ્રવેશે તેમ સત્યસેન ક્યારે શિબિરમાં દાખલ થયો તે ખબર જ ન રહી.

'સત્યસેન, જા. કર્ણને મળવા મૃત્યુ સિવાય હવે કોઈ જ આવી શકે તેમ નથી! મારે કોઈને મળવું નથી! સમરાંગણમાં અર્જુન સિવાય! તત્ક્ષણ મેં શિબિરના દ્વાર તરફ આંગળી કરી એને બહાર જવા કહ્યું.

'નહિ, મહારાજ, જે વ્યક્તિ બહાર ઊભી છે એને જોઈને આપ મૃત્યુને પણ બે ઘડી રોકશો! બહાર વૃષાલી ઊભી છે!'

સત્યસેન ભાઈ હોઈ પોતાની ફરજ બજાવતો હતો. એ એક કુટુંબવત્સલ હોઈ પત્નીને બોલાવી લાવી એના પતિ સાથે ભેટો કરાવવા માગતો હતો કે કાલે સેનાપતિ બનનાર પોતાના નાયકની મનઃસ્થિતિ જાણનાર આ સૈનિક કર્તવ્ય પાર પાડતો હતો? મારી આસપાસના આ સૌ માણસો મારા પર આટલો નિઃસ્વાર્થ પ્રેમ શા માટે વર્ષાવતા હતા? હું ખરેખર એને લાયક છું?

'વૃષાલી? એને બહાર કેમ ઊભી રાખી છે, સત્યસેન?' મેં શિબિરની બહાર જોતાં એને પૂછ્યું.

એનું કહેવું છું કે યુદ્ધપૂર્વે એક સેનાપ્રમુખની શિબિરમાં એની સ્ત્રીને જોઈ કાલે સવારે કોઈ સૈનિક કહે કે, 'અમારી સૌની પત્નીઓ આમ પ્રવેશે તો એ યોગ્ય ગણાશે? મહારાજ એમને શો ઉત્તર દેશે? આથી જ તે બહાર ઊભી છે! આપ એને દર્શન દો એવી એની તીવ્ર ઇચ્છા છે. મહારાજ, મારી પણ! આથી જ અંધારાને અવગણીને હું એને હસ્તિનાપુરથી અહીં લઈ આવ્યો છું! એનો ભાઈ છું ને એટલે!' એ ગળગળો થઈ ગયો. એના પ્રત્યેક શબ્દમાં વિનંતીનો સૂર હતો.

'ચાલ' હું એની પાછળ શિબિરની બહાર આવ્યો. મશાલના ધૂંધળા પ્રકાશમાં મારી પત્ની ઊભી હતી! ભાનુસેનનાં મૃત્યુનાં સમાચાર એને સત્યસેને નહિ આપ્યાં હોય. આથી તે સ્વસ્થ દેખાતી હતી. મારા જીવનની સાથીદાર યુદ્ધભૂમિ પર પણ મને સાથ દેવા આવી હતી?

'વૃષાલી, અંદર આવ!'

'મહારાજ–' તે સંકોચાતી હતી.

'આવ, વૃષાલી! એક પણ કુરુ સૈનિક તારા આગમનથી ભવાં ચડાવશે નહિ! આદર્શ-આદર્શ ગણીને મેં જે વિચારો હૃદયમાં ભરી રાખ્યા હતા એનું સમાજની દૃષ્ટિએ કોડી જેટલું પણ મૂલ્ય નહોતું. હવે તું કયો આદર્શ પાળે છે? સંકોચ ન રાખીશ.' સરી પડતી સાડીને માથે ઓઢી તે શિબિરમાં દાખલ થઈ. મારા બોલ પર એ બળબળતા અગ્નિમાં પણ કૂદી પડનારી વૃષાલી હતી!

'વૃષાલી, તું એકલી આવી?' મારાથી વિશેષ બોલાયું નહિ.

'માતુશ્રી અને પિતાશ્રી હવે ખૂબ થાકી ગયાં છે! તેઓ અહીં સુધી આવી શકે તેમ નથી. સુપ્રિયા ભાનુસેનના મૃત્યુથી ઉદાસ થયેલા વૃષકેતુનું ધ્યાન રાખવા ત્યાં રહી છે. મેં જ એને ત્યાં રાખી છે!'

'એટલે કે એના મૃત્યુના સમાચાર તને મળ્યા છે? કોની પાસેથી?'

ભાનુસેનના મૃત્યુથી એ આટલી સ્વસ્થ કઈ રીતે રહી શકી? કર્ણપત્નીનું બિરુદ એ કેટલા દૃઢ મનોબળથી નિભાવતી હતી!

'સત્યસેનભાઈ પાસેથી! અને – અને તમે એનાં અગ્નિસંસ્કારમાં ન ગયા એ પણ સૌ જાણે છે!' શોકાવેગથી એ નીચું જોઈ ગઈ. સાડીના છેડાથી એણે આંસુ લૂછ્યાં.

'વૃષાલી–' હું આગળ બોલી શક્યો નહિ.

'હું જાણું છું, મહારાજ! મારા જેવી એક ક્ષુદ્ર સારથિ કન્યા સાથે સંસાર માંડવામાં આપનું જીવન એળે ગયું છે! પણ તમે તમારાં માતાપિતાને પણ વીસરી ગયા! એમનાં દર્શન કરવાનું પણ તમને મન થયું નહિ? રાજનગરમાં કેમ આવ્યા નહિ?'

'કોણે – કોણે તને કહ્યું કે હું સારથિ નથી!'

'રાજમાતા, કુંતીદેવીએ! ગંગાકિનારે તમે એમને આપેલું વચન લઈ કોઈ નિશ્ચિત હૃદયે પાછું વળે ખરું? તેઓ મને પણ મળ્યા. ફક્ત એટલા માટે કે...'

'શા માટે?'

'હજી પણ એમનું હૃદય તમારા માટે તરફડી રહ્યું છે એ માટે! પત્ની હોઈ હું તમને કંઈક સમજાવી શકું એટલે! મહારાજ, તમારા પ્રત્યે એમને અસીમ પ્રેમ છે! અમારે ખાતર નહિ પણ એમને ખાતર તમે આ યુદ્ધ રોકી દો!'

'વૃષાલી, તને એવું લાગે છે કે મારું જીવન તારી સાથે સંસાર માંડી એળે ગયું છે! નહિ! નહિ! નહિ! તારે ખાતર જ મેં શ્રીકૃષ્ણને ના કહી દીધી છે! રાજમાતાને ખાલી હાથે પાછાં મોકલ્યાં છે! પિતામહની અંતિમ ઇચ્છા બાજુ પર મૂકી છે! હું સારથિ હતો અને આજે પણ છું. વિવશતાથી નહિ પણ અભિમાનથી હું દરેકને કહીશ કે હું રાધામાતાનો અને અધિરથ પિતાનો પુત્ર છું! અને તું સવાર સુધી રોકાઈશ તો કાલે ઊગનાર સૂર્યદેવને પણ તારી હાજરીમાં જણાવીશ કે–'

'શું?'

'કે વૃષાલી જેવી પત્ની મેળવવા સૂતપુત્ર તરીકે હું એક તો શું પણ સેંકડો જન્મ લેવાનું સ્વીકારીશ! પણ – પણ યુદ્ધ અંગે મને કોઈ જ આગ્રહ કરીશ નહિ! હવે તે અટકવાનું નથી!'

'મહારાજ, આ જ આશાને હૃદયમાં ભરી રાખી રાજમાતા મને મળીને ગયાં ત્યારથી તમારા ફૂટેલા ઘડાના ટુકડાને પંદર દિવસથી આંસુનાં ફૂલોથી પૂજું છું! તમે અમારા જ છો. અમને છોડી દેશો નહિ!' એનું ગોળ ગૌર વદનકમળ અશ્રુબિંદુથી ભીંજાઈ ગયું! પાસે આવી તેણે મારો ચરણસ્પર્શ કર્યો. મારું મન અભિમાન, પ્રેમ અને આત્મીયતાની ભાવલહરીથી ઊભરાઈ ગયું.

'વૃષાલી, ઊઠ! શાંતનુ મહારાજે મત્સ્યગંધાને છોડી દીધી હતી એવું આજ સુધી રાજનગરીમાં તેં કદી સાંભળ્યું છે? યયાતિ મહારાજે શર્મિલાને દૂર કરી હોય એવું તારી જાણમાં છે? હું એ જ નગરમાં, એ જ રાજમહેલમાં ઊછર્યો છું! પતિપત્ની એ પૂર્વજન્મથી જોડાયેલાં બે દેહમાં રહેલા એક જ આત્મા જેવાં હોય છે! સમાજ, ધર્મ, નીતિ કોઈ એને અલગ કરી શકતાં નથી! જૂઠી પ્રતિષ્ઠા એ પવિત્ર બંધનને તોડી શકતી નથી! ઊઠ! શાંતિથી નગરમાં જા અને શક્ય હોય તો એ ઘડાના અરધા ટુકડા સુપ્રિયાને દેજે! તું સુજ્ઞ છો! મોટી

છો! ઊઠ!' એનો હાથ પકડી મેં ધ્રૂજતા હાથે એને ઊભી કરી. વૃક્ષને વેલ વળગી પડે તેમ એ મને જોરથી વળગી પડી. એના ભરાવદાર વાંકડિયા વાળમાં ફરતી મારી આંગળીઓ એને કહેતી હતી કે, 'વૃષાલી, જો જીવ્યો તો ફરી ગંગાકિનારો છે! યમુનાની જલલહરી છે! નહિતર સ્વર્ગગંગાને કાંઠે પુનર્મિલન!'

'જાઉં છું.' તેણે અમારાં લગ્નમાં રાજમાતા કુંતીદેવીએ દીધેલી અંગુલિત્રાણ એની સાડીના છેડેથી કાઢી મારા જમણા હાથની આંગળીમાં પહેરાવી દીધી! એનાં અંગ પર એ જ સોનેરી જરીની નીલા રંગની સાડી હતી! બંને વસ્તુ એણે રાજમાતાએ આપેલી જ પસંદ કરી હતી!

'જા – અને કાલે સૂર્યોદય પહેલાં દર્શન કરવાં અને આશીર્વાદ લેવા હું રાજમહેલમાં આવીશ એમ રાધામાતાને જણાવજે!' મેં કહ્યું. સાડી મોં પર ઢાંકી દઈ શિબિરનો પડદો દૂર કરી તે બહાર નીકળી ગઈ! બહાર ઊભેલા સત્યસેનની આંખોમાં ઉપસેલી આનંદની ચમક મશાલના પ્રકાશમાં મને સ્પષ્ટપણે દેખાતી હતી. કેવી તત્પરતાથી એક હાથમાં મશાલ લઈ એ રથનીડ પર ચડ્યો! વૃષાલી રથમાં બેઠી કે તરત એણે લગામ ખેંચી! પ્રતીતિનો એક સૂક્ષ્મ તાર એ મારા અંતરને ખૂણે છેડતી ગઈ! હું પતિ હોવા છતાં એક મહત્ત્વનો સંસ્કારવિધિ ભૂલી ગયો હતો!

'સત્યસેન, ઊભો રહે!' શિબિરનાં દ્વાર પાસેથી હાથ ઊંચો કરી મેં એને રોક્યો. વૃષાલીને આપવાની મહત્ત્વની વસ્તુ હું આપવાનું ભૂલી ગયો હતો. એક હાથમાં ધારદાર તીક્ષ્ણ સર્પબાણ લઈ રથ તરફ દોડીને ગયો! તે બંને વિસ્મયથી જોવા લાગ્યા.

'વૃષાલી, તારાં સૌભાગ્યાલંકાર રહી ગયાં!' હાથમાંનું બાણ ડાબા અંગૂઠામાં ભોંક્યું અને એમાંથી ટપકતાં લોહીબિંદુને જમણી આંગળીમાં લઈ એના વિશાળ કપાળ પર લગાવ્યું! એ એના કુમકુમના ચાંદલા કરતાં પણ વિશેષ સુંદર લાગતું હતું! પવિત્ર દેખાતું હતું! સૌ કોઈ કહેતા હતા કે કર્ણે ઇન્દ્રને કવચ-કુંડળ દઈને મોટી ભૂલ કરી નાખી, પણ એ સૌ ક્યાં જાણે છે કે મારા અંગ પર અભેદ્ય કવચ હોત તો તો વૃષાલીના ભાલે આવું મંગળ તિલક કરવાનું મને સૌભાગ્ય ક્યાંથી મળત?

સત્યસેને લગામ ઉગામી. ઘોડા હણહણતાં જ એના હાથમાંની મશાલ જ્યોત ફરફરતી રાજનગર તરફ દોડવા લાગી. દૂર વળાંક પાસેથી રથ વળ્યો ત્યાં સુધી એને એકટીશે જોતો હું ઊભો રહ્યો!

બાવીસ

કાલે પેટાનારા મહાયુદ્ધમાં મારી પાસે એક જ પર્યાય હતો! લડવું! આપણી વંશપરંપરાને શોભે તેવું! કીર્તિદાયક! કુરુ માટે લડવું! કુરુની ભૂમિ માટે!

કોણે મને ફસાવ્યો એ કહેવું મુશ્કેલ હતું! દુર્યોધને આટલાં વર્ષો સુધી શું કર્યું હતું એ હું કોઈને કહું તો કોઈ માનવા તૈયાર ન થાય! શકુનિમામા, દુઃશાસન, મહારાજ ધૃતરાષ્ટ્ર ઇત્યાદિ એકેય રાજકીય વ્યક્તિ માટે આવતી કાલનું મહાયુદ્ધ નથી! તે કેવળ મારે અને મારે જ લડવાનું હતું! જે મળે એ શસ્ત્રોથી! જે મળે એ આયુધથી! એમાં જ મારું 'કર્ણપણું' હતું! એમાં જ મારી પરંપરાની પ્રતિષ્ઠા હતી! કુરુની હતી! કુરુની ભૂમિની હતી!

આ ભૂમિ! આ ભૂમિ માટે કોણે કોણે કેવાં મહાન બલિદાન દીધાં છે! હસ્તિનાપુરના રાજસિંહાસનનું રક્ષણ કરવા કેટલા શૂરવીરોએ, બાળકોએ, સ્ત્રી-પુરુષોએ પોતાનાં જીવનકમળ આ મહાન યજ્ઞમાં હસતાં હસતાં અર્પણ કર્યાં છે! આસપાસના વાતાવરણમાં ભ્રમણ કરનારા એમના આત્માઓ પ્રત્યે એકનિષ્ઠા જાળવવા માટે કાલે લડવાનું છે! ભીતરમાં ઊઠેલી ભાવનાઓની આંધીને મેં સમયસર રોકી! નહિતર... નહિતર શું થાત તે કહેવું અશક્ય હતું!

જીવનભરના આ અરણ્યમાં માર્ગ ભૂલેલા પ્રવાસી જેવા સંભ્રમને હવે ક્યાંક અટકાવી દેવું જરૂરી હતું!

શાંતચિત્તે મનને એક સૂત્રથી બાંધી લઈ હું નિદ્રાધીન થઈ ગયો.



શ્રીકૃષ્ણ

શ્રીકૃષ્ણ

એક

હું જાણું છું કે યુદ્ધ એ અંતિમ સત્ય હોતું નથી. યુદ્ધથી કદી સમસ્યા હલ થતી નથી, પ્રશ્નો ઊભા જ રહે છે. ઊલટું યુદ્ધમાં થતાં ભયંકર વિનાશથી માનવજાતિમાં અશ્રદ્ધા જાગવાનો ભય રહેલો છે. સમાજનું પતન થવાની દહેશત પણ છે. રાષ્ટ્રનાં સાંસ્કૃતિક મૂળ પણ ઊખડી જવાની શક્યતા રહેલી છે. પેઢી દર પેઢી માનવજાતિએ હૃદયમાં સાચવી રાખેલાં સ્વપ્નો પણ ચકનાચૂર થઈ શકે છે. જીવનનું રહસ્ય શોધવા જતાં બુદ્ધિ આડે કાળાં પડળ પણ છવાઈ જાય! તોપણ કૌરવો અને પાંડવો વચ્ચે મહાયુદ્ધ મારે લીધે જ થતું હતું. લાખો યોદ્ધાઓના બલિનો – મૃત્યુનો મહાયજ્ઞ મેં જ માંડ્યો હતો! પ્રત્યેકના હૃદયમાં રહેલી સુષુપ્ત ક્રૂરતાને મુક્તપણે વિસ્ફોટ કરવા ઉત્તેજિત રમત મેં જ માંડી હતી! જે ચેતનાને લીધે કણકણમાં વિશ્વનું સંચાલન થાય છે એ તેજસ્વી કણકણમાં રોમાંચક સંઘર્ષ મેં જ જગાડ્યો હતો! કેમ? શા માટે? શું હું પાષાણ હૃદયી ખૂની હતો તેથી? જગત આખું નાશવંત છે એવી મારી સમજણને લીધે? ક્રૂરતાનું, અશ્રદ્ધાનું, અરાજકતાનું, સ્વૈરાચારનું સામ્રાજ્ય આર્યાવર્તમાં સ્થપાય તેથી?

યુદ્ધ જગાડ્યું હતું મેં જ, હાથમાંથી ગાંડીવ ધનુષ્ય ફેંકી દઈ સગાંઓ પ્રત્યેના પ્રેમથી મોહાઈને, ગળે સોસ પડતાં અર્જુનને હાથમાં ફરી ધનુષ્ય ધારણ કરવા પ્રેરીને! મેં જાતે જ એના ઘોડાની લગામ ખેંચવા એના નંદીઘોષ રથની લગામ હાથમાં ધારણ કરીને! યુદ્ધના ત્રીજે જ દિવસે હાથમાં શસ્ત્ર ધારણ ન કરવાની પ્રતિજ્ઞાનો ભંગ થયાની પરવા કર્યા સિવાય! શા માટે મેં આ બધું કર્યું? શા માટે? દ્રૌપદીના નિષ્કલંક ચારિત્ર્યની ઘોર વિડંબના કરનાર દુર્યોધન-દુઃશાસનને પાઠ ભણાવવા? શકુનિમામાની કપટ રાજનીતિને સદાયને માટે જડમૂળથી ઉખેડી નાખવા? ભીષ્મ-દ્રોણની મુગ્ધ અને અસમર્થ તટસ્થતાને વાચા આપવા? ધૃતરાષ્ટ્રની અંધ આંખોમાં સત્યનું આંજણ આંજવા? કર્ણના માર્ગચ્યૂત, પથભ્રષ્ટ અને અખંડ શંકાશીલ જીવનને સ્વર્ગનો સુયોગ્ય માર્ગ ચીંધવા? નહિ! આ જ મારો આશય હોત તો મારે માટે આ કામ તદ્દન સરળ હતું. અનોખા ઉદ્દેશને પૂર્ણ કરવા વિશિષ્ટ ઉપાય યોજીને મેં એ કાર્યો પૂર્ણ કર્યાં હોત! મારી સામે કેવળ બે રાજસિંહાસનનો પ્રશ્ન નહોતો!

મારી સામે પ્રશ્ન હતો અખિલ માનવજાતનો! પ્રશ્ન હતો ચિરંતન અને અંતિમ સત્યનો! પ્રશ્ન હતો શરીર, શરીરનાં અનેકવિધ સ્વરૂપ અને અગણિત દેહ ધારણ કરી એમાં રહેતાં અમર આત્મતત્ત્વનો!

જગતમાં અંતિમ અને અપરિવર્તનશીલ સત્ય છે પ્રકાશમય અમર ચૈતન્ય! વિલાસી રંગમહેલમાં રહી એનો અનુભવ કરવો એ શક્ય નથી જ! આસક્તિમય જીવન જીવવું, પાણીમાં હાથીને મગર વળગી પડે તેમ આસક્તિમાં લપેટાઈને જીવનારા કદી અમરત્વનો સાક્ષાત્કાર કરી શકતા નથી! એ માટે, જેમ દિવસ પછી રાત આવે છે તેમ જીવન પછી મૃત્યુ અનિવાર્ય છે એ શરીરના એક એક અંગે સારી રીતે જાણી લેવાનું છે! મન, શરીર, બુદ્ધિ – સૌએ આત્મનિર્ભર થવું પડે છે. તે આપોઆપ અંતરમાંથી જ પ્રકટે છે. મુક્તિ કે સર્વશ્રેષ્ઠ આત્માનુભવ એ ભીખ માગીને મેળવવાની વસ્તુ નથી! બીજાનું અન્ન હડપ કરી જવાથી આપણી ભૂખ કદી શમવાની નથી, બીજાનું પાણી પી જવાથી આપણી તરસ કદી છીપવાની નથી. એવી જ રીતે ઉપદેશ આપવાથી કોઈનો ઉદ્ધાર થતો નથી ને થવાનો પણ નથી! જ્યાં જ્યાં જીવન હોય ત્યાં ત્યાં પ્રકટ થવાની લાલસા હોય જ છે. મુક્તિ માટેની છટપટ હોય છે. બહારથી દેખાય નહિ પણ ભીતરમાં એ પ્રક્રિયા સતત ચાલુ જ હોય છે. જીવન એટલે પ્રાકટ્ય!

ક્યારેક આ પ્રાકટ્યનું પ્રલયકારી દશ્ય માનવજાતિએ જોવું પડે છે! કારણ? ગ્રંથ, ઉપદેશ, જાતિ ઇત્યાદીની પરવા કર્યા વગર માનવ આસક્ત બની જાય છે. જગતમાં દશ્ય વસ્તુની પેલે પાર હજી બીજું કોઈ સૂક્ષ્મ જગત છે એ જોવા તેની પાસે સમય નથી! એ વખતે એને એક પળ ક્યાંક અટકવું પડે છે! અને એ માટે યુદ્ધ જેવો અન્ય કોઈ અસરકારક ઉપાય નથી! મેં યુદ્ધ જગાડ્યું હતું આ માટે જ!

બે

દસ દિવસ સુધી ભયંકર યુદ્ધ ખેલાયું! ગાજી ઊઠ્યું! મારા વહાલા ભક્ત અર્જુનના નંદીઘોષ રથના રથનીડ પર બેસી એના ગતિવાન શ્વેત શુભ્ર અશ્વોને સંભાળી હું મુક્તપણે ચતુરંગસેનામાં ફરતો હતો ત્યારે મેં એની ભયાનકતા નિહાળી હતી. એ જોતાં પાંડવોને સહાય કરવા હું સારથિ રૂપે જ કુરુક્ષેત્રમાં ઊતર્યો હતો. પાંડવોના વિજયની નિશ્ચિતતાનો અણસાર મને પહેલાં દિવસથી જ આવી ગયો હતો, કારણ... કારણ અર્જુન સહિત પાંચે પાંડવ સાક્ષાત્ કાળ સમાન દેખાતા હતા. અદ્વિતીય પરાક્રમી, સૂર્યપુત્ર કર્ણ સમરાંગણમાં ભીષ્મનું પતન ન થાય ત્યાં સુધી ઊતરવાનો નહોતો! એના જેવી અખંડ સાધનાથી પવિત્ર, યોજનાકુશળ, જ્વલંત પરાક્રમોનો સેનાનાયક કૌરવોના પક્ષે બીજો કોઈ નહોતો! આથી જ શિષ્ટતાને ખાતર હસ્તિનાપુર ગયો ત્યારે એને એના દિવ્ય કુળની જાણ કરાવી પાંડવો તરફ વાળવાના મેં ખૂબ પ્રયત્ન કર્યા હતા પણ મહાસાગર જેવા એના દઢ નિશ્ચયમાંથી એને પાછો વાળવા સુદર્શન ચક્રધારી હું નિષ્ફળ ઠર્યો હતો! મને હસ્તિનાપુરથી પાછા ફરતાં વિચાર આવ્યો કે મારા સત્યકથનથી એનો થોડો તેજોભંગ થયો હશે. જોકે એ શક્ય નહોતું. એણે સિદ્ધ કરી બતાવ્યું હતું કે તેજોભંગ થાય એ તેજ ન હોય! ઊલટું તે સૂર્યપુત્ર છે એ જાણતાં જ એની પ્રતિક્રિયા સૌને ચકિત કરી દે તેવી હતી! વિદુરે મને જણાવ્યું હતું કે મને મળીને પાછા ફર્યા પછી 'હું સૂર્યપુત્ર છું! હું સૂર્યપુત્ર છું!' એમ આનંદથી બોલતો પાંચ સુવર્ણના જળકળશ ગોદમાં લઈ એ નાચ્યો હતો. એવા આ કર્ણ ભીષ્મનું પતન ન થાય ત્યાં સુધી સમરાંગણમાં પગ મૂકવાનો નહોતો! ઇન્દ્રે અગાઉથી જ એનાં કવચ-કુંડળ

પોતાના અર્જુન માટે કુશળતાથી એની પાસેથી મેળવી લીધાં હતાં. પરશુરામે 'યુદ્ધને ખરે પ્રસંગે તારું બ્રહ્માસ્ત્ર તને કામ નહિ લાગે' એવો મર્મભેદી શાપ દીધો હતો. મહેન્દ્ર પર્વત પરના બ્રાહ્મણના ઉદ્‌ગાર, 'યુદ્ધમાં ખરે વખતે તારા રથનું ચક્ર ભૂમિમાં ખૂંપી જશે!' ને કોઈ ભૂલી શકે તેમ નથી. એણે કુંતીદેવીને એના ચાર પુત્રોનું અભયદાન આપ્યું હતું. કર્ણ! સૂર્યપુત્ર હોવા છતાં પહેલો પાંડવ હોવા છતાં એની આટલી જ એટલે કે કેવળ એક સારથિ જેટલી જ પાત્રતા હવે રહી હતી!

પરંતુ ખરેખર આમ જ હતું?

યુદ્ધનો અગિયારમો દિવસ ઊગ્યો! કુરુનો ભગવો રાજધ્વજ હાથમાં લઈ ગુરુ દ્રોણ કૌરવોનું નેતૃત્વ કરવા દઢતાથી અમારી સામે ઊભા રહ્યા! દ્રોણ! દ્રોણ એટલે તમામ શસ્ત્રાસ્ત્રોના સાક્ષાત્‌ બોલતાચાલતા વેદ! દસમા દિવસે ભીષ્મના પતનથી આખી રાત વિકળ રહેલી કૌરવસેના દ્રોણને સેનાપતિના વેશમાં જોઈ ફરી રણોત્સુક બની આવેશથી ગર્જના કરવા લાગી. કુરુક્ષેત્રનું મુક્ત વાતાવરણ એના ગગનભેદી અખંડ જયકારથી ધણધણી ઊઠ્યું!

આજે પહેલી વાર દ્રોણના નેતૃત્વ નીચે પ્રચંડ રથદળના પ્રમુખ તરીકે કર્ણ સમરાંગણમાં ઊતર્યો હતો! લતાવેલથી સુશોભિત, શુદ્ધ સુવર્ણથી ઝળહળતા પોતાના જૈત્રરથમાં એ હિમાલયના કૈલાસ પર્વતના ઉત્તુંગ શિખરની જેમ એ શોભી રહ્યો હતો. હાથીને બાંધવાની સાંકળના ચિહ્નથી અંકિત એનો કાષાય રંગનો રેશમી ધ્વજ ફરફરતો હતો. એના રથ પરનો ધારદાર સોનેરી ઈષાદંડ ધ્વજના ફડફડાટથી સતત ડગમગતો હતો. સર્વ અંગો પર લોહત્રાણ પરિધાન કરેલો કર્ણ રાખમાં ઢંકાયેલા ધગધગતા અંગારા સમો દેખાતો હતો! એની પાસે કવચ-કુંડળ નહોતાં, એનું જીવન શાપદગ્ધ હતું તોપણ તે અંગારા સમો દાહક હતો! ગમે તેટલો નાનો પણ અગ્નિનો તણખો એ તણખો જ હોય છે! હું બરોબર જાણતો હતો કે અત્યારે આ તાજા તાકાતવાન કર્ણ સામે અર્જુનને લાવવામાં શાણપણ નહોતું! આથી જ શિબિરમાં ભરાયેલી રાત્રિબેઠકમાં કર્ણના ભયથી ચિંતાગ્રસ્ત બની વારંવાર 'આ સૂતપુત્ર રાધેયનું શું?' એમ કહેતાં યુધિષ્ઠિરને મેં પટાવી લીધો કે જીવનભરની અવહેલનાથી દાઝેલો, જ્યાંત્યાં માનભંગ થવાથી ભભૂકેલા કર્ણ રૂપી ઝંઝાવાતની સામે અર્જુન જીર્ણ પર્ણકુટી સમો એક ક્ષણમાં કડડભૂસ થઈ જશે! એને રોકવાનું સામર્થ્ય માત્ર એકમાં જ છે! પર્વતકાય ભીમમાં! આથી જ અમે સૌ પ્રથમ ભીમને કર્ણ સામે મોકલવાનો નિર્ણય સર્વાનુમતે લીધો. વચનપ્રિય અમર્ષી કર્ણ કુંતીદેવીને દીધેલા વચનનો ભંગ નહિ કરે! એ ભીમનો વધ કરે તેમ નહોતો! અર્જુન સિવાય કોઈના પર એ પ્રાણઘાતક હુમલો કરે તેમ નહોતો. દાંત કાઢી નાખેલા ભુજંગ અને નખાગ્ર કાઢી નાખેલા સિંહ જેવા હવે એનાં પરાક્રમ હોવાનાં!

ભીષ્મના નેતૃત્વ નીચે થયેલા ઘનઘોર યુદ્ધમાં દ્વૈરથ, દ્વન્દ્વ, સંકુલ અને પથ્થર ફેંકના યુદ્ધમાં પાંડવોના પાંચ લાખ યોદ્ધાઓ નાશ પામ્યા હતા. ભીમ, શ્વેત, સાત્યકિ, અર્જુન, ધૃષ્ટદ્યુમ્ન, યુયુધાન વગેરેએ કૌરવોના દસ લાખ યોદ્ધાઓને યમલોક પહોંચાડી દીધા હતા છતાં કૌરવોની સૈન્ય સંખ્યા ઘણી હતી. કર્ણ અને દ્રોણને આગળ રાખી પંદર લાખનો

મહાસાગર એકસરખો ઊમટી રહ્યો હતો. અમારા નંદીઘોષની પાછળ દસ લાખ સેના ઊભી હતી.

સૂર્યોદય થયો અને એના ખભા જેટલો અને વિવિધ આભૂષણોથી સુશોભિત સુવર્ણમંડિત, નામ પ્રમાણે જ 'વિજય' ધરાવતું પોતાનું ધનુષ્ય રથદલના પ્રમુખ રૂપે કર્ણે ખૂબ ઊંચું કરી ગોળગોળ ફેરવ્યું. પોતાના તેજસ્વી કંઠથી, અશ્વોની લગામ જેવી દેખાતી મોટી મોટી લાલ નસો ફુલાવતાં કર્ણે પોતાનો 'હિરણ્યગર્ભ' નામના શ્વેત શંખને જોરથી ફૂંક્યો! સૌ શંખ કરતાં એના શંખનો નાદ ભારે ગગનભેદી હતો. આંખ સામે દોડતા પોતાના સહસ્ર રશ્મી પિતાને તે શંખનાદ સંભળાવી કહેતો હતો, 'અંધકારને ભસ્મ કરતાં તમારા કિરણશલાકા જેવા મારા અમોઘ નારાચ, સર્પમુખ, સુવર્ણપંખ, સૂચિ, જિહ્મ, બસ્તિક, ગજાસ્થી, ગોમુખ, ચંદ્રપત્તી, ગધૃપત્ર વગેરે વિવિધ બાણ આજે અર્જુનને બાળી નાખશે! મારા રાજ્ધ્વજ પર અંકિત હાથીની સાંકળ નીચે એના રાજ્ધ્વજ પર અંકિત કપિવાનરને હું આજે કચડી નાખીશ!' ફરી ફરી હિરણ્યગર્ભ શંખમાંથી યોદ્ધાઓના રોમાંચ ખડા કરી દે તેવો મર્મભેદક શંખનાદ કરી પોતાના વિશાળ રથદળને આગળ ધપવા સંકેત કરતો હતો! એની નીલી આંખો ક્રોધને લીધે ઘેરી દેખાતી હતી. સાથે સેનાપતિ દ્રોણ છે એ ભૂલી જઈ કર્ણને અનુસરતા મહારથીઓ 'અંગરાજ કર્ણનો જય હો! જય હો! જય હો!' દ્વારા એમના નામની જયઘોષણા કરવા લાગ્યા. વડવાનળથી ઘેરાયેલા નિષધ પર્વત જેવા દેખાતા પ્રથમ પાંડવપુત્રને જોતાં સૂર્ય જ બીજું રૂપ ધારણ કરીને શ્વેત અશ્વોના વેગવાન રથ પર સવાર થયા છે કે શું એવો ભાસ પ્રત્યેક પાંડવ યોદ્ધા સહિત મને પણ થયો! પૂર્ણિમાને દિવસે ગરજતા મહાસાગરની જેમ કર્ણ વારંવાર પોતાનું વિજય ધનુષ્ય ઊંચું કરીને ગરજતો હતો. નદીના પ્રવાહમાં પ્રવેશતો મગર સરરર કરતો પાણી કાપતો આગળ દોડે તેમ ક્ષણ વારમાં એ પાંડવસેનામાં બાણની જેમ ઘૂસ્યો! એની ક્રોધિત આંખો અર્જુનના રથ પરના ધ્વજનો વેધ સતત લેતી હતી! પણ... પણ અર્જુનને ઘેરીને ભીમ જ વારંવાર એની સામે જવા લાગ્યો! મેં કુશળતાથી અર્જુનના નંદીઘોષને કર્ણ પાસેથી વાળીને દ્રોણ સામે લાવીને મૂક્યો!

માત્ર એક રથમાં બેસીને ચારેબાજુ ફરી દિગ્વિજયમાં સમગ્ર આર્યાવર્ત પાદાક્રાંત કરનાર, દાન, સાધના, ધૈર્ય, પવિત્રતા વગેરેથી તપેલા લોઢા જેવો દેખાતો પહેલો કૌંતેય અને બકાસુર, હિડિંબ, જરાસંધ જેવી વિશાળકાય વ્યક્તિનો વધ કરનાર બળવાન ભીમ એકમેકની સામે આવી ઊભા રહ્યા! બંને મદોન્મત્ત હાથી જેવા એકબીજા પર તૂટી પડે એ પહેલાં એક ક્ષણ થોભી જઈ પરસ્પરનો વેધ લેવા લાગ્યા. બીજી જ ક્ષણે ચિત્તને ધ્રુજાવતો રોમાંચક સંઘર્ષ શરૂ થયો. બાણ સાથે બાણ ટકરાયાં! ક્રોધી સાપની જેમ ઉષ્ણ નિઃશ્વાસ કાઢતો બાણ ફેંકી એણે એક પળમાં આખું આકાશ ઢાંકી દીધું. મૃગનક્ષત્રમાં વર્ષાની સતત હેલી ચડે તેમ કર્ણના ધનુષ્યમાંથી બાણની હેલી ચડી અને ભીમની સેનામાં લડી રહેલા વિરાટ, મત્સ્ય અને પાંચાલોને ત્રાહિમામ્ કરી દીધા. મધ્યાહ્નનો સૂર્ય રણભૂમિની રેતીના કણકણને બાળીઝાળી નાખે તેમ એના અગ્નિદાહક બાણ પાંડવસૈન્યને દઝાડી રહ્યાં હતાં. એનાં બાણથી ઘેરાયેલો ભીમ એટલો અકળાઈ ગયો કે એણે હાથમાંનું ધનુષ્ય ફેંકી દઈ પોતાના લોહીના એક એક બુંદને ઉત્તેજિત કરવા મૈરયક દારૂના ઘડાના ઘડા પેટમાં

ઉતારવા લાગ્યો! ચારેબાજુ ગુંજા જેવી લાલચોળ આંખો ઘુમાવતો તે આવેશથી કર્ણ પર એવો તૂટી પડ્યો કે સતત આઠ વાર તાણેલી એના 'વિજય' ધનુષ્યની વજનદાર પ્રત્યંચાને તડડડ કરતી એણે તોડી નાખી. પાંચ વાર એનો રથ ઉખેડી નાખી એને વિરથ બનાવ્યો. સારથિ સત્યસેનને ઘાયલ કર્યો. સત્યસેન રથનીડ પરથી ઢળી પડતાં જ કર્ણે હાથમાંથી ધનુષ્ય ફેંકી દીધું. સત્યસેનનું થરથરતું મસ્તક ખોળામાં લઈ એની સંભાળ લેવા લાગ્યો. 'સત્યસેન, સત્યસેન' કહીને એની મૂર્ચ્છા દૂર કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એટલામાં ક્રોધી ભીમ પોતાના રથમાંથી કૂદકો મારી સીધો દોડ્યો અને એના રથનો ભાંગીને ભુક્કો કરી નાખ્યો. સત્યસેન ઢળી પડ્યો હતો છતાં એ અતિશય સૌમ્યતાથી લડતો હતો! કેમકે માતાને દીધેલું વચન કર્ણને પાળવું હતું! ભીમના આક્રમણને ફક્ત રોકતો હતો! પણ મૈરયક દારૂ પીને મત્ત બનેલો ભીમ સમુદ્રી પવનના જેવો ઝંઝાવાતી હતો. આથી કર્ણે પોતાની આંખો ક્રોધથી લાલ કરી! વૈશાખના ધોમધખતા તાપની જેમ અડફટે આવનારને બાળતો કર્ણ ભીમ પર એવો તૂટી પડ્યો કે એક ક્ષણમાં ગંગાનો વિશાળ પટ ધુમ્મસથી છવાઈ જાય એમ કર્ણે પોતાનાં અમોઘ બાણની સતત વર્ષાથી વિશાળકાય ભીમને આચ્છાદિત કરી દીધો! શરીરમાં ઠેરઠેર મર્મભેદી બાણોથી વીંધાયેલો ભીમ, ઘટાદાર શાલ વૃક્ષ પવનના તોફાનમાં ઊખડીને તૂટી પડે તેમ એ રથમાંથી ધડામ દઈને ઢળી પડ્યો! ધરતી ધ્રૂજી ઊઠી! વાયુપુત્ર ભીમને મૂર્ચ્છા આવી ગઈ! સૂર્ત: વખતે પણ ધરતીને કદી પીઠ ન દેખાડનારો અજેય ભીમ ધરાશાયી થઈ ગયો હતો!

આંખમાં વિજયાનંદના ચમકારા દર્શાવતો કર્ણ રથમાંથી કૂદી વાયુવેગે એના મૂર્ચ્છિત દેહ તરફ ધસ્યો! એને રોકવાની કોઈનામાં તાકાત નહોતી!

થોડી વારે શુદ્ધિમાં આવતાં લાલચોળ આંખો પટપટાવતો ભીમ ઊઠવા ગયો ત્યાં એના કંઠની આસપાસ પોતાના વિખ્યાત ધનુષ્યની પ્રત્યંચાનો ફાંસો લગાવી, એના ખભા હલબલાવી, 'સૂતપુત્ર' કહી અખાડામાં સૌ પ્રથમ અપમાનિત કરનાર ભીમની હાંસી ઉડાવતાં સૂર્યપુત્ર ખૂબ મોટેથી બોલ્યો, 'અરે! ભુખાળવા, હાથમાં ચાબુક લઈ આજ તારી ઉન્મત્ત પીઠની ખાલ ઊતરે ત્યાં સુધી ખરેરો કરું? જા, મારી આંખથી અદીઠ થા! ચાલ્યો જા! પાકગૃહમાં જઈ તારી લબલબ થતી લૂલીને પકવાન ખવરાવી શાંત કર! ફરી કર્ણની સામે આવવાનું સાહસ કદી કરતો નહિ! જા! ચાલ્યો જા!'

લજ્જિત ભીમ નત મસ્તકે એ વિખ્યાત દાનવીર પાસેથી જીવતદાન લઈ પાછો ફર્યો! આજે પહેલી વાર ભીમનો ગર્વ હણાયો હતો!

ભીમે વધ કરેલા દુર્યોધનના ભાઈઓ દુર્મુખ, દુર્જય, વિકર્ણ વગેરેના શબો કૌરવોએ જેમતેમ કરીને છૂટાં પાડી બહાર લીધાં! વિકર્ણને મારતી વખતે ભીમની આંખ સામે દ્યુત પછીનો વસ્ત્રહરણનો પ્રસંગ ખડો થઈ ગયો. રથ નીચેથી ઊતરી એણે મુગટ ઉતારી વિકર્ણના મૃતદેહને પ્રણામ કર્યાં. કર્ણના વિરાટ પરાક્રમથી ત્રસ્ત થયેલા યુધિષ્ઠિર સ્પષ્ટપણે યુદ્ધ સમાપ્તિની ભાષા બોલતા હતા. ભીમનો અહંભાવ હણી લઈ અગિયારમો દિવસ આથમ્યો હતો. શિબિરમાં માત્ર યુધિષ્ઠિરને જંપ નહોતો! બારમા દિવસે સૈન્યરચનામાં કુશળ એવા રાજનિષ્ઠ દ્રોણે શંખ આકારની રચના કરી. પહેલા પ્રહર સુધી ચેકિતાન, દઢસેન, પુરુજિત,

યુગંધર, ધ્વજકેતુ, વીરકેતુ, વૃક, શંખ, મણિમાન, સુચિત્ર, અંશુમત્ અને વિખ્યાત દ્રુપદ રાજાને મૃત્યુને શરણે કર્યા! પણ શિષ્ય પ્રત્યેના પ્રેમને કારણે માત્ર અર્જુન સાથે તેઓ સૌમ્ય યુદ્ધ ખેલતા હતા. એમની નિષ્ઠા ડગમગતી હતી! અંતે પ્રેમ દુર્બળતાની નિશાની છે!

અચલ, ઉગ્રમન્યુ, દીર્ઘાયુ, વષ્ટ, સૌશ્રુતિને વિખ્યાત રથી અર્જુને ધમરોળી નાખ્યા. સાત્યકિએ અશ્વત્થામા, દુ:શાસન અને શકુનિને ત્રાહિમામ્ કરી દીધા. બબ્બે પથ્થરો એકબીજા સાથે ટકરાય ત્યારે એના પર ચાલતી અસંખ્ય કીડીઓની હારમાળ કચડાઈને મરી જાય તેમ પ્રત્યેક પથકમાં કેટકેટલા સૈનિકો નાશ પામ્યા તેની ગણતરી કરવી મુશ્કેલ હતી! યુદ્ધભૂમિ પર તૂટેલાં હાથ, પગ, સૂંઢ અને મુગટધારી મસ્તકના ઢગના ઢગ ખડકાયાં હતાં.

ક્રોધિત સિંહની જેમ ભડકેલો કર્ણ ચતુરંગદળમાં અર્જુનનો પીછો પકડવા મુકપણે ઘૂમી રહ્યો હતો પણ અર્જુનની લગામ મારા હાથમાં હતી! કર્ણના રથ પરના રાજધ્વજને નજર સામે રાખીને જ હું શક્ય એટલો અર્જુનના રથને અવળી દિશામાં લઈ જતો હતો! એનાં વણથંભ્યાં પરાક્રમો કેટલાં કાળઝાળ હતાં એ તો એણે ભીમને આપેલા જીવતદાન પરથી ગમે તેને સમજાઈ જાય તેમ હતું! અર્જુન કેમ દેખાતો નથી? એથી વધુ ભભૂકેલો કર્ણ યુધિષ્ઠિર, નકુળ અને સહદેવનો વારંવાર પીછો કરી એમને વિરથ કરી, એમના ગળે પોતાનું ધનુષ્ય અટકાવી ગુસ્સાભરી આંખે અગ્નિ વરસાવતો એમને ત્રાસ આપીને પૂછતો હતો, 'કહો, મારા સુદામન અને શોણને ડંસ મારનારો નીલો સાપ ક્યાં છે?' આ વિરથ પાંડવો ચૂપચાપ પરાજયનાં શલ્ય પચાવી એક પળ પણ ત્યાં થોભ્યા વગર લજ્જિત મુખે સીધા દોડી ગયા! પંથકના પંથક સુધી લણણી ટાણે ઊભા મોલને ખેડૂત લણી લે તેમ રાજમાતાના વચનથી બંધાયેલો સૂર્યપુત્ર વિવશ બનીને ઉષ્ણ નિ:શ્વાસ કાઢતો પાંચાલ, વિરાટ, મત્સ્ય રાક્ષસોનો સંહાર કરતો ચારેબાજુ મન ફાવે તેમ વીજળીની જેમ ચમકતો હતો. એક વાર યુધિષ્ઠિરને મૂર્ચ્છિત કરી એના રથને ઉખેડી નાખી દૂર ફેંકી દીધો! સૈનિક-યોદ્ધાઓ એને સમરાંગણની બહાર લાવી શુદ્ધિમાં લાવ્યા. કર્ણ આજે સાંઠ વર્ષથી ધગધગી રહેલા જ્વાળામુખીનો પ્રલયકારી વિસ્ફોટ હતો! ગર્જના કરતો પ્રભંજન ત્યાં હતો! એની સામે કોઈ ટકી શકે તેમ નહોતું. આમ બારમો દિવસ પૂરો થયો! પ્રત્યેક દિવસે યુદ્ધભૂમિ પર શબોનો એટલો મોટો ઢંગ થતો હતો કે રોજ સમરાંગણ બદલવું પડતું હતું!

હજી એક પણ પાંડવ યુદ્ધમાં મરાયો નહોતો. એ જોઈ તે દિવસની રાત્રે સંબંધોની લાજશરમ રાખ્યા વગર દુર્યોધન સેનાપતિ દ્રોણ પર કઠોર શબ્દોમાં તૂટી પડ્યો, 'બાર દિવસમાં બાર લાખ સેના ઓછી થઈ ગઈ છતાં હજી એક પણ પાંડવ મરાયો નથી! મારા ચોવીસ ભાઈઓને ભીમે મારી નાખ્યા તોપણ એક પણ પાંડવ નાશ પામ્યો નથી! આ તે યુદ્ધ છે કે દિગ્વિજય! કે સેનાએ આનંદમાં આવી જઈ માંડેલું ભોજન? ગુરુ દ્રોણ, પાંડવોને મારવા તમારું ધનુષ્ય અસમર્થ હોય તો તમારા રાજરથ પરનો રાજધ્વજ કર્ણના હાથમાં સોંપી દો!' એનો પ્રત્યેક શબ્દ દ્રોણના હૃદયને આઘાત આપતો હતો! જેમણે પોતાની શસ્ત્રવિદ્યા દિવસરાત કષ્ટો વેઠીને કૌરવ-પાંડવોને નિષ્ઠાપૂર્વક શીખવી હતી. એ શિષ્યગણો પૈકી કોઈએ એમની ભાવનાને આટલો ધક્કો પહોંચાડ્યો નહોતો! એમને પોતાનો અંગૂઠો કાપીને દેનાર, કેડે વન્ય વલ્કલ બાંધનાર, નિષદ પર્વતની ગીચ ઝાડીમાં

વનવન ફરનાર, શ્યામ દેહધારી પણ શ્વેતશુદ્ધ હૃદય ધરાવનાર એકલવ્યને ક્રૂર કાળે ગુરુ દ્રોણનો એકમેવ નિષ્ઠાવાન શિષ્ય તરીકે પ્રમાણિત કર્યો હતો! સામાજિક રૂઢિઓ કરતાં ત્યાગ અને નિષ્ઠા હંમેશાં શ્રેષ્ઠ હોય છે.

સૌને પ્રેમથી પોતાના વિશાળ ભાથામાં સમાવી ગુરુ દ્રોણ અડગપણે ઊભા રહ્યા. શ્વેત દાઢી સહેજ કાંપી ઊઠી!

'મારાં પરાક્રમ અંગે શંકા ધરાવનાર દુર્યોધનને કાલે જ હું બતાવી આપીશ કે ગમે તે એક શ્રેષ્ઠ પાંડવનું કલેવર ચક્રવ્યૂહમાં પાડ્યા સિવાય કાલનો સૂર્ય આથમશે નહિ!' એમ કહીને તેઓ તત્ક્ષણ બેઠક છોડી ચાલ્યા ગયા.

ત્રણ

અમારા ગુપ્તદૂતે આવીને સામા પક્ષની બેઠકમાંનાં તમામ સમાચાર અમને જણાવ્યાં. અર્જુન સહિત સૌ ચિંતાતુર થઈ ગયા. ચક્રવ્યૂહ! સૌથી કઠીન સૈન્યરચના! આવતી કાલનું સેનાપતિપદ કોને દઈએ? કોણ ભેદશે ચક્રવ્યૂહ? ચિંતાતુર પાંડવોની સૂચનાને હું ચૂપચાપ સાંભળતો હતો! સૌ ભીમને જ આગળ કરવાની યોજના વિચારતા હતા. ગમે તેટલો પરાક્રમી હોય તોપણ ભીમ ચક્રવ્યૂહને ભેદી શકે તેમ નહોતો! મેં એક સેવકને મોકલી અભિમન્યુને બોલાવી લીધો! બેઠકની શિબિરમાં પ્રવેશતાં મેં એને કહ્યું, 'અભિ... હંમેશની જેમ અભિમન્યુ નહિ પણ 'અભિ' કહેતાં જ અર્જુનપુત્ર મારો કહેવાનો મર્મ તરત સમજી ગયો! એના અણિયાળા નાક નીચેના દીર્ઘ હોઠની પાછળ ઉલ્કા જેવા ધવલ દાંત ચમક્યા! તરત નજીક આવી વિનમ્રતાથી મને પ્રણામ કરી એ સંયત સ્વરે બોલ્યો,

'આજ્ઞા મામા...'

એની વિનમ્રતા અને સમજદારી જોઈ યાદવનાં અને પાંડવનાં લોહીનો એક માત્ર નિશાની રૂપ હજી એક વર્ષ પહેલાં જ પરણેલા આ સોળ-સત્તર વર્ષના જુવાનને કાલે ચક્રવ્યૂહમાં મોકલવો પડશે એ વિચારથી એક ક્ષણ હું પણ ભ્રમણામાં પડી ગયો! મારી વાચા હણાઈ ગઈ.

સૌને ચૂપચાપ બેઠેલા જોઈ એ જ બોલ્યો, 'આપ સૌ આમ ચૂપ કેમ બેઠા છો? ચિંતાતુર કેમ છો?'

'કાલે ગુરુ દ્રોણ ચક્રવ્યૂહની કઠિન સૈન્યરચના ગોઠવવાના છે! એ ભેદવાનું કાર્ય...' હું એને ચોખ્ખેચોખ્ખું કહી શકતો નહોતો! એની ગર્ભવતી-પત્ની ઉત્તરાનું નિર્દોષ મુખ આંખ સામે આવીને ઊભું રહ્યું.

'એ કાર્ય મને સોંપશો તો હું એને મારું સૌભાગ્ય સમજીશ! આપ સૌના આશીર્વાદ હશે તો હું એ આનંદથી સ્વીકારીશ!' સૌને શ્રદ્ધાથી અભિવાદન કરી જ્યેષ્ઠ અને વડીલોની વચમાં ન બેસાય એ સંસ્કારીતાનું જ્ઞાન હોવાથી એ સુભદ્રાપુત્ર યમુનાનદીએ પાછા ફરેલા અશ્વોની જેમ શાંત ચાલે શિબિરમાંથી બહાર નીકળી ગયો! સૌ અકળાઈ ગયા. યુદ્ધભૂમિ પર એના જેવડો કુમળી વયનો એક પણ યોદ્ધો નહોતો! વદ ચતુર્શીનો દિવસ ઊગ્યો! યુદ્ધનો એ તેરમો દિવસ હતો! ઊગતા પહોરના પહેલા પ્રહરમાં જ સૈનિકોને શિબિરમાંથી બહાર કાઢી શુક્રના ધૂંધળા પ્રકાશમાં ગુરુ દ્રોણે ચક્રવ્યૂહની રચના માંડી હતી! સૌથી

આગળ તેઓ સ્વયં ઊભા હતા. ગુફાના દ્વારે ઊભેલા સિંહ સમા!

અસ્સલ અર્જુન જેવા દેખાતા અભિમન્યુએ પાંડવસેનાનું નેતૃત્વ સંભાળવા શંખ ફૂંક્યો. ભીમે, નકુળ, સહદેવ, યુયુધાન એનું સંરક્ષણ કરવા સાથે રહ્યા. કાંદાના એક પછી એક પડ ઉખેડીએ તેમ સેનાની એક પછી એક હાર ઓળંગતો અભિમન્યુ સીધો કૌરવસેનામાં દાખલ થયો. દ્રોણ, શકુનિ, દુઃશાસન, જયદ્રથ, કૃતવર્મા, કૃપ, અશ્વત્થામા, દુર્યોધન સૌને ઘાયલ કરતો તે ચક્રવ્યૂહના એક પછી એક કોઠા ભેદતો, દરમાં સાપ ઘૂસે તેમ કૌરવસેનામાં ઘૂસ્યો! સતત એની પાછળ રહેતાં ભીમ અને એના વચ્ચે ખાસ્સું અંતર પડી ગયું હતું! પણ હૃષ્ટપુષ્ટ બાહુવાળો અભિમન્યુ આગળપાછળ જોયા વગર ચક્રવ્યૂહની મધ્યમાં બાણની જેમ પહોંચી ગયો! હજારો રથી, ગજાતી, ઘોડેસવારોને મોતને ઘાટ ઉતારી તેણે એકલાએ જ સાત કોઠા ભેદ્યા અને મધ્યવર્તી આઠમા કોઠામાં પ્રવેશ્યો! એની આજુબાજુ કેવળ લાખોની કૌરવસેના હતી! છતાં એકલે હાથે લડતાં લડતાં તેણે શત્રુંજય, તક્ષક, સત્યશ્રવસ, ચંદ્રકેતુ, જયત્સેન અને મેઘવેગ જેવા અતિરથીઓને ધરણી પર ધડાધડ ઢાળી દીધા. સાંજ પડવા આવી પણ અભિમન્યુ સહેજે હટતો નથી એ જોઈ બાર દિવસમાં ક્યારેય નહોતી લાગી એવી ઘોર કાલિમા યુદ્ધને લાગી! કેન્દ્રસ્થાનમાં એકલા પડી ગયેલા સુભદ્રાપુત્ર પર દ્રોણ, કૃપ, કૃતવર્મા, અશ્વત્થામા, બૃહદ્બલ અને કર્ણ – છ મહારથીઓ એકસાથે તૂટી પડ્યા! એમાં કર્ણ પણ હતો! જિંદગી આખીની ભ્રમણા એને ગમે ત્યાં ખેંચી જાય તેમ હતી! અભિમન્યુ કોઈને શરણે ગયો નહિ. છેવટે દુર્યોધનપુત્ર લક્ષ્મણ અને અભિમન્યુ વચ્ચે ઘનઘોર ગદાયુદ્ધ ચક્રવ્યૂહના મધ્યસ્થાન પર થયું! એકમેક પર એકસાથે મર્મભેદી પ્રહાર કરી બંને મૂર્ચ્છા પામ્યા. પહેલાં લક્ષ્મણ શુદ્ધિમાં આવ્યો. એણે સહેજ પણ વિચાર કર્યા વગર પોતાની ગદાથી મર્મભેદી ઘાતકી પ્રહાર મૂર્ચ્છિત અભિમન્યુના માથા પર કર્યો! લાલ રંગના કમળ જેવું દેખાતું એનું મુખ ચગદાઈ ગયું! મૃત્યુ પહેલાં ચેતનાનો એક અસ્ફુટ તારસ્વર એના મોંમાંથી નીકળ્યો, 'કા...કા ભીમ કા...કા...!' એ સાંભળતાં જ સૌનાં પથ્થરહૃદય પણ પીગળી ગયાં પણ એકલો જયદ્રથ દૈત્યની જેમ આવ્યો. તે ખરેખર મૃત્યુ પામ્યો છે કે નહિ તેની ખાતરી કરવા ધરતી પર મુખ રાખીને ઢળી પડેલા અભિમન્યુના નિશ્ચેત દેહને ઊંધો પાડવા એણે ઉન્મત્તપણે એના શબને લાત મારી હડસેલ્યું! લક્ષ્મણની ગદાના ભારે પ્રહારથી ધરતીમાં ખૂંપી ગયેલું એનું પોણા ભાગનું ચગદાઈ ગયેલું મુખ એમ જ ધરતીમાં પડી રહ્યું! ફક્ત ધડ અવળું થઈ ગયું હતું. એ પરાક્રમી અર્જુનપુત્રના તેજસ્વી મુખકમળ પર એક પણ ક્રૂર કૌરવ યોદ્ધાની છાયા ન પડે એ માટે જ કદાચ ઉદારમના ધરતીએ એને પોતાની ગોદમાં છુપાવી દીધું હતું! ચક્રવ્યૂહના બરાબર મધ્યસ્થાને એનું વિછિન્ન ક્લેવર એમ જ પડ્યું હતું!

જયદ્રથની ક્રૂરતાનાં ઘાતકી સમાચાર અર્જુનને મળતાં જ એણે પોતાની વિશાળ આંખોને પહોળી કરી ધનુષ્ય હાથમાં લઈ ઘોર પ્રતિજ્ઞા લીધી, 'મારા પ્રિય પુત્રના દેહને લાતથી હડસેલનાર સંસ્કારહીન જયદ્રથનો કાલે સૂર્યાસ્ત પહેલાં જ વધ કરીશ. નહિતર સ્વયં અગ્નિપ્રવેશ કરી મારું પિતૃછત્ર સ્વર્ગમાં અભિમન્યુ પર ધરીશ!'

અભિમન્યુના શબની આસપાસ રડતાં રડતાં પ્રદક્ષિણા કરતાં અર્જુનને જોઈ તેરમો દિવસ પશ્ચિમી રંગમહેલ તરફ ઘોડાની લગામ ખેંચતો વીતી ગયો! આ તેર દિવસમાં

કુરુક્ષેત્રના તેર વિશાળ પટાંગણ સમરભૂમિ બન્યાં હતાં! શબોના ડુંગર થયા હતા.

રાત્રે શિબિરમાં મેં ફક્ત એક રાજ્યજ્યોતિષીને બોલાવ્યો. એ ભૂર્જપત્ર પર આંકડા માંડી, આંગળી મૂકી ગણિત માંડવા લાગ્યો. છેક મધરાતે તેણે આંખ ઊંચી કરી. કાન પર ઢાંકેલી કાનટોપી સરખી કરતાં તેણે કહ્યું, 'યાદવરાજ, છે! કાલે અમાસનું ખગ્રાસ સૂર્યગ્રહણ છે! ત્રીજા પ્રહર પછી!' મેં મારા ગળામાંથી મોતીની માળા કાઢી એના અંગ પર ફેંકી અને એને હસ્તિનાપુર પાછા જવાની આજ્ઞા કરી! ગાઢ અંધકારમાં તે અદશ્ય થઈ ગયો.

યુદ્ધનો ચૌદમો દિવસ ઊગ્યો! ત્રીજા પ્રહર સુધી અર્જુનના નંદીઘોષને હું કુરુના પ્રત્યેક પથકમાં ફેરવી આવ્યો પણ જયદ્રથ ક્યાંય દેખાતો જ નહોતો! હજારો યોદ્ધાના રક્ષણ હેઠળ એક મજબૂત શિબિરમાં છુપાઈને તે બેઠો હતો. જયદ્રથ ન મળવાથી રોષે ભરાયેલો અર્જુન નિયુતાયુ, મિત્રદેવ, દંડધાર વગેરેને ધમરોળતો એક પછી એક પથકનો નાશ કરતો, 'જયદ્રથ ક્યાં છે? જયદ્રથ ક્યાં છે?' એમ બરાડા પાડતો વીજળીની જેમ ચમકતો હતો. યુદ્ધમગ્ન સૈનિકોને ખબર પણ ન પડી કે હજી ત્રીજો પ્રહર પૂરો નથી થયો અને આકાશમાં અંધારું કેમ છવાઈ ગયું?

થોડી વારમાં સૂર્ય સંપૂર્ણ ઢંકાઈ ગયો. ચારેબાજુ અંધારું વ્યાપી ગયું. કલકલ કરતાં પક્ષીઓનાં ટોળાં માળામાં પાછાં ફરવા લાગ્યાં. તમરાં ત્રમત્રમ કરવાં લાગ્યા. કુરુક્ષેત્રની આસપાસ સેંકડો મશાલો સળગી ઊઠી! સૌને થયું કે દિવસ ઢળી ગયો!

પ્રતિજ્ઞાભંગ થયેલા અર્જુનની ચિતા રચવામાં આવી. સૌને સ્પષ્ટ દેખાય એ રીતે કૌરવો અને પાંડવોની શિબિરની બરાબર મધ્યમાં ખુલ્લી વિશાળ જગ્યા પસંદ કરવામાં આવી! ભ્રાંતચિત્ત, લજ્જિત અર્જુને મને, યુધિષ્ઠિરને, ભીમને અને પોતાની વૃદ્ધમાતાને સજળ નેત્રે પ્રણામ કર્યાં અને આજે પોતાની સાથે પોતાનાં ગાંડીવ ધનુષ્યનાં પરાક્રમ પણ અહીં પૂરાં થયાં એમ વિચારી ભાથા સાથે શરીર પર ધનુષ્ય ચડાવી આઠ હાથ ઊંચી ભવ્ય ચિતા પર અપમાનિત અર્જુન નતમસ્તકે અગ્નિપ્રવેશ માટે ચડ્યો! હાથ જોડી એણે આંખો મીંચી, 'ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુઃ... ૐ...' ગાયત્રીનો ધૈર્યપૂર્ણ મંત્ર ઉચ્ચારતો તે મૃત્યુની સન્મુખ આવ્યો! એક સેવકે ધ્રૂજતા હાથે મશાલની જ્યોત પેટાવી. આજુબાજુ જયદ્રથને જોવા હું નજર ફેરવતો હતો. સાડીનો છેડો સ્ત્રી મોંમાં લે તેમ ઉત્તરીયના છેડાથી મોં ઢાંકી એ દુર્યોધનની પાછળ આવી અર્જુનનો અગ્નિપ્રવેશ જોઈ પોતાની ક્રૂર આંખોને શાંત કરી રહ્યો હતો.

અચાનક સૂર્યગ્રહણનો વેધ છૂટ્યો! ઘડો ફૂટતાં પાણીની સેર બહાર પડે તેમ એક એક કિરણોની સેર ફૂટવા લાગી! મશાલને જોઈ હસતાં સૂર્યદેવ આવીને પશ્ચિમ ક્ષિતિજે ઊભા રહ્યા! પક્ષીઓ કલરવ કરતાં ફરી માળા છોડી બહાર નીકળ્યાં! તમરાં શાંત થઈ ગયાં!

'પાર્થ, આમ જો સૂર્ય અને પેલી બાજુ જયદ્રથ! મેં સૂર્ય અને જયદ્રથ તરફ આંગળી કરી અને જ્યાં એ છુપાયો હતો એ જગ્યા બતાવી. મારી આંગળીના અગ્રભાગને ખ્યાલમાં રાખી અવાજની દિશામાં લક્ષ્યવેધ કરવામાં કુશળ અર્જુને હાથમાં ગાંડીવ ધનુષ્ય ઊંચકી જિહ્મ બાણ તત્ક્ષણ એવી રીતે ફેંક્યું કે એ સીધું સર્પગતિએ જયદ્રથના કંઠમાં પેસ્યું! શું બન્યું, કેમ બન્યું એ અર્જુનને પણ સમજાયું નહિ!

અર્જુન માટે તૈયાર કરેલી ચિતા પર જયદ્રથનો દેહ બળતો જોઈ ચૌદમો દિવસ સૂર્યગ્રહણને અંગૂઠો બતાવી અસ્ત પામ્યો! હવે યુદ્ધમાં શું બનશે એ કોઈ કહી શકે તેમ નહોતું!

સંતપ્ત દુર્યોધને પોતાની શિબિરમાં તત્કાળ તમામ સેનાનાયકોની સભા બોલાવી! ઘડી પહેલાં બની ગયેલી હૃદયવિદારક નાટ્યાત્મક ઘટનાથી સૌ ક્રોધે ભરાયા હતા! એમની બેઠકમાં આવો અભૂતપૂર્વ બળવો અને ઉદ્વેગ પહેલી વાર ઊભો થયો હતો! પાંડવોની દૃષ્ટિએ હું જે ઇચ્છતો હતો તેમ જ બની રહ્યું હતું.

અર્જુનથી વધ થયેલા અને એથી પોતાની બહેનનું સૌભાગ્ય નંદવાઈ જતાં અત્યંત વિહ્વળ બનેલા દુર્યોધનને સાંત્વન આપવા કર્ણે કહ્યું, 'રાજા કાર્તિકેયે ઇન્દ્રને અપાવ્યો હતો એવો વિજય હું તને અપાવીશ. ઇન્દ્રે દીધેલી અમોઘ વૈજયંતી શક્તિ અર્જુન પર વાપરી પાંડવોની શક્તિનું હું નિકંદન કાઢી નાખીશ!'

કૃપાચાર્યને કર્ણની આ કલ્પના હાસ્યાસ્પદ લાગી. એકદમ ઊભા થઈને તેઓ બોલ્યા, 'સૂતપુત્ર, તારો આખો જન્મારો કેવળ ગગનભેદી પ્રતિજ્ઞા લેવામાં જ પસાર થઈ ગયો છે! એમાંથી એક પણ પ્રતિજ્ઞા તું પૂરી કરી શક્યો છે? ચિત્રસેન ગંધર્વ સાથેના યુદ્ધમાં, વિરાટનગરમાં ગોહરણના યુદ્ધમાં, ભીમ સાથે દ્વિરથ યુદ્ધમાં તું હંમેશ પલાયન જ થઈ ગયો હતો! પલાયન એ જ તારો આજીવન ધર્મ છે! કિરાત રૂપધારી શંકરને જીતનારા, અસીમ સામર્થ્યવાન અને શ્રીકૃષ્ણ જેવાનું પીઠબળ ધરાવનાર અર્જુનને જીતવાનું કોઈનામાં ગજું નથી!'

કૃપાચાર્યના આઘાતજનક શબ્દો સાંભળી ભરીસભામાં તલવાર લઈ કર્ણ એમના પર ધસ્યો. 'ડગલે ને પગલે મારું ઘોર અપમાન કરનાર વિપ્ર, આજ તારી નિરંકુશ જીભ ખેંચી કાઢીશ!' અને તલવાર સીધી એમના ગળે અડાડી. દુર્યોધને એને વાર્યો; પરંતુ આ ઘટનાએ એક અઘટિત એવી હકીકતને સાકાર કરી. પોતાના મામાનું – કૃપાચાર્યનું ભરી સભામાં અપમાન સ્વમાની અશ્વત્થામા કેમ સહન કરે? એણે પણ તલવાર ઉગામી! કર્ણ પર!! પોતાના પ્રિય મિત્ર પર! 'મારા મામાનું ઘોર અપમાન કરનાર બડાઈખોર કર્ણ, અર્જુનની પહેલાં તારું ધડ જ કાપી નાખવું જોઈએ.' કહેતો અશ્વત્થામા સીધો કર્ણ પર ત્રાટક્યો! હંમેશાં મન, બુદ્ધિ, આત્મા જીવનનાં ગહન તત્ત્વો પર ચર્ચા કરનારા તેઓ પ્રિય મિત્રો હતા એ વાત સભામાં ઉપસ્થિત યોદ્ધામાંથી કોઈને માન્યામાં આવતી નહોતી! સત્ય ક્યારેક કલ્પનાથીય વધુ ભયાનક હોય છે! દુર્યોધને કુશળતાપૂર્વક અશ્વત્થામાને શાંત પાડ્યો પણ શાંત માણસ ખળભળી ઊઠે ત્યારે એનો ક્રોધ સીમા ઓળંગી જાય છે!

'આ સૂતપુત્રનું મોઢું મારે ફરી જોવું નથી!' એવા દૃઢ નિર્ણય સાથે ગુરુપુત્ર અશ્વત્થામા તત્કાળ ઊઠીને શિબિરની બહાર ચાલ્યો ગયો! મહાનદીના તટ પરનું મંદિર ઉજ્જડ થઈ ગયું! હૃદયથી ચાહનાર અશ્વત્થામાએ આજે અજ્ઞાનવશ સૂતપુત્ર કહીને કર્ણનું અપમાન કર્યું હતું! એથી અત્યંત દુ:ખી થયેલો કર્ણ નીચું જોઈ ગયો!

જયદ્રથના આકસ્મિક વધથી દ્રોણ, કૃપ, કર્ણ, અશ્વત્થામા સૌ ખળભળી ઊઠ્યા હતા. તે રાતે અભૂતપૂર્વ યુદ્ધ શરૂ થયું! સેંકડો સળગતી મશાલના ટમટમતાં પ્રકાશમાં ગુરુ દ્રોણ શિબિરાજા તરફ ધસ્યા. સોમદત્ત સાત્યકિ પર ધસ્યો. ફરી ભયાનક સંગ્રામ શરૂ થયો.

રાતને સમયે ઊંચા પર્વત પરનાં વાંસનાં વૃક્ષો પર આગ લાગતાં તડાતડ વાંસ તૂટવા લાગે તેમ ગરજતાં શસ્ત્રોનાં ખણખણાટે દૃષદ્વતીના પટને ભયભીત કરી મૂક્યો. શિબિ અને બાલ્હિકને મારી નાખી ગુરુ દ્રોણે પાંડવ સેનાની ધૂળધાણી કરી નાખી. પાંચે પાંડવોને એકસાથે ચારેબાજુથી ઘેરી લઈને કર્ણે પોતાનાં બાણોથી વીંધી નાખ્યાં. એણે યુધિષ્ઠિરને પીટી નાખ્યો. પરાજિત યુધિષ્ઠિર ત્યાંથી ખસીને દ્રોણ સામે ઊભો રહ્યો! નકુલ શકુનિની સામે ધસ્યો. પહેલી વાર અર્જુન-કર્ણ સામસામા આવ્યા! પણ રાત્રિયુદ્ધથી ટેવાયેલો કર્ણ અર્જુનને વારંવાર મહાત કરી રહ્યો હતો. લાલચોળ લોહરસના એક મહાનદ સમો કર્ણ પાંડવસૈન્યમાં મનફાવે તેમ ફરવા લાગ્યો! હવે એને માટે બધાં દ્વાર ખુલ્લાં હતાં! કેકય, પાંચાલ, મહારથની એક એક સેનાને તોડીફોડી વાયુજિત એના નામ પ્રમાણે સ્વૈરપણે વિહાર કરવા લાગ્યો. ગર્જના કરતો ક્રોધી સિંહ મૃગનાં ટોળાનાં ટોળાં ખેદાનમેદાન કરી નાખે એમ અતિશય શક્તિશાળી કર્ણ પાંડવસેનાના હજારો યોદ્ધાઓને યુદ્ધભૂમિમાંથી તગેડી મૂકવા એમની પૂંઠે પડ્યો હતો. ઝંઝાવાતી પ્રભંજને મહાસમુદ્રને ઉલેચી નાખ્યો હતો તેમ એણે સામે દેખાતી પાંડવસેનાના સમુદ્રને ઉલેચી નાખ્યો! અત્યારે એના પિતા – સૂર્ય આકાશમાં નથી એ જાણી કુરુક્ષેત્રને સળગાવી નાખવાનું પિતાનું કાર્ય જાણે એ પુત્ર રૂપે રાત્રે નિષ્ઠાપૂર્વક કરી રહ્યો હતો! સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, યુયુધાન, ભીમ, યુધિષ્ઠિર, નકુલ, સહદેવ, અર્જુન કોઈ જ એના તેજસાગરને ખાળવા સમર્થ નહોતા! 'સવાર સુધીમાં આ રાધેય અમારી થોડીઘણી સેનાને જીવતી રહેવા દેશે કે દૃષદ્વતીની જેમ એને લોહી નીતરતી નદીમાં ફેરવી નાખશે?' એવો પ્રશ્ન ભયભીત યુધિષ્ઠિર દરેક વીરયોદ્ધાને ભેગા કરી પૂછી રહ્યો હતો. કર્ણને વારશું નહિ તો કાલનો દિવસ પાંડવસેના જોવા નહિ પામે એવો વિકટ સમય આવ્યો હતો! 'શું કરવું?' એ પ્રશ્ન પાંડવોને મૂંઝવતો હતો!

એ માટે એક જ યોદ્ધો લાયક હતો. માયાવી યુદ્ધ ખેલનાર ઘટોત્કચ જ! ભીમ અને હિડિંબાનો પુત્ર! ભીમને કહીને મેં એને બોલાવ્યો! આજ સુધી એને પોતાનાં પરાક્રમો દાખવવાનો અવસર મળ્યો નહોતો. એ વિશાળકાય ભીમપુત્ર સૌ પાંડવોના આશીર્વાદ લઈ કર્કશ, સીટી બજાવતો અરણ્યવાયુ જેવો કૌરવસેના પર પોતાની રાક્ષસીસેના સાથે તૂટી પડ્યો. તેનાં ભારે વજનદાર પથ્થરો, વિશાલ વૃક્ષ અને ચક્ર, પરીઘ જેવાં ભારે શસ્ત્રો સાથે કુલિંદ, સૈંધવ, યાદવ, ગાંધાર, મદ્ર, અવંતીના પથક પર ગર્જના કરતાં સૌ રાક્ષસો ત્રાટક્યા! બકાસુરના ભાઈ અલાયુદ્ધ અને એના વચ્ચે એક ઘડી સુધી ભયાનક રાક્ષસી ક્રૂર યુદ્ધ ચાલ્યું. બેધ્યાનપણામાં એણે પોતાના જ કેટલાક સૈનિકોને પણ ચીરી નાખ્યા! અંતે મધરાતે ઘટોત્કચે રૂંવાડાં ઊભાં કરી દે અને થથરાવી મૂકે તે રીતે અલાયુદ્ધનો વધ કર્યો. ભયભીત કુરુસૈન્ય, 'કર્ણ, બચાવો! કર્ણ, બચાવો!'ની બૂમ પાડતું રસ્તો દેખાય ત્યાંથી ભાગવા લાગ્યું. સૈન્યને પ્રત્યેક માર્ગ પર રોકી કર્ણે ઘટોત્કચનો સામનો કરવા સૈન્યને દૃઢતાથી આગળ કર્યું! ભરતીથી સાગર ખળભળી ઊઠે તેમ બંને એકબીજા પર ધસ્યા! સૌ સૈનિકો અવાક્ બનીને લડવાનું બાજુએ મૂકી સૂર્યપુત્ર અને ભીમપુત્રનું મૃત્યુને ધ્રુજાવતું યુદ્ધ જોઈ રહ્યા! ઘડીકમાં આકાશમાં તો ઘડીકમાં ધરતી પર એવી પોતાની માયાવી રમતમાં કર્ણને ફસાવતો ઘટોત્કચ વાદળોની જેમ ગડગડાટ કરતો વજનદાર પથ્થરો, ભારે ગદા, રથનાં મોટાં ચક્રો અને મૃત હાથીનાં શબોની વર્ષા એના પર વરસાવતો રહ્યો – પણ ગૈરિક પર્વત પરથી

ખનીજ ધાતુની ધારા પડે તેમ અસંખ્ય જખમોને અંગ પર હસતાં હસતાં ઝીલતો કર્ણ પલાશ વૃક્ષની જેમ અડગતાથી એના પર અનેક દિવ્યાસ્ત્ર ફેંકતો હતો. વારંવાર સૂર્યસ્તોત્ર ઉચ્ચારતો ગોળગોળ ઘૂમીને બાણોની વર્ષા વરસાવતો હતો! હજારો કુરુસૈનિકો ઘટોત્કચના દિગ્મૂઢ કરી દેનારા માયાવી આક્રમણથી નાશ પામતા હતા. કિકિયારીઓ પાડતા હતા. ખળભળી ઊઠેલા કર્ણે ઘટોત્કચના રથના સારથિ વિરુપાક્ષને મર્મભેદી બાણ મારી નીચે પાડી દીધો. એટલામાં ચિંતાતુર દુર્યોધને કર્ણના રથ પાસે આવી એને હાથ ઊંચા કરી કહ્યું, ‘કર્ણ, ઇન્દ્રે આપેલી વૈજયંતી શક્તિ આ ઘટોત્કચ રાક્ષસ પર વાપર! નહિતર કાલનો દિવસ કુરુસેના જોઈ નહિ શકે! અંગરાજ, વૈજયંતી છોડ!’

‘નહિ દુર્યોધન!’ વૈજયંતી અર્જુન માટે મેં સાચવી રાખી છે. આ એક જ પાસો જિંદગીમાં જુગાર ખેલવા અને મારી લાજ રાખવા મારા હાથમાં બચ્યો છે!’ દુર્યોધનના કાનના પડદા ચીરી નાખે તેટલા મોટા અવાજે ચીસ પાડીને કર્ણે કહ્યું!

ઘટોત્કચથી ભયભીત બનેલા કુરુ સૈનિકો ઘૂંટણે પડી લાખો મુખે આર્ત સ્વરે વીનવી રહ્યા હતા, ‘દાનવીર કર્ણ, વૈજયંતી છોડો! અમારા પ્રાણ બચાવો! ઘટોત્કચનો વધ કરો! અમને જીવતદાન દો!’

દાન! આ બે અક્ષર એને આખી જિંદગી લોભાવતા રહ્યા હતા! આ શબ્દથી બંધાયેલો એનો ઉચ્ચ આત્મા એક પળમાં દ્રવી ગયો! આંખ મીંચી એણે થોડી વાર ચિંતન કર્યું અને પોતાના ભાથામાંથી ઇન્દ્રે રાજી થઈને આપેલી ભેટ રૂપ વૈજયંતી શક્તિ ઘટોત્કચ પર છોડી! હવે એનું જીવન સાચા અર્થમાં ખાલી ભાથા જેવું થઈ ગયું હતું!

રાત્રે યુદ્ધ પૂરું થયું!

કર્ણનો નાશ કરનાર ઘટોત્કચનું જીવનકાર્ય સમાપ્ત થયું. ક્યાંક દૂર એક વન્ય કૂકડાએ સૂર્યોદયની બાંગ પુકારી. પંદરમો રોમાંચક દિવસ ઊગ્યો! પવિત્ર પાંડવો માટે અવિસ્મરણીય દિવસ!

ચાર

પદ્માકારે સૈન્યરચના ગોઠવી ગુરુ દ્રોણ આગળ ઊભા રહ્યા! રાતે અવિરત યુદ્ધ કર્યાં છતાં સ્ફૂર્તિ ધરાવતાં બંને સેનાના યોદ્ધાઓ ફરી એકબીજાની સામે ખડા થઈ ગયા! ઇંગુદી તેલ પૂરું થતાં ઠેકઠેકાણે મશાલમાંથી ફક્ત કટુ ધુમાડો બહાર નીકળતો હતો! અર્જુનના સેનાપતિપદ હેઠળ પાંડવસેનાએ કુરુસેનાને ભીંસમાં લીધી. કુરુક્ષેત્રની સેના જેમ જેમ ઘટતી ગઈ તેમ તેમ સરસ્વતી અને દૃષદ્વતી કેવળ વીરોનાં ગરમગરમ લોહીના પ્રવાહ સાથે વહેતી હતી! સમગ્ર યુદ્ધભૂમિ પર લોહી, માંસ અને ધૂળના ઢગલા થયા હતા! દક્ષિણ તરફ ઢાળ હોવાને લીધે રોજ આ ઢગલો ધીમે ધીમે સરકતો છેક દક્ષિણ તરફ એકઠો થવા લાગ્યો. સળગતી ચિતાનું પ્રતિબિંબ દૃષદ્વતીના લોહિયાળ પ્રવાહમાં વિરૂપ દેખાતું હતું. યુદ્ધભૂમિ પર ન પાંડવોનું રાજ્ય હતું કે ન કૌરવોનું! નિર્દય, વિકરાળ મૃત્યુ જ અનભિષેક સમ્રાટ બન્યો હતો! ઇચ્છે એને ગોદામાં સમાવતો હતો! દિગ્વિજયના ઘોડા દોડાવતો હતો!

બે પ્રહર સુધી ગુરુ દ્રોણ પૂરી શક્તિથી લડ્યા પણ એકાએક કોઈએ, ‘અશ્વત્થામા

મરાયો! અશ્વત્થામા મરાયો!'ની બૂમ મારી! વાસ્તવમાં માલવ રાજ્યના ઇન્દ્રવર્મા રાજાનો અશ્વત્થામા નામનો એક હાથી મરાયો હતો!

સાચી હકીકત જાણવા દ્રોણે આખા સમરાંગણમાં ફરી પોતાનો રથ છેવટે સત્યપ્રિય યુધિષ્ઠિરના રથ પાસે લાવ્યા, 'યુવરાજ યુધિષ્ઠિર, સૌ બૂમો પાડી પાડીને કહે છે કે અશ્વત્થામા મરાયો! ખરેખર મારો પ્રિય અશૂ મરાયો છે? કહે, એને ગુરુ દ્રોણની ગુરુદક્ષિણા ગણી સત્ય હકીકત મને કહે! મને તારી સત્યપ્રિયતા પર વિશ્વાસ છે!'

'ગુરુદેવ, અશ્વત્થામા મરાયો એ સત્ય છે! પણ એ માણસ છે કે હાથી એ હું જાણતો નથી!' જીવનમાં પહેલી વાર યુધિષ્ઠિર અસત્ય બોલ્યો! બીજું વાક્ય અસ્પષ્ટ મનમાં જ બોલાયું!

હાથમાંનું ધનુષ્ય ફેંકી દઈ પુત્રવિયોગના દુઃખથી વિહ્વળ દ્રોણે રથમાં જ પદ્માસન વાળી ધ્યાન ધર્યું. નેવું વર્ષના, દૃઢ મનોબળધારી વૃદ્ધની જીવન પરની શ્રદ્ધા તૂટી ગઈ! બંધ આંખે દેહની અંધારી ગુફામાં આત્માની જ્યોત કેવી પ્રકાશે છે એ જોવા એમણે મનની આંખ ખોલી. એટલામાં રાતીચોળ આંખે ધૃષ્ટદ્યુમ્ન, વૃક્ષ પર વીજળી તૂટી પડે તેમ પોતાના રથમાંથી ઊતરી કમરમાંથી તલવાર ખેંચી દોડ્યો. 'ઊભો રહે, ઊભો રહે'ની બૂમો પાડતાં પાંડવો એની પાછળ દોડ્યા, પરંતુ એ દ્રોણના રથ પર એક છલાંગ મારી ચડી ગયો અને જોતજોતામાં વૃદ્ધની જટાના શ્વેત ઘોડાના કેશગુચ્છ જેવા ભરાવદાર વાળને મુઠ્ઠીમાં પકડી એક ઝાટકે એમનું મસ્તક એણે ધડથી જુદું કરી નાખ્યું. એટલું જ નહિ પણ હાથમાંનું મસ્તક બે સૈન્યની વચ્ચે સીધું ધૂળમાં ફેંકી દીધું! સૌએ હૃદયવિદારક વેદનાથી આંખો મીંચી દીધી. 'ૐ ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્'નો દિવ્ય સંદેશ સતત સાંઠ વર્ષ સુધી હસ્તિનાપુરના સેંકડો યુવાનોને શીખવનાર ગુરુ દ્રોણનું શ્વેત કમલ સમું તેજસ્વી મુખ લોહીથી ખરડાઈને ધૂળમાં પડ્યું! પ્રત્યેકના હૃદયને હેતથી વશ કરનાર ગુરુશ્રેષ્ઠ ધૂળમાં પડ્યા હતા. છેવટે કર્ણને વારેઘડીએ ધૃત્કારનાર દ્રોણને નિર્દય મૃત્યુએ ધૃત્કારવાનો દિવસ ઊગ્યો હતો.

'દ્રોણ મરાયા!'ના સમાચાર સાંભળી યુદ્ધથી ગરજતી વિશાળ સેનામાં સોપો પડી ગયો! બંને સેનાના કેટલાય યોદ્ધાઓ રૂંધાતા કંઠે એમના રથની આસપાસ ભેગા થયા! અશ્વત્થામાએ આંસુ સારતાં પોતાના પિતાનું મસ્તક ધડ સાથે બેસાડ્યું! સાક્ષાત્ ધનુર્વિદ ચિરનિદ્રામાં પોઢી ગયા હતા.

આખી જિંદગી દ્રોણથી ધૃત્કારાયેલો કર્ણ પણ દ્રવી ગયો! પાસે આવી એમના અચેતન ચરણોનો સ્પર્શ કરતાં એમની આંખમાં ઊભરાયેલાં આંસુએ દ્રોણના અમર આત્માને કહ્યું હશે, 'ગુરુદેવ, જિંદગીમાં તમે મને કેમ ઓળખી શક્યા નહિ?'

મૂકભાવે એણે પ્રેમથી અશ્વત્થામાના ખભે પોતાનો હાથ મૂક્યો! બધું જ ભૂલી જઈને! હૃદયના સ્નેહભાવે!

પિતાના દયનીય અંતથી ખળભળી ઊઠેલા અશ્વત્થામાએ નારાયણાસ્ત્રનો પ્રયોગ કર્યો અને હજારો પાંડવસૈનિકોને બાળીને ભસ્મીભૂત કરી દીધા. છેવટે મેં જ નજીક જઈ એ દિવ્યાસ્ત્ર શાંત પાડ્યું!

સંધ્યા સમયની ભીષણ છાયા કુરુક્ષેત્ર પરની પ્રત્યેક શિબિરની આસપાસ છવાયેલી

હતી. ગુરુ દ્રોણની સળગતી ચિતાને જોઈ દુર્યોધન અંદરથી બળી રહ્યો હતો. શોકવિહ્વલ અશ્વત્થામાનું દુઃખ કેટલું ગહન ગંભીર હશે એનો વિચાર અને ગુરુપુત્રને સાંત્વન દેવાનું ભાન એને રહ્યું નહિ. ઝડપથી પગલાં ઉપાડતો, કાંડા પર સરી પડતાં ઉત્તરીયને વારંવાર સરખું કરતો, જખમી હાથી નદીનાં પાણીમાં પેસે તેમ એ દરવાજાનો પારદર્શક પડદો દૂર કરી એ અશ્વત્થામાની શિબિરમાં પ્રવેશ્યો! શું કહું, કેમ કહું એને સૂઝતું નહોતું. ગીચ જંગલને આવેશમાં સળગાવી દેનાર માણસ પોતે જ એ અગનઝાળમાં ફસાઈ જાય તેવી એની દશા હતી! એને ચૂપચાપ ઊભેલો જોઈ પિતાનાં શ્વેત વસ્ત્રમાં મોં ઢાંકી ઊંચું જોયા વગર અશ્વત્થામાએ એને વ્યંગમાં કહ્યું, 'રાજા, મારા પિતાનો ક્રૂર રીતે વધ કરનારનું એટલી જ ક્રૂરતાથી હું વેર વાળીશ! કાલના યુદ્ધ માટે... કાલના યુદ્ધ માટે તડપતા પરાક્રમી, દિગ્વિજયી સૂર્યભક્ત કર્ણને સેનાપતિ બનાવ!'

એના હૃદયમાં કર્ણ પ્રત્યેના મિત્રપ્રેમનું ઝરણું સાવ સુકાઈ કેમ શકે?

એની શિબિરમાંથી બહાર નીકળેલો દુર્યોધન મધ્યરાત્રિ પૂરી થઈ ત્યાં સુધી કર્ણની શિબિરમાં રહ્યો. પંજાના નખ ખેંચી કાઢેલા જેવો તે અહીંતહીં ચક્કર મારતો વારંવાર કર્ણને કહેતો હતો, 'અંગરાજ, પિતામહે અને ગુરુ દ્રોણે કૌરવોની વિશાળ સેનાનું સેનાપતિપદ શોભાવ્યું હોય એવું મને કદી લાગ્યું નહોતું! મને વિશ્વાસ છે કે તારા સેનાપતિપણા નીચે એક વાર દિગ્વિજયનો ડંકો મારનારી કૌરવસેના કાલે ફરી કુરુક્ષેત્રમાં પદારોપણ કરશે. કર્ણ, અર્ઘ્યદાન દેવા તારી અંજલિમાંથી નિષ્ઠાપૂર્વક ગંગાનાં પાણીનાં લાખ લાખ બુંદનું અર્ઘ્યદાન સૂર્યકિરણોમાં ચમકતાં પડ્યા હશે, પરંતુ કાલે તો લાખો પાંડવસૈનિકો મૃત્યુ પામી સ્વર્ગ પ્રાપ્તિ માટે તારાં ચરણોમાં આળોટશે! અર્જુનનો નીલવર્ણો દેહ તારા જૈત્રરથ સામે ખડો થતાં જ સાવ ભૂરો થઈ જશે! જેનું નામ લેતાં જ મારું રૂંવેરૂંવું તપી જતું અને જેણે મારા ભાઈઓને નિર્દયપણે મારી નાખ્યા એવા ક્રૂર ભીમનું શરીર તારાં અમોઘ બાણોથી એની લાલચોળ આંખો જેવું લાલચોળ થઈ જશે! ઉપરથી સાંકડા તારા પગને જોવા વારંવાર નીચે ઝૂકી જતી યુધિષ્ઠિરની ગરદન સેનાપતિ તરીકે કાલનાં તારાં પરાક્રમો નિહાળી હંમેશને માટે ઝૂકી જશે! તારા વાયુજિતના ઊંચા થઈ ગયેલા બંને કાન જોતાં નકુલ-સહદેવ બંને ભાઈઓને પ્રભંજન આવ્યો હોય એવો ભાસ થશે અને... અને તમામ ઝઘડાઓનો સૂત્રધાર કિનારે ઊભો રહી દોરી સંચાલન કરનાર પેલો મથુરાનો જાદુગર... પેલો કાળો ગોવાળિયો જીવતદાનની ભીખ માગવા અર્જુનનો રથ છોડી ભિખારી રૂપે તારા રથ પાસે દયનીય બનીને આવશે!! કર્ણ, કાલે તું જ સેનાપતિ હોઈશ! મિત્ર, તું જ હોઈશ!' એ બોલતો હતો. ધરીમાંથી છૂટું પડેલું રથચક્ર અહીંતહીં લથડિયાં ખાતું દોડે તેમ એ ઝડપથી ચાલતો હતો!

પણ કર્ણ શિબિરના જાળીવાળા ગવાક્ષમાંથી સામે દૃષદ્વતીના કિનારે દેખાતી ગુરુ દ્રોણની સળગતી ચિતાને એકીટશે જોઈ રહેતો ચૂપચાપ બેઠો હતો! દુર્યોધનની ચેતવણીનો એક પણ સૂર તેના કાનને સ્પર્શતો નહોતો! દુર્યોધનના એક પણ શબ્દની એના પર અસર થતી નહોતી અને થાય તો એ ઝાઝીવાર ટકતી નહોતી! અંતે તે એટલું જ બોલ્યો, 'રાજા, તને વિજય અપાવવા હું મારો જીવ પણ હોડમાં મૂકીશ. મને સારથિમાંથી સમ્રાટ બનાવનાર સન્મિત્ર, સંપૂર્ણ પ્રેમભાવથી તારા સહવાસમાં વિતાવેલું મારું જીવન સમરાંગણમાં પણ તને

સહકાર દેવામાં સાર્થક કરીશ. જા, નિદ્રા અને વચન કદી અધૂરાં ન રહેવાં જોઈએ! નિદ્રાનું આવરણ ઓઢીને રાત ઢળવા લાગી. મશાલો પણ આત્મધિક્કારથી બળવા લાગી!

પાંચ

સોળમા દિવસનું પ્રભાત સૂર્યકિરણોનાં પારિજાત ફૂલોની સુગંધ કુરુક્ષેત્ર પર છંટકારતાં ઊગ્યું તે દિવસ હતો સુદ બીજનો!

સૌ દેવોએ અસુરોનો નાશ કરવા સ્કંદનો અભિષેક કર્યો હતો તેમ તમામ કુરુસેનાને એકત્ર કરી દુર્યોધને કર્ણ પર સેનાપતિપદનો અભિષેક કર્યો. જે મૂળ સ્થાન પરથી યુદ્ધ શરૂ થયું હતું એ સ્થાન આજે ઉત્તર તરફ ત્રણ કોસ દૂર પડી ગયું હતું! રોજ યુદ્ધભૂમિ બદલાવવામાં આવતી હતી અને એ દક્ષિણ તરફ સરકતી હતી.

રેશમી વસ્ત્રથી આચ્છાદિત ઔદુંબરના આસન પર બેઠેલા કર્ણના જમણા કાંડા પર દુર્યોધને રજનીગંધાના શ્વેત પુષ્પની સુગંધી માળા બાંધી અને પોતાના કમર પરની ધારદાર તલવાર ખેંચી આકાશમાં ગોળગોળ ફેરવી એણે મોટેથી ઘોષણા કરી, ‘કૌરવ સેનાનાયક દિગ્વિજયી અંગરાજ કર્ણનો...’

‘જય હો! જય હો! જય હો!’ હાથમાંના વિવિધ રંગી પુષ્પો પોતાના સેનાનાયક પર વરસાવતાં કૌરવસૈનિકો બે ઘડી ભીષ્મ પિતામહનાં પતનનું દુઃખ વીસરી ગયા! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે ક્ષુદ્ર – સૌ સેનાપતિના ઝગારા મારતા મુખની એક ઝલક મેળવવા ધક્કામુક્કી કરવા લાગ્યા. પુરોહિત અને બંદીજનોએ એના સોનેરી વાંકડિયા વાળમાં સુગંધી તેલ સીંચ્યું. મુહૂર્તની ઘડી દર્શાવતું છિદ્રમય પાત્ર પાણી ભરેલા હાંડામાં ‘ડુબ્બ’ અવાજ કરતું બૂડ્યું કે તરત દુર્યોધને તાસકમાંથી સેનાપતિનો વિખ્યાત કિરીટ એના મસ્તક પર ચડાવવા ઊંચક્યો. એને હાથથી રોકીને કૌંતેય હોવા છતાં રાધેય રૂપે પોતાની જાતને ધન્ય ગણતા આ મહારથીએ બાજુમાં ઊભેલા પોતાના પુત્ર – વૃષસેન તરફ સહેતુક જોયું. વૃષસેને તરત જ એક તાસક પિતા સમક્ષ સવિનય ધરી. એના પરનું રેશમી વસ્ત્ર હળવેકથી દૂર કરી સૂર્યપુત્રે એ તાસકમાંથી એક બીજો જ સોનેરી કિરીટ દુર્યોધન પહેરાવે એ પહેલાં જ પોતે જાતે જ મસ્તક પર ધારણ કર્યો!

એ કિરીટ અસ્સલ મારા કિરીટની બાંધણી જેવો જ હતો!

પૂર્વ ક્ષિતિજ પર આકાશસમ્રાટ સવિતાનારાયણ પોતાના સહસ્ર અશ્વો ઉછાળતા ઊભા રહ્યા. તેતર, ચક્રવાત્ક, સારંગ ધનછડી, વન્ય પોપટ અને ચકોર પક્ષીઓ એમનું સ્વાગત કરવા માળા છોડી આકાશમાં ઊડવાં લાગ્યાં. ઝાકળબિંદુનાં મોતી ઘાસ પર ચમકવાં લાગ્યાં. પવનના ઝોંકાથી એક ક્ષણમાં કુરુક્ષેત્રની ઉદારહૃદયા જે એ ભૂમિમાં વિખરાવાં લાગ્યાં. સમસ્ત ચરાચર સૃષ્ટિ નવચેતનાથી નાચવા લાગી.

સેનાપતિ થયેલા કર્ણે એક ઊંચી ટેકરી પર ચડી પોતાની સૈન્યરચના ગોઠવવા સગવડભરી જગ્યા પસંદ કરી કૌરવસેના એક વિશાળ મગરનો આકાર ધરી ઊભી રહી.

એ મગરના નેત્રસ્થાને શકુનિ અને ઉલુકને મૂકવામાં આવ્યા હતા. માથા પાસેનું સ્થાન સંતપ્ત અશ્વત્થામાએ સ્વીકાર્યું હતું. ડાબા પગ પાસે કૃતવર્મા અને જમણા પગ પાસે ગૌતમને ઊભો રાખવામાં આવ્યો હતો. પાછળના પગ પાસે મદ્રરાજ શલ્ય ઊભા હતા અને

આ મગરની મધ્યમાં લાખો કૌરવોના ઘેરામાં દુર્યોધનને સંતાડી કર્ણ મુખ પાસે ઊભો હતો! સૂર્યનાં સોનેરી કિરણોમાં ચળકતું એનું સુવર્ણમંડિત વિજય ધનુષ્ય પાંડવસેનાને જાણે કહેતું હતું, 'આજે હું બાણ ફેંકવાનો નથી! હું ફેંકીશ બળબળતાં તપ્ત કિરણો!' એના રથના શ્વેત અશ્વો કાન ઊંચા કરી થોડી વારમાં ચડનારી લગામના ઝટકા ખાવા જડબાં તૈયાર કરી પગની ખરીથી, ઝડપથી કુરુક્ષેત્રની ધૂળ ઉખેડતા હતા. એના સૌથી ઊંચા જૈત્રરથ પરના ઉલ્કા જેવા શ્વેતપતાકા, સાંકળ ચિહ્નધારી દંડની ટોચ પર ફરફરતો ભગવા રંગનો રેશમી ધ્વજ ચારેબાજુ વાતા પવનમાં ઝૂમતો હતો. નાની નાની સુવર્ણ ઘંટડીઓ ઇષાદંડની સાથે અથડાવાથી મધુર અવાજે રણઝણતી હતી. પટ્ટિશ, શૂલ, તોમર, ચક્ર, વરુથ, ગદા, શતઘ્ની, ખડ્ગ, ત્રિશૂલ, ભાલા, પરશુ વગેરે રથના પાછળના ભાગમાં ઠાંસીઠાંસીને ભર્યાં હતાં. અસંખ્ય પ્રકારનાં બાણોને સમાવવા સેંકડો ભાથા પણ પૂરતા નહોતા. તમામ રથ પર ચટાપટાવાળું વ્યાઘ્રચર્મ પાથર્યું હતું!

મગર વ્યૂહના મધ્યસ્થાનેથી દુર્યોધને વિશિષ્ટ શંખ ફૂંકી ચડાઈ કરવાનો સંકેત કર્યો. તરત જ કર્ણે પોતાના હાથમાં ફૂલોથી સુશોભિત વિજય ધનુષ્ય ઊંચું કરીને ગોળ ગોળ ફેરવ્યું. પોતાના હિરણ્યગર્ભ શંખને અશ્વની લગામ જેવી પુષ્ટ દેખાતી કંઠની નસો ફુલાવીને એટલો જોરથી ફૂંક્યો કે રણભૂમિની આસપાસ ખોરાકની લાલસાથી એકઠાં થયેલાં તિતર, ગીધ, વાગ્ગુદ જેવા ક્રૂર માંસભક્ષી પક્ષીઓ ભયભીત બનીને આકાશમાં ઊડવાં લાગ્યાં. હાથનાં રૂંવાડાં ખડાં થઈ ગયાં. એ શંખનાદ નહોતો જ – પોતાના અપમાનિત રાજવીમનના યુગોથી સંચિત ઉષ્ણ નિઃશ્વાસને જ્યેષ્ઠ કૌંતેય સાપના ફૂંફાડાની જેમ ફુત્કારતો હતો!

'આ... રો... હ...' ઢાલની ભીતરમાંથી પોતાની શક્તિશાળી ભુજાઓ ખૂબ ઊંચી કરીને એણે કૌરવસેનાને ગગનભેદી અવાજે આજ્ઞા કરી! કૌરવસેનાનો વિશાળ મગર કર્ણને જડબું બનાવી પાંડવોને ગળી જવા આગળ ધપ્યો! કલકલ કરતો! ગરજતો! ઉન્મત્ત બનેલો!

અર્જુનના સેનાપતિપણા નીચે પાંડવસેના અર્ધચંદ્રવ્યૂહ રચી આગળ વધી. હાથમાં લગામ ધારણ કરેલા અર્જુનના નંદીઘોષ રથની જમણી બાજુએ ધૃષ્ટદ્યુમ્ન ઊભો હતો. ડાબી બાજુ એક હાથી પર આરૂઢ થઈ હસ્તિસેનાનું નેતૃત્વ કરવા લાલઘૂમ આંખો ઘુમાવતો ભીમ આગળ વધી રહ્યો હતો. બાજુમાં યુધિષ્ઠિર ઊભા હતા. કર્ણને સામે ઊભેલો જોઈ એનું હૃદય ભયથી થથરી ઊઠ્યું. હાથ ઊંચો કરી અર્જુને એક ક્ષણ પોતાની ચંદ્રકોર સેનાને સહેજ પાછળ લીધી અને દેવદત્ત શંખ ફૂંકી એકદમ મગરસેના પર સડસડાટ છોડી! એના રથના અશ્વોને દોડાવતાં મને થયું કે અર્જુનને ખબર પણ નહોતી કે એ કોની સાથે લડી રહ્યો છે અને કર્ણને ખબર હતી કે એને કારણે એના યુદ્ધનું સ્વરૂપ કેવું છલનામય – વિચિત્ર થઈ ગયું હતું!

સામેથી શ્વેત અશ્વોથી ઊછળતા રથમાંથી સિંહનાદ કરતા આવી રહેલા કર્ણને જોઈ પાંડવસેનાને સમજ પડતી નહોતી કે, 'પર્વત શિખર પર તપી રહેલો સૂર્ય આકાશમાં છે કે સામે સુવર્ણથી સંપૂર્ણ મઢેલા ચમકતા ઊંચા રથમાં છે! આજે એનું મુખ કિરણોથી ચળકતાં સુવર્ણ કળશની જેમ અતિશય ચળકતું હતું. પુષ્ટ ખભા પર ઝૂલતા વાંકડિયા કેશનો ભરચક ગુચ્છો રથચક્રને હડદોલો લાગતાં ખભા પાસે વિખરાઈ જતો હતો અને

ફરી પાછા કેશ ખભા પર ઝૂલવા લાગતા હતા. પેલો વૃષસ્કંધ આવી રહ્યો હતો, જંગલના વાયરાની વિકરાળ ગતિએ! ભરતીમાં ઊછળતા મહાસાગરની જેમ! અડફટમાં આવે એને બાળીને ભસ્મ કરવા ઉતાવળા બનેલા જ્વાળામુખીની જેમ! નીલી આંખો ઘુમાવતો કપિધ્વજનું લક્ષ્ય લેતો હતો. આજે મેં એક ડહાપણ વાપર્યું હતું. રોજ સામેની સેનાને સ્પષ્ટ દેખાતો અમારા રથ પરનો ફરફરતો ધ્વજ ઊલટો કરી નાખ્યો હતો, જેથી એ ધ્વજ પરનું અંકિત ચિહ્ન ફક્ત પાંડવસેનાને જ દેખાય! બંને સેનાએ ગર્જના કરી એકબીજાને ભીંસમાં લીધા.

કપિધ્વજ ન દેખાતાં મૂંઝાયેલા રાધેયે પોતાનો રથ સીધો અમારી હસ્તિસેના તરફ વાળ્યો! એણે મૃગનક્ષત્રની વર્ષાની જેમ અસંખ્ય વિષારી બાણની વર્ષા કરી. ત્રણ કલાકમાં આખી હસ્તિસેના રફેદફે થઈ ગઈ. અંગેઅંગમાં વિષ ફેલાઈ જતાં હાથીઓ ઉન્મત્ત બનીને નાસભાગ કરવા લાગ્યા અને હજારો પાંડવસૈનિકોને પોતાના પગ તળે કચડી મન ફાવે ત્યાં દોડવા લાગ્યા! ધરાશાયી થયેલા, મરણતોલ યોદ્ધાઓ જેમતેમ કરીને જીવ બચાવવા તરફડતાં હતા, પરંતુ તેઓને હાથી કચડી નાખતા હતા.

કર્ણે ચલાવેલા હાથીઓના આ હાહાકારને રોકવા ક્રોધી ભીમે દોડીને અશ્વત્થામાને રસ્તામાં રોક્યો! એમનું યુદ્ધ એટલે બે ક્રોધી વાઘનું પંજાફાડ યુદ્ધ! સાત્યકિ વિંદ-અનુવિંદ સાથે ભિડાયો હતો. ધૃષ્ટદ્યુમ્ને કૃપાચાર્યને ઘેર્યા હતા. શ્રુતકીર્તિ મદ્રરાજ શલ્ય પર ત્રાટક્યો હતો. સહદેવ અને દુઃશાસન એકમેક પર બાણ વરસાવી રહ્યા હતા. દુર્યોધને મગરવ્યૂહનું મધ્યસ્થાન છોડી પોતાનો રથ સીધો યુધિષ્ઠિર પાસે લાવીને મૂક્યો, પરંતુ તરત જ યુધિષ્ઠિરના સંરક્ષણ માટે અર્જુનનો રથ એની નજીક લાવીને દુર્યોધનને ભીંસમાં લીધો. જેમ જેમ સૂર્ય માથે ચડવા લાગ્યો કે ધૂળના ગોટેગોટાથી આકાશ ઢંકાઈ ગયું. શસ્ત્રોના ખણખણાટમાં હાથીઓના ચિત્કાર સંભળાતા નહોતા. અર્જુન ક્યાંય નજરે જ પડતો નહોતો. આથી રોષે ભરાયેલા કર્ણે પાંચાલ અને મત્સ્યસેનાને પોતાના જૈત્રરથ નીચે ચગદી નાખી, સૂર્ય ક્ષિતિજ પરથી ખસી રહ્યો હતો અને એના રથની ગતિ વધતી જતી હતી. ક્યારેક શૂલ, તોમર, ગદા જેવાં જુદાં જુદાં શસ્ત્રો પર હાથ અજમાવતો અને કાનની બૂટ પર લટકતાં પ્રસ્વેદ બિંદુને લૂછવા સહેજ વાર થોભી પણ જતો હતો.

સૂર્ય માથે આવ્યો હતો ત્યારે ભીમે સમર્થ યોદ્ધા ક્ષેમધૂર્તિને રથમાંથી નીચે ગબડાવી દીધો. સંશપ્તક સાથે ભિડાયેલા અર્જુને દંડ અને દંડધર રાજાનાં માથાં ધડથી જુદાં કરી દીધાં. આથી ધૂંઆપૂંઆ થયેલો અશ્વત્થામા એના પર ત્રાટક્યો. પાંચાલસેનામાં કર્ણ પ્રવેશ્યો હતો ત્યાં જ ખુલ્લંખુલ્લું સંકુલ યુદ્ધ શરૂ થયું. સામે આવનાર કયા પક્ષનો છે તે જાણી લઈ લડવા માટે તે એને લલકારતો હતો પણ પ્રત્યેક યોદ્ધા દારૂ પીને ઉન્મત્ત બનેલા હતા.

મત્સ્ય અને પાંચાલ જેવા શૂરવીર સેનાપ્રમુખો કર્ણની સામે ટકી શક્યા નહિ. એ જોઈ એને અટકાવવા હું મારા પાંચજન્ય શંખથી વિશિષ્ટ અવાજમાં સાંકેતિક ભાષામાં નકુલને વારંવાર કહી રહ્યો હતો કે, 'નકુલ...! નકુલ...! રથ કર્ણ તરફ વાળ!' આ ભારે કોલાહલમાં નકુલને મારી સાંકેતિક ભાષા અડધી ઘડી પછી સમજાઈ! બે પ્રહાર વીતી ગયા બાદ એણે પોતાનું સૈન્ય મત્સ્યની સેનામાં ઘુસાડ્યું અને સીધું કર્ણ સાથે ટકરાયું.

પણ આ સેનાનાયક કંઈ શીતળ પાણીનો ધોધ નહોતો. એ હતો વીજળીનો કડાકો! એ નકુલનાં બાણ સરળતાથી પાછાં વાળી એને વારંવાર વિરથ કરી એની હાંસી ઉડાડતો

હતો, એટલું જ નહિ, એણે એની દુર્દશા પણ કરી નાખી હતી! છેવટે પોતાનો ઊંચો રથ નકુલના રથ નજીક લાવી, એને ઘેરી લઈ, નિ:શસ્ત્ર કરીને કહ્યું, 'જા, તારા જ્યેષ્ઠ બંધુને – અર્જુનને મારી સામે મોકલ! એને માટે જ તને આ જીવતદાન આપું છું!'

લજ્જિત નકુલ નીચું મોં કરી ત્યાંથી ચાલ્યો ગયો ત્યારે એને પોતાને ખબર નહોતી કે એની માતા માદ્રીએ પતિ પાછળ સતી થતી વખતે કુંતીદેવીના હાથમાં સોંપેલું એના જીવનપુષ્પનું પ્રથમ કૌંતેય, જ્યેષ્ઠ બંધુના સંબંધે જતન કરી રહ્યો છે! અંગઅંગનાં લોહીનાં કણોથી યુદ્ધનો સર્વગ્રાહી વડવાનળ પેટાવીને એની ભસ્મીભૂત કરી દેવાની વેળા આવી તોપણ રાજમાતા કુંતીદેવીને દીધેલું વચન રાધેયે નિષ્ઠાપૂર્વક પાર પાડ્યું હતું! સંધ્યા સમયે યુધિષ્ઠિરપુત્ર પ્રતિવિંધ્યે ચિત્રરાજાને મૃત્યુલોકનો રસ્તો દેખાડી દીધો હતો.

સૌમ્ય કિરણો કુરુક્ષેત્રની આસપાસ ઊંચાં વૃક્ષોના લાંબા પડછાયા ફેલાવી રહ્યા હતા ત્યારે મેં અર્જુનનો નંદીઘોષ રથ પહેલી વાર કર્ણના ઊંચા જૈત્રરથ સામે લાવીને મૂક્યો! એકમેકને સામે ઊભેલા જોઈ બંને ભડકી ગયા! પવનને જોઈ અગ્નિ ભડકે તેમ એ બંનેના ચહેરા રોષથી ભભૂકી ઊઠ્યા! એકબીજા સામે બંને મોટે મોટેથી બરાડા પાડી એકબીજાને આહ્વાન દેતા હતા! એમના બરાડાથી ગભરાયેલા આસપાસના હાથીઓ મૂતરી પડ્યા. એકમેકનો લક્ષ્ય લેતાં તેઓએ પોતાના વજનદાર ધનુષ્યમાંથી બાણની એવી સતત વર્ષા કરી કે ક્ષણમાં આકાશને મૃગનક્ષત્રની વર્ષા આચ્છાદિત કરી મૂકે તેમ તેમણે બાણોથી આકાશને આચ્છાદિત કરી દીધું. એક ઘડી સુધી એમનાં અમોઘ, ગતિમાન, નાદમય બાણો ભયાનકપણે એકબીજા સાથે ટકરાયાં. એમની લોખંડી ધારદાર અણીમાંથી તણખા ઊડવા લાગ્યા. રાત થતાં પહેલાંનો સંધ્યા સમય હતો છતાં એ તણખાને લીધે આકાશનો ભવ્ય ઘુમ્મટ ટમટમતા તારા જેવો દેખાતો હતો! એ તણખાઓથી કર્ણનો સારથિ સત્યસેન દાઝી ગયો! અર્જુનનાં બાણોથી એ સળગીને રાખ થઈ ગયો. કર્ણ-અર્જુનની બાણવર્ષાથી આચ્છાદિત એ દિવસનું આકાશ, કુરુક્ષેત્ર પર છત્રચામર ઢાળનાર આકાશ ફરી નિરભ્ર થયું હતું! કારણ રાત્રિના માયાવી યોદ્ધાઓએ અંધકારનાં કાળાં કિરણોનાં બાણ ફેંકી એનાં બાણોને ઘડીક વારમાં ઢાંકી દીધાં હતાં! સુદ વદનો એ સોળમો વિકટ દિવસ જેમતેમ પૂરો થયો.

૬૭

રાત્રિના ઘનઘોર અંધકારના અસીમ આવરણે કુરુક્ષેત્રની આસપાસની ભૂમિને પોતાની જાળમાં લપેટી દીધી. ચારેબાજુ કાળુંમશ અંધારું હતું. દૃષદ્વતીના શાંત અને નીરવ કિનારા પર તડતડ કરતી સળગતી સત્યસેનની ચિતાએ થોડી વાર માટે અંધકારને દૂર કરી વાતાવરણને પ્રકાશિત કરી મૂક્યું!

સત્યસેન એ કર્ણના રથની લગામ સંભાળનારો કેવળ સારથિ નહોતો, પત્નીનો કેવળ ભાઈ નહોતો! કૌરવોનો એકનિષ્ઠ કેવળ સૈનિક નહોતો પણ કર્ણના રાજકીય જીવનમાં અનિવાર્ય પરિસ્થિતિને કારણે સર્જાતા અનેક જોખમી યુદ્ધપ્રસંગો વખતે એને સાવધાનીનો સંકેત કરનાર નગારું હતો! સજાગ, શુભેચ્છક હતો! આથી જ દેહનું ભાન ભૂલી જઈ સત્યસેનની ચિતા તરફ જોતો કર્ણ એકાકી બનીને દૃષદ્વતીને કિનારે બેઠો હતો.

અંધકારના કાળામશ હાથીને સતત ચાટનારી, સત્યસેનની ચિતામાંથી પ્રગટતી પીળી અગ્નિશાખાની એક એક જ્વાળામાં કર્ણને સત્યસેન જ દેખાતો હતો. રાત્રિની અસૂરી વેળાએ ખભે ઘડો લઈને ગંગાના નીરવ તટે મળેલો સત્યસેન!

કવચ-કુંડળ દાનમાં દઈ, અનેક મર્મભેદી અભિશાપની મૃત:પ્રાય વજનદાર પોટલીને માથે ચડાવી, વચનનું મુક્ત દાન કરતો, સાક્ષાત્ તેજની ખાણ હોવા છતાં સાવ સામાન્ય પરિસ્થિતિમાંથી તે છેક અહીં સુધી પહોંચ્યો હતો. હાથમાં રાખેલી છેવટની – અંતિમ વૈજયંતી શક્તિ ઘટોત્કચ પર વાપરી તે હવે પૂરેપૂરો ખાલી થઈ ગયો હતો! એકાકી થઈ ગયો હતો!

પણ આ એકાકીપણામાં જ એની ઉત્સાહી ખાનદાન વીરહૃદયની સાધના અને સૂર્યારાધનાથી પ્રજ્વલિત દિવ્ય આત્મિક તેજની એક પરાજિત અને અશરણ ઊર્મિ એને સતત ધીરજ આપતી હતી! આ ઊર્મિ જ એનું સંપૂર્ણ જીવન હતું. જ્યારે ચાપમાંથી છૂટેલાં બાણની ઝપટમાં એ આવતો ત્યારે પણ એ એમાંથી છૂટીને આગળ વધી શક્યો હતો. એ કેવળ આ એક જ આત્મિક ઊર્મિના જોર પર! પોતે કોઈ મહાન તેજથી સંલગ્ન છે. પોતાના અંતરંગને સુષુપ્તપણે કોઈ દિવ્ય પ્રેરણા દઈ રહ્યું છે એવી દુર્લભ પ્રતીતિનો એક તાર એના જીવનસંગીતમાં ગૂંથાતો આવ્યો હતો. ખરેખર એને સમજાવવું અત્યંત દુષ્કર કાર્ય છે! એના જીવનના બે સ્પષ્ટ ભાગ હતા. સૂર્યકેન્દ્ર સાથે ગૂઢ જ્ઞાનના સૂક્ષ્મ તારથી બંધાયેલો એનો ઉચ્ચાત્મા! અને આસપાસના સામાજિક જગત સાથે નિરંતર બંધાયેલાં એનાં શરીર અને મન! ક્યારેક આ બંને ભાગનું એવું વિચિત્ર અને વિસ્મયકારી મિશ્રણ થયું હતું કે એને લીધે એનું જીવન એટલું સંઘર્ષમય, એટલું ભ્રાંતિપૂર્ણ, ગૂઢ અને રહસ્યમય લાગતું હતું!

એનો સારથિ – સત્યસેન એ જ હવે અપ્રાપ્ય એવા અનંતના પ્રવાસે નીકળી પડ્યો હતો. એને પૂરેપૂરી ખબર હતી કે મહારથીનો અરધો યશ એના કુશળ સારથિ પર અવલંબે છે! એ લઈ જાય એ જ એની દિશા હોય છે, એ જ એની ગતિ હોય છે. એનો રોજનો સારથિ ચાલ્યો જવાથી આજ સુધી પાંડવોની ચતુરંગ સેનામાં મુક્તપણે ભ્રમણ કરનારો, વ્યાઘ્રચર્મ અંકિત એવો અજેય જૈત્રરથ હવે કુરુક્ષેત્ર પર જામેલાં લોહીમાંસનાં કળણમાં ગમે ત્યારે ખૂંપી જાય તેમ હતો!

શૂન્યમનસ્કભાવે, સ્થિર આંખે સત્યસેનની ઝળહળતી ચિતા તરફ એકીટશે જોતો તે દૃષદ્વતીના નીરવ તટે એકલો ઊભો હતો! વિષાદયુક્ત! બધિર? આત્મવિસ્મૃત? કે... કે ઇન્દ્રિયાતીત? પોતે જ ક્ષિતિજની સર્વ ધુમ્મસછાયાને તોડીફોડીને પાર પહોંચેલા જેવો?

હું સંપૂર્ણપણે જાણતો હતો કે એનાં પરાક્રમ મોટાં હતાં, ત્યાગ મોટો હતો, લોકપ્રિયતા ઘણી હતી અને સૌથી શ્રેષ્ઠ એની સૂર્યારાધના મોટી હતી, એની સાધનાથી એને પ્રાપ્ત થયેલી શુચિતા પણ મોટી હતી... પણ... પણ પાંચાલીની ધવલ પવિત્રતા પર એણે ભરસભામાં ઉછાળેલા કાદવમાં એની બધી જ મહાનતા ધોવાઈ ગઈ હતી. માનવતાનું અપમાન એકવેળા ક્ષમ્ય ગણી શકાય પણ જે સ્ત્રીની કૂખે માનવતા જન્મ લે છે એ સ્ત્રીત્વનું આવું ઘોર અપમાન કદી ક્ષમ્ય થઈ શકતું નથી! એ અક્ષમ્ય જ રહે છે! જે સમાજમાં અને રાષ્ટ્રમાં સ્ત્રીત્વ લજ્જિત થાય છે તે સમાજ અને તે રાષ્ટ્ર વિનાશની ઊંડી ગર્તામાં આપોઆપ ધકેલાઈ જાય છે!

છતાં એની વીરતાનો ભય પાંડવસેનામાં વ્યાપી ગયો હતો એ હું જાણતો હતો. કેમકે પાંચાલીના સ્ત્રીત્વનું એણે કરેલું અપમાન રાજમાતા કુંતીદેવીના સ્ત્રીત્વનું ગૌરવ કરીને થોડેઘણે અંશે એણે ભૂંસી નાખ્યું હતું. કુંતી સાથેનો પોતાનો નાતો એણે જગતની સામે જાહેર કરી દીધો હોત તો પાંડવો કૌરવોની સામે ઊભા જ ન રહેત! પાંચાલીના અપમાનનું વેર વાળવા માટે પણ તેઓ કૌરવો સામે થયા ન હોત!

પોતાના પુત્રને જન્મતાંની સાથે જ અશ્વનદીમાં ત્યાગ કરનારી આ માતાની કીર્તિ વૈભવના શિખર પર હોવા છતાં એને જાળવી હોય તો તે કર્ણે અને તે પણ પોતાના સર્વ પ્રકારના શારીરિક, માનસિક અને આત્મિક અવરોધો સહીને! ભરીસભામાં પાંચાલીનું અપમાન કરી શિરે ઓઢેલું પાપ એણે કુંતી જેવી મહાન સ્ત્રીનું ગૌરવ જાળવીને ખરેખર અંશતઃ ધોઈ નાખ્યું નહોતું?

પાંચાલીની પવિત્રતાનું અક્ષમ્ય માનખંડન પોતાના દ્વારા થયું છે એ ડંખ કર્ણના દિવ્યાત્માને જીવનભર ડંખતો રહ્યો હતો. મારી સાથે જ એણે પાંચાલી માટે આર્જવપૂર્ણ સંદેશો પાઠવ્યો હતો, 'શક્ય હોય તો મને ક્ષમા કરે!'

હિરણ્યમયીએ જણાવેલી પાંચાલીની કર્ણ પ્રત્યેની મોહકામના અને બે બે મહિનાની છ જણામાં વહેંચણી એણે વૃષાલીને મુખે સાંભળી નહોતી? તોપણ તે કૌરવોના પક્ષેથી જાણીબૂઝીને સમરાંગણમાં ઊતર્યો હતો. તે પ્રાણની કિંમત ચૂકવવાનો હતો! એક રીતે જોઈએ તો આ પાંચાલીનું વિશેષ પ્રકારનું ગૌરવ નહોતું?

અને આથી જ મને લાગતું હતું કે કર્ણનું શૌર્ય પાંડવો માટે ભયજનક હતું!

કોઈક નિર્ણય કરીને કર્ણ પથ્થર પરથી ઊઠ્યો. અંધારામાં ન દેખાતી પૂર્વ ક્ષિતિજ તરફ એણે સહેજ મીટ માંડી! એક દીર્ઘ નિઃશ્વાસ સાથે તે પોતાની શિબિર તરફ શાંતિથી આરામ કરવા વળ્યો. એટલામાં... 'ભા...ઈ'ના નામની હૃદય ધ્રુજાવતી, દૃષદ્વતીના પટની આજુબાજુના અંધકારને ચીરતી કરુણ ચીસ સંભળાઈ. આ સાંભળી સત્યસેનની ચિતાની જ્વાળા પણ ઘડીક કંપી ઊઠી! તે વૃષાલી હતી! સત્યસેનની બહેન! કર્ણની પત્ની!

સત્યસેન મરાયાના સમાચાર અશ્વત્થામાએ ઘોડેસવાર દ્વારા હસ્તિનાપુર મોકલ્યા હતા. એ સાંભળી સારથિકર્ણમાં નિપુણ એવી આ સારથિ-સ્ત્રી પોતાના ભાઈનાં અંતિમ દર્શન માટે બંધ તોડીને વહેતી નદીની જેમ પોતે જ રથ ચલાવતી સડસડાટ હસ્તિનાપુરમાંથી નીકળી હતી.

અંગ પરનાં વસ્ત્રોને ઝાળ લાગી હોય તેવી તે સત્યસેનની સળગતી ચિતા તરફ સડસડાટ ભાગતી હતી. કેવળ એની ચીસ પરથી એને ઓળખી ગયેલા કર્ણનું સ્મૃતિસરોવર એકાએક ખળભળી ઊઠ્યું. એક જ વિચારભ્રમર એના માથે ગુંજતો હતો... 'સૂતપુત્ર! સૂતપુત્ર!'

કર્ણની અવાક્ નિશ્ચલતા, નિઃશબ્દ નિઃસ્તબ્ધતા – તમામ વૃષાલીને જોતાં જ ક્યાંક અદૃશ્ય થઈ ગયા! સડસડાટ દોડતી, ભાનભૂલી પ્રિય પત્નીને એણે સામે જઈ પોતાના બળવાન બાહુમાં સમાવી દીધી! કેટકેટલી વિવિધ લાગણીનાં સ્પંદન આ આલિંગનમાં સમાવ્યાં હતાં!!!

'મહારાજ, મહારાજ' કહેતી તે પોતાનું ગોળ મટોળ મોં એની વિશાળ છાતીમાં

ધડાધડ પટકવા લાગી. સાચા અર્થમાં તે કર્ણપત્ની હતી, કુટુંબવસ્તલ હતી, પ્રેમાળ હતી – અન્ય માટે વ્યાકુળહૃદયા હતી, ત્યાગી હતી.

અંતે થાકીને પોતાનું માથું કર્ણની વિશાળ છાતી પર ટેકવી દીધું.

એની આ વિચિત્ર માનસિક અવસ્થામાં એમના ગાઢ આલિંગનને જોવા કાળામશ અંધકારે આંખ ખોલી! દૃષદ્વતીની લહરીઓ મંદ મંદ નાચતી હતી! કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ જાગી ઊઠી હતી!

છતાં તે મૂક હતો! એની વિશાળ આંખમાંથી ટપકતી અશ્રુની સતત ધારા એના શાંત પડેલા અને ક્ષિતિજની પાર પહોંચેલા એના મનને વારંવાર દઝાડી રહ્યા હતા.

ગદાના શિરોભાગ જેવા બંનેના ગોળમટોળ ચહેરા ચિતાની જ્વાળામાં સહેજ ચમકી ફરી એક બની ગયા હતા! એકમેકમાં લીન થઈ ગયા હતા! એકરૂપ થઈ ગયા હતા!

કર્ણની નસોમાંથી ધબકતાં લોહીનાં સ્પંદનો કદાચ એને મૂક સાંત્વન દેતાં હશે.' કાલે કાં અર્જુન કુરુક્ષેત્રની આ ઉદાર ભૂમિને હંમેશ માટે ભેટશે નહિતર.. નહિતર તારો પતિ સૂર્યબિંબનો સુયોગ્ય સન્માર્ગ સ્વીકારશે!

જીવનભર નિઃસ્વાર્થ સાથ દેનારી પોતાની પ્રિય પત્નીને જૈત્રરથમાં બેસાડી એને હસ્તિનાપુરના કૌરવોના રાજમહેલ પર પહોંચાડવા એ જાતે જ ગયો.

સાત

મહેલમાંથી બહાર નીકળતા એની દૃષ્ટિ આંગણામાં થાકીને ઊંઘી ગયેલા રાજહંસ પર પડી! મશાલના ધૂંધળા પ્રકાશમાં પેલા તળાવમાં તરતા ગર્વિલા રાજપક્ષીના લાંબા પ્રતિબિંબ ખળખળ વહેતાં પાણીમાં અસ્પષ્ટ દેખાતાં હતાં! તરત જ હાથમાં પોખરાજ મણિની વીંટી ટચલી આંગળીમાંથી કાઢી નાખીને તળાવમાં ફેંકી દીધી! પ્રતિબિંબ કંપી ઊઠ્યું! આમતેમ પગ પછાડવા લાગ્યું! તળાવમાં તરંગો ઊઠ્યા! એના ધમપછાડા જોઈ હું મનમાં હસી પડ્યો!

એક પછી એક ડગ ભરતો શિબિર તરફ જવા એણે વિશાળ રાજમહેલનો પ્રાચીન મહાદ્વાર ઓળંગ્યો! મહાદ્વાર પાસે સહેજ ઊભા રહી એણે વૃષાલીના કક્ષ તરફ નજર કરી. એક ગવાક્ષમાં સૌથી નાના પુત્ર વૃષકેતુને તેડીને તે ઊભી હતી. તે એક જ કર્ણપુત્ર યુદ્ધના વડવાનળથી દૂર હસ્તિનાપુરમાં હતો! પોતાને તેડી લેવા એણે હાથ ઊંચા કરી થોડી વાર ફાંફાં માર્યા પણ કર્ણે રાજમહેલની સામેની સીધી શ્વેત સીડી પર ચડતી વખતે પાછલાં પગથિયાં પર એક દૃષ્ટિ નાખી હાથ હલાવ્યા વગર મહાદ્વાર ઓળંગ્યો! સંયમી અને મૂક નિરધાર સાથે! સરોવરમાંથી બહાર નીકળતા હાથીની જેમ એ રાજમહેલની બહાર આવ્યો! મનને કાબૂમાં રાખી, ઉંબરે સઘળા સંબંધો મૂકી દઈને!!

અરધી રાત વીતી ગયા પછી તે રથમાં બેસી પોતાની શિબિર નજીક કુરુક્ષેત્ર પર આવ્યો. દુર્યોધન એની શિબિરના દ્વારે રાહ જોતો ઊભો જ હતો! અમારો કાલનો સેનાપતિ ચંપાનગરી ચાલ્યો ગયો કે શું એની શંકાથી દુર્યોધન વ્યાકુળ બની ગયો હતો! પણ કર્ણને જોઈ એનું મોં ખીલી ઊઠ્યું. શિબિરના દ્વારેથી બાણની જેમ આગળ સરકીને એ પોતે જ કર્ણના રથના ઘોડાને થાબડવા એણે વાયુજિતની પીઠ પરના પલાણને પોતાની ભરાવદાર

મુઠ્ઠીમાં પકડી લીધું. દોડતા ઘોડા થંભી ગયા! એમનાં મોઢામાંથી ફીણ નીકળવાં લાગ્યાં! ઉષ્ણ શ્વાસ નીકળવા લાગ્યા!

એ રથમાંથી નીચે ઊતરે એ પહેલાં જ દુર્યોધને એને પાસે આવીને પૂછ્યું, 'અંગરાજ, તારો સત્યસેન મરાયો. કાલે તારા રથના સારથિ કોણ થશે?' મશાલના ધૂંધળા પ્રકાશમાં દુર્યોધનનું અણિયાળું નાક ફૂલેલું દેખાતું હતું.

'રાજા, મને એક કુશળ, પ્રામાણિક સારથિ દે. કાલે મારા રથને વાયુનો ગર્વ હરણ કરે તેવી ગતિએ યુદ્ધભૂમિ પર મન ફાવે તેમ દોડતો તું જોઈશ!'

'કુશળ સારથિ? પ્રામાણિક સારથિ?' પોતાના સંકોચાયેલા, વિશાળ કપાળ પર સળની રંગોળી દોરતાં, ડાબા હાથ પર જમણા હાથની વાળેલી જોરદાર મુઠ્ઠી બેચાર વાર જોરજોરમાં પછાડી દુર્યોધન વિચારમાં પડી ગયો. એના કપાળ પર પરસેવાનાં ટીપાં બાઝી ગયાં હતાં. વક્ર અને જાડી ભ્રમરો વધુ વંકાઈ! મશાલના તાંબાવર્ણા અને પીળા પ્રકાશમાં એનું રાતુંચોળ મોં અતિશય ઉગ્ર દેખાતું હતું, કદરૂપું દેખાતું હતું. ભાવિનો ભેદ ઉકેલવા મોટી મોટી માંજરી આંખો ઝીણી કરીને પોતાનું ભેજું દોડાવી રહ્યો હતો. બારીકાઈથી જોતાં એના સંયમી ચહેરા પર ચિંતાની કાળી રેખા ઉપસેલી દેખાતી હતી.

કર્ણના રથનું સારથિપણું કરવા કયા સમર્થ યોદ્ધાને સોંપું એ એક જ વિચારમાં અસંખ્ય વળાંક લીધેલી પોતાની જીવનનૌકાને તે તદ્દન ભૂલી ગયો હતો. એના ભરાવદાર બાહુ પરથી અવારનવાર સરી પડતું રેશમી તારનું સુંદર રાજવસ્ત્ર, કુરુઓનું મૂલ્યવાન ઉત્તરીય અત્યારે પણ સરકીને ક્યારનું નીચે પડી ગયું હતું! રોજની જેમ જોરદાર ઝટકો દઈ એને ઉપર લઈ લેવાનું પણ એને ભાન રહ્યું નહોતું!

બંને મૂંગા ઊભા હતા. કુરુના રાજમહેલની પાષાણ મૂર્તિ સમા!

'અંગરાજ, તને ખરાબ ન લાગે તો એવો એક યોદ્ધો મને સૂચવવાનું મન થાય છે. એ એક જ તારા રથનું સારથિપણું કરવા યોગ્ય છે!' દુર્યોધનની પાષાણ મૂર્તિને વાચા ફૂટી.

'કોણ?' કર્ણે માથા પરનો મુગટ અને વજનદાર ઢાલ ઉતારી તાસકમાં મૂક્યાં. એના વાંકડિયા, ભરાવદાર સોનેરી કેશ શરદઋતુનાં પક્ષીઓની જેમ છૂટાછવાયા થઈને વિખરાયેલા હતા. ઢાલ ઉતારતી વખતે એણે એની ગર્વિલી ગરદનને મોહક મરોડ આપ્યો.

'મદ્રરાજ શલ્ય!' દુર્યોધને પોતાનો શક્તિશાળી જમણો હાથ એના વિશાળ ખભા પર મૂક્યો!

'શલ્ય? રાજા, શલ્ય એ પાંડવોના મામા છે, તું નથી જાણતો? રાજમાતા માદ્રીદેવીના સગા ભાઈ છે! આ યુદ્ધ ભલે જુગારમાંથી જન્મ્યુ, પરંતુ આ અંતિમ ઘડીએ તો હવે જુગારી યુદ્ધ ખેલવાનું બંધ કર!' એણે પોતાના કાન તરફ નીલી આંખો તાણી. સોનેરી કપાળ પર સળ પડી!

'કર્ણ, શલ્યનો મેં યુદ્ધ પહેલાં અન્ય રાજાઓ કરતાં વિશિષ્ટ આદરસત્કાર કર્યો હતો. મદ્રદેશથી તેઓ કુરુક્ષેત્ર આવવા નીકળ્યા હતા તે ખરેખર તો પાંડવોને મળવા જ! પણ ઠેકઠેકાણે એના માર્ગમાં સ્વાગતદ્વાર ઊભા કરીને ત્યાં રાજદૂત મૂકી એમને કિંમતી ભેટ આપી મેં એમને આપણા પક્ષમાં વાળી લીધા છે. યુદ્ધમાં કુરુઓ પ્રત્યે એકનિષ્ઠ રહેવાની એમણે દૃઢ પ્રતિજ્ઞા લીધી છે. છેલ્લા સોળ દિવસથી તેઓ જીવ સટોસટનું,

નિષ્ઠાપૂર્વકનું યુદ્ધ આપણી માટે લડ્યા છે. વારંવાર ભીમની સામે જઈ આપણા અનેક સમર્થ યોદ્ધાઓને સંરક્ષણ આપ્યું છે. વિશ્વાસ રાખ, શલ્ય હવે કદી પીઠ ફેરવશે નહિ! ક્ષત્રિય પશ્ચાત્તાપ કરતો નથી, પીઠ ફેરવતો નથી. સમય આવે પાવન થવા એ મૃત્યુને ભેટે છે. તું જાણે જ છે. સંબંધોમાં આસક્તિ સામાન્ય માણસને હોય છે, રાજાઓની આસક્તિ નિરાળી જ હોય છે. તે છે વચન – એકનિષ્ઠા – યુદ્ધભૂમિ પરત્વેની!' એણે કર્ણના ઉત્તરની પરવા કર્યા વગર મોટેથી તાળી પાડી. તરત જ પ્રભંજન શિબિરમાં પ્રવેશ્યો.

'પ્રભંજન, જા. મહારાજ મદ્રરાજ શલ્યને આદર સહિત લઈ આવ!' એણે શલ્યની શિબિર તરફ આંગળી કરી.

થોડી વારમાં એ બંનેની સામે શલ્ય ઉપસ્થિત થયા. એમને મનમાં હતું કે શિબિરમાં ફક્ત દુર્યોધન જ હશે, કદાચ અશ્વત્થામા કે શકુનિ હશે પણ કર્ણને જોઈ એની ભ્રમર વંકાઈ! કર્ણ સાથેના પોતાના સંબંધો વિશે એ અજ્ઞાત હતા! ઉપરાંત દિગ્વિજય દરમિયાન કર્ણે એની જીવલેણ દશા કરી નાખી હતી એ તેઓ ભૂલ્યા નહોતા. એની સામે વક્રદષ્ટિથી જોઈ શલ્યે પોતાના ઉત્તરીયના છેડાને ઝાટકો દીધો. એ સૂર્યપુત્રને શલ્યના આ દંભી ક્ષત્રિયત્વ પર ન રોષ ચડ્યો, ન તિરસ્કાર થયો કે ન ખેદ થયો! એ અચળ હતો! અવાક્ હતો!

'મદ્રરાજ, એક મહત્ત્વના નિર્ણય માટે મેં તમને અસૂરી વેળાએ બોલાવ્યા છે!' દુર્યોધને શાંતિનો ભંગ કર્યો.

'કયો નિર્ણય, કૌરવરાજ?' શલ્યે કર્ણથી પીઠ ફેરવીને પોતાની આંખો દુર્યોધન પર સ્થિર કરી.

'કાલના દિવસનો સંપૂર્ણ યશ કેવળ તમારા હાથમાં જ છે!' માંજરી આંખો સ્થિર કરીને દુર્યોધને શલ્યને પકડમાં લીધા.

'મારા પર? તે કેવી રીતે?' શલ્યને એના શબ્દોનું રહસ્ય ન સમજાતાં ભ્રમર ચડાવી પૂછ્યું.

'મદ્રરાજ, કાલ... કાલ કુરુના સેનાપતિનું – મહારથીનું સારથિપણું... કેવળ તમે જ કરી શકો તેમ છો!' દુર્યોધને પોતાનો શક્તિશાળી હાથ શલ્યના ખભા પર ટેકવ્યો અને એનું હૃદય જાણવા એણે શલ્ય સામે જોયું!

'રાજા...!' માત્ર આ બે જ અક્ષર શલ્ય બોલી શક્યા. બીજી જ ક્ષણે કર્ણ તરફ મોં ફેરવ્યું. સારથિ અશ્વના ખરબચડા વાળ તડતડ ખેંચી કાઢે તેમ એની વાણી તડતડવા લાગી.

'આ સૂતપુત્રે અંતે મારા પર વેર વાળવા આટલો ઘોર અને હલકો ઉપાય તને સૂચવ્યો? પાંડવો પર વેર ન વાળી શક્યો તે તારા દ્વારા હવે મારા પર વેર વાળવા માગે છે? રાજા, એક સારથિના રથનું સારથિપણું કરવા તું એક ઉચ્ચ કુળના ક્ષત્રિયને કહે છે! જેણે આપણા રથના ઘોડાની લગામ હાથમાં લેવાની હોય એના ઘોડાની લગામ હું હાથમાં લઉં? અમે હોવા છતાં તેં એને સેનાપતિ બનાવ્યો એ જ તારી બહુ મોટી ભૂલ છે – બિલકુલ અનુચિત છે!' શલ્ય ગરજી ઊઠ્યા.

છતાંય રાધેય અવાક્ હતો! અવિચલ હતો!! જાળીવાળા ગવાક્ષમાંથી બહારના અંધારાને એ સતત જોઈ રહ્યો હતો!

'મદ્રરાજ, જે કુરુઓ વતી લડવા તમે આજ અહીં ઉપસ્થિત થયા છો એ કુરુ દ્વારા અંગરાજ કર્ણની ક્ષત્રિયતાનું બહુમાન સૌ નગરજનોની સમક્ષ કરવામાં આવ્યું હતું. રાજ્યાભિષેક કરી એને સેનાપતિપદ દીધું હતું. ઉપરાંત કુરુ વતી લડવા આવેલા તમામ રાજાઓ દિગ્વિજયી અંગરાજાના ખંડિયા રાજા છે એ ભૂલી ન જાઓ. મારું ચાલ્યું હોત અને મારા હાથમાં સત્તા હોત તો મેં અંગરાજ કર્ણને પહેલે જ દિવસે કુરુના સેનાપતિપદે નીમ્યો હોત! મને પોતાને સારથિકર્મ કુશળતાથી કરતાં આવડતું હોત તો હું જ એના રથના ઘોડાને હોંશેથી હાંકતો હોત! નિર્ણય તમારા હાથમાં છે! લાખો યોદ્ધાઓની જીવનદોરી તમારી સારથિકલાના હાથમાં હોઈ આજે કુરુના જ્યેષ્ઠ યુવરાજ રૂપે તમને કટોકટીની વેળાએ મારું આ આહ્વાન છે!' દુર્યોધને અંતે ગદા પર હાથ ફેરવ્યો!

રોષે ભરાયેલા શલ્ય બીજી જ ક્ષણે વિચારમાં પડી ગયા. કર્ણના આગળથી સાંકડા પગને એકીટશે જોવા લાગ્યા. આંખો ઝીણી કરી. કપાળ પર રેખા વંકાઈ અને થોડી વાર વિચાર કરીને કહ્યું, 'કૌરવરાજ, હું તૈયાર છું!' શિબિર બહાર નીકળતાં શલ્યે પોતાના ઉત્તરીયને ઉપહાસમાં ઉડાડ્યો નહિ.

એ બહાર જતાં જ દુર્યોધને આવેશમાં આવી જઈ કર્ણનો પુષ્ટ હાથ પોતાના હાથમાં લીધો...

'અંગરાજ, પિતામહઃથી ન બની શક્યું, ગુરુ દ્રોણથી ન બની શક્યું તે તું જ કાલે કરી બતાવીશ. તને યાદ છે, અખાડામાં નીલકમલની માળા નીચે ચગદાઈ ગયેલો ધનુર્ધર કર્ણ! કાંપિલ્યનગરીમાં સ્વયંવર મંડપમાં તળાવમાં કાળું પડી ગયેલું મુખનું પ્રતિબિંબ જોનારો વીર કર્ણ તને યાદ આવે છે? ગંગા તટે સુદામનની ચિતાના ભડકા તને યાદ છે? ભાંગીને ભુક્કો થઈ ગયેલું શોણનું શિરસ્રાણ યાદ છે? પિતામહ, ગુરુ દ્રોણ, શોણ અને સત્યસેનનાં તરફડતાં પરાક્રમોનો અંત યાદ આવે છે તને? અંગરાજ, કાલે અર્જુનના ધનુષ્યની પ્રત્યંચા એવી રીતે તૂટવી જોઈએ કે એની સાક્ષાત્ તૂટેલી પ્રત્યંચાનો ફાંસો અર્જુનના શ્યામ ગળાની આસપાસ કચકચાવીને દઈ દેવાય! જેથી અર્જુન કેવી રીતે ભૂરો થઈ ગયો અને એકાએક કેવી રીતે ઢળી પડ્યો એ એના રથ પર બેઠેલા શ્યામ સારથિને ખબર પણ ન પડે! બોલ, અંગરાજ, બોલ! એણે એના પુષ્ટ ખભા હલબલાવી નાખ્યા. એની માંજરી આંખો કર્ણના વિશાળ લલાટ પર પોતાનું ભાવિ વાંચવા ચકળવકળ ફરી રહી હતી!

'રાજા, તને વિજય અપાવવા હું પ્રાણને હોડમાં મૂકીશ. જા, પણ આસપાસના નગરના યાચકોને કાલે છુટ્ટે હાથે જોઈએ એટલું દાન મળશે એમ ઢંઢેરો પીટાવ!' એણે દુર્યોધનને ધીરજ આપી.

ખુશીમાં આવી જઈ સરી પડેલા ઉત્તરીયને ઉપર ચડાવી એના ખભાને થાબડીને દુર્યોધન એની શિબિરમાંથી બહાર નીકળ્યો! આસપાસ રાખેલી મશાલોમાંથી એક મશાલ હાથમાં લઈ પ્રભંજન એને માર્ગ દેખાડવા લાગ્યો. બંનેની આકૃતિ દુર્યોધનની શિબિરમાં લોપ થઈ ગઈ. સોળમા દિવસની સુદ બીજની રાત્રે આવતી કાલના ગર્ભમાં શું છે એનો તાગ લેવા કુરુક્ષેત્રને ખોળામાં સૂવડાવી દૃષદ્વતીના કાંઠેથી વહેતો શીતળ વાયુ એને હાથથી થાબડતો હતો છતાં કુરુક્ષેત્રની નિંદ હરામ થઈ ગઈ હતી!!!

દૂતે દોડતાં આવીને અમને તમામ સમાચાર જણાવ્યાં! એ સાંભળતાં જ કોઈએ એક હાસ્યાસ્પદ પ્રસ્તાવ મૂક્યો, 'મદ્રરાજ શલ્યને સંબંધના રેશમી તાંતણાની યાદ અપાવી એને ફોડવા નકુલ-સહદેવને એની શિબિરમાં મોકલીએ! એ શક્ય ન હોય તો છેવટે શલ્યને સૂચના મોકલીએ કે કાલે યુદ્ધમાં સારથિપણું કરતી વખતે મર્મભેદી વચનો કહી શલ્યે કર્ણને વારંવાર એના હીન કુળની પ્રતીતિ કરાવી કર્ણનો તેજોભંગ કરવો!' કેવો વિચિત્ર પ્રસ્તાવ હતો!

આ પ્રસ્તાવ મૂકનારને ખબર નહોતી કે શલ્ય જેવો સ્વમાની રાજા પોતાના ઉજ્જ્વળ ક્ષત્રિયત્વને કલંક લાગે તેવું એકપણ કૃત્ય કરવા કદી તૈયાર થાય નહિ! સંબંધના સ્વાર્થે પણ નહિ! જો એમને એમ લાગ્યું હોત તો સોળ દિવસ સતત ગરજનારા, યુદ્ધમાં ઘૂમનારા એમણે કૌરવોનો ક્યારનો વિશ્વાસઘાત કર્યો હોત! કૌરવપક્ષે લડવાનું એને માન્ય ન હોત તો તેઓ પોતાનું વિશાળ સૈન્ય લઈ તત્કાળ મદ્રદેશ પાછા ફર્યા હોત!

આજ સુધી યુદ્ધમાં વીરોને ક્ષમ્ય એવી ક્રૂરતા જોઈ હતી પણ વિશ્વાસઘાત નહિ!!

અને કર્ણે ધાર્યું હોત તોપણ કર્ણનો તેજોભંગ કરવો શક્ય પણ નહોતો! પોતાની જન્મદાતા માતા પાસેથી પાંડવો સાથેનો એનો કયો નાતો છે એ જાણ્યા પછી પણ એ તેજોભંગ થયો નથી. પ્રત્યક્ષ મારા મુખેથી પાંડવપક્ષને સ્વીકારવાનો પ્રસ્તાવ જાણ્યા પછી પણ કૌરવપક્ષે જ લડવા જે સમરાંગણમાં ઊતર્યો હતો તે કર્ણ હવે ગમે તે થાય પણ તે ઘોર સંહારક થવાનો હતો. મૃત્યુના દ્વારેથી પિતામહ ભીષ્મે આપેલી સલાહને પણ વચનપાલન અર્થે કવચ-કુંડળની જેમ એક ક્ષણમાં ફગાવી દીધી હતી તે કર્ણ હવે પોતે એ સૂર્યપુત્ર છે એ જાણ્યા પછી શલ્ય દ્વારા કઈ રીતે તેજોભંગ થવાનો હતો?

આ કોઈ રીતે શક્ય નહોતું શલ્ય તરફથી કે કર્ણ તરફથી!!

મેં સૌને શાંતિથી સૂઈ જવા કહ્યું! મને ખબર હતી કે અમાસ પૂરી થઈ ગઈ તોપણ આવનાર રાત્રિ અતિ અંધકારમય હોવાની!

યુદ્ધનો સત્તરમો દિવસ ઊગ્યો. સુદ ત્રીજનો દિવસ હતો તે! બંને પક્ષે યુદ્ધસેના અરધાથી પણ ઓછી થઈ ગઈ હતી! અનેક શિબિરો હવે યોદ્ધાઓ વગરની સૂની હતી! અશ્વો વગરની અશ્વશાળા સમી!

સવારના પ્રાતઃકાળે કૌરવોના સેનાપતિ થયેલા જ્યેષ્ઠ પાંડવ કર્ણ ટેકરી જેવા કિલ્લા પર ઊભા હતા. છેલ્લા સોળ દિવસથી કર્ણ આ સ્થાન પરથી સૈન્યની ચહલપહલ જોતો આવ્યો હતો. આથી સૌને પરિચિત એવી આ જગ્યાને 'કર્ણ કિલ્લો' એવું નામ આપવામાં આવ્યું હતું. ઢંઢેરો પિટાવ્યો હોવાથી કુરુક્ષેત્રની આસપાસના નગરજનોના યાચકોથી આ તમામ ટેકરીઓ ઊભરાતી હતી! અનેકવિધ આકારના સુવર્ણ તાસક હીરા, માણેક, વૈદૂર્ય, મોતી, પ્રવાળથી ખીચોખીચ ભરી એની આસપાસ મૂકવામાં આવ્યા હતા. દિગ્વિજયમાં મેળવેલી અખૂટ સંપત્તિમાંથી રહીસહી ધનસંપત્તિને આજ ખુલ્લે મને સૌને દાનમાં દેવાનો હતો!

રાજપુરોહિતે જણાવેલ વહેલી પ્રભાતનાં શુભ મુહૂર્તે એણે પોતાની ગુલાબી હથેળીમાં હીરામાણેકથી ભરેલી તાસક લીધી! મુઠ્ઠી ભરીભરીને તે પ્રત્યેક યાચકને દાન દઈ બે હાથ

જોડી વિનયપૂર્વક વંદન કરતો હતો. એણે પોતાનું મસ્તક જરાસંધ સામે નમાવ્યું નહોતું. શલ્ય, શીઘ્ર, રુક્મરથ વગેરે અભિમાની રાજાઓ સામે ઝુકાવ્યું નહોતું, પરાક્રમી પાંડવો સામે ઝુકાવ્યું નહોતું, એકાદ-બે પ્રસંગ સિવાય મારી સામે પણ કદી નમાવ્યું નહોતું, કસોટીના પ્રસંગે જામદગ્નિપુત્ર પરશુરામ સામે પણ નમાવ્યું નહોતું એ કર્ણ પુષ્ટ, ગોળ, સોનેરી સૂર્યફૂલ સમું મસ્તક પેલા ફેંટાવાળા ખેડૂત યાચકો સામે જ માત્ર પ્રત્યેક વેળાએ આદરથી નમાવતો હતો!! કેમ? શા માટે? એ હું જાણતો હતો. કારણ... નગરજનોની અંતરની શુભેચ્છાઓ કોઈનાય આશીર્વાદ કરતાં પણ શ્રેષ્ઠ હોય છે! એટલે તે આજે નગરજનોના આશીર્વાદ લઈ રહ્યો હતો. એક યોદ્ધા રૂપે!

એનું દાનકર્મ પૂરું થતાં રોજની જેમ સૂર્યકિરણોનાં સોનેરી પારિજાત ફૂલોની વર્ષા કુરુક્ષેત્ર પર થઈ નહિ! આકાશનું નીલરંગી છત શ્વેત-શ્યામ વાદળોથી છવાયેલું હતું!

રોજ સૂર્યોદય સાથે કલરવ કરતાં કુરુક્ષેત્રની આસપાસનાં કદંબ, કિંકર, મધુક, કિંશુક વગેરે હરિયાળાં ઘટાદાર વૃક્ષો પરનાં પક્ષીઓ ચાંચમાં ચાંચ ભરાવી અમસ્તાં જ ઘૂમતાં હતાં. ઊલટું સૂર્યોદય થતાં જ રોજ કુરુક્ષેત્ર પર ડોલતાં તૃણ આજે વાંકા વળીને અર્ધબીડેલી આંખની જેમ ઢળી પડ્યાં હતાં. એના પર શારદીય ઝાકળબિંદુ ચમકતાં નહોતાં! કારણ વાતાવરણ ગમગીન હતું!

આઠ

આજની યુદ્ધભૂમિ ‘અમીન’ નામે એક અતિશય ઊંચી ટેકરી તળેટી પાસેની પસંદ કરવામાં આવી હતી! પૂર્વ તરફ કૌરવોની અને પશ્ચિમ તરફ પાંડવોની સેના યુદ્ધભૂમિ પાસે એકઠી થઈ હતી.

મદ્ર, મગધ, મત્સ્ય, મથુરા, માલવ, વત્સ, વંગ, વિદેહ, વિધર્મ, કુલિંદ, કિરાત, કાશી, કોસલ, કંબોજ, કામરૂપ, નિષાધ, આભીર, ગાંધાર વગેરે આર્યાવર્તમાંના સૌ દેશોના યુદ્ધોત્સુક યોદ્ધાઓ યુદ્ધને અંતે શું થશે એ વિચારતાં કુરુક્ષેત્રની આસપાસ ઊભા હતા. નિષ્ઠાપૂર્વક લડવા માટે તેઓ તૈયાર હતા. શાકલ, ગિરિવ્રજ, વિરાટનગર, અવંતિ, પ્રયાગ, તામ્રનગર, કુસુમપુર, કુંડિનપુર, ચંદનાવતી, કાષ્ટમંડપ, વારાણસી, અયોધ્યા, ચંપાવતી, મહિષ્મતી, પુષ્કરાવતી સૌ રાજનગરના વિવિધ રંગોના, વિવિધ આકારોના તમામ રાજધ્વજ યુદ્ધભૂમિને વંદન કરતાં ડોલતા હતા.

આજે કૌરવસેનાએ સૂર્યબિંબની જેમ ગોળ આકાર ધારણ કર્યો હતો! કેટલાય જોજન સુધી પથરાયેલી આ ગોળાકાર સૈન્યરચના સેનાપતિ કર્ણના જૈત્રરથની પાછળ ઊભી હતી! રાધેયે પોતાના જૈત્રરથને વંદન કરીને પ્રદક્ષિણા કરી. આંખ મીંચીને તે સૂર્યમંત્ર ભણવા લાગ્યો.

મૃત્યુદેવ યમના વાહન મહિષના આકારે પાંડવોની સેના અર્જુનના નંદીઘોષ રથની પાછળ ઊભી હતી! એનું સૈન્ય છેક અમીન ટેકરીની તળેટી સુધી પહોંચ્યું હતું.

શૂલ, તોમર, પટ્ટા, ગદા, દિવ્યાસ્ત્ર, ખડ્ગ, ચક્ર, ભીંદિપાલ, શતઘ્ની અને અસંખ્ય પ્રકારનાં બાણના ભાથાથી જૈત્રરથનો પાછળનો ભાગ ઠાંસોઠાંસ ભરેલો હતો. સાંકળ-

ચિહ્નવાળો ધ્વજ રથના સ્તંભ પર ફરકી રહ્યો હતો. કાંડાં પર બાંધેલા રજનીગંધાની કુમળી કળીઓના ગજરાથી શોભતા કર્ણે પોતાનો જમણો પગ રથના પગથિયે મૂક્યો. એના ભારથી હલબલી ઊઠેલા રથની ઘંટડીઓ રણકી. પુષ્પમાલા ડોલી. માથા પરનો ધ્વજ સહેજ નમ્યો અને ફરી પાછો સીધો થઈ ગયો. વીર સેનાપતિ રથારૂઢ થયા અને તરત જ એના સારથિ શલ્ય રથનીડ પાસે ગયા. એમણે એના હાથીદાંત સમા દેખાતા ઊંચા શ્વેત અશ્વોની લગામ હાથમાં લીધી. એમાંનો એક અશ્વ ઊંચો હતો! વ્યાઘ્રચર્મથી મઢેલા ઘુમ્મટમાં ખોસેલી ચાબુક ખેંચીને શલ્યે હાથમાં લીધી!

શલ્ય-સારથિ! હું મનમાં હસી પડ્યો. કાળે શલ્ય સામે બહુ મોટું વેર લીધું હતું.

પાંડવસેનાના અગ્રભાગમાં ઊભેલા અર્જુનને મેં રથારૂઢ થવા કહ્યું પણ એ યથાવત્ ઊભો હતો! રથમાં ચડી હું હાથમાં લગામ અને ચાબુક ન લઉં ત્યાં સુધી એ નંદીઘોષ પર ચડે નહિ! સહેજ હસીને મેં નંદીઘોષ પર ડાબો પગ મૂક્યો! જાણીજોઈને! હાથમાં ચાબુક લઈ જોરથી ફટકારી.

રથારૂઢ થઈ મેં મારા શ્વેત પાંચજન્ય શંખમાંથી યુદ્ધપ્રેરક ધ્વનિ ઉત્પન્ન કર્યો અને તરત જ અર્જુન રથારૂઢ થયો. અર્જુને પણ દેવદત્ત શંખ અસ્સલ મારી જેમ ફૂંક્યો!

આજે પહેલી વાર અમારી સેનાએ અમારા બેનાં નામનો જયઘોષ કરી કોલાહલ મચાવી દીધો. એ જયઘોષનો અવાજ અમીન ટેકરીની ભારેખમ દીવાલો સાથે અથડાઈ ફરી પાંડવસેનામાં ઘૂમી વળ્યો. કુરુક્ષેત્રનું વાતાવરણ ગુંજી ઊઠ્યું.

આકાશ હજી ધૂંધળું હતું! કુરુક્ષેત્ર પરની નીલી છતને વીંધીને જતાં જયઘોષના તુમુલ અવાજથી જ આકાશ ભલે સ્વચ્છ થઈ જતું!

પાંડતસેનામાંથી જયનાદ સાંભળતાં જ કુરુનો આ સેનાપતિ ખીલી ઊઠેલા સૂર્યમુખીની જેમ ખીલી ઊઠ્યો!... હવે તે કેવળ કર્ણ નહોતો, રાધેય નહોતો, કૌંતેય નહોતો! લોહીના સંબંધો કવચ-કુંડળની જેમ ક્યારના અલોપ થઈ ગયા હતા! એ હતો કેવળ સેનાપતિ – કેવળ પ્રજ્વલિત સૂર્યપુત્ર! એણે એક ક્ષણ પૂર્વ દિશા તરફ આચ્છાદિત આકાશ સામે જોયું. પોતાનો વિશાળ શ્વેત 'હિરણ્યગર્ભ' શંખ બંને હાથથી કરેલી અંજલિમાં મજબૂત રીતે પકડીને એણે પાછળ ઊભેલી કૌરવસેનાની ગોળાકૃતિ પર એક નજર કરી. બીજી જ ક્ષણે વિશાળકાય હાથીના પગ જેવો દેખાતો એનો કંઠ ભાગ ફૂલ્યો. નસો તણાઈ. વિશાળ છાતીમાં હવા ભરી એણે એના યોદ્ધાઓનાં રૂંવાડાં ઊભાં કરી દીધાં. હું ખુદ જાણતો નહોતો એવો કોઈ દિવ્યધ્વનિ એ હિરણ્યગર્ભ શંખમાંથી સતત ઉત્પન્ન કરવા લાગ્યો! દુંદુભિ, નગારાં, મૃદંગ, ડંકા વગેરે રણવાદ્યોના અવાજને વીંધી એના શંખનો ધ્વનિ પાંડવસેના સુધી પહોંચ્યો. મેં સ્પષ્ટ સાંભળ્યો! એ ધ્વનિ નહોતો. એ ઘૂઘવતાં પ્રકાશનાં મોજાં જ હતાં!!

પોતાના જમણા હાથમાંનું વિજય ધનુષ્ય વારંવાર ઊંચું કરી, 'આ...રો...હ, આ...ગમ' એવી ઘોષણા કરતો તે પર્વકાળમાં ઘૂઘવતા સમુદ્રની જેમ ઘૂઘવાટા કરતો આગળ ધપવા લાગ્યો! વંટોળિયાનાં મૃત્યુગીત લઈને! વીજળીના કડાકા બનીને! ચારેબાજુની ભૂમિને ભસ્મીભૂત કરવા જ્વાળામુખી બનીને! આચ્છાદિત સૂર્યનું કુરુક્ષેત્રને ત્રાહિમામ્ કરવાનું કાર્ય પુત્રની ફરજ સમજીને જાતે પાર પાડવા પ્રતિસૂર્ય બનીને!

આટલી વિશાળ કૌરવ-પાંડવની સેનામાં મારા સિવાય બીજું કોઈ જાણતું નહોતું કે

એ સૂર્યપુત્ર છે! કૌરવોના સૈનિકો 'અંગરાજ' નામે એની ઘોષણા કરતા હતા. પાંડવસેના એને 'રાધેય' સમજીને એનાં પરાક્રમોનો આપણને કોઈ ભય નથી એવી ભ્રમણામાં રાચતા હતા. કોઈ જ એને 'સૂર્યપુત્ર'થી બિરદાવતું નહોતું!!! છતાં પોતાને સંપૂર્ણપણે ઓળખી ગયેલો આ અડગ, અમીત, વીર્યવાન, અમીર્ષી, અશરણ, દાનવીર સૂર્યપુત્ર ચડાઈ કરી રહ્યો હતો.

એને સંરક્ષણ દેવા એના પુત્ર વૃષસેન, ચિત્રસેન તથા અશ્વત્થામા, શકુનિ, દુઃશાસન, કૃપ, દુર્યોધન, કૃતવર્મા વગેરે કૌરવ યોદ્ધાઓ પાંડવસેના પર આક્રમણ કરવા લાગ્યા.

હું નંદીઘોષ પરથી ફરી નીચે ઊતર્યો. શિબિરમાં જઈ રથચક્રની ધરીમાં ઊંજવાનું તેલ લઈ આવ્યો! અમારા નંદીઘોષનું રક્ષણ કરવા ભીમ, સાત્યકિ, ઉત્તમૌજા, ધૃષ્ટદ્યુમ્ન, નકુલ, સહદેવ, યુયુધાનના રથો દોડવા લાગ્યા. ધૂળના ધુમાડાથી આકાશ ઘેરાઈ ગયું. રણવાદ્યો, જયઘોષ, હાથીના ચિત્કારો, અશ્વોના હણહણાટ, રથચક્રોના ઘરઘરાટ, તાણેલી પ્રત્યંચાના ટંકાર – સૌ એક થઈને નીકળતા વિચિત્ર ધ્વનિઓ અમીન ટેકરીની તળેટી સુધી જઈ ત્યાં અથડાયા. એમાંથી અનેક પ્રતિધ્વનિઓ ચારેબાજુ ગુંજવા લાગ્યા. યુદ્ધભૂમિના ખાડાટેકરા પરથી દોડતાં રથ પરની ધજાપતાકા હાલકડોલક થવા લાગી. ચાબુક ફટકારવાના અવાજ અશ્વોના હણહણાટમાં વિલીન થઈ ગયા. સામસામી દિશામાંથી આવતાં ગરુડ પક્ષીઓનાં ઝુંડ પાંખો ફફડાવતાં એકમેક સાથે ભયાનકતાથી ટકરાય તેમ આ બે સેનાઓનાં યોદ્ધાઓનાં બાણો એકમેક સાથે ટકરાતાં હતાં! સેનાએ સેનાને ભીડી! યુદ્ધનો આરંભ થયો.

રથમાંથી ફેંકી દીધેલા મૈરયક મદ્યના ખાલી ઘડા કુરુક્ષેત્ર પર ગબડાવા લાગ્યા! ઘડા સાથે અથડાવાથી રથની સમતુલા જળવાતી નહોતી અને એની પાછળ આવતા અનેક ઘોડેસવારો રથ પર ગબડી પડવાથી રથના ચૂરેચૂરા થવા લાગ્યા.

કર્ણનો રથ ધરતીને જોરથી ઝાટકા દેતો હંસવર્ણા અશ્વોને એવી રીતે ખેંચી લાવ્યો કે ક્ષણ પહેલાં યુદ્ધભૂમિની એક હરોળ પાસે ઊભેલો પેલો અરિંદમ મહાવીર પાંચાલના હાથી, ઘોડા, પાયદળથી ખીચોખીચ ભરેલી પાંડવસેનામાં ક્યારે ઘૂસી ગયો એની એને ખબર પણ ન રહી! તે નિર્ભય સેનાપતિએ એટલો મોટેથી આદેશ આપ્યો કે રથમાંથી અને ઘોડા પરથી પડી ગયેલા કૌરવસૈનિકો ફરી સાવધાન થઈ ગયા. જે મળે તે વાહન પર આરૂઢ થઈ પાંચાલો પર તૂટી પડ્યા. મહાનદી અસંખ્ય મોજાંનાં તાંડવનૃત્ય સાથે સમુદ્રને મળવા જાય તેમ દારૂ અને યુદ્ધમસ્તી અંગમાં ભરી કૌરવોના ઘોડા, હાથી, પદાતીની ઉન્મત્ત અને ઊછળતી સેંકડો સેના લઈને એ આવ્યો હતો. એની ડાબીજમણી બાજુએ પ્રસેન અને ચિત્રસેન અને એની પાછળ વૃષસેન – એના ત્રણ વીર પુત્રો એનું રક્ષણ કરતાં દોડી રહ્યા હતા.

કિરણો સહિત સૂર્યબિંબ જ તૂટી પડ્યો કે શું એવો મને સહેજ વાર ભાસ થયો!

એને સામે આવતો જોઈ અમારી પાછળ ઊછળી રહેલી ઇન્દ્રપ્રસ્થની સેનાને થોડી વાર રોકી રાખવા માટે અર્જુનનો રથ મેં વચમાં મૂક્યો! કેમકે મને ખબર હતી કે આંખોથી મારું બરાબર નિરીક્ષણ કર્યા પછી જ અર્જુન પર હુમલો કરવા એ આવી રહ્યો હતો! એની ચપળ હાલચાલ પરથી એનો ખ્યાલ આવતો હતો.

એ જેવો નજીક આવ્યો કે તરત સહેજ પાછળ હટેલું ડાબા હાથનું ધૃષ્ટદ્યુમ્નનું પાંચાલ સૈન્ય એકદમ ફંટાઈને અમારી સેના સામે આવીને ઊભું રહ્યું. ધૃષ્ટદ્યુમ્નને પહેલા

પ્રહારની ચાલ મેં એને આગલી રાત્રે જ સમજાવી દીધી હતી. નક્કી કર્યા પ્રમાણે એણે અમારી સામે પોતાની પાંચાલ સેના ઘુસાડીને એ જ્વાળામુખીને પોતાની સામે કર્યો! એકાએક પાંચાલ સેનાને સામે આવેલી જોઈને ઉન્મત્ત હાથી સરોવરમાં ઘૂસે એમ તે સીધો પાંચાલ સેનામાં ઘૂસ્યો! હાથમાંનું વિજય ધનુષ્ય ઊંચું કરતો, ગોળ ગોળ ફેરવતો, વિષારી બાણની વર્ષા પાંચાલની વિશાળ હસ્તિસેના પર સતત વરસાવવા લાગ્યો. અંગેઅંગમાં ઝેર ચડવાથી હાથીઓ અમળાઈને અહીંતહીં ભાગવા લાગ્યા. એમના કર્કશ ચિત્કારથી પાંચાલ સેના વિમાસણમાં પડી ગઈ! ધૂળના ધુમાડાની મલિનતાથી આકાશ વધારે મલિન થઈ ગયું!

દ્રૌપદીના સ્વયંવર વખતે એનું ભરીસભામાં અટ્ટહાસ્ય સાથે થયેલું અપમાન જે પાંચાલ યોદ્ધાઓએ જોયું હતું એમના પર આજે આ સૂર્યપુત્ર કાળ બનીને ત્રાટક્યો હતો. તેઓ ભયથી ચીસો પાડતા હતા. ધગધગતો યજ્ઞકુંડ સમિધોને બાળીને ભસ્મ કરી દે તેમ એનાં અગ્નિબાણ પાંચાલ વીરોને સળગાવી નાખતા હતા. ડાળીએ ડાળીએ તાંબાવર્ણાં ફૂલોથી ઊભરાતાં પલાશ વૃક્ષ પર તામ્રવર્ણાં સારંગ પક્ષીનાં ઝુંડનાં ઝુંડ ઊતરી આવે ત્યારે વૃક્ષ કેવું લાલચટ્ટક દેખાય એવો જ લાલચટ્ટક, સંતપ્ત રાધેય ભયાનક દેખાતો હતો. પર્વતની તળેટીના ગીચ મેદાનમાં સળગેલી આગ સડસડાટ જંગલ તરફ ફેલાય તેમ તે નિર્ભયપણે પાંચાલની રક્ષણાત્મક હારની હાર ભેદતો, એને અનુસરતા વીરોને ચેતવણી દેતો આગળ ને આગળ ધપી રહ્યો હતો.

આખી જિંદગી હૃદયને કોરી રહેલી ભ્રમણા આજે દૂર થઈ ગઈ હતી. હવે એના અંગમાં કેવળ યુદ્ધની એકમેવ મદિરા ચડી હતી. તે દોડતો આવી રહ્યો હતો. મેદાનમાં ચરી રહેલા વન્યઅશ્વોના ટોળા પર ક્રોધી ઉપવાસી સિંહ તૂટી પડે તેમ તે પાંચાલ સેના પર તૂટી પડ્યો.

એક અડધી ઘડીમાં એણે પાંચાલની આગલી હરોળની સેનાને ફેંદી નાખી. એનાં બાણ તીડનાં ટોળાં જેવાં હતાં. અનરાધાર વરસતાં વરસાદનાં ટીપાં જેવાં બાણ એકમેકની પૂંછડી પકડી સતત વરસી રહ્યાં હતાં. હાથના ખોબલામાં સમાય એટલાં પાંચ-છ બાણ લઈ એકીસાથે તે ફેંકતો હતો. એક મટકું મારે એટલામાં તો અસંખ્ય બાણ એના ભારે ધનુષ્યમાંથી ફેંકાઈ ચારેદિશામાં ફેલાઈ જતાં હતાં. ક્યારે ભાથામાંથી બાણ લઈ ક્યારે પ્રત્યંચા પર ચડાવી ક્યારે ફેંકતો તેનો કોઈને ખ્યાલ જ આવતો નહોતો. નદીના પૂરના વહેતા પ્રવાહમાં નાગરમોથ સતત ડોલતી રહે તેમ બાણ ફેંકતી વખતે એનાં હાથ અને આંખ સતત હલનચલન કરી રહ્યાં હતાં! ક્ષણે ક્ષણે પાંચાલો પટપટ ધરતી પર ગબડી પડતાં પાછે પગે સરકી રહ્યા હતા. સૈન્યમાં ભંગાણ પડ્યું હતું. પાંચાલના નાયક ધૃષ્ટદ્યુમ્ને પીછેહઠ કરી.

પીછેહઠ કરતી પાંચાલ સેનાને રોકવા અને એને સહાય કરવા ચેદિ, સાત્યકિ, ઇન્દ્રપ્રસ્થની પાંડવસેના દોડી. પણ બહારનાં ઝરણાંનાં પાણીનો અસ્વીકાર કરતા ભરતીના સમુદ્ર જેવા દીર્ઘબાહુ, જ્યેષ્ઠ પાંડવ તેમને પીછેહઠ કરાવવા લાગ્યો. ચેદિના હસ્તિસૈન્યમાં ઘૂસી જઈ એણે એવો હાહાકર મચાવ્યો કે ચેદિને પોતાનું કોણ અને શત્રુ કોણ એનું ભાન ન રહ્યું! પહેલી જ વારમાં કર્ણે ભાનુદેવ, ચિત્રસેન, સેનાબિંદુ, તપન અને શૂરસેન જેવા વિખ્યાત પાંચાલ વીરોને યમલોક પહોંચાડી દીધા. સેંકડો, હજારો ચેદિવીર અને સાત્યકિને

એના ઊંચા રથ નીચે ચગદી નાખ્યા. ગગનમંડળમાં વીજળી ગડગડાટ કરતી સ્વચ્છંદપણે ફરે તેમ તે ચતુરંગદળમાં 'મારો, મારો'ની બૂમ મારતો ઘૂમવા લાગ્યો.

મેં પાંચાલ સેનાની પાછળથી અર્જુનની સેનાને હળવેકથી બહાર કાઢી કર્ણની સંશપ્તક સેનાને ઘેરી. અર્જુનનાં અમોઘ બાણ મારા માથા પરથી સૂ... સૂ... કરતાં ઊછળી રહ્યાં હતાં. સંશપ્તક રસ્તો દેખાય ત્યાંથી ભાગવા લાગ્યો. અર્જુનની સેના એનો પીછો કરવા લાગી. બાણ ફેંકીને એને છિન્નભિન્ન કરી નાખી.

નવ

આગલી હરોળ તોડીને અંદર પ્રવેશતાં કર્ણ અને યુધિષ્ઠિર સામસામા આવ્યા. ધર્મપ્રિય યુધિષ્ઠિરનો રથ સામે દેખાતાં એણે પહેલાં જ બાણે એના રથ પરની શ્વેત પતાકા સીધી નીચે પાડી દીધી. કલગી તૂટેલા મોર જેવા રથને કર્ણથી બચાવવા યુધિષ્ઠિર આઘોપાછો થતો હતો પણ દરેક દ્વાર પાસે એણે કર્ણ સામે ભટકાતો હતો! એના દેહ પર બાણ ફેંકવાને બદલે રથના સ્તંભ અને કાષ્ઠના ભાથાના અગ્ર ભાગ પર કર્ણ બાણ એવી રીતે ખોસી દેતો હતો કે હાથમાં ધનુષ્ય હોવા છતાં પેલા ખોસેલા બાણને લીધે યુધિષ્ઠિર સહેજ પણ હાલીચાલી શકતો નહોતો! ઘણા વખત સુધી યુધિષ્ઠિરની આવી દુર્દશા કરી છેવટે એણે એના સારથિ ઇન્દ્રસેનને રથ નીચે પાડી દીધો! તરત જ ઇન્દ્રસેન મરાયો!

એકલા પડી ગયેલા યુધિષ્ઠિરને મદદ કરવા ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ, દ્રૌપદીના પાંચ પુત્રો, શિખંડી, ભીમ, નકુલ, સહદેવ દોડ્યા. એની ચારેબાજુના ઘેરાને રાધેય એવી રીતે ભેદતો હતો કે એ બધા ભેગા મળીને પણ એના પર આક્રમણ કરી શકતા નહોતા!

એક પ્રહર પૂરો થતાં આકાશ નિરભ્ર બન્યું! કુરુક્ષેત્રની ભૂમિ પ્રકાશિત થઈ ઊઠી. પોતાનાં કિરણોથી સમસ્ત ચરાચર સૃષ્ટિને ચેતનાથી ભરી દેતાં આકાશના સમ્રાટ સવિતાનારાયણ પૂર્વ દિશામાં આવીને ઊભા રહ્યા! એનાં તપ્ત કિરણોનો ભુજાને સ્પર્શ થતાં જ એણે એક ક્ષણ પોતાનું વિજય ધનુષ્ય મૂકી દીધું અને આંખોથી એ તપતાં સૂર્યદેવના તેજોરસને ગટગટ પીવા લાગ્યો! એને માટે આ જ મદિરા હતી. એના હાથમાં ધનુષ્ય ન જોતાં એના સારથિ શલ્ય 'સૂતપુત્ર! સૂતપુત્ર!' કહીને એને સાવધાન કરવા લાગ્યો! શલ્ય સત્ય જાણતો નહોતો – અને જાણતો હોય તો એ અકળ નહોતું જ નહોતું!

સૂર્યદર્શન થતાં જ શરીર સાથે એ મહાવીરનું મન પણ પ્રસન્ન થઈ ગયું. સામેની યુદ્ધભૂમિ એ સોનેરી આકાશવીરને તૃણ સમાન તુચ્છ લાગી. ક્રૌંચ પક્ષીનાં પીછાં જેવાં રંગીન બાણ ફેંકતાં જ પેલા પ્રભદ્રક, ચેદિ અને પાંચાલ વગેરેની સેના શાર્દુલની જેમ ગર્જના કરતી ઘૂસી.

કર્ણને ઉલઝનમાં પડેલો જોઈ તરત તક સાધી મહાપરાક્રમી ભીમે કૌરવસેનામાં મદ્ર, ગાંધાર, સૈંધવ સૈન્યના હજારો સૈનિકોને સમુદ્રની ભરતી ધૂંધળી પાળને તોડી નાખે તેમ તોડીફોડી નાખ્યા અને આગળ ધપવા લાગ્યો. એના શક્તિશાળી પુત્રને – ઘટોત્કચને કર્ણે મારી નાખ્યો હતો એનો કાંટો હજી એના હૃદયમાં એને ચૂભતો હતો. એ વાયુપુત્ર ભીમ યુદ્ધભૂમિમાં આંખો ઘુમાવતો કર્ણના પુત્રને પોતાની શક્તિશાળી બાહુમાં દબાવી દેવાની તક શોધતો હતો અને એને તક મળી.

સંકુલ યુદ્ધના ધુમ્મસમાં કર્ણ પાસેથી ક્ષણે ક્ષણે દૂર થતો જતો પ્રસેન એના દુર્ભાગ્યે ભીમની નજરે ચડ્યો! હિમાલયના લાંબાપહોળા અને ઊંચા શિખર સામે નિષાધ પર્વત ટેકરી જેવો લાગે તેમ ભીમ પાસે તે વામન જેવો દેખાતો હતો છતાં નિષાધ પર્વતની જેમ તે ભીમ સામે અડગપણે ઊભો રહ્યો! એ વીર કર્ણપુત્ર ભીમ સાથે થોડી વાર લડ્યો પણ... પણ અંતે ભીમે ફેંકેલા એક ચંદ્ર બાણથી ઘાયલ થઈ ધરતી પર ઢળી પડ્યો અને તરફડીને મૃત્યુ પામ્યો.

'પ્રસેન મરાયો! પ્રસેન મરાયો! ભીમે માર્યો!' આ સમાચાર વાયુવેગે કર્ણ સુધી પહોંચ્યા.

ચેદિ તથા પાંચાલ સેનાને દૂર કરતો ભીમના રથની ધજાને લક્ષમાં રાખી પોતાના મૃત પુત્ર પાસે આવ્યો! એનો નિશ્ચેત દેહ જોઈ એના હાથમાંનું વિજય ધનુષ્ય કંપવા લાગ્યું અને તરત જ હાથમાંથી સરી પડ્યું!

'પ્રસેન, પ્રસેન' કરતો તે રથમાંથી કૂદ્યો. ઊંધા પડેલા પોતાના પ્રિય પુત્રના મૃતદેહને સીધો કરી એના દેહ પરથી ધૂળ ખંખેરી એનું મોં પોતાની હથેળીમાં લીધું! એની આંખમાંથી સરતાં અશ્રુપ્રવાહમાં એના મુખ પર જામેલી ધૂળ પણ થોડી વહી ગઈ! થોડાંક ગરમ આંસુ કુરુક્ષેત્રની ભૂમિમાં વેરાયાં!

ઊભા થઈને એણે એક પળ આકાશ તરફ જોયું! એના લાંબા વિશાળ દેહના પડછાયામાં ચિરનિદ્રામાં પોઢેલા પ્રિય પુત્રના મૃતદેહને કૌરવોના શબ ઉઠાવનારા સેનાપ્રમુખોએ ઊંચક્યો! એણે કઠણ હૃદયે પીઠ ફેરવી લીધી! જીવનના આભાસી સત્ય તરફથી! યોદ્ધાઓને ઠેકઠેકાણે મોહપાશમાં બાંધી દેનાર માયાવી જગત તરફથી! હાથીના ગંડસ્થળ પર સિંહ છલાંગ મારે એવી જ રીતે ઝડપથી ચાલીને રથ પર છલાંગ મારીને એ ચડ્યો! ચક્રની ધરી ઘરઘર ફરવા લાગી. વારંવાર ખાડાટેકરા ઓળંગવા જતાં રથને હડદોલા લાગવાથી એના રથચક્રમાંના ડાબા ચક્રની લોખંડી ધરી એકદમ ઘસાઈ ગઈ હતી! એના તરફ જોવાની એને ફુરસદ પણ નહોતી. ક્રોધાગ્નિ ઓકતી એની આંખો ભીમને શોધી રહી હતી! શલ્યની કડકડતી ચાબુક શ્વેત અશ્વોની તાપમાં ચમકતી પીઠ પર વાગવા લાગી!

યુદ્ધભૂમિની ડાબી દિશામાં એના જ્યેષ્ઠ પુત્ર વૃષસેન અને નકુલ વચ્ચે રોમાંચક પંજાફાડ મારામારી ચાલી રહી હતી! નકુલ જેવા કુશળ પાંડવ યોદ્ધાથી હારે એવો આ કર્ણપુત્ર નહોતો! ઊલટું પોતાનાં પરાક્રમને પ્રદર્શિત કરવાની તકનો નિષ્ઠાપૂર્વક ઉપયોગ કરતો હતો. એ નકુલને ત્રાહિમામ્ કરી રહ્યો હતો. 'હું કર્ણપુત્ર વૃષસેન!' કહીને નકુલને ઉશ્કેરતો એના પર એક પ્રહર સુધી બાણોનો મારો ચલાવી એને પૂરેપૂરો વીંધી નાખ્યો. જેમ કર્ણની આંખથી દૂર હટી ગયો હતો તેમ અહીં પણ વૃષસેન પાસેથી પલાયન થયા સિવાય બીજો કોઈ વિકલ્પ નકુલ માટે રહ્યો નહોતો. નકુલ મદદ માટે આમતેમ ઉત્સુકતાથી જોતો હતો પણ અર્જુન સહિત ત્રણે પાંડવો સંકુલ યુદ્ધમાં કયા સ્થાને યુદ્ધ કરી રહ્યા હતા એની એને ખબર પડતી નહોતી! એણે શંખ ફૂંકી મદદ માટેનો આર્દ્ર પોકાર કરતો કરુણ અવાજ કાઢ્યો. એ સાંભળતાં જ પાંડવોની સેનામાં અગ્રક્રમે રહેલ મહાપરાક્રમી સાત્યકિ નકુલની વહારે ધાયો!

સાત્યકિ અને વૃષસેન વચ્ચે ઘનઘોર યુદ્ધ થયું! પણ થોડી વારમાં જ સાત્યકિએ એક વિષારી લિપ્ત બાણ બારી વૃષસેનને મૂર્ચ્છિત કરી દીધો! લડી લડીને થાકેલો જ્યેષ્ઠ કર્ણપુત્ર શિખર પરથી ગબડતા પથ્થરની જેમ રથમાંથી ધડામ અવાજ સાથે નીચે ગબડી પડ્યો! ચપળ દુઃશાસને પાસે આવી એ મૂર્ચ્છિત વીરને યુદ્ધભૂમિમાંથી બહાર આણ્યો! એના પ્રત્યેના પ્રેમના કારણે નહિ! પણ દુઃશાસનને ભીમની પકડમાંથી છટકવું હતું તેથી!

ચેદિએ માંડમાંડ સાચવી રાખેલા હસ્તિદળ પર કર્ણ ફરી ત્રાટક્યો. રહ્યાસહ્યા હાથી સૂંઢ હલાવતાં ચીં ચીં ચિત્કાર કરતા આમતેમ નાસભાગ કરવા લાગ્યા. ધૃષ્ટદ્યુમ્ન, ઉત્તમૌજા, સાત્યકિ, યુયુધાનમાંથી એક પણ પાંડવવીર આ અગ્નિની મહાન નદીનાં મોજાં સામે ટકવા સમર્થ નહોતા! આજનો કર્ણ સૌને માટે અનિરુદ્ધ હતો.

વાસાત્ય, નિષાદ અને સૈંધવની ચતુરંગસેનાનો પોતાની ગદાથી ફૂરચો બોલાવી થૈ થૈ નાચતો ભીમ 'દુઃશાસન ક્યાં છે? દુઃશાસન ક્યાં છે?' એવી કર્ણકર્કશ બૂમરાણ મચાવી રહ્યો હતો.

સુશર્માના નેતૃત્વ નીચે લડતી સંશપ્તકની સેનાને રગડતો અમારો નંદીઘોષ કૌરવસેનાના સૂર્યગોળાકારને અરધાથીય વધારે પાર કરી આગળ ધપી રહ્યો હતો!

અમીન ટેકરીની તળેટીમાં જાતજાતના અવાજોના પડઘાથી ગુંજતી કુરુક્ષેત્રની ભૂમિ પર ફક્ત ત્રણ જ વીર સમસ્ત સેનામાં સ્વચ્છંદપણે વિહરી રહ્યા હતા – કર્ણ, અર્જુન અને ભીમ! એમની લડનારી સેના પીછેહઠ કરી ભાગવા લાગી.

ચારેબાજુથી સંકુલ યુદ્ધનો મધપૂડો તૂટી ગયો હતો! વસંત ઋતુમાં ફળોથી લચી પડેલાં પીપળ વૃક્ષ પર પક્ષીઓનાં ઝુંડનાં ઝુંડ હલ્લો કરે તેમ બંને સેનાના યોદ્ધાઓનાં સૈન્યો એકમેક પર આવેશથી આક્રમણ કરતા હતા. ઊંચા રથ પર ઊભેલા પાંડવ અને કર્ણ આદિ યોદ્ધા સિવાય અન્ય કોણ ક્યાં લડે છે એ કોઈ જાણતું નહોતું.

દસ

પોતાના પરાજયનું વેર વાળવા વ્યાકુળ યુધિષ્ઠિર દ્રવિડ અને નિષાદના સુરક્ષિત સૈન્ય સાથે ફરી યુદ્ધભૂમિમાં કર્ણ સામે ઊભા રહ્યા! પોતાના પુત્રવધથી રોષે ભરાયેલા આ મહારથીએ પહેલે ધડાકે યુધિષ્ઠિરના દંડધર અને ચંદ્રદેવ – આ બે ચંદ્રરક્ષકોને એક ઝાટકે ધરતી પર રોળી નાખ્યા! પોતાનાં પરાક્રમ પર પોતે ચિડાયેલા યુધિષ્ઠિરે પણ આવેશમાં આવી જઈ એના રથને ભીડ્યો! આ સત્તર દિવસમાં યુધિષ્ઠિર આટલા ઉશ્કેરાયેલા ક્યારેય દેખાયા નહોતા!

'સૂતપુત્ર! સૂતપુત્ર!' કહેતાં એણે બાણ ફેંકી ફેંકીને કર્ણના રથને છાવરી દીધો.

'નિષ્ક્રિય! માત્ર નામનો જ ક્ષત્રિય!' કહીને એને ધૃતકારતા કર્ણે એનાં બાણના આવરણને પળવારમાં ભેદી નાખ્યો.

નારાચ, સર્પમુખ, કંકપુખ જિહ્મ, સન્નતપર્વ, નિશિત, બસ્તિક જેવાં બાણોમાંથી જે હાથવગાં થયાં તે બાણોને કેવળ એમની પૂંછડીથી પારખી જઈ જરૂરી શક્તિ કામે લગાડી તે યુધિષ્ઠિર પર એવી રીતે ફેંકવા લાગ્યો કે ધુમ્મસનો ગાઢ થર હિમાલયના શિખરને ઘેરી વળે તેમ એને ઘેરી લીધો! એની મદદ માટે દોડેલા સાત્યકિ, યુયુત્સુમાંથી એક પણ યોદ્ધો કૌરવોના આ અજેય સેનાપતિનો સામનો કરી શક્યા નહોતા.

એની બાણવર્ષા અસહ્ય થતાં યુધિષ્ઠિર, સાત્યકિ અને યુયુત્સુ એક જ રથમાં ચડીને યુદ્ધભૂમિની બહાર ભાગી છૂટ્યા! જતાં જતાં યુધિષ્ઠિરે ફેંકેલું એક સૂચિ બાણ રાધેયના જમણા કાનની નજીકના મર્મસ્થાન પર ઘૂસી ગયું. મૂર્ચ્છિત થઈને તે ધરતી પર ઢળી પડ્યો કે નહિ તે પાછળ વળીને જોવા એકેય ઊભા ન રહ્યા! કર્ણ મૂર્ચ્છિત થઈને ઢળી પડ્યો.

શલ્યે રથમાંથી ઢળી પડેલા કર્ણના મસ્તકમાંથી બાણ ખેંચી લીધું. રથમાં મૂકેલી ચામડાની મશકમાંથી ઠંડાં પાણીનો છંટકાવ એના મોં પર કર્યો. થોડી વારમાં તે શુદ્ધિમાં આવ્યો. એના મગજમાં ચડેલી યુદ્ધની મદિરાનો નશો સહેજે ઊતર્યો નહોતો! ઊતરવાનો પણ નહોતો!

કર્ણથી ભાગી છૂટેલા યુધિષ્ઠિર યુદ્ધભૂમિની બહાર નીકળ્યા પછી શિબિરમાં સ્વસ્થ ચિત્તે બેસી રહ્યા નહોતા! એમનું કંઈ અનિષ્ટ થયું હશે તો? એ શંકાથી અર્જુન લક્ષ ચૂકી જતો હતો. યુધિષ્ઠિર સુરક્ષિત છે એમ જણાવીને અર્જુનને વિશ્વાસમાં લીધા સિવાય છૂટકો નહોતો. કેમકે તો જ એ એકાગ્રતા કેળવી શકે તેમ હતો. નંદઘોષની ગતિ ધીમી પાડી મેં અર્જુનને સેનાની બહાર કાઢ્યો. એનો રથ યુધિષ્ઠિરની શિબિર પાસે લાવીને મૂક્યો. રથચક્રનો અવાજ સાંભળી યુધિષ્ઠિર દોડીને બહાર આવ્યા. એને થયું કે વારંવાર મારો પરાજય કરનાર સૂતપુત્રનો વધ કરી એનો પ્રિય પાર્થ મને સમાચાર આપવા આવ્યો છે!!

અર્જુને શિર ઝુકાવી એમને જણાવ્યું કે, ‘હજી સુધી યુદ્ધભૂમિમાં એને કર્ણનો ભેટો જ થયો નથી.’ આ સાંભળી સંયમી અને શાંત લાગતા યુધિષ્ઠિર ઊકળી પડ્યા.

‘તારું ગાંડીવ ધનુષ્ય કુરુક્ષેત્રના સૂર્યકુંડમાં ફેંકી દે!’ યુધિષ્ઠિરે ભાન ગુમાવી ક્રોધના આવેશમાં કહ્યું. યુદ્ધમાં લડી લડીને અર્જુનના અંગેઅંગમાં લોહી તપી ઊઠ્યું હતું. ક્રોધાવેશમાં અર્જુન ગાંડીવ ધનુષ્ય લઈ પિતાતુલ્ય એવા પોતાના પ્રાણપ્રિય મોટાભાઈ પર સીધો ધસ્યો! આટલો આવેશ અશ્વત્થામા કર્ણ પર ધસ્યો ત્યારે એનામાં પણ નહોતો!!

કેટલાક પ્રસંગો માણસના સંયમની પાળ તોડવા જ નિયતિ ઊભા કરતી હશે! આજ તે નિયતિ યુધિષ્ઠિર અને અર્જુન વચ્ચે આવીને ઊભી રહી ગઈ હતી.

મેં વચમાં પડીને એ બંને કૌંતેયને શાંત પાડ્યા. ‘કર્ણનો વધ કર્યા સિવાય શિબિરમાં પાછો ફરીશ નહિ!’ એવી કઠોર પ્રતિજ્ઞા લઈ અર્જુન ફરી રથ પર ચડ્યો! હું મનમાં હસ્યો! હંમેશની ટેવ પ્રમાણે!

ત્યાં યુદ્ધભૂમિ પર કર્ણ અને સાત્યકિ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું! અનુભવસંપન્ન સાત્યકિ અને પરાક્રમમાં અશરણ એવો કર્ણ બંને એકમેક પર બિનમોસમી વરસાદનાં કાળાં મેઘની જેમ ટકરાતા હતા. આ સોળ દિવસમાં સાત્યકિ કોઈથી પરાજય થયો નહોતો. સાત્યકિ એ પાંડવોની સુરક્ષાનું મજબૂત કવચ હતું. ભીષ્મ-દ્રોણ પણ સાત્યકિનો પરાજય કરી શક્યા નહોતા; પરંતુ આજે તે કર્ણ પાસે સાવ નિસ્તેજ થઈ ગયો હતો!

નકુલ, સહદેવ અને ધૃષ્ટદ્યુમ્ને દુર્યોધનને ઘેર્યો હતો. યુદ્ધમાં દરેક પાસાં અવળાં પડતાં હતાં તોપણ વનકેવડાના ઊંચા દંડ જેવો અહંકારી દુર્યોધન પોતાની માંજરી આંખો ફાડી આ ત્રણે સાથે મક્કમતાથી લડી રહ્યો હતો! પાંચાલીના અપમાનનું શલ્ય જેના હૃદયમાં કોરી રહ્યું હતું એ ધૃષ્ટદ્યુમ્ન પોતાની બહેનના અપમાનનો જવાબ વાળવા નૈમિષારણ્યમાં વનરાજ સિંહના તીક્ષ્ણ દાંતની જેમ બંને હાથમાં બે બે ખડ્ગ લઈ એના

તરફ ધસ્યો! સૌ પ્રથમ કૂદકો મારી સારથિ પ્રતિકામનનો વધ કરી નાખ્યો અને દુર્યોધનને ટીપી નાખવા તક શોધતો તે તેના રથની આસપાસ આંટા મારવા લાગ્યો. સર્વનાશનું મૂળ એવા એ અહંકારી મહાન વટવૃક્ષે મદદ માટે કર્ણને બોલાવવા શંખ ફૂંકવા માંડ્યો! કારણ તે એક જ એનો આધાર હતો!

છેલ્લા શ્વાસ સુધી એને પડખે ઊભા રહેવાની પ્રતિજ્ઞા લીધેલ એ વચનપ્રિય દાનવીર સાત્યકિને એ જ દશામાં છોડી દુર્યોધનને મદદ કરવા તત્પરતાથી દોડ્યો!

કર્ણનો અને દુર્યોધનનો મેળાપ ન થાય તે માટે એની આડે આવેલા વ્યાઘ્રકેતુ, સુશર્મા, ચિત્ર, ઉગ્રાયુધ, જય, શુક્લ, રોચમાન, સિંહસેન વગેરે આઠ પ્રખ્યાત રથીઓને આ સૂર્યપુત્રે જીવનમુક્તિનું સહજ દાન દીધું!

એના રથના શ્વેત ઘોડાનો શ્વેત વસ્ત્રો જેવો એક સળંગ પટ્ટો ચાલ્યો આવતો હોય એમ એના ઘોડા ગતિમાં દોડતા હતા. ઘડીક પહેલાં પૂર્વમાંથી પશ્ચિમ તરફ તો ઘડીકમાં દક્ષિણથી ઉત્તર તરફ એમ મનમાં આવે તેમ આકાશમાં ઉડાન મારતાં ગરુડ પક્ષીની જેમ ઊછળતા હતા.

દુર્યોધનની આસપાસ જામેલા સંકુલ યુદ્ધના પ્રલયકારી સંઘર્ષમાં તેણે જિષ્ણુ, વિષ્ણુકર્મા, દેવાપી, દંડ જેવા વીરોને રથ નીચે રોળી નાખ્યા. હવે કર્ણ ક્યાંથી આવી આપણને ક્યારે ધમરોળી નાખશે એનો ભરોંસો પાંડવસેનાને રહ્યો નહોતો. શરદઋતુમાં આવતાં સમુદ્રપક્ષી સમાં એનાં બાણ અનપેક્ષિત રૂપે આવી એમને વીંધી રહ્યાં હતાં! ગતિ, શક્તિ, આકાર, પ્રભાવ, દિશા સૌ એના સેવક બની ગયાં હતાં! રથચક્રની ઘરઘર સાથે રણભૂમિની આંધીની જેમ તે આવી રહ્યો હતો! વર્ષાઋતુમાં પર્વતમાંથી ભેખડો ધસી પડતાં લોહી જેવા લાલ રંગની પાણીની ધારાને ઝીલતો ગૈરક પર્વતની જેમ તે શરીર પર લોહી વહેતાં અસંખ્ય જખમો ઝીલતો આવી રહ્યો હતો! એની કાનની તૂટેલી બૂટ પરથી વહેતાં પ્રસ્વેદ બિંદુઓ અંગ પરના જખમોમાંથી વહેતાં લોહીમાં ભળી જતાં હતાં. અને એ રથમાંથી પડી કુરુક્ષેત્ર પર ટપ ટપ પડતાં હતાં! બાણવર્ષા કરતી વખતે કપાળ પર જામેલાં પ્રસ્વેદ બિંદુ લૂછતી વખતે શલ્યને વિશ્વાસ નહોતો બેસતો કે આ સર્વશ્રેષ્ઠ ક્ષત્રિય છે! એ તો એને 'સૂતપુત્ર, સૂતપુત્ર' કહીને જ ચડાઈની દિશા સૂચવી રહ્યા હતા. જેમ જેમ આકાશમાં સૂર્ય ઉપર ચડતો ગયો તેમ તેમ કર્ણની બળવાન ભુજામાં તીવ્ર ગતિનો સંચાર વધતો ગયો.

હવે સૂર્ય એકદમ માથે આવતો હતો. એને ભુલાવામાં નાખનાર યોદ્ધાઓના પડછાયા હવે એના પગના તળિયે આવી ગયા હતા! ઘાયલ થઈને ઢળી પડેલા સૈનિકો બળબળતા તાપને સહન કરી શકતા નહોતા. આથી રથ નીચે તેઓ આશ્રય લેવા ઘસડાતા ઘસડાતા રથ તરફ જવા લાગ્યા! લોહીમાંસથી ખદબદતા કીચડમાં ઘોડાનાં પૂંછડાં, હાથીની તૂટેલી સૂંઢો, યોદ્ધાઓના છટપટતા હાથપગ દ્વારા સ્પષ્ટ સમજાતું હતું કે પ્રાણી માત્રમાં જીવવાની આસક્તિ કેટલી તીવ્ર છે! અત્યાર સુધીમાં કર્ણે પાંડવસેનાનો ભારે સંહાર કરી નાખ્યો હતો.

શુદ્ધિમાં આવેલા વૃષસેનને લઈને દુઃશાસન ફરી કૌરવસેનાના ઊછળતા મહાસાગરના વહેતા પ્રવાહમાં ઘૂસ્યો! જ્યાં નહોતું જવાનું ત્યાં જ – દુર્યોધન, કર્ણ, શકુનિ સાથે ભીમ,

નકુળ, સહદેવ, ધૃષ્ટદ્યુમ્નનું સંકુલ યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યાં જ એ આવી ચડ્યો! ભૂલથી વાઘની બોડમાં ઘૂસેલા કાળિયારની જેમ!

ઝેરીલા સાપને જોઈને ક્રોધાવિષ્ટ થઈ, ફૂંફાડા મારતો ગાલ ફુલાવી ચિત્કાર કરતો ઊંચી છલાંગ મારતા નોળિયાની જેમ ભીમ એને જોઈને જ રથમાંથી મોટી છલાંગ મારી ગાલ ફુલાવીને ગગનભેદી અવાજે બરાડ્યો! એનો અવાજ એટલો ભેદક અને કર્કશ હતો કે શું થઈ ગયું તે જાણવા સૌ યોદ્ધાઓના હાથમાં શસ્ત્રો ઘડીક વાર થંભી ગયા. એ ભયાનક અવાજ સાંભળી સાક્ષાત્ ભીમના રથના જ સશક્ત અને પરસેવાથી લથબથતા લાલ ઘોડાઓ ગભરાઈને ઘૂંટણ વાળીને નીચે બેસી પડ્યા! એના સારથિ વિશોકે નીચે ઊતરી ઘોડાને બૂચકારીને માંડ માંડ ઊભા કર્યા. મૈરયક દારૂ પીને બનેલી ભીમની લાલચોળ આંખો વધુ લાલઘૂમ દેખાવા લાગી! એની ભરાવદાર મૂછોના વાળ એકાએક ઊભા થઈ ગયા! નાકનાં ફોડવાં ફૂલી ગયાં! ગોળમટોળ ચહેરા પર પરસેવાનાં ટીપાં બાઝી ગયાં! પોતાના ગાલ ફુલાવી તે ગર્જતો હતો, 'નીચ, ઊભો રહે!'

ક્રોધી ભીમને એ પણ ભાન નહોતું કે કર્ણ, શકુનિ, કૃપ, અશ્વત્થામા વગેરેના રથમાંથી જાતજાતનાં શસ્ત્રો એના અંગ પર, ગમે તે મર્મસ્થાન પર વાગી શકે તેમ હતાં. એણે વિશોકને દૂર કરી રથની લગામ પોતાના હાથમાં લીધી!

અડફટમાં આવતાં પોતાનાં અને કૌરવ સૈનિકોનાં ટોળાંને રથ નીચે ચગદી નાખતો પળવારમાં તે દુઃશાસનની નજીક પહોંચી ગયો! નિરંકુશ થયેલી વેર ભાવના સાથે એ વાયુપુત્ર આકાશપવનની જેમ અટ્ટહાસ્ય કરવા લાગ્યો! એના અટ્ટહાસ્યથી દુઃશાસન થીજી ગયો! પોતાના પર ધસી પડતી પર્વતની ભેખડથી બચવા પોતાના માળામાં સંકોચાઈને બેસી રહેતા સ્યેન પક્ષીની જેમ તે રથમાં છુપાઈને બેસી ગયો. વંટોળિયા સામે માંડ માંડ ટકી રહેતા પતતોન્મુખ બુરજ જેવો તે દેખાતો હતો! જુગાર પછી વસ્ત્રાહરણના પ્રસંગે વન્યઘોડાની જેમ હણહણતો દુઃશાસન આજે બિલ્લીની જેમ છુપાઈ ગયો હતો! ખેતરમાં ઘૂસી જતાં આખલાની જેમ દોડીને આવતા ભીમને રોકવાની તાકાત એનામાં નહોતી. આજુબાજુ ઊભેલા એકેય કૌરવયોદ્ધામાં પણ નહોતી! ભીમના રૂંવેરૂંવે આંધી વ્યાપી ગઈ હતી! મૃત્યુને ધ્રુજાવતો 'દુઃશાસન, નીચ!' એવી કર્કશ વાણી ઉચ્ચારતા ભીમે દુઃશાસનના રથને સીધો ભીડ્યો!

રથના મજબૂત સ્તંભને પકડી દુઃશાસન તેને વળગી રહ્યો. ત્યારે ભીમે રથમાં ચડી એને બળપૂર્વક નીચે ખેંચ્યો!

ગંજીમાંથી ઘાસની ભારી ખેંચી કાઢે તેમ દુઃશાસને દ્રૌપદીને સૌ રાજસ્ત્રીઓની સામે ખેંચી હતી. આજે સૌ કૌરવયોદ્ધાની હાજરીમાં મહાબળવાન ભીમે લહેરાતા ધાનનાં ખેતરોમાં મોં ભરાવી ધાન ખાતાં આખલાને કુશળ ખેડૂત ગરદનથી પકડી ખેંચી કાઢે તેમ એને રથમાંથી નીચે ખેંચી કાઢ્યો. રથમાંથી ગબડી પડેલી એની ગદા ધૂંધવાયેલા ભીમે લાતથી ઉડાડીને એના પર ફેંકી. ગબડી પડેલા દુઃશાસને એને માંડમાંડ ઝીલી લીધી!

સૌને રોમાંચિત કરી મૂકે તેવું ગદાયુદ્ધ શરૂ થયું! એકબીજા સાથે ટકરાતી એમની ગદામાંથી અગ્નિના તણખા ઊડતા હતા! એકમેક પર પ્રાણઘાતક લક્ષ લેતા આ બંનેની

ક્રોધથી રાતીચોળ આંખમાંથી પણ ક્રોધાગ્નિના તણખા ઊડતા હતા! મર્મસ્થાન પર પ્રહાર કરવા તેઓ એકમેક પર દૃષ્ટિ માંડી સહેજ અટકી શક્ય એટલી સાવધાની રાખી એક એક પગ માંડી તક મળતાં જ 'ખ...ણ, ખ...ણ' એવા જોરદાર પ્રહારની વીજળી એકબીજા પર પાડવા લાગ્યા! શરૂઆતમાં દુઃશાસન આક્રમક હતો! ચિત્તાની જેમ પગ માંડી અચાનક છલાંગ મારવાનો એ પ્રયત્ન કરતો હતો પણ સજ્જડ દેખાતો ભીમ ગદાયુદ્ધમાં ગદાના અવાજમાં પવનની લહેરથીયે વધારે ચપળ હતો એ એને ખ્યાલ નહોતો!

થોડી વાર સુધી એ બંનેને પોતાના બે સિવાય કુરુક્ષેત્રમાં અન્ય લાખો યોદ્ધાઓ પણ ઉપસ્થિત હતા એનું એમને ભાન જ રહ્યું નહોતું!

છેવટે ભીમે એક જોરદાર પ્રહારથી એને ઢાળી દીધો! શીમળાનું કાંટાળું વૃક્ષ પવનના તોફાનમાં ઊખડીને પડી જાય તેમ આ મૂરખ, બળવાન દુઃશાસન ઢળી પડ્યો! ભીમે હાથમાંથી ગદા ફેંકી દીધી! ચપળતાથી આગળ દોડતા, બરાડા પાડતા આ વાયુપુત્રે એનો ગદાવાળો જમણો હાથ પોતાના બંને હાથમાં જોરથી પકડી લીધો! હાથીના પગ જેવો પોતાનો વજનદાર પગ એણે દુઃશાસનની જમણી બાજુની કમર પર મૂક્યો. એ સમયે ભીમ જાણે ત્રીજા લોક પર પગ મૂકી એને ઢાંકી દેતાં વામનાવતાર જેવો ભયાનક લાગતો હતો! દુઃશાસનના હાથમાંથી ગદા છૂટીને દૂર ગબડી પડી!

એક-બે વાર ભીમે દુઃશાસનના બાહુનો લક્ષ લેવા એને સાંધામાંથી હડબડાવી જોયો! બીજી જ ક્ષણે 'પાંચાલીના પવિત્ર ચીરનો સ્પર્શ કરનારા આ પાપી બાહુને હું આકાશમાં ઉલાળી દઉં છું!!' આંખો મીંચીને મોટેથી ગર્જના કરતા એ અખૂટ શક્તિશાળી ગદાવીરે દુઃશાસનના બાહુને, ભીલ જંગલમાં કાંદાની ગાંઠોને જડમૂળમાંથી ઉખેડી નાખે તેમ એક જોરદાર ઝટકા સાથે, એના ખભાના સાંધામાંથી ઉખેડી નાખ્યો!! ધૂંઆપૂંઆ થયેલા ભીમે આકાશ સામે જોઈ પેલા વિવિધ આભૂષણોવાળા નિર્દય બાહુને ગોળ ગોળ ફેરવી, યોદ્ધા પર ગદા ફેંકે તેમ ક્યાંય દૂર ખૂણામાં ફેંકી દીધો! સૌ યોદ્ધાઓનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં!

આટલેથી ભીમને સંતોષ થયો નહિ! દુઃશાસનની જ, એના હાથમાંથી છટકીને ગબડી પડેલી ગદા એણે ઊંચકી! એને ખૂબ ઊંચી કરી એક જોરદાર પ્રહાર વિહ્વળ દુઃશાસનની છાતી પર કર્યો. મદોન્મત્ત હાથીના પગ તળે કીડીઓના દર છૂંદાઈ જાય તેમ એની છાતી છૂંદાઈ ગઈ! ભાંભરડા જેવી આર્ત ચીસો પાડતો દુઃશાસન શાંત પડી ગયો! લોહીની સેર વછૂટી! અશ્રુની ધાર છૂટી! રોમાંચ ચિત્કારી ઊઠ્યા!

હાથમાંથી ગદા ફેંકી દઈ ભીમ ઘૂંટણભર નીચે બેઠો! 'આવો! જેનામાં તાકાત હોય તે આ સાવજનું લોહી પીતા આ વનરાજને રોકવા આવો!' આજુબાજુ દૂર ઊભા રહેલા દુર્યોધન, શકુનિ, કૃપ, અશ્વત્થામા અને કર્ણ – આ તમામ કૌરવયોદ્ધાઓને ઉદ્દેશીને એણે મોટેથી કહ્યું. એની લાલચોળ આંખોમાંથી ક્રોધાગ્નિની લાલ જ્વાળાઓ વરસતી હતી.

તરસ્યો વાઘ ઘાટ પરના ઝરણામાં મોઢું નાખે તેમ દુઃશાસનની છાતીમાંથી વહેતી લોહીની નદીમાં એણે વાઘ જેવું પોતાનું વિકરાળ મોઢું ભરાવ્યું. દુઃશાસનનું ગરમ ગરમ લોહી મૈરયક દારૂને ઘડાથી પીએ તેમ તે ગળેથી ગટગટાવતો હતો! આ જોઈ સૌ ધ્રૂજી ગયા!

સૌએ આંખો દાબી દીધી! કેટલાક બેભાન થઈ ગયા! જોકે મારા હાથમાંથી નંદીઘોષ રથની લગામ સહેજે લથડી નહિ!

મૈરયક કરતાંય દુઃશાસનનાં લોહીનો નશો ભીમને વધુ ચડ્યો! દુઃશાસનના લોહીથી ખરેડાયેલા પોતાના હાથ ઉપર હલાવતો તે યુદ્ધભૂમિમાંથી 'પાંચાલી! પાંચાલી!' એમ બૂમો મારતો સીધો શિબિર તરફ વળ્યો. આજે વહેલી સવારે જ એણે પોતાની શિબિરમાં પાંચાલીને બોલાવી લીધી હતી! પોતાની ઘોર પ્રતિજ્ઞા પૂર્ણ કરી હવે એ દ્રૌપદીના છુટ્ટા કેશમાં દુઃશાસનનું લોહી સીંચવાનો હતો! વસ્ત્રહરણ પ્રસંગ પછી છુટ્ટા રાખેલા એના વિપુલ કેશમાં લોહી સીંચી એ પોતાને હાથે જ કાંસકો લઈ આટલાં વર્ષો પછી તેના કેશ ઓળવાનો હતો! ઉન્મત્ત ભીમ યુદ્ધભૂમિમાંથી બહાર નીકળ્યો ત્યારે જ સૌના શ્વાસ હેઠા બેઠા!

અગિયાર

હવે યુદ્ધભૂમિ પર શું બનશે અને કેવી રીતે બનશે તે કહી શકાય તેમ નહોતું. ભય, ક્રૂરતા, શૌર્ય વગેરે સ્વૈર ભાવનાઓનો વિસ્ફોટ ક્યારે થશે તે કહી શકાય તેમ નહોતું. આજે યુદ્ધનો યજ્ઞકુંડ સર્વગ્રાહી અગ્નિમાં રૂપાંતર થઈ ગયો હતો.

ભીમ, કર્ણ, અર્જુન ત્રણેએ મળીને લાખો યોદ્ધાઓને યમસદનમાં પહોંચાડી દીધા હતા. તેમને જોતાંવેંત જ સૌ સૈનિકો નાસવા મંડતા!

યુદ્ધભૂમિ પર વહેતો લોહીમાંસનો કાદવ યોદ્ધાઓના અને હાથીઘોડાઓના પગ તળે અને રથચક્ર નીચે થઈ વહેતો વહેતો દક્ષિણ તરફ ઊતરતા ઢાળ તરફ એકઠો થવા લાગ્યો હતો! ત્યાં કાદવનો પટ તૈયાર થઈ ગયો હતો!! કોઈપણ દક્ષ અને કુશળ સારથિ પોતાનો રથ એ તરફ લઈ જવા તૈયાર નહોતો! જમણી બાજુ ચાલી રહેલું નકુલ અને કર્ણપુત્ર વૃષસેન વચ્ચેનું યુદ્ધ ચરમ સીમા પર પહોંચ્યું હતું! બેમાંથી કોઈ કોઈનું શરણું સ્વીકારે તેવા નહોતા!

પાંચાલીના કેશનો અંબોડો વાળી પાછા ફરેલા ક્રોધી ભીમ અને કર્ણ બંને અથડાયા!!

એકમેકને જોતાંવેંત તેઓએ શતશૃંગ પર્વતના બે મદોન્મત્ત હાથીએ હાથણી મેળવવા માંડેલા યુદ્ધ જેવું યુદ્ધ માંડ્યું!! બંને અસીમ શક્તિશાળી, નીડર, યુદ્ધકુશળ અને ભયાનક હતા. કર્ણનું સોનેરી શરીર સૂર્યકિરણ જેવું ચમકતું હતું, ભીમનું રક્તવર્ણું શરીર લાલ ફૂલોથી લચી પડેલાં પલાશ વૃક્ષની જેમ સળગી રહ્યું હતું! બે પ્રચંડ મહાનદી એકબીજાની સામે આવી અથડાય તેમ તેઓ બંને એકબીજા સાથે અથડાયા. ભીમના હૃદયને કાંટો કોરી રહ્યો હતો ઘટોત્કચના મૃત્યુનો! કર્ણના હૃદયમાં વેર હતું અખાડાનું! ભીમના હૃદયમાં પુત્રવધનું!

આકાશમાંથી તારા ખરતી વખતે અવકાશમાં એકબીજા સાથે ટકરાય તેમ તેઓ ભયાનક આક્રમણ કરવા એકબીજા સાથે ટકરાવા લાગ્યા. શૂલ, તોમર, ચક્ર, ગદા, ખડ્ગ વગેરે શસ્ત્રોમાંથી જે હાથમાં આવે તે લઈ મર્મસ્થાન પર પ્રહાર કરી સતત ફેંકવા લાગ્યા! અનેક વાર કર્ણને ભીમ પર જીવલેણ બાણ ફેંકવાની તક મળતી હતી છતાં તે જાણીજોઈને અચૂક બાણોનો ઢગ એની ભુજા અને જાંઘના માંસલ ભાગ પર ઊભો કરતો હતો!

સામસામે લડતાં આ બંને મર્મભેદી પ્રહારથી બેશુદ્ધ થઈ જતાં હતાં. શુદ્ધિમાં લાવવા સારથિઓ વનસ્પતિ-ઔષધીની કાષ્ઠનળી એમના નાકે અડાડતાં અને તરત છલાંગ મારીને ઊઠતાં વનરાજ સિંહની જેમ પળ વારમાં ટટ્ટાર ઊભા થઈને શસ્ત્રવર્ષા કરતા હતા. બંનેના યુદ્ધકક્ષમાં દાખલ થવાની કોઈનામાં હિંમત નહોતી. મહાગ્રહ જેવા દેખાતા બંને મહારથી લડવામાં થાકતા નહોતા! કોણ કોને હરાવે? લોહશસ્ત્રમાંથી સતત તણખા ઝરતા હતા! કાંટાળો સંગ્રામ ચાલુ જ હતો!

એટલામાં રથ દોડાવતો અશ્વત્થામા કર્ણના રથ પાસે આવ્યો અને કહ્યું, 'અંગરાજ, તારો પુત્ર વૃષસેન અર્જુનનાં બાણોની જાળમાં સમુદ્રી ઘોડાની જેમ ઘૂંટાઈ રહ્યો છે! દોડ! એને બચાવ!' એ પાછળ જોવા પણ ન રહ્યો અને માથા પર ફરફરતું વસ્ત્ર સરખું કરી તે વૃષસેનનું રક્ષણ કરવા દોડ્યો! દુર્યોધનના રહ્યાસહ્યા દસ-પંદર ભાઈઓએ આગળ આવી ભીમ સાથે બાથ ભીડી અને કર્ણને ત્યાંથી છૂટો કર્યો.

યુદ્ધભૂમિની દક્ષિણ તરફ કાદવકીચડના પટમાંથી ગમે તેમ ઘસડી શૈલ્યે એનો જૈત્રરથ વૃષસેનને ઘેરી લીધેલા પાંડવોની નજીક લાવીને મૂક્યો! એકદમ દક્ષિણ તરફ!

હવે યુદ્ધભૂમિ પર ચોખ્ખા બે ભાગ પડી ગયા હતા. ઉત્તર તરફ ભીમ, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, સહદેવ અને યુધિષ્ઠિરની સાથે લડનારા દુર્યોધનના ભાઈઓ, કૃપ તથા સૈંધવ અને દક્ષિણ તરફ અશ્વત્થામા, શકુનિ તથા દુર્યોધનના પક્ષે વૃષસેનને ટીપી નાખવા તૂટી પડેલા અર્જુન, નકુલ અને ઉત્તમૌજા! આ બીજા ભાગમાં એટલે કે અમીન ટેકરીની તળેટીથી માંડી વૃષસેનની ચારેબાજુ પ્રસરેલા દડના કાદવપટ તરફ જવાનું સૌ ટાળતા હતા!

પોતાના પુત્રને અર્જુનની બાણજાળમાંથી બચાવવા આવેલ કર્ણ વૃષસેનને ઘેરી વળેલા દુશ્મનો સુધી પહોંચી ગયો! એટલામાં શકુનિ, અશ્વત્થામા, દુર્યોધન વગેરેને પડકારતા અર્જુને સામે ઊભેલા કર્ણને, 'સૂતપુત્ર! આ તારા પુત્ર વૃષસેનને આજે તમારા સૌની હાજરીમાં મારી નાખું છું! તમે સૌએ મળીને મારા વ્હાલા ''અભિ''ને મારી નાખ્યો હતો તેમ જ!!' એમ મોટા અવાજે ગર્જના કરતાં કહ્યું અને એક ચંદ્રબાણ એવી રીતે ફેંક્યું કે આગળનાં બાણોથી ઘેરાયેલો, રથથી છૂટા પડી ગયેલા છતાં સાબર જેવા દેખાતા એંટદાર વૃષસેનનું માથું ઘડીકમાં કપાઈને ધરતી પર ઢળી પડ્યું!!

કેટલાયનાં મોઢાંમાંથી સીસકારા નીકળ્યા! જ્યેષ્ઠ પુત્ર વૃષસેન હણાયો.

પાંડવસેનાએ અમારા રથની પાછળ રણવાદ્યો વગાડ્યાં. હવે અર્જુનની સામે નથી ઊભા રહેવું એમ વિચારી જીવ લઈને કૌરવ સૈનિકો નાઠા. તેઓ દિશાશૂન્ય થઈ ગયા હતા!

પોતાના પુત્રને હણાયેલો જોઈ જીવનમાં પહેલી વાર એનું મોં પડી ગયું! વૃષસેનના મૃતદેહ પાસે શલ્યે તેના રથને અટકાવ્યો. ધનુષ્ય ફેંકી તે રથમાંથી નીચે ઊતર્યો. યાળ વગરના સિંહ સમો! પોતાની નીલી આંખોમાંથી વહેતી ગરમ આંસુની ધારાને આ વીર પુરુષ રોકી શક્યો નહિ! દૂર ઉડાડી દીધેલું વૃષસેનનું મસ્તક એણે હાથમાં લીધું! સૂર્યને અર્ઘ્યદાન દેનારા, યાચકોને ધનધાન્ય દાનમાં દેનારા, વિજય ધનુષ્યધારી કર્ણના હાથની અંજલિમાં એના પ્રિય અને કોડીલા જ્યેષ્ઠ પુત્રનું શિરકમલ હતું!!

વૃષસેનનું શિર એના ધડ પર બેસાડતા એ સૂર્યપુત્રના ધરતીના ક્ષુલ્લક અને આશાઆકાંક્ષાની કિચડભૂમિ પ્રત્યેના પ્રેમમાંથી વિશ્વાસ જ ઊડી ગયો હતો! ધરતીની પીઠ

પર મૂકેલી કુળની ઊંચનીચતાનાં, અહંકારી સામર્થ્યના અને આભાસી મિત્રતાની ગાંસડીનો મનથી ત્યાગ કરી દઈ એ ઊભો થયો!

એણે ડૂસકાં ભરતાં એના મૃતપુત્રના દેહને પ્રદક્ષિણા કરી. હવે એનું અંગેઅંગ ધૂમકેતુ બની ગયું હતું. એક પણ સંબંધના પાશ હવે એને રોકી શકે તેમ નહોતા! હવે એને સંબંધ ફક્ત હતો એક સાથે જ – અસીમ, અમર્યાદ, અનંત એવા નીલા આકાશ સાથે! માથે તપી રહેલા સૂર્ય સાથે!

નીચે નમીને વૃષસેનના કપાળ પર વહાલભર્યું ચુંબન કરી ઊભો થયો અને નસો ફુલાવીને ગગનભેદી ગર્જના કરી, 'આ...ક્રમણ!'

બાર

અર્જુનના પરાક્રમથી ભયભીત થઈ નાસતી કૌરવસેના ખીલાની જેમ ઠેકઠેકાણે ખોડાઈ ગઈ! પાંડવસેના પર જાનના જોખમે આક્રમણ કરવા માટે!

કૌરવોનું રહ્યુંસહ્યું સૈન્ય ભેગું કરી તે હવે અમારા નંદીઘોષ તરફ વંટોળિયાની જેમ આવી રહ્યો હતો! ત્રીજો પ્રહર શરૂ થયો!

મેં નંદીઘોષને એવી જગ્યાએ ઊભો રાખ્યો કે એને પોતાનો રથ અમારા રથ સામે ઊભો રાખવો હોય તો એને દક્ષિણ તરફના કાદવકીચડના પટમાં રથને ઉતાર્યા સિવાય ચાલે જ નહિ!! કુશળ શલ્યે આ કીચડભૂમિમાં ચાર હાથ જેટલી પણ સૂકી જગ્યા મળે તે માટે રથને એ ભૂમિની આસપાસ ફેરવ્યો! અંતે નિરુપાય બનીને એણે કર્ણને કહ્યું, 'રાધેય, આજનો દિવસ અર્જુન સાથે યુદ્ધ કરવા માટે યોગ્ય નથી! આ કીચડમાં રથને ઉતારવામાં જોખમ છે!!'

એ હસ્યો! માત્ર હસ્યો! એણે કીચડભૂમિમાં રથ ઉતારવા ચૂપચાપ આંગળી ઊંચી કરી શલ્યને આદેશ આપ્યો!

અમારો અને એનો રથ સામસામા ઊભા રહ્યા!! તરત જ નીચે ઊતરી મેં અમારા રથના બંને બાજુનાં ચક્રોની ધરીમાં તેલ સારી પેઠે ઊંજ્યું! રખેને એના રથની પાછળ અમારે પણ અમારો રથ કીચડમાં ઉતારવો પડે! આવે વખતે તેલની ચીકાશથી હાડમાંસથી ખદબદતી કીચડભૂમિમાં ફસાવાની શક્યતા ન રહે! તેલનું કાષ્ઠપાત્ર લઈ હું ફરી નંદીઘોષ પર ચડ્યો! શણની ગૂંથેલી જોળીમાં એ પાત્રને યથાસ્થાને મૂકી દઈ હાથમાં ચાબુક લીધી.

બંને સેનાઓના ઉન્મત્ત સૈનિક યોદ્ધાઓએ યુદ્ધમાં રથ પરની તૂટેલી અર્ધી ફૂલમાળને સંપૂર્ણપણે તોડીને જયઘોષ કરી એ ફૂલોની વૃષ્ટિ પોતપોતાના સેનાનાયકો પર કરી. કોઈએ લક્ષ્ય સાધી સૂર્યમુખીના ફૂલની માળા એવી રીતે ફેંકી કે તે સીધી રાધેયના કંઠમાં જઈને પડી! મેં મારા ગળામાંથી નીલકમલની લાંબી માળા રથનીડ પરથી જ અર્જુનના શ્યામ ગળામાં પહેરાવી! આજે મારી જ ખરી કસોટી હતી! હા, કસોટી જ!

આશીર્વાદનું જીવથીય ઝાઝું જતન કરનાર જ્યેષ્ઠ કૌંતેયને જીવતો રાખવો કે વ્યવહારુ બનીને પાંચ કૌંતેયને બચાવવા – એ અતિ વિકટ કસોટી હતી! મારું મન વિશેષપણે વ્યાવહારિક પલ્લે નમતું હતું! કારણ એકલો અર્જુન ઢળી પડ્યો તો અન્ય પાંડવો આપોઆપ ઢળી પડવાના હતા!

સગા મામાનો વધ કરતા મારા હાથ મુષ્ટિપ્રહાર કરતાં ધ્રૂજ્યા નહોતા! દંતવક્ર, વિદુરથ, શૃગાલ, શાલ્વ, પૌંડ્રકને દંડ આપતી વખતે મારી છાતીના ધબકારા વધી ગયા નહોતા! શિશુપાલ જેવા ફઈના દીકરાભાઈ પર સુદર્શન ચક્ર ફેંકતાં મારી આંખો ભીની નહોતી થઈ! પણ... આજ... આજ હાથમાંથી નંદીઘોષની ગતિ મંદ પડી જતી મને સ્પષ્ટ દેખાતી હતી! કારણ... કારણ હું જાણતો હતો કે પોતાનાં ઘોર અપમાનો થયાં હોવાથી આ દાનવીરે પ્રસંગોપાત્ત ભીષ્મ, અર્જુન, ભીમ – એ સૌને તેમજ દ્રૌપદીને પણ પ્રબળ વિરોધથી છંછેડ્યા હતા છતાં મારા પ્રત્યેની મુક્ત ભક્તિને અમારા મિલન વખતે એની લાચાર આંખોમાંથી ટપકતાં આંસુમાં મેં નિહાળી હતી! મારી જીવનયાત્રામાં મૂક ભક્તિની, ત્યાગની અને પ્રેમની અસીમતા મેં જોઈ હતી ફક્ત ચાર વ્યક્તિઓમાં – માતા દેવકી, રાજમાતા કુંતીદેવી, કર્ણ અને... અને ગોકુળની રાધા!!!

વિચારના વમળને રોકી મેં પાંચજન્ય શંખ ફૂંક્યો! ખૂબ મોટેથી!

ચંદનલેપથી શોભતી મજબૂત માંસલ ભુજાને સંકોરી કર્ણ-અર્જુન બંને મહારથીઓએ પણ નસો તાણી તાણીને શંખ ફૂંક્યા! બંને સૈન્યનાં રણવાદ્યોથી બાજુની ટેકરી ધ્રૂજી ઊઠી! હિમાલયના બે ધવલ અને ઉન્નત શિખર સમા તેઓ બંને સામસામા ઊભા રહ્યા! એમની આંખોની તેજસ્વી કીકી એકમેકના બાહુ પર મંડાઈ. હાથની હિલચાલને પલકમાં પારખી જઈ હવે સામેનો યોદ્ધો કયું શસ્ત્ર ફેંકશે એનો ક્યાસ કાઢવા લાગ્યા! આણક, ગોમુખ, મૃદંગ, રણભેરી ડંકા જેવા રૌદ્ર રણવાદ્યોનાં અવાજો ચાલુ થઈ ગયા. સહેજવાર આંખ મીંચી કર્ણે સૂર્યસ્તોત્રનો પાઠ કર્યો. અર્જુન પણ મારી પ્રાર્થના કરતાં શ્લોક આંખ મીંચીને બોલવા લાગ્યો! હાથમાંનો શંખ તેણે લાકડીના ખાંચામાં ભરાવી દીધો! શસ્ત્રો છોડવા માટે તેણે હાથ પહોળા કર્યા.

સહેજ વાર વાતાવરણ શાંત થઈ ગયું અને પછી એમણે કાનના પડદા ચીરી નાખે તેવો બાણોની ભયાનક વર્ષાનો આરંભ કરી દીધો! એમનાં બાણ આકાશમાં એવી રીતે છૂટતા હતા કે તારામંડળ સહિત આકાશ તૂટી પડશે એવો ભાસ બંને સૈન્યોને થયો! છેલ્લા સોળ દિવસમાં હૃદયને થથરાવી મૂકતી રોમાંચક બાણવર્ષા સ્વયં મેં પણ જોઈ નહોતી! ભીષ્મ, દ્રોણ, અભિમન્યુએ ખેલેલા સંગ્રામ કરતાં આ સંગ્રામ સર્વનાશક હતો, રોમાંચક હતો!

ધાડપાડુઓ જેવાં એમનાં બાણ અગણિત હતાં. બંધ અશ્વશાળામાંથી વિવિધ રંગના અશ્વો દરવાજો ખૂલતાં જ સ્વૈરપણે ઊછળે તેમ બાણ ભાથામાંથી પ્રત્યંચા પરથી પસાર થઈ ઊછળતાં હતાં! એની તીક્ષ્ણ ધાર અડતાં જ અસંખ્ય યોદ્ધા જીવનના છેલ્લા શ્વાસ ગણવા લાગ્યા! ગ્રીષ્મમાં પીગળતા હિમાલયની જેમ બંને સેના ક્ષીણ થવા લાગી!

માનસરોવરની નજીક બરફના કરા તૂટીને સરોવરમાં પડે ત્યારે લાખો શ્વેત રાજહંસોના ટોળાં જીવ લઈને નાસે તેમ શ્વેત જિહ્મ બાણ એમના વિશાળ ધનુષ્ય પર મુક્તપણે ઊડવા લાગ્યા! સૂ...ઉઉઉ અવાજ સાથે સાપની જેમ વળાંક લેતાં એકમેકનાં બાણ સાથે ટકરાવા લાગ્યા. એમની ગતિથી પળવારમાં ઘેરાઈ જતું આકાશ બાણ ટકરાવાથી ઝગમગતા તારાની જેમ તણખાથી એકાએક ઝગમગવા લાગ્યું!

સેંકડો, હજારો કપીશ બાણ આકાશમાં ફેંકી શત્રુ પર તૂટી પડ્યા. એમાંથી શ્વેત જિહ્મ બાણોના વીજળી જેવા અસંખ્ય સર્પાકાર વળાંક લઈ એક એક સેના પ્રમુખને લક્ષ્ય બનાવી એમની સેના ક્ષીણ કરવા લાગ્યા! એમની શક્તિ નષ્ટપ્રાય કરવા લાગ્યા! સૈનિકોને સમજાતું નહોતું કે બાણ ક્યાંથી આવે છે? દરમાંથી કીડી બહાર નીસરે તેમ એમનાં બાણ છૂટતાં હતાં! શતશૃંગ પર્વતની ધારદાર ટોચને પોતાના સશક્ત નહોરથી પકડી વળગીને ઊભેલી ગેરુઆ રંગના ગરુડ પક્ષીઓની હાર મેઘાચ્છાદિત આકાશમાંથી વીજળીના ભયંકર ગડગડાટ થતાં જ ડરીને ભાગવા લાગે તેમ ગેરુઆ રંગના અસંખ્ય કપીશ બાણ છૂટવાં લાગ્યાં! થોડી વારમાં આકાશને ઢાંકી દીધું! કુરુક્ષેત્રને થથરાવી દીધું!

એના રથના સારથિને નિર્બળ કરવા અર્જુન મારા માથા પરથી એના ઘોડા પર બાણ ફેંકવા લાગ્યો. પણ... પણ શલ્ય ખરેખર કુશળ સારથિ હતા. લગામને ખેંચી પળ વારમાં પાંચે ઘોડાને નીચે બેસાડી દેતા. ઘોડાઓ પાછળના પગની મજબૂત ખરીથી ધ્વજસ્તંભની ઊંચાઈ સુધી ઊછળતા લાગતા! કોઈ કોઈ વાર ઊંચા મજબૂત ઘોડાઓવાળો, શસ્ત્રાસ્ત્રોથી ખીચોખીચ ભરેલો રથ એવી રીતે વાળી લેતા કે અર્જુનનાં બાણ રથના પાછળના લોખંડી ભાગ સાથે જોરથી અથડાઈ લક્ષ ચૂકી જવાથી ક્રોધાતુર બની તણખા ઉડાડતાં કીચડમાં ટપોટપ સરકી જતાં!

રથની આજુબાજુ ખૂબ કીચડ ખદબદવા લાગ્યો! પોતપોતાના સેનાનાયકને પ્રોત્સાહન દેવા અને સાવચેત રાખવા આજુબાજુના યોદ્ધાઓ એમના નામનો સતત જયજયકાર કરવા લાગ્યા! ક્ષણે ક્ષણે અવાજોનો સૂર ઊંચે ને ઊંચે ચડતો જતો હતો! એક ઘડી સુધી ઉન્મત્ત બાણવર્ષા ચાલી. અંગ પરનું લોહકવચ અસંખ્ય બાણોની ધારદાર ટોચને દાદ દેતું નહોતું! માત્ર બંને જણાની ખુલ્લી ભુજાના જખમોમાંથી ગરમ ગરમ લોહીની ધાર વહેતી હતી. તે તરફ જોવાની તેમને ફૂરસદ પણ નહોતી! આ લોહીને અર્જુન સાથે નાજુક સંબંધ છે એ વાત પ્રણ ઉશ્કેરાયેલો કર્ણ ભૂલી ગયો હતો!!

મત્સ્ય, પાંચાલ, સૈંધવ, ગાંધાર સૈન્યના સેંકડો સૈનિકોને જોતજોતામાં પાકેલાં ઔદુંબર ફળની જેમ ટપોટપ નીચે પડતાં જોઈને બંને સેનાના ભયભીત યોદ્ધાઓએ શસ્ત્રો હાથમાંથી હેઠાં મૂકી દીધાં!! એ બંનેને લડવા માટે આખું સમરાંગણ મોકળું કરી દઈ તેઓ ફાટી આંખે મૂક પ્રેક્ષક બનીને જોવા ઊભા રહી ગયા! આંખો તાણીતાણીને આ બંનેનું સંહારક યુદ્ધ જોતાં જ રહ્યા!

હવે તેઓ બંને પ્રાણના ભોગે મહામહેનતે જાળવી રાખેલાં દિવ્યાસ્ત્રો એકબીજા પર ફેંકવા સજ્જ થયા! આ સમયે એમની જન્મદાત્રી રાજમાતા – સાક્ષાત્ કુંતીદેવી જો યુદ્ધભૂમિ પર આવ્યાં હોત તો એ પણ આ બંનેને સગા ભાઈઓ માનવા કબૂલ ન થાત! જીવનના બે પરસ્પર વિરોધી ધ્રુવોને અંતિમ છેડે આવીને તેઓ બંને ઊભા રહ્યા હતા! એમની નજર સમક્ષ કેવળ એક જ દૃશ્ય હતું – સામે ઊભેલા યોદ્ધાનો નિષ્પ્રાણ દેહ!!! એ મેળવવા તેઓ તરસ્યા થયા હતા! જાતને વીસરી જઈને!

ચંદનના લેપમાં બોળી રાખેલું એક સર્પમુખી દિવ્ય અજસ્ર બાણ અર્જુન પર ફેંકવા સોનેરી ભાથામાંથી કર્ણે બહાર કાઢ્યું! એ બાણ પર એક નાગશક્તિએ એમાં પ્રવેશ કર્યો હતો! એની એને ખબર નહોતી! અર્જુનના ગળાનો લક્ષ લઈ, એ મંત્ર બોલી, એ બાણ એણે

વિસ્ફારિત આંખે છોડ્યું! એ બાણ ગળાનો લક્ષ લેતું વાયુવેગે આવી રહ્યું છે એનો અર્જુનને ખ્યાલ નહોતો.

મેં લગામ ચપળતાથી ખેંચીને ઘોડાની પીઠ પર ચાબુક એવી ફટકારી કે પાંચે ઘોડા પગ વાળીને નીચે બેસી પડ્યા! અર્જુનના ગળાનો જીવલેણ લક્ષ નિષ્ફળ ગયો! રથ નીચે ઝૂકી જવાથી એના મસ્તક પરના મુગટ સાથે ખન્નન્ન્ કરતું ટકરાઈને ચાલ્યું ગયું! મુગટ ધરતી પર પડ્યો! મુગટની નીચે રહેલું ગોળ શિરસ્રાણ ગબડીને રથમાં પડ્યું. અર્જુને છૂટકારાનો શ્વાસ લીધો! એના કાળા વાંકડિયા વાળ વિખરાઈ ગયા! એની સામે જોઈ હું હસ્યો!

કમરે વીંટાળેલું શ્વેત રેશમી વસ્ત્ર છોડી અર્જુને પોતાના ભરાવદાર વાળની આજુબાજુ વીંટાળ્યું! નિયતિના પડકાર હવે ઉત્તરોત્તર પ્રબળ બનવા લાગ્યા!

હિમાલય પરથી પડતો ગંગોત્રીના ધોધ સમો શ્વેત બાણોનો ધોધ વરસાવીને અર્જુને એના સારથિને – શલ્યને પિંજરામાં પુરાયેલા સ્યેન પક્ષીની જેમ એક સ્થળે કેદ કરી દીધો! હવે એ કુશળ સારથિ તસુભાર હાલીચાલી શકે તેમ નહોતો! સામે ઊભેલો જૈત્રરથ ત્યાં ને ત્યાં જ સ્થિર થઈ ગયો હતો!

કર્ણનાં બાણ મારા મુગટ પરથી ધનછડી પક્ષીનાં ટોળાંની જેમ સૂં સૂં અવાજ કરતાં દોડી રહ્યાં હતાં! જોવાની વાત એ છે કે આ ઘનઘોર યુદ્ધમાં એણે ભૂલેચૂકેય એક પણ બાણ મારા તરફ છોડ્યું નહોતું!

સંતપ્ત અર્જુને મનથી દૃઢ નિર્ધાર કરી મસ્તક પર વીંટેલું વસ્ત્ર સરખું કરી અગ્ન્યાસ્ત્ર છોડતાં પહેલાં મંત્રો બોલવાની શરૂઆત કરી! અંજની વૃક્ષના વિકસિત થડ જેવો તે હવે સંપૂર્ણ ફૂલ્યો હતો! એક પ્રકારનું અતિશય દિવ્ય તેજ એના ચહેરા પર ઊભરાવા લાગ્યું! લાલચટક પીછાંવાળી ભરાવદાર કલગી માથે ધારણ કરનારાં હજારો કારંડવ પક્ષી દૃષદ્વતીના પટ પર એકાએક છલાંગ મારીને ઊડે તેમ અર્જુનના ગાંડીવ ધનુષ્યમાંથી છૂટેલાં અગણિત અગ્નિ બાણ માથા પરથી આગ ઓકતાં સામી બાજુએ સર્ર્ર્ર્ કરતાં સરકવાં લાગ્યાં! સમસ્ત આકાશમંડળને યજ્ઞકુંડ બનેલો જોઈ ભયના માર્યા કૌરવ સૈનિકો ભાગવા લાગ્યાં! જાણે સૂર્યબિંબ તૂટ્યું અને એનો ધગધગતો રસ અંગ પર ઢોળાઈ રહ્યો છે એ ભયથી કેટલાય બેભાન થઈ ગયા! અર્જુનના બાણ અગ્નિનો વરસાદ વરસાવવા લાગ્યા!

અર્જુનના અગ્નિબાણને નિસ્તેજ કરવા કર્ણે ઘૂંટણેથી વળીને વરુણાસ્ત્રનો દિવ્યમંત્ર આંખ મીંચીને ઉચ્ચાર્યો! એની અંજલિમાંથી અર્ઘ્યદાન દેતી વખતે પડતું પાણી આજ્ઞાધારી સેવક રૂપે એને મદદ કરવા શ્યામ મેઘની સાથે વીજળીનું મુક્ત તાંડવનૃત્ય કરતું દોડ્યું! એમણે ફેંકેલાં અમોઘ બાણની પૂંછડીઓ સાથે હાથીના કાન જેવી ચામડીની પાંખો જોડેલી હતી. આવાં અસંખ્ય બાણો આવતાં જ કુરુક્ષેત્ર પર વહેતી હવાની શૂન્યતા ગાયબ થઈ ગઈ! ચારેબાજુ છવાયેલાં ઘનઘોર વાદળ ઘડીકમાં રણભૂમિ પર તૂટી પડ્યા! અનરાધાર વરસાદ વરસાવીને એણે અર્જુનના અગ્નિબાણની પાછળ છુપાયેલી મનની આગને બુઝાવી દીધી! એ જલદાનથી આ દાનવીરે મૃતઃપ્રાય ઘાયલ વીરોને ફરી જીવતદાન દીધું!

પણ... પણ એને ખબર ન રહી કે એણે છોડેલાં વરુણાસ્ત્રને લીધે એના જ રથચક્રની આસપાસની ભૂમિ વધુ કીચડમય બની ગઈ હતી!

કર્ણના વરુણાસ્ત્રથી વરસતા મેઘને દૂર કરવા અર્જુને નિવારક વાયવાસ્ત્રની કુશળ યોજના કરી! સૂ...સાટ અવાજ સાથે તીવ્ર ગતિએ દોડતા પવને આકાશમાં છવાયેલાં મેઘનાં પડળને ઉખેડી નાખ્યું. કુરુક્ષેત્ર ફરી સૂર્યકિરણોથી પ્રકાશિત થઈ ગયું! અર્જુનના વાયવાસ્ત્રે અનેક રથની ધજાપતાકાના લીરેલીરા કરી નાખ્યાં. આનંદમાં આવી અર્જુને જયનાદ કરતા વજ્રાસ્ત્રનો મંત્ર બોલી અસંખ્ય તીક્ષ્ણ શસ્ત્રો લઈ દોડતાં અસ્ત્રો કર્ણ પર ફેંક્યાં! જાતજાતનાં આકારનાં વસ્ત્રોને તીવ્ર વેગે પોતાની તરફ આવતાં જોઈ સહેજે ચલિત થયા વગર કર્ણે પ્રત્યુત્તર રૂપે મહેન્દ્ર પર્વત પર મેળવેલા ભાર્ગવાસ્ત્રની યોજના કરી! બંને અસ્ત્રોમાંથી દિવ્ય અને સંહારક શસ્ત્રો ભયાનક ખણખણાટ કરતાં એકબીજાં સાથે ટકરાયાં! તણખા ઊડીને ધરતી પર ઢળી પડ્યા.

અર્જુને છોડેલા દિવ્ય સર્વનાશી બ્રહ્માસ્ત્રનું પણ કર્ણે મક્કમતાથી નિવારણ કર્યું, એટલું જ નહિ પણ એનાં અચૂક નિશાનથી અમારા નંદીઘોષ પર ફરફરતી ધજાપતાકાને પણ એણે ઠેકઠેકાણેથી ચીરી નાખી! રથની ચાલના ધારે તે બાણ છોડતો હતો! અમારા રથમાં ઘૂસવાનો પ્રયત્ન કરતો હતો! પિનાક, પાશ, તોમર, ભિંદીપાલ, ચક્ર, ત્રિશૂલ જેવા અનેક પ્રકારનાં શસ્ત્રો તેઓએ એકબીજા પર ફેંક્યાં! કોઈ થાકતું નહોતું! યુદ્ધનો છેડો દેખાતો નહોતો! ત્રીજો પ્રહર પૂરો થતાં સૂર્ય પશ્ચિમ તરફ ઢળવા લાગ્યો!!

ઇન્દ્ર અને બલી, નહુષ અને ઇન્દ્ર, જરાસંધ અને ભીમ – આ સૌના યુદ્ધ કરતાં પણ આ યુદ્ધ અતિ ભયાનક હતું! હૃદય થથરાવનારું હતું! ક્ષણે ક્ષણે ઉગ્ર બનતું જતું હતું!

નિશિત, નારાચ, જિહ્મ, સન્નતપર્વ, કંકપુરવ, બસ્તિક, રુક્મપંખ, ક્ષુર જેવાં અસંખ્ય બાણોની જાળ કુરુક્ષેત્ર પર પથરાઈ ગઈ હતી! એમની અનિચ્છા છતાં એમણે છોડેલાં દિવ્યાસ્ત્રોથી અસંખ્ય યોદ્ધાઓ ધરાશાયી થઈ ગયા હતા! બંને સેનામાં વીર પુરુષો હવે આંગળીને વેઢે ગણી શકાય એટલો ભયાનક સંહાર બંનેએ કરી નાખ્યો હતો! બંને પાછા હટતા નહોતા! સહેજ પણ થાકતા નહોતા! સોળ દિવસ કરતાંય આજના એક દિવસનું યુદ્ધ હવે કુરુક્ષેત્રથી પણ જોવાતું નહોતું!

છેવટે કર્ણે મહામહેનતે મહેન્દ્ર પર્વત પર પરશુરામ પાસેથી મેળવેલ અથર્વણ શસ્ત્ર અર્જુન પર છોડ્યું! એનું નિશાન ચૂકી જવા મેં બધા ઘોડાને ગોળગોળ ફેરવ્યા! નંદીઘોષને મેં પંદર-વીસ હાથ જેટલો પાછળ લીધો. આથી રથ કાદવમાં ઊતરી ગયો! રથચક્રોમાં મેં તેલ આટલા માટે જ ઊંજ્યું હતું! અથર્વણ શસ્ત્રના પ્રહારમાંથી અમે ઊગરી ગયા!

અમારો રથ એના રથનો પીછો પકડતો આવી રહ્યો છે એ જાણી શલ્યે દાંત નીચે હોઠ દબાવી ખસવાનો પ્રયત્ન કર્યો પણ બાણના પિંજરામાં પુરાયેલા રથને માટે ખસવાનું મુશ્કેલ બની ગયું! છતાં ઘોડાને સચેત કરવા નસો તાણી ડચકારા મારતાં એમણે શ્વેત ઘોડાની પીઠ પર ચાબુક ખટખટ મારી! ઘોડાએ ખરી પછાડી પૂરી શક્તિ સાથે રથને વળાંક આપવા જીવ પર આવી પ્રયત્ન કર્યો, પરંતુ એક તસુભાર પણ રથ ખસ્યો નહિ!! હવે તે ખસી શકે તેમ પણ નહોતો!

સૂર્યકિરણોના તાપને લીધે કાદવ તપીતપીને ઘટ્ટ થઈ જવાથી લગભગ અરધી ઘડી સુધી એક જ જગ્યામાં કાદવમાં ખૂંપી ગયેલો રથ ધરતીમાં સજ્જડ ચોંટી ગયો! હવે પોતાના પુત્રની આથી વધુ કોઈપણ પ્રકારની માનહાનિ કરવા દેવા સૂર્ય તૈયાર નહોતા!

કદાચ એ તેને પોતાની સાથે એના ચિરંતન નિજધામમાં લઈ જવા સિવાય અહીંથી ખસવાના નહોતા!

થાકેલા શલ્યે રથમાંના બાણભાથા છોડી તમામ વજનદાર શસ્ત્રો નીચે ફેંકી દેવાનું કર્ણને કહ્યું! એ ધડાધડ બધાં શસ્ત્રો ફેંકવા લાગ્યો! ચીકણી રણભૂમિ પર વારંવાર પગની ખરી ખૂંપાવી ખૂંપાવીને ઘોડાને પણ મોઢે ફીણ ચડી ગયાં હતાં! છતાં રથ અચલ હતો! એના રથનું ડાબું ચક્ર રણભૂમિમાં ફસાઈ ગયું હતું! મહેન્દ્ર પર્વતના કીચડમાં પથ ભૂલેલો આખલો ફસાય તેમ!!

હું અર્જુનના નંદીઘોષને એના રથની આસપાસ ગોળ ગોળ ફેરવવા લાગ્યો! તોપણ એ તો બાણ છોડતો જ રહ્યો! 'અંગરાજ, રથ સહેજે ખસતો નથી! ડાબું ચક્ર કાદવમાં ફસાઈ ગયું છે!' શલ્યે ભયાકુલ સ્વરે કહ્યું.

'માદ્રેય, ગભરાશો નહિ! રથચક્ર બહાર ખેંચી કાઢું છું!' પીઠ પાછળનો ભાથો અને હાથમાંનું અખંડ બાણવર્ષા કરતાં વિજય ધનુષ્યને જાળવતો એ રથમાંથી નીચે ઊતર્યો! નીચે! પશ્ચિમ દિશા તરફ પગથિયાં ઊતરતાં સૂર્યની જેમ!

મારા મનમાં વિચારોનું ચક્ર ચાલ્યું! એ – રથની નીચે!

સૂતપુત્ર... અંગરાજ... સેનાપતિ, દિગ્વિજયી – દાનવીર – અજેય ધનુર્ધર કર્ણ...કે...કે કૌંતેય... પ્રથમ પાંડવ!

એનો જમણો હાથ ડાબા રથચક્રના એક મજબૂત આરામાં ભેરવી રથને ઉપર લાવવા તમામ શક્તિ કામે લગાડી! ભુજાના મજબૂત માંસલ સ્નાયુ ફૂલ્યા! કપાળ પર પરસેવો બાઝી ગયો! જોરદાર ધક્કો માર્યો! રથચક્ર હલ્યું જ નહિ! એ મજબૂત ધરી સરીને ફરી પાછી એના હાથમાં આવી!

એના હાથમાં ધનુષ્ય જોઈ અર્જુન બાણ વરસાવતો રહ્યો! એ બાણ એની ખુલ્લી ભુજાને વીંધતાં ગયાં! એ નીચે બેસી પડ્યો! ધનુષ્યને ધરતીમાં જેટલું ખૂંપાવી શકાય તેટલું ખૂંપાવીને તેને સ્થિર કર્યું! બેઠા બેઠા બાણવર્ષા કરવાનો પેંતરો કર્યો.

ડાબા હાથે પોતાની પીઠ પરના ભાથામાંથી બાણ કાઢી લઈ તે એના એક જ હાથે વિજય ધનુષ્ય પર ચડાવવા લાગ્યો! દાંતની મજબૂત પકડમાં પ્રત્યંચા પકડી તેને જોરથી ખેંચી દાંત દ્વારા બાણનાં નિશાન સાધવા લાગ્યો અને જમણા હાથે રથચક્રને ઉખેડવા મક્કમતાથી ઝઝૂમવા લાગ્યો. હજી બીજા એકબે મજબૂત આરા નીકળી ગયા પણ રથચક્ર હલ્યું નહિ! હલે તેમ પણ નહોતું! એણે એક હાથે છોડેલા કોઈ મર્મભેદી બાણથી અર્જુન મૂર્છિત થઈ ગયો! નીચે ઢળી પડ્યો! તે જોઈ નિશ્ચિંત બનીને એણે હાથમાંનું પરાક્રમી વિજય ધનુષ્ય નીચે મૂક્યું! કાદવમાં હાથ ખૂંપાવ્યો: પૂરેપૂરી શક્તિથી રથચક્રને બહાર કાઢવા!!

આજની આ એક જ ક્ષણ એવી આવી હતી કે એના હાથ ધનુષ્ય વગરના હતા! ફક્ત એક જ ક્ષણ! અત્યંત મહત્ત્વપૂર્ણ ક્ષણ! એ ચૂક્યો તો – તો?

મેં કાષ્ઠનળીમાંથી વનસ્પતિ ઔષધી અર્જુનના નાકને સૂંઘાડી. એ તરત જ શુદ્ધિમાં આવ્યો અને ફરી બેઠો થયો.

એને નિ:શસ્ત્ર જોઈ અર્જુને પણ પોતાનું ગાંડીવ નીચે મૂક્યું! નિઃશસ્ત્ર પર શસ્ત્રવર્ષા ન કરાય માટે!

ગોકુળના મેદાનમાં અંગ સાથે અંગ ઘસતાં ગાયોનું ટોળું ધસે તેમ મારા મનના પ્રાંગણમાં વિચારો ઊછળ્યા! નંદીઘોષના પાંચ ઘોડાઓની લગામ ખેંચી એમની પીઠ પર હું ચાબુક સતત ફટકારતો રહ્યો! કંઈ સૂઝતું નહોતું! મહત્ત્વની એક જ ક્ષણ! નહિતર... નહિતર રથચક્ર ઉખાડી આ આકાશવીર ફરી હુમલો કરવાનો હતો.

મારા હાથમાં લગામ પાંચ હતી! ચાબુક ફક્ત એક જ!! એક કે પાંચ? લગામ કે ચાબુક? ચાબુક કે લગામ? પાંચ કે એક? ઓહ! શું કરું? એટલામાં વિચાર ઝબકાર થયો! અતિશય વ્યવહારુ! એકદમ નિર્વિવાદ!

લગામને લીધે ઘોડાને વશમાં રાખી શકાય!!! ચાબુકને લીધે ઘોડાને દોડાવી શકાય!! એક ક્ષણમાં મેં જમણા હાથમાંની ચાબુક રથ પરના વ્યાઘ્રચર્મની ભૂંગળીમાં ખોસી દીધી! લગામ ઉપર ઉછાળી! જમણા હાથની આંગળી રથચક્રને ઉખેડવા મથતા જ્વાળામુખી પર ચીંધી અર્જુનને કહ્યું, 'અર્જુન, અર્ધચંદ્રાકૃતિ અંજલિક બાણ!!'

'પણ... એ નિઃશસ્ત્ર છે! પદસ્થ છે! હું રથારૂઢ છું!!' અર્જુન ખચકાયો.

'અર્જુન, આ મારી આજ્ઞા છે.' મેં કઠોર શબ્દોમાં કહ્યું. ધારદાર સ્વરે! વિસ્ફારિત આંખે!

આજ્ઞાધારક અર્જુને અંજલિક બાણ ખેંચી, પ્રત્યંચા બરોબર છે કે નહિ તે જોવા તેને ચીમટો ભરી એક ટંકાર કર્યો! આટલો ધીમો અવાજ સાંભળીને કર્ણે રથચક્ર પરથી આંખ ઉઠાવી અમારા તરફ ફેરવી! અર્જુને બાણ છોડવા સજ્જ કરેલું ધનુષ્ય જોઈ એણે ડાબા હાથનો પંજો હલાવીને સૌને ખળભળાવી નાખે તેવી ચીસ પાડી,

'અર્જુન, ઊભો રહે! હું નિઃશસ્ત્ર છું! પદસ્થ છું! નિઃશસ્ત્ર પદસ્થ પર શસ્ત્ર ઉગામવા એ યુદ્ધધર્મ નથી!! તું વીર છો! ક્ષત્રિય છો!' એ સમયે એણે મહેન્દ્ર પર્વત પર પ્રાપ્ત કરેલ બ્રહ્માસ્ત્રને યાદ કરવાનો પ્રયત્ન કર્યો હશે પણ એને યાદ આવતો નહોતો.

મને ખબર હતી કે એ મૃત્યુથી ડરનારો નહોતો! ફક્ત જીવથીય વહાલું શસ્ત્ર એના હાથમાં હોય પછી ભલે મૃત્યુ આવે! પણ... હવે એ શસ્ત્ર એના ભાગ્યમાં નહોતું! તે એને યોગ્ય રહ્યું નહોતું! અને હવે એ એને માટે શક્ય પણ નહોતું!

એના ભેદક ઉદ્ગારો સાંભળી અર્જુન ડગમગી ગયો! એના હાથમાં ધારણ કરેલું ધનુષ્ય ધીમે ધીમે નીચે સરવા લાગ્યું! અચૂક ડગમગવા લાગ્યું! હોઠ સુકાવા લાગ્યા!

હવે આ રાધેયને જીવવાની એક પણ ક્ષણ દેવી વ્યર્થ હતી. કારણ... કારણ એના જીવનની સાર્થકતા હવે કોઈ સમજી શકે તેમ નહોતું! એ માટે અર્જુનને મનથી મક્કમ કરવા માટે એને ફરીથી વ્યવહારુ તત્ત્વજ્ઞાન સમજાવવાની જરૂર હતી! જે ધર્મને એ પડકારતો હતો એ જ એને કહીને આજે મારે અર્જુનને અતીતની યાદ અપાવી એને મક્કમ કરવાનો હતો! ભાંગી પડેલા, શંકાશીલ અર્જુનને મારે હવે ટટ્ટાર કરવાનો હતો! મારા મુખમાંથી શબ્દની યમુના વહેવા લાગી. ફીણ ઊભરાતી – ભયાનક રેલ જેવી!

'ધર્મ, રાધેય, ધર્મના અર્થને તું જાણે છે? સૂતપુત્ર, કૌરવોના પ્રાચીન સભાગૃહમાં પાંચાલીને વારંગના કહેતી વખતે તારો આ દિવ્ય ધર્મ ક્યાં ગયો હતો? પાંચ પુત્રો સહિત

વનમાં અડવાણે પગે જતી કુંતીદેવીને જોઈને તારો ધર્મ ક્યાં છુપાઈ ગયો હતો? લાક્ષાગૃહમાં પાંડવો ભસ્મ થઈ ગયા એ સમાચાર સાંભળી તારો ધર્મ કેમ આક્રોશ પામ્યો નહિ? સોળ વર્ષના કુમળા અભિમન્યુને તમે છ જણાએ ઘેરી લીધો ત્યારે, "હે સૂતપુત્ર, તને આજે યાદ આવતો ધર્મ ત્યારે કેમ યાદ ન આવ્યો?" અર્જુન, નિશાન લે!' મેં કર્ણના કંઠ તરફ આંગળી ધરી.

તોપણ તે હસ્યો! એણે હાથ જોડ્યા! વિનંતી કરવા નહિ! મને... કેવળ મને જ વંદન કરવા માટે! હું... કેવળ હું જ તે સમજી શક્યો હતો! યુદ્ધભૂમિ પર જ એનાં આ આખરી વંદન! મૂક નેત્રોથી વહેતાં વંદન!

અર્જુનના ધનુષ્યમાંથી ટંકાર કરતું સડસડાટ અંજલિક બાણ એની ભરાવદાર ગરદન પર પહેરેલાં લોહકવચને ભેદી એના કંઠને છેદી ખચ કરતું અંદર ઘૂસી ગયું! એ મહારથી રથચક્ર નજીકના કાદવમાં ઢળી પડ્યો! વિજય ધનુષ્ય દૂર ફેંકાઈ ગયું! 'કર્ણ ઘાયલ થઈને પડ્યો!!' આ સમાચાર સાંભળતાં જ બંને સેનાના સૈનિકોએ શસ્ત્રો હેઠાં મૂકી દીધાં! આ સમાચાર કોઈના માન્યામાં આવતા નહોતા! દરેક જણ આસપાસ ઊભેલા યોદ્ધાને 'શું થયું? શું થયું?' એમ પૂછવા લાગ્યા.

કઠોર નિર્ણય લેવા મારે આખરી વેળાએ એને સૂતપુત્ર કહેવો પડ્યો... એથી મને કેટલું દુઃખ થયું હતું એ એક મારું જ મન જાણતું હતું! હાથમાંની લગામ મેં નીચે ફેંકી દીધી! સમાજરચના માટે ઊભી કરેલી મનની, તત્ત્વનિષ્ઠાની દીવાલ ધસી પડી!

રથ પરથી નીચે ઊતરી એના ઘાયલ દેહ તરફ હાથ ઊંચા કરી વ્યાકુળ સ્વરે 'રાધેય'ના નામનો પોકાર કરી હું દોડ્યો! એને જીવથીય વહાલો અશ્વત્થામા તો ક્યારનોય એના રથ પાસે આવી પહોંચ્યો હતો! કર્ણ હણાયાના સમાચાર સાંભળીને દુર્યોધન મૂર્ચ્છિત થઈ ગયો. યુદ્ધ થંભાવી દઈ રથમાં જ બેસી પડ્યો! તૂટી પડેલા નદીના બંધની જેમ!

અશ્વત્થામા સહિત પાંચ સશક્ત યોદ્ધાઓ પોતાના સેનાપતિના જખમી દેહને શિબિર નજીકની સૂકી જગ્યા પર લઈ આવ્યા. લોહીનો ફુવારો છૂટ્યો અને એના કંઠ પરથી લોહકવચ પર પડ્યો!

એની અર્ધબીડેલી આંખો એકીટશે નીલા આકાશ તરફ જોઈ રહી હતી! અશ્વત્થામા પોતાનું મોં એની આંખ પાસે લઈ ગયો કે તરત જ એણે પ્રયત્નપૂર્વક આંખ ખોલી! 'ગુરુપુત્ર...!' અશ્વત્થામાના મસ્તક પર બાંધેલાં વસ્ત્ર સામે જોઈ તે ત્રુટક સ્વરે બોલ્યો! એના હોઠ ફફડતા હતા.

બધું જ ભૂલી જઈ અશ્વત્થામા દોડી આવ્યો. એની ખુશાલીમાં એક હરફ પણ એ કાઢી શક્યો નહિ! અશ્વત્થામા એની લાગણીને પારખી ગયો! વસ્ત્રની દાઢી નીચેની ગાંઠ ઝટપટ ખોલી નાખી વસ્ત્રને ધૂળમાં ફેંકી દીધું. એના માથા પર કર્ણનાં માંસલ કુંડળ જેવો એક જન્મજાત લાલ રંગનો માંસલ મણિ હતો!! આ બે સિવાય આવી દિવ્ય ભેટ કોઈનેય મળી નહોતી!

અંતિમ શ્વાસ ગણતાં મહારથીનો જમણો હાથ હળવેકથી ઊંચકી અશ્વત્થામાએ અશ્રુપૂર્ણ આંખે પોતાના માથા પરના માંસલ મણિ પર મૂક્યો!! આ મણિનો દિવ્ય સ્પર્શ

થતાં જ એને પોતાનાથી દૂર ચાલી ગયેલાં કુંડળની યાદ આવી! એની નીલી આંખો પૂરેપૂરી ખૂલી! એ બંનેનાં મુખમાંથી એક પણ શબ્દ નીકળતો જ નહોતો! અશ્વત્થામાનાં અશ્રુ એના અશ્રુમાં ભળી જતાં હતાં! એણે વરસાવેલ વરુણાસ્ત્રનાં વરસાદનાં કેટલાંક ટીપાં દૂર દૃષદ્વતીના તટે ઝાકળબિંદુ સમા ચળકતાં મને સ્પષ્ટ દેખાતાં હતાં! ચળકતાં ઝાકળબિંદુ! હવે એક પળમાં જ વાયુની એક લહર આવશે અને એ ધરતીમાં સમાઈ જશે!

યુધિષ્ઠિર, અર્જુન સહિત પાંચ પાંડવોએ સમસ્ત યોદ્ધાઓએ સાથે મળી ચારેબાજુ એવી વાડ બનાવી દીધી કે એમાં નાની શી કીડી પણ ઘૂસી શકે નહિ!

એનો પુત્ર ચિત્રસેન એની પાસે અશ્રુપૂર્ણ આંખે બેઠો હતો! સૌ દિગ્મૂઢ થઈ ગયા હતા. એની વારેઘડીએ બિડાતી અને ખૂલતી આંખો સૌના તરફ ફરી રહી હતી! એ કદાચ દુર્યોધનને મળવા માગતો હશે!!! પણ એ ક્યાંય દેખાતો નહોતો!

મારી તરફ જોતાં જ આવી સ્થિતિમાં પણ એના મુખ પર હાસ્યની એક ઝીણી લકીર ચમકી ગઈ! પ્રયત્નપૂર્વક એણે ફરી આંખ પૂરેપૂરી ખોલી! અક્કડ થઈ ગયેલા બંને હાથ હળવેકથી ઉપર ઉઠાવી એણે પોતાના મસ્તક પરનો મુગટ કાઢી મારાં ચરણોમાં હળવેકથી મૂકી દીધો! અસીમ ભક્તિભાવે!

રાજસૂય યજ્ઞના દિવસે એને ઉઘાડા મસ્તકે યજ્ઞમંડપમાં બેઠેલો જોઈને અશ્વત્થામાએ નહિ પણ મેં જ એ મુગ઼ટ એના મસ્તક પર મૂક્યો હતો.

એણે ચરણે ધરેલાં મુગટને મેં નીચે નમીને ઉઠાવ્યો! આજે પહેલી વાર મારી આંખમાંથી બે આંસુ સરી પડ્યાં! હવે આ મુગટ પર એનો કોઈ અધિકાર નહોતો! મેં પીતાંબર વડે એના પરની ધૂળ ખંખેરી! પાંડવો સહિત સૌ યોદ્ધાઓ આ જોઈને વિસ્મય પામી ગયા! ભલા તેઓ શું જાણે? કઈ રીતે જાણે?

ચારેબાજુ શાંતિનું ઠંડું મોજું ફરી વળ્યું હતું! આંખનાં આંસુ રોકી ચિત્રસેન એના મુખમાં પવિત્ર નદીઓનું જલપાન કરાવી રહ્યો હતો! શ્વાસ રોકી, પોતાના અરધા તૂટેલા કંઠ નીચેથી જળ ઉતારતાં એને થતી અસહ્ય વેદનાને સૌ અધ્ધર શ્વાસે જોઈ રહ્યા હતા! ગંગાને અર્ઘ્યદાન આપનાર કર્ણ આજે ગંગાજળ પી રહ્યો હતો!

તેર

'અરે... આજે આ ધરતી પર કોઈ દાનવીર છે ખરો?' ત્યાં અચાનક શાંતિને ચીરતો કંપતો વૃદ્ધ સ્વર ક્યાંકથી સંભળાયો! સૌએ પાછળ વળીને જોયું! આશ્ચર્યભાવે!

એક વૃદ્ધ બ્રાહ્મણે યુદ્ધમાં ખપી જનારા પોતાના પુત્રના મૃતદેહને શોધી કાઢ્યો હતો! પણ... પણ એની દહનવિધિ... અગ્નિસંસ્કાર કરવા માટે આ નિર્ધન, એકાકી બ્રાહ્મણ પાસે એક પણ પૈસા નહોતો! તે આર્દ્ર સ્વરે ચીત્કારતો, રસ્તામાં જે યોદ્ધા મળે – જીવંત કે જખમી – એની પાસે જઈ પોતાના ધ્રૂજતા હાથ લંબાવી યુદ્ધભૂમિમાં આંટા મારી રહ્યો હતો! યુદ્ધના દાવાનળમાં માનવતા પણ મરી પરવારી હતી. આથી એક પણ યોદ્ધો એના રુદન તરફ ધ્યાન પણ દેતો નહોતો! ભીડ જોઈને આશાથી તે અમારી પાસે આવ્યો હતો! યોદ્ધાઓના ઘેરામાં કોણ મહાવીર અંતિમ શ્વાસ ગણી રહ્યો છે એની એને કશી જ ખબર ન હોવાથી તે બહારથી બૂમો મારી રહ્યો હતો!

'અરે... આ ધરતી પર કોઈ દાનવીર છે ખરો?' એની ડોક ડગમગતી હતી. હાથમાંની ટેકણ લાકડી કંપતી હતી!

એના કાંપતા, થરથરતા વ્યંગ શબ્દો જખમી કર્ણના બધીર થતાં કાનમાં પ્રવેશતાં જ 'દાનવીર' શબ્દ સાથે બંધાયેલો એનો દિવ્યાત્મા દ્રવી ગયો! એના આખા શરીરમાં કંપારી વ્યાપી ગઈ! સાથ ન દેનારા કંઠના તાંતણા એણે ક્ષણમાં ઠીક કરી નાખ્યા! ચિત્રસેન તરફ જોતાં તે બોલ્યો – બિલકુલ સ્પષ્ટ –

'ચિ...ત્ર...સે...ન – યા...ચ...ક!'

ચિત્રસેન તત્કાળ ઊઠ્યો. ઘેરામાંથી તરત બહાર નીકળી એ પેલા વૃદ્ધ બ્રાહ્મણનો હાથ પકડી એને અંદર લઈ આવ્યો અને પિતા સામે ઊભો રાખ્યો! વૃદ્ધના સફેદ ભૂખરા વાળ વિખરાઈ ગયા હતા! આંખો ઊંડી ઊતરી ગઈ હતી! ડોક ધ્રૂજતી હતી!

'બો...લ, બ્રહ્મ...વર, આજ્ઞા!' સામે હાથ ફેલાવીને ઊભેલા બ્રાહ્મણને જોઈ આ જખમી સેનાપતિના હોઠ કાંપી ઊઠ્યા!

આ મહાવીરના કંઠમાંથી નીકળતા ઘટ્ટ લોહીના પ્રવાહને જોઈ તે વૃદ્ધ પોતાના પુત્રના મૃત્યુનું અસહ્ય દુઃખ વીસરી ગયો! આર્દ્રતાથી બોલ્યો,

'કંઈ નહિ! અંગરાજ, કંઈ નહિ!!' આ વૃદ્ધે અનેક વખત એની પાસેથી દાન મેળવ્યું હતું! તેને આવી ઘાયલ સ્થિતિમાં જોઈ તેને થયું કે આ એકાકી, મરણોન્મુખ પાસે શું માગવું?'

બાજુમાં ઊભેલા પાંડવોને પહેલો ખરો કૌંતેય કેવો હોય એ દેખાડવાનો આ જ એક માત્ર અવસર હતો! પાંડવોને લૌકિક અને એને અલૌકિક શ્રેષ્ઠત્વ આપી શકાય તેમ હતું.

મેં પાસે જઈ એના કાનમાં કહ્યું, 'યુદ્ધમાં ખપી ગયેલા એના પુત્રના અગ્નિસંસ્કાર કરવા આ વૃદ્ધ પાસે પૂરતાં પૈસા પણ નથી! એને માટે એ કોઈ દાનવીરની શોધમાં છે!'

'દા...ન...વી...ર!' તે મનમાં બબડ્યો. એકદમ એણે પોતાની આંખો જોરથી મીંચી દીધી! આમતેમ હાથપગ હલાવતો તે છટપટવા લાગ્યો! વિવશતાથી મુઠ્ઠી વાળી દીધી! આ યાચકને શું દાન દેવું તેની વિમાસણમાં એ હતો! તેને ઉપાય સૂઝતો નહોતો! છાતી પરનું કવચ જોરજોરથી ઉપરનીચે થવા લાગ્યું.

હવે તે શું કરશે? એની દાનવીરતાને આ અંતિમ ઘડીએ લાંછન લાગશે? લોખંડી શસ્ત્ર અને લોહત્રાણ સિવાય ચારેબાજુ ઊભેલા એક પણ યોદ્ધાના અંગ પર એક સાદો તૂટેલોફૂટેલો મણિ પણ નહોતો! સોનેરી મુગટ હતો પણ તે પાંડવોના મસ્તક પર!!

એના છટપટતા હાથપગ એકદમ થંભી ગયા! કોઈ દૃઢ નિશ્ચયથી એણે ફરી પોતાની બીડેલી આંખ ખોલી! એમાંથી કોઈ અનોખું તેજ માત્ર ચમકી રહ્યું હતું!

'ચિ...ત્ર...સેન, પા...ષા...ણ!' તેણે ચિત્રસેનને આજ્ઞા કરી. આજ્ઞાપાલક ચિત્રસેન ઊભો થયો. દૂરથી એક પથ્થર લઈ આવ્યો! ચિત્રસેનને સામે ઊભેલો જોઈ એની આંખો એક વિલક્ષણ અને અબોધ તેજથી ચમકવા લાગી!

એ ફટાફટ બોલવા લાગ્યો – તમામ શક્તિ એકઠી કરીને!

'ચિત્રસેન... એ... પાષાણથી... મારા મુખમાંથી... સોનેરી દાંત... દાંત... કાઢી... તે... તે... યાચકને...!' તાણ આવતાં તે સહેજ અટક્યો. ગળામાં ખૂંપી ગયેલા બાણને લીધે થતી

અસહ્ય વેદનાને રોકવા એણે આંખો દાબી દીધી. ચિત્રસેન ઊભો ને ઊભો થથરી ગયો! એના પિતા પર એને ખૂબ પ્રેમ હતો! એમના અંતકાળે એમનાં ચરણો પર ફૂલ પાથરવાને બદલે એના મુખમાંથી દાંત તોડવાનું આ કઠિન – મહા કઠિન કામ તે કેમ કરી શકે? પચ્ચીસ વર્ષના ઊગતા તરુણના અંગમાં ધ્રુજારી વછૂટી. કપાળ પર પરસેવો વળી ગયો!

'ચિત્રસેન!' તેનો અવાજ તીક્ષ્ણ બન્યો. લોઢાના કવચ પર અથડાતા બાણના ફલક જેવો એ તીક્ષ્ણ હતો!

'તને... તને કુરુના સેનાપતિની... આ... આ આજ્ઞા છે!! ચિ...ત્ર...સે...ન!' એના અવાજમાં અધિકારની વિલક્ષણ ધાર હતી! એની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની તાકાત ત્યાં ઊભેલા વીરમાંથી કોઈનામાં નહોતી. યોદ્ધાઓને વિશ્વાસ બેસતો નહોતો!

સૌની આંખો ચિત્રસેન પર મંડાણી. તે થરથર કાંપતો હતો. દિવસ આખો યુદ્ધભૂમિમાં સિંહની જેમ લડનાર તે વીર અત્યારે બકરીની જેમ ધ્રૂજતો હતો! ત્યાં ને ત્યાં જ એ સૂનમૂન બનીને ઊભો રહી ગયો. એના કપાળ પરનાં પ્રસ્વેદ બિંદુ હાથમાંના પાષાણ પર ટપક્યાં!

'ચિત્રસેન...!' એના હોઠ થથરવા લાગ્યા. આંખમાંથી આગ ઝરવા લાગી. તે ગુસ્સાથી પોતાના પુત્ર સામે જોઈ રહ્યો! અવજ્ઞા કરનાર સૈનિકની સામે સેનાપતિ જોઈ રહે તેમ!

અંગ પર વીજળી પડી હોય તેમ ચિત્રસેન તત્કાળ નજીક આવ્યો! અંતે બીજ તો એનું ને! ચિત્રસેનને પોતાની પાસે આવતો જોઈ એની આંખોમાં ખુશાલી ચમકી. તરત જ એણે આંખો બંધ કરી દીધી. કંઠમાં થતી વેદના કરતાં પણ દાંત ઉખેડી નાખતાં થનારી અસહ્ય વેદનાને ગળી જવા એણે પોતાની હાથની મુઠ્ઠી જોરથી વાળી દીધી! બીડેલી આંખો પરની સોનેરી ભમર વંકાઈ! રોજ સૂર્યસ્તોત્રના પવિત્ર મંત્રોચ્ચાર કરનારે પોતાનું મોઢું ખોલ્યું! પૂર્ણ ખીલેલા ચમકતા સૂર્યમુખી ફૂલની જેમ! સૂર્યમુખીની પરાગદાંડીની જેમ ખૂબ ઊંડે સુધી મજબૂત એવા શ્વેત દાંત ચમક્યા! એમાંથી બે દાંત સૂંઢની જેમ સંપૂર્ણપણે સોનેથી મઢેલા હતા! તેમાંથી સોનેરી તેજસ્વી કિરણો નીકળતાં હતાં!

હૃદયમાંથી ઊભરાતાં આવેગને પ્રયત્નપૂર્વક કંઠમાં રૂંધી રાખીને ચિત્રસેને હાથમાંનો પથરો ઉપાડ્યો! કેટલાય યોદ્ધાઓએ આંખો મીંચી દીધી! એકેય યુદ્ધભૂમિ પર સાકાર ન થયેલું સત્ય આજ કુરુક્ષેત્ર પર સાકાર થયું!

'ખા...ક! ખા...ક!' એ અવાજ કુરુક્ષેત્રની ભૂમિમાં ઓગળી ગયો! હાથમાંથી પથ્થર ફેંકી દઈ પિતાને એના ડૂસકાં સંભળાય નહિ અને ગમે પણ નહિ એ માટે તીરની જેમ ભીડને વીંધતો મનમાં ડૂસકાં દબાવીને ચિત્રસેન બહાર નીકળી ગયો! ભગ્ન હૃદયે!

એ દાનવીરના સુંદર દાંત ઊખડીને એના મોઢામાં જ પડ્યા! એમાંથી વહેતું લોહી ગાલ પર થઈ એના કંઠમાંથી વહેતાં લોહીમાં ભળી ગયું! અને કુરુક્ષેત્ર પર ટપ ટપ પડવાં લાગ્યું. આજુબાજુના યોદ્ધાઓ આંસુ સારવા લાગ્યા. એણે મોંમાંથી દાંત હાથમાં લીધા! એની આંખો વિલક્ષણ તેજથી ચમકતી હતી! ગાલમાં ક્યારેક પડતાં ખંજન આજે દેખાતા હતા!

તે ત્રુટક સ્વરે બોલવા લાગ્યો, 'યાચક... લે આ દાન... લોહીથી ખરડાયેલું આ અપવિત્ર દાન... કેવી... કેવી... તારા પવિત્ર... હાથમાં મૂકું?' ફરી સૌનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં! એના જીવનની વિચારધારા શું હતી એ મારા સિવાય અહીં બીજું કોઈ સમજી શકે

તેમ નહોતું! સમજાયું હોત તો એને પચાવી શકત નહિ!

હાથમાંના દાંત પરથી લોહીના ડાઘ કેમ લૂછવા એ ન સમજાતાં ફરી અસહાય કર્ણની ચમકતી નીલી આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી! સજળ નેત્રે તેણે અમીન ટેકરી તરફ ઝૂકતા આકાશમાં રહેલા એના પિતા તરફ સહેજ વાર જોયું! એકીટશે! અવિચલ!

બીજી જ ક્ષણે ચેતનાનો એક અદ્ભુત, ગુઢ, સૂક્ષ્મ તાર એને સજાગ કરી ચાલ્યો ગયો! આખી જિંદગી જે કલ્પનાતીત હતું તે જ કરતો આવ્યો હતો.

આંખમાંથી વહેતી અશ્રુધારા પાસે એણે હાથમાં રહેલા લોહી નીતરતાં દાંત મૂક્યાં! અવિરતપણે, અખંડપણે આંખમાંથી અશ્રુ વહેતાં રહે એ માટે એ અવિચલપણે, એકીટશે સૂર્યબિંબ તરફ જોઈ જ રહ્યો! એના અગાધ મનમાં લાગણીઓનો કેવો મહાભયાનક કિલબિલાટ જામ્યો હશે એની કલ્પના થઈ શકતી નહોતી! મને પોતાને પણ!

એના સોનેરી દાંત પરનું લોહી એની નિર્મળ આંસુની ધારામાં ધોવાઈ ગયું! દાંત સ્વચ્છ થઈ ગયા! સૂર્યકિરણોમાં દાંત ચમક ચમક થતા હતા! પરાવર્તિત કિરણો ફેંકાવાં લાગ્યાં! આ જોઈ એની આંખોમાં આનંદ અને સંતોષની આભા પથરાઈ ગઈ.

કાંડા પરની તૂટેલી રજનીગંધાની માળામાંનું એક ફૂલ તોડીને એ દાંત પર મૂક્યું! તે દાંત આંખે અડાડી એણે હસતાં હસતાં હાથ ઊંચો કર્યો! યાચકને દેવા માટે! હવે આ દાન વિધિવત થયું હતું!

જગતમાં અનેકે દાન કર્યું હશે પણ... પણ મૃત્યુને દ્વારે આટલું હૃદયદ્રાવક, એકનિષ્ઠ, અજોડ દાન તેણે એકલાએ જ કરી જાણ્યું હતું – પહેલો પાંડવ! જ્યેષ્ઠ કૌંતેય!! સૂર્યપુત્ર!!

અસંખ્ય મુખેથી 'ધન્ય! ધન્ય!'ના ઉદ્ગારો સરી પડ્યા!

વૃદ્ધ બ્રાહ્મણ ધ્રૂજતો ધ્રૂજતો નજીક આવ્યો! હવે આ દાન સ્વીકાર્યે જ છૂટકો! ધ્રૂજતા હાથે આ દાન તેણે લીધું! એ વૃદ્ધની આંખોમાંથી કૃતજ્ઞતાનાં બે આંસુ પેલા સોનેરી દાંત પર અને રજનીગંધાના ફૂલ પર ખરી પડ્યાં! એ વૃદ્ધ યાચકને વંદન કરવા એણે શિર નમાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ કંઠમાંના બાણને લીધે તે અશક્ય બન્યું! એ વૃદ્ધ બોલી પડ્યો, 'દાનવીર કર્ણ, જેણે તને જન્મ દીધો તે માતાને ધન્ય છે! જે ભૂમિએ તારા ઉદાર હૃદયને પોષ્યું તે ભૂમિને ધન્ય છે! હે દાનવીર કર્ણ, આર્યાવર્તમાં તારા જેવો એકનિષ્ઠ, દાનવીર કોઈ થયો નથી, થશે પણ નહિ!!' એના અવાજમાં કંપ હતો.

ડગમગતી ડોક અને વહેતાં આંસુને લૂછતાં તે વૃદ્ધ અજોડ દાન લઈ પોતાના પુત્રના મૃતદેહ પાસે જવા નીકળ્યો.

એને સંતોષ સાથે પાછો વળતો જોઈ હવે એક ક્ષણના જ મહેમાન એવા દાનવીરના મુખ પર પ્રસન્નતાની આછી લકીર ફરકી ગઈ! કયો સંતોષ હતો એના હાસ્યમાં? કોણ સમજી શકે?

અર્જુનના હાથમાંનું ધનુષ્ય અને ભીમના ખભા પર ગદા કંપતાં હતાં! એની અતૂટ સહનશક્તિ જોયાં છતાં તેમને ખ્યાલ ન આવ્યો કે આ સૂતપુત્ર ન હોઈ શકે!

તે સૂર્યપુત્ર હતો – કૌંતેય હતો – પોતાના જ કુળને ઉજાળનારો જ્યેષ્ઠ બંધુ હતો! અત્યાર સુધી તેઓ જાણી શક્યા નહોતા!

એની સંતુષ્ટ આંખો હજી કોઈને શોધી રહી હતી!... દુર્યોધનને!

શુદ્ધિમાં આવેલ દુર્યોધન દોડતો દાખલ થયો! મગર પાણીને કાપે તેમ આસપાસની ભીડને કાપતો તે અંદર દાખલ થયો! 'અંગરાજ...!' એને જોતાં જ એની માંજરી આંખોમાં આંસુ તગતગ્યાં! એના સગા એંસી ભાઈઓ મરી ચૂક્યા હતા... પણ... પણ તેમને માટે તે કદી આટલો દ્રવી ઊઠ્યો નહોતો! વ્યાકુળ થયો નહોતો!

એણે દુર્યોધનને આંખના ઇશારાથી પોતાની પાસે બોલાવ્યો. હવે તે આખરી દાન દેવા ઇચ્છતો હતો! છેવટનું અને મહત્ત્વનું દાન... વિચારોનું દાન!

'રાજા, મારા... મારા મૃત્યુ સાથે આ... આ વિનાશકારી યુદ્ધ... યુદ્ધ બંધ કરી દે!!' એના થથરતા હોઠને જોઈ સૌ હલબલી ગયા! ખરેખર એનું હૃદય અગાધ હતું.

'નહિ...! અંગરાજ... મિત્ર... તારા જેવા મહાપરાક્રમી વીરે મારા માટે બલિદાન દીધું અને... અને હું એક માત્ર મૃત્યુના ભયથી સમજૂતી કરું તો મને લાંછન ન લાગે! પિતામહને, ગુરુ દ્રોણને અને આજે તને... તને મૃત્યુ ઘેરી શકતું હોય... તો... તો હું તો શું પણ કોઈ ચિરંજીવ નથી! યુદ્ધ નહિ અટકે! તારે ખાતર... તારે ખાતર જ ચાલુ રાખીશ!' દુર્યોધને સણસણતો કટાક્ષ મારા પર અને અર્જુન પર કર્યો! બીજી જ ક્ષણે ઘૂંટણે પડી એના દીર્ઘ બાહુ હાથમાં લઈ સંયમી કૌરવનેતા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો! ચિત્રસેનથી પણ અતિ ભયાનક સ્વરે! કર્ણે બીજા હાથથી થાબડી એને શાંત કર્યો! હવે તે પૃથ્વીના કણકણની વિદાય લેવા ઇચ્છતો હતો! દાંત અને કંઠમાંથી થતાં અવિરત રક્તસ્રાવને લીધે તેની વેદના વધતી જતી હતી! અશ્વત્થામાએ નજીક આવી એનું મસ્તક પોતાના ખોળામાં મૂક્યું! રક્તસ્રાવને લીધે એની આંખો ઘેરાવા માંડી હતી!

મને થતું હતું કે આ અંતિમ ઘડીએ દુર્યોધન એને એની અંતિમ ઇચ્છા વિશે પૂછશે! પણ... પણ શોકમગ્ન દુર્યોધનને એનું ભાન જ ન રહ્યું! દુર્યોધનનું જીવન હવે ધરી વિનાના રથચક્ર જેવું થઈ ગયું હતું! દિશાશૂન્ય!

આ દાનવીરનો શ્વાસ મંદ પડવા લાગ્યો! અર્ધ બીડેલી આંખો સૂર્ય સાથે એકરૂપ થવા લાગી! સૂર્યમાં વિલીન થવા લાગી! એનો સુંદર દેહ નિશ્ચેત થતો જતો હતો! એના ધબકતા શ્વાસોચ્છ્વાસ સાથે ઉપરનીચે થતી વિશાળ છાતી પરની ઢાલ મંદ મંદ હલતી હતી!

એની અંતિમ ઇચ્છા જાણવાની સર્વ પ્રકારની નૈતિક જવાબદારી હવે મારા પર આવી પડી હતી! એકલા મારા પર જ!

તત્ક્ષણ હું એની નજીક ગયો! એની તૂટેલી કાનની બૂટ નજીક મોં લઈ જઈ હળવેકથી પૂછ્યું, 'કૌંતેય, અંતિમ ઇચ્છા?'

એની બિડાતી આંખો એણે મક્કમ નિરધાર સાથે ફરી ખોલી! એની આંખમાં બે આંસુ તગતગતાં મેં જોયાં! શેનાં હતાં તે? દુ:ખનાં? પશ્ચાત્તાપનાં? નહિ, ધન્યતાનાં જ!! કૃતાર્થતાનાં જ!! મેં – સ્વયં મેં એને 'કૌંતેય' કહ્યો તે સાંભળીને ધન્ય થયાની લાગણીનાં! તે ધીમે અવાજે બોલ્યો, 'દ્વારિકાધીશ... મારી અંતિમ ઇચ્છા!! ઇચ્છા કે... તમે... તમે જ મારા અગ્નિસંસ્કાર... એક... એક... કુંવારી... ભૂમિ પર કરો!! કુંવારી... ભૂમિ!!' એનો અવાજ અત્યંત ક્ષીણ થઈ ગયો હતો.

'કુંવારી... ભૂમિ? એટલે?' એ શું કહેવા માગે છે તે હું બરાબર સમજ્યો નહિ તેથી મેં એને પૂછ્યું.

'હા... કુંવારી! જે ભૂમિ પર... ક્યારે... ક્યારેય... તૃણાંકર સુધ્ધાં... ઊગ્યાં ન હોય... ઊગવાનાં પણ ન હોય! મારું દુઃખ... આ...આ... ફરી... ફરી... આ મૃત્યુ... ભૂમિ... પર... કદી... કોઈપણ સ્વરૂપે ઊગે નહિ માટે! આથી... આથી.. આ... આ... પંચમહાભૂત... કુંવારી ભૂમિમાં... વિલીન... વિલીન!'

એનો અવાજ તરડાવા લાગ્યો! એની આઘાતજનક છતાં અનોખી અંતિમ ઇચ્છા સાંભળી હું અવાક્ થઈ ગયો! શૂન્યમનસ્ક થઈ ગયો! એનો અવાજ તરડાતો હતો! તેને હજી કંઈક કહેવું હોય તો! એટલા માટે મેં મારા કાન એના હોઠ નજીક લીધા. ધ્યાનથી સાંભળવા લાગ્યો! એકચિત્તે!

તે અસ્પષ્ટ ત્રુટક શબ્દો ઉચ્ચારતો હતો –

'...લી...લી... માતા... માતા... ણ... ન!'

તે શું કહેવા માગે છે તે કોઈ સ્પષ્ટપણે કહી શકે તેમ નહોતું! તે વૃષાલી કહેતો હતો કે પાંચાલી? તે કુંતીમાતા કહેવા માગતો હતો કે રાધામાતા? તે શોણ બોલવા માગતો હતો કે અર્જુન!!! કંઈ જ સમજાતું નહોતું.

હવે એના મુખમાંથી અસ્પષ્ટ શબ્દો પણ નીકળતા નહોતા! એની કીકી સૂર્યબિંબ પર સ્થિર થઈ ગઈ હતી! સહેજ પણ હલતી નહોતી! એના હોઠના હલનચલન પરથી તે શું કહેવા માગે છે તે હું જાણી શક્યો નહોતો! અર્ઘ્યદાન દેનારા એક નિષ્ઠાવાન સૂર્યપુત્રના આ અંતિમ શબ્દો હતા. હોઠની હલનચલન પરથી નક્કી એ ગાયત્રી મંત્રનો ઉચ્ચાર કરતો હશે!!

'ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં...!' એકાએક એના હોઠ સ્થિર થઈ ગયા! સૌના શ્વાસ અધ્ધર થઈ ગયા! એના શ્વાસ હંમેશને માટે થંભી ગયા! છાતી પર સ્પંદિત થતી ઢાલ શાંત પડી ગઈ! સ્થિર થઈ ગઈ!

મહાન તેજસ્વી, દેદિપ્યમાન આંખોમાંથી એક પ્રખર તેજનો પ્રચંડ સ્રોત એક ક્ષણમાં સૌની સમક્ષ હૃદયકમલમાં થઈને આકાશમંડળની પશ્ચિમ ક્ષિતિજ પરની અમીન ટેકરીના શિખર પર સરકતા વિશાળ લાલ લાલ સૂર્યદેવ પાસે તીવ્ર ગતિએ પહોંચી ગયો! ઘડીક વારમાં એ પ્રખર તપ્ત હિરણ્યગર્ભમાં એકલીન થઈ ગયો!! એ મહાન તેજે આસપાસ ઊભેલા સૌની આંખોને વિસ્મિત કરી દીધી! અંધારું ઢોળાઈ ગયું.

આ મૃત્યુંજય મહાવીર મહાનિર્વાણ થઈ ગયો!!

ચૌદ

કર્ણ મરાયો ત્યારે ટેકરીના શિખરે અસ્ત થતો સૂર્ય એકાએક તેજસ્વી બની સીધો ક્ષિતિજની પેલે પાર ચાલ્યો ગયો. પશ્ચિમ દિશા ધૂંધળી દેખાવા લાગી. ચમકતાં ઝાકળબિંદુ પવનની લહેરમાં નીચે પડી ધરતીમાં વિલીન થઈ ગયાં. ચારે દિશા અંધકારમય બની ગઈ! ધરતી દીન બની ગઈ.

અશ્વત્થામાએ આવેશમાં આગળ આવી કર્ણના વિશાળ લલાટને ચૂમી લીધું. દુર્યોધને એનો હાથ માથે ચડાવ્યો. ચિત્રસેન એના આગળથી સાંકડાં છતાં સ્વચ્છ ચરણોમાં નમી પડ્યો!

કર્ણનો દિવ્યાત્મા ચિરંતન દેદિપ્યમાન જ્યોતમાંથી આવ્યો હતો અને એ જ તેજોનિધિમાં પાછો ચાલ્યો ગયો છતાં જાણે જીવંત હોય એમ એનો દેહ અતિશય તેજસ્વી દેખાતો હતો. થોડી વાર પહેલાં કર્ણે મારાં ચરણે અર્પણ કરેલ મુગટને મેં ઊંચક્યો અને ફરી એના ઘન સોનેરી કેશ પર હળવેકથી પહેરાવી દીધો...

કુરુનો ત્રીજો સેનાપતિ ચિરનિદ્રામાં પોઢી ગયો.

અશ્વત્થામાએ એના કંઠમાં ખૂંપેલું અંજલિક બાણ બહાર ખેંચી કાઢ્યું અને પોતાના મસ્તક પરનું હંમેશનું શ્વેત વસ્ત્ર એના સૂર્યબિંબ સમા ગોળ ચહેરા પર ઢાંકી દીધું.

પાંડવોને લઈને હું શિબિર તરફ વળ્યો. સમસ્ત વાતાવરણ ભયાનક અને ભેંકાર દેખાતું હતું! સૌ ચૂપ હતા. ક્યાંક દૂરથી ટીટવી અશુભ સૂચક કર્કશ સ્વરે ટીવ ટીવ કરી રહી રહી. દૂરથી એક ઊંચો શ્વેત ઘોડો થાકીને કીચડમાં બેસી પડેલો દેખાતો હતો. જીવંત ઘોડો અને બેસી પડેલો! મને નવાઈ લાગી.

પાંડવો સાથે હું અર્જુનની શિબિરમાં આવ્યો ત્યારે હું ચૂપ જ હતો. દરવાજે રાજમાતાને ઊભેલી જોતાં જ હું ફિક્કો પડી ગયો. અર્જુનને થયું કે આજે યુદ્ધભૂમિ પર આપણે કર્ણને હણી નાખ્યો એ સમાચાર સાંભળી આપણે જાણે બહુ મોટું પરાક્રમ કરી નાખ્યું હોય એમ સમજી રાજી થતી કુંતીમાતા શિબિર સુધી દોડી આવી લાગે છે.

'માતા, આશીર્વાદ દો!' તરત પાસે જઈ એણે પોતાની માતાનાં ચરણોને વંદન કર્યાં અને ગર્વથી આશીર્વાદ માગ્યા.

માતાના ચહેરા પરનો સાડીનો પાલવ દેખાય એટલો પ્રકાશ પણ ત્યાં નહોતો. એ જોવાનું અર્જુનને સૂઝ્યું પણ નહોતું અને જોયું હોત તો એનો હવે શો અર્થ હતો?

મેં રાજમાતાના વાંસે હાથ મૂકી એને શિબિરમાં લઈ જવાના બહાને પ્રસંગને સાચવી લીધો. થોડી વાર માટે હું, તે અને પાંડવો ભેગાં બેઠાં પણ યુદ્ધનાં વસ્ત્રો બદલવાં નિમિત્તે પાંડવો બહાર ગયા. શિબિરમાં ફક્ત હું અને કુંતીદેવી જ રહ્યાં! અને પછી આ મહાન સ્ત્રીની સંયમની પાળ તૂટી પડી! એ ધ્રુસકે ધ્રુસકે મન મૂકીને રડી પડી.

'કેશવ... અરે એનાં અંતિમ દર્શન પણ!...' ગળે ડૂમો ભરાઈ જતાં એ આગળ કશું બોલી શકી નહિ. હથેળીમાં છુપાવી રાખેલું મોં ઊંચું પણ કરી શકી નહિ!

'વીરોની રાજમાતા, શોક દૂર કરો! એક તો ગયો જ છે, હાથમાં જે પાંચ રહ્યા છે એને જાળવો! આજે મધરાતે હું તમને એનાં દર્શન કરાવીશ! અત્યારે જેમ છે તેમ બધું ગુપ્ત જ રહેવા દો!'

એણે આંખો લૂછી.

અનેક વિટંબણાઓ અને અસંખ્ય વિકટ પ્રસંગોમાંથી પાર ઊતરેલી સંયમી વીરમાતા મધરાતે કર્ણના મૃતદેહ પાસે આવી ત્યારે માત્ર આંધીમાં ફસાયેલી કોઈ નજાકત વેલ સમી એ થરથર કાંપતી હતી. તેમના પગ જમીનમાં ચોંટી ગયા! આગળ ચાલવા એ સમર્થ પણ ન રહી. એમનો હાથ પકડી હું એને પ્રયત્નપૂર્વક તેમના સૂર્યપુત્ર પાસે લઈ આવ્યો. હથેળીમાં છુપાવી રાખેલું મોં ઊંચું કરવાની તેમનામાં હિંમત નહોતી.

અશ્વત્થામાએ ઢાંકેલું વસ્ત્ર મેં એના મોં પરથી દૂર કર્યું. ફૂલો અહીંતહીં વિખરાઈને પડ્યાં હતાં. કર્ણ ગાઢ નિદ્રામાં હોય તેવો શાંત દેખાતો હતો! એનો સોનેરી મૃતદેહ મશાલના ધૂંધળા પ્રકાશમાં ઝગમગતો હતો!

ખૂબ હિંમતપૂર્વક હથેળીમાંથી મોં દૂર કરી એમણે આંખો ખોલી અને બીજી જ ક્ષણે–

'મારા લાલ...!'ના નામની ચીસ પાડતી અચેતન બનીને ધરતી પર ઢળી પડી.

મેં એને સંભાળી લીધી. હા, હવે હું એકલો જ એમને સંભાળનાર હતો!

પંદર

યુદ્ધનો અઢારમો દિવસ પણ પૂરો થયો. ભીમે દુર્યોધનની જાંઘ ચીરી નાખવાની પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી. પાંડવોએ નિઃશંક વિજય પ્રાપ્ત કર્યો. ઓગણીસમા આથમતા દિવસના લાંબા પડછાયા યુદ્ધભૂમિ પર અસ્તવ્યસ્ત પથરાયેલા હતા. યુદ્ધભૂમિ પર શબોના ઢગના ઢગ ખડકાયા હતા! અમીન ટેકરીની ઉપરથી તળે સુધીની એક તસુભાર જગ્યા શબ વગરની ખાલી દેખાતી નહોતી! ઠેર ઠેર મૃતદેહ! દૂરથી એક શ્વેત અશ્વ દેખાતો હતો! તે નીચે બેઠેલો હતો!

મને કુતૂહલ થયું અને હું અશ્વની દિશામાં ચાલવા લાગ્યો. હું ક્યારનો કર્ણના દેહને શોધતો હતો. અશ્વ નજીક આવતાં જ હું સ્તબ્ધ થઈ ગયો! મારી શંકા સાચી પડી. એ કર્ણનો વાયુજિત હતો અને એ પોતાના સ્વામીના મૃતદેહ પાસે બેઠો હતો! પોતાના પૂંછડાનું ચામર સ્વામીના મુખ પર ઢોળતો! મારું હૃદય ભરાઈ આવ્યું. આંસુ ભરી આંખે મેં એ મૂક પશુને આંખમાં ભરી લીધું. પાંડવોના વિજયનો રહ્યોસહ્યો સંતોષ પણ નષ્ટ પામ્યો હતો. રહ્યો હતો ફક્ત નિયતિનો વિસ્મય!

જમણા હાથની ચાબુક ડાબા હાથમાં લઈ હું નજીક ગયો. પ્રેમથી અશ્વને થાબડ્યો. તરત જ એની શ્વેત ત્વચા કાંપી ઊઠી. સારથિ તરીકેનો મારો અનુભવ સાર્થક થયો! 'ચકચક' કરી સંકેત દેતાં જ જાતવાન જાનવર સમજી ગયો અને બળપૂર્વક જમીનમાં ખરી ખૂંપાવી તરત ઊભો થયો!

એના સ્વામીના સુવર્ણ મૃતદેહને મેં ઉઠાવી એની પીઠ પર મૂક્યો. સ્વામીની અંતિમ દોડ પણ વ્યવસ્થિત રીતે સંભાળવી જોઈએ. આથી સાવધાનીપૂર્વક એ વાયુજિત ધીમે ધીમે ચાલવા લાગ્યો. અમારે અમીન ટેકરી ચડીને ઉપર જવાનું હતું.

રસ્તામાં મેં કૃપની શિબિરમાંથી સળગતી એક મશાલ સાથે લીધી.

હું અને વાયુજિત ટેકરી ચડી ઉપર આવ્યા ત્યારે અંતર્ધાની સૂર્યનારાયણની આછી લકીર ક્ષિતિજ પર અસ્ત પામી હતી!

ટેકરીના શિખર પર એક વિસ્તૃત કાળી પથરાળ ભૂમિ હતી. અગ્નિસંસ્કારની સામગ્રી પહેલેથી જ ત્યાં મગાવી રાખવાની વ્યવસ્થા મેં કરેલી હતી. એ કુંવારી ભૂમિ પર ચંદનકાષ્ઠની ચિતા રચેલી હતી.

વાયુજિતની પુષ્ટ પીઠ પરથી મેં મારા કર્ણને ઊંચક્યો અને ચિતા પર મૂક્યો. મશાલ

હાથમાં લઈ હું સહેજ વાર એના મોં તરફ જોઈ રહ્યો. ધ્રૂજતા હાથે મશાલની જ્યોતથી કાષ્ઠની ચિતા પેટાવી. થોડી વારમાં જ્વાળાના પીળાં તામ્ર અગ્નિપક્ષી આકાશમાં ઊડવાં લાગ્યાં. અગ્નિમાંથી જન્મેલો આ આકાશપુત્ર જીવનભરની આગ પચાવી છેવટે અગ્નિમય બની જશે. એવામાં વાયુજિત હણહણાટ કરતો ઊછળ્યો. હાથમાંની મશાલ ચિતામાં ફેંકી અને હું એ પશુ પાસે આવ્યો. એને પણ સંભાળવો જરૂરી હતો! મેં એને બૂચકાર્યો અને એની યાળમાં હાથ ફેરવ્યો. મને પણ એનો સંગાથ ગમ્યો. મારું હૃદય સૂમસામ હતું. હું બધિર હૃદયે ચિતા તરફ તાકી રહ્યો અને વાયુજિતની યાળમાં હાથ ફેરવતો રહ્યો!

એકાએક એ શ્વેત અશ્વે ફુત્કાર કર્યો અને કાન ઊંચા કરી અમે જે રસ્તેથી આવ્યા હતા તે તરફ નીચી ડોક કરીને જોવા લાગ્યો. શ્વેત વસ્ત્રધારી એક સ્ત્રી ધીમે ધીમે આવી રહી હતી. હું હલબલી ઊઠ્યો. તે... તે વૃષાલી હતી.

અવિચલ, સ્થિર આંખો, અંગ પર ભીનાં વસ્ત્રો! એક એક ડગ ધીમે ધીમે માંડતી તે આવી રહી હતી! આકાશકન્યા સમી! એણે બે હાથ જોડ્યા હતા. આજુબાજુ ક્યાંય જોયા વગર તે સીધી ચિતા ભણી જઈ રહી હતી. શ્વેત આરસની હાલતીચાલતી મૂર્તિ સમી! ખભેથી પાલવ સરકી ગયાનું ભાન પણ એને નહોતું. મારી નજર સામેથી તે ચાલી ગઈ અને એકદમ ચિતામાં કૂદી પડી!! હું અવાચક બની ગયો!

ભાનમાં આવતાં મેં વૃષાલીને મનોમન આશીર્વાદ દીધાં. ચાબુકની સોટીથી એનો પાલવ ચિતામાં નાખવા ઊંચો કર્યો. પાલવને છેડે મારેલી ગાંઠ જોઈ. પાલવને ચિતામાં ન નાખતાં કુતૂહલતાથી મેં એને ખેંચી લીધો.

અગ્નિપ્રવેશ કરી પતિને ચિર આલિંગન દેવા નીકળેલી સતીને આ મોહ શાનો? શંકાથી મેં ગાંઠ છોડી. ઠીકરીનો ટુકડો! તૂટેલા ઘડાનો એક ટુકડો! હું વિચારમાં પડી ગયો.

કર્ણના અગ્નિસંસ્કાર અને વૃષાલીના આત્મસમર્પણની સ્મૃતિ જાળવી રાખવાની ઇચ્છા થઈ આવી. આથી મેં એ ટુકડો ચિતામાં ફેંકવા હાથ જેવો ઊંચો કર્યો કે તરત જ નીચે લઈ લીધો અને એ ટુકડાને પીતાંબરને છેડે બાંધી દીધો.

ચાબુક ખભે મૂકી વાયુજિતનો ગળપટ્ટો પકડી હું પાછો ફર્યો. ટેકરીનો ઢાળ ઊતરવા લાગ્યો. એ વખતે મને શોધવા નીકળી પડેલા પાંડવ ચિતાની જ્વાળા જોઈ ટેકરી તરફ દોડતા આવતા મને સ્પષ્ટપણે દેખાતા હતા, કારણ ફડફડતી મશાલની સંખ્યા પાંચ હતી! તે પાંડવો જ હતા!

પણ હવે બહુ મોડું થઈ ગયું હતું, બહુ જ મોડું થઈ ગયું હતું!!

❐

સંદર્ભ ગ્રંથો

આ નવલકથાના સર્જનમાં નીચેનાં ગ્રંથો અને પુસ્તકોના સંદર્ભો મને માર્ગદર્શન રૂપ નીવડ્યા છે. આથી જ કર્ણના હૃદયના અતિશય સંકુલ તાંતણાઓને સૂક્ષ્મતાથી ઉકેલી શક્યો. એ માટે હું આ તમામ ગ્રંથકારોનો સદૈવ ઋણી છું.

–લેખક

પ્રાચીન ચરિત્રકોશ	સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ
મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ	ડૉ. શ્રી. વ્યં. કેતકર
મહાભારતાચા ઉપસંહાર	શ્રી ચિં. વી. વૈદ્ય
મહાભારત	બાપટશાસ્ત્રી વ. દેવસ્થળી
શ્રીમન્મહાભારત	આપ્પાશાસ્ત્રી રાશિવડેકર
ભારતવર્ષીય પ્રાચીન ઐતિહાસિક કોશ	કેર. ભા. ગોડબોલે
કર્ણ (હિંદી ખંડકાવ્ય)	શ્રી કેદારનાથ મિશ્ર (પ્રભાતકુમાર)
રશ્મિરથી	શ્રી રામધાગીસિંહ (કવિ દિનકર)
વ્યાસપર્વ	દુર્ગા ભાગવત
કર્ણાયન	શ્રી ગો. ની. દાંડેકર
મહાભારતાવરીલ વ્યાખ્યાને	બાળશાસ્ત્રી હરદાસ
શ્રીકૃષ્ણ	બાળશાસ્ત્રી હરદાસ
કર્ણાચી ઉત્કટ તત્ત્વનિષ્ઠા	શ્રી ના. તાડપત્રીકર
શ્રીમન્મહાભારતાચે ભાષાંતર	ઉપાસની વ. અભ્યંકર
આર્યાભારત	મોરોપંત
હા જય નાવાચા ઇતિહાસ આહે	આનંદ સાધલે
હિમાલયાચ્યા કુશીત	સ્વામી અખંડાનંદ
વેદ ધરાતલ	ગિરીશચંદ્ર અવસ્થી
પ્રાચીન મહારાષ્ટ્ર (કુરુયુદ્ધાપાસુન)	શ્રી વ્યં. કેતકર
મહાભારત કથાભાગ આણિ શિકવણ	જ. સ. કરંદીકર
સુબોધ પાંડવ ચરિતમ્	દિગંબર શર્મા
ટાકલેલં પોર	પ્રબોધનકાર ઠાકરે

Reference Books

The Mahabharat	*Prakashchandra Roy*
Ancient India	*Mookirji*
An Index to the names in the Mahabharat	*S. Sorensen*
Kurukshetra – Past & Present	*S. P. Singhsud*
Report of Tour in the Gangetic Provinces	*Alexander Cunningham*
Historical Geography of Ancient India	*B. C. Law*
Geographical and Economic Studies in the Mahabharat	*Dr. Motichandra*
The Philosophy of Mahabharat	
Indian Education in Ancient Times	
Educational System in Ancient India	
Ancient India Education	
Classical Age.	

જેઓ જીવનમાં ક્યાંક ને ક્યાંક કચડાયા હશે તેઓ જ કર્ણના જીવનનો મર્મ સારી પેઠે સમજી શકશે, એટલું જ નહીં પણ જેઓ ક્યારેય જીવનમાં કચડાયા નહીં હોય તો પણ કચડાયેલાઓનું જીવન કેવું હોય એ કર્ણને જોવાથી એમને સમજાશે! કર્ણનું મૌન એ જ મહાભારતનો સૌથી સુંદર મુખરિત અને મોહક સંદેશ છે. એના યાતનામય, વંચિત અને ઉપેક્ષિત મનના કાંગરા પાંડવોની વિજયઘોષણાને અવારનવાર ઝાંખી પાડી દે છે! મૃત્યુના મહાદ્વાર પાસે પણ જીવનનો આટલો ધૂંધળો વિજય એકમેવ કર્ણે જ અનુભવ્યો છે! આથી જ કર્ણની આ ભાવકથાનું નામ છે 'મૃત્યુંજય!'



ISBN : 978-93-5122-
9 789351 2216